# ગુજરાત

દીપોત્સવી અંક

વિક્રમ સંવત - ૨૦૭૮ • વર્ષ - ૨૦૨૨




કિંમત : ₹ ૪૦/-


"લાવણ્ય"
જગદીશભાઇ એન. જોષી
મો. 9427987740

# ગુજરાત


દીપોત્સવી અંક

વિક્રમ સંવત : ૨૦૭૮ । વર્ષ : ૨૦૨૨

તંત્રી

આર. કે. મહેતા

સહતંત્રી

અરવિંદ પટેલ

સંપાદક

પુલક ત્રિવેદી

ઉપસંપાદક

જગદીશ આચાર્ય

સહસંપાદક

ઉર્વી રાવલ, શીરિન સૈયદ,
શ્રેયા સાઠે, બેલા મહેતા

વિતરણ વ્યવસ્થા

નારણ રાઠોડ, ભરત પરમાર, ગીતાબહેન દેસાઇ,
જે. બી. મુનિયા, પ્રકાશન શાખા,
ગાંધીનગર તથા જિલ્લા માહિતી કચેરીઓ

પ્રકાશક

માહિતી નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રોસેસિંગ અને મુદ્રણ

સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ


વેબસાઈટ

www.gujaratinformation.gujarat.gov.in

કિંમત : ₹ 40/-



આ અંકમાં પ્રસિદ્ધ થયેલી કૃતિઓમાં લેખકો દ્વારા વ્યક્ત થયેલા
વિચાર સાથે પ્રકાશક સંમત છે જ એમ માનવું નહીં.



## આવો, દિલમાં સદ્‌વિચારોના અને
## રોમે રોમ સત્યનિષ્ઠાના દીવડા પ્રગટાવીએ...

*ૐ અસતો મા સદ્‌ગમય*
*તમસો મા જ્યોતિર્ગમય*
*મૃત્યોમાંમૃતમ ગમય*

અસત્યમાંથી સત્ય તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ અને અંતમાંથી અનંત તરફ લઈ જવાની અંતર્મનની પ્રાર્થના પવમાન અભયારોહ બૃહદારણ્યક ઉપનિષદમાં વિદ્યમાન આ મંત્ર અભિવ્યક્ત કરે છે. માનવીના જીવનપુસ્તકના પ્રત્યેક દિવસના પાના ઉપર અસીમ સંભાવનાઓનો ઉઘાડ હોય છે. જિંદગીની કિતાબના દરેક પાના ઉપર ઊર્ધ્વગામી વિકાસની શક્યતાઓ જરૂર છે, પરંતુ એની આગોતરી ભાળ ક્યારેય નથી મળતી.

દીપાવલી પ્રકાશનું પર્વ. હજારો-લાખો દીપકની પ્રકાશજ્યોતનું સોનેરી અજવાળું ચોતરફ ફેલાયું છે. આ સોનેરી ઉજાશ આપણને સૌને નવા સંકલ્પો સાથે આગળ વધવાની પ્રેરણા આપે છે. નવા હર્ષ, નવા ઉમંગ અને નવા પ્રયાસો સાથે આપણે સૌ નવા વર્ષમાં પ્રવેશ કરવા જઈ રહ્યાં છીએ. જ્યાં સત્ય, નિષ્ઠા અને પરિશ્રમની પરાકાષ્ઠા સર્જવાનું સામર્થ્ય હોય ત્યાં ઊર્ધ્વગામી વિકાસનું અજવાળું સૌથી શ્રેષ્ઠ અને પવિત્ર હોય.

કહે છે ને કે, પ્રતિકૂળતાનો પવન તો જિંદગીનું સૌથી શક્તિશાળી પરિબળ હોય છે. પ્રતિકૂળતા માણસમાં પડેલી શ્રેષ્ઠતાને બહાર ખેંચી લાવે છે. કોરોના મહામારી અને ક્યાંક અતિવૃષ્ટિની પ્રતિકૂળતાના વિપરીત સંજોગોમાં પણ ગુજરાતે એની પ્રગતિની દોડને લેશમાત્ર મંદ પડવા દીધી નથી. કોરોની ત્રીજી લહેર પહેલાં ગુજરાતે બેડની સજ્જતા, તબીબોની ટીમ વગેરેને સુદૃઢ કરી આગોતરી તૈયારી કરી એટલે આપણું ગુજરાત કોરોનાની ત્રીજી લહેરમાં હેમખેમ રહી શક્યું. આપ સૌ જાણો છો કે ગુજરાતે ૧૨ કરોડથી વધુ વૅક્સિનેશનના ડોઝ આપી દેશભરમાં પથદર્શક ભૂમિકા ભજવી છે.

તત્કાલિન મુખ્યમંત્રી, હાલના લોકલાડીલા વડાપ્રધાન, ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા ‘ગુજરાત વિકાસ મોડેલ’ના પથ ઉપર આપણે તેજ રફતારથી ગુજરાતના ખૂણે ખૂણાના વિકાસ માટે નિષ્ઠાપૂર્વક પરિશ્રમ કરી રહ્યા છીએ. કેન્દ્રમાં નરેન્દ્રભાઈ મોદી અને અહીં આપણે સાથે મળીને ડબલ એન્જિનવાળી સરકારના જન જનનાં કલ્યાણકારી કાર્યોની પ્રત્યેક ગુજરાતી બાંધવને વિકાસની પ્રતીતિ થઈ રહી છે.

પશુઓમાં દેખાયેલા લમ્પી સ્કીન ડીસીઝને નાથવા આપણે સઘન પગલાં લીધાં છે. લાખો પશુઓને વૅક્સિનેટ કર્યા છે. ગૌશાળા અને પાંજરાપોળ નિભાવ અને જાળવણી માટે આપણે

પરિણામલક્ષી કામગીરી હાથ ઉપર લીધી છે. અતિવૃષ્ટિમાં અસરગ્રસ્ત ખેડૂતો માટે આપણે માતબર કૃષિ સહાય પેકેજ આપી ખેડૂતોને આર્થિક રીતે પગભર કરવાની દિશામાં નક્કર કામ કર્યું છે. કરોડો રૂપિયાનાં ખેત ઉત્પાદનોની ટેકાના ભાવે ગુજરાત સરકારે ખરીદી કરી ખેડૂત બાંધવોનું આર્થિક સશક્તિકરણ કર્યું છે.

મહિલા સશક્તિકરણ આપણી પ્રાથમિકતા રહી છે. આગામી સમયમાં રૂપિયા ચાર હજાર કરોડના ખર્ચે સુપોષિત માતા - સ્વસ્થ બાળ યોજના દ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓને ૧૦૦૦ દિવસ સુધી વિના મૂલ્યે એક કિલો તુવેરદાળ, બે કિલો ચણા અને એક લીટર ખાદ્યતેલ પ્રતિમાસ આપવાનું મહિલાહિતલક્ષી કામ આપણે હાથ ઉપર લીધું છે.

શિક્ષિત સમાજ વિકાસની પાયાની આવશ્યકતાને ગુજરાતે સુપેરે સમજી છે. એટલે જ ઉત્તમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી બાળકોના સર્વાંગીણ વિકાસ માટે વિશ્વબેંકના સહયોગથી રૂ. ૧૦ હજાર કરોડ જેવી માતબર રકમના ખર્ચે રાજ્યમાં 'સ્કૂલ ઑફ એક્સેલન્સ પ્રોજેક્ટ' આપણે હાથ ઉપર લીધો છે. જેના પરિણામે રાજ્યના ૭૦ લાખ ઉપરાંત વિદ્યાર્થીઓને વધુ બહેતર ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી ગુજરાતની ભાવી પેઢીને શિક્ષિત અને દીક્ષિત બનાવવાની દિશામાં આપણે મક્કમતાપૂર્વક આગળ વધી રહ્યા છીએ.

નવી આઈ.ટી. અને બી.ટી. પૉલિસી દ્વારા આપણે 'નયા ગુજરાત'ના નિર્માણ ભણી કદમ માંડી ચૂક્યા છીએ. 'સૌને આરોગ્ય' અને 'જ્યાં માનવી ત્યાં સુવિધા'ના મંત્ર સાથે પ્રત્યેક ગુજરાતી બાંધવની આપણે સુપેરે દરકાર લઈ રહ્યા છીએ.

ગરીબો, વંચિતો, આદિવાસીઓ સૌ કોઈનો વિકાસ કરીને સૌને વિકાસની મુખ્યધારામાં લઈ આવવા અમારી સરકાર પ્રતિબદ્ધ છે. આદિવાસી બાંધવોના સર્વાંગી વિકાસ માટે આગામી પાંચ વર્ષ માટે રૂપિયા એક લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના-૨નો નક્કર અમલ શરૂ કરવામાં આવ્યો છે. વિકાસનાં કાર્યોથી ગુજરાતનું ગામે ગામ અને પ્રત્યેક શહેરના નાગરિકોની સવલતનો ગુજરાતમાં સુપેરે ખ્યાલ રાખવામાં આવે છે જેના પરિણામે ગુજરાતનાં ગામોમાં અને શહેરોમાં આંતરમાળખાકીય સવલતોમાં ઊડીને આંખે વળગે એવો વિકાસ દેખાય છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'નલ સે જલ'ના મંત્રને ગુજરાતે ચરિતાર્થ કરીને પ્રત્યેક ઘરને નળથી પાણી પહોંચાડવાની દિશામાં ૯૮ ટકા સિદ્ધિ મેળવી છે. આ નિ:સંદેહપણે સૌ કોઈ ગુજરાતી બાંધવ માટે ગૌરવની વાત બની છે.

ગુજરાત સહિત સમગ્ર રાષ્ટ્રમાં આઝાદીના અમૃત મહોત્સવે દેશપ્રેમ અને રાષ્ટ્રીય ભાવનાને વધુ બળવત્તર બનાવી છે. વિકાસ ગુજરાતનો મિજાજ છે. આગામી વર્ષ નવતર આયામોમાં વિકાસનાં નવાં સિમાચિહ્નો સર કરવાના સંકેતો લઈને આવ્યું છે. દિવાળીના આ પાવન પર્વે દ્વેષ, વેરભાવ, કુવિચારોના અસુરને હરાવીએ. આપણા સૌના દિલમાં સદ્‌વિચારો અને રોમે રોમ સત્યનિષ્ઠાના દીવડા પ્રકાશે એવી અંતઃકરણપૂર્વકની અભ્યર્થના સાથે સૌ ગુજરાતી બાંધવોને દિવાળી અને નૂતનવર્ષની શુભેચ્છાઓ પાઠવું છું.

જય જય ગરવી ગુજરાત... વંદે માતરમ...

ભારત માતા કી જય...

સદાય આપનો,

**ભૂપેન્દ્ર પટેલ**

મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય



## પ્રકાશ પર્વને શુભ સંકલ્પોથી આવકારીએ...

તહેવારો અને લોકોત્સવોમાં આપણી સાંસ્કૃતિક ધરોહરની સુવાસ પ્રસરે છે. એકધારા જીવનમાં તહેવારો તાજગી લાવે છે. આપણા તહેવારોની ઊજવણીમાં વ્યવહારિક જ્ઞાન સંમિલિત હોય છે. પ્રતિવર્ષ આસો માસમાં આવતું દીપાવલીનું પર્વ અબાલ, વૃદ્ધ સૌ કોઈના મુખ ઉપર મુસ્કાન લાવે છે. હિન્દુસ્તાનની સાંસ્કૃતિક વિરાસતમાં દીપોત્સવના પ્રકાશ પર્વનું અદકેરું સ્થાન છે.

નૂતન આશા અને થનગનતી ઉમ્મીદનો આફતાબ લઈને દિવાળી આવી છે. ઘરના આંગણે દીપકનું અજવાળું અજ્ઞાનના અંધકારને ઓગાળવા અધીરું થયું છે. વિક્રમ સંવત-૨૦૭૯ના સૂર્યના કિરણો આપણા સૌના અંતરના દ્વારને ખખડાવી રહ્યા છે. उत्सवप्रियः जनाः । લોકો ઉત્સવપ્રિય હોય છે. આપણા પ્રસિદ્ધ ગુજરાતી સર્જક કાકાસાહેબ કાલેલકરે 'જીવતાં ઉત્સવો અને જીવતાં તહેવારો'માં આપણા ઉત્સવોની ઊજવણીની અનોખી ભાત ઉપસાવી છે. દિવાળીમાં ઘરઆંગણની સાથે સાથે દિલમાં પણ સદ્‌વિચારનો દીવો કરવાનો મહિમા રહ્યો છે. હૃદયમાં શુભ સંકલ્પો અને સદ્‌વિચારોની દીપમાલા જીવનનો નવતર પાથ કંડારવામાં સહાય કરે છે. કેન્દ્રમાં લોકપ્રિય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતમાં મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ડબલ ઍન્જિનવાળી સરકારે ગુજરાતમાં વિકાસના નવતર સીમા ચિહ્નો પ્રસ્થાપિત કર્યાં છે.

પ્રતિવર્ષ દીપોત્સવ પર્વ ટાણે નવાં વિચારોનું ભાથું સાંપડે એવાં વિષયોને લઈને લબ્ધપ્રતિષ્ઠિત સર્જકોની કલમે ગુજરાત દીપોત્સવી અંક પ્રસિદ્ધ કરવાની માહિતી ખાતાની આગવી પરંપરા રહી છે. દિવાળીમાં આનંદથી મહાલવાનો સાથે વાંચન સમૃદ્ધ બની અંદરથી ખુલવાનો સહજ અવસર મળતો હોય છે. દિવાળીના આ પાવન પર્વમાં અંતરના અંધકારને પરાસ્ત કરીને નવા વર્ષના શુભ સંકલ્પોના ઉજાશ સાથે જીવનને વધુ બહેતર બનાવવાની દિશામાં આપણે સહુ આગળ વધીએ. હૃદયમાં બેઠેલા પરમાત્માને સાક્ષી રાખીને જે યોગ્ય લાગે એવા શુભ સંકલ્પોના દીવડા પ્રગટાવીએ. દીપોત્સવ પર્વની તથા વિક્રમ સંવત-૨૦૭૯ના નવલાં વર્ષની તમામ સુજ્ઞ વાચકબંધુઓને અંતઃકરણપૂર્વકની શુભકામનાઓ પાઠવું છું.

જય જય ગરવી ગુજરાત...

**અવંતિકા સિંઘ,** આઇ.એ.એસ.
સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ



## અજ્ઞાનનો અંધકાર દુર કરી જ્ઞાનના પ્રકાશને પોંખીએ...

આપણી સંસ્કૃતિમાં તહેવારોનું એદકેરું સ્થાન રહ્યું છે. પર્વોની પાંખો ઉપર જીવનના આનંદનું સૌંદર્ય પ્રસરતું હોય છે. આપણા સાંસ્કૃતિક પર્વો ભારતીય જીવનનો અનોખો શણગાર છે. દીપાવલી ભારત વર્ષના તહેવારોમાં મહાપર્વ ગણાય. ધનતેરસથી માંડીને ભાઈબીજ સુધીના પાંચ દિવસોમાં આવતા પાંચ પર્વો આપણી ભારતી સંસ્કૃતિનું 'પંચામૃત' છે.

દીપોત્સવ જીવનમાં જોમ, જોશ, ઉત્સાહ, પ્રેરણા અને સંકલ્પોના પંચતત્વ ભરવાનું કામ કરે છે. જેમ સતકાર્યો હૃદય અને આત્માને પ્રફુલ્લિત રાખે છે એમ સારૂ વાંચન મનને પુલકીત કરે છે. દીપોત્સવના દીપક નવા વર્ષે નવી આશા અને નવા કાર્યોની પ્રેરણા આપે છે. દિવાળીમાં સફાઈ, સુશોભન અને ઘરવખરીને નવો ઓપ આપી સજાવવામાં આવે છે એ રીતે નવા વર્ષે પ્રેરણાદાયી ઉત્કૃષ્ટ વાંચન સાથે જીવનને માંજવાનો મહિમા પણ રહ્યો છે.

પ્રતિ દીપોત્સવ પર્વ નિમિત્તે જીવન ઉચ્ચ વિચારોથી દીપી ઊઠે એવું સંસ્કારસભર વાંચન પીરસવાની માહિતી પરિવારની પરંપરા રહી છે. ગુજરાતના દીપોત્સવી અંકને વાંચનસમૃદ્ધ બનાવવામાં યોગદાન આપનારા લેખકો, પ્રબુદ્ધો, કવિઓ, નવલિકાકારો સૌ કોઈ સર્જકો અને અમારા માહિતી પરિવારના પ્રબુદ્ધ મિત્રો તમામનો હું હૃદયપૂર્વક આભાર અભિવ્યક્ત કરું છું.

દીપોત્સવ એટલે અજ્ઞાનના અંધકાર ઉપર જ્ઞાનના પ્રકાશના વિજયનો દિવસ. રાજા રામે સત્યના શસ્ત્રથી રાવણરૂપી અસત્યનો વધ કર્યો અને સત્યનો પ્રકાશ ફેલાયો. શિષ્ટ અને પ્રેરણાત્મક વાંચનના અક્ષત કુમકુમ લઈને પ્રતિવર્ષની પરંપરા મુજબ માહિતી પરિવાર દિવાળી અંક લઈને આપને નવા વર્ષે પોંખવા પુનઃ એકવાર આવ્યું છે. દિવાળી અને નૂતન વર્ષના આ પ્રકાશપર્વે ગુજરાત દીપોત્સવી અંક આપના જેવા પ્રબુદ્ધ વાંચકોના કરકમળમાં મૂકતા અત્યંત આનંદની લાગણી અનુભવું છું. ગુજરાત દીપોત્સવીના માધ્યમથી ન માત્ર દીપોત્સવ બલકે આપનું સમગ્ર જીવન એક ઉત્સવ બની રહે એવી શુભેચ્છાઓ પાઠવું છું. દિવાળી અને નૂતન વર્ષની સૌ વાચક મિત્રોને અનેક અનેક શુભકામનાઓ.

જય જય ગરવી ગુજરાત...

**આર. કે. મહેતા,** આઇ.એ.એસ.
માહિતી નિયામક

# અનુક્રમણિકા

## અભ્યાસલેખ સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | ખરા ઈલમી, ખરા શૂરા : રાષ્ટ્રરત્ન મોરારજી દેસાઈ | - ગુણવંત શાહ | ૧૭ |
| ૨. | ગુજરાત : સાહિત્ય અને સંસ્કૃતિની સફર | - વિષ્ણુ પંડ્યા | ૩૧ |
| ૩. | મધ્યકાલીન ગુજરાતીની જૈનમહાભારતકેન્દ્રી આદ્યકૃતિ : 'પંચપાંડવચરિતરાસ' | - ડૉ. બળવંત જાની | ૩૫ |
| ૪. | રાષ્ટ્રગૌરવનો નિર્ભીક અવાજ | - ડૉ. કુમારપાળ દેસાઈ | ૪૫ |
| ૫. | લક્ષ્મીના માલિક થવાના બદલે તેમને માતા તરીકે સ્વીકારો | - દેવેન્દ્ર પટેલ | ૫૩ |
| ૬. | વાંચે ગુજરાત : કેટલું વાંચે છે ગુજરાત ? | - કૃષ્ણકાંત ઉનડકટ | ૫૫ |
| ૭. | સબ સે ઊંચી મીઠાઈ સગાઈ : પિયા જૈસે લડુ મોતીચૂર કા... મનવામાં ફૂટે હો ! | - જય વસાવડા | ૫૯ |
| ૮. | દિવાળીઃ ડિલીટ, રિચાર્જ, રિફ્રેશ અને એન્ટી વાયરસનું અજવાળું | - ભવેન કચ્છી | ૬૩ |
| ૯. | ભરૂચની ભવ્યતા | - ડૉ. નરોત્તમ વાળંદ | ૬૫ |
| ૧૦. | 'હિન્દ દેવી'નું પ્રાગટ્ય અમદાવાદમાં ! | - યશવંત મહેતા | ૬૯ |
| ૧૧. | ભાણવડનો ઈતિહાસ | - નરોત્તમ પલાણ | ૭૩ |
| ૧૨. | ચીંથરે વીંટ્યા રતન જેવા ચારણી સાહિત્યના પ્રખર વિદ્વાન શ્રી રતુદાન રોહડિયા | - જોરાવરસિંહ જાદવ | ૭૭ |
| ૧૩. | બારડોલી આશ્રમ, ઉત્તમચંદ શાહ અને સરદાર પટેલ | - ભદ્રાયુ વછરાજાની | ૮૩ |
| ૧૪. | આદિવાસી સમાજનું પ્રમુખ તંતુ સ્વરવાદ્ય : તંબૂર | - ભગવાનદાસ પટેલ | ૮૯ |
| ૧૫. | મરમી મસ્ત મકરંદની મધુર મનોહર મંગળ કવિતા | - પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૯૭ |
| ૧૬. | ૐ (પ્રણવ)ની ઉપાસના | - પરમાનંદ ગાંધી | ૧૦૩ |
| ૧૭. | અમદાવાદના ઘડવૈયા | - ડૉ. માણેક પટેલ 'સેતુ' | ૧૦૭ |
| ૧૮. | બાબાસાહેબ આંબેડકરે આત્મનિર્ભર ભારતનો પાયો નાંખ્યો | - કિશોર મકવાણા | ૧૧૧ |
| ૧૯. | ગાંધીજી, જવાહરલાલ નહેરુ અને સરદારસાહેબ મારી નજરે : મોરારજીભાઈ દેસાઈ | - અજય મો. નાયક | ૧૨૫ |
| ૨૦. | કવિ-ચિત્રકાર અને એક માત્ર ઉર્દૂ દલિત કવિ ! | - નટુભાઈ પરમાર | ૧૨૯ |
| ૨૧. | સૌરાષ્ટ્રનાં પ્રાણીઓ | - લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી | ૧૪૫ |
| ૨૨. | ગીતાજ્ઞાન મહાજ્ઞાન... | - ડૉ. અશોક નારાયણ | ૧૪૯ |
| ૨૩. | હસમુખ શાહ અને 'દીઠું મેં'... | - વસંત ગઢવી | ૧૫૧ |
| ૨૪. | સદ્‌વિચાર નિત્ય કીજીએ...(સાખી-રાગ) | - કાકડિયા મનસુખ વી. | ૧૫૫ |
| ૨૫. | ઝાલાવાડની સ્વાતંત્ર્ય-બેલડી | - ભૂપેન્દ્ર મો. દવે | ૧૬૫ |
| ૨૬. | ગુજરાતી લોકગીતોઃ જ્યાં જેવું જીવાય, ત્યાં તેવું ગવાય | - નીલેશ પંડ્યા | ૧૭૧ |
| ૨૭. | "આધુનિક શ્રવણ બનીએ" | - વાગ્મિન બૂચ | ૧૭૫ |
| ૨૮. | મરવા પડેલી મચ્છુ માતાને.... | - ચંદ્રિકાબહેન સોલંકી | ૧૭૯ |
| ૨૯. | ભાષા અને સંસ્કૃતિ | - પુલક ત્રિવેદી | ૧૮૩ |

# અનુક્રમણિકા

## નવલિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | પચ્ચીસ વરસ પછી... | - મોહમ્મદ માંકડ | ૧૮૯ |
| ૨. | ઢીમણું | - ડૉ. દિનકર જોષી | ૧૯૩ |
| ૩. | તારી આંખોમાં | - વર્ષા અડાલજા | ૧૯૫ |
| ૪. | મોં | - રજનીકુમાર પંડ્યા | ૨૦૧ |
| ૫. | એવરેસ્ટ | - કેશુભાઈ દેસાઈ | ૨૦૫ |
| ૬. | નરક કોને કહેવાય ? | - ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૨૧૧ |
| ૭. | શું હું કંઈ ખોટું કહું છું ? | - રમેશ ર. દવે | ૨૧૭ |
| ૮. | છત - અછત | - રાઘવજી માધડ | ૨૨૧ |
| ૯. | મે'તા શેરીનો પીપળો | - રમેશ ત્રિવેદી | ૨૨૯ |
| ૧૦. | બાપાની ડાયરી | - ભી. ન. વણકર | ૨૩૩ |
| ૧૧. | રહેમરાહે | - નીતિન ત્રિવેદી | ૨૩૭ |
| ૧૨. | મનમેળ | - નટવર પટેલ | ૨૩૯ |
| ૧૩. | અજાણી રેખા | - દશરથ પરમાર | ૨૪૧ |
| ૧૪. | ચાવી | - અલતાફ પટેલ | ૨૪૫ |
| ૧૫. | મહેતા હાઉસ | - નવટર ગોહેલ | ૨૪૯ |
| ૧૬. | સ્પૉર્ટ્સમેન | - અવિનાશ પરીખ | ૨૫૧ |
| ૧૭. | અગ્નિસ્નાન | - પ્રવીણ ગઢવી | ૨૫૫ |
| ૧૮. | બેપરવા | - ડૉ. સ્વાતી નાયક | ૨૫૯ |
| ૧૯. | 'મિસફિટ' | - રેખાબા સરવૈયા | ૨૬૩ |
| ૨૦. | જેલ | - દર્શના ભગલાણી | ૨૬૭ |
| ૨૧. | મહામાયા | - પિનાકિન દવે | ૨૭૩ |
| ૨૨. | કમિટમેન્ટ | - પ્રફુલ્લ કાનાબાર | ૨૮૧ |
| ૨૩. | સોનુ તને મારા પર ભરોસો નંઈ કે..! | - સંજય થોરાત 'સ્વજન' | ૨૮૩ |
| ૨૪. | આગલી સ્રીનું તર્પણ | - ગિરીશ ભટ્ટ | ૨૮૫ |
| ૨૫. | ઓપરેશન જીરી | - રાજ ભાસ્કર | ૨૮૯ |
| ૨૬. | વંશવેલી | - પરીક્ષિત જોશી | ૨૯૧ |
| ૨૭. | ...અને રસ્તો | - પ્રેમજી પટેલ | ૨૯૫ |
| ૨૮. | રોલ મોડેલ | - અન્નપૂર્ણા મેકવાન | ૨૯૭ |
| ૨૯. | ગુરુદક્ષિણા | - આશિષ અજિતરાય આચાર્ય | ૩૦૧ |
| ૩૦. | પોપટ | - ડો. અનિલ ચૌહાણ | ૩૦૩ |
| ૩૧. | કાળી | - મનિષા રાઠોડ | ૩૦૫ |
| ૩૨. | ઘો | - રાજેશ વણકર | ૩૦૯ |
| ૩૩. | 'ટ્રાયસિકલ' | - ડૉ. અશ્વિન વસાવડા | ૩૧૧ |

# અનુક્રમણિકા

## વિનોદિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | ચમત્કારો આજે પણ બને છે ! | - રતિલાલ બોરીસાગર | ૩૧૭ |
| ૨. | ચોરાનો પોકાર | - શાહબુદ્દીન રાઠોડ | ૩૨૧ |
| ૩. | ઘરેલુ કવિતા | - હરિકૃષ્ણ પાઠક | ૩૨૪ |
| ૪. | અહો ચરિત્રમ્ ! | - પ્રવીણ દરજી | ૩૨૫ |
| ૫. | પતિ સેવાની ઉત્કટતા ! | - હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત' | ૩૨૯ |
| ૬. | અને મને છમ્મજ્ઞાન થયું કે... | - ડૉ. નલિની ગણાત્રા | ૩૩૭ |
| ૭. | આમ તો રજા ઉપર છો, પણ... | - પરાગ ત્રિવેદી | ૩૩૯ |
| ૮. | લગ્નનું ચોમાસુ સત્ર | - અધિર અમદાવાદી | ૩૪૩ |
| ૯. | નવરી બજાર : હરખપદુડા હિતિયાનું હનિમૂન | - જીતેન્દ્ર ઠક્કર | ૩૪૭ |
| ૧૦. | તમે પત્નીને ઘરકામમાં મદદ કરો છો ? | - કિશોર અંધારિયા | ૩૪૯ |
| ૧૧. | ઉઘાડી રાખજો બારી | - નગીન દવે | ૩૫૧ |
| ૧૨. | કોર્ટની રમૂજ | - મધુકર દિ. ધ્રુવ | ૩૫૫ |
| ૧૩. | ભાણા ભાણીનાં લગ્ન | - ભર્ગદેવ ભટ્ટ 'હાસ્યાયન' | ૩૫૭ |
| ૧૪. | અફસોસ નથી કરવો | - કલ્પના દેસાઈ | ૩૫૯ |
| ૧૫. | ન કરવાનાં કામો | - પ્રદ્યુમ્ન આચાર્ય | ૩૬૫ |
| ૧૬. | એક પર્યાવરણપ્રેમીનો પત્ર | - રમેશ પટેલ 'ક્ષ' | ૩૬૯ |
| ૧૭. | જબ યોગ મેટ | - સુષમા શેઠ | ૩૭૧ |
| ૧૮. | ભોમિયા વિના... | - દિલીપ શાહ 'રસીલા' | ૩૭૫ |
| ૧૯. | લગ્ન ઉત્સવનો રંગોત્સવ | - મેઘા પરિમલ શાહ | ૩૭૯ |


## નાટિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | અહલ્યાબાઈનો પત્ર | - પ્રકાશ લાલા | ૩૮૫ |
| ૨. | નાટક : જિંદગી એક સફર...! | - વિનોદ સી. દવે | ૩૮૯ |
| ૩. | કાળું આકાશ (એકાંકી) | - ડૉ. શૈલેષ ટેવાણી | ૪૦૫ |
| ૪. | હસતું -રમતું ઘર | - દુર્ગેશ ઓઝા | ૪૧૩ |
| ૫. | પંડિત ઓમકારનાથ ઠાકુર : જીવન ઝરમર | - તારિણીબહેન દેસાઈ | ૪૧૯ |
| ૬. | મૈયા મેરો મનવો ભયો હે વેરાગી.. (સંતકવિ મોરારસાહેબ) | - નિરંજન રાજ્યગુરુ | ૪૨૫ |
| ૭. | એકાંકી નાટક : સાંજ | - યામિની વ્યાસ | ૪૩૧ |

# અનુક્રમણિકા

## કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | ઘર... | - રઘુવીર ચૌધરી | ૪૪૧ |
| ૨. | હું-તું ધન્ય જ એકબીજાથી... | - ચંદ્રકાન્ત શેઠ | ૪૪૧ |
| ૩. | એ તો કહો - | - માધવ રામાનુજ | ૪૪૨ |
| ૪. | અસ્તિત્વનો અર્થ... | - યોસેફ મેકવાન | ૪૪૨ |
| ૫. | આ ગોવર્ધન તો શું છે ? | - વિનોદ જોશી | ૪૪૩ |
| ૬. | હોય... | - મનોહર ત્રિવેદી | ૪૪૩ |
| ૭. | પ્રસાદ... | - રાજેશ વ્યાસ 'મિસ્કીન' | ૪૪૪ |
| ૮. | ગઝલ | - હરીશ મીનાશ્રુ | ૪૪૪ |
| ૯. | પથને પગલે... | - મણિલાલ હ. પટેલ | ૪૪૫ |
| ૧૦. | પવન ને પાણી... | - ધીરેન્દ્ર મહેતા | ૪૪૫ |
| ૧૧. | શોધી આપો... | - નીતિન વડગામા | ૪૪૬ |
| ૧૨. | નભ-છત્રી નીચે... | - યોગેશ જોષી | ૪૪૬ |
| ૧૩. | ઊભો કવિ કતાર... | - કિસન સોસા | ૪૪૭ |
| ૧૪. | ગયું, ગયું તે ગયું... | - રમણીક સોમેશ્વર | ૪૪૭ |
| ૧૫. | કૈંક તો થાતું જ હોય છે... | - મુસાફિર પાલનપુરી | ૪૪૮ |
| ૧૬. | રહી જશે... | - હર્ષદ ચંદારાણા | ૪૪૮ |
| ૧૭. | જાગી ગયા... | - શિવજી રૂખડા | ૪૪૯ |
| ૧૮. | જ્યારે-ત્યારે... | - બકુલેશ દેસાઈ | ૪૪૯ |
| ૧૯. | મન વાવ્યું છે... | - સંજુ વાળા | ૪૫૦ |
| ૨૦. | અમારે 'કાન' જ ક્યાં છે ? | - દલપત પઢિયાર | ૪૫૦ |
| ૨૧. | ભલભલાનાં પતન ! | - હર્ષ બ્રહ્મભટ્ટ | ૪૫૧ |
| ૨૨. | માતૃભાષા... | - કૃષ્ણ દવે | ૪૫૧ |
| ૨૩. | મારી હીટં કવિતા... | - ભાગ્યેશ જહા | ૪૫૨ |
| ૨૪. | પંખીઓમાં નિરાશા... | - અંકિત ત્રિવેદી | ૪૫૨ |
| ૨૫. | સળગે છે ! | - હર્ષદ ત્રિવેદી | ૪૫૩ |
| ૨૬. | એકતારાની ગુંજે... | - દિલીપ જોશી | ૪૫૩ |
| ૨૭. | ભાઈચારો અનેરો... | - ગોવિંદ દરજી 'દેવાંશુ' | ૪૫૪ |
| ૨૮. | ગઝલ | - રઈશ મનીઆર | ૪૫૪ |
| ૨૯. | દોરવી પડશે લીટી... | - ઉર્વીશ વસાવડા | ૪૫૫ |
| ૩૦. | છબરડો... | - કિશોર જિકાદરા | ૪૫૫ |
| ૩૧. | જ્યોતિ જડી છે... | - અનંત પટેલ | ૪૫૬ |
| ૩૨. | ગઝલ | - અનિલ ચાવડા | ૪૫૬ |
| ૩૩. | હોય તકદીરમાં... | - ભાવેશ ભટ્ટ | ૪૫૭ |

# અનુક્રમણિકા

## કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૩૪. | ડૂબી ગયો સૂરજ... | - ચંદ્રેશ મકવાણા 'નારાજ' | ૪૫૭ |
| ૩૫. | ફેસબુકનો શાયર... | - હરદ્વાર ગોસ્વામી | ૪૫૮ |
| ૩૬. | અશ્કો હતો અશોક... | - અશોક ચાવડા 'બેદિલ' | ૪૫૮ |
| ૩૭. | આંસુથી... | - મનીષ પરમાર | ૪૫૯ |
| ૩૮. | જાનેમન... | - સ્નેહી પરમાર | ૪૫૯ |
| ૩૯. | સાજણ ! મર્યું ય લેખે લાગે... | - પ્રશાંત કેદાર જાદવ | ૪૬૦ |
| ૪૦. | ગઝલ | - રમેશ ઠક્કર | ૪૬૦ |
| ૪૧. | તારી ગયું છે... | - એસ. એસ. રાહી | ૪૬૧ |
| ૪૨. | રાખું છું... | - મનીષ પાઠક 'શ્વેત' | ૪૬૧ |
| ૪૩. | ગઝલ | - સતીન દેસાઈ | ૪૬૨ |
| ૪૪. | આ તે કેવું ચોમાસું ? | - ભાનુપ્રસાદ પુરાણી | ૪૬૨ |
| ૪૫. | મને ભૂલી જજે... | - પ્રદીપ સુમિરન | ૪૬૩ |
| ૪૬. | શરૂઆત... | - ભસ્માંગ માંકડ 'સમ્રાટ' | ૪૬૩ |
| ૪૭. | સમયની ચાલ... | - નટવર આહલપરા | ૪૬૪ |
| ૪૮. | પથ્થર કહી દો એટલે... | - ડૉ. ઈશ્વર સુથાર, 'શિલ્પી' | ૪૬૪ |
| ૪૯. | વિક્ષુબ્ધ નયને... | - પ્રફુલ્લ રાવલ | ૪૬૫ |
| ૫૦. | હર ક્ષણ આવે તારી યાદ... | - રમેશ પટેલ | ૪૬૫ |
| ૫૧. | ભરશિયાળે માવઠું... | - ડૉ. મનહર ઠાકર | ૪૬૬ |
| ૫૨. | તારું બધું મારું, મારું બધું તારું... | - દિનેશ દેસાઈ | ૪૬૬ |
| ૫૩. | દરિયાની માછલી... | - પ્રીતમ લખલાણી | ૪૬૭ |
| ૫૪. | ધૂમકેતુ... | - વિવેક મનહર ટેલર | ૪૬૭ |
| ૫૫. | વટ્ટનો કટ્ટકો... | - ચંદ્રશેખર પંડ્યા | ૪૬૮ |
| ૫૬. | તો જીવી જાશો... | - કનૈયાલાલ ભટ્ટ | ૪૬૮ |
| ૫૭. | રખડેલ પંખીઓ... | - રમેશ આચાર્ય | ૪૬૯ |
| ૫૮. | ગઝલ | - ડૉ. ધૈવત શુક્લ 'આનંદ' | ૪૬૯ |
| ૫૯. | ભરાશે નહીં નિનાદોથી... | - પારસ એસ. હેમાણી | ૪૭૦ |
| ૬૦. | ગઝલ | - ડૉ. મનોજ જોશી 'મન' | ૪૭૦ |
| ૬૧. | ટહુક્યો ઘણું... | - ડૉ. પ્રદીપ આઝાદ | ૪૭૧ |
| ૬૨. | હરિ મળે તો હરખું... | - હર્ષિદા દીપક ત્રિવેદી | ૪૭૧ |
| ૬૩. | દીકરીને તૈયાર કરતી વેળાએ ગાવાનું ગીત... | - દીપક ત્રિવેદી | ૪૭૨ |
| ૬૪. | પોતીકો વરસાદ... | - પ્રજ્ઞા પટેલ | ૪૭૨ |
| ૬૫. | ઈચ્છા... | - ભાવિન ગોપાણી | ૪૭૩ |
| ૬૬. | ફગાવી... | - તેજસ દવે | ૪૭૩ |

# અનુક્રમણિકા

## કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૬૭. | પાણીના પરચા... | - દર્શક આચાર્ય | ૪૭૪ |
| ૬૮. | બસ, અમથે અમથું મળ્યા... | - રમણ વાઘેલા | ૪૭૪ |
| ૬૯. | પછીયે વાત ચાલુ રહી... | - ડૉ. મુકેશ જોષી | ૪૭૫ |
| ૭૦. | તું... | - જયંતિ ધોકાઈ | ૪૭૫ |
| ૭૧. | મજધાર આવતાં... | - પ્રશાંત સોમાણી | ૪૭૬ |
| ૭૨. | શ્વાસને ઢોળીય નાખશું... | - શૈલેષ પંડ્યા 'ભીનાશ' | ૪૭૬ |
| ૭૩. | મોબાઈલ...! | - રેણુકા દવે | ૪૭૭ |
| ૭૪. | કરીએ હવે કેમ પ્રેમ ? | - ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ' | ૪૭૭ |
| ૭૫. | કરી દીધું છે, ઘણું બધું કામ... | - સંસ્કૃતિરાણી દેસાઈ | ૪૭૮ |
| ૭૬. | ગઝલ | - વિનોદ ગાંધી | ૪૭૮ |
| ૭૭. | રણ... | - વિનુ બામણિયા | ૪૭૯ |
| ૭૮. | સાબિત કરવાનું... | - વિપુલ માંગરોલિયા | ૪૭૯ |
| ૭૯. | લેખણના લયકારાનું ગીત... | - પ્રતાપસિંહ ડાભી 'હાકલ' | ૪૮૦ |
| ૮૦. | ઈજ્જત કમાયો છું... | - કિરણસિંહ ચૌહાણ | ૪૮૦ |
| ૮૧. | હંકાય નૈ... | - જિગર ઠક્કર | ૪૮૧ |
| ૮૨. | બેઠો છું, બેસવા દે... | - મધુસૂદન પટેલ 'મધુ' | ૪૮૧ |
| ૮૩. | એવું શું છે અહીં ? | - ઉમેશ જોષી | ૪૮૧ |
| ૮૪. | ભૂલકાં પડ્યાં... | - જિતેન્દ્ર પ્રજાપતિ | ૪૮૨ |
| ૮૫. | સાથ સૌનો, તોય મન પીડાય છે... | - સ્નેહલ નિમાવત | ૪૮૨ |
| ૮૬. | શિયાળો... | - મહેશ દેસાઈ | ૪૮૨ |
| ૮૭. | સાદગી મળી છે... | - હાર્દિક વ્યાસ | ૪૮૩ |
| ૮૮. | અટકાવજો તમે... | - ભરત વિંઝુડા | ૪૮૩ |
| ૮૯. | પાછલી પછીતથી... | - યોગેશ પંડ્યા | ૪૮૪ |
| ૯૦. | જન્મદિવસ ને ઝરણું... | - દિનેશ પોપટ | ૪૮૪ |
| ૯૧. | છો ભૈ... | - કુમાર જૈમિનિ શાસ્ત્રી | ૪૮૫ |
| ૯૨. | હું ય છું... | - સાહિલ | ૪૮૫ |
| ૯૩. | અમે છેલ્લા... | - હરીશ ધોબી | ૪૮૬ |
| ૯૪. | એક છોકરીએ... | - રક્ષા શુક્લ | ૪૮૬ |
| ૯૫. | દીવડો... | - ડૉ. પ્રણવ ઠાકર, 'પાગલ' | ૪૮૬ |
| ૯૬. | સમય... | - કૌશિક મહેતા | ૪૮૭ |
| ૯૭. | ...ભલું થયું ભાંગ્યો કાગળ | - લલિત ત્રિવેદી | ૪૮૮ |
| ૯૮. | ગુંજન... | - ડાહ્યાભાઈ બી. પટેલ (નીરવ) | ૪૮૮ |

# ફોટોગ્રાફસ અને ચિત્રો


| | | |
|---|---|---|
| જેશલ સુજલ દલાલ | રેખા જયદેવસિંહ વેગડ | શીતલ પી. સરવૈયા |
| રાજેન્દ્ર ભાવસાર | નટુ પારેખ | જસ્મીન દવે |
| ડૉ. અશોક જી. પટેલ | ઉષા રા. પાઠક | ગાયત્રી ત્રિવેદી |
| અંજલિ જે. મહેતા | દુર્ગેશ ઉપાધ્યાય | હેમાલી શાહ |
| ભાર્ગવીબહેન ભટ્ટ | વિમલ હેમાણી | દેશલ બી. પગી |
| જય પંચોલી | હેતલ દવે | ડૉ. દર્શન શાહ |
| અશોક ખાંટ | વિનોદ રાઠોડ | પીયૂષ પારાશર્ય |
| ધ્રુવી રાજીવભાઈ પારેખ | ભાટી એન | આરસી જી. માગુકિયા |
| જય વી. પગી | મુકેશ પંડિત | વત્સલા વ્યાસ (દવે) |
| વિનોદ નિમાવત | કૃપા શાહ | અરવિંદભાઈ ખાણધર |
| ફાલ્ગુની આર. પારેખ | રમેશ હાલારી | જયેશભાઈ કે. જાદવ |
| અમુલ ખોડિદાસ પરમાર | હસમુખ રાવલ | જેસલબા જાડેજા |
| દર્શન ગૌતમ પુરાણી | મનહર કાપડિયા | હેમંતકુમાર પંડ્યા |
| ડૉ. તેજસ દોશી | નિકુંજ વૈશ્યક | સુમેન્દ્ર સરવૈયા |
| ભૂમિકા ભાવસાર | પ્રિયા આનંદ પરિયાણી | પશાભાઈ મકવાણા |
| જગદીશ મેવા | જયદીપ એન. ઠાકર | કિશોર પીઠડિયા |
| વિક્રમ પગી | હેમરાજ દેસાઈ | સોનલ સરવૈયા |
| હરિભાઈ દા. ટંડેલ | આનંદ પ્રા. પટેલ | રક્ષા ભટ્ટ |
| રમેશભાઈ ગોહિલ | જિજ્ઞેશ ઠાકર | જગદીશભાઈ જોષી |

: મુખપૃષ્ઠ - ૧ :
**અવની ઘનશ્યામભાઇ દવે**
9327428500

: મુખપૃષ્ઠ - ૨ :
**નાગજીભાઇ પ્રજાપતિ**
9825979446



"અર્ધનારેશ્વર"
વત્સલા વ્યાસ (દવે)
મો. 9427212268


"શાકુંતલ"
જયેશભાઈ કે. જાદવ
મો. 9825669742

# અભ્યાસલેખ સંપુટ

- ગુણવંત શાહ
- વિષ્ણુ પંડ્યા
- ડૉ. બળવંત જાની
- ડૉ. કુમારપાળ દેસાઈ
- દેવેન્દ્ર પટેલ
- કૃષ્ણકાંત ઉનડકટ
- જય વસાવડા
- ભવેન કચ્છી
- ડૉ. નરોત્તમ વાળંદ
- યશવંત મહેતા
- નરોત્તમ પલાણ
- જોરાવરસિંહ જાદવ
- ભદ્રાયુ વછરાજાની
- ભગવાનદાસ પટેલ
- પ્રસાદ બ્રહ્મભટ્ટ
- પરમાનંદ ગાંધી
- ડૉ. માણેક પટેલ 'સેતુ'
- કિશોર મકવાણા
- અજય મો. નાયક
- નટુભાઈ પરમાર
- લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી
- ડૉ. અશોક નારાયણ
- વસંત ગઢવી
- કાકડિયા મનસુખ વી.
- ભૂપેન્દ્ર મો. દવે
- નીલેશ પંડ્યા
- વાગ્મિન બૂચ
- ચંદ્રિકાબહેન સોલંકી
- પુલક ત્રિવેદી



"ગણેશાય નમઃ"
જેશલ સુજલ દલાલ
મો. 9925036131

# ખરા ઈલમી, ખરા શૂરા : રાષ્ટ્રરત્ન મોરારજી દેસાઈ

*- ગુણવંત શાહ*

**મો**રારજી દેસાઈને ભીષ્મપિતામહ સાથે કોણે સરખાવ્યા હશે ? જવાબમાં વાચકોને યાદ આવે તેવાં કેટલાંક નામો આ પ્રમાણે છે : મનુભાઈ પંચોળી (દર્શક), બાબુભાઈ જશભાઈ પટેલ, ચંદ્રશેખર, નારાયણ દેસાઈ, રામલાલ પરીખ કે પછી ગુણવંત શાહ, બધી જ અટકળો ખોટી છે. કોંગ્રેસના ભાગલા ૧૯૬૯માં પડ્યા પછી વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ લોકસભામાં એમના સૌથી મોટા પ્રતિસ્પર્ધી એવા મોરારજીભાઈને ભીષ્મ પીતામહ સાથે સરખાવેલા. વડાપ્રધાન બન્યા તેને બીજે જ દિવસે સવારે મોરારજીભાઈ બધી રીતે હારેલાં ઈન્દિરાજીને ઘરે મળવા ગયેલા. મોરારજીભાઈ માટે આવી નમ્રતા બતાવવાનું સાવ સહજ ન હતું.

જીવનની સાર્થકતાને ઊંચા હોદ્દા સાથે, ભૌતિક સમૃદ્ધિ સાથે કે કીર્તિ સાથે ઝાઝી લેવાદેવા નથી. જીવનની સાર્થકતાનો ખરો સંબંધ માણસ કેટલી માત્રામાં 'જીવ્યો' તેની સાથે રહેલો છે. મોરારજી રણછોડજી દેસાઈ પૂરાં નવ્વાણું વર્ષ જીવીને આત્મસ્થ થયા. એ તો એમની શરીરયાત્રાની વાત થઈ. જીવનમાં શરીરયાત્રા સાથે માણસની મનસ્‌યાત્રા અને આત્મયાત્રા પણ ચાલતી રહે છે. મોરારજીભાઈ કેટલાં વર્ષ જીવ્યાં એ મહત્ત્વનું નથી; તેઓ કેવું જીવ્યા એ જ મુખ્ય વાત ગણાય.

**જીવનની સાર્થકતાને ઊંચા હોદ્દા સાથે, ભૌતિક સમૃદ્ધિ સાથે કે કીર્તિ સાથે ઝાઝી લેવાદેવા નથી. જીવનની સાર્થકતાનો ખરો સંબંધ માણસ કેટલી માત્રામાં 'જીવ્યો' તેની સાથે રહેલો છે**

અમારો પરિચય લાંબો ન હતો, પરંતુ તેઓ વડાપ્રધાન મટી ગયા અને મુંબઈમાં સ્થાયી થયા ત્યાર પછી વારંવાર મળવાનું બન્યું. તેઓ ડુમસ રહેવા જતા ત્યારે સુરતથી હું એમને અચૂક મળવા જતો. આદર અને અહોભાવ ઘડીભર બાજુએ રાખીને એમના વિષે તટસ્થપણે લખવાનું મારા માટે મુશ્કેલ તો છે, પરંતુ એમણે કોઈની શેહશરમ રાખીને કડવું કહેવાનું ટાળ્યું નથી, એ જ મારું આશ્વાસન છે. એમના અંગે લખતી વખતે હું કઠોર તટસ્થતા રાખવાનો છું. તટસ્થતા પવિત્ર બાબત છે.

એક જમાનામાં બાબુરાવ પટેલે 'મધર ઈન્ડિયા' સામયિકમાં આધેડ વયના મોરારજીભાઈની તંદુરસ્તી માટે મહેણું મારેલું : He is disgustingly healthy. મજા તરીકે આ વિધાન ભલે હસાવી જાય, બાકી નેવું વર્ષ વટાવ્યા પછી સ્વસ્થ રહેવાનું સો પર પહોંચવા કરતાં અનેકગણું મુશ્કેલ છે. આપણો સમાજ રોગનો જેટલો આદર કરે તેટલો આરોગ્યનો નથી કરતો. તેથી જ એ માંદલો છે. વાતવાતમાં ક્યારેક મોરારજીભાઈ આરોગ્યશાસ્ત્રની એક સોનેરી વાત કહી દેતા. જેઓ ચાવી ચાવીને ન ખાય તેઓ માટે એ વાત ગાંઠે બાંધવા જેવી છે : 'પેટમાં દાંત નથી હોતા.'

મોરારજીભાઈના લાંબા અને નિરામય આયુષ્યનું રહસ્ય શું ? આયુષ્યશાસ્ત્ર (ગેરંટોલોજી) હવે મહત્ત્વનું શાસ્ત્ર બની રહ્યું છે, પરંતુ લાંબા આયુષ્યનું ખરું રહસ્ય હજી પકડાયું નથી. મોરારજીભાઈ શિવામ્બુના આગ્રહી હતા. આહારવિહારમાં વધારે પડતા નિયમિત હતા અને સંસારમાં રહ્યા છતાં અમુક વર્ષો બાદ બ્રહ્મચર્યના ઉપાસક હતા. આ ત્રણે બાબતો જાળવીને જીવનારા ઘણા લોકોને અકાળે ખખડી ગયેલા જોયા છે. કટોકટી દરમિયાન ઓગણીસ મહિના જેલમાં રહીને પહેલી વાર મોરાજીભાઈ સુરત ગયા ત્યારે એમના ચહેરા પરની લાલી જોઈને એક મિત્ર બોલ્યોઃ 'ચહેરા પર બ્રહ્મચર્યનું તેજ છે.' આ સાંભળીને મેં એ મિત્રને કહેલું : 'બ્રહ્મચર્ય ન પાળનારા ઘાંચી જ્ઞાતિના સુરતના કેટલાય લોકોના ચહેરા પરની લાલી ઓછી નથી હોતી.' આઈન્સ્ટાઈન અને મોરારજીભાઈને જોડતો એક વિચિત્ર સેતુ જાણવા જેવો છે. બંને જણા દાઢી કરતી વખતે સાબુ લગાડવામાં માનતા ન હતા. આહાર અંગે મોરારજીભાઈ



જેવી કાળજી લેનારા બે જણા તે વિજય મરચંટ અને દેવાનંદ. રજનીશ મોરારજીભાઈની નિંદા ધરાઈને કરતા, કારણ કે કચ્છમાં કૉમ્યુન સ્થાપવાની વાતે મોરારજીભાઈ સંમત ન હતા. રજનીશ મોરારજીભાઈને માટે વ્યંગમાં 'લંગોટ કે પક્કે' શબ્દો પ્રયોજતા.

મોરારજીભાઈ સાથેની વાતચીતમાં એક વાત જડી છે. તેઓએ ચિંતામુક્તિ પ્રાપ્ત કરેલી. ઈશ્વર પર એમને જેટલો ભરોસો હતો તેટલો ભરોસો કેટલાક સાધુઓને પણ નથી હોતો. તેઓ વડાપ્રધાન હતા અને એમનું વિમાન શેરડીના ખેતરમાં તૂટી પડેલું. પાંચ જણાનાં મૃત્યુ થયેલાં અને તેઓ માંડ બચી ગયેલા. એ ક્ષણોમાં એમણે જાળવેલી સ્વસ્થતા કોઈ સંતને શોભે તેવી હતી. નારાયણ દેસાઈ સાથે હતા. અંધારામાં કાદવ ખૂંદીને વાડપ્રધાન નજીકની હૉસ્પિટલમાં પહોંચ્યા. નર્સ ઊંઘની ગોળી લઈને એમની પાસે ગઈ ત્યારે તેઓ ઊંઘતા હતા તેથી પાછી ગઈ. ખરેખર તો તેઓ જાગતા હતા અને એમને છાતીમાં દુઃખતું હતું, પરંતુ તેઓ મૌન રહેલા. મૌન રાખવાનું કારણ શું ? પોતાના દુઃખને ઝાઝુ મહત્ત્વ ન આપવાની વૃત્તિ સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો મોઢે કરવાં સહેલાં, પરંતુ મૃત્યુ વેંત છેટું હોય ત્યારે સમત્વ જાળવવું સહેલું નથી. મોરારજીભાઈને ડરવાની ટેવ ન હતી તેથી મૃત્યુથી ડરવાનો પણ પ્રશ્ન ન હતો. કદાચ અભય એમનો સ્થાયીભાવ હતો.

**પોતાના દુઃખને ઝાઝુ મહત્ત્વ ન આપવાની વૃત્તિ સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો મોઢે કરવાં સહેલાં, પરંતુ મૃત્યુ વેંત છેટું હોય ત્યારે સમત્વ જાળવવું સહેલું નથી. મોરારજીભાઈને ડરવાની ટેવ ન હતી તેથી મૃત્યુથી ડરવાનો પણ પ્રશ્ન ન હતો.**

જ્યોર્જ બર્નાર્ડ શૉ કહેતો કે, દુનિયાની બધી પ્રગતિ વિચિત્ર માણસોને આભારી છે. મોરારજીભાઈ વિચિત્ર માણસ હતા, તે એ અર્થમાં કે એમનું ચિત્ર વિશિષ્ટ હતું. ગેરસમજથી તેઓ ડરતા નહીં. લોકો જેટલા ગેરસમજથી ડરે છે તેટલા ગેરકૃત્યથી ડરતા નથી. મોરારજીભાઈનું ખરું સૌંદર્ય તેઓ સત્તા પર ન હોય ત્યારે આબાદ પ્રગટ થતું. વલસાડનું પાકેલું આમ્રફળ પાછલી ઉંમરે માધુર્યદીક્ષા પામેલું. તેઓ વિશાળ મુંબઈ રાજ્યમાં પ્રધાન અને પછી મુખ્યપ્રધાન હતા ત્યારે હાથમાં લાકડી રાખતા, પરંતુ એંશી વર્ષ વટાવ્યા પછી ભારતના વડાપ્રધાન થયા ત્યારે વૃદ્ધ હોવા છતાં લાકડી નહોતા રાખતા.

વર્ષો પહેલાં બ્રિટનની લેબર પાર્ટીના સિનિયર નેતા ઍન્યુરિન બીવાન દિલ્હી આવેલા. આ આખાબોલા નેતાએ એક જમાનામાં હાઉસ ઑફ કોમન્સમાં ચર્ચિલને માટે, 'વર્મ ઑફ ધ, ગટર' શબ્દો વાપરેલા. મોરારજીભાઈ ભારતના વડાપ્રધાન હતા ત્યારે દિલ્હીમાં બંને સ્પષ્ટવક્તાઓની મુલાકાત થયેલી. બીવાને મોરારજીભાઈની દારૂબંધીની વાત સ્વીકારેલી. રશિયાની કુશ્ચોવ અને બુલ્ગેનિન ભારતની મુલાકાતે આવ્યા ત્યારે મોરારજીભાઈ મુંબઈ રાજ્યના મુખ્યપ્રધાન હતા અને રાજ્યમાં ચુસ્ત દારૂબંધી હતી, મોરારજીભાઈએ એ બંને મહાનુભાવોનું સાંતાક્રુઝ એરપોર્ટ પર સ્વાગત કર્યું અને એમના હાથમાં દારૂ પીવા માટેની પરમિટ મૂકી. રશિયન નેતાઓએ એ પાછી વાળી અને કહ્યું : 'અમે રશિયામાં દારૂબંધી ન કરી શક્યા, પરંતુ એ કરવા જેવું કામ છે.' વર્ષો પછી ગોર્બાચોવે શરાબ ઓછો પિવાય તે હેતુથી ઘણાં આડકતરાં નિયંત્રણો મૂકેલાં, પરંતુ વોડકાપ્રેમી રશિયનો ન ગાંઠેલા.

મોરારજીભાઈ મહાન હતા, તેથી એમની મર્યાદાઓ ઓછી મહાન શી રીતે હોઈ શકે ? મધ્યપ્રદેશના પીઢ રાજકારણી દ્વારકાપ્રસાદ મિશ્રએ આત્મકથા લખેલી એમાં કોઈ વિધાન હતું : 'મોરારજીભાઈ દેસાઈનો સૌથી મોટો શત્રુ, તે મોરારજીભાઈ દેસાઈ પોતે.' આ વાતમાં ઘણું તથ્ય છે. એક જમાનો હતો, જ્યારે મોરારજીભાઈની કડવી જીભ રોજ સરેરાશ દસ નવા શત્રુઓ પેદા કરતી. એમની દૃઢતા ક્યારેક જડતાની સગી બહેન બની જતી અને એમનો અભય ક્યારેક અવિનયનો જોડિયો ભાઈ બની રહેતો. દક્ષિણ ગુજરાતના ભૂમિપુત્રો ગણાતા અનાવિલોમાં પ્રચલિત એવો શબ્દપ્રયોગ કરીને એમ કહી શકાય કે તેઓ સૌની દેખતાં સામેના માણસને 'નીચકાટી કાઢવા' માટે જાણીતા હતા. આ મર્યાદાની ખૂબ જ મોટી કિંમત ભદેલીના આ અનાવિલે ચૂકવી છે. ઘણા સમજુ માણસો માને છે કે, ભારતના વડાપ્રધાન તરીકે નેહરુ પછી એમને દસ-પંદર વર્ષો મળ્યાં હોત તો દેશને ઘણો લાભ થાત. આવું ન બન્યું તે માટે એમના વ્યક્તિત્વમાં રહેલું કડવું અણિયાળાપણું જવાબદાર હતું. તેઓ ગીતાભક્ત હતા અને પ્રમાણિક હતા, પરંતુ નેતૃત્વ અને પિતૃત્વની ટક્કરમાં નેતૃત્વ કાયમ હારતું જ રહ્યું.

અત્યંત નિકટ ન પહોંચ્યા હોય એવા સૌને મોરારજીભાઈ ડરામણા અને મારકણા લાગ્યા. નિકટ પહોંચ્યા એવા સૌને તેઓ ખૂબ જ સરળ અને સ્નેહાળ જણાયા. નારિયેળનું કોચલું તૂટે નહીં અને મધુર પાણી મળે નહીં. એક વાર હું

એમને મરિન ડ્રાઇવ પર ઓસિયાના ખાતે મળવા ગયો. સુધાકર ગુપ્તા બેઠા હતા. અમારી વચ્ચે એટલી લાંબી વાતો ચાલી કે મોરારજીભાઈનો જમવાનો સમય થઈ ગયો તોય ખ્યાલ ન રહ્યો. મેં દિલગીરી વ્યક્ત કરી. ત્યારે એમણે કહ્યું: 'એમાં શું ? કોઈ દિવસ એમ બને પણ ખરું.' કોઈ માને નહીં એવી આ વાત છે.

મોરારજીભાઈનું મરણોત્તર મનોવિશ્લેષણ થવું જોઈએ. મહાત્મા ગાંધીનું મનોવિશ્લેષણ એરિક એરિક્સને 'Gandhi's Truth'માં કર્યું છે. પરિવારજીવનમાં ક્યાંક કોઈ અપર્યાપ્તતા રહેલી હોવી જોઈએ. જેને કારણે પૂર્વાશ્રમમાં મોરારજીભાઈ શુષ્ક, અતડા, કટુ અને કઠોર બન્યા. સ્વજનોના આપઘાતના ત્રણ દુઃખદ બનાવો એમણે જીવનમાં વેઠ્યા. ગજરાબહેનને દિલ્હીના ત્યાગરાજ માર્ગ પર આવેલા નિવાસે એક વાર મળવાનું બનેલું. સહજીવનની સુવાસ જેવું ખાસ કશું ન હતું. ઘરે આવેલા મહેમાનને પાણી ધરવાનો રિવાજ પણ આ પરિવારે સ્વીકાર્યો ન હતો. ડુમસમાં છોટુભાઈ પીઠાવાળાને ત્યાં મળવા ગયો ત્યારે મોરારજીભાઈએ આગ્રહ કરીને મને નારિયેળનું પાણી પીવડાવેલું. દિવસ સુધરી ગયેલો.

**મોરારજીભાઈ પ્રધાનમંડળમાં હતા ત્યારે એમણે ખેરસાહેબને એક વાત કહી રાખેલી : 'જશ લેવાનો હોય તો તમારે લેવો, પણ અપજશ લેવાની વાત આવે ત્યારે મને આગળ ધરી દેવો'**

મોરારજીભાઈના સ્વમુખે સાંભળેલો એક પ્રસંગ છે. વર્ષ યાદ નથી, પણ નંદરબારમાં ગોળીબાર થયેલો. લોકોમાં ગોળીબારની ન્યાયાધીશી તપાસની માંગણી બુલંદ બની. ખેરસાહેબ ત્યારે મુંબઈના મુખ્યપ્રધાન હતા. મોરારજીભાઈ પ્રધાનમંડળમાં હતા ત્યારે એમણે ખેરસાહેબને એક વાત કહી રાખેલી : 'જશ લેવાનો હોય તો તમારે લેવો, પણ અપજશ લેવાની વાત આવે ત્યારે મને આગળ ધરી દેવો.' ગુલઝારીલાલ નંદાને નંદરબારની મુલાકાતે મોકલવામાં આવ્યા. નંદાજીએ મુંબઈ જઈને એવો અહેવાલ આપ્યો કે પોલીસે સ્વરક્ષણ માટે જ ગોળીબાર કરેલો અને એમ કરવા સિવાય બીજો કોઈ છૂટકો ન હતો. દિલ્હીથી ખેરસાહેબ પર સરદાર પટેલનું દબાણ આવ્યું. એમનો આગ્રહ હતો કે ગોળીબારની તપાસ થવી જોઈએ. ખેરસાહેબે ફોન પર મોરારજીભાઈને ધરી દીધા. મોરારજીભાઈએ સરદારશ્રીને આદરપૂર્વક જણાવ્યું : 'અમે અહીં રાજ કરી છીએ, કારણ કે તમને અમારામાં પૂરો ભરોસો છે. જો આવો ભરોસો અમે ગુમાવ્યો હોય તો અમે છૂટા થઈ જઈએ અને તમે બીજું જે કામ સોંપો તે કામ કરીએ, પરંતુ જ્યાં સુધી અમે તમારા ભરોસાને પાત્ર હોઈએ ત્યાં સુધી તમારે અમારા નિર્ણય પર વિશ્વાસ મૂકવો જોઈએ.' ગોળીબારની તપાસ ન થયેલી (શબ્દો યાદદાસ્ત પરથી મૂક્યા છે).

મોરારજીભાઈની પ્રતિભાને સમજવામાં ઉપકારક બને તેવો એક પ્રસંગ નોંધવા જેવો છે. ૧૯૬૮માં તેઓ અમેરિકા ગયેલા. એ વખતે જહોન્સન રાષ્ટ્રપ્રમુખ હતા અને હંફ્રી ઉપપ્રમુખ હતા. જહોન્સને હંફ્રીને મોરારજીભાઈ સાથે વાત કરવા કહ્યું. હંફ્રીએ કહ્યું : ઇઝરાયેલની વાત આવે ત્યારે ભારત સાચું-ખોટું જોયા વિના આરબોની જ સાથે રહે છે, આમાં તમારી તટસ્થતા ક્યાં રહી ?' જવાબમાં મોરારજીભાઈએ કહ્યું : ''ઇઝરાયેલ દેશ યુનોએ બનાવ્યો. યહૂદીઓને યુરોપિયનોએ સતાવ્યા. યુરોપિયનોએ પોતાના પ્રદેશમાંથી યહૂદીઓને રાષ્ટ્રપ્રદેશ આપ્યો હોત તો વાત જુદી હતી, પરંતુ આરબો માંહે માંહે લડે અને વળી ઇઝરાયેલનો ભાગ બ્રિટનની દેખરેખ હેઠળ હતો તેથી તે યહૂદીઓને સોંપી દીધો. પેલેસ્ટાઇનના આરબો ભટકતા થઈ ગયા. બીજે બધેથી દુનિયાના યહુદીઓ ઇઝરાયેલ ગયા. યુનોએ એ નવા દેશને સ્વીકૃતિ આપી અને અમે પણ આપી. પણ હવે ઇઝરાયેલ તેનાથી આગળ જાય તે બરાબર નથી. અમે ઇઝરાયેલને એટલું જ કહીએ છીએ કે જે જમીન તમે લડાઈથી લઈ લીધી છે તે તમે આરબોને પાછી આપી દો.'

પાઘડીનો વળ છેડે આવે એવી વાત હવે શરૂ થઈ. હંફ્રીએ કહ્યું : 'વાત તો બરાબર, પણ અમારે ત્યાં યહૂદીઓની



મોટી સંખ્યા છે.' આ સાંભળીને મોરારજીભાઈએ કહ્યું : 'તમારે ત્યાં ૨૦૦ મિલિયનમાં ચાર મિલિયનની યહૂદી લોબી હશે. તમારી યહૂદી લોબીનું આટલું જોર હોય તો ભારતમાં ૬૦ કરોડમાં ૬ કરોડ મુસ્લિમો છે. અમારી લૉબી મોટી ખરી કે નહીં ? આ રીતે વિચારીએ તે કેમ ચાલે ?' હંફ્રી આ સાંભળીને હસી પડ્યા અને બોલ્યા : 'યૂ આર ગ્રેટ, આઇ એસ્સેપ્ટ ઇટ.'

બ્રિટિશ વડાપ્રધાન ભારતના વડાપ્રધાનનું સ્વાગત એરપોર્ટ પર કરવા ન જાય, પરંતુ મિસ્ટર કેલેહન એ નિયમ તોડીને મોરારજીભાઈને માટે ઍરપોર્ટ પર અભિવાદન માટે ગયેલા. જોમો કેન્યાટાના અંતિમ સંસ્કાર વખતે પાકિસ્તાનના પ્રમુખ જનરલ ઝિયા નૈરોબીમાં સામે ચાલીને વડાપ્રધાન દેસાઈને ખાસ મળવા ગયેલા. આત્મવિશ્વાસ અને બુદ્ધિપ્રતિભાને કારણે એમનો પ્રભાવ પરદેશી મહાનુભાવો પર પડતો. બ્રેઝનેવ સાથેની વાતચીતમાં પણ એક મુદ્દો ચર્ચાયેલો. બ્રેઝનેવે કહ્યું : 'ભારત અમેરિકા અંગે કૂણું વર્તન બતાવે તેથી રશિયનો નારાજ છે.' મોરારજીભાઈએ કહ્યું : 'ચીને અમારા પર ૧૯૬૨માં આક્રમણ કર્યું ત્યારે તમે કહેલું કે ભારત મિત્ર છે, પરંતુ ચીન તો ભાઈ છે. અમને પણ માઠું લાગેલું.' અમેરિકા ગયા ત્યારે રાષ્ટ્રપ્રમુખ જીમી કાર્ટરે પણ મોરારજીભાઈ પ્રત્યે ઊંચો આદર બતાવેલો. ઈરાનના શાહ તથા પાકિસ્તાનના ઝિયા મોરારજીભાઈ પર ફોન કરીને ક્યારેક આદરપૂર્વક લાંબી વાતો કરતા. મોરારજીભાઈએ વાતવાતમાં મને કહેલું : 'મારી મોટી ઉંમર પણ ક્યારેક મદદરૂપ થતી.' એમના શાસન દરમિયાન બધા જ પાડોશી દેશો સાથે ભારતના સંબંધો ખૂબ સારા હતા. અને વસ્તુઓના ભાવ કાબૂમાં રહેલા. લોકો સવા-બે વર્ષના એ શાસનને આજે પણ યાદ કરે છે.

**આ દેશની પ્રજાને ગાંધીના જમાનાથી એક એવા નેતૃત્વની ગરજ રહી છે, જે ગંગોત્રી જેટલું ઊંચું હોય તે સાથે બેલુર મઠ આગળ વહેતી ગંગા જેવું લોકનિષ્ઠ હોય અને વિશાળ હોય. આપણા લોકોને એક એવા અવાજની ઝંખના રહી છે**

મનુભાઈ પંચોળી (દર્શક) સમક્ષ કોઈ મોરારજીભાઈની ટીકા કરે ત્યારે એક જ વાક્યમાં મનુભાઈ કહેતા : 'આ બધા આંધળાઓમાં અમારા મોરારજી કાણા છે.' સુરતના ત્રણ નન્ના વિખ્યાત હતા ; નર્મદ, નવલરામ, અને નંદશંકર. અનાવિલોમાં ત્રણ મમ્મા પ્રખ્યાત છે : મોનજી રૂદર, મહાદેવ દેસાઈ અને મોરારજી દેસાઈ. ચોથું સુંદર નામ મણિભાઈ દેસાઈનું ખુશીથી ઉમેરી શકાય. દક્ષિણ ગુજરાતના અનાવલા જેટલા પરાક્રમી, તેટલા જ ખટપટવીર. મોરારજીભાઈ ખરા ઈલમી અને ખરા શૂરા. ખટપટ ફાવતી નહીં. પરંતુ કડવાં કારેલાં સાથે પોતાને જણાય તેવા સત્યને ઘૂંટીને થોડીક ઉદ્દંડતા સાથે સામા માણસને માથે ઝીંકવાનું એમને વધારે ફાવતું. સત્ય તલવારની ધાર જેવું હોય અને વળી દૂધની ધાર જેવું પણ હોય. એવું સત્ય મધુર અને પ્રિય પણ હોઈ શકે એ વાત સમજવાનો સમય કટોકટી વખતે એમને જેલમાં મળ્યો. જેલમાં જતાંની સાથે જ એમણે અનાજ લેવાનું બંધ કર્યું અને ફળાહાર શરૂ થયો. કારાવાસ આત્મનિરીક્ષણ માટે ઉપયોગી બન્યો. કટોકટી પછી વડાપ્રધાન બનેલા મોરારજીભાઈ ઓછા આકરા અને વધારે પડતા સ્વસ્થ બની ગયા. પરિણામે સત્તા હાથમાંથી સરી ગઈ ત્યાં સુધી અગમચેતીનાં નિર્દોષ પગલાં પણ ન લઈ શક્યા. ડુમસમાં થયેલી લાંબી વાતચીતને અંતે એમણે મને કહેલું કે : 'સત્ય, અહિંસા અને અભયનું મહત્ત્વ મને સમજાયું હતું. પરંતુ જેલમાં ઓગણીસ મહિના દરમિયાન સમજાયું કે નમ્રતા વગર એ ત્રણ ગુણો પણ ટકી ન શકે.'

વડાપ્રધાન બન્યા પછી એમણે જે રીતે જયપ્રકાશ અને આચાર્ય કૃપલાનીની ઉપેક્ષા કરી તે આપણી સમજમાં ન ઊતરે તેટલી દુઃખદ હતી. પરિણામે ઇતિહાસે રાષ્ટ્રને આપેલી એક અણમોલ તક વીંખાઈને વેડફાઈ ગઈ. આ બંને મહાનુભાવોના ટેકાથી જ તેઓ વડાપ્રધાન બનેલા. જયપ્રકાશ અને મોરારજીભાઈ વચ્ચેનું પ્રત્યાયન ખોરવાયું અને ખોટકાયું ત્યારે બંને જણા વચ્ચે શટલકૉક બનીને કોમ્યુનિકેશન ગેપ પૂરી શકે એવી એક જ વ્યક્તિ હતી. નારાયણ દેસાઈ બંનેના લાડકા હતા. મોરારજીભાઈ એમને 'બાબલો' કહેતા અને જયપ્રકાશ એમનું સાંભળતા. રાષ્ટ્રના હિતમા કશુંક થઈ શક્યું હોત, પરંતુ...

આ દેશની પ્રજાને ગાંધીના જમાનાથી એક એવા નેતૃત્વની ગરજ રહી છે, જે ગંગોત્રી જેટલું ઊંચું હોય તે સાથે બેલુર મઠ આગળ વહેતી ગંગા જેવું લોકનિષ્ઠ હોય અને વિશાળ હોય. આપણા લોકોને એક એવા અવાજની ઝંખના રહી છે, જેમાં સત્યનિષ્ઠાનો રણકો હોય, જનસામાન્યની સંવેદનાનો પ્રતિઘોષ હોય અને સત્તાના ગંદાગોબરા રાજકારણની દુર્ગંધ ન હોય. જયપ્રકાશના અવાજમાં પ્રજાને આવો રણકો સંભળાયેલો. આવો રણકો પદપ્રાપ્તિથી દૂર રહેનારા અને પારકી છઠ્ઠીના જાગતલને જ પ્રાપ્ત થાય. દેશમાં ૧૯૭૯ પછી આવા રણકાની ખોટ પડી ત્યારે નિવૃત્ત


મોરારજીભાઈ પાસે લોકોએ આવા પક્ષાતીત રણકાની અપેક્ષા રાખેલી. વડાપ્રધાન મટી ગયા. પછી તેઓ અમદાવાદ જઈને પોતાની ગૂજરાત વિદ્યાપીઠમાં બેસી ગયા હોત તો કદાચ ગુજરાતને મૂલ્યનિષ્ઠ રાજકારણની પ્રયોગશાળા બનાવી શક્યા હોત, પરંતુ એ ન બન્યું. કાંતિ દેસાઈ એમની સૌથી મજબૂત નબળાઈ સાબિત થયા. આપણી પ્રજાની એક ખૂબી છે. એ પદવી ધારણ કરનારને સલામ કરે છે, પરંતુ પદવી છોડનારને નમન કરે છે.

કુશળ વહીવટકર્તા તરીકે એમણે પક્ષપાત, સગાંવાદ, ખુશામતખોરી અને કાયરતાને કદી પણ નજીક ઢૂંકવા દીધાં નથી. તેઓ પોતાની સાચી વાત સામા માણસને સમજાય તે માટે તર્કયુક્ત દલીલો રજૂ કરવામાં કુશળ હતા. એમ કરવામાં ક્યારેક તેઓ આક્રમક બનતા તોય એમની સચ્ચાઈનો પ્રભાવ પડતો. કાચાપોચા લોકોને એ પ્રભાવ અકળાવતો. ક્યારેક તો અત્યંત પ્રામાણિક, પરંતુ વિનયી લોકોને પણ એ પ્રભાવ દુઃખી કરી જતો. યોગ્ય દલીલો દ્વારા તેઓ પોતાની વાત ઠંડકથી રજૂ કરતા ત્યારે એમની પ્રતિભાને ચાર ચાંદ લાગી જતા.

ખટપટ ન ગમે તેથી ગમે તેટલી ખોટ જાય તે ખપે, એવું સ્પષ્ટ વલણ સિદ્ધાંતવાદી મોરારજીભાઈની શોભા ગણાય. પંડિત નહેરુના અવસાન પછી મોરારજીભાઈ દેશના વડાપ્રધાન બને તો એ કોઈ અનપેક્ષિત ઘટના ન હતી. તેઓ જ્યારે બૃહદ્ મુંબઈ રાજ્યના મુખ્યપ્રધાન હતા ત્યારે તે વેળાના અમેરિકન એલચી ચેસ્ટર બાઉલ્સનું પુસ્તક 'ન્યુ ડાઈમેન્શન્સ ઑફ પીસ' પ્રગટ થયેલું. એમાં મોરારજીભાઈ ભાવિ વડાપ્રધાન છે એવો અછડતો ઈશારો થયેલો. વિન્સન્ટ શીને પોતાના પુસ્તક 'નેહરુ : ધ ઈયર્સ ઑફ પાવર'માં મોરારજીભાઈને સુંદર શબ્દોમાં કુશળ શાસક તરીકે નવાજેલા. કોંગ્રેસમાં પણ નેહરુના ઉત્તરાધિકારી તરીકે મોરારજી જ આવશે એ વાતે કેટલાક ટોચના નેતાઓને ધ્રાસકો પડેલો. આવી શંકા વખત જતાં જે ગર્ભ રહ્યો તેનું સંતાન કામરાજ યોજના તરીકે જાણીતું થયેલું. યોજના કામરાજની હતી, પરંતુ એનું નિશાન મોરારજી દેસાઈ હતા. પોતાના મૃત્યુ પહેલાં નેહરુ જેવા નેતાને કોઈ માણસ વિરુદ્ધ આવા કાવાદાવા કરવા પડે એ જ બતાવે છે કે માણસ ખૂબ સમર્થ હોવો જોઈએ. આવું પ્રભાવક સામર્થ્ય આસપાસથી ઈર્ષ્યા ખેંચી લાવનારું લોહચુંબક બની જાય તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. મોરારજીભાઈ પાસે અનાવિલોમાં જાણીતી એવી ખટપટની ખંજવાળ હોત તો !

પંડિત નેહરુનું અવસાન થયું ત્યારે દિલ્હીમાં ખટપટલીલા શરૂ થઈ ગઈ. જગજીવનરામ મોરારજીભાઈને સામે ચાલીને મળવા ગયા અને પોતાનો ટેકો જાહેર કરવાની તૈયારી બતાવી. એ ટેકો બિનશરતી ન હતો. જાણકાર લોકો કહે છે કે પ્રધાનમંડળમાં અમુક ખાતું પોતાને મળે તે માટે જગજીવનરામનો આગ્રહ હતો. બદલામાં લોકસભાના સિત્તેર દલિત સાંસદોનો ટેકો મોરારજીભાઈને મળે તેમ હતો. લગભગ બિનહાનિકારક કહી શકાય એવી એ સોદાબાજી હતી. મોરારજીભાઈએ શરતી ટેકો લેવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો તેથી વડાપ્રધાનનું પદ દૂર રહી ગયેલું. બહારથી ઢીલા દેખાતા લાલબહાદુર શાસ્ત્રી પ્રમાણમાં મિડિયોકર હતા તોય અંદરથી મક્કમ હતા. પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે એમનું તેજ આબાદ પ્રગટ થયું. બહારથી ઠીંગણો દેખાતો માણસ અંદરથી મૂઠી ઉંચેરો સાબિત થયો. મોરારજીભાઈ નેહરુ પછી વડાપ્રધાન થયા હોત તો પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે એમની કડક શિસ્તભાવના અને નિરપવાદ મક્કમતા યુદ્ધની આબોહવામાં સોળે કળાએ શોભી ઊઠી હોત. વળી તેઓ ચર્ચિલ જેવી વ્યાપક લોકપ્રિયતા પણ પામ્યા હોત. એવી પ્રચંડ લોકપ્રિયતાએ એમને નેહરુ પછી કદાચ બીજાં દસેક વર્ષ સુધી સર્વોચ્ચ સ્થાને ટકાવી રાખ્યા હોત. ઈતિહાસ ઘણા કટાક્ષયુક્ત અકસ્માતો સર્જે છે. મોરારજીભાઈ નેહરુ પછી વડાપ્રધાન ન બની શક્યા એ ઈતિહાસનો એક મીઠો અકસ્માત હતો. દેશ નેહરુ-

**ખટપટ ન ગમે તેથી ગમે તેટલી ખોટ જાય તે ખપે, એવું સ્પષ્ટ વલણ સિદ્ધાંતવાદી મોરારજીભાઈની શોભા ગણાય. પંડિત નહેરુના અવસાન પછી મોરારજીભાઈ દેશના વડાપ્રધાન બને તો એ કોઈ અનપેક્ષિત ઘટના ન હતી**



ગાંધી વંશને પનારે પડે એ કદાચ કાલદેવતાને મંજૂર હતું. એક બાબત ઘણાને યાદ નહીં હોય. શાસ્ત્રી અને મોરારજીભાઈ વચ્ચેની ટક્કરમાં મોરારજીભાઈના કાયમી શત્રુ ગણાતા નેહરુમિત્ર કૃષ્ણ મેનન પણ મોરારજીભાઈને ટેકો આપવા તૈયાર હતા.

દુનિયાદારીના ચોકઠામાં સરસ રીતે ગોઠવાઈ જાય એવા માણસને વ્યવહારુ કહેવામાં આવે છે. અવ્યવહારુ માણસ ક્યારેક પોતાના વિચારો પ્રમાણે દુનિયાને ગોઠવવા મથે છે. 'વ્યવહારુ મોરારજી' તો વદતોવ્યાઘાત જ ગણાય. ૧૯૬૬ના અરસામાં તેઓ કામરાજ યોજના હેઠળ સત્તા પર ન હતા, પરંતુ એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ કમિશનના અધ્યક્ષ હતા. એમના મંત્રી હસમુખ શાહે વહેલી સવારે મારી બે મુલાકાતો ગોઠવી આપેલી. આખો ઓરડો એમની પ્રતિભાથી ભરાયેલો લાગે. શબ્દો ઓછા બોલાય, અને જે બોલાય તે રેંટિયાની ત્રાક જેવા અણિયાળા લાગ્યા કરે. ત્યાગરાજ માર્ગ પરના એ બંગલાના પાછલા ખૂણે ગાય બાંધેલી હતી. મોરારજીભાઈ એ ઉંમરે અત્યંત રૂપાળા દેખાતા અને એમના વ્યક્તિત્વમાં 'After-bath-freshness'અનુભવવા મળતી. આ શબ્દો મોરારજીભાઈ માટે વિન્સન્ટ શીને પોતાના પુસ્તક, 'Nehru, The years of Power' માં (આ પુસ્તકમાં પણ મોરારજીભાઈની ભારોભાર પ્રશંસા કરવામાં આવી છે. મોરારજીભાઈએ એ પુસ્તક વાંચ્યું જ નહોતું.) પ્રયોજેલા. અમારી વાત પૂરી થઈ કે તરત તેઓ ગાયની કોઢાર તરફ ચાલી ગયેલા. એ વખતે મોરારજીભાઈ સાથે પડાવેલો ફોટો હજી સાચવી રાખ્યો છે. એ જ વર્ષે હું ઈંગ્લેન્ડમાં લૉર્ડ બટ્રાંડ રસેલને મળીને પાછો આવેલો. મેં રસેલની મુલાકાત વેળાએ થયેલી કેટલીક વાતો મોરારજીભાઈને કહી. બધું સાંભળીને એમણે રસેલ માટે જે શબ્દ વાપરેલો, તે કટોકટીના જેલવાસ પછીના મોરારજી નહીં વાપરે. એ શબ્દ હતો : 'ચક્રમ'. બીજી વ્યક્તિના જુદા દષ્ટિબિંદુને તટસ્થાપૂર્વક અનેકાંતવૃત્તિથી તપાસી જવા માટે મોરારજીભાઈ લગભગ અસમર્થ હતા.

મોરારજીભાઈ પર ટીકાની ઝાઝી અસર થતી નહીં. એમને ન્યાય આપવા એટલું ઉમેરવું જોઈએ કે પ્રશંસા ઝીલવામાં પણ તેઓ એટલા જ ઉદાસીન જણાતા. ૧૯૬૮ની સાલમાં 'ન્યૂયોર્ક ટાઇમ્સ'માં મોરરાજીભાઈનો ઈન્ટરવ્યૂ ખૂબ જ આકર્ષક રીતે પ્રગટ થયેલો. એ લેખનું મથાળું હતું - 'મોરારજી એન્ડ હિસ કર્મ.' મોરારજીભાઈએ એ લેખ વાંચ્યો ન હતો. એ લેખમાં એમનો ફોટો સુંદર રીતે પ્રગટ થયેલો. મેં એમને એ લેખની વાત કરી ત્યારે એમણે લાક્ષણિક ઉદાસીનતા જ બતાવેલી. ૧૯૭૭માં ઈન્દિરાજી રાયબરેલીની ચૂંટણીમાં હારી ગયાં ત્યારે એ સમાચાર નિયમ મુજબ રાતે વહેલા સૂઈ જનારા મોરારજીભાઈને છેક સવારે જ મળેલા. ક્યારેક એવું લાગે કે એમની વર્તનશૈલીમાં ઉમળકાને ઝાઝું સ્થાન ન હતું. તેઓ કોઈના પ્રત્યે લાગણી ધરાવે તોય એ વ્યક્તિને ઝાઝી ખબર ન પડે. તેઓ લાગણીશૂન્ય ન હતા. આ વાત સમજવી હોય તો એમના કનૈયાલાલ દેસાઈ (કાનજીભાઈ) સાથેના સંબંધને યાદ કરવો પડે. કાનજીભાઈની વાત નીકળે ત્યારે છેક પાછલાં વર્ષોમાં પણ મોરારજીભાઈ ભીના બની જતા.

**૧૯૬૮ની સાલમાં 'ન્યૂયોર્ક ટાઇમ્સ'માં મોરરાજીભાઈનો ઈન્ટરવ્યૂ ખૂબ જ આકર્ષક રીતે પ્રગટ થયેલો. એ લેખનું મથાળું હતું - 'મોરારજી એન્ડ હિસ કર્મ.' મોરારજીભાઈએ એ લેખ વાંચ્યો ન હતો**

મોરારજીભાઈ સંબંધ તોડી જાણતા અને વળી જોડી પણ જાણતા. પૂજ્ય રવિશંકર મહારાજની પદયાત્રા વલસાડ વિસ્તારમાં ચાલી રહી હતી. એ દિવસોમાં ભૂદાન આંદોલન ચાલી રહ્યું હતું અને ચોર્યાસી, ઓલપાડ અને બારડોલી પંથકમાં પદયાત્રાની પૂર્વતૈયારી કરવાની જવાબદારી મારી હતી. આ તાલુકાઓની પદયાત્રા પછી અમે વલસાડ પાસેના કોસંબા ગામે પહોંચ્યા. મહારાજના મંત્રી મ.જો.પટેલ થોડાક દિવસ માટે ગામ ગયેલા તેથી મહારાજનો પત્રવ્યવહાર હું સંભાળતો હતો. વર્ષો પછી મોરારજીભાઈનો પત્ર રિ-ડાઈરેક્ટ થઈને આવ્યો. વાત એમ બનેલી કે ૧૯૫૦ના અરસામાં મહારાજ, ઉમાશંકર જોશી અને યશવંત શુક્લ ચીનની મુલાકાતે ગયેલા. મુંબઈ આવીને મહારાજ મુંબઈ રાજયના મુખ્યપ્રધાન મોરારજીભાઈના હેંગિંગ ગાર્ડનના નિવાસે મળવા ગયા. મહારાજથી એમની આગળ ચીનનાં વખાણ થઈ ગયાં. મોરારજીભાઈથી એ સહન ન થયું અને એમણે મહારાજને ઉગ્ર શબ્દોમાં ઉતારી પાડ્યા. એ શબ્દો હું અહીં ટાંકી શકું તેમ નથી. મહારાજ અપમાનિત થયા અને ચાલી નીકળ્યા.

મહાગુજરાતની ચળવળ શરૂ થઈ અને અમદાવાદમાં ગોળીબાર થયો અને યુવાનોની લાશ પડી. મોરારજીભાઈએ આમરણ ઉપવાસ કર્યા અને જેમ તેમ સભા થઈ પછી પારણાં કર્યાં. ઈન્દુલાલ યાજ્ઞિકે જનતા કરફ્યૂનું એલાન આપેલું.

એ દિવસોમાં મહારાજ અમદાવાદથી દૂર ન હતા પણ તેઓ મોરારજીભાઈની મદદે દોડી ન ગયા. તેઓ અમદાવાદને થાળે પાડવામાં ઘણું કરી શકે તેમ હતા, પરંતુ સ્વમાનભંગ થયેલો તેથી તેઓ અળગા જ રહ્યા. લાંબા અબોલા પછી મહારાજને મોરારજીભાઈનો પત્ર મળ્યો. પત્રમાં સૌજન્ય હતું તેથી મહારાજે પણ સુંદર પ્રતિભાવ આપેલો. ધીમે ધીમે બંને મહાનુભાવો વચ્ચેના સંબંધો સુધર્યા અને ચરમસીમા તો ત્યારે આવી જ્યારે મોરારજીભાઈની ઇચ્છાથી મહારાજે નવા રચાયેલા ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન કર્યું. છેક છેવટ સુધી બંને વચ્ચેના સંબંધો ખૂબ જ મધુર રહ્યા. પથારીવશ મહારાજની તબિયત જોવા જવાની એક પણ તક મોરારજીભાઈ છોડતા નહીં.

ભગવદ્‌ગીતાએ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણની ત્રિગુણાત્મક પ્રકૃતિની વાત વિસ્તારથી કરી છે. માણસના જીવનનો ગ્રાફ આ ત્રણ ગુણોની અવસ્થામાં ઊંચોનીચો થતો જ રહે છે. મોરારજીભાઈ સત્ત્વગુણી હતા, પરંતુ તેઓ માણસ હતા તેથી વારંવાર રજોગુણમાં સરી પડતા. ક્યારેક સાત્ત્વિકતાનો અહંકાર ભારે ઉધમાત મચાવતો. ખૂબ ઊંચા નોર્મ્સ રાખીને જીવનારા માણસની એક મુશ્કેલી સમજવા જેવી છે. આવો માણસ એક નાની ભૂલ કરે તોય ઝટ લોકોની આંખે ચડે છે. જે માણસ જનગણમનમાં ખૂબ ઊંચી અપેક્ષાઓ ઊભી કરે તેનું સાવ નાનું સ્ખલન પણ લોકો સહન ન કરે. મોરારજીભાઈએ સાધનશુદ્ધિ અંગે ગાંધીવાદી અપેક્ષાઓ જન્માવેલી. મધુ લિમયે કાંતિભાઈની પાછળ પડી ગયા. આપણો સમાજ મેલો ડગલો ચલાવી લે, પરંતુ સ્વચ્છ અને સફેદ ડગલામાં પડેલો એક નાનો ડાઘ ચલાવી ન લે. મોરારજીભાઈને મૂલવવામાં આ મુદ્દો સતત ધ્યાનમાં રાખવાનો છે.

**રાજકારણમાં હોવું અને નાનાંમોટાં સ્ખલનોથી બચવું, એ તો ભાંગમાં તુલસી હોય તેવો ઘાટ છે. રાજકારણથી દૂર રહીને કાંટેકોર રહેવાનું એટલું અઘરું નથી. મધુશાલામાં બેસવું અને શરાબથી બચવું, એ બહુ મોટું પરાક્રમ છે**

સત્તાસ્થાને બેસીને શાસનનો દોર સંભાળતા કર્તવ્યપરાયણ અને કાર્યદક્ષ મોરારજીભાઈ પ્રભાવશાળી હતા, પરંતુ સત્તા વગરના મોરારજીભાઈની અંદરની અમીરાત વધારે સ્પર્શી જાય તેવી હતી. ચિંતામુક્ત અને સ્વસ્થ મોરારજીભાઈને મળવાનું બનતું ત્યારે સાધુચરિત આભિજાત્ય માણવા મળતું. કૃષ્ણનું ગુણસંકીર્તન કરવાના ભાવથી લખાયેલ ગ્રંથ 'સંભવામિ ક્ષણે ક્ષણે' મેં મોરારજીભાઈને અર્પણ કર્યો છે.એમને હાથોહાથ ગ્રંથ આપવા ગયો ત્યારે તેઓ અર્પણનોંધ વાંચીને મૌન થઈ ગયા. વાત પતી ગઈ. કેટલાય સાધુઓને મળવાનું બન્યું છે. મને મોરારજીભાઈ સાધુથી ઊતરતા નથી જણાયા. સાધુને માથે શિંગડાં નથી ઊગતાં. સાધુ પણ આખરે માણસ હોય છે. મોરારજીભાઈ પણ માણસ હતા. રાજકારણમાં હોવું અને નાનાંમોટાં સ્ખલનોથી બચવું, એ તો ભાંગમાં તુલસી હોય તેવો ઘાટ છે. રાજકારણથી દૂર રહીને કાંટેકોર રહેવાનું એટલું અઘરું નથી. મધુશાલામાં બેસવું અને શરાબથી બચવું, એ બહુ મોટું પરાક્રમ છે. લાલચ નામની મેનકા વિશ્વામિત્ર આગળ નૃત્ય કરે ત્યારે વસંત પણ એમાં સાથ આપતી હોય છે. મોરારજીભાઈ વડાપ્રધાન હતા એ વાત ગૌણ છે. તેઓ કેવા માણસ હતા તે જ મહત્ત્વનું છે. જીવનની સંપ્રાપ્તિ પદ-પ્રતિષ્ઠાની કે સફળતાની ઓશિયાળી નથી હોતી. રાવણ સોનાની લંકામાં પણ ગરીબ હતો, પરંતુ વનવાસી રામ પંચવટીમાં પણ ઐશ્વર્યવાન હતા. સંપ્રાપ્તિનું ખરું સ્થાનક માણસનું હૃદય છે. કેટલાક રાજકારણીઓ ખાનગીમાં 'ગુનાહોં કે દેવતા' હોય છે. દેશબંધુ ચિત્તરંજન દાસે દેશસેવા માટે ભારે કમાણીવાળી વકીલાત છોડેલી. દાસબાબુએ કહેલું : 'મારી સમગ્ર લીગલ કેરિયરમાં, રાજકારણમાં હોય તેનાથી વધારે બદતર ગુનેગારોને હું મળ્યો નથી.' દાસબાબુનું આ વિધાન શ્રી અરવિંદે તા. ૨૯-૧-૧૯૩૦ના દિવસે વાતચીતમાં ટાંકેલું.

પોતાના સદ્‌ગુણોને ગોપનીય રાખવાનો અને પોતાની મર્યાદાઓને જાહેરમાં પ્રગટ થવા દેવાનો સંકલ્પ કર્યો હોય એ રીતે મોરારજીભાઈ જીવ્યા. પ્રેમ જાણે છુપાવવા જેવી



કોઈ ચીજ હોય એવું એમનું વર્તન હતું. છેક નજીક ગયા વગર કોઈને ખ્યાલ પણ ન આવે કે બહારથી કઠોર જણાતો આ માણસ અંદરથી કેવો મુલાયમ છે. ન્યૂયોર્ક રાજ્યના રોચેસ્ટર નગરમાં ડૉ. અશોક શાહ ગેસ્ટ્રોએન્ટ્રોલોજિસ્ટ છે. ૧૯૬૨માં અમદાવાદની બી.જે. મેડિકલ કૉલેજમાંથી એમ. બી.બી.એસ. થયા પછી એમને આર્થિક સહાયની જરૂર પડી. એમણે ભારતના નાણાપ્રધાન મોરારજી દેસાઈને પત્ર લખીને કોઈ સ્કોલરશિપ મળે તે અંગે વિનંતી કરી. વળતી ટપાલે નાણાપ્રધાનના સેક્રેટરીનો જવાબ આવ્યો : 'તમારા ધ્યેયને ટેકારૂપ થવા માટે નાણા મંત્રાલય પાસે સ્કૉલરશિપની કોઈ જોગવાઈ નથી. આમ છતાં તમારાં ક્વોલિફિકેશન જોતાં નાણામંત્રીશ્રીએ પોતાના અંગત ભંડોળમાંથી રૂપિયા બે હજારની લોન આપવાની તૈયારી બતાવી છે.' મોરારજીભાઈ તરફથી અશોકભાઈને સમયસર અંગત ચેક મળી ગયો.

૧૯૬૩ના જૂનની સોળમી તારીખે ડૉ. અશોકભાઈ મોરારજીભાઈને મળવા ગયા અને લોન પાછી વાળવાની તૈયારી બતાવી. મોરારજીભાઈએ કહ્યું : 'મેં કશું કર્યું નથી. મને જે યોગ્ય જણાયું તે કર્યું. તમે આ ઋણ જરૂરતમંદ લોકોને મદદ પહોંચાડીને ચૂકવી શકો અને શિક્ષણની જ્યોત જલતી રાખી શકો.' અમેરિકામાં ડૉક્ટર તરીકે સારી કમાણી કરનારા અશોકભાઈએ આજે પણ આ પરંપરા ચાલુ રાખી છે. મોરારજીભાઈની આ કુમળી બાજુ ઝટ પ્રકાશમાં નથી આવી. અનાવિલો સ્વભાવે આખાબોલા, તેથી કોઈને પંપાળતા હોય તોય નખોરિયાં ભરતા હોય તેવું લાગે. અનાવિલોની આ મર્યાદા આગળ અનાવિલ(મેલ વગરના) મોરારજી લાચાર હતા. આખાબોલો માણસ એટલે એવો માણસ, જે બોલતી વખતે આખો ને આખો રહી શકે. વ્યક્તિત્વના ટુકડા ન પડે તે રીતે જે લાગે તે સાચું કહી દેવું, એ જેવુંતેવું પરાક્રમ નથી. મનમાં હોય તેનાથી જુદું બોલવામાં માણસની અખિલાઈ (integrity) ખતમ થાય છે. અખિલાઈ એ જ ચારિત્ર્ય, વ્યક્તિત્વ ખંડિત થાય એ જ ચારિત્ર્યહીનતા. મોરારજીભાઈ આવા અર્થમાં ચારિત્ર્યવાન માણસ હતા.

મોરારજીભાઈ ગાંધી, નેહરુ અને સરદાર પટેલનાં લક્ષણોને ખરલમાં વાટ્યા પછી સર્જાયેલા એક વિલક્ષણ સંયોજન જેવા જણાતા. નિસર્ગોપચાર, સાધનશુદ્ધિ અને ઈશ્વરપરાયણતાના મુદ્દે તેઓ ગાંધીજીની નજીક જણાતા. એમની પર્સનાલિટી, રુઆબદાર વહીવટશૈલી અને સુરુચિપૂર્ણ જીવનરીતિ નેહરુની યાદ અપાવે તેવી હતી. નીડરતા, મક્કમતા અને કઠોર કર્તવ્યપરાયણતા જેવી બાબતોમાં તેઓ સરદાર જેવા દઢવૈરાગી જણાતાં આમ છતાં મોરારજી એટલે મોરારજી. મોરારજીભાઈ રામકૃષ્ણ મિશનના સાધુ થતાં થતાં રહી ગયેલા. સારું થયું કે તેઓ સાધુ ન થયા, જેથી સંસારી સાધુ કેવો હોય તેનો દાખલો સમાજને મળ્યો. ગીતાની પરિભાષામાં કહીએ તો તેઓ કદાચ ગયા જન્મના 'યોગભ્રષ્ટ' સાધક હશે. રાજર્ષિ કેવા હોય તેનો થોડોક ખ્યાલ એમને જોઈને આવી જતો.

સ્વરાજ મળ્યું ત્યાં સુધી સરદાર અને મોરારજીભાઈના સંબંધો જોઈએ તેટલા સારા ન હતા. આ અંગે અમારી વચ્ચે વિગતે વાત થયેલી. બધી વાત કહેવાની મને છૂટ નથી. ખેરસાહેબના પ્રધાનમંડળમાં મોરારજીભાઈના સમાવેશ માટે સરદાર ઝાઝા તૈયાર ન હતા. મંગળદાસ પકવાસાએ મુંબઈ સેન્ટ્રલના સ્ટેશન પર ટ્રેનમાંથી ઊતરતા મોરારજીભાઈને ખાનગીમાં ચેતવેલા કે સરદાર પૂછે કે પ્રધાનમંડળમાં રહેવું છે, તો 'ના' ભરડી મારશો નહીં. મોરારજીભાઈ પ્રધાન બન્યા ત્યારે એમને સરદારને કહેલું : 'મારી પહેલી વફાદારી મુખ્યપ્રધાન ખેરને રહેશે અને બીજી આપના પ્રત્યે રહેશે.' એ દિવસોમાં સરદારને આટલી સ્પષ્ટ વાત કરવાનું સહેલું ન હતું. સરદારે ખેરને 'મહાસાગરનું મોતી' કહીને નવાજેલા. સ્વરાજ મળ્યું પછી સરદાર અને મોરારજીભાઈના સંબંધો સુધરેલા. ડુમસમાં બંધ બારણે અમારી વચ્ચે કેવળ સરદાર અંગે ખૂબ જ લાંબી વાતો થયેલી(તા. ૨૭-૭-૧૯૮૨). બરાબર યાદ છે કે સરદાર પ્રત્યે ભારોભાર આદર ધરાવતા મોરારજીભાઈએ એ દિવસે પોતાની વાતમાં ક્યાંય સરદારને જરા પણ અન્યાય ન થાય તેની વધારે પડતી કાળજી લઈને થોડીક વાતો કરેલી. એ ઓરડામાં સરદાર સદેહે બેઠા હોત તોય વાંધો ન આવે એટલી તટસ્થતા સાથે વાતો થયેલી.

**મોરારજીભાઈ પ્રધાન બન્યા ત્યારે એમને સરદારને કહેલુંઃ 'મારી પહેલી વફાદારી મુખ્યપ્રધાન ખેરને રહેશે અને બીજી આપના પ્રત્યે રહેશે.' એ દિવસોમાં સરદારને આટલી સ્પષ્ટ વાત કરવાનું સહેલું ન હતું.**

મર્યાદાઓ તો બધા માણસોમાં હોય છે, પરંતુ જ્યારે માણસની અપૂર્ણતાઓને સત્યાચરણ, કર્મનિષ્ઠા અને સાધનશુદ્ધિનો ગાંધીરંગ લાગી જાય ત્યારે મર્યાદાઓ પણ રળિયામણી બની રહે છે. મોરારજી દેસાઈ આવી અનેક

રળિયામણી મર્યાદાઓના માલિક હતા. મોરારજીભાઈ અને પુત્ર કાંતિ દેસાઈની વેવલેન્થ વચ્ચે મેળ ન હતો. Kanti never obliged his great father by keeping graceful distance. પરિવારજીવન ભર્યુંભાદર્યું ન હતું. લીલુંછમ પરિવારજીવન માણસને ભીનાશની દીક્ષા આપે છે. આવી ભીનાશની અવેજીમાં એમણે શુષ્ક એકલતા કેળવી લીધી હશે? કદાચ એમનો જ વાંક હોય એમ પણ બને. તેઓ ઘણું બધું પામ્યા, પણ પ્રેમદીક્ષા ન પામ્યા. એમના જીવનની આ વિકરાળ અપર્યાપ્તતા વારંવાર એમના ઉગ્ર સ્વભાવ થકી પ્રગટ થતી રહી.

શાસક મોરારજીનાં કેટલાંક લક્ષણો રસ પડે તેવાં છે. થોડાક પ્રસંગો યાદ આવે છે. હું માંડ વીસેક વર્ષનો હોઈશ. સ્વરાજ મળ્યું તે પહેલાંનાં અને પછીનાં થોડાં વર્ષો દરમિયાન રાંદેરનું અમારું ઘર કોંગ્રેસી આગેવાનોનું બિનસત્તાવાર ગેસ્ટ હાઉસ બની રહેલું. દક્ષિણ ગુજરાતના લોકપ્રિય અને લાડકા કોંગ્રેસી ગાંધીજન કલ્યાણજી મહેતાએ અન્ય આગેવાનોની હાજરીમાં મોરારજીભાઈ અંગે એક વાત ફરિયાદના સૂરમાં કહેલી. એમણે કહેલુમઃ 'કોઈ વાજબી કામ માટે પણ આપણા જેવા કાર્યકર્તાઓ મોરારજીભાઈને ભલામણચિઠ્ઠી લખી ન શકીએ.' આ ફરિયાદમાં ભારોભાર વ્યથા હતી. મોરારજીભાઈ એક બાબતે ઘણા સ્પષ્ટ હતા. ભલામણચિઠ્ઠી લખવી પડે એનો અર્થ એ જ કે એવી ચિઠ્ઠી વગર રાજમાં કામ થતું નથી. જે કોઈ વ્યક્તિ સીધી ફરિયાદ કરે અને કામ ન થાય તે કેમ ચાલે! ન્યાય ખાતર કહેવું જોઈએ કે સાવ સામાન્ય માણસોએ લખેલા પત્રોના જવાબ શાસક મોરારજીભાઈએ વળતી ટપાલે આપ્યા છે. વળી જરૂરી પગલાં લેવાયાં હોય અને તરત જ લેવાયાં હોય એવા દાખલાઓની પણ ખોટ નથી. કોઈ કૉંગ્રેસીની હિંમત ન હતી કે મોરારજીભાઈ પાસે જઈને ગેરવાજબી કામ કરાવી શકે. કેટલીક વાર તો સંનિષ્ઠ કાર્યકર્તાઓની પૂરી વાત સાંભળ્યા વગર જ મોરારજીભાઈ એમને ખંખેરી મૂકતા. સામો માણસ જો એમને ન ગાંઠે અને ટક્કર લે તો તેઓ આખરે કૂણા પડતા. સાચું કામ તરત જ થઈ જતું. ક્યારેક તો એવું બનતું કે મોરારજીભાઈને મળીને નિરાશ થયેલા કાર્યકર્તાઓ પોતાને ગામે પહોંચે ત્યાં સુધીમાં જ યોગ્ય પગલાં લેવાઈ જતાં. સામી વ્યક્તિને સાંભળવાની બાબતે મોરારજીભાઈની અસહિષ્ણુતા લગભગ રોગની કક્ષાએ પહોંચી ગયેલી. એક ઘા અને બે કટકા કરનારો અનાવિલ લાભ ન જુએ, પરંતુ વટ જાળવે. મોરારજીભાઈએ ઘણા લાભો જતા કર્યા અને ઘણો વટ પાડ્યો. તેઓ નુકસાન વેઠવાની ઉતાવળમાં રહેતા.

**મોરારજીભાઈ એક બાબતે ઘણા સ્પષ્ટ હતા. ભલામણચિઠ્ઠી લખવી પડે એનો અર્થ એ જ કે એવી ચિઠ્ઠી વગર રાજમાં કામ થતું નથી. જે કોઈ વ્યક્તિ સીધી ફરિયાદ કરે અને કામ ન થાય તે કેમ ચાલે!**

સફળ શાસક તરીકે ઘણાં વર્ષોના અનુભવ પછી નિવૃત્તિના ગાળામાં બનેલો એક પ્રસંગ છે, જેમાં મોરારજી દેસાઈનો ઊર્ધ્વમૂલ વિવેક પ્રગટ થાય છે. એ દિવસોમાં ઈન્દિરાજી દિલ્હીમાં કટોકટી પછી જનતા સરકાર ગઈ તે પછીની ચૂંટણીમાં પૂરા જનસમર્થન સાથે ફરીથી ગાદીએ બેઠેલાં. કોઈ અકળ કારણસર નિવૃત્ત મોરારજીભાઈએ ઓચિંતો જ ધડાકો કર્યો. પાકિસ્તાન સાથે સંબંધો તંગ બન્યા તે જ ટાણે એ ધડાકો થયો. એમણે જાહેર કર્યું કે રશિયાના પ્રમુખ બ્રેઝનેવે એમને પાકિસ્તાન સાથેની સરહદે એક યુદ્ધમય છમકલું કરવાની સલાહ આપેલી. મોરારજીભાઈના ધડાકાને કારણે પાકિસ્તાન સાથેના બિનજરૂરી છમકલાની વાતમાંથી હવા નીકળી ગઈ. ઈન્દિરાજી રશિયા તરફ ઢળેલાં હતાં તેથી બ્રેઝનેવે ફરીથી એમને પણ એ જ સલાહ આપી હોય એમ બની શકે. થોડાક દિવસો બાદ આ અંગે મોરારજીભાઈને મેં પૂછ્યું : 'તમે આવી ગુપ્ત વાત જાહેરમાં કહી દીધી એમાં ઔચિત્ય ખરું ?' એમનો જવાબ ગળે ઊતરે તેવો હતો : 'હું આ વાતે મૌન ન તોડું, પરંતુ બે દેશો વચ્ચે વિનાકારણ યુદ્ધ જામી પડે એવી દહેશત પડી અને થયું કે બહેનજીનો કોઈ ભરોસો નહીં. તેઓ યુદ્ધની ભાષામાં વાત કરવા લાગ્યાં તેથી થયું કે બ્રેઝનેવનું દબાણ જો કામ કરી જાય તો ટાળવાલાયક આપત્તિ સર્જાય. તેથી નછૂટકે મારે ખાનગી વાત જાહેરમાં કરવી પડી.' (શબ્દો યાદદાસ્ત પરથી)

શાસક મોરારજીના સૂક્ષ્મ વિવેક પ્રત્યે આદર થાય એવો બીજો પ્રસંગ યાદ આવે છે. પાકિસ્તાન સરકાર તરફથી મુંબઈમાં નિવૃત્તિ ગાળતા અને રેંટિયો કાંતતા મોરારજીભાઈને પાકિસ્તાનની મુલાકાત માટે આમંત્રણ મળ્યું. મોરારજીભાઈએ એનો સવિનય અસ્વીકાર કર્યો. પાછળથી વાતવાતમાં મેં પૂછ્યું : 'તમે પાકિસ્તાન ગયા હોત તો એમાં ખોટું શું હતું?' એમનો જવાબ બરાબર યાદ છે : 'બે કારણોસર મેં આમંત્રણ ન સ્વીકાર્યું. એક તો એ

કે પરદેશની ધરતી પર હું મારા દેશનાં વડાપ્રધાનની ટીકા ન કરી શકું. પત્રકારો મોંમાં આંગળાં નાખીને મારી પાસે બોલાવડાવે જ. બીજું એ કે ત્યાં જો હું ઈન્દિરાનો અમથો બચાવ કરું તો મારે જૂઠું બોલવું પડે.' (શબ્દો યાદદાસ્ત પરથી) કયો નિવૃત્ત શાસક આવી તક જતી કરે ? જનરલ ઝિયા મોરારજીભાઈના સ્વાગતમાં કોઈ જ કચાશ ન રાખત. વળી પબ્લિસિટી પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ મળત. ટોચ પર બેઠેલો માણસ પ્રમાણમાં શુદ્ધ હોય તો તેની અસર શાસનને તળિયે બેઠેલા તલાટી સુધી પડે છે. તેથી ગીતામાં કહ્યું : 'યદ્ યદ્ આચરતિ શ્રેષ્ઠ : તદ્ તદ્ એવ ઈતરો જનઃ (શ્રેષ્ઠ લોકો કરે જે જે, તે જ અન્ય જનો કરે.) મોરારજીભાઈ આ શ્લોકનો મર્મ પામેલા શાસક હતા. એમની કેટલીક લાક્ષણિક મર્યાદાઓની ચર્ચા કરતી વખતે એક જ વાત યાદ રાખવાની છે. ખૂબ જ ઊંચું ધોરણ સ્વીકારીને જીવનારની નાની ભૂલ પણ લોકો મોટી ગણતા હોય છે. લોકોની આ ખૂબીનો લાભ મોરારજીભાઈને ઘણો મળ્યો. રામનારાયણ વિશ્વનાથ પાઠક કહેતા : 'આપણે ક્યાં તો વ્યક્તિપૂજક કે પછી વ્યક્તિધિક્કારક લોકો છીએ. જેનું સારું તેનું બધું જ સારું અને જેનું ખરાબ, તેનું બધું જ ખરાબ.' મોરારજીભાઈ અંગે લખતી વખતે પાઠકસાહેબની આ ટકોર મેં સતત યાદ રાખી છે. ગુજરાતના તટસ્થ અને નિર્ભીક પત્રકાર સદ્ગત વાસુદેવ મહેતાએ એક વાર લખેલું કે મોરારજીભાઈ જો રાજકારણમાં ન પડ્યા હોત તો સારા લેખક થયા હોત. મોરારજીભાઈની આંધળી ટીકા પણ બહુ થઈ છે અને આંધળી પ્રશંસા પણ બહુ થઈ છે. આ બંને પ્રકારના અંધાપાથી

**ટોચ પર બેઠેલો માણસ પ્રમાણમાં શુદ્ધ હોય તો તેની અસર શાસનને તળિયે બેઠેલા તલાટી સુધી પડે છે. તેથી ગીતામાં કહ્યું : 'યદ્ યદ્ આચરતિ શ્રેષ્ઠ : તદ્ તદ્ એવ ઈતરો જનઃ।**



બચીને માણસ એવા મોરારજીને સમજવાના છે.'

શાસક મોરારજીને સમજવા હોય તો વડાપ્રધાન મોરારજી કરતાં મુંબઈ રાજ્યના મુખ્યપ્રધાન મોરારજી વધારે તેજસ્વી જણાય. ગરીબાઈમાં ઊછરેલા અને મુંબઈની જી.ટી. બોર્ડિંગમાં રહીને ગરીબાઈની પીડા વચ્ચે ભણેલા મોરારજીભાઈએ બૃહદ્ મુંબઈ રાજ્યમાં ગણોતધારાનો કાયદો અમલમાં મૂકીને ગામેગામ ક્રાંતિ કરેલી. એમના વહીવટ દરમ્યાન ગરીબ અને શોષિત ભૂમિવિહીન ખેડૂતોના દેવાનો નિકાલ થયો. 'ખેડે તેની જમીન' જેવું ક્રાંતિકારી સૂત્ર સમાજવાદનો ઢોલ વગાડ્યા વગર અમલી બન્યું. પરિણામે ગામેગામ વાણિયા, બ્રાહ્મણ, પારસી જમીનમાલિકોએ મોરારજીભાઈને મણમણની ગાળો દીધેલી. વલસાડ જિલ્લાના દેસાઈઓ પણ ભારે નારાજ થયેલા. એ સૌએ મળીને મોરારજીભાઈને ૧૯૫૨ની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં હરાવેલા. પારસીઓ દારૂનાં પીઠાંના માલિકો હતા. દારૂબંધી થઈ એટલે એમની આવક ગઈ. તે વખતની દારૂબંધી આજના ગુજરાતમાં છે તેવી બાયલી ન હતી. સાંજ પડે ત્યાં ફળિયે ફળિયે ગાળાગાળી અને મારામારીના બનાવો બનતા તેમાં કડક દારૂબંધી પછી ઘણો ફેર પડી ગયેલો. લાખો ગરીબોને ઘરે કુસ્તી કરતાં હાંડલાંની જગ્યાએ પિત્તળનાં ચકચકતાં વાસણો આવેલાં અને છાપરે વિલાયતી નળિયાં ગોઠવાયેલાં. 'ગરીબી હટાઓ' કાર્યક્રમની એ સાચી શરૂઆત હતી, એવું કહીએ તો કોણ માને? ગરીબોના બેલી ગણાતા દંભી ડાબેરીઓ પણ દારૂબંધીની વિરુદ્ધ હતા અને એ વાતને મોરારજીના તુક્કા તરીકે ઓળખાવતા.

અંગ્રેજોના રાજમાં યુવાન મોરારજી ડેપ્યુટી કલેક્ટર હતા. એ જમાનામાં મામલતદારનો પણ ભારે વટ પડતો. મોરારજીભાઈ તો ડેપ્યુટી કલેક્ટર હતા એટલે વટની તો વાત જ શી પૂછવી! પંચમહાલ જિલ્લામાં તેઓ ડેપ્યુટી કલેક્ટર તરીકે ઘોડા પર બેસીને ગામડે જતા. એમના ઘોડા માટે એક જણ લીલું ઘાસ લઈને આવ્યો. મોરારજીભાઈએ પૈસાનું પૂછ્યું ત્યારે પેલો તો આશ્ચર્યમાં ડૂબી ગયો. એ માણસ કોઈ પણ ઉચ્ચ અમલદાર ગામમાં મુકામ કરે ત્યારે એના ઘોડા માટે મફત ઘાસ આપવા બંધાયેલો હતો. મોરારજીભાઈએ કહી દીધું કે પૈસા લેવાના ન હોય તો ઘાસ નથી લેવું. શાસકનો ભ્રષ્ટાચાર ઝવી ઝવીને છેક નીચેના અમલદારો સુધી પહોંચતો

હોય છે. ઢીલો કે મીઠાબોલો શાસક લોકોને ખુશ રાખી શકે, ધાડ ન મારી શકે. શિસ્તનો અગ્રહ રાખનાર સમર્થ શાસક સૌપ્રથમ પોતાના પર કડક શિસ્ત લાદે છે. મોરારજી દેસાઈ પ્રજાના કલ્યાણને વરેલા દક્ષ શાસક હતા. વડાપ્રધાન બન્યા તોય એમની અંદર બેઠેલો ડેપ્યુટી કલેક્ટર જીવતો હતો. યોગ્ય નિર્ણય, ઝડપી નિર્ણય અને નિર્ણય લીધા પછી એનો અમલ કરવામાં કોઈની શેહશરમ નહીં તથા વિલંબ નહીં. વાલ્મીકિ રામાયણમાં રાજા દશરથના આઠ પ્રધાનોનાં નામો આપીને પછી સુમંત્ર જેવા રાજમંત્રીનાં લક્ષણોનું વર્ણન કરવામાં આવ્યું છે. રાજા દશરથના તેઓ વિશ્વાસુ રાજમંત્રી હતા. વાલ્મીકિએ સુમંત્ર માટે 'ત્વરિતવિક્રમઃ' વિશેષણ પ્રયોજ્યું છે. જેનું પરાક્રમ શીઘ્ર પ્રગટ થાય તેવા સુમંત્ર દશરથના સિનિયરમોસ્ટ પ્રધાન હતા.

શાસક મોરારજી પણ 'ત્વરિતવિક્રમઃ' હતા. મુંબઈ રાજ્યમાં બધી જ ખાનગી બસ કંપનીઓનું રાષ્ટ્રીયકરણ એમણે કરેલું. આવાં ક્રાંતિકારી પગલાંની સીધી અસર અમારા પરિવાર પર પડેલી. અમારી પાસે સુરત-રાંદેર બસકંપની તથા સુરત શહેરની બસકંપનીના શેર હતા. તગડું ડિવિડન્ડ મળતું અને બસમાં ટિકિટ લીધા વગર મુસાફરી કરવાનો અમારા સમગ્ર પરિવારને અધિકાર હતો. બધી જાહોજલાલી મોરારજીભાઈના એક જ પગલાને કારણે રાતોરાત ખતમ થયેલી. આ પગલાથી લોકોનું કેટલું ભલું થયેલું તે સગી આંખે જોવા મળેલું. આજે જે સ્ટેટ ટ્રાન્સપોર્ટ(એસ.ટી.) બસ ગુજરાતને ખૂણેખાંચરે પહોંચી છે તેનું ખરું શ્રેય મોરારજીભાઈને ફાળે જાય છે. બધી ખાનગી બસકંપનીઓ પોતપોતાના રૂટ પર નિરાંતે ચરી ખાતી. કોઈ નિયમ નહીં, કોઈ પૂછનાર નહીં. વળી બધી કંપનીની બસો વચ્ચે કોઈ સંકલન પણ ન હતું તેથી સમય બગડતો. એક જ ઝાટકે બધી કંપનીઓનું વિલીનીકરણ થઈ ગયેલું. આવું પ્રગતિશીલ પગલું લેવામાં મુંબઈ રાજ્ય પહેલું હતું અને એ પગલા માટે મહદ્અંશે મોરારજીભાઈ જવાબદાર હતા. બધી એસ.ટી. બસોમાં સૂચના લખેલી હતી : 'ધૂમ્રપાન કરવાની સખત મનાઈ છે.' એ સૂચના તો આજે પણ વાંચવા મળે છે, પરંતુ એનો અમલ નથી થતો, તે વખતે થતો હતો. એજ રીતે સાઈકલ રિક્ષાઓ દૂર કરવા માટે પણ તેઓ જ જવાબદાર હતા. હજી આજે પણ અન્ય રાજ્યોમાં સાઈકલ રિક્ષાઓ ચાલે છે, માણસ માણસને ખેંચે છે. એમ કહેવાનું મન થાય છે કે યુવાન મોરારજી થોડાક નમ્ર હોત અને વયોવૃદ્ધ મોરારજી થોડાક કડક હોત તો દેશને ઘણો લાભ થાત.

**આજે જે સ્ટેટ ટ્રાન્સપોર્ટ (એસ.ટી.) બસ ગુજરાતને ખૂણેખાંચરે પહોંચી છે તેનું ખરું શ્રેય મોરારજીભાઈને ફાળે જાય છે. બધી ખાનગી બસકંપનીઓ પોતપોતાના રૂટ પર નિરાંતે ચરી ખાતી**

મોરારજીભાઈ રાજીવ ગાંધી વિષે શું વિચારતા તે જાણવા જેવું છે. રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા ત્યારે લોકપ્રિયતાની ટોચ પર હતા. રાજીવની વાત નીકળે ત્યારે તેઓ એક જ વાક્ય બોલતા :

મોરારજીભાઈના શત્રુઓની વાત કરીએ, મોરારજીભાઈ દાના દુશ્મન હતા તેથી શત્રુઓ પણ એમને ઊંચી કક્ષાના મળેલા. તેઓ વલસાડમાં ચૂંટણીમાં હારી ગયા ત્યારે 'વંદેમાતરમ્' ના કાર્ટૂનમાં મોરારજીની લાકડીને માથે ટોપી હતી અને શબ્દો લખાયેલા : 'શું માનવ અભિમાન પળ વારમાં પીગળી જશે!' થોડાક જ દિવસ બાદ શામળદાસ ગાંધી ચૂંટણીમાં હાર્યા ત્યારે પ્રતિસ્પર્ધી દૈનિક 'જન્મભૂમિ'માં કાર્ટૂન છપાયું તેમાં શામળદાસ ગાંધી ચૂંટણીમાં હારી ગયા તેના ચિત્રની નીચે શબ્દો લખાયેલા : 'શું માનવ અભિમાન પળ વારમાં પીગળી જશે !'

એ જમાનામાં મુંબઈથી બે અંગ્રેજી સાપ્તાહિકો પ્રગટ થતાં. 'કરન્ટ'ના તંત્રી કરાકા હતા અને 'બ્લિટ્ઝ'ના તંત્રી કરંજિયા હતા. બંને પારસી હતા. બંને પ્રતિસ્પર્ધી હતા તોય એક બાબતમાં સમાન હતા, બંને મોરારજીભાઈના સખત ટીકાકારો હતા. કરાકા તો કટાક્ષમાં મોરારજીને 'મોરલજી' કહેતા. કરાકા ધરાઈને મોરારજીભાઈની અને એમની દારૂબંધીની ઉગ્ર ટીકા કરતા પરંતુ પાછળથી મોરારજીભાઈના પ્રશંસક બનેલા અને 'Morarji' નામનું પુસ્તક પણ એમણે લખેલું. વાંચવા જેવું પણ અપ્રાપ્ય પુસ્તક છે.

'બ્લિટ્ઝ'ના તંત્રી કરંજિયા તો આદુ ખાઈને મોરારજીભાઈની પાછળ પડી ગયેલા. કરંજિયા રશિયાતરફી અને કૃષ્ણ મેનનના ટેકેદાર હતા. મોરારજીભાઈને હલકા પાડવાની એક પણ તક કરંજિયા જતી ન કરે. અમેરિકાના પત્રકાર સીમુર હર્ષના પુસ્તકમાં મોરારજીભાઈને અમેરિકાની સી.આઈ.એ.ના એજન્ટ તરીકે ગણાવાયેલા. આ આક્ષેપ ઘણો જ ગંભીર હતો અને છેક પાછલી ઉંમરે આવી પડેલો. એ અરસામાં મોરારજીભાઈની વર્ષગાંઠને નિમિત્તે કરંજિયાએ ખાસ નોંધ મૂકીને સીમુર હર્ષ મોરારજીભાઈની અને રાષ્ટ્રની

માફી માગે એવી માગણી કરેલી. મોરારજી કોણ તે સમજાય, પરંતુ મોરારજી શું, તે સમજવામાં થોડી વાર લાગતી. એ માટે મોરારજીભાઈ પોતે અને ખાસ તો એમનો અપજશપ્રેમ જવાબદાર ગણાય.

કૉંગ્રેસના ભાગલા ૧૯૬૯માં પડ્યા પછી સુરતમાંથી સૌ પ્રથમ મોરારજીભાઈની સંસ્થા કૉંગ્રેસ છોડીને ઈન્દિરાની કૉંગ્રેસમાં જનારા પ્રથમ આગેવાન શ્રી પચ્ચીગર ટ્રેનમાં સાથે થઈ ગયા. મેં એ ઈન્દિરાભક્ત સાથે ટીખળ કર્યું અને કહ્યું : 'લોકો ગમે તે કહે, પણ ઈંદિરાજીની પ્રામાણિકતા શંકાથી પર છે.' એ આગેવાનો ગંભીર બનીને મારા કાનમાં ધીમેથી કહ્યું : 'એવું કંઈ નહીં, અમારાં મેડમ ગમે તેવો ગોટાળો કરી શકે.' મેં ટીખળ આગળ ચલાવ્યું અને કહ્યું : 'મોરારજી ગમે તેવી મોટી મોટી વાતો કરે પણ તેઓ ચોખ્ખા નથી જણાતા.' તરત જ એ મોરારજી વિરોધી આગેવાને કહ્યું : 'મોરારજી કડવા લીમડા જેવા ખરા, પરંતુ એમની પ્રામાણિકતા શંકાથી પર જાણવી.' આ આખી વાત જ્યારે મેં મુંબઈમાં મોરારજીભાઈને કરી ત્યારે તેઓ થોડાક હરખ સાથે હસેલા. આવું હસવાનું એમને માટે બહુ સરળ ન હતું.

**મોરારજી કોણ તે સમજાય, પરંતુ મોરારજી શું, તે સમજવામાં થોડી વાર લાગતી. એ માટે મોરારજીભાઈ પોતે અને ખાસ તો એમનો અપજશપ્રેમ જવાબદાર ગણાય**

મોરારજીભાઈનું વડાપ્રધાનપદું ગયું તેનો સૌથી વધુ અપજશ એમના વિરોધી મધુ લિમયેને ફાળે જાય છે. મધુ લિમયેએ કાંતિભાઈનો પ્રશ્ન ચગાવ્યો. પિતા મોરારજીનો રથ ધરતીથી વેંત અધ્ધર ચાલતો હતો તે ધરતીને અડવા લાગ્યો. એ બાબતે મોરારજીભાઈ સરદાર પટેલનું ખમીર ન બતાવી શક્યા. સરદારે પુત્ર ડાહ્યાભાઈ સાથે વધુ પડતી કડકાઈ બતાવેલી. ડાહ્યાભાઈની ભૂલો અક્ષમ્ય ન હતી, પરંતુ સરદાર એમને છેવટ સુધી માફ ન કરી શક્યા. વડાપ્રધાન મોરારજીભાઈએ લોકસભામાં લૂલો બચાવ કરતાં કહેલું : 'વડાપ્રધાનના પુત્ર હોવું એ ગુનો નથી.' તરત જ એક સભ્યે વળતો પ્રહાર કરતાં કહેલું : 'સર ! એ ગુનો નથી, વિશેષાધિકાર (પ્રિવિલેજ) છે.' નુકસાન થવાનું હતું તે થઈ ગયું. કટાક્ષમાં ભારોભાર દમ હતો. મોરારજીભાઈના જીવનની આ કરુણાંતિકા હતી. કાંતિભાઈ પિતાની આ લાચારીને સમજીને છેટા રહે તેટલા શાણા ન બની શક્યા. મોરારજીભાઈ હિન્દુ સભ્યતાના ઉત્તમોત્તમ પ્રતિનિધિ જેવા હતા, કાંતિભાઈ ધનપતિ હિન્દુજાના આશક હતા. પિતા મોરારજી અનેક રીતે નાપાસ થતા રહ્યા.

વર્ષો પછી એક બનાવ બન્યો. મધુ લિમયેને ત્યાં દીકરાનો લગ્નપ્રસંગ આવ્યો. લિમયેના એક મિત્રે વાતવાતમાં મજાક કરી. 'મધુ ! તારે ત્યાં લગ્નપ્રસંગે મોરારજી દેસાઈ હાજર રહે તો રંગ રહી જાય.' મધુ લિમયેએ ચેલેન્જ ઉપાડી લીધી અને તરત જ ફોન જોડ્યો. અકડુ, અતડા, મતીલા, ખંતીલા અને તંતીલા ગણાતા મોરારજીભાઈએ તરત જ હા પાડી. લિમયેના આશ્ચર્યનો પાર ન રહ્યો. લગ્નપ્રસંગે મોરારજીભાઈ સમયસર હાજર રહેલા. પાછળથી લિમયેએ મોરારજીભાઈની વર્ષગાંઠ પ્રસંગે એક ખાસ લેખ લખીને એમની લાક્ષણિકતાઓની ઉદારભાવે કદર કરેલી. ગુજરાતીમાં ઉક્તિ છે : 'વેરી જેના ઘાવ વખાણે.'લિમયેની પ્રશંસા મિત્રોની પ્રશંસા કરતાં વધારે વિશ્વસનીય ગણાય.

૧૯૫૨ની ચૂંટણી વખતે સમાજવાદી આગેવાન અશોક મહેતાએ મોરારજીભાઈ પર ખુલ્લો આક્ષેપ મૂક્યો કે કૉંગ્રેસના ચૂંટણીફંડ માટે મુંબઈની મિલો પાસેથી સંગદીઠ ફાળો ઉઘરાવાયો છે. જનતા સરકાર ૧૯૭૭માં બની ત્યારે વડાપ્રધાન બનેલા મોરારજીભાઈના સૌથી વિશ્વાસુ સાથી અશોક મહેતા હતા. એ જ ગાળામાં અશોકભાઈએ અભ્યાસપૂર્ણ પુસ્તક લખેલું : 'પર્સનાલિટી ઑફ એશિયા.' આ પુસ્તકની પ્રસ્તાવના મોરારજીભાઈએ લખી છે. બે સાચા વિરોધીઓ કાળક્રમે નજીક આવે ત્યારે સમજણની વેલ પર મૈત્રીનું પુષ્પ ખીલતું હોય છે. ૧૯૭૯ની લોકસભાની ચૂંટણીમાં મોરારજીભાઈના મતવિભાગમાંથી અશોક મહેતા ચૂંટણી લડેલા અને હારેલા. અશોક મહેતા એક જમાનામાં ઈન્દિરા ગાંધીની 'કિચન કેબિનેટ' માં પ્રધાન હતા. તેઓ પ્રામાણિક અને અભ્યાસી વિદ્વાન હતા. હંગેરીમાં ઈમર નાશ જેવા નેતાને ફાંસીની સજા થઈ ત્યારે એમણે પ્રધાન તરીકે રાજીનામું ધરી દીધેલું. ઊંચી કક્ષાના દુશ્મન મળે તે માટે માણસે પોતાની કક્ષા ખૂબ જ ઊંચી રાખવી પડે. ક્યારેક માણસનું મૂલ્યાંકન એના દુશ્મનોની કક્ષા પરથી થવું જોઈએ. મોરારજીભાઈ એવા મૂલ્યાંકનમાં સારા ગુણ મેળવીને ઉત્તીર્ણ થયા ગણાય.

પ્રસંગો ખૂટે એમ નથી. મોરારજીભાઈ રાજકારણી (પોલિટિશિયન) ન હતા પણ રાષ્ટ્રપુરુષ (સ્ટેટ્સમેન) હતા એમ કહેવા માટે પૂરતાં કારણો છે. આનંદશંકર ધ્રુવે 'સ્ટેટ્સમેન' માટે 'દેશહિતચિંતક' શબ્દ પ્રયોજેલો. મોરારજીભાઈ રાષ્ટ્રહિતની વાતે કોઈ સમાધાન ન કરે.

દુશ્મનોએ પણ એમની પ્રામાણિકતા અંગે શંકા ઉઠાવી નથી. ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ દ ગોલે અલ્જેરિયાના પ્રશ્ને કહેલું : 'રાજકારણમાં કાં તો દેશને કે પછી મતવિભાગને બેવફા થવું જ પડે છે. હું મતવિભાગને બેવફા થવાનું પસંદ કરું છું.' રાષ્ટ્રપુરુષ મોરારજીભાઈને આ વિધાન આબાદ લાગુ પડે તેવું છે. તેઓ ગાયભક્ત, ગીતાભક્ત અને ગાંધીભક્ત હતા. આ ત્રણે બાબતોને કારણે રાજકારણના અડાબીડ જંગલમાં ખાસા જુદા પડી આવતા. સસ્તાં સમાધાનો અને સત્તા પર ચીટકી રહેવા માટે સોદાબાજી કરવા તેઓ તૈયાર ન હતા. સત્તાધારી મોરારજી સોહામણા હતા, સત્તા વિનાના સ્વસ્થ અને સાધુચરિત મોરારજી રળિયામણા હતા. ત્રણ પ્રસંગો દ્વારા એમની ગાયભક્તિ, ગીતાભક્તિ અને ગાંધીભક્તિને ઓળખી લઈએ.

૧૯૬૭માં ચૂંટણી વખતે જનસંઘે ગોવધબંધીનો પ્રશ્ન ખૂબ ચગાવેલો. વડોદરાના જ્યુબિલી બાગમાં મળેલી ચૂંટણીસભામાં જનસંઘના માણસોએ પથ્થરમારો કર્યો. ગોવધબંધીની તરફેણમાં સૂત્રોચ્ચાર થયા અને સભા તૂટવાની અણી પર હતી. મોરારજીભાઈએ પોતાના પ્રભાવશાળી અવાજમાં માઈક પરથી કહ્યું : હું તો ગાયનો ભક્ત છું, ગાય પાળું છું, ગાયની સેવા કરું છું અને ગાયનું જ દૂધ પીઉં છું. જે લોકો અહીં પથરા ફેંકે છે તેઓ ગાયની ભક્તિ કેવી રીતે કરે છે તેની મને ખબર નથી(શબ્દો યાદદાસ્ત પરથી). સભા શાંતિપૂર્વક આગળ ચાલેલી. પાછળથી જનસંઘ જનતા પાર્ટીમાં વિલીન થયેલો અને અટલબિહારી વાજપેયી તથા લાલકૃષ્ણ અડવાણી મોરારજીભાઈના પ્રધાનમંડળમાં સ્થાન પામેલા. એ ગાળામાં વિનોબાજીએ રાષ્ટ્રવ્યાપી ગોવધબંધી અંગે આમરણ ઉપવાસ શરૂ કર્યા. વિનોબાએ કટોકટીને 'અનુશાસન પર્વ' ગણાવીને ઈન્દિરાને આડકતરો ટેકો આપેલો તોય મોરારજીભાઈએ ગોવધબંધી અંગે ઘટતું કરવાની ખાતરી આપીને ઉપવાસનો અંત આવે એવી કાર્યવાહી કરીને દાદા ધર્માધિકારીના પ્રયાસોને યોગ્ય પ્રતિસાદ આપેલો. એ વખતે વિરોધ પક્ષનાં ઈન્દિરાજીએ ગોવધબંધી માટેની સર્વસંમતિ સાધવામાં વિનોબા કે વડાપ્રધાનને સહકાર નહોતો આપ્યો. ઈન્દિરા કોંગ્રેસનું તે વેળાનું નિશાન ગાય-વાછરડાનું હતું, એ નોંધવા જેવું છે. રાજકારણમાં પોએટિક જસ્ટિસ સાથે ક્યારે પોએટિક ઇન્જસ્ટિસ પણ થતા રહે છે. વિનોબાએ કટોકટી લાદવામાં આવી ત્યારે ખરે ટાણે જયપ્રકાશ અને મોરારજીભાઈને જબરો અન્યાય કરેલો અને ભારતની જનતાને નિરાશ કરેલી.

**મોરારજીભાઈએ પોતાના પ્રભાવશાળી અવાજમાં માઇક પરથી કહ્યું : હું તો ગાયનો ભક્ત છું, ગાય પાળું છું, ગાયની સેવા કરું છું અને ગાયનું જ દૂધ પીઉં છું**

જીવનમાં કદી ન ભુલાય તેવું અંગત સંભારણું સંકોચને કારણે મનમાં જ રાખી મૂકેલું. મોરારજીભાઈ ગીતાભક્ત હતા. તેઓને આખી ગીતા કંઠસ્થ હતી. ગીતાના આદર્શ પ્રમાણે જીવવાનો તેમનો પ્રયત્ન હતો. એમની ૬૧મી વર્ષગાંઠે મુંબઈના લોકોએ એમનું અભિવાદન કરેલું ત્યારે એમણે કહેલું કે ગીતાનું શ્રેષ્ઠ ભાષ્ય, તે આચારભાષ્ય, સુરતમાં બે વખત એમનાં ગીતાપ્રવચનો ગોઠવાયેલાં અને બંને વખત એક મુસ્લિમ યુવાને એ પ્રવચનોનું આયોજન કરેલું. એ યુવાનનું નામ કદીર પીરઝાદા, જેણે પાછળથી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનનું મેયરપદ પણ શોભાવેલું. બંને પ્રવચનો વખતે અધ્યક્ષપદની જવાબદારી આ લખનારે નિભાવેલી. એક વિરલ પ્રસંગ પણ સ્મરણીય છે. સુરતમાં મારાં ગીતાપ્રવચનો ગોઠવાયેલાં તેમાં છેલ્લે (પાંચમે) દિવસે મોરારજીભાઈએ ખાસ હાજર રહીને મંચ પરથી ટૂંકું પ્રવચન કરીને સમારંભની શોભા વધારેલી.

મોરારજીભાઈની ગાંધીભક્તિને પ્રગટ કરે તેવો એક પ્રસંગ રમૂજ પડે તેવો છે. તેઓ વડાપ્રધાન હતા ત્યારે રશિયાની મુલાકાતે ગયેલા. 'ઈન્ડિયા ટુડે'માં ક્રેમલિનના ભવ્ય નિવાસખંડમાં રેંટિયો કાંતી રહેલા મોરારજીભાઈનો ઐતિહાસિક ફોટોગ્રાફ છપાયેલો. સાથે અહેવાલમાં એ બનાવની વિગત હતી. તેઓ રેંટિયો કાંતતા હતા ત્યારે એક પત્રકાર એમની મુલાકાતે આવ્યો. વાતો ચાલી પછી કાંતવાનું છોડીને મોરારજીભાઈ બાથરૂમમાં ગયા. પત્રકારે જોયું કે રેંટિયા પાસે ગાલીચા પર તૂટેલા સૂતરનું કસ્તર પડેલું હતું. પત્રકારને થયું કે પ્રાઈમ મિનિસ્ટર બાથરૂમમાં છે, તો લાવ આ કસ્તર કચરાપેટીમાં નાખી આવું. એણે શુભ આશયથી એ કાર્ય પતાવ્યું. થોડીવારે મોરારજીભાઈ આવ્યા અને રેંટિયો બંધ કરવા લાગ્યા પણ કસ્તર ન જોયું. પત્રકારે કહ્યું : 'મેં તે કચરાપેટીમાં નાખી દીધું છે.' મોરારજીભાઈ કચરાની ટોપલી પાસે ગયા અને કસ્તર પાછું લાવ્યા પછી એને રેંટિયાને એક ખૂણે ગોઠવી દીધું. પછી એમણે પત્રકારને કહ્યું : 'દુનિયામાં કશુંય નકામું નથી.' આ ફોટોગ્રાફ મેં વર્ષો સુધી સાચવી રાખ્યો. એમની કોઈ વર્ષગાંઠે 'સંદેશ'ની

કટાર 'વિચારોના વૃંદાવન'માં એ ફોટા સાથે લેખ લખ્યો અને ક્રેમલિનમાં બનેલો પ્રસંગ પણ વર્ણવ્યો. પાછળથી જ્યારે મુંબઈ જવાનું થયું ત્યારે રિવાજ મુજબ કુમુદબહેન પટવા સાથે મોરારજીભાઈને મળવા ગયો. તેઓ કાંતેલું સૂતર ફાળકા પર ઉતારી રહ્યા હતા. મેં એમને ક્રેમલિનનો પ્રસંગ કહી સંભળાવ્યો. એમને કશું યાદ ન હતું. તેઓ એટલું જ બોલ્યા : 'આ વાત યાદ નથી તોય મેં આવું કર્યું હોય એ પૂરેપૂરું શક્ય છે.' કોઈ પણ બીજો માણસ હોત તો તેણે જરૂર કહ્યું હોત : 'મને તમારા એ લેખની નકલ જરૂર મોકલજો.' મોરારજીભાઈએ એવું કશું જ ન કહ્યું. લેખ પણ એમણે વાંચ્યો ન હતો. આવી અનાસક્તિના તેઓ ઉપાસક હતા. નવ્વાણું વર્ષ જીવવું એ બહુ મોટું પરાક્રમ નથી, પરંતુ વિરક્ત ભાવે સંધ્યાસમયે નિશ્ચિતપણે જીવવું એ તો જીવનભરની અખંડ સાધનાનું પાકેલું પુણ્યફળ ગણાય.

તા. ૪-૩-૧૯૯૫ના દિવસે કલકત્તાના ગુજરાતીઓએ મોરારજીભાઈ શતાબ્દીના પ્રારંભના સંદર્ભે એક ભવ્ય સમારંભ યોજેલો. મોરારજીભાઈ હજી જીવતા હતા. મારે મોરારજીભાઈ વિશે મુખ્ય પ્રવચન કરવાનું હતું.અને પ્રમુખપદે મોરારજી પ્રધાનમંડળમાં શિક્ષણપ્રધાન રહી ચૂકેલા શ્રી પ્રતાપ ચંદર હતા. એમણે મોરારજીભાઈ વડાપ્રધાન તરીકે કેબિનેટની મિટિંગોમાં સર્વાનુમતિ સાધીને કેવી રીતે કામ કરતા અને સાથી પ્રધાનો સાથે કેટલા સૌજન્યથી વર્તતા તેના અનેક પ્રસંગો કહ્યા. કેટલાક માણસોનું જીવન બીજાઓને ખુશ કરવામાં જ વીતી જાય છે. લાંબે ગાળે માણસની સચ્ચાઈનો જ પ્રભાવ પડે છે. જેમ સચ્ચાઈ વધારે તેમ પ્રભાવ વધારે. આટલું સમજાઈ જાય તો મોરારજી દેસાઈ શું, તે સમજાઈ જાય. એમના વ્યક્તિત્વમાં કશુંક એવું હતું, જેને કારણે સાવ નજીક ગયા વગર કોઈ એમને ખરેખર ઓળખી ન શકે.

એક વખત મેં એમને પૂછેલું : 'આખો દિવસ એક જ ઓરડામાં અને એક જ પથારીમાં જાય તેથી કંટાળો નથી આવતો?' એમનો જવાબ હતો : 'ઈશ્વર-સ્મરણ થયા કરે તેથી કંટાળો ન આવે.' ઈશોપનિષદે પૂરાં સો વર્ષ જીવવાનો અધિકાર કર્મયોગીને આપેલો છે. તેમને સદી પૂરી કરવામાં માત્ર એક જ રન બાકી હતો ત્યારે વિદાય થયા. જેમને માટે રાષ્ટ્રના લોકો ગૌરવ લઈ શકે તેવા કેટલા નેતાઓ આજે આપણી વચ્ચે હશે? આ પ્રશ્નનો જવાબ પામવા માટે આંગળીના વેઢાની મદદ લેવાની જરૂર નહીં પડે.

સમય કદી રોકાતો નથી. વડાપ્રધાનો આવશે અને જશે. મોરારજી દેસાઈ જેવા કર્તવ્યપરાયણ અને સમર્થ રાષ્ટ્રપુરુષ મળે તે માટે ભારતે વર્ષો સુધી રાહ જોવી પડશે. જીવી તો બધા જાય છે, પરંતુ કોઈ ઉચ્ચ આદર્શની પ્રાપ્તિ માટે સાધનાપૂર્વક જીવવું એ મોટું પરાક્રમ ગણાય. તનની, મનની અને માંહ્યલાની શાંતિની ઝલક તેઓ એમના સાર્થક જીવન દરમિયાન જ પામી ચૂક્યા હતા. અનાવિલો ભગવાન શંકરમાં શ્રદ્ધા રાખનારા લોકો છે. શંકરનાં બે લક્ષણો જાણીતાં છે. સમુદ્રમંથન વખતે ઝેર પી ગયા તેથી શંકર નીલકંઠ ગણાયા. વળી કોઈ ભક્ત તપ કરે ત્યારે જલદી પ્રસન્ન થઈ જતા, તેથી શંકર આશુતોષ કહેવાયા. મોરારજીભાઈને આશુતોષ-લક્ષણ ન ફાવ્યું પણ નીલકંઠ-લક્ષણ ફાવ્યું અને ભાવ્યું. વલસાડનું પાકેલું આમ્રફળ લાંબા અને ગૌરવપૂર્ણ જીવનને અંતે ખરી પડ્યું. સંસારી હોવા છતાં સાધુચરિત હોવું અને વળી સાધુ હોવાના દેખાવથી દૂર રહેવું એ જેવું તેવું પરાક્રમ નથી. મોરારજી દેસાઈ આવા પરાક્રમના માલિક હતા. વેલ્સ હેન્ગને એમને માટે પ્રયોજેલા શબ્દો :

'આ માણસ !
પોતાની ઈચ્છા સિવાય ઠંડો નથી હોતો.
એનું સ્મિત ગમી જાય તેવું છે.
જે શબ્દો
આવેશયુક્ત કે હૈયાસૂના કે ઠંડાગાર જણાય
તે તો
ગળે ઊતરી જાય એવા તર્કનો અવાજ હોય છે.'

*'ટહુકો', ૧૩૯, વિનાયક સોસાયટી,*
*જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૨૦*
*ફોન - ૦૨૬૫ ૨૩૪૦૬૭૩*



# ગુજરાત : સાહિત્ય અને સંસ્કૃતિની સફર

*- વિષ્ણુ પંડ્યા*

**સા**હિત્ય અને સંસ્કૃતિ, તેનાં અલગ અલગ સ્વરૂપે સમાજમાં શ્રીગણેશની જેમ વિરાજમાન હોય છે.

ગુજરાત કે બૃહદ્ ગુજરાતનું એ સૌભાગ્ય છે કે દિવસ, મહિના, વર્ષો અને યુગાંતરો સુધી આપણી સંસ્કૃતિ અને સાહિત્યે સમાજને વિશિષ્ટ ઓળખ આપી છે.

**કેવું વૈવિધ્ય છે તેનું ?**

અહીં તો માત્ર પાંચ વર્ષના સાહિત્યિક ગુજરાતની આછીપાતળી ઝલક છે. દૂ..ર અંતરિયાળ ગામડાં સુધી- કોઈ ખેડૂત, કોઈ કારીગરનો પુત્ર કે પુત્રી, શિક્ષક અને વિદ્યાર્થી પણ અભિવ્યક્ત થવાની મહત્ત્વાકાંક્ષાનો અનુભવ કરાવે ત્યારે આ લેખ તો માત્ર 'આભલામાં આકાશ' દેખાડવાનો પ્રયાસ જ ગણાય.

**ગુજરાત કે બૃહદ્ ગુજરાતનું એ સૌભાગ્ય છે કે દિવસ, મહિના, વર્ષો અને યુગાંતરો સુધી આપણી સંસ્કૃતિ અને સાહિત્યે સમાજને વિશિષ્ટ ઓળખ આપી છે.**

સાહિત્યની કેટલીક ઘટનાઓ તો તેના ગૌરવનો અંદાજ આપી દે, અને તે પણ કોઈ અપરિચિત-અજાણ ખૂણેથી.

કાશી વિશ્વવિદ્યાલય એટલે મહામના મદનમોહન માલવિયાનાં સ્વપ્નનું વાસ્તવિક નિર્માણ. અહીં જૌનપુરમાં જન્મેલા, એક વિજ્ઞાનપ્રિય અધ્યાત્મક ડૉ. રામદાસ ગૌડ રસાયણશાસ્ત્ર ભણાવે. બાબુ શિવપ્રસાદ ગુપ્તાએ તેમને કહ્યું કે તમો તો હિન્દુજીવનદર્શનના પણ અભ્યાસી છો, શા માટે એક એન્સાઈક્લોપીડિયા જેવો ગ્રંથ ન આપો ? તેમણે આ વિશ્વકોશ રચ્યો, નામ આપ્યું હિન્દુત્વ. ૭૯૦ પાનાંના આ દળદાર ગ્રંથમાં હિન્દુ અને હિન્દુત્વ, તેનું જીવનદર્શન, તેની ઉપાસના અને આસ્થા, તેનું સાહિત્ય : આ બધું જ, તે પણ સરળ હિંદી ભાષામાં પ્રાપ્ત થાય છે. તે ગ્રંથ પ્રકાશિત થયો ત્યારે લેખક આપણી વચ્ચે નહોતા રહ્યા. ૧૩ સપ્ટેમ્બર, ૧૯૩૮માં તેમનું અવસાન થયું. એંસીથી વધુ વર્ષ પૂર્વે પ્રકાશિત આ ગ્રંથ ઉપલબ્ધ નહોતો. ગુજરાત સાહિત્ય અકાદમીએ તેની એક પ્રત શોધી કાઢી અને યથાવત્ છાપ્યો !

સાહિત્ય સંસ્થાઓનું છેવટે ગંતવ્ય સ્થાન શું છે ? ૨૦૧૭માં આ છ અકાદમી (ગુજરાત, હિંદી, સંસ્કૃત, સિંધી, ઉર્દુ, કચ્છી)ઓનું અધ્યક્ષપદ સ્વીકાર્યું ત્યારે જ સંવાદ-સભામાં લેખકો, પ્રકાશકો, અધ્યાપકોની સમક્ષ મેં કહ્યું હતું કે 'સાહિત્યનો માહોલ સર્જવામાં આવે, નવોદિત-પ્રતિષ્ઠિત લેખકોને પ્રોત્સાહન મળે એ દરેક સાહિત્ય-સંસ્થાનો આદર્શ હોય. અને તેને માટે વિ-સંવાદ, વિતંડાવાદ કે વિખવાદ વિનાનો સંવાદ એ આપણી પ્રાથમિકતા !'

એવાં કાર્યોનો આનંદ અને સંતોષ છે. ૧૦,૦૦૦ ગામડાં સુધી સાહિત્યની વાત પહોંચવી, ૨૦૦ સ્થાનોએ પરિસંવાદ, ગોષ્ઠી, વ્યાખ્યાન થવાં, નવોદિતોનાં પુસ્તકોનાં લોકાર્પણ-કવિ સંમેલન- મુશાયરાનું આયોજન. આ બધું થતું રહ્યું, અને તેનો વિસ્તાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સુધી મર્યાદિત ના રહ્યો. છેક બેટ દ્વારિકામાં, એવાં ગુરુદ્વારામાં સાહિત્યચર્ચા માટે લેખકોને બોલાવાયા, જ્યાં ગુરુ ગોવિંદસિંઘના બલિદાની 'પંજપ્યારે'માંના એક ભાઈ મોહકમસિંહનો જન્મ થયો હતો ! કચ્છ એટલે કામણગારી ભૂમિ. ત્યાં 'સિંધિયત'નું આયોજન થયું. કચ્છ યુનિવર્સિટીના પ્રાંગણમાં લોકસાહિત્યકાર દુલેરાય કારાણીની પ્રતિમા ઊભી છે. એવા જ આપણા મોટા ગજાના સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીનું નામ નવાં રચાઈ રહેલા અકાદમી ભવનની સાથે જોડી દેવાયું. લગભગ ૧૪-૧૫ વર્ષ પછી ગુજરાતી સાહિત્યનું આવું વિશાળ ભવન રચવાનું ગુજરાત સરકારે નક્કી કર્યું છે. કાનજી ભૂટા બારોટને સાહિત્યના અભ્યાસક્રમમાં સ્થાન હોય કે ન હોય, કાઠિયાવાડી વાર્તા-રસિકોનાં દિલોદિમાગમાં આજે



પણ તેમની, ઘેઘૂર અવાજમાં કહેવાતી વાર્તાઓ સ્થાપિત છે. અમરેલીમાં તે કાર્યક્રમમાં અને પૂર્વે, લાઠીમાં અકાદમી દ્વારા સંવર્ધિત 'કલાપીનો કેકારવ' પુસ્તકના લોકાર્પણમાં પણ રહ્યા. એકવાર તેમણે અકાદમીને સૂચવ્યું હતું કે ભુલાઈ ગયેલા નાટ્યલેખક કવિ ત્રાપજકરનાં દસ જેટલાં પુસ્તકો અપ્રાપ્ય છે, તે છાપો તો સારું. તેમ થયું. અને અંતરિયાળ ગામડાં સુધી સાહિત્ય-ચેતનાના વિસ્તારનો એક ઉત્તમ નમૂનો એટલે ત્રાપજ ગામમાં યોજાયેલો, આ પુસ્તકપ્રાગટ્યનો ઉત્સવ. ૧૦,૦૦૦ ગ્રામજનો હરખભેર આવ્યા, સમૂહભોજન કર્યું, બાપુની વાણી સાંભળી અને પુસ્તકો ખરીદ્યાં !

શબ્દ દરેક ભાષામાં પ્રતિષ્ઠિત છે, તેનું સંવર્ધન પણ થતું રહે છે. ટંકારા સાવ નાનકડું ગામ છે, સ્વામી દયાનંદ સરસ્વતીની જન્મભૂમિ છે. અહીંની ગલીમાં એક નાનકડા મકાનમાં દયાળ મુનિ રહે છે. ૮૦થી વધુ વયના આ દયાળજી પરમાર વ્યવસાયે દરજી હતા. બહુ ભણ્યા નહીં પણ વિદ્યા-વ્યાસંગ એવો કે આપણા તમામ વેદગ્રંથોનો સંસ્કૃતમાંથી સુચારુ અનુવાદ કર્યો છે. સંસ્કૃત અકાદમીએ નક્કી કહ્યું કે તેમને ગૌરવ-સન્માન આપવું. પણ તેમનું સ્વાસ્થ્ય એવું નહીં કે મુસાફરી કરી શકે. એટલે સ્વયં અકાદમી ત્યાં ગઈ, કાર્યક્રમ કર્યો. એક લાખનું સન્માન કર્યું તો ઑનલાઇન વિશિષ્ટ અતિથિ રાજ્યપાલશ્રીએ પોતાનાં પ્રવચનમાં સંસ્કૃત અકાદમીના આ કાર્યને ઐતિહાસિક ગણાવીને કહ્યું કે અકાદમી આવા સારસ્વતને એક લાખ રૂપિયાથી સન્માનિત કરતી હોય તો રાજભવન શા માટે પાછળ રહે ? અમે તેમાં બે લાખ નિધિનો ઉમેરો કરીએ છીએ !

**વિચલિત કરી મૂકે તેવા અલગાવ, આતંકની વચ્ચે ધીર-સ્થિર અને ચેતના સર્જતા કાર્યક્રમો થવા જ જોઈએ. અકાદમીએ આંબેડકર યુનિવર્સિટીમાં 'રાષ્ટ્ર જાગૃયામ વયમ્' નામે દેશભરના અધ્યાપકો - સાહિત્યકારોની પરિષદ યોજી હતી**



કેટલાંક ગૌરવ-સન્માન યાદ રહી ગયાં છે. ખ્યાત સાહિત્યકાર-પત્રકાર ભગવતીકુમાર શર્માને જાહેર કરાયેલું સન્માન હજુ અધ્ધરતાલ હતું. અમે તેનો તુરત અમલ કરવાનું નક્કી કર્યું પણ ભગવતીકુમાર અત્યંત બીમાર હતા. ત્યાં પણ અકાદમી સ્વયં ગઈ. તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, ત્યાં જઈને એક લાખની નિધિ, શાલ, સ્મૃતિચિહ્ન અર્પિત કર્યાં. પથારીમાંથી જ તેમણે ભાવપૂર્ણ વાત કરી : 'મેં તો શબ્દ આપ્યો, તમે મને ભવ્ય સન્માન આપ્યું છે.'

યુનિવર્સિટીઓ પણ વિદ્યાનું પ્રાંગણ છે. સયાજીરાવ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, ડૉ. આંબેડકર યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સટી, નરસિંહ મહેતા યુનિવર્સિટી, શ્યામજીકૃષ્ણવર્મા યુનિવર્સિટી, સરદાર યુનિવર્સિટી અને ઑરો યુનિવર્સિટી (સુરત)ની સાથે અકાદમીનું સાંસ્કૃતિક જોડાણ જ રહ્યું છે જાણે ! તે કારણે આંતરરાષ્ટ્રીય પત્રકાર-કવિ કૃષ્ણલાલ શ્રીધરાણી ચૅર (જ્ઞાનપીઠ), સુરેશ જોષી ચૅર, મેઘાણી સંશોધન કેન્દ્ર, નરસિંહ મહેતા સંશોધન કેન્દ્ર ધમધમતાં થયાં.

પ્રતિવર્ષ પુસ્તક પારિતોષિક, ગૌરવ પુરસ્કાર, યુવા ગૌરવ પુરસ્કાર, શિષ્ટ પ્રકાશન, નવોદિતોનાં પ્રકાશન માટે સહયોગ આ બધું તો પરંપરામાં ચાલુ જ છે પણ શબ્દસૃષ્ટિના વિશેષાંકો (પત્ર-વિશેષાંક, ઇતિહાસ-અંક, શ્રેષ્ઠ સાહિત્ય સંચયન અંક વગેરે) ગુજરાતના ભાવકોમાં લોકપ્રિય રહ્યા છે.

વિચલિત કરી મૂકે તેવા અલગાવ, આતંકની વચ્ચે ધીર-સ્થિર અને ચેતના સર્જતા કાર્યક્રમો થવા જ જોઈએ. અકાદમીએ આંબેડકર યુનિવર્સિટીમાં 'રાષ્ટ્ર જાગૃયામ વયમ્' નામે દેશભરના અધ્યાપકો-સાહિત્યકારોની પરિષદ યોજી હતી.

મૌલિક સર્જનની સાથોસાથ વિવિધ ભાષાઓનાં સાહિત્ય સાથેનો અનુબંધ અનિવાર્ય છે. અકાદમીએ અગાઉ કેટલાક અનુવાદો પ્રકાશિત કર્યા હતા પણ વ્યવસ્થાતંત્રના અભાવે વેચાણ ન થયું. આપણા પોતાના લેખકોનાં પુસ્તકો પણ રાહ જોઈ રહ્યાં હતાં. અધ્યક્ષપદે આવતાં નિર્ણય લીધો કે ૧૦ ટકા વળતરને બદલે ૫૦ ટકા વળતર આપવું જોઈએ. આ નિર્ણયથી ૨૦૧૭થી ૨૦૨૨ના જુલાઈ સુધીમાં ૧૫ કરોડ રૂપિયાનાં પુસ્તકોના વેચાણની પરિસ્થિતિ પેદા થઈ !

કેટલાંક પુસ્તકો અધિક લોકપ્રિય બને છે. મેઘાણી-ગ્રંથાવલિ અને સુરેશ જોષી ગ્રંથાવલિ તેવાં ઉદાહરણો છે. ઉર્દૂ-ગુજરાતી શબ્દકોશ પણ મોટી સંખ્યામાં લોકો ખરીદે છે ! 'જેએનયુ મેં એક લડકી રહતી થી' (ડૉ. અંશુ જોશી) નવલકથા મૂળ હિન્દીમાં હતી, અનુવાદ થયો અને ગુજરાતને એટલી પસંદ પડી કે તેની બે આવૃત્તિ થઈ, ત્રીજી રાહ જોઈ રહી છે.

આઝાદીના અમૃત મહોત્વ નિમિત્તે ૭૫ પુસ્તિકાઓ, ગુજરાતી વાર્તા અને ગદ્યની ૧૦ પુસ્તકશ્રેણી, કોલકોતા, હૈદરાબાદ, અમરાવતી, ઉદયપુર, ભોપાલ, નવી દિલ્હી - વર્ધા યુનિવર્સિટી - વિજયવાડા સુધી સાહિત્ય અકાદમીનો ગુંજારવ અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને નવી દિલ્હી વડાપ્રધાન કાર્યાલય (પીએમઓ)માં મળવાનું થાય ત્યારે 'ચાલો, શબ્દસૃષ્ટિ સાથેની તસવીર પડાવીએ...' એમ કહે ત્યારે અનુભવાય કે ૨૦૧૭-૨૦૨૨નાં આ પાંચ વર્ષોમાં અકાદમીના માધ્યમથી, સૌને સાથે રાખીને, પ્રોત્સાહિત કરીને જે સફર ખેડી હતી તે 'સાર્થક સંવાદ' નો ઉપહાર છે.


**એમ કહે ત્યારે અનુભવાય કે ૨૦૧૭-૨૦૨૨નાં આ પાંચ વર્ષોમાં અકાદમીના માધ્યમથી, સૌને સાથે રાખીને, પ્રોત્સાહિત કરીને જે સફર ખેડી હતી તે 'સાર્થક સંવાદ' નો ઉપહાર છે**

આ વર્ષો ગુજરાતી સાહિત્યમાં યથાશક્તિમતિ લેખનવિહારનાં રહ્યાં છે. નિરંજન ભગત- પૂર્વેની અધ્યયનશીલ પેઢીના-છેલ્લા પ્રતિનિધિએ વિદાય લીધી. ડૉ. ધીરુભાઈ ઠાકર પણ ના રહ્યા. કે.કા. શાસ્ત્રી થોડાં વધુ વર્ષો પૂર્વે ચાલી નીકળ્યા. કોરોના કાળમાં લેખન થયું, પ્રકાશન ઓછું રહ્યું. 'નવચેતન' જેવાં સામયિકે ૧૦૦ વર્ષ પૂરાં કર્યાં. ભાષાકીય પત્રકારત્વમાં સર્વપ્રથમ 'મુંબઈ સમાચારે' હજુ અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. ભો. જે. વિદ્યાભવન જેવાં સંશોધન-સંસ્થા ડગુમગુ ચાલે છે. સાહિત્યઉત્સવો યોજાતા થયા. ગુજરાતી ભાષાનું શિક્ષણ હજુ સઘન બનાવવું જોઈએ. તે સ્વયંસ્પષ્ટ છે. તેની સાથે જ ગુજરાતની બોલીઓ - કચ્છી સહિત - સંવર્ધિત થવી જોઈએ. અકાદમીએ કચ્છી-સિંધી લેખકોનું બહુમાન કર્યું છે, તેમનાં પુસ્તકો પણ પ્રકાશિત કર્યાં. સિંધ થરપારકરથી સ્થળાંતરિત થયેલા રામસિંઘ સોઢાની 'સિંધ કા હિન્દ' આત્મકથા તેમની ભાષામાં અકાદમીએ છાપી.

અકાદમી અને ગુજરાતી ભાષાને દેશ-વિદેશમાંથી જે રીતે પ્રતિસાદ મળ્યો તે પણ અનન્ય છે. ફિલિપિન્સની આંતરરાષ્ટ્રીય સંસ્થા 'પૅન્ટાસી', આંધ્રપ્રદેશની 'અમરાવતી પોએટિક પ્રિઝમ', 'ધ કલ્ચરલ સેંટર ઑફ વિજયવાડા એન્ડ અમરાવતી' (CCVA), કેરળ સરકારનો એલેપ્પી - ઉત્સવ, આઈસીએમડીઆર (બંગાળ), મધ્યપ્રદેશ સાહિત્ય અકાદમી, સપ્રે પત્રકારત્વ સંશોધન સંગ્રહાલય, ભોપાલ, પ્રિયદર્શિની, મુંબઈ, મોટિવેશનલ સ્ટ્રિપ્સ, મોરિશિયસ વિશ્વ હિન્દી સમારોહ, મહાત્મા ગાંધી કેન્દ્રીય વિશ્વવિદ્યાલય, વર્ધા આ સંસ્થાઓએ અકાદમીના કાર્યને નવાજિત કર્યું, આમંત્રણ આપ્યું, વ્યાખ્યાનો થયાં, સન્માન કરાયું. ખ્યાત સાહિત્યકાર મિત્ર ડૉ. નરોત્તમ પલાણ એક પત્રમાં ભાવના ઠાલવે છે કે "તમે અકાદમીના ઉપક્રમે ઘણાં શકવર્તી પ્રકાશનો આપ્યાં, સાહિત્યની આરાધના કરી અને પોતાની પળેપળ સાહિત્ય-પ્રકાશન અને સાહિત્ય કાર્યક્રમોની ગોઠવણીમાં ખર્ચી છે તેને તો સલામ કર્યા વિના ચાલે તેમ જ નથી !"

સંસ્થા તો અકાદમી, સા-વ નાનો સરખો સ્ટાફ, અભિલેખાગારનાં જર્જરિત મકાનમાં કાર્યાલયઃ પણ 'ઉપર ગગન વિશાળ !' તે સાહિત્યનું, ઈતિહાસનું, પત્રકારત્વનું ! સહયોગ કર્મચારીઓનો, પ્રોત્સાહન વિભાગનું, મંત્રી-મુખ્યમંત્રીઓ- સાહિત્યકારો - શુભેચ્છકોનો નિરંતર સ્નેહભાવ અને પૃચ્છા : પાંચ વર્ષ પૂરાં કરીને ૨૦ જુલાઈ, ૨૦૨૨ના મુક્ત થયો ત્યારે સાંસ્કૃતિક-સાહિત્યિક ગુજરાતના વૃન્દાવનને પામ્યાનો સંતોષ છલકાતો રહ્યો. હવે, નવાં કલ્ચર ધરો, હંસલા ! સાહિત્યનું ક્યાં એક ખાનું (કંપાર્ટમેન્ટ) હોય છે, પ્રભુની જેમ તેનેય કંઈ કેટલાં ઓરડા, દરવાજા અને બારી-બારણાં !!

*કાસા વ્યોમા, ૫૦૧/એ,*
*સરકારી વસાહત માર્ગ, ઔડા ઉદ્યાનની સામે,*
*વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૫૨*
*મો - ૯૪૨૭૮૦૪૭૨૨*



# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

## મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું

- ❒ ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ❒ ગુજરાત વસ્યું લોકહૈયે...

### કારણ ?

- ❒ સામયિકની લોકાભિમુખ નીતિ,
- ❒ સરકારનું નહિ, સાડા છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

### જેમાં,

- ❒ નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- ❒ અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

### પરિણામ ?

- ❒ લોકોનો અદમ્ય ઉત્સાહ,
- ❒ વાચકોનો અસરકારક પ્રતિભાવ,
- ❒ વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

### અને ફેલાવામાં અગ્રહરોળ ?

- ❒ ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં સામયિકોમાં અગ્રેસર ફેલાવો...!
- ❒ સમસ્યા અને સંવેદનાની વાતો...
- ❒ જન કલ્યાણની યોજનાની વાતો...
- ❒ લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- ❒ કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો.

**ગુજરાત પાક્ષિકની PDF**
**www.gujaratinformation.gujarat.gov.in**
**લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.**



**ગુજરાત પાક્ષિક કાર્યાલય**
માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫
ઈ-મેઈલ : gujaratmagazine@gmail.com
વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in

**● લવાજમ ●**
**કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે**

છેલ્લામાં છેલ્લી વાત લઈને આવે છે આપના સુધી...

ઘટનાઓની વણઝાર વચ્ચે નિયમિત પહોંચે છે આપના સુધી...

સત્ય અને નિષ્ઠાના માર્ગે કર્તવ્ય નિભાવે છે આપના સુધી...

વાર્ષિક લવાજમ ફક્ત
**₹ ૫૦.૦૦**

**ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે લોકકલ્યાણની વાત, લોકોને ઉપયોગી જાણકારીની વાત, સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના વણથંભ્યા વિકાસની વાત**

# મધ્યકાલીન ગુજરાતીની જૈનમહાભારતકેન્દ્રી આદ્યકૃતિ : 'પંચપાંડવચરિતરાસ'

*- ડૉ. બળવંત જાની*

**સા**હિત્ય અકાદમી, દિલ્હી પ્રકાશિત 'એન્સાઈક્લોપીડિયા ઑફ ઇન્ડિયન લિટરેચર' અને અયપ્પા પણિકર સંપાદિત 'મિડિયેવલ ઇન્ડિયન લિટરેચર' - 'મધ્યકાલીન ભારતીય સાહિત્ય'ના વિવિધ ખંડોમાંથી કોરોનાની મહામારીના દિવસોમાં પસાર થયેલો. એમાંથી મને ખ્યાલ આવ્યો કે ગુજરાતની મધ્યકાલીન સાહિત્ય પરંપરામાં જૈન પરંપરાનાં મહાભારતથી પ્રભાવિત 'પંચપાંડવચરિત્રરાસ' રચના ઈ.સ. ૧૩૫૪માં મળે છે. જ્યારે વ્યાસકૃત મહાભારતથી પ્રભાવિત રચનાઓનો પ્રવાહ ઘણો પાછળથી આરંભાય છે. એ રચના વિશે ભારતી વૈદ્યે એમના શોધનિબંધ 'મધ્યકાલીન રાસ સાહિત્ય' ઈ.સ. ૧૯૬૬માં પરિચય પ્રસ્તુત કરેલો છે. કૃતિનું શાસ્ત્રીય સંપાદન પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરા દ્વારા 'ગુર્જરરાસાવલિ' અંતર્ગત ઈ.સ. ૧૯૫૬માં પ્રકાશિત થયેલું.

'પંચપાંડવચરિતરાસ'ના કર્તા અને કૃતિના કથાનક સંદર્ભે સ્વાધ્યાય આરંભીને ભારતીય પ્રાદેશિક ભાષાઓમાંની પ્રારંભની ગણાતી કથાકૃતિ વિશેનું મારું આકલન અહીં પ્રસ્તુત છે. કૃતિની ભૂમિકા, કર્તાનો પરિચય, રાસકૃતિમાંની ગોઠવણી ક્રમે કૃતિમાંથી પ્રગટતા કથાનકનો પરિચય તથા રાસકૃતિમાંથી પ્રગટતા આગવા-અનોખા ઘટકો પરત્વે અંગુલિનિર્દેશ કરવાનો ઉપક્રમ અહીં જાળવ્યો છે.

॥ ૧ ॥

**ભૂમિકા :**

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, 'પ્રાચ્યવિદ્યા મંદિર' દેશ-વિદેશમાં પ્રાચીન હસ્તપ્રતોના સંશોધન પ્રકાશન માટે સુખ્યાત છે. એમાં જૂની ગુજરાતી ભાષાનાં પ્રકાશનો માટે 'ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝ' સમગ્ર વિશ્વમાં ભારતીય વિદ્યાના અભ્યાસીઓ માટે ઉપયોગી છે. એમાં ૧૦૮મા ક્રમે 'ગુર્જરરાસાવલી' પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૧૯૫૬ અને બીજી આવૃત્તિ ઈ.સ. ૧૯૮૧માં પ્રગટ થયેલી. એમાં છ કૃતિઓ સંપાદિત થયેલી છે. એના સંશોધક-સંપાદકો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના હસ્તપ્રતવિદ્યાના અને જૂની ગુજરાતી ભાષાના મોટા ગજાના વિદ્વાનો સર્વશ્રી બળવંતરાય ક. ઠાકોર, મોહનલાલ દ. દેસાઈ અને મધુસૂદન સી. મોદી છે. આ સંપાદનગ્રંથ 'ગુર્જરરાસાવલી'માં શાલિભદ્રસૂરિ નામના જૈનમુનિ દ્વારા ઈ.સ. ૧૩૫૪માં રચાયેલ ૭૯૫ પંક્તિની રચાયેલી જૈનમહાભારત અનુપ્રાણિત સુદીર્ઘ એવું 'પંચપાંડવરચિતરાસુ' કથાકાવ્ય મુદ્રિત છે. આ જ વાચનાને સીધેસીધી, સંદર્ભ દર્શાવ્યા વગર નાગરી પ્રચરિણી સભા દ્વારા 'રાસ ઔર રાસાન્વયી કાવ્ય' (ઈ.સ. ૧૯૬૦) નામના હિન્દી સંપાદનમાં ડૉ. દશરથ ઓઝા અને ડૉ. દશરથ શર્માએ મુદ્રિત કરેલ છે. 'ગુર્જરરાસાવલી'માંના પાઠભેદ-નોંધ આ વિદ્વાનોએ લક્ષમાં પણ લીધા નથી. એટલે મેં અભ્યાસ માટે 'ગુર્જરરાસાવલી'ની શાસ્ત્રીય વાચનાને ખપમાં લીધી છે.

**વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, 'પ્રાચ્યવિદ્યા મંદિર' દેશ-વિદેશમાં પ્રાચીન હસ્તપ્રતોના સંશોધન પ્રકાશન માટે સુખ્યાત છે**

★ ★ ★

મને ચાર-પાંચ બાબતો 'પંચપાંડવચરિત્રરાસ' રચના ખૂબ જ મહત્ત્વની જણાઈ છે. એક તો બહુ જ સંક્ષિપ્તમાં જૈનવાચનાને આધારે મહાભારતનું ગુજરાતી ભાષામાં જૈન રૂપાંતરણ એમાં અવલોકવા મળે છે. બીજું ગુજરાતીમાં મૂળનું મહાભારત આધારિત મહાભારત કથાનક પ્રયોજાય કે સર્જાય એ પહેલાં જૈન પ્રભાવવાળી કૃતિ રચાઈ. એ પછી જૈન કવિ શાલિસૂરિ ઈ.સ. ૧૪૨૨માં 'વિરાટપર્વ' રચેલ છે એમાં જૈનને બદલે વ્યાસકૃત મહાભારતનો પ્રભાવ છે. પછી તો પ્રેમાનંદ અને અન્ય કવિઓએ મહાભારતના કથાનકને ખૂબ પ્રયોજ્યું. ત્રીજી મહત્ત્વની બાબત એ છે કે સમગ્ર રચનામાં દરેક ઠવણીમાં રચયિતાએ અલગ અલગ છંદ પ્રયોજ્યા. બહુધા ઠવણીઓ ચોપાઈ પદબંધમાં છે. ઉપરાંત સોરઠા, દુહા, રોળા, ત્રિપદી અને સોરઠાની દેશી છે. ઢાળ અને હરિગીત પણ પ્રયોજાયેલા છે.

ચોથું દરેક ઠવણીને અંતે આખ્યાનમાં જેમ બે કડવાં વચ્ચે વલણ અવલોકવા મળે છે એમ અહીં બે ઠવણી વચ્ચે 'વસ્તુ' છે. જેમાં ઠવણીમાંના કથાનકનો સાર હોય છે. કેટલેક સ્થાને વસ્તુ એકને બદલે વધુ કડીમાં વિસ્તરેલું છે. ઘણી વખત ઠવણી કરતાં વસ્તુમાં કથાનક વિકાસ પામતું દૃષ્ટિગોચર થાય છે અને એ વધુ રસપ્રદ પણ બન્યું છે. આ 'વસ્તુ'નું બંધારણ આમ તો 'છંદાનુશાસન'માં રડા નામથી ઓળખાવીને હેમચંદ્રાચાર્યે દર્શાવેલ છે, તે જ બંધારણ અહીં વસ્તુ છંદ નામથી અવલોકવા મળે છે. પાંચમું જૈન

ધર્મનાં મૂળભૂત વ્રત-ઉપાસનાનાં તત્ત્વો અને જૈનમૂલ્યોને જાળવતા ફેરફારોથી મૂળની કથા ખંડિત થતી અનુભવાતી નથી. લેખને અંતે આ બાબતોને સદૃષ્ટાંત દર્શાવી છે.

॥ ૨ ॥

**કર્તા-પરિચય :**

જૈન મહાભારતને આધારે રચાયેલી રાસ સ્વરૂપની 'પંચપાંડવચરિત' રચનાના રચયિતા શાલિભદ્રસૂરિએ પ્રસ્તુત રચના ઈ.સ. ૧૩૫૪માં પૂર્ણ કર્યાનો નિર્દેશ કૃતિમાંથી જ મળે છે. એટલે તેઓને રચના સમયે ઓછામાં ઓછા ચાલીસેક વર્ષના અનુમાનીએ તો ઈ.સ. ૧૩૧૦ એ તેમનું જન્મવર્ષ ગણાય. તેઓની પૂર્ણિમા ગચ્છના જૈનસાધુ તરીકેની ઓળખ કૃતિમાંથી જ પ્રાપ્ત થાય છે. 'દેવચંદ્રસૂરિના અનુરોધથી આ રસળતી શૈલીએ રાસ રચ્યો', એવું કથન રાસને અંતે મળતું હોઈને દેવચંદ્રસૂરિ એમના ગુરુ હોવાની કે ગચ્છાધિપતિ હોવાની શક્યતા વિચારી શકાય. તેઓ વડોદરા નજીકના ચાંદોદ કે નાંદોદના મૂળ વતની હોવાની વિગતો પણ પ્રાપ્ત છે. રાસના કર્તા શાલિભદ્રસૂરિ છંદબંધના જ્ઞાતા, કથાનકને વર્ણવવાનું કૌશલ્ય અને ભાષાની અભિજ્ઞતા ધરાવતા હોવાની પ્રતીતિ રાસકૃતિમાંથી પસાર થતાં થાય છે. કથાનકનું વિભાજન, ક્રમશઃ વેગથી પ્રસંગોને આલેખવાની-આટોપવાની કળા પણ હસ્તગત હોવાનો પરિચય એમાંથી મળી રહે છે.

**રાસના કર્તા શાલિભદ્રસૂરિ છંદબંધના જ્ઞાતા, કથાનકને વર્ણવવાનું કૌશલ્ય અને ભાષાની અભિજ્ઞતા ધરાવતા હોવાની પ્રતીતિ રાસકૃતિમાંથી પસાર થતાં થાય છે**

એમના સંપાદકોમાંના મોહનલાલ દલીચંદ દેસાઈ 'વિરાટપર્વ'ના કર્તા શાલિસૂરિને પણ શાલિભદ્રસૂરિ જ ગણીને બંને એક છે એવું મંતવ્ય પ્રસ્તુત કરેલ છે. પરંતુ હકીકતે વિરાટપર્વનું રચનાવર્ષ ઈ.સ. ૧૪૨૨ છે અને એ કૃતિ જૈન મહાભારત નહીં, પણ વ્યાસપ્રણિત મહાભારત પર મંડિત છે. મારી દૃષ્ટિએ શાલિસૂરિ જેવા જૈન કર્તા જૈન પરંપરાને બદલે બ્રાહ્મણ-સંદર્ભ પરંપરા ખપમાં લે છે એટલે એમને અલગ જ તથા પછીના સમયના કર્તા જ ગણવાના રહે છે.

॥ ૩ ॥

**ઠવણીક્રમે કથાપરિચય :**

જૈન મહાભારતકેન્દ્રી મધ્યકાલીન ગુજરાતીની પહેલી કથારચના 'પાંચપાંડવચરિત રાસ'ના હવે પ્રત્યેક ઠવણીમાં આલેખાયેલ કથાનકનો ઠવણીક્રમે વિગતે કથાપરિચય અહીં પ્રસ્તુત છે.

**ઠવણી-૧**

નેમિનાથ જિનેશ્વરને પ્રણામ કરીને, સરસ્વતીનું મનમાં સ્મરણ કરીને, મા અંબાને અનુસરીને દ્વાપરમાં થયેલા પાંડવોના ચરિત્રને હૈયામાં હેત લાવીને હું કથા કહું છું. કુરુવંશમાં એક કુરુ નામનો રાજા થયો. હસ્તી નામના તેમના પુત્રે ત્રિભુવનની રચના કરી, અને અમરાપુરી જેવા હસ્તિનાપુર નગરનું નિર્માણ કર્યું, તેના નગરમાં પરમેશ્વરના અવતાર સમાન શાંતિનાથ જિનેશ્વર થયા. તે પાંચમા ચક્રવર્તી ગણાય છે. તેના કુળમાં શાન્તનુ જન્મ્યા. તે બળવાન, ભડવીર અને દાનવીર હતા.

એક દિવસ તેઓ શિકાર કરવા ગયા. શિકાર ન મળતાં દૂર વનમાં ગયા. ત્યાં તેણે જોયું કે કોઈ હરણ-હરણી સાથે કેલિ-રતિક્રીડા કરતું હતું. જ્યારે બાણ સાધીને રાજા શિકારની પાછળ પડ્યો ત્યારે તેણે નારીનું રૂપ ધારણ કર્યું. એટલે રાજાએ પૂછ્યું કે, 'હે શશિવર્ણી ! તું શા માટે આ વનની નિવાસી છો ?' કંચનવર્ણી હરણી કહેવા લાગી.

ત્યારે એ મહાસતી ગંગા બોલી : 'જે અમારાં વચન સાંભળશે તે વીર અમારી સાથે લગ્ન કરશે.' એટલે પછી તે રાજાએ જહનુ કન્યા ગંગા સાથે લગ્ન કર્યાં. લગ્ન કરીને તે પોતાને ઘેર આવ્યો. ગંગાની કૂખે પુત્રનો જન્મ થયો. તે વિદ્યાવાન અને ગુણસંપન્ન હતો. તેને બોતેર કલાઓનું જ્ઞાન હતું. ગંગાના નામ પરથી તેનું નામ ગાંગેય પડ્યું. તેની કીર્તિ બીજના ચંદ્રની જેમ પ્રતિદિન વધતી ગઈ.

રાજા રોજ રોજ શિકાર કરવા જતો. તેથી રોષે ભરાયેલી રાણી તેને ના કહીને મનાઈ ફરમાવવા લાગી, પણ રાજા ન માન્યો ત્યારે દુઃખી મનવાળી ગંગા પુત્રને લઈને પોતાના પિયરમાં ગઈ. તેણે પુત્રને ધનુષ્યકલાનું જ્ઞાન આપ્યું. તેને જીવદયાના પાઠ ભણાવ્યા અને ચારણમુનિઓ પાસેથી બોધ સંભળાવ્યો. સાચે જ જિનધર્મ માર્ગ જાણવા જેવો છે. તેથી વૈરાગ્યની ઉત્પત્તિ થાય છે. ગંગાપુત્રના મનમાં આ વાત વસી ગઈ. ઠસાઈ ગઈ.

જ્યારે ચક્રવર્તી રાજા શાન્તનુ શિકાર ખેલવા નીકળી પડ્યા ત્યારે તેમણે મન મૂકીને ઘૂમી લીધું અને એથી પુત્રને લઈને ગંગા પિયર ચાલી ગઈ હતી તેનું રાજાને બહુ દુઃખ હતું.

**ઠવણી-૨**

વનમાંથી પાછા વળતાં તેને ગંગાનાં દર્શન થયાં. તેણે મનમાં શિકારની નિંદા કરી. પછી રાજા શિકાર કરીને પાછા ફરતાં કોલાહલ સાંભળ્યો. લોકો વિમાસણમાં પડ્યા. ભાગાભાગ થઈ. વનમાં શિકારીઓ આવી ચડ્યા. બાલ

ગંગાપુત્રએ ખભે ભાથું લટકાવી હાથમાં ધનુષ લઈ તે રાજા પાસે પહોંચ્યો. રાજાને પ્રણામ કર્યા અને વિનંતી કરી. તેની વાણી સાંભળી રાજાએ કહ્યું : 'બાળક અમારો સાચો રખવાળ છે.'

જેટલી ભૂમિ છે તેટલી ભૂમિનો તું રાજા છે. તેટલું તારું શાસન છે. વિકરાળ રૂપ ધારણ કરેલા ગંગાપુત્રે જીવહિંસા કરનારા શિકારીઓ સામે ઘમસાણ મચાવ્યું. આ બધું જોઈને ગંગારાણી ત્યાં આવી. બન્નેની પરસ્પર પિતા-પુત્ર તરીકે ઓળખાણ કરાવી. ગંગારાણી અને રાજાને પુત્રનું પરાક્રમ જોઈ આનંદ થયો. રાજાએ હથિયાર હેઠે મૂકી પુત્રને આલિંગન કર્યું. રાજા કહેવા લાગ્યો: 'હે પુત્ર! હવે પૃથ્વી પર તું મારો આધાર બન્યો છે. હે ગંગા ! આ રાજા તમારો પુત્ર એના માટે તું શું વિચારે છે. પુત્રએ માતાને ઘણું સમજાવી. પિતા-પુત્ર બંને આનંદથી મળ્યા. શાંતનુ રાજા ગંગાને મૂકીને પુત્ર સાથે રાજ્યમાં પાછા વળ્યા અને પૃથ્વી પર રાજ્ય કર્યું. ખૂબ આનંદ કર્યો.

**રાજા કહેવા લાગ્યો: 'હે પુત્ર! હવે પૃથ્વી પર તું મારો આધાર બન્યો છે. હે ગંગા! આ રાજા તમારો પુત્ર એના માટે તું શું વિચારે છે. પુત્રએ માતાને ઘણું સમજાવી. પિતા-પુત્ર બંને આનંદથી મળ્યા**

એક દિવસે શાન્તનુ રાજા એક સ્થાને પહોંચ્યો ત્યાં યમુનામાં જલક્રીડા કરતી એક બાળાને જોઈ. તે અત્યંત સુંદર હતી. રાજાએ નાવિકને પૂછ્યું : 'આ નાવમાં બેઠેલી કોણ છે ?' નાવિક રાજાને પ્રણામ કરીને કહે છે : 'આ અમારા કુળનો શણગાર છે અને હજુ એ કુંવારી છે. એને માટે કોઈ વર મળ્યો નથી. એના જીવનને સફળ કરો.'

રાજાએ તે બાળાની માગણી કરી ત્યારે નાવિક વિચાર કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે, 'તમારા ઘરમાં તો ગંગાપુત્ર છે. મારી દીકરી તમારા ઘરમાં આવે તો દુઃખી થાય.' શાંતનુ રાજાએ આ વાત પુત્ર ગંગાપુત્રને કરી. અને કહ્યું: 'મારી ઈચ્છા તે માછીમારની પુત્રીને મેળવવાની છે તે ન મળે ત્યાં સુધી હું દુઃખી રહીશ. માછીમાર નાવિકે શરત મૂકી કે તમારો પુત્ર પ્રતિજ્ઞા કરે કે તે આજીવન કુંવારો રહે.'

મંત્રીઓને બોલાવ્યા અને માછીમાર નાવિકના ભ્રમને દૂર કર્યો. દેવાધિદેવ સહુની સાક્ષીએ ગંગાપુત્રે પ્રતિજ્ઞા લીધી - 'હું આજન્મ લગ્ન કરીશ નહિ.' ભીષ્મપ્રતિજ્ઞાથી સૌ પ્રસન્ન થયા. શાંતનુ રાજાને ઘેર સત્યવતી નામધારી પત્ની તરીકે રહી પછી વસ્તુની અંતર્ગત સત્યવતીની જન્મકથા વર્ણવાઈ છે.

**ઠવણી-3**

શાંતનુચરિત્ર પછી કથામાં હવે પાંડવ-કૌરવચરિત્ર આરંભાય છે. સૌએ નેમિનાથને પ્રણામ કર્યા, મા અંબાને પ્રણામ કર્યા. પાંડવોના ચરિત્રને પ્રણામ કર્યા. હસ્તિનાપુરમાં કુરુનંદન, સંતપુરુષ શ્રેષ્ઠ મહાપુરુષ શાંતનુ રાજા થયો. તેના ઘરમાં ગંગાપુત્ર અને સત્યવતીએ સ્થાન પ્રાપ્ત કર્યું. સત્યવતીએ બે પુત્રોને જન્મ આપ્યો. તે સારા લક્ષણવાળા અને રૂપવાન હતા. તેમાં પ્રથમ પુત્ર બાળપણમાં જ કર્મદોષને કારણે વિવર્ણ હતો અને મરણ પામ્યો. વિચિત્રવીર્ય નામનો બીજો પુત્ર બહુગુણસંપન્ન હતો. જ્યારે રાજા શાંતનુનું મૃત્યુ થયું ત્યારે ગંગાપુત્ર ભીષ્મે પોતાના નાના ભાઈને રાજ્યસિંહાસને બેસાડ્યો.

કાશીરાજના ઘરમાં ત્રણ કન્યાઓ હતી : અંબિકા, અંબાલા અને અંબા. તેમને પરણાવવા માટે કાશીરાજે સ્વયંવરનું આયોજન કર્યું. ગંગાપુત્રને રોષ થયો અને વણતેડાવ્યો સ્વયંવરમાં આવી ચડ્યો. તેણે યુદ્ધમાં વિજય મેળવી અને ત્રણે બાળાઓને હસ્તિનાપુર લઈ આવ્યો. મોટા ઉત્સવનું આયોજન કરીને ભાઈનાં લગ્ન કરાવ્યાં. અંબિકાનો જે પુત્ર થયો તે આંખે આંધળો હતો. એનું નામ ધૃતરાષ્ટ્ર. અંબાલાને જે પુત્ર થયો તે પાંડુ અને અંબાને જે પુત્ર થયો તેનું નામ વિદુર હતું. જગતમાં ત્રણેય પ્રસિદ્ધ થયા. તેમાં વિચિત્રવીર્ય રાજાએ પાંડુને સિંહાસન પર બેસાડ્યો. પાંડુને કુંતીનાં દર્શન થયાં. પાંડુ તેના પર મોહિત થયો. અંધકવૃષ્ણિ નામે રાજાને દસ દીકરા અને કુંતા દેવી નામની એક દીકરી હતી. તે વણતેડાવી પાંડુ રાજા પાસે ગઈ. તેણે પોતાની સખીઓને બોલાવી ત્યાં આનંદ કર્યો. ગુપ્ત રીતે લગ્ન કરી લીધાં. તેથી પુત્ર થયો એને રત્નમણિ સાથે પેટીમાં રાખીને નદીમાં વહેતો મૂકી દીધો. પાછળથી બંનેનાં લગ્ન થયાં. પછી ત્યાં મદ્ર દેશના રાજાની રાજકુમારી



માદ્રી આવી પહોંચી. તેણે પણ પાંડુ સાથે લગ્ન કર્યાં. કુંતી તેમજ માદ્રી બંને સખીભાવથી રહેવા લાગી.

ગાંધાર દેશનો સબલ નામે રાજા થયો. તેને આઠ પુત્રીઓ હતી. તેમાં ગાંધારી પ્રથમ હતી. તેણે અંધ ધૃતરાષ્ટ્ર સાથે લગ્ન કર્યા અને ગર્ભ ધારણ કર્યો. કુલદેવીની કૃપાથી બીજી સ્ત્રીઓએ પણ ગર્ભ ધારણ કર્યો.

**ઠવણી-૪**

સૌથી પહેલાં કુંતાદેવીએ પાંચ પ્રભાવશાળી પુત્રોને પ્રાપ્ત કર્યા. તે બધા સુંદર અને પુણ્યશાળી હતા. પુષ્ય નક્ષત્રમાં દેવ સમાન યુધિષ્ઠિરનો જન્મ થયો. તે ધર્મરાજાનો પુત્ર સત્યશીલ અને વિવેકી હતો. ત્યાર પછી પવનપુત્ર ભીમનો જન્મ થયો. તે વજ્રસમાન અને મહાબળવાન હતો. તે પછી ઇંદ્રપુત્ર અર્જુનનો જન્મ થયો. તે મહાન બાણાવળી હતો. ત્યાર પછી માદ્રીને નકુળ અને સહદેવ બે જોડિયા પુત્રનો જન્મ થયો. માદ્રીના બંને પુત્રોને કુંતીને સોંપી દીધા. પાંડુના પાંચ પુત્રો આનંદથી રહેવા લાગ્યા.

**પાંચે પાંડવો ચંદ્રની જેમ વૃદ્ધિ પામવા લાગ્યા અને તેમના ગુણોની પ્રશંસા થવા લાગી. ઉત્સવમાં ભીમ અને દુર્યોધન વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ. ભીમે દુર્યોધનને બાંધી દીધો**

ગાંધારીદેવીએ ત્રીસ દિવસે દુર્યોધન જેવા સંસારી પુત્રને જન્મ આપ્યો. તે ખૂબ અભિમાની હતો. તે હસ્તિનાપુરને પોતાનું કરવા માગતો હતો. તે ધનુષ્ય ચડાવીને ભૂમિ પર ફરવા લાગ્યો. દેવોએ આ પુત્રોના જન્મનો ઉત્સવ ઊજવ્યો. બાળકોએ નૃત્ય કર્યું. ઢોલ-નગારાં વાગવા લાગ્યાં. પૃથ્વી પર આનંદ છવાયો. પણ દુર્યોધન કૌતુક અને કૂડાં પ્રપંચ કરવા લાગ્યો.

કેટલાક દિવસો પછી રાજાએ પર્વત પર એક ઉત્સવ રાખ્યો. બાળકોનું ગુણગાન થયું. પાંચે પાંડવો ચંદ્રની જેમ વૃદ્ધિ પામવા લાગ્યા અને તેમના ગુણોની પ્રશંસા થવા લાગી. ઉત્સવમાં ભીમ અને દુર્યોધન વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ. ભીમે દુર્યોધનને બાંધી દીધો. દુર્યોધનને રોષ ચડ્યો. તે બોલ્યો : 'હે ભીમ ! તું મારો ભાઈ છે પણ હું તને



ખબર પાડીશ.' દુર્યોધનની કર્ણની સાથે મિત્રતા થઈ. તે રાધાપુત્ર તરીકે જાણીતો હતો. આ બધા રાજકુમારોનો દ્રોણાચાર્ય સાથે ભેટો થયો. તેમણે દ્રોણાચાર્યને પ્રણામ કર્યા. કૂવામાં પડેલો દડો દ્રોણાચાર્યે કૂવામાંથી કાઢી આપ્યો તેથી રાજકુમારોએ દ્રોણાચાર્યને પોતાના ગુરુ માન્યા અને તેમની પાસેથી શસ્ત્રોનું અને શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

બાણવિદ્યા શીખતાં બે વીરપુરુષો ભેગા થયા. તેમાં એક હતો પાંડુપુત્ર અર્જુન અને બીજો હતો રાધાપુત્ર કર્ણ.

ઉત્સવમાં રમતાં રમતાં ભીમે કૌરવોને બરાબરના ભીડવ્યા. તેથી દુર્યોધન રોષે ભરાયો અને દુર્યોધને કહ્યું : 'હે ભીમ! તું મારો ભાઈ છે અને મને પછાડે છે પણ હું તને છોડીશ નહિ.' દુર્યોધને ભોજનમાં ભીમને ઝેર આપ્યું પણ તેની કોઈ અસર થઈ નહિ. તે વખતે રાજાનો સારથિ અતિરથ આવ્યો. ત્યારે રાધાપુત્ર કર્ણ પણ વિદ્યા માટે આવતો. તેણે દ્રોણાચાર્યને પ્રણામ કર્યા. તેને દ્રોણે કૂવામાંથી દડો કાઢવાની વિદ્યા આપી. ધનુર્વિદ્યામાં બે શિષ્યો પારંગત હતા - એક અર્જુન અને બીજો કર્ણ. પણ જેણે સતત ગુરુની આરાધના કરી અને ગુરુ પ્રત્યે એકનિષ્ઠ ભક્તિ રાખી તે એકલવ્યને પણ બાણવિદ્યામાં સિદ્ધિ પ્રાપ્ત થઈ.

એક દિવસ ગુરુ બાણવિદ્યાની પરીક્ષા કરવાના હતા, તે દિવસે બધા રાજકુમારો તૈયારી કરવા લાગ્યા. પરસ્પર એકબીજાને શીખવવા લાગ્યા. દ્રોચાચાર્યે પરીક્ષા કરવા માટે એક લક્ષ્ય બાંધ્યું અને ગુરુએ બધાને છોડાવવા માટે સાદ કર્યો. એકલો અર્જુન ધનુષ્યબાણ લઈને જલદીથી દોડતો ગયો અને ગુરુને મુક્ત કર્યા. તેથી ગુરુજીએ પ્રસન્નતા વ્યક્ત કરી.

**ઠવણી-૫**

એક સમયે રાજાએ ગુરુને વિનંતી કરી. બધા પગ લંબાવીને બેઠા છે. ત્યારે હું કુમારો માટે એક નવો અખાડો બનાવડાવું છું. જેમાં પુત્રોને રમતની નવી નવી રીતો શિખવાશે. વિદુરે તેની જાહેરાત કરી અને તેને જોવા માટે દશેય દિશાઓમાંથી લોકો આવ્યા. એક થાંભલા પર મંચ ઊભો કરવામાં આવ્યો. રાજા અને રાણી બધાં તેમને જોવા માટે આવ્યાં. સૌથી પહેલાં ગંગાપુત્ર ભીષ્મ આવ્યા, પછી વિદુરજી, કૃપાચાર્ય તે બધા મંચ પર ચડ્યા. જેમ ચંદ્ર શોભે તેમ શોભવા લાગ્યા. રાજપુત્રોમાં કેટલાક તલવારના દાવ, ઘોડેસવારી, ચક્ર ચલાવવાનું કે છૂરી ચલાવવાનું તો ભાલાદાવ અને પડતાં હથિયારોને ઝાલવાના દાવ કર્યા. સૌથી પહેલાં ધર્મપુત્ર યુધિષ્ઠિર કે જેમને કોઈ શત્રુ નથી. તે

પછી ભીમે ગદા ફેરવવા માંડી અને દુર્યોધને તેનો સામનો કર્યો. દ્રોણગુરુએ અર્જુનને ઉઠાડ્યો. તેણે કર્ણની સામે જંગ કર્યો. તેમાં કર્ણે ચક્રવેધ કરી બતાવ્યો. અર્જુનને રોષ ચડ્યો. બંને વચ્ચે ઘોર યુદ્ધ થયું. તે જોવા દેવી-દેવતાઓ આવ્યાં. બંને હાંફવા લાગ્યા, બેબાકળા થઈ ગયા. ધરતી ગાજવા લાગી. કોણ જીતશે, કોણ હારશે ? કાયરોનાં હૈયાં ધડકવા લાગ્યાં. સંતોના મનમાં ઉચાટ થવા લાગ્યો. ઘડીકમાં મોટા, ઘડીકમાં નાના, ક્યારેક ખુશ થાય કયારેક રીસે ભરાય. પાંડવો દ્રોણને વીંટળાઈ ગયા. અર્જુને કર્ણને અકુલીન કહ્યો. કર્ણે કુળનું અભિમાન ન કરવા કહ્યું. પોતાનાં વખાણ કરે તે જ નીચ કુલનું પ્રમાણ છે. ત્યાં અતિરથ સારથિ આવ્યો અને કર્ણના રાજવંશની જાણ કરી. ગંગામાંથી રત્નજડિત ટોપલી મળી આવી. કુંડળ સાથેનો સુંદર બાળક મળી આવ્યો તે અમારો કર્ણ છે. કર્ણ નિરુત્તર હતો. કુંતીએ આ ગુપ્ત વાત કર્ણને કયારેય કરી ન હતી. દુર્યોધને કર્ણને રાજ્ય આપ્યું, તેથી એ બંને પાંડવોના શત્રુ થયા. દ્રોણગુરુએ અખાડામાં બંનેની પરીક્ષા કરી અને કહ્યું, 'બંને વીર છે.'

હવે એક બીજા પ્રસંગે રાજ્યમાં દૂત આવ્યો. તેણે પ્રણામ કરીને વિનંતી કરી. દ્રુપદ રાજાની દીકરીને કોઈ વીરપુરુષ પરણશે. દ્રુપદ રાજાની પુત્રી કુંવારી છે. તેના જેવી સ્વરૂપવાન જગતમાં કોઈ અન્ય નારી નથી. ત્યાં સ્વયંવરમાં આઠ ચક્ર અને છ થાંભલાનો બનેલો એક સ્તંભ છે. તેની વચ્ચે એક પૂતળી ફરે છે. તેની આંખ વીંધે તે દ્રૌપદી સાથે લગ્ન કરે.

**ઠવણી-૬**

પાંડુરાજા હસ્તિનાપુરથી સ્વયંવરમાં જવા નીકળ્યો. તારાઓનું વચ્ચેથી જેમ ચંદ્રને તેમ કન્યાને પ્રાપ્ત કરશે. ઢોલ-નગારાં વાગવા માંડ્યાં. જેવો રાજા પાંડુ ત્યાં પહોંચ્યો તો દ્રુપદ રાજાએ સામૈયું કર્યું. તકિયા, તોરણ અદિથી આગતા સ્વાગતા કરી. સોનાનો સ્તંભ મોતીના ચોકમાં મુકાવ્યો. કંકુ, ચંદન અને ઘેર ઘેર તોરણ બંધાવ્યાં. પાંડુરાજા પણ સજીધજીને ત્યાં પહોંચ્યો. તેની સાથે પાંચ પાંડવો પણ આવી ગયા. ઢોલ-નગારાં વાગવા માંડ્યાં. રાજકુમારોને મેડા પર બેસાડ્યા ત્યાં રાજકુમારી દ્રૌપદી આવી. તેણે અનેક શણગારો ધારણ કર્યા હતા. તેણે હાથમાં કંકણ, સુંદર પહેરણ, કાનમાં કુંડળ ધારણ કર્યાં હતાં. આવેલા રાજકુમારોમાંથી કોઈ આંખ વીંધી ન શકયું ત્યારે પાંડુએ આવી અર્જુનને ઉઠાડ્યો. અર્જુને જ્યારે ધનુષ્ય પર બાણ ચડાવ્યું ત્યારે પર્વતોનાં શિખરો ખખડવા લાગ્યાં. અર્જુનનો જય જયકાર થવા લાગ્યો. દેવ, પશુ-પંખી બધા આનંદિત થઈ ઊઠ્યાં અને દ્રૌપદીને જે અસંભવ લાગતું હતું તે સંભવિત થયું. દ્રૌપદીને એક નહિ પણ પાંચ પતિ પ્રાપ્ત થયા.

અર્જુને દ્રૌપદી સાથે મહોલ્લામાં પ્રવેશ કર્યો ત્યારે યુધિષ્ઠિર મનમાં લજવાઈ ગયા. એ સમયે એક ચારણમુનિએ કહ્યું: 'આ દ્રૌપદીના તપનો પ્રભાવ છે. ભાવિમાં જે હતું તે પ્રમાણે થયું છે. તેથી આ સાધ્વીને પાંચ પુરુષો સાથે સંબંધ થયો છે. કોઈએ વિચાર્યું ન હતું કે દ્રૌપદીને પાંચ પતિ થશે.' આ સાંભળીને પાંડવો સંતુષ્ટ થયા. તેમના ચાર મંગલ ફેરા થયા. જગતમાં જય જયકાર થયો. દ્રૌપદીના ગળામાં ફૂલોની માળા, તેનાં લોચન અતિ અણિયાળાં, તેની આંખોમાં કાજલ-આ બધાથી તેનો દેહ શોભી ઊઠ્યો. કુંતી અને માદ્રીને માથે મોડ ધરી પાંચેય ધનુષ્યધારી પાંડવો દ્રૌપદીની સાથે માંયરામાં બેઠા.

**અર્જુને દ્રૌપદી સાથે મહોલ્લામાં પ્રવેશ કર્યો ત્યારે યુધિષ્ઠિર મનમાં લજવાઈ ગયા. એ સમયે એક ચારણમુનિએ કહ્યું: 'આ દ્રૌપદીના તપનો પ્રભાવ છે. ભાવિમાં જે હતું તે પ્રમાણે થયું છે**

દ્રૌપદી પાંચ પાંડવોને પરણી, બધાં સપરિવાર હસ્તિનાપુર આવ્યાં. બીજા દિવસે નારદમુનિએ પાંડવોએ પાળવાના નિયમોનો આદેશ સંભળાવ્યો. એ મુજબ એક વખત આદેશનું પાલન ન થતાં અર્જુન વનમાં ગયો અને પુષ્કળ ધન ઘેર લાવ્યો. મણિચૂડને મદદ કરીને મિત્ર બનાવ્યો.

**ઠવણી-૭**

આ દ્રવ્યમાંથી તેણે નવો મહેલ બનાવ્યો. તેમાં સોનાના મણિમય સ્તંભવાળાં મોટાં બિંબ બનાવ્યાં. ભગવાન કૃષ્ણને બોલાવ્યા. દુર્યોધન પણ આવ્યો. બિંબમાં તેણે પોતાની પ્રતિમા જોઈ. આ અમારી પૃથ્વીને તેણે પોતાની બનાવી છે, ત્યારે સભાજનોએ દુર્યોધનની મજાક કરી. દુર્યોધને કપટ કરીને પાંડવોને જુગાર માટે બોલાવ્યા. વિદુરે તેમને વાર્યા પણ પાંડવો માન્યા નહિ. જુગારમાં તેમણે રાજપાટ ગુમાવ્યું. ભાઈઓને હારી ગયા. દ્રૌપદીને પણ હારી ગયા. તેનાં બધાં ઘરેણાં ઉતારી લીધાં.



તેના વાળ પકડીને ઘસડીને સભામાં લાવવામાં આવી. દુષ્ટ દુર્યોધન કહેવા લાગ્યો : 'હે દ્રૌપદી, તું મારા ખોળામાં આવીને બેસ.' તે જોઈ ગંગાપુત્ર ભીષ્મ દુર્યોધનનો ત્યાગ કરીને કહેવા લાગ્યા : 'પાંચ પાંડવ પણ મારો જ વંશ છે. તેમને બાર વરસનો વનવાસ અને તેરમો ગુપ્તવાસ. પાંચ પાંડવો અને છઠ્ઠી દ્રૌપદી વનમાં ગયાં.

દ્રોણાચાર્ય, વિદુર અને ગંગાપુત્ર ભીષ્મ ઘણા દુઃખી થયા. દુર્યોધનની આ અધમતા હતી. ઘરના જ લોકોને તેણે કાઢી મૂક્યા. દ્રૌપદી સાથે પાંડવો વન સિધાવ્યા.

**ઠવણી-૮**

માતાની આજ્ઞા લઈને પાંચ પાંડવોએ વનગમન કર્યું. પોતપોતાનાં ઘર અને પિયરમાં સગાંવહાલાંની વ્યવસ્થા કરી. માતાઓ કુંતી અને માદ્રી તેમના પિયરમાં ગઈ. દ્રોણાચાર્ય હથિયાર લઈને પિતામહની પાસે ગયા. કુંતા વગેરેએ આંસુ વહાવ્યાં. અંબા, અંબાલી, અંબિકા પિયર ગયાં. કુંતી-માદ્રી નણંદો પાસે ગયાં. દુર્યોધને સૌને પોતાના ઘરમાં રહેવા સમજાવ્યા.

રાજા શ્રીકૃષ્ણ કુંતીને મળવા માટે આવ્યા. બળદેવ સુભદ્રાને લઈને નીકળી ગયા. પછી પુરોચન નામનો પુરાહિત દુર્યોધનની પાસે આવ્યો. તેણે દુર્યોધનને પ્રણામ કર્યા. તેણે દુર્યોધનને કહ્યું : 'હું વારણાવતમાં નિવાસ કરીશ. પછી કપટ કરીને પાંડવોને ત્યાં લઈ જઈશ અને એમને સળગાવી નાખીશ.' વિદુરને આ યોજનાની જાણ થતાં પાંડવોને આગાહ કર્યા કે, બધા પાંડવોનો એક સાથે સંહાર કરવાની યોજના છે. કાળી ચૌદશને દિવસે આ કાર્ય કરવાની યોજના છે. વિદુરે વારણાવત્ ભવનની પાસે એક સુરંગ તૈયાર કરાવી. નવા લાક્ષાગૃહ-આવાસમાં પાંચ પાંડવ, કુંતી અને દ્રૌપદી રહેવા આવ્યાં. સૌને ભવન જોઈ આશ્ચર્ય થયું. જ્યારે પુરોહિતે રાત્રે લાક્ષાગૃહ ભવનને આગ લગાડી. આ બધું જોઈને કૌરવો આનંદ પામ્યા. પાંચ પુત્રો સાથે અન્ય કોઈ વૃદ્ધા સળગી ગઈ. પાંડવ પરિવાર સુરક્ષિત રહ્યા અને સુરંગ વાટે નીકળી ગયા.

નસીબને કોઈ પાપ નથી, કોઈ પુણ્ય નથી. સંતાપ સાંભળીને જેમ કોઈ પુણ્ય વિનાનો રડે. દુર્યોધનના કપટથી છૂટેલા પાંચેય પાંડવો વનમાં ફરતા ભયાનક દુઃખોને સહન કરે છે, વનમાં ભૂલા પડે છે.

**ઠવણી-૯**

નિયતિને-દૈવને ધિક્કાર છે. આ દૈવનો જ પ્રભાવ છે કે પાંચે પાંડવો વનવાસી બની ગયા. તે જીવતા છે એમ જાણીને દુર્યોધન તેમને માટે કોઈ પણ કપટજાળ તો નથી રચી રહ્યો ને ? તે વિચારથી પાંડવો ચિંતા કરવા લાગ્યા. સાસુ-વહુ વનમાં ચાલતાં ચાલતાં થાકી ગયાં છે. કુંતીને ખભા પર બેસાડી અને દ્રૌપદીને પણ. જ્યારે પૃથ્વી ઉપર સૂરજ ઊગ્યો ત્યારે વનમાં પહોંચ્યાં. પાણીને માટે વનમાં આમતેમ ભટકવા લાગ્યાં. ભીમ પાણી લઈને આવે છે ત્યારે એક અસંભવ એવા કદની બાળાને જુએ છે. પછી તે બાળા વિકરાળ દેખાય છે. તે બાળા કહે છે : 'સાંભળો, મારું નામ હિડિંબા છે. રાક્ષસ હિડંબની બેન છું.' હિડંબે વાત જાણી ત્યારે તેણે કહ્યું : 'કોઈ માણસ આવ્યું છે. હું ઉપવાસી છું તો મને પારણું કરાવો.' રાક્ષસી ભીમને કહેવા લાગી : 'હે પાંડવરાય ! હું પ્રણામ કરીને કહું છું કે મારી તમારી સાથે લગ્ન કરવાની ઈચ્છા છે. તમારા ઉપર હું ઘણા ઉપકાર કરીશ.' એટલામાં રોષે ભરાયેલો હિડંબ રાક્ષસ ત્યાં આવી પહોંચ્યો અને ભીમની સાથે યુદ્ધ કરવા માટે લલકારવા લાગ્યો. ભીમ કહેવા લાગ્યો : 'હે રાક્ષસ, તું અમારામાંથી કોઈને મારીશ તો તારો કાળ નજીક આવી જશે.' બંનેને યુદ્ધ કરતા જોઈ હિડિંબા કહેવા લાગી : 'હે માડી ! યુદ્ધ રોકો.' પણ ભીમે અને અર્જુને મળીને રાક્ષસને હરાવી દીધો.

**નસીબને કોઈ પાપ નથી, કોઈ પુણ્ય નથી. સંતાપ સાંભળીને જેમ કોઈ પુણ્ય વિનાનો રડે. દુર્યોધનના કપટથી છૂટેલા પાંચેય પાંડવો વનમાં ફરતા ભયાનક દુઃખોને સહન કરે છે, વનમાં ભૂલા પડે છે**

હવે હિડિંબા બધાંની સાથે વનમાં ચાલવા લાગી. કુંતી અને દ્રૌપદીને તેણે પોતાના ખભા પર બેસાડી લીધાં. કુંતીને તરસ લાગી ત્યારે હિડંબ જળ લઈને આવ્યો. એક દિવસ ભોળી દ્રૌપદી રાક્ષસીને નીરખી નીરખીને જોવા લાગી.

**ઠવણી-૧૦**

વાઘ, સિંહ, હાથી નજરે પડે તેમની સાથે રાક્ષસી સામનો કરે. રાત પડતાં જાતે રડે. વળી વળી નમીને ભૂમિને



વંદન કરે. દ્રૌપદીની પાસે વારંવાર રાક્ષસી આવે. તે જોઈ દ્રૌપદીને તેના પ્રત્યે માન ઊપજે. ભીમસેનના ગળામાં માળા પહેરાવી તે બાળ રાક્ષસીને પરણાવી. પછીથી તે પાંચેય પાંડવો સાથે જ રહેવા અને ફરવા લાગી. પાંડવો એકચક્રપુરી ગામે પહોંચ્યા. અહીં દેવશર્મા નામના બ્રાહ્મણને ઘેર રહ્યાં. હિડિંબા પણ બ્રાહ્મણના વેશમાં પાંડવો સાથે રહેવા લાગી. ત્યાર પછી કુંતીએ વધૂ હિડિંબાને બોલાવીને કહ્યું : 'અમે અહીં દુઃખી વેશમાં રહીએ છીએ. હવે તું તારા રાજમાં જા. અમે જ્યારે યાદ કરીએ ત્યારે તું અમારે માટે પાછી આવજે.' થાપણનું રક્ષણ કરી વનમાં ઘણું ફરી, બધાંને નમસ્કાર કરીને હિડિંબા પોતાના રાજમાં ગઈ અને રાજ્યની સ્વામિની બની.

બીજે દિવસે બ્રાહ્મણ કુટુંબ સહિત વિનંતી કરી રડવા લાગ્યું. ભીમે પૂછ્યું : 'ઓચિંતું શું થયું ? શું દુઃખ છે ?' બ્રાહ્મણે કહ્યું : 'આ અમારી ગામની વ્યવહારુ નીતિ છે કે અહીં બકાસુર નામનો રાક્ષસ રહે છે તેની સાથે શરત પ્રમાણે દરરોજ કુટુંબનો એક માણસ વારા પ્રમાણે તેના આહાર માટે જાય. આજે મારો વારો છે. આજે હું છૂટીશ નહિ.' ત્યારે ભીમે બ્રાહ્મણને બદલે જવાનું નક્કી કર્યું અને બકાસુરનો વધ કર્યો.

**ભીમને ક્રોધ ચડ્યો અને કહેવા લાગ્યો : 'તું ધીરજ રાખ મારું વચન છે કે હું તેનો અંત લાવીશ.' સાચું વચન તો જૈનધર્મમૂલક છે કે તને ભવસાગર પાર કરાવશે**

ગામમાં બકાસુરના વધની વાત બધે ફેલાઈ. આ કેવી રીતે બને ? પાંચ પાંડવો બ્રાહ્મણ વેશે જીવતા છે એ વાત છાની ન રહી. તે વાત દુર્યોધન પાસે પહોંચી. આ કારણે પછીથી તે બધા રાત્રે ગુપ્તવેશે દ્વૈતવનમાં જઈને રહેવા લાગ્યા. પુરુષ પ્રિયંવદુએ વિદુરજીને બકાસુરના વધની વાત કરી. પ્રણામ કરીને મંત્રીએ દુર્યોધનને વિનવણી કરી. દુર્યોધન અને કર્ણ વનમાં આવશે. એ સાંભળી પાંચાલી કહેવા લાગી : 'આપણું રાજ્ય પડાવી લઈને હવે તેઓ સુખેથી રહે છે.' પાંચાલી મનમાં દુઃખી થઈ શરમ છોડીને કહેવા લાગી : 'તમે પાંચે કંઈ કરી શક્યા નહિ. રાજ્ય પડાવી લીધું. દુઃશાસને મારા વાળ પકડીને મને ઘસડી. નાનપણમાં જ હું શા માટે મૃત્યુ ન પામી અને તમારી પત્ની બની.' ત્યારે ભીમને ક્રોધ ચડ્યો અને કહેવા લાગ્યો : 'તું ધીરજ રાખ મારું વચન છે કે હું તેનો અંત લાવીશ.' સાચું વચન તો જૈનધર્મમૂલક છે કે તને ભવસાગર પાર કરાવશે. ગંધમાદન પર્વત પર શિકારીઓથી ઘેરાયેલું એક હરણ, સુવર, ભૂંડ દોડતું દોડતું આવ્યું.

**ઠવણી-૧૧**

સુવરને જોઈ અર્જુને સરસંધાન કરી બાણ ફેંક્યું, તે જ સમયે પારધી વનેચરે પણ સુવર પર બાણ ફેંક્યું. અર્જુન અને વનેચર વચ્ચે વિવાદ થયો. એક બાણ માટે બે જણા વિવાદે-યુદ્ધે ચડ્યા. ત્યારે ઈશ્વરે બંનેની પરીક્ષા કરી. યુદ્ધમાં અર્જુન પાસે હથિયાર ખૂટી પડ્યાં. બંને એકબીજાને મારઝૂડ કરવા લાગ્યા. અર્જુને તે બધું સહન કર્યું ત્યારે શિવ પ્રસન્ન થયા અને વરદાન માગવા કહ્યું. વનેચરે કહ્યું : 'આ ઈન્દ્રનું વન છે. ઈન્દ્રએ ઘણા રાક્ષસોનો વધ કર્યો હતો. ઈન્દ્રનું વચન છે કે જે અહીંના દાનવોનો વધ કરશે તેને શ્રેષ્ઠ વરદાન મળશે.' તે સાંભળી અર્જુન આનંદિત થયો અને રથ પર ચડી તેણે બધા દાનવોને લલકાર્યા. પછી તેણે દાનવોનો પણ વિનાશ કર્યો એ ઈન્દ્રની ઉપર ઉપકાર કર્યો. ઈન્દ્રલોકમાં જય જયકાર થયો. ઈન્દ્ર પ્રસન્ન થયો અને તેણે અર્જુનને કવચ અને હથિયાર આપ્યાં. ચિત્રાંગદને ધનુર્વેદનું જ્ઞાન આપ્યું. પછી એક ભારે અપૂર્વ ઘટના બની. દ્રૌપદીએ એક સુવર્ણકમળ જોયું. તે મેળવવાની ઈચ્છા થતાં દ્રૌપદીને, સુવર્ણકમળ લાવી આપવા માટે ભીમે એ સરોવરમાં પ્રવેશ કર્યો. પછી ભીમને ન જોતાં અર્જુને સરોવરમાં ઝંપલાવ્યું. પછી નકુલ અને સહદેવ બંને જણા પણ પાણીમાં ડૂબ્યા. ત્યારે રાજા યુધિષ્ઠિરે હિડિંબાનું સ્મરણ કર્યું. હિડિંબા ભીમથી પોતાની કૂખે અવતરેલા પુત્ર ઘટોત્કચને લઈને આવી. પછી તેણે તેમાં પ્રવેશ કર્યો ત્યારે બધા સજીવ થયા. રાણી દ્રૌપદી અને કુંતી બંને ધ્યાન ધારણ કરી સહજ રીતે નવકારમંત્રનો જાપ કર્યો. બીજા દિવસે એક પુરુષ આવ્યો. માડીએ નમન કર્યાં અને તેની પાસે પુરુષચરિત્ર કહેવડાવ્યું. એક મુનિને કેવળજ્ઞાન થયું અને ઈન્દ્રનું વિમાન આવ્યું. પછી ઈન્દ્રનું આગમન થયું અને એણે પાંડુપુત્રને હથિયાર આપ્યાં.

નાગપાશથી છોડાવી પાંડવોએ નાગરાજને વીંધી નાખ્યો. અર્જુન સાથે ઝઝૂમતા શંખચૂડની સાંનિધ્યમાં પાંચે વિદ્યા સિદ્ધ કરી. પછી અર્જુને દુર્યોધનને ચિત્રાંગદ ગાંધર્વ પાસેથી છોડાવ્યો.

**ઠવણી-૧૨**

પછી દુર્યોધન યુધિષ્ઠિર પાસે ગયો. પ્રણામ કર્યા અને દુર્યોધને રજા લીધી ત્યારે તેની સાથે જયદ્રથ પણ પાછો વળ્યો. ત્યારે કુંતીએ તેને જમવાનું નિમંત્રણ આપ્યું. પણ દુષ્ટ જયદ્રથ દ્રૌપદીને કપટ કરીને તેની સાથે લઈ ગયો. ત્યારે ભીમ અને અર્જુને તે દુષ્ટને યુદ્ધ કરીને પરાજિત કર્યો અને જયદ્રથને બંદીવાન બનાવ્યો.

ત્યારે નારદ ઋષિ આવ્યા અને દુર્યોધનને ઠપકો

આપ્યો. નારદે પાંડવોને બધું રહસ્ય સમજાવ્યું. આ બધું કારસ્તાન-કપટ-કૃત્યાનું હતું. પાંડવોના કાર્યને વિફળ કરવા માટે તેણે કપટની રચના કરી હતી. નારદના કહેવાથી પાંડવોને આ વાત ધ્યાનમાં આવી. તેમણે પંચમરમેષ્ઠીનું ધ્યાન ધર્યું. કૃત્યાની સાથે તેનું સૈન્યદળ-કટક લડવા આવ્યું. પાંડવોએ તેમનો સામનો કર્યો. અર્જુને બધા સૈન્યને પરાજિત કર્યું. કૃત્યા પર વિજય મેળવ્યો અને પાંચે પાંડવો સજીવન થયા.

પાંચ પાંડવો વિચારવા લાગ્યા : 'કોણ વીરપુરુષ આવ્યા ? કોણે તળાવમાં વિષ નાખ્યું ? કોણે દ્રૌપદીનું અપહરણ કર્યું ? ' દેવે કહ્યું : 'અમારી માયાથી આ કૃત્યા ઊભી કરી હતી.' એ જ ભોજન સમયે દ્રૌપદી થઈને રસોઈ કરી. માસખમણ પારણા વખતે નારદ ત્યાં પહોંચ્યા. પાંચે પાંડવોએ તેમને પ્રણામ કરીને અતિથિદાન આપ્યું. ત્યારે ઢોલ-નગારાં વાગ્યાં. ત્યારે વાચા થઈ કે, 'તમે મત્સ્ય દેશમાં જાઓ, ત્યાં રહો ને તમારા ગુપ્તવાસનું વર્ષ ત્યાં પસાર કરો.' પાંડવો બધા જુદા જુદા વેશ ધરી મત્સ્ય દેશમાં વિરાટ રાજાના નગરમાં ગયા. યુધિષ્ઠિરે કંકનો, ભીમે બલ્લવનો, અર્જુને હીજડાનો, નકુલે અશ્વ સોદાગરનો અને સહદેવે જોશીનો વેશ લીધો. સૌપ્રથમ તો તેમણે કીચકનો વધ કર્યો. બીજું તેમણે કૌરવો પાસેથી ગાયો છોડાવી. ત્રીજું રાજકુંવર ઉત્તરને વિજયી બનાવ્યો. આ રીતે પાંડવોનું વરસ પસાર થઈ ગયું. ઉત્તરાની સાથે અભિમન્યુનાં લગ્ન થયાં. કૃષ્ણે આવીને વિવાહ કર્યો. બધા કન્હડપુરી પહોંચ્યા.

**તેરમા દિવસે કૌરવોએ ચક્રવ્યૂહની રચના કરી. તે વખતે અર્જુન લડવા માટે દૂર વનમાં ગયો, ત્યારે પાછળથી એકલો અભિમન્યુ ચક્રવ્યૂહમાં પ્રવેશ્યો અને જયદ્રથે તેનો વધ કર્યો**

**ઠવણી-૧૩**

હવે પાંડવો તેરમા વરસનો ગુપ્તવાસ પૂરો કરીને પાછા આવ્યા અને પાંચ ગામની માગણી કરી. એ પાંચમાં ઈન્દ્રપ્રસ્થ, તિલપંથ, વારણાવત, પુરુદેશ ને પાંચમું હસ્તિનાપુર નગરની માગણી કરી ત્યારે કૌરવોએ કહ્યું : 'આ પૃથ્વીનું રાજ અમે અમારી શક્તિથી મેળવ્યું છે. તેમાંથી એક ટુકડો પણ તમને નહિ મળે.' ત્યારે શ્રીકૃષ્ણએ કહ્યું કે, 'ભીમનું બળ જોયું છે ? તેણે કીચકનો વધ કર્યો. બકાસુર અને હિડંબ જેવા રાક્ષસોને મારી નાખ્યા. અર્જુને તમારા નાના ભાઈને પણ બેથી ત્રણ વાર છોડાવ્યો.' પાંડવો વિદુર, કૃપાચાર્ય, દ્રોણાચાર્યને મળ્યા. કૃષ્ણ વિદુરને ઘેર ગયા અને તેમને મળ્યા. કૌરવો કોઈ નવું કપટ તો નહીં કરે ને ? તેવી ચિંતામાં પાંડવો પડ્યા. કર્ણે કહ્યું કે, 'હું દુર્યોધનને માટે પ્રાણ આપવા પણ તૈયાર છું. અમે અર્જુનનો રથ અટકાવીશું પછી જે થવાનું હશે તે થશે.'

**ઠવણી-૧૪**

વ્રત ધારણ કરીને વિદુર વનમાં ગયા. શ્રીકૃષ્ણ દ્વારિકા ગયા. જરાસંધનો દૂત આવ્યો. કાલયવનનો નાશ થયો. પાંચાલી પાંચાલ દેશ ગઈ અને સૌ તેની સાથે આવ્યા. ઈન્દ્રચન્દ્ર, ચંદ્રાપીડ, ચિત્રાંગદ, મણિચૂડ અને ઉત્તરકુમાર પણ આવ્યો અને બધા સાથે મળ્યા. સેનાની ધૃષ્ટદ્યુમ્ન આવ્યો. કુરુક્ષેત્રમાં પાંડવ પક્ષના સર્વે સૈનિકો યુદ્ધ માટે એકત્રિત થયા.

કૌરવોના સૈન્યમાં ભીષ્મ પિતામહ, કૃપાચાર્ય, દુર્યોધન અને શલ્ય એમ બધા મળ્યા. શકુનિ, દુઃશાસન, જયદ્રથ, ગુરુપુત્ર અશ્વત્થામા, ભગદત્ત અને જરાસંધ એકત્ર થયા. દુર્યોધન જરાસંધને પગે પડ્યો.

જ્યારે બંને સૈન્ય યુદ્ધ માટે સામસામે ભેગાં થયાં ત્યારે આકાશમાં ગડગડાટ થવા લાગ્યો. પૃથ્વી ધ્રૂજવા લાગી. સીમાડા સળવળ્યા અને પર્વતો ગબડવા લાગ્યા. શંખ વાગવા માંડ્યા. ઘોડાઓની ખરીઓથી ઊડેલી ધૂળ પૃથ્વી ઉપર છવાઈ ગઈ. ધનુષ્યની દોરીઓ ખેંચાવા લાગી. ઘનઘોર યુદ્ધમાં મસ્તક ધડથી જુદાં થવા લાગ્યાં. વીરપુરુષોના હાકલા પડકારાથી આકાશ મેઘાચ્છાદિત થવા લાગ્યું. સામંતો એકબીજાને પોતાનું કૌશલ દેખાડવા લાગ્યા. ગંગાપુત્ર ભીષ્મ બધાંને ભારે પડવા લાગ્યા. તેમણે આઠ દિવસ યુદ્ધ કર્યું ત્યારે શ્રીકૃષ્ણ વિચારમાં પડી ગયા. શલ્યની શક્તિથી ઉત્તરકુમારનો વધ થયો. તેમ ભગવાન શ્રીકૃષ્ણે શિખંડીની યુક્તિથી અર્જુને બાણ મારીને ભીષ્મપિતામહનો વધ કર્યો. અર્જુને બાણ મારીને ગંગા ઉત્પન્ન કરી અને ભીષ્મને પાણી પાયું. અગિયારમે દિવસે સેનાપતિ દ્રોણને ચિંતા થઈ. આજ પાંડવો કાંઈક કરશે. ભગદત્તે જ્યારે હાથીને છૂટો મૂક્યો તો હાથીએ સેનામાં ભાગદોડ મચાવી અને અર્જુન હાથી તરફ દોડ્યો અને હાથીને મારી નાંખ્યો. ત્યારે શ્રીકૃષ્ણ અને પાંડવો હરખ પામ્યા.

તેરમા દિવસે કૌરવોએ ચક્રવ્યૂહની રચના કરી. તે વખતે અર્જુન લડવા માટે દૂર વનમાં ગયો, ત્યારે પાછળથી એકલો અભિમન્યુ ચક્રવ્યૂહમાં પ્રવેશ્યો અને જયદ્રથે તેનો વધ કર્યો. એથી અર્જુનને ઘણો ક્રોધ ચડ્યો અને પ્રતિજ્ઞા કરીને તેણે જયદ્રથનો સૂર્યાસ્ત પહેલાં જ વધ કર્યો. ભૂરિશ્રવાનો પણ તેણે વધ કર્યો. ચૌદમે દિવસે સાત્યકીનો વધ કર્યો. દ્રોણાચાર્યે સેનામાં કાળો કેર વર્તાવ્યો, ત્યારે યુધિષ્ઠિરે

કપટપૂર્વકનું સત્ય વચન બોલીને દ્રોણાચાર્ય પાસે હથિયાર હેઠાં મુકાવ્યાં અને ધૃષ્ટધમ્ને દ્રોચાચાર્યનું મસ્તક છેદી નાખ્યું. પછી ભગદત્તનો વધ કયો.

હાથમાં તલવાર લઈને કર્ણે યુદ્ધનો આરંભ કર્યો. જાતજાતનાં શસ્ત્રોનો પ્રયોગ કર્યો. ત્યારે દશે દિશાઓ ધૂળથી છવાઈ ગઈ. ઢોલ-નગારાં વાગવા લાગ્યાં. દેવો યશોગાન કરવા લાગ્યા. ચીસાચીસ થવા લાગી. કિકિયારીઓ પડવા માંડી, શ્રીકૃષ્ણે કપટ કરીને કર્ણના રથના પૈડાને ધરતીમાં ખૂંપાવી દીધું. અર્જુને પોતાના બાણથી કર્ણનું મસ્તક છેદી નાખ્યું. તે પછી નકુળ અને સહદેવે શલ્ય અને શકુનિ બંનેને ખૂબ ઝડપથી હણી નાખ્યા. એટલે પછી ભયથી દુર્યોધન સરોવરમાં જઈને છુપાઈ ગયો. તેને સરોવરમાંથી બહાર કાઢ્યો. ભીમસેન સાથે દુર્યોધનનું ગદાયુદ્ધ થયું. ભીમસેનના ગદા પ્રહારથી દુર્યોધનની જાંઘ તૂટી ગઈ. કૃપાચાર્ય, કૃતવર્મા અને અશ્વત્થામાએ પાંડવો સાથે સંગ્રામ ચાલુ રાખ્યો અને રાત્રિના અંધકારમાં કપટ કરીને પાંડવોના પાંચેય પુત્રોનો વધ કર્યો. શિખંડીનો વધ કર્યો. આ બધાએ મળીને જે પાપ કર્યું એથી સદ્‌ગતિનો માર્ગ અવરોધાયો. શ્રીકૃષ્ણએ બધાને બોધ આપ્યો અને સર્વલોકના શોકનું નિવારણ કર્યું અને બધા સપરિવાર પોતાના નિવાસમાં પહોંચ્યા.

ક્રોધથી અભિભૂત અર્જુને અગ્નેયાસ્ત્રનો પ્રયોગ કર્યો. ચારે બાજુ આગ સળગી ઊઠી. શ્રીકૃષ્ણે સૌના ક્રોધનું નિવારણ કર્યું અને આનંદ કરતા કરતા બધા હસ્તિનાપુર આવ્યા.

**ઠવણી-૧૫**

શ્રીકૃષ્ણે પાંડવોના રાજ્યની સ્થાપના કરી. રાજા ધૃતરાષ્ટ અને ગાંધારીને મનાવી લીધાં. દ્રૌપદી હર્ષ પામી. જિનેશ્વરે પાંડવોની વીરતાનાં વખાણ કર્યાં. પરીક્ષિતને રાજગાદી સોંપી. ગણધર પાસે પાંચે પાંડવોએ વ્રત લીધાં. તેમણે પાંચેય પાંડવોના પૂર્વભવ વર્ણવ્યા છે. પાંચ પાંડવોએ જે વ્રત લીધાં તેમનાં નામ છે તેમાંથી એકે કરણાવલિ વ્રત કરવાનું તપ લીધું. બીજાએ રયણાવલિ તપનું વ્રત લીધું. ત્રીજાએ મુક્તાવલિનું વ્રત લીધું. ચોથાએ સિંહનિકી અને પાંચમાએ આંબલિય વર્ધમાનનું વ્રત લીધું. પછી તપ કરીને બધા શિવપુરીમાં ગયા. પછી નેમિ નિર્વાણે જાહેર કર્યું કે, પાંડવો શેત્રુંજય પર્વતતીર્થની યાત્રા કરી સિદ્ધિને પામ્યા છે. પછી આંખે આનંદ ઊપજ્યો અને તેમણે સૌએ ભવસાગરને પાર કર્યો. દેવચંદ્રસૂરિએ રાસ રચવા માટે અનુરોધ કરેલો એટલે. શાલિભદ્રસૂરિએ રચેલો આ પાંડવોના ચરિત્ર વિશેનો રાસ અતિ રસાળ છે. જે કોઈ પાંડવોના ચરિત્રને ભણે, ગણે અને સાંભળે તેમના પાપનો વિનાશ થશે અને બધાંને સુખશાંતિની પ્રાપ્તિ થશે.

**શાલિભદ્રસૂરિએ રચેલો આ પાંડવોના ચરિત્ર વિશેનો રાસ અતિ રસાળ છે. જે કોઈ પાંડવોના ચરિત્રને ભણે, ગણે અને સાંભળે તેમના પાપનો વિનાશ થશે અને બધાંને સુખશાંતિની પ્રાપ્તિ થશે**

॥ ૪ ॥

**આગવા-અનોખા ઘટકો :**

સુદીર્ઘ કથાનક ધરાવતા મહાભારતને લાઘવ ગુણ જાળવીને આલેખવું કપરું છે. કૃતિને ટૂંકાવવી પણ કથારસ ખંડિત ન થાય અને મહત્ત્વનું કથારૂપનું પાસું છૂટી ન જાય, એની જાળવણી અહીં અવલોકવા મળે છે. જૈન મહાભારતની આગવી-અનોખી સૃષ્ટિને પ્રગટાવવી એ કર્તાના કથનકળાના કૌશલ્યનું પરિચાયક છે. મને અહીં કથાસૃષ્ટિમાંથી આઠેક જેટલા આવા આગવા ઘટકો દૃષ્ટિગોચર થયા છે જેને કારણે કૃતિ મૂળ પરંપરાથી આગવી રૂપદૃષ્ટિ પ્રાપ્ત કરે છે તેને અવલોકીએ.

૧. પશુ-પ્રાણી જીવહિંસાના કાર્ય કરવામાં રત રહેવાની પ્રકૃતિ ધરાવતા શાંતનુનો ગંગા ત્યાગ કરે છે એ ભાવ અને પુત્ર ગાંગેયને વનની પ્રાણીસૃષ્ટિનો રખેવાળ બનાવવાનું વલણ જૈનપરંપરાનું પરિચાયક છે. કથામાં રસપ્રદ રીતે એ પ્રયોજાયું છે. સત્યવતીનો પ્રસંગ. એનો જન્મ એમ પ્રારંભ પણ જૈન મૂલ્યો પર મંડિત છે. કર્ણ પાંડુથી જ કુંતીને લગ્નપૂર્વેના દૈહિક સંબંધોથી પ્રાપ્ત અને ત્યાગ કરેલો પુત્ર છે. એમના પ્રેમ-મોહનું કથાનક ભારે રસપ્રદ છે. અહીં અન્ય કોઈના સંસર્ગથી નહીં પણ વિચિત્રવીર્યથી જ અબિકા, અંબાલા અને અંબા- એમ ત્રણેયને એક-એક પુત્ર થયા છે. સદાચારી પતિવ્રતા શ્રાવિકા ધર્મ એ નિમિત્તે પ્રયોજાયેલ જણાય છે. સુભદ્રા અને ચિત્રાંગદા કથા તથા કીચકવધ કથા અહીં વર્ણવાઈ નથી. શીલભદ્ર અને સદાચારી પાત્રો પ્રયોજવાનું કર્તાનું વલણ 'પંચપાંડવચરિત્ર'માં અવલોકવા મળે છે. આ બધી ભારે મહત્ત્વની કથાનકલક્ષી વિશિષ્ટતા છે.

૨. શ્રીમદ્ ભાગવદ્‌ગીતાનો ઉપદેશ અહીં પ્રયોજાયો નથી. કૃષ્ણ, યુધિષ્ઠિર જેવાં ચરિત્રો પણ અહીં સાવ સામાન્ય રીતે નિરૂપાયાં છે. દ્રૌપદી કરતાં તો હિડિંબા વધુ ચમકદાર ચરિત્ર છે. પાત્રોને સામાન્ય રાખીને આવા જૈનમૂલ્યબોધને પ્રગટાવતાં ચરિત્રો પણ આ રચનાને વિશિષ્ટ મુદ્રા અર્પે છે.

૩. આ ઉપરાંત મહાભારત કથા આધારિત પ્રસ્તુત કથાનું શીર્ષક પણ વિચારણીય છે. મહાભારતને બદલે 'પંચપાંડવચરિત્ર' શીર્ષક પણ વિશિષ્ટ છે, એની એક પરંપરા પશ્ચિમ ભારતીય ભાષામાં દૃષ્ટિગોચર થાય છે.

હકીકતે 'મહાભારત' કૌરવોના નકાર, દુરિત અને દુષ્ટ મનોભૂમિની સામે હકારાત્મક વૃત્તિ, સદ્ભાવ અને સત્યના ઉપાસક પાંડવોનાં ચરિત્ર અને ચરિત્ર્યને આલેખતી કથા છે. એટલે ભારતીય ભાષાઓમાં અનેક રાજ્યોમાં એ પાંડવકથા તરીકે પ્રચલિત છે. રાજસ્થાનીમાં તો વિજયદાન દેથા, અને કોમલ કોઠારી, મૂલચંદ 'પ્રાણેશ' અને બાબુલાલ શર્મા જેવા અભ્યાસીઓએ 'પાંડવો રો ભારત' અને 'પાંડવો રા ઝોડા' વિશે અભ્યાસ પ્રસ્તુત કર્યા છે તથા મધ્યપ્રદેશમાં 'પાંડુવાની' વિશે શ્યામ મનોહર પાંડે અને બીજા વિદ્વાનોએ વિષયમાં મૌખિક મહાકાવ્ય સંદર્ભે વિગતો આલેખી છે. ગુજરાતીમાં 'પાંડવલા' હરિવલ્લભ ભાયાણીએ સંપદિત કરેલ છે. 'પાંડવાંની વારતા' પણ પ્રકાશિત છે. આમ, મૂળ મહાભારત પ્રાદેશિક ભારતીય ભાષાઓમાં પાંડવકથા તરીકે વિશેષ પ્રચલિત પામ્યું છે. જૈનકથા સાહિત્યમાં એ રીતે 'પંચપાંડવચરિત્ર' કથાનક ચૌદમી સદીના પૂર્વાર્ધથી પ્રચલિત જણાય છે. મૌખિક લોકપરંપરામાં એની ગંગોત્રી એ રચનાને ગણવાની રહે.

**મધ્યકાલીન ગુજરાતી પરંપરાનું મહાભારત કેન્દ્રી આદ્ય કથારૂપ 'પંચપાંડવચરિત્રરાસ' આવા કારણથી આપણા આસ્વાદનો અને ભારતીય ભાષાઓમાં આદ્ય-પ્રથમ એવા અભ્યાસનો વિષય બને છે**

૪. અહીં એક ગામમાં શર્મા બ્રાહ્મણ પરિવારનું આતિથ્ય ગ્રહણ કરીને એમને ત્યાં નિવાસી પાંડવોમાંથી ભીમ એમનું ઋણ ચૂકવવા માટે બ્રાહ્મણને બદલે બકાસુરનો ભોગ બનવા માટે જવાનું સ્વીકારે છે. ભીમ બકાસુરનો વધ કરીને બ્રાહ્મણ પરિવાર ઉપરાંત આખા ગામને મોટા કષ્ટમાંથી ઉગારે એ સેવાભાવી ઘટનાનું પરિચાયક કથાનક ઘણું વિસ્તારથી આલેખાયું છે. એનો પ્રભાવ પણ ઘણો છે.

૫. કૃષ્ણનું સંધિકાર્ય પણ મુખ્ય પ્રસંગ તરીકે કર્તા દ્વારા ભાવવાહી રીતે નિરૂપાયેલ છે. કયા-ક્યા છદ્મવેશ ધારણ કરીને પાંડવો વિરાટનગરમાં કયાં કેવી રીતે રહ્યા એ વિગત પણ વિસ્તારથી કથાપ્રવાહમાં વર્ણવાઈ છે.


૬. અહીં કથામાં મૂળ મહાભારતમાંનું અઢાર દિવસનું હિંસક યુદ્ધ નથી છતાં યુદ્ધવર્ણન વીરરસની નિષ્પત્તિ કરાવતું હોઈને લાઘવપૂર્ણ યુદ્ધ, અનેક બળવાન યોદ્ધાઓની પરાક્રમી કથાનો હ્રાસ છતાં ટૂંકી, માર્મિક લયાન્વિત પદાવલિની યોજના ધ્યાનાર્હ બની રહે છે. એ જ પ્રકારે દ્રૌપદીની દેહયષ્ટિ પણ શૃંગારરસની નિષ્પાદક જણાઈ છે. સામે પક્ષે હિડિંબાની દેહયષ્ટિ, વર્ણનકલાના સિંજારવથી મનહર-મનભર રીતે આલેખાયેલ છે. ભીમ-અભિમન્યુ ચરિત્રો પણ હૃદયસ્પર્શી છે. આ બધું રસનિષ્પાદક રીતે કથનકળાશક્તિનું પરિચાયક છે. કૃતિને મનભર બનાવનારું ઘટક જણાયેલ છે.

૭. પાંડવોને જૈન ધર્મથી દીક્ષિત કરવા, વિવિધ પ્રકારનાં અલગ અને આગવાં વ્રતો ધારણ કરાવવાં. નારી ચરિત્રોના માસખમણ જૈનવ્રત ઉપાસના, નવકાર ઉપાસનાનું નિરૂપણ, પાત્ર ઉપર લાદેલું જણાય છે. એ બધું એમના વ્યક્તિત્વ ઉપરનું હેત્વારોપણ જણાય છે. એ કારણે જૈનપરંપરાનો વિનિયોગ કરવાનો જ હેતુ એમાંથી મુખર રીતે પ્રગટે છે.

૮. ચરિત્રના પૂર્વભવોનું અને પૂર્વજોની વંશાવળીનું આલેખન-કથન એ જૈનસાહિત્યની આલેખનરીતિ છે. એ મુજબ અહીં પાંડવ પૂર્વેના શાંતનુ સુધીના ચાર પૂર્વજોની વિગતો અહીં પ્રારંભમાં નિરૂપાઈ છે.

જૈન ધર્મમાંના આવા આગવા અર્થસંકોચ અને અર્થવિસ્તારના ઘટકોને કથા સાથે ગૂંથી લઈને આગવા-અનોખા કથાનકનું નિર્માણ લાઘવનો ગુણ જાળવીને કર્તાએ કર્યું છે. મારી દૃષ્ટિએ એ રીતે 'પંચપાંડવચરિત્ર'ની વાચના એ શાલિભદ્રસૂરિની પોતીકી છે. કથનકળાનો અને કથાનિર્માણનો આ પોતીકો અવાજ એનાં કથનકેન્દ્રો, રસનિષ્પત્તિની યોજના, અલંકારમંડિત દ્રૌપદીનું વર્ણન રસનિષ્પાદક છે. અભિવ્યક્તિનું સ્વરૂપ અને અર્થપૂર્ણ રીતે ભાષાનો વિનિયોગ કરવાના કૌશલ્યનું પરિચાયક પણ છે. મધ્યકાલીન ગુજરાતી પરંપરાનું મહાભારતકેન્દ્રી આદ્ય કથારૂપ 'પંચપાંડવચરિત્રરાસ' આવા કારણથી આપણા આસ્વાદનો અને ભારતીય ભાષાઓમાં આદ્ય-પ્રથમ એવા અભ્યાસનો વિષય બને છે.

*'તીર્થ, ૨૬૪-જનકપુરી, યુનિવર્સિટી રોડ,*
*રાજકોટ-૩૬૦ ૦૦૫ (ગુજરાત)*
*મો. ૯૮૨૫૦ ૭૫૦૭૮*



# રાષ્ટ્રગૌરવનો નિર્ભીક અવાજ

*- ડૉ. કુમારપાળ દેસાઈ*

આજથી ૧૨૯ વર્ષ પૂર્વે સૌરાષ્ટ્રના મહુવાના વતની એવા ૨૯ વર્ષના શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ અમેરિકાના 'નવા વિશ્વને' ભારતીયતાની પહેચાન આપી હતી. માથે સોનેરી કિનારીવાળી કાઠિયાવાડી પાઘડી, લાંબો ઝભ્ભો, ખભે ધોળી શાલ અને પગમાં દેશી આંકડિયાવાળાં પગરખાં પહેરેલાં એ યુવાને ઈ. સ. ૧૮૯૩માં અમેરિકાની ધરતી પર જઈને કહ્યું, 'ભારતીય સંસ્કૃતિની તાકાતને હજી તમે ક્યાં પૂરી સમજ્યા છો ? દુર્ભાગ્યે તમારા અજ્ઞાનને કારણે અને તમને મળતી વિકૃત માહિતીઓને લીધે તમે માની બેઠા છો કે ભારત દેશમાં માત્ર વાઘ, કોબ્રા અને રાજાઓ જ વસે છે. મારે તમને, અમેરિકનોને ભારતના વિપુલ સાહિત્યની, સમૃદ્ધ ભાષાની, ભવ્ય સંસ્કૃતિની અને આગવા જીવનવિજ્ઞાનની ઓળખ આપવી છે.'


**અમેરિકાની ધરતી પર પગ મૂકનાર કદાચ પહેલા શાકાહારી વીરચંદ ગાંધી હશે અને આજે વીરચંદ ગાંધીની જન્મભૂમિ મહુવામાં અને અમેરિકાના શિકાગોના જિનમંદિરના પ્રાંગણમાં વીરચંદ ગાંધીની અર્ધપ્રતિમા છે**

યુવાન વીરચંદ ગાંધી ભારતીય પોષાક પહેરીને અમેરિકાની વિશાળ સભાઓમાં સત્યનિષ્ઠા, સાહસ અને દેશભક્તિ સાથે પોતાનાં વક્તવ્યો આપતા હતા. એ સમયે એમની છટા ને પ્રતિભા સહુને પ્રભાવિત કરવા લાગી. વીરચંદ ગાંધીનાં એ વક્તવ્યો આપણે ભૂલી ગયાં અને એને પરિણામે અમેરિકામાં સ્વામી વિવેકાનંદની સાથોસાથ ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ બતાવનાર વીરચંદ ગાંધીની પ્રતિભા સાવ અજાણી રહી ! એમની હિંમત, દઢતા અને તર્કબદ્ધતા એવી હતી કે અમેરિકનો એમને સાંભળવા માટે સભામાં ઊમટી પડતા અને તેઓ સહેજે ખચકાટ વિના નિર્ભયતાથી ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ દર્શાવતા હતા.

જે સમયે ભારતમાં અંગ્રેજ સલ્તનતની કદમબોસી થતી હતી, એ સમયે શ્રી વીરચંદ ગાંધીએ અમેરિકાની એક સભામાં કહ્યું, 'તમને એમ કહેવામાં આવે છે કે ભારતીય સમાજ જંગલી, પછાત, રૂઢિગ્રસ્ત, વહેમી અને નિર્માલ્ય છે, પણ તમે એ જાણો છો કે પશ્ચિમ જ્યારે અજ્ઞાન અને અંધકારમાં અથડાતું હતું, ત્યારે છેક એ સમયે પણ ભારત પાસે જ્ઞાનનો ઉજ્જવળ પ્રકાશ હતો. ભારતની ધર્મક્રિયાઓ અને સામાજિક પ્રથાને નહીં સમજનારા પશ્ચિમના લોકો બિચારા આ ધર્મક્રિયાઓની પાછળનાં ગહન મર્મ અને વૈજ્ઞાનિક રહસ્યોને જાણી શક્યા નથી. મારે તમને એ મર્મ અને રહસ્ય કહેવાં છે.'

એમણે અમેરિકાને કહ્યું કે તમારી ભોજનશૈલી એ તો તમને તામસી સ્વભાવવાળા બનાવનારી છે અને પછી 'ધ સાયન્સ ઑફ ઇટિંગ' નામનું તાર્કિક વ્યાખ્યાન આપીને એમણે ભારતીય ભોજનશૈલીની વિશેષતા બતાવી. તમે ભોજન કરો છો, પરંતુ આહારશૈલીની ખરી વિશેષતા તો ભારતીય આહારમાં છે અને સાત્ત્વિક ભારતીય આહારની પ્રતિષ્ઠા કરી.

અમેરિકામાં અમેરિકનોને એમની રાંધવાની પદ્ધતિના દોષો સમજાવ્યા અને કહ્યું, 'માત્ર કેલિફોર્નિયા રાજ્યમાંથી જ આખા અમેરિકાને પૂરતું અનાજ મળી શકે તેમ છે. એને કોઈ માંસાહાર કરવાની જરૂર નથી.' અને પછી તેઓ અમેરિકાના શ્રોતાજનો સમક્ષ 'ધ સાયન્સ ઑફ ઇટિંગ' નામે ઐતિહાસિક પ્રવચન આપે છે. એમાં માંસાહારની વિરુદ્ધમાં દલીલો કરીને શાકાહારનો મહિમા બતાવે છે. અમેરિકાની ધરતી પર પગ મૂકનાર કદાચ પહેલા શાકાહારી વીરચંદ ગાંધી હશે અને આજે વીરચંદ ગાંધીની જન્મભૂમિ મહુવામાં અને અમેરિકાના શિકાગોના જિનમંદિરના પ્રાંગણમાં વીરચંદ ગાંધીની અર્ધપ્રતિમા છે. આજના અમેરિકાવાસીઓને ખ્યાલ આવે કે અમેરિકાની ધરતી પર આવનારો પહેલો શાકાહારી કોણ હતો ?



વીરચંદ ગાંધી વધુમાં કહે છે કે તમને આશ્ચર્ય થશે તમે જે સ્મૃતિશક્તિ કે 'મૅમરી'ની વાત કરો છો, એ સ્મૃતિશક્તિનાં અદ્ભુત ઉદાહરણો મારે તમને આપવાં જોઈએ અને એમ કહીને તેઓ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની અદ્ભુત સ્મૃતિશક્તિ તથા શ્રીમદ્ રાજચંદ્ર અને શ્રી ગટુલાલજી મહારાજનાં શતાવધાનનાં દૃષ્ટાંતો આપે છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય વિશે તેઓ કહે છે કે પ્રાતઃકાળે ચાલીસ જેટલા હસ્તપ્રતલેખન કરતા લહિયાઓને લખવા બેસાડતા. એક લહિયાને વ્યાકરણશાસ્ત્રની પહેલી લીટી લખાવે, લહિયો એ લખે ત્યારે તેઓ બીજા લહિયા પાસે જાય અને પોતાના બીજા ગ્રંથ અલંકારશાસ્ત્રની પહેલી પંક્તિ લખાવે. આમ પોતાના ૪૦ ગ્રંથોની પ્રથમ પંક્તિ લખાવ્યા બાદ તેઓ ફરી પ્રથમ ક્રમના લહિયા પાસે જાય અને તેને વ્યાકરણશાસ્ત્રનું બીજું વાક્ય લખાવતા. આ રીતે તેઓ થોડા જ દિવસમાં એકસાથે ચાલીસ કૃતિની રચના કરી શકતા હતા.

એ સમયે શ્રીમદ્ રાજચંદ્ર જીવિત હતા અને વીરચંદ ગાંધીએ મુંબઈમાં થયેલા એમના શતાવધાનના અદ્ભુત પ્રયોગો અંગે વાત કરી. વૈષ્ણવ સંપ્રદાયના પં. ગટુલાલજી અંધત્વને કારણે અભ્યાસ કરી શક્યા નહીં, પરંતુ બીજા પાસેથી સાંભળીને પોતાની સ્મૃતિ-શક્તિના બળે સાંભળેલા ફકરાઓ કોઈ પણ સમયે તેઓ પુનઃ બોલી શકતા હતા.

પશ્ચિમના દેશોમાં ભારતીય લોકો વિશે તુચ્છ, જંગલી અને ક્રૂર સામાજિક રૂઢિ ધરાવનારાનો ખ્યાલ હતો, ત્યારે વીરચંદ ગાંધીના આ વિચારોએ અમેરિકનોના મનમાં ભારતની કેવી ભવ્ય છબી સર્જી હશે તે વિચાર આજે પણ રોમાંચિત કરે છે !



વળી અમેરિકામાં સ્મૃતિશક્તિની વાત કરતાં એમણે એકાગ્રતા કઈ રીતે કેળવી શકાય, એ વિશે અંગ્રેજીમાં આઠ-આઠ પ્રવચનો આપ્યાં. ભારતીય સ્ત્રીઓ અત્યાચાર, ક્રૂરતા અને રિવાજોના બંધનમાં જીવતી વિશ્વની અત્યંત દયનીય મહિલાઓ છે એવાં પાદરીઓ અને અમેરિકાના લેખકોએ વર્ણનો આપ્યાં હતાં. આની સામે વીરચંદ ગાંધીએ ભારતીય સ્ત્રીઓ વિશે ફેલાયેલી અને ખૂબ પ્રસારિત કરવામાં આવેલી બાબતો અંગે સચ્ચાઈનું આલેખન કર્યું. વળી ૧૮૯૩માં શિકાગોમાં યોજાયેલી વિશ્વધર્મ પરિષદમાં ભારતીય નારીની ગરિમા વિશે સચોટ જવાબ આપ્યો. આ વિશ્વધર્મ પરિષદમાં રેવરન્ડ પેન્ટાકોસ્ટે આક્રમક ભાષામાં હિંદુ ધર્મ પર અનૈતિકતાનો આક્ષેપો કરતાં કહ્યું,

**૧૮૯૩માં શિકાગોમાં યોજાયેલી વિશ્વધર્મ પરિષદમાં ભારતીય નારીની ગરિમા વિશે સચોટ જવાબ આપ્યો. આ વિશ્વધર્મ પરિષદમાં રેવરન્ડ પેન્ટાકોસ્ટે આક્રમક ભાષામાં હિંદુ ધર્મ પર અનૈતિકતાનો આક્ષેપો કરતાં કહ્યું...**

'આ ધર્મમાં વેશ્યાઓને મંદિરોની પૂજારણ બનાવવામાં આવે છે અને તે પૂજારણ હોય તો પણ વેશ્યાનું કામ કરતી હોય છે.'

એ સમયે આ વિશ્વધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદ, પ્રતાપચંદ્ર મજુમદાર જેવા હિંદુ ધર્મના પ્રતિનિધિઓની ઉપસ્થિતિ હોવા છતાં વીરચંદ ગાંધીને માથે આનો ઉત્તર આપવાનું આવે છે અને એ કહે છે, 'આ પાદરીઓ ભારતના લોકોનું સામૂહિક ધર્માંતરણ કરવા પ્રયત્ન કરે છે, પરંતુ એ પછી એમનાં સ્વપ્નાં વિફળ જતાં તેઓ ભારતથી પાછા આવીને આખી જિંદગી હિંદુધર્મની નિંદા કરવામાં ઘસી નાખે છે. હિમાલયથી માંડીને કેપ કેમોરિન સુધી ક્યાંય મંદિરોમાં મહિલા પૂજારણ નથી અને જો આવા આક્ષેપો પ્રમાણેનો સમાજ હિંદુ ધર્મે સર્જ્યો હોત, તો આ ધર્મે કયા બળે એવા સમાજનું નિર્માણ કર્યું હશે કે જેને માટે ગ્રીક ઇતિહાસવેત્તાએ કહ્યું,

''કોઈ હિંદુને અસત્ય બોલતો જાણ્યો નથી અને કોઈ હિંદુ સ્ત્રી ક્યારેય અપવિત્ર હોય એવું જાણ્યું નથી.'' આટલું કહ્યા પછી વીરચંદ ગાંધીએ પ્રબળ ટંકાર કર્યો કે હિંદુસ્તાનના જેવા ચારિત્રશીલ સ્ત્રીઓ અને વિનમ્ર પુરુષો આજેય બીજે ક્યાં જોવા મળે છે ?

પોતાના વક્તવ્યના અંતિમ ભાગમાં વીરચંદ ગાંધી કહે છે કે, ''જેઓ ભારતની આવી નિંદા કરે છે, તેમને માટે હું અત્યંત દિલગીરી અનુભવું છું, પણ મારા માટે

સાંત્વનારૂપ બાબત એ છે કે એમને મળતી માહિતી છેક ત્રીજા કે ચોથા સ્રોત (ફોર્થ હૅન્ડ ઇન્ફર્મેશન)માંથી મળેલી હોય છે, જે વાસ્તવિક સત્ય કરતાં વહેમો અને માન્યતાઓથી ખચિત હોય છે.''

પેન્ટાકોસ્ટના આક્ષેપો, અપશબ્દો અને પ્રહારોનો પ્રત્યુત્તર વીરચંદ ગાંધીએ સ્વસ્થતા, શિસ્ત અને પ્રમાણભૂત માહિતી સાથે આપ્યો અને આને પરિણામે ૨૯ સપ્ટેમ્બર, ૧૮૯૩ના 'શિકાગો ટાઈમ્સ' અખબારે પોતાની નોંધમાં લખ્યું,

''ભારતમાં છસ્સો જેટલી પૂજારણો છે જે વેશ્યા છે !'' એમ કહીને રેવરન્ડ જ્યૉર્જ એફ. પેન્ટાકોસ્ટે નિમ્ન કક્ષાની ભાષા પ્રયોજીને ભારતની અઘટિત ટીકા કરી. આવી મલિન ઈરાદાવાળી ટીકાનો જૈન ધર્મના પ્રતિનિધિ વીરચંદ ગાંધીએ તાર્કિક અને ગરિમાપૂર્ણ પ્રત્યુત્તર વાળ્યો.'' આવી નોંધ સાથે આ અખબારે વીરચંદ ગાંધીનું પ્રવચન અક્ષરશઃ પ્રગટ કર્યું.

**શ્રી ગાંધીએ આપણા દેશમાં ક્લબ, વિદ્વાનોનાં વિદ્યામંડળ, સાહિત્ય અને ચર્ચ, સોસાયટી, થિયોસોફિકલ શાખાઓ અને આધ્યાત્મિક પરિષદ સમક્ષ પ્રવચનો આપ્યાં છે**

અમેરિકાના સામયિક 'એડિટર્સ બ્યૂરો'એ ભારતના આ પ્રવચનકાર વિશે લખેલી લાંબી નોંધનો એક સંક્ષિપ્ત ભાગ આ પ્રમાણે છે :

'જ્યારે તક મળે ત્યારે ભારતના આ વતનીને સાંભળવાની એક તક પણ ગુમાવવી જોઈએ નહીં. અન્ય કોઈ જગાએ જવાને બદલે એમની પાસે સાંજે જશો, તો વધુ જ્ઞાન અને સત્ય લાધશે. ભારત અને તેની પ્રજા વિશે પ્રવર્તતા અયોગ્ય અને ભૂલભરેલા ખ્યાલો તેઓ સુધારી શકશે. એમનું પ્રવચન પૂર્ણ થયા બાદ પ્રેક્ષકવર્ગમાંથી કોઈ પણ વ્યક્તિ પ્રશ્ન પૂછશે, તો તેઓ તેનો યોગ્ય પ્રત્યુત્તર આપશે. સત્ય અને પવિત્રતાનો ઉપદેશ આપતી આવી ઉમદા અને મહાન વ્યક્તિ એ પ્રમાણે વર્તે છે, એની પ્રશંસા માટે પૂરતા શબ્દો નથી. શ્રી ગાંધીએ આપણા દેશમાં ક્લબ, વિદ્વાનોનાં વિદ્યામંડળ, સાહિત્ય અને ચર્ચ, સોસાયટી, થિયોસૉફિકલ શાખાઓ અને આધ્યાત્મિક પરિષદ સમક્ષ પ્રવચનો આપ્યાં છે. પૌર્વાત્ય યોગવિદ્યા અંગે એમણે વર્ગો પણ ચલાવ્યા છે. તેમનું દરેક જગ્યાએ ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવે છે અને ખૂબ જ પ્રશંસા કરવામાં આવે છે.' આમ વીરચંદ ગાંધીએ ભારતીય સંસ્કૃતિનું આત્મ-તેજ દાખવ્યું.

વર્ષોથી આપણે મેકોલેએ આપેલી શિક્ષણ-પદ્ધતિ અંગે ફરિયાદો કરતા રહીએ છીએ, પરંતુ તમને એ ખ્યાલ છે કે વીરચંદ ગાંધીએ એક પ્રવચનમાં અમેરિકનોને કહ્યું હતું, 'ભારતીય શિક્ષણ-પદ્ધતિને બદલે તમે સ્થાપેલી મિશનરી શાળાઓ કે સરકારી અંગ્રેજી સ્કૂલો ભારતીય યુવાનોની પ્રકૃતિઓને રૂંધે અને વિકૃત બનાવે એવું શિક્ષણ આપે છે. આને માટે અમેરિકા અને ઈંગ્લૅન્ડથી લાખો ડૉલર ભારતમાં મોકલવામાં આવે છે.'

અમેરિકામાં એમણે પહેલું કાર્ય કર્યું પરાધીન ભારતની આધ્યાત્મિક, દાર્શનિક સમૃદ્ધિની ઓળખ આપવાનું. એમણે બીજું કાર્ય કર્યું ભારતની વર્તમાન પરિસ્થિતિની સાચી વિગતો આપવાનું અને એમણે ત્રીજું કાર્ય કર્યું કે આજે ભારત એની કઈ સમૃદ્ધિ આપીને અમેરિકાને વધુ સમૃદ્ધ બનાવી શકે છે તેનો ખ્યાલ આપવાનું. એમણે જૈનદર્શન ઉપરાંત સાંખ્ય, યોગ, ન્યાય, મીમાંસા અને વૈશેષિક દર્શનોની અમેરિકાના અભ્યાસીઓને જાણકારી આપી. આજે યોગની બાબતમાં ભારત વિશ્વવ્યાપી ગરિમા ધરાવે છે પણ એનું મૂળ જોવું હોય તો તમને અમેરિકામાં વીરચંદ ગાંધીએ આપેલા યોગ વિશેનાં પ્રવચનોમાં જોવા મળશે. એમણે યોગનો પ્રચાર કર્યો અને સાથોસાથ આજે પણ એમની યૌગિક ક્રિયા દર્શાવતી તસવીર મળે છે.

આહારવિજ્ઞાન, શ્વાસનું વિજ્ઞાન, આભામંડળ જેવા વિષયો પરનાં એમનાં વ્યાખ્યાનો તો અમેરિકાના શ્રોતાઓને માટે એક નવી દુનિયાની વાત જેવાં હતાં, તો હિપ્નોટિઝમ અને ઓકલ્ટ પાવર વિશે એમણે શ્રોતાઓ સમક્ષ રસપ્રદ વાત કરી. એમણે યોગના વર્ગો લીધા હતા અને અમેરિકામાં 'એકાગ્રતા' પર આઠ ભાષણો આપ્યાં હતાં. એમનાં પ્રતીકોની ચર્ચા કરી હતી અને આભામંડળ વિશે પરિચય આપ્યો હતો.



ભારતની રાજકીય પરિસ્થિતિ અને સામાજિક રીત-રિવાજો જેવા વિષયો પર વક્તવ્ય આપ્યાં, તો અતિ સમૃદ્ધ એવા અમેરિકાને ભારત પાસેથી કેવી વૈચારિક, આધ્યાત્મિક અને જીવનઘડતર કરનારી સમૃદ્ધિ મળી શકે છે તેની વિગતો આપી. આજથી સવાસો વર્ષ પહેલાં વીરચંદ ગાંધીએ 'ભારતનો અમેરિકાને સંદેશ' અથવા 'ભારતની અમેરિકાને ભેટ' જેવા વિષયો પર મૌલિક વ્યાખ્યાનો આપ્યાં.

તમે જ કલ્પના કરો, કે વીરચંદ ગાંધીના હૃદયની હિંમત અને વક્તવ્યોની ધાર કેવી હશે કે એમણે એક સભામાં 'અમેરિકાની સ્ત્રીઓએ ટોપીમાં પક્ષીનાં પીંછાં ન રાખવાં જોઈએ' એ વિશે તર્કબદ્ધ અને કરુણાસભર પ્રવચન આપ્યું હતું, તો વળી ખ્રિસ્તી મિશનરીઓએ ફેલાવેલી ભારત વિશેની ખોટી માન્યતાઓ સામે અવાજ ઉઠાવતાં વીરચંદ ગાંધી કહે છે, 'અમે ભારતીયો માત્ર એકાદ રવિવારે જ કરુણાની ભાવના પાળતા નથી, બલકે અમારી કરુણા તો માત્ર મનુષ્યો જ નહીં, બલકે પ્રાણી અને પ્રકૃતિ સુધી અવિરત વહે છે. અમારી ધર્મક્રિયાઓ અને તહેવારો પર અંધશ્રદ્ધાનો આક્ષેપ કરાય છે, પણ ખરેખર તો અમારા આચાર અને ઉત્સવો વિજ્ઞાનના નિયમો પર આધારિત છે. પ્રત્યેક હિંદુ ભોજન સમયે હાથ અને પગ સ્વચ્છ કરે છે, તે વિજ્ઞાનનો એક નિયમ છે. જેને તમે વૈજ્ઞાનિક સિદ્ધાંત કહો છો, તે અમારી દૈનિક ક્રિયામાં વણાયેલા છે.

**ખોટી માન્યતાઓ સામે અવાજ ઉઠાવતાં વીરચંદ ગાંધી કહે છે, 'અમે ભારતીયો માત્ર એકાદ રવિવારે જ કરુણાની ભાવના પાળતા નથી, બલકે અમારી કરુણા તો માત્ર મનુષ્યો જ નહીં, બલકે પ્રાણી અને પ્રકૃતિ સુધી અવિરત વહે છે**

એમણે કહ્યું કે 'તમારે ત્યાં દેશભક્ત જ્યોર્જ વૉશિંગ્ટન અને માનવતાવાદી અબ્રાહમ લિંકન થયા, તો અમારે ત્યાં પણ સમ્રાટ અશોક અને રાજા વિક્રમ થયા છે.' ભારતની મહત્તા પ્રગટ કરીને એમણે કહ્યું કે, 'જો ભારતની સંસ્કૃતિ ખરીદી શકાય તેમ હોત તો તો ઈંગ્લેન્ડે તે દેશમાંથી ખરીદી લીધી હોત પણ એ બની શકે તેમ નથી.'

એમણે એક સભામાં કહ્યું કે 'આજે અમે મહારાણી વિક્ટોરિયાના પ્રજાજન છીએ. જો અમારી પોતાની સરકાર હોત તો અમે વિશ્વના બધા રાષ્ટ્રો સાથે શાંતિમય સંબંધની ગાંઠ બાંધી હોત. અમે કોઈના અધિકાર પર તરાપ મારવા ઈચ્છતા નથી. સમગ્ર માનવજાતની એકતાને ઝંખીએ છીએ. અને પછી સંસ્કૃત શ્લોકને ટાંકીને કહે છે, કે મારા દેશના લોકો તો સમગ્ર વિશ્વને એક કુટુંબમાત્ર માને છે !''

ભારતમાં રાજકીય સ્વતંત્રતાની ઉષાનું પહેલું કિરણ પણ ફૂટ્યું નહોતું, ત્યારે વીરચંદ ગાંધીએ કહ્યું, 'હિંદુસ્તાન આઝાદ થશે તો બધા દેશો સાથે શાંતિમય સહઅસ્તિત્વથી જીવશે, એવું ભવિષ્યદર્શન કર્યું હતું. અમેરિકામાં ભારતનાં ઉત્તમ તત્ત્વોને પ્રગટ કરીને હૃદયસ્પર્શી ભાષામાં નવી જાગૃતિ ફેલાવી. અમેરિકા અને લંડનનાં ૬૫૦ જેટલાં વક્તવ્યો આપ્યાં.


૧૨૯ વર્ષ પૂર્વે ભારતીય ધર્મદર્શન, જીવનશૈલી અને આઝાદીનો જયઘોષ કરાવનાર વીરચંદ ગાંધીને ખુદ એનું ગુજરાત જ વીસરી ગયું છે ! જેનું જીવન અને સંદેશ વિદ્યાર્થીઓને બાલ્યાવસ્થામાંથી શીખવવાં જોઈએ, એ જીવન આજેય અજ્ઞાત રહ્યું છે અને એ સંદેશ સાવ અજાણ્યો રહ્યો છે. વીરચંદ ગાંધીની સાથે સ્વામી વિવેકાનંદ હતા. સ્વામી વિવેકાનંદનું કાર્ય મશાલ જેવું બની રહ્યું, એમના અનુગામીઓએ એમની ભાવનાઓની મશાલ જલતી રાખી, જ્યારે વીરચંદ ગાંધીનું કાર્ય સમાજની સંકુચિતતા અને રૂઢિગ્રસ્તતાને કારણે માત્ર ધૂપસળીની જેમ સુવાસ ફેલાવીને વિલીન થઈ ગયું,

અમેરિકામાં જઈને ભારતની આઝાદી માટે અવાજ ઊઠાવનાર, અહિંસક માર્ગે આઝાદી મેળવવાનું ક્રાંતદર્શન આપનાર, યોગપ્રણાલી, શાકાહાર અને સ્મૃતિશક્તિ વિશે ભારતીય ગરિમાની પહેચાન આપનાર અને સર્વ દેશો સાથે સહઅસ્તિત્વથી રહેવાની વૈશ્વિક કલ્પના કરનાર આ વીર, સાહસિક વિદ્વાનને આઝાદીના અમૃત વર્ષે આપણે ભાવાંજલિ આપીએ.

*૧૩-બી, ચંદ્રનગર સોસાયટી,*
*જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭*
*મો. ૯૮૨૪૦૧૯૯૨૫*



"શણગાર"
રાજેન્દ્ર ભાવસાર
મો. 9173404388


"પત્થર બોલે છે"
મુકેશ પંડિત
મો. 9277111174


"મારી ગાગરમાં સાગર"
હસમુખ રાવલ
મો. 9427710711



"ગાંધીજી"
મનહર કાપડિયા
મો. 9426529029

# લક્ષ્મીના માલિક થવાના બદલે તેમને માતા તરીકે સ્વીકારો

- દેવેન્દ્ર પટેલ

દીપાવલિ હિન્દુઓનો મોટામાં મોટો તહેવાર છે.

દીપાવલિનો દિવસ લક્ષ્મીપૂજન માટે મહત્ત્વનો છે. સમુદ્રમંથન દરમિયાન દરિયામાંથી જે ૧૯ રત્નો બહાર નીકળ્યાં, તેમાં સૌથી વિશિષ્ટ રત્ન લક્ષ્મીજી હતાં. આ અનુપમ સુંદરી, સુવર્ણમયી,તિમિરહારિણી, વરદાત્રી, પ્રસન્નવદના, શુભા અને ક્ષમાશીલ એવાં લક્ષ્મીજીને ભગવાન વિષ્ણુએ પત્નીના રૂપમાં સ્વીકાર કર્યાં હતાં. આ પ્રકાશમયી દેવીએ અમાવસ્યાની રાત્રે જ ઘટાટોપ અંધકારને પોતાના પ્રકાશપુંજથી ચીરીને સમુદ્રમાંથી પ્રગટ થઈ સમગ્ર વાતાવરણને જ્યોતિર્મય કરી દીધું હતું. આ કાળી રાત્રીએ જ આપણે પ્રતિવર્ષ સમગ્ર વાતાવરણને દીપમાળાઓથી પ્રજ્જવલિત કરીને મહાલક્ષ્મીનું સ્વાગત કરીએ છીએ. લક્ષ્મીપૂજનના આ પર્વમાં લોકો મહાલક્ષ્મીનું તો પૂજન કરે છે, પરંતુ ઘણીવાર અતિ ધન પ્રાપ્ત કરવાની લાલસામાં લોકો લક્ષ્મીજીના પતિ નારાયણ અર્થાત્ ભગવાન વિષ્ણુને ભૂલી જાય છે. આ સંદર્ભમાં વામન અવતારમાં આવતી એક સુંદર પૌરાણિક કથા પ્રસ્તુત છે.

બલિરાજા દાનેશ્વરી હતો, પરંતુ તે બાબતનું તેને સૂક્ષ્મ અભિમાન હતું.

નર્મદાનો કિનારો છે. સુંદર યજ્ઞમંડપ બાંધ્યો છે. યજ્ઞ બલિરાજા કરાવી રહ્યા છે. ભગવાન ખુદ ત્યાં વામનજીના રૂપમાં પ્રવેશ્યા. વામનજી મહારાજ સાત જ વર્ષના છે. વામનજીને સુંદર આસન આપવામાં આવ્યું છે. બલિરાજાએ તેમનું સ્વાગત કર્યું. બલિરાજાનાં પત્નીનું નામ વિંધ્યાવલી રાણી છે. રાણીએ અને બલિરાજાએ બ્રહ્મચારી વામનજીની પૂજા કરી. બલિરાજા બોલ્યા : ‘‘આપનાં દર્શન કરીને મને બહુ આનંદ થયો. મને થાય છે કે, હું બધું જ રાજ તમને અર્પણ કરું. તમારે જે જોઈએ તે માગો. ગાયો જોઈએ તો ગાયો આપું. લક્ષ્મી જોઈએ તો લક્ષ્મી આપું, ભૂમિ જોઈએ તો ભૂમિ આપું, કન્યા જોઈએ તો કન્યાદાન કરું. તમે જે માગશો તે આપીશ.’’

બલિરાજા ભક્ત પ્રહલાદના પૌત્ર હતા.

વામનજીએ કહ્યું : ‘‘રાજા, હું સંતોષી છું. બ્રાહ્મણ છું. હું વધારે કાંઈ લેવા આવ્યો નથી. મારા પગથી માપીને ત્રણ ડગલાં પૃથ્વીનું દાન લેવા આવ્યો છું. એટલું આપ તો તારું કલ્યાણ થશે.’’ બલિરાજાને લાગ્યું કે, આ વામનજી હજી તેમની ઉંમર પ્રમાણે બાળક બુદ્ધિના છે. એમને માગતાં જ નથી આવડતું.

બલિરાજાએ કહ્યું : ‘મહારાજ, હજી તમે નાના છો. મોટા થશો એટલે લગ્ન થશે. બાળકો થશે. કુટુંબનું ભરણપોષણ કેવી રીતે કરશો ?’’

વામનજીએ કહ્યું : ‘‘રાજા ! તમે તો મને બધું આપવા તૈયાર છો, પરંતુ માગતાં મારે વિચાર કરવો પડે. અતિસંગ્રહ કરવું તે પાપ છે. હું સંતોષી બ્રાહ્મણ છું. મારે તો સંધ્યા-પૂજા કરવા ત્રણ પગલાં જેટલી જ બેસવા જેટલી જ જગા જોઈએ છે.’’

બલિરાજાએ કહ્યું : ‘‘ઠીક છે, આજે તો હું તમને ઈચ્છાનુસાર ત્રણ ડગલાં પૃથ્વીનું દાન આપું છું, પરંતુ ફરીથી કોઈ ચીજની જરૂર પડે તો મને કહેજો.’’ સભામાં બેઠેલા શુક્રાચાર્ય ભગવાનને ઓળખી ગયા હતા. તેમણે બલિરાજાને કહ્યું : ‘‘રાજન ! દાન આપતાં વિચાર કરજો. આ બ્રહ્મચારીનાં પગલાં કેવાં છે તે તમે જાણતા નથી. એ સાક્ષાત્ પરમાત્મા જ છે. તેમનાં બે પગલાંમાં આખી પૃથ્વી સમાઈ જશે. ત્રીજું પગલું મૂકવાની જગા જ નહીં રહે.’’

બલિરાજા માન્યા નહીં. તેમણે દાન આપવાની તૈયારી કરી.

- અને વામનજીએ તરત જ હજાર હાથવાળું વિરાટ સ્વરૂપ ધારણ કર્યું. તેઓ તો સાક્ષાત્ ભગવાન વિષ્ણુ હતા. તેઓએ એક ડગલું ભર્યું તેમાં આખી પૃથ્વી આવી ગઈ. બીજો પગ બ્રહ્મલોકમાં લઈ ગયા. બે પગલાંમાં બલિરાજાનું બધું રાજ આવી ગયું. ત્રીજું પગલું મૂકવાની જગા રહી નથી એટલે વામનજીએ બલિરાજાને કહ્યું : ‘‘રાજન, તમે ત્રણ પગલાંનું પૃથ્વીનું દાન કરવાનો સંકલ્પ કર્યો છે. જે સંકલ્પનું પાલન કરતો નથી તેની દુર્ગતિ થાય છે. મારું એક પગલું હજુ બાકી છે.’’

બલિરાજા ગભરાયા. વામનજીએ દાન માગ્યું ત્યારે સાત વર્ષના નાના બાળક હતા. હવે દાન સ્વીકારતી વખતે તેમણે વિરાટ સ્વરૂપ પ્રગટ કરી દીધું. બલિને સૂક્ષ્મ અભિમાન હતું કે, મારા જેવો કોઈ દાનેશ્વરી જ નથી. તેમણે પરમાત્માને મન આપ્યું, ધન આપ્યું, પણ અભિમાન આપ્યું નહોતું. વામનજી ભગવાને હુકમ કર્યો : ‘‘બલિને બાંધો.’’

બલિરાજાનાં પત્ની વિંધ્યાવલી રાણી ભક્તિભાવવાળાં અને ડાહ્યાં પણ હતાં. તેઓ ભગવાનના પગે પડ્યાં, કરગર્યાં. પતિના બોલવા વિશે તેમણે માફી માગી : હે ભગવાન, મારા પતિએ તમારું જ તમને અર્પણ કર્યું છે. તેમની ભૂલ થઈ છે. તેમને બાંધશો નહીં. બલિરાજા ગભરાયેલા હતા.

વિંધ્યાવલી રાણીએ પતિને કહ્યું : ‘‘ભગવાનના જમણા

ચરણમાં તમે વંદન કરો. ડાબા ચરણમાં હું વંદન કરું છું. તે પછી ભગવાનને કહો કે તમારો એક પગ બાકી છે તે મારા માથા પર મૂકો. આટલું જ હવે મારી પાસે છે, તેમ કહો.''

રાણી વિંધ્યાવલીના સત્સંગમાં બલિરાજાનું અભિમાન ઊતરી ગયું. બલિરાજાએ કહ્યું, ''પ્રભુ, હું કેવળ વંદન કરું છે. આપ જગતમાં જે કાંઈ છે તેના માલિક આપ છો. આપને કોઈ દાન આપી શકે ? મારી ભૂલ થઈ. હવે એક પગલું બાકી છે તે મારા માથા પર પધરાવો.''

ભગવાન વામનજીએ બલિરાજાના મસ્તક પર પગલું મૂક્યું. ભગવાન રાજી થયા. રાજા હવે દીન-ગરીબ થઈ ગયો હતો. ભગવાને કહ્યું, ''હે રાજન, સ્વર્ગનું રાજ મેં દેવોને આપ્યું છે. પાતાળનું રાજ હું તમને આપું છું. તમે પાતાળમાં રાજ કરો. તમે મને તમારું સર્વસ્વ આપ્યું છે. બીજું શું જોઈએ છે ?''

બલિરાજાએ કહ્યું, ''પ્રભુ, આપે મારે ઘરે દ્વારપાળ બનવું પડશે.''

ભગવાને હસીને હા પાડી.

બલિરાજા પાતાળમાં ગયા. ભગવાને તેમના દ્વાર પર સૈનિક બની પહેરો ભરવા માડ્યો. બલિરાજા હવે પ્રત્યેક દ્વારમાં ભગવાન ચતુર્ભુજનાં દર્શન કરવા લાગ્યા. વૈકુંઠમાં લક્ષ્મીજી હવે એકલાં પડ્યાં. ઘણા દિવસથી નારાયણને તેમણે જોયા નહીં એટલે નારદને પૂછ્યું ત્યારે ખબર પડી કે ભગવાન તો બલિરાજાને ત્યાં દાન લેવા ગયા હતા અને ખુદ બંધનમાં આવી જઈ બલિરાજાના દ્વારે પહેરો ભરે છે.

બલિરાજા તેમને રજા આપે તો જ તેઓ ઘરે પાછા પધારશે.

માતા મહાલક્ષ્મીએ લીલા કરી. તેમને ભગવાન વગર જરાયે ગમતું નહોતું. તેમણે બ્રાહ્મણની પત્નીનો વેશ ધારણ કર્યો. બહુ સાદો શૃંગાર કર્યો. લક્ષ્મીજી બલિના દરબારમાં આવ્યાં. બલિરાજા લક્ષ્મીજીને ઓળખી શક્યા નહીં. તેમણે વિનયથી પૂછયું, ''તમે કોણ છો? કેમ આવ્યાં છો ?'

લક્ષ્મીજીએ બ્રાહ્મણ મહિલાના સ્વાંગમાં કહ્યું, ''હે રાજન! હું બ્રાહ્મણની પત્ની છું. મારે માતા-પિતા નથી, ભાઈ નથી. પિયરમાં જવાની ઇચ્છા થાય છે, પણ ક્યાં જાઉં ? મેં સાંભળ્યું છે કે, બલિરાજાને કોઈ બહેન નથી. હું તમારી ધર્મની બહેન થવા આવી છું. તમે મારા ધર્મના ભાઈ થાવ.''

બલિરાજાએ તરત જ વંદન કરીને કહ્યું, ''આજથી તમે મારાં મોટાં બહેન અને હું તમારો નાનો ભાઈ. બસ, મારા ઘરને તમે પિયર સમજો. તમે ઇચ્છા થાય ત્યાં સુધી અહીં રહેજો.''

લક્ષ્મીજી બલિરાજાના રાજમાં રહેવા આવ્યાં. આખું ગામ સુખી થઈ ગયું. કોઈ ગરીબ રહ્યું જ નહીં. કોઈ રોગી પણ ના રહ્યું. ઝઘડા પણ ખતમ. બલિરાજાને થયું કે આ મોટી બહેન આવ્યાં ત્યારથી હું સુખી થયો. મારા ગામમાં બધા જ લોકો સુખી થઈ ગયા. બધાના ચહેરા પર આનંદ છે, પરંતુ આ બહેનના ચહેરા પર આનંદ નથી. શ્રાવણની પૂર્ણિમા હતી. લક્ષ્મીજીએ બલિરાજાને કહ્યું, ''ભાઈ, આજે રક્ષાબંધન છે. હું તમને રાખડી બાંધીશ.''

બલિરાજાએ ખુશ થઈ રાખડી બંધાવી. બલિરાજાએ કહ્યું, ''બહેન ! તમે અહીં આવ્યાં તે પછી મારું આખું ગામ સુખી થયું છે. બધાના ચહેરા પર આનંદ છે. તમારા ઘરમાં જે કાંઈ ખૂટતું હોય તે માગો.''

લક્ષ્મીજીએ કહ્યું, ''મારા ઘરમાં બધું છે પણ એક નથી.''

''શું?''

''ભાઈ, તમારા દ્વાર પર જે પહેરો ભરે છે તેમને કાયમી રજા આપો.''

બલિરાજાએ પૂછયું, ''બહેન, મારા દ્વારે પહેરો ભરે છે તે તમારા કોઈ સગા થાય છે ? ચાલો ઠીક ! મેં વચન આપ્યું છે માટે હું મુક્ત તો કરી જ દઈશ.''

અને તરત જ સાક્ષાત્ ચતુર્ભુજ દેવ ભગવાન વિષ્ણુ પ્રગટ થયા. બલિરાજાને પણ આનંદ થયો અને લક્ષ્મીજીએ પોતાનું અસલી રૂપ પ્રગટ કરી ભગવાનની પૂજા કરી. તે પછી ભગવાનને બલિરાજાના બંધનમાંથી મુક્ત કરાવી વૈકુંઠધામમાં લઈ ગયાં.

ભગવાનના વામન અવતારની અનેક કથાઓ પૈકીની આ કથા હૃદયંગમ છે. ભગવાનને લક્ષ્મીજી વગર ચાલતું હતું, પરંતુ લક્ષ્મીજીને નારાયણ વગર ચાલતું નહોતું. દીપોત્સવીના આ દિવસે લક્ષ્મીપૂજનના પણ દિવસો છે ત્યારે એક વાત યાદ રાખજો કે જે લોકો ધનવાન છે અને મનમાં ''હું બહુ મોટો છું'' તેવું અભિમાન કરે છે તેમને ભગવાન માફ કરતા નથી. લક્ષ્મી મારી નથી, પરંતુ તે લક્ષ્મીનારાયણની છે.' તેવો ભાવ રાખનારને લક્ષ્મીજી કોઈ દિવસ નારાયણની ગોદમાં પણ બેસાડે છે. લક્ષ્મીના માલિક થવાના બદલે તેને માતા તરીકે સ્વીકારો અને સૂક્ષ્મ અભિમાનનો ત્યાગ કરો. એ વાત સાચી છે કે, દુનિયાનું દરેક સુખ લક્ષ્મીની સાથે જ જોડાયેલું છે, પરંતુ લક્ષ્મીનાં અનેક સ્વરૂપ છે. લક્ષ્મી ધનધાન્યની દેવી, સંસારની પાલનહારી સદૈવ ભગવાન વિષ્ણુની નિકટ નિવાસ કરનાર નારાયણનાં અર્ધાંગિની પણ છે. લક્ષ્મીનું બીજું નામ સ્ત્રી પણ છે. લક્ષ્મીનો સહજ અર્થ છે સુલક્ષણવાળી. દીપાવલિના દિવસોમાં મહાલક્ષ્મીના પૂજનની સાથે સાથે તમારા ઘરમાં જે સાક્ષાત્ લક્ષ્મી છે તેનું સન્માન કરો. કજિયાવાળા ઘરમાં દેવી મહાલક્ષ્મી ટકતાં નથી.

*એ-૧૦૧, અભિલેખા વિલા, શીલજ સર્કલ નજીક,*
*શીલજ, અમદાવાદ-૩૮૦૦૫૯*
*મો : ૯૮૭૯૨૦૭૧૦૨*

# વાંચે ગુજરાત : કેટલું વાંચે છે ગુજરાત ?

*- કૃષ્ણકાંત ઉનડકટ*

ગુજરાતીઓ વિશે એવું કહેવાતું રહ્યું છે કે, ગુજરાતી જેટલો પ્રેમ હિસાબના ચોપડાને કરે છે એટલો પ્રેમ ચોડીઓને કરતો નથી! જ્યારે જ્યારે વાંચનની વાત નીકળે ત્યારે ત્યારે વાંચવા વિશે જાતજાતની દલીલો કરવામાં આવે છે. થોડા સમય પહેલા એક મેસેજ વાઇરલ થયો હતો. લાયબ્રેરીના પુસ્તકોએ આપઘાત કરી લીધો, કારણ હતું મોબાઇલ! ગુલઝારે લખ્યું છે, કિતાબેં ઝાંકતી હૈ બંધ અલમારી કે શીશોં સે, બડી હસરત સે તકતી હૈ, મહીનો અબ મુલાકાતે નહીં હોતી, જો શામે ઉનકી સોહબત મેં કટા કરતી થી, અબ અક્સર ગુજર જાતી હૈ કમ્પ્યૂટર કે પર્દો પર, બડી બેચૈન રહતી હૈ કિતાબેં. માત્ર ગુજરાતની જ વાત નથી, દરેક પ્રદેશમાં એવું જ કહેવાતું અને સંભળાતું આવ્યું છે કે, લોકોનું વાંચન ઘટી ગયું છે. સામા પક્ષે એક એવો વર્ગ છે જેની દલીલો એવી છે કે, કોણ કહે છે કે, વાંચન ઘટી ગયું છે? જો એવું હોત તો બધા પબ્લિકેશન હાઉસ બંધ થઇ ગયા હોત! પુસ્તકોના વેચાણ માટે તો હવે મોલ જેવા આધુનિક સ્થળો વિકસિત થયા છે. તમારે વાંચવું છે, તો આવો, ગમે તે પુસ્તક લઇને બેસો અને એરકન્ડિશન્ડ માહોલમાં મસ્તીથી વાંચો! આજકાલ દરેક વાતમાં મોબાઇલને દોષ દેવાની ફેશન શરૂ થઇ છે. મોબાઇલ સમય ખાઇ જાય છે એ વાત ખોટી નથી પણ સાથોસાથ એ પણ હકીકત છે કે, જેને વાંચવું હોય એ મોબાઇલમાં પણ વાંચવાના જ છે. એક ડિજિટલ પ્લેટફોર્મવાળા સાથે થયેલી વાત યાદ આવે છે. તેમણે કહ્યું કે, ડિજિટલાઇઝેશનના કારણે પુસ્તકો સસ્તા થયા છે. કાગળના ભાવ સતત વધતા જ જાય છે જ્યારે ટેકનોલોજીના કારણ ડિજિટલ વધુને વધુ સસ્તુ થતું જાય છે. લોકો હવે મોબાઇલમાં આખા પુસ્તકની પીડીએફ ફેરવતા રહે છે. વોટ્સએપ પર એવા અસંખ્ય ગ્રૂપ છે જે, લેખો, કવિતા, ગઝલો અને બીજી રચનાઓ મોકલતા રહે છે. મોબાઇલમાં કિંડલ અને બીજી એપ્લિકેશન પણ ડાઉનલોડ થતી રહે છે.

વાંચવાનું ફલક સરસ્વતીચંદ્રમાં નાયિકાના વર્ણનના અનેક પાનાઓથી માંડીને માઇક્રોફિકશન સુધી ફેલાયેલું છે. ઇતિહાસ ગવાહ છે કે, સમયની સાથે રાઇટિંગ સ્ટાઇલથી માંડીને રીડિંગ હેબિટમાં પરિવર્તનો આવતા રહ્યા છે. લેખન ગમે તે ફોર્મમાં હોય એનાથી કોઇ ફેર પડતો નથી. બસ, વાંચવાની આદત ટકવી જોઇએ. એક સમયે બસમાં, ટ્રેનમાં કે પ્લેનમાં લોકોને હાથમાં પુસ્તક લઇને વાંચતા જોવા મળતા હતા. હવે મોબાઇલ, ટેબલેટ કે લેપટોપ સામે હોય છે. વાંચન પણ ડિજિટલ થતું જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આજથી બાર વર્ષ અગાઉ તેમણે વાંચે ગુજરાત અભિયાન શરૂ કરાવ્યું હતું. એ પ્રસંગે નરેન્દ્ર મોદીએ જે વાત કહી હતી એ યાદ આવે છે. તેમણે કહ્યું હતું કે, મારે મન વાંચન એટલે જીવન પાર કરવાની તૈયારી. મારે ગુજરાતને વાંચનનું ઘેલું લગાડવું છે. મોદીએ તો તરતા પુસ્તકનો ખયાલ પણ આપ્યો હતો. નરેન્દ્ર મોદીના વાંચે ગુજરાત અભિયાનની જોરદાર અસર થઇ હતી. હજુ આ અભિયાનને ધબકતું રાખવાની જરૂર છે.

**મારે મન વાંચન એટલે જીવન પાર કરવાની તૈયારી. મારે ગુજરાતને વાંચનનું ઘેલું લગાડવું છે. મોદીએ તો તરતા પુસ્તકનો ખયાલ પણ આપ્યો હતો. નરેન્દ્ર મોદીના વાંચે ગુજરાત અભિયાનની જોરદાર અસર થઇ હતી**

આપણે ત્યાં એક સમસ્યા એ છે કે, વાંચન કેટલું થાય છે, લોકો શું વાંચે છે, લોકોને શું વાંચવું છે, એ વિશે કોઇ સર્વે, અભ્યાસ કે સંશોધનો થતા નથી. એ થવા જોઇએ. યુનિવર્સિટીઓના ભાષા ભવનો આ કામ સારી રીતે કરી શકે એમ છે. ડિજિટલાઇઝેશનનો સૌથી મોટો ફાયદો એ છે કે, એ જેવું હોય એવું સામે મૂકી દે છે. કોણે શું વાંચ્યું, કેટલો સમય વાંચ્યું, સાહિત્યનો ક્યો પ્રકાર સૌથી વધુ વંચાય છે એની નાનામાં નાની ડિટેઇલ ડિજિટલ માધ્યમ આપી દે છે. હવે તો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પણ તેમાં મદદે આવે છે. આપણે કોઇ વાંચન પસંદ કરીએ પછી એ જ પ્રકારનું લેખન આપણી સામે આવતું રહે છે. ડિજિટલ પ્લેટફોર્મ પર પણ શું વંચાઇ છે એ જાહેર થતું નથી અને લોકો સુધી પહોંચતું નથી. ગુજરાતમાં રોજ કેટલા પુસ્તકો પ્રસિદ્ધ થતા હશે? ઘણા બધા!રોજરોજ રાજ્યના કોઇને કોઇ ખૂણે પુસ્તકોના વિમોચન થતા રહે છે.

હમણાં એક રસપ્રદ વાત જાણવા મળી. એક કાર્યક્રમમાં

મને એવું કહેવામાં આવ્યું કે, વાંચવું તો છે પણ શું વાચવું એ સમજાતું નથી. એટલા બધા ઓપ્શન છે કે, શું વાંચવું અને શું ન વાચવું. આ વાત પણ વિચારવા જેવી છે. આપણે ત્યાં ફિલ્મોના રિવ્યૂઝ આવે છે પણ પુસ્તકોના રિવ્યૂ ભાગ્યે જ થાય છે. કોઇ ખરેખર સારું પુસ્તક હોય અને માર્કેટમાં આવી ગયું હોય તો પણ કોઇને ખબર હોતી નથી. પુસ્તકોના રિવ્યૂ થવા જોઇએ અને તટસ્થ રીતે થવા જોઇએ. મને અનેક વખત એક સવાલ થયો છે. લગભગ તમામ લેખકોને એ સવાલ પૂછાતો જ હોય છે કે, તમારા પ્રિય પુસ્તકો ક્યા છે? લોકોને નામ જોઇતા હોય છે. પુસ્તકો વાંચવા હોય છે પણ એ પહેલા એવી ખાત્રી જોઇતી હોય છે કે, આ પુસ્તક વાંચવાની મજા આવશે જ. હું તો આવો પ્રશ્ન પૂછાય ત્યારે એક જ વાત કહું છું કે, મને ગમ્યા હોય એ નહીં પણ તમને જેમાં મજા આવતી હોય એ પુસ્તક વાંચો. વાંચનમાં દરેકની પોતાની ચોઇસ હોય છે. મને આત્મકથા કે અભ્યાસ લેખો ગમતા હોય તો જરૂરી નથી કે બધાને ગમે. હું તો એમ પણ કહું છું કે, તમે વાંચવાનું શરૂ કરી દો, તમે આપોઆપ તમારા ગમતા વિષયો સુધી પહોંચી જશો. વાંચન વિશે એક વાત પણ સમજવા જેવી છે. વાંચન પણ સમય સાથે મેચ્યોર થતું હોય છે. આપણે નાના હોઇએ ત્યારે બાળ સાહિત્ય વાંચતા હોઇએ છીએ. મારી જ વાત કરું તો નાનો હતો ત્યારે ફૂલવાડી, નિરંજન, ચાંદામામા અને રમકડું જેવા મેગેઝિનો હું ગાંડાની જેમ વાંચતો. ધીમે ધીમે એ છૂટી ગયા અને બીજું વાંચન શરૂ થઇ ગયું. એ સ્વીચ ઓવર ક્યારે થયું એ ખબર જ ન પડી. ધીમે ધીમે માણસ ગંભીર વાંચન તરફ ઢળતો હોય છે. એક કિસ્સો કહેવાનું મન થાય છે. નાનો હતો ત્યારે મિગેલ દ સર્વાન્ટિસની ગુજરાતીમાં અનુવાદ થયેલી બુક ડોન કિહોટે વાંચવા લીધી હતી. સોથી વધુ વર્ષ પહેલા સુવિખ્યાત સાહિત્યકાર અને નાટ્યવિદ ચં.ચી. મહેતાએ ડોન કિહોટેનું ભાષાંતર કર્યું હતું. આ પુસ્તક નાનો હતો ત્યારે અઘરૂ લાગ્યું હતું અને વાંચવાનું છોડી દીધું હતું. વર્ષો પછી એ જ પુસ્તક વાંચ્યું ત્યારે મજા પડી હતી. કહેવાનો મતલબ એ છે કે, નાની ઉંમરે જ્યારે એ બુક વાંચવા લીધી ત્યારે હજુ મારું વાંચન એ બુક વાંચવા જેટલું મેચ્યોર થયું નહોતું. અત્યારે બીજી ભાષાઓમાંથી અનુવાદિત કે ભાવનુવાદિત થયેલા પુસ્તકો પણ ધૂમ વેચાય અને વંચાય છે. વિશ્વ સાહિત્યને લોકો સુધી પોતાની ભાષામાં પહોંચાડવાનું આ કામ પણ ઉત્કૃષ્ઠ રીતે થઇ રહ્યું છે. હું નાનો હતો ત્યારે રશિયન લિટરેચર ગુજરાતીમાં બહુ વંચાતું હતું. રશિયાના મહાન સાહિત્યકારો લિઓ ટોલ્સટોય, મેક્સિમ ગોર્કી, એન્ટોવ ચેખોવ વિગેરેનું સાહિત્ય ત્યારે વાંચ્યું હતું જે આજ સુધી દિલમાં છવાયેલું છે. ગુજરાતમાં લોકોને વાંચતા રાખવામાં અખબારોની પૂર્તિઓના ફાળાની નોંધ પણ લેવી જ જોઇએ. છાપાઓની પૂર્તિઓએ લોકોને વાંચતા રાખ્યા છે. ગુજરાતમાં એક તબક્કે તો કોઇને કોઇ પૂર્તિઓમાં લખતા હોય એ જ લેખકો જાણીતા હતા. હવે લેખકો માટે પણ ઓપ્શન વધ્યા છે.સોશિયલ મીડિયા અને બ્લોગ તો છે જ, સાથોસાથે નવા લેખકો માટે અનેક પ્લેટફોર્મ પણ ઊભા થયા છે. ગુજરાતીમાં માતૃભારતી, પ્રતિલિપિ અને બીજા પ્લેટફોર્મ પર જે કામ થાય છે એ કાબિલે દાદ છે. ગુજરાતમાં સાહિત્યપ્રેમી લોકો પણ વાંચનને વધારવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. ગુજરાતના મોટાભાગના શહેરોમાં પુસ્તક પરબ ચાલે છે. ભાવનગરમાં તો સાહિત્યની કોઇને કોઇ પ્રવૃતિઓ સતત ચાલતી જ રહે છે. ભુજમાં એક સંસ્થા પ્રકાશકો આપે એના કરતા પણ વધુ ડિસ્કાઉન્ટ આપીને પુસ્તકો વેચે છે. મોરબીમાં યુવાનોનું એક ગ્રૂપ દર મહિનાના પહેલા રવિવારે સરદાર બાગમાં પુસ્તક પરબ ચલાવે છે. આ સંસ્થા પુસ્તક પરિચયના કાર્યક્રમો પણ યોજે છે. નવસારીમાં સયાજી વૈભવ સાર્વજનિક પુસ્તકાલય અને નરેન્દ્ર હિરાલાલ પારેખ જ્ઞાનધામ નિયમિત રીતે મને ગમતું પુસ્તક વાર્તાલાપ યોજવા સહિત સાહિત્યના અનેક કાર્યક્રમો યોજે છે. બીલીમોરામાં જય વશી યુવાનો સાથે મળીને પરબ નામની સંસ્થા ચલાવી આદિવાસીઓમાં વાંચનનું પ્રમાણ વધે એવા પ્રયાસો કરી રહ્યા છે. દરેકે દરેક શહેરથી માંડી નાના નાના ગામોમાં પણ સાહિત્યની કોઇને કોઇ પ્રવૃતિ ચાલતી જ રહે છે. આ વાત પણ સરવાળે તો એ જ સાબિત કરે છે કે, ગુજરાત વાંચે છે અને વાંચન ઘટે કે અટકે નહીં એ માટે પ્રયત્નશીલ પણ રહે છે. અમદાવાદ, સુરત, રાજકોટ સહિત મોટા ભાગના શહેરોમાં કોર્પોરેશન કે નગરપાલિકા દ્વારા પુસ્તકમેળાનું આયોજન થાય છે. પુસ્તક મેળાની સાથે સાહિત્યના કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. અમદાવાદમાં યોજાતો ગુજરાત

**ગુજરાતના મોટાભાગના શહેરોમાં પુસ્તક પરબ ચાલે છે. ભાવનગરમાં તો સાહિત્યની કોઇને કોઇ પ્રવૃતિઓ સતત ચાલતી જ રહે છે. ભુજમાં એક સંસ્થા પ્રકાશકો આપે એના કરતા પણ વધુ ડિસ્કાઉન્ટ આપીને પુસ્તકો વેચે છે**

લિટરેચર ફેસ્ટિવલ પણ હવે આખા દેશમાં જાણીતો બની ગયો છે.

દુનિયા અત્યારે હાઈટેક સાયબર ટેક્નોલોજીના દૌરમાંથી પસાર થઇ રહી છે. કદાચ આજના સમયમાં વાંચન પ્રત્યે રૂચી થોડીક ઘટી હશે પણ એ વિશે પણ સરવાળે તો એવું જ લાગે છે કે, લોકોએ વહેલા કે મોડા વાંચન તરફ પાછા તો વળવું જ પડશે. આજનો યંગસ્ટર્સ કરિયરથી માંડીને સફળતા સુધીની બાબતોમાં બહુ અધીરો થઇ ગયો છે. યુવાનોને બધું જ જોઇએ છે અને પાછું તરત જોઇએ છે. એ નથી મળતું ત્યારે તેને હતાશા આવે છે. હતાશા સામે એ ટકી શકતા નથી. આવું થવાનું સૌથી મોટું કારણ એ છે કે, તેને ઇન્ફર્મેશન અને નોલે વચ્ચેનો જે ભેદ છે એ જ ખબર નથી. આજે દરેક યુવાનના હાથમાં મોબાઇલ છે. એમને જે કોઇ માહિતી જોઇએ છે એ તરત જ ગૂગલમાં સર્ચ કરી લે છે. હવે તો ગૂગલ, એલેક્સા કે સીરીને પૂછીને પણ જે જોઇએ એ જવાબો મેળવી શકાય છે. લોકો તેનો ઉપયોગ કરે તેમાં કશું ખોટું કે અયોગ્ય નથી. પ્રોબ્લેમ એ થાય છે કે, લોકો એ બધાના કારણે એવું માનવા લાગે છે કે, અમને બધી ખબર છે, નહીં ખબર હોય તો ગૂગલ છેને, જાણી લેશું! યંગસ્ટર્સ એ વાત ભૂલી જાય છે કે એમને જે મોબાઇલમાં હાથવગી છે એ ઇન્ફર્મેશન છે, નોલેજ નથી! નોલેજ તો વાંચન અને અનુભવોથી આવે છે. લાઇફમાં જયારે ક્રાઇસિસ આવે છે ત્યારે ઇન્ફર્મેશન કોઇ કામ લાગતી નથી, એ સમયે તો નોલેજ જ માણસને ટકાવી રાખે છે. સંબંધો જયારે દાવ પર લાગેલા હોય ત્યારે એ સમજણની જરૂર પડે છે કે, મારે મારા સંબંધોને કેવી રીતે ટકાવવા? જિંદગીમાં નિષ્ફળતા મળે ત્યારે એની સમજ હોવી જોઇએ કે, નિષ્ફળતાને કેવી રીતે સ્વીકારવી, સહન કરવી અને તેમાંથી કેવી રીતે બહાર આવવું. જિંદગીમાં જો વાંચન હશે તો ભૂલા નહીં પડાય, કોઇને કોઇ રસ્તો મળી રહેશે!

**યંગસ્ટર્સ એ વાત ભૂલી જાય છે કે એમને જે મોબાઇલમાં હાથવગી છે એ ઇન્ફર્મેશન છે, નોલેજ નથી! નોલેજ તો વાંચન અને અનુભવોથી આવે છે. લાઇફમાં જ્યારે ક્રાઇસિસ આવે છે ત્યારે ઇન્ફર્મેશન કોઇ કામ લાગતી નથી**

વાંચવા વિશે એક બીજી રસપ્રદ વાત કરવાનું પણ મન થાય છે. એક વખત એક કાર્યક્રમમાં એવું કહેવાયું કે, અમે વાંચીએ તો છીએ પણ યાદ નથી રહેતું! વાંચીએ એ બધું તો કોઇને ક્યારે પણ યાદ ન જ રહે! તેના વિષે એક વાત સમજવા જેવી છે. જયારે વાંચતા હોઇએ ત્યારે યાદ રાખવાની ઉપાધિ ન કરો. માત્ર વાંચનને ફીલ કરો. આપણે જે વાંચીએ એ આપણી અંદર રોપાતું હોય છે. આપણામાં કંઇક ઉમેરાતું હોય છે. આપણને ભલે યાદ ન રહે પણ આપણને ખબર ન પડે એમ સમય આવ્યે એ બહાર આવતું હોય છે. આપણે અમુક સંજોગોમાં, અમુક ઘટનાઓ વખતે ચોક્કસ પ્રકારનું વર્તન કરતા હોઇએ છીએ. એ વખતે આપણે જે વર્તન કરીએ છીએ, જે વાત કરીએ છીએ, એ ક્યાંથી આવે છે? સરવાળે તો આપણી અંદર જે હોય એ જ બહાર આવવાનું છેને? વાચન માણસને અંદરથી સમૃદ્ધ બનાવે છે. આપણી સંવેદનાને જીવતી રાખે છે. સંબંધોને સજીવન રાખે છે. આજે દુનિયામાં જો સૌથી મોટી કોઇ સમસ્યા હોય તો એ રિલેશનશીપ ક્રાઇસીસ છે. સંબંધો દાવ પર લાગેલા છે. આવું કેમ છે? શું ખૂટે છે? સમજણ, આવડત અને ડહાપણ હોય તો ટકી શકાય છે. એ બધું આવવાનું ક્યાંથી? એ તો વાંચનમાંથી જ મળવાનું છે. આપણે વાંચીએ અને વંચાવીએ. છેલ્લે એક વાત, લાયબ્રેરીને પુસ્તકની કબર ન બનવા દઇએ. આજે ઘણા ઘરોમાં એવું જોવા મળે છે કે, નાની કે મોટી લાયબ્રેરી હોય પણ એમાં પુસ્તકો અકબંધ પડ્યા હોય. એક મિત્ર સરસ કામ કરે છે. એ બુક ખરીદે છે, વાંચે છે અને વંચાઇ જાય એટલે બીજાને વાંચવા આપી દે છે. તે કહે છે, પુસ્તકો તો ફરતા ભલા!દરેક ગુજરાતી વાંચનયાત્રામાં પોતાનાથી જે યોગદાન આપી શકે એ આપે અને બીજું કંઇ ન કરી શકે તો થોડુંક વાંચતા રહે તો પણ ઘણું!

*સૂરીલ-૩, ફ્લેટ નં. ૫૦૪,*
*પ્રેરણાતીર્થ દેરાસર પાસે, સેટેલાઈટ,*
*અમદાવાદ. મો. ૯૮૨૫૦૬૧૭૮૭*



Directorate of Information
Gujarat

Social Media

gujaratinformation.gujarat.gov.in

gujaratinformation.official

@infogujarat

gujarat.information

Gujarat Information

ગુજરાત

the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

# સબ સે ઊંચી મીઠાઈ સગાઇ : પિયા જૈસે લડ્ડુ મોતીચૂર કા...મનવામાં ફૂટે હો !

*- જય વસાવડા*

ગાળી નાખે જાત ઘી, ગોળ ને લોટ..
જ્યારે બંદા લાડુ ઓળખાય..
ક્યાં ગયા ભૂધરો? ઉદરો, ઉત્સવો ?
લાડુ શોધે કોઈ જઠારાગ્નિ !

અહા હા હા ગરવી ગુર્જરગિરામાં રાધાકૃષ્ણના શૃંગારથી લઈને ગાંધીજીના ચરખા અને વિશ્વયુદ્ધની ટૅંકથી લઈને છત પરથી મેલા ખમીસ પર ટપકતી ગરોળી સુધીનાં કાવ્યો લખાયાં છે. પણ ઘીમાં પકવેલી ઘઉંની સેવ બિરંજ જેવી સુંવાળી સુંવાળી, મધમાં ઝબોળેલી સ્યુગરી ઈમોશનલ કવિતાઓ ઠપકારતા કવિઓએ કદી આટઆટલી શતાબ્દીઓમાં મિષ્ટાન્ન પર ફૂલ ફ્લેજડ ટેસ્ટી ટેસ્ટી પોએમ્સ લખી હોવાનું ધ્યાનમાં આવ્યું નથી! બસ, કઢી ખીચડી પછી 'ડીસર્ટ' માં ચોકલેટ બ્રાઉની જેવો અપવાદ ચંદ્રકાંત ટોપીવાળા જેવા શિરોમાન્ય સર્જક-વિવેચકનો, જેમણે છેક ૨૦૦૨માં રસીલાં આઠ મીઠાઈકાવ્યો લખ્યાં ! કવિતાના નામે દેખાદેખીથી વધતા અધ્યાત્મના ડોળ સામે 'જીભ બતાવવા' (જેમ કે 'તંતુમાં તંતુ હોઈ આદિ-અંત વિનાની સૂતરફેણી છે અનંત!') એમણે તુકારામ જેવા મરાઠી સંતકવિઓના પ્રિય છંદ 'અભંગ' માં શુદ્ધ ભૌતિક સ્વાદરસને પોંખતાં મીઠાંમધુરાં સ્વાદિષ્ટ કાવ્યો પેંડા, રસગુલ્લાં, જલેબી, શીરા, પુરણપોળી ઈત્યાદિ પર લખ્યાં છે. તેમાંથી એક લાડુ કાવ્યની ચમચી અહી ચખાડી છે.

**ચંદ્રકાંત ટોપીવાળા જેવા શિરોમાન્ય સર્જક-વિવેચકનો, જેમણે છેક ૨૦૦૨માં રસીલાં આઠ મીઠાઈકાવ્યો લખ્યાં ! કવિતાના નામે દેખાદેખીથી વધતા અધ્યાત્મના ડોળ સામે 'જીભ બતાવવા'**

મીઠાઈ! મ્મ્મ્મ્મ્મ્મ્મ ! ગળ્યું એ ગળ્યું, ને બાકી બધું બળ્યું! આવો ગળચટ્ટો અભિગમ શિશુ હોઈએ ત્યારે 'ગળથૂથી'માં જ મળ્યો હોય પછી 'ક્રેવિંગ ફોર સ્વીટ્સ' આજીવન રહે જ ને! લીઝા રેની ઉત્તમોત્તમ ફિલ્મ 'વૉટર' માં કોઈ ભાષણબાજી વિના એક મર્મવેધક દ્રશ્ય છે. સમાજના નિયમોને લીધે કાશીમાં રહેતી સુખોપભોગથી વંચિત પરાણે સાધ્વી જેવું જીવન વિતાવતી વિધવાઓની તેમાં વાત છે. એક વયોવૃદ્ધ ડોશી રોજ એમાં મોક્ષનો ધર્મોપદેશ સાંભળે છે. મિથ્યા માયા અને સંયમ-નિયમના બોઝિલ ધુમ્મસ વાખે નવી આવેલી નાનકડી બાળવિધવાને એ વૃદ્ધા દસકાઓ અગાઉના પોતાના લગ્નની વાતો કરે છે. એમાં પીરસાયેલી મીઠાઈઓના સ્મરણમાત્રથી એની આંખમાં અનોખી ચમક આવી જાય છે ! બાળકી આંખોમાં ડોકાતી એ જીભની ગળચટ્ટી ઝંખનાનો તણખો પામી જાય છે. એક રાત્રે એ ગરમાગરમ બનારસી જલેબી લઈ આવે છે, અને ગુપચુપ માજીને આપે છે. થાળી જેવડું મોં પહોળું કરી વર્ષો પછી તાજી મીઠાઈ આરોગતાં માજીને સાક્ષાત હરિદર્શન થયા જેટલો પરમ સંતોષ મળે છે, અને એ જ ક્ષણે પ્રાણત્યાગ થઇ જાય છે ! વાસનામોક્ષ પછીની ચિરશાંતિ !

મીઠાઈ તો હરજીને પણ અતિ વ્હાલી છે જ ને ! એવરગ્રીન સાકરદાણા ઉપરાંત ગણપતિના મોદક તો માતાજીના નૈવેદ્યમાં કુલેર ને ગળ્યાંસાટાં, મહાવીર સ્વામીની સુખડી તો હવેલીનો મોહનથાળ, સ્વામિનારાયણની મગસ લાડુડી તો બાલાજીના લાડુ, શ્રીનાથજીનો ઠોર તો મથુરાના પેંડા, અમૃતસરનો હલવો તો બદ્રીનાથનો મેવો! સાઈબાબાની બુંદી તો સત્યનારાયણનો શીરો, પિતૃશ્રાદ્ધની ખીર તો લાલાને છપ્પનભોગ ! કૃષ્ણ માટેની સ્તુતિમાં જ અધરમ્ મધુરમ્, વદનમ્ ધુરમ્ જેવા પ્રભુ 'અખિલમ્ મધુરમ્' કહેવાયા છે ! મીઠડા મુરલીધર ! વન્સ અપોન અ ટાઈમ, અન્નક્ષેત્રમાં જોગીઓને 'કાળી રોટી, ધોળી દાળ'નું ભોજન પીરસાતું, મતલબ દૂધપાક અને માલપુઆ ! ઈદના સેવૈયા તો ક્રિસમસની કેક, હોળીનો ઘેબર તો દશેરાની ઘારી, આઠમના શક્કરપારા



તો દિવાળીનાં સુંવાળી-મઠિયા-ઘુઘરા. યમ્મીઈઈઈ. કોણ કહે છે સંસારમાં આ સાર નથી ?

પૃથ્વીલોક પર આ દુર્લભ મનખાદેહ ના મળ્યો હોત તો આ સુલભ મિષ્ટાન્નની મોજીલી મિજબાની કેવી રીતે કરત? થેન્ક્સ ગોડજી, અમે તમને વારેઘડીએ ડિસ્ટર્બ કર્યા વિના, તમારાથી દૂર આ દુનિયાના મેળામાં બધી જોયરાઇડ્સ પર ઝૂમી શકીએ એટલે તો તમે અમને ગજવામાં જુવાનીનું પોકેટમની આપીને ફરવા મોકલ્યા છે! એમ ને એમ ધોયેલા મૂળા જેવા તમારી પાસે પાછા ફરીશું, તો તમારા જ બનાવેલા રંગરંગીલા અમ્યુંઝમેન્ટ પાર્કમાં 'ફ્રી એન્ટ્રી' છતાંય કેમ ભેંકડો તાણી રોતા રોતા દોડ્યા આવ્યા એમ કહી તમે વઢશો એ ય ખબર છે, હોં કે !

ગામેગામની ફેમસ સ્વીટ્સ હોય છે. તહેવારોની આગવી મીઠાઈઓ હોય છે ! (અરે, વેલેન્ટાઈન્સ ડે પણ જરા ચુલબુલી ચોકલેટ વિના કલ્પી તો જુઓ!) મનલુભાવન મીઠાઈઓનો મધુરસ જેમ મોંમાં ખાધા પછી પણ ઝરતો રહે છે, એમ ગમતી અને ભાવતી મીઠાઈઓની સાથે જોડાયેલા સંભારણા પણ મીઠા લાગે છે !

★

''ભૈ, લેકચર-બેક્ચર ને વિક્ટોરિયા મેમોરીઅલ-બેલુર મઠ-ઝભ્ભા-ટાગોર બધુંય સમજ્યા, આપણે તો પાંત્રીસ વર્ષથી તપ કર્યું છે બંગાળી સાહિત્ય કાજે નહિ, બેન્ગોલ સ્વીટ્સ માટે ! પુરસ્કાર પછી, પહેલા તાજાં સંદેશ-રસગુલ્લા-ચમચમ ખવડાવજો તો આ જાત્રા સફળ થશે!''

કોલકાટ્ટા ( ઉર્ફ, કલકત્તી પાનવાળા કલકત્તામાં મઘમઘતી કીમાંમી ખૂશ્બૂ આ નામમાં નથી !)માં આ ચોમાસે પગ મૂકતાવેંત આયોજકો-શુભેચ્છકોને આવું રોકડું કહ્યું હતું. એ બધા પણ દિલદાર શોખીનો હતા, મધરાતના દુકાનો ખોલાવીને અને પરોઢિયે હોટેલ રૂમ ખોલાવીને કોઠો ટાઢો કરી આપ્યો ! હજુ ય ઘણી ફ્લેવર્સ બાકી છે, અને ફરી એ શહેરમાં જવાનો એ જ તો રોમાંચ છે! (રિયાથી બિપાશાને કાજોલથી રૂપા સુધીની બેન્ગાલી બ્યુટીઝ તો ક્યાંકને ક્યાંક 'ગોઠવાયેલી' છે, એમના હાર્ડ લક , બીજું શું? lolzzzzzzzzzz !)



રસગુલ્લાં ઈઝ વન ઓફ ધ ફેવરિટ ! સ્વીઈઈઈઈઈઈટ્ ચીઈઈઈઈઈઈઝ બોલ્સ ! ઠંડાં ને શ્વેત રસગુલ્લાં મૂળ તો ઓરિસ્સામાં જગન્નાથની રથયાત્રામાંથી માનવજાતને મળેલો કાયમી પ્રસાદ છે. માણસમાત્ર રસગુલ્લું હોય તો કેવું સારું! ગોરું ગોરું ગોળમટોળ બદન અને નરમ નરમ સ્વ-ભાવ ! સતત મદઝરતી મીઠાશ ! રસગુલ્લાં ગણીને એક-બે ખાય એ તો ઉલ્લુ કહેવાય! બંગાલણોની બિલોરી કાચ જેવી આંખો અને બાબુમોશાયોની રસગુલ્લાની હાંડી જેવી ટકોરાબંધ બુદ્ધિનું મિસ્ટિક સિક્રેટ આ 'મિષ્ટિક' મૈત્રીના પ્રતાપે જ હશે?

**જલેબી ! સ્ત્રીમાત્ર જલેબી જેવી હોય છે! રસભરી, મધુરી, હુંફાળી, ચળકતી, સોનેરી, ગુલાબ જેવી મહેંકતી અને કેસર જેવી તેજ, ચાસણીને ચૂસી લેતી અને જોતાવેંત ખાઈ જવાનું મન થાય એવી! અને એવી જ ગૂંચળા જેવી!**

રસગુલ્લાના જ ફર્સ્ટ કઝીન લાગે એવા મેળામાં છૂટા પડેલાં કાલા-ગોરા ભાઈઓ જેવાં લાગે ગુલાબજાંબુ! ગુલાબજળ જેવી મઘમઘતી ચાસણીમાં વચ્ચે એલચી ને બદામ-પિસ્તા નીકળે એવી રીતે માવાને તળીને તારવ્યો હોય ! જાણે ભેખડોમાં ભટકતા યુયુત્સુ યોદ્ધા જેવી તાંબાવર્ણી કાયા ! બ્લો હોટ. બ્લો કોલ્ડ ! સ્વાદમાંદય હનિમૂન જેવું! ગરમ ખાવ એની એક લહેજત અને ઠંડાની જુદી જ લિજ્જત ! કૉલેજકાળમાં ગુલાબજાંબુ ખાવાથી અચાનક આધાશીશીનું ટ્રિગર શરૂ થતું! પણ એનાથી ગભરાઈ ને છેક બગદાદથી ભારત આવેલા જાંબુ છોડવાને બદલે જલેબી પકડી ! થોડાં વર્ષે કંટાળીને આધાશીશી દરિયાનાં મોજાં પર સવાર સંદેશાના શીશા માફક મુઠ્ઠીઓ વાળી ગઈ ગાજતી!

જલેબી ! સ્ત્રીમાત્ર જલેબી જેવી હોય છે! રસભરી, મધુરી, હુંફાળી, ચળકતી, સોનેરી, ગુલાબ જેવી મહેંકતી અને કેસર જેવી તેજ, ચાસણીને ચૂસી લેતી અને જોતાંવેંત ખાઈ જવાનું મન થાય એવી! અને એવી જ ગૂંચળા જેવી! જેનો તાગ કદી ન મળે એવી ભુલભુલામણી ! એને આખી ને આખી ચાખી શકાય, મોમાં મૂકી શકાય પણ એનાં વમળવર્તુળોને પારખી ના શકાય ! આપણે સ્વાદથી કામ રાખવું, ગૂંચળા ઉકેલવાની ભાંગજડમાં ના પડવું !

મોટાભાગની મનગમતી મીઠાઈઓની માફક જલેબીનાં મુળિયાં પણ અરબ સંસ્કૃતિમાં છે. મૂળ એ કહેવાતી 'જીરિયાબી', કારણ કે એ ૮મી સદીના મશહૂર સંગીતકાર અને પાકશાસ્ત્રી અબુ અલ હસન નફી ઈબ્ન નફી 'જીરિયાબ' એ યુરોપની ભૂમિ સુધી પહોચાડી હતી ! અરેબિકમાં જીરિયાબ એટલે 'કાળી કોયલ', માટે જીરિયાબને એના સૂરીલા કંઠ માટે એ નામ મળ્યું હતું. એમ તો જર વત્તા આબ એટલે સોનાનું પાણી પણ થાય ! છે ને જલેબી તણો અર્થ અહીં પણ સ્ત્રી જેવો! અને હા, એનું ભારતીય નામ જલવલ્લિકા એટલે પણ (લાગણીનું) પાણી સમાવતાં ગૂંચળાં !

પણ જાંબુ, રસગુલ્લાં, જલેબી બહારથી આવે, ઉત્સવોના ઉલ્લાસ ને ઉજાસમાં ઘરમાં અચૂક બને પૂરણપોળી, અફકોર્સ, ઘીમાં ઝબોળી ! તુવેર-મગ-ચણાની દાળના શીરા જેવું પૂરણ ગરમ ગરમ ફળફળતું જ પોળીની તંગ ચોળીનું આવરણ ધારણ કરે એ પહેલાં ચાટી જવાનું! સાથે મોં ખરું કરવા જાહેરસમારંભોમાં પુષ્પગુચ્છથી સ્વાગતની ઔપચારિકતા જેવું બટેટાનું શાક કે પૂરણમાં વાપરી ગયેલા દાળના લચકા પછી વધેલા પ્રવાહીના વઘારનું ઓસામણ હોય ! વધેલી પૂરણપોળી આઇસ ચિલ્ડ કરો એટલે ડીનર ઇઝ રેડી ટુ બી સર્વ્ડ! પૂરણપોળીનું અસલી મહારાષ્ટ્રીયન સ્વરૂપ જો કે સજ્જ ઉદ્‌ઘોષક હરીશ ભીમાણીની ઘેર 'વેઢમી' રૂપે એમનાં મરાઠી શ્રીમતીજી રેખાબહેનના સૌજન્યથી મળેલું!

**મિષ્ટી દોઈ કે યોગર્ટ કશું શીખંડનું અખંડ સામ્રાજ્ય તોડી ના શકે! ઉનાળામાં જમવામાં શીખંડને બદલે બોક્સ મીઠાઈઓનાં ચોસલાં રાખનારને પૂંઠાના ખોખામાં જ પેક કરી દેવા જોઈએ એવું આ ભરતખંડે શીખંડમર્દન કરનારા મર્ત્ય માનવીનું ઉદ્ધત નિવેદન છે!**

મહારાષ્ટ્રીયન માધુરીને ઠુમકતી જોઈને જેવા ઉલાળા અંગેઅંગમાં ઊઠે, એવો જ થનગનાટ હજુ રુંવાંડે રુંવાંડે મરાઠી ગિફ્ટ સમા 'શ્રીખંડ'ના લિસ્સાલપટ શીતળ સાન્નિધ્યમાં થાય છે. આજુબાજુ જમવાનો પરાણે આગ્રહ કરી પંજાબી ગ્રેવી ઠુંસનારાઓનો ત્રાસ ના હોય ત્યારે ઘણી વખત એકલપંડે આ લખનારે (સૉરી, ખાનારે!) ૫૦૦-૬૦૦ ગ્રામ તાજો શીખંડ આઈસક્રીમની પેઠે ઝાપટી લીધો છે! મિષ્ટિ દોઈ કે યોગર્ટ કશું શીખંડનું અખંડ સામ્રાજ્ય તોડી ના શકે! ઉનાળામાં જમવામાં શીખંડને બદલે બોક્સ મીઠાઈઓનાં ચોસલાં રાખનારને પૂંઠાનાં ખોખામાં જ પેક કરી દેવા જોઈએ એવું આ ભરતખંડે શીખંડમર્દન કરનારા મર્ત્ય માનવીનું ઉદ્ધત નિવેદન છે!

બે વાનગીઓ એવી છે કે જે ઘરમાં ખાધા પછી એ સ્વાદ બજારમાં જડ્યો નથી. મમ્મી શીખંડ માલામાલના કપડામાં દહીં બાંધી એમાં ખડી સાકરનો ભૂકો તથા એલચી, કેસર, બદામની કતરણ તથા ગુલાબની પાંદડી લસોટીને બનાવતી. એમાં પછી ચીકુ, દાડમ, અંગુર, પાઈનેપલ જેવા ફ્રુટ્સ પણ ભળે. પણ એવી રીતે ઘેર શીખંડ બનતો, એ આ વીકએન્ડ ઈટિંગ આઉટના દૌરમાં પછી ભાળ્યો નથી! એવું જ ઉપવાસ હોય ત્યારે ઘેર જ બનતા પેંડાનું! દુઝાણા દોહવાના ગામઠી અનુભવે ઘાટું મલાઈદાર દૂધ ઉકાળી ઉકાળીને એમાં મીસરી નાખીને ઘૂંટીને ચોખ્ખોચણાક તાજો કણીદાર પેંડો બનતો. જાણે શાહી કલાકંદ! ( આ કંદ એટલે મૂળ તો આપણી ખાંડનું જ અરબી અપભ્રંશ ! દીવાલ પર છુટ્ટો ફેંકો તો બુંદબુંદ બની વેરાઈ જાય એવી કળાથી બનેલો કંદ!) બને એટલે જ કટોરો ભરીને 'સેમીલિક્વિડ' ફોર્મમાં ઊનોઊનો આરોગી જવાનો! પેંડો આવો શીરાસ્વરૂપમાં જ ગ્રહણ કરવાનો!

શીરો પણ એવી જ રીતે ઘઉં-ગોળ કે ખાંડ-રવાનો. એ કદી રેડીમેઈડ ન જામે. ગરમ લચપચતા અડદિયાની જેમ ચૂલેથી તબાકડું ઉતારે કે કાજુ-કિસમિસ નાખી એના હોટ વર્જિન કોળિયાને કિસ કરી લેવાની! એમાંય કથાનો શીરો અને સંગાથે અડદનો પાપડ એટલે દિવાળીની આતશબાજી શરૂ ! રાતનું વાળું ખીચડીનું જ નહિ, રવાના શીરાનું પણ હોય! અલબત્ત, રસોડામાં આ રીતે શીરો-શીખંડ-પેંડા હલાવતા રહેવા એ જીમમાં જઈને બાવડાંના ગોટલા ચડવવા કરતાંય વધુ સ્ટેમિના માગી લેતી કસરત છે!

આવું જ ચાના લોટને ધાબો દઈ ને બનતા દેશી ઘીની સોડમથી લથબથ ઢીલા મોહનથાળનું! એનું પીસ્તામંડિત ચકતું મોમાં મૂકો એટલે એટલે જાણે ગિરધારીની બાંસુરીની તાનમાં તન ડોલતું હોય એવું લાગે! ઘીમાં બનેલી ફ્રેશ ફ્રેશ બુંદી પણ



જાણે જીવનરત્નાકરના તળિયે ગયા વિના સાંપડેલાં મોતીડાં! ઢીલી હોય ત્યારે એકમેકની સોડ્યમાં લપાતી બુંદી જીભના ટેરવે મમળાવી ને એનો અમૃતરસ બુંદ બુંદ 'ચાવવા'માં આવતો આનંદ લીધો હોય, તેને ખબર પડે કે સેન્સેક્સના ઉપર ઊઠવા સિવાયની પણ મજાઓ હોય છે એક સ્વીટ સી લાઇફમાં ! બુંદીની જ ફક્ત નામમાં સ્વીટ સિસ્ટર લાગે એવી બાસુંદી! રબ કરતાં રબડી વધુ શાતા આપે છે, એવા દાર્શનિક્ભાવથી શ્રદ્ધાપૂર્વક સ્નિગ્ધ સેમીસોલિડ બાસુંદીરૂપી 'વિન્ટેજ થીક શેઈક'નું સેવન કરો તો વાઇન કરતાં વધુ નશો ચડી શકે છે ! (એક્સ્પિરિઅન્સ બોલતા હૈ , ક્યા ?)

વગર કોકો પાઉડરે ચોકલેટી લચકો થાબડીનો ઝગમગાટ જોઈને કેમ કોઈના દિલમાં કુછ કુછ નહિ થતું હોય? પેસ્ટ્રી કે પુડિંગ જો સેક્સી એન્ડ ઇન્વાઇટિંગ લાગે તો આપણી આ મીઠાઈઓની પણ 'મદનમોહિની' છે. કેસર-પિસ્તા-બદામ ઘારી (ભલે ઘી નીતારેલી) ના ખાવી હોય તો એ જ ફલેવરનો આઇસ હળવો હાજરાહજૂર છે! એક તો છાપાંઓનાં પાનાંઓ પર પથરાઈ વળેલા અર્ધદગ્ધ આરોગ્યાચાર્યોએ આડો આંક વળ્યો છે. સ્વદેશી આયુર્વેદથી લઈ વિદેશી ડાયેટ ચાર્ટના હવાલો આપી 'મેંગો પીપલ' (આમ આદમી, યુ સી! સ્વીટ્સ નથી ખાતાં એમ ફિલ્મો પણ નથી જોતા?) ને બીવડાવી માર્યા છે. લોકોને ગુટકા ખાતાં ડર નથી લાગતો પણ મીઠાઈ ખાતાં મુહોબ્બતને બદલે મોત દેખાય છે!

**દુનિયામાં શેરડીમાંથી ખાંડનું પ્રથમ ઉત્પાદન ભારતમાં થયું હતું! 'શર્કરા' સંસ્કૃત શબ્દમાંથી જ અરેબિક 'સખ્ખર' અને એમાંથી અંગ્રેજી 'સ્યુગર' આવેલો છે!**

રોજ ના ખાવ, પણ તહેવારો તો આવે જ છે મિજબાની માટે ! ખાંડના ભાવવધારાથી મોટી હાયબળતરા એ છે કે લોકો મીઠાઈઓ ધાર્મિક કારણો સિવાય ઘેર બનાવતાં જ ભૂલી ગયા છે! જસ્ટ થિંક, છેલ્લે શોખથી ઘેર ઘીથી તરબતર ચૂરમાનો લાડુ ક્યારે બનાવ્યો હતો? ગોળ-ઘીની પાઈ પીપરમિન્ટની જેમ ચૂસીને ત્રણ અલગ ગુણધર્મો ધરાવતાં દ્રવ્યોને એકમેક સાથે અનુસંધાન જોડી નવાં જ સ્વાદવાળો એક ગ્રહ બનતાં ક્યારે નિહાળ્યો હતો? એટલે જ આ ક્રીમી લેખના આરંભે સ્ક્રીઈઇમ્ છે : ઉત્સવો તો આવે છે પણ મીઠાઈ પચાવનારા પેટ નથી. ક્યાં છે મીઠાઈને ભસ્મીભૂત કરતો એ બલિષ્ઠ મહેનતકશ જઠારાગ્નિ ?

સાયન્ટિફિક રીતે ગ્લુકોઝ અને ચરબી હોઈને કુદરતે સ્વીટ્સ માટે આકર્ષણના સેન્ટર્સ જીભ અને દિમાગમાં મૂક્યા છે. ' સ્યુગર છોડીશ નહિ, તો ચરબી ઓગળશે નહિ' દિલોજાન દોસ્ત અને તજ્જ્ઞ તબીબ ચિરાગ માત્રાવાડિયાએ ચેતવણી આપી હતી. વજન તો ઘટાડવું જ હતું. મિત્રની સાથે મીઠી ગોઠડી કરતાં કહ્યું 'મેં એટલી મીઠાઈ ધરાઈ ધરાઈને ખાધી છે કે મને એકઝાટકે એ છોડતાં અફસોસ નહિ થાય. હું તો મનપસંદ મીઠાઈઓ જમ્યો છું. વગર પ્રસંગે એનાથી જ દિવસ શરૂ અને પૂરો કર્યો છે. ક્વૉલિટીમાં બેસ્ટ, ક્વૉન્ટિટીમાં બિગ! પરમ તૃપ્તિ મળી છે, એટલે એની અધૂરપ સતાવશે નહિ.' મીઠાઈ છોડી બતાવી, શ્રમ કર્યો અને આજે સાકરનો પરસેવો બનાવતાં આવડી ગયું છે એટલે જલસાથી વ્હાલી મીઠાઈઓને પ્રિયજનની જેમ હોંશે હોંશે હોઠે વળગાડું છું! એને ભોગવી છે, એટલે એની તડપ નથી! કોણ એવું હશે જેને મીઠાઈ ભાવે નહિ? હા, એવા ઘણા હશે જેને મીઠાઈ ફાવે નહિ!

દુનિયામાં શેરડીમાંથી ખાંડનું પ્રથમ ઉત્પાદન ભારતમાં થયું હતું! 'શર્કરા' સંસ્કૃત શબ્દમાંથી જ અરેબિક 'સખ્ખર' અને એમાંથી અંગ્રેજી 'સ્યુગર' આવેલો છે! સિકંદર અહીં આવ્યો ત્યારે એણે અચંબિત થઈ ભારતને 'મધમાખી વગર મધ' બનવતો દેશ કહ્યો હતો!'

રીડરબિરાદર, ટોપરાપાક જેવી પરમ્પરાગત કોઈ મીઠાઈ દાબી દાબીને ખાઈને દિવાળીની રજાઓમાં ભરબપ્પોરે પણ ક્ષીરસાગરમાં પોઢેલા લક્ષ્મીપતિ વિષ્ણુ જેવી નિદ્રા માણો એવી તનદુરસ્તી, મનદુરસ્તી અને ધનદુરસ્તીની સ્વીટ વિશિઝ ..બટ, ડુ યુ નો? આ ક્ષીર એટલે દૂધ, મૂળ સંસ્કૃતમાં ક્ષ એટલે (વક્ષમાંથી) ઝમતું, ટપકતું પ્રવાહી. ક્ષીરમાંથી જ બન્યો શબ્દ આપણી સદાબહાર ખીર !. એ જ શબ્દ ફારસીમાં જતાં 'શીર' થયો , એમાંથી જ શીરો, શીર-ખુરમા જેવી વાનગીઓનાં નામ પડ્યાં ('ખાંડ'નું ફારસીમાં 'કંદ' થઇ યુરોપમાં 'કેન્ડી' થયું, એમ સ્તો!)

..અને એમ જ હુસ્નપરી માટે શબ્દ આવ્યો 'શીરીન' (પેલી ફરહાદની પ્રેયસી!).. શીરીન એટલે મીઠાશ ! રતુમડાં ગાલવાળી કોઈ બરફી જેવી મસ્તાની મીઠડી સ્વીટીનું ચુંબનપબ્રહ્માંડની સર્વોત્તમ માધુર્યભરીમીઠાઈ મુબારક.

*૩૦૨, ઉજાશ ફ્લેટ, નાલંદા પાર્કની બાજુમાં,*
*અમીન માર્ગ, કાલાવડ રોડ,*
*રાજકોટ, મો. ૯૮૨૫૪૩૭૩૭૩*

# દિવાળીઃ ડિલીટ, રિચાર્જ, રિફ્રેશ અને એન્ટી વાયરસનું અજવાળું

- *ભવેન કચ્છી*

દિવાળીના તહેવારમાં ઘર ભલે ચકાચક કરીએ. સાફસફાઈ પણ જરૂરી છે જ, પણ હજુ એક કામ કરવાનું બાકી રહી ગયું.

પેટા હેડિંગઃ મોબાઇલમાં સ્ટોરેજની જગા માટે જે પણ બિનજરૂરી છે તે ડિલીટ કરવું પડે છે, પણ આપણે આપણાં દિલ અને દિમાગમાં કેટલું કેટલું જૂનું સંઘરીને બેઠાં છીએ

દિવાળીનો તહેવાર હોઈ બધાંનાં ઘર ચકાચક થઇ જાય. દર વર્ષની જેમ કબાટનાં ખાનાંઓ અને માળિયાની પણ સાફસફાઈ ખરી. જે પણ જૂનુંપુરાણું અને આઉટ ડેટેડ લાગ્યું તે બધું જ ભંગાર ભેગું કરી દેતાં હોઈએ છીએ. ગયા વર્ષે જે ઉપયોગી થઇ શકે તેમ માનીને સંઘરી રાખ્યું હતું તેનું વર્ષ દરમિયાન જાણે અસ્તિત્વ જ ના હોય તેમ તેને ભૂલી ચૂક્યા હતા, સફાઈ કરતાં એહસાસ થયો કે 'અરે, આ પણ સંઘર્યું હતું? કંઈ કામનું નથી, હવે આને કચરાના ઢગ જોડે જવા દો.''

**સિસ્ટમમાં હવે તો તમે નિર્દોષ હો તો તો પણ તમારા મશીનને ખોરવી દેવા તમે કે તમારા મશીને જેનું કંઇ બગાડયું પણ નથી છતાં વાઇરસ હુમલો કરે છે. તે જ રીતે હવે માત્ર આપણે કોઇને ના નડીએ તે રીતે રહેવું પૂરતું નથી**

વીતી ચૂકેલા વિક્રમ સંવતનું કૅલેન્ડર પણ ભીંત પરથી ઉતારી નવું સ્થાન પામશે. મોબાઇલ પર શુભેચ્છા સંદેશા અને ચિત્રાત્મક પોસ્ટની વર્ષા ઝીલવા સાથે જ સ્ક્રીન પર ચેતવણી આવશે કે હવે વધુ સંગ્રહ ક્ષમતા નહિ હોઈ તમારા માટે જે બિનજરૂરી પોસ્ટ હોય તે ડિલીટ કરશો.

આપણને મોબાઈલનો વ્યવહાર ક્ષણિક પણ ખોરવાય તે કલ્પના જ અપંગ બનાવી દેતી હોઈ આપણે મોબાઇલનું દિલ અને દિમાગ હળવુંફૂલ બની જાય તે હદે ડિલીટની કવાયત કરીશું.આપણો મોબાઇલ તરોતાજા અને સજ્જ રહેવો જોઈએ. બસ, એકમાત્ર આપણે જ એના એ વર્ષોથી જે આદતો,જે પૂર્વગ્રહો,અવગુણો અને સંકુચિત દ્રષ્ટિ સંઘરીને બેઠાં છીએ તેની સાફસફાઈ કે ડિલીટ નથી કરતાં.

ઘરમાં થોડા દિવસો શાકભાજી કે ફળો પણ વપરાયા વગર પડ્યા રહે છે તો પણ તેની દુર્ગંધ ફેલાઈ જતા આપણે તેને ફેંકી દઈએ છીએ, પણ આપણે આપણાં દિમાગ અને દિલમાં નકારાત્મકતા જાણે ઘરેણાં હોય તેમ સેફ ડિપોઝીટ વોલ્ટમાં સાચવીને બેઠાં છીએ. તકલીફ એ છે કે મોબાઇલ કે કોઈ પણ ગૅજેટ, પ્લાન્ટમાં ક્ષમતાં કરતા વધુ કંઈ પણ વધુ છે તેવી સિસ્ટમ અનુભવે તો એલર્ટ મેસેજ આવે કે પછી બીપ બીપ ,સાઇરન વાગે, માપદંડ બહારનો આંકડો જાય તો તબીબ પણ ચેતવે.

તરત જ નિષ્ણાતની સૂચનાનો અમલ કરવો પડે. ડિલીટનો દોર અપનાવવો પડે, પણ આપણા અંદર રહેલો મનનો કચરો ગટરમાં રૂપાંતરિત થઇ તેમાંથી પણ ઊભરાતો હોય તેમ છતાં તે ભયજનક સપાટી વટાવી ગઈ છે નિર્દેશ કરતી કોઈ સિસ્ટમ નથી. આથી બાહ્ય રીતે ભૌતિક દુનિયામાં જેને ડિલીટ કે અપડેટ કર્યા વગર ચાલતું નથી તેને માટે આપણે સાબદા છીએ, પણ આપણા માંહ્યલાનાં ભંડકિયામાં ક્યારેય સાક્ષીભાવે દૃષ્ટિ કરીને ઉબ આવી જાય તેવો કચરો સાફ નથી કરતા.

વૉટ્સ ઍપ પર જુદી જુદી વ્યક્તિઓ શ્રેષ્ઠ જીવન, ઉમદા માનવ, વડીલોની માવજત, મિત્રતા અને પ્રેરણાત્મક પ્રસંગોની ટૅક્ષ્ટ કે વીડિયો મોકલે છે ત્યારે તેમાંની ઘણી વ્યક્તિઓને અંગત અને આંતરિક રીતે આપણે જાણતા હોઈએ છીએ. વાસ્તવમાં તેઓ કેવા નિમ્ન પ્રકારનું જીવન જીવે છે, વડીલો જોડે વર્તાવ કરે છે, ઈર્ષાખોર અને મતલબી છે. તે માત્ર આપણે જ નહિ, સમાજમાં મહત્તમ તેવો અભિપ્રાય આપતા હોય છે.

આમ છતાં તેમના ફોરવર્ડેડ મૅસેજ એવા હોય છે કે આ ભાઈ કે બહેન જાણે શ્રેષ્ઠ આચરણનાં પ્રેરણામૂર્તિ હોય તેમ તેની જાતને માનતા હશે. અમારા જેવા લખનાર પણ તેમાં આવી જાય! શક્ય છે કે અમે જે લખીએ કે વક્તવ્ય આપતા હોઈએ ત્યારે અમને નજીકથી ઓળખનાર મનોમન એમ પણ વ્યંગ કરતો હોય કે 'ભાઈ, પહેલાં તારું જીવન અને કરણી-કથની તો આત્મદર્પણમાં જો.''

આવું થવાનું કારણ એ છે કે આપણે દિવાળી જેવા તહેવારે કે સમયાંતરે ટૅકનોલૉજીની ભાષામાં કહીએ તો બધું ડિલીટ, રિચાર્જ, રિલોડ અને રિફ્રેશ કરીએ છીએ. સિસ્ટમમાં હવે તો તમે નિર્દોષ હો તો પણ તમારા મશીનને ખોરવી દેવા તમે કે તમારા મશીને જેનું કંઈ બગાડયું પણ નથી છતાં વાઇરસ હુમલો કરે છે. તે જ રીતે હવે માત્ર આપણે કોઈને ના નડીએ તે રીતે રહેવું પૂરતું નથી. તમારી શાંતિ અને સ્થિતિને ડહોળી નાખે તેવું વાતાવરણ અને તત્ત્વો છે. આવી વ્યક્તિઓ અને ઉચાટ સર્જતાં પરિબળો ''હેકર'' જેવાં છે.

આપણે નિમ્ન કે અનિષ્ટ તત્ત્વોની પ્રતિક્રિયા આપતા આપણી ઉમદા સ્થિતિથી વિચલિત થઈ તેમના જેવા બનશું તો તે 'પાઈરેટેડ સૉફ્ટવૅર' આપણે આપણી સિસ્ટમમાં

ગ્રહણ કર્યું કહેવાય અને તમે જાણો છો કે આવાં સૉફ્ટવૅર પછી થોડા અરસામાં વાઇરસનો હુમલો થશે. બસ, આપણે પણ સ્થૂળ અને સૂક્ષ્મ રીતે હાઇટેક ગૅજેટ કે સિસ્ટમ જેવાં છીએ. ખરેખર તો આપણી સૂક્ષ્મ અને સ્થૂળ દેહ રચનાના સિદ્ધાંતોને નજરમાં રાખીને વિજ્ઞાનીઓએ ગૅજેટ્સ બનાવ્યાં છે. કમનસીબે આપણે મશીનને અપડેટ રાખીએ છીએ તેના એલાર્મને ત્વરિત અનુસરીએ છીએ પણ આપણી સિસ્ટમને અવગણીએ છીએ.

ભલે ડિલીટ કે રિફ્રેશના સંકેતની કોઈ વ્યવસ્થા ન હોય, આમ છતાં આપણે પોતે અશાંતિ, ઉચાટ-તનાવ અને કારણ વગરની વ્યગ્રતા મહેસૂસ કરીએ, અન્યની ખુશી કે સિદ્ધિથી ઈર્ષા અનુભવીએ, કોઈ વ્યક્તિ માટેની નફરત કે અણગમો અકબંધ રાખીએ તો આપણને જીવવાની મજા નહિ જ આવતી હોય. મજાની સાથે કંઈક જોડો ડંખતો હોય તેવી પીડા હશે, જે આપણે કોઈને જણાવતા નહિ હોઈએ. શક્ય છે, બહારથી તે જ જોડાની બધા ઈર્ષા કરતા હોય. આપણી પાસે પાયાની સગવડો અને સુવિધા હોય,ખાધેપીધે સુખી હોઈએ અને ઘણી વખત તો આપનો પરિવાર પણ મજાનો હોય ! આમ છતાં જો આપણે ડિપ્રેશન, હતાશા કે કંઈ જામતું નથી તેવું અનુભવીએ તો માનવું કે આપણે કોઈ એવાં નકારાત્મક બોજ અને સોચ લઈને જીવીએ છીએ, જે આપણને હળવાફૂલ નથી રાખતી. બસ આ જંજીરો કે વર્ષો જૂનાં બાવાં-જાળાંની સફાઈ કરી દો.

**દિવાળીનો પર્વ જ અંધકારને દૂર કરીને પ્રકાશ પાથરવાનો છે. કોડીયાં કે રોશની તો પ્રતિકાત્મક છે.ખરેખર તો અંતરના અંધકારની અટારીએ કોડિયું પ્રગટાવવાનું છે. સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ આપણા અંતરમનથી કરવાનો છે**

જો તમારા કરતાં પણ ઊતરતી સ્થિતિમાં બીજી વ્યક્તિ ખુશ રહી શકે છે અને તમે નથી રહેતા તો ''સમથિંગ ઇસ રોંગ વિથ યુ.'' આત્મમંથન અને આત્મદર્શન કરો. તત્વજ્ઞાની બનો, પ્રેરણાદાયી વાંચો કે સાંભળો.જે વ્યક્તિ કે પરિવારની તમે ઈર્ષા કરતા હો તેના કરતાં તમે તેનું તે માટેનું રહસ્ય શું છે તે જ પામીને તેના જેવા બની જાઓને. પ્રેરણાલાયક વ્યક્તિ કે પરિવારની ફાઇલ જ 'ડાઉનલોડ' કરી લો ને !

ભગવાન દત્તાત્રેયે ૨૪ ગુરુઓમાં પશુપંખી અને કીતાકને પણ તેના ગુરુઓમાં સ્થાન આપ્યું હતું. સમડી પંખીનો પણ તેમાં સમાવેશ થાય છે. સમડી એક વખત માંસનો ટૂકડો લઈ આકાશમાં ઊડી રહી હતી. તેને થયું કે દૂર સુધી ઊડી કોઈ સલામત સ્થળે મિજબાની લઈશ. તે આકાશમાં ઊંચાઈ પકડી રહી હતી ત્યાં તો તેણે જોયું કે તેની પાછળ સમડી અને ગીધનાં ટોળાં તેની પર આક્રમણ કરવાના મિજાજ સાથે નજીક ધસી રહ્યાં છે. સમડી ગભરાઈ ગઈ. તેણે ઊડવાની ઝડપ વધારી તો પીછો કરી રહેલા પંખીનાં ટોળાં સાવ નજીક આવતાં ગયાં.

સમડીને તેનું મોત નજીક દેખાયું. હમણાં જ પંખીઓ ઘેરી લઈને મને પીંખી નાખશે તે વિચારથી તેની ઊડવાની ઝડપ પણ ફફડાટ સાથે ધીમી પડી ગઈ. તે પછી તેને ત્વરિત વિચાર ઝબૂક્યો કે ''અરે, મારે ક્યાં આ પંખીઓ જોડે દુશ્મનાવટ છે. તેઓ મને મારી એટલા માટે નાંખશે કે મારી ચાંચમાં માંસનો ટૂકડો છે . મારા માટે મારાં મોતનું કારણ તો માંસનો ટૂકડો છે.તેમ વિચારવા સાથે જ સમડીએ માંસનો ટૂકડો ચાંચમાંથી છોડી દઈ જમીન તરફ ફેંકી દીધો.

બસ, તે જોતાં જ તમામ શિકારી જેવાં પંખીઓનું ઝુંડ માંસના ટૂકડા તરફ ફંટાઈ ગયું. સમડીને તેના જ્ઞાને બચાવી દીધી. આપણી અંદર પણ એવા કેટલાક ફેંકી દેવા જેવા, જીવનને બરબાદ કરી મૂકે તેવા અનિષ્ટો, વિચાર કે મહત્ત્વાકાંક્ષા હોય જે આપણી મુક્ત, મુગ્ધ અને ઊર્ધ્વ ઉડાન માટે બાધારૂપ હોય જેને વિષે વિચારી આપણે તેને મમત, મોહ અને જીદ કે પૂર્વગ્રહ સમજી ફેંકી દેવાં જોઈએ.

દિવાળીનો પર્વ જ અંધકારને દૂર કરીને પ્રકાશ પાથરવાનો છે. કોડીયાં કે રોશની તો પ્રતિકાત્મક છે.ખરેખર તો અંતરના અંધકારની અટારીએ કોડિયું પ્રગટાવવાનું છે. સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ આપણા અંતરમનથી કરવાનો છે. જેમ અમુક દિવસે ધૂળ જામી જ જાય છે અને તેની સફાઈ કરવી જ પડે છે. મોબાઇલમાં પણ જગ્યા ભરાઈ જતાં ડિલીટ કરીને સ્પેસ કરીએ જ છીએ તેમ આપણે આપણો પોતાનો આત્મ સેલ્ફી પણ ખેંચવાનો છે અને જે બિનજરૂરી છે તે ડિલીટ કરવાનું છે. પછી જુઓ નવું વર્ષ જ નહીં જિંદગી પણ જીવવા જેવી લાગે છે કે નહિ!

*એમ-૭૦૩, સર્જન ટાવર, સુભાષ ચોક પાસે,*
*મેમનગર, અમદાવાદ.*
*મો : ૯૮૯૮૯૮૮૦૧૪*



# ભરૂચની ભવ્યતા

- ડૉ. નરોત્તમ વાળંદ

જેની ગોદમાં રાવણ જેવા મહાસમર્થ રાજવીને પરાજિત કરનાર સહસ્રાર્જુન અને તેના પરાક્રમી પુત્રો ખેલ્યા હતા, જેના સાંનિધ્યમાં ભગવાન પરશુરામે મદાંધ બનેલા સહસ્રાર્જુન તથા તેના પુત્રોનો નાશ કરી જુલમી અને આપખુદ શાસનનો અંત લાવી લોકશાસન સ્થાપ્યું હતું, જેના પવિત્ર દશાશ્વમેધના ઓવારા પર દાનવીર બલિ રાજાએ વામન સ્વરૂપ ''વિષ્ણુને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દઈ, ત્યાગનું અનોખું દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું, તે પુરાણપ્રસિદ્ધ પુણ્યસલિલા નર્મદા નદીના કાંઠે ભરૂચ વસ્યું છે.

પૌરાણિક કથા અનુસાર લક્ષ્મીની ઇચ્છાથી ભગવાન વિષ્ણુએ નવ નાથ જ્યાં તપ કરતા હતા તે પવિત્ર જગાએ, નર્મદાતટે જે શ્રીનગર વસાવ્યું તે આ ભરૂચ, એમ કહેવાય છે. 'નર્મદાપુરાણ'ના રેવાખંડની કથા મુજબ ભૃગુઋષિએ એક નગરની સ્થાપના કરી. એ નગર ભૃગુકચ્છ તરીકે ઓળખાયું. ભૃગુઓના વસવાટનો વિસ્તાર તે ભૃગુક્ષેત્ર કહેવાયો.

**ઈ.સ.થી દોઢેક હજાર વર્ષ પૂર્વેની ઇજિપ્તની કબરોમાંથી હિંદનું મલમલ મળ્યું છે, તે ભરૂચનું ગણાય છે. હિંદની મશહૂર ચીજો ભરૂચથી પરદેશ જતી અને પરદેશની મશહૂર ચીજો ભરૂચ મારફતે હિંદમાં આવતી હતી**

નર્મદા કિનારે પાઘડી-પને પથરાયેલા આ નગરને દરિયાઈ વ્યવહાર માટે સારી અનુકૂળતા સાંપડી છે. અમરકંટકથી નીકળતી નર્મદા નદી ભરૂચ આગળ એક માઈલનો પટ વિસ્તાર કરે છે અને આગળ જતાં ખંભાતના અખાતને મળે છે. પાસેના અરબી સમુદ્રથી જગતનાં અન્ય બંદરો સાથેનો તેનો માર્ગ ખુલ્લો થાય છે. ઈ.સ. પૂર્વના સમયથી ઇજિપ્ત, ચીન, અરબસ્તાન, યુરોપ, આફ્રિકા અને ઈરાન જેવા દેશો સાથે ભરૂચના માલની લેવડદેવડ થતી, જે સમયે મુંબઈ માછીઓનો બેટ હતું. કલકત્તા અને કરાંચી કાળના પડમાં છુપાયાં હતાં. દિલ્હીને દૂરથી પણ કોઈ ઓળખતું નહોતું. સુરત હજી સળવળતું હતું, તે સમયે ભરૂચ (ભૃગુકચ્છ) એક ધીકતું બંદર હતું. આજે જેમ મુંબઈ ભારતનું પ્રવેશદ્વાર ગણાય છે, તેમ પહેલાં ભરૂચ હિંદનું બારું ગણાતું. ઈ.સ.થી દોઢેક હજાર વર્ષ પૂર્વેની ઇજિપ્તની કબરોમાંથી હિંદનું મલમલ મળ્યું છે, તે ભરૂચનું ગણાય છે. હિંદની મશહૂર ચીજો ભરૂચથી પરદેશ જતી અને પરદેશની મશહૂર ચીજો ભરૂચ મારફતે હિંદમાં આવતી હતી.

બૌદ્ધ જાતકકથાઓમાં સુવર્ણભૂમિ (હિંદી ચીન) અને સુવર્ણદ્વીપ (મલાયા)ના ભરૂચ સાથેના વ્યવહારના ઉલ્લેખો મળે છે. ઈ.સ.પૂ. ૫૦૦ થી ભરૂચ અને સોપારા ધીકતાં બંદરો હતાં. જૈન સાહિત્યમાં તેમજ 'કથા સરિતસાગર'માં પણ ભરૂચ બંદરના અનેક ઉલ્લેખો મળે છે.

શ્રીલંકાના પ્રાચીન ગ્રંથ 'મહાવંશ' અનુસાર સોરાષ્ટ્રના સિંહપુરના સિંહબાહુ રાજાના પુત્ર રાજકુમાર વિજયે ઘોઘા બંદરેથી નીકળી, લંકા પર વિજય પ્રાપ્ત કરી, તેનું નામ સિંહલદ્વીપ રાખ્યું હતું. આ રીતે ત્યાં ઈ.સ. પૂર્વેના છઠ્ઠા સૈકામાં સૌથી પહેલી આર્ય વસાહત સ્થપાઈ હતી. આ સમયમાં ભારતમાં જૈન અને બૌદ્ધ ધર્મનો પ્રચાર હતો. બૌદ્ધ અને જૈન ગ્રંથોમાં તે અંગેના ઉલ્લેખો છે. જૈનોના ૨૦મા તીર્થંકર સુવ્રત સ્વામીનું ભરૂચમાં એક ચૈત્ય હતું, જે 'અશ્વાવબોધ તીર્થ'ના નામે ઓળખાતું હતું. લંકાની રાજકુમારી સુદર્શનાએ એનો જીર્ણોદ્ધાર કરાવી, એ તીર્થને 'શકુનિકા વિહાર નામ આપ્યું હતું. વિવિધ તીર્થકલ્પ' નામે જૈન ગ્રંથની માહિતી અનુસાર, લંકાની રાજકુમારી સુદર્શનાએ વહાણોના રસાલા સાથે ભરૂચ આવીને ત્યાં 'શકુનિકા વિહાર' નામે જૈન મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે. 'લંકાની લાડી અને ઘોઘાનો વર'એ કહેવત ગુજરાત-લંકાના સાંસ્કૃતિક સંબંધો સૂચવે છે.

નર્મદાની દક્ષિણનો ભરૂચની આસપાસનો પ્રદેશ ઈ.સ. પૂર્વેથી લાટ પ્રદેશ તરીકે ઓળખાતો હતો. લાટ એ સમયના ગૂર્જર દેશથી અલગ ગણાતો અને તે હાલના દક્ષિણ ગુજરાતમાં નર્મદાથી નવસારી પાસેના અંબિકા નદી સુધી વિસ્તરેલો પ્રદેશ હતો. લાટ પ્રદેશનું પાટનગર ભરૂચ અને પ્રસિદ્ધ તીર્થધામ પણ હતું. 'સ્કંદપુરાણ'માં પ્રભાસખંડની કથા અનુસાર વલભીના રાજા શર્યાતિએ પોતાની દીકરી સુકન્યા ચ્યવન નામના ભાર્ગવને પરણાવી હતી. ચ્યવનનો આશ્રમ નર્મદાના મુખપ્રદેશ પર હતો. આ ભાર્ગવો તે ભૃગુઋષિના વંશજો ગણાય છે.

ઈ.સ.ના આરંભના સમયમાં ઉજ્જૈન અને પાટલીપુત્ર એ બે ભારતનાં પ્રાચીન નગરો સાથે ભરૂચ ધોરીમાર્ગથી જોડાયેલું હતું. દક્ષિણ ભારતથી પણ ભરૂચના બંદરે થઈને માલની નિકાસ થતી. ક્ષત્રપ વંશના રાજા રુદ્રદામા (ઈ.સ. ૧૫૦), જેના સિક્કા ભરૂચમાં ચાલતા હતા, તેના ગિરનાર શિલાલેખમાં ભૃગુકચ્છનો ઉલ્લેખ છે. મૌર્યકાળથી ગુપ્તકાળ લગી ભરૂચ ગુજરાતનું રાજકીય ઉપરાંત સાંસ્કૃતિક કેન્દ્ર હતું. જગતના વિવિધ દેશો સાથે ભરૂચનો દરિયાઈ વ્યવહાર ચાલતો હતો અને ૮૪ બંદરોના વાવટા ભરૂચના બંદરે ફરકતા હતા. ભરૂચની એક બંદર તરીકેની પ્રતિષ્ઠા છેક ઈ.સ. ૧૩૦૦ લગી

રહી હતી. ઈ.સ. ૬૨૯માં હિંદમાં આવેલો ચીની મુસાફર હ્યુએનસંગ ભરૂચની મુલાકાતે આવ્યો હતો.' એવો તેની નોંધપોથીમાં ઉલ્લેખ છે. ઈ.સ.ની પાંચમી સદીમાં ગૂર્જરોનું રાજ્ય થયું. છઠ્ઠી સદીમાં ભરૂચમાં ગૂર્જર વંશ સત્તા પર આવ્યો. સાતમી સદીથી અરબોના ભારત સાથે જળમાર્ગે વેપારી સંબંધો બંધાયા. ગુજરાતના આ સમૃદ્ધ બંદર ભરૂચ પર તેમની બૂરી નજર પડી અને ઈ.સ. ૬૩૬માં અને બીજી વાર ઈ.સ. ૭૧૪માં ભરૂચને લૂંટવામાં આવ્યું. તે પછી પોર્ટુગીઝોએ ભરૂચને ત્રણ વાર લૂંટ્યું. પ્રથમ ઈ.સ. ૧૫૩૬માં બીજી વાર ઈ.સ. ૧૫૪૭માં અને ત્રીજી વાર ઈ.સ. ૧૬૧૪માં.

ઈ.સ. ૧૬૧૬માં સર ટૉમસ રો નામના અંગ્રેજને બાદશાહ જહાંગીરના સમયમાં ભરૂચમાં વેપાર કરવાની પરવાનગી મળતાં અંગ્રેજોએ ભરૂચમાં વેપારની પહેલી કોઠી નાખી. પછી તો ઈ.સ. ૧૬૧૮માં વલંદાઓએ પણ કોઠી નાખી. ઔરંગઝેબના સમયમાં શિવાજીએ ભરૂચ બે વાર લૂંટ્યું અને તે પછી શંભાજીએ પણ બે વાર લૂંટ્યું. ઈ.સ. ૧૭૪૮માં દિલ્હીના બાદશાહની પરવાનગીથી ભરૂચમાં ભરૂચી રૂપિયા પાડવાની ટંકશાળ શરૂ થઈ હતી. ભરૂચના છેલ્લા નવાબ મોજુજખાનને હરાવીને અંગ્રેજોએ ઈ.સ. ૧૭૭૨માં ભરૂચની સત્તા હાથમાં લીધી. તે પછી તેમણે ભરૂચનો ઉત્કર્ષ આદર્યો. ઈ.સ. ૧૭૮૩માં મિ. ફોર્બ્સ જણાવે છે કે ઊંચામાં ઊંચી જાતના ઝીણી પોતના મસલીનથી માંડીને સઢ બનાવવાના જાડા કાપડના તાકા ભરૂચમાં બનતા. બાસ્તા (બાફટા)નું કાપડ ડચ લોકો અહીંથી યુરોપમાં વેચવા લઈ જતા. ઈ.સ. ૧૮૨૦માં કર્નલ વિલિયમ લખે છે કે અહીંના મોચીઓ બૂટ અને ઘોડાનાં જીન એવાં સારાં બનાવતા કે તે વખતના ગુજરાતમાં વસતા યુરોપિયનો ભરૂચથી એ માલ મંગાવતા. પછીથી અહીં રેશમી અને સુતરાઉ સુજની (રજાઈ) બનાવવાનો કસબ ખીલ્યો. આજે પણ ભરૂચની સુજનીઓ પરદેશ પહોંચે છે. આ કસબ ખાસ કરીને મુસ્લિમોએ જાળવી રાખ્યો છે. ઈ.સ. ૧૭૮૮માં ભરૂચની સમૃદ્ધિ એવી હતી કે ભરૂચની શેરીઓ અરબો, મોગલો અને વિદેશી વેપારીઓથી ઊભરાતી હતી.

**ઈ.સ. ૧૭૮૩માં મિ. ફોર્બ્સ જણાવે છે કે ઊંચામાં ઊંચી જાતના ઝીણી પોતના મસલીનથી માંડીને સઢ બનાવવાના જાડા કાપડના તાકા ભરૂચમાં બનતા. બાસ્તા (બાફટા)નું કાપડ ડચ લોકો અહીંથી યુરોપમાં વેચવા લઈ જતા**

ભરૂચને ગૌરવ અપાવે એવો, મહત્ત્વનો પ્રસંગ ઈ.સ. -૧૮૬૮માં ભરાયેલા ઔદ્યોગિક પ્રદર્શનનો છે. ડિસેમ્બરની ૨૪મીએ અંગ્રેજ અધિકારીઓ અને ગુજરાત-સૌરાષ્ટ્રના અનેક દેશી રાજાઓની હાજરીમાં મુંબઈના ગવર્નરને હસ્તે એનું ઉદ્ઘાટન થયું. ઇંગ્લૅન્ડથી આવેલા ગવર્નર સર સીમૂર ફિટ્ઝીરાલ્ડે એનું પ્રમુખસ્થાન લીધું હતું. એશિયાભરમાં સૌથી પહેલું એવું આ પ્રદર્શન ભરૂચમાં ખૂબ ભભકાભેર ભરાયું. પ્રદર્શનમાં વડોદરાના મહારાજા ગાયકવાડની ત્રીસ લાખ રૂપિયાની કીમતી જવાહરોથી ભરેલી ચાદર, મૂલ્યવાન અલંકારો, કોતરણી કામના નમૂના, ખાસ ઝીણી કારીગરીવાળી યંત્રસામગ્રી અને જંગલી તથા વિચિત્ર પ્રાણીઓ ગોઠવાયાં હતાં. આ પ્રદર્શન જોવા લોકોનો એટલો બધો ધસારો થયેલો કે ત્રણ ને પાંચ રૂપિયાની છપાયેલી સિઝન ટિકિટો ખૂટી પડતાં બાકીની હાથે લખવી પડેલી ! પ્રદર્શન દરમિયાન ભરૂચમાં રહેવા માટે ઠાકોરો અને શ્રીમંતોને ભાડાનાં મકાનોની તંગી નડેલી. ફેન્સી કાપડ, બૂટ, લાકડી, રૂમાલ અને પાઘડીની ખરીદી એટલી બધી થઈ કે એ ચીજોના ભાવમાં ભારે ઉછાળો આવેલો. આ પ્રદર્શનના ઉત્સવ નિમિત્તે રાત્રે નદીમાં તરાપા ઉપર દારૂખાનામાં મોટાં ઝાડ સળગાવવામાં આવેલાં.

૧૯મી સદીના આરંભમાં ભરૂચ રૂના ઉત્પાદનનું તેમજ કાપડ ઉદ્યોગનું મહત્ત્વનું મથક બન્યું હતું. બ્રિટિશ સમયમાં ભરૂચનું રૂ અને બાફટા નામે ઓળખાતું કાપડ વિદેશોમાં વેચાતું હતું. ભરૂચનું રૂ ચીનમાં પણ નિકાસ થતું હતું. અહીંનાં'વણેલી હવા' જેવા પારદર્શક પાતળાં વસ્ત્રો પર રોમન સ્ત્રીઓ વારી જતીં હતી. બદલામાં રોમમાંથી અઢળક સોનું ભરૂચમાં ઠલવાતું હતું. ઈ.સ. ૧૮૫૨માં અમદાવાદના ઉદ્યોગપતિ રણછોડલાલ છોટાલાલે ભરૂચમાં કાપડની પ્રથમ મિલ રૂપિયા ચાર લાખના ભંડોળથી શરૂ કરી, પરંતુ પાછળથી એ બંધ કરવી પડી અને તેમણે અમદાવાદમાં એ ઉદ્યોગ સ્થાપ્યો. ભરૂચમાં શરૂ કરેલી મિલ સારી રીતે ચાલી હોત તો ભરૂચની સિકલ બદલાઈ જાત.

બ્રિટિશ અમલની શરૂઆતમાં કાપડ અને રૂની નિકાસને કારણે ભરૂચ ધીકતું મથક બન્યું. એ વેળાએ ભરૂચ બંદરે દર વર્ષે ૧૫૦થી ૨૦૦ ટનની શકિત ધરાવતાં ૪૦૦૦ જેટલાં વહાણોની અવરજવર રહેતી. ખજૂર, નાળિયેર, મેંગલોરી નળિયાં, પથ્થર, કાંદા અને મીઠું એ બધી ચીજોની આયાત થતી. બસરા અને ઇરાકથી લગભગ ૫૦૦ વહાણો મારફતે ૧૫ લાખ મણ ખજૂર ભરૂચ બંદરે ઊતરીને રેલવે મારફતે રાજસ્થાન, મધ્ય ભારત અને ગુજરાતનાં શહેરોમાં રવાના થતું. એક વહાણમાં એકથી સવા લાખ નાળિયેર ભર્યાં હોય, એવાં સેંકડો વહાણો મારફતે ૧૦થી ૧૨ કરોડ નાળિયેર મલબાર અને ગોવાથી અહીં આવતાં. ભરૂચ જિલ્લાની મુખ્ય બે પેદાશ કપાસ અને લાંગ હોઈ, રૂની ગાંસડીઓ મુંબઈ અને લાંગ છેક મલબાર લગી પહોંચતી. મલબારના સાહસિક મેમણ અને મોપલા વેપારીઓનો ભરૂચ સાથે ધમધોકાર વેપાર ચાલતો હતો. કપાસિયા, કઠોળ, ઇમારતી લાકડાં અને કોલસા એ સર્વે ચીજો ભરૂચથી સૌરાષ્ટ્રનાં વિવિધ બંદરોએ જતી. તો તેલ, મગફળી, સિંગખોળ - એ ચીજો સોરાષ્ટ્રનાં બંદરોથી ભરૂચ આવતી.

અહીંથી અરબસ્તાન અને ઈજિપ્ત જનારાં વહાણો માર્ચમાં ઊપડી સપ્ટેમ્બરમાં પાછાં આવતાં. તો ઈરાનના અખાતમાં જનારાં વહાણો જાન્યુઆરીમાં જઈ એપ્રિલમાં પાછાં આવતાં. મોટાં વહાણો બનાવવાનો પણ અહીં ઉદ્યોગ ચાલતો હતો. એ ઉદ્યોગમાં પારસીઓ સંકળાયેલા હતા. વહાણ બનાવનારા 'વાડિયા' કહેવાતા. આજે પણ ભરૂચમાં 'વાડિયા' અટક ધરાવનારાં પારસી કુટુંબો છે.


આવું ધીકતું બંદર પડી ભાંગવાનાં મુખ્ય બે કારણો છે : પરદેશમાં નિકાસ થતા રૂની માંગ ઘટી જતાં તેના ઉત્પાદકો અને વેપારીઓ દેવામાં ડૂબી ગયા. એથી વેપારને મોટો ફટકો પડ્યો. ઈ.સ. ૧૯૩૭માં નર્મદા નદી પર રેલવેનો નવો પુલ બંધાયો ત્યારે પુલના થાંભલા જમીનમાં ઉતારવા ખોદી કાઢવામાં આવેલી લાખો ટન માટી નદીના વહેણમાં જ નાખવામાં આવી. આથી કુરજાથી માંડીને દરિયાના મુખ સુધી ધીરે-ધીરે પુરાણ થતું ગયું અને ઠેર-ઠેર રેતીના પટ (સેન્ડ બાર્સ) પથરાઈ ગયા. પાણી છીછરું થતાં મોટાં વહાણો આવતાં બંધ થયાં. તેથી ભરૂચની જાહોજલાલી ધીરે-ધીરે ઓછી થતી ગઈ અને તે માત્ર નામશેષ બંદર બની રહ્યું. અત્યારે ભરૂચ બંદરે વધુમાં વધુ ૬૦ ટનની શક્તિ ધરાવતાં વાહણો જ આવી શકે છે. એ વહાણોને પણ છીછરાં પાણીને કારણે જુવાળ (ભરતી)ની રાહ જોવી પડે છે. પહેલાં વર્ષે ૪૦૦૦ જેટલાં વહાણો આવતાં હતાં, તેને બદલે હવે માત્ર ૫૦૦ જેટલાં વહાણો આવે છે. પરદેશો સાથેનો વ્યવહાર લગભગ બંધ થઈ ગયો છે. કેન્દ્ર સરકારે ભરૂચને મધ્યમ કક્ષાનું બંદર જાહેર કર્યું છે અને તેના વિકાસ અર્થે તે પ્રયન્નશીલ છે. ભરૂચ બ્રોડગેજ રેલવે તેમજ ડામરના પાકા માર્ગોથી ધોરી માર્ગથી જોડાયેલું છે. બાજુમાં આવેલું અંકલેશ્વર ભારતનું વિશાળ તેલક્ષેત્ર બન્યું છે. જો ભરૂચ બંદરને વિકસાવવું હોય તો દરિયાના મુખથી ભરૂચ બંદર સુધી રેતીના પટ પથરાયેલા છે ત્યાં ડ્રેજિંગ કરી જળમાર્ગ ઊંડો સલામત બનાવાય તો મોટાં વહાણો છેક બંદર લગી સહેલાઈથી આવી શકે. ભરૂચ, કાવી અને દહેજ એ ત્રણેય બંદરનો વિકાસ થાય તો જિલ્લાનું ભાવિ ઉજ્જવળ બને તેમાં શંકા નથી.

ઈ.સ. ૧૯૧૭માં ભરૂચમાં બીજી ગુજરાત કેળવણી પરિષદ તા. ૨૦મી અને ૨૧મી ઑકટોબરે ગાંધીજીના પ્રમુખપદે મળી હતી. ઈ.સ. ૧૯૨૧માં ભરૂચમાં પાંચમી ગુજરાત રાજકીય પરિષદ તા. ૩૧મી મે અને ૧લી જૂનના રોજ વલ્લભભાઈ પટેલના પ્રમુખપદે મળી હતી. મીઠાના સત્યાગ્રહ અંગેની એતિહાસિક દાંડીકૂચ વેળાએ ગાંધીજી તેમના સત્યાગ્રહીઓના સંઘ સાથે ઈ.સ. ૧૯૩૦ના માર્ચની તા. ૨૬મીના દિવસે ભરૂચમાં આવ્યા હતા અને નવેક કલાક રોકાયા હતા. તે સાંજે ગાંધીજીએ પ્રેરક પ્રવચન કર્યું હતું. ઈ.સ. ૧૯૩૫માં ભરૂચમાં બીજી સ્થાનિક સ્વરાજ પરિષદ તા. ૨જી અને ૩જી નવેમ્બરે વલ્લભભાઈ પટેલના પ્રમુખપદે મળી હતી.

ઔદ્યોગિક ક્ષેત્રે ભરૂચમાં નર્મદાવેલી ફર્ટિલાઇઝર કંપની દ્વારા એશિયામાં સૌથી મોટું ખાતરનું કારખાનું જૂન, ૧૯૮૧ના વર્ષથી શરૂ થયું છે. રૂ. ૨૪૦ કરોડના ખર્ચે નંખાયેલા પ્લાન્ટમાં એમોનિયા અને યુરિયાનું ઉત્પાદન શરૂ થયું છે. ટેકનોલોજીની દૃષ્ટિએ વિશ્વનો મોટામાં મોટો અને અદ્યતન એવો આ પ્લાન્ટ છે. કારખાનાની ૭૫૯ ફૂટ ઊંચી ચીમની દેશમાં સૌથી વધુ ઊંચી ચીમની ગણાય છે. આ ઉદ્યોગમાં ૪૦૦૦થીય વધુ કામદારોને રોજગારી મળી છે. ૧૯૯૩માં વીડિયોકોન કંપનીએ ટેલિવિઝનમાં વપરાતી પીકચર ટ્યૂબો બનાવવાનું કારખાનું ભરૂચ પાસે શરૂ કર્યું અને ઉદ્યોગક્ષેત્રે ભરૂચે નવું પદાર્પણ કર્યું.

ભરૂચની પુણ્યભૂમિએ અનેક નરરત્નો સજર્યા છે. સંગીત ક્ષેત્રે ભારતીય સંગીતનો કીર્તિધ્વજ વિદેશોમાં લહેરાવનાર પંડિત ઓમકારનાથ ઠાકુર, સાહિત્ય ક્ષેત્રે વિખ્યાત નવલકથાકાર કનૈયાલાલ મુનશી અને કવિ બળવંતરાય ઠાકોર, કેળવણી ક્ષેત્રે ગુજરાતમાં કેળવણીનો કક્કો ઘૂંટાવનાર રણછોડદાસ ઝવેરી અને પોલિટેકનિકના પ્રણેતા કૃષ્ણલાલ ઝવેરી, કાયદા ક્ષેત્રે કાબેલ કાયદાશાસ્ત્રી દિનકરરાવ દેસાઈ અને મોતીલાલ વીણ, વ્યાયામની પ્રવૃત્તિના પ્રણેતા છોટુભાઈ અને અંબુભાઈ એ પુરાણી બંધુઓ, ક્રાન્તિવીર ચંદ્રશંકર ભટ્ટ અને 'છોટે સરદાર' ચંદુલાલ દેસાઈ એ સર્વે ભરૂચના પનોતા પુત્રો છે. તેમાંય ખગોળવિજ્ઞાન ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સન્માન મેળવનાર ડૉ. પુષ્પકરાય દલપતરામ પાઠકનું સ્થાન અનોખું છે. આકાશના એક તારાને તેમનું નામ અપાયું છે.

*૮, પ્રીતમ સોસાયટી-૧, કસક ફુવારા પાસે,*
*ભરૂચ-૩૯૨૦૦૨.*
*ફોન - (૦૨૬૪૨) ૨૨૯૬૯૩*






લવાજમ : કોઇપણ કોમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે

માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિધ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક

શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ

રાજ્યભરમાં રોજગારવાંચ્છુઓ માટેનું વિશ્વસનીય સાપ્તાહિક

રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન.

**વાર્ષિક લવાજમ માત્ર ₹ 30/-**

રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર

# 'હિન્દ દેવી'નું પ્રાગટ્ય અમદાવાદમાં !

*- યશવંત મહેતા*

જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી કહીને આપણે જન્મભૂમિને જનની સાથે સ્વર્ગસ્વરૂપ વધુ મહિમામયી દેવીને પદ આપીએ છીએ. આપણી આ જન્મભૂમિની ઓળખ વિવિધ સમયે અને સંદર્ભે અલગ અલગ શબ્દ દ્વારા વ્યક્ત થતી રહી છે. ઘણો જૂનો શબ્દ આર્યાવર્ત છે. એટલો જ જૂનો શબ્દ ભરતની ભૂમિ ભારત છે. (આ ભરત આર્યોની એક શાખાનું નામ પણ છે અને કાલિદાસના શકુંતલાની શંકુતલાના પુત્રનું નામ પણ છે.) બહુ વ્યાપક ઓળખ સિંધુ નદીને કારણે થઈ. તળ ભારતની ફળદ્રુપ ભૂમિ પ્રતિ હિજરત કરી આવતા ભિન્ન ભિન્ન જનસમૂહો વાયવ્ય ભારતખંડના પહાડો ઓળંગીને આવે એટલે પ્રથમ એમને જે મોટી નદી મળતી તે સિંધુ હતી. આમ તો એ કાળે 'નદી'ને માટેનો શબ્દ પણ 'સિંધુ' બની ગયો હતો. એ પ્રદેશની સાત નદીઓના પ્રદેશને 'સપ્તસિંધુ' કહેવાનું પણ બનતું.

**આ ઇરાનીઓના પ્રભાવ તળે 'સિંધુ' નું 'હિન્દુ' થયું અને 'સિંધુસ્તાન'નું 'હિન્દુસ્તાન' થયું. આ હિન્દુસ્તાનનું ટૂંકુ રૂપ 'હિન્દ' સાથે જ નોંધીએ કે ગ્રીકો 'સિન્ધુ'ને 'ઇન્ડસ' (Indus) કહેતા. એથી સિંધુના પ્રદેશને 'ઇન્ડિયા' કહેવા લાગ્યા**

કેટલાક પ્રદેશ વિશેષના લોકો અમુક વ્યંજનનો ઉચ્ચાર નથી કરી શકતા. આજથી અઢી હજાર વર્ષ અગાઉના પાર્શ્વદેશના (પારસદેશ અથવા ઈરાનના) વાસીઓ 'અ'નો ઉચ્ચાર 'હ' જેવો કરતા. (આજે પણ મધ્ય ગુજરાતમાં ક્યાંય 'સાસુ'ને 'હાહુ' તેમ 'સવાર'ને 'હવાર' ઉચ્ચારનાર મળશે.) આ ઈરાનીઓના પ્રભાવ તળે 'સિંધુ' નું 'હિન્દુ' થયું અને 'સિંધુસ્તાન'નું 'હિન્દુસ્તાન' થયું. આ હિન્દુસ્તાનનું ટૂંકુ રૂપ 'હિન્દ' સાથે જ નોંધીએ કે ગ્રીકો 'સિન્ધુ'ને 'ઈન્ડસ' (Indus) કહેતા. એથી સિંધુના પ્રદેશને 'ઈન્ડિયા' કહેવા લાગ્યા. પછીથી સમગ્ર યુરોપમાં આપણા ભૂમિખંડનું નામ ઈન્ડિયા સ્થપાઈ ગયું.

આ ભૂમિખંડ પર ૧૭૫૭ના પલાશીના યુદ્ધથી શરૂ કરીને ૧૮૫૭ સુધીમાં અંગ્રેજોએ કબજો કર્યો. પરિણામે એમના દ્વારા વપરાતું નામ 'ઈન્ડિયા' વધુ પ્રચલિત બન્યું, પરંતુ જેવી રાષ્ટ્રજાગૃતિ શરૂ થઈ અને જેવી સ્વાતંત્ર્યઝંખના બળવાન બની એવી જ આ ભૂમિખંડના જૂના નામ માટેની ઝંખના પણ શરૂ થઈ. એટલે જ આપણા સ્વાતંત્ર્ય આંદોલનના આદિ પુરુષો દાદાભાઈ, ફિરોઝશાહ, ટિળક, ગાંધીજી, જવાહર, સરદાર વગેરે સૌએ માતૃભૂમિ માટે 'હિન્દ' શબ્દ વાપરવા માંડ્યો. આપણા આઝાદી આંદોલન સમયમાં કેટલાં બધા પુસ્તકોના શીર્ષકોમાં 'હિન્દ' શબ્દ હતો. ગાંધીજીનું વિખ્યાત પુસ્તક, જે આપણા દેશના વિકાસ માટેના પ્રથમ નકશારૂપ હતું તેનું શીર્ષક 'હિન્દ સ્વરાજ' કોને યાદ ન હોય? ઈચ્છારામ સૂર્યરામ દેસાઈની નવલકથા હતી 'હિન્દ અને બ્રિટાનિયા', નહેરુના વિખ્યાતગ્રંથ ડિસ્કવરી ઓફ ઈન્ડિયા'નો ગુજરાતી અનુવાદ થયો. 'મારું હિન્દનું દર્શન' અરે, એ સમયમાં કેટકેટલાં ગીતોમાં 'હિન્દ' શબ્દ હતો. ખબરદારનું 'ઓ હિન્દ દેવભૂમિ, સંતાન સૌ તમારાં' કરીએ મળીને વંદન, સ્વીકારજો અમારાં' વગેરે. નેતાજી સુભાષચંદ્ર બોઝનું સલામી સૂત્ર હતું. 'જય હિન્દ' એ એમણે દેશની આઝાદી માટે જે ફોજ રચી એનું નામ રાખેલું આઝાદ હિન્દ ફોજ.

આ સંદર્ભમાં યાદ આવે છે કે વીસમી સદીના છેક પ્રથમ દાયકામાં એક ચિત્રકારે ભારતના નકશાની પૃષ્ઠભૂમિ રાખીને, રાષ્ટ્રને એક દેવી તરીકે કલ્પીને, એ નકશાની અગ્રભૂમિ પર એ દેવીનું ચિત્ર દોર્યું હતું. બહુ જલદીથી એ ચિત્રનું નામ 'હિન્દ દેવી' સ્થપાઈ ગયું અને પૂરા દેશમાં એની છાપ અમર અનુકૃતિ ફેલાઈ ગઈ.

બહુ નાના માણસ એવા એ ચિત્રકારને આજે ઘણાખરા લોકો ભૂલી ગયા છે. અરે, ગુજરાતમાં અને અમદાવાદમાં પણ જવલ્લે જ કોઈને એ નામની સ્મૃતિ હશે. જી, હા, એ અમદાવાદ નિવાસી ચિત્રકારનું નામ હતું મગનલાલ શર્મા. એમનો કિંચિત્ વિશેષ પરિચય



*મગનલાલ શર્માનું ૧૯૦૭નું ચિત્ર : 'હિન્દદેવી'*

હમણાં જ અહીં જોઈશું.

જેમ મૂળ ચિત્રકારનું, હિન્દદેવીની કલ્પના કરનારનું નામ લોકો ભૂલી ગયા છે તેમ મૂળ ચિત્ર પણ લગભગ ભુલાઈ ગયું છે. એની આકાર યોજના લગભગ યથાવત્ રહી છે, પરંતુ એની વિગતો અને રંગછાયામાં આમૂલ વૈવિધ્ય અને અગણિત પરિવર્તન આવ્યાં છે.

નેવુના દાયકામાં એક સંસ્થા દ્વારા એક કેલેન્ડર પ્રગટ કરવામાં આવ્યું હતું. એમાં મુખ્ય ચિત્ર ભારતમાતાનું હતું, જે મગનલાલના મૂળ ચિત્રને અનુસરીને પરંતુ ઘણાં ઘણાં પરિવર્તનો સાથે દોરાયું હતું. ચિત્રની નીચે સૂત્ર હતું. તેરા વૈભવ અમર રહે, મા ! હમ દિન ચાર રહે ન રહે. સાથેના કેલેન્ડરમાં હાલના ભારત તેમજ પાકિસ્તાન, અફઘાનિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, બ્રહ્મદેશ, (મ્યાનમાર, મલેશિયા) સહિત અનેક દેશોના નકશાની પૃષ્ઠભૂમિની આગળ એક ઝળહળતી નારી આકૃતિ દોરવામાં આવી હતી. ભડકા જેવા રંગો વડે દોરાયેલી આ નારીના એક હાથમાં કેસરી ધ્વજ હતો અને બીજો હાથ વરદાનમુદ્રામાં ઊંચકાયેલો હતો. મસ્તકની આસપાસ પ્રચંડ જ્વાળાઓ ચીરતી હોવા છતાં માતાનો પોતાનો ચહેરો સૌમ્ય દોરવામાં આવ્યો હતો. એ સૌમ્યતાની સામે બેલેન્સ તરીકે હોય તેમ એની જોડે જ ઊભેલો સિંહ દોરવામાં આવ્યો હતો. સિંહ ત્રિમૂર્તિ અને રાક્ષસકુળ સંહારિણી દેવી દુર્ગા સાથે સંકળાયેલો છે એ સૌ જાણે છે.

**એક હાથમાં કેસરી ધ્વજ હતો અને બીજો હાથ વરદાનમુદ્રામાં ઊંચકાયેલો હતો. મસ્તકની આસપાસ પ્રચંડ જ્વાળાઓ ચીરતી હોવા છતાં માતાનો પોતાનો ચહેરો સૌમ્ય દોરવામાં આવ્યો હતો**

આ ચિત્રમાં નિરૂપિત ભારતમાતા પ્રસન્નમુખ છે વરદ મુદ્રામાં છે. શસ્ત્રરહિત છે. જાણે આપણી વહાલસોઈ માતાનાં દર્શન કરતા હોઈએ તેમ એને જોઈને હૃદય પુલકિત બને છે, પરંતુ ભારતમાતાનાં બધાં ચિત્ર સરખાં નથી. ૧૯૯૨માં વર્લ્ડ બૅન્ક અને આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ (આઈએમએફ)ને તથા આંતરરાષ્ટ્રીય કંપનીઓને રાક્ષસો તરીકે ચીતરીને, એ રાક્ષસમાં જાણે ભારતમાતાને ડરાવવા મથતા હોઈએ એવું એક ચિત્ર એક અખબારના પ્રથમ પૃષ્ઠ પર મુકાયેલું. અહીં માતાના એક હાથમાં પ્રહારતત્પર ત્રિશૂલ હતું અને બીજો હાથ એક પ્રકારનો જાકારો સૂચવતી મુદ્રામાં હતો. સ્વાભાવિક જ અહીં પેલી પરદેશી તાકાતોને જાકારો સૂચવાતો હતો.

આ ઉપરાંત વર્ષપર્યન્ત મકબુલ ફીદા હુસેન સહિત અનેક ચિત્રકારો અને સંસ્થાઓ દ્વારા હિન્દદેવીને અનેક સ્વરૂપે ચીતરવામાં આવ્યાં છે. કેટલાક લોકોએ તેને સર્વ દેવોથી મહાન દેવત્વ ગણાવવાની પણ કોશિશ કરી છે. એવાં કાવ્યો અને કથાઓ રચાયાનું જાણવામાં આવ્યું છે કે જેમાં રામ, કૃષ્ણ, કાલિકા અને દુર્ગા પણ ભારતમાતાની સેવામાં રત હોય એવું નિરૂપાય છે. અમસ્તી પણ આપણામાં પરંપરા છે કે જે દેવતાની વાત માંડીએ તેને અન્ય સર્વથી શ્રેષ્ઠ નિરૂપીએ છીએ ! અમે નાનપણમાં એક ગીત સાંભળેલું 'ભોળા ભોળા શંભુ, તમે દેવા છો દેવના રે, બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર સર્વે કરે તમારી સેવા રે...' એમ ક્યાંક ભારતમાતાની સેવાનો આમ મહિમા કરાય છે.

એંશીના દાયકામાં જ હરદ્વારમાં એક ભારતમાતા મંદિરની રચના કરવામાં આવી છે. આ બહુમાળી મંદિરમાં ધર્મ અને ઇતિહાસની ખાસ પ્રકારની સમજણ મુજબની વિભૂતિરૂપ વ્યક્તિઓ, દેવતાઓ, લડવૈયાઓ, શહીદો, સતીઓ, ગુરુઓ, સંતો વગેરેની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

આમ, ભારતમાતા કે હિન્દદેવીની તસવીરો-મૂર્તિઓમાં યુગ વિકસ્યો છે ત્યારે ઘણાને પ્રશ્ન થાય જ કે વતનને માતા રૂપે કલ્પનાની પ્રથમ પ્રેરણા કોને થઈ હશે ?

આ પ્રશ્નનો પ્રાથમિક ઉત્તર અગાઉ અપાઈ ચૂક્યો છે. અમદાવાદ નિવાસી એક અદના કલાકાર મગનલાલ શર્માએ ભારતીય રાષ્ટ્રવાદના ઉદ્દામ ઉછાળને અનુષંગે ૧૯૦૭માં રાષ્ટ્રમાતાની તસવીર દોરી હતી. ભારતીય રાષ્ટ્રવાદનો ઉદય ગોરા ફિરંગીઓના કુશાસન સામેના વિરોધમાંથી થયો હતો. દેશમાં હજારો વર્ષોપર્યંત જાતજાતના લોકોની આવનજાવન રહી હતી. પરંતુ એ બધા વિરાટ ભારતીય સમાજમાં ભળી જતા હતા. માત્ર ગોરી ચામડીવાળા યુરોપીય આક્રમકો જ સમાજથી અળગા રહીને, વેપારને નામે માત્ર લૂંટ કરવા લાગ્યા હતા. અગાઉ જે આવ્યા હતા તે બધાએ અહીં ઘરસંસાર વસાવ્યા હતા. આ યુરોપિયનો જ માત્ર ને માત્ર લૂંટ કરવાના ઇરાદે આવ્યા હતા. આ સમયમાં જ સમગ્ર ભાતીગળ ભારતીય સમાજમાં અંગ્રેજો સામે પ્રતિરોધ શરૂ થયો. જે ૧૮૫૭માં બળવામાં પરિણમ્યો. એ બળવામાં તમામ વર્ગોના હિન્દવાસીઓ સમાનભાવે જોડાયા હતા.

વિદેશી લુંટારાઓ સામે રાષ્ટ્રવાદને ખરેખરું બળ ૧૯૦૫માં મળ્યું. જ્યારે લોર્ડ કર્ઝને સ્થાનિક વસતીની ભાવનાઓને તુચ્છકારીને બંગાળ પ્રેસિડેન્સીના ભાગલા કર્યા. 'બંગભંગ' નામે ઓળખાયેલી એ ઘટના સામે માત્ર બંગાળી જ નહિ અંગ્રેજી શાસન હેઠળની સમગ્ર હિન્દી પ્રજા ઊકળી ઊઠી. બંગાળની એકતા માટેની ઝુંબેશમાંથી ભારતની એકતા

માટેની ઝુંબેશ તથા વિચારસરણી શરૂ થઈ.

એ દિવસો સુધી 'ભારત' શબ્દ પ્રચલિત થયો નહોતો. આપણો સમગ્ર ભૂમિખંડ 'હિન્દુસ્તાન' અથવા 'હિન્દ' નામે ઓળખાતો. જો કે, કેટલીક કુદરતી સીમાઓ દ્વારા અલગ પડતા આ ભૌગોલિક એકમની અંતર્નિહિત અને અનિવાર્ય એકતાનો ખ્યાલ (કન્સેપ્ટ) દૃઢમૂળ બનવા લાગ્યો હતો. અંગ્રેજો સામેની લડાઈમાં માત્ર બંગાળ કે મહારાષ્ટ્ર કે કર્ણાટક ટકી નહિ શકે, એ સમજણમાંથી આ સમગ્ર ભૌગોલિક એકમની વસતીને એકાત્મતાની લાગણીથી બંધાયેલી દર્શાવવાનો એક રિવાજ શરૂ થયો.

અને હિન્દ સમસ્તને 'એક વ્યક્તિ' તરીકે પ્રત્યક્ષ કરવામાં આ ગુજરાતી ચિત્રકારના એક જ ચિત્રે જે ફાળો આપ્યો એવો ફાળો સેંકડો હજારો ભાષણોથી પણ કદાચ ન આપી શકાય.

વડવાનલની જેમ સમસ્ત હિન્દ પર છવાઈ જનારા આ વિખ્યાત ચિત્રના સર્જક મગનલાલ શર્મા વીસમી સદીની શરૂઆતમાં ગુજરાતના મુખ્ય નગર અમદાવાદની મ્યુનિસિપલ શાળામાં ચિત્રશિક્ષક હતા. પ્રાથમિક શાળાનાં બાળકોને ચિત્રકળાના પ્રાથમિક પાઠ આપનાર આ શિક્ષક બહુ થોડું ભણ્યા હતા. પોતાના વતનના લીંબડી રાજયના શિયાણી નામના ઝાલાવાડી ગામડાની ધૂડી નિશાળમાં એ પ્રાથમિક શિક્ષણ પામેલા. (શિયાણી એટલે વિખ્યાત શિક્ષણશાસ્ત્રી તથા લેખક મનુભાઈ પંચોલી 'દર્શક' તેમજ સ્વામી આનંદનું ગામ.) એ અંગ્રેજી કૉલેજમાં ગયેલા નહિ. જો કે પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજમાં શિક્ષણની તાલીમ પામેલા. ચિત્રકળાનોય કશો વ્યવસ્થિત અભ્યાસ એમણે કરેલો નહિં. માત્ર અવલોકનશક્તિ અને સતત મહાવરા વડે રેખાઓ ઊપસાવતાં શીખેલા. તેઓ ઘણા જ શરમાળ અને આત્મકેન્દ્રી રહ્યા. આનું એક કારણ કદાચ એ હશે કે એ સાવ નાની ઉંમરે પિતા અને માતા બંનેને ગુમાવી બેઠેલા. એમનો ઉછેર માસાને ત્યાં થયેલો. મૂળ નામ મગનલાલ લીલાધર ત્રિવેદી હતું.

**માત્ર અવલોકનશક્તિ અને સતત મહાવરા વડે રેખાઓ ઊપસાવતાં શીખેલા. તેઓ ઘણા જ શરમાળ અને આત્મકેન્દ્રી રહ્યા. આનું એક કારણ કદાચ એ હશે કે એ સાવ નાની ઉંમરે પિતા અને માતા બંનેને ગુમાવી બેઠેલા**

મગનલાલ શર્માની યુવાવસ્થાની એક ઉત્તમ ઘટના એ હતી કે કેરળના મહાન ચિત્રકાર રાજા રવિ વર્માનાં સુંદર અલંકૃત પૌરાણિક ચિત્રો બહાર પડવા લાગ્યાં હતાં. એ ચિત્રો ભારતભરમાં જાણીતાં થઈ ગયાં હતાં. વડોદરાથી મહારાજા સયાજીરાવે પણ રાજા રવિ વર્માને કેટલાક સમય માટે બોલાવીને ચિત્રો દોરાવેલાં આ ચિત્રો ઘણાં મોંઘાં, પણ એ ચિત્રોની છાપેલી નકલો પુષ્કળ પ્રચલિત થઈ હતી. મગનલાલ શર્મા એ પણ જોતા અને પોતે પણ કેટલાંક પૌરાણિક પાત્રોનાં ચિત્રો દોરવા કોશિશ કરતા. એમના હિન્દદેવીના ચિત્ર પર રવિ વર્માની છાપ જોઈ શકાય છે.

આ જ દિવસોમાં બંગભંગની ઘટનાથી દેશભક્તિનો જબ્બર ઉછાળો આવ્યો. 'વંદે માતરમ્'ના નારાથી આખો દેશ ગાજી ઊઠ્યો. એ નારો જે નવલકથા 'આનંદમઠ'થી જન્મ્યો હતો. એમાં વતનને માતર્ (માતૃ) ગણવાની પ્રેરણા તો થઈ, પરંતુ એ 'માતર્'નું સ્વરૂપ આકારવાનું કામ મગનલાલ શર્માએ કર્યું.

બંગભંગ અને પછીના જુવાળે ચિત્રશિક્ષક મગનલાલને ખૂબ પ્રભાવિત કરી દીધા અને એ આકુળવ્યાકુળ રહેવા લાગ્યા. દિવસોના દિવસો સુધી એમની હાલત અજાયબ રહી. રજાનો દિવસ હોય, જમવાની વેળા થાય, ત્યારે એમનાં પત્નીએ એમને શોધવા નીકળવું પડે. કાંકરિયા, કોચરબ, સરખેજનો રોજો, ભદ્રકાળી, રાણીની મસ્જિદ... ક્યાં ક્યાં એ ભટકતા હોય અથવા કોઈ ઓળખીતાની મેડી પર બેઠા હોય. એ ઘેર હોય તો પણ પત્ની સાથે બોલે નહિ. જાણે બોલવાની બાધા લીધી હોય ! પત્ની ઘણી વાર બળાપો કાઢે, 'તમને થયું છે શું ?' ઘરબાર, ભૂખ-તરસ કશાયની તમને ખબર છે ? કે એય ભૂલી ગયા છો ?

પરંતુ મગનલાલ તો પત્ની સામે સૂનમૂન જોઈ રહે. કશું બોલે નહિ.

એક વાર પત્નીએ પૂછ્યું, 'આ તમને કશો રોગ થયો છે કે કાંઈ વળગ્યું છે ? કાંઈ કહો તો ખરા !'

મગનલાલ કહે, 'મારા પેટમાં ગરભ પાકે છે.'

પત્ની છળી મર્યાં. પેટમાં ગર્ભ ? કશું સમજયાં નહિ,



*મકબૂલ ફીદાહુસેને દોરેલું હિન્દદેવીનું ચિત્ર : આઝાદીની સુવર્ણજયંતિએ*

આખી રાત રડ્યાં.

અને મગનલાલનનાં ઉદરમાં તો નહિ, પરંતુ એમના અંતરમાં એક અદ્‌ભુત તસવીર પાકવા લાગી હતી. આખરે એક દિવસે તે તસવીર કાગળ પર અવતરી !

એ સમયે મળતા પરદેશી ડ્રોઇંગ પેપર પર મગનલલાલે એક નારી-આકૃતિ બનાવી ઉપરને ભાગે સુંદર સ્ત્રીમુખાકૃતિ, ડાબી બાજુ ફેલાયેલો વિપુલ કેશ રાશિ, એક હાથ ચિંતનમુદ્રામાં, બીજો એની કોણીના ટેકામાં, ત્રીજા હાથમાં ધ્વજદંડરૂપ ત્રિશૂળ અને ચોથો હાથ વરદાનમુદ્રામાં! રવિ વર્માની શૈલીએ દક્ષિણ સાડી, પગ દક્ષિણ હિન્દના નકશાની ઘાટે ઊભેલાં...

એક વાર પેન્સિલ વડે આકૃતિ બની ગઈ એટલે ચિત્રકામ માટેના કેન્વાસ પર રંગો વડે એની આખરી આકૃતિ એમણે ચીતરી લીધી. એમા ંપણ દેવી-દેવતા જેવા ચાર હાથ વગેરે કર્યું. મસ્તક પર મુગટ પહેરાવ્યો. પગને હિન્દ મહાસાગર ધોતો હોય એવું નિરૂપ્યું. નજીકના શ્રીલંકાને વણખીલ્યા કમળને રૂપે ચીતર્યું. બંગાળી ઉપસાગર પર સુઘડ દેવનાગરી અક્ષરે લખ્યું : 'જનની જન્મભૂમિશ્રી સ્વર્ગાદપિ ગરીયસી' ડાબે ખૂણે, સાગરનાં મોજાં વચ્ચે માંડ વંચાય એવા નાના અક્ષરથી લખ્યું : 'મગનલાલ શર્મા, ૧૯૦૭.'

ચિત્રની નીચે લખ્યું 'હિન્દદેવી.'

પહેલાં તો માત્ર અમદાવાદના કેટલાક કલાકાર અને સાહિત્યકાર મિત્રોએ આ ચિત્ર જોયું. પછી એ સૌએ આગ્રહ કર્યો કે આ ચિત્રની આર્ટ પ્લેટો બનાવીને છાપીને વેચી શકાય. આજકાલ (૧૯૦૫ પછી રાષ્ટ્રભક્તિનો જે જુવાળ ઊછળ્યો છે એમાં આ ચિત્ર જરૂર બહોળો આવકાર પામશે.)

**બંગાળી ઉપસાગર પર સુઘડ દેવનાગરી અક્ષરે લખ્યું : 'જનની જન્મભૂમિશ્રી સ્વર્ગાદપિ ગરીયસી' ડાબે ખૂણે, સાગરનાં મોજાં વચ્ચે માંડ વંચાય એવા નાના અક્ષરથી લખ્યું : 'મગનલાલ શર્મા, ૧૯૦૭'**

એ દિવસોમાં મુંબઈ પાસે ખંડાલા ઘાટ નજીક રાજા રવિ વર્માની પ્રેરણાથી રવિ-ઉદય લીથો પ્રેસ નામે એક મુદ્રણાલય શરૂ થયેલું. 'હિન્દ દેવી' ત્યાં છપાયું, અને સાચે જ એ હિન્દભરમાં પ્રસરી ગયું. રાજા રવિ વર્માનાં ઉત્તમ ચિત્રો જેટલો જ એનોય પ્રચાર થયો. જો કે, મગનલાલ શર્માને કોપીરાઈટ કે ચિત્રમાંથી નાણાં કમાવાનો કોઈ ખ્યાલ સુદ્ધાં નહોતો. એટલે પછી એ મૂળ ચિત્રની કેટલી નકલો કોણે છાપી અને વેચી એ જાણવાનીય કોશિશ ન કરી. વળી, એક કૃતિ સમગ્ર રાષ્ટ્રની પ્રજાનો આવકાર પામે એ પછી એની નકલો એટલી બધી થાય છે કે એનો કેડો પકડવાનું અશક્ય બની જાય છે. આપણી આજુબાજુનું આવું એક ઉદાહરણ જોવું હોય તો જરાક લાંબા ઘાટની, અલ્પ મૂળરેખાઓવાળી, નમસ્કાર મુદ્રાવાળી સ્ત્રી આકૃતિનું જોઈ શકાય. મૂળે ચિત્રકાર ચકોરે (બંસી વર્માએ દોરેલા આ નમસ્કાર-ચિત્રનો લાખો-કરોડો દિવાળી કાર્ડ, નિમંત્રણપત્રો, પોસ્ટર, કેલેન્ડર વગેરે પર ઉપયોગ થયો છે.)

'હિન્દ દેવી'ના મૂળ ચિત્રની કરોડો નકલો છપાઈ, અનેક લોકોએ એની સારી-ખરાબ નકલોય કરી, 'હિન્દ દેવી'નું ચિત્ર મહેલોથી માંડીને ઝૂંપડીઓ સુધી અને ચિત્રશાળાઓથી માંડીને પાનની દુકાનો સુધી ફેલાઈ ગયું. કહેવાય છે કે કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે 'અયિ ભુવનમનમોહિની' શબ્દોથી શરૂ થતું પ્રખ્યાત ગીત આ ચિત્ર જોઈને રચ્યું હતું.

આવા રાષ્ટ્રવ્યાપી ચિત્રના ભાવનાશાળી ચિત્રકાર મગનલાલ શર્મા (ત્રિવેદી) આખી જિંદગી અમદાવાદ મ્યુનિસિપાલિટીની નોકરી કરતા રહ્યા. ચિત્રો ઘણાં દોર્યાં પણ કશો અર્થલાભ ન થયો. છેલ્લી માહિતી મુજબ એમનું 'હિન્દ દેવી'નું મૂળ ચિત્ર અમદાવાદની વિકાસગૃહ સંસ્થામાં હતું.

મગનલાલ શર્માના અવસાન વિશે પણ કોઈને નિશ્ચિત ખ્યાલ નથી. માત્ર એટલું જણાય છે કે ઈ.સ. ૧૯૨૦ની આસપાસ એ અવસાન પામ્યા.

(નોંધ : શિયાણી, લીંબડી, અમદાવાદમાં કે અન્યત્ર ક્યાંય પણ કોઈને મગનલાલ શર્મા ઊર્ફે મગનલાલ લીલાધર ત્રિવેદી વિશે જો વિશેષ માહિતી હોય અને જો મૂળ ચિત્રની રંગીન છાપ કોઈની પાસે બચી હોય તો એ લખનારને મો. ૯૪૨૮૦૪૬૦૪૩ પર જાણ કરવા વિનંતી છે.)

*૪૭-એ, નારાયણનગર સોસાયટી,*
*પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭*
*મો. ૯૪૨૮૦૪૬૦૪૩*



# ભાણવડનો ઈતિહાસ

*- નરોત્તમ પલાણ*

**ગુ**જરાત રાજ્યમાં 'ભાણવડ' નામનાં બે ગામો આવેલાં છે. ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં 'ભાણવડ' એક ગામ છે, જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં 'ભાણવડ' તાલુકો તથા તાલુકાનું મુખ્યમથક 'ભાણવડ' છે. આ તાલુકા મથક ભાણવડનો ઈતિહાસ, ગુજરાતના સાહિત્ય અને સ્થાપત્યમાં ઘણું અગત્યનું સ્થાન ધરાવે છે. ગુજરાતી સાહિત્યની ગણીગાંઠી પ્રેતકથાઓમાં 'માંગડાવાળો અને પદ્માવતી' આ ભાણવડના પાદરમાં બનેલી મૂળમાં એક ઐતિહાસિક ઘટના છે, જ્યારે ગુજરાત રાજ્યનું અને સમગ્ર ભારતવર્ષનું હાલ હયાત મંદિર ભાણવડ પાસેના ગોપગામમાં આવેલું છે. ગુજરાતની એક મહાન ઐતિહાસિક નગરી 'ઘૂમલી' ભાણવડથી માત્ર છ કિ.મી. દૂર છે. આમ, ભાણવડ તથા ભાણવડ પંથક, અનેક દૃષ્ટિએ ગુજરાતની ગૌરવવંતી વિરાસતનો એક મૂલ્યવાન વિસ્તાર છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ 'સૌરાષ્ટ્રનાં પ્રાચીન સ્થાનો' અને ભાણવડ પાસેના ઘૂમલી ગામના 'પાળિયા' વિશે થોડું કામ કરાવેલું, જેમાં ભાણવડના સરકારી ઉતારા પાસેના ખેતરમાંથી આદિમાનવનાં ઓજારો મળેલાં - તેની નોંધ મળે છે. (જુઓ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું મુખપત્ર 'વાક્' - રમણલાલ મહેતા, પ્રિયબાળા શાહ, પ્રવીણચંદ્ર પરીખ ૧૯૬૮ અને ૧૯૭૨). આ પછી છેલ્લાં પચાસ વર્ષમાં ભાણવડના ઈતિહાસ વિશે કોઈ કામ થયેલું નથી.

**'ભાણવડ'માં 'ભાણ' અને 'વડ'- એવા બે શબ્દો છે. 'ભાણ' શબ્દ સૂર્યવાચક અને એમ વ્યક્તિવાચક છે, જ્યારે 'વડ' વનસ્પતિ-વૃક્ષવાચક છે. ઈ.સ.પૂર્વેના મહાન વૈયાકરણી પાણિનીએ ગ્રામ અને નગરનાં નામ કેવી રીતે આવ્યાં તેની ચર્ચા કરતાં**

'ભાણવડ'માં 'ભાણ' અને 'વડ'- એવા બે શબ્દો છે. 'ભાણ' શબ્દ સૂર્યવાચક અને એમ વ્યક્તિવાચક છે, જ્યારે 'વડ' વનસ્પતિ-વૃક્ષવાચક છે. ઈ.સ.પૂર્વેના મહાન વૈયાકરણી પાણિનીએ ગ્રામ અને નગરનાં નામ કેવી રીતે આવ્યાં તેની ચર્ચા કરતાં. 'ત્યાં થતી વનસ્પતિ-વૃક્ષ અને પાકના આધારે' - એવી એક સમજૂતી આપી છે. (જુઓ, 'પાણિનીકાલીન ભારત વર્ષ' - વાસુદેવશરણ અગ્રવાલ ૧૯૬૯) આ મુજબ ભાણવડમાં 'વડ' વૃક્ષવાચક શબ્દ છે. આપણાં ગામનામો જોતાં એમાં વડલો, પીપળો, લીમડો, આંબો, આંબલી, ઉમેરો વગેરે વૃક્ષવાચક શબ્દોનું પ્રાધાન્ય જોવા મળે છે.

'ભાણવડ' એવા ગામનામ વિશે એવી માન્યતા છે કે બાજુના ઘૂમલીના રાજા ભાણ જેઠવાએ આ ગામ વસાવ્યું છે. ઘૂમલીના જેઠવા રાજપૂતોની વંશાવળી જોઈએ તો તેમાં કુલ આઠ 'ભાણ જેઠવા' મળે છે ! (જુઓ, ઘુમલી : રાજકીય અને સાંસ્કૃતિક - કે.કા. શાસ્ત્રી, સવિતાબહેન ના. મહેતા ૧૯૮૨) તેમાં ભાણ જેઠવો (પહેલો) ઈ.સ. ૧૦૦૦માં ઘૂમલીની ગાદીએ છે અને ભાણ જેઠવો (આઠમો) ઈ.સ. ૧૬૯૯માં છાયા - પોરબંદરની ગાદીએ છે.

અહીં પુરાતત્ત્વની સાક્ષી નોંધીએ તો ભાણવડમાં હાલ ઈ.સ.ની નવમી સદીનું 'ભાણનાથ' મહાદેવનું મંદિર હયાત છે. આ ઉપરથી ભાણવડ આશરે હજાર-બારસો વર્ષ જૂનું અને ઘૂમલીગાદી પરના ભાણ જેઠવા (પ્રથમ) દ્વારા વસાવાયેલું માનવું સયુક્ત લાગે છે. આ સમયનાં બીજાં બે મંદિરો તે ભાણવડ ત્રિવેણી સંગમ ઉપર આવેલું ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર અને બાજુના મેવાસા ગામનું છેલેશ્વર મહાદેવ મંદિર છે. આ ત્રણે મંદિરો સ્થાપત્યની ભાષામાં સૈન્ધવ શૈલીનાં એ પ્રમાણમાં ઊંચાં શિખરો ધરાવતાં ભૂમિકાબદ્ધ મંદિરો છે.

કર્નલ વૉટ્સન પોતાના 'કાઠિયાવાડ સર્વ સંગ્રહ' (૧૮૮૬)માં ભાણવડમાં બનેલો એક ઐતિહાસિક કિસ્સો નોંધે છે. ઈ.સ. ૧૩૫૦થી ૧૪૦૦ વચ્ચે ઘૂમલીની ગાદીએ ભાણ જેઠવો (ચોથો) છે, તેની બહેનનાં લગ્ન વાળાક પંથકના ધાતરવડ ગામના વાળા રાજપૂત જશવંતસિંહ વાળા (જેઠા વાળા) સાથે થયાં હતાં. જશવંતસિંહનું અવસાન થતાં આ બહેન પોતાના પુત્ર મંગલસિંહ સાથે પિયરમાં ઘૂમલી આવીને રહેતાં હતાં. જુવાનીમાં પહોંચતા મંગલસિંહ (માંગડો)ની નજર બાજુના પાટણ (પાસ્તર) ગામની વણિક કન્યા પદ્માવતી સાથે મળે છે. બંન્ને પરસ્પર લગ્નનું વચન આપે છે, પણ બાયલ ચાવડા નામનો ધાડપાડુ ઘૂમલીનું ગૌધન



વાળી જાય છે અને તેની વારે ચડતાં માંગડાવાળો વીરગતિને પામે છે ! 'જીવ' વણિક કન્યા પદ્માવતીમાં રહી ગયેલો હોવાથી માંગડો 'પ્રેત' બનીને ભાણવડના વડલામાં રહે છે! બને છે એવું કે પદ્માવતીનાં લગ્ન છે અને તેને પરણવા આવેલી જાન આ વડલાની નીચે વિશ્રામ કરે છે. જાનનો વળાવિયો માંગડાનો કાકો અરશીવાળો છે, તે હોકો પીતો બેઠો છે, ત્યાં અચાનક તેના માથા ઉપર પાણીનાં ટીપાં પડવાં શરૂ થાય છે ! અરસી ઉપર જુએ છે તો માંગડો ! માંગડો પોતાની વીતકકથા વર્ણવે છે. ''ગાયોનું ધણ તો પાછું વાળ્યું પણ પ્રીત અધૂરી રહી ગઈ એટલે પ્રેત સર્જાણો છું. કાકા, તમે થોડી સહાય કરો તો છુટકારો થાય.'' કાકા હા પાડે છે એટલે પ્રેત માંગડો ઉકેલ સૂચવે છે : ''આ વરરાજાના શરીરમાં મને પ્રવેશવા દો અને ચાર ફેરા ફરવા દો, પછી તમે જેમ કહેશો તેમ કરીશ.'' માંગડાનો પ્રેત જીવ, પદ્માવતી સાથે ચાર ફેરા ફરે છે અને જાન પાછી ભાણવડના પાદરમાં આવે છે. માંગડો કહે છે : ''બસ, પદ્માવતી, હું તો પ્રેત છું ! મારું રહેઠાણ આવી ગયું છે!'' પણ પદ્માવતી વણિકપુત્ર સાથે જતી નથી અને પ્રેત પાછળ અહીં સતી થાય છે.

આજે ભાણવડના પાદરમાં આવેલો ભૂતવડ આ પંથકનું ધર્મશ્રદ્ધાનું ધામ બની ગયું છે. અહીં ભૂતડાડાડા તથા સતી પદ્માવતીની દેરીઓ છે અને સવાર-સાંજ પૂજાઆરતી થાય અને બાધા-આખડી છૂટે છે ! વૉટ્સને લખેલો આ કિસ્સો પાછળથી મેઘાણી અને કાનજીભાઈ બારોટના હાથે વાર્તાસ્વરૂપ પામ્યો છે. નાટક-સિનેમા અને ડાયરામાં દુહા-કવિત સાંભળવા મળે છે. સહદેવસિંહ વાળાએ પોતાના 'વાળા રાજપૂત રાજવંશ' (૧૯૯૮)માં વાળા વંશાવળી સાથે આ પ્રસંગને ગૂંથીને ઐતિહાસિક ગણાવેલ છે.

**ઈ.સ.ની સોળમી સદીમાં કચ્છથી ઊતરી આવેલો જાડેજા વંશ આ પંથકમાં પોતાની સત્તા જમાવે છે અને ૧૫૪૦માં આજના 'જામનગર'ની સ્થાપના કરી ત્યાં ગાદીપતિ બને છે. ૧૫૪૦ થી ૧૯૪૭ સુધી ભાણવડ જાડેજા શાસન નીચે રહે છે**

ઈ.સ.ની સોળમી સદીમાં કચ્છથી ઊતરી આવેલો જાડેજા વંશ આ પંથકમાં પોતાની સત્તા જમાવે છે અને ૧૫૪૦માં આજના 'જામનગર'ની સ્થાપના કરી ત્યાં ગાદીપતિ બને છે. ૧૫૪૦ થી ૧૯૪૭ સુધી ભાણવડ જાડેજા શાસન નીચે રહે છે. આશરે ચારસો વર્ષના આ શાસનમાં ૧૬૬૪માં મુઘલ સૂબો કુતુબુદ્દીન જામનગર ઉપર ચડી આવે છે અને શેખપાટ નામના ગામ પાસે યુદ્ધ થાય છે, જેને સૌરાષ્ટ્રના ઇતિહાસમાં 'શેખપાટની લડાઈ' કહેવામાં આવેલ છે. આ લડાઈમાં વીરગતિ પામેલા જામ રાયસિંહજીને બે અસલી પુત્રો અને એક નકલી પુત્ર હતા. દુઃખદ ઘટના એ બની કે નકલી પુત્રને જામનગરની ગાદી ઉપર બેસાડીને વગદાર મુસ્લિમોએ સત્તા પોતાના હાથમાં લીધી. બીજી બાજુ અસલી પુત્રો, જેમાં મોટો તમાચી અને નાનો ફલજી હતો, તેણે થોડો સમય કચ્છમાં અને વધુ સમય ખંભાળિયા-ભાણવડ પંથકમાં રહીને રાજ્યમાં કનડગત શરૂ કરી. અમુક ઇતિહાસ - લેખકો આને 'બહારવટું' કહે છે. બન્યું એવું કે મૂળના અસલી ભાયાતો પણ તમાચી-ફલજી સાથે ભળ્યા એ નવ-દશ વર્ષના સંઘર્ષ પછી નકલી પુત્ર અને મુસ્લિમ અધિકારીઓને જામનગરની ગાદી છોડવાની ફરજ પડી ! માવદાનજી રત્નુ પોતાના 'યદુવંશપ્રકાશ' (૧૯૩૫)માં નોંધે છે કે ''નકલી જામ અને તેના મળતિયાઓને તમાચીએ 'તગડી' મૂક્યા, તેથી 'જામ તમાચી' 'તગડ' તરીકે લોકોમાં જાણીતા થયા.

ઈ.સ. ૧૬૭૩થી ૧૬૯૦ સુધી જામ તમાચી જામનગરની ગાદીએ રહ્યા અને નાના ભાઈ ફલજીને ૧૬૭૩ થી ભાણવડનો ગરાસ મળ્યો. આ ફલજીએ બાજુના ઘૂમલીનો ઉજ્જડ પડેલો ગઢ, ધીરે ધીરે ભાણવડ લઈ આવીને, આજનો ભાણવડમાં હયાત છે તે ગઢ ક્રમશઃ બનાવ્યો. ફલજીને ત્રણ પુત્રો હતા. મોટાને સડોદરની જાગીર મળી, જેના વંશમાંથી ક્રિકેટર જામ રણજી અને જામનગરના છેલ્લા રાજવી દિગ્વિજયસિંહજી આવ્યા. બીજો વિભાજી, જામખંભાળિયાના ખામનાથ મંદિરનો ધ્વંસ કરતા વિધર્મીઓ સામેના ધિંગાણામાં વીરગતિ પામ્યો. તેનો ૧૬૯૪ લખેલો પાળિયો હાલ મળે છે. ત્રીજા નાથુજી ભાણવડમાં જ રહ્યા છે અને બારોટી પરંપરા મુજબ મોડજી, જશાજી, કલાજી એમ ગરાસદારોની પેઢી ચાલી છે. અઢારમી-ઓગણીસમી સદીમાં ભાણવડને બે યુદ્ધોનો સામનો કરવો પડ્યો છે, જેમાંથી એક તો જામનગરના સર્વોપરી મેરુ ખવાસ સાથે છે. આખા સૌરાષ્ટ્રને ધ્રુજાવનાર મેરુ ખવાસને ભાણવડના પાદરમાં હાર મળી છે, કારણ કે, આ આખો પંથક ફલજીના પરિવાર સાથે ઊભો રહ્યો છે. સંભવતઃ આ વિજયની યાદમાં ભાણવડના જાડેજાઓએ બાજુનું 'ફતેહપુર' ગામ વસાવ્યું છે અને મહાદેવમંદિરની



સ્થાપના કરી છે.

સમાજસેવાને વરેલી ચારેક ધાર્મિક પરંપરાઓ પણ ભાણવડના ઈતિહાસમાં મળે છે. કાળક્રમ મુજબ ૧૭૦૦ની વણકર સંતોની પીરપરંપરા, ૧૮૦૦થી જલારામના શિષ્ય દયારામની અન્નદાન પરંપરા, ૧૮૫૦થી કરમાબાઈ આયરની ભજનિક પરંપરા અને ૧૯૦૦થી બરડાઈ બ્રાહ્મણ ત્રિકમાચાર્યજીની યોગ પરંપરા. આ બધી પરંપરાઓએ આ પંથકના ધર્મસંસ્કૃતિથી આસ્થાળુ અને માયાળુ લોકસમાજનું ઘડતર કરેલું છે.

વણકરવર્ગની પીર પરંપરા, જે અમદાવાદના પીરાણાથી વધુ પ્રાચીન અને અલગ છે. તેના ઉદ્ભવ-વિકાસનો કોઈ સ્પષ્ટ ઈતિહાસ મળતો નથી, પરંતુ આ પરંપરાના એક મુખ્ય પીર જીવાપીરનો જન્મ ૧૮૩૪માં ભાણવડમાં અને સમાધિ બાજુના મોખાણા ગામમાં હોવાની નોંધ મળે છે. ગુજરાતની આ પીરપરંપરાના એક અભ્યાસી ડૉ. મુકુન્દચન્દ્ર નાગર ભાણવડ, ગુંદા, ઘૂમલી વગેરે આ પંથખના ગામોની નોંધ આપે છે. (જુઓ, 'ગુજરાતની પીરપરંપરા'-૨૦૦૫, પૃ. ૯૪, ૧૦૭, ૧૪૪ વગેરે). 'ગુરુ મુંજા પ્રતાપે બોલ્યા જીવાપીર-' એવી ભજન - રચનાઓ પણ મળે છે.

**કાળક્રમ મુજબ ૧૭૦૦ની વણકર સંતોની પીરપરંપરા, ૧૮૦૦થી જલારામના શિષ્ય દયારામની અન્નદાન પરંપરા, ૧૮૫૦થી કરમાબાઈ આયરની ભજનિક પરંપરા અને ૧૯૦૦થી બરડાઈ બ્રાહ્મણ ત્રિકમાચાર્યજીની યોગ પરંપરા**


ઓગણીસમી સદીની કાળઝાળ ગરીબીમાં વીરપુર (સૌરાષ્ટ્ર)ના ભક્ત જલારામે ૧૮૨૦માં સદાવ્રત શરૂ કર્યું અને તેમના શિષ્ય દવારામે ૧૮૪૨માં ભાણવડમાં 'દાળ-રોટલો' શરૂ કર્યો તે આજે પાંચમી પેઢીએ પણ ચાલુ છે. ૧૮૩૦થી ૧૮૫૦ વચ્ચે ભાણવડમાં ઉપરાઉપરી દુકાળ છે, ખુદ જામ રણમલ પણ થાકી ગયા છે ત્યારે તેમને સમાચાર મળે છે કે ભાણવડનો એક સામાન્ય વેપારી લોહાણો, માગીભીખીને રોજ પચાસ માણસોનું પેટ ભરે છે ! જામ રણમલ જોવા આવે છે અને દવારામને રાજ તરફથી અમુક લાગો (અનાજ મોકલવાની વ્યવસ્થા) બાંધી આપે છે.

આખા સૌરાષ્ટ્રમાં ઈ.સ.ની ઓગણીસમી સદી સંતોભક્તોની સદી છે. પ્રજા દુઃખી છે એટલે આત્મસંતોષ મેળવવા માટે ઠેરઠેર ભજનકીર્તન ગોઠવાઈ રહ્યાં છે. આટકોટમાં લોયણ, ઘોઘાવદરમાં દાસીજીવણ, સમઢિયાળામાં ગંગાસતી, જામનગરમાં મુંડીયા સ્વામી. સંભવતઃ આ મુંડિયા સ્વામીની પરંપરામાં ભાણવડનાં કમરાબાઈ છે. પોતાના ખેતરના શેઢે નાનકડી ઝૂંપડી બાંધીને કમરાબાઈ બેસી ગયાં છે. ભોજનનો તો અભાવો છે, પણ ભજનથી પોતાનું અને આજુબાજુનાં દુઃખિયારાંનું પેટ ભરે છે. 'આજે વરસાદ નથી પણ ઝાડવાં વાવો તો આવતી કાલે મેઘરાજા પધારશે.' પોતે હાથ ધોવે તોપણ ઝાડવાંના ક્યારામાં - જામનગરના કાયસ્થ લેખક કૃષ્ણલાલ મહેતા 'ઘૂમલી : ભૌગોલિક'માં ''ભાણવડનાં ભજનિક કમરાબાઈ અને મોડપરના પાદરમાં સમાધિની દેરી''-એટલી જ નોંધ આપે છે.

ભાણવડથી ઘૂમલીના માર્ગે 'બાપુની વાવ' નામની જગ્યા આવે છે. આ પંથકમાં 'યોગી' તરીકે સુપ્રસિદ્ધ શ્રી ત્રિકમાચાર્યજીનું આ તપસ્થાન છે. તેમણે પોતાના જીવનનાં અંતિમ વર્ષો અહીં ગાળેલાં અને ભાણવડના રામજી હીરજી જોશીના આગ્રહથી પોતાના જીવનનાં અનુભવો, ઉપદેશ તથા ભાવિકથન કરેલું. રામજીભાઈએ આ લખી લીધેલું અને 'જ્ઞાનપ્રકાશ' નામથી એક પુસ્તક પ્રગટ કરેલું. ૧૯૩૦માં તેમણે આદિત્યાણા ગામે સમાધિ લીધી. હાલ અહીં બાપુની પ્રતિમાની સ્થાપના થઈ છે, મંદિર અને ધર્મશાળા બન્યાં છે. એક સમયે અહીં સંસ્કૃત પાઠશાળા પણ હતી. આ પંથકનું આ એક મુખ્ય શ્રદ્ધાધામ છે.

ભાણવડમાં ક્રમશઃ તાર, ટપાલ, વીજળી અને રેલવેલાઈન પણ આવી છે. આજે ભાણવડ તાલુકાનું મથક અને વેપારવાણિજ્ય તથા હાઈસ્કૂલ, કૉલેજથી સમૃદ્ધ વિકાસ પામી રહેલું ગામ છે. ભાણવડમાં ભાણવડી નામની નાનકડી નદી અને થોડે દૂર વરતુ તથા વેરાળી નદીઓ સાથે તેનો સંગમ થાય છે. આ ત્રિવેણી ઉપર વિશાળ ડેમ બન્યા છે. અને વચ્ચે હજાર વર્ષ જૂનું ઈન્દ્રેશ્વર મહાદેવનું જીવંત સ્થાન છે. ગામલોકોએ સેંકડો વડલા વાવીને આ સ્થળનું સૌંદર્ય વધારી મૂક્યું છે. બાજુનાં ખંભાળિયા, લાલપુર, જામજોધપુર જેવાં શહેરોનું આ હરવાફરવાનું ઠેકાણું છે. ભાણવડ એના અતિ ઉજ્જવળ ભાવિ ભણી ગતિ કરી રહેલું અનુભવાય છે.

*૩, વાડી પ્લૉટ, પોરબંદર-૩૬૦૫૭૫*
*મો. ૯૫૩૭૮૭૭૦૭૦*



# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

**મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું**

- ❒ ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ❒ ગુજરાત વસ્યું લોકહૈયે...

**કારણ ?**

- ❒ સામયિકની લોકાભિમુખ નીતિ,
- ❒ સરકારનું નહિ, સાડા છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

**જેમાં,**

- ❒ નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- ❒ અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

**પરિણામ ?**

- ❒ લોકોનો અદમ્ય ઉત્સાહ,
- ❒ વાચકોનો અસરકારક પ્રતિભાવ,
- ❒ વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

**અને ફેલાવામાં અગ્રહરોળ ?**

- ❒ ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં સામયિકોમાં અગ્રેસર ફેલાવો...!
- ❒ સમસ્યા અને સંવેદનાની વાતો...
- ❒ જન કલ્યાણની યોજનાની વાતો...
- ❒ લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- ❒ કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો.

**ગુજરાત પાક્ષિકની PDF**
**www.gujaratinformation.gujarat.gov.in**
**લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય**

માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫
ઈ-મેઈલ : gujaratmagazine@gmail.com
વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in



**● લવાજમ ●**

**કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે**

છેલ્લામાં છેલ્લી વાત લઈને આવે છે આપના સુધી...

ઘટનાઓની વણઝાર વચ્ચે નિયમિત પહોંચે છે આપના સુધી...

સત્ય અને નિષ્ઠાના માર્ગે કર્તવ્ય નિભાવે છે આપના સુધી...

વાર્ષિક લવાજમ ફક્ત
**₹ ૫૦.૦૦**

**ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે લોકકલ્યાણની વાત, લોકોને ઉપયોગી જાણકારીની વાત, સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના વણથંભ્યા વિકાસની વાત**

# ચીંથરે વીંટ્યા રતન જેવા ચારણી સાહિત્યના પ્રખર વિદ્વાન શ્રી રતુદાન રોહડિયા

*- જોરાવરસિંહ જાદવ*

ઉંમર એની માત્ર દસ વરસ. બીજા ધોરણમાં અભ્યાસ કરે એમાં એને ટાઈફોડ તાવ આવ્યો. માંદગી લંબાઈ અને છેવટે ગઈ ત્યારે એની વાચા અને શ્રવણશક્તિને સાથે લેતી ગઈ. બહેરો-બોબડો બનેલો બાળક અથાગ પુરુષાર્થ કરીને ચારણી સાહિત્યનો વિદ્વાન બન્યો. સંશોધક બન્યો. એ અરસામાં નવી સવી શરૂ થયેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભાષાભવનમાં 'હસ્તપ્રત નિષ્ણાંત' તરીકે કાર્ય કર્યું, અને ગુજરાતભરમાં રઝળપાટ કરી ૨૨૦૦૦ જેટલી ચારણી સાહિત્યની હસ્તપ્રતો એકત્ર કરી આપી. સૌરાષ્ટ્ર યુનિ.ને ગૌરવાન્વિત કરી ગુજરાતમાં એને ગૌરવ અપાવ્યું. આજના યુવાનોને જીવનની કેડી કંડારવાની પ્રેરણા પૂરી પાડે એવા દિવ્યાંગ, વિદ્વાન સંશોધકનું નામ છે રતુદાન રોહડિયા. અહીં મારે આજ એમની જીવનકથા માંડવી છે.

**સમગ્ર જીવન ચારણી સાહિત્યની સાધનામાં વિતાવનાર શ્રી રતુદાન રોહડિયાનું એ કાળે સો માણસની વસતી ધરાવતું રાજકોટ જિલ્લાનું પડધરી તાલુકાનું ધૂનાનું ગામ**

'પ્રતિભા કોઈ શિક્ષણની ઓશિયાળી હોતી નથી' એ વિધાનને સાચું પાડનાર ચારણી સાહિત્ય, લોકસાહિત્ય, જૈન સાહિત્ય, બારોટી સાહિત્ય અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અઠંગ અભ્યાસી, સમગ્ર જીવન ચારણી સાહિત્યની સાધનામાં વિતાવનાર શ્રી રતુદાન રોહડિયાનું એ કાળે સો માણસની વસતી ધરાવતું રાજકોટ જિલ્લાનું પડધરી તાલુકાનું ધૂનાનું ગામ.(જન્મતારીખ તો એમનેય યાદ નથી.) ભક્તવર મહાકવિ ઈસરદાનજીના મોટા પુત્ર જીગાજીના વંશમાં બારમી પેઢીએ એમનો જન્મ થયો, એ વંશગૌરવ જરૂર ગણાય. માતાનું નામ કુંવરબાઈ, પિતાનું નામ વાણીદાનજી. પિતા કવિ, કાકા કૃષ્ણદાન પણ કવિ. તેમના મોટા બાપુ છગનભાઈ ભુજની પાઠશાળામાં ભણી આવેલા. દાદા શંકરદાનજી પણ કવિ. પિતામહ વક્તાભાઈ પણ કવિ અને બાજંદા લોકવાર્તાકાર.

આમ, ગળથૂથીમાં જ સાહિત્ય સંસ્કારથી ધબકતા ખોરડે રતુદાન રોહડિયાનો જન્મ બોલતા સાંભળતા બાળક તરીકે જ થયો. પિતાજી પડધરી પાસેના વણુપરી ગામે પોલીસ-પટેલની નોકરી કરતા હોઈ બાળક રતુદાનને પડધરીની શાળામાં દાખલ કર્યા. દુર્ભાગ્ય એની પાછળ પડ્યું. માત્ર દસ વર્ષની વયે એ બહેરો-બોબડો બની ગયો. સને ૧૯૪૦-૪૨નું એ વર્ષ રાજાશાહીનો જમાનો. આજના જેવી શાળાઓ કે સવલતો ન મળે. ચારે બાજુ અજ્ઞાન અને રૂઢિઓના થર જામેલા. ગામડાંમાં ઝાઝું ભણવાની સગવડ નહીં. અપંગો તરફ કોઈ સંવેદના કે હમદર્દી નહીં. એ સંજોગોમાં રતુદાન છ માસ સુધી મૂંગો રહ્યો. પછી બોલવા માટે સ્વપુરુષાર્થ શરૂ કર્યો. લોકો બોબડાને બોલતો જોઈને હાંસી કરવા લાગ્યા. ગામમાં મનોરંજનનું એ માધ્યમ બની ગયો, છતાં રતુદાન હિંમત હાર્યો નહીં. દસ વર્ષ લગી તો એણે ભાષા સાંભળી હતી. એને સ્મૃતિશેષરૂપે ધીમે ધીમે જીભે લાવવાનો પ્રયાસ કરતો રહ્યો.

એક દિવસ ઘરના પટારામાં ખાંખાંખોળાં કરતા આ બાળકને એક ગ્રંથ મળ્યો. મારી સાથે વાતોમાં ભૂતકાળની સ્મૃતિને વાગોળતાં શ્રી રતુદાન કહે છે : 'એ ગ્રંથ હતો જામનગરના જાણીતા રાજકવિ શ્રી માવદાનજી રત્નુકૃત યદુવંશ પ્રકાશ અને જામનગરનો ઈતિહાસ' કુતૂહલવશ થઈને એમણે પાનાં ફેરવવા માંડ્યાં. તો નાનપણનો પરિચિત અક્ષર 'ક' એની સામે ખડખડ હસવા લાગ્યો. નજીવું ભણતર એની ભેરે આવ્યું. એને વિચાર આવ્યો કે 'ક'ને કાનો લગાડીએ તો શું થાય? ભૂતકાળની સ્મૃતિ સળવળી કે 'કા' થાય. એને પ્રશ્ન થયો



કે બે 'કા' ભેગા થાય તો? સ્મૃતિએ હોંકારો દીધો કે 'કાકા' થાય. આટલી કૂંચી મળતાં બંધ મગજનાં તાળાં ધીમે ધીમે ખૂલવા મંડાણાં. આ રીતે સ્વમહેનતે અણશિખેલા સ્વરોનેય શીખી લીધા. આ રીતે બાવન અક્ષરો સાથે દોસ્તી બાંધ્યા પછી શું બાકી રહે? પુસ્તકિયો કીડો થઈને રહ્યા. કક્કો, બારાખડી, સ્વર અને વ્યંજનોની સમજ આવવા માંડી.

આમ, સ્વરોની આકૃતિની સમજણ. છેક એના મગજમાં બેસવા મંડાણી. એ શુભ દિવસથી ગ્રંથો એના ગુરુ બની રહ્યા. વાંચવું એ વ્યસન થઈ પડ્યું. શબ્દોનું ભંડોળ સમૃદ્ધ થવા માંડ્યું. જ્ઞાનપ્રકાશના સીમાડાઓ વિસ્તરવા લાગ્યા. જિજ્ઞાસા વધુને વધુ જોરાળી થવા માંડી. પછી તો પુસ્તક હાથમાં આવે એટલે ખાવા-પીવાનું સંધુય વીસરાઈ જાય. ઘરમાં ભરેલો પુસ્તકોનો પટારો આખો વાંચી લીધા પછી પુસ્તકો પ્રાપ્ત કરવા માટે ચાર-ચાર પાંચપાંચ ગાઉના પગપાળા પ્રવાસો કરવા માંડ્યા. આમ, કિશોરાવસ્થાના દારુણ્યમય દિવસો ગુજરવા માંડ્યા.

ગણ્યા ગણાય નહીં એટલા ગ્રંથો વાંચ્યા. નવલકથાઓ વાંચી. નાટકો વાંચ્યાં. ઝવેરચંદ મેઘાણીની લોકકથાઓ વાંચી. રામાયણ, મહાભારત અને પુરાણો વાંચ્યા. ઐતિહાસિક ગ્રંથો અને અંગ્રેજી ગ્રંથોના ગુજરાતી અનુવાદોય બાકી ન રાખ્યા. 'સત્યપ્રકાશ' ગ્રંથ વાંચી નાંખ્યો. ગાંધીજીનાં લખાણો વાંચ્યાં. બાઈબલ વાંચી નાખ્યું. ચારણી સાહિત્યની મરોડદાર જોડિયા અક્ષરોવાળી હસ્તપ્રતો પણ હાથ આવી એ બધી જ વાંચી નાખી. એ

**ચારણી સાહિત્યની મરોડદાર જોડિયા અક્ષરોવાળી હસ્તપ્રતો પણ હાથ આવી એ બધી જ વાંચી નાખી. એ હસ્તપ્રતો જ એની ગુરુ બની રહી. શ્રી રતુદાન કહે છે કે 'એ ગ્રંથોએ મને જે કાંઈ આપ્યું તે આજની શાળા-કોલેજો ભાગ્યે જ આપી શકે'**



હસ્તપ્રતો જ એની ગુરુ બની રહી. શ્રી રતુદાન કહે છે કે 'એ ગ્રંથોએ મને જે કાંઈ આપ્યું તે આજની શાળા-કૉલેજો ભાગ્યે જ આપી શકે.'

આમ, યુવાનીના ઉંબરે અલપઝલપ કરતો રતુદાન નિજાનંદ માટે પોતાની કલ્પનાસૃષ્ટિ કંડારતો જતો હતો. એવામાં એક દિવસ એનાં ભાભુમા(મોટા બાપુનાં પત્ની) એ કહ્યું :

'રોયા રતુડા? આ સોપડિયુંમાં દિ'આખો માથું ઘાલીને પડ્યો રે'શ તો કહેતો ખરો ઈમાં શું લખ્યું છે ? તે તું ખાવાપીવાનુંય ભૂલીને સોપડિયું વાંહે ગાંડો થૈ ગ્યો છું ? કહે તો ખરો ઈમાં એવું શું લખ્યું છે?'

રતુદાને પુસ્તકો તો ખૂબ વાંચી નાખેલાં, પણ વાંચેલું યાદ રાખવાનું એ આ ઉંમર સુધી સમજેલા જ નહીં, એટલે ભાભુ આગળ છૂટી પડ્યાને બોલ્યા : 'માંડી, વાંચેલું તો હંદુય હું ભૂલી ગયો છઉં.' ભાભુમાએ એને દબડાવ્યો : 'મેર્ય મૂવા મૂરખા! વાંચેલું જો વીસરી જવાનું જ હોય તો વાંચવાની આટલી કડાકૂટ શું લેવા કરે છે ? ખેતરમાં જઈને મજૂરી કર્ય તો કંઈક કામ થાય.'

ભાભુમાના હાથે પરાજય પામેલા રતુદાને વાંચેલું બધું યાદ રાખવાની મનમાં ગાંઠ વાળી. પછી તો વાંચેલું બધું બોબડી ભાંગીતૂટી ભાષામાં ડોશી આગળ રજૂ કરવા માંડ્યું. મહેણાના મારથી રતુદાનની સ્મૃતિ કેળવાતી ગઈ, પછી તો યાદશક્તિ સાથે એકાગ્રતા એટલી તો કેળવાઈ ગઈ કે એકવાર આખું પુસ્તક વાંચી લીધા પછી મોં માટે કડકડાટ બોલી જાય. રતુદાન દી'એ વાંચેને ભાભુમા હરખભેર રાત્રે સાંભળે. આ સ્મૃતિશક્તિ એ કાળે લોકજીવનની એક અજાયબી ગણાતી. મોબાઇલયુગમાં એનુંય આકર્ષણ ઓસરી ગયું છે.

રતુદાનના બાપુ પાસે ઘરખોરડાં અને ખેતીની થોડી જમીન ખરી, રતુદાન ખેતીમાંય મદદ કરવા મંડાણા. આમ એ પછીની જિંદગી ખેતરોમાં અને ખેતીમાં વીતવા માંડી, તેમ છતાંયે વિદ્યાવ્યસંગને વીસર્યા નહીં. શિરામણ ટાણે હાથમાં કોળિયો અને ગોઠણ ઉપર કોઈ ગ્રંથ હોય જ. બપોરે સૌ લાંબું ડીલ કરે ત્યારે રતુદાન સાહિત્યની દુનિયામાં ખોવાઈ જાય. રાતવરતના ઘાસલેટના દીવાના મઝરા મઝરા અજવાળે અક્ષરની આરાધના ચાલે. ઘરમાં પડેલા ચારણી

સાહિત્યના ગ્રંથો ઉકેલ્યા ને વાંચ્યા. આ ગ્રંથોએ ચારણી, ડીંગળી સાહિત્યના જ્ઞાનનો પાયો નાખ્યો.

આ અરસામાં 'ચારણબંધુ' દ્વિમાસિક શરૂ થયું. એમાં વિદ્વાન લોકસાહિત્યકારો અને ચારણ કવિઓ જ લખતા. રતુદાનના માંહ્યલે એમના હાથમાં કલમ પકડાવી. પ્રથમ લેખ છપાયા પછી કલમની કસરત ચાલુ થઈ. 'અખંડઆનંદ,' 'મુંબઈ સમાચાર', 'અંજલિ(માસિક)' દૃષ્ટિ, સ્ત્રીજીવન, મેઘદૂત ઈત્યાદિ સામયિકોએ રતુદાનના લેખો અને લોકકથાઓને ઉમળકાભેર આવકાર્યા. મારા લોકસાહિત્યના સંપાદિત પુસ્તકોમાં એમણે લોકકથાઓ, પ્રણયકથાઓ, અશ્વકથાઓ જીવનભર આપતા રહ્યા.

ચારણી સાહિત્યના મૂલ્યની સમજણ પરિપક્વ બનતાં રતુદાને ચારણોના નેસમાં અને ગામોમાં રખડી-રઝળીને ચારણી સાહિત્યની હસ્તપ્રતો ભેગી કરીને એને ઉકેલવાનો શોખ કેળવ્યો, એ દિશામાં નોંધપાત્ર કામ થયું. એવામાં રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સ્થાપના થઈ. એમાં લોકસાહિત્યનો વિભાગ શરૂ કરવાની યોજનાએ આકાર લીધો. એ વખતે રતુદાને સામે ચાલીને સૌરાષ્ટ્ર યુનિ. પાસે ચારણી સાહિત્ય સંશોધનની યોજના રજૂ કરી. શિક્ષણપ્રેમી વિદ્વાન વાઈસ ચાન્સેલર શ્રી ડોલરભાઈ માંકડે એમને મળવા બોલાવ્યા. પોતાના ફોઈના દીકરા અને લબ્ધપ્રતિષ્ઠ ચારણી કવિ દાદુદાન ગઢવી- કવિદાદને સાથે લઈ રતુદાન ડોલરભાઈને મળ્યા. ચારણી સાહિત્યની હસ્તપ્રતો ઉકેલતા આ બહેરા-મૂંગા-બોબડા યુવાનની શક્તિથી પ્રભાવિત થઈ એની અપંગતા કે અભ્યાસની સામે જોયા વિના એની યોજનાને ઉમળકાભેર વધાવી લીધી. આમ, સૌરાષ્ટ્ર યુનિ.માં ચારણી સાહિત્ય સંશોધન-મોજણીના શ્રી ગણેશ અભણ, દિવ્યાંગ યુવાનના હાથે મંડાણા. યુનિવર્સિટીના ગુજરાતી ભવનમાં લોકસાહિત્ય અને ચારણી સાહિત્યનો વિભાગ શરૂ થયો. રતુદાનને ચારણી સાહિત્યના નિરીક્ષક સંશોધક તરીકે રૂ. ૩૫૦ના ફિક્સ પગારે નોકરી મળી.

**ચારણી સાહિત્યના મૂલ્યની સમજણ પરિપક્વ બનતાં રતુદાને ચારણોના નેસમાં અને ગામોમાં રખડી-રઝળીને ચારણી સાહિત્યની હસ્તપ્રતો ભેગી કરીને એને ઉકેલવાનો શોખ કેળવ્યો, એ દિશામાં નોંધપાત્ર કામ થયું**

એ પછી પોતાના સહાયક તરીકે કવિ 'દાદ'ને સાથે લઈ રઝળપાટ શરૂ કર્યો. ચારણોનાં બંધ પટારા અને હૈયાંને ખોલાવી ચારણી સાહિત્યની હસ્તપ્રતો અને ચારણ કવિઓના જીવન-કવન પરની માહિતીના ભંડારો ભેગા કરવા માંડ્યા. રતુદાનના કામમાં ડોલરભાઈને એટલો બધો રસ પડવા માંડ્યો કે આ બધી હસ્તપ્રતોના પોટલાં જાતે જ જોવા વાંચવા લઈ જાય. એમાંયે દુર્લભ અને નવીન હસ્તપ્રતો હાથમાં આવી જાય એટલે એમને ગોળનાં ગાડાં મળ્યા જેટલો આનંદ થાય.

રતુદાન એની વ્યથાની વાત કરતાં કહે છે કે 'કોઈ પણ વ્યક્તિ ઘર મૂકીને રઝળપાટ આદરે ત્યારે એના કુટુંબશોખનો સૌ પ્રથમ ભોગ લેવાય. વિટંબણાઓની વણઝાર એની પાછળ શરૂ થઈ જાય. માનસિક-શારીરિક તકલીફો શરૂ થાય. એ કાળનો રઝળપાટ આજના બસ ટ્રેનના પ્રવાસ જેવો ન હતો. ગાઉના ગાઉ અજાણ્યા મુલકમાં પગપાળા મુસાફરી કરવી પડતી. રસ્તો ભૂલી જવાય, આડફેટા ચડી જવાય. જમવા ન મળે. લાંઘણો ખેંચવી પડે.' પણ હારે તો રતુદાન શાના ? ચોમાસામાં મગરો ભરેલી મહી નહી પાર કરીને નિયત સ્થળે પહોંચ્યા છે. એક વાર સામરખા (તા. આણંદ) જતાં રસ્તામાં વોંકળામાં તણાયા. મહાપરાણે પાણીમાંથી પોતે બચ્યા પણ એમની છત્રીએ છૂટાછેડા લઈ લીધા. મહેસાણા જિલ્લાના જોટાણા ગામે શિલાલેખ જોવા જતાં પગમાં કાળોતરો એરૂં આવતાં સહેજમાં બચી ગયા.

એકવાર રતુદાનને રાજસ્થાનમાં આવેલા ડુંગરપુર જિલ્લાના એક ગામે ત્રિલોકદાન ગેલવાને મળવા જવાનું થયું. બસમાંથી સાંજે ઊતર્યા, ડુંગરાઓના બિકાળવા રસ્તે ચારેક માઈલ ચાલ્યા. ચાલતાં ચાલતાં રાતના રસ્તો ભૂલી ગયા. મધરાત સુધી ડુંગરે ડુંગરે ભટક્યા. એ વખતની



એમની વિટંબણાની તો કલ્પના જ કરવી રહી. અર્ધ મૂક, પૂર્ણ બોબડા એની ભાષા ગુજરાતમાં જ કોઈ ન સમજે તો હિંદી અને રાજસ્થાની ભાષાવાળા મારવાડી ગામડિયા ક્યાંથી સમજે? છેવટે પરોઢિયે કોઈ દયાળુ ભીલને માંડ માંડ સમજાવી શક્યા. તેણે સાથે જઈને છેક ત્રિલોકદાનના ઘર સુધી પહોંચાડ્યા. ચારણોના પટારા ઉઘડાવીને એમનું વિદ્યાધન પ્રાપ્ત કરવાના સ્વ. શ્રી મેઘાણીભાઈના મનોરથ સફળ થયા નહોતા. એ જ વિદ્યાધન, અપમાનો, ગાળો, ધમકીઓના વન વચ્ચે વિહરતા રહીને રતુદાને સૌરાષ્ટ્ર યુનિ.ને ૨૨૦૦૦ જેટલી ચારણી સાહિત્યની હસ્તપ્રતો સંપડાવી એમ શ્રી નૈષધ કારિયા નોંધે છે. ચારણી સાહિત્યક્ષેત્રે ૪૦૦ કરતાંયે વધુ ચારણ-બારોટ કવિઓના જીવન કથન પર યુનિ.ને સામગ્રી એકઠી કરી આપી. તેર વર્ષના સંશોધન કાર્ય પછી યુનિવર્સિટીએ એમને કારકુનની જગ્યામાં સમાવી રૂ. ૪૫૦ નો ફિક્સ પગાર કરી આપ્યો. જીવનભર કાયમી થવાનું સદ્ભાગ્ય એમને ન સાંપડ્યું. આટલા પગારમાં રતુદાને સને ૧૯૬૯-૭૦થી લઈને ૧૯૯૬-૯૭ સુધી યુનિ.ને નિઃસ્વાર્થભાવે સેવાઓ આપી.

માત્ર બે ચોપડીનું ઔપચારિક શૂન્યવત્ શિક્ષણ પામેલા રતુદાનની હસ્તપ્રતો શોધીને મેળવવાની રીત પણ જાણવા જેવી છે. તેઓ વર્ષમાં બેચાર વાર ચારણોના ગામોમાં પ્રવાસે નીકળી પડતા. ત્યાં જઈને એમની પાસે જૂની હસ્તપ્રતો છે કે કેમ તેની તપાસ કરતા. એ વિસ્તારમાં ચારણોના કુળમાં કેટલા કવિઓ થયા. ક્યા કયા કવિઓ થયા તે જાણી નોંધો કરતા,



**જૂની હસ્તપ્રતોમાં તેનું વાચન અને અર્થગાંભીર્ય સમજવાનું મહત્ત્વનું હોય છે. જૂની હસ્તપ્રતોમાં શબ્દો છૂટા પાડીને લખવાનો ચાલ ન હતો, એટલે જો વાચક અનુભવી અને જાણકાર ન હોય તો તે હસ્તપ્રતની ભાષા સમજી શકતો નથી**

એ સિવાય શિલાલેખ, દસ્તાવેજો, પાળિયાઓ વગેરેની જાણકારી મેળવતા. તેમને મળવા આવતા. ચારણોને પણ હસ્તપ્રતો અંગે પૂછી, માહિતી મેળવી તેવી હસ્તપ્રતો પ્રાપ્ત કરી તેના પર સંશોધન કરી નવા સંદર્ભો શોધતા રહેતા. આ ઉપરાંત તેઓ દેવસ્થાનો, દેહાણ્ય જગાઓ અને નામાધારી ધર્મસ્થાનોની મુલાકાત લઈ જૂની-પુરાણી હસ્તપ્રતો શોધતા રહેતા. એમ શ્રી અરવિંદ પી. દવે નોંધે છે.

જૂની હસ્તપ્રતોમાં તેનું વાચન અને અર્થગાંભીર્ય સમજવાનું મહત્ત્વનું હોય છે. જૂની હસ્તપ્રતોમાં શબ્દો છૂટા પાડીને લખવાનો ચાલ ન હતો, એટલે જો વાચક અનુભવી અને જાણકાર ન હોય તો તે હસ્તપ્રતની ભાષા સમજી શકતો નથી. આ સિદ્ધિ દિવ્યાંગ રતુદાન રોહડિયાને વરી હતી. હસ્તપ્રતોના સંશોધન માટે એમણે વસમો રઝળપાટ કરીને સમગ્ર ગુજરાત ખૂંદી નાખેલું. ઉપરાંત રાજસ્થાન, હરિયાણા, દિલ્હી, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સુધીની ખેપો કરી હતી. ચારણી સાહિત્યમાં જેમનું નામ પૂરા આદર સાથે લેવાય છે તેવા શ્રી ઈસરદાનજીના 'હરિરસ', 'દેવિયાણ', સાંયાજી ઝૂલાના 'નાગદમણ', 'રુકમણીહરણ' અને 'અંગદવિષ્ટિ', નરબરદાસ બારહટના 'અવતાર ચરિત્ર' નામનો ગ્રંથ તો તુલસીદાસ કૃત રામાયણ જેટલો જ ચારણી સાહિત્યમાં મહત્ત્વનો મનાય છે. આમ, શ્રી રતુદાન રોહડિયાએ સૌરાષ્ટ્ર યુનિ.ના ચારણી સાહિત્ય હસ્તભંડારને ગુજરાતમાં જ નહીં, દેશભરમાં જ નહીં, પણ એશિયાભરમાં અવલ્લ નંબરનું સ્થાન અપાવવાની સિદ્ધિ મેળવી છે. આમ, બે અઢી દાયકા સુધી રતુદાનની શોધયાત્રા અવિરત ચાલુ રહી. કાળક્રમે એમના સાથીદારો બદલાતા રહ્યા. દાદુદાન ગઢવી, ભગુભાઈ ગઢવી, શુભકર્ણ ગઢવી, કનુભાઈ ગઢવી, બાપુભાઈ ગઢવી, ધીરુભાઈ ગઢવી અને છેલ્લે યુનિવર્સિટીએ એમને સહાયકો આપવાનું બંધ કર્યા પછીયે એકલે હાથે શોધયાત્રા ચાલુ રાખી સાહિત્ય અને હસ્તપ્રતોના ઢગલા કરતા રહ્યા છતાં સાહિત્ય અને સંશોધન ક્ષેત્રે રતુભાઈની ઝાઝી નોંધ લેવાઈ નહીં. મારા મિત્રના નાતે તેઓ અમદાવાદ મને મળતા રહેતા. તેમના જીવન સંઘર્ષની પ્રેરક વાતમાં અમને રસ પડ્યો. સને ૧૯૮૧ના વર્ષમાં 'મૂક-બધિર સંશોધક રતુદાન રોહડિયા' નામે લેખ

ભારત સરકારના પ્રેસ ઈન્ફર્મેશન બ્યૂરો તરફથી પ્રગટ થતાં 'યોજના' સામયિકમાં મેં મોકલી આપ્યો. લોકસાહિત્યપ્રેમી રતુભાઈ અદાણીએ લેખ વાંચીને અત્યંત પ્રભાવિત થયા અને શ્રી રતુદાનનું ડૉ. જીવરાજ મહેતા ટ્રસ્ટ અમરેલી તરફથી રૂ. ૧૧,૦૦૦ના પુરસ્કાર સન્માનપત્ર અને શાલથી દબદબાપૂર્ણ સન્માન કર્યું ત્યારે રતુદાનના આ અભૂતપૂર્વ કાર્યની સાહિત્ય અને સંશોધન જગતને જાણ થઈ. એ પછી તેમને અસંખ્ય એવોર્ડ્સ અને સન્માનપત્રો મળ્યાં. જે મૂકવા એમનું ઘર નાનું પડ્યું. અભરાઈઓ છલકાઈ ઊઠી.

રતુદાનના રઝળપાટના નવનીતરૂપે એમની પાસે વિદ્વાન લોકસંસ્કૃતિવિદ્ શ્રી જયમલ્લભાઈ પરમારે 'ઊર્મિનવરચના' માટે લેખમાળા લખાવી જે પૂરાં બે વર્ષ લગી જ ચાલી. એ પછી રતુદાને 'નૂતન સૌરાષ્ટ્ર' દૈનિકમાં 'સજીવન અખતરા' દસેક મહિના લખ્યા. ગુજરાતના ચારણો અને ચારણી સાહિત્ય પર વિશદ પ્રકાશ પાડ્યો. ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિએ એમનો લોકવાર્તા સંગ્રહ 'રતન સવાયા લાખ' પ્રગટ કર્યો. કિસ્મત માસિકે 'જગદંબા જેતબાઈ' નામે પુસ્તક પ્રગટ કર્યું. ડૉ. ઈશ્વરભાઈ દેસાઈ સાથે સંયુક્તપણે સંપાદિત કરેલ ચારણકવિ લાંગીદાસ મહેડુંકૃત 'ઓખાહરણ' પ્રગટ કર્યું. એ પછી સ્વતંત્રપણે 'લીંબડીની જમાળ' પુસ્તક પ્રગટ થતાં ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી દ્વિતીય પારિતોષિક પ્રાપ્ત થયું. (સને ૧૯૯૦) એ પૂર્વે પ્રગટ થયેલા તેમના પુસ્તક 'ચારણી સુદામા ચરિત્ર'ને સને ૧૯૮૯માં ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રથમ પારિતોષિકના અધિકારી બન્યાં. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ અગાઉ 'અંગદવિષ્ટિ' અને 'કુંડળિયા જસરાજ હરઘોળાણીરા' પ્રગટ કરેલાં. એમાં શબ્દાર્થ પાઠાંતર, નોંધો અને હસ્તપ્રતો મેળવી આપવાનું કામ કર્યું છતાં તેમના કામની ક્યાંય નોંધ લેવાઈ નહીં એનો થોડો રંજ પણ એમને હતો. આમ, ચારણી સાહિત્યના ક્ષેત્રે રતુદાનનું પ્રદાન અત્યંત મૂલ્યવાન રહ્યું છે. તેમણે ૪૦૦ કરતાંયે વુ ચારણ-બારોટ કવિઓનાં જીવન, કવન ઉપર સામગ્રી એકત્ર કરીને યુનિવર્સિટીને આપી છે. રતુદાનના ૨૫૦૦ ઉપરાંત અભ્યાસી સંશોધન લેખો પ્રગટ થયા છે. તેમણે ગુજરાતી ભાષામાં તો લખ્યું જ છે, પણ હિંદીમાં કેટલાયે લેખો લખ્યા છે, જે રાજસ્થાનના 'વરદા', 'રાજસ્થાનભારતી' જેવાં પ્રતિષ્ઠિત સામયિકોએ પ્રગટ કર્યા છે. પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ અને અનેક વિદ્વાનોને તેમણે ચારણી સાહિત્યના જ્ઞાનનો લાભ આપ્યો છે, અને સક્રિય મદદ કરી છે.

**ચારણી સાહિત્યના ક્ષેત્રે રતુદાનનું પ્રદાન અત્યંત મૂલ્યવાન રહ્યું છે. તેમણે ૪૦૦ કરતાંયે વુ ચારણ-બારોટ કવિઓનાં જીવન, કવન ઉપર સામગ્રી એકત્ર કરીને યુનિવર્સિટીને આપી છે**

સ્વ. શ્રી મેઘાણીભાઈએ પ્રગટ કરેલ 'સૌરાષ્ટ્રની રસધાર', 'સોરઠી બહારવટિયા', 'સોરઠી ગીતકથાઓ'ના બધા ભાગોમાં ચારણી સાહિત્ય અને લોકસાહિત્યના પદ્યાંશોમાં રહી ગયેલી ભૂલો તરફ રતુદાને નમ્રતાપૂર્વક અંગૂલિનિર્દેશ કર્યો. પરિણામે શ્રી જયંતભાઈ મેઘાણીએ એ અશુદ્ધિઓ તેમની પાસે સુધરાવી લીધી. 'સૌરાષ્ટ્રની રસધાર'ના બધા નવા ભાગોમાં આ વાતનો નિર્દેશ મળે છે. રતુદાનનું સંશોધનકાર્ય શ્રી ડોલરભાઈ માંકડ રસપૂર્વક નિહાળતા. રતુદાન નોંધે છે કે મારી શોધયાત્રામાં દુર્લભ હસ્તપ્રતો, લોકકથાઓ, પાળિયાની વિગતો, ત્રાગા, દસ્તાવેજો, સતીઓ અને શૂરાઓનો ઈતિહાસ જોવા મળે ત્યારે માંકડસાહેબ આનંદવિભોર બની જતા. માત્ર નાચવાનું જ બાકી રાખતા. મારા કાર્ય પર પ્રસન્નતા વ્યક્ત કરવા તેઓ ધુનાના ગામ મારા ઘેર પધારેલા અને ગ્રામસભા કરીને મારા કાર્યની મુક્તકંઠે પ્રશંસા કરતા કહેલું કે અર્ધમૂક અને પૂર્ણ બધિર વ્યક્તિને સમાજ ભારરૂપ માને છે, પણ રતુદાને એમના કુટુંબમાં જે ટેકો આપ્યો એવો બીજા કોઈ સાંભળતા કે બોલતા માણસે આપ્યો નથી. ખેતી કઠોર કામ કરતાં કરતાં સ્વબળે ચારણી સાહિત્યનો વિદ્વાન બનશે અને અમારી યુનિવર્સિટીની આબરૂને ચાર ચાંદ લગાવી દીધા?

રતુદાન જીવનભર કર્મશીલ રહ્યા. ચારણી સાહિત્યના સંશોધનનું કામ દરિયો ડહોળવા જેવું હતું. એ કામ દિવ્યાંગ રતુદાને સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. તેમના સંશોધન, લેખન અને સંપાદનની ફલશ્રુતિરૂપે ૩૪ જેટલા વણબોટ્યા વિષય ઉપરના સંશોધનગ્રંથો પ્રગટ થયા. તેમના 'હરિરસ', 'હાલા ઝાલા કુંડળિયા' અને 'નિંદાસ્તુતિ' પુસ્તકોના હિંદી અનુવાદો પણ થયા. કેટલાંક સંપાદનોમાં ડૉ. બળવંત જાની, ડૉ. અંબાદાન રોહડિયા, ડૉ. તીર્થકર રોહડિયા, શ્રી સોહનદાસ ચારણ, શક્તિદાન કળિયા, શ્રી જશવંતસિંહજીનો એમને સહકાર સાંપડ્યો.

રતુદાનની ચારણી સાહિત્ય અને લોકસાહિત્ય સંશોધનની મોડેમોડે પણ નોંધ લેવાઈ. સને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષનો ગુજરાત રાજ્યનો લોકકલાક્ષેત્રનો રૂ. ૧ લાખનો લક્ષપસાવ એ સમયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે અર્પણ થયો. ૨૦૦૭ના વર્ષમાં લોકસાહિત્યનો 'કાગ એવોર્ડ' પૂ. મોરારિબાપુના હસ્તે અર્પણ થયો. આ ઉપરાંત નાનામોટા પચાસ ઉપરાંત એવોર્ડઝ અને સન્માનો એમના ખાતે જમા થયા. દરમ્યાનમાં શ્રી રતુદાને ચારણી સાહિત્યનું લોકભોગ્ય સંશોધન, સંપાદન અને પ્રકાશન અર્થે 'ઈસરદાન ડીંગળી(ચારણી) સાહિત્યના પ્રસાર માટે ટ્રસ્ટની રચના કરી. આ ટ્રસ્ટને ભુવનેશ્વરી પીઠના આચાર્યશ્રી તરફથી અનુદાન મળતાં 'હરિરસ' ગ્રંથનું સુમેરે પ્રકાશન કર્યું.'

**શ્રી રતુદાને ચારણી સાહિત્યનું લોકભોગ્ય સંશોધન, સંપાદન અને પ્રકાશન અર્થે 'ઈસરદાન ડીંગળી(ચારણી) સાહિત્યના પ્રસાર માટે ટ્રસ્ટની રચના કરી**

રતુદાનની સાહિત્ય સંશોધનની સાથોસાથ વિસ્મય ઉપજાવે એવી એક આડવાત પણ મારે નોંધવી છે. નાનપણથી બહેરા-મૂંગાને કયો ચારણ પોતાની દીકરી દેવા તૈયાર થાય? મોટી ઉંમર સુધી રતુદાન 'કાનકુંવારારાજ' રહ્યા, પણ એક શુભ દિવસે એમના નસીબનું પાંદડું ખસ્યું, છેવટે એમના સરખી એક કન્યા મળી આવી. એ કન્યા પૂર્ણ મૂક અને બધિર. આંખની તકલીફ દિવસના અજવાળે ઝાંખું ઝાંખુ દેખે પણ રાતવરતના કાંઈ ન દેખે. આ ભારતીય હેલન કેલર સાથે રતુદાને અપૂર્વ સંવાદિતા સાધી. તેમના લગ્નજીવન અંગે પૂછતાં તેમણે આનંદવિભોર બનીને મારા હાથની હથેળીમાં આંગળીથી લખ્યું :

'આજે વર્ષોના અનુભવે સમજાયું છે કે મારા કરતાં મારી પત્નીમાં વધુ પ્રતિભા છે. એ એની ફરજ બજાવે છે. હું મારી ફરજ બજાવું છું. બધા જ પ્રશ્નો અમે સાથે બેસીને ઉકેલીએ છીએ. ઈશ્વરે અમને તીર્થંકર નામનો દેવના ચક્કર જેવો દીકરો પણ દીધો છે.'

આ વાત એમના પુત્રજન્મ સમયની છે. રતુદાન બહેરામૂંગા. એમનાં પત્ની પણ બહેરાં મૂંગાં. મૂંઝકા ગામમાં એક ભાડાના મકાનમાં રહે. મકાન માલિકાનાં પત્ની ખૂબ જ સંવેદનશીલ. રતુદાન અને એમનાં પત્ની ઓરડામાં સૂતાં હોય. દીકરો રાત્રે જાગે ને રોવા માંડે. બેમાંથી એકેય સાંભળે નહીં, મકાનમાલિકનાં ધર્મપત્નીએ જોયું કે દીકરાની માને પૂરતું ધાવણ આવતું નથી એટલે દી'આખો રડે છે. એ બહેનને એક બાળક ધાવણું હતું એટલે તીર્થંકરને પેલા બાળક સાથે ધવરાવીને ઉછેર કર્યો. રાતના તીર્થંકર રડે તો શું કરવું. એમણે એક રસ્તો કર્યો. રાત્રે સૂઈ જાય ત્યારે રતુદાન પગના અંગૂઠે દોરી બાંધી બારીમાંથી બહાર લટકાવે. તીર્થંકર રડે તો પડોશી બહેન જાગી જાય અને દોરી ખેંચીને રતુદાનને જગાડી દે. આ રીતે ઉછેર પામેલો તીર્થંકર એમ.એ. પીએચ.ડી. થયો અને આજે એક કૉલેજમાં પ્રોફેસર તરીકે સેવા આપે છે. દિવ્યાંગ રતુદાનની આવી છે જીવન કથની ભાઈ.

શાળાની જન્મ તારીખ પ્રમાણે તા. ૧૯-૧૨-૧૯૨૮માં જન્મેલા રતુદાન રોહડિયા તા. ૧૭-૨-૨૦૦૮ના રોજ દિવંગત થયા. સ્વપુરુષાર્થે તૈયાર થયેલો આવો સંશોધક વિદ્વાન જેણે ચારણી સાહિત્યને ગૌરવ અપાવ્યું. સૌરાષ્ટ્ર યુનિ.નું નામ રોશન કર્યું, એ જો વિદેશમાં હોત તો કદાચ એને માનદ્ પીએચ.ડી. કે ડૉક્ટર ઓફ લિટરેચરની માનદ્ પદવી મળી હોત, પણ સૌરાષ્ટ્ર યુનિ.એ એક ઓરડાને 'રતુદાન રોહડિયા ચારણી સાહિત્ય ભંડાર'નામાનિધાન આપી એમના કાર્યને બિરદાવ્યું છે.

*'સજ્જન સ્મૃતિ', ૨, પ્રોફેસર્સકોલોની,*
*વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯*
*મો. ૯૮૨૪૦૨૮૩૨૬*



# બારડોલી આશ્રમ, ઉત્તમચંદ શાહ અને સરદાર પટેલ

*- ભદ્રાયુ વછરાજાની*

**આ**ઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરતી વખતે સરદાર પટેલના પડછાયા જેવા ઉત્તમચંદ શાહનું સ્મરણ પુણ્યકાર્ય બની રહેશે.

'સ્વાતંત્ર્ય સેનાનીઓ જેલમાંથી છૂટી ઘરે તો જશે નહીં, તો પછી એમના આરામ ને આશ્રયનું શું ?' એવું વિચારીને સરદાર પટેલે બારડોલીમાં સ્વરાજ આશ્રમનું નિર્માણ કર્યું. જાણીને આશ્ચર્ય થશે કે સરદાર પટેલે સ્વખર્ચે અને સ્વેચ્છાએ સ્વરાજ આશ્રમ બનાવવાનું કાર્ય કર્યું હતું.

બારડોલી સત્યાગ્રહ વખતે સ્વરાજ આશ્રમના મંત્રી તરીકે ખુશાલભાઈ કાર્ય કરતા. ઑફિસનું કાર્ય એકદમ વધી ગયું. ખુશાલભાઈને મદદની જરૂર ઊભી થઈ. કોણ મદદ કરે ? એવો પ્રશ્ન થયો કે તરત જવાબ મળ્યો. મૌન-અવિરત-કાર્યકર ઉત્તમચંદ શાહનું નામ સૂચવાયું.

ઉત્તમચંદભાઈ સરભોણ છોડી બારડોલી આશ્રમમાં આવ્યા. ખુશાલભાઈ કહે, "ઉત્તમચંદ, તું તો વિદ્યાપીઠનો સ્નાતક. તારી લાયકાત તો ભાઈ બહુ મોટી. તારો તો પગાર પણ બહુ મોટો હોય. બોલ શું લઈશ ?" ઉત્તમચંદભાઈ કહે, "રોટલો અને ઓટલો મળશે તો બસ. આપણે તો આઝાદી મેળવવી છે એ જ પગાર. તમે રૂ. ૪૦ લો છો તો મારે રૂ. ૩૫ લેવા."

**ખુશાલભાઈ તો ઉત્તમભાઈની રાષ્ટ્રભક્તિ જોઈને ખુશ થયા. સરદાર અને ગાંધીજી પાસે કેવા યુવકો આવી શકે છે તેનો ઉત્તમ નમૂનો ઉત્તમચંદ શાહે પૂરો પાડયો. તેઓએ સરદાર પટેલને કહેલું કે હું પચાસ વર્ષ સ્વરાજ આશ્રમને સાચવીશ**

ખુશાલભાઈ તો ઉત્તમભાઈની રાષ્ટ્રભક્તિ જોઈને ખુશ થયા. સરદાર અને ગાંધીજી પાસે કેવા યુવકો આવી શકે છે તેનો ઉત્તમ નમૂનો ઉત્તમચંદ શાહે પૂરો પાડયો. તેઓએ સરદાર પટેલને કહેલું કે હું પચાસ વર્ષ સ્વરાજ આશ્રમને સાચવીશ. ઉત્તમચંદ શાહની આ ત્યાગભાવના અને નિષ્ઠાની પ્રતીતિ રૂપે બરાબર પચાસ વર્ષ પછી પોતાની ૯૯ વર્ષની ઉંમરે પરલોક સિધાવ્યા.

અહીં આપણે સ્વરાજ આશ્રમ, સરદાર પટેલ અને ઉત્તમચંદ શાહને સાંકળતી ઘટનાઓને જાણવી છે અને તેની પાછળ રહેલી દેશપ્રેમની ખેવનાને આત્મસાત્ કરવી છે.

ડ્રાફ્ટિંગની બાબતમાં ગાંધીજીની માસ્ટરી કહેવાય. બારડોલી વર્કિંગ કમિટી મળે. ગાંધીજી અને સરદારશ્રી સ્વરાજ અંગે વિચારણા કરવા ઘણી વિચારક વ્યક્તિઓને બોલાવે. ઉત્તમભાઈ વર્કિંગ કમિટીનું ડ્રાફ્ટિંગ કરે અને બાપુને બતાવે. જવાહરલાલજી બાપુની પાસે બેસે અને લખે. જવાહરલાલજી બહુ લાબું લખીને આવે. ગાંધીજી એમાં ફેરફાર સૂચવે. જવાહરલાલજી લેખક એટલે એમનાથી લાંબું જ લખાઈ જાય. બાપુ ટૂંકું લખાણ કરાવે એટલે બહુ ગુસ્સે થાય. ગાંધીજી ઉત્તમચંદભાઈ પાસે ટૂંકું લખાવે. અંગ્રેજ સરકાર પાસે આ લખાણ જાય. ટૂંકું અને ભાષાના પ્રભુત્વવાળું લખાણ જોઈ સરકાર દંગ થઈ જતી ! જવાહરલાલજીને ટૂંકું કરેલું લખાણ પ્રથમ તો નહીં ગમતું, પરંતુ લખાણની સફળતા જોતા ત્યારે ગાંધીજીને લખતા, 'યુ આર રાઈટ.'

ગાંધીજીનું ડ્રાફ્ટિંગ કરી કરીને ભાષાનું પ્રભુત્વ ઉત્તમચંદભાઈએ અનાયાસે જ શીખી લીધું.

ગુજરાતના માજી શિક્ષણપ્રધાન સ્વાતંત્ર્ય સેનાની શ્રી ગોરધનદાસ ચોખાવાળા ઉત્તમભાઈના મિત્ર. તેમના લગ્નનો પ્રસંગ. સૌને ઉત્તમચંદભાઈ આ અંગે કહેતા. ગોરધનદાસ ચોખાવાળાએ પોતાના સમાજમાં (ન્યાતમાં) લગ્ન ન કરવાં એવો નિર્ણય કર્યો હતો.

ગાંધીજી સાથે ચીમનભાઈ શાહ નામના સેવાગ્રામના કાર્યકરની દીકરી શારદાબહેન બારડોલી આવેલાં. ગાંધીજીએ એક વાર સવારે ઉત્તમચંદભાઈની હાજરીમાં જ કહ્યું કે, "શારદા, તું હવે લગ્ન કરી લે, કારણ કે બ્રિટિશ સરકાર અમારી ધરપકડ ક્યારે કરે એનું નક્કી નહીં, તેથી તારું શું થશે તેની મને ચિંતા થાય છે." શારદાબહેને થોડી દલીલો પછી લગ્ન કરવાની 'હા' પાડી, જો ગાંધીજી છોકરો શોધી આપે તો.



બાપુની આ વાત ચાલતી હતી ત્યારે ઉત્તમભાઈ હાજર હતા. બાપુની વાત પૂરી થઈ એટલે ઉત્તમભાઈએ ગાંધીજીને કહ્યું : 'અહીં એક ગોરધનભાઈ કરીને સરસ કાર્યકર્તા છે. સારો છોકરો છે. તેમણે પોતાના સમાજમાં લગ્ન નહીં કરવાનું નક્કી કર્યું છે. જો આપની સંમતિ હોય તો સુરત જઈ વાત કરું અને આપને મળવા લઈ આવું.''

ગાંધીજીએ સંમતિ આપી. ઉત્તમભાઈએ સુરત જઈ ગોરધનદાસભાઈને વાત કરી. ગોરધનભાઈ તૈયાર થયા. તે જ સાંજે ગોરધનભાઈને લઈને ઉત્તમભાઈ બારડોલી આવી પહોંચ્યા.

ગાંધીજીએ શારદાબહેન તથા ગોરધનભાઈને બેસીને વાત કરવાનો સમય આપ્યો. બંને લગ્ન કરવા સંમત થયાં. બીજે જ દિવસે શારદાબહેન અને ચોખાવાળાના ચાંલ્લા નક્કી થયા. સરદારસાહેબ અને ગાંધીજીએ આ વાત જાહેર કરી. ઉત્તમચંદભાઈ ગોળધાણા લઈ આવ્યા. બા ચોખા ને કંકુ લાવ્યાં. કસ્તૂરબાએ ચાંલ્લા કર્યા. સૌએ આશીર્વાદ આપવાના શરૂ કર્યા. પ્રથમ બાપુએ આશીર્વાદ આપ્યા. પછી બાએ, પછી સરદારસાહેબે.

આ સમારંભમાં ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના અંગ્રેજમિત્ર કેલનબૅક પણ હાજર હતા. કેલનબૅક કુંવારા હતા. એમણે ગોરધનભાઈના હાથ મજબૂત પકડી ખૂબ હાથ હલાવીને ખુશીમાં અભિનંદન આપ્યાં. સરદારસાહેબે કેલનબૅકની મશ્કરી કરતાં કહ્યું : ''મિ. કેલનબૅક, તમે ગોરધનભાઈના હાથ કેમ બહુ હલાવ્યા ? મને લાગે છે કે તમે કુંવારા રહી ગયા છો, તેનો તમને અફસોસ છે.'' કેલનબેકે પણ હસતાં હસતાં જ ગાંધીજી તરફ જોઈને ઉત્તર આપ્યો કે, ''હું કુંવારો રહી ગયો છું તે આ ગાંધીને પાપે.'' બધા ખૂબ હસ્યા. ત્યાં તો ગાંધીજી બોલ્યા,



''મારી ભૂલને કારણે તમે કુંવારા રહ્યા છો તેથી હવે આ બેને પરણાવી એ ભૂલનું પ્રાયશ્ચિત કરી લઉં છું.''

ઉત્તમભાઈ ઉપરનો પ્રસંગ વર્ણવતાં કહે છે કે, ''ગાંધીજી દેશની સ્વતંત્રતાના આંદોલનનની સાથે સામાન્ય કાર્યકર્તાની સામાજિક વાતો પર પણ કેટલું બધું ધ્યાન રાખતા તે આવા પ્રસંગ પરથી સમજાય છે.''

● બાપુનું બારડોલી આવવાના કારણે ઉત્તમચંદભાઈને મહાત્મા ગાંધીજીને નજીકથી જોવાનું, સેવા કરવાનું અહોભાગ્ય સાંપડયું હતું. બાપુની ચોવીસ કલાકની દિનચર્યામાં ઉત્તમચંદભાઈ હાજર જ હોય. સરદારસાહેબની પાછી સૂચના કે, ''બાપુને કોઈ વાતનું કષ્ટ ન પડે તેનું ઉત્તમચંદ બરાબર ધ્યાન રાખજે.''

ઉત્તમભાઈએ જોયું કે, બાપુ ખોરાકમાં પાંચ વસ્તુ જ લે છે અને તે પણ વજન કરીને જ.

**બાપુનું બારડોલી આવવાના કારણે ઉત્તમચંદભાઈને મહાત્મા ગાંધીજીને નજીકથી જોવાનું, સેવા કરવાનું અહોભાગ્ય સાંપડયું હતું. બાપુની ચોવીસ કલાકની દિનચર્યામાં ઉત્તમચંદભાઈ હાજર જ હોય**

ઉત્તમભાઈ બાપુને પૂછતાં કે, ''આ શું બાપુ ? ખોરાક વજન કરીને ? વળી, એમાં મરચું નહીં, હળદર નહીં, ખાંડ નહીં.'' ગાંધીજી પાસે ઉત્તર તો તૈયાર જ હતો, ''તમે આડુંઅવળું ખાઈને જીભને બગાડી મૂકો છો. મને તો આમાં જ સ્વાદ આવે છે.''

● બારડોલી આશ્રમમાં મહાત્મા ગાંધીજીનો મુકામ હતો. બારડોલીથી રોજ સાંજના પાંચ વાગ્યે ટપાલ નીકળી જાય. અગત્યની ટપાલ હોય તો પાંચ વાગ્યા પછી લેટ ફી ભરીને પત્રો સ્ટેશને પહોંચાડવા પડે. એક વખત બાપુનો કોઈ અગત્યનો પત્ર ટપાલમાં આપવો રહી ગયો. ટપાલ નીકળી ગયેલી. બારડોલી સ્ટેશને લેટ ફીવાળી ટપાલ પણ લેવાની ના પાડી. મહાદેવભાઈએ ઉત્તમભાઈને સુરત જઈ ટપાલ પોસ્ટ કરવાનું કહ્યું.

ઉત્તમભાઈએ પેલો પત્ર સાંજે ૫-૧૦ વાગ્યે લીધો. ૫-૨૦ વાગ્યે ગાડી આવે. ઉત્તમભાઈએ મહાદેવભાઈને કહ્યું, ''માણસ મોકલીને ટપાલ સુરત નંખાવું છું.'' આ વાત ચાલતી હતી ત્યાં જુગતરામભાઈ આવ્યા. કહે, ''હું સુરત જાઉં છું, હું ટપાલ પોસ્ટ કરી આવીશ.'' મહાદેવભાઈ બોલ્યા, ''ઉત્તમભાઈ, પેલો પત્ર જુગતરામભાઈને આપો. તે સુરત સ્ટેશનેથી રવાના કરશે.''

બાપુ બાજુમાં બેઠેલા હતા. આ વ્યવસ્થા થતી હતી તે વાતો પૂ. બાપુ સાંભળતા હતા. જુગતરામભાઈ ટપાલ લઈ સુરત ગયા. સવારે પાછા આવ્યા. બાપુ ત્યારે માલિશ કરી સ્નાન કરવા બેસતા જ હતા. બાપુએ જુગતરામભાઈને પૂછ્યું, ''કેમ, પેલો પત્ર રવાના કર્યો કે ?''

જુગતરામભાઈ તો વિમાસણમાં પડયા. કારણ કે તેઓ

પત્ર પોસ્ટ કરવાનું ભૂલી ગયા હતા. બાપુ આ જોઈને ખડખડાટ હસ્યા અને બોલ્યા, ''ઉત્તમચંદ, આવાં કામો કવિને ન સોંપાય. એમને એવું યાદ જ ન રહે.'' પછી તરત જ બોલ્યા, ''હવે આ પત્ર આજની ટપાલમાં રવાના કરજો.''

● સાબરમતી અને સેવાગ્રામની જેમ અહીં બારડોલી આશ્રમમાં પણ બાપુ હંમેશાં વહેલી સવારે વાગ્યે ઊઠી જતા.

ઉત્તમભાઈને માથે રોજ સવારે ચાર વાગ્યે ઊઠવાનો ઘંટ વગાડવાની જવાબદારી. ૪-૧૫ વાગ્યે બીજો ઘંટ વાગે એટલે પ્રાર્થના શરૂ થતી. પ્રાર્થના શરૂ કરવાની હોય ત્યારે પ્યાલામાં ચમચો નાખી ખખડાવવાનો. તેમ થાય એટલે પ્રાર્થના શરૂ. ૪-૪૦ સુધી પ્રાર્થના ચાલતી. ગીતાના શ્લોકો નક્કી કરેલા ક્રમમાં રોજ બોલાતા. એક અઠવાડિયામાં ગીતા પૂરી થઈ જતી. બાપુ કોઈ પણ કાર્યમાં નિયમિતતાના આગ્રહી. મિનિટે મિનિટે હંમેશાં જાગ્રત. જરાય પ્રમાદ નહીં. આળસ તો બાપુ પાસે ફરકી જ ન શકે.

**બાપુ જ્યારે જ્યારે બારડોલી આવે ત્યારે આશ્રમના બંગલાના મેડા પર તેમનો નિવાસ રહેતો. તે દિવસોમાં તેમને આકાશદર્શનના અભ્યાસની રટ લાગેલી. બાપુ કહે, ''ઉત્તમચંદ, છોટુભાઈ સુથાર લિખિત 'આકાશદર્શન' લાવી આપજો, મારાથી વાંચી શકાશે''**

એક વખત ૪ વાગ્યાનો ઘંટ ઉત્તમચંદભાઈએ સમયસર વગાડયો પણ પછી કોઈ મહેમાન આવવાના હોવાથી સરદારશ્રીએ ઉત્તમભાઈને બોલાવ્યા. આ દરમિયાન બીજો ઘંટ ૪-૧૫ ને બદલે ઉત્તમભાઈથી ૪-૨૦ થતાં વગાડી શકાયો. બાપુના ધ્યાનમાં આ તરત જ આવી ગયું. ૪-૨૨ વાગ્યે પ્રાર્થના શરૂ થઈ પણ ઉત્તમભાઈ સામે જોઈ પોતાનું ઘડિયાળ ઊંચું કરીને ધ્યાન દોર્યું. ઉત્તમભાઈ કહે છે, ''ઘડિયાળ બતાવ્યું અને મને મારી ભૂલ સમજાઈ ગઈ. મેં પણ તરત જ માફી માગી.''

સમયપાલન તો ભાઈ બાપુનું જ. અખંડ જાગ્રત રહે અને આપણને જાગ્રત રાખે. 'સમયપાલન એ સ્વરાજ મેળવવાની પહેલી શરત છે.' એવું બાપુ માનતા.

● બાપુ જ્યારે જ્યારે બારડોલી આવે ત્યારે આશ્રમના બંગલાના મેડા પર તેમનો નિવાસ રહેતો. તે દિવસોમાં તેમને આકાશદર્શનના અભ્યાસની રઢ લાગેલી. બાપુ કહે, ''ઉત્તમચંદ, છોટુભાઈ સુથાર લિખિત 'આકાશદર્શન' લાવી આપજો, મારાથી વાંચી શકાશે.''

એક વખત બાપુ મસાજ કરાવતા હતા. ઉત્તમચંદભાઈએ બાપુને પ્રશ્ન કર્યો, '' બાપુ, આપ આવડા મોટા વિદ્વાન છો. આટલું બધું આપને જ્ઞાન છે. પછી શું કામ આટલું બધું વાંચો છો ? શાંતિથી થોડી વાર આરામ કરતા હો તો.''

બાપુએ ઉત્તમચંદભાઈનો કાન પકડયો. ઉત્તમચંદભાઈને સમજાવતા કહ્યું, ''મનુષ્ય સ્ત્રી હોય કે પુરુષ - એ આજીવન વિદ્યાર્થી છે.'' બાપુ હંમેશાં જ્ઞાનની ઉપાસના કરતા, સતત જાગ્રત રહેતા અને જ્ઞાનમાં ઉમેરો કરતા જ રહેતા. મૃત્યુના દિવસે પણ, બંગાળી શીખી લેવું તે દિવસોમાં એમને જરૂરી લાગતું તેથી, બંગાળીનો પાઠ શીખીને પ્રાર્થનાસભામાં ગયેલા.

બાપુ જ્ઞાનની ઉપાસના માટેના આજીવન વિદ્યાર્થી. !

જ બારડોલી આશ્રમમાં બાપુ ઊતરતા. એક વખત માલિશ પછી બાપુ સ્નાન કરવા ગયા.એ જ સમયે અંગ્રેજ અખબારના તંત્રી તેમને મળવા આવ્યા. બાપુને મળીને વળતી ગાડીએ પાછા જવાની તેમની જરૂરિયાત તેમણે જણાવી. કોઈ કહે, ચાલો બાપુને પૂછીએ. આવી હિંમત કોણ કરે ? ઉત્તમચંદભાઈએ કહ્યું, ''લાવો, બાપુને પૂછી આવું !'' અને ઉત્તમભાઈએ બાપુને પૂછ્યું.

બાપુએ સંમતિ આપી. અંગ્રેજ મિત્રને બોલાવ્યા. બાથરૂમમાં રહી, બહાર ઊભેલા અંગ્રેજ મિત્રને સ્નાન કરતાં કરતાં ઈન્ટરવ્યૂ આપ્યો. અંદરથી જ અંગ્રેજ ખબરપત્રીને કહ્યું, ''હવે તમે વહેલા જાઓ જેથી તમારો સમય જળવાઈ જાય.''

અંગ્રેજ મિત્રે બાપુનો ખૂબ આભાર માન્યો. બાપુની સહજ સરળતા અને નિખાલસતા જોઈ એ તો આભો જ બની ગયો.

● એક વખત નામદાર આગાખાન બાપુની મુલાકાતે બારડોલી આવ્યા. તેમને રેલવેમાં પોતાના કોચ ઉપરાંત રસોડું, સ્નાન માટે તથા કામ કરનારા માટેના બે કોચ વધારાના અપાતા. પ્રિન્સ આગાખાને સંદેશો મોકલ્યો. મારે ગાંધીજીને મળવું છે. સમય આપશો.

બાપુથી અલગ સમય ફાળવી શકાય એવું નહોતું એટલે બાપુના જમવાના સમયે તેમને મળવાનું ગોઠવવું એવું સૌએ વિચાર્યું. તેથી મહાદેવભાઈએ કહેવડાવ્યું કે, ''૧૧ વાગ્યે આપ જરૂર આવો.'' વળી, બાપુએ વિવેકપૂર્વક એ પણ પુછાવ્યું કે, ''જમવાનો સમય છે, અમારી સાથે જમશો ને ?''

આગાખાને તરત ઉત્તર મોકલ્યો કે, ''મને ભાવતું જમાડશો તો જરૂર જમીશ. બાજરીનો રોટલો, રીંગણ,



કઢી અને કોથમીરની ચટણી આપશો તો ગમશે.'' બાપુએ ઉત્તમચંદભાઈને બોલાવ્યા. રસોઈયાને બોલાવ્યો. બાપુએ કહ્યું, ''તેમની ઈચ્છા પ્રમાણે રીંગણાં-પાપડીનું શાક, બાજરીનો રોટલો, કઢી તથા કોથમીરની ચટણીની વ્યવસ્થા કરો.''

બાપુની સૂચના પ્રમાણે ઉત્તમચંદભાઈએ બધી વ્યવસ્થા કરી લીધી. બધું વ્યવસ્થિત ગોઠવાઈ ગયું. બાપુ અને આગાખાને ચર્ચાઓ કરી. ૧૧-૩૦ વાગ્યે બાપુએ આગાખાનને જમવા બેસાડયા. બાપુએ હાજર રહીને તેમને જમાડયા. કોથમીરની ચટણીથી માંડી બધી વાનગીઓ ખૂબ પ્રસન્નતાથી આગાખાન જમ્યા. લંડન કે પૅરિસમાં પણ આવું જમવાનું નથી મળતું એવો સંતોષ તેઓએ વ્યક્ત કર્યો.

છેલ્લે આગાખાને પૂછ્યું, ''બાપુ, હું તમને શી મદદ કરી શકું ?''

બાપુએ તરત ઉત્તર આપ્યો, ''તમારા અંગ્રેજમિત્રને કહો કે ભારતને હવે જલદી આઝાદી અપાવે.''

કોણ મહેમાન અને કોણ યજમાન ?

બાપુના બારડોલી નિવાસનું બધું ખર્ચ વાલચંદ હીરાચંદ, 'સિંધિયા સ્ટીમ નૅવિગેશન' વાળા ઉપાડતા. તેઓ સરદારશ્રી પાસે ખર્ચનો ઍસ્ટિમેટ માંગે અને તેટલી રકમ વાલચંદભાઈ આપે.

એક વાર વાલચંદભાઈ ગાંધીજીને મળવા બારડોલી આવ્યા. સરદારશ્રીએ ઉત્તમચંદભાઈએ જણાવ્યું કે, આજે વાલચંદભાઈની હાજરીમાં તેમના માનમાં વિશિષ્ટ ભોજન આશ્રમને રસોડે બનાવવામાં આવે. ભોજનમાં પૂરણપોળી, દાળ, ભાત, શાક અને મેથીનાં ભજિયાં બનાવવામાં આવે. સાથે કચૂંબર ભૂલતો નહીં. ઉત્તમભાઈએ સરદારશ્રીને કહ્યું, ''આશ્રમને રસોડે તો ૨૦૦ જણા જમે છે. થોડા વધુ મહેમાનો ઉમેરાય તો શું કરીશું ?''સરદારશ્રીએ કહ્યું, ''જમાડો, જમાડો.'' બધાને ખૂબ સરસ ભોજન મળ્યું. બાપુની સાથે આવેલા મિત્રોને પણ સરસ ભોજનનો લાભ મળ્યો. બધાંએ ભરપેટ ખાધું. એક બહેને બાપુને જઈને કહ્યું, ''બાપુ આજે તો અમે હોટેલમાં જમ્યા.'' શું શું ખાધું તેની વિગતે વાત બાપુને પહોંચાડી. તે વખતે આખુંય રસોડું ઉત્તમચંદભાઈ સંભાળતા. તેથી બાપુએ કહ્યું, ''બોલાવો ઉત્તમચંદને.'' ઉત્તમભાઈ બાપુ પાસે ગયા. બાપુ કહે, ''ઉત્તમચંદ, તને એટલા માટે બોલાવ્યો છે કે, આજે તો તેં આશ્રમને હોટલ બનાવી દીધો ! મેં તને સાદાઈથી રસોડું ચલાવવાનું કહ્યું છે.''



ઉત્તમચંદભાઈ કહે, ''બાપુ મારે એક પ્રશ્ન છે. મારે કોનું સાંભળવું ? આપ આશ્રમના મહેમાન છો. સરદારશ્રી આશ્રમના યજમાન છે. મારે મહેમાનનું સાંભળવું કે યજમાનનું ?'' બાપુ કહે, ''તારી વાત સાચી'' એમ કહીને ઉત્તમભાઈના બરડામાં પ્રેમથી એક ધબ્બો માર્યો. બાપુની સરળતા તો જુઓ !

**ઉત્તમચંદભાઈ કહે, ''બાપુ મારે એક પ્રશ્ન છે. મારે કોનું સાંભળવું ? આપ આશ્રમના મહેમાન છો. સરદારશ્રી આશ્રમના યજમાન છે. મારે મહેમાનનું સાંભળવું કે યજમાનનું ?''**

બાપુનું આત્મદર્શન જોવા જેવું હતું.

બારડોલી આશ્રમમાં બાપુ રહે એટલે છને ટકોરે ફરવા નીકળે જ. બહાર જવાને બદલે અંદર બંગલા પાસે જ ચારપાંચ રાઉન્ડ લેતા. ઉત્તમચંદભાઈ અચૂક હાજર જ રહેતા. મહાત્મા ગાંધી સાથે એટલી જ ઝડપથી ચાલતા અને વાતો કરતા.

બાપુ બોલ્યા, ''ઉત્તમચંદ ! તું પણ મારી સાથે ફરવા આવ્યો છે ને ?'' ઉત્તમભાઈએ 'હા' કહી. ઉત્તમભાઈ કહે, ''મારે એક વાત આપની પાસેથી જાણવી છે. '' બાપુ કહે 'પૂછ'. ઉત્તમભાઈએ પૂછ્યું, ''બાપુ, આપ દુનિયાના મહાપુરુષ છો. આપ આટલા ચારિત્ર્યવાન છો તો આપના દીકરા હરિલાલભાઈ આવું કેમ વર્તે છે ?'' બાપુએ કહ્યું, ''ઉત્તમચંદ, હરિલાલના આવા અવગુણો એ મારો દોષ છે.''

૧૯૪૫માં મહાત્મા ગાંધી બારડોલી આવશે એવો સંદેશો સરદારસાહેબ પર આવ્યો. સરદારસાહેબે તૈયારી કરવા માંડી. આશ્રમની સફાઈ તથા બાપુ માટેની થોડીક સગવડ તથા બકરીના દૂધ માટે બકરી બાંધવાની સગવડ પણ કરી.

આશ્રમનાં બાળકો એટલે સરદારસાહેબની 'વાનરસેના' કહેવાય. સૌ બાળકોને બોલાવ્યાં. એવું સરસ સમજાવ્યું કે, ચાલો બાપુ આવવાના છે. બકરી માટે ઘાસ કાપી લાવો. બીજું બાપુ પગમાં પાવડી પહેરે છે, તેથી ચોગાનમાં પડેલા મોટા મોટા કાંકરા વીણી લો, જેથી બાપુને ચાલવામાં જરાય તકલીફ ન પડે ! સરદારસાહેબને ગાંધીજી માટે કેટલી બધી ભક્તિ હશે !

સરદારસાહેબ બારડોલી આશ્રમમાં આવેલા.

ઉત્તમભાઈનો દીકરો ભરત સવારના પહોરમાં આશ્રમના ચોગાનમાં રમતો હતો. સરદારસાહેબે બૂમ પાડી, "એ ગઠિયા, અહીં આવ." ભરત દોડતો દોડતો સરદારસાહેબ પાસે પહોંચ્યો. "શું કહો છો દાદાજી ?"

સરદારસાહેબ પૂછે, "ગઠિયા તું શું ભણે છે ? કઈ સ્કૂલમાં ભણે છે ?" ભરત કહે, "મારા કાકા કહે છે આપણાથી હાઈસ્કૂલમાં ભણવા ન જવાય, આપણે તો ગાંધીજીના વિચારવાળી શાળામાં જ ભણવાનું." સરદારસાહેબ કહે, "તારા કાકા શેમાં ભણેલા એ પૂછી આવ." ભરત ઉત્તમચંદભાઈને પૂછવા ગયો. ઉત્તમભાઈ કહે, "કાકા તમે શેમાં ભણેલા ?" ઉત્તમભાઈ કહે, "હાઈસ્કૂલમાં" ભરત દોડતો દોડતો સરદારસાહેબ પાસે ગયો. જઈને કહે, "દાદા, દાદા ! મારા કાકા હાઈસ્કૂલમાં ભણેલા."

સરદારશ્રી કહે, "તો પછી તને કેમ તારા કાકા હાઈસ્કૂલમાં ભણવાની ના પાડે છે ?" સરદારશ્રીએ ઉત્તમચંદભાઈને બોલાવ્યા અને કહે, "ગઠિયાને કેટલા દિવસ ઘેરે ભણાવીશ ? ગામની હાઈસ્કૂલમાં ભણવા મૂકી દે." ઉત્તમચંદભાઈએ સરદારશ્રીનો હુકમ માથે ચડાવ્યો અને ભરતને બારડોલીની હાઈસ્કૂલમાં ભણવા મૂક્યો.

**ઉત્તમચંદભાઈ એ લોકોને લઈ બાપુ પાસે ગયા. ગાંધીજીએ આશીર્વાદ આપતાં આપતાં અભ્યાસ વગેરે બધું પૂછી લીધું. પેલા યુગલે સામેથી કહ્યું, "અમને કાંઈક કહો, સૂચવો એટલે અમે અમારું જીવન ગોઠવીએ"**

મહાત્મા ગાંધીજીનો મુકામ બારડોલી આશ્રમમાં હતો. ગાંધીજી આવે એટલે સરદારસાહેબ તો હોય. પરંતુ મહાદેવભાઈ પણ હોય જ. બાપુને એક દિવસ ઉત્તમચંદભાઈનું કામ પડયું. મહાદેવભાઈને બાપુ કહે, "મહાદેવ, જાઓ, ઉત્તમચંદને બોલાવોને." મહાદેવભાઈ ઉત્તમભાઈના ઘર તરફ ગયા. બહારથી સંતોકબહેનને બૂમ પાડીને કહે, સંતોકબહેન, ઘરના માલિક ક્યાં છે ?

સંતોકબહેન કહે, "ઘરની માલિક તો હું છું."

મહાદેવભાઈ કહે, "તો તમારા ઘરના ભાડૂત ક્યાં છે ?" સંતોકબહેન ખડખડાટ હસી પડયાં. મહાદેવભાઈ હસતા હસતા ઉત્તમભાઈની શોધમાં રસોડે ઊપડયા.

બાપુનો મુકામ બારડોલીમાં હોય ત્યારે કેટલાંક નવાં પરણેલાં યુગલો બાપુને પગે લાગી આશીર્વાદ મેળવવા આવતાં. એક વખત એક પરિચિત યુગલ પરણીને હોંશભર્યું બાપુને મળવા આવ્યું. સરદારશ્રી નિવાસસ્થાને નીચે બેઠેલા. ગાંધીજી માળ પર હંમેશની માફક બેઠેલા. સરદારશ્રી ગમ્મત કરતાં કહે, "આશીર્વાદ મેળવી તરત જ ભાગી આવજો. જોજો ભેરવાઈ ન જતા."

ઉત્તમચંદભાઈ એ લોકોને લઈ બાપુ પાસે ગયા. ગાંધીજીએ આશીર્વાદ આપતાં આપતાં અભ્યાસ વગેરે બધું પૂછી લીધું. પેલા યુગલે સામેથી કહ્યું, "અમને કાંઈક કહો, સૂચવો એટલે અમે અમારું જીવન ગોઠવીએ." ગાંધીજી કહે, "તમે પૂછો જ છો તો કહું, એક વર્ષ સાથે રહેવું તો ખરું, પણ સંયમ પાળવો. બ્રહ્મચર્યનું પાલન કરવું."


યુગલ નીચે આવ્યું. સરદારશ્રી હસ્યા અને કહે, "જુઓ, પૂછવાના થયા તો ભેરવાયા ને ? તમે સામે ચાલીને પૂછ્યું છે તો તમારા મૈત્રીભાવની કસોટી થશે એમ હવે ગણો."

● સરોજિનીદેવીનું શરીર ભારે, તેથી સવારે વહેલાં ઊઠતાં. તેથી તેમનો ઉતારો ઉત્તમચંદભાઈને ઘેરે જ રહેતો. ઉત્તમભાઈના ઘરેથી દૂર બાલદીવાળાં પાયખાનાં હતાં. એકાદ વખત એમને પાયખાનાં દુર્ગંધવાળા લાગ્યાં.

સરોજિની નાયડુ સીધાં સરદારશ્રી પાસે ગયાં, કહે, "પાયખાનેમેં બદબૂ આ રહી હૈ."

સરદારસાહેબે તો એમના હનુમાન ઉત્તમચંદભાઈને બોલાવ્યા કહે, "ઉત્તમચંદ, સરોજિની નાયડુ કંઈ ફરિયાદ કરે છે, જરા જોઈ લેજે ને." ઉત્તમચંદભાઈને સરદારશ્રી કહે ને એ કાર્ય ન થયું હોય એવું બને જ નહીં. આજનું સરોજિનીદેવીવાળું કાર્ય બહુ અઘરું હતું. દુર્ગંધ જાય કેવી રીતે ? ઉત્તમચંદભાઈ અને બીજા કાર્યકર્તાઓએ નક્કી કર્યું કે, સુરતમાં ગુલાબજળ તો મળે જ. એ સસ્તું પણ હોય છે. મંગાવી લઈએ અને પાયખાનામાં છાંટી દઈએ. સુરતથી ગુલાબજળ મંગાવ્યું. રાતે સૂતાં પહેલાં પાયખાનાં ધોઈ નાખ્યા અને ગુલાબજળ છાંટી દીધું !

સરોજિનીદેવી સવારે ઊઠીને પાયખાને ગયાં. પાયખાનાં એકદમ સ્વચ્છ અને સુગંધનો અનુભવ થયો ! તેમણે ફરિયાદને બદલે પ્રસન્નતા અનુભવી. સરદારને જઈને કહે, "અહીં ગુલાબ તો નથી, છતાં પાયખાનાંમાં ગુલાબની સુગંધ આવે



છે. પાયખાનાં એકદમ સ્વચ્છ છે. આ ગુલાબની સુગંધ આવી ક્યાંથી ?''

સરદારસાહેબ કહે, ''જોયું, આ તો ગુજરાત છે, આ ગુજરાતની કમાલ છે.'' પછી સરદારસાહેબે ઉત્તમચંદભાઈને બોલાવ્યા અને પૂછે, ''ઉત્તમચંદ, તેં વળી શાની કમાલ કરી ?'' ઉત્તમચંદ કહે, ''સરદારસાહેબ, એ તો અમે ગુલાબજળ છાંટ્યું છે, જેથી તમારી પાસે ફરિયાદ ન આવે.''

સરદાર સાહેબ હસી પડયા ને બોલ્યા, ''સારું, સારું વાંધો નહીં, થવા દે, થવા દે.''

દિલ્હી જઈને વસેલા સરદારસાહેબને બારડોલીનાં કામોની ચિંતા થતી. એક વાર આશ્રમના કામે ઉત્તમચંદભાઈને દિલ્હી જવાનું થયું. તે અરસામાં ઉત્તમભાઈ દર મહિને પચાસ રૂપિયા જ વેતન લેતા. મોંઘવારી અને પરિવારના વહેવારો વગેરે તેમના ખ્યાલમાં હતા.

ઉત્તમભાઈ દિલ્હીથી પાછા આવતા હતા ત્યારે સરદારશ્રી કહે, ''ઉત્તમચંદ, તેં અને તારા પરિવારે સેવાના કામમાં ઘણું વેઠયું છે. સંસ્થાની સેવામાં પાછું વાળીને જોયું નથી. તમારા સંજોગો જોઈને મારે તમને ૧૦,૦૦૦/- રૂપિયા જેટલી નાની મદદ કરવી છે.''

આ વાત દરમિયાન સરદારસાહેબને બારડોલી આવવાનું થયું. મદદની વાત સંતોકબહેનને બોલાવીને સરદારસાહેબે કરી.

સંતોકબહેન કહે, ''સરદારસાહેબ, આપના આશીર્વાદ જ અમને આપો. આપની કૃપા જ મોટી મદદ છે.''

સંતોકબહેન પણ ઉત્તમભાઈ જેવાં જ ને !

વાત આ લોકો માનવાનાં નથી એવું સરદારસાહેબને લાગ્યું. તેથી વાતને અંતે તેમણે ઉત્તમચંદભાઈનું વેતન રૂ. ૫૦/- હતું તેને બદલે રૂ. ૧૫૦ /- લેવા મમતાભર્યું દબાણ કર્યું, જેનો ઉત્તમભાઈ વિરોધ ન કરી શક્યા !

ઉત્તમભાઈનો ત્યાગ ખરો, પણ સંતોકબહેનનો પણ એટલો જ.

**● સરદારની અંતિમ મુલાકાત વેળાની અંતિમ ઇચ્છા :**

આઝાદી આવ્યા પછી દિલ્હીનાં જવાબદારીવાળાં કામોમાં સરદારને ઘણો સમય આપવો પડતો. તેથી સરદારશ્રીથી બારડોલી ઓછું અવાતું. બાપુ ગયા પછી તેઓ થોડા ખિન્ન પણ રહેતા હતા. બધાની અસર તેમની તબિયત ઉપર પડતી હતી.

છેલ્લે ૧૯૪૯માં સરદારશ્રી બારડોલી આવ્યા. આ તેમની છેલ્લી મુલાકાત હતી. વૃદ્ધત્વને આંબી ગયેલ પિતા જેમ છેલ્લા દિવસોમાં પોતાના પુત્રને પરિવારની વ્યવસ્થા માટે પોતાની અંતિમ ઇચ્છાઓ પ્રદર્શિત કરતા હોય તેમ ઉત્તમચંદભાઈને પોતાની પાસે બોલાવીને બેસાડયા.

પોતાની નાદુરસ્ત તબિયત અને લથડતા જતા શરીર સામે નિર્દેશ કરતાં બોલ્યા, ''ઉત્તમચંદ હવે આ નગરીમાં (શરીરમાં) ચોર (રોગ) ભરાયો છે. ભરોસો નથી ક્યારે શું થશે. પણ જો આ આશ્રમ બાપુની પ્રેરણા અને આશીર્વાદથી એક ઐતિહાસિક સ્થળ બની ગયો છે. અહીંથી જગતને સફળ એવા એક અહિંસક, સ્વાધીનતા સંગ્રામનો પરિચય થયો છે. બારડોલીએ દુનિયાના દેશોને મુક્તિ માટેનો નવો રસ્તો ચીંધ્યો છે. એ રીતે આ આશ્રમ અને આ પ્રદેશ એ સાબરમતી કે સેવાગ્રામની જેમ દુનિયાના લોકો માટેનું તીર્થસ્થળ બની રહેશે. માટે એ રીતે આ સ્થળનું જતન કરજો. અને સ્વરાજયને સુરાજય બનાવવા પ્રજાનું ઘડતર કરવાના રચનાત્મક કાર્યોને જોવા-જાણવા પણ લોકો આવી સંસ્થાઓ પાસે અપેક્ષા રાખશે. તો આ આશ્રમને એવું જીવતું જાગતું રચનાત્મક કેન્દ્ર બનાવજો.''

સરદારશ્રીની આ અંતિમ ઇચ્છાને આદેશ તરીકે માથે ચડાવી તેને ન્યાય આપવાનો નમ્ર પ્રયન્ન ઉત્તમચંદભાઈએ કર્યો છે. ઉત્તમચંદભાઈ કહે છે, ''કન્યાકેળવણી, ખાદી ગ્રામોદ્યોગનાં કાર્યો અને ગાંધી-સરદારનાં સંસ્મરણોના સ્મૃતિસંકુલની રચના એ મારી પણ અંતિમ ઇચ્છા બની રહી છે. એમાંથી મને પણ જીવવાનું બળ મળે છે, લાબું જીવવાની પ્રેરણા મળતાં રહ્યાં છે.''

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરતી વખતે સરદાર પટેલના પડછાયા જેવા ઉત્તમચંદ શાહનું સ્મરણ પુણ્યકાર્ય બની રહેશે.

*'પ્રેમમંદિર', નર્મદા પાર્ક-૪*
*અમીન માર્ગ પાસે, રાજકોટ-૩૬૦૦૦૧*
*મો-૯૮૯૮૯૨૦૩૩*



# આદિવાસી સમાજનું પ્રમુખ તંતુ સ્વરવાદ્ય : તંબૂર

*- ભગવાનદાસ પટેલ*

**પૂર્વભૂમિકા**

એક કાળે અને કેટલાક વિસ્તારોમાં અત્યારે પણ પહાડો અને ગાઢ વનોમાં વસવાનું બન્યું હોવાથી કુદરતી ક્રિયા-કલાપો અને પ્રકૃતિ-તત્ત્વોના વ્યાપારોનો પ્રભાવ આદિવાસી સમાજના લોકજીવન પર પડ્યો છે.

આદિવાસીઓને આરંભથી જ પ્રાણીઓ-પક્ષીઓ જેવી વન્યસૃષ્ટિ સાથે વસવાનું થયું હોવાથી પક્ષીઓનું કૂજન સાંભળીને આનંદ પામવાનું બન્યું છે. હિંસક પ્રાણીઓની ત્રાડથી ભય પામવાનું બન્યું છે. અને એમનો સામનો કરવા વિવિધ પેંતરા લેવા પડ્યા છે. તેઓને યોગક્ષેમ (જીવનયાપન) માટે વારંવાર પહાડો પર ચડવું પડ્યું છે. ફેણ ચડાવીને ફૂંફાડા સાથે દંશ દેતા સાપનો સામનો કરવો પડ્યો છે. આદિવાસી સમાજે જળમાં ઊછળ-કૂદ કરતી માછલીઓના દેહના વિવિધ લયથી વિસ્મય પામી આનંદ પ્રાપ્ત કરવા અનુકરણ કર્યું છે. આ બધાં પ્રકૃતિ-તત્ત્વો વિવિધ ક્રિયા-કલાપો અને વ્યાપારોનો તથા ભૌગોલિક પરિસ્થિતિઓનો પ્રભાવ આદિવાસી સમાજના લોકજીવન પર પડ્યો છે. આ પ્રભાવ તળે આદિવાસી સમાજના સભ્યનું ચિત્તતંત્ર, કંઠતંત્ર, દેહતંત્ર અને મનોશારીરિક ભાવો ઘડાયાં છે. કુદરતી વ્યાપારોના અનુકરણથી કંઠના ધ્વનિઓ અને સ્વરો કેળવાયા છે. વિશિષ્ટ-વિષમ ભૌગૌલિક પરિસ્થિતિમાં થતી ભાગ-દોડ અને ઊછળ-કૂદમાંથી તેમના દેહનો લય ઘડાયો છે. આવાં પ્રાકૃતિક પરિબળો વચ્ચે એમના કંઠે સંગીત અને દેહે નૃત્યોનું ઘડતર કર્યું છે. આ આદિસંગીત અને નૃત્યોને વધુ પ્રભાવી બનાવવા એમણે આત્મસૂઝથી વાદ્યોનું સર્જન કર્યું છે. આ વાદ્યો પણ એમણે કુદરતમાંથી મળતી ચીજ-વસ્તુઓમાંથી સિદ્ધ કર્યાં છે.


આમ, જીવનપાયન ચલાવવાની જીવનરીતિ અને તેના પર પડેલો પ્રકૃતિનાં કોમળ-કરાલ રૂપોનો પ્રભાવ અને એને અભિવ્યક્ત કરવાની રીતિઓમાંથી આજની આદિવાસી સમાજની સંગીત-વાદ્ય-નૃત્ય-નૃત્ત (મૂક અભિનય) ની લોકવિદ્યાનો ઉદ્‌ભવ અને વિકાસ થયો છે. આ બધાં પ્રાકૃતિક પરિબળોને કારણે આદિવાસી ગીત, સંગીત, વાદ્યો અને નૃત્યો અન્ય ગ્રામીણ અને નગરીય ગીત, સંગીત, વાદ્યો અને નૃત્યથી અલગ પડે છે.

અહીં આપણો ઉદ્દેશ્ય ઉત્તર ગુજરાતના દાંતા-ખેડબ્રહ્મા તાલુકાના અવરલ્લી પહાડી પ્રદેશમાં વસતા ડુંગરી ભીલ આદિવાસી સમાજનું પ્રમુખ સ્વર તંતુવાદ્ય તંબૂર વિશે ચર્ચા કરવાનો છે.

લોકવાદ્યના પ્રકાર :

સંગીતના સ્વતંત્ર વાદન કે વાદનમા ંસહાય કરતાં આ આદિવાસી વાદ્યોને બે પ્રકારમાં વિભાજિત કરી શકાય. ૧. તાલવાદ્ય અને ૨. સ્વરવાદ્ય. તાલવાદ્યના બીજા બે પ્રકાર પડે. એક, ઘનવાદ્ય અને બીજાં, અવનદ્ધ કે પોલા પેટવાળાં વાદ્યો. ઘનવાદ્યો ધાતુનાં બનેલાં હોય છે, જે બજારમાંથી પ્રાપ્ત થતાં હોય છે. ભીલ આદિવાસી સમાજનાં ઝાલર, તાળિયા (મંજીરા), ગુરુઝ (કાંટાવાળી લોઢાની ગદા), કૂગરા (ઘૂઘરા), સાંકળ, વેંટલા (લોઢાની ઘૂઘરીઓ)એ સંગીતના ગાયન-વાદનમાં સંગત કરતાં સહાયક ઘનવાદ્યો છે. આવાં ધાતુનાં વાદ્યો એક-બીજા સાથે અથડાતાં રણકારભર્યો નાદ-તાલ આપે છે. આ લોકવાદ્યોનો મોટાભાગે ધાર્મિક અનુષ્ઠાન સમયે ઉપયોગ થાય છે. અવનદ્ધ વાદ્યો એ પોલા નળાકાર પર એક કે બંને બાજુ મઢેલાં ચર્મવાદ્યો છે. તેમનો ઉપયોગ તાલ મેળવવા માટે થાય છે. તેમની રચના કરવા આદિવાસીઓ ‘હવણ’નું વજનમાં હલકું લાકડું પસંદ કરે છે અને તેની રચના તેઓ જાતે કરે છે. ઢોલ, વાજું (નાનું ઢોલ), સાંગ (એક બાજુ ચર્મમઢેલું ઘેરથી નાનું થાળી જેવું વાદ્ય) એ અવનદ્ધ લોકવાદ્યો છે. આ ભીલ આદિવાસી સમાજનાં સ્વતંત્ર રીતે વાદન થતાં મુખ્ય તાલવાદ્યો છે. (તાલવાદ્યો વિષે વધુ માહિતી માટે જુઓ ‘લોક’સંમત

**સંગીતના સ્વતંત્ર વાદન કે વાદનમા ંસહાય કરતાં આ આદિવાસી વાદ્યોને બે પ્રકારમાં વિભાજિત કરી શકાય. ૧. તાલવાદ્ય અને ૨. સ્વરવાદ્ય. તાલવાદ્યના બીજા બે પ્રકાર પડે. એક, ઘનવાદ્ય અને બીજાં, અવનદ્ધ કે પોલા પેટવાળાં વાદ્યો**



આદિવાસી લોકવિદ્યાશાસ્ત્ર (૨૦૨૨), ભગવાનદાસ પટેલ, પ્રકરણ-૯)

સ્વરવાદ્યોને પણ બે પ્રકારમાં વહેંચી શકાય છે. ફૂંકીને હવા દ્વારા વગાડાતાં વાંસળી, શરણાઈ અને શંખ એ ભીલ આદિવાસી સમાજનાં સુષિર સ્વરવાદ્યો છે. સંગીતમાં સ્વર આપતાં આ સહાયક લોકવાદ્યો છે. બીજા પ્રકારમાં એ તંતુ સ્વરવાદ્યો આવે છે કે જે વાદ્યો પર ધાતુના તાર કે ઘોડાના વાળ જોડેલા હોય છે. આવાં વાદ્યોના તાર પર ટકોરા મારવાથી સ્વરો પ્રગટે છે. તંબૂર, સારંગી અને કોરાયું (ઘોડાલિયું) એ ભીલ આદિવાસીઓનાં તંતુ સ્વરવાદ્યો છે.

**આદિવાસી સમાજનું પ્રમુખ તંતુ સ્વરવાદ્ય : તંબૂર :**

તંબૂર એ આદિવાસી સમાજનું સ્વતંત્ર વાદનનું પ્રમુખ તંતુ સ્વરવાદ્ય છે. ભીલ આદિવાસીઓ વનમાં થતા 'હાલ' વૃક્ષમાંથી તંબૂર બનાવે છે. ગોળાકાર કૂંડી ઉપર ઊભો દંડ જોડી તંબૂરની રચના કરે છે. દંડના મથાળે લાકડાની ત્રણ ખૂંટીઓ જોડે છે. આ ખૂંટીઓને 'મેંણ્ના' કહે છે. 'સાબણ' પર બે ઘોડીઓ જોડીને લોઢાના ત્રણ તાર બાંધે છે. આ તારને લાકડાની 'શારદા'માં દાખલ કરીને ત્રણ મેંણ્ના સાથે જોડે છે. મેંણ્નાને આમળીને તારને તંગ કરે છે. જેથી કંઠમાંથી પ્રગટતા સ્વરોને અનુરૂપ સ્વરો તંબૂરમાંથી મેળવી શકાય. આ તંતુ સ્વરવાદ્ય ત્રણ તારનું હોવાથી તંબૂર (તંબરો) કહે છે. લાકડાની 'શારદા' એ સરસ્વતીનું પ્રતીક છે. જે સાધુને ચિત્તમાં ભજન ઉકલાવે છે. તારની વાળેલી 'નેખલી' (નખલી- જે આંગળીના અગ્રભાગે પહેરે છે જેથી આંગળીના અગ્રભાગને તાર વાગે નહીં.)થી સાધુ તંબૂરમાંથી સ્વરો પ્રગટાવે છે.

**'તંબૂર દેવ કહેવાય. એના વિના ગણપતિ અને શારદા જાગે નહીં. તંબૂરનો તાર વાગે તો જ દેવ હૃદયમાં આવે. તંબૂરના તાર અને મંજીરાનો સ્વર તારથી તાર મળે તો જ વારતાનો રસ્તો સૂઝે'**

**તંબૂર વિષે ગાયક સાધુનાં મંતવ્યો :**

'તંબૂર દેવ કહેવાય. એના વિના ગણપતિ અને શારદા જાગે નહીં. તંબૂરનો તાર વાગે તો જ દેવ હૃદયમાં આવે. તંબૂરના તાર અને મંજીરાનો સ્વર તારથી તાર મળે તો જ વારતાનો રસ્તો સૂઝે.' (માહિતીદાતા : ગુજરાભાઈ ધનાભાઈ ગમાર, ઉ.વ. ૬૫, ગામ : માલવાસ, તાલુકો : ખેડબ્રહ્મા, જિલ્લો : સાબરકાંઠા)

'શબ્દો જ દેવ છે. શબ્દો અને રાગ મળે ત્યારે વાર્તા ઊકલે. તંબૂર સાથે દેવ છે, એના થકી દેવ હૃદયમાં આવે. તંબૂરના કારણે જ વાર્તા સાથે ચાલી નીકળીએ. તંબૂરથી શરીર જાગે. ઉમંગ આવે. (માહિતીદાતા : મનસુકબાઈ વાદીભાઈ બુબડિયા, ઉ.વ. ૪૫, ગામ : માલવાસ, તાલુકો : ખેડબ્રહ્મા, જિલ્લો : સાબરકાંઠા)'

''વાદ્ય (વાજાં) વિના વારતા ઊકલે નહીં. તંબૂરની સાક્ષીએ વારતા આવે. તંબૂર ભગવાનનું બાનું ગણાય. આ બાના વિના ભજન ઊકલે નહીં. શારદા સાથે તંબૂર, ભજન અને સુરતા જોડાઈ જાય. આના લીધે બધો રાગ એક થાય. રાગ એક થાય એટલે શબ્દો સારા આવે. શબ્દો એક થાય એટલે વારતા સારી ઊકલે. રાગ સારો આવે તો અમારા હૃદયમાં દેવ પણ આવે. દેવ આવ્યા પછી મન ભજનમાં જતુ રહે. શારદા વધુ ખૂલે-ખીલે.'' (માહિતીદાતા : રામાભાઈ ભીમાભાઈ ખૈર, ઉ.વ. ૫૦, ગામ : હિંગટિયા, તાલુકો : ખેડબ્રહ્મા)

''તંબૂરનો સંબંધ ભજન સાથે જોડાઈ જાય. ભજનનો સંબંધ દેવ સાથે જોડાય. વાજાં (વાદ્યો) સાથે અમારો આવો સંબંધ.'' (માહિતીદાતા : નાથાભાઈ ભૂરાભાઈ ગમાર, ઉ.વ. ૭૦, ગામ : ખેડવા, તાલકો : ખેડબ્રહ્મા. વધુ વિગત માટે જુઓ : 'લોક'સંમત આદિવાસી લોકવિદ્યાશાસ્ત્ર (૨૦૨૨), ભગવાનદાસ પટેલ,, પ્રકરણ : ૧૩, પ્રકાશક : ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર)

**તંબૂર-નૃત્યો :**

ભાદરવા માસમાં બીજ કે ધૂળાના ઠાકોરના પાટ (મહામાર્ગી પાટ)ના ધાર્મિક અનુષ્ઠાન પ્રસંગે, મરણોત્તર લૌકિક વિધિ સમાધિ પઢવાના પ્રસંગે, હૂરો સ્થાપવાના સમયે અને દેવરાંની મૂર્તિઓ સ્થપાતાં તંબૂર પર ગાયક સાધુ અને તેને સહાયક રાગિયા ભજનવારતા અને ભજનનૃત્યો ગાય છે.

પ્રસંગ પ્રમાણે વાતાવરણ, તેના કારણે સર્જાતી લોકસમુદાયની મનઃસ્થિતિ, આ મનઃસ્થિતિમાંથી સ્વરૂપ ધરતાં ભજનો કે ભજનવારતા (લોકમહાકાવ્યો-લોકાખ્યાનો) અને તેને સંલગ્ન નૃત્યો ભિન્ન ભિન્ન પ્રકારનાં હોય છે. બીજ જેવા પવિત્ર ધાર્મિક પ્રસંગે લાલ કાપડ પર સામા નામના તૃ ણધાન્યના સફેદ દાણાથી રચવામાં આવતું મંડળ અને તેમાં માંડવામાં આવતાં ચંદ્ર, સૂરજ, પાંચ પાંડવો, હનુમાન, વાસુકિનાગ, પાડોર ગાય, જળપગી ઘોડો વગેરેનાં ધાર્મિક કૃતિઓ, સિતરી જ્યોત, ચૂરમાનાં કૂંડાં અને ગુરુ-ચેલા બનાવવા થતી વિધિના કારણે એક વિશેષ્ટ પ્રકારનું વૈરાગ્યભર્યું વાતાવરણ સર્જે છે. આથી અલગ અલગ સ્થાન લઈને એક જ સ્થાને વ્યક્તિગત રીતે નાચતાં સ્ત્રી-પુરુષોનાં નૃત્યો હળવાં લાસ્ય પ્રકારનાં હોય છે. જ્યારે દૂરો (શૂરો) માંડવાના પ્રસંગે એક લાક્ષણિક પ્રકારનું ઓજપૂર્ણ વાતાવરણ સર્જાય છે. આથી એકઠો થયેલો લોકસમુદાય 'રાઠોરવારતા' કે 'ભારથ' (ભીલી મહાભારત) જેવાં વીર રસ ભરેલાં મહાકાવ્યો કે વારતાઓ

સાંભળવા, ગાવા અને નૃત્ય કરવા આતુર બની જાય છે. લોક-સમૂહની મનઃસ્થિતિ પારખીને સાધુ પણ એક આવેશ સાથે ઊભો થઈ પોતાના સ્થાને નૃત્ય કરવા લાગી જાય છે. તેની સાથે લોકસમુદાય વિજયોન્માદમાં ઊભો થઈ વળ ખાતા સાપની જેમ નૃત્ય કરે છે અને નૃત્યના ટેકા સાથે જોરજોરથી કિકિયારીઓ (રિવરિયો) પાડે છે. આવાં જિવાતા જીવન સાથે જોડાયેલાં ઘટના-પ્રસંગો સાથે જે તે પ્રસંગ-ઘટનાની રજૂઆત નૃત્ય સાથે જીવંત બની પરાકાષ્ઠાએ પહોંચે છે. આથી આવી વારતા કે લોકાખ્યાનો લોકમહાકાવ્યો અને તેનાં સંલગ્ન નૃત્યો જે તે સમાજના લોકને જ વધુ ને વધુ રસનિમગ્ન કરે છે. વાસ્તવમાં ભજનવાર્તાઓ અને લોકનૃત્યોમાં સહભાગી થઈને શ્રવણ કરવાથી જ તેમના કલામય સ્વરૂપનું રસાસ્વાદન થઈ શકે છે. અને તેમની મહત્તા સમજી શકાય છે.

**તંબૂર જગવવો :**

ગાવામાં સહાય રાગિયા આજુબાજુ ગોઠવાઈ જાય આ પછી સાધુ તંબૂરના સ્થાનકે જાય છે. તંબૂર એના માટે કાષ્ટ-લાકડાનું વાદ્ય-વાજિંત્ર નથી, પરંતુ જીવિત દેવ છે. આથી નમન કરીને વિચારે છે કે 'અત્યો તંબૂર સૂતો છે. પરંતુ મારે ભજન ગાવાં છે. જેથી મારે તેને જગાડવો પડશે.' આમ વિચારી એ તંબૂરને જગાડવાનો મંત્ર બોલે છે. તેને કસમય જગાડ્યો તેથી તેની ક્ષમા ચાહતો મંત્ર બોલે છે. આ પછી અંકમાં લઈને તેને મનાવવાનો મંત્ર બોલે છે. ઘણા પ્રસંગે સંશોધકને આ સૂક્ષ્મ આધ્યાત્મિક બાબતો સમજમાં આવતી નથી અને અજાણતાં એ ગાયક સાધુનો અપરાધ કરી બેસે છે. આ બાબત સમજવા ખેડવા ગામના નાથાભાઈ ગમાર પાસેથી 'ભીલોનું ભારથ' ધ્વનિમુદ્રિત કરતો હતો ત્યારે બનેલો એક પ્રસંગ ઉલ્લેખનીય છે.

તંબૂરને અંકમાં રાખી આત્મા સાથે સંધાન કરતા નાથાભાઈને મારાથી અઘટિત પ્રશ્ન પુછાઈ ગયો. ''નાથાભાઈ, આ તંબૂર મને આપશો ?'' વિક્ષેપ થવાથી સમાધિ તૂટી હોય તેમ તેમની આંખો ખૂલી. ખુલ્લી આંખોમાં રોષ પ્રગટ્યો. થોડીક ક્ષમોમાં પાછા સૌમ્ય બની ગયા. ઘૂંટાયેલી આર્દ્રતા સાથે અંતરમાંથી ઉદગારો સરવા લાગ્યા, ''પાઈ, ઓણો તંબૂરો તો મારા બા હેં !'' (ભાઈ આ તંબરો તો મારો બાપ છે !) નાથાભાઈના ભીલી બોલીના વાક્પ્રવાહનો વિસ્તાર ભયને લીધે અહીં અનુવાદ આપું છું. વાક્પ્રવાહ આગળ ચાલ્યો, ''તંબૂર મારો દેવ છે. આ તંબૂરે હું અને મારા બાપુ ભજન બોલતા. મારું અને મારા બાપુનું હૃદય એક થતું. શારદા કંઠમાં આવતી અને બંનેનાં હૃદયમાંથી ભજન જન્મતાં. રામ-સીતા, પાંચ પાંડવ, સતી દ્રૌપદી, સતિયો ચંદન અને હરિશ્ચંદ્ર રાજા બધા ચોખ્ખા દેખાતા. એમનાં દર્શન કરતા. આજે મારો બાપ તો નથી પણ મારા બાપે આપેલો આ તંબૂરો છે. આને જોઉં છું અને મને બાપુની યાદ આવે છે. ભાઈ, આ તંબૂરો તો સાક્ષાત્ (નખ્ખા) મારો બાપ છે! તને આ તંબૂરો નથી આપી શકતો.''

મને લાગ્યું કે મેં અજાણે અઘટિત માગણી કરીને સાધુના આત્માનો અપરાધ કર્યો છે. સાથે સાથે એનો પણ ખ્યાલ આવ્યો કે ગાયક સાધુનું વાજિંત્રનું પોતાની પેઢી સાથે - મૌખિક પરંપરા સાથે કેવું આત્મિક અનુસંધાન છે. સરસ્વતીનું આહ્વાન.

કોઈ પણ ભજન, લોકાખ્યાન, લોકમહાકાવ્ય એ ગાવાનો આરંભ કરતાં પહેલાં સાધુ ગણપતિ અને સરસ્વતીનું આહ્વાન કરે છે. આદિવાસી સમાજની સરસ્વતી વીણાપુસ્તક-ધારિણી નથી. તેનો સંબંધ પુસ્તક સાથે નથી, પરંતુ મુખપરંપરા સાથે છે. તે સ્વર્ગમાં વસતી નથી, પરંતુ પાતાળમાં વસે છે, તેનું સ્વરૂપ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ અને વિરાટથી પણ વિરાટ છે. સરસ્વતીના આહ્વાનનો ભીલીનો અનુવાદ આ પ્રમાણે છે.

''ધરતી જેનો ઘાઘરો અને આસમાન જેની ઓઢણી છે. ચાંદ-સૂરજ જેની કાંચળી (કંચૂકી) અને નવલાખ તારા જેનાં હારચીર છે - એવી સરસ્વતી માતા, પાતાળમાં જળ ઉપર, જવ જેવડા ઓરડામાં તલ જેવડાં કમાડ બંધ કરીને સૂતી છે. હે સરસ્વતી માતા ! તું જાગ ! બહાર પૃથ્વી પર સાધુનો મેળો ભરાયો છે. તું અમારા મેળામાં રમવા આવ.'' સાધુ આગળ આહ્વાન કરે છે, ''હે સરસ્વતી માતા ! મને સાથ દેવાવાળી મારા રાગિયાના કંઠનાં તાળાં ખોલ. અને મારા હૃદયમાં ભજનની લહેર જગવ. જેથી મારા શ્રોતા-દર્શકો દેવી-દેવતાનાં દર્શન કરાવું. મને સાંભળવાવાળા મારા શ્રોતા-દર્શકોને ક્ષેમકુશળ રાખ.'' હું પણ સૌનું મંગળ ઇચ્છી અહીં વિરમું છું.

*૩૦૪, મિથિલા એપાર્ટમેન્ટ, સવિતા એન્કલેવની સામે,*
*જજીસ બંગલા ચાર રસ્તા, બોડક દેવ, અમદાવાદ-૧૫*
*મો. ૯૪૨૮૧૦૯૫૭૯*



Directorate of Information
Gujarat

Social Media

gujaratinformation.gujarat.gov.in

gujaratinformation.official

@infogujarat

gujarat.information

Gujarat Information

ગુજરાત

the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391


"નહીં છોડું સાથ"
વિક્રમ બી. પગી
મો. 9426408225


"પ્રકૃતિનો થનગનાટ"
હરિભાઇ દા. ટંડેલ
મો. 9426418400


"વ્હાલ"
વિમલ હેમાણી
મો. 9108187687


"શ્રદ્ધા"
હેતલ દવે
મો. 9825599149

# મરમી મસ્ત મકરંદની મધુર મનોહર મંગળ કવિતા

- *પ્રસાદ બ્રહ્મભટ્ટ*


**મ**રમી મસ્તરંગી કવિ મકરંદ વજેશંકર દવેનો જન્મ ગોંડલમાં તા. ૧૩-૧૧-૧૯૨૨ના રોજ થયો હતો. તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ગોંડલમાં લઈ રાજકોટની ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજમાં ઇન્ટર આર્ટ્સ સુધી અભ્યાસ કર્યો હતો. '૪૨ની લડતમાં જોડાવા તેમણે અભ્યાસ અધૂરો મૂક્યો. સાહિત્યપ્રેમને લીધે 'કુમાર', 'ઉર્મિનવરચના' , 'જયહિંદ', 'સંગમ' વગેરે સામયિકોના સંપાદનકાર્ય સાથે સંલગ્ન રહ્યા. આ દરમિયાન ઝવેરચંદ મેઘાણી અને સ્વામી આનંદના નિકટ પરિચયમાં આવ્યા. આધ્યાત્મિક સાધક નાનાલાલ જોશીનો સત્સંગ થયો. ૧૯૬૮માં પ્રસિદ્ધ લેખિકા કુન્દનિકા કાપડિયા સાથે લગ્ન કરી વલસાડ પાસે નંદિગ્રામ નામની નવતર જીવનશૈલીવાળી પ્રયોગશીલ સંસ્થા સ્થાપી ત્યાં વસવાટ કર્યો. ૧૯૭૯માં તેમને સાહિત્યિક પ્રદાન માટે રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો. એ પછી ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર અને નરસિંહ મહેતા એવોર્ડ તેમને એનાયત થયા. તા. ૩૧-૧-૨૦૦૫ના રોજ તેમનું અવસાન થયું.

મકરંદ ગુજરાતી સાહિત્યના અનુગાંધી યુગના અગ્રણી અધ્યાત્મમાર્ગી કવિ છે. 'ગોરજ' (૧૯૫૭), 'સંજ્ઞા' (૧૯૬૪), 'સંગતિ' (૧૯૬૮), 'સૂરજમુખી' (૧૯૬૧), 'હવાબારી' (૧૯૬૩), 'અમેરિકાનો ચિરંતન ચહેરો' (૧૯૯૯) વગેરે એમના કાવ્યસંગ્રહો છે. મકરંદની સમગ્ર કાવ્યસૃષ્ટિમાં આધ્યાત્મિક અનુભૂતિની રચનાઓ વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. તેમણે આધ્યાત્મિક ઉપરાંત બીજા પણ અનેક વિષયોને સ્પર્શ કર્યો છે. તેમની કવિતામાં કાવ્યસ્વરૂપો અને કાવ્યવિષયોનું સારું એવું વૈવિધ્ય જોવા મળે છે. તેમણે જે જે વિષય પર લખ્યું છે તેમાં અનુભૂતિની નક્કરતા, અભિવ્યક્તિની સઘનતા અને ઊંડાણ વરતાઈ આવે છે. તેમની આધ્યાત્મિક કવિતા મૌલિકતાને કારણે તાજગીનો અનુભવ કરાવે છે.

મકરંદ કાવ્ય શ્રી અરવિંદથી પ્રભાવિત હશે, પણ તેમની કવિતા શ્રી અરવિંદદર્શનની સીધી અસર નીચે નથી. તેમની આધ્યાત્મિકતા કે કોઈ પણ પ્રકારની કવિતા પર એકાદ વ્યક્તિની અસર નથી. રવીન્દ્રનાથ, ગાંધીજી તેમજ કબીર વગેરે અનેક સંતો-મહાત્માની વત્તીઓછી અસર કવિએ ઝીલી છે. લોકસાહિત્યના સંસ્કારો અને ગઝલનો મિજાજ પણ તેઓ ધરાવે છે. આ બધાની સંયુક્ત અસર તેમની કવિતા પર જોઈ શકાય.

**તેમની આધ્યાત્મિકતા કે કોઈ પણ પ્રકારની કવિતા પર એકાદ વ્યક્તિની અસર નથી. રવીન્દ્રનાથ, ગાંધીજી તેમજ કબીર વગેરે અનેક સંતો-મહાત્માની વત્તીઓછી અસર કવિએ ઝીલી છે**

'ગોરજ'ની પ્રથમ રચના 'જાગૃત થા !'માં કવિ અરૂપ, જ્યોતિર્મય મહાશક્તિને પોતાના જીવનમાં જાગૃત થવાનું આહ્‌વાન કરે છે. 'જીવનમાં ઝંકૃત થા ! હે મા, જાગૃત થા! જાગૃત થા !' (પૃ.૧) કવિની વિલક્ષણતા તરત ધ્યાનમાં આવશે. તેઓ પોતાને કે ભક્તને જાગૃત થવાનું નથી કહેતા, પણ પરમશક્તિને જાગૃત થવા કહે છે. કવિ આ મહાશક્તિ, મહામાતાના મહિમાથી પૂરતા જ્ઞાત છે જ. 'સહજ ધારા' અને 'આવો!' કાવ્યત્વની દૃષ્ટિએ સંતર્પક રચનાઓ છે. બંને રચનાઓમાં સાદગીનું સૌન્દર્ય માણવા જેવું છે. 'સહજ ધારા' દસ ખંડોમાં વિભાજિત દીર્ઘરચના છે. દરેક ખંડમાં જીવનને પ્રભુમય બનાવવાનો સંકલ્પ વિભિન્ન સંદર્ભમાં વ્યક્ત થયો છે. 'આવો !'માં સરળતાની સાથે સાથે ઊંડાણ પણ છે. કાવ્યનો વિષય તો જૂનો અને જાણીતો છે. કવિની વિશેષતા આ પરિચિત ભાવને નવીન રીતે, તાજગીપ્રદ રીતે રજૂ કરવામાં છે. કાવ્યનું શીર્ષક 'આવો !' છે. પ્રશ્ન થાય કે કોણ કોને આમંત્રણ આપે છે ? ત્રણ કડીના આ ગીતની પ્રત્યેક કડીની અંતિમ પંક્તિ છે : 'આવો રે આવો, હો જીવણ, આમના.' આને ગીતની ધ્રુવપંક્તિ પણ કહી શકાય. આ પંક્તિ પરથી સમજાય છે કે કોઈ 'જીવણ'ને પોતાની




પાસે બોલાવી રહ્યું છે. ત્રણે કડીની પ્રથમ પંક્તિનો પ્રથમ શબ્દ છે. 'અમે', અર્થાત્ આ આમંત્રણ આપનાર 'અમે' છે. જે જીવણને આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે એને માટે કવિએ 'તમે' સર્વનામ પ્રયોજ્યું છે. 'અમે' અને 'તમે' (અર્થાત્ જીવણ) કોણ છે, કેવા છે એ કાવ્યની ત્રણે કડીઓમાં કવિએ ભિન્ન ભિન્ન દૃષ્ટાન્તો દ્વારા સ્પષ્ટ કર્યું છે. પ્રત્યેક કડીની પ્રથમ પંક્તિ 'અમે'નું સ્વરૂપ સ્પષ્ટ કરે છે જ્યારે દ્વિતીય પંક્તિ 'તમે'નું સ્વરૂપ સમજાવે છે.

'અમે' અને 'તમે'નું સ્વરૂપ સ્પષ્ટ થાય તો 'અમે' શા માટે 'તમે'ને આ આમંત્રણ આપે છે એનું અનુમાન કરી શકાય, પરંતુ એવું અનુમાન કરવાની કશી આવશ્યકતા નથી, કેમ કે કાવ્યની ત્રણે કડીઓની ત્રીજી અને ચોથી પંક્તિઓમાં કવિએ આમંત્રણ આપવા પાછળનું કારણ પણ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે. કવિએ 'અમે' સર્વનામ પોતાને માટે માનાર્થે વાપર્યું હશે એમ કોઈને કદાચ લાગે, પરંતુ વાસ્તવમાં એવું નથી. 'અમે' શબ્દ આ રચનામાં માન-મનતરબાનો નહીં, પણ લાચારીનો વ્યંજક છે એ કવિ 'અમે'ની જે ઓળખ આપે છે એ પરથી સૂચવાઈ જાય છે. બીજી બાજુ જેમને 'જીવણ' કહેવામાં આવ્યા છે એ 'તમે' કેવી વિરાટ વિભૂતિ છે એ પણ કવિએ સૂચવી દીધું છે. તેથી આ આમંત્રણ 'જીવણ'લાલને મહેમાનગતિ માણવા માટે નથી આપવામાં આવ્યું, પણ તેમની પાસેથી પોતાની પાસે જે ખૂટે છે એ માગવા માટે આપવામાં આવ્યું છે એ પણ સમજાય છે.

**પોતાનો પરિચય આપવા કાવ્યનાયક પોતાનાં ત્રણ રૂપો દર્શાવે છે. ક્યાં છે ત્રણ રૂપો ? સૂકું રૂનું પૂમડું, સૂના ઘરનું જાળિયું અને ઊધઈ-ખાધું ઇંધણું. આ વિશેષણો પરથી કાવ્યનાયક કેવો દરિદ્ર-અકિંચન-લાચાર છે એ સ્પષ્ટ થાય છે**

પોતાનો પરિચય આપવા કાવ્યનાયક પોતાનાં ત્રણ રૂપો દર્શાવે છે. ક્યાં છે ત્રણ રૂપો ? સૂકું રૂનું પૂમડું, સૂના ઘરનું જાળિયું અને ઊધઈ-ખાધું ઇંધણું. આ વિશેષણો



પરથી કાવ્યનાયક કેવો દરિદ્ર-અકિંચન-લાચાર છે એ સ્પષ્ટ થાય છે. બીજી બાજુ નિમંત્રિત મહાશય જીવણલાલ માટે કવિએ પ્રયોજેલાં વિશેષણો, અત્તર રંગીલા રસદાર, તાતા તેજના અવતાર અને ધગધગ ધૂણીના અંગાર પરથી તેઓ કેવા શ્રીમંત, પ્રભાવશાળી અને શક્તિશાળી છે એ સમજી શકાય છે. આવા અદ્વિતીય, અનન્ય, અકલ્પ્ય ઐશ્વર્યયુક્ત અવિનાશી, અનંત 'જીવણ'ને આમંત્રી દીનહીન-ક્ષીણકાય-લાચાર કાવ્યનાયક કશા સંકોચ વિના પોતાની માગણી રજૂ કરે છે, કેમ કે તે જાણે છે કે આપનારનું ઐશ્વર્ય એવું અપાર-અસીમ છે કે પોતાની તુચ્છ માગણી સંતોષવાથી તેમાં કશી કમી-ઓછપ આવવાની નથી. પૃથ્વીના રાજા પાસે યાચવામાં જો કશી નાનમ ન હોય, તો ત્રિભુવનના સ્વામી રાજરાજેન્દ્ર પાસે યાચવામાં તો કશી હીણપત અનુભવાય જ કેવી રીતે ? કવિને કશો જ સંકોચ નથી તેથી દિલ ખોલીને, નિઃસંકોચપણે પોતાની અપૂર્ણતાને પૂર્ણતામાં પરિવર્તિત કરવા અનુનય-અનરોધ કરે છે. વળી આ યાચના કવિ કેવળ પોતાને માટે નથી કરતો, પણ માણસમાત્ર માટે કરે છે, તેથી જ તેમણે 'આપો અમને' એમ કહ્યું છે.

'ગોરજ'માં કેટલીક એવી રચનાઓ પણ છે જેમાં ભક્તિભાવ કે શરણભાવ નહીં, પણ પરમતત્ત્વ વિશેનો રહસ્યપૂર્ણ ભાવ પ્રગટ થયો છે. કબીર, રવીન્દ્રનાથ, બાઉલ સંતો, સૂફી સંતો વગેરેના રહસ્યવાદની અસર આવી રચનાઓ પર જોઈ શકાય છે. 'અગમ્ય સાથી', 'એક પ્રતિમા', 'પ્રેમી પડછાયો', 'સુવર્ણ કાળ', 'દિન વહ્યા જાય', 'દૂરની ડાળી', 'હમણાં હતું', 'ગોરજ ટાણે' ઇ. કાવ્યોમાં અગમનો સૂર સંભળાય છે. સંગ્રહની અંતિમ 'ગોરજ ટાણે'માં કવિ કહે છે કે હું રોજ સવારે સાંજે અસીમ અગોચર માટે રાહ જોઉં છું. છેલ્લે કવિ ગોરજ ટાણે, જીવનની સાંજે પોતાને ઓથમાં લેવાની અસીમને પ્રાર્થના કરે છે. 'દૂરની ડાળી'માં અગમતત્ત્વનો અણસાર રહસ્યમય રીતે વ્યક્ત થયો છે.

અગમનો સૂર 'સંજ્ઞા'માં પણ સાંભળી શકાય છે. જો કે 'ગોરજ' કરતાં 'સંજ્ઞા'માં આ પ્રકારની રચનાઓ થોડીક ઓછી મળે છે તથા તેની તાજગી પણ ઓસમાઈ છે. આ સંગ્રહની આધ્યાત્મિક અનુભૂતિને વ્યક્ત કરતી રચનાઓમાં 'અર્ધજલે ડૂબી પ્રતિમા', 'ગાતું રહેશે ગીત', 'ઊંડા પાતાળની માછલી' વગેરે નોંધપાત્ર છે. આ રચનાઓમાં કાવ્યત્વથી રસાઈને આસ્વાદ્યતા ધારણ કરી શકી હોય તેવી રચનાઓ

બે-ત્રણથી વધારે નથી. 'બેહદની બારાખડી' સરળ-સબળ ભાવાલેખનને લીધે આસ્વાદ્ય બન્યું છે. અહીં ગગન અગમનું પ્રતીક બન્યું છે. ગગનનું વર્ણન અગમનો નિર્દેશ કરે છે. કાજળ જેવા કાળા અને ચંદન જેવા ગોરા આ વિશિષ્ટ ગગનનો તાગ લેવા કવિને કપરી સાધના કરવી પડે છે. છેલ્લી કડીમાં કવિએ એની વાત કરી છે. 'ગગન', 'બેહદ', 'શૂન્ય' જેવા શબ્દોની સાથે 'ગોઠડી', 'બારાખડી', 'ઓરું' જેવા તળપદા શબ્દો સહજપણે ગોઠવાઈ જાય છે. આ શબ્દોનું ભાવમાધુર્ય કૃતિની આસ્વાદ્યતાને વધારી મૂકે છે. આ રચનાની હરોળમાં ઊભી રહી શકે એવી બીજી બે બળકટ રચનાઓ છે 'અરધે આવીને' તથા 'ભીતર ભગવો' લહેરાવા લાગ્યો છે. કવિ હવે સહજપણે વિવિધ મુખને વિવિધ વાણીની 'મધુર લીલા' માણી શકે છે. આ કાવ્યમાં જે સરળતા, પ્રાસાદિકતા અને મધુરતા સિદ્ધ થઈ છે તેનો ઉત્તમ આવિર્ભાવ સંગ્રહના અંતે આવતા 'મિતાઈ ગીતિ' નામક પંદર ગીતોના ગુચ્છમાં થયેલો જોઈ શકાય છે. ઉસનસ્ કહે છે તેમ 'મીતાઈ ગીતિ', 'યાત્રા' (સુંદરમ્) પછીની આધ્યાત્મિક શ્રી પ્રગટ કરતી આપણી ભાષાની ઉત્તમ રચના છે એટલું જ નહીં પણ આપણી ભાષાના વ્યાકુળતા ભરેલા સમસ્ત વૈષ્ણવ કવિઓમાં મકરંદનું સ્થાન ધ્રુવપણે સ્થાપી આપે છે - લાગણી ઋજુપણે વહી આવી સરલ લયમાં આકારિત થઈ જાય છે એ ગુણે કરીને. (સાહિત્યદર્શન-૩, જ્ઞાનગંગોત્રી-૧૦, ૧૯૭૨, પૃ. ૬૪). ગુચ્છની બીજી રચનામાં 'પ્રથમ પ્રીતિ'નો પ્રબળ વેગ અને હચમચાવી નાખે તેવી તાકાત દર્શાવ્યા પછી છેલ્લે તેની અસર દર્શાવતાં કવિ કહે છે :

*ટગલી ડાળીએ ઉર તો જાણે થથરે પીળું પાંદ,*
*આંધી પાછળ ઊગતો આવે આછો કાનાઈ ચાંદ. (પૃ. ૧૧૮)*

કલ્પનની દશ્યાત્મકતા જેવું જ હૃદય છે 'કાનાઈ' સંબોધનનું ભાવમાધુર્ય. 'શૂન્ય એકાન્તમાં', 'ઉદ્‌ભ્રાન્ત ઝંખના' કરતાં કવિની 'મનની અમૂંઝણ' એવી તો ભારે છે કે તેમની મૂંગી ચીસ પણ કલપી ઊઠે છે. મૂંઝવણના જેવી જ વિચિત્ર છે 'વાટે વિમાસણ'. અધવાટે અટવાઈ પડેલા કવિ ન તો ઘરે જઈ શકે છે ન ઘાટે. તેમને માગવાની તક મળે છે ત્યારે સુખ નથી માગતા પણ સામે ચાલીને 'મરમશૂલ' માગે છે. પ્રીતના પાગલ પૂરમાં તણાવા વારો આવે છે ત્યારે 'પ્રાણ પરવશ' બને છે અને 'નયન બાવરાં'. એમ થતાં 'હરિનાં નેણમાં' મીટ માંડી શકાય છે અને 'મનભાવન ગોપાલ'ની મૂરતનાં, 'અરૂપ રૂપ'નાં દર્શન થાય છે. પછી પ્રફુલ્લ, સંતૃપ્ત બનેલા કવિ 'મૌન'નો આશ્રય લે છે. કવિના આધ્યાત્મિક આરોહણનું આ છે એક ઊંચું શિખર, સંગ્રહમાં આ કાવ્યો સિવાયનાં ઉલ્લેખનીય આધ્યાત્મિક અભિગમ વાળાં કાવ્યો છે 'હળવા ટકોરા', 'ઉગમણી વાટમાં', 'મારી બંસીમાં', 'પામે પૂર્ણવિરામ' વગેરે.

અનુગાંધીયુગની કવિતામાં જે પ્રતીકાત્મકતા જોવા મળે છે તેનો સફળ વિનિયોગ મકરંદનાં આ કાવ્યોમાં થયો છે. મકરંદી આધ્યાત્મિક કવિતા આ યુગનો એક આગવો બળવાન ઉન્મેષ છે જ, સમગ્ર ગુજરાતી કવિતાનો પણ ધ્યાન ખેંચે તેવો અવાજ છે. આ અધ્યાત્મવિષયક કવિતાની વિશેષતા એ છે કે તેણે પરંપરાનો આદર કર્યો હોવા છતાં, તેનો પૂરો લાભ ઊઠાવ્યો હોવા છતાં પોતાની આગવી મુદ્રા પણ ઉપસાવી છે. સમગ્ર ગુજરાતી આધ્યાત્મિક કવિતાની આ એક લાક્ષણિક મુદ્રા છે. મકરંદનું એક ઉલ્લેખનીય આધ્યાત્મિક કાવ્ય છે. 'અદીઠો સંગાથ'. તેની પ્રથમ કડી આસ્વાદીએ :

**પગલું માડું છું અવકાશમાં,**
**જોઉં નીચે હરિવરનો હાથ**
**અજંપાની સદા સૂની શેરીએ**
**ગાતો આવે અદીઠો સંગાથ.**
**જાગીને જોઉં તો કોઈ નથી એકલું.**

**આ અધ્યાત્મ વિષયક કવિતાની વિશેષતા એ છે કે તેણે પરંપરાનો આદર કર્યો હોવા છતાં, તેનો પૂરો લાભ ઊઠાવ્યો હોવા છતાં પોતાની આગવી મુદ્રા પણ ઉપસાવી છે. સમગ્ર ગુજરાતી આધ્યાત્મિક કવિતાની આ એક લાક્ષણિક મુદ્રા છે**

ભગવાન શ્રીકૃષ્ણે 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા'ના સોળમા અધ્યાયના આરંભે દૈવી સંપત્તિનું વર્ણન કરતાં જે સદ્‌ગુણો દર્શાવ્યા છે તેમાં અગ્રેસર છે 'અભય' અર્થાત્ નિર્ભયતા. અનંતકોટિ બ્રહ્માંડમાં કરોડો-અબજો જીવો છે. પ્રત્યેક પ્રાણીને બીજાથી ભય રહે એ સ્વાભાવિક છે. આધ્યાત્મિક માર્ગે આગળ વધેલો મનુષ્ય, જેને પોતાના સાચા સ્વરૂપનું જ્ઞાન થયું છે, જેણે આત્માની અદ્વિતીય એકતા અનુભવી છે એ જ વાસ્તવમાં નિર્ભય થઈ શકે. જગતમાં પોતાના સિવાય બીજું કશું હોય જ નહીં તો પણ કોનાથી ડરે ? અથવા જે ભક્તને શ્રદ્ધા છે કે ભગવાન સર્વત્ર વિદ્યમાન છે તે નિર્ભય રહી શકે.

જ્ઞાની ભક્તકવિ પ્રથમ પંક્તિમાં કહે છે કે હું અવકાશમાં પગલું માડું છું. અંત આકાશમાં પગલું માંડનારને ક્યાંક પડી જવાનો, ડૂબી જવાનો ડર રહે. કવિને પણ એવો ડર હોય એ સ્વાભાવિક છે, પણ પગલું માંડ્યા પછી તે નીચે જુએ છે તો તેને હરિવરનો, ભગવાનનો હાથ જોવા મળે છે. નાના બાળકને પિતા લાડમાં ઊંચે ઉછાળે છે ત્યારે બાળક ડરતો નથી, કેમ કે તેને શ્રદ્ધા છે કે પિતાનો હાથ તેને નીચે પડવા નહીં દે. પરમેશ્વરને પરમ પિતા માનનારા ભક્તને પણ

એવી શ્રદ્ધા છે કે ભગવાન મને પડવા નહીં દે, મને ઊંચકી લેશે. ભક્તકવિને પણ ભગવાન પર શ્રદ્ધા છે, તેથી તેમના જીવનમાં જ્યારે પણ અજંપો આવે છે ત્યારે અદીઠો સંગાથ ગાતો ગાતો તેમની પાસે આવે છે. અજ્ઞાનની ઊંઘમાંથી જાગીને કવિ જ્યારે, જુએ છે ત્યારે તેમને પ્રતીતિ થાય છે કે જગતમાં કોઈ એકલું નથી. ભગવાન સહુની સાથે સદાય અંતર્યામી રૂપે રહેલો છે જ. માત્ર એને અનુભવવા માટે આળસ-અજ્ઞાનની ઊંઘમાંથી ઊઠવું પડે.

પરમતત્ત્વ-પરમાત્મા આકાશની જેમ, હવાની જેમ અરૂપ છે, તેથી તેને જોઈ શકાતો નથી, પણ પ્રયાસ કરવાથી અનુભવી શકાય છે તે માટે જ્ઞાન અને શ્રદ્ધા જરૂરી છે. શ્રદ્ધાવાનને જ જ્ઞાન થાય છે. આ ગીતમાં મરમી જ્ઞાન ભક્ત કવિ મકરંદ દવેએ જગતમાં દૃષ્ટિગોચર થતા દ્વૈતમાં અનુસ્યૂત અદ્વૈતની અનુભૂતિને સુપેરે અભિવ્યક્ત કરી છે. 'જાગીને જોઉં' તો કોઈ નથી એકલું એમ કહેનાર અનુગાંધીયુગના મકરંદ દવે એક જ કુળના કવિઓ છે એમ કહી શકાય.

**'ગોરજ'માં પ્રકૃતિ જીવંતરૂપ ધરીને આવે છે. પ્રકૃતિનાં અનેકરૂપો કવિએ અવનવી છટાથી ચિત્રિત કર્યાં છે. પૂર્ણિમાનું ગાન અનેક કવિઓએ કર્યું છે, પણ અમાસની તો બહુધા ઉપેક્ષા જ થઈ છે**

આધ્યાત્મિક કવિતા પછી મકરંદનું કવિત્વ ઝળક્યું છે. પ્રકૃતિવિષયક રચનાઓમાં 'સંજ્ઞા'માં પ્રકૃતિકવિતા અનુગાંધીયુગની પ્રકૃતિકવિતાથી કેટલીક બાબતોમાં જુદી પડે છે. જેને શુદ્ધ પ્રકૃતિ કવિતા કહેવાય તેવી કવિતા મકરંદમાં વિરલ છે. મુખ્યત્વે તો આધ્યાત્મિક ભાવને જ પ્રકૃતિના પટંતરે ગાવાનો કવિનો ઉપક્રમ જણાય છે. આમ છતાં આ કાવ્યોમાં કવિએ પ્રકૃતિનાં જે જીવંત ચિત્રો ઉપસાવ્યાં છે એ આસ્વાદ્ય છે.

'ગોરજ'માં પ્રકૃતિ જીવંતરૂપ ધરીને આવે છે. પ્રકૃતિનાં અનેકરૂપો કવિએ અવનવી છટાથી ચિત્રિત કર્યાં છે. પૂર્ણિમાનું ગાન અનેક કવિઓએ કર્યું છે, પણ અમાસની તો બહુધા ઉપેક્ષા જ થઈ છે. અમાસની રાત્રિનું અભિસારિકા તરીકેનું વર્ણન કદાચ ગુજરાતી કવિતામાં અનન્ય છે. 'વસંત-મધવાળી', 'ઝાકળ વરસી', 'કળાકાર વૈશાખી', 'પ્રથમ મેઘ', 'આભના વણઝારા', 'જુમલે પખાલી', 'મસ્ત મદારી' વગેરે કવિનાં ઋતુવિષયક જીવંત પ્રકૃતિકાવ્યો છે.

'સંજ્ઞા'માં બે જ પ્રકૃતિવિષયક કાવ્યો 'સિન્દૂર' અને 'લીમડાની મહેક' મળે છે. આ ખોટનું સાટું 'સંગતિ'ની વિપુલ પ્રકૃતિવિષયક રચનાઓ વાળી આપે છે. 'સંગતિ'માં લગભગ 'ગોરજ'નાં જેટલાં પ્રકૃતિકાવ્યો છે. જો કે આ કાવ્યોનું ભાવવિશ્વ 'ગોરજ'થી ઠીક ઠીક જુદું છે. 'નભ વરસે' તથા 'ધન્ય !'માં ભિન્ન ભિન્ન રીતે આકાશ અને પૃથ્વીનો પ્રેમ પ્રગટ થયો છે. બીજા કાવ્યનું પ્રેમક્રીડાનું વિશાળ રક્ત ધબકતું રૂપ આહ્‌લાદક છે. 'ભીનું અજવાળું' તથા 'ભીનો આલાપ' આપણને ભીંજવી દે તેવાં મધુર પ્રકૃતિગીતો છે. કવિ કલ્પનાના રમ્ય ઉન્મેષો આ રચનાઓમાં જોવા મળે છે. પ્રથમ કાવ્યમાં કવિએ ભીના અજવાળાને ઊંચા પહાડની ટોચે બેસેલ 'માખણનો પોચો પિંડ' કહ્યું છે તો બીજા કાવ્યમાં આકાશને પારેવું કલ્પ્યું છે. બીજા કાવ્યનું બૃહદ્ કલ્પન કવિની સર્ગશક્તિનો સંતર્પક પરિચય કરાવે છે. 'ગોરજ'ની કેટલીક પ્રકૃતિ-વિષયક રચનાઓની જેમ આ સંગ્રહની કેટલીક રચનાઓમાં પણ કવિએ આધ્યાત્મિક અર્થ વ્યંજિત રવા મથામણ કરી છે. 'મોટો ચાંદ', 'ભાંગી જશે ભયંકર રાત', 'શ્વેત ફૂલ ઝરે', 'સપનોનું વન', 'નીલમણિ' વગેરે કાવ્યોમાં કવિનું આવું વલણ જોઈ શકાય છે. આવો બેવડો લાભ મેળવવાનો લોભ કરવા જતાં એકંદરે કવિતાને નુકસાન થયું છે. 'સોનટાકાનું ફૂલ', 'ઘટાળાં વૃક્ષોમાં', 'અશ્વો' ઇત્યાદિ સૉનેટોમાં ચિંતનની માત્રા વધી જતી હોઈ પ્રકૃતિ ગૌણ બની જાય છે. આ સૉનેટો કરતાં 'દરિયાની હવા', 'વનમાં રે ટહુક્યા', 'ધાનનું ખેતર' વગેરે ગીતોમાં ભાવ આસ્વાદ્યતા ધારણ કરે છે.

ભક્તો, સંતો, ફકીરો વગેરેની ઊંડી અસર મકરંદે ઝીલી છે. આથી સંતોની બેફિકરાઈ અને ફકીરોનું અલગારીપણું તેમની અનેક રચનાઓમાં વ્યક્ત થાય છે. તેમના અનેક કાવ્યસંગ્રહોમાં આ પ્રકારની સંખ્યાબંધ રચનાઓ સાંપડે છે. 'ગોરજ'માં 'રાત અંધારઘેરી', 'દરવેશ !', 'મસ્તરંગી મરજીવા', 'ધૂળિયે મારગ', 'નરબંકા' ઇત્યાદિ કાવ્યોમાં કવિની ફકીરી ખુમારી જોવા મળે છે. 'રાત અંધારઘેરી'માં સર્વને પ્રકાશ મુબારક કરી કવિ પોતે અંધારની કામના કરે છે. અમાસોની જાહોજલાલી અને એકલી રંગવ્યાપીલી સંતોષ પામનાર કવિ જ પોતાના જેવા 'દરવેશ !'ને આપસલામતીની ગઠડીને આગ લગાવવાનું કહી શકે. આ ભાવ જરા જુદી રીતે, વધુ અસરકારક રીતે વ્યક્ત થાય છે 'ધૂળિયે મારગ' માં :

**કોણે કીધું ગરીબ છીએ ? કોણે કીધુ રાંક ?**
**કાં ભૂલી જા મન રે ભોળા ! આપણા જુદા આંક.**

(પૃ. ૯૮)

દુનિયાદારીમાં રચ્યાપચ્યા રહેતા લોકો સંતોને, ફકીરોને ગરીબ કે રાંક સમજતા હોય છે, પણ કવિ કહે છે કે એમના આંક જુદા હોય છે, એમનું ગણિત જુદું હોય છે. હા, એમની

પાસે સોના-ચાંદીના સિક્કા કે રૂપિયાની નોટો નથી, પરંતુ કવિ કહે છેઃ એમાં તો શું બગડી ગયું ? એમાં શી ખોટ થઈ ? નફો-નુકસાન, સફળતા-નિષ્ફળતાને માપવાના દુન્યવી લોકોના અને સંતો-ફકીરોના માપદંડો જુદા જુદા હોય છે. 'ફિકરોની ફાકી કરે એનું નામ ફકીર'. ફકીર પાસે બૅન્ક બેલેન્સ નથી હોતું. એને એની પરવા જ નથી હોતી. એ જાણે છે કે પૃથ્વી પરની મોટી મોટી બૅન્કો ક્યારે કાચી પડે, ઊઠી જાય એનું કંઈ કહેવાય નહીં. ફકીરો-સંતો સમજતા હોય છે કે ઉપરવાળી બૅન્ક માલંમાલ છે. ગમે તેવી મંદીમા, આર્થિક કટોકટીમાં પણ એ બૅન્ક કાચી પડતી નથી, નાદારી નોંધાવતી નથી. એ બૅન્કને લખેલી કોઈ નરસૈયાની હૂંડી ક્યારેય ફોક ગઈ નથી. એમાં શ્રદ્ધા રાખનારો ક્યારેય ભૂખ્યો સૂતો નથી. એ બૅન્કમાં શ્રદ્ધા રાખનારા બહારથી ભલે ગરીબ જેવા લાગતા હશે, પણ અંદરથી દિલથી તેઓ અમીર, દિલદાર હોય છે. ધૂળિયે મારગ ચાલનારા આ સાધુસંતો પાસે રહેવા માટે મહેલો કે બંગલા નથી, તેઓ તો ખુલ્લા ખેતરમાં ઝાડ નીચે કે ક્યાંક નીલા આભ નીચે રહેતા હોય છે, પણ જીવનને મબલખ માણતા હોય છે, મોજમાં-મસ્તીમાં રહેતા હોય છે.

**ઘર બાળ્યા વિના તીરથ ન થાય. ત્યાગ વિના તત્ત્વ-સત્ત્વ સાંપડે નહીં. જગતમાં ખરેખર પ્રાપ્ત કરવા જેવું એ જ છે. કવિ તો ઇંજન આપે છે, નિમંત્રે છે, પણ એ નિમંત્રણ સ્વીકારવાની કોની તૈયારી છે ?**

બીજી બાજુ, કવિ કહે છે તેમ, સોનાની સાંકડી ગલી છે. એમાં માણસો નથી રહેતા, પણ રૂપિયા-પૈસા માટે દોડદોડ કરનારાં ભૂત-પ્રેત જીવે છે. પૈસા માટે એકમેકનું માથું વાઢતાં પણ તેમને કશી તકલીફ થતી નથી. અફસોસ થતો નથી. પૈસા માટે મરતા-મારતા લોકોને મર્યા પછી પણ મુક્તિ મળતી નથી, તેથી તેઓ ભૂત-પ્રેત બની રઝળ્યા કરે છે. તેઓ મર્યા પછી જ પ્રેત બને છે એવું નથી, જીવે છે પણ પ્રેતની પેઠે જ. તેથી કવિ તેમને 'જીવતાં પ્રેત' કહે છે.

શ્રેય અને પ્રેયના બે માર્ગ દર્શાવ્યા પછી કવિ પોતે જે માર્ગ પસંદ કરે છે, અપનાવે છે એ માર્ગે ચાલવા અંતે આપણને આહ્‌વાન કરે છે છે, આમંત્રે છે, પરંતુ એ ધૂળિયા મારગે ચાલવું હશે તો રસ્તામાં આવતી નદીમાં નોટ ને સિક્કા (અર્થાત્ સોનું-રૂપું-સઘળી સંપત્તિ) પધરાવવાં પડશે. ઘર બાળ્યા વિના તીરથ ન થાય. ત્યાગ વિના તત્ત્વ-સત્ત્વ સાંપડે નહીં. જગતમાં ખરેખર પ્રાપ્ત કરવા જેવું એ જ છે. કવિ તો ઈંજન આપે છે, નિમંત્રે છે, પણ એ નિમંત્રણ સ્વીકારવાની કોની તૈયારી છે ?

'સંજ્ઞા'ની રચનાઓ- 'સ્હેલાણી સ્વર', 'ગમતાંનો કરીએ ગુલાલ', 'હૈયાની વાત', 'જય જિન્દગી', 'દિલાસો'મા પણ કવિનો વીરતાપૂર્ણ ખુમારીનો ભાવ-અલગારી ભાવ ડોકાય છે. સંગ્રહની પ્રથમ રચના 'સ્હેલાણી સ્વર'માં કવિ પ્રભુ પાસે શું માગે છે ?

**જિંદગીભર જીવતું આલા જિગર આપો મને,**
**મુફલિસીમાં મ્હેકતું મગરૂર સર આપો મને. (પૃ.૯)**

આ છે કવિનો મિજાજ. તેમણે ફાગણની ફરેબી નથી જોઈતી, પાનખર જોઈએ છે. કવિ વ્યક્તિત્વનું ખમીર આ રચનામાં અનુભવી શકાય છે. જે કવિનું વ્યક્તિત્વ આવું અલગારી હોય તે જ આપણને કહી શકે ને ? 'ગમતું મળે તો અલ્યા, ગુંજે ન ભરીએ ને ગમતાનો કરીએ ગુલાલ.' (પૃ. ૩૩)

'સંગતિ'માં 'સાદ પડે ત્યારે', 'મને ગતિ ગમે', 'આટલું રાખે', 'ખુશખુશાલી', 'તોફાન', 'સઘન વ્યથા' વગેરે રચનાઓમાં મસ્તીનો, ખુમારીનો ભાવ વ્યક્ત થયો છે. આ રચનાઓમાં અભિવ્યક્તિની પ્રૌઢતા અનુભવાય છે. 'મને ગતિ ગમે' સૉનેટમાં કવિએ અનિકેત બની બિનહેતુ અથાક ગતિ કરવાની અભિલાષા પ્રદર્શિત કરી છે. 'આટલું રાખે યાદ'માં કવિ હિંમતનો સંદેશ આપતાં જણાવે છે કે હજાર હજાર હાર પણ પ્રાણને હરાવી શકતી નથી. અહીં 'The Old man and the Sea'માં અનેર્સ્ટ હેમિંગ્વેએ કરેલી વાત - 'Man can be destroyed, but not defeated'યાદ આવે છે. આ પ્રતીતિ આત્મસાત્ કરેલો કવિ જ છાતી ઠોકીને કહી શકે :

**અમે ખાખ થઈને દટાશું, ધરા પણ**
**તને આપશું ખેલતી ખુશખુશાલી. (પૃ. ૬૪)**

આધ્યાત્મિક પ્રકૃતિના, ફકીરી ભાવ ધરાવનાર કવિ વાસ્તવની ઉપેક્ષા નથી કરતા. કવિએ જીવનની ક્રૂર વાસ્તવિકતાનું નિરૂપણ થોડાંક કાવ્યોમાં કર્યું છે. ઉપર્યુક્ત ત્રણે સંગ્રહોમાં આવી રચનાઓ મળે છે. 'સંજ્ઞા'માં તેનું પ્રમાણ વધુ છે. 'ગોરજ'માં આ પ્રકારની એક જ રચના મળે છે. 'અમારી જિંદગી.'

'સંજ્ઞા'ની વાસ્તવપ્રધાન રચનાઓને બે-ત્રણ વિભાગમાં વહેંચી શકાય તેમ છે. કેટલીક રચનાઓ કુટુંબજીવનના વાસ્તવને સ્પર્શે છે. 'વહુનું વાસીદું', 'સુધાની માંદગી', 'જા, સુમિત્રા !', 'હેત', 'ગીજિયાંનનાં વેણ' વગેરે આ વર્ગની રચનાઓ છે. સંયુક્ત કુટુંબમાં નાની વહુની કેવી દયનીય દશા છે તેને 'વહુનું વાસીદું' લોકગીત જેવી બળકટતાથી વ્યક્ત કરે છે. બીજા વિભાગની રચનાનો સમાજજીવનના વાસ્તવને

સ્પર્શે છે. 'ગાય માતા'માં હાડપિંજર જેવી દુબળી ગાયનું વર્ણન કરી તેના પ્રત્યે ભક્તિભાવ પ્રગટ કરતા હિન્દુમાનસ પર વ્યંગ કર્યો છે. પ્રિયકાન્ત મણિયારનું કાવ્ય 'એક ગાય' (પ્રતીક) અહીં યાદ આવશે. પ્રિયકાન્તની રચનામાં યથાર્થ છે. આ રચનામાં પણ યથાર્થ છે. પ્રિયકાન્ત નિરૂપણ કરી ખસી ગયો છે, મકરંદ થોડા ઉગ્ર બની કટાક્ષ કરી લે છે. પ્રિયકાન્તની રચનામાં જે પ્રતીકાત્મકતા અને કલાત્મકતા સિદ્ધ થયાં છે તે મકરંદની આ રચનામાં સિદ્ધ થઈ શક્યાં નથી. 'જનતા-જનાર્દન', 'ઠંડીરાતનું ગાણું'માં સમાજનું યથાર્થ દર્શન કરાવી કવિ 'કડવી વાણી'ના સુન્દરમ્‌ની જેમ થોડાક ચાબખા લગાવી લે છે. આ પ્રકારની રચનાઓમાં 'સામાન્યજની શોધમાં'નામક કૃતિ ઉલ્લેખનીય છે. એ કૃતિમાં કવિએ સામાન્યજનના જીવનની વિષમતા વ્યક્ત કરી અંતે એ વિષમતા દૂર કરવી ઇચ્છા દર્શાવી છે.

'સંગતિ'ની રચનાઓ- 'સાદડી વણનારીનું ગીત', 'ઈંડાનું મંથન', 'મહાપુરુષ એ બધા', 'હાડપિંજર', 'રાહુનો પરાભવ', 'ફૂંક' વગેરે-જીવનના ભિન્ન ભિન્ન ક્ષેત્રના વાસ્તવને અવનવી રીતે વ્યક્ત કરે છે.

પ્રકીર્ણ કાવ્યોમાં પહેલાં અવલોકીએ પ્રસંગલક્ષી કાવ્યો. 'ગોરજ'માં 'કળાકારને માનપત્ર', 'મુદ્દામાલ', 'શેઠાણીની નિરાધારી', 'જનાજો' વગેરે પ્રકારની રચનાઓ છે. પ્રથમ બે રચનાઓમાં ધારદાર વ્યંગ કટાક્ષ છે તો 'મુદ્દામાલ'માં કરુણમિશ્રિત વક્રતા છે. 'સંગતિ'માં 'બુદ્ધનું ગૃહાગમન', 'શિકાર શિવનો', 'લછિમા દેવીનું વિષપાન', 'સીતાની સુવર્ણપ્રતિમા' વગેરે પ્રસંગાત્મક સૉનેટો પ્રાપ્ત થાય છે. આ સૉનેટોમાં પૌરાણક પ્રસંગ નિરૂપી તે દ્વારા કવિએ પોતાને અભિમત રહસ્ય પ્રગટાવ્યું છે. છેલ્લા આવતા દીર્ઘકાવ્ય 'સંગતિ'ને પણ પ્રસંગકાવ્ય કહી શકાય. જો કે તેમાં કોઈ એક જ પ્રસંગનું નિરૂપણ નથી, કવિ કાલિદાસના જીવનના કેટલાક પ્રસંગોનું આલેખન થયું છે.

'સંજ્ઞા'ની પ્રકીર્ણ રચનાઓમાં એક નોંધપાત્ર ચિંતનપ્રવણ કાવ્ય છે 'ચણીબોર'. કાવ્યમાં કવિએ કાળ જેવા અમૂર્ત તત્ત્વને મૂર્તરૂપ આપ્યું છે : 'કાળની કાંટાળીએ લાગ્યાં ક્ષણનાં ચણીબોર' (પૃ. ૬૯). અહીં રૂપક અલંકાર યોજી કવિએ કાળ અને ક્ષણને સ્પર્શક્ષમ બનાવ્યાં છે. 'સંગતિ'ના કાવ્ય 'મધપૂડાનું છિદ્ર'માં કવિ ઉત્પ્રેક્ષા પ્રયોજી ક્ષણને મધપૂડાના છિદ્ર તરીકે ઓળખાવે છે. આ સંગ્રહનું પ્રથમ કાવ્ય 'શબ્દની શોધ' કવિની શબ્દ માટેની શોધને પ્રતીકાત્મક રીતે વ્યંજિત કરે છે. 'મુંબઈમાં' નગરજીવનની અદ્યતન સંવેદનાને ગાતી કવિની લાક્ષણિક કૃતિ છે. નગરજનોની બેચેની કવિએ રૂપકાત્મક રીતે દર્શાવી છે.

કવિએ મુક્તક, સૉનેટ, દીર્ઘકાવ્ય વગેરે કાવ્યસ્વરૂપો અજમાવ્યાં છે. પ્રજારામની જેમ મકરંદે પણ મુક્તકો મોટી સંખ્યામાં લખ્યાં છે. એક નમૂનેદાર મુક્તક માણીએ :


મોતનો છે કોળિયો આ જિન્દગી,
ક્યાં લગી ? - રહેશે સલામત ક્યાં લગી ? ('ગોરજ', પૃ. ૮૧)

અનેક કવિઓએ સ્પર્શેલા વિષયને મકરંદ દવે નવીનતાથી અને વિચારોત્તેજક રીતે વ્યક્ત કરે છે ! તેમનાં મોટાભાગનાં મુક્તકો અભિવ્યક્તિની તાજગીથી આસ્વાદ્ય બન્યાં છે. ગીત-સૉનેટમાં પણ કવિની સિદ્ધિ નોંધપાત્ર છે.

**અનેક કવિઓએ સ્પર્શેલા વિષયને મકરંદ દવે નવીનતાથી અને વિચારોત્તેજક રીતે વ્યક્ત કરે છે ! તેમનાં મોટાભાગનાં મુક્તકો અભિવ્યક્તિની તાજગીથી આસ્વાદ્ય બન્યાં છે**

મકરંદમાં અન્ય કવિઓની તુલનામાં વિષયવસ્તુનું વૈવિધ્ય ઓછું છે. ખાસ કરીને પ્રણયભાવો, કૌટુંબિક ભાવો તેમની અભિવ્યક્તિની બળકટતા જેટલી સઘનતા, ગહનતા સર્વત્ર અનુભવાતી નથી. ખાસ કરીને દીર્ઘરચનાઓ શિથિલ પડી છે. તેમ છતાં આધ્યાત્મિક અભિગમવાળી તળપદી શૈલીની તાજગીદાર કૃતિઓ તેમનું યશસ્વી પ્રદાન છે. રાજેન્દ્ર-નિરંજન યુગની કવિતામાં આધ્યાત્મિક ધારાના સફળ કવિઓમાં પ્રજારામની સાથે મકરંદનું પણ ગૌરવવંતુ સ્થાન સુનિશ્ચિત છે. મકરંદની મસ્ત, અલગારી ચેતનાને શતાબ્દી ટાણે અભિવંદના.

*૧૦, શુકન વિલાઝ, બકેરી સિટી, ટાગોર માર્ગ,*
*વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧*
*મો. ૯૯૨૫૧૫૯૭૫૧*



# ॐ (પ્રણવ)ની ઉપાસના

- પરમાનંદ ગાંધી

**ओ**मिति ब्रह्म ओमितीदँ सर्वम्। (तैत्तिरीअ ઉપ. ૧-૮-૧)

ॐ પ્રણવ એ જ બ્રહ્મ છે; ૐકાર એ જ સંપૂર્ણ જગત છે. પરબ્રહ્મનું પ્રતીક ॐ (પ્રણવ) છે.

માનવીના મનમાં ભાવના જાગી. સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ લય કરનાર એ વિશ્વનિર્માતાનાં દર્શન કરું. પણ તે થાય કઈ રીતે ?

તો તે માટેની સમજ કાંઈક આવી છે. 'સૃષ્ટિ રચનાની પહેલાં સૃષ્ટિની ઉત્પત્તિ નિમિત્તે ઈશ્વરે ઈચ્છા કરી. તો એક શબ્દ ગુંજતો બહાર આવ્યો. બે શબ્દ સાંભળી સિદ્ધ ઋષિમુનિઓએ ઉચ્ચાર કર્યો. તે ઉચ્ચાર મંત્ર ॐ બન્યો.' તેથી તો ऋषयो मंत्र द्दष्टारः ઋષિઓ મંત્રદષ્ટા કહેવાય છે.

એ ॐ શબ્દમાંથી જ આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી એ પાંચ તત્ત્વોમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ. તેથી જે કાંઈ બધું થયું છે, તે ૐરૂપ જ છે. એ ઈશ્વરનું પહેલું નામ છે. ૐકારમાં પરબ્રહ્મનું વર્ણન કરતી માનવીમનની અભિવ્યક્તિ છે.

વ્યવહારમાં જેમ સગુણ ભગવાન શિવ, વિષ્ણુ, રામકૃષ્ણ ઇત્યાદિ દ્વારા વ્યક્ત થાય છે. તેમ નિર્ગુણ પરમાત્માના પરમ સ્વરૂપનું નામરૂપ સંજ્ઞાથી વ્યક્ત થાય છે, અને તે પરબ્રહ્મનું દ્યોતક ॐ છે. ૐકાર એ જ સર્વસ્વ છે. તેને પ્રણવ પણ કહે છે.

પ્ર એટલે પ્રપંચઃ ન એટલે નથી, વ એટલે તમને.

અર્થાત્, પ્રણવનો જપ કરનારને સંસારનું બંધન નથી.

પ્રણવનો બીજો અર્થ - प्रकर्षेण वः नयेत् इति प्रणव - જે ઉત્કૃષ્ટ રીતે મોક્ષ તરફ લઈ જાય છે. (મહારુદ્રપુરાણ-૧૦/૧-૨)

**પરબ્રહ્મનું સ્તવન :**

ગાવા માટે વિશ્વનું બધું ગદ્યાત્મક અને પદ્યાત્મક લખાણ ઓછું પડે છે - તે અપૂરતું છે. શબ્દો પણ જ્યાં પાછા પડે છે ત્યાં માત્ર સાડા ત્રણ માત્રાથી એટલે કે ૐકાર દ્વારા પ્રરબ્રહ્મ વ્યક્ત થાય છે. ૐકારમાં પહેલી માત્રા 'अ' કાર છે. બીજી માત્રા 'उ' કાર અને ત્રીજી માત્રા 'म'કાર છે. અને ઉપરની અડધી માત્રાએ મળીને ॐ થયો છે.

વૈખરી વાણીનો પ્રથમોચ્ચાર ॐ જ છે. તેને જ વ્યષ્ટિ ઈત્યાદિ સર્વે ચરાચર જગતના આદિરૂપ ગણવામાં આવે છે.

**ૐની ત્રણ માત્રાઓ :**

ૐકારની પ્રત્યેક માત્રા વિભિન્ન ક્ષેત્રમાં જુદું જુદું સૂચન કરે છે. જ્યારે સૃષ્ટિની વ્યાપકતાનો વિચાર કરીએ એટલે કે બ્રહ્માંડનો વિચાર કરીએ તો 'अ'કાર એ પહેલી માત્રામાં વ્યાપક પૃથ્વી છે. 'उं'કારમાં અંતરિક્ષ અને 'मं'કારમાં દેવલોક વ્યાપ્ત છે.

સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો વિચાર કરીશું તો 'अ'કાર ઉત્પત્તિસૂચક છે. 'उं'કાર સ્થિતિસૂચક છે અને 'मं'કાર લયનો સૂચક છે. ૐકારમાં 'अ' ઉપર ભાર મૂકીએ તો આધિભૌતિક ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. 'उं'કાર ઉપરનો ભાર આધિદૈવિક સામર્થ્યનું સૂચક છે. અને ત્રીજી માત્રા 'मं'કાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો તે બ્રહ્મના સાક્ષાત્કારમાં સહાયભૂત થાય છે. તે દ્વારા જીવનની સાર્થકતા સધાય છે. જીવન અમૃતમયી બને છે.

**ૐકારની પ્રત્યેક માત્રા વિભિન્ન ક્ષેત્રમાં જુદું જુદું સૂચન કરે છે. જ્યારે સૃષ્ટિની વ્યાપકતાનો વિચાર કરીએ એટલે કે બ્રહ્માંડનો વિચાર કરીએ તો 'अ'કાર એ પહેલી માત્રામાં વ્યાપક પૃથ્વી છે. 'उं'કારમાં અંતરિક્ષ અને 'मं'કારમાં દેવલોક વ્યાપ્ત છે**

આ ત્રણે માત્રાઓ માનવીશક્તિનું પ્રતીક છે. ઈન્દ્રિય, મન અને બુદ્ધિથી થતાં ત્રણે પ્રકારનાં કર્મોને ૐકાર પ્રભાવી અને તેજસ્વી બનાવે છે. અર્થાત્ માનવે તેનો આંતર-બાહ્ય યોગ્ય રીતે વિનિયોગ કરવો જોઈએ.

છેલ્લે રહી અડધી માત્રા - એ આગળની ત્રણે માત્રા 'अ'કાર, 'उं'કાર અને'मं'કારના સહયોગની સૂચક છે. ભગવદ્ ભાવનાથી પુલકિત થયેલી સહિષ્ણુતાની તેજસ્વી માત્રા, પાપપુણ્યથી અલિપ્ત આત્માનું પ્રતીક છે.

પ્રશ્નોપનિષદે ૐકારની ત્રણ માત્રાની અભિવ્યક્તિ નીચેના મંત્ર દ્વારા કરી છે.

ऋग्मिरतं यजुर्मिरन्तरिक्षं
सामभिर्यत् त-कवयो वेदयन्ते ।



तमोङ्गारेणऐवायतेनान्वन्ति विद्वान्
यत्तच्छान्तमजरममृतमभयं परचेती ॥
प्रश्नोपनिषद (૫/૭)

આ મંત્રમાં બ્રાહ્મણ-ગ્રન્થનાં વાક્યોમાં કહેલી વાતનું સમર્થન કર્યું છે. એના ભાવ એ છે કે એક માત્રા અર્થાત્, અંગનું લક્ષ્ય બનાવી ઉપાસના કરવાવાળા સાધકને 'ઋગ્વેદની ઋચાઓ મનુષ્યલોકમાં પહોંચાડી દે છે. બે માત્રાની ઉપાસના કરનારાને, અર્થાત્, જગતના ઊંચામાં ઊંચા સ્વર્ગીય ઐશ્વર્ય લક્ષ્ય બનાવી ઉપાસના કરનારાને યજુર્વેદના મંત્ર ચંદ્રલોકમાં લઈ જાય છે. અને ત્યાં પરિપૂર્ણ તેમના આત્વસ્વરૂપ પરમેશ્વરની ઓંકારથી ઉપાસના કરે છે. તેને સામવેદનો મંત્ર, જેને જ્ઞાનીજણ જાણે છે તેને બ્રહ્મલોકમાં પહોંચાડે છે.

સંપૂર્ણ રહસ્ય જાણનારા બુદ્ધિમાન પુરુષ બાહ્ય જગતમાં આસક્ત ન થતાં ઓંકારની ઉપાસના દ્વારા સમસ્ત જગતના આત્મસ્વરૂપ તે પરબ્રહ્મ પરમાત્માને પામે છે, કે જે પરમશાંત-બધા વિકારોથી રહિત છે. જ્યાં ઘડપણ નથી, ભય નથી; જે અજરઅમર, નિર્ભય સર્વશ્રેષ્ઠ પુરુષોત્તમ છે.

**ૐનો મહિમા :**

માંડૂક્ય ઉપનિષદ અનુસાર

ओमित्येतदक्षरमिदँ सर्वं तस्योपव्याख्यानं भूतं भवद्‌भविष्यदिति सर्वमोङ्कार एवा यच्चान्यत् त्रिकालातीतं तदप्योङ्कार एव ।।२।।
(मा.उप. १/९)

બ્રહ્મ છે, જે થયું છે, જે થવાનું છે, તથા જે કલ્પનાતીત. આ બધું જ, સર્વ જગત ઓંકાર જ છે. ઉપર જણાવ્યા મુજબ ત્રણે કાળો (ભૂત, વર્તમાન અને ભવિષ્ય)થી ઉપર બીજું કોઈ તત્ત્વ છે, તે પણ ઓંકાર જ છે. આ વિશ્વમાં કેટલાક પદાર્થો આંખથી દેખાય છે, કેટલાક પદાર્થો અન્ય ઇંદ્રિયોથી જાણવામાં આવે છે, કેટલાક સ્થૂલ છે, કેટલાક સૂક્ષ્મ છે, એ ઓંકાર છે. અને ઓંકારથી વિશ્વ જાણવામાં આવે છે. 'ओं'કારનો અર્થ પરબ્રહ્મ, બ્રહ્મ, પરમાત્મા, શુદ્ધ બ્રહ્મ, સબળ બ્રહ્મ તથા આખું જડજેતન વિશ્વ, જે જાણવામાં આવે છે તે બધું જ ઓંકાર છે.

છાંદોગ્ય ઉપનિષદમાં પણ ઓમનો મહિમા સમજાવ્યો છે.

ओमित्येतदक्षरमुद्गीयामुपासीत ।
ओमिति ह्युदायति तस्योपव्याख्यानम् ॥ (છાં.ઉપ.૧-૧-૧)

ઓમ્ અને ઉદ્ગીય અક્ષર એક જ છે.

उत्નો અર્થ શ્રેષ્ઠ, गीः એટલે જે ગાઈ શકાય છે અને व्यय એટલે સ્થાન. મતલબ, જે સ્થાન બધાથી શ્રેષ્ઠ અને વેદો દ્વારા ગવાય છે, તે ૐ છે તેથી તેનું ધ્યાન કરવું જોઈએ.

**આ વિશ્વમાં કેટલાક પદાર્થો આંખથી દેખાય છે, કેટલાક પદાર્થો અન્ય ઇંદ્રિયોથી જાણવામાં આવે છે, કેટલાક સ્થૂલ છે, કેટલાક સૂક્ષ્મ છે, એ ઓંકાર છે. અને ઓંકારથી વિશ્વ જાણવામાં આવે છે**

अक्षर એટલે કે ૐ અવિનાશી છે, કેટલાક अक्षर એટલે નેત્ર ઇત્યાદિ અને र એટલે રહેનારો - એટલે કે ઇન્દ્રિયોમાં રહેનારો - ઈશ્વર છે તે ૐ છે.

'શ્રીમદ્ ભગવદ્‌ગીતા'માં પણ ૐનું મહત્ત્વ સમજાવ્યું છે.

ॐ इत्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥ (ગી. ૮/૧૩)

પરમાત્માસંબંધી યોગધારણામાં સ્થિત થઈને જયારે માણસ ૐ એ એક અક્ષરસ્વરૂપ બ્રહ્મને ઉચ્ચારતો અને તેના અર્થસ્વરૂપ મુજ નિર્ગુણ બ્રહ્મનું ચિંતન કરતો શરીર છોડીને જાય છે, એ માણસ પરમગતિને પામે છે.

ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ॥ (ગી. ૧૭/૨૩)

ૐ, તત, સત્-એમ આ ત્રણ પ્રકારનું સચ્ચિદાનંદઘન બ્રહ્મનું નામ કહેવાયું છે, એ બ્રહ્મથી જ સૃષ્ટિના આરંભે બ્રાહ્મણો, વેદો તથા યજ્ઞ રચાયાં.

તદ્દુપરાંત કઠોપનિષદ (૨-૧૫) પ્રશ્નોપનિષદ (બૃહ.ઉપ.૨-૩-૧) મૈત્રાયિણી તથા અન્ય શાસ્ત્રો મુજબ ૐનું મહત્ત્વ અદ્વિતીય છે.

એક નોંધપોથીમાં ૐ માટે અતિ માર્મિક લખાણ છે.

ज्ञानविज्ञानवृक्षस्य सुगन्धि कुसुमं शुभम् ।
ज्योतिषामपि यज्जोतिमृतं भोज्यमात्मनः ॥
नाना संतापतप्तानां यच्चाप्यौषधमुत्तमम् ।
पापौघं भस्मसात् कर्तु ब्रह्मास्त्रम् ब्रह्मवादिनाम ॥

'ઓંકાર એ જ્ઞાન-વિજ્ઞાનરૂપી વૃક્ષનું સુગંધિત પુષ્પ છે. અર્થાત્, જેમ એકાદ બીજ અંકુરિત થતાં છોડ થાય, અને તેને સુગંધિત પુષ્પ આવે તે રીતે જ્ઞાનવિજ્ઞાનનો અંતિમ નિચોડ કાં તો, પરમધ્યેય ૐ છે. ૐકાર જ આત્માનો અમૃતમય ભોમ્ય છે. મતલબ, મનુષ્યમાં પોતાને પૂર્ણ બનાવવાની જે ભૂખ છે તેની કાયમની તૃપ્તિ ૐકારથી જ થઈ શકે છે !'

અનેક પ્રકારે સંતપ્ત માનવ માટે ૐકાર જ સર્વોત્તમ ઔષધ છે. મનુષ્યની અંદર જે પાપરાશિ ભરી પડી છે તેને આમૂલ બાળીને ભસ્મ કરવા માટે બ્રહ્મજ્ઞાની ૐકારને અત્યંત શક્તિશાળી બ્રહ્માસ્ત્ર માને છે.

**પ્રણવની વ્યુત્પત્તિ :**

ૐકારને પ્રણવ પણ કહે છે. 'ભોજવૃત્તિ'માં પ્રણવની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. प्रकर्षेण नयते स्तुयते अनेन इति - જે વડે ઉત્તમ સ્તુતિ કરી શકાય છે તે પ્રણવ. प्रकर्षेण यः नयेत् इति प्रणव - જે ઉત્કૃષ્ટ રીતે મોક્ષ તરફ દોરી જાય છે તે પ્રણવ.

'લિંગપુરાણ'માં પ્રણવનું વર્ણન કરતું લખાણ છે -

प्रणवो वाचकस्तस्य शिवस्य परमात्मनः ।

शिवरुद्रादिशब्दानाम् प्रणवो हि परः स्मृतः ॥

'પરમ પરમાત્માનો વાચક, શિવ, રુદ્ર વગેરે સર્વમ્પના અંગભૂત અંગોમાં પ્રણવ સૌથી શ્રેષ્ઠ છે.'

प्रणवो धनुःशरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते ।

अप्रमत्तेन वेध्धव्यं शरवत्तन्मयो भवेत् ॥ (मु. उप. द्वितीय खंड-४)

''પરમેશ્વરનો વાચક પ્રણવ (ઓંકાર) જ છે જાણે કે તે ધનુષ છે, આ જીવાત્મા જ બાણ છે અને પરબ્રહ્મ પરમેશ્વર જ તેનું લક્ષ્ય છે. તત્પરતાથી તેની ઉપાસના કરનારા પ્રમાદરહિત સાધક દ્વારા જ તે લક્ષ્ય વેધી શકાય છે. એટલા માટે ઉપર કહેલી રીત પ્રમાણે તે લક્ષ્યને વેધી બાણની જેમ તેમાં તન્મય થવું જોઈએ.''

મૈત્રાયિણી ઉપનિષદમાં પ્રણવને બ્રહ્મનું શરીર કહ્યું છે અને તે દ્વારા બ્રહ્મરસનો બોધ થાય છે. પ્રણવ એ રસોમાં રસતમ શ્રેષ્ઠ છે. પ્રણવ એ જ સાર વસ્તુ તથા પરમાત્માનું સર્વોત્કૃષ્ઠ પ્રતીક છે.

**સર્વનું પ્રતીક ૐ :**

ટૂંકમાં, ૐકાર-પ્રણવ શાનું પ્રતીક નથી ? સમગ્ર વિશ્વ ૐમાં છવાઈ ગયું છે, એટલું જ નહીં, તો ઓમ્ એ અનુમતિ સૂચક પ્રતીક છે. તે હકારનું પ્રતીક છે. ઘણી વખતે આપણને થાય કે ભગવાન છે કે નહીં ? તો તેનો જવાબ ૐ છે. એટલે કે તે છે. બ્રહ્મની અનુભૂતિ લઈ શકાય છે ? તેનો જવાબ ૐ આપે છે. અલબત્ત હા- અનુભૂતિ લઈ શકાય છે. નિરાશ થયેલાને આશ્વાસન આપે છે. તે બ્રહ્મની અનુભૂતિ લઈ શકશે. અર્થાત્, તે માટે ધૈર્ય અને તપશ્ચર્યાની જરૂર છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે. તેમ बहूनां जन्मनामन्ते । (भ.गी. ७/१९)

આશાવાદ અને નિરાશાવાદ વચ્ચે સમતુલા જાળવવાનું, આ મહાન પ્રતીક સમજાવે છે. અને આવી સમતુલા જાળવનાર જ ૐની ઉપાસના માટેનો યોગ્ય અધિકારી છે. જેણે જીવનના દરેક દ્વન્દ્વમાં સંઘર્ષમાં સમતુલા જાળવવાનું શિક્ષણ લીધું નથી, જેની વૃત્તિ અનાસક્ત થઈ નથી, વૈરાગ્યમય બની નથી, તે ૐકારની ઉપાસના કરવા કઈ રીતે સમર્થ થાય ?

નિસ્તેજ, ભોગો સામે લાચાર થયેલા આસક્તિથી સંસારને વળગી રહેલા જીવોને મૌક્તિક રસાયણ કેમ પચે ? એટલે બ્રહ્મનું તેજ પચાવી ન શકનાર સામાન્ય માણસો માટે કેવળ ૐકારનો જાપ ન કરતાં હરિૐ, ૐ નમઃ શિવાય અથવા તો ૐ નમો ભગવતે વાસુદેવાય વગેરેની સગુણ સાકારની ઉપાસના સમજાવી છે. જ્યાં સુધી પૂર્ણ વૈરાગ્ય નિર્માણ થયો ન હોય ત્યાં સુધી ૐનો જાપ કરવાના આ અધિકારી નથી. તેથી એક કાળે કેવળ સાચા અર્થમાં સંન્યાસી થયેલા લોકો જ ૐનો જાપ કરતા.

**ૐની ઉપાસના :**

ૐના ઉપાસક પાસેથી વિશિષ્ટ જીવનધારા અપેક્ષિત છે. 'अ'કાર, 'उं'કાર અને'मं'કારથી અનુક્રમે વ્યક્ત થતાં મન, વાણી અને પ્રાણ એ ત્રણેત્રણ ૐકારના ઉપાસકે આત્મામાં સમર્પિત કર્યા હોવા જોઈએ તો જ તે ૐનો સાચો ઉપાસક કહેવાય.

હળવે હળવે જીવન-વિકાસની પરમોચ્ચ સ્થિતિ તરફ તેનું લક્ષ કેન્દ્રિત થયેલું હોવું જોઈએ. તેનું જીવન, તેના પ્રાણ પ્રભુકાર્ય માટે જ હોય છે. તેની વાણી પ્રભુકીર્તન માટે અને તેનું મન પ્રભુમાં તદરૂપ થયું હોય છે. આવી દૃષ્ટિ કેળવાય તો પ્રભુ સાથે ઐક્ય થાય, એકાત્મભાવનો અનુભવ થાય.

**ૐના ઉપાસક પાસેથી વિશિષ્ટ જીવનધારા અપેક્ષિત છે. 'अ' કાર, 'उं' કાર અને 'मं'કારથી અનુક્રમે વ્યક્ત થતાં મન, વાણી અને પ્રાણ એ ત્રણેત્રણ ૐકારના ઉપાસકે આત્મામાં સમર્પિત કર્યા હોવા જોઈએ તો જ તે ૐનો સાચો ઉપાસક કહેવાય**

'મુંડકોપનિષદ'માં ૐની ઉપાસના માટે સૂચન કર્યું છે.

'સર્વાન્તરયામીનું ધ્યાન ઓંકારમાં' 'अ-उ-म' આ ત્રણ અક્ષરો જાગૃતિ, સ્વપ્ન અને સુષુપ્તિના દર્શક છે. એ સંપૂર્ણ જીવનનું દર્શન કરે છે. વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને લયના આ ત્રણ અક્ષરો દર્શક છે. આત્મનું ધ્યાન એકત્વની અનુભૂતિથી થવું જોઈએ. બધું જ ઓંકાર છે એવા એકાત્મ ભાવથી ઉપાસના થવી જોઈએ.

અંતમાં પ્રચલિત 'ૐકારબિંદુ સંયુક્ત' નિત્યંધ્યાયન્તિ યોજિતઃ જ્ઞાનદા મોક્ષદા ચૈવ ૐકારણ નમો નમઃ !' નમોની ઉપાસના શાંતિની અનુભૂતિ કરાવશે.

*૧૦૦૯-બી, કલાસાગર રત્નમણિ કોમ્પલેક્સ પાછળ,*
*જોધપુર ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૧૫*
*મો. ૯૩૨૮૩૦૪૪૦૯*






**લવાજમ : કોઇપણ કોમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે**

**માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિધ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક**

**શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ**

**રાજ્યભરમાં રોજગારવાંચ્છુઓ માટેનું વિશ્વસનીય સાપ્તાહિક**

**રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન.**

**વાર્ષિક લવાજમ માત્ર ₹ 30/-**

**રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર**

# અમદાવાદના ઘડવૈયા


- *ડૉ. માણેક પટેલ 'સેતુ'*


**અ**મદાવાદની સ્થાપનામાં આશાભીલ ઠાકોર, કર્ણદેવ સોલંકી અને સુલતાન અહમદશાહનાં નામ સંકળાયેલાં છે. સલ્તનત, મુઘલ અને મરાઠા શાસનકાળમાં વાવ, તળાવ, કોટ(શહેરની દીવાલ) અને ધાર્મિક સ્થાપત્યો જેવાં બાંધકામો થયાં. અંગ્રેજ શાસનમાં મિલઉદ્યોગ શરૂ થતાં શહેરની વિકાસગાથા શરૂ થઈ. એલિસબ્રિજ, રેલવે, પ્રેમ દરવાજા, પાંચ કૂવા દરવાજા, ભદ્ર ક્લૉક ટાવર, વિક્ટોરિયા ગાર્ડન, ફર્નાન્ડિઝ બ્રિજ, ટેલિફોન એક્સચેન્જ, વીજળી, શાળા-કોલેજો, શહેરનો સર્વે જેવાં પ્રજાકીય કામો થયાં, જેથી લોકોમાં જાગૃતિ આવી અને અંગ્રેજ શાસનમાં એક થયા. આ ખૂબ નોંધપાત્ર મહત્ત્વની વાત છે.


વર્ષ ૧૮૩૧માં અંગ્રેજ અધિકારી બોરેડેલે શહેરનો કોટ સમારવા 'ટાઉન વોલફંડ કમિટી' બનાવી હતી. નગરસેવાનો ભાર નગરજનોએ પોતાને શિરે ઉપાડી લે એવી જાતની સ્વયંભૂ પ્રેરણાથી રચાયેલી ભારત દેશની પ્રથમ 'અમદાવાદ સુધરાઈ' કહી શકાય ! અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો જન્મ તેમાંથી થયો. તેના પ્રમુખ કે મેયરની દીર્ઘદૃષ્ટિ અને શ્રેષ્ઠીઓના સહયોગ અને યોગદાનથી આ શહેરનું ઘડતર થયું છે.


એક અંગ્રેજ સરકારી અધિકારી, આસિસ્ટન્ટ જજ તરીકે એલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સ (૧૮૨૧-૧૮૬૫) અમદાવાદમાં હતા. એમણે ગુજરાતી ભાષાના વિકાસ માટે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી હતી. જે હાલમાં 'ગુજરાત વિદ્યાસભા' નામથી કાર્યરત છે. તેઓ 'ફાર્બસ સાહેબ' તરીકે ખૂબ જાણીતા હતા. તેમણે સમાજ સુધારક-કવિ દલપતરામને વઢવાણથી બોલાવીને અમદાવાદમાં સ્થાયી કર્યા હતા.


**એક અંગ્રેજ સરકારી અધિકારી, આસિસ્ટન્ટ જજ તરીકે એલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સ (૧૮૨૧-૧૮૬૫) અમદાવાદમાં હતા. એમણે ગુજરાતી ભાષાના વિકાસ માટે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી હતી. જે હાલમાં 'ગુજરાત વિદ્યાસભા' નામથી કાર્યરત છે**


એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ


નગરશેઠ શાંતિદાસ ઝવેરી


નગરશેઠ પ્રેમાભાઈ હિમાભાઈ


શેઠ હઠીસિંહ કેશરીસિંહ


હરકોર શેઠાણી

પ્રજાલક્ષી સારું કામ કરતા આગેવાનો અને દાતા શ્રેષ્ઠીઓની કદરરૂપે અંગ્રેજ સરકાર તરફથી 'રાવ બહાદુર', 'ખાન બહાદુર', 'સર' જેવા ઈલકાબથી સન્માનવામાં આવતા હતા.

અમદાવાદને સાંસ્કૃતિક સ્વરૂપ આપવામાં, તેની અસ્મિતા પ્રગટાવવામાં, શહેરને સમર્થ અને સમૃદ્ધ કરાવવામાં જેટલો ફાળો જે તે સમયના શાસકોનો હતો. એનાથી વિશેષ ફાળો નગરશેઠ, શ્રેષ્ઠીઓ અને નગરના નાગરિકોનો રહ્યો છે. જેમાં કેટલાક પરિવારોનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. આપણે તેમને અમદાવાદના ઘડવૈયા તરીકે ઓળખીશું.

મુઘલ પરિવારના ઝવેરી શેઠ શાંતિદાસ ઝવેરી (૧૫૫૦-૧૬૬૦) અમદાવાદ શહેરના પ્રથમ નગરશેઠ હતા. આ હોદ્દો એમને મુઘલ દરબાર તરફથી વંશપરંપરાગત મળ્યો હતો. તેઓ મહાજન પરંપરાના સ્થાપક હતા. વર્ષ ૧૯૨૫માં નગરશેઠ ખુશાલચંદ લક્ષ્મીચંદ (૧૬૭૨-૧૭૪૮) એ પોતાના પૈસા વાપરીને અમદાવાદ શહેરને મરાઠાઓના આક્રમણમાંથી બચાવ્યું હતું. તેમના પુત્ર નગરશેઠ વખતચંદ ખુશાલચંદે (૧૭૪૦-૧૮૧૪) વર્ષ ૧૮૧૨માં સ્ત્રીઓના વારસાઈ મિલકત અધિકારનું રક્ષણ કરવા ગાયકવાડ સરકાર સામે રજૂઆત કરી હતી. આ અંગેનું જાહેરનામું શિલાલેખ રૂપે ત્રણ દરવાજાના દીવાલ પર આજે પણ જોવા મળે છે. નગરશેઠ પ્રેમાભાઈ હિમાભાઈ (૧૮૧૫-૧૮૮૭) શિક્ષણ અને જાહેર સેવાઓમાં અગ્રેસર હતા. તેઓ સારા દાતા હતા. એમનાં માનમાં પ્રેમદરવાજા અને પ્રેમાભાઈ હૉલ નિર્માણ પામ્યા છે. શાંતિદાસ ઝવેરી અને તેમના વંશવારસાઓમાં કુલ મળીને ૧૧ વારસદારોએ અમદાવાદ શહેરના નગરશેઠનું પદ ભોગવ્યું હતું.

અમદાવાદમાં નગરરત્ન સમાન શેઠ હઠીસિંહ કેશરીસિંહ (૧૭૯૬-૧૮૪૫)નું યોગદાન સિવિલ હૉસ્પિટલના



શેઠ રણછોડલાલ છોટાલાલ



સર ચિનુભાઈ માધવલાલ

મુખ્ય દાતા તરીકે સંકળાયેલું છે. એમણે શરૂ કરેલાં હઠીસિંહના દહેરાનું બાંધકામ એમની પત્નીને 'નામદાર સખાવતી બહાદુર' હરકોર શેઠાણીએ પૂર્ણ કર્યું હતું. તેઓ ગુજરાતનાં પ્રથમ મહિલા સમાજ સુધારક અને કેળવણીકાર હતાં. સમગ્ર ગુજરાતમાં એમણે સૌપ્રથમ કન્યાશાળા અમદાવાદમાં શરૂ કરી હતી. જે 'હરકોર શેઠાણીની છોડીઓની નિશાળ' તરીકે જાણીતી હતી. એમના પરિવારનું યોગદાન નોંધપાત્ર હતું.

**બાવીસ કરોડ હિંદુઓમાં પ્રથમ વખત સર ચિનુભાઈને વંશ પરંપરાગત બેરોનેટના ઇલકાબથી નવાજવામાં આવ્યા હતા. સર ચિનુભાઈની પ્રતિમા ભદ્ર પરિસરમાં આવેલી છે**


**શેઠ રણછોડલાલ છોટાલાલ પરિવાર :**

અમદાવાદની આબાદીના પ્રણેતા અને દીર્ઘદૃષ્ટા રાવબહાદુર શેઠ રણછોડલાલ છોટાલાલે (૧૮૨૩-૧૮૯૮) વર્ષ ૧૮૬૧માં શહેરમાં પ્રથમ મિલ સ્થાપીને મિલઉદ્યોગનો પાયો નાંખ્યો હતો. અંગ્રેજ સરકારે વર્ષ ૧૮૮૫માં શેઠ રણછોડલાલને અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રથમ પ્રમુખ તરીકે નિમણૂક કરી હતી. એમણે શહેરમાં પ્રથમ પાણી પુરવઠા અને ગટર યોજના જેવાં મહત્ત્વનાં કાર્યો કર્યાં હતાં. તેમની પ્રતિમા સંસ્કાર કેન્દ્રમાં જોવા મળે છે.

સર ચિનુભાઈ માધવલાલ (૧૮૬૪-૧૯૧૬) શેઠ રણછોડલાલ છોટાલાલના પૌત્ર થાય. એમણે મ્યુનિસિપાલિટીમા પ્રમુખ તરીકે દીર્ઘદૃષ્ટિપૂર્વક વહીવટમાં દાદાથી આગળ વધી ગયા હતા. શહેરમાં આવેલી આર.સી. હાઈસ્કૂલ અને કૉલેજ એમની યાદ તાજી કરાવે છે. કેળવણી ક્ષેત્રમાં મોટી સખાવતો કરી. તેઓ દાનેશ્વરીની ઉપમા પામ્યા હતા. બાવીસ કરોડ હિંદુઓમાં પ્રથમ વખત સર ચિનુભાઈને વંશ પરંપરાગત બેરોનેટના ઇલકાબથી નવાજવામાં આવ્યા હતા. સર ચિનુભાઈની પ્રતિમા ભદ્ર પરિસરમાં આવેલી છે, એની અનાવરણવિધિ મહાત્મા ગાંધીજીએ કરી હતી. એમનો બંગલો શાહીબાગમાં નદી કિનારે આવેલો છે.



શેઠ અંબાલાલ સારાભાઈ



ડૉ. વિક્રમ સારાભાઈ

**સારાભાઈ પરિવાર**

શેઠ અંબાલાલ સારાભાઈ (૧૮૯૦-૧૯૬૭) કેલિકો મિલ. રાસાયણ ઉદ્યોગ, ફાર્માસ્યુટિકલ જેવા અનેક ઉદ્યોગોમાં પ્રવૃત્ત હતા. એમણે મહાત્મા ગાંધીજીના આશ્રમને આર્થિક મુશ્કેલીમાંથી બચાવ્યો હતો. એમણે ઘરશાળાનો પ્રથમ પ્રયોગ શરૂ કર્યો હતો. અંબાલાલ સારાભાઈનાં બહેન અનસૂયાબહેન સારાભાઈ મજૂર સેવા અને મજૂર મહાજન સંઘ સાથે સંકળાયેલાં હતાં. પદાર્થ વિજ્ઞાનના અભ્યાસી, વૈજ્ઞાનિક પદ્મભૂષણ ડૉ. વિક્રમભાઈ (૧૯૧૯-૧૯૭૧) શેઠ અંબાલાલ સારાભાઈના પુત્ર થાય. તેઓ અમદાવાદમાં પીઆર.એલ, આઈઆઈએમ. સ્પેસ એપ્લિકેશન સેન્ટર જેવી સંસ્થાઓના સ્થાપક હતા. એમણે અણુશક્તિ પંચમાં અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી હતી. એમનાં પત્ની મૃણાલિની સારાભાઈએ શહેરમાં પ્રથમ નૃત્ય-સંસ્થા 'દર્પણ' શરૂ કરી હતી. વિક્રમભાઈની બહેન મૃદુલા સારાભાઈએ મહિલા પ્રવૃત્તિઓ માટે 'જ્યોતિસંઘ'ની સ્થાપના કરી હતી.

**કસ્તૂરભાઈ લાલભાઈ પરિવાર**

કસ્તૂરી સમા કસ્તૂરભાઈ લાલભાઈ શેઠ (૧૮૯૪-૧૯૮૦) મિલ અને રાસાયણ ઉદ્યોગમાં અગ્રણી હતી.




શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ

શાંતિદાસ ઝવેરીના વંશજ શેઠ કસ્તૂરભાઈ મહાજન પરંપરા જાળવી રાખવામાં સફળ થયા હતા. કેટલીક જાહેર સંસ્થાઓના સ્થાપક તરીકે એમનું મોટું યોગદાન હતું. ખાસ કરીને અમદાવાદ એજ્યુકેશન સોસાયટીમાં ખૂબ સક્રિય હતા.


શેઠ બેચરદાસ અંબાઈદાસ લશ્કરી


અંબાલાલ સાકરલાલ દેસાઈ


શેઠ મંગળદાસ ગિરધરદાસ

તેમણે 'સંકટ નિવારણ સોસાયટી'ની સ્થાપના કરી ઉમદા કામ કર્યું હતું. એમના પુત્ર શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ (૧૯૨૫-૨૦૧૪)એ પિતાની પરંપરા ચાલુ રાખી અને શહેરની જાહેર સંસ્થાઓમાં પ્રવૃત્ત રહ્યા હતા. લાલભાઈ પરિવારના વંશજ આણંદજી કલ્યાણજી પેઢીનો વહીવટ સંભાળી રહ્યા છે અને કેળવણીક્ષેત્રે પ્રવૃત્ત છે.

શહેરના અન્ય શ્રેષ્ઠીઓની વાત કરીએ. અમદાવાદમાં બીજા નંબરની મિલ સ્થાપનાર સીઆઈઆઈ, રાવબહાદુર શેઠ બેચરદાસ અંબાઈદાસ લશ્કરી (૧૮૧૮-૧૮૮૯)નો શહેરના ઘડતરમાં ફાળો નાનોસૂનો નથી. એમની સખાવતથી શહેરમાં 'મહાલક્ષ્મી સ્ત્રી અધ્યાપન મંદિર' શરૂ થયું હતું. કમાણીના એક તૃતીયાંશ ભાગ જનકલ્યાણ અર્થે દાનમાં વાપરાત પારસી આગેવાન ખાનબહાદુર નવરોજી પેસ્તનજી વકીલ(૧૮૪૦-૧૯૨૬) એ શહેરમાં ધર્મશાળા અને સિવિલ હોસ્પિટલમાં આંખના તથા મહિલા વોર્ડ બંધાવ્યા હતા. ગાંધીજી અમદાવાદમાં આવ્યા એ પહેલાંના રાજકીય સમર્થ નેતા દીવાન બહાદુર અંબાલાલ સાકરલાલ દેસાઈ (૧૮૪૬-૧૯૧૪) એક જાગૃત કેળવણીકાર હતા. તેઓ સ્વદેશી પ્રવૃત્તિઓના પ્રણેતા હતા.

**જાણીતા સાહિત્યકાર રમણભાઈ મહીપતરામ નીલકંઠ (૧૮૬૮-૧૯૨૮)ની જાહેર સેવાઓની કદર કરી અંગ્રેજ સરકારે એમને રાવબહાદુર, નાઇટહુડ અને 'સર'ના ઇલકાબથી નવાજ્યા હતા**

અગ્રણી ઉદ્યોગપતિ મંગળદાસ ગિરધરદાસ પારેખે (૧૮૬૨-૧૯૩૦) મહાત્મા ગાંધીજીનો અમદાવાદમાં એમના બંગલામાં પ્રથમ આતિથ્ય સત્કાર કર્યો હતો. બહેરાં મૂંગાંની શાળામાં એમનું યોગદાન હતું. શેઠ મંગળદાસ ગિરધરદાસ ટાઉન હોલ એમની સ્મૃતિમાં બંધાયો છે. કોમર્સ કૉલેજ અને મ્યુનિસિપલ મેડિકલ કૉલેજના દાતા શ્રેષ્ઠી અમૃતલાલ હરગોવનદાસ શેઠ (૧૮૮૯-૧૯૭૪) શહેરની મુશ્કેલીમાં ખડેપગે તૈયાર રહેતા હતા. તેઓ શેઠ કસ્તૂરભાઈ સાથે જાહેર અને મહાજન પ્રવૃત્તિમાં સંકળાયેલા હતા.


**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**


અમદાવાદની સ્થાનિક સ્વરાજ સંસ્થા - 'મ્યુનિસિપલ કોર્પોરેશન'માં પ્રમુખ કે નગરપતિ તરીકે નોંધપાત્ર કામ કરનાર કેટલાક મહાનુભાવોની નોંધ લઈએ. એલિસબ્રિજ બાંધનાર નિષ્ઠાવાન એન્જિનિયર રાવ બહાદુર હિંમતલાલ ધીરજલાલ ભચેચે શહેરમાં ગુજરાત કલબ. ગુજરાત કૉલેજ અને ધર્મશાળાઓ જેવી ઘણી ઇમારતો નિર્માણ કરી હતી. જાણીતા સાહિત્યકાર રમણભાઈ મહીપતરામ નીલકંઠ (૧૮૬૮-૧૯૨૮)ની જાહેર સેવાઓની કદર કરી અંગ્રેજ સરકારે એમને રાવબહાદુર, નાઇટહુડ અને 'સર'ના ઇલકાબથી નવાજ્યા હતા. તેઓ સાચા અર્થમાં સકલ પુરુષ હતા. એમની પ્રતિમા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પરિસરમાં જોવા મળે છે.

બેરિસ્ટર વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલે (૧૮૭૫-૧૯૫૦) કોર્પોરેશનમાં જાહેર સેવાઓ કરવા માટે ચેતના જગાવી હતી અને કાર્યક્ષમ વહીવટ સંભાળ્યો હતો. તેમનું રિલીફ રોડની યોજના, વાડીલાલ હોસ્પિટલ


હિંમતલાલ ધીરજલાલ ભચેચ


રમણભાઈ નીલકંઠ


સરદાર વલ્લભભાઈ પટેલ



ગણેશ વાસુદેવ માવળંકર


શેઠ ચિનુભાઈ ચિમનલાલ

અને એમ.જે. પુસ્તકાલયની સ્થાપના જેવાં કાર્યોમાં મહત્ત્વનું યોગદાન હતું. એમના ઉદ્‌ગાર હતા કે "હું બહાર ન ગયો હોત તો અમદાવાદની સૂરત ફેરવી નાંખત." ભારત દેશના નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી તથા અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલને 'ભારત રત્ન' એવોર્ડ એનાયત થયો હતો. એમને સમજવા માટે શાહીબાગ પેલેસમાં આવેલું સરદાર પટેલ મ્યુઝિયમ જોવું રહ્યું !

ગાંધીજીને અમદાવાદમાં સ્થાયી થવા આમંત્રણ આપવામાં મહત્ત્વનો ફાળો ભજવનાર સર્જન ડૉ. હરિપ્રસાદ દેસાઈ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા. તેઓ આજીવન નગરસેવામાં પ્રવૃત્ત રહ્યા હતા. ગાંધીજીએ અમદાવાદમાં પગ મૂક્યો ત્યારથી ગણેશ વાસુદેવ માવળંકર, ગાંધીઅસરમાં આવી ગયા હતા. તેઓ સરદાર પટેલના સહકાર્યકર હતા. એમણે મ્યુનિસિપાલિટીમાં પ્રમુખ તરીકે ઉમદા કામ કર્યું હતું. તેઓ 'દાદાસાહેબ' ના હુલામણા નામથી ખૂબ જાણીતા હતા. તેઓ ગુજરાત યુનિવર્સિટી સ્થાપવામાં ખૂબ સક્રિય હતા. તેઓ આપણા દેશની લોકસભાના પ્રથમ સ્પીકર હતા. પંડિત જવાહરલાલ નહેરુએ એમને 'લોકસભાના પિતા' તરીકે ઉલ્લેખ્યા હતા.


અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છેલ્લા પ્રમુખ અને પ્રથમ મેયર બની કુલ ૧૨ વર્ષ લાંબા કાળ સુધી નગરજનોના કલ્યાણ અને સુખાકારી માટે સેવા આપનાર જાગૃત શ્રેષ્ઠીવર્ય શેઠ ચિનુભાઈ ચીમનલાલ હતા. એમણે AMC સંચાલિત ધર્માદા, દવાખાના, શાળાઓ અને પબ્લિક હૉલ, સિટી મ્યુઝિયમ (સંસ્કાર કેન્દ્ર) બંધાવી શહેરનો સર્વતોમુખી વિકાસ કરી નવો ચહેરો ઉપસાવ્યો હતો. એમના થકી થયેલાં સંખ્યાબંધ કામો હાલમાં જોવા મળે છે.


મહાત્મા ગાંધીજી

**રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી :**

અત્રે ખાસ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનો ઉલ્લેખ કરવો જરૂરી છે. તેઓ અમદાવાદમાં આશ્રમ સ્થાપીને રહ્યા હતા. આઝાદીના પ્રચાર અને પ્રસાર માટે, અખબારીપત્રો શરૂ કરવાં 'નવજીવન' અને યુવાનોમાં શિક્ષણ અને તેમનામાં રાષ્ટ્રપ્રેમ તથા આઝાદીની લડત માટે યુવા સૈનિકો તૈયાર કરવા 'ગૂજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના કરી હતી. તેઓ આશ્રમ અને એમની સંસ્થાઓમાં સફાઈ, પ્રાર્થના અને કાંતણને પ્રાધાન્ય આપીને દેશભરમાં આઝાદીની લડતનો સંદેશો પહોંચાડવામાં સફળ રહ્યા હતા. ચરખો અને ખાદી થકી દેશભરમાં સ્વદેશીની ચળવળ ઊભી કરી હતી. આ રીતે એમણે આઝાદીની ચળવળની આગેવાની લીધી હતી. અત્રેથી દાંડીકૂચ કરીને એમણે અમદાવાદને દુનિયાના નકશામાં ઉપસાવી દીધું હતું. આ શહેરમાં વિકાસમાં મહાત્મા ગાંધીજીનો પરોક્ષ રીતે ઘણો મોટો ફાળો હતો.

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી**


નરેન્દ્ર મોદી

આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મણિનગરના એમ.એલ. એ. અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે અમદાવાદના વિકાસમાં ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો. BRTS, સાબરમતી, રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ, કાંકરિયા લેક ડેવલપમેન્ટ, મેટ્રો વગેરે થકી અમદાવાદને એકદમ નવું સ્વરૂપ મળ્યું છે. એમાં નરેન્દ્રભાઈની સૂઝ અને દીર્ઘદૃષ્ટિનાં દર્શન થાય છે. અમદાવાદને ભારતમાં પ્રથમ વર્લ્ડ હેરિટેઝ સિટીનો દરજ્જો મળ્યો છે, એનો યશ વડાપ્રધાન નરેન્દ્રભાઈને જાય છે. તેઓને આજના (કન્ટેપરરી) અમદાવાદના ઘડવૈયા કહેવા યથાયોગ્ય લેખાશે ! નરેન્દ્રભાઈ વડાપ્રધાન તરીકે ખૂબ પ્રવૃત્ત હોવા છતાં એમની હેમનજર અમદાવાદ- ગુજરાત ઉપર રહી છે. આ રીતે અમદાવાદના ઘડતરમાં ઘણા બધા મહાનુભાવો સંકળાયેલા હતા અને ઘણા હાલમાં પ્રવૃત્ત છે.

*૮૫, શંકર સોસાયટી વિભાગ-૨,*
*અંકુર રોડ, નારણપુરા,*
*અમદાવાદ-૩૮૦૦૧૩*
*મો. ૯૮૨૫૦૪૨૨૩૧*

# બાબાસાહેબ આંબેડકરે આત્મનિર્ભર ભારતનો પાયો નાંખ્યો

*- કિશોર મકવાણા*

**ડૉ.** આંબેડકર દેશને શ્રેષ્ઠ જોવા માંગતા હતા, એમણે દેશના વિકાસની જે રૂપરેખા રજૂ કરી હતી એ જાણવી પણ ખૂબ જરૂરી છે. એમણે ભારત એ કૃષિપ્રધાન દેશ છે એ માઈન્ડસેટમાંથી બહાર આવી ઝડપથી દેશના ઉદ્યોગીકરણની હિમાયત કરી. ભારતે દુનિયા સાથે દોડવું હશે તો ઉદ્યોગોને પ્રાધાન્ય આપવું પડશે એવો દ્રષ્ટિકોણ રજૂ કર્યો. ભારતની ધરતી અત્યંત પ્રાચીન છે. આજે તે સંકોચાઈ ગઈ છે. અફઘાનિસ્તાન તેમજ પાકિસ્તાન, બાંગ્લાદેશ જેવા અલગ અલગ દેશ બની ગયા છે. ભારતનો જે પ્રદેશ હાલ છે તે પણ ઘણો વિશાળ છે. ભારતનો વિચાર કરીએ ત્યારે ધરતીનો વિચાર કરવો પડે અને ધરતી એટલે જળ, જમીન અને જંગલ. તેમાંથી જળ અને જમીન અંગે બાબાસાહેબના વિચાર કેવા હતા તે જાણવું જરૂરી છે. અહીં જમીનનો અર્થ છે - કૃષિ.

ભારત ખેતીપ્રધાન દેશ છે. ભારતમાં આજે પણ ખેતી ઉપર નિર્ભર જનસંખ્યા ઘણી મોટી છે અને તેથી ૧૯૨૦-૩૦ના ગાળામાં તો આ સંખ્યા ૭૦ ટકા જેટલી હશે જ. તે સમયે કૃષિ જે રીતે રોજગારનું મુખ્ય સાધન હતી એ જ રીતે સંપત્તિનિર્માણ માટે પણ તે મુખ્ય સાધન હતી. ખેડૂતો ઉપર કેવા પ્રકારનું ધાર્મિક, સામાજિક તેમજ શૈક્ષણિક રીતે દમન થતું હતું તેનો ચિતાર જ્યોતિરાવ ફુલેનાં બે મરાઠી પુસ્તક શેતકયાચા આસૂડ (ખેડૂતોની ચાબૂક) તથા ગુલામગીરીમાં વાંચી શકાય છે. જ્યોતિરાવ ફુલેની જેમ જ બાબાસાહેબે પણ ખેડૂતો પર થતા અત્યાચાર અંગે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. સામાજિક ન્યાયની રીતે તેઓ માત્ર અસ્પૃશ્યોનો વિચાર નહોતા કરતા, પરંતુ તેમનો દષ્ટિકોણ વ્યાપક અને રાષ્ટ્રીય હતો.

બાબાસાહેબ દષ્ટિવંત અર્થશાસ્ત્રી હતા. પરંતુ તેમની બહુમુખી પ્રતિભાનું એક મહત્ત્વનું પાસું - અર્થશાસ્ત્રી તરીકેનું તેમનું પ્રદાન. - હજુ પણ સંપૂર્ણ રીતે દેશ સામે આવ્યું નથી. માત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની ચલણી નોટ ચલણમાંથી પાછી ખેંચી ત્યારે લોકોના ધ્યાનમાં આવ્યું કે ડૉ. બાબાસાહેબ આંબેડકરે ૧૯૧૬માં પોતાના થિસીસમાં કહેલું કે અમુક સમયે દેશમાંથી ચલણી નાણું બદલવું જોઈએ જેથી દેશમાંથી ભ્રષ્ટાચાર અને કાળાનાણાને અંકુશમાં લઈ શકાય. ડૉ. બાબાસાહેબ આંબેડકરની બધી જ ડિગ્રી અર્થશાસ્ત્રમાં હતી. અર્થશાસ્ત્ર પર એમનું ગજબનું પ્રભુત્વ હતું. એ વિષયમાં એમની સમજ એટલી ઊંડી હતી કે એમણે પોતાના મનપસંદ વિષય પર ઘણાં પુસ્તકો લખવાની યોજના બનાવી હતી. 'સ્ટડીઝ ઈન હિસ્ટ્રી-ઈકોનોમિક્સ એન્ડ પબ્લિક લૉ' નામનો ગ્રંથ પણ લખી નાંખ્યો.

તેમના સમયમાં તેઓ એકમાત્ર એવા નેતા હતા કે જેઓ ભારતીય નાણાં અને બૅન્કિંગ વ્યવસ્થા વિશેની બાબતો અંગે આંકડાકીય માહિતી સહિત સ્પષ્ટ સમજૂતી આપી શકતા. તેઓ આર્થિક સિદ્ધાંતોનું સંપૂર્ણ જ્ઞાન ધરાવતા હતા અને વિવિધ આર્થિક સમસ્યાઓ વિશેના તેમના વિચારોને અધિકૃત ગણવામાં આવતા હતા

**ડૉ. બાબાસાહેબ આંબેડકરની બધી જ ડિગ્રી અર્થશાસ્ત્રમાં હતી. અર્થશાસ્ત્ર પર એમનું ગજબનું પ્રભુત્વ હતું . એ વિષયમાં એમની સમજ એટલી ઊંડી હતી કે એમણે પોતાના મનપસંદ વિષય પર ઘણાં પુસ્તકો લખવાની યોજના બનાવી હતી**

ડૉ. આંબેડકરે અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાંથી ૧૯૧૫માં 'પ્રાચીન ભારતનો વેપાર' વિષય પર નિબંધ લખી એમ.એ.ની પદવી મેળવી. એ નિબંધમાં એમણે ૧૭૯૨ થી ૧૮૫૭ સુધીના સમયગાળામાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વહીવટની ચર્ચા કરી છે. ૧૮૫૮ સુધીમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતીય અર્થવ્યવસ્થાને કેવી રીતે પાયમાલ કરીને ભારતને દેવાના ડુંગર હેઠળ દાબી દીધું તેનું પણ આંકડાકીય વિશ્લેષણ કર્યુ છે. ૧૯૧૬માં કોલંબિયા યુનિવર્સિટીએ ભારતની રાષ્ટ્રીય આવકની વહેચણી : એક ઐતિહાસિક અને



પૃથક્કરણાત્મક અભ્યાસ (નેશનલ ડિવિડંડ ઓફ ઈન્ડિયા-અ હિસ્ટોરિકલ એન્ડ એનાલિટિકલ સ્ટડી) શોધનિબંધને સ્વીકારી ડૉકટરેટની પદવી આપી. લંડનના એક પ્રકાશકે આઠ વર્ષ બાદ આ શોધનિબંધને બ્રિટિશ ભારતની પ્રાંતીય આર્થિક ઉત્ક્રાંતિઓ નામથી પ્રસિદ્ધ કર્યો. આ પુસ્તકમાં ડૉ. આંબડકરે બ્રિટિશ નોકરશાહી, સામ્રાજયવાદ અને ભારતની સામાજિક સ્થિતિચુસ્ત પરિસ્થિતિ ઉપર પ્રહારો કર્યા છે. બ્રિટિશ શાસકો બ્રિટનના ઉદ્યોગ-ધંધાઓ અને મૂડીપતિઓનાં હિતો નજર સમક્ષ રાખી, નીતિ નક્કી કરતા હતા અને રાજ્ય ચલાવતા હતા. તેને ડૉ. આંબેડકરે અસરકારક રીતે ખુલ્લા પાડ્યા. ૧૯૨૧માં લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિકસમાંથી 'પ્રોવિન્સિયલ ડિસેન્ટ્રલાઝેશન ઓફ ઇમ્પિરિયલ ફાયનાન્સ ઇન બ્રિટિશ ઇન્ડિયા' વિષય પર શોધનિબંધ લખી એમએસસીની પદવી મેળવી. ૧૯૨૨માં 'પ્રોબ્લેમ ઓફ ધ રૂપીઃ ઇટ્સ ઓરિજન એન્ડ ઇટ્સ સોલ્યુસન' વિષય પર શોધનિબંધ લખી ડૉકટર ઓફ સાયન્સની પદવી માટે લંડન યુનિવર્સિટીમાં રજૂ કર્યો, પરંતુ પ્રો. એડવિન કેનનની સલાહ પર મુંબઇ આવી સુધારેલા શોધગ્રંથ 'ધ પ્રોબ્લેમ ઓફ રૂપી' રજૂ કર્યો. જે લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિકસે સ્વીકારી ડીએસસીની પદવી આપી. ડૉ. આંબેડકરનો મોટાભાગનો સમય કાયદા અને રાજકારણના ક્ષેત્રે લીધો હોવાથી તેમના આર્થિક ચિંતનનો વધુ લાભ અર્થશાસ્ત્ર વિષયને તથા દેશ અને દુનિયાને મળી શકયો નહીં.

**ડૉ. આંબેડકરે જ્ઞાનનો ઉપયોગ માનવ કલ્યાણ માટે કર્યો હતો. તેમના આર્થિક ચિંતનનું કેન્દ્ર બિંદુ ભારતીય સંસ્કૃતિની ધરોહરમાં સમાયેલું હતુ. એમનો આર્થિક મંત્ર હતોઃ બહુજન સુખાય - બહુજન હિતાય...**

ડૉ. આંબેડકરે જ્ઞાનનો ઉપયોગ માનવ કલ્યાણ માટે કર્યો હતો. તેમના આર્થિક ચિંતનનું કેન્દ્ર બિંદુ ભારતીય સંસ્કૃતિની ધરોહરમાં સમાયેલું હતુ. એમનો આર્થિક મંત્ર હતોઃ બહુજન સુખાય - બહુજન હિતાય... જીવ માત્રની ચિંતા કરે એવા આર્થિક દર્શનના એ હિમાયતી હતા. પોતાની કારકિર્દીની શરૂઆતના સમયમાં તેમને અર્થશાસ્ત્ર પ્રત્યે વિશેષ રુચિ હતી. ૧૯૨૩માં ૩૨ વર્ષની ઉંમરે તેમનું પુસ્તક 'રૂપિયાની સમસ્યા' પ્રસિદ્ધ થયું અને બે વર્ષના ટૂંકાગાળામાં જ તેની પ્રથમ આવૃત્તિનું વેચાણ થઇ ગયું. ભારતની મુદ્રા પદ્ધતિમાં સુધારા કરવા માટે બ્રિટિશ સરકારે રોયલ કમિશન ' ઓન ઇન્ડિયન કરન્સી એન્ડ ફાઇનાન્સ' ની સ્થાપના કરી હતી. ૧૯૨૫ની સાલમાં વિચારવિમર્શ માટે આ કમિશને ડૉ. આંબેડકરને એક વિદ્વાન અર્થશાસ્ત્રી તરીકે નિમંત્રણ આપ્યું. ડૉ. આંબેડકરે આ વિષય પર પોતાના વિચાર રજૂ કર્યા.૧૯૨૬માં 'હિલ્ટન યન્ગ' કમિશનની બ્રિટીશ ભારતમાં પ્રવર્તમાન એકંદર નાણાંકીય વ્યવસ્થાના અભ્યાસ માટે આવ્યું હતું. આશ્ચર્ય ત્યારે એ વાતનું હતું કે આ આયોગના ભારત યાત્રા દરમિયાન દરેક સભ્યના હાથમાં ડૉ. આંબેડકરના પુસ્તક The Problem of Rupee; its Origin and its Solution હતું...! આ આયોગ સમક્ષ ડૉ. આંબેડકરે ખામીયુક્ત બ્રિટિશ નાણાં વ્યવસ્થાનો ચિતાર રજૂ કર્યો હતો. નાણાંનું નિયમન સરકાર દ્વારા નહિ પણ કોઇ સ્વાયત્ત સંસ્થા દ્વારા થાય એવું એમણે સૂચવ્યું. અહીંથી જ રિઝર્વ બૅન્કની રચનાનો પાયો નંખાયો. અને રિઝર્વ બૅન્ક અધિનિયમ ૧૯૩૪ દ્વારા રિઝર્વ બૅન્ક ઓફ ઇન્ડિયાનો પ્રારંભ થયો.

ડૉ. આંબેડકરે ભારતમાં ફુગાવાનાં કારણો અને તેને નિવારવાના ઉપાયો તથા સુવર્ણ નીતિ અંગેના ધોરણ અને રૂપિયાના અવમૂલ્યન તેમજ સોનાની આયાત વિશે જે વિચારો રજૂ કર્યા હતા તે આજે પણ માર્ગદર્શક છે

ડૉ. આંબેડકરે ભારતની ચલણ વ્યવસ્થા સંદર્ભે ૧૯૨૫ની સાલમાં ચાર મુદ્દાઓનો કાર્યક્રમ સૂચવ્યો હતોઃ એક, ટંકશાળામાં સરકાર દ્વારા રૂપિયાના સિક્કા પાડવાનું બંધ કરવું. બે, ટંકશાળામાં જે લોકો સોનું લાવે તેને સોનાના સિક્કા પાડી આપવા. ત્રણ, જે પૈસા ચલણમાં છે તેમને રહેવા દેવા તથા નવા પૈસા બહાર પાડવા નહીં, અને ચાર સરકારે પૈસાનું સોનામાં અને સોનાનું પૈસામાં રૂપાંતર ન કરવું.

ડૉ. આંબેડકર સુવર્ણ અંગેની નીતિના હિમાયતી હતા. સોનાનો ઉપયોગ માત્ર અનામત તરીકે નહીં, પણ ચલણી નાણા તરીકે થાય તેવો આગ્રહ હતો. લોકો ટંકશાળમાં સોનું લાવી સિક્કાના બદલે ગોલ્ડ સર્ટિફિકેટ માંગે તો તેમને ગોલ્ડ સર્ટિફિકેટ આપવું જેથી તે પણ ચલણમાં નાણાં તરીકે ફરી શકે.

ડૉ. આંબડકરે બતાવ્યું કે આપણી નિકાસ ઘટવાનું અને કૃત્રિમ આયાતો વધવાનું કારણ આંતરિક ફુગાવો છે, જેનાથી આંતરરાષ્ટ્રીય વેપારતુલામાં અને લેણદેણના ચાલુખાતામાં ખાધ જોવા મળે છે. ડૉ. આંબેડકરે રાજ્ય વ્યવસ્થાની આવશ્યકતા દર્શાવતાં બતાવ્યું છે કે આર્થિક લોકશાહીને અમલમાં લાવવાના ત્રણ વૈકલ્પિક માર્ગો છેઃ એક, વ્યક્તિવાદ એટલે કે વ્યક્તિના વધુ આર્થિક, સ્વાતંત્ર્ય અને મુક્ત બજારતંત્ર દ્વારા. બે, રાજકીય લોકશાહી ચાલુ રહેવા ઉપરાંત આર્થિક સત્તા રાજ્ય હસ્તક. અને ત્રણ, તમામ આર્થિક સત્તા રાજ્યહસ્તક. ડૉ. આંબેડકરની દૃષ્ટિએ રાજ્ય વહીવટ અને વિકાસની રૂપરેખા આ મુજબ હતી. એક, જે

ઉદ્યોગો ચાવીરૂપ હોય તેની માલિકી અને સંચાલન રાજ્ય કરે. બે, જે ઉદ્યોગો ચાવીરૂપ નથી, પણ પાયાના ઉદ્યોગો છે તેમની માલિકી રાજ્ય હસ્તક અને સંચાલન રાજ્ય દ્વારા થવું જોઈએ. ત્રણ, ખેતી એ રાજ્ય હસ્તકનો ઉદ્યોગ રહેવો જોઈએ. ૪. ખેતી ઉદ્યોગના નીચેના પાયા પર વ્યવસ્થિત કરવાઃ એક, રાજ્ય જમીનને ચોક્કસ કદના ખેતરોમાં વિભાજિત કરીને તે ખેતરો ગામના રહીશોને ગણોતિયા તરીકે ખેડવા માટે આપશે.

બે, આ જમીન જેતે ગામના લોકોને જ્ઞાતિ કે ધર્મના બાધ વગર એ રીતે વહેંચી દેવામાં આવશે કે કોઇ જમીનદાર, ગણોતિયા કે ખેતમજૂર રહેશે નહીં.

ત્રણ,આ સામૂહિક ખેતરોને પાણી, પ્રાણીઓ, સાધન, ખાતર, બિયારણ વગેરે પુરુ પાડીને, તેમને આ રીતે નાણાકિય મદદ કરવાની જવાબદારી રાજ્યની રહેશે. ચાર, વીમાના ક્ષેત્રમાં રાજ્યની ઈજારાશાહી રહેશે અને રાજ્ય, દેશના દરેક પુખ્ત નાગરિકને તે ફરજ પાડશે કે તે ધારાસભાએ નક્કી કરેલી, વ્યક્તિના પગાર અનુસારની જીવનવીમા પોલીસીનો સ્વીકાર કરે.

**ડો. આંબેડકરે વોટ કોંગ્રેસ એન્ડ ગાંધી હેવ ડન ટુ અનટચેબલ્સમાં લખ્યું છે કે એક આર્થિક વ્યવસ્થા તરીકે જ્ઞાતિપ્રથા કોઇ પણ ફરજ વિના શોષણ થવા દે છે. અશ્પૃશ્યતા એ કંઇ માત્ર આર્થિક શોષણની અનિવાર્ય વ્યવસ્થા નથી**

પાંચ, ખાનગી વ્યક્તિએ માલિકો તરીકે કે ગણોતિયા તરીકે કે ગીરો મૂકનાર વ્યક્તિઓ તરીકે જે ઉદ્યોગ, વીમા કે ખેતીની જમીન ધરાવતા હશે તેમાં રાજ્ય પોતાના કાયમી રહેનારા અધિકારો પ્રાપ્ત કરશે. અને તેને જમીનના મૂલ્ય જેટલું વળતર ડિબેન્ચર સ્વરૂપમાં ચૂકવવામાં આવશે. ડિબેન્ચરની રોકડ ચુકવણી ક્યારે કરવી તે રાજ્ય નક્કી કરશે.

એટલે કે ખેતી, ઉદ્યોગ અને જીવનવીમાનાં ક્ષેત્રે રાજયની માલિકી અને રાજ્ય દ્વારા સંચાલન અને આ બાબતનો સમાવેશ વ્યક્તિના આર્થિક મૂળભૂત અધિકારમાં કરવો.

જાહેર નાણાકીય વ્યવસ્થાપનના સંદર્ભોમાં ડૉ. આંબેડકરનું પ્રદાન તેમના મહાનિબંધ 'પ્રોબ્લમ ઓફ રૂપી' માં દેખાય છે. આ પુસ્તકમાં ડૉ. આંબેડકર વિનિમયના માધ્યમ તરીકે ભારતીય ચલણની ઉત્ક્રાંતિ અને સોનારૂપા જેવી કિંમતી ધાતુઓના સંદર્ભમાં તેની સમમૂલ્યતા વિશે શ્રેષ્ઠ રજૂઆત કરી છે.

આ રીતે જાહેર નાણાના સંદર્ભમાં પણ ડૉ. આંબેડકરે 'ધ ઈવોલ્યુશન ઓફ પ્રોવિન્શિયલ ફાઈનાન્સ ઈન બ્રિટિશ ઈન્ડિયા' નામે જે મહાનિબંધ લખેલો તે ભારતના જાહેરનાણાના ઈતિહાસમાં એક મોટુ પ્રદાન છે. આ પુસ્તકમાં તેઓ કેન્દ્ર અને રાજયો વચ્ચેના અંગ્રેજ ભારતના ૧૮૩૩ થી ૧૯૨૧ વચ્ચેના સમયની વાત કરે છે.

સરકારની ભૂમિકા વેરા મારફત વધુ આવક ઊભી કરવાની છે. ભારત જેવા ગરીબ દેશમાં વેરાની આવક વધારવાની ચોખ્ખી મર્યાદાઓ છે. પરિણામે સરકારનાં વિવિધ સ્વરૂપો વચ્ચે બોજાની સમતાપૂર્ણ વહેંચણી એટલે કે કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વચ્ચે વહેંચણી અગત્યની બને છે. જાહેર નાણાંની બાબતમાં ડૉ. આંબેડકરનું પ્રદાન પાયાનું છે.

ડૉ. આંબેડકરની સ્પષ્ટ માન્યતા હતી કે ભારતમાં જ્ઞાતિપ્રથા આર્થિક વૃદ્ધિ અને વિકાસમાં મોટો અવરોધ છે. જ્ઞાતિપ્રથા લોકોને પોતાની જ્ઞાતિના લોકો સિવાય બીજા કોઇને વારસાગત કૌશલ્ય શીખવવા દેતી નથી.આથી અનિવાર્યપણે શ્રમની ગતિશીલતા ઘટી જાય છે. જ્ઞાતિપ્રથા મૂડીની ગતિશીલતા પણ ઘટાડે છે, કેમ કે વ્યવસાય તો જ્ઞાતિગત અને વારસામાં મળેલો હોય છે. જ્ઞાતિપ્રથા શ્રમની અને મૂડીની ગતિશીલતા ઘટાડે છે. તેનાથી ઉત્પાદનમાં બિનકાર્યક્ષમતા જન્મે છે અને આર્થિક વૃદ્ધિમાં અવરોધ ઊભો થાય છે.

ડૉ. આંબેડકરે વૉટ કૉંગ્રેસ એન્ડ ગાંધી હેવ ડન ટુ અનટચેબલ્સમાં લખ્યું છે કે એક આર્થિક વ્યવસ્થા તરીકે જ્ઞાતિપ્રથા કોઇ પણ ફરજ વિના શોષણ થવા દે છે. અશ્પૃશ્યતા એ કંઇ માત્ર આર્થિક શોષણની અનિવાર્ય વ્યવસ્થા નથી, પરંતુ તે અનિયંત્રિત આર્થિક શોષણની વ્યવસ્થા છે.

ડૉ. આંબેડકરના મતે ભારતના આર્થિક વિકાસની વ્યૂહરચનામાં ગરીબી નિવારણ, અસમાનતાની નાબૂદી અને લોકોના શોષણના અંત પર ભાર મૂકાવો જોઇએ.



તેમના પુસ્તક 'સ્ટેટ્સ એન્ડ માઈનોરિટીઝ'માં તેમણે રાજ્યને લોકોના આર્થિક જીવનનું આયોજન કરવાની જવાબદારી સોંપી છે કે જે ખાનગી સાહસથી દરેક શક્યતા બંધ કર્યા વિના ઉત્પાદકતાને સૌથી ઊંચે લઈ જાય અને સંપતિની સમતાપૂર્ણ વહેંચણી પણ કરે.

ડૉ. આંબેડકરે કહ્યું હતું કે ઉદ્યોગીકરણની સાથે સાથે ખેતીની અવગણના ના થવી જોઈએ. ભારત જેવા દેશમાં ખેતી વધતી વસ્તીની અન્નની જરૂરિયાતને પહોંચી વળવા અને ઉદ્યોગો માટે કાચો માલ પૂરો પાડવા બંને માટે મહત્ત્વની ભૂમિકા ભજવશે. ઝડપી ઉદ્યોગીકરણ થાય તો પણ આ દેશમાં ખેતી જ તેનો પાયો બનશે. તે એવો મજબૂત પાયો બનશે કે જેના ઉપર આધુનિક ભારતનું અધિતંત્ર બાંધી શકાશે. તેઓ તમામ જમીન ધારણનું રાષ્ટ્રીયકરણ ઈચ્છતા હતા. તેઓ જમીન જપ્ત કરવામાં આવે એમ ઈચ્છતા નહોતા. તેઓનો મત હતો કે જમીન માલિકોને જમીનના મૂલ્ય જેટલી જ કિંમતનાં ડિબેન્ચર આપીને વળતર આપી જમીનનું રાષ્ટ્રીયકરણ થાય.

**ભારત જેવા દેશમાં ખેતી વધતી વસ્તીની અન્નની જરૂરિયાતને પહોંચી વળવા અને ઉદ્યોગો માટે કાચો માલ પૂરો પાડવા બંને માટે મહત્ત્વની ભૂમિકા ભજવશે. ઝડપી ઉદ્યોગીકરણ થાય તો પણ આ દેશમાં ખેતી જ તેનો પાયો બનશે**

ડૉ. આંબેડકરના આર્થિક ચિંતનમાં ભારત વિકાસનો રોડમેપ જોઈએ - દામોદર વેલી પ્રોજેક્ટઃ ૧૯૪૨માં ડૉ. આંબેડકર બ્રિટિશ વાઈસરોયની એક્ઝીક્યુટીવ કાઉન્સિલમાં મેમ્બર (Labor, Irrigation Power) હતા. (Ref. Dr. Ambedkar's Role on Economic Planning Water Policy by SukhdevThorat). આ એક મિનિસ્ટીરીયલ કક્ષાનો હોદ્દો હતો. એ દરમ્યાન એમણે પાંચ કોન્ફરન્સ સંબોધેલી, જે પૈકી બે દામોદર વેલી પ્રોજેક્ટ, એક મહાનદી અને બે ઈલેક્ટ્રિક પાવર માટે હતી. બિહાર અને બંગાળને અસર કરતા બહુહેતુક દામોદર વેલી પ્રોજેક્ટમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનું અમૂલ્ય પ્રદાન છે. દામોદર નદી પર અતિ આવશ્યક એવા પૂર નિયંત્રણ, સિંચાઈ, પેય જળ અને વિદ્યુત ઉત્પાદન આ પ્રોજેક્ટના મુખ્ય આશયો હતા. ડૉ. આંબેડકરના અથાગ પ્રયાસોથી દામોદર વેલી બિલ ડિસેમ્બર ૧૯૪૭માં કોન્સ્ટિટ્યુઅન્ટ એસેમ્બલીમાં લાવવામાં આવ્યું અને ફેબ્રુઆરી ૧૯૪૮માં પાસ કરવામાં આવ્યું. બબ્બે રાજ્ય સરકારો અને ત્રીજી કેન્દ્ર સરકાર વચ્ચે ડૉ. બાબાસાહેબના અદ્‌ભુત સંકલનથી ચાર વર્ષથીયે ઓછા સમયગાળામાં આ પ્રોજેક્ટ પાર પાડવામાં આવ્યો. અને આમ, 'રિવર ઓફ સોરો' ગણાતી દામોદર નદી બિહાર અને પ. બંગાળ માટે આશીર્વાદરૂપ બની.

વિકાસનો રોડમેપઃ રેલવે, રોડ, કેનાલ જેવાં જાહેર સુવિધાનાં કામો પાછળ થતા વિકાસ ખર્ચના સંદર્ભમાં કોઈ પણ દેશની નાણાંકીય વ્યવસ્થાની મૂલવણી કરવી જોઈએ. ઈ.સ. ૧૮૩૪થી ૧૮૪૮ દરમિયાન ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા ભારતમાં કરાયેલ તમામ જાહેર ખર્ચ કરતાં ઈંગ્લેન્ડના એકલા માંચેસ્ટર શહેરમાં પાણી વ્યવસ્થા પાછળ કરાયેલ જાહેર ખર્ચ વધુ હતો, એ હકીકત આંબેડકરે ઘોષિત કરીને બ્રિટિશરો દ્વારા ભારતીયો પર આચરાતા હળાહળ અન્યાયકારી વ્યવહારનો પર્દાફાશ કર્યો.

વાસ્તવમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના આર્થિક વિચારોની ઉપેક્ષા કરી ભારતીય સમાજે એમને તો અન્યાય કર્યો જ સાથે-સાથે પોતાનું અને રાષ્ટ્રનું પણ ઘણું નુકસાન કર્યું. કારણ ડૉ. આંબેડકરનું આર્થિક દર્શન કોઈ એક વર્ગ પૂરતું મર્યાદિત નહોતું પરંતુ એમાં સમગ્ર દેશનું હિત સમાયેલું હતું. ડૉ. બાબાસાહેબના આર્થિક ચિંતનના પાયામાં રાષ્ટ્ર અને રાષ્ટ્રનો વિકાસ છે. અને એ વિચારો આજે પણ એટલા જ મૂલ્યવાન છે એ આપણે જોઈ શકીએ છીએ.

બાબાસાહેબે અર્થશાસ્ત્રની રીતે ખેતી, ખેડૂત, ખેતીની સ્થિતિ, રોજગારી, ઔદ્યોગિકીકરણ બાબતે વિચાર કર્યો હતો. મુંબઈ વિધાનમંડળના સભ્ય તરીકે તેમણે મહાર (અસ્પૃશ્ય જાતિ) અને વતન (ઈનામી જમીન) સંદર્ભે આ વતન પદ્ધતિ નાબૂદ કરવા ખરડો રજૂ કર્યો હતો. એ જ રીતે બીજો એક ખરડો તેમણે કોંકણની ખોત પદ્ધતિ નાબૂદ કરવા માટે રજૂ કર્યો હતો. ૧૯૨૯ની ત્રીજી મેએ 'બહિષ્કૃત ભારત' ના અંકમાં તેમણે ખોતી અર્થાત્ 'ખેડૂતોની ગુલામી' શીર્ષક હેઠળ તંત્રીલેખ લખ્યો હતો. તેમાં તેઓ લખે છે, આમ પણ ભારતના ખેડૂતની સ્થિતિ ઘણી ખરાબ છે, તેમાં પણ રત્નાગિરી જિલ્લામાં વિશિષ્ટ સ્થિતિને કારણે અનેક પેઢીથી ખેડૂતોની હાલત દયનીય થઈ ગઈ છે.

ખોતી પ્રથા માત્ર રત્નાગિરી અને કુલાબા જિલ્લાઓમાં હતી. ભારતમાં બીજે ક્યાંય એ પ્રથા નહોતી. શું હતી આ ખોતી પ્રથા? તેના હેઠળ સરકાર ખેડૂતો પાસેથી કર વસૂલ કરતી હતી. આ કર વસૂલીની બે પ્રક્રિયા હતી - (૧) રૈયતવારી પ્રથા અને (૨) ખોતી પ્રથા. રૈયતવારી પ્રથામાં સરકારના પ્રતિનિધિ કર વસૂલ કરતા હતા, જ્યારે ખોતી પ્રથામાં ખોતની વંશપરંપરાથી એ કામ ચાલુ રહેતું હતું. એ પ્રથામાં ખેડૂતો ઉપર અત્યાચાર થતા. રૈયતવારી પ્રથામાં માત્ર સરકારને કર ચૂકવવાનો થતો અને ખોતી પ્રથામાં સરકારી

કર ચૂકવ્યા પછી પણ ખોતને નાણાં આપવાં પડતાં. આવો અત્યાચાર શા માટે? ખેડૂતોની આવી લૂંટ કેમ? એવા સવાલ બાબાસાહેબે ઉઠાવ્યા હતા.

ખોતીપ્રથાને કારણે ખેડૂતો પરનો અત્યાચાર માત્ર આટલેથી અટકતો નહોતો. જાત-જાતની ચાલાકી કરીને ખોત હેઠળ ખેડૂતોની હેરાનગતિ કરાતી. એ લોકો જુદાં જુદાં બહાનાં હેઠળ ખેડૂતો પાસેથી પૈસા પડાવી લેતા હતા. બાબાસાહેબે લખ્યું હતું, જો ખોત બ્રાહ્મણ હોય તો તેને આધીન ખેડૂતોના આંગણાંમાં ઊગેલા વૃક્ષ ઉપર ફળ બચતાં નહોતાં અને શાકભાજી ઉગાડવા છતાં ખેડૂતના પરિવારના લોકોને તે ખાવા નહોતાં મળતી. અર્થાત્, ખેડૂત પાસે કોઈ પ્રકારની માલિકી જ નહોતી. તેના ઘરમાં જે કંઈ ઉત્પાદન થતું તેની માલિકી ખોતની હતી.

આ લેખમાં તેમણે ખેડૂતો સાથે થતી છેતરપિંડીના વિવિધ પ્રકારનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમ કે -

ખેડૂતો ઉપર ખોટા આરોપ મૂકવા.

ખેડૂતોના પશુધનને બંધક બનાવી દેવું.

પોતાની જમીન ઉપર ખેડૂતો પાસે મફતમાં મજૂરી કરાવવી.

શાહુકાર બનીને ખેડૂતોને લૂંટવા.

સામાજિક અત્યાચાર કરવા, ખેડૂતોને ફાટેલાં વસ્ત્રો પહેરવા મજબૂર કરવા.

બાબાસાહેબ કહેતા કે માનવતા માટે આઘાતજનક એવી આ ગુલામીપ્રથા આજે ૨૦ સદીમાં ચાલે છે તે ભારતીય સમાજ માટે શરમજનક બાબત છે.

વાસ્તવમાં ખોત એ જમીનમાલિક નહોતા, પરંતુ કર વસૂલ કરવાના બદલામાં તેને અમુક હિસ્સો માનદવેતન સ્વરૂપે આપવામાં આવતો હતો. એક રીતે તેઓ સરકારી કર્મચારી જ હતા, પરંતુ ખોતો દ્વારા તેમને મળેલા અધિકારનો તેમણે દૂરુપયોગ કર્યો હતો. ખોતોએ છેતરપિંડી કરીને હજારો ખેડૂતોની જમીન આંચકી લીધી અને એ ક્રમ હજુ ચાલુ છે. ખેડૂતો તેમનો અધિકાર ગુમાવી ચૂક્યા છે. ખોતી ક્ષેત્રોમાં ખેડૂતોના માનવીય અધિકાર અપાવવા જ જોઈએ. બાબાસાહેબે ભારપૂર્વક કહ્યું કે, ખોતી પ્રથાનો અંત આવવો જ જોઈએ. ખોતી પ્રથાનો અંત લાવવા માટેનો ખરડો રજૂ કરતી વખતે ૧૯૩૭ની ૧૭ મી સપ્ટેમ્બરે બાબાસાહેબે મુંબઈ વિધાનમંડળમાં વક્તવ્ય આપ્યું હતું. એ વક્તવ્યમાં ઉપરોક્ત લેખમાં જણાવેલા તમામ મુદ્દા રજૂ કરવામાં આવ્યા હતા. બાબાસાહેબે જે ખરડો રજૂ કર્યો તેમાં -

**બાબાસાહેબે ભારપૂર્વક કહ્યું કે, ખોતી પ્રથાનો અંત આવવો જ જોઈએ. ખોતી પ્રથાનો અંત લાવવા માટેનો ખરડો રજૂ કરતી વખતે ૧૯૩૭ની ૧૭મી સપ્ટેમ્બરે બાબાસાહેબે મુંબઈ વિધાનમંડળમાં વક્તવ્ય આપ્યું હતું**

૧. ખોતી પ્રથા નાબૂદ કરવામાં આવે તથા ખેડૂતો અને સરકારી અધિકારીઓ વચ્ચે સીધો સંપર્ક સ્થાપવો જોઈએ.

૨. ખોતીનો અધિકાર ગુમાવવાના બદલામાં ખોતોને યોગ્ય વળતર આપવામાં આવે.

૩. ખેતી કરનારા ખેડૂતને એ જમીનનો અધિકાર આપવામાં આવે અને તેમને જમીન મહેસુલ કાયદા હેઠળ લાવવામાં આવે.

ડૉ. બાબાસાહેબે રત્નાગિરી તેમજ કુલાબા જિલ્લાઓમાં ખોતી પ્રથા નાબૂદ કરવા માટે વિધાનમંડળમાં ઘણો સંઘર્ષ કર્યો હતો. તેના પરિણામે છેવટે ખોતી પ્રથા નાબૂદ કરવામાં આવી. એ સંઘર્ષ માત્ર અશ્પૃશ્યોને આર્થિક ન્યાય અપાવવા માટે નહોતો, પરંતુ બાબાસાહેબે એ સંઘર્ષ તમામ ખેડૂતોને ન્યાય અપાવવા માટે કર્યો હતો.

ભારતની ખેતી અને ખેડૂતો અંગે બાબાસાહેબ આર્થિક સિદ્ધાંત અનુસાર વિચાર કરતા હતા. તેઓ ખેતી, ખેડૂત, ગ્રામ્ય ગરીબી, ખેતીમાં ઘટતી આવક, ગ્રામીણ રોજગારી, ખેતી ઉપર નિર્ભર વસતિ, ઔદ્યોગિકીકરણ વગેરે અંગે આર્થિક સિદ્ધાંતોના આધારે ચર્ચા કરતા હતા. ખેડૂતોના શોષણનું બીજું કારણ એ પણ હતું કે દેશમાં ખોટા આર્થિક માપદંડના આધારે ખેતીનું મૂલ્યાંકન થતું હતું. બાબાસાહેબની રજૂઆત અર્થતંત્રના વ્યાપક સિદ્ધાંતોના આધાર ઉપર હતી અને તેથી તે શાશ્વત હતી.

મુંબઈ વિધાનમંડળમાં ૧૯૨૭માં નાના જમીન માલિકોનાં હિતોના રક્ષણ માટે એક ખરડો દાખલ કરવામાં આવ્યો હતો. આ ખરડા પરની ચર્ચા દરમિયાન ડૉ. બાબાસાહેબે ભારતમાં ખેતી તેમજ ખેડૂતોની સ્થિતિ બાબતે પોતાના વિચાર રજૂ કર્યા હતા. એ જ રીતે Small Holding s in india and their Remedies (ભારતના નાના જમીનધારકો) શીર્ષક હેઠળ એક વિસ્તૃત લેખ જર્નલ ઑફ ધ ઈન્ડિયન ઈકોનોમિક સોસાયટીમાં લખ્યો હતો. વિધાનમંડળમાં રજૂ કરેલા તેમજ આ લખેમાં લખેલા વિચારો એક સમાન જ હતા. અલબત્ત, લેખમાં એ વિચારને વધુ વિસ્તૃત સ્વરૂપ અને પૂરતા પ્રમાણો સાથે રજૂ કર્યો હતો.

એ સમયે સરકારમાં વિચારણા ચાલતી હતી કે જમીનના નાના-નાના ટૂકડા થવાને કારણે ખેતી લાભદાયક રહી નથી. ખેતી ઉપર નિર્ભર પરિવારનું ગુજરાન હવે ખેતી ઉપર નથી ચાલતું. નાના-નાના ટૂકડામાં વહેંચાયેલી ખેતી અલગ અલગ

સરવે પટ્ટામાં હોય છે. આ રીતે વેરવિખેર જમીનમાંથી શું મેળવી શકાશે? એ ચર્ચાનો મુદ્દો હતો. બીજે મુદ્દો એ હતો કે ભાગ પાડવાથી નાના નાના ટુકડામાં વિભાજિત જમીનને શું એક કરી શકાશે? ત્રીજો મુદ્દો હતો, એક ચોક્કસ મર્યાદા પછી શું જમીનનું વિભાજન અટકાવવાનું શક્ય છે? અર્થાત્ વેરવિખેર જમીન તેમજ નાના નાના ટુકડામાં વિભાજિત જમીનને એક કેવી રીતે કરી શકાય એ ચર્ચાનો વિષય હતો. આ માટે 'વડોદરા સમિતિ' નામે એક સમિતિ બનાવવામાં આવી હતી. એ સમિતિનો અહેવાલ પણ પ્રકાશિત થયો હતો. બાબાસાહેબે ઈન્ડિયન ઈકોનોમિક સોસાયટીના લેખમાં એ અહેવાલની સમીક્ષા કરી હતી.

**વિધાનમંડળની ચર્ચામાં નીચેના મુદ્દા મુખ્ય હતાઃ**

--- જમીનના નાના નાના અલગ અલગ ટુકડા કૃષિ વિકાસમાં અવરોધક બને છે.

--- નાના ટુકડામાં વહેંચાયેલી ખેતી લાભદાયક નથી.

--- વ્યાપક સ્તરે થતી ખેતી લાભદાયક બને છે.

ચર્ચામાં ભાગ લેતાં બાબાસાહેબે અર્થશાસ્ત્રીય દૃષ્ટિકોણ રજૂ કરતાં કહ્યું હતું કે, નાના પાયે થતી ખેતી લાભદાયક નથી હોતી અથવા આર્થિક દૃષ્ટિએ તે યોગ્ય નથી એ વાતથી હું સંમત નથી. ખેતી આર્થિક રીતે લાભદાયક હોય કે ન હોય તેનો આધાર તેના આકાર ઉપર નથી, પરંતુ ઉત્પાદનનાં અન્ય સાધનો ઉપર ખેતી લાભદાયક છે કે નહીં તેના ઉપર છે. ખેતીની ઉત્પાદક્તા મજૂર તેમજ મૂડી ઉપર આધારિત છે. ખેડૂત પાસે પૂરતા મજૂરો તેમજ પૂરતી મૂડી હોય તેમ છતાં જો ખેત ઉત્પાદન ઓછું થાય તો નાની ખેતી ખોટનો સોદો છે એવું આપણે કહી શકીએ. ત્યારપછી બાબાસાહેબે આ સંદર્ભમાં કહ્યું હતું કે, હવે વાસ્તવિક્તા એવી નથી. ખેડૂતો પાસે મજૂરો ઓછા છે, એટલું જ નહીં; પરંતુ મૂડીની અછત તો વધારે ગંભીર છે.

ખેતી લાભદાયક છે કે નુકસાનકારક તેનો આધાર એ કામમાં આપણે કેટલા મજૂરોની મદદ લઈએ છીએ તેમજ કેટલું મૂડીરોકાણ કરીએ છીએ તેના ઉપર છે. આ માટે એવી દલીલ કરવામાં આવી કે એક પરિવાર માટે પૂરતું અનાજ અને તેનું જીવનધોરણ જાળવી રાખવા જેટલી આવક જે આકારની ખેતી દ્વારા થાય તે આકારને આદર્શ માનવો જોઈએ, પણ બાબાસાહેબને આ તર્ક પસંદ નહોતો. તેઓ કહેતા કે, ખેતીના સંદર્ભમાં આર્થિક નિર્ણય કરવા માટે વપરાશ અને ક્ષમતાના માપદંડ ન હોઈ શકે. ખેડૂત પરિવારને ખેતીના આકાર સાથે સાંકળવાનું બાબાસાહેબને મંજૂર નહોતું. આર્થિક રીતે વિચાર કરવો હોય તો કોઈ યોજનામાં કરવામાં આવેલા આર્થિક રોકાણ (જેમાં મૂડી, મજૂર સહિત અન્ય બાબતો સામેલ હોય) તથા એ રોકાણ દ્વારા પ્રાપ્ત થતી આવકની સમીક્ષા કરવાની હોય છે. રોકાણની સરખામણીમાં આવક વધારે થાય તો વ્યવસાય લાભદાયી કહેવાય. આ જ બાબત ખેતીને પણ લાગેવળગે છે.

ડૉ. બાબાસાહેબ કહેતા, ભારતમાં ખેતી ઉપર નિર્ભર લોકોની સંખ્યા ઘણી વધારે છે. આજે આ સંખ્યા જેટલી છે તેની સરખામણીમાં ૧૯૨૭માં અનેકગણી વધારે હતી. કોઈ ખાસ આકારની ખેતી માટે પાંચ મજૂર કામ કરતા હોય અને પરિવારમાં રોજગારી વિના ૨૦ વ્યક્તિ હોય તો એ બધાએ ખેતરમાં કામ કરવા જતા હોય છે. અર્થશાસ્ત્રની ભાષામાં તેને ડિસ્ગાઈસ્ડ અનએમ્પલોયમેન્ટ (અદૃશ્ય બેરોજગારી) કહેવાય છે. લાગે એવું કે ૨૦ જણ કામ કરે છે, પરંતુ વાસ્તવમાં ત્યાં માત્ર પાંચ મજૂરની જરૂર હોય છે. આ રીતે જમીન ઉપર ૧૫ જણનો વધારાનો બોજ પડે છે, અને તેથી ખેતીમાંથી તેમનું પાલન-પોષણ થતું નથી. આ જ કારણે ખેતી લાભદાયક નથી એવું કહેવું યોગ્ય નથી. કૃષિની ઉત્પાદકતા વધારવી હોય તો ખેતી ઉપર નભતા વધારાના લોકોનો બોજ ઘટાડવો પડે. આવું કેવી રીતે થઈ શકે?

**આજે આ સંખ્યા જેટલી છે તેની સરખામણીમાં ૧૯૨૭માં અનેકગણી વધારે હતી. કોઈ ખાસ આકારની ખેતી માટે પાંચ મજૂર કામ કરતા હોય અને પરિવારમાં રોજગારી વિના ૨૦ વ્યક્તિ હોય તો એ બધાએ ખેતરમાં કામ કરવા જતા હોય છે**

બાબાસાહેબે આ પ્રશ્નો જવાબ એવો આપ્યો કે, ગ્રામ્ય ગરીબી, બેરોજગારી દૂર કરવાનો ઉપાય ઔદ્યોગિકીકરણ છે. કૃષિમાં જે વધારાના મજૂરો છે, તેઓ જો ઉદ્યોગમાં કામ કરશે તો કૃષિ ઉપર એટલો બોજ ઓછો થશે. આવું કરવાથી બે લાભ થશેઃ એક, જે મજૂરો ખેતીને બદલે ઉદ્યોગમાં કામ કરશે તો તેમને આવક થશે. એ આવકમાંથી અમુક હિસ્સો બચત કરી શકશે અને એ રીતે ધનસંગ્રહ થશે. એ મૂડીનો ઉપયોગ ખેતીના કામમાં કરી શકાશે. આ રીતે સરળ ભાષામાં બાબાસાહેબે આર્થિક વિચાર રજૂ કર્યા હતાઃ 'ટૂંકમાં ભલે એ વાત વિચિત્ર લાગે તેમ છતાં ઔદ્યોગિકીકરણ એ જ ભારતની કૃષિલક્ષી સમસ્યાનો સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. ઔદ્યોગિકીકરણની સાર્વત્રિક અસર થશે, અર્થાત્ દબાણ ઓછું થશે અને મૂડીની માત્રા વધશે જેને કારણે અર્થતંત્રનો વિકાસ થશે. એટલું જ નહીં, પરંતુ ઔદ્યોગિકીકરણ થવાથી જમીનનું વિભાજન થવાની શક્યતાઓ પણ ઘટી જશે. ઔદ્યોગિકીકરણ એ કુદરતી અને શક્તિશાળી ઉપાય છે અને તેથી આપણે ઉપર

જે અધકચરા ઉપાયો વિચાર્યા તેના બદલે આ ઉપાયનો વિચાર કરવો જોઈએ.'

ઔદ્યોગિકીકરણ અપનાવવાથી નાના નાના ટૂકડાઓમાં વહેંચાયેલી ખેતીની જમીન ફરીથી એક કરવાનો માર્ગ ખૂલશે. એ માટે કૃત્રિમ પ્રયાસ કરવાની જરૂર નહીં રહે. જે ખરડા ઉપર મુંબઈ વિધાનમંડળમાં ચર્ચા ચાલતી હતી તેમાં સૂચવેલો ઉપાય તો મૂળ સમસ્યા કરતાં વધારે ખતરનાક હતા. એ ઉપાય હતો કે નાના ટૂકડાનું એકત્રીકરણ કરીને એ જમીનનું માલિકત્વ એક વ્યક્તિને સોંપવું. તે સમયે હિન્દુ અને મુસ્લિમોના વારસાઈ અધિકારના કાયદા અંગે પણ ચર્ચા ચાલતી હતી. એ વારસાઈ અધિકાર કાયદા અનુસાર ઘરના મુખ્ય કર્તા-હર્તા પુરુષ (કાયદાની ભાષામાં ખેતીની જમીનના માલિક)ના નિધન પછી તેના વારસદારોમાં તેની સંપત્તિના ભાગ પડે. સ્થાવર અને જંગમ મિલકતના ભાગ પડે. આ ક્રમમાં સ્વાભાવિક રીતે ખેતીની જમીનની પણ વારસદારો વચ્ચે વહેંચણી થાય. આ અંગે એક મત એવો હતો કે આવી પ્રક્રિયા અટકાવવી જોઈએ. આવા પ્રકારના કાયદામાં ફેરફાર કરવા માટે કહેવું સરળ છે, પરંતુ તેનો અમલ એટલો જ મુશ્કેલ હતો.

ડૉ. બાબાસાહેબે તેનો સખત વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું, હિન્દુ કાયદામાં અનેક સ્થળે ખામી હોવા છતાં વારસાઈ હક અંગેના હિન્દુ કાયદામાં લોકહિત રક્ષણનો મજબૂત આધાર છે. હિન્દુ ધર્મમાં જે સામાજિક અને આર્થિક સમાનતા નિર્માણ પામી છે. તેને કારણે મોટી સંખ્યામાં લોકો ગુલામીમાં જકડાયેલા છે, પરંતુ ગુલામીમાં તેમની સ્થિતિ સારી છે તેનું કારણ હિન્દુ વારસા અધિકાર કાયદો જ છે. તેને કારણે ધનિકશાહી ઉપર અંકુશ આવ્યો છે. શ્રીમાન, સામાજિક ગુલામીની સાથે આર્થિક ગુલામી જોડી દેવાની અમારી ઈચ્છા નથી. સામાજિક રીતે ભલે તેઓ સ્વતંત્ર ન હોય, પરંતુ આર્થિક રીતે તેમને સ્વતંત્ર રહેવા દેવા જોઈએ અને તેથી વારસાઈ અધિકાર કાયદામાં બિનજરૂરી ફેરફાર કરવાનો હું સખત વિરોધ કરું છું.

જળસંકટ નિવારણની યોજના

વારંવાર દુષ્કાળ પડવાને કારણે પાણીની સમસ્યા કેટલી ગંભીર બની ગઈ છે તે આપણે જાણીએ છીએ. પાણી રાષ્ટ્રીય સમસ્યા છે અને તેના ઉકેલ માટે વ્યાપક રાષ્ટ્રીય દૃષ્ટિકોણ જરૂરી છે. સામાન્ય માણસો બાબાસાહેબને એક દલિત નેતા, અનામતની જોગવાઈ લાવનાર એક રાજકારણી તેમજ ભારતીય બંધારણના નિર્માતા પૈકી એક તરીકે જ ઓળખે છે. પાણીની સમસ્યા અંગે તેમણે કેવો રાષ્ટ્રીય ઉપાય સૂચવ્યો હતો તે વિશે ઘણા ઓછા લોકો જાણે છે.

**ડો. આંબેડકર ૧૯૪૨થી ૧૯૪૬ દરમિયાન વાઈસરોયના મંત્રીમંડળમાં હતા. તેમની પાસે શ્રમ, સિંચાઈ તેમજ ઊર્જા વિભાગ હતો. એ ગાળામાં આ ત્રણે ક્ષેત્રમાં તેમણે જે કામ કર્યું તેના આધારે તેમનો રાષ્ટ્રીય દૃષ્ટિકોણ જોવા મળે છે**

ડૉ. આંબેડકર ૧૯૪૨થી ૧૯૪૬ દરમિયાન વાઈસરૉયના મંત્રીમંડળમાં હતા. તેમની પાસે શ્રમ, સિંચાઈ તેમજ ઊર્જા વિભાગ હતો. એ ગાળામાં આ ત્રણે ક્ષેત્રમાં તેમણે જે કામ કર્યું તેના આધારે તેમનો રાષ્ટ્રીય દૃષ્ટિકોણ જોવા મળે છે. નદી-ખીણ યોજનાની સ્વીકૃતિ તેમના સમયમાં જ થઈ હતી અને બહુવિધલક્ષી એ યોજનાની શરૂઆત પણ ત્યારે જ થઈ હતી. દામોદર નદી-ખીણ, હીરાકુંડ નદી-ખીણ તથા સોન નદી યોજના તેમના સમયમાં જ શરૂ થઈ હતી. દામોદર અને મહાનદીમાં ચોમાસામાં ભારે પૂર આવતું, જેને કારણે ખેતી, સંપત્તિ, પશુધન તેમજ જનજીવનને ભારે નુકસાન થતું. દામોદર નદી તો દુઃખ આપનારી નદી તરીકે ઓળખાતી. પૂર સમયે આ નદીઓમાં આવતા પાણીનો કેવી રીતે સંગ્રહ કરવો તે અંગે નિષ્ણાતો વિચારણા કરતા હતા.

૧૫ નવેમ્બર ૧૯૪૩ તેમજ ૮ નવેમ્બર ૧૯૪૫ના રોજ વિવિધ પાંચ અધિવેશનમાં બાબાસાહેબે ભાષણ આપ્યાં હતાં. ઓડિશાની નદીઓના વિકાસ બાબતે વિવિધ સમિતિઓની ભલામણ અંગે બાબાસાહેબનો મત હતો કે, 'મને એ કહેતાં દુઃખ થાય છે કે વિવિધ સમિતિના સન્માનનીય સભ્યો આ સમસ્યાના ઉકેલ માટે યોગ્ય દૃષ્ટિકોણ રજૂ કરી શકતા નથી. તેમના મતે વધારે માત્રામાં આવતું પાણી આપણા માટે મુશ્કેલી કરે છે. જ્યારે ભારે માત્રામાં પાણી આવે ત્યારે એવા પ્રયાસ કરવા જોઈએ કે નદીનો પ્રવાહ સમુદ્ર સુધી યોગ્ય રીતે પહોંચે.'



ડૉ. આંબેડકરના મતે 'માણસો વધારાના પાણીને બદલે પાણીના અભાવની સમસ્યાથી વધારે ઘેરાયેલા છે. જળ એ સંપત્તિ છે એ હકીકત છે અને તેને બદલી ન શકાય. જળ સાર્વજનિક સંપત્તિ છે અને તેનું વિતરણ યોગ્ય રીતે થવું જોઈએ. આ રીતે ડૉ. આંબેડકરે ભારે પૂર અને વધારાના પાણીની સમસ્યાને અલગ દૃષ્ટિથી જોઈ એટલું જ નહીં, પરંતુ પાણીની સમસ્યાના રચનાત્મક અને અગત્યના પાસાં ઉપર વધારે ધ્યાન આપ્યું.'

ડૉ. બાબાસાહેબ સમક્ષ દેશની તમામ નદીની ખીણોનો વિકાસ કરવાની યોજના આવી હતી. વધારાના પાણીને રોકવું, તેમાંથી તળાવ-સરોવરનું નિર્માણ કરવું, તેમાંથી વીજળીનું ઉત્પાદન કરવું, ખેતીમાં સિંચાઈ માટે એ પાણીનો ઉપયોગ કરવો, એ જ પાણીનો ઉપયોગ જળ પરિવહન માટે કરવો તેમજ જંગલોની જાળવણી માટે એ પાણીનો ઉપગોય થાય એવા વિવિધ હેતુ એ યોજનાના હતા. તેને બહુલક્ષી યોજના કહેવાય છે. અમેરિકામાં ટેનેસી નદી-ખીણ યોજના પાછળ આ જ દૃષ્ટિકોણ હતો. બાબાસાહેબે ટેનેસી નદી-ખીણ યોજનાનો ગહન અભ્યાસ કર્યો હતો અને તેના આધારે ભારતમાં નદી-ખીણ યોજનાઓનો વિચાર રજૂ કર્યો હતો.

**ડો. આંબેડકરના મતે 'માણસો વધારાના પાણીને બદલે પાણીના અભાવની સમસ્યાથી વધારે ઘેરાયેલા છે. જળ એ સંપત્તિ છે એ હકીકત છે અને તેને બદલી ન શકાય. જળ સાર્વજનિક સંપત્તિ છે અને તેનું વિતરણ યોગ્ય રીતે થવું જોઈએ**

કોલકાતામાં ૧૯૪૫ની ત્રણ જાન્યુઆરીએ સરકારી અધિકારીઓ સમક્ષ તેમણે વક્તવ્ય આપ્યું. તેમાં તેમણે કહ્યું હતું, 'રેલવે માર્ગથી જળમાર્ગ - આપણી જળમાર્ગ નીતિનો ઉદ્દેશ માત્ર નહેર અને સિંચાઈ પૂરતો મર્યાદિત છે. રેલવે માર્ગ અને જળમાર્ગમાં કોઈ તફાવત નથી એ બાબતે આપણે હજુ સુધી ધ્યાન આપ્યું નથી. જેવી રીતે રેલવે માર્ગ માટે પ્રાદેશિક સરહદો નથી એવી જ રીતે જળમાર્ગ માટે પણ પ્રાદેશિક સરહદ ન હોવી જોઈએ. પરંતુ આપણા બંધારણમાં આપણે રેલવેમાર્ગ અને જળમાર્ગ વચ્ચે તફાવત રાખ્યો છે. આથી જ રેલવેને કેન્દ્રીય અને જળને પ્રાદેશિક બાબતો ગણવામાં આવે છે.

ડૉ. બાબાસાહેબ કહે છે : 'આ ભૂલનું નુકસાન સ્વાભાવિક રીતે ભારે છે. જેમ કે, કોઈ પ્રદેશને તેના જળસ્રોતનો ઉપયોગ વીજળી ઉત્પાદન માટે કરવો હોય, પરંતુ જ્યાં બંધનું નિર્માણ કરી શકાય તેમ હોય એ અલગ પ્રદેશમાં હોય અને વળી એ પ્રદેશ ખેતીપ્રધાન હોવાથી તેને વીજળી ઉત્પાદનની જરૂર ન હોય અથવા યોજનાનો અમલ કરવા માટે પૂરતું ભંડોળ ન હોય એ સંજોગોમાં એ પ્રદેશ બીજા જરૂરિયાતવાળા પ્રદેશને પોતાની જમીનનો ઉપયોગ કરવા દેશે નહીં. આ અંગે ફરિયાદો થાય તો પણ એ પ્રદેશ પ્રાદેશિક સ્વાયત્તતાના નામે પોતાની વાત પકડી રાખશે. જળસ્રોતોનો રેલવેમાર્ગ જેવો ઉપયોગ કરવા માટે બંધારણમાં ફેરફાર કરવાની વિચારણા યોગ્ય છે, પરંતુ આ માટે બંધારણ સુધારાની રાહ જોવાનું સરકારને જરૂરી નથી લાગતું. એ જ પ્રમાણે જળસ્રોતના ઉપયોગ માટે સંયુક્ત યોજનામાં સહયોગ કરવાની દરેક પ્રદેશ તૈયારી દર્શાવે તો બંધારણીય મુશ્કેલીઓ અવરોધક બની ન શકે.'

ડૉ. બાબાસાહેબ આ પ્રવચનમાં આગળ કહે છેઃ 'અમેરિકાની ટેનેસી ખીણ યોજનાના આધારે જો ભારતમાં જે તે પ્રદેશ સહયોગ કરે અને પ્રાદેશિક સરહદ ઓળંગવાની પરવાનગી આપે તો એવી યોજનાઓ ભારતમાં પણ અમલમાં મૂકી શકાય. આ કારણે ભારત સરકારે કેન્દ્રીય ટેકનિકલ વીજળી બોર્ડની રચના કરી છે તથા કેન્દ્રીય જળમાર્ગ, નહેર અને નાવવહન પંચ રચવાનો વિચાર થઈ રહ્યો છે. તેનો ઉદ્દેશ એ છે કે આ બંને સંગઠન જળસ્રોતોનો નહેર તેમજ સિંચાઈ સિવાય બીજી કેવી રીતે ઉપયોગ થઈ શકે તેમ છે તે અંગે રાજ્યોને સલાહ આપે. આ આધાર ઉપર દામોદર નદી ઉપર પ્રથમ યોજના તૈયાર થશે. દામોદર નદીમાં આવનાર પૂરને નિયંત્રિત કરવા માટે નહેર તેમજ સિંચાઈ, નૌકાવહન તેમજ વીજળી ઉત્પાદન કરવાનું લક્ષ્યાંક પણ હશે. કેન્દ્ર ઉપરાંત બિહાર અને બંગાળ પ્રદેશો સંયુક્ત રીતે આ યોજના ઉપર દેખરેખ રાખશે. આ યોજના માટે બંધની જગ્યા પ્રાથમિક મુદ્દો હશે. એ કારણે યોજનામાં માત્ર બિહારની ઇચ્છા નહીં, પરંતુ બંગાળની ઇચ્છાને પણ સાથે ધ્યાનમાં લેવામાં આવશે. વળી બંને પ્રદેશ ભલે પોતાની રીતે સ્થળ નક્કી કરે, પરંતુ છેવટનો નિર્ણય તો નિષ્ણાતોની સલાહને આધારે જ લેવાશે. આ યોજના બહુલક્ષી હશે. આ પરિષદની ફરજ આ કામને પૂર્ણ કરવા માટેની વ્યવસ્થા કરવાનું છે. આ યોજના દ્વારા આપણા જળમાર્ગો અંગે નવી નીતિ તૈયાર કરવા માટેનો માર્ગ મોકળો થશે અને દેશમાં ગરીબીમાં રહેતા લોકોની સ્થિતિ સુધારવા માટે એક વ્યવસ્થા ઊભી કરવા માટેનો પાયો રચાશે તેવી અપેક્ષા છે.'

ડૉ. બાબાસાહેબે વીજઉત્પાદન અંગે ઘણી ગંભીરતાથી વિચાર કર્યો હતો. ભારતે જો ઝડપી આર્થિક વિકાસ કરવો હોય તો ઉદ્યોગોને કોઈ અવરોધ વિના વીજળી મળે તેવી વ્યવસ્થા કરવી પડે. તેમના મતે 'ભારતની નદીઓ ઉપર બંધ બાંધીને મોટી મોટી વીજ યોજનાઓ શરૂ કરી શકાય

તેમ છે. આ બાબતે તેમના વિચાર સ્પષ્ટ હતા. ૧૯૪૩માં વીજનીતિ નિર્ધારક સમિતિ સમક્ષ તેમણે અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું. એ વક્તવ્યમાં તેમણે કહ્યું, વક્તવ્ય પૂરું કરતાં પહેલાં હું ભારતમાં વીજળીના વિકાસ માટે અગત્યના ઉદ્દેશોની જરૂરિયાત તેમજ મહત્ત્વ રજૂ કરનાર કેટલાંક નિરીક્ષણ તમારી સમક્ષ પ્રસ્તુત કરું છું. જે વ્યક્તિ પ્રમુખસ્થાને હોય તેમને આ વિષયના મહત્ત્વ અને ઉદ્દેશની વર્તમાન સ્થિતિ વિશે ખબર હોવી જોઈએ. જો આ અંગે તમે સંમત હોવ તો હું મારી જાતને જ પ્રશ્ન કરીશ. ભારતમાં સસ્તી અને પૂરતી માત્રામાં વીજળીની આપણે શું જરૂર છે?આ પ્રશ્નનો જવાબ એ છે કે, સસ્તી અને પૂરતી માત્રામાં વીજળી વિના ભારત ઔદ્યોગિકીકરણના માર્ગે ઝડપથી આગળ નહીં વધી શકે. હવે બીજો પ્રશ્ન એ થાય કે શું ઔદ્યોગિકીકરણની જરૂર છે? અને તમને તેના મહત્ત્વ વિશે તરત જ સ્પષ્ટતા મળી જશે. પ્રશ્ન છે અને તેનો જવાબ પણ છે. ગરીબીમાંથી છુટકારો મેળવવાના સાધન રૂપે આપણે ભારતમાં ઔદ્યોગિકીકરણ કરવું પડે.'

ભારતના સુનિયોજિત જળ વિકાસ માટે બાબાસાહેબ જે વિભાગના મંત્રી હતા તે વિભાગે જળમાર્ગ, જળ સિંચાઈ તેમજ નૌકાવહન પંચની રચનાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેના ઉપર સમર્થન-વિરોધમાં ઘણી ચર્ચા પછી છેવટે તે મંજૂર કરવામાં આવ્યો અને તેના અધ્યક્ષ તરીકે એ. એન. ખોસલાની નિમણૂક થઈ હતી. એ. એન. ખોસલા આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રખ્યાત એન્જિનિયર હતા અને બંધ નિર્માણની બાબતમાં તેઓ તેમની ગણતરી આંતરરાષ્ટ્રીય નિષ્ણાત તરીકે થતી હતી. તેમની આ નિમણૂકનો કિસ્સો પણ રસપ્રદ છે. આ પંચમાં કોઈ ભારતીયની નિમણૂક થાય તેમ બાબાસાહેબ ઇચ્છતા હતા. સરકાર અંગ્રેજોની હતી. અંગ્રેજ ઇચ્છતા હતા કે આ હોદ્દા પર કોઈ અંગ્રેજની નિમણૂક થાય. બાબાસાહેબે ખોસલા સાથે વાત કરી, પરંતુ તેઓ જવાબદારી લેવા તૈયાર નહોતા. બાબાસાહેબે તેમને મળવા બોલાવ્યા અને કહ્યું કે આ પંચમાં કોઈ અંગ્રેજની નિમણૂક માટે મારા ઉપર દબાણ વધી રહ્યું છે, પરંતુ હું ઇચ્છું છું કે આ કામ કોઈ ભારતીય કરે, અને તમે એ કરી શકો એવું મને લાગે છે. બાબાસાહેબે આવું કહ્યા પછી ખોસલાએ હોદ્દાનો સ્વીકાર કર્યો હતો.

દામોદર નદી-ખીણ યોજના, મહાનદી ખીણ યોજના તેમજ સોન નદી યોજના દેશની સ્વતંત્રતા પછી પૂર્ણ થઈ. તેનો શ્રેય નહેરુને આપવામાં આવે છે, પરંતુ ઐતિહાસિક રીતે આ વાત ખોટી છે. આ બાબતે શ્રી સુખદેવ થોરાત કહે છે, ત્યાર પછી એક પ્રસંગે કટકમાં જવાહરલાલ નહેરુની હાજરીમાં ડૉ. ખોસલાના અધ્યક્ષપદે એક સમારંભ થયો હતો. તે સમયે બાબાસાહેબ મંત્રીમંડળમાં નહોતા. આ સમારંભમાં નહેરુએ 'આ બંધ ભારતનાં આધુનિક મંદિર છે' એવું નિવેદન કર્યું હતું જે ઘણું લોકપ્રિય થયું હતું. પરંતુ ડૉ. ખોસલાએ અધ્યક્ષપદેથી વક્તવ્ય આપતાં વિનમ્રતાપૂર્વક સ્પષ્ટ કર્યું હતું કે આ યોજનાનો પ્રારંભ કરવામાં ડૉ. આંબેડકરનો ઘણો મોટો ફાળો હતો. તેમણે પ્રજાને સંબોધીને કહ્યું હતું કે, નહેરુ જેને ભારતનું આધુનિક મંદિર કહે છે તેનો પાયો નાખવાનું કામ ડૉ. આંબેડકરે ૧૯૪૨-૪૬ દરમિયાન કર્યું હતું.

ભારતમાં વીજળી તેમજ જળમાર્ગ વિકાસ સંદર્ભે બાબાસાહેબનું યોગદાન મહત્ત્વનું છે, કેમકે તેની પાછળ દેશની ગરીબી દૂર કરવાની મહત્ત્વાકાંક્ષી યોજના હતી. ભારતમાં ગરીબી દૂર કરવી હોય તો ખેતીના વિકાસની સાથે સાથે ઔદ્યોગિક વિકાસ પણ જરૂરી હતો અને બંનેના વિકાસમાં પાણી અગત્યનું ઘટક છે. પાણી વિના છેલ્લાં કેટલાંક વર્ષોમાં દેશના અલગ અલગ ભાગમાં લોકો કેવા બેહાલ થયા હતા એ આપણે સારી રીતે જાણીએ છીએ. મુશ્કેલીનો સામનો ગરીબોએ જ વધારે કરવો પડે છે. એ બાબતે ડૉ. આંબેડકરે અલગ અલગ વક્તવ્ય આપ્યાં છે જેમાં પોતાનો દૃષ્ટિકોણ વ્યક્ત કર્યો હતો.

**બાબાસાહેબે ભારતમાં નદીઓ અંગે જે રીતે વિચાર કર્યો હતો એ જ રીતે દેશની ખનીજ સંપત્તિ અંગે પણ વિચાર વ્યક્ત કર્યા હતા. ભારતની ખનીજ સંપત્તિ અંગે તેમણે કહ્યું, 'ભારતની ખનીજ નીતિ બાબતે અત્યંત અજ્ઞાન અને ખોટી માન્યતાઓ છે**

બાબાસાહેબે ભારતમાં નદીઓ અંગે જે રીતે વિચાર કર્યો હતો એ જ રીતે દેશની ખનીજ સંપત્તિ અંગે પણ વિચાર વ્યક્ત કર્યા હતા. ભારતની ખનીજ સંપત્તિ અંગે તેમણે કહ્યું, 'ભારતની ખનીજ નીતિ બાબતે અત્યંત અજ્ઞાન અને ખોટી માન્યતાઓ છે.' તેમના મતે, 'કોઈ પણ સરકારની ખનીજ નીતિ મૂળભૂત રીતે તેની ઔદ્યોગિક નીતિ ઉપર આધારિત હોય છે.' તેઓ કહે છે, 'આપણે ત્યાં ભૂગર્ભ સર્વેક્ષણ ખાસ નથી થયાં. એ માટે ભારતીય ભૂગર્ભ સર્વેક્ષણની પુનઃરચના કરવી જરૂરી છે.' આ સર્વેક્ષણમાં (૧) યાંત્રિક ભૂગર્ભશાસ્ત્ર, (૨) ઉદ્યોગોમાં ખનીજનો ઉપયોગ, (૩) કેન્દ્રીય ખનીજ વિકાસ, (૪) ભૂભૌતિક કામગીરી તથા (૫) ખનીજ તેલ વિકાસ જેવા વિષયો સામેલ કરવા બાબાસાહેબે સૂચન કર્યા હતાં. ખનીજ સંપત્તિ ઉપર નિયંત્રણ તેમજ તે અનુસાર કાયદો બનાવવો જરૂરી છે. એ અંગે તેમણે કહ્યું, 'એક, દેશવ્યાપી ખનીજ વિકાસ તથા સુરક્ષાની દૃષ્ટિએ ખનીજોનું મહત્ત્વ છે. બીજું, ખનીજનું ટેકનિકલ સ્વરૂપ. ત્રણ, ખનીજના પ્રયોગનો

ઉદ્દેશ. ચાર, ખનીજ અથવા તેમાંથી નિર્મિત ઉત્પાદનોનું મૂલ્ય. આપણી કાયદાકીય જોગવાઈઓ બે વર્ગમાં આવે છે અથવા ખનીજોને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવે છે. એ બંને વર્ગ સામાન્ય નિયંત્રણમાં રહેશે અને સમાન્ય નિયંત્રણ અનુસાર સંભવિત અથવા ઉત્ખનન લાઈસન્સ મંજૂર કરવાં, એવાં લાઈસન્સના નિયમ તેમજ શરતો નિર્ધારિત કરવી તથા લાઈસન્સ રદ કરવાં એ આપણો સીમિત અધિકાર રહેશે. વધારે વિસ્તૃત નિયંત્રણ માટે અન્ય ખનીજ છે. આવાં ખનીજોની સંખ્યા ૨૮ છે. વિસ્તૃત નિયંત્રણ હેઠળ લાઈસન્સ મંજૂર કરવાના અધિકારની સાથે સાથે ઉત્ખનનની પદ્ધતિ, પ્રક્રિયા, શ્રેણીનું વર્ગીકરણ, ઉત્ખનન કામગીરીમાં સુધારા માટે નિર્દેશ આપવા તેમજ ખરીદી પ્રક્રિયા ઉપર નિયંત્રણનો અધિકાર તેમજ સંવર્ધિત ઉપયોગ માટે અનુસંધાન શરૂ કરવાના અધિકારનો સમાવેશ થાય છે.'

ડૉ. બાબાસાહેબ કહે છેઃ 'શ્રી નિયોગી દ્વારા રજૂ કરવામાં આવેલા મુદ્દાના સંદર્ભમાં મૂળ પ્રશ્ન એ છે કે શું આપણે ખનીજોની નિકાસ સંપૂર્ણ અટકાવી શકીએ છીએ?આ પ્રશ્નના જવાબમાં જો આપણી પાસે ખનીજ ન હોય તો તેની આયાત કરી શકીએ છીએ કે કેમ તેના ઉપર નિર્ભર છે. ભારતમાં તેલ, તાંબું, સીસું, જસત, ટિન અને ગંધક જેવાં અગત્યનાં ખનીજોની અછત છે. આ પ્રકારના અછતવાળાં ખનીજોની નિકાસ નિયંત્રિત કરવી એ માર્ગ સરકારને સુરક્ષિત લાગે છે અને બીજું એ કે ખનીજ કાચા સ્વરૂપમાં નિકાસ કરવામાં ન આવે, પરંતુ તે માટે આપણા દેશમાં જ સંબંધિત ઉદ્યોગ સ્થાપવા એ લાભદાયક છે. તેલ ઉત્ખનન અંગે ઉત્ખનન અને સંભવિત લાઈસન્સ મંજૂર કરવાનું હાલ સ્થગિત રાખવામાં આવ્યું છે. તેનું કારણ એ છે કે સરકાર નથી ઈચ્છતી કે વિવિધ તેલ કંપનીઓ પોતાના લાભ માટે ટેકનિકલ કર્મચારીઓને પોતાની સેવામાં રોકી ન લે. આવા કર્મચારીઓની ઘણી અછત છે. આ પ્રતિબંધ યુદ્ધ સમાપ્ત થાય ત્યાં સુધી અને ત્યારપછી થોડો સમય સુધી રહેશે. લાઈસન્સ મંજૂર કરવાનો અધિકાર પ્રાદેશિક સરકારોનો છે, પરંતુ પ્રાદેશિક સકારે બિન-અંગ્રેજ વ્યક્તિઓ ઉપર પ્રતિબંધ લગાવવાના ૧૯૧૯ના કાયદા હેઠળના નિયમોનું હજુ સુધી પાલન કરે છે. આવાં લાઈસન્સ ઈચ્છતી કંપનીઓમાં કર્મચારી ભારતીય હોવા જોઈએ અથવા તેના નિદેશકમંડળમાં મુખ્યત્વે બ્રિટિશ સભ્ય હોવા જોઈએ. કોલસાને નવા કાયદામાં સામેલ કરવામાં આવશે. તેમાં કોલસાનું ઉત્ખનન, વિભાગીકરણ, વેચાણ તેમજ નિમ્ન સ્તરના કોલસાનો ઉપયોગ જેવા મુદ્દા સામેલ છે. ખાણમાલિક તેમજ તેના વેપાર સાથે જોડાયેલા તમામ વિભાગનો સહયોગ આ કાયદાના અમલ માટે જરૂરી છે. આમ, સર્વસમાવેશ કાયમી ખનીજ નીતિ ત્રણ બાબતો ઉપર આધારિત હશે. દેશમાં ઔદ્યોગિકીકરણનો પ્રારંભ થાય તો વધારે નક્કર ખનીજ નીતિ જરૂરી બનશે. બંધારણીય જોગવાઈ, પ્રાદેશિક કેમજ કેન્દ્રની વચ્ચે અધિકારીઓની વહેંચણી અને સરકારની ભૂમિકા એ બાબતો ઉપર પણ ખનીજ નીતિની સફળતા તેમજ ઉપયોગિતા નિર્ભર છે.'

**જાતિવાદમુક્ત, શોષણમુક્ત, સમતામય-બંધુતામય અને આર્થિક રીતે સમૃદ્ધ ભારતની તેમની કલ્પના હતી. સમગ્ર ભારતવાસીના સાથથી જ દેશનો સર્વાંગીણ વિકાસ થઇ શકે એ બાબાસાહેબના વિચારોમાં જોઇ શકાય છે**

બાબાસાહેબ આ રીતે આપણી ધરતી તેમજ એનાં કુદરતી સંસાધનો અંગે વિચારતા હતા. આ વિચાર સર્વસમાવેશક તેમજ તમામ માટે કલ્યાણકારી હતા. બીજા શબ્દોમાં કહીએ તો તેની પાછળ એક નિશ્ચિત રાષ્ટ્રીય દૃષ્ટિકોણ હતો. તેની પાછળ આ દેશને સમૃદ્ધ કરવાની, ગરીબીમુક્ત ભારત કરવાની ભાવના હતી.

માત્ર સમૃદ્ધિનું નિર્માણ કરવાથી કામ ન ચાલે. રાષ્ટ્ર સલામત અને સુરક્ષિત પણ હોવું જોઇએ. તેથી રાષ્ટ્રની સુરક્ષા અંગે ગંભીરતાથી વિચાર થવો જોઈએ. જાતિવાદમુક્ત, શોષણમુક્ત, સમતામય-બંધુતામય અને આર્થિક રીતે સમૃદ્ધ ભારતની તેમની કલ્પના હતી. સમગ્ર ભારતવાસીના સાથથી જ દેશનો સર્વાંગીણ વિકાસ થઇ શકે એ બાબાસાહેબના વિચારોમાં જોઇ શકાય છે.

*આઈ-૭, મધુરમ કોમ્પલેક્ષ, પેટ્રોલ પંપ પાછળ,*
*જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૧૫.*
*મો : ૯૮૨૫૦૪૪૭૩૪*



“માંડી વાળ્યુ મીઠડી”

જયદીપ એન. ઠાકર
મો. 9426851097





"પંખી સભા"
દેશલ બી. પગી
મો. 9427045889


“હાલો ખેતરે બાપલા...”
અશોક ખાંટ
મો. 9879650675



"મનોરથ"
ધ્રુવી રાજીવભાઇ પારેખ
મો. 9924344998

# ગાંધીજી, જવાહરલાલ નહેરુ અને સરદારસાહેબ મારી નજરે : મોરારજીભાઈ દેસાઈ

*- અજય મો. નાયક*


**આ**ઝાદીનો અમૃત મહોત્સવ ચાલી રહ્યો છે. એટલે સ્વભાવિક રીતે જ આઝાદીના જંગમાં આહુતિ આપનારા, આ જંગના નેતાઓ, સેનાપતિ, સૈનિકો અને છેવટે જેના માટે આ જંગ ખેલાયો એ લોકોને અંજલિ અપાય એ જ ઈષ્ટ છે. દરેક સ્તરે આ માટે પ્રયાસો થયા અને હજી થઈ રહ્યા છે. ખાસ કરીને નવી પેઢી માટે આ ઈતિહાસ ખૂબ જ જરૂરી છે. અભ્યાસક્રમમાં ઈતિહાસ ભણાવાય એ અલગ બાબત છે અને આઝાદીના જંગના નેતાઓના વ્યક્તિત્વ વિશે લખાય એ અલગ બાબત છે. સમયાંતરે આવું લખાતું રહે તો નવી પેઢીના મનમાં એ બાબત જાગતી રહે છે અને તેને પ્રેરણા પણ મળે છે. આ જંગના ત્રણ મુખ્ય હીરો છે. એક વડા અને તેના બે સેનાપતિ. આ વડા એટલે મહાત્મા ગાંધીજી અને સેનાપતિ એટલે દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ તથા દેશને જોડનાર તથા જર્મનીના બિસ્માર્કને પણ આંટી મારી દે તેવી કુનેહ બતાવનાર સરદાર વલ્લભભાઈ પટેલ. આ ત્રણે વિશે તેમની સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા તથા તદ્દન નજીકથી જોનાર દેશના પ્રથમ બિનકૉંગ્રેસી વડાપ્રધાન મોરારજીભાઈએ તેમની આત્મકથા - 'મારું જીવનવૃતાંત'માં એક-એક પ્રકરણ આલેખ્યું છે. મોરારજીભાઈએ તેમના સ્વભાવ મુજબ નિર્ભીક થઈને તેઓ પોતે આ ત્રણે મહાનુભાવ વિશે જે માનતા હતા એ લખ્યું છે. અહીં તેમના જ શબ્દોમાં તેના અંશો રજૂ કરાયા છે...

**ગાંધીજી ભુલાઈ જશે તો દેશનો નાશ થશે :**

મોરારજીભાઈ ગાંધીજી વિશે આ રીતે જણાવે છે કે... ૧૯૧૫ની કૉંગ્રેસમાં જ્યારે મેં એમનાં પહેલી વાર દર્શન કર્યાં અને ત્યાં બંગાળના તથા બીજા પ્રદેશોના પ્રતિનિધિઓ સાથે એમનો સંવાદ સાંભળ્યો ત્યારથી એમની મારા પર ઊંડી છાપ પડી હતી. એમનાં 'યંગ ઈન્ડિયા' અને નવજીવન હું નિયમિત રીતે વાંચતો હતો અને મારી બ્રિટિશ રાજ્યની બાર વર્ષની નોકરીમાં છેલ્લાં ત્રણ વર્ષ તો હું માત્ર ખાદી જ વાપરતો હતો. પહેલેથી જ મારામાં ધર્મ પ્રત્યેની અને એમાંય ગીતા પ્રત્યેની ઊંડી શ્રધ્ધા હતી. મહાત્મા ગાંધીજીનાં લખાણોથી એમાં વૃદ્ધિ થઈ. જીવન વિશેના એમના સિદ્ધાંતો પ્રત્યે પણ મારી રુચિ પહેલેથી જ હોવાથી એ સિદ્ધાંતો મારામાં દઢ બન્યા.

મહાત્મા ગાંધીજીએ આ દેશની પરિસ્થિતિમાં જે કામ કર્યું એ એક અનોખો ઈતિહાસ છે. આ દેશના ઈતિહાસમાં એનું મહત્ત્વ પુરાણો કરતાં ઓછું રહેવાનું નથી. એ સમયે સ્વરાજ કેવી રીતે મેળવવું એ ખ્યાલ કોઈને ન હતો. મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહનો સંદેશો દેશને આપ્યો. ચંપારણ, ખેડા અને વિરમગામમાં તથા ભારતભરમાં રોલેટ ઍક્ટ વગેરેની સામે સત્યાગ્રહ કરી લોકોમાં જાગૃતિ પેદા કરી. અનેક શક્તિશાળી માણસોને એમની તરફ આકર્ષ્યા અને કૉંગ્રેસને તથા દેશના જાહેર જીવનને એમણે સમૃદ્ધ બનાવ્યાં. પંડિત મોતીલાલ નહેરુ, હકીમ અજમલખાન, ડૉ. અન્સારી, ચિત્તરંજનદાસ, સરદાર વલ્લભભાઈ પટેલ, પં. જવાહરલાલ નહેરુ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, રાજાજી, સરોજિની નાયડુ જેવા અનેક મહારથીઓ એમણે બનાવ્યા. આ બધામાં અંદરની શક્તિ તો પડેલી જ હતી પરંતુ એમનામાં જે નવી પ્રતિભા ઊભી થઈ એમાં મહાત્મા ગાંધીનો મોટો ફાળો હતો. એમને પોતાને તો કશું જ જોઈતું ન હતું. સાદાઈથી રહીને નિઃસ્વાર્થ સેવા કરવામાં તેઓ માનતા હતા. તેથી માણસોને ઘડવામાં તેઓ સફળ થયા. એમની સાથેની મારી કેટલીક ચર્ચાઓ અને અનુભવ પરથી મને ખાતરી થઈ હતી કે તેઓ એક ધાર્મિક મહાપુરુષ હતા અને એમનો ધર્મ માનવ ધર્મ હતો. એટલે જ તેઓ શુદ્ધ સાધનોમાં માનતા હતા. સત્ય અને અહિંસાનાં સાધનોમાં એમને જે વિશ્વાસ હતો એ એટલો બધો પ્રચંડ હતો કે જેમને એમાં શ્રદ્ધા ન હતી એવાઓને પણ આ તત્ત્વો પ્રત્યે એમણે આકર્ષ્યા હતા અને એમણે પણ શુદ્ધ સાધનોનું મહત્ત્વ સ્વીકાર્યું હતું. ભારતની જનતા આ પહેલાં નિર્ભય ન હતી. સૈકાઓથી એ કમજોર થઈ ગયેલી હતી. એટલે જ એમની વાત સ્વીકારવા છતાં એમના ઘણાખરા અનુયાયીઓ એમને રસ્તે પૂરેપૂરા

**મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહનો સંદેશો દેશને આપ્યો. ચંપારણ, ખેડા અને વિરમગામમાં તથા ભારતભરમાં રોલેટ એક્ટ વગેરેની સામે સત્યાગ્રહ કરી લોકોમાં જાગૃતિ પેદા કરી**



ચાલી શક્યા ન હતા. પરંતુ એમની સાથેના સહવાસથી અને એમની દોરવણીથી એમણે દેશને જગાડવાનું અને દોરવાનું અદ્‌ભુત કાર્ય કર્યું અને એથી દેશ સ્વતંત્ર થયો. જવાહરલાલ નહેરુની શ્રધ્ધા ઈશ્વરમાં ન હતી અને એમના ઉપર આધુનિક વિજ્ઞાનની ભારે અસર થયેલી હતી. એમની માન્યતાઓ કેટલીક બાબતોમાં મહાત્મા ગાંધીજી કરતાં સાવ જુદી જ હતી. પરંતુ મહાત્મા ગાંધીજીની સત્ય અને અહિંસાના સાધનાથી જે તેજસ્વિતા પેદા થઈ હતી એનાથી એ આકર્ષાયા અને એમના અનુયાયી બન્યા હતા. મહાત્મા ગાંધીજીએ એમની શક્તિને બહાર લાવવામાં ઘણો ફાળો આપ્યો હતો. સરદાર વલ્લભભાઈ પટેલ પણ મહાત્મા ગાંધીજીના આકર્ષણથી જ જાહેર જીવનમાં આવ્યા અને એમના અનન્ય ભક્ત બન્યા. તેઓ એમની સાથે ચર્ચામાં સ્પષ્ટતાથી પોતાનું મંતવ્ય જાહેર કરતા પરંતુ આખરે એમનો નિર્ણય એ સ્વીકારી લેતા.૧૯૪૬ સુધી એમણે માત્ર ૧૯૪૦ના એ.આઈ.સી.સી.ના ઠરાવના એક અપવાદ સિવાય, હરેક વખત એમનો નિર્ણય કોઈ પણ જાતની આનાકાની વગર માન્ય રાખ્યો હતો.૧૯૪૦નો એ.આઈ.સી.સી.નો પૂનાનો ઠરાવ ભારતને જો સ્વરાજ્ય આપવામાં આવે તો દેશ મિત્રરાજ્યોને લડાઈમાં સાથ આપી શકે એ જાતનો હતો. એ ઠરાવમાં મહાત્મા ગાંધીજી વિરુદ્ધ એમણે મત આપ્યો હતો પરંતુ ૧૯૪૧માં એમણે કહ્યું હતું કે એમણે એ ભૂલ કરી હતી અને મહાત્મા ગાંધીજીના 'ક્વિટ ઈન્ડિયા'ના ઠરાવને એમણે વધાવી લીધો હતો. સરદાર તો કોઈક વાર એમ પણ કહેતા હતા કે એમણે એમના મગજને તાળું મારીને એની ચાવી મહાત્મા ગાંધીજીને સોંપી દીધી છે. સરદાર એમને દરેક બાબતમાં નિર્ભયતાથી પોતાનો અભિપ્રાય આપતા હતા, પરંતુ એમના નિર્ણયને એ તુરત સ્વીકારી લેતા હતા અને એ પોતાનો નિર્ણય હોય એ પ્રમાણે જ કામ કરતા હતા.

**આપણા પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ સાથે લગભગ ૧૯૩૧થી ઘરોબો ધરાવતા દેશના પ્રથમ બિનકોંગ્રેસી સરકારના વડા મોરારજી દેસાઈએ તેમની આત્મકથા 'મારું જીવન વૃત્તાંત'માં એક આખું પ્રકરણ જવાહરલાલ માટે ફાળવ્યું છે**

ઘણા એમ કહે છે કે ગાંધીજીને સૌ ભૂલી ગયા છે અને એમનાં વિચારો અને કાર્યપધ્ધતિ ભુલાઈ ગયાં છે. ઉપલક દૃષ્ટિએ આ વાત સાચી લાગે છે પરંતુ ગાંધીજીએ જે કાર્યપધ્ધતિ અને સિદ્ધાંતો પોતાના જીવનની મારફત આપ્યાં છે એ બધાં સનાતન તત્ત્વો છે અને એ તત્ત્વોને બધા કાળમાં ઉપયોગમાં લઈ શકાય એમ છે, તેથી એ કોઈ દિવસ સદંતર અદૃશ્ય થઈ શકે નહીં. મહાત્મા ગાંધીજીએ ધર્મભાવના જાગૃત કરવા માટે ભગીરથ પ્રયત્નો કર્યાં. આજે પણ સૌ કોઈ એમને રાષ્ટ્રપિતા તરીકે ગણે છે, એ બતાવે છે કે તેઓ ભુલાયા નથી અને ભુલાવાના પણ નથી. તેઓ જો ભુલાઈ જશે તો દેશનો નાશ થશે એવી માન્યતા ઉપર હું પહોંચ્યો છું.

**જવાહરલાલ દેખાડો કરવાની વૃત્તિવાળા હતા :**

આપણા પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ સાથે લગભગ ૧૯૩૧થી ઘરોબો ધરાવતા દેશના પ્રથમ બિનકૉંગ્રેસી સરકારના વડા મોરારજી દેસાઈએ તેમની આત્મકથા 'મારું જીવન વૃત્તાંત'માં એક આખું પ્રકરણ જવાહરલાલ માટે ફાળવ્યું છે. મૃદુલા સારાભાઈએ મોરારજીનો પરિચય જવાહરલાલ સાથે કરાવ્યો હતો. મોરારજી સ્પષ્ટવક્તા હતા અને તેઓ જે માનતા એ કહી દેતા. મોરારજી લખે છે કે તેમની પ્રથમ છાપ એવી હતી કે જવાહરલાલ પ્રપંચ અને કાવાદાવાથી દૂર રહેનાર, ભારે બુદ્ધિશાળી, હિંમતવાન અને નિર્ભય હતા, તથા દેશ અને દેશના ગરીબો માટે એમના દિલમાં તીવ્ર લાગણી પ્રવર્તતી હતી. સૌથી વધુ વખત જેલમાં જનારામાં તેઓ મોખરે હતા.

પણ મોરારજી લખે છે કે, વાસ્તવમાં તેઓ અધીરા તથા એક્ઝિબિશનિસ્ટ એટલે કે દેખાડો કરનાર હતા. લોકો પર પોતાનો પ્રભાવ પાડવાની વૃત્તિવાળા હતા. તેઓ લોકોના ટોળાને ખૂબ આવકારતા અને લોકપ્રિય થવા માટે એમનામાં જેટલી કુશળતા હતી તેનો પૂરો ઉપયોગ કરતા હતા. તેઓ ઘણી વાર કારના બૉનેટ પર ચઢી જતા અને એ રીતે લોકોને આકર્ષતા. તેઓ ગુસ્સે પણ થઈ જતા પણ પછી ખ્યાલ આવ્યો કે એમનો ગુસ્સો ઘણી વાર બનાવટી હતો. સામા માણસને દબાવવા તેઓ ગુસ્સો કરતા. એટલે કે જો દસ વ્યક્તિ પર ગુસ્સે થયા હોય તો એમાંથી સાતથી આઠ વાર તેમનો ગુસ્સો બનાવટી રહેતો.

તેમને બહુ ઓછા લોકો પર વિશ્વાસ હતો. મોરારજી લખે છે કે તેમને કેટલીક વાર એવી પણ શંકા જતી કે એમણે પૂરેપૂરો વિશ્વાસ તો કોઈના પર મૂક્યો નહીં હોય. તેથી બહુ જ ઓછા માણસ બે-ત્રણ વર્ષ એમના વિશ્વાસપાત્ર રહેતા. માત્ર કૃષ્ણમેનન પર છેવટ સુધી વિશ્વાસ રાખ્યો જે તેમને લઈ ડૂબ્યો. ઘણાંનું માનવું છે કે જવાહરલાલ માણસોની પરીક્ષા બરાબર કરી શકતા નહોતા. આથી જ ઘણી વાર તેઓ અયોગ્ય વ્યક્તિ પર ભરોસો મૂકી દેતા હતા. પણ મોરારજી લખે છે કે તેમને આવો અનુભવ થયો નહોતો પણ તેઓ જ્યારે દિલ્હી પહોંચ્યા પછી તેમને લાગ્યું કે જવાહરલાલ કેટલીક વાર માણસોની વચ્ચે ભેદ પડાવવા પણ કેટલાક માણસોનો ઉપયોગ કરતા હતા.

એમને સત્તાનો કે પૈસાનો લોભ નહોતો પણ એમની મહત્ત્વાકાંક્ષા દુનિયામાં સૌથી મહાન માણસ બનવાની હતી. મહાત્મા ગાંધી કરતાં પણ રાજપુરુષ તરીકે મોટા ગણાવાની એમની અભિલાષા હોવાનું મોરારજીએ અનુભવ્યું હતું. પોતાના વ્યક્તિત્વની અલગ છાપ પડે તે માટે તેઓ સતત પ્રયન્નશીલ રહેતા. કૃષ્ણમેનન મહાત્મા ગાંધી કરતાં જવાહરલાલની છાપ ઊંડી પડે એવો પ્રચાર હંમેશા કરતા. આથી જ કદાચ

જવાહરલાલ તેમના ઋણી હોવાનું તેઓ નોંધે છે.

પોતાની મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા માટે તેઓ રાજરમત પણ રમતા હતા. આવી રાજરમત માટે તેમણે કેટલાક માણસોનો ઉપયોગ કરવો પડતો. જે માણસોનો આવો ઉપયોગ કરવામાં આવે તેઓ પણ પોતાના સ્વાર્થ માટે ઉપયોગ થવા દેતા હોય છે. કોઈ સ્વાર્થરહિત માણસ આ રીતે પોતાનો ઉપયોગ થવા દે નહીં. તેથી જ જવાહરલાલ કેટલીક વખત ખોટા માણસોમાં ફસાતા હતા.

જવાહરલાલ જે માણસોનો ઉપયોગ કરતા હતા એમની ખુશામતમાં પણ તેઓ ફસાતા હતા અને તેથી ઘણી વખત તેઓ કાચા કાનના બનતા હતા. જો કોઈ માણસ એમનો વિરોધી છે એવું લાગે તો તેઓ તેનો ભરોસો કરતા નહીં. મોરારજીભાઈ લખે છે કે ૧૯૫૬માં તેઓ જવાહરલાલ કેબિનેટમાં જોડાયા. મૌલાના અબ્દુલ કલામનું તેઓ ખાસ સાંભળતા નહોતા, બલ્કે તેમને અવગણતા હતા. આ પરિસ્થિતિ તેમના મૃત્યુ સુધી રહી. સામાન્ય રીતે જવાહરલાલ એવો વ્યવહાર રાખતા કે જાણે તેમનામાં પૂર્વગ્રહ નથી પરંતુ તેમનામાં પૂર્વગ્રહ હતો. જેમની સામે તેમને પૂર્વગ્રહ હોય તેમની સામે પોતે કશું પગલું ના ઉપાડે પણ એમના વતીથી કોઈ માણસ એમને હેરાન કરે તો જવાહરલાલ તેમને ઠપકો આપતા નહીં, બલકે એ લોકોનો વ્યવહાર પસંદ કરતા હોય તેવું લાગતું.

સામાન્ય રીતે જવાહરલાલ નિર્ભય હતા. તેમને શારીરિક ભય કોઈ દિવસ લાગતો નહોતો. પૈસા કે સત્તાનો ભય પણ એમને લાગતો નહોતો. પરંતુ લોકપ્રિયતા ગુમાવવાનો ભય કાયમ રહેતો. તેઓ જ્યારે ખૂબ ગુસ્સે થઈ જાય ત્યારે ગમે તેમ કહી દેતા. ત્યારે બોલવામાં એમનો સંયમ રહેતો નહોતો. ક્યારેક કોઈની ઉપરનો ગુસ્સો બીજા પર પણ ઠાલવતા.

જવાહરલાલને ખૂબ જ અભ્યાસની ટેવ હતી. તેઓ હંમેશાં પુસ્તકો વાંચતા રહેતા. અદ્યતન સાહિત્યથી વાકેફ રહેવાનો પ્રયત્ન કરતા. પરંતુ હિન્દુ ધર્મ વિશેનું એમનું જ્ઞાન બહુ જ ઓછું હતું. એનું એક કારણ એ પણ હોઈ શકે કે જીવનનાં છેલ્લાં ત્રણ ચાર વર્ષ પહેલાં સુધી તેઓ ધર્મમાં આસ્થા રાખતા નહોતા. ઈશ્વરમાં શ્રદ્ધા રાખતા નહોતા અને હિન્દુ ધર્મ સામે પણ પૂર્વગ્રહ હતો.

તેઓ હંમેશાં ખોટું કરવાથી દૂર રહેવાનો પ્રયત્ન કરતા પરંતુ જેનો ઉપયોગ કરતા એની પાસે ખોટું કરાવવા તૈયાર રહેતા. એમના વતી કોઈ ખોટું કામ કરે એમ ઇચ્છતા, પણ એની જવાબદારી સ્વીકારવા તેઓ તૈયાર નહોતા. એ રીતે તેઓ બીજાને સ્કેપ ગોટ - હોળીનું નાળિયેર બનાવતા હતા. મોરારજીભાઈ લખે છે કે આ રીતે એમણે મહારાષ્ટ્ર-ગુજરાતને છૂટાં પાડવા સંબંધે તેમને સ્કેપ ગોટ બનાવ્યા હતા. તેઓ પોતે મહારાષ્ટ્ર-ગુજરાત જુદાં થાય અગર તો મુંબઈ મહારાષ્ટ્રમાં જાય એમ જરા પણ ઇચ્છતા ન હતા. આ અંગે તેમને અને જવાહરલાલને સ્પષ્ટ વાત પણ થઈ હતી. પરંતુ જાહેરમાં પોતે પૂર્વગ્રહરહિત છે એવું જ પ્રતિપાદન કરતા હતા. મહારાષ્ટ્રમાં લગભગ બધે એમણે એવી જાતનો દેખાવ ઊભો કર્યો હતો કે મહારાષ્ટ્ર જુદું થવામાં અને મુંબઈને એમાં ભેળવવામાં મોરારજીભાઈ જ વચ્ચે આવે છે. એ રીતે મોરારજીભાઈનો સ્કેપ ગોટ તરીકે ઉપયોગ થયો હતો.

મોરારજીભાઈને જવાહરલાલનો સદ્‌ભાવ મળ્યો હતો અને તેઓ મુંબઈ હતા ત્યાં સુધી એમનો પૂરો વિશ્વાસ હતો પણ એ જાહેરમાં સ્વીકારવામાં બહુ સાવધાની રાખતા. એમના જમાઈ ફિરોઝ ગાંધી સાથે પણ તેમનો સંબંધ સારો ન હતો. ફિરોઝ ગાંધીની વફાદારી અગર તો જાહેર વ્યવહાર માટે તેમને બહુ માન નહોતું. તેઓ ફિરોઝ ગાંધીથી નારાજ પણ હતા અને તેમનાથી ડરતા પણ હતા. સ્ત્રીઓ ઉપર એમની ભારે અસર રહેતી અને એ અસર રહે એવો વ્યવહાર તેઓ સ્ત્રીઓ સાથે ઘણી વાર રાખતા હતા.

છેલ્લે મોરારજીભાઈ લખે છે કે જવાહરલાલ હંમેશાં ચિંતન કરતા રહેતા પરંતુ એમના એ ચિંતનમાં તેઓ ભાગ્યે જ બીજા કોઈને ભાગીદાર બનાવી શક્યા હતા અને તેથી એ ચિંતનને હંમેશાં વ્યવહારુ બનાવવામાં તેઓ સફળ થયા ન હતા.

**સરદારસાહેબની યાદ એમના મૃત્યુ બાદ દિવસે દિવસે વધતી જાય છે :**

મોરારજીભાઈ દેસાઈ લખે છે કે સરદાર સાહેબ સાથે તેમની પહેલી મુલાકાત ૧૯૨૭માં થઈ હતી. તે વખતે મોરારજીભાઈએ અમદાવાદ મ્યુનિસિપાલિટીની ચીફ ઑફિસરની જગ્યા માટે ઉમેદવારી કરી હતી. આ મુલાકાત ઔપચારિક જ હતી. એ પહેલાં તેઓ જ્યારે ૧૯૧૯માં સેકન્ડ ક્લાસ મેજિસ્ટ્રેટ હતા ત્યારે સરદારસાહેબ તેમની કોર્ટમાં એક-બે વખત ફોજદારી કેસમાં આરોપી વતી દલીલ માટે આવ્યા હતા. એ વખતે મોરારજીભાઈએ તેમનામાં માણસના સ્વભાવની પરીક્ષા કરવાની શક્તિ ઘણી તીક્ષ્ણ હોવાનું અનુભવ્યું હતું. જરૂરિયાતથી વધુ શબ્દ બોલતા ન હતા. તેઓ નિર્ભય અને દઢનિશ્ચયી હતા. એમને કોઈ નમાવી ન શકે તેવી છાપ તે વખતે જ મોરારજીભાઈના મન પર સરદાર સાહેબ માટે પડી હતી.૧૯૩૦માં મોરારજીભાઈ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના મંત્રી બન્યા પછી એમના પૂરા સંપર્કમાં આવ્યા. એમની શક્તિ વિશે જે છાપ પહેલાં મોરારજીભાઈ પર પડી હતી તે વધુ



દૃઢ થઈ. મોરારજીભાઈ લખે છે કે સરદાર સાહેબ પોતાના સાથીઓ પાસેથી સારી રીતે કામ લઈ શકતા હતા. જો કોઈ અશુદ્ધ સાથી કે કાર્યકર એમની વિરુદ્ધ જાય તો તેમને સીધા કરતાં એમને વાર લાગતી ન હતી. તેમનો શબ્દ ભાગ્યે જ કોઈ ઉથાપતું હતું. પૈસાવાળા સાથે જેટલો નિકટ સંબંધ હતો એથીયે વિશેષ નિકટના સંબંધ એમનો મજૂર કાર્યકર્તાઓ અને મજૂરોની સાથે હતો. નાના ખેડૂતોને હંમેશા ટેકો આપનાર અને ગામડાંના પૂરા સમર્થક હતા. સાથીઓ એમને વફાદારી આપતા હતા અને એમની વફાદારી પણ સાથીઓને એટલી જ મળતી હતી બલકે, સુખદુઃખમાં સાથીઓની કાળજી જેટલી તેઓ રાખતા હતા એટલી ભાગ્યેજ કોઈ આગેવાને રાખી હશે અને કાળજી વિશે તેઓ બીજા કોઈને ખબર પણ પડવા દેતા ન હતા. પોતાના કુટુંબ વિશે કાંઈ વિશેષ એમણે વિચાર્યું ન હતું અને જ્યારે તેમનો સ્વર્ગવાસ થયો ત્યારે એમણે ડાહ્યાભાઈની કે મણિબહેનની કાળજી લેવા માટે કોઈને પણ ઈશારો સુધ્ધાં કર્યો ન હતો. મહાત્મા ગાંધીજીની સાથે સંપર્કમાં આવ્યા પછી એમણે એમનું આખું જીવન દેશસેવાને જ અર્પણ કરેલું હતું. એમનાં દીકરી મણિબહેને એમની જે સેવા કરી છે એવી સેવા ભાગ્યેજ કોઈ પુત્ર કે પુત્રીએ પોતાના પિતાની કરેલી મારા જાણવામાં આવેલી છે, એવું મોરારજીભાઈ લખે છે. મણિબહેને કોઈ દિવસ પોતાનાં સગવડ કે સુખદુઃખનો વિચાર કર્યો ન હતો. સરદારસાહેબનાં રહસ્ય મંત્રી તરીકે એમણે જે સેવા કરી એવી સેવા કોઈ પણ રહસ્યમંત્રી કરી શક્યા હોત એમ મને લાગતું નથી. સરદારસાહેબની બીજાઓ સાથેની ઘણીખરી ચર્ચામાં એ હાજર રહેતાં. વર્કિંગ કમિટીમાં પણ એ હાજર રહેતાં હતાં પરંતુ એમની પાસેથી કોઈને પણ એ બધી ચર્ચાને લગતી કશી વાત સાંભળવા મળતી ન હતી. એટલી એમની કાળજી અને એટલે જ સરદારશ્રીને જેટલો વિશ્વાસ મણિબહેનમાં હતો એટલો ભાગ્યે જ બીજા કોઈમાં હશે.

મોરારજીભાઈ આગળ લખે છે કે ૧૯૪૦-૪૧માં જ્યારે અમે જેલમાં સાથે હતા ત્યારે એમને પેટનું ભારે દર્દ ઊપડ્યું હતું. તેમ છતાં તેઓ કોઈ પણ સાથી પાસેથી સેવા લેતા ન હતા, એથી ઊલટું, સૌથી વહેલા ઊઠીને ચા તૈયાર કરી સાથીઓને તેઓ પાતા હતા. એમની દેખરેખ એટલી ઝીણી રહેતી કે એમની નજર બહાર ભાગ્યે જ કોઈ વસ્તુ જતી હતી. દેશભરમાં કૉંગ્રેસ સંસ્થા ઉપર જેટલો કાબૂ એમનો હતો એટલો બીજા કોઈ આગેવાનનો ન હતો. એનું કારણ પણ એટલું જ હતું કે એ સૌને મદદગાર થતા હતા અને બધી પરિસ્થિતિથી માહિતગાર રહેતા હતા. તેઓ બહારથી કઠોર લાગતા હતા અને કોઈ પણ કામ કરવું હોય તો એ કરવામાં અને તે સાચી રીતે અને સફળતાથી કરવામાં દયા-માયાને વચ્ચે આવવા દેતા ન હતા. પરંતુ તેમનું હૃદય બહુ કોમળ હતું.

જે સાથી એમની સાથે કામ કરતા હતા એમને સૌને એમનો આવો વારંવાર અનુભવ થયો હતો. કોઈ પણ જાતની દુઃખની લાગણી બતાવ્યા સિવાય સહન કરવામાં એમનો ભાગ્યે જ જોટો મળે.

એમણે જે રીતે ૫૫૦થી પણ વધારે દેશી રાજ્યોને ભારત દેશના સંઘમાં ભેળવી દીધાં એ જગતના ઇતિહાસમાં એક અજોડ ઘટના છે. બિસ્માર્કે જર્મનીની એકતા સાધી હતી, પરંતુ એ તો ઘણો નાનો દેશ હતો. એમાં થોડાં રાજ્ય હતાં અને એક જ કોમ હતી. એટલે પ્રમાણમાં સહેલું કામ હતું. જ્યારે અહીં દુનિયાભરની બીજા નંબરની વસ્તી હતી, રાજ્યોની સંખ્યા ૨૫ ગણી કે એથી પણ વધુ હતી. જુદા જુદા ધર્મોની માન્યતા ધરાવનાર કોમોની સાથે એમને કામ લેવાનું હતું. દોઢ વર્ષના ગાળામાં એમણે આ બધું સાધી લીધું. આ દેશી રાજ્યો દેશના એના એક હજાર વર્ષના ઇતિહાસમાં એકબીજાં સાથે સંકળાયેલાં ન હતાં, તેમ છતાં એમણે એ બધાંને એક જ રાજ્યમાં સાંકળી લીધાં હતાં. એમના સિવાય બીજું કોઈ આ કામ કરી શક્યું ન હોત એમાં મને શંકા નથી. ચીન અને તિબેટ વિશે એમણે જે કાગળ જવાહરલાલ નહેરુને લખ્યો હતો અને જે રીતે એમણે એમને ચેતવ્યા હતા એ પણ બતાવે છે કે એમાં એમની દૂરંદેશી કેટલી હતી. એમને તે વખતે જે ભય દેખાતો હતો એ ભય પાછળથી સાચો પડ્યો, કારણ કે સરદારસાહેબની ચેતવણી ઉપર જવાહરલાલજીએ જેટલું ધ્યાન આપવું જોઈએ એટલું ધ્યાન આપ્યું નહીં. કાશ્મીરનો સવાલ પણ જો સરદારસાહેબને સોંપાયો હોત તો હું માનું છું કે બે-ત્રણ વર્ષમાં જ એમણે એનો સુખદ ઉકેલ કરી નાખ્યો હોત. સરદારસાહેબ સાથે મને ૧૯૩૧થી ૧૯૫૦ એટલે કે લગભગ ૨૦ વર્ષ સુધી કામ કરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું અને એમની પાસેથી ઘણું શીખવાનું મળ્યું હતું.

જાહેર જીવનમાં વિચારો અને વ્યવહારની શુદ્ધિ વિશે એમણે જેટલી કાળજી રાખી હતી એટલી બહુ ઓછાઓએ રાખી હશે. છેલ્લાં ત્રણ વર્ષમાં એમણે મારા ઉપર જે વિશ્વાસ મૂક્યો હતો અને પ્રેમ વરસાવ્યો હતો એ હું કદી ભૂલી શકું એમ નથી. એમની ખોટ પૂરી શકાય એવી નથી. જેમ જેમ વર્ષો વીતતાં જાય છે તેમ તેમ જનતાને એમની વધારે ને વધારે યાદ આવતી જાય છે. દરેક મુસીબતના પ્રસંગે સૌ કોઈ તેમને યાદ કરે છે.

મહાન માણસો બે પ્રકારના છે : કેટલાકની યાદ એમના મૃત્યુ બાદ ઓછી થતી જાય છે, જ્યારે કેટલાકની યાદ મૃત્યુ પછી વધતી જાય છે. સરદારસાહેબની યાદ એમના મૃત્યુ બાદ દિવસે દિવસે વધતી જાય છે.

*એચ-૫/૪૧, નિધિ એપાર્ટમેન્ટ,*
*પ્રગતિનગર બસસ્ટેન્ડ સામે,*
*નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩*
*મો : ૯૮૨૫૪૬૪૪૮૧*

# કવિ-ચિત્રકાર અને એક માત્ર ઉર્દૂ દલિત કવિ !

નટુભાઈ પરમાર

Put out my eyes
and I can see you still,
Slam my ears too
and I can hear you yet.

જર્મન - ફ્રેન્ચ ભાષાના વિશ્વપ્રસિદ્ધ કવિ રિલ્કે (રેઇનર મારિઆ રિલ્કે, ૧૮૯૪-૧૯૨૫)ની આ એટલી જ વિખ્યાત કવિતા, આંખો લઈ લેવાશે તોયે (ઈશ્વરને) જોઈ શકવાની અને કાન દાબી દેવાશે તોયે (ઈશ્વરનો અવાજ) સાંભળી શકવાની વાત કરે છે.

આ કવિતાની સાથે જ હવે આ એક કવિતા જુઓ કે જ્યાં ઈશ્વર ખુદ સામે ચાલીને દર્શન દેવાને ઉપસ્થિત થયા છે તોયે છતી આંખે પણ કવિ એને જોઈ શકતો નથી ! કેમ ?

God, I did not recognise you,
You came out wearing light !
Every particles glimmers :
You passed through my desolate heart ?
You filled it with seven colours,
The page of my heart so colourless ?

કવિ કહે છે : હે ઈશ્વર ! (તમે આવ્યા પણ....) તમે એટલો બધો પ્રકાશ ઓઢીને આવ્યા કે (મારી આંખો અંજાઈ જવાથી) હું તમને ઓળખી ન શક્યો ! પણ હા, એ તમે જ છો ને જેણે મારા વેરાન હૃદયમાંથી પસાર થઈને મારા અણુએ અણુમાં ઝગમગાટ રેલાવી દીધો છે ? એ તમે જ છો ને જેણે મારા રંગવિહીન હૃદયને સાત-સાત રંગોથી ભરી દીધું છે ?

એક વિશ્વકક્ષાના કવિની કવિતાની લગોલગ ઊભી રહી શકે એવી કવિતા / કવિતાઓનો એક સર્જક - કવિ આપણી ગૂર્જરધરા પર શ્વસે છે અને વસે છે, એમ જો હું કહીશ, તો તમે પૂછશો : ખરેખર ?!

'આ સમયમાં આપણી વચ્ચે આ કવિ જેવો અન્ય કોઈ કવિ નથી. કવિતા દ્વારા અનેકો રંગ વિખેરતા આ કવિની કવિતામાં જો તમે પ્રવેશ કરશો તો તમને એનો સુગંધી ચેપ (Infection) લાગી શકે છે ! વળી આ ઇન્ફેક્શનનો કોઈ ઇલાજ પણ નથી ! એની કવિતામાં એક નશો છે. એક વાર વાંચ્યા પછી તમારા ચિતતંત્રમાં એ વસેલી રહેલી છે. આ કવિની વિન્સેટ વાન ગોઘ પરની કવિતા મેં પહેલીવાર વાંચી તે જ મારે માટે છેલ્લીવારની પણ બની રહી છે. ફરી મને એવી કવિતા સાંભળવા નથી મળી. પૂર્ણ પ્રામાણિકતા અને અદ્‌ભુત - અનોખાં રૂપકો-કલ્પકો સાથે રજૂ થતી એની કવિતા ક્ષિતિજની પેલે પાર વિસ્તરતી કવિતા છે.'

આ શબ્દો કોઈ પરિચયના જેઓ મોહતાજ નથી એવા પ્રસિદ્ધ કવિ, ગીતકાર, લેખક, પટકથાલેખક અને ફિલ્મ દિગ્દર્શક સંપૂર્ણસિંહ કાલરા ઉર્ફે ગુલઝારે, જન્મે ગુજરાતી કવિના એક કાવ્યસંગ્રહનું લોકાર્પણ કરતાં કહ્યા છે, એમ જો હું કહીશ તો તમે આશ્ચર્યથી જરૂર પૂછશો : એમ ?!

'આમ તો એક સમીક્ષક તરીકેની મારી ઓળખ છે છતાં મને એમ સ્વીકારવામાં લેશમાત્ર સંકોચ નથી કે, અમુક અંશે વ્યક્તિલક્ષી કે પક્ષપાતી બન્યા વિના આલોચનાત્મક પ્રશંસા થઈ શકતી નથી અને પ્રશંસા કરવાનું કામ સહેલું પણ નથી હોતું. ગાલિબ માટે કહેવાય છે કે, हम सुख़नफ़ह्म हैं गालिब के तरफदार नहीं । (અમે ગાલિબના શુભેચ્છક છીએ, તરફદાર નહીં - યાને ગાલિબને પારખવાની ક્ષમતા અમારામાંય છે !). કિન્તુ આ કવિની વાત નોખી છે. હું તો એટલું જ કહીશ કે બીજા અનેક કવિઓ કરતાં આ કવિ કંઈક અલગ છે. અત્યંત વિનમ્ર અને એકાંતપ્રિય આ કવિની કવિતાઓમાંથી હું બહુ જ નિરાંતે પસાર થયો છું અને તેણે મને અત્યંત પ્રભાવિત કર્યો છે.'

હજુ હમણાં જ (૧૫ જૂન ૨૦૨૨એ) ૯૧મા વર્ષે આપણી વચ્ચેથી વિદાય લઈ ચૂકેલા, ભારતીય સાહિત્ય અકાદમી પૂર્વ અધ્યક્ષ અને સાહિત્ય અકાદમી પુરસ્કાર પુરસ્કૃત, ગાલિબ એવોર્ડથી સન્માનિત, ઉર્દૂ - અંગ્રેજીના ખ્યાતિપ્રાપ્ત લેખક - સમીક્ષક પદ્મભૂષણ ગોપીચંદ નારંગે આપણા આ ગુજ્જુ કવિના વધુ એક કાવ્યસંગ્રહનું આમુખ

જયંત પરમાર અને તેમના ઉર્દૂ કાવ્ય સંગ્રહો



લખતાં આમ કહ્યું છે, એમ જો હું કહીશ તો તમે બોલી ઊઠશો : વાહ ?!

તમને એ પણ કહી જ દઉં જે ભારતના જાણીતા અંગ્રેજી કવિ અને પોતાની અંગ્રેજી ભાષાની કવિતાઓ માટેનો સૌ પ્રથમ એવો ભારતીય સાહિત્ય અકાદમી એવૉર્ડ મેળવનારા જયંત મહાપાત્રા (૯૪) એ, આપણી આ ગુજરાતવાસી શખ્સિયત માટે કહ્યું છે. મહાપાત્રાના શબ્દો છે : 'It is true that the man inside me / was really a beast' (એ સત્ય છે કે મારામાં વસતો માણસ ખરેખર તો એક જાનવર હતો) - આમ હિંમતપૂર્વક કહેતા કવિની કવિતામાં વિચારોની સ્પષ્ટતા તમને થથરાવી દેવાની તાકાત રાખે છે. આ કવિની કવિતામાંથી પસાર થવું મારા માટે એક અલૌકિક સાહિત્યિક અનુભવથી પણ કંઈક વિશેષ છે. ભાવનાત્મક અનુભૂતિની ગહનતા - વિશેષતા સાથેની એમની કવિકલ્પના મુક્ત અને નિરંકુશ છે ને છતાં એક અર્થમાં તે સાવ સીધી-સરળ પણ છે. એમની કવિતા અંતરમનથી ને હૃદયના ઊંડાણેથી આવતી કવિતા છે. આ કવિને સૌ કોઈ સાંભળી શકે તેમ મોટેથી વાંચવો જોઈએ.'

આટલું ઉખાણાની જેમ પૂછ્યા પછી આપ સૌ વાચકોની સાથે રહીને હું પણ એ જ કહીશ કે આપને આ કવિ વિશેની વાતો બહુ વાંચવા - સાંભળવામાં એટલે નથી આવતી કારણ કે ગુજરાતના વિપુલ ને થોકબંધ સાહિત્યમાં કે તેના અનૂદિત સાહિત્યમાંય કશેય-ક્યાંય આ કવિ આપણને વાંચવા નથી મળ્યા કે આ કવિ વિશે લેવાયેલાં આટઆટલાં ઓવારણાની ખાસ કોઈ ભાળ આપણને મળતી નથી.

ગુજરાતી સાહિત્યમાં બંગાળી, મરાઠી, હિન્દીથી માંડી દેશની વિભિન્ન ભાષાઓનું સર્જન ગુજરાતીમાં પણ અનૂદિત થઈને અવતર્યું છે ને તોયે ત્યાંય ક્યાંય આપણા આ પ્રભાવી કવિના કે એમના સર્જનના સગડ બહુ મળતા નથી, એ કોનું દુર્ભાગ્ય ? કોની કરામત ?

*

જયંત પરમાર નામ છે એમનું જેમના વિશે આપણે અહીં વાત કરી રહ્યા છીએ.

જયંત પરમાર (૬૭) રાણીપ - અમદાવાદમાં વસતા એક નિવૃત્ત ગુજરાતી બૅન્ક ઑફિસર છે, એવી એમની સામાન્ય ઓળખની સાથે એમની વિશિષ્ટ ઓળખ એ છે કે, તેઓ આ દેશના એક લબ્ધપ્રતિષ્ઠ ઉર્દૂ કવિ, ચિત્રકાર અને અનોખા સુલેખનકાર (Calligrapher) પણ છે, જેમની નામના દેશના સીમાડાઓની પેલે પાર વિસ્તરેલી છે. સામાજિક વિષમતાઓના ભોગ બનનારા અસંખ્ય પૈકીના એક અને તેના સાક્ષી એવા જયંત પરમાર સામાજીક અન્યાય - અત્યાચાર સામે પ્રતિરોધ નોંધાવતી એમની બળકટ ઉર્દૂ રચનાઓને કારણે, આ દેશના પ્રથમ ઉર્દૂ દલિત કવિ પણ કહેવાયા છે.

રાષ્ટ્રીય સ્તરે તો ખરા જ, પાડોશી પાકિસ્તાન સહિતના વિદેશોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતા રહેલાં સાહિત્ય સંમેલનો / કવિ સંમેલનો અને ઉર્દૂ કવિતા / સાહિત્યના મળતા મેળાવડાઓમાં આપણા ગુજરાતના આ ઉર્દૂ કવિ માનભર્યું સ્થાન મેળવતા રહ્યા છે.

જયંતભાઈએ સાહિત્ય અકાદમીના ઉર્દૂ સલાહકાર બોર્ડના સદસ્યરૂપે (૨૦૧૪ થી ૨૦૧૭), ભારતીય જનપીઠ ફોર મૂર્તિદેવી એવોર્ડ સમિતિના સદસ્યરૂપે (૨૦૧૪ થી ૨૦૧૭), Council of Jury of Sambalpur Universityના સદસ્યરૂપે પ્રશસ્ય સેવાઓ આપી છે. ભારતીય સાહિત્યકારોના સાહિત્યિક પ્રદાનની નોંધ લેતા અધિકૃત પુસ્તક Indian Literatureમાં પણ (અંક ૨૫૨માં) જયંત પરમારના કવિકર્મની વિશેષ નોંધ વાંચવા મળે છે. ભારતની વિવિધ યુનિવર્સિટીઓ ઉપક્રમે યોજાતા Poetry Festivals અને Poetry Recitations માં તેમની કવિતા બહુમાન પામતી રહી છે. કલકત્તા, હૈદરાબાદ, JNU-દિલ્હી અને ગુજરાતની યુનિવર્સિટીઓમાં ૭ જેટલાં છાત્રોએ જયંત પરમારના સાહિત્યિક પ્રદાન પર Ph.D. શોધનિબંધ કરેલો છે.

એમના સર્જન સબબ ભારતીય સાહિત્ય અકાદમી એવોર્ડ (૨૦૦૮), કુમાર પાશી એવોર્ડ (૨૦૦૧), ભાષાભારતી સન્માન (૨૦૦૬), ગુજરાત ઉર્દૂ સાહિત્ય અકાદમી એવોર્ડ (૨૦૦૧, ૨૦૦૬, ૨૦૦૮), દલિત સાહિત્ય અકાદમી એવોર્ડ (૨૦૦૨) અને ડૉ. બાબાસાહેબ આંબેડકર જીવનગૌરવ પુરસ્કાર (૨૦૨૦)થી નવાજાયેલા જયંત પરમારની રચનાઓ (કવિતાઓ) હિન્દી, અંગ્રેજી, પંજાબી, આસામી, તેલુગુ, બાંગ્લા, કાશ્મીરી, તમિલ, કન્નડ, મલયાલમ, નેપાળી, મરાઠી જેવી દેશની અનેક ભાષાઓ ઉપરાંત વિદેશની સ્લોવેનિયન, સ્પેનિશ જેવી ભાષાઓમાં પણ અનૂદિત થઈ છે.

....ને ગુજરાતીમાં ?

ચાર કે પાંચ ને સર્વત્ર લગભગ એ જ અને તે પણ મહદ્અંશે દલિત સામયિકો ને દલિત સાહિત્યના વિવેચનગ્રંથોમાં ફરતી રહેતી એમની જૂજ ઉર્દૂ દલિત કવિતાઓના ગુજરાતી અનુવાદ (મહદઅંશે સાહિત્યમર્મજ્ઞ અને જાણીતા મનોચિકિત્સક ડૉ. જી. કે. વણકરે કરેલા અનુવાદ) સિવાય, આપણે અને આપણું ગુજરાતી સાહિત્યજગત આ ઉત્તમ કવિની કવિતાઓથી - એમની અનોખી ચિત્રકલાથી હજુ સુધી અજાણ રહ્યાં છીએ.

આ કોની ઉદાસીનતા ? કોને દોષ દઈશું ? જયંતભાઈની 'પરમાર' અટક પ્રતિના કે ભાષા 'ઉર્દૂ' પ્રતિના ગુજરાતી સાહિત્યના So-called elitistsના વ્યાપક અણગમાને ?

*

'ઔર' (૧૯૯૯), 'પેન્સિલ ઔર દૂસરી નઝમેં' (૨૦૦૬) 'માનિન્દ' (૨૦૦૭) 'અંતરાલ' (૨૦૧૦), 'નઝમ યાની' (૨૦૧૩), 'જ્યોકોમેત્તિ કે સપને' (૨૦૧૬), 'નુકતા ઔર દૂસરી નઝમેં' જેવા સાત પ્રકાશિત અને વધુ બે પ્રકાશ્ય એવા કાવ્યસંગ્રહો તમામ જયંતભાઈએ ઉર્દૂ ભાષામાં લખ્યા છે, તે પણ તેમની માતૃભાષા ઉર્દૂ નહિ ને ગુજરાતી હોવા છતાં ! તેમની આ અપ્રતિમ સિદ્ધિ છે.

શિવ કિસન બિસ્સા મૂળ નામ પણ ઉર્દૂ સાહિત્યમાં 'શીન કાફ નિઝામ'ના તખલ્લૂસ નામે જાણીતા પ્રસિદ્ધ ઉર્દૂ કવિ, સમીક્ષક, 'દીવાન-એ-ગાલિબ' - 'દિવાન-એ-મીર'ના સંપાદક, ભારતીય સાહિત્ય અકાદમી પુરસ્કાર, ભાષાભારતી સન્માન, બેગમ અખ્તર ગઝલ એવોર્ડ અને રાજસ્થાન ઉર્દૂ એકેડમી એવોર્ડથી વિભૂષિત એવા ઉર્દૂ સાહિત્યના આ અધિકૃત પ્રવકતાના મતે જેમની માતૃભાષા ઉર્દૂ નથી તો પણ જેમણે ઉર્દૂ ભાષાની બેનમૂન સેવા કરી છે એવા રાજેન્દ્રસિંહ બેદી અને ગુલઝાર પછી એક યશસ્વી નામ ઉર્દૂ પર ઝીણી નજર ધરાવતા જયંત પરમારનું છે. ઉર્દૂ ભાષા માટે આ તેમનો પ્રેમ છે. જયંતની કવિતાને સરસરી - અછડતી નજરે તમે વાંચી ન શકો.

ઉર્દૂ અકાદમીના ખુશરો એવોર્ડથી અને ભારતીય સાહિત્ય અકાદમી એવોર્ડથી સન્માનિત, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીનાં સમૂહ માધ્યમો વિભાગના અધ્યક્ષ, અખબાર 'ધ હિન્દુ'ના કોલમનિસ્ટ અને ઉર્દૂ ભાષાસાહિત્યના પ્રખર અભ્યાસુ - વિવેચક શાફેય કિદવાઈ, એક સમયે ઉર્દૂ ભાષાની રહેલી જહોજલાલીનો અને ભારત પાકિસ્તાનના વિભાજન પછી એની મોળી અને ધીમી પડેલી ગતિનો, તેને મળેલા પ્રગતિશીલ, આધુનિક અને અનુઆધુનિકના ત્રણ મુકામનો, ઉર્દૂ પર મુનશી પ્રેમચંદકાલીન પ્રોગ્રેસિવ રાઈટર્સ એસોસિએશન તેમજ માર્ક્સવાદી વિચારસરણીના પડેલા ઘેરા પ્રભાવોનો અને એ સૌથી ઉપર તેના પર 'માનવવાદ'ની પડેલી ઊંડી અસરનો સિલસિલાવાર આલેખ રજૂ કરીને, ઉર્દૂ કવિતામાં જ્યારે વ્યક્તિલક્ષી-વ્યક્તિવાદી કવિતાઓ ભુલાઈ જવાની અણી પર હતી અને સામાજિક નિસબત સાથેની કવિતાની આતુરતાથી રાહ જોવાતી હતી ત્યારે જ પોતાની દલિત કવિતાઓ લઈને આવેલા જયંત પરમારના આગમનને ઉર્દૂ સાહિત્યની એક મહત્ત્વપૂર્ણ ઘટના રૂપે આવકારે છે. કિદવાઈના મતે ઉર્દૂ ભાષામાં દલિત કવિતાને લઈ આવનાર જયંત પરમાર પ્રથમ છે.

ભારતીય સાહિત્ય અકાદમી પુરસ્કાર, ગાલિબ પુરસ્કાર, ગુજરાત ગૌરવ પુરસ્કારથી પુરસ્કૃત ઉર્દૂ ભાષાના જાણીતા સર્જક અને વિવેચક વિદ્વાન વારિસ અલ્વી, ગુજરાતના આદિલ મનસુરી અને મહંમદ અલ્વી પછી જયંત પરમારને એક માત્ર ઉર્દૂ સર્જક તરીકે ઓળખાવી, તેમની આ સિદ્ધિને અનન્ય, અનોખી ને અદ્વિતીય ગણાવે છે. અલ્વીના મતે જયંત પરમારની ઉર્દૂ કવિતા આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પામી છે અને મોટા ભાગના નામી ઉર્દૂ સમીક્ષકોએ તેમની કવિતાઓ વિશે લખ્યું છે.


જયંત પરમારની ચુનંદી ઉર્દૂ કવિતાઓના (ઉર્દૂ ભાષાના વિદ્વાન બૈદાર બખ્તે કરેલા) અંગ્રેજી અનુવાદના પુસ્તક 'Selected Poems of Jayant Parmar'ના આમુખમાં ગોપીચંદ નારંગ પણ લખે છે કે, ઉર્દૂ એ એક લઘુમતી સમાજની સાંસ્કૃતિક ભાષા છે ત્યારે આવી લઘુમતીઓ પૈકીની એક લઘુમતીની (અનુસૂચિત જાતિ / દલિત સમાજની) વેદનાને પોતાની ઉર્દૂ કવિતાઓ દ્વારા જયંત પરમાર વાચી આપી રહ્યા છે.

ઉડિયા કવિતાનું જાણીતું નામ અને જયંત પરમારની ઉર્દૂ કવિતાના અભ્યાસી રચિતા સ્વેનને તો એનું જ આશ્ચર્ય છે કે ગાલિબ અને ગુલઝારની ગઝલોથી તો આપણે સૌ વાકેફ છીએ કિન્તુ અહીં તો એક ગુજરાતી ઉર્દૂ ગઝલો લખી રહ્યો છે અને સૌનું ધ્યાન પણ ખેંચી રહ્યો છે !

ઉર્દૂ એટલે ભારતની માન્ય શાસકીય ભાષા પૈકીની એક. અરબી-ફારસી-તુર્કી ભાષાથી પ્રભાવિત ઉર્દૂ આજે પણ જમ્મુ-કાશ્મીર પ્રદેશની શાસકીય ભાષા છે. દિલ્હી, તેલંગાણા, બિહાર, ઉત્તરપ્રદેશમાં આજે પણ તે બોલાય છે. ઉર્દૂ કોઈકાળે હિન્દી, હિન્દવી, હિન્દુસ્તાનીથી પણ ઓળખાતી હતી. મુસ્લિમ શાસન સમયે ન્યાયતંત્રમાં ઉર્દૂનું પ્રભુત્વ હતું. હિન્દી-ઉર્દૂના વિવાદમાં નુકસાન ઉર્દૂને થયું.

આમ જુઓ તો, ગુજરાતમાં ઉર્દૂ કવિતાનાં મૂળ ઊંડા હોવા છતાં અને તેનો પાયો એક કાળે મજબૂત હોવા છતાં,

જયંત પરમાર કેલીગ્રાફી



આજે ગુજરાતમાં ઉર્દૂમાં કવિતાઓ લખનારા આંગળીના વેઢે ગણી શકાય તેટલા પણ નથી.આ સ્થિતિમાં સ્વાભાવિકપણે જ જયંત પરમાર ઉર્દૂ કવિતા માટે એક નવી આશા લઈને આવ્યા છે, એમ કહી શકાય. (આશ્ચર્યજનક છે કે આપણે ત્યાં ઉર્દૂ લિપિનો એક અક્ષર ન ઓળખી શકનારા - ન લખી શકનારા, આખેઆખો ઉર્દૂ કાવ્યસંગ્રહ પ્રસિદ્ધ કરે છે ને પુરસ્કારોય મેળવી આવે છે !)

ઉર્દૂ ભાષામાં વિધિવત્ શિક્ષણ લીધું ન હોવા છતાં એક વાણિજ્યના સ્નાતકે કેવી રીતે આ સિદ્ધિ હાંસલ કરી છે, તેની વાત તેમના જ મુખેથી જ સાંભળવા જેવી છે.

જયંત કહે છે : ‘અમદાવાદના કોટ વિસ્તારમાં મુસ્લિમબહુલ વિસ્તારમાં મારો જન્મ અને ઉછેર થયો. માતા અભણ અને પિતા મિલમાં કામ કરતા મજૂર. ૧૪ વર્ષની ઉંમરે જ મને સમજાઈ ગયું કે મારેય કામ કરીને જાતે ઊભા થવું પડશે. એકલા આગળ વધવું પડશે. પતંગ ઉડાવવાની ઉંમરે મારા સમાજના છોકરા ચાની કીટલી પર મજૂરી કરતા ત્યારે હું છાણ-માટીની બનેલી ઘરની દીવાલો પર કોલસાથી ચિત્રો દોરતો હતો. મેં બ્રશ હાથમાં લીધું અને પોટ્રેટ - મિનિએચર બનાવીને વેચતો. એક ફોટોફ્રેમ બનાવવાવાળાને ત્યાં નોકરી કરી તો ત્યાં મારા માટે પીવાના પાણીનું માટલું અલગ રખાયું. ખૂબ દુઃખી થયો. ત્યારે લત્તે-લત્તે, ચાલીએ-ચાલીએ ફરતા મુસ્લિમ ફકીરો મીર તકી મીરની સૂફીવાણી ગાતા તે સાંભળીને પ્રેરિત થયો. ઉર્દૂનું આકર્ષણ મને ક્યારે થયું તે ચોક્કસ કહી શકતો નથી પણ ત્યારે જ નક્કી કરેલું કે ક્યારેક કંઈ પણ લખીશ ઉર્દૂમાં જ લખીશ. ત્યારે કબાડીની દુકાનેથી અમુક પુસ્તકો મફતમાં મળતાં. ત્યાંથી જ મને ‘ઉર્દૂ લિપિ શિક્ષિકા’ મળી. ઉર્દૂ અક્ષરો વાંચીને તેને ઉકેલવા મથતો રહ્યો. તે વાંચીને ઉર્દૂને ખુદ શીખ્યો અથવા એમ કહું કે આજે પણ શીખવાનો પ્રયત્ન કરી રહ્યો છું. હું ઉર્દૂ લખવા લાગ્યો.

જયંત પરમારની કવિતા ઉર્દૂ અને હિન્દીમાં



એ સાચું લખું છું કે ખોટું એની તો મને પણ ખબર નહોતી. તો પણ મારી પહેલી કવિતા ઉર્દૂમાં લખી અને એક ઉર્દૂ સામયિકમાં મોકલી તો મારા આશ્ચર્ય વચ્ચે તે પ્રસિદ્ધ થઈ અને મને તેના ઘણા પ્રતિભાવો પણ મળ્યા. આને તમે મારા ઉર્દૂ ભાષા પ્રતિના પ્રયાણ તરીકે ઓળખી શકો.’

*

જયંત પરમારના કાવ્યસંગ્રહો ન માત્ર તેમાંની કવિતાની દૃષ્ટિએ, તેની સજાવટ - મુખપૃષ્ઠની દૃષ્ટિએ પણ આકર્ષક ને અનોખા રહ્યા છે, કારણ એક નીવડેલા ચિત્રકાર તરીકે તે તમામનાં મુખપૃષ્ઠ તેમણે ખુદ સજાવેલાં છે. એટલું જ નહિ એમના તમામ કાવ્યસંગ્રહોમાં એમની ચિત્રકલા અને વિશેષ કરીને કેલિગ્રાફી આર્ટ ઠેર-ઠેર મહેંકતાં ફૂલોની જેમ વેરાયેલી છે, જે એમના કોઈ પણ કાવ્યસંગ્રહને દર્શનીય અને મનોહર બનાવે છે.

ઉર્દૂ ભાષાના પાકિસ્તાનના વિદ્વાન શમ્સુર રહમાન ફારુકી, જેને પાને-પાને કવિતા અને તેને સંબંધિત ચિત્રો સાથે ને સાથે વહી રહ્યાં છે, તેવા જયંત પરમારના ઉર્દૂ કાવ્યસંગ્રહ ‘પેન્સિલ ઔર દૂસરી નઝમે’ ને કવિતા અને ચિત્રકલા બેઉની પરાકાષ્ઠાને સાધતા - ભાગ્યે જ પ્રાપ્ત થઈ શકે તેવા મહત્ત્વપૂર્ણ સંગ્રહ તરીકે ઓળખાવીને, એ કાવ્યસંગ્રહથી - ઉર્દૂ કવિતા એક નવો વળાંક લઈ રહી હોવાનું પણ નોંધે છે.

જયંત પરમારના આવા જ વધુ ઉર્દૂ કાવ્યસંગ્રહ ‘ઔર’ માટે ઉર્દૂ વિદ્વાન શમીમ હનફીનો મત છે કે, જયંત રંગોમાં વિચારે છે ને શબ્દોનો બ્રશ (પીંછી)ની જેમ ઉપયોગ કરે છે !

જયંતભાઈએ પોતાના જ નહિ, અનેક સાથી / મિત્ર કવિઓના કાવ્યસંગ્રહોનાં મુખપૃષ્ઠ પણ પ્રેમથી સજાવી આપેલાં છે. કવિની સાથે ચિત્રકાર પણ હોવું, એક અનોખો સંયોગ છે.

જયંતભાઈ કહે છે, જેમ જેમ હું કવિતાઓ વાંચતો ગયો, એના રંગો મારા કેનવાસ પર રેલાતા ગયા! કવિતાને મળું એ પહેલાં હું ચિત્રકલાને મળ્યો છું ! કવિતાથીય પહેલાં હું ચિત્રકલાને શરણે ગયો છું. મને કલમ મળે તે પહેલાં કોલસો હાથ લાગ્યો હતો. કલમથી કંઈ લખું એ પહેલાં, કોલસાથી દીવાલો ચિતરવાનું મને આવડી ગયેલું ! આ શોખ એવો તો મારા મનમસ્તિષ્ક પર છવાઈ ગયેલો કે, કવિતા લખતો થયો ત્યારે એક સામયિકે મને કવિવર ટાગોર પર કવિતા લખી મોકલવા કહ્યું તો, કવિતા મોકલું તે પહેલાં એ સામયિકને ટાગોરનું મેં દોરેલું ચિત્ર (સ્કેચ) મોકલી આપેલું ! (જે એ સામયિકના મુખપૃષ્ઠ પર છપાયેલું.)

ગાલિબ, ગુલઝાર સમા અનેક કવિઓ, મન્ટો, ગોપીચંદ નારંગ સમા ઉર્દૂ ભાષાના અનેક સર્જકો - સમીક્ષકો, એમ. એફ. હુસેન, અમૃતા શેરગીલ સમા અનેક ભારતીય ચિત્રકારો અને વાન ગોઘ, સાલ્વાડોર ડાલી સમા અનેક આંતરરાષ્ટ્રીય

ખ્યાતિપ્રાપ્ત ચિત્રકારો સહિત અનેક મશહૂર કવિઓ-લેખકોને પોતાની ચિત્રકલાના માધ્યમથી જયંત પરમારે અનોખી રીતે સંભાર્યા છે - અમર કર્યા છે.

જયંત પરમારના કોઈ પણ કાવ્યસંગ્રહમાંથી પસાર થઈએ તો તેમની કવિતા પ્રભાવિત કરે તે પહેલાં એમાં રહેલી એમની ચિત્રકલા / કેલિગ્રાફી આર્ટ તમને મોહિત કરી શકે છે.

જયંતભાઈનું માનવું છે કે કવિતા કે ચિત્રકલા ભલે અભિવ્યક્તિની દૃષ્ટિએ અલગ હોય કિન્તુ તેનો આત્મા એક જ છે. માનવીય લાગણીઓ ભલે કલાના ગમે તે સ્વરૂપે રજૂ થતી હોય, તેને કોઈ એક ચોક્કસ ખાનામાં ખતવી ન શકાય. વાસ્તવમાં એક કલા જ બીજી કલાનું કારણ બનતી હોય છે. સ્વરૂપ, કલ્પન જેવાં સાધનો જે કવિતાને ઘડે છે, તે જ ચિત્રકલાને પણ પૂરક અને સહાયરૂપ થાય છે. કવિતા જો એક ચિત્ર છે તો ચિત્ર એ મૂંગી કવિતા છે.

મસ્જિદોના મિનારા પર અત્યંત કલાત્મક - રીતે કોતરાયેલી કુરાનની આયાતો વાંચતાં નહોતી આવડતી કે સમજાતી નહોતી ત્યારેય મને તો એ ચિત્રકલા જ જણાતી. ચલચિત્રોમાં ઉર્દૂમાં આવતા અક્ષરોમાં પણ મને તો ચિત્ર જ દેખાતું. હું કહી શકું કે આ ચિત્રોને વાંચ્યા વિના જ મેં સાંભળ્યાં છે, એમ કહેતા જયંતભાઈ ખરેખર તો એમની કવિતાઓ દ્વારા એક આકૃતિ / એક ચિત્ર સર્જે છે અને એમનું ચિત્ર એક કવિતાની આભા સર્જે છે.

ચિત્ર હોય કે કવિતા એની થીમ-એનો વિચાર હું જીવાતા જીવનમાંથી જ મેળવું છું, એમ કહેતા આ કવિ/ચિત્રકારને કાળા રંગ પ્રતિ વિશેષ અનુરાગ અને અનોખી પ્રીતી છે. એ માટેના એમનાં પોતાનાં કારણો અને એમની પોતાની વિચારસરણી પણ છે. એમના બહુરંગી ચિત્રોની સરખામણીમાં કાળી પેન્સિલથી કે કાળી સાહીના ખડિયામાં કિત્તો ડુબાડીને કાળા રંગમાં કરાયેલી કેલિગ્રાફી પ્રમાણમાં દેશમાં અને દેશના સીમાડાઓની બહાર વધુ પ્રસિદ્ધિ પામી છે. પેન્સિલ, ખડિયો ને કલમ પરની એમની એકથી અધિક રચનાઓ પણ એમના કાવ્યસંગ્રહોમાં મળી આવે છે. એમની કવિતામાં આવતાં કાળાં પંખી, કાળી પાંખો, કાળું ઘાસ, કાળા ઘોડા જેવા ઉલ્લેખો અને 'કાળી શાહીના ગર્ભમાંથી નિકળતો શબ્દ' જેવી કાવ્યપંક્તિઓ ઉદાસીન મૂડ કે યાતનાભરી સ્થિતિને તાદૃશ્ય કરતાં હોય છે.

એમની આ એક કવિતા જ જુઓને :

जब भी हाथ में लेता हुँ मैं अपना क़लम,
तब इसमें से निकली हैं काली चीखें,
क़लम की स्याही में शायद
बसती होंगी काले लोगों की रूहें ।

ન માત્ર કેલિગ્રાફી (કલા) કરતી વેળાએ, કિન્તુ દલિત કવિતા લખતી વેળાએ-કવિતામાં પ્રતિરોધની ભાવાભિવ્યક્તિમાં જાણે કે કાળો રંગ જ એમને માફક આવે છે.

ચિત્રકાર હોવાને નાતે દુનિયાભરના નામી ચિત્રકારોની અને એમની ચિત્રકલાની પાકી ખબર રાખતા જયંતભાઈને 'મોનાલીસા' ફેઈમ ચિત્રકાર લિયોનાર્દો દા વિન્સીએ દુનિયાભરના ચિત્રકારોને આપેલા સંદેશની પણ અલબત્ત ખબર છે જ. વિન્સીએ કહ્યું છે : 'Painting is poetry, that is seen rather than felt and poetry is painting that is felt rather than seen.'

*

Poet - painter જયંત પરમારની કલા-કવિતાયાત્રાની આટલી પૂર્વભૂમિકા પછી, એમની વિવિધરંગી કવિતા (ગઝલ-નઝમ) અને વિશેષ કરીને એમની દલિતરચનાઓની પણ એક ઝલક મેળવીએ.

ગુલઝારે જેમને ઉર્દૂ કવિતામાં નવા અંદાજના પ્રણેતાથી ઓળખાવ્યા છે, ગોપીચંદ નારંગે જેમને King of imagemaking અને કવિતાના પ્રચલિત ધોરણોથી ઉફરા ચાલતા ઉર્દૂ કવિ તરીકે નવાજ્યા છે, શાફેય કિદવાઈએ જેમને તાકતવર વક્રોક્તિના અને આગવી અભિવ્યક્તિના સ્વામી-Gifted Poet કહ્યા છે, રુચિતા સ્વેને જેમને આ સમયના કવિ માન્યા છે અને વારિસ અલ્વીએ જેમને એકવિધતાથી દૂર એવા અનોખા ને વિવિધરંગી ઉર્દૂ કવિ તરીકે સરાહ્યા છે એવા જયંત પરમારની કવિતા, ગઝલો, નઝમોમાંથી પસાર થઈ તેના હાર્દને પામવાનું કામ મારે માટે એ કારણે પડકારજનક અને મુશ્કેલ બની રહ્યું કે, જયંતભાઈના તમામ કાવ્યસંગ્રહો ઉર્દૂમાં અને ઉર્દૂ લિપિમાં છપાયેલા છે અને તેના ગુજરાતી અનુવાદો તો નહિવત્ જ છે, હિન્દી / દેવનાગરીમાં પરિવર્તિત થયેલી / પ્રકાશિત થયેલી કવિતાઓ પણ શોધીએ તોયે ઓછી મળે છે. હા. અંગ્રેજીમાં અનૂદિત થયેલી એમની કવિતાઓ વિપુલ માત્રામાં અને જોઈએ એટલી છે ! અતઃ મારે મેં પસંદ/ચયન કરેલી અંગ્રેજી અનૂદિત કવિતાઓ, ખુદ જયંતભાઈ પાસે બેસી - ન સમજાય ત્યાં સુધી એમના કવિસૂરને સમજીને અને કેટલેક અંશે જયંતભાઈના FB Page, Blogs જેવા સોશિયલ મીડિયામાંથી એકઠી કરવી પડી છે.

જયંત પરમાર ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ ત્રણેયને આવરીને જીવાતા જીવનની સંવેદનાઓને એમના નકશીદાર કવિકર્મ દ્વારા ધારદાર અને હૈયાસોંસરવા ઉતરી જાય તેવા શબ્દોમાં કવિતાને ઢાળે છે. તેમની આસપાસ ઘટી રહેલી ઘટનાઓને એક દાર્શનિકના અંદાજથી તેઓ નિહાળે છે, જેને તેઓ અશિષ્ટ કે અરુચિકર ન બની રહે તેવા વ્યંગાર્થોથી અને વક્રદૃષ્ટિથી રજૂ કરે છે. જયંતભાઈ એમની

કવિતા પૂર્ણ કાવ્યનિષ્ઠા સાથે, સંયમિત પણ સારગર્ભિત શબ્દોમાં કલાત્મકતા સાથે રજૂ કરતા જોવા મળે છે. સમકાલીન સમયની સમસ્યાઓ પરની તેમની કાવ્યમય અભિવ્યક્તિ પેન્સિલની અણી જેવી તીક્ષ્ણ હોય છે. પોતે જે સ્થિતિને જોઈને આઘાત પામ્યા છે, ઉદાસ બન્યા છે તેને એક આગવા અંદાજમાં ગઝલ /નઝમમાં રજૂ કરવામાં જયંત પરમારનો જોટો જડે તેમ નથી. કાવ્યમાં અવનવા-આગવા-અભિનવ પ્રયોગો દ્વારા વાચક-ભાવકના મન-હૃદય પર ઊંડી અસર જન્માવતાં કાવ્યોમાં જયંતભાઈ ન માત્ર વર્તમાન સમયની ઘટનાઓ / પ્રસંગોને લાવે છે, આપણી સંસ્કૃતિ, આપણાં પુરાણો, તેના દેવો-દેવીઓને એક નવા જ દૃષ્ટિકોણથી જુએ છે અને આપણી પ્રચલિત અને રૂઢ થઈ ગયેલી પરંપરાઓ માન્યતાઓ પરત્વે નવેસરથી વિચારવાની ફરજ પાડે છે. જયંત પરમારની કવિતામાં રહસ્યો છે, ગૂઢતા છે, જેને એક પછી એક પડળવાર-પરતવાર તમારે ખોલવી પડે. એ બહુરંગી છે છતાં એ માનવકેન્દ્રી છે. આસપાસ-ચોપાસ બનતી ઘટનાઓ - સાંપ્રત સ્થિતિથી વાચક / ભાવકનું વાકેફ હોવું, એ પણ એમની કવિતાને સમજવા માટેની પૂર્વશરત છે ! ભાષાને સટીક અને સંયમિતરૂપે પ્રયોજતા આ કવિનાં કલ્પનો - ઉપમાઓ અગાઉ ન જોયાં કે ન સાંભળ્યાં હોય તેવાં Never Before પણ લાગી શકે છે.

मैं हूं और ये दूर तक घूप का रस्ता साथ,
कंधे पर साया कोई रख देता है हाथ ।
जाडे की रुत है नई तन पर नीली शाल,
तेरे साथ अच्छी लगी, सर्दी अब के साल ।
बिस्तर पे लेटे लेटे मेरी आंख लग गई,
ये कौन मेरे कमरे की बत्ती बुझा गया ?

પ્રેમ અને વિરહના ભાવને ઉત્કટતાથી રજૂ કરતી આ અને આવી એમની અન્ય રચનાઓને ચર્ચામાં લેવાનો અહીં મારો આશય નથી, ઉપક્રમ નથી.

परिंदा जब भी कोई चीखता है,
खामोशी का समंदर टूटता है ।
फंसी हुई थी डोर पंख में,
एक चिडिया का हाल बुरा था ।
फुदक फुदक कर एक चिडिया,
मेरे छोटे से कमरे में आती है,
अपने साथ जरा सा आसमान भी लाती है,
मेरे लिए नज्मों का कुछ सामान भी लाती है !

પંખીના ચિત્કારથી - એની ચીખથી દ્રવી ઊઠતા, હચમચી ઉઠતા ને કવિતા માટેની સામગ્રી પણ તેની જ પાસેથી મેળવતા, એક અત્યંત સંવેદનશીલ કવિની સર્જનાત્મક ઉન્મેષ સર્જતી કવિતાઓ / નઝમો / ગઝલો પારાવાર છે. એમાંની કેટલીક ચુનંદી રચનાઓ પર પ્રકાશ પાથરવાનો મારો ઇરાદો છે.

A poem, in other words is;
Making a picture of the wind
On the canvas of the yellow grass,
Walking on the trail of the silence.
.......
A poem is a jumping net,
On which one can jump and skip
Through the whole universe

કવિતા શું છે ? કવિતા છે પીળા ઘાસના કેનવાસ પર હવાનું ચિત્ર બનાવવાની ક્રિયા. કવિતા છે એક જંપિંગ નેટ પર કૂદતા રહી બ્રહ્માંડને આંબવાની ક્રિયા.

When I enter my home
I bring with me
Round, traingular and square pieces of the sky.

આકાશના ગોળ, ત્રિકોણ અને ચોરસ ટુકડાઓ ઘરમાં લઈ આવવાની ક્ષમતા છે તમારામાં? તો તમે કવિ છો !

During the night of madness,
When I wait for your arrival
My life looks like
A girl walking
On a weak rope
without holding an unmbrella.

નીરવ રાત્રિએ કવિ હાથમાં કલમ લઈને કવિતા પધારે એની રાહ જોઈ રહ્યા છે ! ને કવિની મનોસ્થિતિ કેવી છે ? એક તંગ પણ નબળી દોર પર બેલેન્સિંગ / સમતુલા જાળવતી, છત્રી હાથમાં લીધા વિના ચાલી રહેલી એક છોકરી જેવી !

Cold winds
Have not yet played
A melody on the santoor.
The mountains
Have not yet
Washed their hands with water.
The tree has yet not bloom
Over the dense shade
The desert - watch has yet to grow
On the face of the sun
The poem needs me.

પેચીદો પ્રશ્ન છે : કવિ કવિતા પાસે જાય છે કે કવિતા કવિ પાસે ?! પણ હા. એ કવિતા પણ કવિ પાસે ત્યાં સુધી નહિ આવે જ્યાં સુધી મંદમંદ વહેતો ઠંડો પવન કોઈ એક સંતૂર (વાદ્ય)ને છેડતો નથી ! પર્વતો પાણીથી હાથ ધોઈને સ્વચ્છ થઈને આવતા નથી ! જંગલનાં કાળાં અંધારાં ચીરીને વૃક્ષો ખીલતાં નથી !

The moon is yet to shine

In my veins
There is still a drop of blood left
In the mashkiza of my eyes.
The poem needs me.

...ને કવિનો આત્મવિશ્વાસ, કવિતામાં રહેલી તેમની શ્રદ્ધા તો જુઓ. એ કહે છે : મારી નસનસમાં ચંદ્રના પ્રકાશનું રેલાવું હજી બાકી છે તો પણ મારી આંખોની તળાવડીમાં જ્યાં સુધી લોહીનું એક ટીપું બાકી છે, કવિતાને મારી જરૂર છે. તે જરૂર આવશે મારી પાસે.

You showed the way
To my shadow,
Lost in the darkness of the jungle,
Like a falling star,
Like a yellow tiny bird,
Black and disappointed.

કહેવાય છે મુશ્કેલ સમયમાં પડછાયો પણ સાથ નથી આપતો પણ ઓ કવિતા ! તેં જ કાળાડિબાંગ જંગલમાં ખરી પડીને ખોવાઈ ગયેલા તારાના કે તેમાં ભૂલા પડીને અટવાઈ ગયેલા પીળા નાનકડા પંખીના કાળા અને નિરાશ પડછાયા જેવા મને રસ્તો બતાવ્યો છે.

કવિ કવિતાની જો ચાહના કરે છે તો કવિતા તો કવિની પડખે જ છે !

You put a comforting hand
On my back in scary nights.
You encouraged me
On every bend in the pathway of my life.
You grew flowers of smile
In the desert of my wrinkles.
You adorned my dry lips
With new melodies.
You did not let me die.

મારા ખભે સાંત્વનાનો હાથ રાખીને, જીવનના કપરા રસ્તે મને પ્રોત્સાહિત કરતા રહીને, મારા નિસ્તેજ ચહેરા પર સ્મિતનાં ફૂલો ઉગાડીને અને મારા સૂકા હોઠો પર કોઈ મધુર સંગીતની ધૂન રેલાવીને, હે કવિતા ! તેં મને મરવા નથી દીધો.

કવિતાનું કવિ પરનું આ ઋણ છે.

શું કોઈ ચીજ-વસ્તુની જેમ કવિતા પણ ખોવાઈ જઈ શકે છે ? હા. આ કવિની કવિતા પણ ખોવાઈ ગઈ છે ! એમની અત્યંત પ્રશંસા પામેલી કવિતાઓ પૈકીની આ એક છે :

I've been looking for it
In the drawers of my desk
On the table,
In the cupboard,
On the bookself,
In the mad pages
Of old and new books
In worn out pockets
Of my coarse - cloth shirt,
In the camel - leather briefcase
Where have I kept the Poem ?
Then I ask Neruda,Amachai and Rilke,
I kept it somewhere just now.
Searching for the poem
I come across the pen and inkpot
And the virgin paper,
But the poem
Is absent from the notebook of my heart.

કવિ કહે છે : મારી કવિતા હમણાં જ અહીં ક્યાંક હતી. ટેબલના ખાનામાં, પુસ્તકોના કબાટમાં, બ્રિફકેસમાં, મારા પાકિટમાં, પેન્ટના ખિસ્સામાં બધે મેં તેને શોધી. એ ન મળી તો મેં (શાશ્વત કવિઓ) પાબ્લો નેરૂદા, અમીચાઈ અને રિલ્કેને પણ પૂછી જોયું. કવિતા શોધવાના મારા પ્રયાસમાં મારી પેન, સ્યાહીનો ખડિયો ને કોરો કાગળ તો મને મળ્યા પણ કવિતા જ મારા અંતરની / હૃદયની નોટબુકમાં ગેરહાજર છે.

જ્યાં સુધી અંદરથી એક ધક્કો નથી લાગતો - એક આત્મસ્ફૂરણાનું ઝરણું નથી વહેતું, કવિ એની કવિતા સર્જી શકતો નથી. અહીં ખરેખર તો કવિ પાસેથી કાવ્યરચનાની એ ક્ષણ ખોવાઈ ગઈ છે.

આ કવિતા વાંચીને ગુલઝારે લખ્યું છે કે, મારી પણ કવિતા ખોવાઈ ગઈ ત્યારે મેં જયંત પરમારને પૂછેલું !

જોઈ શકાય છે કે રિલ્કે-નેરૂદા જેવા મહાન કવિઓને કવિ એમની કવિતામાં સગર્વ લઈ આવ્યા છે. કવિઓ જ કેમ ? મશહૂર ચિત્રકારો, મહાન સંગીતજ્ઞો, સર્જકો, સમીક્ષકો પણ એમની કવિતામાં માનભર્યું સ્થાન પામ્યા છે. કવિની આ પ્રકારની કવિતાઓના સાહિત્ય સમીક્ષકોએ પણ મ્હોંફાટ વખાણ કર્યાં છે.

है पहाड़ के सर पे तुर्की टोपी ग़ालिब की,
बादलों में चरती हैं भेडें अबु तालिब की ।

કે પછી...

कबीर ने
झीनी-झीनी बीनी चदरिया
रंगी धागों से करघे पर
रेज़ा रेज़ा होने लगी हैं
इक इक धागा बिखर रहा हैं
फिर उस को सीने की घड़ी आ पहुँची है ।

જેવી અનેક રચનાઓ તમને મંત્રમુગ્ધ કરે છે.

સાચા કવિઓ / ચિત્રકારો / કલાકારો હંમેશાં તેમનાથી ચઢિયાતા સમકાલીનો અને પૂર્વસૂરીઓને પોતાના આરાધ્ય માની તેમાંથી પ્રેરિત થતા હોય છે. જયંતભાઈની કવિતાની પણ એ

વિશેષતા છે કે આવી ખ્યાતિપ્રાપ્ત શખ્સિયતોને તેઓ બહુ જ આદરભાવે - આત્મીયભાવે પોતાની કવિતામાં લઈ આવે છે.

એક સર્જક / કલાકાર જ્યારે બીજા સર્જક / કલાકાર વિશે હૃદયના ભાવોથી લખે ત્યારે એ નિતાંત આવશ્યક હોય છે કે, જેના વિશે તેણે કલમ ઉપાડી છે તેના વિશે - તેના પ્રદાન વિશે એ પૂર્ણતયા વાકેફ હોવો જ જોઈએ. તો જ તે અધિકારપૂર્વક લખી શકે.

જયંત પરમારની કવિતામાં જગવિખ્યાત ચિત્રકારો Vincet Van Gogh, Salvador Dali, Leonardo da Vinci, Alberto Giacommeti, Frieda Kahlo, Edouward Manet, Paul Cezanne, Paul Gaugin, એમ. એફ. હુસેન, અમૃતા શેરગીલ, રામકુમાર, જગદીશ સ્વામીનાથન્, પીરાજી સાગરા તથા વિશ્વના અને દેશના મહાન કવિઓ Sylvia Plath, Octavio Paz, Anna Akhmatova Korenko, Czeslaw Milosz, Leopold Snghor, Boris Pasternak, Arthar Rimband અને કબીર, ટાગોર, ગાલિબ, મીર તકી મીર, અમીર ખુશરો, નિઝામુદ્દીન ઓલિયા, નિદા ફાજલી, શહરયાર, સાહિર લુધિયાનવી, કૈફી, કુમાર પાશી, ગુલઝાર, બલરાજ કોમલ, સના ઉલ્લા ખાન ડાર મિરાજી, ગુજરાતના ઉર્દૂ કવિઓ વલી ગુજરાતી, વારિસ અલ્વી, આદિલ મનસૂરી સહિત ભારતીય સંગીતક્ષેત્રની પ્રતાપી પ્રતિભાઓ ઉસ્તાદ ફૈયાઝખાન, ઉસ્તાદ શકૂરખાન, કિશોરી આમોનકર, રસૂલનબાઈ સહિત અગણિત વ્યક્તિવિશેષોને તેમની અનેકાનેક વ્યક્તિકેન્દ્રી ગઝલો / નઝમો / કવિતાઓ યાદ કરે છે. આ પ્રતિભાઓ માટેનો આવો ઉલ્લેખ એમના માટેનો જયંત પરમારનો આદરભાવ છે - સ્નેહભાવ છે અને એમનામાંથી પ્રેરિત થતા રહેવાનો પણ એક અંતરભાવ છે-દૃઢ સંકલ્પ છે.

I have seen Paz
At the tomb of Amir Khusrau
In the pale shades of evening,
Under the dome of words and notes,
Between mendicant Nizamuddin Aulia And Amir Khusrau,
Sleeping under the arches of poems :
I have seen Paz.

જાણીતી વાત છે કે Octovio Paz ભારતમાં મેક્સિકો દેશના રાજદૂત રહી ચૂકયા છે. ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યનો પણ તેમને અભ્યાસ હતો. ખુશરો અને નિઝામુદ્દીન ઓલિયાનાં એ સ્મારકો જ્યાં પાઝ ફર્યા હતા, ત્યાં ત્યાં તેમને જોયાની અનુભૂતિ કરે છે કવિ જયંત પરમાર.

ગઝલકારોની પ્રેરણામૂર્તિ કવિ ગાલિબ પર કવિની ૭થી વધુ રચનાઓ જોવા મળે છે.

Whenever I read you
Every word
Opens up a sky for me
Every line of your verse
Casts a shadow of the universe
Spreading far and wide.

જ્યારે જ્યારે તમારા શબ્દને હું વાંચું છું. મારી સમક્ષ એક આખું આકાશ ખૂલી જાય છે અને તમારી કવિતા મને એક વિશાળ બ્રહ્માંડનાં દર્શન કરાવે છે.

I have been imprisoned
In a rock of granite
I am restless
To break the stone
And come out
To go to Gali Qasim Jaan
And recite verses of my new ghazal.

દિલ્હીના કાસીમ જાન ગલી ખાતેના આખરી નિવાસસ્થાનમાં આરસના પથ્થરો વચ્ચે પોઢેલા ગાલિબને જોઈને કવિને નવી એક ગઝલ લખવાની પ્રેરણા મળે છે !

I have hidden all your letters
In a brass vase :
Every word is a matchstick !

ગાલિબનો એક એક શબ્દ દીવાસળીની સળી જેવો સ્ફોટક છે, કવિએ એને સુંદર પાત્રમાં સાચવ્યો છે!

For hours and hours
I have the music of God
In your poetry and melodies.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરની 'રવીન્દ્રકવિતા' અને 'રવીન્દ્ર સંગીત'માં કવિને ઈશ્વરના સંગીતનો અહેસાસ થાય છે.

Your Poems
Touch the leaf of my heart
Opening the doors of the universe.

ઉર્દૂકવિ શહરયારની કવિતા પણ કવિના હૃદયના અણુએ અણુને સ્પર્શીને સમષ્ટિના નવા નવા દરવાજા ખોલી આપે છે.

Casting a net of words
In the black waters
Of the inkpot,
I sit on its mad bank
For hours,
Immersed in my thoughts
The shore of black waters lies awake
With me all night,
And suddenly
A few stars are caught.
Once in a while
From the cluster of stars
I find the pearl of a poem.

પોતાનો 'નઝમ યાની' કાવ્યસંગ્રહ જેમને અર્પણ થયો

છે અને પોતાના વધુ એક કાવ્યસંગ્રહની પ્રસ્તાવના જેમણે લખી છે તે ખ્યાતિપ્રાપ્ત કવિ ગુલઝારના કવિકર્મને પ્રમાણતી આ કવિતામાં જયંતભાઈની એ અનુભૂતિ છે કે, સ્યાહી રૂપી કાળા પાણીમાં શબ્દોની જાળ ફેલાવી તો એમાં થોડાક તારાઓ સપડાઈ ગયા છે, તેમને ફંફોસતાં જે મોતી મળી આવ્યા છે તે જ તો છે ગુલઝારની કવિતા !

How will I sleep in my grave ?
Your memories will haunt me.
The bird of poetry on your eye-glasses
Will live its imprints on the sand.

'વતનની ધૂળથી માથું ભરી લઉં 'આદિલ' / ઉમ્રભર ફરી આ ધૂળ મળે ન મળે' ના ગાનાર ઉર્દૂ કવિ આદિલ મનસૂરીની વિદાય કવિને પણ ક્ષુબ્ધ કરી ગઈ છે. એમની યાદ એમને સતાવી રહી છે. 'આદિલ' ભલે આ દુનિયામાં ન રહ્યા, એમની કવિતાનાં નિશાન અમીટ છે.

હવે જોઈએ કવિ સહ ચિત્રકાર એવા જયંતભાઈની રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ એવા ચિત્રકારોની કલાને વંદન કરતી કવિતાઓ વિશે.

ધૂની ચિત્રકાર તરીકે જગવિખ્યાત અને નિરાશાની કોઈ ક્ષણે આત્મહત્યા કરી વિદાય લેનાર ડચ ચિત્રકાર Vincet Van Gogh પર પણ જયંતભાઈની ૬ થી વધુ રચનાઓ છે, તે પૈકીની આ બે :

Your story
Is not just the story
Of the eye,
The brush
Or the palette.
It is also the sad tale
of a lonely heart.

ચિત્રકાર વાન ગોઘ ! તમારી કથા એટલે બ્રશ, ચિત્ર, રંગદાની ને તમારી આંખો એટલું જ નહિ, એ તો એક ઉદાસ - એકાકી હૃદયની કથા પણ છે.

Above the yellow cornfields
The black crows fly,
Like death.
After sometime,
They hold Van Gogh
In their wings
And take him
Towards the grave of the yellow sky.

વાન ગોઘનાં ચિત્રોમાં આવતાં મકાઈનાં પીળાં ખેતરો ને ઉપર ઊડતા કાળા કાગડાઓને કવિ મૃત્યુના સંકેત રૂપે જુએ છે અને અનુભવે છે કે એ જ કાગડાઓ એમની પાંખોમાં ઊંચકીને આ ચિત્રકારને અનંત આકાશ તરફ - મૃત્યુ તરફ લઈ જઈ રહ્યા છે.

ભારતીય ચિત્રકાર એમ. એફ. હુસેનથી કોણ અજાણ હશે ? એમનાં ચિત્રોમાં ઘોડા એમને પ્રિય રહ્યા છે. હુસેનનાં ચિત્રોનો વિરોધ થયો અને એમણે દેશ છોડવો પડ્યો તોયે કલાના કહેવાતા પ્રેમીઓ તો ચૂપ જ રહ્યા! એ તો એ હુસેનના 'ઘોડાઓ' પણ ન હણહણ્યા કે ન તેમણે કોઈ હલચલ દર્શાવી. આ કવિતા જુઓ :

You have painted
Black and red horses
On your canvas,
But don't you know
That horses drawn
With cooked lines
On a canvas
Never neigh ?

સરુના વૃક્ષ સમા ઊંચા, સફેદ બરફની પરતો જેવી દાઢીવાળા આ ચિત્રકારે એમના સંઘર્ષના દિવસો ફૂટપાથ પર પણ વિતાવ્યા હતા એને કવિ એમની કવિતામાં પણ યાદ કરે છે :

A tall figure
Like a cypress tree.
A white beard,
Like a layer of snow.
You spent your evenings
On the footpaths of Bombay.

ભારતીય કલાક્ષેત્રના મોખરાના મહિલા ચિત્રકાર અમૃતા શેરગીલના ચિત્રો પરની આ કવિતા જુઓઃ

Amrita
Like Cezanne
You do not dilute your colours like water
But you do borrow
The yellow sadness
from the paintings of Gaugin
Like the sadness of the
melodies of Rasoolanbai.

બનારસ ઘરાનાની શાસ્ત્રીયસંગીત ગાયિકા રસુલનબાઈની વેદનાભરી ઠુમરીનો લય ઘોળીને સર્જાયેલા અમૃતા શેરગીલના ચિત્રો, ફ્રેંચ ચિત્રકારો Cezanne અને Gauginના ચિત્રોથી કેવા અલગ છે, એમ ચીંધી બતાવવું આ ચિત્રકારોની કલાને પચાવ્યા વિના - પ્રમાણ્યા વિના કોઈ કવિ માટે સંભવ નથી.

તો આપણા ગુજરાતી ચિત્રકાર પીરાજી સાગરાના કેનવાસ પર બે રંગોનું મળવું કવિને ધરતી અને આકાશના મિલન જેવું, બે અજાણ્યા એકમેકને આલિંગન આપતા હોય તેમ ભાસે છે ! જુઓ આ કવિતા :

When two colours meet on the canvas,
It seems if two strangers are embracing each other.

ચિત્રોમાં બેહદ રસ-રૂચિ ધરાવતા કવિ આર્ટગેલેરીમાં

મશહૂર ચિત્રકારોના ચિત્રોના પ્રદર્શનને જોવાને ગયા છે ને ત્યાં તેમનો અનુભવ શું છે ?!

I am looking at the art gallary
Seeing me gazing
At the paintings for hours,
Someone looks at me
As if I am a painting,
As if I am a statue !

આર્ટગેલેરીમાં ગોઠવાયેલા ચિત્રોમાંથી કોઈક, કવિ પોતે જાણે એક ચિત્ર હોય, એક પ્રતિમા - Statue હોય એમ જોઈ રહ્યું હોવાનું અનુભવે છે !

અને હવે... આ દેશના એક માત્ર 'ઉર્દૂ દલિત કવિ' જયંત પરમારની દલિત કવિતાઓ પર આવીએ.

જયંત પરમારની ચુનંદી ઉર્દૂ કવિતાઓનો અંગ્રેજીમાં અનુવાદ કરનારા ઉર્દૂ ભાષાના (અંગ્રેજીમાં) ખ્યાતિપ્રાપ્ત અનુવાદક બેદાર બખ્તના મતે, આપણી પ્રગતિશીલ કવિતા જે દેશના સર્વહારા, શ્રમિક અને કૃષિકાર વર્ગની યાતના-વેદનાને વાચા આપતી હોવાનો દાવો કરતી રહી છે, તે તો આજની દલિત સાહિત્ય ધારા સાથે એના કદમ મિલાવવામાં સાવ જ નિષ્ફળ ગઈ છે. એમાંય ઉર્દૂ સાહિત્યમાં તો આ ધારા ક્યારેય જોવા જ નથી મળી. આજે પણ ઉર્દૂ સાહિત્યમાં એવો કોઈ સર્જક નથી, જે દલિતવિમર્શને નજરમાં રાખીને સર્જન કરતો હોય, સિવાય એક માત્ર જયંત પરમાર.

'કવિતા દ્વારા હું મારી જાતને શોધું છું. મારી કવિતા મારી વેદના અને પીડાને રજૂ કરે છે અને હું ઇચ્છું કે તેનો અહેસાસ વાંચનારને પણ થાય.' એમ કહેતા જયંતભાઈએ એક પ્રસિદ્ધ ગુજરાતી દલિત સામયિકમાં આપેલી કેફિયતમાં લખ્યું છે : 'મેં જાતિવાદની કારમી પીડાને વેઠી છે ને તેમાંથી મારી કવિતા જન્મી છે. કવિતા દ્વારા હું મારા અસ્તિત્વને શોધી રહ્યો છું. સત્યથી જોજનો દૂર એવા સ્વપ્નપ્રદેશમાં ઊઠતા આવેગો એ મારી કવિતા નથી. એ તમામ મહાકાવ્યો જે માણસના અસ્તિત્વને નકારે છે, દરિયામાં ફેંકી દેવા જોઈએ. માનવમાત્રને સ્વમાનભર્યું જીવન આપી, તેને સંઘર્ષમાંથી બહાર લાવે - તેને નવો રાહ ચીંધે એ જ સાચી કવિતા.'

શું છે દલિત કવિતા, એક દલિત કવિ માટે ?

કવિ પાસે એનો ઉત્તર છે. તે કહે છે : હે દલિત કવિતા, મારી ઘણી કવિતાઓમાં તું છે. એ કવિતાની દરેક પંક્તિ એક સાંકળ છે. હું (જાતિવાદથી અલગ ઓળખાયેલો) એક આજીવન કેદ ભોગવી રહ્યો છું. પણ તારા માટે હું એ બધી જ પીડાઓ વેઠી લઈશ, હે મારી દલિત કવિતા !' જુઓ આ રચના :

There were many poems
That I wrote
With you as the central theme
Every line of this poems
Is a chain for me.
I am serving a life - sentence
Behind the bars.
I will bear all afflictions
For you, my Dalit poetry.

સૌને સમાન ન્યાયનો બંધારણદત્ત અધિકાર હોવા છતાં, અન્યાય સામે જ્યારે કવિ અવાજ ઉઠાવે છે ત્યારે કવિ જાણે કવિતા રૂપે ખુલ્લું ધારદાર ખંજર લઈને ફરતા આતંકવાદી હોય એમ સમાજ અને શાસન એની સાથે વર્તે છે. આ અભિવ્યક્તિ જુઓ :

They are afraid
That my poetry is sharp-pointed daggers.

જ્યારે જ્યારે ન્યાય માંગ્યો, શું મળ્યું દલિતોને ? રહેવાને ઘર માંગ્યું તો જીવતા દફનાવી દેવાયા, જમીનનો એક ટુકડો માંગ્યો તો માથે વજનદાર પથ્થર ચઢાવી દેવાયો, રોટલીનો એક ટુકડો માંગ્યો તો જીભ પર ભડભડતો અંગારો મૂકી દેવાયો, પુસ્તક (જ્ઞાન) માંગ્યું તો કાનમાં ધગધગતું સીસું રેડી દેવાયું, માથું ઊંચક્યું તો સાંકળો બાંધીને બંદી બનાવી દેવાયો, વિદ્રોહનો ઝંડો ઉપાડ્યો તો હાથોને જ કાપી નંખાયા... પણ ના. વહેલું કે મોડું આ લોહી વ્યર્થ નહીં જાય, કપાયેલા હાથોમાંથી તો હજારો હાથો ઊગી નીકળશે અને તે જ એક દિવસ આ યાતનાઓનો અંત આણશે. જુઓ કવિનો આ નિર્ધારઃ

But one day,
My blood will irrigate
This barren land,
To grow a thousand hands :
My hands,
Those of others
To end the night of tyranny.

જાતિગત વેદનાઓને સહતો રહેલો દલિત હવે એક એવા લોહિયાળ સૂર્યને ઝંખે છે, જેને કૃષ્ણના સુદર્શન ચક્રની જેમ પોતાની આંગળી પર ધારણ કરી તે એવા આતતાયીઓ પર પ્રહાર કરવા ચાહે છે, જેમણે ફૂલ જેવી દીકરીને પીંખી નાખી છે, માતાને નગ્ન કરી ગામમાં ફેરવી છે અને પિતાને જીવતા ભૂંજી માર્યા છે. પ્રતિરોધની આ ભડભડતી આગ ઠરવાની નથી. કવિતામાં વેદનાની આ તીવ્રતા જુઓ :

I will spin it on my forfinger
And throw it on them
Like the discus of Krishna....

My fire will not extinguish.
Give me the blood - coloured sun,
O, the morning winds
Stay by my soul.

એક દલિત કવિના આખરી વસિયતનામામાં શું હોય છે ? કલમની નીબ પર આગનો દરિયો, એક કાળો સૂરજ, લોહીથી ખરડાયેલ કાગળ અને એના પૂર્વજોએ વેઠેલાં દારુણ દુઃખોના રક્તિમ ઇતિહાસને સતત યાદ અપાવતી એક ટમટમતી ફાનસ બસ... કિન્તુ કવિ હવે એના અસ્તિત્વ-સ્વાભિમાન માટે જાગ્યો છે ને તેને ગર્વ છે કે તે એક 'દલિત કવિ' છે. જુઓ આ કવિતા :

A Dalit Poet
Leaves a few thing behind :
A paper dripping with blood,
A black sun
Over the head of the night
A river of blood
On the tip of his pen
A lantern of his ancestors.
But now,
He is looking for his existence.
He is looking for himself.
He is proud to call himself
A Dalit poet.

જૂતાં તો સૌ કોઈ પહેરે અને ચાહે ત્યાં એ પહેરીને હરીફરી શકે, પણ જૂતાં પહેરતાં એક દલિતને શો અનુભવ થયો ? એ તો પર્વતો ચડી આવ્યો, શહેરો ને જંગલોમાં ફરી આવ્યો, સાત સમંદર પાર જઈ આવ્યો, જૂતાં પહેરીને એ UNO અને પાર્લામેન્ટમાં તેમજ ચર્ચ, ગુરુદ્વારા અને મસ્જિદમાં પણ જઈ આવ્યો. કિન્તુ જ્યારે તે જૂતાં પહેરીને મંદિરે ગયો ત્યારે તેની ખુદની જાત જાણે એક જૂતું હોય એમ એને મંદિરના ઓટલેથી બહાર ફેંકી દેવાયો. જુઓ, સળગતી આ વેદના :

My shoes take me
To Parliament,
To the UNO,
My shoes take me
To Churches, Mosques
And Gurudwaras.
But when these very shoes
Take me to a Hindu Temple,
I am thrown out
Just like my shoes.

ગામ બદલો, શહેર બદલો, વેશ બદલો, નામ બદલો પણ જન્મોજન્મથી થોપી દેવાયેલી જાતિ (Caste)ને બદલવી દુષ્કર છે. જુઓ :

Even after changing my name, my town,
I could not save myself my caste,
Which has been inscribed on my brow
Birth after birth.

પોતે ભણ્યા વિના, લોહી-પસીનો સીંચીને, એકએક ઈંટ ગોઠવીને જેમણે શાળા બનાવી તે વડવાઓનાં સંતાનોને તો શાળામાં પ્રવેશવા જ નથી દેવાયાં, પ્રવેશ અગર મળ્યો જો છે તો શાળાની બહાર તડકે કંતાનના ટુકડા પર તેમને બેસાડાયાં છે... કવિ ક્રુદ્ધ છે - નિરાશ છે, શાળાની લાલલાલ ઈંટોમાં એના અને એના પૂર્વજોના લોહીનો લાલ રંગ પણ ભળ્યો છે. જુઓ :

I was made to sit outside
Under the blazing sun.
Treated like an animal
I kept boiling within myself
Every flower of my dream withered
I was very angry
At my caste, at coarse hands.
Every brick of the school
Bears the fragrance of my blood.

આજે તો લખવા કાગળ છે, કલમ છે કિન્તુ પૃથ્વી પર લખવાની શરૂઆત થઈ ત્યારે આપણા વડવાઓ - ઋષિમુનિઓ પાંદડાંઓ પર, ઝાડની છાલ પર, થડિયા પર, ભોજપત્ર પર પથ્થરો પર અને મૃતપશુના ચામડા પર લખતા હતા.

દલિતો પર થતા જાતિવાદી અત્યાચારોથી ચીરાઈ જતી પીઠને - એ સબાકાના ઘાને પણ માણસની ચામડી પરના લખાણ તરીકે ઓળખાવી, એક આખો યુગ ચામડેથી ચામડે સુધી આવી અટકી ગયો હોવાનું કવિ માને છે. આ પીઠ પરનાં લખાણોને ઉકેલવાની આંખ હજી સુધી તો સમાજ પાસે નથી, એમ કવિને કહેવું છે. જુઓ કવિતા :

In olden times
People used to write
On leafs,
On the barks of trees,
On the breast of trees,
On faces of stone,
On the hides of animals
On coper plates.
The four Veds

Were also writen
On the bark of a tree
But the black deeds
Of tyranny
Were written
On my body
Its the same today.

વંચિતો - શોષિતોના ઉદ્ધારક અને દલિત કવિમાત્રના પ્રેરણામૂર્તિ મહામાનવ ભારતરત્ન ડૉ. આંબેડકર પર જયંતભાઈની એકથી વધુ રચનાઓ જોવા મળે છે. આંબેડકર રૂપી સૂર્યથી જ્ઞાનનો પ્રકાશ પામેલો કવિ હવે ચૂપ રહેવાનો નથી, યાચના માટે હાથ લંબાવવાનો નથી, તે તો હવે વિદ્રોહનાં ગીતો ગાવાનો છે. ભણતા ત્યારે બાળ ભીમરાવ આંબેડકરને એની ફાટેલી થેલી (દફતર) સહિત નિશાળની બહાર બેસાડ્યો, બસ, ત્યારથી જ એના હૃદયમાં જાતિવાદી અપમાન સામેની આગ ભડભડ સળગતી હતી. આવી એક કવિતાનો આ એક અંશ :

Who was he ?
What did he do ?
The half-burnt satchel told me :
He was a poet, a rebel,
With a fire
In the stove of his heart.

કવિ જે શહેરમાં વસે છે - ને જે શહેર તેમને પ્રિય છે, તે અમદાવાદમાં વરવાં હુલ્લડોમાં દલિત નવલોહિયાની સાથે અનેક નિર્દોષોએ જીવ ગુમાવ્યા. આઘાતનું માર્યું લોહીલુહાણ થઈ અમદાવાદ શહેર પણ જાણે મરી ગયું. કવિ તેની લાશ ખભે નાખવાની તૈયારીમાં છે. આ જુઓ :

Just wait
Let me shoulder its weight
This is the
Corpse of my city.

આ કવિની કવિતાઓમાં અમદાવાદ શહેર પર, એકથી વધુ કવિતાઓ છે, તે સાથે મુંબઈ, કલકત્તા, જેસલમેર અને પ્રવાસલાયક અનેક સ્થળો પરની એકથી વધુ કવિતાઓ કવિ આપે છે. આ બધાં સ્થળવિશેષની તેની પૂરી ઐતિહાસિકતા, ભૌગોલિકતા, લાક્ષણિકતા, વિશેષતા સાથે કવિ એમના અનોખા અંદાજથી કવિતામાં આપણને સફર કરાવે છે.

જેસલમેરના અફાટ રણને એક કેનવાસ તરીકે જોઈ, ત્યાં જઈ કોઈ ચિત્રકાર તે રેત પર ચિત્રો દોરતો હોવાની અને આ રણ તેના બાહુ ફેલાવી આખેઆખા સૂર્યને ઝીલી રહ્યું હોવાની કલ્પના રજૂ કરે છે.

પોતાની માતા વિશે તેમજ પોતાનો જેની સાથે અભિન્ન નાતો છે એ પેન્સિલ-કાગળ-કલમ-કલર-બ્રશ વિશે અને આ સૌ પાસેથી કામ લેતી આંગળીઓ પરની કવિતાઓ પણ બેનમૂન છે.

હાથની આંગળીઓ વાંકી વળીને પવિત્ર મસ્જિદ જેવા કોરા કાગળ પર કોઈ સર્જનાત્મક કામ કરે છે ત્યારે તેમાં 'નમાઝ' ની કલ્પના, આ પૂર્વે આપણે જોઈ નથી - સાંભળી પણ નથી !

My fingers
Offer the five-time
Namaz
In the virgin Mosque
Of the paper !

ઉર્દૂભાષામાં એમના અનોખા અને વિવિધરંગી કાવ્યો - ચિત્રો સાથે સમગ્ર ભારતીય સાહિત્યનું ગૌરવ બનેલા જયંત પરમાર, એક ગુજરાતી છે એનું આપણને સૌને ગૌરવ છે - અભિમાન છે.

જયંત પરમારની આ પંક્તિઓ સાથે, આપણે પણ અહીં જ વિરામ લઈએ.

Some poems are such
It does not take long
For their foot-prints to be obliterated
Then there are those good poems
They inscribe their Signature
On the waves of breeze

કેટલીક કવિતાઓ યાદગાર નહિ પણ ભુલાઈ જાય તેવી હોય છે, જ્યારે કેટલીક ચિરંજીવી કવિતાઓ હવા પરના હસ્તાક્ષર સમી હોય છે.

જયંત પરમાર, આપની કવિતાઓ પણ હવા પરના હસ્તાક્ષર સમી બની રહો, એવી આપને શુભકામનાઓ !

**સંદર્ભ:**



(૧) Selected Poems : Jayant Parmar
(૨) જયંત પરમાર પરના વિદ્વાન ઉર્દૂ સર્જકો - સમીક્ષકોના લખાણો - વક્તવ્યો.
(૩) જયંત પરમાર સાથેની મુલાકાત.
(૪) ભારતીય સાહિત્ય મેં દલિત એવં સ્ત્રી - લેખન.
(૫) Indian Literature (Issue-205)
(૬) Social Sites of / on Jayant Parmar
(૭) જયંત પરમારના કાવ્યસંગ્રહોના લોકાર્પણનું વિડિયો રેકોર્ડિંગ.


---


*'છાંયડો' પ્લોટ : ૧૬૮/૨,*
*સૂર્યનારાયણ સોસાયટી,*
*સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪*
*મો. ૯૮૨૫૬૩૨૮૩૮*


"પ્રસાદ પામી પૂજા"
ફાલ્ગુની આર. પારેખ
મો. 9824168383


“દલડાની વાતુ...”
અમુલ ખોડિદાસ પરમાર
મો. 9824390595


"સુવર્ણ પ્રભાત"
દર્શન ગૌતમ પુરાણી
મો. 7405509465


“નવોન્મેશ”
ડૉ. તેજસ દોશી
મો. 9426454100


# સૌરાષ્ટ્રનાં પ્રાણીઓ

- *લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી*

**સ**રીસૃપ વર્ગનાં પ્રાણીઓમાં કાચબા, સર્પ, મગર, કાચીડા, ઘરગરોળી, સસ્તન વર્ગનાં પ્રાણીઓમાં બિલાડીના કુળના સિંહ, ઘોઘર અને રણના બિલાડા, દીપડા, માંસાહારી કૂતરા અને તેમના નજીકનું કુળ Canidaeનાં વરુ, શિયાળ, નાર અને લૉકડી, વણિયર, તાડનું વણિયર, ઝરખ, રીંછ, નોળિયા, જળબિલાડી, શેળો, શાહુડી, છછુંદર શિલ્કી કીડીખાઉ, ચામાચીડિયાં, વનવાળગી, સસલાં, ઉંદર, ખિસકોલી, ચિત્તળ, સાબર, કાળિયાર, છીકારું (રોઝ), ચોશિંગા, વાનર વગેરે વનેચર સૌરાષ્ટ્રનાં જંગલોમાં જોવા મળે છે. જે વન્ય પ્રાણીઓનું અસ્તિત્વ જોખમાયેલું છે તેવાં વન્ય પ્રાણીઓને ગુજરાત રાજ્યે સુરક્ષિત પ્રાણીઓ તરીકે જાહેર કર્યાં છે તેમાં સિંહ, વાઘ, રીંછ, ઘુડખર, સાબર, ચિત્તળ, કાળિયાર, હરણ, છીંકારા અને ઓશિંગાનો સમાવેશ થાય છે. તેનાં રહેઠાણ અને ૬૦ ટકા અભયારણ્ય જાહેર કરવામાં આવ્યાં છે. તેમાંનાં કેટલાંક કીટકો માનવ સમુદાય અને વનસ્પતિઓને નુકસાન કરે છે તો કેટલાંક ઉપયોગી છે તે બધાં કીટકો અને જમીન પર વાસ કરનારા અન્ય જીવોમાં કરોળિયો, કાનખજૂરો, વીંછી, ગોકળગાય, અળસિયાં અને વંદાઓ સૌરાષ્ટ્રમાં સર્વત્ર પથરાયેલાં છે. આંખ, કાન વગરનાં અળસિયાના શરીરનો કોઈ પણ ભાગ કાપી નાખતાં તે ફરીથી નવો જ ભાગ ઉત્પન્ન કરે છે. અળસિયાંનું પાચનતંત્ર બેક્ટેરિયાના સુક્ષ્મ જીવોનું રહેઠાણ છે. અળસિયા નિશાચર હોય છે.

**પ્રાચીન સમયમાં યુરોપ અને નેર્ઋત્ય એશિયાના વિશાળ વિસ્તારમાં સિંહ એક કાળે વસતો હોવાની માન્યતા છે. નેર્ઋત્ય એશિયામાંથી સિંહે ભારત તેમજ આફ્રિકામાંથી સ્થળાંતર કર્યું હોવાની સંભાવના છે**

સૌરાષ્ટ્રનાં મુખ્ય પ્રાણીઓનો પરિચય ઉલ્લેખનીય છે. સિંહ : ગીરના સિંહનો રંગ ઊંટના જેવો હોવાથી 'ઊંટિયો વાઘ', ''ગ્રેટ એશિયાટિક લાયન'', લેટિનમાં 'પેન્થેરાપસીકા', સાવજ કેસરી, વનરાજા જાનવર, સિ. એવાં જુદાં જુદાં નામેથી ઓળખાય છે. સિંહ એ પ્રાચીનકાળનું પ્રાણી છે. ઈ.સ. પૂર્વે. ૪,૭૫,૦૦૦ પેથેકેન્સપસકાળમાં અને ઈ.સ. પૂ. ૩,૦૦,૦૦૦ ડાઇડબર્ગકાળમાં હોવાનું અનુમાન છે. તેના મૂળ વતન અંગે મતભેદ પ્રવર્તે છે. સિંહનું ઉત્પત્તિસ્થાન ઈરાક, ઈરાન નહિ જ, પરંતુ ભારત હોવાનું પૌરાણિક ઉલ્લેખોથી પ્રમાણિત થાય છે. પ્રાચીન સમયમાં યુરોપ અને નેર્ઋત્ય એશિયાના વિશાળ વિસ્તારમાં સિંહ એક કાળે વસતો હોવાની માન્યતા છે. નેર્ઋત્ય એશિયામાંથી સિંહે ભારત તેમજ આફ્રિકામાંથી સ્થળાંતર કર્યું હોવાની સંભાવના છે. પૃથ્વીના ભૂકંપને કારણે આફ્રિકાનો કેટલોક ભાગ સૌરાષ્ટ્ર પ્રદેશમાં જોડાઈ જતાં સિંહ સૌરાષ્ટ્રનો નિવાસી બન્યો હોવાની માન્યતા છે. તો બીજી માન્યતા એ છે કે જૂના જમાનામાં ગુલામોના વેપારમાં જાફરાબાદના કિનારે ગુલામો પોતાની સાથે આફ્રિકાના સિંહોનાં બચ્ચાં લાવ્યા હતા, તેની આ વસ્તી છે. પરંતુ હકીકતે તો આ પૂર્વે સૌરાષ્ટ્રમાં થયેલ નૃસિંહ અવતારમાં, અશોકના ધર્મચક્રમાં, રાજવીઓનાં નામ પાછલ સિંહનો ઉલ્લેખ જોવા મળે છે. એટલે ગીરનો સિંહ ભારતીય વંશજ પ્રાણી છે, કારણ કે આફ્રિકાના સિંહ કરતાં આ સિંહ કેટલીક આગવી લાક્ષણિકતા ધરાવે છે. આફ્રિકન ગોત્ર કરતાં તે આગળ પડતો ઉદરપટલ ધરાવે છે. આફ્રિકન સિંહ કરતાં તે બરછટ અને આછા તપખીરિયા રંગનો છે. તેની પૂંછડી મોટી અને ગુચ્છાવાળી છે. આફ્રિકાના સિંહ કરતાં તે કદમાં નાનો છે. તેની લંબાઈ ૨.૭૫ મીટર અર્થાત્ અગિયાર ફૂટ છે. તેનું વજન ૪૦૦થી ૫૦૦ રતલનું છે. તેને ગળે કેશવાળી શોભે છે. જે સિંહણમાં હોતી નથી. સિંહના મોઢામાં ૨૮ દાંતોમાં બે મોટા અને છ નાના રાક્ષસી દાંત હોય છે. તેના પગમાં ૧૮ આંગળીઓમાં તીણા અને મજબૂત નહોર હોય છે, જે તે શિકારના મારણ કરતી વખતે કે તરાપ મારતાં બહાર કાઢે છે. તેની પૂંછડીને છેડે અણીદાર કાંટો હોય છે. સિંહનો દરેક પંજો એકબીજાથી જુદો પડે છે. એક સિંહના પંજાનો આકાર રેખાઓ, માપ, ઊંડાઈ, છાપ બીજા કોઈ સિંહ જેવી હોતી નથી. સિંહની સાંભળવાની અને જોવાની શક્તિ અત્યંત તીવ્ર હોય છે. પરંતુ તેને સૂંઘવાની શક્તિ સાધારણ નબળી હોય છે. સિંહ રાજમાર્ગ અને મુખ્ય માર્ગે જ ચાલે છે. આખો દિવસ આરામ કરીને સંધ્યાકાળે નદી કાંઠે પાણી પી લીધા પછી શિકારને શોધે છે. સિંહ કે સિંહણને જેને શિકાર



મળે તે કરે છે. સિંહ થોડું આળસુ પ્રાણી હોવાથી શિકાર જતો પણ કરી શકે છે. મોટાં પ્રાણી હોય તો તેનો શિકાર તો સિંહ જ કરે છે. શિકાર કર્યા પછી તેમાંથી થોડો ભાગ શિયાળ કે જરખને ફેંકી, બચ્ચાં, સિંહણનું ભોજન થયા પછી છેલ્લે પોતે આહાર કરે છે. એક રાતમાં ત્રીસ ચાલીસ માઈલનું અંતર કાપે છે. સિંહ તેનો વિસ્તાર સુનિશ્ચિત કરી તેમાં પરિવાર સાથે રહે છે. તેનો વિસ્તાર ચારે બાજુએ જુદી જુદી જગ્યાએ સ્વમૂત્ર છાંટીને હદ બાંધે છે. જેથી બીજો સિંહ તેમાં પ્રવેશતા પહેલાં તેની ખાતરી કર્યા પછી આગળ વધે છે. મોટેભાગે સિંહો પોતાનો વિસ્તાર છોડતા નથી તેમ બીજાની હદમાં પ્રવેશતાં નથી. તેમ છતાં હદમાં જે કોઈ સિંહ પ્રવેશે તેને ખૂંખાર યુદ્ધ કરવું અનિવાર્ય બની જાય છે. જે જોરાવર, બળવાન હોય તે જગ્યામાં રહે છે. નિર્બળ, હારેલા સિંહ જગ્યા છોડી ચાલ્યો જાય છે. સિંહની હુક ઉપરથી તેની તાકાતનો અંદાજ આંકવામાં આવે છે. સિંહ સાથે યુદ્ધ કરનાર પ્રાણીઓમાં સુવરનાર,પાડો અને વરોળ ભેંસ મુખ્ય હોય છે. વરોળ ભેંસ સિંહને જોઈ સામે થાય છે ને સિંહને દૂર દૂર તગેડીને પાછી વળે છે. વરોળ થયા પછી ભેંસ દૂધ દેતી નથી. તેમ પ્રજનન કરતી નથી. ગીરના જંગલમાં બે જાતના સિંહો જોવા મળે છે. એક વેલર અને બીજો ગધૈયો જોવા મળે છે. વેલર જાતના સિંહ વધુ દેખાવડા, રૂપાળા અને નમણા તેમજ શરીરે લાંબા તથા સહેજ નીચા હોય છે. બીજા પ્રકારનો સિંહ ગધૈયો શરીરે ટૂંકો, ઊંચો અને કાઠીએ અને પાછલા ભાગે ગધેડાના શરીરને મળતા આવતા હોય છે. આ સિંહો ઘાટી ઝડીવાળા, ઓછા ભેજવાળા વિસ્તારમાં વાસ કરે છે. મોટેભાગે કરમદીના ઢુવામાં જ રહે છે. નીચે પોલાણવાળી જગ્યા હોય છે. બપોરે નદીના કાંઠે રેતીમાં પણ સુએ છે. સિંહ ઠીક ઠીક પ્રમાણમાં ગરમ આબોહવા સહન કરી શકે છે. સંતુષ્ટ ભોજન કે કામાતુર થયો હોય ત્યારે વિકરાળ ગર્જના કરે છે. પ્રથમ શિકારમાં ૩૦ કિલો માંસ આરોગે છે ને દોઢ દિવસ ઊંચા પગ રાખી આરામ કરે છે. સિંહ નિશાચર પ્રાણી છે. સિંહ જોડી સાથે ફરતો હોય છે ત્યારે તેને 'બેલાડ' કહેવામાં આવે છે. તે બંને એકીસાથે રહે છે. સમૂહગત શિકાર કરે છે. સિંહણના જોગ વખતે કોઈ સંબંધ રહેતો નથી. તાકાતવાન હોય તે સિંહણ સાથે રહે છે. સિંહણની ગર્ભાવસ્થાનો સમય ૧૧૭ દિવસનો ગણાય છે. તે ત્રણ બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચાંનું જતન જાનને જોખમે સિંહણ કરે છે. બચ્ચાં સાથેની સિંહણ અત્યંત જોખમી ગણાય છે. સિંહોના આંતરિક યુદ્ધમાં એકબીજાની ગરદન કે માથાનો બચાવ કરે છે. શરીરના બીજા ભાગો લોહીલુહાણ જોવા મળે છે, સિંહ વિશ્વનું દુર્લભ અને ફક્ત બે જ રાષ્ટ્રોમાં વસતું પ્રાણી હોવાથી ભારત સરકાર તેને રાષ્ટ્રીય પ્રાણી, તરીકે પ્રમાણિત


**સિંહોના આંતરિક યુદ્ધમાં એકબીજાની ગરદન કે માથાનો બચાવ કરે છે. શરીરના બીજા ભાગો લોહીલુહાણ જોવા મળે છે, સિંહ વિશ્વનું દુર્લભ અને ફક્ત બે જ રાષ્ટ્રોમાં વસતું પ્રાણી હોવાથી ભારત સરકાર તેને રાષ્ટ્રીય પ્રાણી, તરીકે પ્રમાણિત કરેલા છે**

કરેલું છે. ભારતની રાષ્ટ્રીય મુદ્રામાં પ્રથમથી જ તેને સ્થાન મળેલ છે. જૂનાગઢના નવાબે સિંહોના શિકાર માટે મનાઈ જાહેર કરી હતી. ઘોડેસવાર, બળદગાડું, કે ઊંટસવાર ઉપર હુમલો કરતો નથી. વટેમાર્ગને પરેશાન કરતા નથી. કેટલાંક ગુણોનું સમૃદ્ધ મહિમાગાન સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં સંગ્રહિત છે. ગીરના ટીલિયો, અકબર સુલતાન નામના સિંહો સુપ્રસિદ્ધ છે.

દીપડો : દીપડાઓ સૌરાષ્ટ્રમાં ગિરનાર, ગીર, આલેચ, બરડાનાં જંગલોમાં જોવા મળે છે. તેના બે પ્રકાર કદ ઉપરથી ગધ્ધી અને કુતિ પડ્યા છે. તેના પીળા રંગની સુંવાળી ચામડીમાં કાળા પટ્ટા હોય છે. મારકણી અને મોહક આંખો હોય છે. દીપડા -દીપડી જોડામાં રહે છે, પરંતુ શિકાર માટે વિખૂટાં પડી જાય છે. તેની શિકારની રીત ક્રૂર ને ઘાતકી હોય છે. તેનું દામ્પત્યજીવન અન્ય પ્રાણીઓ જેવું જ છે. તેનો ગર્ભાવસ્થાનો સમય ૯૨ દિવસનો હોય છે. એક સાથે બેથી ચાર બચ્ચાં જન્મે છે. વર્ષ દરમિયાન ગમે ત્યારે જન્મ થતો હોવાથી સૌરાષ્ટ્રમાં દીપડાની વસતી ઘણી છે. જરા પણ વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર પ્રાણી નથી. તેનો પ્રિય શિકાર કૂતરાં છે.

ચિત્તો : ચિત્તાની વસતી પહેલાં ગીરના જંગલમાં હતી, પરંતુ હાલમાં જોવામાં આવતી નથી. ચિત્તા સૌરાષ્ટ્રમાં નામશેષ થયા હોવાનું મનાય છે. પાળેલાં કૂતરાં : માનવ સમુદાય વચ્ચે રહે છે. જૂનાગઢ નવાબ કૂતરાં પાળવાના શોખીન ગણાયા છે. જંગલી કૂતરાં જંગલમાં રહે છે. બાંટવાના ખારામાં જંગલી કૂતરાની મોટી વસાહત હતી. કૂતરાના કુળનાં વરૂ, શિયાળ, લૉકડી જંગલોમાં રહે છે. ગીરનાં જંગલોમાં જંગલી સુવ્વરની સંખ્યા ઘણી મોટી છે. આ સુવ્વરમાં એકદંતી આગેવાન, નેતા અને રક્ષક હોય છે. વકરી ગયેલો હોવાથી ટોળાની-જૂથની આગળ ચાલે છે. તેનો શિકાર ભાગ્યે જ છટકે છે. માદા કરતાં નર શરીરે મજબૂત અને ઊંચો હોય છે. એકલ એ બહુ બહાદુર, પરાક્રમી, ચતુર અને આક્રમક હોય છે.

શિયાળ : શિયાળ એ વરૂથી કદે અને બળે ઊતરતું અને ખંધાઈમાં ચડિયાતું લુચ્ચું પ્રાણી છે. ગામડાની આસપાસ ઢોરોના મૃતદેહો અને જીવજંતુઓની સફાઈનું કામ કરે છે. તે એકાકી



પ્રાણી છે. સિંહના શિકારમાં પણ તે ભાગ લેતું હોય છે. તે તરબૂચ, શેરડી, બોરડી જેવી ગળપણની વસ્તુનું શોખીન છે. ચાલાક અને ચપલ લોકડી સસલાં જેવું નાનકડું રૂપાળું પ્રાણી છે. તેની પૂંછડીની અણી કાળી હોય છે. શિકારીઓને થાપ આપવામાં તે ભારે કુશળ હોય છે. તે કરચલા, કર્તનશીલ પ્રાણીઓ ઊધઈ અને અન્ય જીવજતું ખાય છે.

શિહાગોશ : ઓખા, બારાડી અને ઝાલાવાડમાં જોવા મળે છે. સસલાંના શિકાર માટે તેને પાળવામાં આવે છે. ઘોરખોદિયાનો ઊપલો ભાગ રાખોડી રંગનો અને નીચલો ભાગ કાળો હોય છે. તે ત્રણ ફૂટ લાંબા ને શરીરે મજબૂત હોય છે. તેના પંજા લાંબા માથું પહોળું, ચોરસ અને દાંત ઘણા મજબૂત હોય છે. ગીરમાં ઘોરખોદિયાની એક જાત ઘણી વિકરાળ અને જોરાવર ગણાય છે. ઘોરખોદિયું રીંછની જેમ પાછલે પગે પણ ચાલે છે. વનિયર તરીકે ઓળખાતાં બિલાડીના કુળનાં આ પ્રાણી ટૂંકા અવયવ સાથે લાંબાં શરીરવાળાં અને લાંબા માથાવાળાં હોય છે. નાનું વનિયર અને તાડનું વનિયર સૂકા ખૂલ્લા પ્રદેશમાં રહે છે. જે નિશાચર છે. તેની સુગંધીદાર રસગ્રંથિઓમાંથી ખુશબૂ મેળવવા માટે વનિયરને પાળવામાં આવે છે. તાડનું વનિયર જંગલમાં જ રહે છે. શિયાળામાં ખૂબસૂરત દેખાતું કઢંગી પૂંછવાળું જરખ-તરસનું મોઢું ઘણું મજબૂત હોવાથી મૃત ઢોરોનાં હાડકાં ખાય છે. તેની ઘ્રાણેન્દ્રિય ઘણી જ સતેજ હોય છે. નિશાચર છે. માદા કરતાં નર શરીરે હૃષ્ટપુષ્ટ અને ઊંચો હોય છે. સાંઢોનું શરીર ત્રણ ફૂટ લાંબું અને હૃષ્ટપુષ્ટ, પૂછડું જાડું અને જોરાવર, માથું ઘણું નાનું ને જીભ લાંબી હોય છે. શરીર ઉપર બેત્રણ ઈંચ લાંબું ભીંગડાંનું જાડું બખતર ધરાવતું સાંઢો વિચિત્ર પ્રાણી છે. તે કીડીના દરમાં ગોળ કાણું પાડી તેમાં લાંબી જીભ ઉતારી કીડીઓને ખાય છે. વાંદરાનાં શરીરની રચનાં મનુષ્યને મળતી આવે છે. અન્ય પ્રાણીઓનાં કરતાં બુદ્ધિશાળી છે. સૌરાષ્ટ્રમાં પાતળા, ઊંચા, લાંબી પૂંછડીવાળા અને કાળા મોઢાંવાળા વાંદરાઓ જંગલો તથા શહેરોમાં જોવા મળે છે. તે શાકાહારી પ્રાણી છે. ટોળાઓમાં ફરે છે. દરેક ટોળાની મોખરે નેતા વાંદર હોય છે. હુમલાખોર કે શિકારી આવે ત્યારે મુખ્ય નર વાંદર ભયસૂચક અવાજ કરીને ટોળાને સહેજ દૂર ને મુખ્ય વાંદરથી સહેજ ગભરાતા ટોળાની પાછળ પાછળ ફરતા હોય છે. વયોવૃદ્ધ વાંદર નિરાશને એકાકી જીવન ગાળે છે. વાંદરીને તેનાં બચ્ચાં પ્રત્યે અનન્ય પ્રેમ હોય છે. સંજોગોવશાત્ તેનું બચ્ચું મરણ પામે ત્યારે દિવસોના દિવસ સુધી મૃતદેહને સાથે રાખે છે. છેલ્લે તેનાં હાડકાં લઈને ફરે છે.

જંગલી બિલાડી : જંગલોમાં જોવા મળે છે. એની પૂંછડી ઘણી ટૂંકી અને કાળા ગોળ ચટપટાવાળી હોય છે. જંગલી બિલાડીની બે જાતો જોવા મળે છે. ત્રીજી જાત પાળેલી બિલાડીની હોય છે.

ઉંદર : ઉંદર ઘરોમાં નાની જાતનાં ખેતર અને જંગલોમાં ઘેરા રંગના ને પૂંછડીએથી કાળા હોય છે. નોળિયા વનિયર કરતા કદમાં નાના હોય છે. તે દુર્ગંધની ગ્રંથિ ધરાવે છે. તેના કાનની બૂટ લાંબી અર્ધગોળાકાર હોવાથી તે કાનને ઢાંકી દે છે. તેમ વાળી પણ શકે છે. નોળિયાના વાળ સર્પ સામે આક્રમક બની ઊભા થઈ જતા હોવાથી સર્પ તેને દંશ દઈ શકતો નથી. નોળિયા નાના અને મોટા એમ બે જાતના જોવા મળે છે. શહેર અને જંગલોમાં ભૂંડ મોટી સંખ્યામાં જોવા મળે છે. સફાઈની કામગીરી તે સારી રીતે બજાવે છે.

શેળો : નીચલા જડબાની બહાર નીકળી જાય એવું લાંબું નાક હોય છે. તેના દાંત એકસરખા હોય છે. પાંચ આંગળાવાળું તે પુરાણું પ્રાણી છે તે ભયમાં હોય ત્યારે દડાની જેમ ગબડી ગોટો વળી ગયાનો ઢોંગ કરે છે. તેને ખિજવવામાં આવે તો એકાએક કરોડનાં હાડકાંથી હુમલાખોરને ઈજા કરે છે. શરૂઆતમાં તેની કરોડ નરમ અને સ્થિતિસ્થાપક હોય છે, પણ ત્યારબાદ તે કઠણ-તીક્ષ્ણ બને છે. શેઢાઈ-શાહુડી તેના લાંબા વાળથી વિચિત્ર લાગે છે. આગળના અર્ધવિભાગમાં આ વાળ છ ઈંચ લાંબા હોય છે. પાછળ લાંબા, પાતળાં અને ઊભા વાળનો ગુચ્છો હોય છે. પૂંછડીના ભાગમાં પાછળ શાહુડીના સિસળિયાનો રંગ સફેદ અને બદામી હોય છે. તે ઉત્તેજિત થાય છે ત્યારે આ ભાગ સુંદર દેખાય છે. તે પર્વતોનાં ખડકોનાં કોતરોમાં ઊંડે સુધી બખોલો બનાવી રહે છે. દરેક બખોલમાંથી નીકળવાનો દરવાજો હોય છે. તે શરીરના પાછલા ભાગોથી હુમલો કરી સિસોળિયા ખોંસી દઈને દુશ્મનને લાચાર બનાવી દે છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં ડુંગરાળ પ્રદેશમાં દરિયાકાંઠે ખડકની બખોલમાં ભરાઈ રહે છે. મોટેભાગે રાત્રે બહાર નીકળે છે. તડબૂચ, તૂરિયાં ખાવાની ભારે શોખીન હોય છે. આગળ પડતા કાનવાળી છછુંદર તે ઉપરના જડબાંના બે દાંત વાંકા અને નીચેના જડબાનો દાંત આગળ પડતો નમેલો હોય છે. નાક અણીદાર અને પૂંછડી જાડી હોય છે. તેની બે ગ્રંથિઓમાંથી વિશિષ્ટ પ્રકારની ખુશબૂ નીકળે છે. તેના આ વાળ જીવજંતુઓથી મુક્ત રાખે છે. સૌરાષ્ટ્રમાં વસનારાં સસલાં મોટે ભાગે ઘાસવાળા પ્રદેશમાં વસે છે. શાકાહારી હોય છે. પાંચ પટાવાળી જંગલમાં અને ત્રણ પટાવાળી ખિસકોલીઓ માનવ વસાહતમાં અને ખેતરોમાં ઘણી દેખાય છે. પક્ષીઓની માફક ચામાચીડિયાંની શરીરરચના પણ ઉડ્ડયન કરી શકાય તેવી હોય છે. તેની છાતીનું હાડકું હોડી આકારનું હોય છે. પાતળી પાંખના ટેકારૂપ તેના હાથ ચાલવા ને ચઢવાના કામમાં આવે છે. આંતરસૂઝથી ચામાચીડિયાં ઉડ્ડયન માર્ગમાં આવતી મુશ્કેલીઓ નિવારે છે. તે નિશાચર છે. આ પ્રદેશમાં જીવડાભક્ષી અને ફળભક્ષી એમ બે પ્રકારની વનવાગોળ વૃક્ષોની ડાળીઓ ઉપર ઊંધું લટકી દિવસ દરમિયાન વિશ્રાંતિ લે છે. ફળોનો રસ એ એનો મુખ્ય સ્વાદિષ્ટ ખોરાક છે. ટોળામાં ફરનાર અને ચામડી ઉપર સુંદર ટપકાં ધરાવતાં શીતલ અને કદમાં ચીતળ કરતાં મોટાં એકરંગી સાબર આમ હરણની બે જાત ગીર, ગિરનાર અન્ય પ્રદેશોમાં જોવા મળે છે. હરણ

જેવાં દેખાતાં કાળિયાર-કૃષ્ણ મૃગનાં શીગડાં શાખાવિહીન હોય છે. ઘાસ એનો મુખ્ય આહાર છે. ચપળ આંખો શંકુ આકારનાં ભવ્ય શીગડાં શરીરના ઉપલા ભાગનો વર્ણ કાળો અને ઝાંખા વર્ણના નીચા શરીરવાળું ટોળાઓમાં સમૂહમાં રહેનારું કાળિયાર અત્યંત સુંદર પ્રાણી છે. જંગલ નજીક ઘાસનાં ખુલ્લાં મેદાનોમાં રહે છે. બપોરે આરામ કરી નમતા પહોરે બહાર નીકળે છે. પીછો પકડવામાં આવે ત્યારે કૂદકા મારતું દોડે છે. પ્રૌઢ માદા ટોળાની મોખરે હોય છે. મોટે ભાગે નરકાળિયાર અંદરોઅંદર લડતાં હોય છે, જે વનસ્પતિભક્ષી પ્રાણીઓની લાક્ષણિકતા રહી છે. તે તમામ તેનામાં છે. ધ્રાંગધ્રા તાલુકાના નરાળી અથવા જેસડા ગામથી ખરગધ જોવા મળે છે. નાના રણના રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાની સરહદે ખરગધ અભયારણ્ય આવેલું છે, તેમાં તેની સંખ્યા ૨૭૦૦ જેટલી નોંધાયેલી છે. નાનું અને શાખાવિહીન લાંબાં શીગડાંવાળું છીંક ખાતું છીંકારુ બીકણ પણ મળતાવડું પ્રાણી છે. તેની વારેઘડીએ હાલતી કાળી પૂંછડી હોય છે, તેને કારણે તે કાળપૂંછથી પણ ઓળખાય છે. ખેતરો અને જંગલોમાં નિર્ભય રીતે ફરનાર નીલગાય-રોઝ પવિત્ર પ્રાણી ગણાય છે. હરણ જેવાં દેખાતાં ચોશિંગાને ચાર શીગડાં હોય છે. બે સામાન્ય શીગડાં ઉપરાંત આંખની ઉપર નાનાં શૂળ જેવાં શીગડાંની એક જોડ આવેલી હોય છે. જેને ગુત્રા પણ કહેવાય છે. ગુત્રાની બીજી બે જાત શીગડાંવાળી છે. બંને જાતનાં ગુત્રામાં નાનાં હરણ છે. સર્પ ઘણી જાતો બિનઝેરી અને ઝેરી જોવા મળે છે. ભાવનગર જિલ્લો ઉત્તરમાં ૨૧.૪૬ અક્ષાંશ અને પૂર્વમાં ૭૭.૧૧ રેખાંશ ઉપર વાતાવરણ, હવામાન સમશીતોષ્ણ હોવાથી ભાવનગર જિલ્લામાં ઝેરી અને બિનઝેરી સર્પો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આ જિલ્લામાં કુલ ૨૬ જાતના સર્પો નોંધાયેલા છે. અગાઉ સમગ્ર ગુજરાતમાં નહીં નોંધાયેલા બે જાતના સર્પ ભાવનગર જિલ્લામાં જોવા મળેલ છે. જે કોડિયા સર્પ અને બીજો શ્યામ માથાનો સર્પ કાળા માથાનો સર્પ નાનામાં નાનો હોય છે. જે મોઢાથી ધડ સુધી કાળો હોય છે. જે બિનઝેરી સર્પ છે. નવ પ્રકારના સર્પ જામનગર જિલ્લામાં બરડા વિસ્તારમાંથી મળે છે. સૌરાષ્ટ્રમાં ચાર જાતો ઝેરી સર્પોની જોવા મળે છે. ૧. ફણિધર નાગને ફણા હોય છે. જે બીજા કોઈ નાગને હોતી નથી આની પણ ત્રણ પેટા જાતો છે. ૧. સાદો ફણિધર ૨. ટીલાંવાળો ફણિધર ૩. મોં ઉપર વર્તુળવાળો ફણિધર,૨. કાળો નાગ - નાગણનું જોડલું જેમાં બંને સાથે જ ફરે છે. રંગે વાદળી રંગનો કાળી ચમકતી ઝાંયવાળો. પાતળા સફેદ પટ્ટાવાળો મધ્યરાત્રિએ ફરવાનો શોખીન છે. ૩. ફુરસો નાનામાં નાનો પણ કાતિલ ઝેરી અને જાડો ધાફડો. વજનમાં ભારે, આંખો બદામી અને ભૂરા ચમકતા રંગનો છે. એનું માથું ત્રિકોણ આકારનું તીરના ફણસ જેવું શરીરે લંબગોળાકાર હોય છે. સૂ...સૂ..સૂ...સૂ... ચીસકારા મારતો ગૂંચળુંવાળી અંગ્રેજી આઠડાના આકારમાં માથું બહાર રાખી પડ્યો રહે છે. સ્વભાવે આક્રમક હોય છે. બરડાના ડુંગરમાં કોરલ સ્નેક મળી આવ્યો છે. જૂનાગઢ જિલ્લામાં કાળોતરો અને ફણિધર, અમરેલી અને ભાવનગર જિલ્લામાં કાળતરો અને ફુરસો ગીરના જંગલમાં ફણિધર, પાલિતાણા, માળિયા અને મોરબીમાં ફુરસા રાજકોટ જિલ્લામાં કાળતરો, ફણિધર અને ફુરસા તેમજ બરડાના કોરલ સ્નેક આ બધા જ સર્પો ઝેરી છે. બિનઝેરી સર્પોમાં ખડકાળ, અજગર, ભલોડી, આંધળી ચાકણ, કંકટા, રૂપસુંદર, ધામણ ઘંઉલો, રેલિયો, વેલિયો, કોડિયો, મીંદડિયો અને મીઠા પાણીના બધા જ સર્પો બિનઝેરી છે. ગીર, આલેચ, બરડો, ગિરનાર, શંત્રુજો, પીરમબેટ, સુંદરભવાની, માળવાવ-ભાવનગરમાં વિવિધ પ્રકારના સર્પો જોવા મળે છે. ધ્રાંગધ્રા તાલુકાના ખાંતડા ગામે નદીના કાંઠે અને ખંભાડિયા નાગદાદાના મંદિરે સર્પોની સંખ્યા સવિશેષ પ્રમાણમાં છે. કિંગ કોબ્રા સર્પોનો રાજા મનાય છે. જૂનાગઢ સક્કરબાગમાં સર્પો જોવા મળે છે.

મગર : ગીરના જંગલમાં હિરણનદીના બંધમાં અને સાસણમાં મગર ઉછેર કેન્દ્રમાં મગરોનો ઉછેર કરવામાં આવે છે. એક કાળે ભાદર શેત્રુંજી, ખંભાળા, લેઈક ખંભાળા બંધ વગેરેમાં સેંકડો દેશી મગર હતા.

કાચબા : કાચબાઓમાં મીઠા પાણીના, ખારા પાણીના અને જમીનના કાચબા સૌરાષ્ટ્રમાં જોવા મળે છે. દરિયાઈ કાચબાની મુખ્યત્વે છ જાતો થાય છે. ૫૦ કિ. ગ્રામથી ૭૫૦ કિ.ગ્રા. વજન ધરાવતા મહાકાય કાચબાઓ દરિયાઈ સપાટી ઉપર જોવા મળે છે. ભાવનગર જિલ્લા હાબ, જામનગર મરીન નેશનલ પાર્ક તથા પોરબંદર જિલ્લાના માંગરોળમાં કાચબા ઉછેર કેન્દ્રનો પ્રૉજેક્ટ કાર્યરત છે. તેમાં હાથબનું કાચબા ઉછેર કેન્દ્ર સવિશેષ સમૃદ્ધ છે. દરિયાઈ કાચબા સાગરનું એક વિશિષ્ટ પ્રાણી છે. ભોંચ કાચબા, સૂરજ કાચબા અને નાના કાચબા ગીરમાં જોવા મળે છે. પૂંછડિયા કાચબા ઓખામંડળમાં જોવા મળે છે.

સૌરાષ્ટ્રના દરિયાકિનારે ક્યારેક દરિયાઈ ગાય, ડેલ્ફિન વહેલ, મગરમચ્છ અને જળ બિલાડી વગેરે દરિયાઈ જળચર પ્રાણીઓ-પશુઓ પણ જોવા મળે છે. દરિયાઈ જળચર સૃષ્ટિ અતિ સમૃદ્ધિ ને વિવિધતાસભર છે.

સૌરાષ્ટ્રના હિંગોળગઢ સાંસ્કૃતિક શિક્ષણ અભયારણ્ય, ગીર અભયારણ્ય વેળાવદરનું, કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન અને બરડાનું સિંહ અભયારણ્ય કાર્યરત છે. સૌરાષ્ટ્રનાં જંગલો આબોહવા અને ભૂરચનાને કારણે વિશિષ્ટ અને વૈવિધ્યપૂર્ણ સમૃદ્ધિ ધરાવે છે. સૌરાષ્ટ્રમાં ૪.૩૩ વિસ્તારમાં જંગલો છે. આ જંગલોમાં વિવિધ પ્રકારની પ્રાણીસૃષ્ટિ વિહાર કરે છે.

*સરસ્વતી બંગ્લોઝ,*
*કવિશ્રી પિંગળશીભાઈ ગઢવી માર્ગ,*
*૯-એ-પટેલ કોલોની રોડ નં. -૪*
*જામનગર-૩૬૧૦૦૮ મો. ૯૯૨૫૦૫૭૮૫૬*

# ગીતાજ્ઞાન મહાજ્ઞાન...

*ડૉ. અશોક નારાયણ*

**ખ**રેખર તો શ્રીમદ્ ભગવદ્‌ગીતાના મહાત્મ્યનું વર્ણન કરતાં કરતાં મન એટલું પ્રફુલ્લિત, તાજગીભર્યું પવિત્ર બની જાય છે કે જેણે એનો સાચા હૃદયથી આસ્વાદ માણ્યો હોય તેને જ ખબર પડે..સાચું પૂછો તો શ્રીગીતાજીના મહિમાનું વર્ણન કરવાનું કોઈનામાંય સામર્થ્ય જ નથી, કારણ કે આ એક ખૂબ જ રહસ્યમય ગ્રંથ છે. આમાં સફળ વેદોના સારનો સંગ્રહ કરી લેવામાં આવ્યો છે. આની સંસ્કૃત ભાષા એટલી સરળ, સુંદર ને કલાત્મક રીતે રજૂ કરવામાં આવી છે. સામાન્ય વ્યક્તિ પણ સરળતાથી સમજી શકે, તેનો પૂરેપૂરો આનંદ પામી અમલ તરફ દોરાઈ જાયય.. શ્રીગીતાજી સાચા હૃદયથી અભ્યાસ કરનારને એવા આકર્ષિત કરી લે છે કે અવારનવાર તેનું પઠન કર્યા વિના ચેન જ ન પડે...પરંતુ આ મહાગ્રંથનો આશય એટલો ગંભીર છે કે આજીવન નિરંતર અભ્યાસ કરતા રહેવાથી એનો આરો આવતો નથી. રોજેરોજ નવા નવા ભાવો ઊપજતા જ રહે છે. માટે આ ગ્રંથ હંમેશાં નવીનતાથી ભર્યો ભર્યો જ રહે છે. એની મીઠાશ અને એમાંથી નીતરતી પવિત્રતા હૃદયને એટલું પુલકિત કરી દે કે દૃષ્ટિ સામેથી ખસે જ નહીં... બસ, ચિત્તમાં પવિત્રતાનો રસ ઝરવા માંડે તો શ્રદ્ધાભક્તિ સાથે વિચારવાથી આના પદે પદે પરમ રહસ્ય છુપાયેલું પ્રત્યક્ષપણે જણાઈ આવે છે. ભગવાનના ગુણ, પ્રભાવ અને મર્મનું વર્ણન જેવું ગીતાશાસ્ત્રમાં કરવામાં આવ્યું છે એવું અન્ય ગ્રંથોમાં મળવું દુર્લભ... કારણ કે મોટાભાગના ગ્રંથોમાં કંઈ ને કંઈ સાંસારિક વિષય ભળેલો હોય છે. ગીતા ભગવાનનો શ્વાસ છે, હૃદય છે અને પ્રભુની વાઙ્‌મયી બુદ્ધિ છે. જેના હૃદયમાં, વાણીમાં, શરીરમાં તેમજ સઘળી ઇન્દ્રિયો અને ક્રિયાઓમાં ગીતા જ્ઞાન વ્યાપી જાય છે એ મનુષ્ય ખરેખર ખૂબ જ ભાગ્યશાળી બની જવાનો...એનું જીવન તો સાર્થક થઈ જ ગયું.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે દુનિયાની બધી રમતો રમી લેજો પણ કદી કોઈની લાગણી સાથે ન રમતા, કારણ કે આ એ પાપ છે જેને હું કોઈ દિવસ માફ નહીં કરું... શરીર જળથી પવિત્ર બને છે, મન સત્યના આચરણથી, બુદ્ધિ જ્ઞાનથી અને આત્મા ધર્મથી શુદ્ધ બને. ભગવાનને પ્રાર્થના કરી હોય તો એટલું જરૂર કહેવાનું કે પ્રભુ સુખ આપે તો એટલું જ આપજો કે અભિમાન ન આવી જાય. અને દુઃખ આપો તો એટલું જ આપજો કે તારા પરથી વિશ્વાસ ઊઠી ન જાય..પરિવર્તન એ બ્રહ્માંડનો નિયમ છે. ત્વરિતમાં તમે કરોડપતિ અથવા ગરીબ હોઈ શકો છો... એટલું હંમેશાં યાદ રાખવું કે જે બન્યું સારા માટે થયું, જે થઈ ગયું છે તે સારા માટે થઈ રહ્યું છે. જે બનશે તે સારા માટે પણ થશે...અહીં મહત્ત્વની વાત તો એ છે કે પ્રેમ સહિષ્ણુ અને નિઃસ્વાર્થ હોવો જોઈએ. જેની ગતિ અને મતિ અર્જુન જેવી છે તેનો રથ આજે પણ કૃષ્ણ જ ચલાવે છે. હા, અપેક્ષાઓ બહુ નહિ રાખવાની જેટલી અપેક્ષાઓ ઓછી એટલી શાંતિ વધુ મળશે. હૃદયને ન અનુભવેલ શીતળતા સાંપડશે. જો ઈશ્વર પર પૂરેપૂરી શ્રદ્ધા જન્મે તો દરેક વાતમાં સુખ, શાંતિનો ચોકક્સ અનુભવ થશે એમાં બેમત નથી. નથી કીધું મેં કૃષ્ણને કે મારી મુશ્કેલી મોટી છે. કહ્યું મેં મુશ્કેલીને કહે કે મારો કૃષ્ણ તારાથી મોટો છે. ભગવાન શ્રીકૃષ્ણનો કહે છે કે કોઈ પણ વાતનો ઘમંડ ન કરો કોઈને પણ કંઈ આપીને, શું ખબર તમે આપી રહ્યા છો કે પાછલા જન્મની ચૂકવણી કરી રહ્યા છો... મોરપિચ્છ જોઈને આસપાસમાં મોર જ છે એવું શા માટે માની લેવું ? શક્ય છે શ્રીકૃષ્ણ પણ હોય...હૃદય તો રામ જેવું પવિત્ર રાખવું પણ વિચારો તો ભગવાન કૃષ્ણ જેવા રાખવા, કેમકે જીવનમાં યુદ્ધ દરેક પગલે રહેવાનું જ છે. પ્રેમથી મોટો આકાર અને કાનાથી મોટો કલાકાર દુનિયામાં કોઈ નહીં મળે. અર્જુન કૃષ્ણને પૂછે છે કૃષ્ણ કહે છે કે હું તારા જીવનના કાળ ને હરવા આવ્યો હતો એટલે મારો વર્ણ શ્યામ છે...રાધા પૂછે છે ત્યારે કૃષ્ણ કહે છે કે તમારા રૂપનું માન રહે માટે હું શ્યામ વર્ણ... જુઓ, ભગવાનના હૃદયની વિશાળતા... શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ૧૮ અધ્યાય છે, ૭૨૦ શ્લોક છે, જ્યારે પણ તમો કોઈ દ્વિધા કે મુશ્કેલીમાં હોવ તો શ્રીમદ્ ભગવદ્ ગીતા વાંચી લો, કારણ કે તેમાં લખવામાં આવેલ દરેક શ્લોક તમને સાચો માર્ગ બતાવવામાં સહાયક થાય છે. જીવનનો સાચો માર્ગ પસંદ કરવામાં મદદ મળે છે. આ ગ્રંથ આપણને જીવનમાં ખરાબ પરિસ્થિતિમાંથી કેવી રીતે નીકળવું જોઈએ તેનું જ્ઞાન આપે છે. જે લોકો ચિંતામાં, તણાવમાં રહે છે તેમણે આ પવિત્ર ગ્રંથને જરૂર વાંચવો જોઈએ.. સફળતાનાં દ્વાર પણ ખૂલી જશે.. જીવનની ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં ગીતાજ્ઞાનથી તમે ક્યારેય નિરાશ નહીં થાવ, તમે જ નહીં, કોઈને પણ નિરાશ નહીં થવા દો... તમારા રોમ રોમમાં નવું જોમ પેદા કરવાની શક્તિ આ અદ્‌ભુત ગ્રંથ પાસે છે એમાં બેમત નથી...

*પ્લોટ નં. ૮૫૨,*
*સેક્ટર-૮, ગાંધીનગર.*

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

**મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું**

- ❐ ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ❐ ગુજરાત વસ્યું લોકહૈયે...

**કારણ ?**

- ❐ સામયિકની લોકાભિમુખ નીતિ,
- ❐ સરકારનું નહિ, સાડા છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

**જેમાં,**

- ❐ નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- ❐ અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

**પરિણામ ?**

- ❐ લોકોનો અદમ્ય ઉત્સાહ,
- ❐ વાચકોનો અસરકારક પ્રતિભાવ,
- ❐ વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

**અને ફેલાવામાં અગ્રહરોળ ?**

- ❐ ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં સામયિકોમાં અગ્રેસર ફેલાવો...!
- ❐ સમસ્યા અને સંવેદનાની વાતો...
- ❐ જન કલ્યાણની યોજનાની વાતો...
- ❐ લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- ❐ કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો.

**ગુજરાત પાક્ષિકની PDF**
**www.gujaratinformation.gujarat.gov.in**
**લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય**
માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫
ઈ-મેઈલ : gujaratmagazine@gmail.com
વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in



**● લવાજમ ●**
**કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે**

છેલ્લામાં છેલ્લી વાત લઈને આવે છે આપના સુધી...

ઘટનાઓની વણઝાર વચ્ચે નિયમિત પહોંચે છે આપના સુધી...

સત્ય અને નિષ્ઠાના માર્ગે કર્તવ્ય નિભાવે છે આપના સુધી...

વાર્ષિક લવાજમ ફક્ત
**₹ ૫૦.૦૦**

**ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે લોકકલ્યાણની વાત, લોકોને ઉપયોગી જાણકારીની વાત, સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના વણથંભ્યા વિકાસની વાત**

# હસમુખ શાહ અને 'દીઠું મેં'...

*- વસંત ગઢવી*

**હ**સમુખ શાહ ગયા ડિસેમ્બર મહિનામાં જ આપણી વચ્ચેથી ગયા. એક પૂરી ન શકાય તેવી ખોટ તેમના જવાથી ગુજરાતને પડી તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. આઇ. પી.સી.એલ. જેવી ગંજાવર સંસ્થાના એ ચેરમેન હતા. તદ્દન વિભિન્ન વ્યક્તિત્વ ધરાવતા પ્રધાનમંત્રીઓ-મોરારજી દેસાઈ, ઈન્દિરા ગાંધી તથા ચૌધરી ચરણસિંહના સચિવ તરીકેનું કામ તેમણે કર્યું હતું. ભારતીય રાજકારણના સતત બદલાતા સમયગાળાને તેમણે નજીકથી જોયો હતો. આ સિવાય પણ અનેક કંપનીઓની સ્થાપના તેમજ વિકાસમાં તેમનું મહત્ત્વનું યોગદાન હતું. દર્શક ઈતિહાસનિધિનો વિકાસ હસમુખભાઈને આભારી છે. આ બધું હોવા છતાં તેઓ એક સંપૂર્ણ વિવેકી તથા સૌજન્યશીલ વ્યક્તિ હતા. તેમના કર્મથી તેઓ એક બ્યુરોક્રેટ હોવાના કારણે તેમની જાહેરમાં દેખાવાની બાબત પ્રમાણમાં ઓછી હોય છે. આથી તેમની ભાતીગળ જીવનયાત્રા બાબતમાં સામાન્યતઃ લોકોની જાણકારી ઓછી હોય તે સમજી શકાય તેવી બાબત છે. અનેક લોકો તેમના કાર્યથી પૂરા પરિચિત ન હોય તે સ્વાભાવિક પણ છે, પરંતુ હસમુખભાઈનું જીવન તથા યોગદાન એવા હતાં કે તેની નોંધ લેવાય તથા તેમના વિશેની જાણકારી વિસ્તરે તેમાં આપણી પણ શોભા છે. એક બ્યુરોક્રેટ પાસેથી સમાજ તથા સરકારની અપેક્ષાઓ તો ઘણી હોય છે. પરંતુ અપેક્ષાઓ સામે ખરા ઉતારે તેવા વિરલા ઓછા હોય છે. આવા લોકો સમાજની સ્મૃતિમાં લાંબા કાળ સુધી રહે છે. ઉદાહરણ તરીકે આઝાદી મળ્યા બાદ નવી રચાયેલી ભારત સરકાર સામેના અનેક પ્રશ્નોના ઉકેલમાં એચ. એમ. પટેલ સાહેબનું હીર ઝળકી ઊઠ્યું હતું. એચ. એમ. પટેલ જેવા ભારતવાસી ગુજરાતી મૂળ તો એક બ્યુરોક્રેટ જ હતા. ઈંગ્લેન્ડની તે સમયની પ્રતિષ્ઠિત ગણાતી ઈન્ડિયન સિવિલ સર્વિસ(ICS)ના તેઓ એક પ્રતિનિધિ હતા. તેઓએ દેશના વિભાજન અને ત્યારબાદ નવા રાષ્ટ્રના નવનિર્માણમાં કદી વિસ્મૃત ન થાય તેવું યોગદાન આપેલું છે. આવી વ્યક્તિઓ પૈકીના એક એટલે લલિતચંદ્ર દલાલ પણ એક કર્મઠ અધિકારી હતા. જેમણે ગુજરાત રાજ્યના નિર્માણ તથા વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો. હજુ ગઈકાલ સુધી આપણી વચ્ચે હતા તેવા અનિલભાઈ શાહની સ્મૃતિ પણ આ સંદર્ભમાં થાય છે. અનિલભાઈ શાહની સૂઝ તેમજ દૃષ્ટિને કારણે સરકારની યોજનાઓમાં વ્યાપક જનભાગીદારીના વિચારને સ્થાન મળ્યું. તેની સફળતા પણ સૌને જોવા મળી. આવાં ઊજળાં નામોની યાદીમાં હસમુખ શાહનું નામ નિઃસંકોચ ઉમેરી શકાય તેવું છે. અનેક પ્રકારનું યોગદાન અને તે પણ અનેક ક્ષેત્રોમાં કરીને હસમુખભાઈ પોતાનું જીવતર દીપાવી ગયા. સત્તાનાં વિવિધ સ્થાનોમાં રહીને દિલમાં નિર્ભેળ માનવતાની જ્યોત સદાકાળ જીવંત તેમજ જ્વલંત રાખવી એ નાની સૂની વાત નથી. હસમુખ શાહની સ્મૃતિ આપણામાંથી અનેક લોકોને દીર્ઘકાળ સુધી રહ્યા કરશે. અસામાન્ય સ્થિતિને જીવનમાં પ્રાપ્ત કર્યા પછી પણ હસમુખભાઈએ જીવનમાંથી સામાન્યતાને વિલીન થવા દીધી નથી. ભૂમિગત વાસ્તવિકતાઓ સાથેનું જોડાણ એ તેમના જીવન-કાર્યનો ધ્રુવ સંદેશ છે. હાંસિયામાં રહેલા બજાણા ગામમાંથી તેઓ વિશ્વસ્તરે વિકસ્યા છે. પોતાના જીવનનાં મહત્ત્વનાં પહેલાં બાર વર્ષ હસમુખભાઈએ બજાણામાં ગાળ્યાં હતાં. કચ્છના નાના રણની ધારે આવેલું બજાણા એક નાનું રજવાડી ગામ ગણાય છે. ભૌગોલિક રીતે તેનો સમાવેશ સુરેન્દ્રનગર જિલ્લામાં થાય છે. બજાણાથી નજીકનું મહત્ત્વનું સ્થળ પાટડી છે.

**એચ. એમ. પટેલ જેવા ભારતવાસી ગુજરાતી મૂળ તો એક બ્યુરોક્રેટ જ હતા. ઇંગ્લેન્ડની તે સમયની પ્રતિષ્ઠિત ગણાતી ઇન્ડિયન સિવિલ સર્વિસ(ICS)ના તેઓ એક પ્રતિનિધિ હતા**

રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારની કચેરીઓમાં વિવિધ સ્વરૂપની કામગીરી કરનારા અનેક અધિકારીઓ હોય છે. દરેકને પોતાના સેવાકાળ દરમિયાન અનેક પ્રકારના અનુભવ પણ થયા કરે છે. અનુભવ જે તે સમયે કોઈને વ્યક્તિગત દૃષ્ટિથી સારા કે નબળા લાગ્યા હોય તેમ બનવાજોગ છે,



પરંતુ ઈતિહાસની દૃષ્ટિએ એ દરેક ઘટના કે અનુભવનું એક આગવું મૂલ્ય હોય છે. પ્રજાના વિશાળ સમુદાયને સંબંધિત આ ઘટનાઓ હોય છે તેથી તેનું મૂલ્ય સવિશેષ છે. હસમુખભાઈએ પોતાના સ્વાનુભવોને આલેખતું એક પુસ્તક લખ્યું છે. અમદાવાદના રંગદ્વાર પ્રકાશને "દીઠું મેં..." એવા શીર્ષકથી ૨૦૧૩માં તેને પ્રકાશિત કરેલું છે. ઘણાં લોકો આ પુસ્તક બાબતમાં જાણે છે. સારી એવી પ્રસિદ્ધિ આ પુસ્તકને મળેલી છે. હસમુખભાઈનાં સંસ્મરણો વિશાળ તેમજ વૈવિધ્યપૂર્ણ છે. તેથી ઘણાં રોચક છે. બજાણાની તવારીખ તો માણવી ગમે તેવી છે જ. ઉપરાંત દિલ્હી દરબારનાં તેમનાં સંસ્મરણો તત્કાલીન સ્થિતિને વિશેષ રીતે સમજવામાં મદદરૂપ થાય છે. ગુજરાતી ભાષા સાથેનો સંપર્ક ઘણાં વર્ષો સુધી ઓછો થઈ જવા છતાં ભાષા પરની તેમની પક્કડ પ્રભાવી લાગે છે. નિરાંડબર વ્યક્તિત્વની પણ સહજ છાપ તેમની કથા વાંચનારના મનમાં સહજ રીતે ઊભી થાય છે. આજે પણ જ્યાં વિકાસની ઉણપ કે સવલતોની અછત દેખાતી હોય તેવાં બજાણા અને લખતર જેવાં સ્થળોએ લગભગ પોણી સદી પહેલાં તેમનું બાળપણ વીત્યું. નજર સામે જોયેલી તેમજ અનુભવેલી આ કઠિન પરિસ્થિતિ પણ તેમના ઘડતરમાં તથા આત્મવિશ્વાસ પ્રગટાવવામાં મહત્ત્વની બની રહી.

**હસમુખભાઈએ જોયેલું ગામડાનું ચિત્ર એ આપણી ગંગા-જમના સંસ્કૃતિના એક ઊજળા ઉદાહરણ જેવું છે. ગામડામાં કોમ-કોમ વચ્ચેનો હુંફાળો ભાઈચારો એ આપણી સહજ સમજ તથા જીવન જીવવાની રીત હતી**

સામાન્ય રીતે જે કામગીરી કરવાની તક મોટાભાગે ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ(IAS)ના અધિકારીઓને મળતી હોય છે તેવી તક હસમુખભાઈને મળી. જે પદ કે પ્રતિષ્ઠા તેમને મળ્યાં તે તેમણે દીપાવી જાણ્યાં. માનવતાપૂર્ણ અભિગમ તથા વ્યવહારુ અભિગમથી તેમણે સત્વરે નિર્ણય કરવાની પ્રક્રિયાને વેગ આપ્યો. આઇ.પી.સી.એલ. જેવી મોટી સંસ્થાના અધ્યક્ષ તરીકે કામકાજના સ્વસ્થ તથા પારદર્શક ધોરણો સ્થાપીને તેને તેમણે અમલમાં મૂક્યા. છતાં કોઈ પણ બાબતમાં વાત કરતાં સહેજ પણ આપવડાઈ કે કર્તાપણાનો ભાવ તેમને મળનારને ક્યારે પણ લાગ્યો નથી.

હસમુખભાઈનાં બજાણાનાં સંસ્મરણો વાગોળીએ ત્યારે ફરી એ વાતની સ્મૃતિ થાય છે કે ખેડૂતો મહા-મહેનતે બે છેડા ભેગા કરી શકતા હતા. દેવામાં તો ડૂબેલા હોય જ. વરસાદ પણ મનમોજીલો. પીવાનું મીઠું પાણી થોડો સમય રહે. પછી રણકાંઠાના કારણે તેમાં ખારાશ ભળતાં પાણી ભાભરું થઈ જાય. આકરા તાપમાન તથા ટાંચાં સાધનોની મદદથી જે મળે તેમાં ખેડૂતો સંતોષ માને. આ સ્થિતિમાંથી આજે પણ આપણે બહાર નીકળ્યા છીએ ખરા ! તેવો મનમાં સહેજે વિચાર આવે. સ્થિતિમાં સુધારો અવશ્ય થયો છે, પરંતુ હજુ પણ ખેતી પોષણક્ષમ ન બનવાના કારણે અનેક ધરતીપુત્રો ધરતીથી વિખૂટા થઈ રહ્યા છે. જે મળ્યું તેનાથી સંતોષ માનવાની એક સ્વસ્થ મનોદશા તે સમયે હતી તે પણ આપણામાંથી દૂર થતી જાય છે. વિકાસની ભૂખ હોવી તે જરૂરી છે, પરંતુ સંતોષની મૂડી ગુમાવવા જેવી નથી.

હસમુખભાઈએ જોયેલું ગામડાનું ચિત્ર એ આપણી ગંગા-જમના સંસ્કૃતિના એક ઊજળા ઉદાહરણ જેવું છે. ગામડામાં કોમ-કોમ વચ્ચેનો હુંફાળો ભાઈચારો એ આપણી સહજ સમજ તથા જીવન જીવવાની રીત હતી. ગામમાં જુદી જુદી જ્ઞાતિઓ ખરી, પરંતુ બધા સુમેળથી રહે. રાજવી જે ધર્મ કે કોમના હોય તે જ કોમના રાજ્યના અધિકારીઓને રાખવા તેવી સહેજ પણ વૃત્તિ નહિ. તાજિયા કે મહાવીર સ્વામીના જન્મ-દિવસનો ઓચ્છવ સૌ સાથે મળીને જ ઊજવે તેવી પ્રથા હતી. ઓચ્છવ તો સૌ કોમને જોડે તેમ ઊજવાય. સૌને તેનો પ્રસાદ તથા પ્રસન્નતા સરખાં ભાગે મળે. લેખક કહે છે તેમ બજાણાની રોનક જે ૧૯૪૭ સુધી હતી તે પણ પછીથી ક્રમશઃ ઓછી થઈ. હસમુખભાઈ કહે છે : "ગુજરાતના ઈતિહાસની ફૂટનોટમાં પણ અમારા આ બજાણાને સ્થાન નથી".

તે સમયમાં રાજવીઓ કે નવાબોને ત્યાં થતાં લગ્નોમાં કેવા રમૂજી પ્રસંગો થતા તેનો આંખે દેખ્યો અહેવાલ હસમુખભાઈએ ટાંક્યો છે. જૂનાગઢના નવાબને ત્યાં લગ્નપ્રસંગ હતો. નવાબને ત્યાં લગ્ન પ્રસંગ હોય તો તેમાં શાહી ઠઠારો હોય તે સ્વાભાવિક છે. મહેમાનો પણ મોટી સંખ્યામાં આવાં લગ્નો માણવા ઊમટી પડે તે સમજી શકાય તેવી વાત છે. હસમુખભાઈના પિતાશ્રી તેમજ બજાણાના અગ્રણી હમાદખાન બાપુ બજાણા રાજવીના પ્રતિનિધિ તરીકે લગ્નમાં જૂનાગઢ ગયા. નવાબને ત્યાં શાકાહારી તેમજ માંસાહારી ખોરાક લેનારા માટે બે અલગ રસોડાંની વ્યવસ્થા હતી. જો કે, હમાદખાને હસમુખભાઈના પિતા સાથે શાકાહારી રસોડે જમવાનું ગોઠવ્યું હતું. ભોજન લેવા બેઠા ત્યારે એક નાની વાટકીમાં શ્રીખંડ પીરસવામાં આવ્યો. શ્રીખંડનું પ્રમાણ જોઈ હમાદખાનને નવાઈ લાગી. આટલા ઓછા શ્રીખંડમાં પેટ શે ભરાય ! રસોઈનું કામ સંભાળતા મેનેજરને બોલાવ્યો. મેનેજરને કહેઃ "તારો આ શ્રીખંડ ખાઈ શકાય એટલો તો છે જ નહિ. આથી તેને આંખમાં આંજી દે. આંખમાં ટાઢક થશે અને આ વાટકી આડી નહિ આવે !" શરમાઈને મેનેજરે મોટા વાટકામાં શ્રીખંડ આપ્યો જે હમાદખાન બાપુ ત્રણ વાટકા ભરીને ઝાપટી ગયા ! તે સમયે ગામડાંનાં બાળકો જે રમતો રમતાં હતાં તે રમતો શરીરને કસે તેમજ બિનખર્ચાળ હોય તેવી હતી.

મોઇ-દાંડિયાની શેરીની રમત રમીને લેખક દિલ્હી દરબારની રમતોમાં અણનમ રહ્યા તે આશ્ચર્ય થાય તેવી ઘટના છે.

હસમુખભાઈની કારકિર્દીની શરૂઆત આમ તો જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજના લેક્ચરર તરીકે થઇ. એ ગાળો ટૂંકો રહ્યો હસમુખભાઈએ "કલેક્ટેડ વર્ક્સ ઓફ મહાત્મા ગાંધી" પ્રોજેક્ટમાં જોડાવા માટે કોલેજ છોડવાનો કપરો નિર્ણય કર્યો. ગાંધીજીના જીવનને સંબંધિત સાહિત્ય તરફનું ખેંચાણ એ આ નિર્ણય લેવામાં મહત્વનું કારણ બન્યું. છ વર્ષ તેમણે ત્યાં કામ કર્યું. હસમુખભાઈના વ્યક્તિત્વના ઘડતરમાં આ રીતે ગાંધી સાહિત્યના અધ્યયને મહત્ત્વનો ભાગ ભજવ્યો હશે તેમ માની શકાય. તેમના વ્યક્તિત્વમાં રહેલા સાદગી તથા નિષ્ઠાના ગુણોનું મૂળ પણ અહીં શોધી શકાય. અહીં જ તેમને પાંડુરંગ દેશપાંડે તથા પ્રોફેસર કે. સ્વામીનાથન્ જેવી વિદ્વાન વ્યક્તિઓ સાથે કામ કરવાનો મોકો મળ્યો. ત્યાર બાદના તબક્કામાં વાડીલાલ ડગલીએ મોરારજીભાઈ સાથે જોડાવા માટે ભલામણ કરી. મોરારજી ત્યારે સત્તામાં ન હતા તો પણ તેમને મળ્યા બાદ હસમુખભાઈએ તેમના સચિવ તરીકે જવાનું સ્વીકાર્યું. મોરારજીભાઈ સાથેના આ જોડાણથી તેમને સમાજનાં વિવિધ ક્ષેત્રો તથા રાજકીય બાબતોને સમજવાની તક મળી. મોરારજીભાઈ નાણામંત્રી રહ્યા તે સમયે પણ તેમની સાથે રહીને ભારતના સમગ્ર અર્થતંત્રને નજીકથી મૂલવવાની તક તેમને મળી.

**મોરારજી ત્યારે સત્તામાં ન હતા તો પણ તેમને મળ્યા બાદ હસમુખભાઈએ તેમના સચિવ તરીકે જવાનું સ્વીકાર્યું. મોરારજીભાઈ સાથેના આ જોડાણથી તેમને સમાજનાં વિવિધ ક્ષેત્રો તથા રાજકીય બાબતોને સમજવાની તક મળી**

મોરારજી સાથે તેઓ ન હતા ત્યારે હસમુખભાઈ કોઈ સરકારી કામકાજ માટે માર્ચ-૧૯૭૭માં દિલ્હીમાં હતા. સામાન્ય નિયમ એવો કે દિલ્હી જાય ત્યારે બની શકે તો મોરારજીભાઈને પણ મળે. આ પ્રથા પ્રમાણે ૨૪ માર્ચ-૧૯૭૭ના દિવસે તેઓ મોરારજીભાઇના દિલ્હીના નિવાસસ્થાને ગયા. જનતા પાર્ટીની મોટી રેલીમાં ભાગ લઇ મોરારજી ઘેર પાછા આવ્યા હતા. આ દિવસે જ મોરારજીભાઈ જનતા પાટીના નવા ચૂંટાયેલા સાંસદોના નેતા નિયુક્ત થયા હતા. આથી તેમનો દેશના પ્રધાનમંત્રી થવાનો રસ્તો સાફ હતો. મોરારજીભાઈએ ખાસ કશા આવેશ સિવાય હસમુખભાઈને કહ્યું : "સારું થયું, તમે આવ્યા." બાદમાં કશુક લખી લેવા માટે તેમણે હસમુખભાઈને સૂચના આપી. ત્યારબાદ મોરારજીએ પોતાના ખિસ્સામાંથી કેટલીક ચબરખીઓ કાઢી અને જોઈ. ટેબલ પરના એક નાનકડા પેડમાં તેઓ કશુંક લખવા લાગ્યા. એક નાની યાદી મોરારજીભાઈએ કાળજીપૂર્વક વિચારતા જઈને તૈયાર કરી. મોરારજીભાઈની યાદી મુજબ હસમુખભાઈએ લખેલાં નામો એ નવી કેન્દ્ર સરકારના મંત્રીઓની હતી ! આ પીઢ પુરુષ સારા-નરસાનો ભેદ પારખી નામ નક્કી કરતા હતા. તે હસમુખભાઈ જોઈ શક્યા હતા. નામો લખાયા પછી મોરારજીભાઈ સોગંધવિધિનો સમય પણ સૂચવીને રાષ્ટ્રપતિશ્રીના કાર્યાલય સાથે સંકલન કરી લેવા હસમુખભાઈને સૂચનાઓ આપી. આ પછી મોરારજી સૂઈ ગયા ! મોરારજીભાઈની એક જુદી જ છાપ હસમુખભાઈના પુસ્તકમાંથી મળે છે. મોરારજીભાઈએ પોતાની બચતનું ટ્રસ્ટ કરેલું. બાપદાદાના સમયથી એક ઘર હતું તે ભાઈઓની સંમતિ લઈને ગામની શાળા ચલાવવા માટે ભેટ આપી દીધું હતું. ટ્રસ્ટની નાની એવી વ્યાજની રકમમાંથી પણ જરૂરિયાતમંદોને સહાય આપી દેવાની ઉતાવળમાં મોરારજીભાઈ રહેતા હતા. કોઈ એક જરૂરિયાતમંદ વિદ્યાર્થીએ મોરારજીભાઇના ફેમિલી ટ્રસ્ટમાંથી અભ્યાસ આગળ વધારવા માટે સ્કોલરશિપની માગણી કરી હતી. એક બ્યુરોક્રેટની પદ્ધતિ પ્રમાણે હસમુખભાઈએ પુરાવા તરીકે માગણી કરનાર વિદ્યાર્થીની માર્કશીટ મંગાવવા સૂચન કર્યું. મોરારજીભાઈએ 'વિશ્વાસથી વહાણ ચાલે' તેવી કહેવત ટાંકીને આવી નાની રકમ સત્વરે ચૂકવી આપવાનો મત વ્યક્ત કર્યો. અંતે તેમજ કરવામાં આવ્યું. મોરારજીભાઈ કુદરતી ઉપચારોમાં શ્રદ્ધા ધરાવતા હતા તે બાબત જાણીતી છે. તેઓ પ્રધાનમંત્રી હતા ત્યારે એક ભાઈનો પત્ર તેમને મળ્યો. પાકિસ્તાનના સિંધ પ્રદેશના હૈદરાબાદ શહેરથી એ પત્ર આવ્યો હતો. પત્ર લખનારે લખ્યું હતું કે તેની બહેનને કેન્સર થયું છે. દવાઓ આપીને ઘણી સારવાર કરી પરંતુ ફાયદો થયો નથી. આથી તેમણે આ બાબતમાં કોઈ સલાહ આપવા કે ઉપાય સૂચવવા મોરારજીભાઈને વિનંતી કરી. મોરારજીભાઈએ પત્ર વાંચીને પત્ર લખનાર ભાઈ સાથે ટેલિફોન પર વાત કરાવવા પોતાના કાર્યાલયમાં સૂચના આપી. પત્રની વિગતો પરથી સંપર્ક થયો પણ ખરો. મોરારજીભાઈએ શાંતિથી દર્દીની તકલીફો તથા હાલની તેની સ્થિતિની વિગતો



જાણી. સલાહ પણ આપી કે દર્દીને માત્ર ખાટી ન હોય તેવી દ્રાક્ષ ખોરાકમાં આપવી. જેટલી દ્રાક્ષ ખાઈ શકે તેટલી આપવી. એ જ ભાઈનો થોડા દિવસ પછી પત્ર આવ્યો કે મોરારજીભાઈએ સૂચવેલી દવા શરૂ કરે તે પહેલાં જ દર્દી બહેનનું અવસાન થયું હતું. પત્ર લખનાર ભાઈ આભારવશ હતા કે પ્રધાનમંત્રી તરીકેની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને મોરારજીભાઈએ એક અજાણ્યા દર્દીની સારવાર માટે આટલો સમય કાઢ્યો. જો કે, આવા કોઈ કામની પ્રસિદ્ધિ ન આપવી તેવી પ્રધાનમંત્રીશ્રીની સ્થાયી સૂચના હતી તેમ પણ હસમુખભાઈએ નોંધ કરી છે. પોતાની સારી બાબતોની પણ પ્રસિદ્ધિ માટે કોઈ ખાસ ખેવના રાખવી તે મોરારજીના વ્યક્તિત્વમાં ન હતું. હસમુખભાઈનો જે માનવતાવાદી તથા સંવેદનશીલ અભિગમ હતો તેનું વાસ્તવિક પગલાંઓમાં પરિવર્તન તેઓ કરી શક્યા. હસમુખભાઈની નિષ્ઠા ઉપરાંત મોરારજીભાઈનો ઉદાર અભિગમ તેના મહત્ત્વના કારણ તરીકે જોવા મળે છે.

વડાપ્રધાનના કાર્યાલયમાં એક વરિષ્ઠ અને સુવિખ્યાત અધિકારી વી. શંકર વિષે હસમુખભાઈએ લખેલી વાતો વાંચતાં સાનંદાશ્ચર્ય થાય. સરદાર વલ્લભભાઈ પટેલ સાથે પણ વી. શંકરે ઘણી સારી કામગીરી કરી હતી તે બાબત જાણીતી છે. વી. શંકર ફાઈલોના નિકાલમાં નિર્ણાયત્મક તથા ઝડપી હતા. સવારે પાંચથી સાત વચ્ચે લગભગ બધી ફાઈલો ધ્યાનથી જુએ. નોંધ કરે. ત્યારબાદ સ્ટેનોગ્રાફરને બોલાવી ડિક્ટેશન આપે. તેમનું કામ આ રીતે સવારમાં જ પૂરું થાય. ત્યાર બાદ દિવસભર મિટિંગોમાં વ્યસ્ત રહે તેમજ નિર્ણાયત્મક માર્ગદર્શન આપે. વી. શંકર મુશાયરાઓમાં પણ જોવા મળે. મિલ્ટનના 'પેરેડાઈઝ લોસ્ટ'ની પંક્તિઓનો છૂટથી મુખપાઠ કરે. આ પ્રકારના બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા લોકો કોઈ પણ માળખામાં મૂડીસ્વરૂપ હોય છે.

ઈન્દિરાજી વડાપ્રધાન થયા પછી તેમની સાથે તેઓ શરૂઆતમાં જોડાયેલા રહ્યા. કેટલાક નેતાઓને એ બાબત ખૂંચતી હતી. આથી હસમુખભાઈને બીજી જગ્યા એ નિમણૂક આપવામાં આવી. પ્રધાનમંત્રીની ઑફિસ છોડતાં પહેલાં હસમુખભાઈ ઈન્દિરાજીને મળવા ગયા. આ સમયે ઈન્દિરાજીમાં રહેલા GRACE અને ઔદાર્ય હસમુખભાઈએ સ્પષ્ટ રીતે જોયાં. હસમુખભાઈને તેઓ કહે છેઃ "તમે વડાપ્રધાનના કાર્યાલયમાંથી જાઓ તેવું હું ઇચ્છતી ન હતી પરંતુ...:" વાક્ય અધૂરું રહ્યું. દેશના તે સમયનાં સૌથી શક્તિશાળી રાજદ્વારી મહિલા એવું સૌજન્ય ન પણ દાખવે તો તેમાં કશી અસામાન્ય બાબત લાગે નહિ, પરંતુ ઈન્દિરાજી તેથી પણ એક પગલું આગળ ગયાં. જે વિભાગમાં હસમુખભાઈની નિમણૂક થઇ તે વિભાગના મંત્રીશ્રી સી. એમ. સ્ટિફનને ઇન્દિરાજીએ કહ્યું કે હસમુખભાઈ PMO છોડે છે તેનું કારણ તેમની સામેની કોઈ નારાજગી નથી. ઈન્દિરાજીના એક અલગ વ્યક્તિત્વની અહીં ઝાંખી થાય છે. હસમુખભાઈની તો તેમના કાર્યક્ષમ યોગદાનને કારણે ઊભી થયેલી એક અલગ પ્રતિભા અહીં જોવા મળે જ છે પરંતુ ઇન્દિરા ગાંધીના વ્યક્તિત્વની પણ ઊજળી બાજુનું અહીં દર્શન થાય છે. હસમુખભાઈના પુત્રના લગ્ન પ્રસંગે પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીને વ્યક્તિગત રીતે મળીને આમંત્રણ દેવાનું તેમને ઉચિત ન લાગ્યું. કંકોતરી પોસ્ટમાં મોકલી આપી. બરાબર લગ્નના સમયે જ ઈન્દિરાજીનો સ્નેહસભર પત્ર તેમને મળ્યો. નવદંપતિને આશીર્વાદ આપ્યા હતા. પ્રધાનમંત્રી આંધ્રપ્રદેશમાં ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હતાં. ત્યાંથી જ તેમણે આ પત્ર લખ્યો હતો. હસમુખભાઈના કુટુંબીજનોને આશ્ચર્ય થાય છે.

આઇ.પી.સી.એલ.ના ચેરમેન તરીકે ૫૦૦૦ એકર જેટલી ખેડૂતોની જમીન સંપાદન કરવાની થતી હતી. હસમુખભાઈના માનવીય અભિગમમાં એ દૃષ્ટિ હતી કે ખેડૂતોને નુકસાનકારક હોય તેવી કોઈ ફોર્મ્યુલાથી જમીન સંપાદન થવું જોઈએ નહિ. આથી તેમણે વ્યવહારુ છતાં ઉદાર ફોર્મ્યુલા અપનાવીને એ કાર્ય કર્યું. જેમનાં મૂળ હવે ધરતી સાથે રહેવાના નથી તેનાં હિતોનું રક્ષણ થવું જોઈએ એ તેમનું જાત સાથેનું કમિટમેન્ટ હતું. આથી તેમાં બ્યુરોક્રેટિક એપ્રોચ ન હતો. ખેડૂતોની વ્યથા સમજવાની તેમની શક્તિ હતી તે જ રીતે મધર ટેરેસાની ગરીબોની સેવાના કામનું હસમુખભાઈને મન ઘણું મહત્ત્વ હતું. તેમનાં માતુશ્રીએ પોતાના મરણ બાદ જે કંઈ બચત હતી તે મધર ટેરેસાનાં સેવાકાર્યોમાં વાપરવા માટે સૂચવ્યું હતું.

હસમુખભાઈનું જીવન એ આજે પણ અનેક લોકો માટે પ્રેરણા પૂરી પાડી શકે તેવું છે. હસમુખભાઈ શાહના આ પુસ્તકનું પણ એક આગવું દસ્તાવેજી મૂલ્ય છે. આપણા તત્કાલીન રાજકિય પુરુષોના વ્યક્તિત્વની પ્રમાણમાં ઓછી જાણીતી હોય તેવી બાબતો અહીં જાણવા તેમજ સમજવા મળે છે. આ પ્રકારનાં દસ્તાવેજી લખાણો ઓછાં થાય છે. જે થયાં છે તેમાંથી પણ કેટલાંક લખાણોની વિશ્વસનીયતા પ્રથમ દૃષ્ટિએ જ શંકાસ્પદ જણાય છે. હસમુખભાઈનાં લખાણોમાં કોઈ ઍંગલ સિવાય હેતુલક્ષિતા જળવાઈ રહી છે. તે આ પુસ્તકના મૂલ્યમાં ઘણી મોટી વૃદ્ધિ કરે છે. જે વ્યક્તિચિત્રો તેમણે આપ્યાં છે તે પણ વાંચવા ખૂબ ગમે તેવાં છે. હસમુખભાઈ ગયા તેનો રંજ અવશ્ય થાય તેવો છે. એટલો સધિયારો રહે છે કે તેમના આ દસ્તાવેજી પુસ્તકથી આપણી વચ્ચે લાંબાકાળ સુધી જીવંત રહેવાના છે.

---

*૧૧૫/૨, સેક્ટર-૨-એ,*
*ગાંધીનગર.*
*મો : ૯૯૭૮૪૦૬૧૩૦*

# સદ્‌વિચાર નિત્ય કીજીએ...(સાખી-રાગ)

*- કાકડિયા મનસુખ વી.*

જીવનમાં પરમાર્થ માર્ગે ચાલવું સહેલું નથી. નિષ્ઠાથી પુરુષાર્થ કરે ત્યારે આધ્યાત્મિક દૃષ્ટિ કેળવાય છે. પરમતત્ત્વને જાણવા પરમપુરુષ કે સદ્‌ગુરુ સંતની જરૂર પડે છે. જેમ કે, ચંદનનાં વૃક્ષોની આસપાસનાં વૃક્ષોમાં ચંદનની સુવાસ બેસતાં ચંદનના ભાવે એ કાષ્ટ વેચાય છે. સામાન્ય વૃક્ષોનું મહત્ત્વ કે મૂલ અનેકઘણું વધી જાય છે. બાજુમાં વાંસ કે એરંડો ઊભો હોય અરે! ચંદનના વૃક્ષ સાથે ઘસાતો હોય તો પણ એમાં સુવાસ બેસતી નથી. એવી જ રીતે લોખંડ(લોહ) ને જયારે પારસ અડે છે ત્યારે કંચન બને છે. સોનું બની જાય છે, પણ કાટ લાગી ગયો હોય તો પારસ અડવા છતાં સોનું બનતું નથી. સમાજમાં એવા ઘણા માણસો છે કે જેને સંત મળ્યા છતાં સુધરતા નથી. સંસ્કારી બનતા નથી. અવગુણો ત્યાગતા નથી.

**સાચાને સમર્થ સદ્‌ગુરુ જો મળી જાય તો આ જીવનો આ જન્મમાં જ બેડો પાર થઈ જાય. જીવન સફળ બની જાય, જીવનો ઉદ્ધાર સહેજે થઈ જાય. સંતો-મહાત્માઓએ આ અસાર સંસાર તરી જવાના અનેક ઉપાયો બતાવ્યા છે**

માણસજાત પોતાના મોક્ષ(મુક્તિ) માટે અનેક આધ્યાત્મિક કર્મકાંડ કપરામાં કપરાં સ્વીકારીને ધર્મવાન બની મુક્તિ માટે બધુ જ કરવા તૈયાર થશે. સૌ એવું ઇચ્છે છે કે ઉત્તમ ભૂમિમાં જન્મ મળે. સાથે સાથે સારું ને સંસ્કારી કુટુંબ મળે. સંગ સારો મળે અને સંતનું શરણું મળે. સત્સંગ મળે એ પણ આત્મજ્ઞાનનો. આ માટે અનેક માર્ગો છે. યુક્તિઓ છે. સાચાને સમર્થ સદ્‌ગુરુ જો મળી જાય તો આ જીવનો આ જન્મમાં જ બેડો પાર થઈ જાય. જીવન સફળ બની જાય, જીવનો ઉદ્ધાર સહેજે થઈ જાય. સંતો-મહાત્માઓએ આ અસાર સંસાર તરી જવાના અનેક ઉપાયો બતાવ્યા છે. એમણે બતાવેલા રસ્તે ચાલે તો વહેલી તકે બ્રહ્મત્વ પ્રાપ્ત કરી પ્રભુના પરમપદને પામી શકે છે. હિન્દુ ધર્મમાં અનેક સંપ્રદાયો છે, જેમાં જેને ઠીક લાગે એ અપનાવીને આ ભવસાગર તરી જાય છે. આ ભૂમંડળ પર અનેક સંતો આવ્યા અને પોતાની સુવાસ મૂકીને હરિના દેશમાં પ્રયાણ કરી ગયા છે.

આ પવિત્ર ભૂમિમાં કંઈક યોગીઓ, ઋષિઓ, સંતો, સિદ્ધો, ભક્તો, મુનિઓ, તપસ્વીઓ અને ભક્તકવિઓ થઈ ગયા. આ બધાએ જીવના ઉદ્ધાર માટે જ્ઞાનબોધ, ઉચ્ચ કોટિની પરમાર્થ વાણી, એમાં ઉપદેશ, આદેશ, ચેતવણી, છપ્પા, ચોપાઈ, સાખી, દોહા, મહિના,નજ્ઞાન કકકા, પ્રભાતિયા, ધોળ, ગરબી, ભજન, ઝિલણિયા, કીર્તન, દોહા, બારખડી, વાર, અવળવાણી, આરાધી ભજનો, આખ્યાન, ચાબખા, લાવણી, તિથિ, અંગ, અને આગમવાણી વગેરે આધ્યાત્મિકતાના દરેક યોગ, ભક્તિ, કર્મ અને યોગક્રિયા-ક્રિયા યોગને આવરી લઈને આ સંસારના લોકોને વાણી રૂપે પીરસ્યું છે. જ્ઞાન, યોગ અને ભક્તિને ઉપદેશાત્મક, ગૂઢ રહસ્યો સાથે યેનકેન પ્રકારેણ ભજનરૂપે આપ્યું છે. એમની વાણીમાં શરીર દર્શન, પિંડથી લઈને તે બ્રહ્માંડ સુધીની સર્જન-વિસર્જન ઐશ્વર્ય દર્શાવ્યું છે. યોગના અનેક વિભાગો જેવા કે હઠ, વાણીસુરતા, શિવ, લય, નાદબ્રહ્મ, ધ્યાન, તારક, રાજ, તંત્ર, અષ્ટાંગયોગ, ભક્તિ, કર્મ, મંત્ર, તાંત્રિક, શક્તિ વગેરે સાધનાના માર્ગો પદવાણીમાં કહ્યા છે. એમનાથી કોઈ પણ વસ્તુ અજાણી હોતી નથી. જડ-ચેતન, જીવપ્રાણીમાત્રની જીવનશૈલી સચરાચરરૂપે વ્યાપક એમની સુરતા હોય છે. પોતે નખશિખ ચૈતન્યબ્રહ્મથી ભરેલાં હોય છે. સંસારી જીવન પછી કોઈ પણ જ્ઞાતિ-જાતિમાં જન્મ હોય તો પણ આત્મસ્વરૂપને પૂર્ણતાથી પામેલા હોય છે. માનવશરીર પાંચ તત્ત્વોનું બનેલું છે. આ શરીરમાં આધ્યાત્મિકતાને લગતાં ગુણો, અવયવો, ખૂબીઓ ભરેલાં છે. ત્રણ ગુણ એની પર ગુણાતીત, પચીસ પ્રકૃતિ, નવદ્વાર-દશમ પર મૂળ પુરુષ, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, અષ્ટાંગયોગ, ઈડા-પિંગલા ને સરસ્વતી નાડી જ્ઞાન, સુષુમ્ણાની વાટે જઈ મૂળધારથી લઈને સહસ્રદળ કમળનાં સાત ચક્રોની સફર, નાદબ્રહ્મ, રણુકાર-ઝણુકાર, પાંચ મુખ્ય વાયુ, સપ્તધાતુ, સપ્ત પાતાળા, રિદ્ધિસિદ્ધિ, નવનિધિ વગેરે આંતરિક આધ્યાત્મિક રચના આ પિંડમાં સંતોએ પોતાની વાણી પદ-ભજન-કીર્તન દ્વારા બતાવી મોટો પરમાર્થ કર્યો છે.

સમાજમાં, પરિવારમાં સાત્ત્વિકતા જાળવવા, સૌ હળીમળીને રહે, સાથે બેસી ભજન-કીર્તન, હરિગુણજ્ઞાન કરે, ધર્મવાન બને અને પોતાનાા આત્માનું (જીવપણાનું) કલ્યાણ કરે એવી વાણીની સરળ સમજાય એવી લોકભાષામાં

અનેક પાસાંને આવરી લેતી પરાવાણી જનસમાજને આપી છે. સદ્‌ભાવ, સરળતા, સહિષ્ણુતા, સંતોષ, સદ્‌ગુણો, શાંતિ, સેવા વગેરે વિશે અઢળક રચનાઓ કરીને આ સમાજના લોકોને, માનવમાંથી મહામાનવ બનવાનો સંદેશો પોતાના વાણીપદમાં વ્યક્ત કર્યો છે. આવા મહાન સમર્થ સત્યનું આચરણ કરવાવાળા, જનહિતેચ્છુ, પરમાર્થવાદી, કલ્યાણકારી, પરોપકારી અને વિશ્વફલક પર જેમની મહાન સંત તરીકે ગણના થાય છે. ગાંધીજીએ એમના એક પદને વિશ્વમાં ગુંજતું કર્યું અને પોતાનું જીવન એ મુજબ ગોઠવ્યું એવા ભક્તકવિ પ્રીતમદાસના સાખી રાગના 'અંગપદ'ની અહીં વાત કરવી છે. પટારા ભરીને એમણે સાહિત્યની રચના કરી છે. જેની ગણના જે તે થઈ ગયેલા ભક્ત કવિઓમાં શ્રેષ્ઠ ગણાય છે. ગાંધીજીએ "હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને"ને આશ્રમ ભજનાવલીમાં સ્થાન આપ્યું છે.

લગભગ બસો વર્ષ પહેલાં ચંદન સરીખા, પારસ સરીખા સમર્થ સંત થઈ ગયા. પોતે પ્રજ્ઞાચક્ષુ હતા. (અંધ) છતાં જ્યારે વાણીનું સર્જન સહજતાથી થતું ત્યારે એક સાથે પાંચથી છ લહિયાઓને જુદા જુદા રાગનાં પદો લખાવતા. એમની મેધાશક્તિ(યાદશક્તિ) અદ્‌ભુત હતી. કોને ક્યા રાગનું પદ લખાવે છે એ મુજબ યથાર્થમાં પદનું સર્જન થતું. સાહિત્યજગતમાં અને ભક્ત કવિમાં એમની ઉત્તમ પ્રકારની ખ્યાતિ ગણાય છે. એટલે તો સૌએ એમને "ગુજરાતના સૂરદાસ" તરીકેનું બિરુદ આપ્યું છે. મધ્યકાલીન યુગમાં થઈ ગયેલા હોવા છતાં એમની સુવાસ અખંડ રહીને ચોતરફ એટલે કે ઘરેઘરે ફેલાયેલી છે. એમના પદો લોકહૈયામાં વસીને આનંદથી સૌને ડોલાવતાં. એમ કહેવાય છે કે ભક્ત સૂરદાસનાં પદોની એમની પર વધારે અસર છે. ભક્ત શિરોમણિ-પરાવાણીના સીધા સર્જન પ્રીતમદાસ પર જયદેવ-ગીત ગોવિંદ રચયિતા, નરસિંહ મહેતા, મીરાં, ચૈતન્ય મહાપ્રભુ અને વૈષ્ણવ પુષ્ટિમાર્ગના અષ્ટછાપ કવિઓની ઝલક જોવા મળે છે. દયારામની ગરબી, ધીરાની કાફી, ભોજા ભગતના ચાબખા, મીરાંનાં કૃષ્ણભક્તિનાં પદો વગેરે ઉત્તમ કોટિનાં છે છતાં! પદલાલિત્ય, શાંતિ અને શૃંગાર રસની ભક્તિભાવથી ભરપૂર છાયા સૌ પર પાડે છે. આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન અને પ્રેમભક્તિનું રસબળ સચોટ જળવાયેલું છે. એમનાં પદો સીધી અસર કરે એવાં છે. વૈરાગના ઘરમાં પ્રવેશાવીને આગળ ઉપર પ્રેમલક્ષણાની ભક્તિમાં નિષ્કામ ભાવે પ્રવેશ કરાવે છે. લોકોનાં હૈયાંમાં ભક્ત પ્રીતમદાસને બદલે શ્રી પ્રીતમ સ્વામી તરીકે સ્થાન મેળવ્યું છે. 'અમારા પ્રીતમ સ્વામી' તરીકે.

**આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન અને પ્રેમભક્તિનું રસબળ સચોટ જળવાયેલું છે. એમનાં પદો સીધી અસર કરે એવાં છે. વૈરાગના ઘરમાં પ્રવેશાવીને આગળ ઉપર પ્રેમલક્ષણાની ભક્તિમાં નિષ્કામ ભાવે પ્રવેશ કરાવે છે**

શ્રી પ્રીતમદાસનો જન્મ બાવળા ગામે થયેલો. પહેલાં ગામેગામ સાધુ-સંન્યાસીની જમાતો આવતી. રામાનંદી સાધુઓ ભજન, કીર્તન અને સત્સંગની ગોઠવણી ગામને પાદરે ઉતારો કરીને, રાવટી, બાંધીને કરતી. બાળપ્રીતમ નાનપણથી જ અંધ હતા છતાં ! પરાપૂર્વમાં સંસ્કારને હિસાબે પ્રભુભક્તિમાં મસ્ત રહેતા. આ સાધુની જમાતમાં પોતે જતા અને નિજાનંદ મેળવતા. નાની ઉંમરમાં ભક્તિનાં પદોની રચના કરીને શેરીમાં ગાતા. આંતરિક ખીલવણી દિનપ્રતિદિન થતી જતી હતી. એમાં રામાનંદી સાધુના સમર્થ મહંત શ્રી ભાઈદાસજીનું શરણું મળ્યું. એમની પાસેથી પ્રીતમદાસે આત્મબોધ ગ્રહણ કર્યો. જેમ સોનામાં સુંગધ ભળે એમ આત્મઉન્નતિ ખૂબ જ થઈ. જ્યારે પ્રીતમદાસ સાતથી તે નવ વર્ષની ઉંમરમાં હતા ત્યારે પિતા પ્રતાપસિંહ અને માતા જેકુંવરબાને ગુમાવ્યાં. એકબાજુ પોતે પ્રજ્ઞાચક્ષુ અને માતપિતાની છત્રછાયા ગુમાવી. નોધારા થવાથી તેઓ જમાત સાથે ગામોગામ ફરતા. ફરતાં-ફરતાં તેઓ સંદેસરમાં પોતાની કીર્તનમંડળી લઈને આવેલા. સૌના આગ્રહને વશ થઈને તેઓ ત્યાં જ રોકાઈ ગયા.

આ ગામ પ્રીતમસ્વામીના સંદેસર તરીકે ઓળખાયું ને સદાને માટે અહીં વાસ કર્યો. કુંજવિહારીલાલજીનું મંદિર ગણાય છે. ત્યાં એક જમાતના લોકો સુંદર સ્વરૂપ પ્રભુનું મૂકી ગયેલા. તીર્થભ્રમણ કરીને વળતાં આ સ્વરૂપ અમારી સાથે લઈ જઈશું. પછીથી આગળના સ્વરૂપ સાથે આ સ્વરૂપની પૂજા-સેવા-અર્ચના વગેરે થવા લાગી. સૌને આ સ્વરૂપ ખૂબ જ ગમી ગયું. સમય જતાં જમાતનો સંઘ પાછો ફર્યો અને પોતાની પ્રભુની મૂર્તિ પાછી માંગી. પણ આપી નહિ. તમારે લઈ જવી હોય તો જાતે મૂકેલી મૂર્તિ જાત જ લઈ લો. એ પછી એમ કહેવાય છે કે એ સ્વરૂપ એમનાથી લઈ જઈ શકાયું નહિ. ઘણાં પ્રયત્ન કર્યાં છતાં ! સ્વરૂપ ખસ્યું નહિ કે ઉખડ્યું નહિ એથી જમાતના લોકો એને છોડીને ચાલ્યા ગયા. પાછળથી આ સ્વરૂપ જાણી જોઈને રોકાયું એથી એનું નામ 'જાનરાય' પાડ્યું. સરકારી વહિવટી ચોપડે સ્થાવર-જંગમ મિલકત-આવક વગેરે જાનરાય ભગવાનના નામે જ ચાલે છે.

આવા તો અનેક દિવ્ય પ્રસંગો એમના જીવનના છે. વિશેષ જાણવા માટે સંદેસર જવું પડે. એમના વિશે ખૂબ લખાયું છે. એમનાં પદોનું રસદર્શન પણ અનેક કવિઓએ કરાવ્યું છે.

સંદેસરગામને પ્રીતમદાસના બહુ મહાન અને અખૂટ, અજોડ આશીર્વાદ મળેલા છે. આજ સુધી દુષ્કાળનો અનુભવ થયો નથી કે આ ગામના લોકો પીડા કે દુ:ખી થયા હોય એવું બન્યું નથી. મહાન આશીર્વચન તો અમરબોલ છે. ''કાળ, કાતરા અને કષ્ટ ક્યારેય અનુભવાશે નહિ અને પડશે પણ નહિ. ત્યાંના લોકો પ્રીતમસ્વામી પર તો ઓળઘોળ થઈ જાય છે. શ્રીપ્રીતમ સ્વામીનો જનસમુદાયનો પ્રત્યક્ષ હાજર છે. સગુણ સ્વરૂપે બિરાજમાન છે એવો પ્રભાવ છે. બસો વર્ષે પણ સૌનો ભાવપ્રેમ અનેક ઘણો જીવતોજાગતો છે. તેઓ રામાનંદી સાધુના મહંતથી બોધ લીધેલો હોવાથી રામ અને કૃષ્ણનો સરખો પ્રભાવ વૈષ્ણવને છાજે એવી એમની કૃષ્ણચરિત્રની, લીલા પ્રસંગોની, લાડલાલિત્યની, ગુણગાનની, શૃંગારરસની અને ગોપીભાવની પરાકાષ્ઠાનાં પદોની નિજાનંદની ભરપૂર ઝલક મળે છે.''

પરાવાણીની અંગ સાખી પદમાં દરેક ભક્તિતત્ત્વનું નિરૂપણ કરી આ જીવને સમજાવી ધર્મને મારગે ચડાવીને આત્મજ્ઞાન સહિત અનુભવજ્ઞાન કરાવી સચોટ સમજ આપી છે. સાધક કોઈ જગ્યાએ અટક્યા વગર સાધનાના મારગે આગળ વધી શકે છે. માણસમાત્ર વિચારશીલ છે. મનમાં ઉદ્‌ભવતા અગણિત વિચારોમાંથી કોઈક ચાર કે પાંચ વિચારો વર્તમાનમાં અમલમાં મૂકે છે. બાકીના કલ્પનાના હાંસિયામાં ધકેલાઈ જાય છે. પ્રથમ પ્રીતમદાસ વિચારના અંગમાં કહે છે કે :

**''સદ્‌વિચાર નિત્ય કીજીએ, મૂકી મન અહંકાર,**
**પ્રીતમ ચિત્ત વિચારીએ, કો હું કો સંસાર.''**

આ જીવને સત્ય વિચારવાનું કહે છે. અહીં જૂઠાણું ચાલતું નથી. સદ્ કહેતાં શુભ, સંસ્કારી, હિતકારી, પરોપકારી અને પરમાર્થી વિચાર દરરોજ કરવાનું કહે છે. એ પણ ક્યારે થાય ? જ્યારે મનમાંથી ગુમાન છોડી દેવાય ત્યારે બને. અભિમાનથી લેનાર ક્યારેય સફળ થતો નથી. ભક્તિમાં આગળ વધી શકતો નથી. મન તો આઘુપાછું થાય પણ ચિત્તમાં ચોંટી ગયેલું ક્યારેય વિસરાતું નથી. જે ચિત્ત વિચારે છે એ સચોટપણે પરિણામ લાવે છે. આ સંસારમાં હું છું કે સંસાર મારામાં છે એ વિચારવું પડે. જો શુદ્ધ વિચાર આવી જાય તો બધી જ સમસ્યાનું સમાધાન થઈ જાય.

**''વિચાર વિના જે જે કરે, તે સૌ સાધન ફોક;**
**કહે પ્રીતમ સુખ નહિ મળે, યહ લોક પરલોક.''**

વિચાર્યા વગર પગલું ભરતાં પોતાને ભાગે સહન કરવાનું કે દુ:ખી થવાનું જ આવે છે. વિચાર્યા વિના ભક્તિ કે યોગ કરવાથી, સાધન જે મંત્રો છે એ ખોટા પડે છે. એમાં સુખ કે સફળતા મળતી નથી. વગર વિચારે સાધન કરવાથી આ લોક કે પરલોક(સ્વર્ગમાં) સુખ મળતું નથી.

**''ભક્તિ વિચારથી ઊપજે, ભક્તિથી ઊપજે જ્ઞાન;**
**જ્ઞાન થકી હુંતું ટળે, પ્રીતમ પ્રેમ નિધાન.''**

સારા કે સદ્‌વિચારો ભક્તિથી ઊપજે છે. એ વિચારોથી મૂળ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આત્મજ્ઞાન થતાં હુંપણું, કર્તાપણું જાય છે. અભિમાન નાશ પામે છે. પ્રભુભક્તિમાં અગાધ શક્તિ પડેલી છે. જે બ્રહ્મઅગ્નિનું કામ કરે છે. શુદ્ધ વિચારથી જ હૈયામાં સાત્ત્વિકભાવ પ્રગટે છે. પ્રેમધર્મ, પ્રેમબળ, પ્રેમભક્તિ, પ્રેમાનંદ પ્રગટે છે. પ્રીતમદાસ કહે છે કે શુદ્ધ વિચારથી જ પ્રેમનો ભંડાર અને પ્રભુનો આધાર, છત્રછાયા સાધકને મળે છે.

**આ જીવ પર જે જોખમ છે, ભય છે, બીક છે એ ટળે છે. આવા સાધકને મૃત્યુ તો મહામૃત્યુમાં ફેરવાઈ જઈને અમૃત સમાન બની જાય છે. હજારો વર્ષો સુધી એની સુવાસ અકબંધ રહે છે**

**''જન્મમરણ જોખમ ટળે, મૃત્યુ અમૃત હોય;**
**પ્રીતમ સાર વિચાર હૈ, કરી શકે જો કોઈ.''**

વિચારો પર સૌથી મોટો આધાર છે. સાત્ત્વિક વિચારોથી જન્મવું ને મરવું જે ચક્કર છે. એમાંથી છૂટી શકાય છે. આ જીવ પર જે જોખમ છે, ભય છે, બીક છે એ ટળે છે. આવા સાધકને મૃત્યુ તો મહામૃત્યુમાં ફેરવાઈ જઈને અમૃત સમાન બની જાય છે. હજારો વર્ષો સુધી એની સુવાસ અકબંધ રહે છે. શરીર તો માટીમાં મળી જાય છે. પણ એમની અમરવાણી બોલ અમૃત બનીને સૌના જીવનને ભક્તિરસમય બનાવીને હરિના દેશમાં અંતે વાસ કરાવે છે. પ્રીતમદાસ કહે છે કે હે! જીવ તું સારનો સાર વિચારી જો તો એનું પરિણામ શુભ આવશે. અમૃત સમાન પછીથી લાગશે. જો કોઈ અમૃત સરીખો વિચાર કરે પોતાના હૈયામાં લાવે તો સે'જે તરી જવાય.

વિચારના અંગમાં અંતમાં કહે છે કે જેટલા તમારા વિચારો શુદ્ધ અને સાત્ત્વિક એટલા તમે સાધનાના માર્ગમાં ઝડપથી આગળ વધી શકો છો. અવનવાં ઐશ્વર્યનાં રહસ્યો પોતાની સામે ખૂલ્લાં પડે છે. પછી સાધકનો ભાવ કેવો બને છે. એની જોવાની દૃષ્ટિ કેવી થઈ જાય છે. પોતે શું બની

જાય છે એ જણાશે.

**''વિશ્વ આતમ બ્રહ્મ હૈ, સબ ઘટ કરે પ્રકાશ;**
**પ્રીતમ તત્ત્વ વિચાર તે, ભાસ્યો બ્રહ્મવિલાસ.''**

અમૃતને પીધા પછી શું બીજા નાશવંત પદાર્થોનું સેવન ગમશે? ભક્તિની પરાકાષ્ઠાઓ પહોંચ્યા પછી સાધકને આખું વિશ્વ આત્મસ્વરૂપે, બ્રહ્મસ્વરૂપે લાગશે. સ્વયં બ્રહ્મત્વને વરીને અહંતાથી અળગો થયેલો છે. એ બ્રહ્મરૂપે થયા પછી જીવપ્રાણીમાત્રમાં, જડચેતનમાં, સચરાચરમાં બ્રહ્મ જ છે, બ્રહ્મ જ છે એવી દૃષ્ટિ ખૂલી જશે. અને આવા બ્રહ્મપુરુષ જ બધાના હૈયામાં બ્રહ્મપ્રકાશ, બ્રહ્મજ્યોત પ્રગટાવી શકે છે. સાધકના બ્રહ્મવિચારોની દુનિયા કંઈક ઓર જ હોય છે. ત્યાં આત્માનંદ, અખંડાનંદ, પ્રેમાનંદ અને નિજાનંદ સિવાય બીજું કશું જ હોતું નથી. બ્રહ્મમય થતાં સઘળે અને બ્રહ્મનો જ વિલાસ દેખાશે. ચરિત્રો બ્રહ્મનાં જ અનુભવાશે. આ જગતમાં, વિશ્વમાં એકની જ જુદા જુદા સ્વરૂપે લીલા છે. બીજું કંઈ જ નથી. ઈ નો ઈ જ ખેલી રહ્યો છે.

**''દેવી માયા ગુણમયી, કિયો ત્રિગુણ વિસ્તાર,''**
**કહે પ્રીતમ માયા વડે, રચ્યો સકલ સંસાર.''**

માયાનું કારસ્તાન અદ્ભુત છે. ઈશ્વરીય માયામાં સૌ કોઈ ફસાયેલા છે. આ જીવને પોતાનું ખરું સ્વરૂપ સમજવા માયા દેતી નથી. જો માયા સમજાય ને જિતાય તો આ જન્મમરણના ચક્કરમાંથી હેમખેમ બહાર નીકળાય. જેમ તલવાર અને તલવારની ધાર જુદાં નથી એમ ઈશ્વર અને એની શક્તિ જુદાં નથી. આ માયા ત્રણગુણ વાળી છે. જેમાંથી મોટા તપસ્વીઓ પણ નીકળી શકતા નથી. તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણ આ ત્રિગુણી માયા થકી જ વિશ્વનો વિસ્તાર છે. સૌ કોઈ આમાં જ ખદબદે છે. આમાંથી બહાર નીકળવા કોઈક તત્ત્વવેત્તા પુરુષ સદ્‌ગુરુની સહાય મળે તો માયાના ચક્કરમાંથી છૂટી શકાય છે. એક ગુણમાંથી બીજામાં, બીજામાંથી ત્રીજામાં આ જીવ ફર્યા કરે છે. ત્રણ ગુણ પર ગુણાતીત અવસ્થા જો પ્રાપ્ત થાય તો માયાનું બંધન છૂટી જાય છે. જ્યાં પણ જાઓ ત્યાં માયા જ આગળ આવે છે. બીજું કંઈ પણ દેખાતું નથી. સચરાચર માયાની લપેટમાં જ રમણ કરે છે. એટલે સુખ-દુઃખ, હાંસલ-ખોટ, સારું-નરસું, નાનું-મોટું, યશ-અપજશ અને જાતિપાતિ ને કુળના સંસ્કારો માયામિશ્રિત થઈને સ્વાર્થ સધાવે છે. અવગુણોની ખાણ વધારે છે. સાચું સૂઝવા દેતું નથી. માયાનાં બંધન તો આપબળે તોડી શકાતાં નથી.

**''ઉંબરતરુ માયા રહી, ફલ બ્રહ્માંડ અપાર;**
**કહે પ્રીતમ તામેં પડે, જંતુ કરે વિહાર.''**

સંતની નજરથી કંઈ પણ બારું નથી. એમની બ્રહ્મદૃષ્ટિ સઘળો તાગ મેળવી લે છે. ઉંબરાનું વૃક્ષ વડ જેવું હોય છે પણ એની અદ્ભુતતા એવી છે કે બીજાં વૃક્ષોને ડાળી પર ફૂલ આવે એ પછી ફૂલમાંથી ફળ ઉત્પન્ન થાય. જ્યારે ઉંબરાના વૃક્ષે ડાળે ડાળે અને થડ પર વિના ફૂલે સીધાં ફળ લાગે છે. ઈશ્વરે એની રચના કંઈક જુદી રીતે વિચિત્ર કરી છે. અગણિત ફળ લાગેલાં હોય છે. આ ફળ સોપારીથી પણ મોટાં હોય છે. આ ફળને તોડી એમાં નજર કરતાં અનેક સૂક્ષ્મ તંતુ હોય છે. આ તંતુ પર ગણી શકાય નહિ એટલાં અતિ સૂક્ષ્મ જંતુ હોય છે, જેનો પાર પામી શકાતો નથી. ઉંબરાના ફળને ક્યાંય પણ છેદ કે કાણું હોતું નથી છતાં એક આગવી અદ્ભુત સૃષ્ટિ અંદર જોવા મળે છે. આવી જ માયા છે. એનું રૂપ ઓળખવું ખૂબ જ અઘરું છે. એમ કહેવાય છે કે જેમ વૃક્ષ પર ફળ છે એમ આ આકાશમાં, ગગનમાં, અગણિત બ્રહ્માંડો છે એની સૃષ્ટિ પણ આગવી છે. જે સંતોના અનુભવથી ઓળખી કે માણી શકાય છે. આવાં અગણિત બ્રહ્માંડોની રચના કેવી અલૌકિક હશે? જ્યાં આપણી કલ્પના કામ આપી શકે નહિ. ફક્ત વિશ્વાસથી જ માની લેવાય. ઉંબરાના વૃક્ષના ફળને જોઈને સત્ય માની શકાય. ભિન્ન ભિન્ન પ્રકારની અવનવી બ્રહ્માંડની દુનિયા છે. એનો અનુભવ કે દર્શન સામાન્ય જીવો(જંતુઓ) કરી શકતા નથી. જ્યારે સંતોનો ત્યાં આટોફેરો અનુભવ સાથે હોય છે.

**એમ કહેવાય છે કે જેમ વૃક્ષ પર ફળ છે એમ આ આકાશમાં, ગગનમાં, અગણિત બ્રહ્માંડો છે એની સૃષ્ટિ પણ આગવી છે. જે સંતોના અનુભવથી ઓળખી કે માણી શકાય છે**

**''માયા તિમિર સહેજે ટળે, ને પ્રગટે બ્રહ્મપ્રકાશ;**
**કહે પ્રીતમ તત્ત્વ સાંખ્યાં, ઊગરે તે અવિનાશ.''**

સંતો પરમ હિતકારી છે. આ જીવ માટે કેટલું બધું કરી છૂટે છે. માયના ચક્કરમાંથી બચવા કે નીકળવાનો ઉપાય સચોટ યુક્તિ સાથે બતાવે છે. જો જીવ એનું કહ્યું માને તો સે'જે આત્મનું કલ્યાણ કરી શકે છે. માયારૂપી, જે અજ્ઞાનરૂપી અંધકાર છે (તિમિર) તે ટળતાં જ ભીતરમાં બ્રહ્મ પ્રકાશ થાય છે. મૂળજ્ઞાનનો ઉગાવો થાય છે. ચૈતન્ય બ્રહ્મની જ્યોત અંતરમાં પ્રગટે છે. પરમકૃપાળુ ને સમર્થ સદ્‌ગુરુની મહેર

થતાં આ બધુ જ સુગમ બને છે. તત્ત્વ એટલે કે વાસ્તવિક રૂપ એનો સાર કે રહસ્ય ખૂલે છે. તત્ત્વ સાંખ્યમાં પચીસ તત્ત્વોમાંનું -પંચમહાભૂત, પંચવિષયો, દશઈન્દ્રિય, મન, બુદ્ધિ, અહંકાર અને પ્રકૃતિ-પુરુષનું પરમજ્ઞાન સાધકને આ જ માયાનો પડદો હટી જતાં રહસ્યો, ખૂબીઓ, ગુણધર્મો સાથે થાય છે. પછીથી તત્ત્વવેત્તા કે જે તત્ત્વજ્ઞાની તરીકે ગણાય છે. મૂળ સત્ય જે ખરું તત્ત્વ છે એને પામી તત્ત્વમસિ - તે તું જ છે એવું બ્રહ્મનું પ્રતિપાદ કરે છે. તત્ત્વપદે રહીને પરમાર્થ કાર્યો કરી જનહિતાર્થે પોતાનું જીવન ગાળે છે. યથાર્થરૂપે બ્રહ્મ જે પરમાત્મા સ્વરૂપ છે એનું સત્સંગથી મૂળજ્ઞાન આપે છે અને શરણે આવેલાનો ઉદ્ધાર કરી માયાના ચક્કરમાંથી હેમખેમ છોડાવે છે. માયાના બંધનમાંથી ઉગારી અવિનાશ કહેતાં બ્રહ્મપદમાં સ્થાન અપાવે છે. માયામાંથી જે બચી જાય એ અવિનાશ પદને પામે છે. ઐશ્વર્યને પામી માયામાંથી મુક્ત થાય છે.

**''કામી સુણે ન હરિકથા, નહિ હરિજનનું હેત,**
**કહે પ્રીતમ કામી તણી, ખાલી કાયા ખેત.''**

પ્રીતમદાસે કામના અંગમાં ખૂબ જ વિસ્તારથી સાખી પદમાં કહ્યું છે. કામી માણસ કોઈનું પણ સાંભળતો નથી. અને એને પ્રભુનાં ચરિત્રોની કથા, ભક્તગાથા, આધ્યાત્મિક પ્રવચનો, સંતમિલન કે સંતવાણી ગમતાં નથી. કામી પુરુષ માટે અનેક દાખલા આપી ખરી હકીકત સમજાવી છે. એને ભગવાનના ભક્તો સાથે આડવેર હોય છે. એને એ વેવલાપણું, ગાંડપણ ભર્યું કે પાગલપણું કહે છે. જન્મ ધર્યો ખરો, પણ માનવદેહનો હેતુ નવ જાણ્યો. જન્મીને ખાધુંપીધું મોજ કરી અને મૃત્યુને રોગ ભોગથી નોતર્યું. માનવદેહ વ્યર્થ ગુમાવ્યો, જેણે જન્મ આપ્યો છે એને સ્વાર્થી માનવ ભૂલી ગયો. કૂતરાં, ભૂંડની જેમ મરી ગયા. અંતે કામી પોતાના ઊભા કરેલા અવગુણરૂપી અગ્નિમાં રીબાઈ રીબાઈને મરણ પામે છે. કામીને અનેક પ્રકારની હલકી યોનિના જીવ કહ્યાં છે.

**''ત્રિયા ચમક લોગ પુરુષ હૈ, પામર પશુ સમાન;**
**કહે પ્રીતમ કહો કોટિ વિધિ, કામી ધરે નહિ કાન.''**

કામી પુરુષને પ્રીતમદાસે પશુ સમાન, કૂતરા સમાન બીજાં ઘણાં વિશેષણોથી એને નવાજ્યો છે. ખુલ્લો પાડ્યો છે, છતાં! સુધરતો નથી. વધારે ને વધારે કામનાઓમાં ફસાતો જાય છે. સૌથી નબળી બાજુ ત્રિયા છે.(સ્ત્રી) જેના મોહપાશમાં બંધાયા પછી મૃત્યુપર્યંત બચાતું નથી. સ્ત્રી છે એ લોહચુંબક છે ને પુરુષ લોહ એટલે કે લોખંડ છે. અજ્ઞાનરૂપી, કામનારૂપી એટલો બધો કાટ લાગી જાય છે કે એ તો વધારે ને વધારે એના મોહમાં લપેટાતો જાય છે. જેમ લોહચુંબક આપોઆપ લોહને ખેંચે છે અને એટલું બધું સજ્જડ ચોટી જાય છે કે ઉખાડતાં પણ ઉખડતું નથી. જુદું પડતું નથી એવી દશા એક કામીની હોય છે. એને કરોડો ઉપાય, યુક્તિ કે રીત બતાવો તો પણ શિખામણ કાને ધરતો નથી. અનેક પ્રકારની ઊગરવા માટે વિધિ બતાવવા છતાં એમાંથી છૂટી શકતો નથી. અવગુણોની ખાણ હોય છે. એથી અધોગતિ પામીને મનુષ્ય જન્મને પશુ જેમ વેડફી નાંખે છે. પશુના મોતે મરે છે.

**''કામ નેત્ર મુખ ક્રોધ કો, રુદે લોભ કર વાસ;**
**કહે પ્રીતમ તીનો મિલી, કરે જીવ કો નાશ.''**

કામી માટે પ્રીતમદાસ કહે છે કે : કામીની આંખમાં કામના આવીને વસે છે. એની આંખમાં કામનાનું કાજળ આંજેલું હોય છે. દરેક સ્ત્રીમાં એને વ્યભિચારી ભાવ પ્રગટ થાય છે. માનમર્યાદા જેવું લગીરે હોતું નથી. પછી શરમ તો આડી ક્યાં આવે? કામી છે એટલે ક્રોધી છે. ક્રોધમાં ન કરવાનાં કામો કરે છે. દયા જેવું કશું જ દિલમાં હોતું નથી. તદ્‌ઉપરાંત લોભી છે. પોતાનો સ્વાર્થ સાધવા સામેની વ્યક્તિને પાયમાલ કરી દે. અરે! ઝેર પીવાનો વારો આવે છતાં! પોતે એના મોતનો મલાજો પાળ્યા વગર પોતાનો સ્વાર્થ હાંસલ કરે છે. લોભી હોય એટલે અનેક દુર્ગુણો રહેવાના. સાચું તો એનું જ કર્મ લાગે છે. બીજાનું કર્મ ખોટું લાગે છે. કામ, ક્રોધ અને જ્યાં લોભ વસે એનું પશુની જેમ કૂતરાં, બિલાડાં, ભૂંડ જેવું મૃત્યુ થાય છે. પોતે પોતાના જ હાથે મોતની ખાઈ ખોદીને એમાં પડી ને અપમૃત્યુને વરે છે. અપજશનો તો એના ખાતાવહીમાં હિસાબ ભરપૂર હોય છે. ચોપડો આખો અનીતિથી ચિતરાયેલો હોય છે. ત્રણ અવગુણ જેનામાં મુખ્ય હોય એ સજ્જન, સાધુ કે સંતની શિખામણ ક્યારેય માનતો નથી, પોતાનો અહં છોડતો નથી.

**''જોગ સમાધિ જે કરે, સાધે આઠે અંગ;**
**પ્રીતમ પ્રવૃત્તિ તજે, પ્રગટે પૂરણ રંગ.''**

જેનો મહાપુરુષ સાથે જોગ થઈ જાય, લાગ મળી જાય કે સુખદ સંજોગ ઊભો થાય એ જીવનું જીવપણું ટળી જાય છે. એને કાળક્રમે શિવત્વ પ્રદાન થાય છે. યોગ થવો, મિલાપ થવો વગેરે શુભ સંકેતો છે. ભવસાગર તરી જવાનો જોગ

**તત્ત્વ સાંખ્યમાં પચીસ તત્ત્વોમાંનું - પંચમહાભૂત, પંચવિષયો, દશ ઇન્દ્રિય, મન, બુદ્ધિ, અહંકાર અને પ્રકૃતિ-પુરુષનું પરમજ્ઞાન સાધકને આ જ માયાનો પડદો હટી જતાં રહસ્યો, ખૂબીઓ, ગુણધર્મો સાથે થાય છે**

ઊભો થયો છે. એ તક ઝડપી લે એ જીવનો બેડો પાર થઈ જાય છે. અહીં જોગ સમાધિનું પ્રીતમદાસ કહે છે. જ્યારે આઠે સાધન સિદ્ધ કરે ત્યારે સહજ સમાધિનો જોગ ઉત્પન્ન થાય છે. જેને અષ્ટાંગ યોગ, આઠ સાધન અંતર તણા કહે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને અંતે સમાધિ. આઠે અંગે પૂરેપૂરું જે સાંગોપાંગ યોગ સાધે ત્યારે સહજ સમાધિ સે'જે થાય છે. શરીરનાં અષ્ટાંગો, શરીરના આઠે અંગો,જેના વડે દંડવત્ પ્રભચરણોમાં વંદન કરી શકાય. બે હાથ, બે પગ, બે ઢીંચણ એ મળી છ થયા. પછી છાતી, કપાળ-મસ્તક. એમ આઠ અંગ થયા. યમનાં બાર લક્ષણો છે. મુખ્ય પાંચ છે. કોઈ પણને શરીરથી, વાણીથી અને મનથી માનસિક પીડા પહોંચાડવી, વગર કારણે તકલીફ આપવી. ખોટું આળ નાખી શારીરિક ક્ષતિ પહોંચાડવી એ હિંસા છે. કોઈ પણ સારી કે નબળી ક્ષણોમાં ધીરજ ધરીને જેમ છે એમ કંઈ પણ છુપાવવું નહિ. સાચેસાચું જણાવી દેવું. ગમે તે પરિસ્થિતિ આવે છતાં! સત્ય બોલવું, સાચું બોલવું એ સત્ય છે. કોઈ પણ પ્રકારની ચોરી ન કરવી. બીજાનું ધન કે દોલત પચાવી પાડવાની મનમાં કલ્પના કે સંકલ્પ ન કરવો એ અસ્તેય છે. વેદધર્મ કે શાસ્ત્રોએ બતાવેલા નિયમો યથાર્થરૂપે પાળવા, એ મુજબ વર્તવું. જીવન એ પ્રમાણે ગોઠવવું અને ખૂબ જ સખત રીતે કડક આચરણ કરવું એ બ્રહ્મચર્ય છે. કોઈ પણ વસ્તુ કે પદાર્થમાં આસક્ત થયા વગર ધન કે માલમત્તાનો સંગ્રહ કે લોભ કર્યા વગર ઈશ્વર ભરોસે જે વર્તમાનમાં ચાલે છે. કોઈનું અણહક્કનું સ્વીકારતો નથી કે અંગીકાર કરતો નથી તે અપરિગ્રહી છે. પત્ની કે નોકર-ચાકર પર આધાર રાખતો નથી. એ પણ અપરિગ્રહી છે.

**બીજાનું ધન કે દોલત પચાવી પાડવાની મનમાં કલ્પના કે સંકલ્પ ન કરવો એ અસ્તેય છે. વેદધર્મ કે શાસ્ત્રોએ બતાવેલા નિયમો યથાર્થરૂપે પાળવા, એ મુજબ વર્તવું**

ધર્મના કે ગૃહસ્થી જીવનના જે વેદધર્મ મુજબ નિયમ હોય એ બરાબર પાળે એની ખરી રીત જાણીને વ્રત, પ્રતિજ્ઞા પાળે એ મુજબ જીવનની રે'ણીકે'ણી પાળે એ નિયમ છે. જ્યારે પણ પ્રભુ ભજન કરવાનું હોય ત્યારે પોતાના આસનની જગા નક્કી હોવી જોઈએ. ચોક્કસ હોવી જોઈએ. જે આસન ઉપર બેસવાનું હોય એ પણ ચોક્કસ અને યોગ્ય જગ્યાએ હોવું જોઈએ એ પછી ભલેને ઊનનું, ઝાડની છાલનું, દર્ભ (એક પ્રકારનું ઘાસ)નું કે મૃગચર્મ હોય. આસન જો બરાબર હોય તો મનની ચિત્તની સ્થિરતાં સહજમાં આવે છે. નાભિ સુધી આપણો શ્વાસ પહોંચતો નથી. પેટ સુધી જ અટકીને ઉપર પાછો નાસિકામાં આવે છે. શરીર ટટ્ટાર રાખી મન સ્થિર કરી આસન જમાવીને શ્વાસોચ્છ્શ્વાસની ગતિ મધ્યમ રીતે લેવાથી પ્રાણ પાતળો ને સૂક્ષ્મ બને છે. જમણું અને ડાબું નસકોરું છે એની મધ્યમાં સુષુમ્ણા નાડી છે જે, યોગ સાધવામાં મદદ થાય છે. મધ્યમાંથી શ્વાસ છેક નાભિ સુધી પહોંચે ત્યારે પ્રાણાયમની ક્રિયા યથાર્થ થઈને જે કુંડલિની શક્તિ જાગ્રત થાય છે. એ પછી યોગ સાધનામાં ઘણું બધું કરવાનું આવે છે. પ્રાણાયમથી અનેક યોગક્રિયાના, શારીરિક સ્વાસ્થ્યના ફાયદાઓ થાય છે.

સાધક યોગસાધનામાં ખૂબ સક્રિય હોય અને એ પણ યોગાચાર્યની હાજરીમાં કરે તો સહજમાં સફળતા મળે છે. વિષયોમાંથી જે તે ઇન્દ્રિયો જતી હોય, ભોગ કે વાસના સંતોષવા જતી હોય એને નિયમ-સંયમમાં લાવી દરેક ઇન્દ્રિયો પર પોતાનો કાબૂ મેળવી એમાંથી પાછી વાળી મૂળ ધ્યેય સિદ્ધ કરવા એમાં લગાવીને એકધરે સ્થિર કરવી એ બહુ જ જરૂરી છે. એને પ્રત્યાહાર કહેવાય. ટૂંકમાં, વિષયોમાંથી ઇન્દ્રિયોને પાછી હઠાવી આસન સ્થિર કરી સુરતા મૂળપુરુષમાં, ચૈતન્યબ્રહ્મમાં લગાડવી. સાધકે જે નક્કી કર્યું હોય કે કરવાનું હોય એ નિશાન ચોક્કસ હોવું જોઈએ. એ મુજબ ચોક્કસ ધારણ કરવું જોઈએ. તો જ ધારણા કરેલ વસ્તુ સિદ્ધ થાય છે. એને જ ધારણા કહે છે. જો આપણું લક્ષ કે ચિંતન બરાબર ન હોય તો યોગમાં ધારી સફળતા મળતી નથી. ધ્યાનમાં ચિંતન કે એકાગ્રતા સ્થિરતા ખૂબ જ જરૂરી છે. ધ્યાન બરાબર જો લાગે તો ધ્યાનનો આનંદ ભીતરમાં અનુભવાય છે. ધ્યાન જે સે'જે લાગી જાય તે યથાર્થમાં છે. અંતમાં આનું શ્રેષ્ઠ પરિણામ સમાધિ છે. પરમબ્રહ્મમાં ચિત્ત લગાવી તદ્રૂપ થવું. છેક ઊંડે સુધી ધ્યાન ધરવું. સાધક અને ધ્યાય કરવા યોગ બંને એકમાં મળી જઈ લુપ્ત થઈ જાય ત્યારે જ સહજ સમાધિનો અનુભવ થાય છે. પોતાનું સ્થૂળ સ્વરૂપ વીસરાઈને આત્મસ્વરૂપમાં લુપ્ત સુરતા થઈ જાય ત્યારે સમાધિ લાગી જાય છે. સમગ્ર અસ્તિત્વ મૂળમાં ઓગળી જાય ત્યારે નિજાનંદ, પરમાનંદ, મુક્તાનંદ અને અખંડાનંદનો અનુભવ થાય છે. સાધકનો સર્વે ઇન્દ્રિયો પર સંપૂર્ણપણે અંકુશ હોય છે. મનપર એ અસવાર થયેલ હોવાથી પોતે ધારે તે કાર્ય કરી શકે છે. સંકલ્પ સિદ્ધ હોવાથી નક્કી કરેલાં સમયે સમાધિ સ્વેચ્છાએ છૂટી જાય છે. એમાંથી જાગ્રત થાય છે. સમાધિ અંતિમ

પ્રયાણની પણ હોય શકે. મૃત્યુ પર સાધકનું પ્રભુત્વ હોય છે. જ્યારે ઇચ્છા થાય ત્યારે આ પંચભૂતનું ખોળિયું ત્યાગી શકે છે. સમાધિના ઘણા પ્રકાર છે. મૂળબ્રહ્મ, પરમપુરુષ ને પરમાત્મચિંતનમાં તદ્રૂપ થવું, એકાકાર થવું.

**"મન મતવાલા હો રહા, નાહિન માને શિખ;**
**કહે પ્રીતમ ભવમેં ભમે, માગે ઘર ઘર ભીખ."**
**મન દુર્જન ઘરમાં રહે, કરે દગો દિનરાત;**
**કહે પ્રીતમ કહા કીજીએ, મન ચંચળ બદજાત."**

મુખ્ય બે માર્ગમાં, યોગમાર્ગ ને ભક્તિમાર્ગમાં મુખ્ય સાધન મન છે. મન હોય તો માળવે જવાય. મનની કલ્પનાનું જગત બહુ જ મોટું ને વિશાળ છે. મન મર્કટ જેવું છે. ચંચળ પણ છે. ક્યારેય એ શાંત બેસતું નથી. ધજાની પૂંછડી જેવું છે. જે બાજુ હવા હોય એ બાજુ ફફડ્યા કરે એટલે તો મહાપુરુષે કહ્યું છે કે મનનો વિશ્વાસ ક્યારેય કરવો નહિ. એ કોઈની પણ શિખામણ માનતું નથી. તે ક્યાંનું ક્યાં ભમે છે. સ્વાર્થી, લોભી, લાલચી, મોહવશ છે, એથી ઘરેઘરે ભટકે છે ને ભિખારીપણું દાખવે છે. સદા દુઃખી ને દુઃખી જ રહે છે. અસંતોષના ઘરમાં કાયમ રહેતું હોવાથી તૃષ્ણા એની અધિકાધિક હોય છે. એ ક્યારેય કોઈ વસ્તુ કે પદાર્થથી તૃપ્ત થતું નથી. ધરાતું નથી એની લોભની, માયાની તરસ એટલી બધી હોય છે કે એને અમૃત મળે તો એને ઢોળીને દુર્ગુણરૂપી જળ સતત પીએ છે. એનો વાસ દુર્જનના ઘરમાં છે. અને એ દિવસરાત દગાબાજી, છેતરવાનું, વિશ્વાસઘાત કરવાનું, પોતાનો સ્વાર્થ સાધવાનું કાર્ય કરે છે. એટલે તો પ્રીતમદાસે એને બદ કહ્યું છે. ખરાબ, હીન-હલકું ને બદકામનાવાળું, દુરાચારી, બેઇમાન, હરામી અને ખોટી દાનતવાળું પણ કહ્યું છે. મન સૌ કોઈને માયાના બંધનમાં નાખે છે. ઇન્દ્રિયો બિચારી એની આગળ લાચારી અનુભવે છે. ગરીબ ગાય જેવી બની ને રહે છે. સૌ ઇન્દ્રિયોનો રાજા મન છે. મનથી હંમેશાં ભય પામવું, ક્યારે શું નું શું કરી બેસે એ કહેવાય નહિ. એનામાં અવગુણો પારાવાર છે.

**મનની કલ્પનાનું જગત બહુ જ મોટું ને વિશાળ છે. મન મર્કટ જેવું છે. ચંચળ પણ છે. ક્યારેય એ શાંત બેસતું નથી. ધજાની પૂંછડી જેવું છે. જે બાજુ હવા હોય એ બાજુ ફફડ્યા કરે**

**"તપ તીરથ આચાર વ્રત, ભણે બહુ શાસ્ત્ર પુરાણ;**
**કહે પ્રીતમ મન બસ નહિ, તબ લગ મૂરખ જાણ.**
**ખોટે મન ખોયા સબે, તનમનરૂપ અરુ રંગ,**
**કહે પ્રીતમ કરીએ નહિ, મન મૂરખ કા સંગ.**
**મન હરજીકે હાથ હૈ, ઑર કીસીકા નહિ,**
**કહે પ્રીતમ માને નહિ, દેખો ગ્રંથન માંહિ.**
**શુદ્ધ ચિત્ત સુમરન કરે, તજે દેહ અભિમાન,**
**કહે પ્રીતમ આપા મિટે, તબ ભેટે ભગવાન."**

જ્યાં સુધી મન ઇન્દ્રિયો વશ નથી ત્યાં સુધી તપ કરે, વ્રત કરે અને તીરથોમાં ભ્રમણ કરે છતાં નકામું છે. અનેક શાસ્ત્રોનું વાંચન કરી પંડિતાઈ કેળવે છતાં કંઈ વળતું નથી. સંત મહાપુરુષ પ્રીતમદાસે આ જીવને મૂર્ખ કહ્યો છે. અનેક પ્રકારનાં ખોટાં કર્મો મન કરાવતું હોવાથી આજ મન એટલે કે પોતાના મન વડે જે કિંમતી નરદેહ મળ્યો છે, જે સુંદર છે, સ્વસ્થ છે અને દેખાવમાં, રંગમાં અતિ સુંદર છે, જેમાં અનેક ખૂબીઓ ભરેલી છે. એને માયામાં ફસાઈને વ્યર્થ ગુમાવ્યો. જન્મીને હરિ ભજ્યા નહિ. જન્મ દેનારને ભૂલ્યો. આવા મનથી હંમેશાં ડરવું જોઈએ. જે ઘોર નરકમાં નાખે એનો સંગ થોડો થાય? એનું કહ્યું થોડું કરાય? એનો આદેશ ક્યારેય મનાય કે પળાય નહિ. મનની ચંચળતા બહુ નાચ નચાવે છે. મન કહે કે સારું પુસ્તક વાંચવું જ્યાં પુસ્તક હાથમાં લે કે તુરંત મન કહે : આમાં શું ભર્યું છે તે વાંચે છે! સારી કવિતાઓ, ભજનો વાંચી અને લલકારે ત્યારે એનું એ જ મન એમાં લાગી જાય છે. ફરી પાછું એમ કહે છે કે શું ઢોરની જેમ બરાડા પાડે છે. ફલાણા ભાઈ સત્સંગ સારો કરે છે ત્યાં જાને ! ફરી એ જ મન બહાર લઈ જઈને પેલા ભાઈ પાસે આવે છે. ત્યાં વાતો સાંભળતાં જ મન છે, જે મનમાં વિચારે છે. કહે છે આમાં શું નવું છે? તેં અહીં આવ્યો. જરા મંદિરે-જઈને સ્વરૂપનાં(હરિનાં) દર્શન કરી આવ તો જીવને શાંતિ મળશે. વળી પાછું મન મંદિરે લઈ જાય ત્યાં પણ સીધું બેસે નહિ અને કહે કે તારી સાથે થોડી વાતો કરે? આ તો પથ્થરનું છે. ઘરભેગો થઈને આરામ કર. આમ પાછો ઘરે આવે ત્યારે એનુંએ મન કહે બધી જગ્યાએ ફરી આવ્યો અને પાછો મૂળ ઠેકાણે આવ્યો. ઘરે હતો એ બરાબર હતો ! ખોટો ચકેડીએ ચડ્યો. આમ મન ફેરવ્યા કરે છે.

ખરેખર તો મન પ્રભુને હાથ છે. એ જ મનને પાંસરું કરી શકે છે. શાંત કરી શકે છે. બીજી હેજીપેજીનું કામ નથી. આ મન વિશે અનેક ગ્રંથોમાં પુરાવા કે સાક્ષી મળે છે. આને જીતવા માટે પ્રીતમદાસે અનેક રસ્તાઓ બતાવ્યા છે. જો આ

જ મન શુદ્ધ વિચાર કરે તો ડાહ્યુંડમરું થઈને હેરાન કરતું મટે છે. જો દેહનું અભિમાન ત્યાગે તો જ સઘળું સુગમ બને છે. સાધકને પોતાનું મન છે એ કર્તાપણું આપાપણું છોડી દે તો વહેલી તકે ભગવાનના પરમપદને પામી શકે છે. જેમ મનમાં અનેક અવગુણો ભરેલા છે એમ એમાં અનેક ખૂબીઓ પણ ભરેલી છે. મનને વશ રાખવા માટે સૌથી શ્રેષ્ઠ ગુરુનું શરણું છે. મનને સદાને માટે પરમાર્થ માર્ગે વાળવુ ંજોઈએ. જેણે મન વશ કર્યું છે કે પરબ્રહ્મ પરમાત્માને વશ કરી શકે છે. આ જ મનથી સુખી થવાય છે. મન જો વશ થાય તો જે ચાર પ્રકારની મુક્તિ કીધી છે એ દાસી થઈને જેમ કહો એમ કાર્ય કરે. એમાં અતિ સામર્થ્ય ભર્યું છે. આ જ મન અભિમાન રહિત થાય છે. સઘળા પ્રકારનાં મમત્વ જતાં પોતે બ્રહ્મસ્વરૂપને પામે છે.

મન વશ થયા પછી એ શુદ્ધ ચિત્તે પ્રભુસ્મરણ કરે તો સદ્‌ગુણોની ખાણ જ પોતાની ભીતર ખૂલી જાય છે. મન રાજી થાય તો બ્રહ્મત્વને પ્રાપ્ત કરી પોતે પૂજાય છે. અમર બની જાય છે. સર્વોપર પોતાનું પ્રભુત્વ બતાવી શકે છે. પણ ભગવાનનો પરમભક્ત ફક્ત દાસનો પણ દાસ બનીને રહે છે. હરિભજન એને મન સૌથી મૂલ્યવાન છે. મન વશ થાય તો આ જીવને ચોરાસીના ફેરામાંથી બચાવી શકે છે. જન્મમરણની આપદા ટળે છે. સદા સુખિયો થઈને નિજાનંદમાં મસ્ત રહે છે. મનનું મનપણું રહેતું નથી. સચરાચરમાં એક બ્રહ્મસ્વરૂપ જ દેખાય છે. મનનું વર્ણન કર્યે જ જઈએ તો પણ પાર આવે એમ નથી. જેટલું ખરાબ છે એથી અધિક ઘણું સારું છે. આ મનથી જ પ્રભુના પરમપદને પામી શકાય છે. આ પિંડમાં બ્રહ્મપ્રકાશ ઝળહળી ઊઠે છે. મનથી જ મનોબળ પામતાં સર્વકાર્ય કરવા સમર્થ બને છે.

**"સુમરન સોઈ ન વીસરે, રહે રૂપમાં મન;**
**કહે પ્રીતમ શુદ્ધ સ્નેહસું, કરે સુમરન નિશદિન.**
**મિથ્યા મુખ બોલે નહિ, બોલે તો હરિનામ;**
**કહે પ્રીતમ રુદિયે વસે, જયું લોભી કે દામ."**

સાધકને પોતાના ખરા સ્વરૂપનું જ્ઞાન સદ્‌ગુરુ કૃપાથી થાય છે. ત્યારે હરિભજન-સ્મરણ આઠે પોર ભૂલતો નથી. હાલતાં-ચાલતાં-ઉઠતાં-બેસતાં અખંડ હરિનામ અંતરમાં જપે રાખે છે. સ્વયંના બ્રહ્મસ્વરૂપમાં મનને સ્થિર કરી મસ્ત રહે છે. દિનબદિન ભાવમાં વધારો થતો જાય છે. શુદ્ધભાવથી અને સ્નેહથી પોતે ભજન કરે છે. એથી આળસ કે પ્રમાદ આવતાં નથી. અવગુણરૂપી આવરણો છેટાં ભાગે છે. સંસારીની રીતભાત કરતાં એની રીતભાત જુદી હોય છે. સૌમાં એ આત્મભાવે નિરખે છે એથી એના મુખેથી બ્રહ્મવાણી, પરાવાણી હિતકરનારી બોલાય છે. સૌ નાનામોટામાં એક જ ઈશ્વર વસે છે એ ભાવ આવતાં માનથી અને વિનયવિવેકથી બોલાવે છે અને વ્યવહાર પણ સુખમય કરે છે. મિથ્યાવાણી એના મુખેથી ક્યારેય આવતી નથી. જ્યારે પણ બોલવાનું થાય ત્યારે એના મુખેથી હરિનામ, હરિગુણગાન કે હરિનાં લીલા ચરિત્રો સિવાય બીજું કંઈ પણ ખોટું બોલાતું નથી. જેમ લોભી માણસને ધન બહુ પ્યારું હોય છે. પોતે ખાય, પીએ, ઓઢે કે બીજી સુખસગવડમાં પૈસા ખર્ચ કરતો નથી. જે પણ ધન મેળવે એનો સંગ્રહ કરે છે. લોભની વૃત્તિ એની બેવડાતી જાય છે. લોભીને ધન વહાલું છે એમ ભગવાનના પરમભક્તને હરિનામ વ્હાલું છે. એનાથી અધિક બીજું કશું જ નથી. એના હૈયામાં હરિનામ કંડારાઈ ગયેલું હોય છે.

**અખંડ હરિનામ અંતરમાં જપે રાખે છે. સ્વયંના બ્રહ્મસ્વરૂપમાં મનને સ્થિર કરી મસ્ત રહે છે. દિનબદિન ભાવમાં વધારો થતો જાય છે. શુદ્ધભાવથી અને સ્નેહથી પોતે ભજન કરે છે. એથી આળસ કે પ્રમાદ આવતાં નથી**

**"સુમરનસે સંશય ટળે, શોક સમૂળા જાય;**
**કહે પ્રીતમ મનકે મહીં, ગુણ ગોવિંદ કે ગાય.**
**સહસ્ર વદન સુમરન કરે, સદા સર્વદા શેષ;**
**કહે પ્રીતમ ભૂમિ તણો, ભાર ન લાગે લેશ."**

જે હરિસ્મરણ નિત્ય કરે છે એના સર્વે પ્રકારના સંશયો ટળે છે. અજ્ઞાનરૂપી સંશયના ઘરમાંથી નીકળતા શોક જે દુ:ખરૂપે લાગે છે. એ સમૂળગો જાય છે હરિનામનો મહિમા અગાધ છે. મહાક્રૂર, ઘાતકી લોકો પણ હરિનામથી આ અસારસંસાર તરી ગયા છે. જે ગોવિંદના નિત્ય ગુણગાન કરે છે. જેનું જીવન એ મય જ હોય છે. મનમાં હરિનું નામ અને હાથમાં હરિનું કામ. જેમ કે એક હજાર મુખવાળા શેષનારાયણ હરિનું ભજન અખંડ કરી રહ્યા છે. એથી તો એમની ફેણ પર આ ધરા પૃથ્વીને ધારણ કરેલી છે. એનું વજન-ભાર એમને લાગતો નથી. હરિનામનો પ્રતાપ અગાધ અને હિતકારી છે. સતત હરિ સ્મરણ કરવાથી આ પૃથ્વીનો ગોળો ફૂલના જેવો હળવો લાગે છે.

ભક્તકવિ પ્રીતમદાસ સ્મરણના અંગમાં આગળ કહે છે કે :

**"સબ સાધનમેં સુગમ હૈ, રામનામ મહામંત્ર;**
**કહે પ્રીતમ રચના રટે, તનમન હોય પવિત્ર.**

**સમરણસે માયા સમે, દમે નહિ લવલેશ;**
**કહે પ્રીતમ સમરણ ભજન, હરિજન કરે હંમેશ.''**

''માયા દમે ન મન દમે, દમે ન દુઃખ સંસાર, કહે પ્રીતમ પરબ્રહ્મકો, ભજન કરે ભવપાર.''

તપ, અનુષ્ઠાન, વ્રત, તીર્થાટન અને યોગ સાધન અઘરાં છે. જ્યારે હરિનામ સાધન ખૂબ જ સહેલું છે. કળિકાળમાં હરિનામ શ્રેષ્ઠ છે. રામનામનો મંત્ર ખરેખર સુગમ છે. રામ રામ રટતાં રટતાં રામરૂપ થઈ જવાય. સૌરાષ્ટ્રના મહાન સંત શ્રી લક્ષ્મણબાપુ તો કહેતા કે આંટતાં આંટતાં ઈટી જવાય. જેમ કે, નાનાં બાળકો કાચની લખોટીઓથી રમે છે. જમીન પર ગોળ કૂંડાળું દોરીને એમાં બધાં જ પોતપોતાની લખોટી મૂકે છે. પછી એક પછી એકનો ઈટવાનો વારો નક્કી કર્યા મુજબ આવે અને એ લખોટીમાં જેને કાઢવાની હોય એ પણ નક્કી કરવામાં આવે. એકની પછી એક દાવ લે છે. જે ચીતવેલી નક્કી કરેલી લખોટીને ઈટીને કૂંડાળામાંથી બહાર કાઢે એ બધી લખોટી લઈ જાય. કોઈ ભાગશાળીને પ્રથમ પ્રયત્ને સફળતા મળે છે. ભગવાનને મનોમન પ્રાર્થના કરે છે કે આનાથી લખોટી ના નીકળે કારણ કે પછી મારો વારો આવે છે.

**તપ, અનુષ્ઠાન, વ્રત, તીર્થાટન અને યોગ સાધન અઘરાં છે. જ્યારે હરિનામ સાધન ખૂબ જ સહેલું છે. કળિકાળમાં હરિનામ શ્રેષ્ઠ છે. રામનામનો મંત્ર ખરેખર સુગમ છે. રામ રામ રટતાં રટતાં રામરૂપ થઈ જવાય**

એમ જ હરિનામ જપતાં જપતાં ક્યારેક હરિ સાંભળી જશે ત્યારે આ ભવસાગર સહજમાં તરી જવાશે. રામનામનો મહામંત્ર મહાન છે. રામનામથી કંઈક અસુરો, રાક્ષસો, અબુધો અને ક્રૂર લોકો તરી ગયા. રામરૂપ થઈ ગયા. રામનામ એ બ્રહ્મ-અગ્નિ છે. જેમાં અશુદ્ધિઓ બળીને ખાખ થઈ જાય છે. જે રામનામ નિત્ય જપે છે. એનું મન અતિ સાત્ત્વિક અને પવિત્ર બને છે. રામનામનું અખંડ રટણ કરવાથી જે માયા છે. પ્રપંચ છે. જે હંમેશાં ભક્તિમાર્ગમાં વિઘ્નો ઊભાં કરે છે. અનેક પ્રકારનાં આવરણો નાખે છે. એ શમી જાય છે. હટી જાય છે. ઉપરથી સહાયકરૂપ થાય છે. બાકી માયાના ચક્કરમાં મહાન તપસ્વીઓ, મોટા મહારથીઓ લપેટમાં આવી ગયાં જેનો આજ સુધી પત્તો કે ભાળ લાગી નથી. સઘળી ઈન્દ્રિયો કાબૂમાં રહે છે. એનો પ્રભાવ રામનામ લેનાર પર અંશમાત્ર રહેતો નથી. જે હરિના પ્યારા હરિજન છે, દાસ છે એ કદાચ શ્વાસ લેવાનું ભૂલી જાય, પણ હરિનામ, હરિસ્મરણ ભૂલતાં નથી. હરિનામ પ્રાણથી પણ પ્યારું ભક્તને હોય છે.

સંત પ્રીતમદાસ કહે છે કે દશે ઈન્દ્રિયો ને ચાર અંતઃકરણો, ત્રણ ગુણ બધાં જ પર ભક્તનું નિયંત્રણ રહે છે. એને ચલિતમાન કરી શકે નહિ. માયાનું આવરણ મોટું છે. એ પણ ભક્તને વિઘ્ન પહોંચાડતું નથી. બધી જ ઈન્દ્રિયોને સાત્ત્વિક કાર્યોમાં યથાર્થરૂપે જોડી રાખે છે. જે સહજતાથી કાર્ય કરે છે. રામનામ નિયમી બનાવે છે. સંયમવાળું ઈન્દ્રિયોને બનાવે છે. રખાવે છે. આ સંસારમાં પછીથી કોઈ જ પ્રકાર દુઃખ રહેતું નથી, માયા, મન અને દુઃખ-સંસારી કાબૂમાં રહે છે. એની પીડા હોતી નથી. એવા જે પરબ્રહ્મ છે, જે હરિ છે એને ભજવાથી સઘળી પ્રકારની પીડા, દુઃખ કે સંકટો જાય છે. હરિસ્મરણથી, રામનામથી, પ્રભુભજનથી ભવસાગર પાર તરી જવાય છે. ભગવાનનો ભક્ત ન્યારોનિરાળો થઈને હરિ રાખે એમ જ રહે છે.

સાખી રાગનાં ચોવીસ અંગની રચના પ્રીતમદાસે કરી છે. એમાંથી બધાં જ અંગોનું રસદર્શન અહીં કરવું અશક્ય છે. સાખીઓથી નિજાનંદ માણવો રહ્યો. સંત સાહિત્ય-ભક્તિપદોનું સર્જન અઢળક કર્યું છે. જે આજે પણ લોકહૈયામાં સ્થાન પામેલ છે. ઘરેઘરે એમનાં પદો ગવાય છે. એમની રચેલી આરતી તો ખૂબ જ લોકહૈયે, લોકજીભેથી ગવાય છે. એ પ્રશંસાને પાત્ર છે. બીજા રાગનાં પણ અંગો રચેલાં છે. જે ટૂંકમાં જણાવવા યોગ્ય છે. અહીં વિસ્તારથી સતસંગ સ્વરૂપે જણાવું અશક્ય છે. છતાં જે હૃદયમાં ભાવના ઉત્પન્ન થઈ એ મુજબ અંગનો રસ દર્શાવ્યો છે.

**તૃષ્ણાનું અંગ :**

**''તૃષ્ણા તું થાકી નહિ, ખાયો સબ સંસાર;**
**કહે પ્રીતમ કરું દૂરથી, કર જોડી નમસ્કાર.**
**બ્રહ્માંડ ખાઈ ભાખરી, પિયો સબ સરિતા નીર;**
**કહે પ્રીતમ ધ્રાયી નહિ, નાહીં ન શાંત શરીર.''**

**જ્ઞાનનું અંગ : જ્ઞાન વિના અભિમાન કી, ટલે ન અહંતા આડ;**
**કહે પ્રીતમ નિજ જ્ઞાનકા, જાહેર ઝંડા ત્રાડ.**

**વૈરાગ્યનું અંગ : વૈરાગ્ય વિના વળગી રહ્યો, માયાની મધલાળ;**
**કહે પ્રીતમ સુખ અલ્પ હૈ, દુઃખ ભૂગતે કંઈ કાળ.**

**સજ્જનનું અંગ : સજ્જન સુરતરુ સરીખા, શરણ હરણ તનતાપ,**

**કહે પ્રીતમ શીતળ સદા, રહે સ્વરૂપે આપ.**
**વ્રેહનું અંગ : જબ લગી વ્રેહ ન ઊપજે, તબલગી હે હરિ દૂર;**
**કહે પ્રીતમ કૈસે મિલે, નિજ પતિ પરમ ચતુર.**
**ગુરુમહિમાનું અંગ : ગુરુપદ પ્રેમે પૂજીએ, પ્રગટે જ્ઞાન પ્રકાશ;**
**કહે પ્રીતમ એક પલકમાં, કરે અવિદ્યા નાશ.**
**ઊઠ કરોડ તીરથ સબેં, ગુરુચરણોદક જેહ;**
**કહે પ્રીતમ પીએ પ્રેમશું, પામે અટલપદ એહ.**

ખળનું નામ માહાત્મ્ય, અનન્યનું, નારીનિંદાનું, ભાવનું, સહજનું, ભક્તિનું, પ્રેમનું, સંત માહાત્મ્યનું, તત્ત્વસાંખ્યનું, બ્રહ્મ સ્વરૂપનું, જીવનમુક્તનું, આગળ ચોપાઈ રાગના અંગ તત્ત્વજ્ઞાનીનું હરિભક્તનું, સંતનું, સદ્‌ગુરુનું, સત્સંગ માહાત્મ્ય જે મોતીદામ છંદમાં છે. છપ્પા-છપ્પા છંદ = કુબુદ્ધિનું, પ્રેમનું, વૈરાગ્યનું, અથનામનું, સ્મરણનું, નારીનિંદાનું અંગ વગેરે...

પ્રીતમદાસે કૃષ્ણભક્તિનાં અગણિત પદોની રચના સહજતાથી પરાભાવમય થઈને કરી છે. ગુજરાતભરમાં જ્યારે જ્યારે જ્યાં જ્યાં વિચર્યા છે ત્યાં ત્યાં પ્રીતમદાસે બાવન શિખરબંધ મંદિરો બંધાવ્યાં હતાં. જ્યાં ફક્ત ત્યાગી સાધુઓ જ રહી શકતા હતા. જનસમાજમાં પ્રીતમદાસે આપેલાં અનેક પરચા ને પ્રમાણ મળેલાં છે. પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં એમને ઈશ્વર તરફથી દિવ્યચક્ષુ મળેલાં. રામાનંદી સંપ્રદાયમાં દીક્ષિત હતા. છતાં! તેઓ કૃષ્ણભક્તિમાં આરૂઢ હતા. ભગવાનનું, શ્રીકૃષ્ણનું સત્ય-પરમ સ્વરૂપના દર્શન થયેલાં. ગામ સંદેસરમાં એમની તિથિ ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. શ્રી પ્રીતમદાસ સૌને માટે શ્રી પ્રીતમસ્વામી તરીકે હૈયામાં વસેલા છે. ભાવિકજનો માટે આજ પણ દર્શનમાત્રથી હયાતી અનુભવાય છે. સમાધિ મંદિર અને કુંજબિહારીલાલ સંગે જાનરાયજીનાં દર્શન થાય છે.

**સંદર્ભ ગ્રંથો :**

શ્રી પ્રીતમદાસની વાણી, એકનાથી ભાગવત, દાસી દર્પણ અને ભક્ત કવિ પ્રીતમદાસનાં શ્રીકૃષ્ણભક્તિનાં પદો.

*એ-૧૪, હરિઓમનગર સોસાયટી, રમેશનગર પાસે,*
*ઈન્ડિયા કોલોની, ઠક્કરબાપાનગર રોડ,*
*અમદાવાદ-૩૮૨૩૫૦*
*મો. ૯૯૭૮૮૦૩૦૧૪*

**સાડા છ કરોડથી વધારે ગુજરાતીઓનું માનીતું પાક્ષિક એટલે...**

ગુજરાત
ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું ગુજરાત પાક્ષિક, પ્રતિ પખવાડિયે આપના દ્વારે લઈને આવે છે...

**નીવડેલી કલમ, નવી દિશા, નવા વિચારો**

▸ રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજના ▸ અધિકૃત માહિતી ▸ સાતત્યપૂર્ણ વિકાસલક્ષી જાણકારી
▸ લોકકલ્યાણની વાત ▸ રાજ્ય સરકારના નિર્ણયો ▸ લોકોની અપેક્ષાઓ અને સંવેદનાઓ
▸ સફળ લોકોની વાતો આ ઉપરાંત ▸ અતિથિની કલમે ▸ વિદ્વાનોના વિચારો ▸ વાંચકોની વાત
▸ વરિષ્ઠ પત્રકારોના અભિપ્રાય ▸ પ્રાસંગિક લેખો, જન સમસ્યા અને સમાધાન અને ઘણું બધું...

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત પાક્ષિક પરિવારના સભ્ય બનો.

વાર્ષિક લવાજમ માત્ર
**રૂ. ૫૦/-**

# ઝાલાવાડની સ્વાતંત્ર્ય-બેલડી

*- ભૂપેન્દ્ર મો. દવે*

**ગાં**ધીજીએ દેશમાં સ્વદેશીની ચળવળ ઉપાડી. દારૂબંધી માટે બહેનોને પિકેટિંગ કરવાની વાત કરી. અસહકાર આંદોલન અને મીઠા સત્યાગ્રહ શરૂ કર્યો તેને કારણે સમાજમાં એકતા આવી. ગાંધીજીના આંદોલનમાં બહેનો પણ મોટા પ્રમાણમાં જોડાઈ.

ગાંધીજીની અસર હેઠળ કાઠિયાવાડને કેટલાક આઝાદી આંદોલનના કાર્યકરો પ્રાપ્ત થયા. તેમણે આ પ્રદેશમાં મહિલા જાગૃતિના કામમાં ઘણો બધો ફાળો આપ્યો. આ દંપતી હતાં ફૂલચંદભાઈ શાહ-શારદાબહેન, દરબાર ગોપાલદાસ દેસાઈ-ભક્તિબા, ઉછરંગભાઈ ઢેબર-મનુબહેન, રસિકલાલ પરીખ-શારદાબહેન, શંભુશંકર ત્રિવેદી-સરલાબહેન, મનુભાઈ પંચોળી-વિજયાબહેન, દોલતરાય શેઠ-કમુબહેન, ડૉક્ટર હરિપ્રસાદ ભટ્ટ-સુમિત્રાબહેન, લલ્લુભાઈ શેઠ-નિમુબહેન, લવણપ્રસાદ શાહ-રુક્ષ્મણીબહેન, આત્મારામ ભટ્ટ-દુર્ગાલક્ષ્મી, દ્વારકાદાસ ત્રિવેદી-મેરીબહેન, રામનારાયણ પાઠક-નર્મદાબહેન વગેરે વગેરે.

**"સૌરાષ્ટ્રમાં સ્વ. ફૂલચંદભાઈ જેવો અગ્નિપુરુષ બીજો પાક્યો નથી કે બીજાનાં પાપ પણ એમાં પડીને ભસ્મ થઈ જાય. એવો આગ જેવો પવિત્ર પુરુષ વઢવાણને ટીંબે પાક્યો અને એ કર્મવીરનો પૂરો લાભ ગુજરાત પામે તે પહેલાં એમનું દેહાવસાન થયું**

આઝાદીના અમૃત પર્વે આ બધાં સત્યાગ્રહી દંપતીઓને વંદના છે. આજે ઝાલાવાડની સ્વાતંત્ર્ય- બેલડી ફૂલચંદભાઈ શાહ અને શારદાબહેન શાહની સ્મરણ વંદનાનો ઉપક્રમ છે.

શ્રી ઝવેરચંદ મેઘાણીએ ફૂલચંદભાઈ શાહની ઓળખ આ શબ્દોમાં આપી છે :

"સૌરાષ્ટ્રમાં સ્વ. ફૂલચંદભાઈ જેવો અગ્નિપુરુષ બીજો પાક્યો નથી કે બીજાનાં પાપ પણ એમાં પડીને ભસ્મ થઈ જાય. એવો આગ જેવો પવિત્ર પુરુષ વઢવાણને ટીંબે પાક્યો અને એ કર્મવીરનો પૂરો લાભ ગુજરાત પામે તે પહેલાં એમનું દેહાવસાન થયું. સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોમાં પ્રજા જાગૃતિ અને જુલ્મ - જહાંગીરી સામે જે સત્યાગ્રહો ખેલાયા તેનો એ આદિપુરુષ હતો, અસિધારા વ્રતે જીવનારો તપસ્વી."

આવા ફૂલચંદભાઈનો જન્મ વઢવાણ શહેરમાં ૧૮૯૫માં માર્ચ મહિનાની બીજી તારીખે થયો. પિતાનું નામ કસ્તૂરચંદ, માતાનું નામ અમૃતબહેન. કુટુંબનો વ્યવસાય અનાજનો વેપાર. ફૂલચંદભાઈએ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ વઢવાણ કેમ્પ (હાલનું સુરેન્દ્રનગર)માં લીધું. આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી પ્રથમ પ્રયાસે મેટ્રિકની પરીક્ષામાં પાસ થયા. બી.એ.ની પરીક્ષા તેમણે મુંબઈની વિલ્સન કૉલેજમાંથી પસાર કરી.

આ દરમિયાન ફૂલચંદભાઈના પિતાજીનું અવસાન થયું હતું. ધમધોકાર ચાલતી અનાજની પેઢીમાં ખોટ આવી હતી. પોતાનાં લગ્ન થઈ ગયાં હતાં. કુટુંબ આર્થિક સંકડામણમાં આવી ગયું હતું. તેથી ફૂલચંદભાઈને બી.એ. થયા પછી તુરંત નોકરીએ લાગવાની જરૂરત ઊભી થઈ. એમાં દાજીરાજ હાઈસ્કૂલમાં માસિક રૂપિયા ૪૦/- થી તેમને શિક્ષકની નોકરી મળી. થોડા જ સમયમાં ફૂલચંદભાઈ વિદ્યાર્થીઓમાં માનીતા બની ગયા.

થોડા સમય બાદ તેમને સમાચાર મળ્યા કે મહાત્મા ગાંધી અમદાવાદમાં આશ્રમ બાંધી સ્થાયી થયા છે. રાષ્ટ્રીયશાળા ચાલુ કરવાના છે, તે માટે શિક્ષકોની જરૂરત છે. ફૂલચંદભાઈ તો આ વાત સાંભળી અમદાવાદ ઊપડ્યા. ગાંધીજીને મળ્યા. આશ્રમની કામગીરીમાં જોડાવા ઇચ્છા વ્યક્ત કરી. ગાંધીજીએ સંમતિ આપી. ફૂલચંદભાઈએ વઢવાણ આવી હાઈસ્કૂલમાંથી રાજીનામું આપ્યું અને રાજીનામું મંજૂર થતાં આશ્રમમાં જોડાયા. એ વખતે શાળા શરૂ થઈ નહોતી તેથી ફૂલચંદભાઈને આશ્રમની કામગીરી સોંપવામાં આવી હતી. પરંતુ થોડા સમય બાદ ફૂલચંદભાઈની તબિયત એકદમ બગડતાં, તેમનાં માતાનું મન અમદાવાદથી ઊઠી ગયું અને ફૂલચંદભાઈ મહાત્માજીની રજા લઈને વઢવાણ આવ્યા.

હવે પાછો કમાવાનો પ્રશ્ન સામે આવીને ઊભો રહ્યો, થોડો સમય બાળશાળા શરૂ કરી, પરંતુ તે લાંબી ન ચાલી.



ત્યારબાદ ધર્મશાળામાં બાલાશ્રમની શરૂઆત કરી. ચાર- પાંચ પટેલના છોકરા અને થોડા ભરવાડના છોકરા ત્યાં રહેતા. શિવાનંદજી અને ફૂલચંદભાઈ તેમને હાથે રાંધી જમાડતા - ભણાવતા. એક દિવસ વઢવાણના એક ગૃહસ્થે ફૂલચંદભાઈને વાત કરી કે તમે આટલી બધી મહેનત કરો છો, તો એક સારી મજાની શાળા ચલાવોને ! એમ કરો તો એક વર્ષ સુધી નક્કી રકમ હું આપીશ. - અને તેમાંથી જે શાળાનો સવંત ૧૯૬૩ના આસોવદ ૧૩ના રોજ વઢવાણમાં જન્મ થયો, તે જ વઢવાણની રાષ્ટ્રીયશાળા - ઘરશાળા તરીકે નામ પામી.

આ ઘરશાળા એક જમાનામાં રાષ્ટ્રીયશાળા નામથી આખાયે કાઠિયાવાડમાં જાણીતી હતી. મહાત્મા ગાંધીજીએ આ શાળાનું ખાતમુહૂર્ત કર્યું હતું. ચીમનભાઈ વૈષ્ણવ જેવા વિદ્વાન અને સાધક તેના આચાર્ય હતા. એવા જ નિષ્ઠાવાન શિક્ષકો તેને મળ્યા હતા. શાળા વિદ્યાર્થીઓથી ધમધમતી હતી. પરંતુ તેમાં હરિજન બાળકોનો પ્રવેશ નહોતો. ફૂલચંદભાઈને લાગતું તો હતું કે ''રાષ્ટ્રીયશાળા'' જેવું નામ ધરાવતી શાળામાં હરિજન બાળકોને પ્રવેશ ન મળતો હોય તો તેને રાષ્ટ્રીયશાળા કહેવરાવવાનો અધિકાર નથી. ઘણીવાર તેઓ આ અંગે સાથીદારો, શિક્ષકો અને વઢવાણના આગેવાનો સાથે વાત પણ કરતા, પરંતુ આગેવાનોને અને મોટાભાગના શિક્ષકોને લાગતું હતું કે શાળામાં જો હરિજન બાળકોને દાખલ કરવામાં આવશે તો ઘેઘૂર વડલા જેવી ફાલીફૂલેલી શાળા પડી ભાંગશે.

**ફૂલચંદભાઇ એટલે સાચનું સ્વરૂપ. અન્યાય સામે પ્રતિકારનું પ્રતીક. ભલભલા મોટા ચમરબંધીને પણ પોતાને જે લાગે તે મોઢામોઢ કહી દેનારા હતા. એમ પણ કહેવાય છે કે ફૂલચંદભાઇ આખાબોલા હતા**

એક દિવસ ફૂલચંદભાઈએ નિર્ણય લીધો. શાળાનાં બારણાં હરિજન બાળકો માટે ખૂલી ગયાં. રૂઢિચુસ્ત ગામમાં સોપો પડી ગયો. સમાજ હચમચી ગયો. મોટાભાગના વાલીઓએ પોતાના બાળકોને શાળામાંથી ઉઠાવી લીધાં. ફૂલચંદભાઈ ન ડગ્યા. ઘેઘૂર વટવૃક્ષ જેવી ફૂલીફાલેલી સંસ્થા એક આંચકા સાથે તૂટી પડી. સ્થૂળ અર્થમાં તે ભાંગી પડી પણ સૂક્ષ્મ અર્થમાં તે ચાલુ રહી. શાળાએ તેનું ''રાષ્ટ્રીયશાળા'' નામ સાર્થક કર્યું. ફૂલચંદભાઈને મન સંસ્થા કરતા સિદ્ધાંતનું મહત્ત્વ વિશેષ હતું. સિદ્ધાંત વગરની સંસ્થા એ પ્રાણ વગરનું શરીર છે એમ તે માનતા.

ત્રીસ અને ચાલીસ વચ્ચેના દાયકાનું કાઠિયાવાડ એટલે નાનાં - મોટાં રજવાડાં, તાલુકદારોની વચ્ચે વહેંચાયેલો પ્રદેશ. કેળવણી નહિવત, અંધશ્રદ્ધા ખૂબ, અસ્પૃશ્યતા ભારોભાર. અનેક કુરિવાજો. પ્રજા ખૂબ જ ગરીબ અને નિર્માલ્ય. રાજા કે દરબાર સામે થવાની વાત તો બાજુએ રહી, પણ રાજના ગામડાના એક પસાયતા સામે ચૂં કે ચાં ન કરી શકે. આવી વિષમ પરિસ્થિતિમાં રાજકીય વિચારો વ્યક્ત કરવા, સત્તા અને સરઘસ કાઢવાની તો વાત જ ક્યાંથી થાય ? 'સૌરાષ્ટ્ર' પત્રે નોંધ્યું છે કે તે વખતે મોરબી રાજ્યમાં છાપેલું હેન્ડબિલ વહેચવું હોય તો પણ પોલીસની રજા લેવી પડતી. એવો એ જમાનો હતો.

આ કાઠિયાવાડને ફૂલચંદભાઈએ જગાડ્યું. આ રાષ્ટ્રીયશાળાના મકાનમાં જ કાઠિયાવાડ રાષ્ટ્રીય પરિષદનું મુખ્ય કાર્યાલય હતું. ફૂલચંદભાઈ તેના મંત્રી હતા. આ ઉપરાંત તેમણે કાઠિયાવાડ સત્યાગ્રહ દળની રચના કરી. તેમાં ભાવનાશાળી યુવાનોની ભરતી કરી, તેઓ જ્યાં જ્યાં ત્રાસ હોય, અન્યાય હોય, જ્યાં સત્યાગ્રહ કરવાની જરૂર હોય ત્યાં આ યુવાનોની ટુકડી પહોંચી જતી. આ કારણે વઢવાણ રાષ્ટ્રીયશાળા સત્યાગ્રહીઓનું મુખ્ય કેન્દ્ર બન્યું. અહીં ટુકડીઓની રચના થતી અને ક્રમવાર સત્યાગ્રહ માટે તેમને મોકલવામાં આવતી. કાઠિયાવાડના સમાજ-સેવકોનું આ મિલન સ્થાન હતું.

ફૂલચંદભાઈ એટલે સાચનું સ્વરૂપ. અન્યાય સામે પ્રતિકારનું પ્રતીક. ભલભલા મોટા ચમરબંધીને પણ પોતાને જે લાગે તે મોઢામોઢ કહી દેનારા હતા. એમ પણ કહેવાય છે કે ફૂલચંદભાઈ આખાબોલા હતા. જે કાંઈ કહેવું હોય કે સ્પષ્ટ કહી દે. ઢેબરભાઈ સાથે એક પ્રસંગે વાત કરતાં એમણે કહ્યું હતું કે, ''અમે તો રહ્યા ઝાલાવાડી. અમને તમારી જેમ ગોળ ગોળ વકીલની ભાષામાં વાત કરતા ન આવડે. અમે તો તડ ને ફડ કરનારા''.

ફૂલચંદભાઈ યુદ્ધકવિ હતા. એમણે ગુજરાતને અનેક યુદ્ધગીતો આપ્યાં છે. આ ગીતો તો મેદાની ગીતો છે. એક જણ બુલંદ સ્વરે તે ગવરાવે, અને બીજાઓ તેને ઝીલે - એ લોકનાદમાંથી એક અદ્દભુત માહોલ ઊભો થતો. શૂરવીરોને પોરસ ચડતો, નાસી જનારા રોકાઈ જતાં, ભાંગી પડેલાં હૈયાંને આ ગીતો નવું બળ આપતાં. આ ગીતોએ તો અનેક રજવાડાની ઊંઘ હરામ કરી નાખી હતી.

અવારનવારના કારાવાસે ફૂલચંદભાઈના શરીરને ક્ષીણ કરી નાખ્યું હતું. આમેય તેમનું શરીર એકવડું હતું. ટૂંકી જિંદગીમાં તેમણે અનેક અડચણો સહન કરી હતી. દેશી રાજ્યોના સત્યાગ્રહોમાં ભાગ લીધો હતો, એટલું જ નહીં, પણ બ્રિટિશ હિંદમાં પણ નાગપુર ઝંડા સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ, વિરમગામ સત્યાગ્રહ, સવિનય કાનૂનભંગ લડતમાં

ભાગ લીધો હતો અને કારાવાસ ભોગવ્યો હતો. વિસાપુર જેલ તે જમાનામાં પંકાયેલી હતી. આ જેલ નિવાસે ફૂલચંદભાઈની કથળેલી તબિયતમાં વધારો કર્યો. અને એક વખત ગાડી પાટેથી ઊતરી તે પાછી ફરી પાટે ન ચડી. ૧૯૩૯માં રાજકોટ સત્યાગ્રહ વખતે ફૂલચંદભાઈની તબિયત ખૂબ જ નાજુક હતી. અને છતાં લડતમાં ભાગ લેવા તે રાજકોટ ગયા હતા. પરંતુ ત્યારબાદ તો દિન - પ્રતિ - દિન સ્વાસ્થ્ય કથળતું રહ્યું. મૃત્યુ સામે જાણે કે તેમણે બાથ ભીડી હતી. મૃત્યુના થોડા દિવસ પહેલાં મેઘાણીજીએ પ્રથમ પથારીમાં સુતેલા ફૂલચંદભાઈની તસ્વીર 'ફૂલછાબ' સાપ્તાહિકમાં પ્રસિદ્ધ કરી હતી અને તેની નીચે ભોગાવાના એ તપસ્વીનું દીર્ઘકાવ્ય પ્રસિદ્ધ કર્યું હતું.

આ કાવ્ય ખરેખર અદ્‌ભુત છે. કાવ્યનાં ઉત્તમ લક્ષણો માંહેનું પણ તે એક ગણી શકાય તેવું છે. કાવ્ય મોટું હોવાથી તેની થોડી પંક્તિઓ જ જોઈએ :

**ભોગાવાની રેતના હે તપસ્વી !**
**વીરા ! આ છબીને મથાળે**
**માંડેલા છે શબ્દો કે 'મોત સાથે**
**તું ખેડે છે જીવવાનું ધીંગાણું !'**
**જૂઠું ! જૂઠું ! હું કદાપિ ન માનું,**
**એવા જુદ્ધે નો'ય ટંકાર તારાં**
**આયુધોના : તું સિપાહી અનોખો ;**
**સંકેલ્યા તેં ક્યારના સૈન્યવેશ**
**ને આ જૂની ગોદડી જિંદગીની,**
**ગંધાતી ને ત્રાગે- ત્રાગે જળેલી,**
**એ ને કાજે વિક્રમે કાગ ખાધો !**
**તારા એવા નો'ય કંગાલવેડા**
**ને મૃત્યુની એવડી શી મજાલ,**
**કે તું જેવા વીર શું બાથ ભીડે !**
**મૃત્યુ તો છે ગીધડાનું કુટુંબી,**
**લોચા તોડે ફક્ત એ તો શબોના**
**ભોગાવાની રેતના હે તપસ્વી !**
**રા'ની રાણી દેવડીની ચિતાને**
**બેઠો છે તું તાપતો હે જતિ શા !**
**વર્ષોથી ? ના, ના, યુગોથી અકેલો.**

તા. ૩૦-૦૮-૧૯૪૧ ના રોજ કાઠિયાવાડના ઘડવૈયાએ, અજેય સત્યાગ્રહીએ ચિરવિદાય લીધી. ફૂલચંદભાઈ અને તેમના સાથીદાર શિવાનંદજીએ સ્થાપેલી રાષ્ટ્રીયશાળા-ઘરશાળાના પટાંગણમાં તેમની સમાધિ છે. વિદ્યાર્થીઓ અને આગંતુકો આજે ઘરશાળામાં દાખલ થતાં જ સમાધિની પરિક્રમા કરીને વંદના કરી શ્રદ્ધાંજલિ આપે છે.

ગાંધીજીએ લખ્યું : "આપણે એક સૌથી બહાદુર અને ઉત્તમ કાર્યકર્તા ગુમાવ્યો છે. જો કે, તે યુવાન હતો, પણ તેણે મરી જાણ્યું.

કાકાસાહેબ કાલેલકરે તેમને અંજલિ આપી : "આદર્શ શિક્ષક, આદર્શ સૈનિક, આદર્શ સત્યાગ્રહી, યુદ્ધમાં જનતાના શાયર અને આદર્શ પરિણીત બ્રહ્મચારી."

આટલી - આટલી વિવિધ વિભૂતિઓથી ફૂલચંદભાઈનું જીવન શોભતું હતું તો તેમનાં સત્યાગ્રહી પત્ની શારદાબહેનનું જીવન દેશભક્તિથી ઓપતું હતું.

આઝાદીના સંગ્રામમાં ઘણીયે વાર એવું બન્યું છે કે પિતા-પુત્ર સાથે જેલમાં ગયા હોય, પતિ-પત્ની સાથે સત્યાગ્રહમાં જોડાયાં હોય એવું પણ જોવા મળ્યું છે; પરંતુ પુત્ર-પુત્રવધૂ અને સાસુ સત્યાગ્રહ કરીને એક સાથે સત્યાગ્રહમાં જોડાયાં હોય તેવા દાખલા જવલ્લે જ જોવા મળે છે. ધ્રાંગધ્રા રાજની સામેના સત્યાગ્રહમાં ફૂલચંદભાઈ, તેમનાં માતુશ્રી અમરતબહેન અને ફૂલચંદભાઈનાં પત્ની શારદાબહેને ભાગ લીધો હતો અને જેલનિવાસ ભોગવ્યો હતો.

**આઝાદીના સંગ્રામમાં ઘણીયે વાર એવું બન્યું છે કે પિતા-પુત્ર સાથે જેલમાં ગયા હોય, પતિ-પત્ની સાથે સત્યાગ્રહમાં જોડાયાં હોય એવું પણ જોવા મળ્યું છે**

કાઠિયાવાડના ઘડવૈયા ફૂલચંદભાઈએ પોતાની ડાયરીમાં નોંધ્યું છે કે :

"અનેક પવિત્ર બલિદાનોમાં મારાં પૂજ્ય માતુશ્રીનો કારાવાસ એ સૌથી પવિત્ર બલિદાન ગણાય. જેલની ઓરડીને એમણે ઉપાશ્રયરૂપ બનાવી મૂકી. એક મહિનો આશ્ચર્યકારક શાંતિ અને ધીરજથી પસાર કર્યો."

જે જમાનામાં જેલમાં જવું એ નીચાજોણું ગણાતું. કાઠિયાવાડમાં બહેનો બજારમાં નીકળે ત્યારે છાતીસમાણો ઘૂમટો કાઢીને નીકળતી. ઘરની બહાર તો કોક કોક જ ડોશી-ડગરાં જ નીકળે, વહુઆરુઓને તેમનું ઘર એ જ એમની દુનિયા. એ જમાનામાં ગાંધીના ભારતમાં આગમન પછી સમાજમાં ચેતના આવી. બહેનોએ પ્રભાતફેરી, વિદેશી કાપડની દુકાનો ઉપર પિકેટિંગ અને સત્યાગ્રહોમાં ભાગ લીધો. માથાં ફોડાવ્યાં. આવાં એક સત્યાગ્રહી મહિલા હતાં ફૂલચંદભાઈનાં માતુશ્રી. ૭૫ વર્ષની જૈફ ઉંમર, અભણ. એમણે ધ્રાંગધ્રા જેવા કરડા રજવાડા સામેની લડતમાં ભાગ લીધો અને જેલનિવાસ ભોગવ્યો. કાઠિયાવાડના રાજકીય ઇતિહાસમાં આટલી જૈફ ઉંમરે સત્યાગ્રહમાં ભાગ લેનારાં તે એકમાત્ર મહિલા હતાં.

એવાં જ મહિલા સત્યાગ્રહી હતાં ફૂલચંદભાઈનાં ધર્મપત્ની શારદાબહેન. જેમણે સ્ત્રી જાગૃતિની મિશાલ રચી

દીધી હતી.

શારદાબહેનની જીવન નોંધ ફૂલચંદભાઈએ લખી છે તેના આધારે જ શારદા બહેનનું જીવન-દર્શન થાય છે. :

"શારદાબહેનના લગ્ન મારી સાથે સવંત ૧૯૮માં થયાં હતાં. એમની ઉંમર ૧૪ કે ૧૫ વર્ષની હશે. ત્રણ વર્ષ અગાઉ સગપણ થયેલું. લગ્ન થયા સુધીમાં એકબીજાની યોગ્યતાની સમજ અમને નહોતી. અમે મળ્યાં પણ નહોતાં. વિવાહિત જવાબદારીનો મને પોતાને પણ બહુ જ ઓછો ખ્યાલ હતો. અમે પરણ્યાં નહોતાં પણ અમને પરણાવ્યાં હતાં.

પિતાની એકની એક પુત્રી હોવાના કારણે પિતાને ઘેર શારદાદેવી સંપૂર્ણ સુખી હતાં. એમનો પડ્યો બોલ ઝીલાતો અને મા-બાપને દીકરા કરતાં દીકરી પ્રત્યે મમતા હતી. માતા-પિતા પાસેથી શુભ સંસ્કારોનો વારસો મળ્યો. મોટાભાઈ (પોપટભાઈ) સમય જતાં સંત ગણાયા. તેમની પાસેથી પણ શારદાદેવીને સાત્ત્વિક ગુણોની પ્રાપ્તિ થઈ. પોતે ત્રણ ગુજરાતી ભણ્યાં. અંગ્રેજી તો કોઈ પણ બાળા તે જમાનામાં ભણે જ નહીં, તેવી સગવડ પણ વઢવાણમાં નહોતી. વળી સમાજમાં દીકરીને અંગ્રેજી ભણાવવાની વાત તદ્દન બેહૂદી ગણાતી.

**પિતાની એકની એક પુત્રી હોવાના કારણે પિતાને ઘેર શારદાદેવી સંપૂર્ણ સુખી હતાં. એમનો પડ્યો બોલ ઝીલાતો અને મા-બાપને દીકરા કરતાં દીકરી પ્રત્યે મમતા હતી. માતા-પિતા પાસેથી શુભ સંસ્કારોનો વારસો મળ્યો**

"મારા પિતાનું અવસાન થયેલું એટલે લગ્ન વખતે ખાસ ધામધૂમ તો નહોતી જ. મારો અભ્યાસ ચાલતો અને પિતરાઈ ભાઈઓ તરફથી મને જોઈતી આર્થિક મદદ મળતી નહીં. તેથી ત્રણ-ચાર વર્ષ અમે ઠીકઠીક આર્થિક મુશ્કેલીઓ અનુભવી. મારાં માતુશ્રી, એક નાની બહેન અને શારદાદેવી ત્રણેયને તડકા - છાંયડાનો સારો એવો અનુભવ મળ્યો. બહેન નાની હતી, પણ દુઃખ સહન કરવામાં બહાદુર હતી. મોઢું જરા પણ કડવું કર્યા વગર દુઃખને સુખ માની દિવસો વિતાવતી. શારદાદેવી અને આ બહેન વચ્ચે નણંદ - ભોજાઈનો સંબંધ નહોતો. બહેને જરા પણ નણંદપણું ભોગવ્યું નહોતું. બંને સગી બહેનોની માફક રહેતાં અને વૃદ્ધ માતુશ્રીની સેવા કરતાં. માતુશ્રીએ પણ સાસુપણું બતાવ્યું નહોતું, પણ શારદાદેવીને દીકરી માફક ગણીને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું હતું. હું કૉલેજમાં ભણતો એટલે રજાઓના દિવસોમાં વઢવાણ આવતો ત્યારે શારદાદેવીને મળી શકતો. વઢવાણમાં લાજ - મર્યાદાનો રિવાજ અતિ સખ્ત હોવાને કારણે અમે દિવસે તો ભાગ્યે જ મળી શકતાં. રાત્રે સારાં પુસ્તકોમાંથી વાંચનનો કાર્યક્રમ ગોઠવાતો, અને પાર પડતો, પરંતુ શારદાદેવી તો મોટેથી બોલવાની હિંમત જ ન કરી શકે. કારણ તેમ જો કરે તો પડોશીઓ બુમરાણ મચાવી મૂકે.

"અભ્યાસ થઈ રહ્યા બાદ વઢવાણ હાઈસ્કૂલમાં મેં શિક્ષકની નોકરી સ્વીકારી. પણ નોકરી તો નછૂટકે સ્વીકારેલી, એટલે અનુકૂળતા સાંપડી કે તરત જ પૂજ્ય મહાત્માજીના આશ્રમમાં શિક્ષક તરીકે જોડાયો. ત્યાર પછી વઢવાણ આવી ખાનગી બાળશાળા શરૂ કરી અને જાહેર જીવનમાં ધીરે ધીરે ઝંપલાવ્યું. સમાજની દ્રષ્ટિએ હવે મારા વિચિત્ર અખતરાઓ શરૂ થવા લાગ્યા. બાલાશ્રમ ચલાવવું એટલે નાનાં નાનાં બાળકોને ચોવીસ કલાક અમારી સાથે રાખવાં અને એમને સંસ્કારી બનાવવાં. આ હેતુ પાર પાડવા સારુ ગામમાં રહેવાનું માંડી વાળવું જોઈએ અને મેં તેમ કર્યું. ભાઈ શિવાનંદજી મારી સાથે હતા. મારા બહાર રહેવાથી શારદાદેવીને માઠું લાગ્યું. કોઈ કોઈ વેળા આંખમાંથી ગંગા - જમના વહાવ્યાં, પરંતુ હૃદય વજ્ર જેવું કઠણ રાખ્યું અને વહેલાં મોડાં શારદાદેવી મારી સાથે જોડાશે એ વાતની મને ખાતરી હતી, એટલે ખાસ ચિંતા રાખી નહીં. શારદાદેવીની સ્થિતિ તો સૂડી વચ્ચે સોપારી જેવી હતી. બૈરાંઓ એમને કહેતાં 'પુરુષો તો આપણે નચાવીએ તેમ નાચે! પુરુષોની શી તાકાત છે કે આપણી મરજી વિરુદ્ધ એક પણ કામ કરી શકે. એ પુરુષોને તાબે ન રાખીએ તો જિંદગી ધૂળમાં મળી જાય. માટે તમારા ધણી ભલે ગામ બહાર રહે, અને હાથે રોટલા શેકી ખાય, તથા પાણી-દરણાનાં કામ ભલે કરે - તમારે તો તેની સાથે ન જ જવું. કાયર થઈને એની મેળે ઘેર જમવા ને સૂવા આવશે.'

"સ્ત્રીસમાજના આવા વિચારો હતા. તેની સામે થઈને મારી સાથે યા-હોમ કરીને ઝંપલાવવાની શક્તિ શારદાદેવીમાં તુરંત તો ન આવી પણ પોતાના પતિ કષ્ટ ઉઠાવે અને પોતે તેમાં કશી જ મદદ ન કરી શકે એ વસ્તુ કેટલી દર્દભરી છે તે તો હિન્દી પત્ની જ જાણી શકે. મારી પ્રવૃત્તિ પરોપકાર અર્થે છે. નિર્મળ છે અને નિર્દોષ છે. એ વિશે શારદાદેવીને શ્રદ્ધા હતી, પણ નીડર બનીને ઝંપલાવવા અશક્ત હતાં. છતાં કોઈ વાર અમારા આશ્રમે આવી જતાં. કાચા - પાકા ભાખરા જોઈને દુઃખી થતાં અને સારી રસોઈ પકવી દેતાં.

આખરે નિર્ણય કરવાની પળ આવી પહોંચી. શારદાદેવીએ મને સાથ આપવાનો ઠરાવ કર્યો. એમણે ગામ બહાર મારી સાથે રહેવાનું પસંદ કર્યું. લક્ષ્મીની તૃષ્ણા એમને નહોતી, એટલે હું મોટો પગાર લાવું અથવા ધમધોકાર વેપાર ચલાવી હજારો રૂપિયાની કમાણી કરું એવી એમણે કદી ઈચ્છા રાખી નહોતી. સાદું અને પારમાર્થિક જીવન ગાળવાના મોટા પવિત્ર નિર્ણયમાં એમણે કદી અંતરાય નાખ્યાનું મારા સ્મરણમાં નથી.

"ઘૂમટાનો રિવાજ શારદાદેવીને પસંદ નહોતો. એટલે નિર્ણય કરીને એ નકામા, નુકસાનકારક રિવાજને એમણે તિલાંજલિ આપી. એક વખત અમારા કુટુંબના એક વડીલે શારદાદેવીને ખુલ્લે મોં એ જોયાં, એટલે એમનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો અને આંકરા શબ્દો ઉચ્ચાર્યા. શારદાદેવી પણ ગાંજ્યાં જાય તેવાં નહોતાં. મારા તરફથી એમને બને તેટલું ઉત્તેજન મળતું એટલે અંતે ટીકાકારો થાક્યા, અને શારદાદેવી જીત્યાં.

"ઘરેણાંનો શારદાદેવીને ખાસ શોખ નહોતો. હું તો સોનીની દુકાને જવાની જ ના પાડતો એટલે એમના પિતાજી પોતાની હયાતી દરમિયાન ભાંગ્યા - તૂટ્યાની સગવડ કરી આપતા. ઉત્તરોત્તર શારદાદેવીએ ઘરેણાંની માયા મૂકવા માંડી. ખાદી અને સ્વદેશીની હિલચાલને એમણે વધાવી લીધી. જાડી અને ખરબચડી ખાદીને ધર્મભાવે ધારણ કરી, ખાદીનું વ્રત અખંડ પાળ્યું. રેંટિયો ચલાવવાનું એમણે શરૂ કર્યું."

ફૂલચંદભાઈનાં બધાં જ કાર્યોમાં શારદાબહેને ટેકો આપ્યો. એટલું જ નહીં, પણ તેમાં જોડાયાં. ૧૯૨૧ની સાલમાં મહાત્માજીનો મંત્ર ગામડે ગામડે પહોંચાડવામાં તેમણે સક્રિય સાથ આપ્યો. એ દિવસોમાં લાજ કાઢ્યા વિના સેંકડો બહેનો મધ્યચોકમાં આવીને દેશભક્તિનો રાસ લેતી.

વઢવાણમાં એ જમાનામાં આભડછેટનું ભારે જોર. તેમાંય બ્રાહ્મણ-વાણિયામાં તો વિશેષ. ફૂલચંદભાઈ અને રાષ્ટ્રીયશાળાને આ કારણે સમાજે તે બંનેને ખૂબ ખૂબ હેરાન કર્યા, છતાં શારદાબહેને ખૂબ હિંમત બતાવી. દલિતોના રસોડામાં જવું, એમની રસોઈ બનાવી આપવી વગેરે કાર્યો કર્યા.

ફૂલચંદભાઈ જ્યારે કાઠિયાવાડની મુલાકાતે નીકળતા ત્યારે શારદાબહેન હંમેશાં તેમની સાથે હોય. ૧૯૨૮ની બારડોલીની લડત આવી અને બંને તે લડતમાં જોડાયાં. કાઠિયાવાડના તમામ સત્યાગ્રહો-ખાખરેચી, મોરબી, ધ્રોલ અને ધ્રાંગધ્રામાં તેમણે સક્રિય કામગીરી બજાવી. કેટલીકવાર તો રજવાડા તેમને ખટારીમાં બેસાડી રાજની હદ બહાર છોડી આવતા. આવા લહાવા પણ તેમણે લીધા હતા.

એ વખતના કાઠિયાવાડમાં બહેનોમાં જાગૃતિ લાવવાનો યશ શારદાબહેનને જાય છે.

ફૂલચંદભાઈએ એમની જીવનનોંધમાં લખ્યું છે :

"લાખો હિંદુ પત્નીઓ પોતાના પતિ જે શુભ પ્રવૃત્તિ આદરે તેમાં સહાયભૂત થવું એને પોતાનો સહજ ધર્મ સમજે છે. તે મુજબ શારદાદેવીએ પણ મારી પ્રવૃત્તિને વધાવી લીધી અને દેશસેવા કે સમાજસેવા મારાથી થઈ શકે છે તેમાં શારદાદેવી તરફથી હરહંમેશ મદદ મળી છે જ. અને તેથી જાહેર પ્રવૃત્તિનું મારું ગાડું અતિ ચાલ્યું છે."

શારદાબહેનની એ જમાનામાં ઘૂમટો અને લાજનો ત્યાગ કરવાની હિંમત આજે કોઈ ભલે ન બિરદાવે, પણ એ જમાનામાં તો એ ક્રાંતિકારી પગલું હતું. પતિ - પત્ની સાથોસાથ જાહેર કામમાં સાથ આપે એ આજે સ્વાભાવિક લાગે છે, પણ તે જમાનામાં જાહેર પ્રવૃત્તિમાં પત્નીએ પતિને સાથ આપવાનું આકરું હતું. અને તેમાંય સત્યાગ્રહ કરીને જેલમાં જવાનું તો અતિ કઠણ હતું. શારદાબહેને ઝાલાવાડમાં સ્ત્રી જાગૃતિનું કામ કરીને મહત્ત્વનું પ્રદાન કર્યું. આજે શારદાબહેન હયાત નથી પરંતુ તેમણે પાડેલો ચીલો બહેનો માટે આજે ધોરીમાર્ગ બન્યો છે.

ભારતની આઝાદીના અમૃત પર્વ પ્રસંગે ઝાલાવાડની ભોગાવાની રેતની આ તપસ્વી સ્વાતંત્ર્ય સેનાની બેલડીને લાખો સલામ.

મેઘાણીજીની કડી યાદ આવે છે...

**અગર બહેતર, ભૂલી જજો અમારી યાદ ફાની !**
**બૂરી યાદે દુભવજો ના સુખી તમ જિન્દગાની**
**કદી સ્વાધીનતા આવે, વિનંતી, ભાઈ છાની,**
**અમોને યે સ્મરી લેજો જરી પળ એક નાની.**

સંદર્ભ :
(૧) ગાંધીના ગોવાળિયા : સંપાદકો : અરવિંદ આચાર્ય - ભૂપેન્દ્ર દવે - રાજુલ દવે
(૨) સત્યાગ્રહી શહીદો : રામનારાયણ નાગરદાસ પાઠક
(૩) મુઠ્ઠી ઊંચેરી મહિલાઓ : સંપાદન : અરવિંદ આચાર્ય
(૪) ઝાલાવાડના સ્વાતંત્ર્ય સેનાનીઓ : 'જાગીર' સાપ્તાહિક વિશેષાંક : સંપાદક : ગૌરાંગ દવે

*'પૂર્વાલય' ૮, પરિમલ સોસાયટી,*
*દાળમિલ રોડ, સુરેન્દ્રનગર.*
*મો. ૯૪૨૭૬ ૮૬૦૦૬*



Directorate of Information
Gujarat

# Social Media

gujaratinformation.gujarat.gov.in

gujaratinformation.official

@infogujarat

gujarat.information

Gujarat Information

ગુજરાત

the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

# ગુજરાતી લોકગીતોઃ જ્યાં જેવું જીવાય, ત્યાં તેવું ગવાય

*- નીલેશ પંડ્યા*

ગુજરાત પાસે કેટલાં લોકગીતો હશે ? એવું કોઈ પૂછે તો એનો જવાબ એ છે કે ગુજરાતના ૧૬૦૦ કિલોમીટર લાં...બા દરિયાકાંઠે પગપાળા નીકળીએ ને લોકગીતો ગાવાનું શરૂ કરીએ તો એકેય ગીત પુનરાવર્તિત ન થાય છતાંય ન ખૂટે એટલાં લોકગીતો આપણી પાસે છે...! સેંકડો ગુજરાતી લોકગીતો ગ્રંથસ્થ અને ધ્વનિમુદ્રિત થયાં છે તો હજારો કંઠસ્થ અવસ્થામાં મળે છે. અનેકાનેક લોકગીતો એના ગાનારા કે જાણનારાની સાથે વિલુપ્ત થઈ ગયાં છે. આજે જે લોકગીતો કોઈ ને કોઈ અવસ્થામાં ઉપલબ્ધ છે એ આપણે માટે તો ગુજરાતી લોકગીતો જ છે પણ એના પર ઝીણી નજર કરીએ તો એને સૌરાષ્ટ્રનાં લોકગીતો,ઉત્તર ગુજરાતનાં લોકગીતો, દક્ષિણ ગુજરાતનાં લોકગીતો અને કચ્છનાં લોકગીતો જેવા વિભાગોમાં વહેંચી શકાય. ટૂંકમાં દરેક પ્રાંતને પોતીકાં લોકગીત છે. વળી, આદિવાસીઓનાં લોકગીતોની લિજ્જત પણ અનેરી છે પરંતુ અહીં વાત માંડવી છે જુદાજુદા વિસ્તારનાં લોકગીતોની ખાસિયતની.

**સૌરાષ્ટ્રનાં લોકગીતો બહુધા હીંચ તાલમાં સ્વરબદ્ધ થયાં છે. આ લોકગીતો આખી હીંચનાં છે. ભલે ઉલાળિયો કે ટીટોડો, દીપચંદી, માઠ, કેરવો, ખેમટો જેવા તાલમાં પણ સૌરાષ્ટ્રનાં લોકગીતો મળે જ છે પણ સોમાંથી એંસી લોકગીતો આખી હીંચમાં મળે છે**

કયું લોકગીત ક્યા વિસ્તાર, ક્યા પ્રાંતનું છે એ સમજવા એના શબ્દો, ઢાળ, તાલ, કથાવસ્તુ, બોલીની છાંટ, પ્રાદેશિકતાની અસર, લોકજીવનનો સ્પર્શ વગેરેનો અભ્યાસ કરવો પડે. ગુજરાતના જે પ્રાંત, વિસ્તારમાં જેવું જીવન જીવાતું હોય એવાં એનાં લોકગીતો હોય, મતલબ કે જે તે વિસ્તારનાં લોકજીવનનો ધબકાર એનાં લોકગીતોમાં રણકતો હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો માનવજીવનનાં આભલાં છે લોકગીતો. જે વિસ્તારની જેવી લોકસંસ્કૃતિ એવું એનું લોકસંગીત.

સૌરાષ્ટ્રનાં લોકગીતો બહુધા હીંચ તાલમાં સ્વરબદ્ધ થયાં છે. આ લોકગીતો આખી હીંચનાં છે. ભલે ઉલાળિયો કે ટીટોડો, દીપચંદી, માઠ, કેરવો, ખેમટો જેવા તાલમાં પણ સૌરાષ્ટ્રનાં લોકગીતો મળે જ છે પણ સોમાંથી એંસી લોકગીતો આખી હીંચમાં મળે છે. આખી હીંચ એટલે નહિ ઉતાવળ કે નહિ સાવ નિરાંત, પણ માધ્યમ ચાલ કે ગતિ. સૌરાષ્ટ્રનું લોકજીવન મધ્યમ ગતિએ ચાલતું રહ્યું છે. લોકોની બોલવાની છટા મધ્યમ છે, સામેવાળા આરામથી સમજી શકે, કાન ન માંડવો પડે એ ઢબે સૌરાષ્ટ્રના લોકો પ્રત્યાયન કરે છે આ કારણ છે સૌરાષ્ટ્રનાં લોકગીતોમાં આખી હીંચના કમ્પોઝિશનનું. જેમકે-

**ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ ! ચાંદો ઊગ્યો ચોકમાં**
**હે લેરીડા ! હરણ્યું આથમી રે હાલાર શે'રમાં અરજણિયા !**
**ઝાંપે તારી ઝૂંપડી ઘાયલ ઝાંપે તારી ઝૂંપડી**
**હે લેરીડા ! આવતાં જાતાંનો નેડો લાગ્યો અરજણિયા !**

૦ ૦ ૦

**મારી શેરીએથી કાન કુંવર આવતા રે લોલ**
**મુખેથી મોરલી વગાડતા રે લોલ**
**હું તો ઝબકીને જોવા નીસરી રે લોલ**
**ઓઢ્યાનાં અંબર વીસરી રે લોલ**

૦ ૦ ૦

**મેંદી તે વાવી માળવે,**
**એનો રંગ ગિયો ગુજરાત રે**
**મેંદી રંગ લાગ્યો રે.**
**નાનો દેરીડો લાડકો**
**કંઈ લાવ્યો મેંદીનો છોડ રે**
**મેંદી રંગ લાગ્યો.**

૦ ૦ ૦

**કાંગ ખેતર ગ્યાં'તાં રે ગોરી કાંગ લ્યો**
**ઊભાં ઊભાં કાંગ લ્યો**
**બેઠાં બેઠાં કાંગ લ્યો**
**કાંગ ખેતર ગ્યાં'તાં રે ગોરી કાંગ લ્યો**

આવાં અસંખ્ય લોકગીતોના દાખલા આપી શકાય, જે આખી હીચનાં અને સૌરાષ્ટ્રનાં લોકગીતો હોય.

હવે જઈએ દક્ષિણ ગુજરાતમાં,તો ત્યાં સૌરાષ્ટ્રને મહદંશે મળતું આવે એવું લોકજીવન છે એટલે દક્ષિણ ગુજરાતનાં લોકગીતો મોટેભાગે સૌરાષ્ટ્રની જેમ આખી હીંચનાં છે, છતાં પ્રાદેશિકતા અને બોલીની અસરને કારણે તેને સૌરાષ્ટ્રનાં લોકગીતોથી જુદાં પાડી શકાય છે, જેમકે-

**સાકરિયા શેરડી વાવી મથુરિયે,**
**સાકરિયા શેરડી વાવી રે લોલ.**
**વાઢી વાઢીને ભારા બાંધ્યા મથુરિયે**
**વાઢી વાઢીને ભારા બાંધ્યા રે લોલ.**
**મુંબઈ વેચવા હાલ્યો મથુરિયો**
**મુંબઈ વેચવા હાલ્યો રે લોલ.**
**સૈકુ રૂપિયા લાવ્યો મથુરિયો,**
**સૈકુ રૂપિયા લાવ્યો રે લોલ.**
**નવી સાટું કડલાં લાવ્યો મથુરિયો**
**નવી સાટું કડલાં લાવ્યો રે લોલ.**

**જૂની રિસાઈને હાલી મથુરિયાની,**
**જૂની રિસાઈને હાલી રે લોલ.**

દક્ષિણ ગુજરાતમાં શેરડીનું વાવેતર પુષ્કળ પ્રમાણમાં થાય છે. સૌરાષ્ટ્રમાં પણ શેરડી વવાય છે પરંતુ સૌરાષ્ટ્રના કોઈ ગામથી મુંબઈ શેરડી વેચવા કોણ જાય? લગભગ અશક્ય. દક્ષિણ ગુજરાતનાં ભરૂચ, સુરત, નવસારી, વાપી, બીલીમોરા, રાજપીપળા, સોનગઢ, જંબુસર, વ્યારા પંથકમાં શેરડી ખૂબ વવાય અને મહારાષ્ટ્ર નજીક થતું હોવાથી ખેડૂતો મુંબઈ વેંચવા જાય એ વાત ગળે ઊતરે એવી છે એટલે ત્યાંનાં લોકગીતમાં શેરડીનું વાવેતર અને મુંબઈ જઈને થતા વેચાણનો ઉલ્લેખ આવે છે.

સાકર જેવી મધુરી શેરડી વેચવા ગયેલા કોઈ મથુરને નાયક બનાવીને લોકગીત રચી દેવાયું.આમ તો આ હળવી શૈલીનું લોકગીત છે. મથુરે શેરડી વેંચીને કમાયેલાં નાણાંમાંથી નવી પત્ની માટે આભૂષણો ખરીદ્યાં પણ એની જૂની જોરુ રિસાઈને ચાલી ગઈ...!

દક્ષિણ ગુજરાતમાં લાવણી પ્રકારનાં લોકગીતો પણ ગવાય છે. લાવણી મહારાષ્ટ્રની ઓળખ છે, ત્યાંનું લોકસંગીત છે પણ મહારાષ્ટ્ર સરહદનાં દક્ષિણ ગુજરાતનાં ગામો-શહેરોમાં લાવણીગીતો ગવાય છે. એ આપણા દુહા જેવા બંધારણનાં પણ ત્યાંની લોકબોલીમાં ઝબોળેલાં હોય છે.

**દૂધે ભરી તલાવડી રે**
**કંઈ માખણે બાંધી પાળ**
**ધોબી ધૂએ કંઈ ધોતિયાં**
**ને ઝંઝારિયો ઝમકાર.**

૦ ૦ ૦

**પતરી પોરી તો પતિયાં પારે**
**ને અંબોડામાં આંટી**
**ચાંદા સૂરજ સામે ઊભી રાખે**
**એમાં કિયો શોભે તારો માટી?**



દક્ષિણ ગુજરાતનાં લોકગીતો સૌરાષ્ટ્રનાં લોકગીતોનાં સહોદર લાગે, પણ દૂરબીન માંડીએ તો વાન થોડો અલગ પડે છે, કેમકે જેમ બન્ને પ્રાંતને પોતપોતાની તાસીર છે એમ બન્ને પ્રાંતનાં લોકગીતોની પણ ખુદની ઓળખ છે.

હાલો હવે ઉત્તર ગુજરાતમાં મહાલીએ... સૌથી પહેલાં તો લ્હેકાથી જ ખબર પડી જાય કે આ લોકગીત ઉત્તર ગુજરાતનું છે. હે... એ..., હોવા... હોવા..., હોવે... હોવે... લ્યા... જેવા બોલીના દ્વિરુક્ત પ્રયોગો ઉત્તર ગુજરાતી લોકગીતોને સોડમયુક્ત બનાવે છે.વળી અલ્યા, ભ'ઈ, એ ઉપરાંત 'મા' બદલે 'મોં', 'મામા'ને 'મોમા', 'ગામ'ને 'ગોમ' જેવી બોલીની ખાસિયત આ ગીતો પર 'ઉત્તર ગુજરાત'નો થપ્પો મારે છે. આ રહ્યા દાખલા-

**હે...યે...કૃષ્ણ ભગવાન હાલ્યા દુવારકે**
**ને કંઈ લીધો રે મણિયારાવારો વેશ.**
**કે હોવા હોવા,લીધો મણિયારાવારો વેશ**
**લ્યા હું તો તન વારું લ્યા જી હો મણિયારા.**

૦ ૦ ૦

**રામ લેલું પેળું પોંજરું ઘડાવો**
**કે પોંજરામાં પોપટ બોલે.**
**હે તમે એવાં એવાં કડલાં લઈ આલો**
**કે પોંજરામાં પોપટ બોલે.**

**ઉત્તર ગુજરાતનાં લોકગીતોને જુદાં પાડતું વધુ એક તત્ત્વ છે રાજસ્થાની સંસ્કૃતિ અને ત્યાંનાં લોકગીતોની ઘેરી અસર. સૌરાષ્ટ્રમાં હોળીના દિવસોમાં છાને ખૂણે ગવાતાં 'ફાગ' જેવાં ગીતો ઉત્તર ગુજરાતમાં જાહેરમાં ગાઈ શકાય છે, ગવાય છે**

ગુજરાતના અન્ય પ્રાંતથી ઉત્તર ગુજરાતનાં લોકગીતોને જુદાં પાડતું વધુ એક તત્ત્વ છે રાજસ્થાની સંસ્કૃતિ અને ત્યાંનાં લોકગીતોની ઘેરી અસર. સૌરાષ્ટ્રમાં હોળીના દિવસોમાં છાને ખૂણે ગવાતાં 'ફાગ' જેવાં ગીતો ઉત્તર ગુજરાતમાં જાહેરમાં ગાઈ શકાય છે, ગવાય છે. ઉત્તર ગુજરાત રાજસ્થાન સરહદની લગોલગ છે એટલે અરસપરસની સંસ્કૃતિ એકમેકમાં ઘોળાઈ ગઈ હોય એ સ્વાભાવિક છે એથી ઉત્તર ગુજરાતનાં અનેક લોકગીતોમાં રાજસ્થાની દ્વિઅર્થીપણાનો વઘાર થયો હોય એવું લાગે છે...

**અલ્યા પોપટ જોણીને મેં પોંજરું ઘડાયું લ્યા સૂડલા !**
**એ સૂડલા,સૂડલા તારી બોલી મને મેઠી મેઠી લાગે.**
**કડલાં પે'રું ત્યોં રોયો વાંહે વાંહે આવે**
**પીટ્યો નેણલાં નચાવે લ્યા સૂડલા !**
**સૂડલા તારી બોલી મને બહુ મેઠી લાગે.**

૦ ૦ ૦

**અલ્યા એ... શેલ દરવાજે ઢોલચી વાગે**
**વાગે ગજરાળો ઢોલ નાચણિયું નાચતું નથી રે.**
**અલ્યા એ...પે'રી ઓઢીને હાહરેરે ચાલ્યાં**
**માથે અંધારી રાત ચોંદલિયો ઊગતો નથી રે.**

આ લોકગીતના આગળના અંતરા જાહેરમાં ગાવા જોખમી બની રહે એવા છે. ભલે સૌરાષ્ટ્રનાં લોકગીતોમાં

પણ સંસ્કૃત નાટ્યશાસ્ત્રના નવેય રસ ઘોળાયેલા છે, પણ ત્યાં 'સ્યુગરકોટેડ ક્વિનાઈન'ની જેમ મીઠી છાલ તળે કડવું ફળ ખવડાવી દેવાય છે ને ખાનારને ખબર પણ પડતી નથી.દેશી બોલીમાં કહીએ તો 'કોથળામાં પાંશેરી' મારી દેવાય છે પણ ઉત્તર ગુજરાતમાં 'પાંશેરી'નો છુટ્ટો ઘા કરવામાં આવે છે એટલે ઘણાને 'વાગે' છે...!

કચ્છનાં લોકગીતો કચ્છી બોલી જાણનારને જ સમજાય છે, કેમકે એ કચ્છીમાં હોય છે એટલે એનો વ્યાપ અને ચાહકવર્ગ મર્યાદિત રહ્યાં છે.બધા ગુજરાતીઓ કચ્છી બોલી સમજતા નથી.જો કે કેટલાંય કચ્છી લોકગીતોમાં માત્ર અમુક કચ્છી શબ્દોનો તડકો હોય છે એટલે એ સમજી શકાય એવાં હોય છે, જેમકે-

**નગરબજારજા માડુ ધુતારા મોકે**
**મોએ ચડી મેણલાં બોલે સુમાર**
**આંઉં રે હલીશ ભેણ નગરબજાર.**
**પગ કેરાં કડલાં લઈ ગ્યો વિઠ્ઠલો ને**
**પગે હું અડવી થઈ રે સુમાર**
**આંઉ રે હલીશ ભેણ નગરબજાર.**

આ લોકગીત સમજવામાં બહુ વાંધો નથી આવતો, એક તો એમાં કોઈક શબ્દ જ કચ્છી બોલીનો છે ને બીજું, આવું જ એક પ્રચલિત લોકગીત સૌરાષ્ટ્રમાં ગવાય છે-

**ભલા ભાણેજડા સરોવર જાઉં ત્યાં ઢોલે રમું**
**પગ કેરાં કડલાં લઈ ગ્યો વિઠ્ઠલો ને**
**પગે હું અડવી થઈ રે ભાણેજ**
**સરોવર જાઉં ત્યાં ઢોલે રમું.**

ooo

**લંબે લંબે ઘૂંઘટે મૈયારણ કેર અચી રે,**
**એંજો ચોટલો કાળો નાગ, મોકે મોયની લગી રે.**
**એંજે હાથ જેડા ચૂડા મોકે હથમેં ખપે રે,**
**મથ્થે મોતીજો શણગાર મોકે મોયની લગી રે.**
**એંજે પગ જેડા ઝાંઝર મોકે પગમેં ખપે રે,**
**મથ્થે ઘૂઘરીજો શણગાર મોકે મોયની લગી રે.**

આ કચ્છનું ખૂબ લોકપ્રિય લોકગીત છે પણ કચ્છી બોલી ન સમજનારને આમાં ઝાઝો ટપ્પો પડે એવું નથી. કેર અચી, એંજો, મોકે, જેડા, ખપે, મથ્થે-આવા કચ્છી શબ્દોનું ગુજરાતી કરવું પડે નહીંતર લોકગીતનો સ્વાદ ન આવે.

કચ્છે ગુજરાતી લોકસંગીતની બહુમૂલ્ય સેવા કરી છે 'મણિયારો' ભેટ ધરીને. મણિયારો એટલે અતિ વિલંબિત હીંચ.મણિયારો સાંભળવો ખૂબ ગમે પણ ગાવો એટલો જ અઘરો છે, કારણ કે ખૂબ વિલંબિત હોવાને લીધે ગાયકની બરાબર કસોટી થાય છે.આ રહ્યા કેટલાક જાણીતા મણિયારા-

**તારા દેશમાં આંબા આંબલી રે વણજારા વાલ્યમ લોલ**
**મારા દેશમાં ધોળી ધ્રાખ છે રે નાનકડા નાયક લોલ.**
**તારે ખાવા ઘઉં બાજરો રે વણજારા વાલ્યમ લોલ,**
**મારે ખાવા ટાઢા ટુકડા રે નાનકડા નાયક લોલ.**

ooo

**હાલોને હાલ્યા જાઈ ઢોલાજી મારવાડાને દેશ,**
**હાલોને હાલ્યા જાઈ ઢોલાજી મારવાડાને દેશ.**
**ઉતારા દેશું ઓરડા ઢોલા મારવાડાને દેશ,**
**દેશું મેડીના મોલ ઢોલાજી મારવાડાને દેશ.**

મણિયારા અંગે ઘણીબધી લોકવાયકાઓ છે.એક વાત એવી છે કે કચ્છના વિશાળ રણપ્રદેશમાં અહીંતહીં ભટકતા વિસ્થાપિત કે વાંઢિયાર દિવસે ભારે તાપ અને બળબળતી લૂને લીધે ક્યાંક આશરો મેળવી લે પણ રાત પડતાં રેતી ઠરે, ઠંડક થાય એટલે બૈરી-છોકરાંને ઊંટ પર બેસાડી, ઘર-ખાટલો ભરીને ઊંટની દોરી પકડીને પુરૂષ ચાલતો થાય. થોડીવાર તો પરિવાર વાતો કરતો જાય પણ પછી ઉપર બેઠેલાં બધાં ઝોલે ચડી જાય ને કંટાળો ન આવે એટલે પુરુષ ગાવાનું શરૂ કરે, એને ઊંટની ચાલ અને પત્ની-બાળકીઓનાં કાંબિયું, કડલાં, બલોયાંનો તાલ મળવા લાગે.સ્વાભાવિક જ છે કે ઊંટની ચાલ ધીમી, વિલંબિત હોય એટલે આભૂષણોનો રણકાર પણ એવો જ થાય ને એ તાલે ગવાતું ગીત વિલંબિત હોય, એ જ આ મણિયારો...!

**ગુજરાતનાં લોકગીતો પણ બાર ગાઉએ જેમ બોલી બદલે છે એમ જ લોકગીતો પણ બદલી જાય છે. હવે હિસાબ માંડો કે આપણી પાસે કેવાં અને કેટલાં વૈવિધ્યપૂર્ણ લોકગાણાં છે.૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયાકિનારે ચાલતાં ચાલતાં ગમે એટલાં દિવસ ગાઓ તોય ખૂટે ખરાં?**

બીજું એ પણ ખરું કે આ કાફલાને સવાર પડે, તડકો તપે ત્યાં સુધી ચાલવાનું હોય છે એટલે લાંબા તાલનાં દસ-બાર ગીતો ગાય ત્યાં સવાર પડી જાય. જો એ સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતનાં લોકગીતો જેવાં આખી હીંચનાં કે ઉત્તર ગુજરાતનાં લોકગીતો જેવાં અડધી હીંચનાં ગીતો ઉપાડે તો સો-દોઢસો ગીતો ગાય ત્યારે માંડ સવાર પડે,,,! આટલાં ગીતો કોને આવડતાં હોય ?

જોયું ? ગુજરાતી લોકગીતોમાં કેવી વિવિધતા છતાં એકતા છે ! કહેવાય ગુજરાતનાં લોકગીતો પણ બાર ગાઉએ જેમ બોલી બદલે છે એમ જ લોકગીતો પણ બદલી જાય છે. હવે હિસાબ માંડો કે આપણી પાસે કેવાં અને કેટલાં વૈવિધ્યપૂર્ણ લોકગાણાં છે.૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયાકિનારે ચાલતાં ચાલતાં ગમે એટલાં દિવસ ગાઓ તોય ખૂટે ખરાં? ના, ગુજરાત નહિ, ચાલતાં ચાલતાં ભારતભ્રમણ કરીને આવો તોય ના ખૂટે ...!

*'વાણી', ૧, નટરાજનગર,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ (૩૬૦૦૦૫)*
*મો. ૯૪૨૬૪૮૧૩૮૭*




**માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિધ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક**

**લવાજમ : કોઇપણ કોમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે**

**રાજ્યભરમાં રોજગારવાંચ્છુઓ માટેનું વિશ્વસનીય સાપ્તાહિક**

**શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ**

**રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન.**

**વાર્ષિક લવાજમ માત્ર ₹ 30/-**

**રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર**

# "આધુનિક શ્રવણ બનીએ"

- *વાગ્મિન બૂચ*

**પ**રાપૂર્વથી ભારતીય સંસ્કૃતિમાં લાંબું.. દીર્ઘ આયુષ્ય હોવું એ મોટું સૌભાગ્ય ગણાતું આવ્યું છે. એટલે જ આશીર્વાદ પણ "આયુષ્યમાન ભવ" અપાય છે. અંગ્રેજીમાં પણ long live એવી એક શુભેચ્છા અપાય છે. અલબત્ત, ભારતીય સંસ્કૃતિ જેટલું સૌભાગ્ય કક્ષાનું મહત્ત્વ ન પણ હોઈ શકે.

લાંબું દીર્ઘ જીવન અનેક રીતે આવકારદાયક અને ઉપયોગી - વ્યક્તિગત અને સમાજને બન્નેને રહે છે અને તેથી જ એનું આટલું બધું મહાત્મ્ય થયું.

વ્યક્તિના ઘડતર અને ડહાપણમાં જીવન દરમિયાન જુદા જુદા તબક્કે અનુભવ અને જ્ઞાનનું ભાથું બંધાતું જાય અને એ પરિપક્વતાના તબક્કે પહોંચ્યા પછી જેટલું વધુ આયુષ્ય રહે એટલો એમની પરિપક્વતાનો લાભ કુટુંબ-સમાજને મળે. એમાંય થોડાં વર્ષો અગાઉના સમયમાં સંયુક્ત કુટુંબની પ્રથા ખૂબ મોટા પ્રમાણમાં હોવાને કારણે (આજે પણ એ પ્રથા ઠીક ઠીક પ્રમાણમાં છે) ત્યારે વડીલો દ્વારા તેમના જ્ઞાન અને અનુભવના આધારે જીવનના જુદા જુદા way of lifeનાં સિદ્ધાંતો- રિવાજો- પદ્ધતિઓ- વિચારસરણીઓ નિશ્ચિત કર્યાં હોય તે જ કુટુંબે સ્વીકારવાનાં રહેતાં, એટલે કુટુંબમાં વડીલોનું ખાસ્સું અધિપત્ય રહેતું. અત્યારે પણ ઘણા કુટુંબોમાં એ પ્રથા છે. અલબત્ત, તેની ટકાવારી અને ગંભીરતામાં ફેરફાર થયો હોય.

**કુટુંબ અને જ્ઞાતિ ઉપરાંત રાજકીય અને ધાર્મિક ક્ષેત્રમાં પણ ૫૦ વર્ષથી નીચેનાને ભાગ્યે જ સ્થાન મળે છે. રાજકારણમાં રાજીવ ગાંધી અપવાદ થઈ ગયા. હકીકતે ભારતીય રાજકીય ક્ષેત્રે ૬૦ વરસ ઉપરથી જ વ્યક્તિ Qualify થાય. એવી છાપ ઊપસે છે**

આવું જ કુટુંબથી બહોળાં ક્ષેત્રો, એટલે કે જ્ઞાતિ અને સામાજિક ક્ષેત્રે પણ વડીલોનું વર્ચસ્વ- વજન છે. ભારતમાં જ્ઞાતિપ્રથા અને એના રિવાજો હજુ પણ મોટા પ્રમાણમાં અમલમાં છે અને દરેક જ્ઞાતિ મહદંશે વડીલોના માર્ગદર્શન હેઠળ કાર્યરત હોય છે. આમ કુટુંબ ઉપરાંત જ્ઞાતિમંડળો અને અન્ય સામાજીક પ્રવૃતિઓમાં પણ વડીલોના અનુભવ અને જ્ઞાન અન્વયે મહદંશે કામગીરી થતી રહે છે.

કુટુંબ અને જ્ઞાતિ ઉપરાંત રાજકીય અને ધાર્મિક ક્ષેત્રમાં પણ ૫૦ વર્ષથી નીચેનાને ભાગ્યે જ સ્થાન મળે છે. રાજકારણમાં રાજીવ ગાંધી અપવાદ થઈ ગયા. હકીકતે ભારતીય રાજકીય ક્ષેત્રે ૬૦ વરસ ઉપરથી જ વ્યક્તિ Qualify થાય. એવી છાપ ઊપસે છે. ધાર્મિક ક્ષેત્રે તો કદાચ નાની ઉંમર મહદંશે સ્વીકૃત જ નથી. ઉપરાંત ધાર્મિક ક્ષેત્રે જે ઊંડાણપૂર્વકનો અભ્યાસ અને ઉચ્ચ કોટિનું જ્ઞાન-ચિંતન વગેરે આવશ્યક મનાય છે એ પણ એક ઉંમર પછી જ પ્રાપ્ત થાય, એમ ગણવામાં આવે છે.અલબત્ત સ્વામિનારાયણના એક સંપ્રદાયમાં પ્રમુખસ્વામી ખૂબ જ નાની ઉંમરે સર્વોચ્ચ સ્થાને નિમાયેલા એવા અપવાદ જૂજ હોઈ શકે.

આમ, ખાસ કરીને ભારતીય સમાજજીવનમાં કુટુંબ, જ્ઞાતિ, સામાજિક પ્રવૃત્તિ, રાજકીય ક્ષેત્ર કે ધાર્મિક ક્ષેત્રે મોટા ભાગનાં ક્ષેત્રોમાં 'વડીલતત્ત્વ'ને ખાસ આદર અપાયેલ છે અને આ વડીલો પરત્વે ખાસ આદર તરીકે દીર્ઘ અને લાંબા આયુષ્ય અંગે શુભેચ્છાઓ અપાય એ સ્વાભાવિક છે...

દરમિયાનમાં આપણે હવે સામાજિક પરિવર્તન, એટલે કે એક સંક્રાંતિકાળ તરફ ખૂબ ઝડપથી જઈ રહ્યા છીએ ત્યારે આ નવાં બદલાતાં પરિમાણો, નવા આયામો, નવી પરિસ્થિતિ, નવી ટૅક્નોલોજીની ચૅલેન્જો પરત્વે વધુ પડતા 'લાગણીશીલ' બન્યા વગર વાસ્તવલક્ષી બની વડીલોની વિવિધ જરૂરિયાત અંગે liberal વિચાર-વિમર્શ કરવો જ રહ્યો. લાગણીશીલ શબ્દ એટલે યોજ્યો કે વડીલોની પ્રશ્નો અંગેની કોઈ વાત આવે તો આપણે ખૂબ લાગણીશીલ થઇ જઈએ છીએ. પરિણામે આ અંગે વાસ્તવદર્શી અને તટસ્થભાવે વિશ્લેષણ મુશ્કેલ બને છે.

છેલ્લા થોડાક દસકાઓથી કુટુંબો નાનાં થયાં (બે જ અથવા ક્યાંક તો એક જ બાળક) અને પછી સંતાનો ભણવા-



નોકરી અંગે દૂર રહેતાં પણ થયાં. પરિણામે વસ્તારી અને સંયુક્ત કુટુંબો ઝડપથી ઓછા થવાં માંડ્યા છે. આમ તો સમાજ વ્યવસ્થાની દૃષ્ટિએ આ ધરખમ ફેરફાર છે પરંતુ આપણે પ્રકૃતિગત નવી પરિસ્થિતિ અંગે ઝડપથી સજાગ થઈ આ અંગેનું લાગણીનું તત્ત્વ કંટ્રોલમાં રાખીને નવી વ્યવસ્થા કે સવલતો ઊભી કરવામાં ધીમા પડ્યા છીએ એવું ખરું..?

સંતાનો ઓછાં અને દૂર રહેવાથી વડીલોને શારીરિક, નાણાંકીય અને ઇમોશનલ જરૂરિયાત ઊભી થાય એમાં જો ''શતં જીવ શરદ'' શુભકામનાઓથી આયુષ્ય લંબાય ત્યારે જે તે વ્યક્તિ અને કુટુંબ માટે ઉત્સાહપ્રેરક થાય કે તકલીફયુક્ત થાય એ અંગે વ્યવસ્થિત વિશ્લેષણ જરૂરી છે.

સંતાનો ખૂબ દૂર હોય અને ઝડપથી કે વારંવાર આવી શકે તેમ ન હોય ત્યારે વડીલોની મોટી માંદગી આવે તો એમને કોણ-કેવી રીતે મદદરૂપ થાય (ઘણા કિસ્સામાં સંતાનને વધુ રજા પણ મળતી નથી), એ વિકટ પ્રશ્ન હવે મોટા પાયે પ્રસરતો જણાય છે.

**હવે સમય બદલાવાની સાથે આપણે એ પણ ધ્યાનમાં લેવું જ પડે કે નવી પેઢીની રહેણીકરણી અને વિચારસરણીમાં અગાઉના સમય કરતાં વધુ** drastic **ફેરફારો આવી રહ્યા છે**

માંદગી ઉપરાંત આર્થિક પ્રશ્નો પણ હોય, જે પહેલાં (સંતાનોની સંખ્યા પણ વધુ હોય) ભેગાં રહેતાં એટલે એમનો ટેકો મળી રહેવાની શક્યતાઓ રહેતી, પણ હવે સંતાનો પોતાની જુદી ગૃહસ્થી વસાવવાની હોય તો નાણાકીય ટેકો આપી શકે એ શક્ય ન પણ હોય. ઉપરાંત પરદેશ રહેતાં સંતાનોને ખૂબ મોટા પાયા પર લોન ભરવાનો ભાર હોય એટલે એમને માટે વડીલોને મદદરૂપ થવું ક્યારેક ખાતર ઉપર દીવો પણ થઈ શકે....માંદગી અને આર્થિક પ્રશ્નો તો એકંદરે જાણીતા છે પણ એકાંતપણું (Loneliness) એ અત્યારના સંક્રાંતિકાળનો એક નવો તકલીફભર્યો ફણગો છે. પહેલાં સગાં-વહાલાં પણ એક ગામમાં રહેતાં એટલે સતત આવજા થવાથી વડીલોને કંપની મળી રહેતી. હવે મોટાં શહેરોમાં એ પણ મર્યાદિત થઈ ગયું. આમ, સંતાનો દૂર અને સગાંવહાલાં પણ ઓછાં મળે, પરિણામે મોટી ઉંમરે જ્યારે વ્યક્તિ વાહન ચલાવી ન શકે એટલે જાતે બહાર જવા મુશ્કેલી અનુભવે અને તેનાથી જે એકાંતવાસ જન્મે એ વધારે કપરો બને છે. એમાં પણ જો શારીરિક તકલીફોને કારણે બહાર જવા-આવવાનું મુશ્કેલ બને તો સતત ઘરમાં ભરાઈ રહેવું એ વધુ મુશ્કેલ બની જાય છે. 'એકાંતવાસ' ખૂબ માનસિક તકલીફ પણ આપે છે. અલબત્ત, હવે ટૅક્નોલોજીનો સહારો એમાં વહારે આવે છે. ફોન, મેસેજ અને ખાસ તો વીડિયો કૉલ વગેરેથી દૂર રહેતાં સંતાનો અને પરિચિતો સાથે સરસ સંપર્ક શક્ય બન્યો છે એટલે અંશે રાહત મળે. પણ આ સવલત બધાને ઉપલબ્ધ હોય જ એવું પણ ન હોય. ઉપરાંત આવી ટૅકનોલોજી સાથે જોડાયેલી સગવડ ઘણા વડીલોને ઑપરેટ કરવી ફાવતી પણ નથી. અને આ સવલતો રૂબરૂ મળવા તોલે તો ન જ આવે ને... છેલ્લાં થોડાં વર્ષોમાં આ 'એકાંતપણું' ખૂબ ઝડપથી સામાજિક પ્રશ્ન તરીકે ઊભરી રહ્યું છ, પરંતુ કમનસીબે આપણે એ પરત્વે જોઇએ એટલા સંવેદનશીલ બની એના ઉપાયો પરત્વે ખાસ વ્યવસ્થા ગોઠવવાની તત્પરતા દાખવતા નથી. અન્ય દેશોમાં આ પરિસ્થિતિ ઘણાં વર્ષોથી છે, કારણ કે ત્યાં સંયુક્ત કુટુંબની વ્યવસ્થા ઘણા લાંબા સમયથી છે જ નહીં. પરિણામે એ દેશોમાં અને સમાજમાં વડીલોની વિવિધ જરૂરિયાતો માટે વ્યવસ્થાઓ ગોઠવી છે. જેમકે દિવસ દરમિયાન સમય પસાર કરવા માટે daytime ફૅસિલિટી અને લાંબો સમય રહેવા માટે સરસ સવલતોવાળાં old age home. આપણે પણ હવે એ દિશામાં છોછ રાખ્યા વગર વહેલી તકે નક્કર પગલાં લેવાં જ પડશે.

આમ ઝડપથી બદલાતા સામાજિક પ્રવાહોને લીધે 'શતં જીવ શરદ' કે 'આયુષ્યમાન ભવ' એવી શુભકામનાઓને નવી રીતે આપવાનું વિચારવું પડશે. હવે 'ભર્યુંભાદર્યું જીવન' એના જેવી શુભેચ્છા આપી હોય તો કેવું !

વડીલો સિનિયર સિટિઝનોના વિવિધ પ્રશ્નો અને જરૂરિયાતો અંગે community living concept ખૂબ મંદ ગતિએ આગળ વધે છે. એમાં આપણે ત્યાં વૃદ્ધાશ્રમ વ્યવસ્થા પ્રત્યે ખૂબ તીવ્ર અણગમો છે એટલે કે એક જાતનો taboo છે.પરિણામે આ મુદ્દે મોટાપાયા પર ચર્ચા, વિચાર - વિમર્શ થતો નથી અને સવલતો પણ ખૂબ નાના પાયા પર ઊભી થાય છે.

હવે સમય બદલાવાની સાથે આપણે એ પણ ધ્યાનમાં લેવું જ પડે કે નવી પેઢીની રહેણીકરણી અને વિચારસરણીમાં અગાઉના સમય કરતાં વધુ drastic ફેરફારો આવી રહ્યા છે અને પરિણામે વડીલોને એની સાથે કદમ મિલાવવા એટલે કે આજકાલ સતત જે શબ્દ વપરાય છે 'એડજસ્ટ થવું' એ સહેલું નથી. અગાઉની સામાજિક વ્યવસ્થામાં વડીલોની વિચારસરણી કે માન્યતાને જ મુખ્ય ગણાતી અને નવી પેઢીને મને-કમને એની સાથે એડજસ્ટ થવું પડતું, પરંતુ હવે તેમાં ધરખમ ફેરફાર આવી રહ્યો છે. હવે વડીલોના શબ્દ ફાઇનલ એ રહ્યું નથી. અલબત્ત સારા સંસ્કારી કુટુંબમાં હજી એમના વિચારો કે માન્યતાને રિસ્પેક્ટ અપાય છે. ઉપરાંત અગાઉ જણાવ્યું તેમ, ઝડપથી બદલાતી ટેકનોલોજી, ગેજેટસ , ખાવા-

પીવાની પદ્ધતિઓ, Food habits -રસોઈની પદ્ધતિઓ એ બધામાં મોટો ફેરફાર આવતો જાય છે. એક ભાઈને દીકરાને ત્યાં અમેરિકા ખૂબ લાંબો સમય રહેવું પડે એવું થયું. પણ ત્યાં સતત પીઝા-મેક્સિકન કેવી રીતે ફવડાવે... વળી જ્યાં બંને હસબન્ડ-વાઈફ જોબ કરતાં હોય ત્યાં રસોઈ, ઘરકામ અને મહેમાનોને treat કરવાના આયામો બદલવા પડે છે. જનરેશન ગૅપ તો આદિકાળથી છે જ પણ અત્યારના ઉપર દર્શાવેલા વિવિધ કારણસર આ ગૅપ વધુ તીવ્ર અને વડીલો માટે વધુ મુશ્કેલ બનવા લાગી છે. આ સંદર્ભમાં જેમ વધુ આયુષ્ય એમ આ ગૅપ વધુ પહોળો બને એવી શક્યતા ઘણી રહેશે. નવી ટૅકનોલોજી ફાવવામાં તકલીફ થાય એને કારણે વડીલોને ક્યારેક હાસ્યાસ્પદ સ્થિતિમાં પણ મુકાવું પડે છે. મમ્મી..તને આટલું નથી આવડતું...?

પહેલાંના સમયમાં વડીલોને  ગમે એવી ફૅશન કે વ્યવહાર નવી પેઢી માટે સ્વીકારવું ફરજિયાત હતું મને..કમને પણ..પછી એ સહજ થઈ જતું..પણ હવે એ સહજતા ઘણી ઓછી થવાથી બે પેઢી વચ્ચે પ્રશ્નો વધે. અલબત્ત હવે વડીલો પણ સમજદારી દાખવી પોતાના વલણ liberal કરતાં જાય છે.

દીર્ઘાયુષની શુભકામનાઓ અગાઉ બહુ જ પ્રેમપૂર્વક અપાતી, એમાં એવું તો નહીં હોયને કે ૧૯મી સદીમાં એકંદરે આયુષ્ય લાંબું ન હતું. સ્વામી વિવેકાનંદથી માંડીને ઝવેરચંદ મેઘાણી કે રાવજી પટેલ વગેરે અનેક મહાનુભાવો વિવિધ રોગો સામે યોગ્ય મેડિકલ સહાય ન મળવાથી પ્રમાણમાં નાની ઉંમરે વિદાય થયેલા. એટલે તે સમયે મેડિકલ સહાય, સ્વચ્છ પાણી અને હાઈજેનિક કન્ડિશન જોઈએ એ કક્ષાની ન હોવાથી આયુષ્ય એકંદરે ઓછું રહેતું એવું જણાય છે અને કદાચ એટલે જ પચાસ વર્ષે વાનપ્રસ્થાશ્રમ (અને સાઠે બુદ્ધિ નાઠી એવી હળવી વાત) પ્રચલિત થઈ હશે. પણ હવે અત્યારે આપણે પચાસ વર્ષે વાનપ્રસ્થાશ્રમની વાત કરીએ તો કઈ રીતે પીચ પડે !

આવો ખુલ્લા મને અને વડીલોને સાચા અર્થમાં dignity બક્ષવા હવે 'સિનિયર સિટિઝન ડે કેર', 'વિસામો', 'સાંધ્ય સુખ' એવાં જે કંઈ નામે સત્વરે અને મોટાપાયા પર વ્યવસ્થા ઊભી કરવી આવશ્યક છે અને અગાઉ દર્શાવ્યું એમ આ 'વૃદ્ધાશ્રમ'ના વિષયને સામાજિક કલંક ગણીને શાહમૃગવૃત્તિ દૂર કરવી જ રહી.

આ વ્યવસ્થા અલબત્ત, સારો એવો ખર્ચ અને મોટા પાયા પર મેનેજમેન્ટ માગી લે છે. પણ આપણે ત્યાં ધાર્મિક શ્રદ્ધા માટે અઢળક દાન અપાય છે... સોનાના કળશો ચઢાવે છે તો વડીલોની આ સેવાને એ જ કક્ષામાં મૂકીને નાણાકીય અને મૅનેજમેન્ટમાં જરૂરી સહાયનો પ્રવાહ ઊમટે એ આવશ્યક છે.

એક ખાસ્સો મોટો વર્ગ છે કે, જે પોતાના જ ઘરમાં રહે છે અને એમને બહારની ખાસ વ્યવસ્થા. જેને આપણે 'વિસામો' કે 'સુખધામ' જેવું નામ આપીએ એમાં રહેવા જવું ન હોય. આ વડીલોને પણ ઘેર અનેક જરૂરિયાતો છે. ખાસ કરીને  બૅન્કિંગ,મેડિકલ આસિસ્ટન્ટ, ઘરમાં રસોઈ, ઘરનાં રિપેરિંગ, મનોરંજન અને ખાસ અગત્યનું એમને કંપની એટલે કે એકલવાયું ન લાગે એ વ્યવસ્થા માટે પણ પ્રોફેશનલ સેવાઓ ગોઠવાવી જોઈએ. થોડાક દિવસો પહેલાં મેં લગભગ પંચોતેર વર્ષના વડીલને ધોમધખતા તડકામાં બૅન્કના કામ માટે ચાલતા જતા જોયા અને એમને પૂછતાં જાણ્યું કે અમને વાહન ચલાવતાં ફાવતું નથી, અને રિક્ષા મળી નહીં એટલે નછૂટકે આવા તડકામાં પણ જવું પડ્યું. ઘણાં શહેરોમાં સિનિયર સિટિઝનના મંડળ પ્રવાસ, ધાર્મિક આયોજન કે સ્નેહ મિલન વગેરે કરે છે અને એની ખાસ ઉપયોગિતા તો છે જ, પરંતુ સાથેસાથે ઉપર જણાવેલી રોજિંદી જરૂરિયાત અને એકાંતપણું દૂર થાય એવી વ્યવસ્થા પણ આ સિનિયર સિટીઝન મંડળ હાથમાં લે તો નક્કર કામ થાય.

**ઘણાં શહેરોમાં સિનિયર સિટિઝનના મંડળ પ્રવાસ, ધાર્મિક આયોજન કે સ્નેહ મિલન વગેરે કરે છે અને એની ખાસ ઉપયોગિતા તો છે જ, પરંતુ સાથેસાથે રોજિંદી જરૂરિયાત અને એકાંતપણું દૂર થાય**

...તો આવો 'શતમ્ જીવ શરદ'ને સાચા અર્થમાં સાર્થક બનાવવા એ અંગે ખાસ ઊંડી સંવેદનશીલતા જતાવી નક્કર વ્યવસ્થા ગોઠવવાના અભિયાનને એક મોટી સામાજિક સેવા તરીકે સ્વીકારી પુણ્ય મેળવીએ અને 'નવા સમયના શ્રવણ' બનીએ.

*પ્લોટ-૨૯૦/૧, સેક્ટર-૭/એ,*
*ગાંધીનગર-૩૮૨૦૦૭*
*મો. ૯૯૦૯૯૦૦૬૫૦*

## સાડા છ કરોડથી વધારે ગુજરાતીઓનું માનીતું પાક્ષિક એટલે...

ગુજરાત

મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું ગુજરાત પાક્ષિક, પ્રતિ પખવાડિયે આપના દ્વારે લઈને આવે છે...

# નીવડેલી કલમ, નવી દિશા, નવા વિચારો

▸ રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજના ▸ અધિકૃત માહિતી ▸ સાતત્યપૂર્ણ વિકાસલક્ષી જાણકારી
▸ લોકકલ્યાણની વાત ▸ રાજ્ય સરકારના નિર્ણયો ▸ લોકોની અપેક્ષાઓ અને સંવેદનાઓ
▸ સફળ લોકોની વાતો આ ઉપરાંત ▸ અતિથિની કલમે ▸ વિદ્વાનોના વિચારો ▸ વાંચકોની વાત
▸ વરિષ્ઠ પત્રકારોના અભિપ્રાય ▸ પ્રાસંગિક લેખો, જન સમસ્યા અને સમાધાન અને ઘણું બધું...

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત પાક્ષિક પરિવારના સભ્ય બનો.

વાર્ષિક લવાજમ માત્ર **રૂા. ૫૦/-**

# ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

▼ માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક.

▼ શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.

▼ રાજ્યભરમાં ૧૨,૦૦૦થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક.

▼ રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર.

▼ રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલ્વે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન.

▼ ભરતી ઉપરાંત સ્વરોજગાર વિષય લેખ, મૂંઝવણ અને માર્ગદર્શન, જનરલ નોલેજ ક્વિઝ કોર્નર તેમજ વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ સંબંધી વિજ્ઞાપનો.

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક પરિવારના સભ્ય બનો.

વાર્ષિક લવાજમ માત્ર **રૂા. ૩૦/-**

# મરવા પડેલી મચ્છુ માતાને....

- *ચંદ્રિકાબહેન સોલંકી*

**ઓ** મચ્છુ માતા, તારા લાંબા, પહોળા પટ પરથી પસાર થવાનું બને છે. ને મારા પગ થંભી જાય છે. ઓ જીવનદાયિની! મારી માવડી મચ્છુ. છેલ્લાં સોળ વર્ષથી હું તારા કાંઠે, તારી પાસે રહેવા આવી છું. તારાં વિધવિધ રૂપ છેલ્લાં સોળ-સોળ વર્ષથી મેં નજરોનજર માણ્યાં છે. ને મેં તને ભરપૂર ચાહી છે, પણ આજે ગોધૂલી વેળાએ વ્હાલા વાંકાનેરથી મોરબી તરફ દોડતાં હાઇ-વે પરથી પસાર થવાનું બન્યું. ને તારો લાંબો, પહોળો, અર્ધો ખાલી, અર્ધો ભરેલો, અર્ધો ગંદો અને અર્ધો સ્વચ્છ એવો પટ જોઈને મનમાં ભારે ચચરાટી થઈ. મારાથી રહેવાયું નહીં, ને મારુ સ્કુટી ફુટપાથની અડોઅડ પાર્ક કરી, હાઇ-વેની રેલિંગ પકડી હું ક્યાંય સુધી તારા આ પહોળા પટને નીરખી રહી. અમે સ્વાર્થી અજ્ઞાની 'પરમ' એ તને જે રૂપે ચીતરી દીધી છે એ હું જોઈ રહી છું. તારા એક કાંઠે ગામ આખાની ગંદકીના થર જામ્યા છે. તારા પેટની વચ્ચોવચ રેતી, કાંકરા, નાના મોટા પથ્થરો કાઢી એમાં ઊંડા ઊંડા ખાડ ઠેકઠેકાણે પાડી દીધા છે. ગામ આખાનો ઉકરડો અને પ્લાસ્ટિકનો કચરો તારા કાંઠે જ ઠલવાયેલો હોય, ઊડતો, ઊડતો એ તમામ કચરો ગંદકી તારા પેટમાં (પટમાં) પડેલા ખાડાઓમાં પણ ભરાયો છે. તો વળી સામે કાંઠે દૂર દૂર લીલાંછમ ખેતરો અને વૃક્ષોની હારમાળા દેખાય છે. તારા એક કાંઠે શહેરની ગંદકી તો બીજા કાંઠે પ્રકૃતિની હરિયાળી.

ઓ માવડી મચ્છુ મા, અમે બડી બડી લોકમાતાઓની જે દશા અમારા સ્વાર્થ અને અજ્ઞાનથી કરી બેઠાં છીએ એવી જ તારી પણ અવદશા આજે અત્યારે આ ક્ષણે હું નિહાળી રહી છું. મારી પાસે જો કોઈ જાદુઈ છડી હોત તો પળના પાંચમા ભાગમાં તને ચોખ્ખીચણાક કરી નાખત. મને તારું આ ગંદું ગોબરું, દયનીય રૂપ નિહાળતાં આપણી ગંગામાતા યાદ આવી ગઈ. જેની પવિત્રતા અને પાવન જળ જગ આખામાં પ્રખ્યાત છે જેને આ ભારતભૂમિ પર ઉતારવા ખુદ શિવજીએ પોતાની જટામાં કેદ કરી, પછી એના પ્રચંડ પ્રવાહને ધીમી ધારે આ રળિયામણી ધરતીને વધુ રળિયામણી અને હરીભરી બનાવવા વહાવ્યો, જેના જળને મરતા મનુષ્યના મુખમાં મૂકવામાં આવે છે.

અરે ઓ નાજુક નમણી રમણી, કલકલતી, ઊછળકૂદ કરતી મારી મચ્છુ. આજે તું હજુયે સૂક્કીભઠ્ઠ પડી છે. ભરપૂર બની વહેતાં તારાં વારિ સુકાઈ ગયાં છે. એ મીઠા જળની જગ્યાએ મંદવાડ નોતરતો ઉકરડો આજે તારા પટમાં ફેલાયો છે. મેં ભલે તને લખી માર્યું કે "તારી તે શી વિસાત," પણ તારી વિસાત અને પ્રચંડ તાકાત પણ તને નિર્જળા જોતાં જોતાં યાદ આવી ગયાં. મને યાદ છે માવડી તારી વિસાત. એ ગોઝારા દિવસે તેં મોરબીવાસીઓને તારી પ્રચંડ તાકાત પળવારમાં બતાવી જ દીધી હતી ને? ને અર્ધા મોરબીને ઓહિયા કરી ગયેલી તું. તારા એ ભયાનક ભૂતકાલીન વિકરાળ રૂપને યાદ કરતાં જ કમકમાટી, ભય અને આક્રંદ વ્યાપી જાય છે. થથરી જવાય છે એ સઘળું સ્મરણપટ પર આવતાં જ. ને અત્યારે આજે તારું આ રૂપ જોઈને પણ મન-હૃદય કકળી ઊઠે છે.

આ લખતાં ને તારો સૂકો પટ જોઈને આજથી ચાર વર્ષ પહેલાંનો તારો મિજાજ યાદ આવી ગયો. એ સમયે તો ઉપરવાસમાંય ભરપૂર ત્રાટકેલો મેઘરાજો. ને વાંકાનેરમાં રાતભર વરસેલો વરસાદ તો વળી કહે, "હવે અટકે એ બીજા." તું નહીં માને મચ્છુ માવડી, પણ મેઘરાજાનું એ રૌદ્ર રૂપ જોઈ મેં તો એને વીનવેલો. રીતસર કરગરીને કહેલું "અલ્યા, અરધી રાત વીતી ગઈ હવે તો પોરો ખા." પણ એ તો કહે : "ના!" ને સવાર પડતાં જ ગાંડીતૂર બનેલી ઓ મચ્છુ ! તારા ધસમસતા પૂરને વહાવી તેં વાંકાનેરવાસીઓના જીવ તાળવે ચોંટાડી દીધેલા. અરે, છેક મારા આંગણિયા સુધી તારાં પાણી ન્હોતાં પહોંચી ગયાં? તારું એ વિકરાળ પણ મુગ્ધ કરી દેનારું સ્વરૂપ યાદ આવે છે ત્યારે આ તારો સૂકો ગંદો પટ જોતાં જોતાં પણ મલકી જવાય છે. અરે ઓ મચ્છુ ! તું આવ ને ફરી મારા આંગણે. આ હાઇ-વેની પૂર્વ



બાજુ તારા પેલો હાથિયો પાણો તારા પેટમાં ધરબાયેલો છે ને? એ તો શોધ્યો ન હતો જડતો, એટલા પ્રચંડ વેગે તું તે દા'ડો ઘૂઘવતી, પછડાટી લેતી દોડતી હતી.

અરે, અમારી સોસાયટીના જડેશ્વર રોડથી પાતાળેશ્વર મહાદેવના નવા બનેલા પુલ પરથી પણ બેફામ દોડતી હતી. એ રોડ પર પેટ્રોલ પંપની નજીક રહેલા ઈંટોના ભઠ્ઠાને તો તેં તદ્દન ઓલવી નાખેલા. આભ ફાટ્યું હોય ત્યાં થીંગડું ક્યાં મારવું? પતાળેશ્વર મહાદેવનું મંદિર પણ તારા એ પ્રચંડ પ્રવાહમાં ગરકાવ થઈ ગયેલું. માત્ર એનું શિખર તારા બેફામ વહેતા પ્રવાહમાં ડોકિયું કરતું પૂતળાની જેમ સ્થિર બનેલું દેખાતું હતું. પતાળેશ્વર પુલની આસપાસ રહેલાં નાનાં-મોટાં ઝૂંપડાંઓને તે તારા પેટમાં સમાવી લીધેલાં. જાણે કે તે દિવસે તું નાનકો દરિયો જ બની ગયેલી. તારું એ રૌદ્ર રૂપ જોવા વાંકાનેરવાસીઓનાં ટોળેટોળા પતાળેશ્વર પુલ પર, આ હાઈવે પર, પેલા દરબારગઢની પાછળ વહેતા તારા પ્રવાહના કાંઠે ઊમટી પડેલા. ને તું તો ભય પમાડતી. ગરજતી, સાનભાન ગુમાવી દોડતી હતી.

ઓ મચ્છુ માવડી ! આજથી ચાર વર્ષ પહેલાંના તારા આ રૌદ્ર રૂપને ટક્કર મારે એવું સ્વરૂપ તો તે આજથી ૪૩ વર્ષ પહેલાં મચ્છુ હોનારત વખતે પણ બતાવેલું જ ને ? આજથી ૪૩ વર્ષ પહેલાં મરવા પડેલી નહીં, પણ મારી નાખવા આવેલી એ મચ્છુનું વિકરાળ સ્વરૂપ મનને ઘેરી વળે છે. યાદ કર ઓ માવડી, તું તારી તમામ મર્યાદા ત્યારે છાંડી ગયેલી. કાળ બનીને ત્રાટકેલી ત્યારે તું અમારી મયૂરનગરી પર. બારે મેઘ ખાંગા બનીને ઝીંકાયેલો વરસાદ, પછી તું ઝાલી રહે ખરી ? આમ તો તું જીવનદાયિની ! મેઘો વરસે, ને તું છલકે, મલકે ને તને છલકાતી, મલકાતી, ઊછળતી, કૂદતી, વહેતી જોઈ અમે તારાં સંતાનો રાજીનાં રેડ. પણ એ ગોઝારા દિવસે ૧૧, ઑગસ્ટ, ૧૯૭૯ના રોજ મોરબી પર કાળ ક્યાંકથી મેઘરાજા બનીને ત્રાટક્યો. અને તારા પટ પર ખડકાયેલો મચ્છુ ડેમ-૨ ફાટ્યો. એ ભયાનક પ્રવાહે તારા પટ અને પેટનાં ચીંથરે ચીંથરાં ઉડાવી દીધાં. ચિત્ર-વિચિત્ર બનેલી તું ગાંડા હાથીની જેમ મોરબીવાસીઓનો કાળ બની પળભરમાં ફરી વળી. મોતનો પર્યાય બનેલા તારા બેફામ પ્રવાહે લાખો જીવોને ક્ષણવારમાં મડદાં બનાવી દીધેલા. ગાય, ભેંસ, કૂતરાં, બિલાડાં, માણસો, પશુ-પંખીઓ, વૃક્ષો-વેલીઓ, મકાનો, ઝૂંપડાં સઘળી સૃષ્ટિનો બસ વિનાશ જ વેરવો હોય એમ તે દિવસે તું વર્તી હતી. તારી ઝપટે જે કોઈ ચડ્યું એને તું તાણી ગઈ.

મચ્છુ ડેમ ફાડીને તેં મોરલીની માથે નાંખેલી હોનારત સમયે તો હું તદ્દન અબુધ બાળકી હતી. મારી જનેતાની ગોદમાં, મારી જન્મભૂમિમાં રમતી હતી. આજે વર્ષો પછી હું તારા કિનારે વસેલા આ રળિયામણા વાંકાનેરને મારી કર્મભૂમિ બનાવી વસવાટ કરી રહી છું. ને છેલ્લાં ૧૬ વર્ષથી તારા પ્રેમમાં છું. ઓ પ્રેમદાયિની મચ્છુ ! તને, તારાં વિવિધ રૂપને ૧૬ વર્ષથી અનેકવાર મેં જોયા, માણ્યાં, ચાહ્યાં છે. દરેક ઋતુએ તારા અલગ-અલગ મિજાજને મેં ચાખ્યો છે. દર ચોમાસે ભરપૂર બનતા તારા સૌંદર્યને મેં ભરી પીધું છે. તેં ચીરી નાખેલા મચ્છુ ડેમ-૨ અને વાંકાનેરનું પડખું પલાળતા મચ્છુ ડેમ-૧ને મેં અનેકવાર નિહાળ્યો છે. ફાટીને ધુમાડો થઈ ગયેલા મચ્છુ ડેમ-૨ના કાંઠે કેટલીય સાંજ હું કલાકો સુધી ઘૂમી છું. વરસતા વરસાદે આભ-ધરતીને એકાકાર કરી મૂકતા માહોલમાં એક સાંજે તારા મચ્છુ ડેમ-૧ પર અમે અટવાઈ ગયાનું મને યાદ છે. ઓ માવડી ! તારા પર તો આખો ગ્રંથ રચાય એટલું તારી અંદર પડ્યું છે. તારા કાંઠે જ મોરબીની વાણિયણ પર મોરબીનો જીવાજી ઠાકોર મોહી પડ્યાની કથાઓ અને લોકગીતો સાંભળ્યાં છે. તારા પર બંધાયેલા ઝૂલતા પુલ પરથી પસાર થવા બે ડગલાં ભરી, પછી નાહિંમત થઈ મેં પીછેહઠ કરેલી એ સાંજ પણ યાદ છે. તારા કાંઠે ઊભેલું મોરબીનું મણિમંદિર ઐતિહાસિક ને બેનમૂન છે. તારા પાડા પુલ પરથી પસાર થતાં આજેય જોવા મળે છે અશ્વ, ઘોડા ને પાડાનાં પેલાં શિલ્પો, અંગ્રેજોના જમાનાના એ આજેય અડીખમ ઊભા છે.

ઓ રમણી મચ્છુ, કોઈ નહીં માને કે તેં મચાવેલી ૧૯૭૯ની તબાહી કેવી ભયાનક હતી. તું મચ્છુને બદલે જાણે કે મહાસાગર હોય તેમ ગરજી ગરજીને પછડાતો લેતી એટલી તો ઊંચે ઊછળેલી કે હોનારતનાં પૂર ઓસર્યાં ત્યારે વીજળીના થાંભલાના ઊંચા ઊંચા તાર પર માનવીઓ અને પશુઓના મૃતદેહો લટકતા હતા. જાણે કે તેં તારા કાળ બનેલા પંજામાં જીવમાત્રનાં ડોકાં પકડી ઊંચે ટાંગી દીધાં હતાં. થથરાવી મૂકે કઠોર કાળજાના માનવીને પણ, એવાં એ ભયાનક દશ્યો હતાં. મેં તો તને મા, માવડી, માતા કહીને વહાલ કર્યું છે. પણ તેં મચ્છુ હોનારતમાં વેરેલા વિનાશની વાત કરતા મોરબીના અમારા ૯૫ વર્ષીય વયોવૃદ્ધ કેમેરામેન લાલજીભાઈ પલાણે તને 'કાળમુખી' કહી હતી.

જીવનદાયિની એવી તેં કલંકિની કાળમુખીનું રૂપ ધારણ કર્યું. તારા વિકરાળ કાળજડબામાં હજારો મોરબીવાસીઓ હોમાઈ ગયા. ના તેં બાળકો છોડ્યાં કે ના વૃદ્ધ. તારી ઝપટે જે ચડ્યા તે, દરેક જીવને ગળચી જઈ તેં ક્યાંના ક્યાં ફેંકી દીધા. પાતાળે ધરબી દીધા કે દરિયામાં નાખી ડૂબાડી દીધા

એમ અમુકનો તો અતોપતો ન હતો. ઓ મા, તારી એ વિનાશલીલા યાદ કરતાં આજેય રૂંવાડાં ખડાં થઈ જાય છે. મન ક્ષુબ્ધ બની જાય છે. એ ગોઝારા દિવસની યાદમાં આજે પણ દર વર્ષે ઑગસ્ટની ૧૧ તારીખે મોરબીમાં સાઈરન વાગે છે. સવારે અગિયાર વાગ્યે. ને મોરબીવાસીઓ નતમસ્તકે એ હતભાગી મૃતકોને અંજલિ આપતાં અગિયાર મિનિટનું મૌન પાળી ઊભા રહે છે.


આજે આ તારા ખાલી પડેલા પટને જોઈ આ સઘળું યાદ આવ્યું. હું જાણું છું માવડી ! તું નિર્દોષ છે. તું તો ભરપૂર બની વહેવા જ માગતી હોય છે. તારાં આ અબુધ સંતાનોને ભૂખ્યાં, તરસ્યાં રાખવાં કે મારવાં તને પાલવે ખરાં? આ મેઘરાજ જ મંડાતો નથી એમાં તારો શો વાંક? તું તો કાયમ કાંઠો તોડીને વહેવા જ ચાહતી હોય છે. વહેવું, ઊછળવું, કૂદવું, છલકાવું, મલકાવું, પછડાવું, દોડવું ને અંતે પેલા ખારાધૂધ સાગરમાં વિલીન થવું એ જ તો તારી પ્રકૃતિ છે. તારી આ પ્રકૃતિમાં વિકૃતિ પણ તારાં આ સંતાનો અબુધ, ગમાર માનવીઓએ જ આણી છે.

તારો આ ખાલી પડેલો, કાંકરા ઉડાડતો, પાણી વિનાનો પટ જોયો, ભેંકાર ને સૂકોભઠ્ઠ પડેલો તારો પેલો હાથિયો ઘૂનો જોયો. નીચી મૂંડી કરી તારા પેટમાં ધરબાયેલા એ હાથિયા પાણાને હું નીરખી રહી હતી. છેલ્લાં સોળ વરસથી એ મસમોટા પાણાનેં હું જોતી આવી છું. આજે હજુ તારા પ્રવાહમાં દટાયો નથી. કોરોધાકોર એ ઊભો છે. અહીંના લોકો એમની લોકબોલીમાં એ હાથિયા પાણાની આસપાસના તારા પટને 'ઘૂનો' કહે છે. ચોમાસું પૂરું થાય અને તારો વેગીલો પ્રવાહ થોડો ધીરો પડે ત્યારે પણ એ હાથિયા ઘૂનાની આસપાસનો તારો પટ ચિક્કાર જળથી ભરેલો હોય છે. તારો પ્રવાહ પછડાતો લેતો, ઘૂમરીઓ લેતો ઊંચે ઉછળતો એ હાથિયા પાણા પરથી વહેતો હોય છે. પણ એ તો પાણો, એ થોડો પીગળે? હાથિયા પાણાનું માથું તારા પ્રવાહમાંથી થોડુંક બહાર દેખાય, ને તારાં મધમીઠાં વારિ હજુ વહેતાં હોય ત્યારે અહીંની રખડતી, ભટકતી મજૂરી કરતી પ્રજાનાં છૈયાં-છોકરાંઓને એ હાથિયા પાણા પર ચડીને એ ઘૂનામાં ધુબાકા મારતાં મેં જોયાં છે. એ હિંમતવાન પોયરાઓ કદી કોઈ સ્વિમિંગ પુલમાં ફી ભરી સ્વિમિંગ શીખવા ગયાં હોતાં નથી. માત્ર તારા હાથિયા પાણાના સહારે, એમના ભાઈબંધોના વાદે આપબળે એ તરતાં શીખી ગયાં હોય છે. એ તરણવીરોને હાથિયા પાણાના ઊંડા ઘૂનામાં ને તારા વહેતા પ્રવાહમાં માછલાની જેમ સરકતાં જોઈ મને સાનંદાશ્ચર્ય થાય છે.

દર વરસે ચોમાસામાં તને એ હાથિયા પાણા ઉપરથી ને આ હાઇ-વે નીચેથી વિકરાળ બની દોડતી. ગરજતી, દરિયાની જેમ ઘૂઘવતી તને દિવસો સુધી માણી છે અને આજે જે સ્વરૂપે તને જોઈ રહી છું. તેમાં આભજમીનનું અંતર છે. તારી તો પ્રકૃતિ જ મા, જીવન આપવાની છે. તારા પટમાં મનુષ્યપ્રાણીએ ઠાલવેલી આ ગંદકી તાણી જઈ તું અમને સ્ફટિક સમ જળ આપવાની છે. તુંય રાહ જુએ છે, તારે વહેવું છે, છલકાવું છે, પ્રચંડ વેગે કિનારા તોડી ફેલાવું છે. ઓહ, મારી માવડી મચ્છુ. આ તને કોની નજરું લાગી ગઈ? ક્યારે ધોવાશે આ તારા પેટમાં માણસોએ પધરાવેલો આ ગંદવાડ? આ મંદવાડ? તારા સામે કાંઠે મૌનની મુદ્રા ધારણ કરીને ઊભેલા, અપૂરતા વરસાદે પણ લીલાંછમ બની મ્હોરેલાં વૃક્ષો છે. ખેતરોની હરિયાળી ને તાજગી છે ને હું જ્યાં ઊભી રહી આ બધુ નિહાળી રહી છું તે શહેર તરફના તારા કાંઠે નરી ગંદકી ખદબદે છે. બંને તરફના તારા કાંઠા જોતાં એવું લાગે છે કે દુર્વાસા જેવા ક્રોધિત કોઈ દેવતાએ જાણે કે તારા પટની બે ચીર કરી નાખી છે.

ઓ માવડી ! તારી વેદના હું જાણું છું. તું તો અમારી લોકમાતા છે. અમને જલથી સભર ને પુલકિત કરનારી, અમારી લોકમાતા અમને કદી તરસ્યા નહીં છોડે. તારા કાંઠડે તો આ મયૂરધ્વજ નગરી પાંગરી, ઊછરી, વિકસી છે. ઓ મારી જીવનદાયિની ! તેં વાંકાનેર પર પણ અવિરત વહાલ વરસાવ્યું છે. તું જ હવે આ મેઘરાજાને વિનવ. તારો પોકાર એ જરૂર સાંભળશે. ઓ મા ! અમે તારા ઉદરમાં ગંદકીના ઢગલા ઠાલવી દીધા છે, પણ અમને ક્ષમા કરજે. તું વહેજે. તું મેઘરાજાને લઈ આવ માવડી. તું અમને આમ તરસ્યા કેવી રીતે રાખી શકે? તું અમને આમ કેવી રીતે ગળચી શકે? ઓ મચ્છુ માતા ! જવાબ દે, આખરે તો અમે તારા ઉદરમાં સળવળતાં માછલાં.

*વાંકાનેર, 'ઈશાવાસ્યમ્' જડેશ્વર રોડ,*
*પેડક સોસાયટી, દિગ્વિજયનગર,*
*જિ. મોરબી-૩૬૩૬૨૧*
*મો. ૯૭૨૭૪૭૭૮૭૮*



Directorate of Information
Gujarat

Social Media



gujaratinformation.gujarat.gov.in

gujaratinformation.official

@infogujarat

gujarat.information

Gujarat Information

ગુજરાત

the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

# ભાષા અને સંસ્કૃતિ

- *પુલક ત્રિવેદી*

**મા**નવ જાતના વિકાસનાં મૂળમાં બે મહત્ત્વનાં અંગો છે. એક તો ચક્ર અને બીજું ભાષા. ચક્રના પદાર્પણથી જગત અને સમસ્ત બ્રહ્માંડના અનેક માર્ગો આસાન બની ગયા. સાથો સાથ ગાણિતિક અને વૈજ્ઞાનિક વિવિધ નવતર બાબતો માનવજીવન માટે સહજ બની શકી. આ ઉપરાંત બીજું અંગ ભાષા છે. એણે માનવસમાજને સાથે લાવવામાં પાયાની ભૂમિકા ભજવી. કમ્યુનિકેશન વધુ સાર્થક બનાવવામાં ભાષાએ મહત્ત્વનો રોલ પ્લે કર્યો છે. સાંકેતિક પરિભાષાને શબ્દનું સ્વરૂપ આપવાની બાબત માનવસમાજની સૌથી મોટી ઉપલબ્ધિ ગણી શકાય. ભાષા વગરનો માનવ સમાજ ક્યારેય વિચારી કે કલ્પી પણ શકાતો નથી.

સમાજરચનાનો આધાર ભાષા છે. એક સર્વમાન્ય-સામાન્ય સમજ એ છે કે, જે સમાજમાં જન્મ થાય તે સમાજની ભાષા ઉપયોગમાં લેવાય. ગુજરાતી પરિવારમાં અવતરેલું બાળક ગુજરાતી ભાષા સમજે, વાંચે, લખે અને બોલે. એમ મરાઠી પરિવારનું બાળક મરાઠી, જાપાનમાં જન્મેલું બાળક જાપાનીઝ, ફ્રાન્સમાં ફ્રેન્ચ અને ચાઇનામાં ચીની ભાષા સમજે, વાંચે, બોલે અને લખે. ભાષા દ્વારા પરસ્પર સંબંધો બંધાય છે અને સંબંધોની ઉષ્મા વધે છે. તંદુરસ્ત માનવસમાજના નિર્માણ માટે તથા સમાજના ઊર્ધ્વગામી વિકાસ માટે ભાષા પ્રાણતત્ત્વ છે. ભાષાવિજ્ઞાનમાંથી અવતરિત થયેલી ભાષાની સમજને વિવિધ સ્વરૂપે વ્યાખ્યાયિત કરવામાં આવી છે. શંકરાચાર્યજી, નાગાર્જુનજી, દંડી, ભર્તૃહરિ વગેરે જેવા તજ્જ્ઞ ભાષાશાસ્ત્રીઓએ ભાષાનાં વિવિધ પાસાંને ઉજાગર કરવાનું મહત્ત્વનું કાર્ય કર્યું છે. પશ્ચિમના દેશોના ભાષાવિદો હોલ, કેરલ, સપિર, ગ્રે અને સ્ટર્ટિર્વન્ટ દ્વારા ભાષાનાં તત્ત્વોને વ્યાખ્યાયિત કર્યાં છે. ગુજરાતી ભાષા માટે કાંતિલાલ વ્યાસ, હરિવલ્લભ ભાયાણી, પ્રબોધભાઈ પંડિત, જયંતભાઈ કોઠારી વગેરે ભાષાવિજ્ઞાનીઓએ સમજ આપવાનું અનુપમ કાર્ય કર્યું છે.

**ગુજરાતી ભાષાની વાત કરીએ ત્યારે ઉમાશંકર જોષીના શબ્દો બિલકુલ હૃદયમાં ઊતરી જાય એવા છે. એમણે કહ્યું છે કે, સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી. ગુજરાતી ભાષા એના ચાર ભૌગોલિક પ્રદેશોના આધારે વહેંચાયેલી છે**

આમ તો ભાષા માટે અનેક વ્યાખ્યાઓ ઉપલબ્ધ છે, પરંતુ સાદી સમજ માટે સ્ટર્ટિર્વન્ટે આપેલી વ્યાખ્યાનો ઉલ્લેખ પ્રસ્તુત બની રહેશે. સ્ટર્ટિર્વન્ટના મતે ભાષા કે યાદશક્તિ વાચિક સંકેતોની બનેલી એક એવી વ્યવસ્થા છે કે જેના વડે એક સામાજિક જૂથના સભ્યો પરસ્પર સહકાર સાધે છે અને સંપર્કમાં આવે છે. સ્ટર્ટિર્વન્ટના આ વિધાન ઉપરથી ફલિત થાય છે કે, ભાષા ઇચ્છા મુજબનો અર્થ ધરાવે છે. વળી ભાષા વાણીરૂપે અભિવ્યક્ત થાય છે. તે સંકેતો આધારિત છે અને લખી પણ શકાય છે. ભાષા એક ચોક્કસ પ્રકારની વ્યવસ્થા છે. ભાષા સામાજિક જૂથ માટે છે અને એકબીજાના સંપર્કનો સ્રોત છે, ભાષામાં સહકારનું તત્ત્વ છે. હવે પ્રશ્ન એ થાય કે ભાષાનાં પ્રમુખ કાર્યો કયાં છે ? તો સૌથી પહેલાં તો ભાષા વ્યક્તિને અભિવ્યક્ત થવા માટેનું પ્રબળ માધ્યમ ગણી શકાય. અમૂર્ત વિચારો વ્યક્ત કરવા માટે ભાષા ઉપયોગી છે. ગઝલકારને એક વિચાર આવે અને શબ્દો બની કાગળ ઉપર એક મઝાની ગઝલ બની અવતરે. આ ઉપરાંત વ્યક્તિના હૃદયમાં ઉદ્ભવતા ભાવને ભાષા અભિવ્યક્ત કરવાનું કામ કરે છે. જ્ઞાન પ્રાપ્ત કરવાનું અને જ્ઞાન વહેંચવાનું ઉમદા કાર્ય ભાષા કરે છે. સાહિત્ય સર્જન, સંદેશ વ્યવહાર અને શિક્ષણનું માધ્યમ ભાષા જ તો છે. વ્યક્તિના સામાન્ય વ્યવહારોના પાયામાં પણ ભાષા છે.

ગુજરાતી ભાષાની વાત કરીએ ત્યારે ઉમાશંકર જોષીના શબ્દો બિલકુલ હૃદયમાં ઊતરી જાય એવા છે. એમણે કહ્યું છે કે, સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી. ગુજરાતી ભાષા એના ચાર ભૌગોલિક પ્રદેશોના આધારે વહેંચાયેલી છે. સુરત, નવસારી, ભરૂચ, નર્મદા અને મહારાષ્ટ્ર તથા મધ્યપ્રદેશની સરહદોને મળતા પ્રદેશમાં સુરતી ભાષા પ્રચલિત છે. કચ્છના રણથી માંડીને પાકિસ્તાન અને રાજસ્થાનની સરહદને અડીને આવેલા પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા વગેરે વિસ્તારમાં પટ્ટણી ભાષા ચલણમાં



છે. મહી નદીના કાંઠા વિસ્તારના ચરોતર, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, ખેડા, આણંદ નડિયાદ વગેરે વિસ્તારમાં ચરોતરી ચાલે છે. જ્યારે રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, અમરેલી, પોરબંદર, સુરેન્દ્રનગરમાં કાઠિયાવાડી સૌરાષ્ટ્રી બોલીનો દબદબો છે.

ગુજરાતી ભાષાનું મૂળ ભારતીય આર્ય છે. આર્યન ભાષાને ઊંડાણથી તપાસીએ તો ભારત અને ઈરાની ભાષાકુળ જણાય. આ ભાષાકુળ પછી સંસ્કૃત ભાષાનો જન્મ થયો. સંસ્કૃત ભાષામાંથી પ્રાકૃત આવી. પ્રાકૃત ઉપરથી અપભ્રંશ-જૂની ગુજરાતી બની અને ત્યાર બાદ ગુજરાતી ભાષાનું આજનું સ્વરૂપ છે. ગુજરાતી ભાષાનું નામ 'ગુજરાતી' કેવી રીતે પડ્યું હશે એવા પ્રશ્ન સહજ રીતે માનસપટ ઉપર ઉદ્ભવે. સાદી સમજ એ છે કે, કોઈ પણ ભાષાનું નામ ભાષાના જન્મ સાથે તરત નથી પડતું. ભાષા સમાજમાં સ્થિર થાય પછી જ ભાષાસર્જકો અને બોલનારા દ્વારા ભૌગોલિક વિસ્તાર અને લક્ષણોના આધારે ભાષાનું નામ નક્કી થાય છે. આખ્યાનકાર પ્રેમાનંદે 'ગુજરાતી ભાષા' શબ્દ પ્રયોગ પહેલીવાર કર્યો હોવાનું પ્રમાણ મળે છે. જો કે, એ પહેલાં કવિ ભાલણ ગૂર્જરભાષા શબ્દપ્રયોગ કરતા. ગૂર્જર પ્રદેશ એટલે સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના વિસ્તારોમાં બોલાતી ભાષા.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો સમયગાળો ઈ.સ. ૧૦૦૦/૧૧૦૦થી ૧૮૦૦ સુધીનો ગણાય છે. આ સમયમાં જૈન સાહિત્ય લખાતું. સામાન્ય રીતે જૈન સાહિત્ય પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં જ લખાયું છે. અત્યારે જે ગુજરાતી ભાષા વંચાય, બોલાય, લખાય અને સમજાય છે તેના મૂળમાં આ પ્રાકૃત ભાષા જ છે. વજ્રસેન, શાલીભદ્ર, ધર્મસ્વામી, વિજયસેન, હેમચંદ્રાચાર્ય, મહારાજા ભોજની સાહિત્ય કૃતિઓ ઈ.સ. ૧૧૬૯ થી ૧૦૧૪ વચ્ચે પ્રાકૃત ભાષામાં લખાઈ છે. ગુજરાતી ભાષાના નામ માટે ભાલણે ગૂર્જર ભાષા કહી તો પ્રેમાનંદે ગુજરાતી ભાષા કહી. તેરસીતોરીએ પ્રાચીન પશ્ચિમ રાજસ્થાન, નરસિંહરાવે અંતિ અપભ્રંશ, કે.હ. ધ્રુવે અપભ્રંશ/પ્રાચીન ગુજરાતી, કે. કા. શાસ્ત્રીએ ગૂર્જર ભાષા / જૂની ગુજરાતી, ઉમાશંકર જોષીએ મારુ ગુજરાત, ડૉ. હરિવલ્લભ ભાયાણીએ ગુજરાતી ભાષા કીધી છે. યુનેસ્કો અનુસાર જગતભરમાં ૭૧૩૯ જેટલી ભાષાઓ છે અને એમાં સતત વધારો થતો જાય છે. જે પૈકી ૨૩૦૦ ભાષા એશિયન દેશોમાં બોલાય છે. ૧૧૦ જેટલી ભાષાઓ મૃતપ્રાય છે. લેટિન, એન્સિએટ ઇજિપ્શયન, ગાલિકન-પોર્ટુગીઝ, સંસ્કૃત, બર્બર, અન્ડાલુસિયન-એરેબિક, ઓસાજ, એંગ્લો-નોર્મન, ક્રેઓલ-પોર્ટુગીઝ, બેબ્લિકલ, કોર્નિસ, બ્રેટોન ભાષા લુપ્ત થઈ ગઈ છે.


પ્રત્યેક ભાષાનું એક ભાષાકુળ છે અને તે ઉદ્ભવસ્થાનના આધારે હોય છે. આ ભાષાકુળોની કુલ સંખ્યા ૯૪ છે. જેમાં ૧૦ ભાષાકુળ એવાં છે જેમાં વિશ્વની ૯૬ ટકા વસતી આવી જાય છે. બાકીનાં ૮૪ ભાષાકુળમાં વિશ્વની વસતીના ચાર ટકા લોકો આવે છે. ભારતમાં કુલ ૪૨૭ ભાષા-બોલીઓ છે. ભારતના રાજ્યોનું નિર્માણ મહદંશે ભાષા આધારિત છે. ૨૨ ભાષાઓ બંધારણીય રીતે માન્ય છે. ભારતદર્શન 'વસુધૈવ કુટુમ્બકમ' છે. આવા જીવનદર્શનથી સિંચાયેલી દરેક ભાષાને તેની આગવી સંસ્કૃતિ છે. સંસ્કૃતિની શોભાથી જ માનવજીવન રચાય છે, બલકે કસાય છે. વિશ્વની સૌથી વધારે માતૃભાષા ધરાવતી ૩૦ ભાષાઓમાં ગુજરાતી ભાષા ૨૩મા સ્થાને છે. વિશ્વમાં વધુ બોલાતી પ્રથમ દસ ભાષાઓમાં ઇંગલિશ, સ્પેનિશ, એરેબિક, મન્ડેરિયન, રશિયન, પોર્ટુગીઝ, જર્મન, જેપનીઝ અને હિન્દીનો સમાવેશ થાય છે.

**ભાષા વ્યક્તિ અને સમાજની અભિવ્યક્તિનું મજબૂત પાસું છે. ભાષા બે વ્યક્તિઓનાં હૃદય, મન અને આત્માને જોડીને નવતર ચેતના જગાવે છે. એક પળ માટે જો વિચારીએ કે, ભાષાનું અસ્તિત્વ જ ન હોય તો જગત કેવું હોત ?**


ભાષા વ્યક્તિ અને સમાજની અભિવ્યક્તિનું મજબૂત પાસું છે. ભાષા બે વ્યક્તિઓનાં હૃદય, મન અને આત્માને જોડીને નવતર ચેતના જગાવે છે. એક પળ માટે જો વિચારીએ કે, ભાષાનું અસ્તિત્વ જ ન હોય તો જગત કેવું હોત ? શું આટલી સામુદાયિક સમજણ અને વિકાસ શક્ય હોત ? લોકોની સંતોષ અને આનંદની માગ આટલી હોઈ શકત? અભિવ્યક્તિનો સંતોષ એ જ પરમ આનંદની સાચી અનુભૂતિ છે. ભાષા લેખન, વાંચન, વાણી અને સમજણનો મુખ્ય સ્રોત છે. ભાષાની ભવ્યતા અને ભાષાની સમજ માનવ સમુદાયના વિકાસનું ચાલક બળ છે. કોઈ પણ ભાષામાં માત્ર શબ્દો નથી હોતા, તેમાં સંસ્કૃતિઓ અને લાગણીઓ વસેલી હોય છે.

*૫૩૩/૨, સૌરભ સોસાયટી, સેક્ટર - ૨૩,*
*ગાંધીનગર. પિન કોડ - ૩૮૨૦૨૩*
*મો. - ૯૯૭૮૪૦૫૮૩૫*





"અયોધ્યા આગમન"
શીતલ પી. સરવૈયા
મો. 9426165417



"ગરવી ગુજરાતણ"
જસ્મિન દવે
મો. 9909955117

# નવલિકા સંપુટ

- મોહમ્મદ માંકડ
- ડૉ. દિનકર જોષી
- વર્ષા અડાલજા
- રજનીકુમાર પંડ્યા
- કેશુભાઈ દેસાઈ
- ડૉ. ચંદ્રકાન્ત મહેતા
- રમેશ ર. દવે
- રાઘવજી માધડ
- રમેશ ત્રિવેદી
- ભી. ન. વણકર
- નીતિન ત્રિવેદી
- નટવર પટેલ
- દશરથ પરમાર
- અલતાફ પટેલ
- નવટર ગોહેલ
- અવિનાશ પરીખ
- પ્રવીણ ગઢવી
- ડૉ. સ્વાતી નાયક
- રેખાબા સરવૈયા
- દર્શના ભગલાણી
- પિનાકિન દવે
- પ્રફુલ્લ કાનાબાર
- સંજય થોરાત 'સ્વજન'
- ગિરીશ ભટ્ટ
- રાજ ભાસ્કર
- પરીક્ષિત જોશી
- પ્રેમજી પટેલ
- અન્નપૂર્ણા મેકવાન
- આશિષ અજિતરાય આચાર્ય
- ડો. અનિલ ચૌહાણ
- મનિષા રાઠોડ
- રાજેશ વણકર
- ડૉ. અશ્વિન વસાવડા


"દીપજ્યોત"
ડો. અશોક જી. પટેલ
મો. 9428811003

# પચ્ચીસ વરસ પછી...

*- મોહમ્મદ માંકડ*

**અ**મૃતલાલની દુકાન સ્મશાન જવાના રસ્તે, સ્મશાનથી થોડે દૂર હતી. આમ તો સ્મશાન ગામ બહાર હતું પણ આઝાદી પછી વસતિમાં ભારે વધારો થતાં ગામ લંબાઈ લંબાઈને સ્મશાન સુધી પહોંચી ગયું હતું એટલે હવે અંદર - બહાર જેવું ખાસ કશું રહ્યું નહોતું.

અમૃતલાલ સવારમાં આઠના ટકોરે દુકાન ખોલતો અને રાત્રે નવ વાગ્યે બંધ કરતો. વચ્ચે બપોરના સમયે ઉતાવળો ઉતાવળો ઘેર જઈને જમી આવતો. છેલ્લાં પચીસ વર્ષથી એનો આ જ ક્રમ હતો. બપોરના જમવા માટે જાય ત્યારે એનો ભાઈ હિંમત દુકાન સાચવતો, પણ પાંચેક વર્ષ પહેલાં હિંમત ધંધુકા ચાલ્યો ગયો હતો. ત્યાં જઈને પોતાની સ્વતંત્ર દુકાન કરી હતી, ત્યારથી અમૃતલાલને નોકર ઉપર આધાર રાખવો પડતો હતો. પાંચ વર્ષમાં અમૃતલાલે ચાર નોકર બદલ્યા હતા. કોઈના કામથી એને સંતોષ થતો નહોતો. 'જુવાન છોકરાઓ કામચોર થઈ ગયા છે. આ ઉંમરે દિલ - દગડાઈ કરે છે, એમનું મોટી ઉંમરે કોણ જાણે શું થશે !' એ અફસોસ કરતો. પણ નોકર વિના હવે એને ચાલે એમ નહોતું. નોકર ઉપરાંત એનો દીકરો મેહુલ પણ એને મદદ કરવા અને કામ શીખવા દુકાને આવી બેસતો પરંતુ થોડા વખત પછી એની પરીક્ષા આવવાની હતી એટલે અમૃતલાલની પત્ની જમનાએ દીકરાને દુકાને બેસવાની મનાઈ કરી દીધી હતી. અમૃતલાલ પત્નીને આજના ભણતરની પોકળતા વિશે સમજાવી શકે તેમ હતો પણ બૈરાં સાથે નકામી માથાઝીક કરવામાં સમય બગાડવાના બદલે મેહુલની અવેજીમાં એક નવો છોકરો રાખી લેવાનું એમે નક્કી કર્યું હતું. અને રાખી પણ લીધો હતો.

આજે એ છોકરા રસિકોનો પહેલો દિવસ હતો. સવારે અમૃતલાલે દુકાન ખોલી એ પહેલાં જ એવીને એની રાહ જોતો હતો. અમૃતલાલ ખુશ થયો.

અમૃતલાલે દુકાન ખોલી પછી વીસ મિનિટે એનો બીજો નોકર કાન્તિ આવ્યો. અમૃતલાલે એને ઘડિયાળ બતાવી. કાંતિ હસીને નીચું જોઈ ગયો, પણ ધીમેથી બોલી પણ ગયો, 'મારી પાસે ઘડિયાળ નથી.'

'પગાર તો હું તને પૂરો આપું છું.' અમૃતલાલે કહ્યું. 'ઘડિયાળ ખરીદી લેવાની. હવે તો બહુ સસ્તી આવે છે !'

કાન્તિએ એનો જવાબ આપ્યો, પણ અમૃતલાલે સાંભળ્યો નહીં. ઘરાકી શરૂ થઈ ગઈ હતી.

કેટલીક વાર તો અમૃતલાલ દુકાન ખોલે એ પહેલાં જ ઘરાકો એની દુકાન પાસે આવીને ઊભાં રહતા. કરિયાણું અને બીજી અનેક પરચૂરણ ચીજો વેચનાર અમૃતલાલ ઘરાક સાચવવામાં બહુ ચોક્કસ હતો. કોઈ ઘરાકને એ ભાગ્યે જ નારાજ કરતો. એટલે તો સ્મશાનની નજીક એની દુકાન હોવા છતાં ઘરાકી ઘણી સારી રહેતી હતી. સવારથી જ ચા, ખાંડ, રાઈ, મેથી,સાબુ, સોડા અનેક વસ્તુઓની માંગ શરૂ થઈ જતી. એનું એક કારણ એ પણ હતું કે સ્મશાનથી થોડે દૂર હરિજનવાસ હતો અને ત્યાંનાં બધાં જ ઘરાકો વર્ષોથી અમૃતલાલને ત્યાં જ આવતાં હતાં. પચીસ વર્ષ પહેલાં અમૃતલાલે દુકાન શરૂ કરી ત્યારે એના વડીલો એના ઉપર હસતા હતા : 'અલ્યા, સ્મશાન પાસે પરચૂરણ વસ્તુઓ ખરીદવા કોણ આવશે ? સ્મશાન પાસે તો ખાંપણની દુકાન ચાલે. કરિયાણાની ને ગાંધિયાણાની નહીં.'

પણ અમૃતલાલની દુકાન ચાલી હતી. અને બહુ સારી ચાલી હતી. વેપારમાંથી એ કાંઈ કરોડો રૂપિયા કમાયો નહોતો પણ આબરૂભેર જીવી શકાય એટલું તો કમાયો જ હતો. નાનકડા શહેર જેવા એ ગામમાં એની સારી એવી આબરૂ હતી. એના પાડોશીઓ એને શેઠ કહીને સંબોધતા હતા. પાડોશમાં એનું ઘણું માન હતું.

એકાદ કલાક વીત્યો હશે અને રસ્તા ઉપર રામ બોલો ભાઈ રામ સંભળાયું. નવો નોકર રસિક સાબુના બાંધામાંથી ત્રણ સાબુ કાઢીને અમૃતલાલને આપવા જતો હતો. રામ બોલો સાંભળીને એ અટકી ગયો. અને રસ્તા ઉપર જોવા લાગ્યો.

અમૃતલાલનું ધ્યાન એ તરફ ગયું, સાબુ લેવા આવેલી છોકરી રાહ જોઈને ઊભી હતી. 'એ છોકરા' અમૃતલાલે રસિકને ટકોર કરી, 'ઘરાક ખોટી થાય છે.' અને એ નજીક આવ્યો એટલે કહ્યું, અહીં તો આ રોજનું થયું. સાંજ પડયે સો વાર તને રામનું નામ સાંભળવા મળશે. ઉદ્ધાર થઈ જશે. સમજ્યો ? બાકી ધ્યાન કામમાં રાખવાનું'

રસિકના ચહેરા ઉપર મૂંઝવણ હતી. હજી રહી રહીને રસ્તા ઉપર એ નજર નાખી રહ્યો હતો.

વરિયાળી લેવા આવેલા એક માણસને અમૃતલાલે પૂછ્યું, 'કોણ ગયું ? ખબર છે ?'

'મને ખબર નથી.' પેલાએ કહ્યું અને અમૃતલાલ તોલ કરતો હતો એમાંથી થોડી વરિયાળી મોઢામાં મૂકીને ફિલસૂફની અદાથી કહ્યું, 'પણ થોડું કોઈ અમર રહે છે ? નામ એનો નાશ તો છે જને ?'

'અમૃતલાલે માથું હલાવ્યું અને બીજા ઘરાકને પૂછ્યું, 'રામુબે'ન તમારે શું જોઈએ છે ?

પણ રામુની નજર દૂરથી આવતી બીજી નનામી તરફ હતી. અમૃતલાલે ચહેરો ફેરવીને એ તરફ જોયું.

નવો છોકરો રસિક તરત જ બોલી ઊઠ્યો, 'કોઈ બાઈ મરી ગઈ લાગે છે ! નનામી ઉપર ચૂંદડી દેખાય છે.

અમૃતલાલે એની સામે જોયું. થોડી વાર જોઈ રહ્યો. કાંઈક કહેવાની ઈચ્છા થઈ પણ બોલ્યો નહીં. એના બદલે કાન્તિને એણે કહ્યું, 'મગનભાઈને એક કિલો ખાંડ આપજે.'

સ્ત્રીની નનામી આવીને પસાર થઈ ગઈ. વાહનોના અને માણસોના અવાજો વચ્ચે થોડી વાર રામ રામ સંભળાયું પણ પછી પાણીમાં પથ્થર ડૂબી જાય એમ એ અવાજ બીજા અવાજોમાં ડૂબી ગયો અને વિલાઈ ગયો. માત્ર રસિક - ઊંચોનીચો થતો રહ્યો અને સ્મશાન તરફ જતી નનામી સામે જોઈને અકળાતો રહ્યો.

અમૃતલાલે એની સામે ત્રણ - ચાર વાર જોયું અને એની અકળામણ જોઈને થોડી રમૂજ પણ અનુભવી : 'અલ્યા, બહુ વિચાર ન કરીશ, નહીં તો..'

દિવસ આગળ વધતો ગયો, ઘરાકી વધતી ગઈ અને પછી ધીમી પડતી ગઈ.

બાર વાગ્યા. એક વાગ્યો. અમૃતલાલે કાન્તિને કહ્યું, 'તમે બે જણા દુકાન સાચવો હું ઝડપથી જઈને જમી આવું.' અને સાઈકલ લઈને એ જમવા નીકળ્યો.

એકાએક એને જમનાના શબ્દો સાંભરી ગયા, 'એકાદ સ્કૂટર લઈ લો ને. શા માટે સાઈકલને પેડલ મારીને છાતી તોડો છો ? ભગવાને ઘણું આપ્યું છે. રૂપિયા કોઈ ઘરે બંધાવવાનું નથી.' જમનાના એ શબ્દોને એ હસી કાઢતો. પણ અત્યારે સાઈકલ ઉપર બેસતી વખતે કોણ જાણે કેમ એ શબ્દો યાદ આવી ગયા, અને સાથે સાથે પેલી બે નનામી અને રામ બોલો ભાઈ રામ પણ સાંભરી ગયું.

એણે કહ્યું હતું એમ જ જમીને ઝડપથી પાછો ફર્યો એટલું જ નહીં, દુકાનમાં અગરબત્તી ખૂટવા આવી હતી એટલે વચ્ચે નટવરલાલ કંપનીમાં ડોકિયું કરીને પાંચ ડઝન અગરબત્તીનાં બૉક્સનો ઑર્ડર પણ આપતો આવ્યો.

સામાન્ય રીતે કંપનીવાળાનો નોકર માલ પહોંચાડી જતો પણ આજે એમના ચાર નોકર એક સાથે તાવમાં પટકાયા હોવાથી માલ લેવા માટે એણે કાન્તિને મોકલવાનો વિચાર કર્યો. હજી બપોર હતી એટલે ઓછી ઘરાકીના આ સમયે કાન્તિ જઈ શકે તેમ હતો. દુકાને પહોંચીને તરત જ એણે કાન્તિને મોકલી દેવાનું નક્કી કર્યું.

પણ દુકાને પહોંચ્યો ત્યારે કોણ જાણે કેમ એ વાત જ એનાથી વીસરાઈ ગઈ. ચોકમાં જઈને દુકાન તરફ વળ્યો ત્યારે એની આગળ જ એક નનામી જતી હતી ! એ જોતાં જ એના બધા વિચારો ડહોળાઈ ગયા.

આમ તો, આ કોઈ ખાસ નવી વાત નહોતી, પણ... એને રસિક સાંભરી ગયો ! આજે સવારના પહોરમાં નનામી જોઈને એ છોકરો એવી રીતે અકળાઈ ગયો હતો - મોતથી એવી રીતે ભડકી ગયો હતો કે... અમૃતલાલ પોતે...

અને નનામીની પાછળ પાછળ એ દુકાને પહોંચ્યો ત્યારે દુકાનના ઉંબરામાં ઊભો રહીને રસિક ફિક્કા, ડઘાઈ ગયેલા ચહેરે રસ્તા પરથી પસાર થતી નનામી સામે જોઈ રહ્યો હતો. કોણ જાણે કેમ અમૃતલાલને ક્રોધ ચડી ગયો. બહુ ક્રોધ ચડી ગયો. પણ રસિકને એણે એટલું જ કહ્યું, 'કામમાં જીવ પરોવ. બહાર ડોકિયાં ન કર.'

બપોર નમ્યા. વળી ઘરાકી શરૂ થઈ. એક ઘરાકે અગરબત્તીનું પૅકેટ માગ્યું. અમૃતલાલને એકાએક જ નટવરલાલ કંપનીવાળી વાત સાંભરી ગઈ. કાન્તિને એણે કહ્યું, 'કાન્તિ, દુકાનેથી છૂટીને તું ઘેર જા ત્યારે નટવરલાલ કંપનીવાલાને ત્યાંથી અગરબત્તીનાં પૅકેટ લેતો જજે અને કાલે સવારે આવે ત્યારે લેતો આવજે. નટવરલાલને મેં કહી દીધું છે.' અને થોડી વાર રહીને ઉમેર્યું, 'નટવરલાલના ચાર નોકર તાવમાં પટકાઈ પડ્યા છે !'

'મને ખબર છે.' કાન્તિ બોલ્યો, 'એમનો નોકર ચંદુ તો અમારી પાડોશમાં જ રહે છે. ગઈ કાલે એક સો ને છ ડિગ્રી તાવ ચડી ગયો હતો. ડૉક્ટર કહે છે કે ઝેરી મેલેરિયા છે. સરકારી દવાખાનામાં દાખલ કર્યો છે.'

'રસિકે ધીમેથી કાન્તિને પૂછ્યું : 'હમણાં કોની નનામી ગઈ ?' એ સાવ ધીમેથી બોલ્યો હતો છતાં અમૃતલાલ એ સાંભળી ગયો. બોલ્યો, 'પંદરેક વર્ષનો છોકરો એક પબ્લિક કેરિયરવાળાની અડફેટમાં આવી ગયો હતો.' અને હસીને બોલ્યો, 'એમ માનને કે મોતની અડફેટમાં જ આવી ગયો !' પણ એકાએક પોતાનું એ હાસ્ય એને વરવું લાગ્યું. એ અટકી ગયો. ગંભીર થઈ ગયો. રસિકની સામે જોઈ રહ્યો. છોકરો લગભગ રસિક જેવડો જ હશે... પણ મોત પાસે નાનું શું કે મોટું શું !

સમય ધીમે ધીમે પસાર થવા લાગ્યો. અમૃતલાલને લાગ્યું કે આજે સમય સાવ હળુહળુ ચાલતો હતો. ઘરાકી આજે સારી હતી કદાચ વધારે સારી હતી છતાં અમૃતલાલને એનો કોઈ ઉત્સાહ નહોતો. સામાન્ય રીતે ઘરાકી વધે ત્યારે એનો કામ કરવાનો ઉત્સાહ વધી જતો. પણ આજે મન કામમાં ચોંટતું નહોતું. અવારનવાર એ રસિક સામે જોયા કરતો હતો અને એના નિસ્તેજ ચહેરા ઉપરનો ડર જોઈને પોતે અકળાઈ જતો હતો. હાથમાંનું કામ ભૂલી જતો હતો. એક ઘરાકે એની પાસે ગુલાબછાપ ચા માગી ત્યારે કાન્તિને એણે કહ્યું : 'ભાઈને ગુલાબછાપ પાણીનું પૅકેટ આપજે.

કાન્તિ શેઠ સામે જોઈ રહ્યો.

'આમ બાઘા જેમ શું જુએ છે ? સંભળાતું નથી ?'

પેલા ઘરાકે કહ્યું : 'તમે એને પાણીનું પૅકેટ આપવાનું કહ્યું એટલે એ બિચારો તમારી સામે જુએ નહીં તો શું કરે ?'

અમૃતલાલે કપાળ ઉપર હાથ મૂક્યો, અને પછી હસી પડ્યો. પણ હસતાં હસતાં વળી એનાથી રસિક સામે જોવાઈ ગયું. એના ચહેરા ઉપર બીક ઘૂંટાઈ ઘૂંટાઈને ઘેરી બની હતી. અમૃતલાલને કહેવાનું મન થયું, અલ્યા એમ સોગિયું મોઢું કરીને ઊભો ન રહે. તારો ચેપ અમને લાગશે !

પણ એ વખતે એના સ્વર્ગસ્થ પિતાના ખાસ મિત્ર, એના વડીલ અનવરચાચા આવીને ઊભા રહ્યા. 'કેમ કાકા, આમ ક્યાં ડૉક્ટર દોશીસાહેબના દવાખાને જાઓ છો ?'

'ના, ભાઈ. હું તો કબ્રસ્તાનેથી પાછો ઘેર જાઉં છું. મારે અગરબત્તીનું પૅકેટ જોઈએ છે. '

અમૃતલાલે પોતે ઊભા થઈને એમને અગરબત્તીનું પૅકેટ લાવી આપ્યું. કબ્રસ્તાનનો ઉલ્લેખ સાંભળીને પૂછવાનું મન થયું કે કાકા કબ્રસ્તાને શું કામ ગયા હતા ? પણ કોણ જાણે કેમ એવું પૂછવાની ઇચ્છા ન થઈ — હિંમત જ ન થઈ.

પણ અનવરચાચાએ અગરબત્તીનું પૅકેટ લેતી વખતે સામેથી કહ્યું, 'ઇબ્રાહિમ મેમણ ગુજરી ગયો !'

'હેં ! 'અમૃતલાલથી હેંકારો થઈ ગયો. 'ઇબ્રાહિમ તો મારો ભાઈબંધ. મારી સાથે ભણતો. પરમ દિવસે તો હજી.'

'પરમ દિવસની ક્યાં વાત કરે છે, ભાઈ. આજે સવારે તો રાતી રાણ જેવો હતો. દુકાનેથી બપોરે ઘેર જમવા ગયો. જમવા બેઠો ત્યારે પણ કાંઈ નહોતું. એકાએક છાતીમાં દુખવા આવ્યું. હાથમાં કોળિયો હતો એ પડી ગયો. અને તરત જ એ પણ ઢળી પડ્યો, હાર્ટ ફેલ !

અમૃતલાલના હોઠ ધ્રૂજવા લાગ્યા. કાંઈક બોલવા એણે કોશિશ કરી પણ બોલી ન શક્યો.

દુકાન પાસે ઊભા હતા એ ગ્રાહકોમાંથી એક જણ બોલ્યો, 'શરીરનો શું ભરોસો !'

'સાચું છે.' બીજાએ કહ્યું, 'શાસ્ત્રોમાં કહ્યું જ છે ને કે કાયા કાચી માટીનો કુંભ છે !'

'હું જાઉં, ભાઈ.' અનવરચાચાએ અમૃતલાલને કહ્યું. અને જતાં જતાં પૂછી લીધું, 'તારી તબિયત તો સારી છે ને, ભાઈ ?'

'એકદમ, ઘોડા જેવી.' અમૃતલાલે કહ્યું. અને ઘોડો હણહણે એમ હસ્યો. પણ વળી તરત જ અટકી ગયો.

ગ્રાહકો સાથેની લેવડદેવડ ચાલુ હતી. અમૃતલાલને ઇબ્રાહિમ સાંભરવા લાગ્યો. મા પોતાના રડતા છોકરાને થપથપાવીને ઊંઘાડી દેવા કોશિશ કરે એમ ઇબ્રાહિમ સાથેનાં સ્મરણોને ઢબૂરી દેવા એ બોલવા લાગ્યો : 'ભગવાન આજે ઘણાને બોલાવી લેવા માગતો લાગે છે !' એણે રસિક સામે જોયું, પણ એ બીજી તરફ જોઈ રહ્યો હતો એટલે વિચિત્ર રીતે હસીને બે - ત્રણ ઘરાકો સામે જોયું અને હાથમાં હતું એ પડીકું બાંધતાં બાંધતાં બોલવાનું ચાલુ રાખ્યું : 'આપણે ત્યાં જ્યારે પરણ-વા ફૂંકાય છે ત્યારે એક જ તિથિએ ધોક બંધ લગ્નો ગોઠવાય છે. આજે મરણ-વા ફૂંકાયો લાગે છે. આજની તિથિ મરણતિથિ લાગે છે !

એ બોલ્યો તો ખરો, બોલીને હસ્યો પણ ખરો, પરંતુ ત્યાં હતા એમાંથી કોઈએ કશો જ પ્રતિભાવ આપ્યો નહીં. એ મૂંગો થઈ ગયો. ઇબ્રાહિમ... એનો જૂનો ભાઈબંધ. એની જ ઉંમરનો... ઉધરસ ખાઈને એણે ગળું સાફ કર્યું. ઇબ્રાહિમ કાયા કાચી માટીનો કુંભ છે...

ઘરાકી એટલી હતી કે એ બાબતમાં વધુ વિચાર કરવાની, ફુરસદ મળી શકે તેમ નહોતી અને છતાં ઇબ્રાહિમના વિચારો વચ્ચે વચ્ચે ઝબકી જતા હતા. ક્યારેક કાન્તિ સામે, ક્યારેક કોઈક ઘરાક સામે, ક્યારેક રસિક સામે એ જોઈ લેતો હતો. તડામાર કામ કરતો હતો.

એક વાર રસિક સામે જોયું તો રસિક જ નહોતો ! - હેં ! રસિક એકાએક !... બિચ્ચારો !

તરત જ કાન્તિને એણે પૂછ્યું, 'રસિક...'

'પેશાબ કરવા ગયો.' કાન્તિ બોલ્યો, 'મને કહીને હમણાં જ ગયો.'

અમૃતલાલને કહેવાનું મન થઈ ગયું : અહીં દુકાનમાં જ પેશાબ કરી લેવો'તો ને. આવી ઘરાકીના ટાઇમે ?... પણ સારું થયું કે એ બોલ્યો નહીં. પોતાના વિચારથી પોતે જ ઝબકી ગયો ! ફરી કામ કરવા લાગ્યો. ઇબ્રાહિમની ઉંમર... પણ હાર્ટ એટેક... એ તો ગમે તે ઉંમરે આવી શકે... મોત પણ ગમે તે ઉમરે આવી શકે... અને કેટલીક તિથિ જ એવી હોય છે... મરણતિથિ...

ઠીકવાર થઈ છતાં રસિક આવ્યો જ નહીં. કાન્તિને એણે કહ્યું, 'મને લાગે છે કે રસિક...!!'

'મને પણ એમ જ લાગે છે.' કાન્તિ બોલ્યો, 'એ નહીં આવે.'

'છોકરો બી ગયો.'

કાન્તિ કશું બોલ્યો નહીં.

'આપણે તો રોજનું થયું, 'અમૃતલાલે કહ્યું.

'હા, પણ આજે તમે કહો છો એમ... મરણતિથિ લાગે છે !'

અચાનક દૂર નાકા પાસે કોલાહલ થવા લાગ્યો. કાન્તિ એ તરફ જોવા લાગ્યો. બીજો દિવસ હોત તો કાન્તિને એણે કહ્યું, હોત કે ઘરાકનું ધ્યાન રાખ. પણ આજે એ પોતે પણ ડોક લંબાવીને જોવા લાગ્યો. થોડા ગ્રાહકો હતા એ પણ જવા લાગ્યા. નક્કી કોઈક ગયું !

એને એમ હતું કે હમણાં રામ બોલોનો અવાજ આવશે, અથવા તો...

પણ નાકા તરફથી આવતા એક માણસે સમાચાર આપ્યા, 'એક રખડતો બોકડો બસની હડફેટે આવી ગયો !!'

'મરી ગયો ?' અમૃતલાલે પૂછ્યું.

'ના, બચી ગયો.' પેલાએ કહ્યું.

'તો ઠીક.' અમૃતલાલ બોલ્યો. પણ તરત જ એને થયું કે એ એવું કેમ બોલ્યો ?

દુકાન પાસે ઊભા હતા એ ઘરાકોમાંના કેટલાક, 'આ રખડતા બકરાનો ને કૂતરાનો ત્રાસ ક્યારે જશે ? તો બીજા વળી વાહનો ચલાવનારા સાવ બેફામ બનીને ચલાવે છે, એનું કાંઈક કરવું જોઈએ ' એમ અંદરોઅંદર દલીલો કરવા લાગ્યા. અને અમૃતલાલ મૃત્યુના વિચારે ચડી ગયો.

રાતના આઠ વાગ્યા. સાડા આઠ થયા. નવ થયા. રસિક ન આવ્યો તે ન જ આવ્યો. અમૃતલાલે દુકાન વધાવી લીધી. કાન્તિને રવાના કર્યો અને નટવરલાલ કંપનીમાંથી અગરબત્તીનાં પૅકેટ લઈ લેવાનું ન ભુલાય એવી ભલામણ પણ કરી દીધી. સિલક સંભાળી લીધી. અને ઘરનો રસ્તો લીધો.

પણ આજે કોણ જાણે કેમ, સાઇકલ ઉપર ન ફાવ્યું. થોડે દૂર જઈને સાઈકલ ઉપરથી એ ઊતરી ગયો. ખાસ કાંઈ થતું નહોતું પણ ઇબ્રાહિમ સાંભરતો હતો. અને એને સંભારતાં સંભારતાં સાઇકલ ચલાવવાનું ફાવતું નહોતું. ચાલતાં ચાલતાં એ ઇબ્રાહિમને સંભારવા લાગ્યો. એની ઉંમર કાંઈ બહુ મોટી નહોતી પણ હાર્ટ એટેકનું તો એવું છે ને... ડૉક્ટર દોશી કહે છે કે બેઠાડુ જિંદગી અને ઉતાવળ એ બે હાર્ટના મોટા દુશ્મનો છે... પણ એમ તો અમૃતલાલની જિંદગી પણ...

કાલે વળી પાછો કોઈક નવો છોકરો શોધવો પડશે. રસિક છોકરો... આમ સારો હતો પણ... ડરી ગયો. જો કે આજે એક સાથે... અને હજી તો નવ વાગ્યા છે. હજી તો આજના દિવસની આખી રાત બાકી છે... કોણ જાણે બીજાં કેટલાં...

એકાએક અમૃતલાલને કાંઈક થવા લાગ્યું. સાઈકલ ઉપરની પકડ ઢીલી થવા લાગી. શરીરે પરસેવો વળવા લાગ્યો. થોડે સુધી તો સાઈકલ ખેંચી પણ પછી એક બાજુ મૂકીને એક ઓટા ઉપર બેસી ગયો. છાતીમાં કાંઈક થતું હતું. ઓડકાર આવે તો સારું એમ થયું, પણ ઓડકાર આવ્યો નહીં. સિલકની થેલી બાજુમાં મૂકી. પરસેવો વધુ વળવા લાગ્યો. પ ણીના તળિયેથી પરપોટો ઉપર આવે એમ ઈબ્રાહિમ સાંભરી ગયો. પાછળની દીવાલનો ટેકો લેવા એણે કોશિશ કરી, પણ... એક તરફ એ ઢળી ગયો. ઈબ્રાહિમ ટ્રાફિક સિગ્નલની જેમ એના મનમાં ઝબકતો હતો.

'કોણ અમૃતલાલ ?' કોઈક બોલ્યું અને નજીક આવીને એને સ્પર્શ કર્યો.

અમૃતલાલને બોલવાની ઈચ્છા થઈ પણ બોલી નહીં શકાય એમ લાગ્યું.

'અમૃતલાલ.' આવનારે એને ઢંઢોળ્યો અને બાજુમાંથી પસાર થતી એક રિક્ષાને રોકીને કહ્યું, 'સરદાર સોસાયટીમાં અમૃતલાલના ઘેર જવાનું છે. નીચે ઊતરીને જરા ટેકો કર.

'રિક્ષાવાળાએ અને અમૃતલાલની નજીક આવનાર માણસે ટેકો આપીને અમૃતલાલને રિક્ષામાં બેસાડ્યો. રિક્ષામાં બેઠો ત્યારે જ અમૃતલાલને ખાતરી થઈ કે એ જીવતો હતો અને ત્યારે જ ખ્યાલ આવ્યો કે એની પાસે આવનાર એના પાડોશી મગનલાલ હતા. મગનલાલ સામે જોઈને એણે લાચાર ગરીબડું હાસ્ય કર્યું.

'તમે જાવ' મગનલાલે કહ્યું, 'હું સાઈકલ લઈને આવું છું. અને બને તો ડૉક્ટર દોશીસાહેબને બોલાવતો આવું છું.' અમૃતલાલના ખભે સ્પર્શ કરીને પૂછ્યું : 'ડૉક્ટરને બોલાવતો આવું ને ?'

અમૃતલાલે માથું હલાવીને હા કહી. બોલ્યો નહીં. સાવ ઢીલો, કોથળા જેવો થઈ ગયો હતો.

ડૉક્ટર દોશીએ અમૃતલાલને ત્યાં આવીને એની તબિયત તપાસી. પલ્સ લીધી, બ્લડ પ્રેશર ચેક કર્યું, છાતી તપાસી, પેટ તપાસ્યું, કાર્ડિયોગ્રામ લીધો. અમૃતલાલ સૂતો હતો. ડૉક્ટરે કહ્યું, કાર્ડિયોગ્રામ સરસ છે. બ્લડ પ્રેશર અને પલ્સ પણ નોર્મલ છે.

અમૃતલાલની છાતી ઉપરથી એકાએક જાણે કોઈએ મોટો ભાર લઈ લીધો. એ બોલ્યો, 'એટલે... ?'

ડૉક્ટરે એને તકિયાનો ટેકો લઈને પથારીમાં બેસવાનું કહ્યું, 'તમારા મન ઉપર કદાચ કાંઈક ટેન્શન હશે. બ્લડ પ્રેસર એકદમ ઓછું થઈ ગયું હશે. કદાચ, ગૅસ પણ હોય.'

'હું તો કહું જ છું કે ટેન્શન ન રાખો.' જમના બોલી, 'પણ દુકાન ને વેપાર એમના ગળે વળગ્યાં છે.

'બીજો કોઈક દિવસ હોત તો અમૃતલાલ કહેત કે તું મૂંગી રહે. પણ કશું બોલવાના બદલે એ માત્ર હસ્યો.'

ટેન્શન ન રાખવું, સમજ્યા ? ડૉક્ટરે કહ્યું, 'ખોટા વિચારો ન કરવા. ઉતાવળે જમવાની ને દોડાદોડી કરવાની ટેવ છોડી દેવી...'

હું કહું છું કે બપોરે થોડો આરામ કરો. 'જમના બોલી, પણ એ તો આમ આવ્યા.' એણે ચપટી વગાડી 'ને જમીને આમ ભાગ્યા !'

અમૃતલાલે એના સામે જોયું ને કહ્યું, 'ડૉક્ટરસાહેબને પૂરું બોલવા તો દે.' અને વળી હસી પડ્યો.

'હું જે કહું છું એ જ ડૉક્ટરસાહેબ કહેવાના છે. ટેન્શન ઓછું રાખો. બરાબર ને સાહેબ ?' જમનાએ ડૉક્ટરને પૂછ્યું.

ડૉક્ટર દોશી હસી પડ્યા. કાગળ અને પેન લઈને દવાઓ લખવાનું એમણે શરૂ કર્યું અને અમૃતલાલને પૂરું એક અઠવાડિયું આરામ લેવાનું કહીને ફીના યોગ્ય પૈસા લઈને ફરી જમના સામે અને અમૃતલાલ સામે હસીને રવાના થયા.

એ જતા હતા ત્યારે અમૃતલાલે એમને રોક્યા : 'બીજું કશું તો તમને લાગતું નથી ને સાહેબ ?' હવે એ બરાબર બાલી શકતો હતો.

'બીજું કશું એટલે ?' ડૉક્ટરે પૂછ્યું.

'હાર્ટ એટેક કે એવું...'

ના, ભાઈ ના, એવું હોય તો હું છુપાવું ખરો ?

'મને પરસેવો વળતો હતો અને અશક્તિ બહુ લાગતી હતી...'

'અત્યારે અશક્તિ લાગે છે ?'

'ના.'

છતાં મેં તમને એક અઠવાડિયું આરામ લેવાનું તો કહ્યું જ ! ડૉક્ટર તરીકેની મારી ફરજ હું બરાબર સમજું છું.

'એ તો છે જ ને સાહેબ.' અમૃતલાલે કહ્યું. 'તમે કહેશો તો હું તો પંદર દિવસ, અરે, મહિનો આરામ લઈશ.'

ના. એક અઠવાડિયું 'ડૉક્ટરે કહ્યું અને હસીને ચાલ્યા ગયા.'

ડૉક્ટરની સલાહ પ્રમાણે અમૃતલાલે પૂરું એક અઠવાડિયું આરામ કર્યો. પણ અઠવાડિયું પૂરું થયા પછી એ દુકાને ન ગયો. પચીસ વરસથી જમાવેલી દુકાન એણે બદલી નાખવાનો નિર્ણય કર્યો અને મેઈનરોડ ઉપર નવી દુકાન લઈ પણ લીધી.

બીજાને તો ઠીક, જમનાને પણ એથી નવાઈ લાગી. એણે કહ્યું, 'એવું હોય તો એક સ્કૂટર લઈ લો. અરે, આવવા-જવા માટે રિક્ષા બંધાવી લો, પણ આટલાં વરસની જામેલી દુકાન શા માટે બદલો છો ?

પણ અમૃતલાલ ટસનો મસ ન થયો. જૂની દુકાન એણે ખોલી નહીં તે ખોલી જ નહીં.

*૧૫૩/બી, રાજભવન સામે,*
*સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૦.*
*મો. ૯૮૨૫૦૨૦૩૬૩, ૯૪૨૮૮૧૪૨૮૦*

# ઢીમણું

*- ડૉ. દિનકર જોષી*

**બં**ગલો નાનકડો પણ બધી સઈ-સગવડવાળો. સવારથી નોકર - ચાકરની અવર-જવર વખત-સર શરૂ થઈ જાય. રસોઈ કરવાવાળા બહેન સવારનો ચા-નાસ્તો પણ કરે મેડમને સ્નાનાદિ દૈનિક કર્મ માટે આવનારી નર્સ પણ આવી જાય. પછી દવા-દારૂ શરૂ થાય. દરમિયાન ઘરની સાફ-સૂફી માટે આવતો નોકર પણ આવી જાય.

જનુભાઈ સાહેબ કોઈની મદદ વિના જ તૈયાર થઈ જાય. નાસ્તો કરીને લંચ-બોક્સ ગાડીમાં મુકાઈ જાય. એટલે મેડમ સાથે થોડીક વાતચીત કરે. ઑફિસે જવાની કોઈ જરૂર નહીં. પણ જનુભાઈ જાય. સાંજે ચાર વાગે તો પાછા ફરી જાય. ત્યાં સુધીમાં ક્યારેક માળી આવી જાય. બગીચાની સફાઈ કરે. જનુભાઈ આવી જાય એટલે નોકર-ચાકર પોત-પોતાનાં કામ પતાવીને જતા રહે. જો કે અવર-જવર ચાલુ હોય. કોઈ વાર ડૉક્ટર પણ આવે. કોઈ વાર એવું બને કે જનુભાઈના એક-બે મિત્ર કે પછી મેડમની કોઈ સખી પણ આવી ચડે. પણ બધું ઉપર-ઉપરથી અવર-જવર, અવાજ બહુ ઓછો સંભળાય. ક્યારેક મેડમને વ્હીલચેરમાં બેસાડીને એમની સેવામાં આખો દિવસ રહેતી નર્સ એને બગીચામાં ફેરવી પણ આવે. મેડમની કોઈ બીજી અવર-જવર હોય કે ન હોય.

વાત આમ હતી. મેડમ હરી-ફરી શકે એમ નહોતાં. ઘરમાં કોઈ ચીજનો અભાવ નહોતો. નોકર-ચાકરની અવર-જવર ચાલુ હોય. વચ્ચે-વચ્ચે થતી વાત-ચીતના જરૂરિયાત પૂરતા શબ્દો કાને પડે. એ સિવાયનો બંગલાના દરવાજે ઊભેલ ચોકીદાર રસ્તા પરના કોઈ કૂતરાને કે ઢોરને પડકાર કરીને દૂર હડસેલતો હોય એનો અવાજ આવે. રસ્તા પરથી પસાર થતાં વાહનોનો અવાજ પણ ખરો. કોઈ-કોઈ વાર મેડમ પાસે બેઠેલી નર્સને કહે પણ ખરાં - 'આજે, કેમ કોઈ બોલતું નથી ? ટી.વી., ટેલિફોન બધું શાંત ?' નર્સ હસે અને પછી ટી.વી. ઉપર કોઈ કાર્યક્રમ ચાલુ કરે. મેડમ રાજી થઈ જાય. કેટલા વખત પછી જાણે કોઈક અવાજ સાંભળ્યો.

જનુભાઈ સાહેબે ચોકીદાર અને બીજા સહુને સૂચના આપી રાખેલી. મેડમના કાન પાસે બિનજરૂરી ઘોંઘાટ ન થાય એની સંભાળ લેવી. આમ તો આ સૂચના મેડમની સારવારનો એક ભાગ હતી. લગ્ન જીવન તો લાંબું હતું. ખાસ્સાં વરસો વીતી ગયાં હતાં. બીજી બધી વાતે ભર્યું-ભર્યું હતું, ઉપરવાળાએ એક શેર માટીની ખોટ રહેવા દીધી હતી. જનુભાઈ તો આ ખોટથી ટેવાઈ ગયા હતા. મેડમ પણ આ શારીરિક અવસ્થા વચ્ચે હવે જાણે બધું આમ જ હોય એમ દિવસો પસાર કરી રહ્યા હતા.

તે દિવસે બારી-દરવાજાના કાચ લૂછવા માટે એક નોકર-બાઈ આવી હતી. એમાં કશું નવું ન હતું - સાથે ત્રણ-ચાર વર્ષના એક બાળકને પણ એ સાથે લાવી હતી. બાળકને બંગલામાં સાથે લઈને ન જવાય એટલી શિસ્ત તો એ પણ જાણતી હતી. ચોકીદાર પાસે જ બે-ત્રણ બાંકડા પડેલા હતા. પેલી બાઈએ બાળકને બાંકડા ઉપર બેસાડી દીધો અને પછી એના હાથમાં બે-ત્રણ તૂટ્યાં-ફૂટ્યાં રમકડાં પકડાવી દીધાં. બાળક રમકડાંના વળગણ વચ્ચે રમતે ચડી ગયો. એટલે પેલી બાઈએ ચોકીદારને કહ્યું - 'ભાઈ, આ બચ્ચાનું જરાકવાર ધ્યાન રાખજે. ક્યાંક દરવાજાની બહાર ન નીકળી જાય કે પછી બંગલાની અંદર ન આવે. એટલું જોજે. હું થોડીવારમાં કામ આટોપીને અંદર આવી જઈશ.'

પોતાના બાળકને લઈને અહીં કામકાજ માટે કોઈ નોકર-ચાકર આવતા નહોતા. બધા જ સમયસર આવી જતા અને સમયસર ચૂપ-ચાપ પોતાનું કામ આટોપીને જતા રહેતા. આ નાનકડું બાળક રમકડાં વચ્ચે ખોવાઈ ગયું એ જોઈને ચોકીદારને ગમ્યું. આમેય, ફરજના કલાકો દરમિયાન દંડો પછાડીને આમ-તેમ ફર્યા સિવાય એને કશું કામ તો હતું જ નહીં. એક નવું કામ હાથમાં આવ્યું છે. એવું જાણીને એ તત્પૂરતો તો રાજી પણ થયો હતો. બાળકને બાંકડા ઉપરથી નીચે ઉતારીને એણે પણ એની સાથે રમવા માંડ્યું.

કોણ દાવ લેતું હતું કે કોણ દાવ દેતું હતું. એ તો કોણ

જાણે. પણ ચોકીદાર સાથેની આ રમતમાં આ બાળક દોડતો બંગલાનાં પગથિયાં પાસે પહોંચી ગયો. ચોકીદારે દોડીને એ પગથિયા ચઢી ન જાય એ માટે એને રોક્યો પણ એ થોડોક મોડો પડ્યો હતો. ચોકીદાર એને પગથિયાં ચડતો અટકાવે એ પહેલાં જ એ એક-બે પગથિયાં ચડી ગયો હતો. હવે ચોકીદાર એને પકડી ન લે એ માટે એણે પોતાની ઝડપ વધારીને આગળ દોડ દીધી. બસ, માંડ આંખના પલકારા જેટલો સમય થોડોક આગળ-પાછળ થયો. ચોકીદાર એને પકડે એ પહેલાં જ એણે ચીસ પાડી. ઉપરા-ઉપરી બે-ત્રણ ચીસો પાડી અને પછી ત્રીજા પગથિયેથી એ નીચે પટકાઈ ગયો. પટકાવાના એના અવાજ સાથે ચોકીદારનો અવાજ પણ ભળી ગયો.

બન્યું એવું કે, બરાબર એ જ વખતે મેડમની સાર-સંભાળ લેનારી નર્સ મેડમને વ્હીલચેરમાં બેસાડીને એના ઓરડામાંથી બહાર લાવી રહી હતી. બાળકે ચીસ પાડી, પડી જવાના કારણે તરત જ મોટો ભેંકડો પણ તાણ્યો અને આ અધૂરું હોય એમ પાડેલ બાળકને ચોકીદારે ઊંચકી લીધો એ જોઈને બંગલાના બારી-દરવાજાના કાચ લૂછી રહેલી એની જનેતાએ એક હળવી ચીસ પાડીને દોટ પણ મૂકી. આ બધું અધૂરું હોય એમ અચાનક જે હો-હા થઈ ગઈ એના કારણે મેડમ પણ બહાવરી થઈ ગઈ હોય એમ પડતા બાળકને જોઈ રહી અને એણે પણ એક હળવી ચીસ પાડી દીધી. 'અરે, અરે, શું થઈ ગયું ? બચ્ચું પડી ગયું. જુઓ, જુઓ એના કપાળમાં ઢીમણું પણ ઊપસી આવ્યું છે.' મેડમ પોતે તો ઊભાં થઈને કશું કરી શકે એમ નહોતાં અને છતાં ઊભા થવાનો એક હળવો પ્રયત્ન પણ એણે કર્યો. બધાં જાણતાં હતાં કે ઊભા થવાનો આ પ્રયત્ન વ્યર્થ હતો. બાળકની માતાએ કૂદકો મારીને બાળકને ચોકીદારના હાથમાંથી ઊંચકી તો લીધું અને કપાળમાં ઊપસી આવેલા પેલા ઢીમણા ઉપર હાથ પણ ફેરવ્યો.

મેડમની પાસે જ દોડીને ઊભી રહી ગયેલી બીજી એક-બે નોકર સ્ત્રીઓ ગભરાઈ ગઈ. એમનો ગભરાટ કે મેડમ હવે નારાજ થશે. એવા ભયથી દોરવાયેલો હતો. ભૂતકાળનો અનુભવ એમને આવા ભય તરફ જ દોરી જાય એમ હતું.

'અરે, બધાં ટોળે વળીને જોયા શું કરો છો !' મેડમે પોતાની પરિચારિકા એવી નર્સની સામે જોઈને ઊંચા અવાજે કહ્યું - 'જોતા નથી બચ્ચાના કપાળે કેવું ઢીમણું થઈ ગયું છે ? ફ્રીઝમાંથી બરફ લાવીને એના કપાળે શેક કરો અને પછી એને અહીં ઉપર લાવીને પેલા સોફા ઉપર સુવાડી દો.'

મેડમનો આવો પ્રતિભાવ ત્યાં ઊભેલા સહુ કોઈ માટે સાવ અણધાર્યો હતો. મેડમ ગુસ્સે થયાં હોત, બાળકની માતાને ધમકાવી હોત કે પછી બાળકનું ધ્યાન ન રાખવા માટે ચોકીદાર ઉપર ગુસ્સે થયાં હોત. આ બધું અપેક્ષિત હતું. સહુ કોઈ પોત-પોતાની ધારણા મુજબ આવા કોઈક પ્રતિભાવની પ્રતીક્ષા જ કરી રહ્યાં હતાં. આથી સાવ વિપરીત મેડમે જે વર્તન કર્યું એથી જાણે બધાં હેબતાઈ ગયાં હતાં. પેલી નર્સ ફ્રીઝમાંથી બરફ લેવા માટે ઉતાવળે પગલે અંદર ચાલી ગઈ. અને બાળકની માના ગુનાહિત ભાવ સાથે બાળકને ખોળામાં લઈને પગથિયા ઉપર જ બેસી ગઈ. બાળક હજુ રડતું હતું અને એને માતાને હજુ એવો ભય લાગતો હતો કે મેડમ ગુસ્સે થશે.

'ચિંતા ન કરતી બાઈ,' મેડમે પેલી બાઈને સાંત્વના આપતાં કહ્યું. 'એને, ખાસ વાગ્યું નથી. બરફના શેકથી બેસી જશે. હવે કાલે...'

'કાલે હું એને નહીં લાવું મેડમ.' બાળકની માતાએ મેડમની ક્ષમા માંગતી હોય એમ કહ્યું.'

'ના, કાલે તું એને લઈને જ આવજે. એના માથામાં જો ક્યાંય વાગ્યું હો તો આપણે ડૉક્ટર પાસે પણ એને લઈ જશું. બીજું બધું તો ઠીક પણ તું એની મા છે !'

બંગલાની બધી જ દીવાલો ઉપર જાણે એક નવો પડઘો પહેલી જ વાર પ્રતિધ્વનિત થઈ રહ્યો હતો. બાળકના કપાળ ઉપર ઊપસી આવેલા ઢીમણા ઉપર એની જનેતા શેક કરી રહી હતી. પણ હવે ઢીમણું ક્યાંય દેખાતું નહોતું !

*૧૦૨-એ, પાર્ક એવન્યુ, એમ.જી. રોડ,*
*દહાણુકર વાડી, કાંદિવલી (વેસ્ટ),*
*મુંબઈ-૪૦૦૦૬૭. મો. ૯૯૬૯૫૧૬૭૪૫*



# તારી આંખોમાં

- વર્ષા અડાલજા

બંગલાની પોર્ચમાં કાર ઊભી રહી. ડ્રાઇવર બારણું ખોલે એ પહેલાં જસ્ટિસ મહેતા ઊતરી ગયા અને મોટું બોક્સ કારમાંથી લઈ જલદી પગથિયાં ચડી ઉપરાઉપર ડોરબેલ વગાડી. સુખાજી બે-ત્રણ શોપિંગબેગ્સ લઈ સાહેબની પાછળ ઊભો રહ્યો.

દરવાજો ખોલતાં રત્ના હસી પડી,

'આટલી અધીરાઈ ? સુખાજી તેં ગાડી દોડાવી હતી !'

અંદર આવું કે નહીં બોલતા જગમોહન અધીરતાથી અંદરના રૂમમાં ગયા.

'રત્ના, અર્જુન ઉપરનાં બેડરૂમમાં છો ?'

તરત જ રત્ના પાછળ આવી.

'પણ તમે જરા ધીરા તો પડો '!

એ પલંગ પર બેસી પડ્યા.

'એનો અર્થ એ કે અર્જુન ઘરમાં નથી.'

સુખાજી બહાર સોફા પર થેલીઓ મૂકી, અંદર તરફ સહેજ ડોકિયું કરી નીકળી ગયો. સાહેબ ઘરે આવતાંવેંત અર્જુનને જોયા વિના રહી શકતા ન હતા, એ જાણતો હતો. સાહેબ વકીલાતની પ્રેક્ટિસ કરતા હતા અને પહેલી ગાડી લીધેલી તે છેક ચીફ જસ્ટિસ મહેતા સુધીની સફરમાં એ સાહેબની સાથે. બદલીઓ થાય એમાં ઘરવખરી સાથે સુખોજી પણ હોય. રત્નાભાભીને બે કસુવાવડ પછી અર્જુનનો જન્મ. ત્યારે મીઠાઈ લેવા એ જ દોડેલો.

અત્યારે અર્જુન ક્યાં હશે એની કલ્પના હતી એને. એ લગભગ દોડતો બંગલાની પાછળના ભાગમાં ગયો.

'રત્ના, અર્જુન સંજુ સાથે રમવા ગયો છે ને !', મેં કેટલીવાર ના પાડી છે પણ...'

'જગમોહન.. તમે સમજો..'

'પણ તું કેમ સમજતી નથી ! આપણાં નોકરોના દીકરા સાથે રમવાનું ? એને કેવા સંસ્કાર પડે ! તમને બંનેને કેટલીવાર કહેવાનું !'

નિશ્ચલ શાંતિમાં, એક આછો વિશ્વાસ.

'તે દિવસ પહેલાં અર્જુનનો જન્મદિવસ ગયો, હું તો દિલ્હી હતો ને ! આવતીકાલની ટિકિટ આજની કરાવીને હું આવ્યો તો જોયું તો એ ની એ જ વાત.'

'આપણને જજીસ કૉમ્પ્લેક્સમાં એપાર્ટમેન્ટ મળતું ન હતું પણ આપણે આપણા આ જૂના ફેમિલિ બંગલોમાં રહેવાનું પસંદ કર્યુ. અહીં અર્જુનને રમવાની કોઈ કંપની નથી તમે જાણો છો.'

'એને માટે કેટલી બધી ગેમ્સ લાવું છું. સ્વિમિંગમાં જાય છે, કેટલી પ્રવૃત્તિઓ છે...'

રત્ના પતિની બાજુમાં બેસી એનો હાથ હાથમાં લઈ ઉમળકાથી પાછું ચુંબન કર્યું,

'રિલેક્સ, હજુ અર્જુનને દસ પૂરાં થયાં. એ બાળક છે ને, એની ઉંમરના મિત્રો સાથે રમવું વધારે ગમે.'

'રત્ના, તું જ છોને ચડાવે છે.'

'કેવી વાત કરો છો ! એવો વિચાર પણ કેમ આવ્યો તમને !'

સુખોજી દોડતો આઉટ હાઉસ આવ્યો. નાના આંગણાની ધૂળમાં બેસી અર્જુન સંજુ કોઈ ગેમ રમી રહ્યા હતા. ખાટલામાં બેસી જયા થાળીમાં કશું અનાજ વીણી રહી હોતી. સુખોજીને જોતાં એ ઊભી થઈ ગઈ.

'કંઈ કામ છે ભાભીને ? આવું ?'

'ના, ના. સાહેબ આવી ગયા છે ! અર્જુનને બોલાવે છે.'

તરત ગેમ બૉક્સમાં ભરતો અર્જુન ઊભો થઈ ગયો.

'પણ પપ્પા તો કાલે આવવાના હતા ને ! આજે આવી ગયા ? સૉરી સંજુ

તારે રમવું હોય તો રમ. આપણે કાલે રમશું !'

સંજુ ઊભો થઈ ગયો.

'ના. તારી ગેમ લઈ જા. તારા પપ્પા પાછા તને વઢશે. મારે નથી રમવું.'

જયાના ખોળામાં માથું મૂકી એ સૂઈ ગયો. સુખોજી અકળાયો.

'અર્જુનબાબા ચાલો, જલદી ચાલો.'

અર્જુન દોડી ગયો. જયા ચિડાઈ,

'એવું બોલાય સંજુ ?'

'પણ મમ્મી એમને તો હું ગમતો જ નથી.'

'ચૂપ, હમણાં તારા બાપુજી આવશે તો ઈ તને વઢશે.'

સંજુ ચૂપચાપ રીસમાં પીઠ ફેરવી ગયો.

'ભાભીએ શંભુને બજારે મોકલ્યો છે, હજી નથી આવ્યો ?'

'હાલ, આવતા હશે, બેસોને સુખોજી. ચા મૂકું ?'

'ના, સાહેબને કદાચ કંઈ કામ હોય તો.' જરા અટકીને ધીમેથી કહ્યું : સંજુને જરા સમજાવતી હો તો !'

સુખોજી પાછો વળ્યો, કંઈ કામ છે કે જાઉં એવું સાહેબને અત્યારે પૂછવામાં કોઈ સાર નહોતો. એણે પોર્ચમાં ભીંતને ટેકે લંબાવી દીધું.

અર્જુન એક શ્વાસે ઝડપથી આવી 'પપ્પા' બોલતો પિતાને વળગી પડ્યો.

'મારી બર્થડે, પાર્ટીમાં ન આવ્યા ને !' તમને પનીશ કરું !'

જગમોહને હાથ જોડ્યા.

'મિ. લોર્ડ, પહેલો અપરાધ છે. સૉરી, માફ કરો.'

અર્જુન અદબ વાળી સામે ઊભો રહી ગયો.

'ઓ.કે. દંડ ભરવો પડશે. મારી ગેમ લાવ્યા ?'

'હા, પણ એક શરતે આપીશ.' કેમ ચાલે છે સમજાવ્યું છે ને ! જે માણસ ગુનો કરી કઠેડામાં ઊભો હોય એ શરત કેવી રીતે મૂકે ! જલદી ગેમ આપો ને !'

'હવે આનો જવાબ શું આપશો જસ્ટિસ મહેતા ?'

'બહુ સીધો જવાબ છે મિસીસ મહેતા, આ ઘરની કોર્ટ છે એટલે એનાં કપડાં પણ અલગ. જો અર્જુન બેટા, મેં તને પહેલાં પણ સમજાવ્યું છે. તું સંજુ સાથે રમે એમને નથી ગમતું !'

'જાણું છું એટલે જ તને સમજાવું છું.' તને રમવામાં કંપની જોઈએ છે ને ! રત્ના તને ખબર છે ! ઓરિયેન્ટ ક્લબે હવે સ્પેશ્યલ ચિલ્ડ્રન્સ વિંગ શરૂ કરી છે. તમારા માટે અલગ બેડમિન્ટન કોર્ટ સ્વિમિંગ પુલ એવરીથિંગ. સ્કૂલેથી છૂટીને સુખોજી તને ત્યાં લઈ જશે, જ્યારે જવું હોય ત્યારે. ત્યાં તને સારી ઇન્ટલેકચ્યુઅલ કંપની મળશે. આ દુનિયામાં ઘણું જોવા જાણવાનું છે, તું નેશનલ જ્યોગ્રાફિક ચેનલ જુએ છે ને ! એવા જાતજાતના વિષયો પર ત્યાં લેક્ચર્સ પણ થશે.'

અર્જુન ઊછળી પડ્યો.

'ઓ થૅંક્સ પપ્પા.' અને મારી બર્થ ડે ગિફ્ટ ?

'અને મારો ટેક્સ ?'

અર્જુને પિતાને ગાલે હોઠ અડાડીને બૉક્સ લઈ દોડતો જવા જાય છે કે તરત એમણે કહ્યું.

'સંજુને બતાવવા જવાની જરૂર નથી ! એ નહીં સમજી શકે, મેથેમેટિક્સની ગેમ છે.'

'ઓ નો !'

'તમને ખબર તો છે જગમોહન '

અર્જુનને ગણિતમાં બહુ રસ નથી.

'જાણું છું પણ ટેન્થ સુધી તો ભણવું પડશે ને !' પછીની વાત પછી.'

'ઓ કે પપ્પા. થેંક્સ. હું સ્કૂલમાં ગેમ લઈ જઈશ અને



ટીચરને આપીશ. મારું હોમવર્ક બાકી છે.'

દોડી જતા અર્જુને જોઈ રહેલા પતિ પાસે આવી રત્નાએ એનો ચહેરો પોતાની તરફ ફેરવ્યો.

'એક પ્રશ્ન પૂછું ?'

'ક્રોસ એક્ઝામિનેશન ? ઓ.કે.'

'તમે જ કહ્યું ને આ હોમકોર્ટ છે અને અહીંનાં કપડાં અલગ છે !'

'ચાલ પૂછ.'

'તમે તો ન્યાયાધીશ છો, તમારી પાસે તો જેન્ડર અને કાસ્ટના ભેદભાવના ઘણા કેસ આવે છે અને તમે જ સંજુ માટે પૂર્વગ્રહ રાખશો, કારણ કે એ દલિત છે, આપણા નોકરનો દીકરો છે !' આવું હોય જગમોહન !

એ વિચલિત તો થયા પણ તરત સ્વસ્થ થવા મથતાં કહ્યું :

'તું ખોટું સમજે છે રત્ના. સંજુ દલિત છે એટલે નહીં... પણ... દોસ્તી બરાબરીની હોય. એ છોકરો સરકારી શાળામાં ભણે, એના સંસ્કાર, બોલી આઇ. ક્યૂ. શું હોય ! એની સાથે અર્જુન ભળે નહીં એ જોવાની જવાબદારી તારી, બસ. 'આ પ્રકરણ બંધ કરીશું ! ભૂખ લાગી છે, થાક લાગ્યો છે...'

'છેલ્લો પ્રશ્ન પ્લીઝ.'

'ભલે પણ છેલ્લો. છેલ્લો એટલે છેલ્લો. પછી આ વિષય પર કોઈ ચર્ચા નહીં, ક્યારેય નહીં.'

'શ્યોર મિ. લોર્ડ ! તમે સંસ્કાર, એનું શબ્દભંડોળ, આઇ.ક્યૂ. લેવલ એની વાત કરી... એની સાથે સંમત થાઉં છું પણ...'

'પણ ?'

'એ બધાથી ઉપર પ્રેમ, લાગણી, દોસ્તી એવી કોઈ ચીજ ખરી કે નહીં. !'

'જો રત્ના, કોર્ટ પ્રોસિડિંગમાં ફિલોસોફી. ઇમોશન્સ વગેરેને કોઈ જગ્યા નથી.'

'ઓ.કે. જજસાહેબ, આઇ રેસ્ટ માય કેસ.'

એમણે જોડે લાવેલી બીજી શોપિંગ બેગ્સ પત્ની સામે ધરી દીધી.

'તારા માટે સાડી. આપણી વેડિંગ એનિવર્સરીની આગોતરી ગિફ્ટ. યાદ છે ને રત્ના ! લગ્ન પછીના આપણા કપરા દિવસો ! બે સંતાનો ગુમાવી હું તો ભાંગી જ પડ્યો તો. તારી હિંમતે હું બેઠો થયો...'

'બસ બસ...'

'હવે તો અર્જુન અને તું મારી દુનિયા.'

'બસ ભઈ બસ ! તમે કપડાં બદલો, હું રસોડામાં જાઉં ! તમે વહેલા આવી ગયા અને રસોઈનાં ઠેકાણાં નથી.'

જગમોહન ઉપરના બેડરૂમમાં ચાલ્યા ગયા. અર્જુને પોતાના રૂમનું બારણું બંધ કરી દીધું. અને બારી પાસે ઊભો રહ્યો. સંજુ નીચે ભોંયે બેસી લેસન કરી રહ્યો હતો. અર્જુનને,

નવી ગેમ લઈ એની પાસે દોડી જવાનું મન હતું. જો કે, ગેમ પોતાને સમજાઈ ન હતી તો સંજુને તો ક્યાંથી સમજાય ! પણ કોઈ પણ વસ્તુ, વાત વહેંચવાનો બંનેને ખૂબ આનંદ થતો. આજે સોનોપોલી ગેમ એવી સરસ જામી હતી ત્યાં જ પપ્પા આવી ગયા.

સંજુ લેસનમાં મશગૂલ હતો, અર્જુન બારી પાસેથી ખસી ગયો.

અર્જુન એનો વોર્ડરોબ ખોલતો તો અનેક જાતનાં કપડાંથી ભરચક્ક, એને તરત સંજુ યાદ આવતો. રસ્તા પરની લારીમાંથી ખરીદેલાં સાધારણ ટી-શર્ટ, જીન્સ. રત્ના અર્જુને થોડો વખત પહેરેલાં કપડાં શૂઝ સંજુને આપતી. એક વખત એણે કહ્યું.

'મમ્મી, આ દિવાળીએ સંજુને મારા જ જેવાં નવાં કપડાં અપાવજે ને !'

'જો સાંભળ બેટા. તારું શોપિંગ તારા પપ્પા કરે છે અને તારા કપડાં બ્રાન્ડેડ હોય છે, ખબર છે ને તને ! કેટલાં મોંઘાં ! તારાં અડીદાસના શૂઝ જ સાત હજારના છે, એટલું મોઘું તો એને કેવી રીતે અપાય ?'

એક વાર એ જીન્સ, ટી-શર્ટ લઈને પોતે જ સંજુ પાસે ગયેલો, ત્યારે એને મનોમન ખૂબ ખરાબ લાગેલું, પણ સંજુ ખુશ હતો.

'તારાં કપડાં ઉતરેલાં થોડાં કહેવાય ! નવા જેવાં જ છે.'

'સૉરી સંજુ, તારા માપનાં નથી, હું તારાથી એક સાઇઝ મોટો છું.'

સંજુ તો તરત જીન્સ ટી શર્ટ ચડાવી રોફમાં આંટા મારી રહ્યો હતો.

'તને ખબર છે, મારા ક્લાસમાં મારો વટ પડે છે, તારાં કપડાં, હેવરસેક, હા, આવતા પગારમાંથી મમ્મી મારી સાઇઝના શૂઝ અપાવી દેશે. દેખ મૈં હો ગયાને પ્રીન્સ !'

જયાએ વહાલથી કહ્યું,

'અમારાં તો નસીબ અર્જુન ! તમારે ત્યાં કામ છે, આ ઘર, જો રત્નાભાભીએ કેવી સરસ સાડી આપી છે !'

પણ અર્જુનને ખબર હતી કે, કોઈનાં લગ્નમાં મમ્મીને સાડી ભેટ મળેલી, ત્યારે એણે કહેલું, મને આની પ્રિન્ટ ગમતી નથી, એકબે વાર પહેરી જયાને આપી દઈશ. એણે તરત મમ્મીને કહેલું.

'મમ્મી ! તેં જયા આન્ટીને તારી વાપરેલી સાડી આપી ને !'

'અરે તને યાદ છે ! હા, તો ? તને ખબર છે એ સાડી દોઢ બે હજારની હશે.'

એ કશું બોલ્યો નહીં. વાપરેલું ઊતરેલું બધું સરખું નહીં ! એ દિવસે જ એણે મનમાં નક્કી કર્યું કે એ પિગીબૅંકમાં પૈસા ભેગા કરશે અને સંજુને નવું ટીશર્ટ આપશે. કોઈને કોઈ નિમિત્તે હાથમાં આવતા પૈસા એ પિગીબૅંકમાં નાંખતો. એના આ ગિફ્ટ અભિયાનમાં છાનો સાથીદાર તે સુખોજી. સુખોજી રાજી થયો હતો. તારું દિલ બહુ સારું છે અર્જુન. દોસ્તી ચીજ જ એવી છે.

ઘરમાં કેક, મીઠાઈ, ચોકલેટ આવી હોય તો વધે તે આઉટહાઉસ મોકલી દેવાતી. જગમોહન મોડેથી આવે, પ્રવાસમાં હોય ત્યારે અર્જુન - સંજુ સાથે લેસન કરતા, રમતા. અર્જુન સંજુને અંગ્રેજી શીખવતો. બંને વચ્ચે વણલખ્યો કરાર. આપણી છાની દોસ્તીની વાત સુખોજી સિવાય કોઈ ન જાણે. જયા અને શંભુ ફફડતા જો સાહેબને ખબર પડી તો ક્યાંક નોકરી - ઘર છોડવાં ન પડે. રત્ના થોડું જાણતી, ક્યારેક આંખ આડા કાન કરતી.

જગમોહન ઘણીવાર કહેતા, અર્જુનને બેસ્ટ સ્કૂલની હોસ્ટેલમાં મૂકવાનું બહું મન છે. રત્ના માઇ સન મસ્ટ બી સ્કોલર, ટોપર. પણ મારી આંખ આગળથી દૂર થાય એ મારાથી સહન નહીં થાય.

અર્જુન તરત સૂર પુરાવતો,

'થેંક્સ, મને પણ તમે, મમ્મી આ બંગલો છોડવાનું ન ગમે. તમે કહેશો એટલું ભણીશ પણ ઈન્ડિયામાં.'

અર્જુન સંજુને કહેતો, જોયું ! જુદા પડવાનું આપણી ડેસ્ટિનિમાં જ નથી. હું મોટો થઈશ, નોકરી કરીશ, બિઝનેસ કરીશ પણ આપણે સાથે જ હોઈશું.

પ્રોમીસ ? - સંજુ પૂછતો.

ઓફકોર્સ ! ચાલ, શોલેનું ગીત ગાઈએ.

મોબાઇલમાં યૂ ટ્યૂબ પર ગીત મૂકી બંને નાચવા લાગ્યા, યે દોસ્તી હમ નહીં તોડેગે... જયા દૂરથી ઓવારણાં લેતી.

પછી એ દિવસ પણ આવ્યો, અર્જુને એક રાત્રે પીગીબૅંક તોડી, ઓહો ! ૧૦૦૦ રૂા. ! અને નાની નાની નોટો !

સંજુની બર્થ ડે થોડા દિવસ દૂર હતી. આ સારી તક હતી, જગમોહન એક ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં કેલિફોર્નિયા ગયા હતા. અર્જુને રાત્રે રત્નાને કહ્યું.



'મમ્મી ! એક રિક્વેસ્ટ, પણ વચન આપ ! તું પપ્પાને નહીં કહે ને !'

'અર્જુન !'

'સૉરી તને ખબર છે હું સંજુને મળું છું. એ... કહેવાની મને હિંમત નથી. મારે સંજુને ગિફ્ટ આપવી છે, પણ મારા પૈસાથી.'

રત્નાએ રમૂજમાં કહ્યું,

'તારા પૈસા ? એ ક્યા ઝાડેથી તોડી લાવ્યો ?' તે અચાનક અટકી ગઈ, 'સાચું કહેજે બેટા, તું... તેં...'

'મેં ચોરી કરી એવું તું કેમ વિચારી શકે ! કિટ્ટા.'

'સૉરી બેટા. પણ તારા પૈસા...?'

'પીગીબૅંકનો જય હો, મમ્મી. દર વર્ષે હું. સ્કૂલમાં ચેરિટી આપી દઉં છું, મારે સંજુને નવાં કપડાં ગિફ્ટ આપવાં છે. મને શોપિંગમાં લઈ જઈશ ?'

'ગુડ બોય. સુખોજીને કહે કાર ગેરેજમાંથી લાવે.'

અર્જુન અથડાયો.

'મમ્મી... પપ્પા... વઢશે તો...'

'આ વાત આપણા બે વચ્ચે જ. બસ !' પણ જો પપ્પા ! તને કંઈ કહે તો એ તારા ભલા માટે જ ને ! તું એમને બહુ વહાલો છે.'

'અબ ચલે !'

એ સાંજે અર્જુન નવાં ટીશર્ટ - જીન્સ અને રત્નાએ ખાસ બનાવડાવેલી ચોકલેટ કેક લઈને સંજુ પાસે ગયો અને હેપ્પી બર્થડે કહેતાં ભેટ ધરી દીધી.

સંજુ અર્જુનને ભેટી પડ્યો. એની આંખો છલછલ હતી. સુખોજીએ મોબાઈલમાં ફોટો ક્લિક કરી લીધો. જયા. શંભુ, સુખોજીએ હેપ્પી બર્થડે ગાયું અને બંને દોસ્તોએ સાથે કેક કાપી. સંજુએ એક ટુકડો અર્જુનના મોંમાં મૂક્યો.

અર્જુન તારી પાસેથી હું લીધા જ કરું છું, ખૂબ કમાઈશ ત્યારે હું તને આપીશ.

જયાએ રાજી થતાં કહ્યું,

'છે નાના પણ મૂઆ કેવી વાતો ડાહ્યા થઈને કરે છે.'

જયાએ બટેટાવડાં અને મોહનથાળ બનાવ્યો હતો. સહુ જોડે બેસીને જમ્યાં. રત્ના ઉપરની બારીમાંથી આ દશ્ય જોઈ રહી હતી. ઉદાસ ભાવે વિચારતી હતી. પતિ કેટલા વિદ્વાન ! બે નાનાં બાળકોનાં હૃદયની ભાષા સમજી શકતા હોત તો !

સુખાજીએ ઉતાવળ કરી.

'અર્જુનબાબા ચલો, કાલે સવારે પિકનિક પર જવાનું છે ને ! વહેલું ઊઠવાનું છે.'

'સુખોકાકા, મને ઉઠાડજો, અર્જુનને બાય બાય કરી.'

ગુડનાઈટ કહેતો અર્જુન ઘરે દોડી આવ્યો. ખૂબ ખુશ હતો. મમ્મી આજે બહુ મજા આવી ! થેંક્સ કહેતો રત્નાને વળગી પડ્યો.

વહેલી સવારે રત્નાએ એને ઊઠાડ્યો. નાસ્તો કરી. તૈયાર થઈ એ રત્ના સાથે બંગલાનાં ગેટ પાસે આવ્યો ત્યારે સુખોજી સંજુની સાથે ત્યાં એની રાહ જોતા ઊભા હતા. ગુડમોર્નિંગ કહેતાં તો બસ આવી ગઈ હતી. બસમાં ચડતાંચડતાં અર્જુન સંજુને જોઈ રહ્યો પછી ઊતરી પડ્યો.

'મમ્મી, મારા સરને પૂછી જોને સંજુ અમારી સાથે આવી શકે ?'

'ના... અર્જુન...'

'પ્લીઝ મમ્મી' પૂછી જો ને ! પૂછવામાં શો વાંધો ? ના પાડે તો કંઈ નહીં.'

રત્ના સરને નીચે બોલાવી, એક તરફ લઈ ગઈ.

'સર, એક રિકવેસ્ટ, મારા સર્વન્ટનો દીકરો છે, સંજુ જો જગ્યા હોય તો એને સાથે લઈ જશો ? એના પૈસા કંઈ ભરવાના હોય તો હું આપી દઉં, જો થઈ શકે તો પ્લીઝ.'

'અરે ના ના મિસીસ મહેતા. એને જરૂર લઈ જઈશ. ખરું પૂછો તો ત્રણ વિદ્યાર્થીઓ છેલ્લી ઘડીએ નથી આવ્યા, અમારા ડ્રાઈવરના દીકરાને પણ સાથે લઈ જાઉં છું. માઇ પ્લેઝર ! કમ ઓન બોયઝ !'

'થેંક્સ સંજુ બેટા, તું પણ અર્જુનની સાથે જા.'

હજી રત્ના બોલે ત્યાં બંને, દોસ્ત હાથ પકડી બસમાં બૂમો પાડતા પાડતા ચડી ગયા. છોકરાંઓએ હલ્લો મચાવ્યો અને બસ ઊપડી ગઈ.

રાજી થતો સુખોજી શંભુને કહેવા ગયો. રત્ના ઘરમાં આવી. અર્જુન પિકનિક પરથી કાલે આવવાનો હતો. આખો દિવસ સુવાંગ એનો હતો. પતિનો આગલી રાત્રે જ કેલિફોર્નિયાથી ફોન હતો. કોન્ફરન્સ સરસ જઈ રહી હતી, ચારેક દિવસ પછી પાછા ફરવાના હતા. રત્નાએ બહેનપણીઓ સાથે કલબમાં લંચ ગોઠવ્યું હતું. આજે સમય જ સમય હતો. રસળતી સવાર, મોબાઈલમાં થોડા ઈધરઉધરનાં ગપ્પાં. બ્યૂટી પાર્લરનું એક ચક્કર અને નિરાંતે લંચમાં જવા તૈયાર થઈ. અને ક્લબ પહોંચી. ઘણે વખતે બધાં મળતાં હતા અને નિશા હજી હમણાં ઈજિપ્તથી પાછી ફરી હતી. સહુ ઉત્સાહથી નિશાના પ્રવાસની વાતો સાંભળતાં હતાં, ત્યાં મોબાઈલનો રિંગટોન ગૂંજી ઊઠ્યો, વાતોમાં મશગૂલ રત્નાનું ધ્યાન નિશાએ જ ખેંચ્યું. સ્ક્રીન પર પારેખ સરનું નામ જોતાં રત્નાને ફાળ પડી, ગળું સુકાઈ ગયું.

'યસ સર... એવરીથિંગ...'

પણ વચ્ચે જ ગભરાયેલો અવાજ આવ્યો.

'મોમ, સ્કૂલબસને એક્સિડેન્ટ થયો છે... લેન્ડસાઈડ... પૂના ઘાટ પર... લોકેશન શેર કરું છું.'

અને ફોન મુકાઈ ગયો. એ આઘાતની પાછળની ચીસો અને રડવાના અવાજોથી રત્ના વીંધાઈ ગઈ. એ નીચે ઢગલો થઈ ગઈ.

થોડીવારમાં નિશા અને ગૌરી કારને તેજ ગતિથી દોડાવી રહ્યાં હતાં. રત્ના અર્ધબેભાન ગૌરીના ખોળામાં હતી. લેન્ડસ્લાઈડ, એક્સિડેન્ટ અને ઢળતી બપોરનો ટ્રાફિકને રસ્તા

પર કારને આગળ લઈ જવાની કોઈ શક્યતા નહોતી. નિશા કારમાં રહી અને ગૌરીએ રત્નાને કારમાંથી ઉતારી ત્યારે અંધારું ઘેરાવા લાગ્યું હતું. પોલિસ, ઍમ્બ્યુલન્સ, જમા થઈ ગયેલા અને વિદ્યાર્થીઓનાં સ્વજનો, રાડારોળ અને ચીસો... અસંખ્ય ગોળીઓથી વીંધાઈ ગઈ હોય એમ રત્ના લોહીલુહાણ થઈ ગઈ. ગૌરીએ હેલ્થડેસ્ક શોધી કાઢ્યું, અને માહિતી લઈ આવી.

'રત્ના, હિંમત રાખ, રડવાથી કંઈ નહીં વળે. પહેલાં તો તારા હસબન્ડને ફોન કર અને તરત આવવાનું કહે...'

'પણ અર્જુનને જોયા વિના.'

'યસ ! જોયા વિના. બધાં બાળકોને હોસ્પિટલમાં ખસેડ્યાં છે. અને... ચાર બાળકો'

'બંને ફાટી આંખે એકમેકને તાકી રહ્યાં.'

'બેની હાલત ગંભીર છે. ટ્રિટમેન્ટ ચાલુ છે. લેટ્સ મે ફોર બેસ્ટ. ચાલ બી બ્રેવ. પહેલાં અમેરિકા ફોન પછી હોસ્પિટલ દોડીએ.'

નિશા માંડ ગાડી પાર્ક કરી આવી પહોંચી. રત્નાએ પતિને ફોન કર્યો, કદાચ કોન્ફરન્સમાં હશે, ફોન સ્વીચ ઑફ.

'ચાલ હોસ્પિટલ, પોલીસ જીપમાં લઈ જાય છે, આમ તો નજીકમાં જ છે.'

ગૌરી અને નિશાનો હાથ સજ્જડ પકડી રત્ના માંડ ઊતરી. સ્કૂલનાં પ્રિન્સિપાલ, ટ્રસ્ટીઓ હોસ્પિટલના કોરીડોરમાં જ હતા અને દોડાદોડીમાં હતા. દવાઓ અને જરૂરી સાધન-સામગ્રી લઈ પૂનાથી ડૉકટર્સની ટીમ આવી હતી. રત્ના દીવાલને ગરોળીની જેમ ચીપકીને ઊભી રહી ગઈ હતી, સામેના બાંકડા પર બેઠેલી સ્ત્રી માથું પછાડી પછાડી રડી રહી હતી. સાથેના લોકો એને પકડી રાખવાની કોશિશ કરતા હતા કે એ બેભાન થઈ ગબડી પડી. ધખધખ વહેતું લોહી... ઈંજેક્શન... ઓપરેશન... પાટાપિંડી... ખટખટ દોડતી દવાની ટ્રોલીઓ... સાઈરન વગાડતી ઍમ્બ્યુલન્સમાં હજી લવાતાં કંઈ બાળકો... હાંફળાંફાંફળાં દોડતાં અથડાતાં સ્વજનો...

જોર જોરથી ઘુમરાઈને હોસ્પિટલ એની પર તૂટી પડી હોય એ કાટમાળમાં ઊંડે ઊંડે દટાઈ ગઈ હોય એમ અસલ ભાર અનુભવતી રત્ના ચીસ પાડી બાંકડા પર ઢળી પડી.

નિશા દોડતી આવી.

'રત્ના ઊઠ... અર્જુન બોલાવે છે... યસ... એ તને બોલાવે છે.'

રત્ના સફાળી ઊઠી.

'એટલે કે એ... માય ગોડ !'

નિશા-ગૌરી રત્નાને લઈ ગયાં, દોડતાં પહેલો માળ ચડ્યા, વોર્ડ નં. આઠ રત્ના દોડી ગઈ અર્જુનના ખાટલા પાસે. એ ઘવાયેલો હતો, લોહીલુહાણ હતો. બસ, એ એને બોલાવી રહ્યો હતો એટલું પૂરતું હતું.'

અર્જુનની અર્ધબેભાન - અવસ્થામાં હોઠ, ફફડતા હતા. મમ્મી. પ...પપ્પા. બોલતાં એ બેભાનીમાં સરકતો રહ્યો... એનાં હોઠ ફફડતા હતા... સંજુ... માય ફ્રેન્ડ સંજુ...

ગોફણના ઘાની જેમ સંજુ નામ રત્નાને વાગ્યું. એ બેવડ વળી ગઈ. અરે ! એને ખ્યાલ જ ન રહ્યો કે, સંજુ પણ 'આ બસમાં સાથે જ હતો ! એનું શું થયું ? એ ક્યાં છે ? એનાં માતા-પિતાનું પણ એ લાડલું સંતાન.

એ બહાર દોડી. નિશા ગૌરીને સમજાયું નહીં શું થયું ? હેલ્પડેસ્ક શોધ્યું. ઘવાયેલા વિદ્યાર્થીઓમાં એનું નામ ન હતું. આમ તો એ સ્કૂલનો વિદ્યાર્થી તો ન હતો, હોસ્પિટલનાં રજિસ્ટ્રેશનમાં પણ નામ ન મળ્યું. એ દોડતી શ્વાસભેર બધા ખાટલે ફરી વળી. સંજુ ન હતો.

અચાનક એ થંભી ગઈ. તો એનો અર્થ કે... આંખે અંધારાં આવી ગયાં. જાણે દુનિયા પ્રલયમાં ડૂબી ગઈ અને એ અવકાશમાં ફંગોળાઈ ગઈ છે. પગ ઘસડતી એ એક ડૉક્ટર પાસે ગઈ. હાથ પકડી એ ઘોઘરા સાદે બોલી.

'મારે... બોડી જોવાં છે, પ્લીઝ હેલ્પ મી.'

ચૂપચાપ ડૉક્ટર એમને કોરીડોરના છેલ્લા રૂમમાં લઈ ગયા. ચાર મૃતદેહ પર ચાદર ઢાંકી હતી. રત્નાએ ડૉક્ટરની છાતીમાં મોં છૂપાવી દીધું. ડૉક્ટરે ચાદર ખસેડતાં રત્નાએ માંડ સામે જોયું. લોહીલુહાણ સંજુ ચિરનિદ્રામાં શાંતિથી સૂતો હતો. ડૉક્ટર બોલી રહ્યા હતા. એ બસમાં જે તરફ બેઠો હતો, એ બાજુ બસ ખીણમાં પડી ગઈ...

રત્નાને કશું સંભળાતું ન હતું. શરીર અને મન બહેર મારી ગયાં હતાં. બહાર દોડી જઈ એણે સુખોજીને ફોન કર્યો, જયા-શંભુને લઈ જલદી ટેક્સીમાં આવો. હું લોકેશન મોકલું છું. સંજુ ઠીક છે. બીજું શું કહી શકે ! આશાના નાના તાંતણે બંધાઈને અહીં સુધી મા-બાપ પહોંચી શકશે પછી... પછીનો એ વિચાર કરી શકતી નથી. જયા - શંભુ નોકર નથી, પણ મા-બાપ છે, એ જ સત્ય. એ અર્જુનના રૂમ પાસે પહોંચી ત્યારે નિશા અને ગૌરી કૉફી સાથે તેની રાહ જોતાં હતાં.

'પહેલાં કૉફી પી લે, ચીયરઅપ. અર્જુન આઉટ ઑફ ડેન્જર છે. ડૉક્ટર ઓપરેશન માટે એને લઈ ગયા છે, સૉરી, મેં તારા નામથી પેપર્સ પર સહી કરી છે, પણ તું આમ ક્યાં દોડી ગઈ ? કેમ આમ ગભરાયેલી છે, અર્જુન ઠીક થઈ જશે.'

'હં..., અર્જુનનો બેસ્ટ ફ્રેન્ડ... સંજુ...'

આંસુ વહી ચાલ્યાં. હજુ કાલે તો જન્મદિવસ ઊજવ્યો. પહેલી વાર એને નવાં કપડાં આપ્યાં, પહેલાં કેમ સૂઝ્યું નહીં ! પ્લીઝ મને ક્ષમા કર ! હે ઈશ્વર હવે હું શું કરી શકું !

પ્રતીક્ષા, કેવળ પ્રતીક્ષા સિવાય હવે કશું કરવાનું નહીં.

હાઈવે પરનાં એક રિસોર્ટમાં નિશાએ સ્વીટનું રિઝર્વેશન કરી લીધું છે. જેમનાં બાળકોને બીજી હૉસ્પિટલમાં ખસેડવાની છૂટ અપાઈ છે કે ઘરે લઈ જવાની રજા આપી છે તે વાલી ગયા છે. સુખોજી જયા અને શંભુને લઈ વહેલી સવારે પહોંચી ગયા. એમના આક્રંદથી રત્ના ઊભી વહેરાઈ

ગઈ. નિશા અને ગૌરી, હૉસ્પિટલનાં નર્સ, વોર્ડબોય અને ડૉક્ટરોએ મૃતકોનાં સ્વજનોને સંભાળવામાં ખૂબ મદદ કરી છે. પણ છાતીમાં મૂળ સુધી ખૂંપી ગયેલી આ પીડાનું શું ! એ હંમેશાં હૃદયમાં ધબકતી રહેશે.

આંસુ ઉલેચાઈ ગયાં પછી ખાલી થઈ ગયેલી જયા સૂન્ન થઈને નિર્જીવ પ્રક્રિયા જેવી બેસી રહે છે. જગમોહન કોન્ફરન્સ છોડીને અમેરિકાથી નીકળી ગયા છે. બધી ઔપચારિકતા અને પેપરવર્ક પૂરું થઈ ગયું અને અર્જુનને ઘરે જવાની રજા મળી ગઈ. હૉસ્પિટલમાં કે એમ્બ્યૂલન્સમાં અર્જુન ચૂપચાપ સૂઈ રહે છે. અચાનક વીજળી ત્રાટકે અને લીલુંછમ વૃક્ષ ખાખ થઈ જાય એમ એ અંદરથી બળી ગયો છે. મૃત્યુનો આવો મોંમેળાપ બાળમાનસ અને સ્વજનો માટે પણ ભયાનક ડરામણો છે.

અર્જુનને પહેલા માળના એના બેડરૂમમાં પલંગ પર સુવડાવતાં રત્નાનું મન નથી માનતું. એની બારીમાંથી દેખાય છે આઉટહાઉસ એનાં પ્રાંગણામાં રમતાં બે બાળકો ! કશેકથી વહી આવે છે અવાજ હેપ્પી બર્થ ડે ટુ યુ…

પણ અર્જુનને એ જ જગ્યાએ એ જ પલંગ પર સૂવું છે. એને અંદરથી ધીમે ધીમે અપરાધભાવ કોતરી રહ્યો છે, મેં જ તો સંજુને સાથે લઈ જવા કહ્યું હતું ! આંખો પર હાથ દાબી એ પડખું ફરી ગયો.

જગમોહનની ફલાઇટ મોડી હતી એટલે કનેક્ટિંગ ફલાઈટ ચૂકી જવાઈ. ઉચ્ચક જીવે મોડી રાત્રે કાર પોર્ચમાં આવતાં જ એ હાંફળાફાંફળા ઊતર્યા, રત્ના પોર્ચમાં જ પ્રતીક્ષા કરતી હતી. એમણે પગથિયાં ચડતાંવેંત પત્નીને બાથમાં લઈ લીધી.

'તેં કહ્યું હતું અર્જુન સલામત છે તો પણ… એણે મારી સાથે વાત પણ ન કરીં ?'

'ના.. કોઈ સાથે નહીં, મારી સાથે પણ નહીં.'

'તું કેવી અગ્નિપરીક્ષામાંથી પસાર થઈ તે હું સમજી શકું છું… એ ભયંકર અકસ્માતનાં દશ્યો મેં જોયા હતા. મેં પુનિતને ફોન કર્યો હતો, એણે ટી.વી. ન્યૂઝના ફોટો… વીડિયો… મને મોકલ્યાં હતાં. હું બે રાતથી સૂતો નથી…'

સુખોજી પાણી લઈ આવ્યો. એમણે સ્વસ્થ થવા કોશિશ કરી.

'મારે ચિયરફુલમૂડમાં અર્જુન પાસે જવું છે, આપણે એક પાર્ટી રાખશું. એ સેલિબ્રેશન અર્જુન ખુશ થઈ જશે. હવે અર્જુન પાસે જઈએ, હું સ્વસ્થ છું, મને એમ કે તરત એની પાસે પહોંચી જાઉં તો હું રડી જ પડીશ. તું કેમ કંઈ બોલતી નથી ?'

બસ, એમ જ ચાલો કહેતાં રત્ના બંગલાના ઉપરના માળે અર્જુનનાં બેડરૂમમાં આવી, જગમોહન અર્જુનની પથારી તરફ દોડી ગયા.

'અર્જુન…'

ધાર્યું હતું છતાં આંખ છલકાઈ ગઈ. એના કપાળને ચૂમી લીધું.

બેટા તારે માટે સરસ ગેમ લઈ આવ્યો છું… તું ઠીક છે એ જ મોટી વાત… અને જો તું જલદી ઊભો થઈ જા એટલે આપણે સરસ પાર્ટી રાખશું… તારા બધા ફ્રેન્ડઝને ઇન્વાઇટ કરજે…'

'પણ એમાં મારો એક ફ્રેન્ડ નહીં આવે પપ્પા, પાર્ટી રાખવાની કોઈ જ જરૂર નથી.'

જગમોહને તરત નવાઈ પામતાં રત્ના સામે જોયું.

'સો સૉરી… અર્જુનનો ક્લાસમેટ એક્સિડેન્ટમાં… સૉરી બેટા હું તો હરખમાં ભૂલી જ ગયો હતો ! ડ્રાઇવર… એક શિક્ષક… બે વિદ્યાર્થીઓ…'

'અને મારો ખાસ દોસ્ત સંજુ પણ પપ્પા…'!

જગમોહન અક્કડ થઈ ગયા. સંજુ ! પણ એ અર્જુનની સ્કૂલ પિકનિકમાં ? અરે, પણ નોકરના દીકરાને સાથે લઈ જવાની શી જરૂર હતી ! ઓ.કે. ઓ.કે. જે થયું તે ખોટું થયું ! શંભુને મળવું પડશે…'

'શંભુ અને જયા ગામ ચાલી ગયાં. પૂનામાં જ એનાં…' રત્નાની છાતીના ડૂમામાં શબ્દો ઓગળી ગયા… હા, અભણ નોકરનો દીકરો. શું મા-બાપના સંસ્કાર ! એટલા દુઃખમાંય શંભુ - જયાએ દીકરાનાં જે અંગ કામમાં આવે તે જેને જરૂર પડે તેને આપવા. સંજુની એ ઇચ્છા અને જયાએ જ કાગળિયા પર અંગૂઠો માર્યો હતો. અને…'

અર્જુન ધીમે ધીમે પથારીમાં બેઠો થયો.

'અને એ મારો સ્પેશ્યલ ફ્રેન્ડ હતો એ તો તમને ખબર છે ને પપ્પા ! અમે હવે કદી જુદા નહીં પડીએ !'

જગમોહને ચમકીને અર્જુન સામે જોયું. એના ચહેરાની બે આંખો એમને તાકી રહી હતી.

---

*એ/ર, ગુલબહાર, મેટ્રો આઈનોક્સ થિયેટર પાછળ,*
*બેરેક રોડ, મુંબઈ-૪૦૦૦૨૦.*
*મો. ૯૮૩૩૦૭૬૬૭૩*



# મોં

*- રજનીકુમાર પંડ્યા*

**ક**દાચ એકવાર પણ એ મોં જોઈ શકાયું હોત !

'તો' પછીની કલ્પના હું કરી શકતી નથી. કારણ કે મારા નાનાનું શબ સામે જ પડ્યું છે. સફેદ ચાદર ઓઢાડેલી છે, અને એક તરફથી હાથનો કૃશ પંજો બહાર નીકળી આવ્યો છે. સામે જ હડપચીએ હાથ દઈને મારી મમ્મીના એકમાત્ર ભાઈ એવા મામા બેઠા છે. પ્રવાહીનું બન્યું હોય એવું એમનું મોં લાગે છે. એ ઘણું રડ્યા હતા એમ પાડોશીઓ કહે છે. બાપનું મૃત્યું થાય એટલે દીકરો ઘણું રડે. પણ મારી મમ્મી તો દીકરી કહેવાય પણ તોય છેક લંડન બેઠાં-બેઠાં માત્ર પોતાના પિતા મરણપથારીએ હોવાના સમાચારથી જ ખૂબ રડી હતી, પણ મારા પપ્પા રડ્યા નહોતા. નાનાની અંતઘડીઓ ગણાય છે એવો મેસેજ આવ્યો ત્યારે જાણે કશું વાંચતા જ ન હોય એવી રીતે મોબાઈલમાં વાંચી સંભળાવ્યો હતો. વાંચ્યા પછી એમના મોં પર ખૂન કરવું હોય એવી ક્રૂરતા જન્મી હતી. મારી પાસે આવીને મારી પીઠ પર હાથ પસરાવીને એ બોલ્યા, 'તને હવે બહુ જલદી પચાસ લાખ રૂપિયા મળશે.' મને ખબર તો હતી જ કે નાનાએ વસિયાતનામામાં મારા નામે પચાસ લાખ રૂપિયા અલગ મૂક્યા છે. એવી જાણથી વારંવાર મને આનંદ પણ થતો હતો. પણ એક ખટકો રહ્યા કરતો હતો મનમાં કે બીજું કંઈ નહીં, પણ જિંદગીમાં એકાદવાર પણ નાનાને જોયા હોય તો ઠીક, ઠીક કરતાં પણ કંઈક વિશેષ સારું. પપ્પાએ મને પચાસ લાખ રૂપિયાવાળી વાત કરી કે તરત જ દુશ્મન હોઉં તેમ મને મારા પપ્પાના જ મોતની કલ્પના આવી ગઈ. એ ભોંય પર લાંબા થઈને પડ્યા હોય અને એમના મોં સુધી ચાદર ઓઢાડી હોય એવું મારી સામે દેખાયું. જો કે એ દશ્ય ભૂંસી નાખવા માટે મેં તરત જ એમને મમ્મી સામે કંઈક બબડતા જોઈ લીધા. નિરાંત થઈ. જો કે મમ્મી મોબાઈલ હાથમાં લઈને ધ્રૂસકે ધ્રૂસકે રડતી હતી. મોં તો જોઈ શકાતું નહોતું પણ મોં ઊંચું કર્યા પછી એ કેવી લાગશે એની કલ્પના આવી ગઈ. પપ્પા એની પાસે ગયા. મમ્મીની સફેદ પીઠ આંચકા લેતી ઊંચે-નીચે થતી હતી. એની પર હાથ મૂકીને પપ્પા બોલ્યા, 'મારા વતી રડીશ મા. તારા ભાગનું જ રડજે. મને એ માણસ માટે કંઈ લાગણી નથી' ને વળી મારા તરફ જોઈને એમ બોલ્યા કે 'એક સથવારો છે. તારે ઇન્ડિયા જવું હોય તો જલદી જ. તને એમને મરણ પામતા જોવાની તક મળશે.' આવું બોલ્યા. હું તો સાંભળી જ રહી. શું કહું ?

મમ્મી વારંવાર કહેતી કે પપ્પાને નાના સાથે કરપીણ વેર થઈ ગયું છે, મને એટલી તો ખબર છે કે વેર શબ્દ સાથે કંઈ કરપીણ શબ્દ ન વપરાય. પણ એ બંને વચ્ચેના વેરની તીવ્રતા જોતાં કરપીણ શબ્દ મને વધારેમાં વધારે નજીકનો લાગે છે. વેરનાં ઘણાં કારણો મમ્મીએ શોધી કાઢ્યાં હતાં, પણ મને એમાંથી કોઈ કારણ વેરની ગરમી જોતાં બંધબેસતું લાગતું નહોતું. મને તો ઊલટું એમ લાગે છે કે એ તો બધાં એમની વચ્ચે ઘર્ષણ પેદા થઈ શકે એટલા માટેની જરૂરી નિકટતા સ્થાપવાનાં કારણો હતાં. મને તો લાગે છે કે, આવાં કેટલાંક વેર કારણોની પરવા કર્યા વગર જ પેદા થતાં હશે. મમ્મી-પપ્પાનાં પ્રેમલગ્ન થયાં એથી નાના ભારે-ભારે એટલે ભારે નારાજ થયા હતા. અને 'એ નાલાયકનું નામ જ મારા સામે લઈશ મા.' એમ કહ્યા કરતા, ને એમ કહ્યા પછી આંખો કરડી કરીને આગ વરસાવતા હતા. એમ પણ મમ્મી કહેતી હતી. પણ એથી શું ? લગ્ન તો આખરે થયાં જ. એ લગ્નને કારણે જ નાના અને પપ્પા વચ્ચે સસરા-જમાઈનો સંબંધ સ્થપાયો. એ બંને વચ્ચે એટલી નિકટતા તો જન્મી ! પણ વેર પણ જન્મ્યું. બરાબર. પછી હું જન્મી. ઇંગ્લેન્ડમાં જન્મી. પપ્પા મારા પપ્પા બન્યા અને નાના મારા નાના બન્યા. સંબંધોનો દોર મારી આસપાસ જ વીંટળાયો. મારા જન્મ વખતે મમ્મી ઉપર નાનાનો પત્ર આવ્યો કે દીકરી જન્મી જાણીને ઘણો સંતોષ થયો છે. કોણ જાણે કેમ આમ લખ્યું હશે ! પછી પાંચ-છ વરસે નાનાએ મમ્મીને લખ્યું કે તારી છોકરીનો ફોટો મોકલ. મારો મોટો ફોટો, એકદમ ક્લોઝ-અપ મમ્મીએ લેવડાવ્યો... એ વખતે પપ્પાએ ઘણો વિરોધ કર્યો. પણ મમ્મી એ કોઈક યુક્તિથી કામ લીધું. હું ભલી ગઈ છું, પણ એવી કોઈ યુક્તિ હતી કે મારો ફોટો મોકલી શકાયો. મને લાગે છે કે, એ પણ નિકટ આવવાનું જ એક કારણ થયું.

આ પછી મારી આઠ વર્ષની ઉંમરે અમે ખ્રિસ્તી બન્યાં. 'લંડન ટાઈમ્સ'માં ડેકલેરેશન આપ્યું - ફોટા સાથે. તે દિવસે રાતે કંઈક ગરમાગરમ ચર્ચા થઈ હતી. 'મોકલ, મોકલ કહું છું. ડેકલેરેશનની આ કાપલી ઇન્ડિયા મોકલ ખરી હો તો ! કહું છું.' એમ ધગીને પપ્પા બોલ્યા. (પપ્પા મારા નાનાનું નામ ન લેતા. 'ઇન્ડિયા' કહેતા એટલે સમજી જવાનું) ને નવાઈ ! મમ્મીએ ખરેખર એ કાપલી કાપીને નાનાને મોકલી. મમ્મીએ કોઈ યુક્તિથી કામ ન લીધું. નહીંતર અમારા ખ્રિસ્તી થવાના ખબર નાનાને લાંબો ટાઈમ સુધી ન પડ્યા હોત. પણ મમ્મીએ હિંમત કરી. કોણ જાણે કેમ, પણ કરી જ. મમ્મીએ જવાબની આશા નહીં રાખેલી, પણ પંદર જ દિવસમાં ટપાલ આવી. પપ્પા હાજર હતા. સરનામા પર ઝડપથી નજર ન ફેરવી હોય એમ ફેરવી, હોઠ ચાવ્યા.અને ભ્રૂકુટી ઊંચી કરી.મમ્મી તરફ કવર એવી રીતે લંબાવ્યું કે જાણે કે કશેક ફેંકતા હોય. આવી અંગારા જેવી ક્ષણોને સહન કરી લેવાની તેવડ મમ્મી એ કેળવી લીધી હતી. એટલે વાંધો ન આવતો, એમણે મૂંગામૂંગા કવર લીધું. સરનામા પર બરાબર નજર ફેરવી. કવર ચીર્યું. અંદરથી ગુલાબી રંગનો કાગળ નીકળ્યો. નાનાના ડાબી જમણી બંને તરફ ઢળતા અક્ષરોને હું દૂર ઊભી ઊભી ઓળખી ગઈ. અંદર લખ્યું હતું : 'છોકરીનો ફોટો જોઈ ઘણો જ રાજી થયો છું. તારા જેવું જ અસલ એનું મોં ન હોત. તો આ પત્ર લખવા મન કરત નહીં. પણ અદ્દલ તારા જેવું જ મોં છે. કોઈ ભલે ગમે તેમ કહે, પણ હું તો એને સોનિયા જ કહીશ. એને એકાદ વાર અહીં જરૂર મોકલજે...'



પપ્પાએ ઘડીક પછી એ પત્ર હાથમાં લીધો ને પછી જલદી જલદી નજર ફેરવી ગયા. એમની ભ્રૂકુટિ યથાવત્ થઈ ગઈ. પછી એ બોલ્યા : 'મને આ માણસ..' મમ્મી ને એમણે એવું એક વાક્ય સંભળાવ્યું કે કોઈ વ્યક્તિ કદી પણ પોતાના પિતા માટે એવું વાક્ય સાંભળવા તૈયાર ન હોય. એ બોલ્યા : 'મને ક્યારેય આ માણસ તારો બાપ લાગ્યો નથી. તારા મોંમાં એના ડાચાની કોઈ ઝલક દેખાતી નથી.' મમ્મી આટલું સાંભળી ઊભી ઊભી સળગી ગઈ હશે એમાં કાંઈ શંકા નથી. તરણખા ઝરતી આંખે એણે પૂછ્યું : 'એટલે ?' પપ્પા જવાબમાં બે દાંત જ દેખાય તેવું હસ્યા અને કહ્યું : 'સમજીશ તો દુઃખ થશે' - આટલું બોલતાં બોલતાં એ મારી નજીક આવ્યા. હડપચીમાંથી મારું મોં ઊંચું કરીને એ બોલ્યા : 'જો આંધળો માણસ પણ અમારા બંનેનાં મોં પર હાથ ફેરવીને કહી શકે કે આ મારી દીકરી છે, સમજી ?' એમણે ધાક પાડવા માગતા હોય એમ મમ્મી સામે જોયું . પછી વળી પાછું બોલ્યા : 'હું એમ પણ કહું છું કે 'આ...' 'માણસ' શબ્દ ગળી જઈને એમણે વાક્ય પૂરું કર્યું : '...કોઈનો બાપ હોઈ શકે એમ મને લાગતું જ નથી.'

મમ્મીનું મોં જાણે કે સળગતો જ્વાળામુખી બની ગયું. એ કશું કરતાં કશું જ ન બોલે એમ હું ઇચ્છવા માંડી, તેના પાતળા-પાતળા હોઠ, દાઢીની નીચેની અણી અને ગાલ-આંખ વચ્ચેનો ભાગ કંપારી બતાવવા માંડ્યાં. પપ્પા માગળ બોલ્યા : 'તારા નામની પાછળથી એના નામને મેં ઠોકર મારીને કાઢી ન નાખ્યું હોત તો પણ એ તારો બાપ હોય એમ કોઈ ન માને.'

★★★

કેટલાંક વરસ પછી એક વખત એવો પણ આવી ગયો કે નાનાના પત્રો મારા પર પણ આવવા માંડ્યા. ધીરેધીરે મારા પર જ આવવા માંડ્યા. મમ્મી કહેતી કે ઈર્ષા આવે છે, મારા બાપને તું છીનવી ગઈ છે,' કાગળમાં નાના લખતા કે તારી મમ્મીને કહેજે કે તબિયત સંભાળે. પપ્પા આ પત્રો સીધા મને સોંપી દેતા. પણ કવરને હાથમાં લેતી વખતે એવો ભાવ એમના મોં પર જન્મતો કે જાણે હાથમાં કંઈ જ નથી. નાનાના અક્ષરો સાથે જાણે યુદ્ધ કરતી હોય એવી એમની આંખો થઈ જતી, મોટે ભાગે ટપાલ આવી હોય અને હું હાજર હોઉં તો પપ્પા માત્ર આંખો અને નેણ વડે કવર ચીંધતા. હું કવર લઈ લેતી. ખોલીને મનમાં વાંચતી હોઉં તેટલી વારમાં મામ્મી

ચશ્માં શોધતી, ક્યારેક કિચનના રેક પરથી, સીવવાના સંચા પરથી, ઇસ્ત્રીના ટેબલ પરથી કે આરામખુરશીમાં બેઠાં બેઠાં જ્યાં જમીન પર હાથ અડકી શકે એવી જગ્યાએથી ચશ્માં મળી આવતાં. ચશ્માં ચડાવી મમ્મી પહેલાં ઉત્સુક થઈને પત્ર પર ઝડપથી દૃષ્ટિ ફેરવી જતી. પછી એક વાર જલદી વાંચી જતી. પછી નવરી પડે ત્યારે ફરીથી પત્ર લઈને ખૂબ નિરાંતનો ભાવ મોં પર લાવીને પત્ર-સરનામાના અક્ષરો સુદ્ધાં-ચીવટથી વાંચી જતી. નાનાએ લખેલા સરનામાના અક્ષરો સુદ્ધાં-ચીવટથી વાંચી જતી. નાનાએ પત્રમાં ક્યાંક એને માટે લખેલી બે-ત્રણ લાઇન શોધવા માટે એની નજર દોડાદોડ કરી મૂકતી, જેમાં નાના 'માલૂમ થાય કે...' કહીને એને ઉદ્દેશીને મારા ઉછેર અંગેની સૂચનાઓ લખતા. એમ એ બહુ સ્પષ્ટ લખતા કે એના પર કોઈની છાપ ન પડે તે જોવું, ('કોઈ' એટલે કોણ એ હું બરાબર સમજતી.) મારો સ્વભાવ, મારું ચારિત્ર્ય, મારું વર્તન કેવી રીતે સારું બનાવવું એના વિષે આદેશ આપતા હોય તેમ સૂચનો લખતા. એમ પણ લખતા રહેતા કે 'છોકરીનો ફોટો દર વર્ષે મોકલતા રહેવું.'

મમ્મી વૃદ્ધ થતી જતી હતી, પણ હું સમજદાર થતી જતી હતી. પપ્પા એવા ને એવા ગંભીર, કરડાકી ભરેલા ચહેરાવાળા, મિજાજી અને ક્રોધી લાગતા. મમ્મી અને પપ્પા ઘણીયે વાર પરાયાની જેમ એકબીજાની સામે જોતાં - બે અજાણ્યા માણસો જ્યારે એકબીજાને પહેલી વાર મળે ત્યારે સૌથી પ્રથમ પરસ્પરના મોં સામે જુએ અને એમાંથી જેમ પરિચય પામી લેવા માગે તેમ. નાનાનો પત્ર આવે એ દિવસે આખો દિવસ આવું રહેતું. નાનાનું મોં જાણે કે મમ્મીના મોં પર છપાઈ ગયું હોય એમ પપ્પાનો ચહેરો આખો દિવસ 'કશુંક કહી બેસીશ.'ના ભાવથી ગોરંભાયેલો રહેતો.

જે વ્યક્તિને મેં ક્યારેય જીવંત ન જોઈ, એનું સફેદ ચાદર ઓઢાડેલું શબ મારી સામે પડ્યું હતું, ઉપરના ભાગે આછો આકાર ઊપસતો હતો, પણ એટલા માત્રથી હું આખું મોં કલ્પી શકતી નહોતી. મામા મને જલદી એ મોં બતાવવા પણ માગતા નહોતા, એમને ડર હતો કે હું કદાચ હબકી જઈશ. કારણ કે નાનાને જીવતા મેં જોયા જ નહોતા. એમણે દેહ છોડ્યા પછી બે કલાકે હું પહોંચી હતી. ત્યારે મામા કલ્પાંતમાં ડૂબેલા હતા, રડવું જોઈએ એમ હું દિલના ઊંડાણમાંથી અનુભવતી હતી, પણ કોને, કયા મોંને યાદ કરીને રડું ? ડાબી જમણી તરફ ઢળતા અક્ષરોવાળા અસંખ્ય ગુલાબી કાગળોને યાદ કરીને રડું ? સફેદ ચાદર ઉપર ઊપસતી એમના મોંની રૂપરેખાને જોઈને રડું ? ચાદર બહાર ધસી આવેલા તેમના જમણા કૃશ હાથને જોઈને રડું ? બધાં રડતાં રડતાં મારી સામે ત્રાંસી આંખે જોઈ લેતાં હતાં - એક મામા સિવાય એમણે જ્યારે મારી સામે જોયું ત્યારે એમનો ચહેરો પ્રવાહીનો બન્યો હોય એવો લાગતો હતો. મેં એમને રૂક્ષ છતાં દબાયેલા અવાજે કહ્યું કે 'મારે નાનાનું મોં જોવું છે.' એમણે દુઃખી મોંએ મારી સામે જોયું, પછી કહ્યું : 'જો' - બોલતાંવેંત એમણે સફેદ ચાદર ઊંચી કરીને કહ્યું : 'મરતાં સુધી તારું જ નામ લીધા કરતા હતા.' મેં નાનાના મૃતદેહના મોં સામે જોયું, બરાબર જોયું. હોઠ થોડા ખુલ્લા રહી ગયા હતા. આંખોનાં પોપચાં વચ્ચે થોડી તિરાડ રહી ગઈ હતી. એમાંથી તદ્દન સફેદ પડી ગયેલી કીકીઓ દેખાતી હતી. મમ્મી જેવા બરાબર, થોડાં ઘાટાં છતાં કમાનદાર નેણ હતાં. ગાલ પર કરચલીઓ પડી હતી. મને થયું તો ખરું કે આ આખું મોં અમાનુષી લાગે છે. છતાં એમ પણ થયું કે 'મારા નાના.' જેવા શબ્દો સાથે આ મોં બરાબર બંધ-બેસતું આવે. આમની એકમાત્ર દીકરીનું હું એક માત્ર સ્ત્રીસંતાન હોઈ શકું. એમનું લોહી મારી નસોમાં ફરતું હોઈ શકે. એકાએક મને દેખાયું કે પોપચાં વચ્ચે તિરાડ પહોળી કરીને એમણે આંખો ખોલી. સફેદ કીકીઓનો રંગ પલટાઈને મમ્મીની આંખના રંગ જેવો બ્રાઉન થઈ ગયો. એમણે મારી સામે આંખો માંડી. હોઠ નોર્મલ માણસની જેમ બંધ થયા. આખું મોં, અંદર કશોક સંચાર થયો હોય તેમ,



પવનની લહેરમાં પાંદડું હલે એમ ધ્રૂજ્યું. પછી કમરમાંથી એ બેઠા થયા. બોલવાની અપેક્ષાએ જેમ કંપે એમ હોઠ થોડા કંપ્યા. હું વધારે નજીક જવા માટે જાણે કે ઉશ્કેરાટ અનુભવી રહી. આવકારતા હોય એમ એમણે કૃશ થઈ ગયેલો હાથ લંબાવ્યો. 'આવી ગઈ ?' એકલી જ આવી છે કે કોઈ મૂકવા આવ્યું છે ?!' આ 'કોઈ' શબ્દ સાંભળતાં જ અચાનક કોઈ કાંકરીઓવાળા ઢોળાવ પરથી હું સરકી પડતી હોઉં એમ મને લાગ્યું, નાના હસ્યા અને ફરી પાછા કમરમાંથી સૂઈ ગયા. ફરી વાર આંખોમાં તિરાડ રચાઈ ગઈ. કીકીઓ ફરીથી સફેદ થઈ ગઈ. હું ક્ષુબ્ધતા અનુભવી રહી, પણ મને થયું કે મેં નાનાને જીવંત જોઈ લીધા હતા. એકાએક મને જોરજોરથી રડવું આવવા માંડ્યું. ઘૂંટણો વચ્ચે મોં છુપાવીને કે હીબકવા માંડી, મામાએ આવીને મારી પીઠે હાથ પસવાર્યો અને કોઈએ કહ્યું કે છોકરી ડરી જશે. એની અમને પહેલેથી જ ખાતરી હતી પણ હઠ લીધી એટલે મેં બતાવવું પડ્યું.

ફરી મારું ધ્યાન નાનાના મૃતદેહ પર ગયું. મામાએ ફરીથી ચાદર એમના મોં સુધી ઓઢાડી દીધી. પણ નાનાના કૃશ હાથનો પંજો થોડો બહાર રહી ગયો હતો, હજુ પણ મેં વિચાર્યું કે એ જ હાથમાં મારો પત્ર પકડાયો હશે. એ જ હાથથી મારા ઉછેરની સૂચનાઓ મમ્મીને લખાઈ હશે. એ જ હાથથી વસિયતનામામાં સહી થઈ હતી અને એ જ હાથથી ક્યારેક, કોઈ ધગધગતી પળોમાં મારા પપ્પાનેને યાદ કરીને મુઠ્ઠી વળી ગઈ હશે.


બાકી મોંનો તો માત્ર આકાર જ ચાદર પર ઊપસતો હતો.

મમ્મી તો ઘરમાં દાખલ થતાં જ ઉંબરમાં ફસડાઈ પડી. મામા તૈયાર જ ઊભા હતા. દોડીને એમણે મમ્મીને બેઠી કરી. ભાઈબહેન બંને એકબીજાને ખભે મોં છુપાવીને ખૂબ ખૂબ રડયાં. પપ્પા આવ્યા અને મક્કમતાપૂર્વક પગલાં ભરતા અંદર ખુરશીમાં બેસી ગયા. હું ખૂણામાં ઊભી હતી. મને એમણે પાસે બોલાવી પૂછ્યું : 'તું મરણ વખતે હાજર નહોતી ?' હું જાણતી હતી કે પપ્પા 'એમના મરણ વખતે' જેવા શબ્દ નહીં જ બોલે. કંઈ નહીં, મેં કહ્યું - 'ના , બે કલાક મોડી પહોંચી' એમની આંખોમાં કશોક ન સમજાય તેવો પણ અણગમો ઊપજે તેવો ચમકાર થયો. એ બોલ્યા : 'ત્યારે તો એમને તું જીવતા જોઈ જ ન શકી ખરું ?'

'હા,'

'ત્યારે તો તને બહુ રડવું પણ શાનું આવે ? એ કોટની બાંય જરા ઊંચી કરીને ઘાટા વાળવાળું કાંડું ખંજવાળવા માંડ્યા. એકાએક મને પહેલાં સફેદ ચાદરની બહાર ધસી આવેલો કૃશ હાથ. નાનાનું કમરમાંથી બેઠાં થવું. અને એમની બ્રાઉન કલરની થઈ ગયેલી કીકીઓ યાદ આવી. મારી છાતી ધમણની જેમ ઊંચી નીચી થવા માંડી, મેં મારા પપ્પાના મોંની સામે પરાયા માણસની જેમ જોયું. એ ઊભા થઈ ગયા અને નાનાના એન્લાર્જ કરાવેલા મઢેલા ફોટા પાસે ગયા. પોતાનું મોં કાચમાં જોવા માંડ્યા. કોણ જાણે શું થયું. મારી આંખોમાં સળવળાટ થયો. મને રડવું આવવા માંડ્યું. કેટકેટલો અંકુશ રાખવા પ્રયત્ન કર્યો. પણ ક્યાંકથી કેટલાં બધાં આંસુ ફૂટી નીકળ્યાં. સામેની દીવાલ પરનો નાનાનો એન્લાર્જર્ડ ફોટો પ્રવાહી બનીને ભીંત પરથી નીતરી રહ્યો, હું નીચે બેસી પડી. ઘૂંટણ વચ્ચે મોં નાખીને જોર જોરથી ધ્રૂસકાં ભરવા માંડી. કોણ જાણે કેટલી વાર સુધી રડી હોઈશ. યાદ નથી, પણ જ્યારે હું શાંત થઈ ગઈ અને મારું મોં મોળું થઈ ગયું ત્યારે હું ઊભી થઈ ગઈ, પપ્પા નહોતા, મમ્મી બાજુના રૂમમાં ગઈ તો ત્યાં પપ્પા થાકીપાકીને સૂતા હોય એમ ચટાઈ પર લંબાવીને સૂતા હતા. એકાએક મને એવી કલ્પના આવી ગઈ કે જાણે એ લાંબા થઈને સાવ ભોંય પર પડ્યા છે. સફેદ ચાદર એમના મોં સુધી ઓઢાડી દીધી છે. અને એમનો ઘાટા વાળવાળો હાથ બહાર ધસી આવ્યો છે. અને મોંનો તો માત્ર આકાર જ ચાદર પર ઊપસતો હતો.

*બી-૩/જી એફ-૧૧, આકાંક્ષા ફ્લેટ્સ,*
*જયમાલા ચોક, મણિનગર-ઈસનપુર રોડ,*
*અમદાવાદ-૩૮૦૦૫૦. મો. ૯૫૫૮૦૬૨૭૧૧*



# એવરેસ્ટ

- કેશુભાઈ દેસાઈ

**"મ**ને તારી જીજીની સાક્ષીએ કરેલી પ્રતિજ્ઞા પાળવા દે બેટા. ખોટી જીદ ના કર."

કાળુજી જવાજી ઠાકોર માટે મરનારી છબી આગળ લીધેલું પણ જીવ સટોસટ પાળવાજોગ પ્રતિજ્ઞા હતી. એમણે જિગીષા આગળ હાથ જોડી દીધા. "એ બનાવ પછીયે તારા પ્રત્યે મને લેશ પણ અભાવ થયો છે ? તું દર અઠવાડિયે ટીનિયાને લઈને આવે છે ત્યારે મને ખાધેલું પચે છે. તારી કમ્પનીમાં જનરલ મૅનેજર હોય પણ મારે મન તો હજી પેલી વહેલી સવારે વાડમાં કણસતું કોઈ દુખિયારી માએ ત્યજી દીધેલું બચ્ચું જ છે !"

- જિગીષા ઠંડી પડી ગઈ. એને પાલક પિતા સાથે એના પતિએ કરેલું બેહૂદું વર્તન યાદ આવી ગયું. એ ગોઝારી રાતે નિરાધાર વિધુર પિતાએ એની જીજીની છબી સામે આંસુભીના અવાજે કરેલી પ્રતિજ્ઞાના પડઘા સંભળાવા લાગ્યા.

એને તો બેઉ પુરુષોએ દુઃખી જ કરી મુકેલીને ! કશાય વાંકગુના વગર એને હવે સતત હિજરાવાનું હતું. પોતે રસોઈ કરવા બેસતી ત્યારે લોટ બંધતાં અચૂક એમાં આંસુનાં મોણ ઉમેરાતાં. ઘરડે ઘડપણ એકલા અટૂલા બાપને ટિફિન બાંધવું પડે અને પોતે ગરમાગરમ રસોઈ કરી ઘરવાળાને અને "દાદુ, દાદુ" કરી રોજ એમને પાછા લઈ આવવાની જીદ કરતા એમને જીવથીય વહાલા ટીનિયાને જમાડવા પડે એ કેટલું કઠતું એની તો એના મનને પૂછ્યે ખબર હતી.

કાળુજીની સાત દાયકાની જિંદગી આરોહઅવરોહથી ભરેલી હતી. એવું નહોતું કે એમને માઠા પ્રસંગો કે અપમાનજનક પરિસ્થિતિઓમાંથી પસાર થયા વગર જ સચિવાલયની સુપર ક્લાસ વન પોસ્ટ પરથી રિટાયર થવા મળ્યું હોય. પણ નોકરીના કડદાદવાડા અને કોઠાંકબાડાં, ડિપાર્ટમેન્ટલ ઈન્ક્વાયરી કે એકાદ ઈન્ક્રીમેન્ટ રોકાવું એટલું દુઃખદાયક હરગિજ નહોતું લાગ્યું જેટલું તે રાતે સવાઈ દીકરા સમા જમાઈએ કરેલું અપમાન લાગ્યું હતું.

એમણે ધરાર સ્પષ્ટતા કરી દીધી હતી. સાંભળો નીતિનકુમાર, હું ઉંમરમાં તમારા બાપ કરતાં મોટો હોઈશ, પણ મનથી તમારા કરતાં પણ વધારે યુવાન છું. પત્ની ગુજરી ગઈ એટલે હું માળા લઈને તમારા ઘરના ખૂણામાં બેસી રહું એવી ગણતરી રાખતા હો તો મને એવી લક્ષ્મણરેખાઓ કે જુનવાણી પરંપરાનાં કૂંડાળાંમાં પુરાઈ રહેવું નહીં ફાવે. કાલે તમે મને પાર્કમાં મારી સ્ટુડન્ટ સાથે મજાકમસ્તી કરતો જોયો ત્યારથી તમારા મોઢા પર મેશ વળી ગઈ છે તે શું હું નથી સમજી શક્તો ? મારા વિચારો બાવીસમી સદીના છે અને તમે સોળમી સદીના ચારિત્ર્યના ખ્યાલોમાં રાચો છો. મેં તો જિંદગી માણવા માટે જનમ લીધેલો છે. તમારાં બા - જિગીષાનાં જીજીની હાજરીમાં મને મારા ડિપાર્ટમેન્ટની મહિલા કર્મચારી મીઠી મજાકમસ્તી કરતી છતાં એમણે મને ક્યારેય 'લિમિટ'માં રહેવાનું નહોતું કહ્યું. ઊલટાનાં રાજી થતાં કે મારા ધણીમાં કંઈક ભાળતી હશે ત્યારે ઉપર પડતી દોડી આવે છેને !

એમને એટલે જ અટકાવીને કહી દેવાયું હતું કે તમારા ઘરમાં નાગા થઈને નાચો એ ચાલે. મારા ઘરમાં એ નહીં ચાલે. રહેવું હોય તો રહો અને જવું હોય તો જઈ શકો છો. તમારી પૂંઠ પાછળ કેવી વાતો થાય છે, ખબર છે ? લોકો દાંત કાઢે છે. નવી નવી છોકરીઓને બોલાવો છો અને આખો દિવસ રૂમ બંધ કરીને શું ધંધા કરો છો - એ હું નથી સમજતો એવું ના માનશો. સીસીટીવી કેમેરામાં મારી રૂમમાં બેઠાં બેઠાં તમારી રાસલીલા જોયેલી છે. આવા લંપટ માણસને તો મારું ચાલે તો ઘરનું પગથિયું ના ચડવા દઉં ! કાળુજી માટે 'લંપટ' શબ્દ આ પહેલાં કોઈએ વાપર્યો નહોતો.

બાપ જીવાજી સાથે ચૌધરીના ખેતરમાં મજૂરીએ જતા ત્યારે કોઈ કોઈ વાર રાજીકાકી મીઠાશથી 'આ બૂંહાને અચોં લેતા આયા ? ઈનં ભણવા ઘો બાપડાનં !' કહેતાં ત્યારે એમણે હેતથી વાપરેલા 'બૂંહા' જેવા અપમાનજનક શબ્દમાં પણ એમના ભરાવદાર થાનેલાનું દૂધ રેલાતું હોય એવું લાગતું. પછી તો ભલું થજો એ પચાણકાકાનું કે એમણે જ એમના ભાગિયા જીવાજીને ગાળ દઈને સંભળાવી દીધું હતું : ગધેડીના, તારી કાચી રોજ ટકોર કર સ એ કોંને ચ્યમ નથી ધરતો ? તારા સોકરામાં દૈવત ભાળ્યું હશે તો કે'તી હશે ને ? ઈના ભણતર પૂંઠળ લાખ રૂપિયો ખરચવો પડે તોય વગર વ્યાજવા લેઈ જજે. તારી પાંહે પાસા માગું તો જોંણજે કે ચૌધરીનું લોઈ ન'તું !

- અને પછી એ નાનડિયો નિશાળે જતો થઈ ગયો. નિશાળમાં નંબર લાવીને વીસનગરની એમ.એન. કૉલેજમાં દાખલ થયો. પરીક્ષા પર પરીક્ષાઓ આપતો રહ્યો અને સચિવાલયમાં સીધો જ અંડર સેક્રેટરી બની ગયો. રિટાયર થયો ત્યારે એ એડિશનલ સેક્રેટરીની ઊંચી પદવી પર હતો. એના સીઆર એટલા સારા હતા કે એના નિવૃત્તિ સન્માનમાં ગૃહમંત્રી સદેહે હાજર રહ્યા હતા.

કૉલેજમાં એ 'હીરો' ગણાતો હતો. એને નાટકમાં મુખ્ય રોલ જ આપવામાં આવતો. હિંદીના પ્રસિદ્ધ નાટ્યકાર મોહન રાકેશનું 'આષાઢ કા એક દિન' ભજવાયું ત્યારે આખું ગામ ગાંડું થયું હતું. જો કે એને મળેલાં ઢગલો ઇનામો કરતાં નાટકમાં યક્ષકન્યાનું પાત્ર ભજવનારી સંગીતાએ એના લોહીથી લખેલો કટકો કાગળિયો એને મોટું નોબેલ પ્રાઇઝ લાગેલો. એ સુંવાળી ચામડીવાળી સુખસાયબીમાં ઊછરેલી નાગર કન્યાએ એને 'મારા મનવૃંદાવનમાં ટહુકતા મોરલા' જેવું મધુર સંબોધન કરીને લખ્યું હતું : 'તું કોઈ સાધારણ માનવી નથી. તું હાજરાહજૂર કવિ કાલિદાસનો જ કળિયુગી અવતાર છે ! પ્રિય કે.જે., તું તારી અને મારી પ્રેમપિપાસા વર્ણવતું નવું 'મેઘદૂત' લખ ને !' બીજે દિવસે કેન્ટિનમાં મળી ત્યારે કાળુજીએ કહ્યું હતું : 'ક્યાં કાલિદાસ ને ક્યાં હું ? મારું તે કોઈ ગજું છે બકા ?'

'તું ભલેને મેઘદૂત ના લખે. હું તો તને લવલેટર લખવાની જ. તારે વાંચવો હોય તો વાંચજે તે ના જ વાંચવો હોય તો ફાડી નાખજે.' એટલું બોલતાં બોલતાં ઓછું આવ્યું હોય એમ એની આંખો ચૂવા લાગેલી.

કાળુજીને ઈકોતેરમા વર્ષે એ સત્તરમા વર્ષની સુંવાળી યાદ રૂંવે રૂંવે સળવળી રહી. કોણ જાણે આ સુંવાળી જાત લાકડાં ભેગા થવા આવ્યા તોય પીછો કેમ નહીં છોડતી હો ! એમણે ગણતરી માંડી. પહેલી નજરનો પ્રેમ તો છેલ્લા શ્વાસ સુધી યાદ રહેતો હોય છે. કાળુજીના સાવ બોખા મોંમાં ગ્લોવ્ઝ પહેરેલ આંગળી ઘાલીને કૃત્રિમ દાંત બેસાડવા મથી રહેલા ડેન્ટિસ્ટ અનિમેષ પટેલને આસિસ્ટ કરી રહેલી બિંદી પણ તરુણાવસ્થાની પ્રેમિકા જેવી જ નમણી હતી. એના ગાલ ગલગોટા જેવા હતા. આંખો માછલી જેવી ચંચળ. જોકે, એને વારંવાર છેક પેશંટના ખુલ્લા મોંની આડોઅડ મોં લાવીને બોસને વધુ સ્પેસ મળે એવી અનુકૂળતા કરી આપવી પડતી હતી પણ કાળુજીના આખેઆખા જડબાને લોકલ




એનેસ્થેશિયાથી બહેરુંખોદ બનાવી દીધેલ હોઈ એ એના મધુર સ્પર્શનું સંવેદન નહોતા માણી શકતા કે નહોતા એના અડુંઅડું થતા હોઠને ચૂમી શકતા. એમના ખભાને અડકીને એવી દયાનજક હાલતમાં પણ યૌવનનો અહેસાસ જરૂર કરાવતા હતા. ડેન્ટિસ્ટ ડ્રિલિંગ કરી કરીને સાવચેતીપૂર્વક એક પછી એક ઇમ્પ્લાન્ટ જડબાના ખમી શકે એવા હાડકામાં સેટ કરી રહ્યો હતો. લોહીના રેલા સેકશન પાઇપ મારફત નીચેની જારમાં ઠલવાતા રહ્યા. 'પેઇન થાય છે ?' જેવો રૂટિન સવાલ વચ્ચે વચ્ચે ડેન્ટિસ્ટ આશ્વાસનના ભાગ રૂપે પૂછતો રહ્યો અને એનેસ્થેસિયાને લીધે સુન્ન બની ગયેલા હોઠ સરખો ઉચ્ચાર કરી શકે એમ ન હોઈ કાળુજી ઠાકોર કે જેમણે અહીં પેશંટ તરીકે કે. જે. ઠાકોર જેવું અંગ્રેજી પદ્ધતિનું સરકારી નામ લખાવેલું - માત્ર 'ઊંહું, સ્લાઇટ, બેરેબલ' જેવા ટૂંકા જવાબો વાળતા રહ્યા.

'સર !' પેલી ચુલબુલી ઇન્ટર્ની કન્યાએ એમને મોઢું જરા વધુ પહોળું કરવા અને જીભ પાછી ખેંચી લેવા રિક્વેસ્ટ કરી. જીભ નીચે ભેગા થયેલા લોહીને એનું સેકશન ખેંચી ખેંચીને નીચેની જારમાં ઠાલવવા લાગ્યું. એમનું પોતાનું લોહી રેલાઈ રહેલ જોઈ કાળુજીને મોઢામાં મોળ વળી.

એજેડ પેશંટનું આખેઆખું બોન મજબૂત ન પણ હોય. એટલે આપણે જ્યારે ઇમ્પ્લાન્ટ માટે ડ્રિલિંગ કરીએ ત્યારે રેડિયોલોજિસ્ટે પાડી આપેલા ડિજિટલ એક્સ-રે મુજબ એનું પ્રેક્ટિકલ પ્લાનિંગ કરવું પડે. અંકલના મેન્ડબલમાં આપણે છ ઇમ્પ્લાન્ટ નાખીશું અને અઠવાડિયા પછી નીચેના જડબામાં ચાર જ ઇમ્પાલન્ટથી ચલાવવું પડશે. ઉપરના જડબામાં ઇમ્પ્લાન્ટ સાયનસના પોલાણમાં ઘૂસી ના જાય, એની તકેદારી રાખવી પડે. આપણી પાસે આખો કમ્પ્યૂટરાઈઝ્ડ પ્રોગ્રામ છે એટલે એમાં મુશ્કેલી નહીં પડે.'

ચુલબુલી ઇન્ટર્ન સેકશન પકડીને ઊભી રહી અને પીજી સ્ટુડન્ટ્સ અનિમેષ સરની પાછળ ઝળૂંબી આખી પ્રોસીજર ઝીણવટપૂર્વક નિહાળી રહ્યા હતા. એમને લાલચ હતી કે સર એકાદ ઇમ્પ્લાન્ટ ઇન્સર્ટ કરવાની તક આપશે પણ ડેન્ટિસ્ટ અનિમેષ માટે એડિશનલ સેક્રેટરી તરીકે રિટાયર થયેલા ઠાકોરસાહેબ સ્ટુડન્ટ્સને ડેન્ટિસ્ટ્રીના પ્રેક્ટિકલ નૉલેજના પાઠ શીખવવા માટેનું 'ગિની પીગ' નહોતા. એટલે પીજી કે અંડર ગ્રેજ્યુએટ સ્ટુડન્ટ્સને એમણે આગોતરી સૂચના આપી હતી કે આજે હું એક વીઆઇપી પેશંટની સર્જરી હાથ ધરવાનો છું. તમે લોકો બને એટલા દૂર રહી એ જોઈ શકો તો સારું. વચ્ચે ચર્ચાને અવકાશ નહીં રહે. જરૂરી લાગશે તે મુદ્દા હું જણાવતો રહીશ.

'ઠાકોરસાહેબ, બહુ પેઇન તો નથી થયું ને ?' ઇમ્પ્લાન્ટ લગાવી દીધા પછી ગ્લોઝ કાઢતાં કાઢતાં ડો. અનિમેષે વિવેક ખાતર પૂછ્યું. જોકે, એમના વીઆઇપી પેશંટનો જવાબ એમની અપેક્ષા મુજબનો નહોતો. 'ડૉક્ટર, અમે રહ્યા ગામડાના મજૂર લોક. મોટા ખેડૂતોને ત્યાં સાથી-ભાગિયા તરીકે રહીએ. ભણ્યા એટલે સરકારી નોકરીમાં લાગ્યા અને તમારા જેવા ઊજળા વરણને પણ સાહેબ જેવું પૂંછડું લગાડીને વાત કરવી પડે એવી પરિસ્થિતિ સરજાઈ. બાકી અમને તો એનેસ્થેસિયા વગર સીધા જ ખીલા ઠોકો તોય ખમી લઈએ, ઈસુ ખ્રિસ્તની જેમ !' લોકલ એનેસ્થેસિયાથી સુન્ન થઈ ગયેલા હોઠ પણ આવી ચોખ્ખીચણાક વાત કરે એ ડેન્ટલ યુનિવર્સિટીના સ્ટાફ અને સ્ટુડન્ટ્સ માટે કૌતુક જેવી ઘટના હતી. ઇન્ટર્ની કન્યા તો આભી જ રહી ગઈ.

'છતાં જરૂર લાગે તો પેઇન કિલર લેજો સાહેબ. એન્ટિબાયોટિક્સ પણ.' ડેન્ટિસ્ટ અનિમેષે રેસિડેન્ટ ડૉક્ટરને પ્રિસ્ક્રિપ્શન લખી આપવા સૂચન કર્યું, અને બીજા પેશંટ તરફ વળી ગયા. ઈન્ટર્નીએ કે. જે. ઠાકોરના શરીર પર પહેરાવેલ એપ્રન અને માથે પહેરાવેલ કેપ દૂર કરતાં કહ્યું : 'સર, હવે તમે જઈ શકો છો.' એની સામે ટગર નજરે તાકી રહેલા પેશંટને કદાચ કંઈ પૂછવું હશે એમ લાગતાં એ બોલી : 'નેક્સ્ટ શિડ્યૂલની જાણ સર સાથે ચર્ચા કરીને રેસિડન્ટ ડૉક્ટર કરી દેશે. આજે કશી ગરમ વસ્તુ નહીં લેવાની. કલાક પછી પ્રવાહી લઈ શકાશે. બે દિવસ પછી સોફ્ટ ખોરાક લઈ શકશો. ખીચડી, દાળભાત...'

કાળુજીથી અનાયાસે બોલાઈ ગયું : 'એ બધું કોણ બનાવી આપવાનું છે ? આય'મ ઑલ અલોન..' એમને થયું : પોતાની અંગત મેટર બિચારી ગભરુ બાળાને જણાવવાની જરૂર નહોતી. જે સ્થિતિમાં કુદરતે મૂક્યા એને અનુકૂળ થઈ જવામાં જ શાણપણ. લોકો આગળ રોદણાં રોવાથી આપણો વાસ્તવ થોડો બદલાશે ?

ઈન્ટર્નીએ સહાનુભૂતિ દર્શાવી. 'અંકલ, આન્ટી નથી ?'

કાળુજી ગળગળા થઈ ગયા. 'આન્ટી હોત તો સાથે ના આવ્યાં હોત ?' એમણે હળવેથી એના ખભે હાથ મૂકી કહ્યું : 'મને ક્યાંક સરખી જગ્યાએ બેસાડ. મારે રિક્ષા આવે ત્યાં લગી વેઇટ કરવું પડશે.'

ઈન્ટર્નીને નવાઈ લાગી : મીન્સ અંકલ પાસે એમનું વ્હીકલ પણ નથી ! બિચ્ચારા ! એને દયા આવી ગઈ. હશે ત્યારે એમની તહેનાતમાં ગાડીઓ જ ગાડીઓ હશે. અત્યારે કશું નથી ! પૂછી જ નાખ્યું : 'આપના સન ? ડૉટર ? કોઈ તો લેવા આવશે ને ?'

'બેટા !' કાળુજીના મનમાં ડેન્ટલ ચેરમાં બેઠાં બેઠાં જાગેલું પુરુષસહજ સંવેદન ઓગળીને આંસુમાં ફેરવાઈ ગયું. પોતાને સંતાન થયાં હોત તો એમના ઘરે આની ઉંમરનાં બાળકો હતો... 'કહ્યું ને બકા, અંકલ એકલા જ છે. આન્ટીની વિદાયને પણ સાત વરસ થઈ ગયાં. હા, એક વાડમાંથી જડેલી દીકરી છે, પણ...' એ થોથવાઈ ગયા. એમને અચાનક જિગીષા યાદ આવી. એને ફોન કરું તો જરૂર મારા ઘર સુધી મૂકી જાય. બિચારી દર રવિવારે અચૂક એની ઢીંગલીને લઈને 'દાદા'ને મળવા આવે છે - પોતે એના ઘરનું પાણી અગરાજ કર્યું હોવા છતાં. એમને એ પ્રસંગ યાદ કરવો ગમતો નથી. અત્યારે કોણ જાણે કેમ એનેસ્થેસિયાની અસરમાં સાવ અંગત બાબતો પણ આ અજાણી છોકરી આગળ ઓકાઈ જાય છે... એ ઘટના પછી એમને ડિપ્રેશનનો હુમલો આવી ગયેલો. મરી જવાનું મન થઈ આવતું. પરંતુ દીવાલ પર સુખડનો હાર પહેરીને લટકતી છબી આદેશ કરતી : મારા સાહેબ, આખી જિંદગી કોઈની સામે હાર ના કબૂલી અને આ ત્રણ ટકાના છોકરડા સામે હારી ગયા ? એના બોલ્યા સામું થોડું જોવાનું હોય ? તમે કોણ ! સુપર ક્લાસ વન ગવર્ન્મેન્ટ અધિકારી. એની દુનિયા એનાં પાંચ સાત જુનવાણી ગામડાંની બનેલી છે. તમે રહ્યા વિશ્વવિહારી. ભૂલી જાઓ એનું બોલેલું. આપણે તો આપણે પાળીપોષીને મોટી કરેલી જિગીષાથી મતલબ. એના કાળજાના કટકા જેવા ટીનિયાને મોટો કરવાનો છે. તમને એની જવાબદારી સોંપીને તો રજા લીધી'તી મેં, ભૂલી ગયા ?

એમણે એકીસાથે બે મોરચે લડવાનું હતું. એક તરફ સાવ એકલા. પોતાના ત્રણ બેડરૂમવાળા સુવિધાયુક્ત ઘરમાં ફક્ત મોબાઈલ, અને રડ્યાખડ્યા ચાર-પાંચ મિત્રો. એમની અનુકૂળતાએ મળવા આવે કે બોલાવે - એટલું માફ. બીજી તરફ આ વણલખી જવાબદારી. જે ઘરનું પાણી અગરાજ કરીને નીકળ્યા હતા એના યોગક્ષેમની પૂરી તકેદારી ! પોતાના શરીરની માગણીઓ પણ ક્યાં શમી હતી હજી ? ડૉક્ટર મિત્રોને પૂછ્યું તો કહે છે : આ ઉંમરે પણ વૃત્તિઓ સતેજ



હોય એ તો ઈશ્વરનું વરદાન ગણાય. બાકી મોટા ભાગના તો રિટાયરમેન્ટની તારીખે જ રિટાયર થઈ જતા હોય છે. અમારી પાસે કામોત્તેજક ટેબ્લેટ લખાવી જાય છે !

'એ તો સાહેબ, જેનું જેવું જિનેટિક્સ બંધારણ. અમે રહ્યા વનવગડાના ખેતમજૂર. ભણીગણીને ઑફિસર થયા એથી પેલા ઠાકોર ભાયડાના લોહીના ગુણ થોડા જતા રહે ? એની ગરમી બૈ'રું મરે એટલે થોડી ઠરી જાય ?' કાળુજીનું લોજિક કન્સલ્ટિંગ ફિઝિશિયનને પણ વિચારવા જેવું બલકે રિસર્ચ કરવા લાયક લાગતું.

એ એવા તો ખોવાઈ ગયા હતા કે પાસે ઊભેલી બિંદી પણ અકળામણ અનુભવવા લાગી હતી. વૃદ્ધ પેશંટ છે, સાથે તો કોઈ આવ્યું નથી. એમને એમના ઘરે કોણ પહોંચાડશે ? એનેય લંચ માટે નીકળવું હતું પણ એમને એકલા મૂકીને છટકી જવું બરાબર ન લાગ્યું. અતીતના ઉકરડામાંથી ડોકું બહાર કાઢીને એ બોલ્યા :


'બેટા, જરા મારા મબાઇલ પરથી જિગીષાને ફોન કરશો ? મને સરખું બોલાશે નહીં, લોચા વળશે. રિક્ષા કરીને જવા કરતાં એ મૂકી જાય તો સારું.'

એમણે ઇન્ટર્ની કન્યાને વિનંતી કરી. સસ્મિતવદને એણે ફોન જોડી આપ્યો : 'અંકલને ઇમ્પ્લાન્ટ નાખ્યા છે એટલે અત્યારે લોકલ એનેસ્થેસિયાની અસરમાં વાત કરી શકે એમ નથી. તમને યાદ કરે છે.' એટલું કહી એ આંખો નચાવતી એમના સંકેતની રાહ જોઈ રહી.

'એને કહો કે મને ઘરે પહોંચાડે. મારી સાથે કોઈ માણસ નથી.' એટલું કહેતાં કહેતાં એમની આંખો ભીની થઈ ગઈ.

ઇન્ટર્નીએ એમને પેપર નેપકિન આપ્યો. એણે ધીમે રહીને રજા માગી : 'તો હું જઉં અંકલ ? જિગીષાદીદીને વાત કરી દીધી છે. એ વીસેક મિનિટમાં પહોંચે છે. યુનિવર્સિટીના દરવાજે આવીને ફોન કરશે.'

એ ગઈ. કાળુજી ભૂતકાળમાં સરી પડ્યા. કેટલી બધી



આવી અને કેટલી બધી ચાલી ગઈ ! આવી ત્યારે ધસમસતી રાજધાની એક્સપ્રેસની જેમ આવી. આવતાંની સાથે બાહુપાશમાં સમાઈ ગઈ. જાણે સાત ભવના સંગાથની પ્રતિજ્ઞા લઈને ના આવી હોય ! પણ ગઈ ત્યારે પૂછવાય ન ઊભી રહી કે જઉં છું, તમને વાંધો તો નથીને ? મને મારાલાયક પાત્ર મળી ગયું છે...

અર્થાત્ આ ઝુઝારુ ગામડિયો તો એ બધીઓ માટે ફક્ત સ્ટેપિંગ સ્ટોન હતો ! એમની સ્મૃતિની સોફ્ટ દાબડીમાં સંઘરાઈ રહેલી માશૂકાઓ સુકાઈને ચીમળાઈ ગયેલી ગુલાબ પાંખડીઓની જેમ ખરતી રહી. લોકલ એનેસ્થેસિયાની અસર ઓછી થવા લાગી અને થોડું થોડું દુખવા માંડ્યું એટલે એમણે બેલ મારી કે તરત લીલી સાડીવાળી મધ્યવયસ્ક પ્યૂન હાજર થઈ.

'શું થયું દાદા ?' એમને ઓચિંતું જ અંકલમાંથી દાદામાં પ્રમોશન મળી ગયું. ક્ષણવાર ડેન્ટલ પેઇન વીસરી એ પ્રૌઢ સ્ત્રીના વિસ્તૃત નિતંબો જોવા તલસી રહ્યા. પૂંઠ ફરે તો સરખી જોઈ શકાયને !

'પણ, જરા ટેબ્લેટ લેવી પડશે.' એમને તરત યાદ આવ્યું કે ટેબ્લેટ તો હજી પ્રિસ્ક્રિપ્શન રૂપે ખીસામાં પડેલી છે. એમણે પાણી લઈ આવેલી બાઈને પૂછ્યું : 'નીચેના ફ્લોર પરથી જરા ડૉક્ટરસાહેબે લખી આપેલી દવાઓ લઈ આવશો બેન ?'

હજી પેલી સ્ત્રીને પ્રિસ્ક્રિપ્શન થમાવે એ પહેલાં રિંગ રણકી 'ડેડ, હું પહોંચી ગઈ છું. ક્યાં બેઠા છો ?'

'ઉપર, બીજા માળે ઓરલ સર્જરીના વેઇટિંગ હોલમાં.' એમણે પેલી પ્યૂનનો આભાર માનતાં કહ્યું : 'દીકરી મને લેવા આવી છે. એ મેડિકલ સ્ટોરમાંથી દવા લઈ આવશે.'

પ્યૂન મલકાઈને લટકો કરતી પાછી વળી. જાણે સમજી ના ગઈ હોય કે દાદાએ મારી પૂંઠ જોવા જ ફરીવાર બોલાવી હતી !

હાંફળી ફાંફળી જિગીષા હોલમાં પ્રવેશી.

'કહીએ નહીં કે હોસ્પિટલે જવાનું છે ? રજા મૂકીને આવી જાત.'

'ના બેટા. મારે એવી તકલીફ તને ન'તી આપવી. આ તો મારો ચોથો ધક્કો છે. દર વખતે મહેશભાઈ જાતે એમની કાર લઈને આવતા. આજે ઓચિંતાનું એમને છાતીમાં દુઃખવા લાગ્યું. વહેલી સવારે તો મારી સાથે વોકિંગમાં નીકળેલા. ઘેર પહોંચતાં પહોંચતાં પરસેવે રેબઝેબ થઈ ગઈ. તાબડતોબ એકસો આઠ બોલાવવી પડી. કદાચ બાયપાસ જ કરાવવું પડશે ! મારે ડેન્ટિસ્ટની એપોઇન્ટમેન્ટ ન હોત તો હું એમની જોડે જ હોત અત્યારે.' એ ઊભા થયા. થોડા ચક્કર આવી

ગયા. દીવાલ પકડી લીધી. જિગીષાએ એમનું બાવડું પકડ્યું. 'ડૉક્ટરને બોલાવું ?' એને ચિંતા થઈ.

'ના, એ તો મને ક્યારેક એવું થઈ જતું હોય છે. જરા શાંતિથી ઊભો થયો હોત તો ના થાત.' હવે એ સ્વસ્થ થઈ ગયા હતા. 'તું તારે આગળ ચાલ. મને કશી તકલીફ નથી.'

એણે ગાડી હોસ્પિટલના દરવાજા બહાર પાર્ક કરી હતી. કાળુજીએ એનું ઘર છોડ્યું ત્યાર પછી પહેલી જ વાર એને તકલીફ આપી રહ્યા હતા. ઓલા-ઉબેર બોલાવતાં શીખ્યા નહોતા અને આજે પાડોશમાં જ લીલી વાડી જેવા મઘમઘતા પરિવાર સાથે રહેતા ભાંગ્યાના ભેરુ પોતે જ જીવલેણ માંદગીમાં પટકાયા હતા. સચિવાલય છોડ્યે બે દાયકા ઉપર સમય થઈ ગયો હતો. પદ પર હોત તો શું આમ એકલા એકલા રિક્ષા કરીને હોસ્પિટલે આવ્યા હોત ? એક કહેતાં અગિયાર ગાડીઓ હાજર થઈ ગઈ હોત. સમય બહોત બલવાન એમને પોતાની જ દયા આવી ગઈ ! પોતે કેવા ભારાડી બાપનું ફરજંદ ! હાકોટો કરે ને આખું ગામ ધ્રૂજી ઊઠે એવી છાપ ધરાવતા અભણ જીવાજીએ છેલ્લા શ્વાસ સુધી હાર નહોતી માની. ભણેલો દીકરો પણ એમની સામે દલીલમાં ઊતરવાની હિંમત નહોતો કરી શકતો. ઉપરથી બાવળિયાના થડ જેવા બરડ લાગતા બાપના હૈયામાં સસલાની રૂંવાટી જેવી મુલાયમ લાગણીનાં ઝરણાં વહેતાં હતાં. મરવાના થયા પણ ગામ અને વગડો છોડવા તૈયાર ન થયા તે ન જ થયા. સોજા ચડી ગયા હતા આખા શરીરે… પણ શહેરના દવાખાને ધરાર ન આવ્યા અને મહુડો ગાળી ગાળીને પીતા રહ્યા.

- 'ડૅડ, તમારા પગે તો સોજા આવી ગયા છે !' જિગીષાની નજર માંડ માંડ ગાડીમાં પગ ટેકવવા મથી રહેલા વૃદ્ધ પિતાના સૂજી ગયેલા પગ પર પડી.

'બેટા, મારા બાપને તો આખા શરીરે સોજા આવેલા.' એમણે એની ટકોરને હસી નાખતાં ઉમેર્યું : 'હવે જલદી ઘરભેગો કરે એટલે દવાઓ લઈને સૂઈ જઉં. ડેન્ટલ ચેરમાં લાગટ ત્રણ-સાડા ત્રણ કલાક ટાંટિયા લટકાવીને બેઠા હોઈએ પછી સોજા ન આવે તો શું આવે ? ઇકોતેરમું શરૂ થઈ ગયું છે, પછી વિદાયના સંકેત તો શરૂ થાય જ ને !'

'એવું ના બોલો. ટીનિયો તો રોજેરોજ હઠ પકડે : મારે દાદુ પાસે જવું છે. એ મને સ્કૂલે મૂકવા આવશે. મારે વાનમાં સ્કૂલે નથી જવું. દાદુના ઘર પાસે જ કેવડી મોટી સ્કૂલ છે જિગી ! મને તું એમના ઘરે કેમ નથી મૂકતી ?'

- એણે કાર એના ગામના રસ્તે વાળી એનોય લાગણીશીલ થઈ ગયેલા કાળુજીને અણસાર ન રહ્યો.

'ટીનિયો તો મારો વાઘ છે. એના કારણે તો જીવું છું. તને ક્યાં ખબર નથી ? તારી જીજી તો એને અમારી જોડ જ રાખવા માગતી હતીને !' એમનો અવાજ તરડાઈ ગયો.

છેક ચોકડીએ પહોંચ્યા ત્યારે એમને સમજ પડી કે જિગીષા એમને એના ઘેર લઈ જઈ રહી હતી. એ ચમક્યા. દુખતા મોઢે બોલી ઊઠ્યા : 'તું ખોટી જીદ ના કર. મને મારા ઘરે ઉતારી જા, નહીંતર અહીં જ છોડી દે. હું રિક્ષા કરીને જતો રહીશ.' એમનો ચહેરો બદલાઈ ગયો. 'મેં તારા ઘરનું પાણી અગરાજ કરેલું છે એ ભૂલી ગઈ ?'

બેઉની આંખો સામે એ કમનસીબ રાત જાગી ઊઠી. 'જીવશો ને જાગશો ત્યાં લગી વેર રાખવાનું છે ?' એણે ગાડી સાઇડમાં લઈ જઈ થોભાવી. 'તો પછી મને વાડમાં જ કૂતરાંબિલાડાં પાસે ચૂંથાવા દેવી'તીને ? શું કામ જીવાડી ? એની આંખો ઊભરાઈ ઊઠી. 'કહેતા હો તો હું આજે જ ટીનિયાના પપ્પાને ડાઇવોર્સ આપી દઉં. મારે તમારા વગર નહીં ચાલે.'

કાળુજી ગળગળા થઈ ગયા. 'જિગી બેટા, હું તો હવે વરસ દા'ડાનો મહેમાન. આ તો ઠીક છે : સરખી રીતે ખાઈ શકાય એનાં વલખાં. નવા દાંત નંભાવીશ એટલે કંઈ જુવાન થોડો થઈ જવાનો છું ? પણ મારે જતી ઉંમરે તારા ઘરસંસારમાં ઉંબાડિયું નથી ચાંપવું. મને મારી રીતે જીવવાનું ફાવી ગયું છે. ટિફિન આવે છે. દૂધ તો સામેની જ દુકાને મળે છે. ફળફળાદિ મંગાવી લઉં છું. હું સક્ષમ છું ત્યાં સુધી કોઈના આશરે રહેવાનું પસંદ નહીં કરું. એક વાત નક્કી કે જરૂર પડ્યે કોઈ ઘરડાઘરની વાટ પકડી લઈશ પણ તારા ઘરે તો નહીં જ આવું. તે રાતે પ્રતિજ્ઞા કરીને નીકળ્યો હતો, બાપના બોલથી અને મરનારીના નામથી. કાગડાકૂતરાના મોતે મરવું પડે તો બહેતર છે પણ જ્યાં માનવીનું માન ન સચવાય ત્યાં એક પળ પણ નહીં ટકવું જોઈએ. સાચ્ચું કહું ? જમાઈએ મારા માટે જે વિશેષણો વાપર્યાં હતાં એ સાંભળ્યા પછી તો ત્યાં ને ત્યાં જીભ કચરીને મરી જવાનું મન થઈ આવેલું. પણ મેં મરનારીને વેણ આપ્યું હતું કે કુદરત જિવાડશે એમ જીવીશ, આપઘાત કદાપિ નહીં કરું. જીવાજી ઠાકોરનું બીજ છું, કોઈ હાલીમુવાલીનું



લોહી નથી ! હા, જ્યાં મારું માનપાન નહીં જળવાય ત્યાં પગ નહીં મૂકું !'

જિગીષાએ ટીનિયાના નામે કાકલૂદી કરી. 'એ પહુડું કાગડોળે તમારી રાહ જોતું હશે. કહેતો હતો : દાદુ કડક વસ્તુ ના ખાઈ શકે, આઇસ્ક્રીમ તો ખાઈ શકે ને ? તું એમને લઈ આવ. હું ત્યાં સુધીમાં દાદુ માટે હેવમોરની દુકાનેથી મેન્ગો ફ્લેવરવાળો આઇસ્ક્રીમ લઈ આવું છું...'

કાળુજી દ્રવી ઊઠ્યા. તે રાતે અપમાનિત થઈને ઘર છોડ્યું ત્યારે જતાં જતાં કહેતા ગયા હતા : 'લ્યો ત્યારે છેલ્લા જુહાર ! હવે આ ઘરનું પગથિયું ચડું તો એમ માનજો કે બીજફેર થઈ ગયો હતો, જીવાજી ઠાકોરની ઠકરાણી ક્યાંકથી ઉઘરાવીને લઈ આવી હતી ! ભલેને મારા ઘરમાં મધરાતે એટેક આવે ને તરફડી તરફડીને મરી જાઉં. લાશ ગંધાઈ ઊઠે તોય શું ?ને જમાઈરાજ, સાંભળી લો બેઉ કાન સરવા કરીને. આ કોઈ રસ્તે રઝળતો રોમિયો નથી. છાબલિયાના ખમતીધર ઠાકરડાનો વેલો છે. લંપટ તો એને કહેવાય જે બળજબરી કરે. મને તો જે મળ્યું તે વગર માગ્યે મળ્યું છે. જે કોઈ આવ્યું તે સામે પગલે આવ્યું છે. હું કોઈને કરગરવા નથી ગયો. મારે સ્વમાનના ભોગે ઘડપણ ગીરો નથી મૂકવું.'

- એમને શોષ પડતો લાગ્યો એટલે જિગીષાએ બોટલમાંથી પાણી કાઢીને આપ્યું. 'એમ થોડી તમારી લાશ ગંધાવા દઈશું ? એ દિવસે એમનાથી બે ભૂંડા શકન બોલાઈ ગયા એનો હવે એમને પણ અફસોસ થાય છે. તમારે મોટું મન રાખીને એમને માફ ના કરવા જોઈએ ? જેવા છે એવા તમારા જમાઈ છે અને તમને તો સવાયા બાપ ગણીને અમારા ઘરે લઈ આવ્યા હતા.' એને થયું : ધણીની વધુ પડતી વકીલાત કરાઈ ગઈ. એ માણસે તે રાતે એમને લંપટ કહીને કાઢી જ મૂકેલા વળી. કોઈ પણ સ્વમાની માણસને એવા શબ્દો તો કઠે. આ તો મારી માયા મુકાતી નથી, ને ટીનિયો ટીનિયો કરીને તો એમનું મોઢું સુકાય છે. અઠવાડિયે એકાદ વાર મળવા જઈએ તોય મા-દીકરાને બાથ ભરીને ગળગળા થઈ જાય છે.

એણે દુરાગ્રહ કરવાનું છોડી કહ્યું : 'ભલે, તમારા જમાઈના ઘરનું પગથિયું ના ચડતા. અમારા ઘરનું પાણી પણ નહીં પીવડાવું તમને. પણ ટીનિયો આઈસક્રીમ લઈ આવ્યો છે એ તો લેશોને ?'

કાળુજી કઈ રીતે ના પાડે ! એ ગાડીમાં બેસી ગયા. આંખો લૂછતાં લૂછતાં બોલ્યા : 'તારી સોગન જિગી. તારા ઘરનાં પાંચ પગથિયાં મારે માટે હવે એવરેસ્ટ કરતાં અઘરાં છે. ટીનિયાને ફોન કરીને કહે કે એ દરવાજા બહાર આઈસક્રીમ લઈને ઊભો રહે. હું ગાડીમાં બેઠાં બેઠાં જ એને લાડ કરી લઈશ. આઈસક્રીમ તો ચાલુ ગાડીએ ધીમે ધીમે ખવાશે. પાંચેક મિનિટ જ ગાડી રોકજે. મારે મારા ઘરે પહોંચીને તરત આડે પડખે થવું છે.' એમને થયું : 'ના, ના. આવી હઠ ખોટી. હઠ ટીનિયાને શોભે, એના દાદુને નહીં.'

ઘડીક વિચારીને એ બોલ્યા : 'ચાલ, તારી અને ટીનિયાની લાગણીને માન આપીને એ એવરેસ્ટ પણ ચઢી જઈશ. મને બરાબર પકડી રાખજે. કદાચ પગથિયાં પર જ ઢગલો થઈ જાઉં એમ પણ બને. પ્રતિજ્ઞા કરતાં નિર્દોષ બાળકનો પ્રેમ વધારે પવિત્ર છે. મારે વળી માયા કે મૂડીમાં બીજું છે પણ કોણ ? તું અને તારો ટીનિયો. બાકીનાં તો વહેલાં પરવાર્યાં.'

જિગીષાના હૈયે હરખની હેલી વરસી રહી. એનાં થાકેલાં અંગોમાં નવું જોમ આવી ગયું. એણે કાળુજીને ખબર ન પડે એમ નીતિનને વોટ્સએપ કરી દીધો. 'ડેડને ઘરે લઈ આવી છું. જલદી પહોંચો.'

ગાડી સરગાસણના મેઘદૂત બંગલોઝના દરવાજે પહોંચી ત્યાં નીતિન નતમસ્તકે ઊભો હતો. પ્રતાપી શ્વસુર સામે આંખમાં આંખ મિલાવી વાત કરવાની લાયકાત એ ગુમાવી ચૂક્યો હતો.

એણે ધીમે રહીને ગાડીની બહાર પગ મૂકતાં વડીલના ચરણ પર માથું અડકાડ્યું અને એમને પતિ-પત્ની એમે ટેકો આપી બેઠકખંડમાં લઈ ગયાં. કિચનમાં ક્યારનાય સંતાઈ રહેલા ટીનિયાએ વાઘનું મહોરું પહેરીને ઓચિંતી તરાપ મારી અને પછી પીઠ પાછળ સંતાડેલ આઈસક્રીમનો કપ ધરી પૂછવા લાગ્યો : 'સાચ્ચું કહેજો દાદુ, ડરી ગયેલા ને ?'

*૧૨, ઐશ્વર્ય-૧, પ્લોટ નં. ૧૩૨,*
*સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨૦૨૧.*
*મો. ૮૨૦૦૦૭૧૩૬૩*



# નરક કોને કહેવાય ?

- ડૉ. ચંદ્રકાન્ત મહેતા

**'મ**મ્મી હું સ્કૂલે જાઉં છું. આવતા મોડું થશે.' - વિસ્મિતાએ કહ્યું.

'મને જાણ કરવાની જરૂર નથી. તારા પપ્પાની રજા લઈ લે. આપણા ઘરમાં તાનાશાહી પ્રવર્તે છે, લોકશાહી નહીં.' કૃતિકાએ છણકા સાથે કહ્યું.

'વિસ્મિતા, જેનું ચિત્ત ઠેકાણે ન હોય એની સાથે ચર્ચા ન થાય. તારી મમ્મી સાથે મેં દાખવેલી ઉદારતા જ મને ભારે પડી રહી છે. કેટલાક લોકોની જીભમાં વક્રતાનું થાણું હોય છે.' પિતાને કહ્યું.

'અને કેટલાક લોકોના મનમાં વીંછીનું દર હોય છે. તેઓ ધારે ત્યારે બીજાને ડંખવા વીંછીને રમતો મૂકી દે છે.' કૃતિકાએ ઈંટનો જવાબ પથ્થરથી આપ્યો.

'મમ્મી-પપ્પા, તમે લોકો એકબીજાનાં શત્રુ હોવ એમ કેમ વર્તો છો ? તમારે ઘરને ઘર નથી રહેવા દેવું ?' વિસ્મિતાએ સહેજ છણકા સાથે કહ્યું.

'બેસ છાનીમાની. બહુ ચાંપલી થઈ ગઈ છે ! હજી દસમા ધોરણમાં ભણે છે ને ઘર કેવું હોવું જોઈએ એની વાત કરે છે. પરણ્યા પછી તને ખબર પડશે કે પિયર છોડી વરના ઘરમાં કેમ 'સેટ' થવું એ કેટલું દોહ્યલું છે.' કૃતિકાએ વિસ્મિતા પર વ્યંગ્ય કર્યો.

'મમ્મી, આપણો દેશ ગમે તે ઉંમરના સંતાનને 'બાળક' જ માને છે. અમારા 'સર' કહેતા હતા કે આજના બાળકનું મન ફોટોગ્રાફર પણ છે અને વીડિયોગ્રાફર પણ. મા-બાપને બાળમનોવિજ્ઞાનનો લેશ માત્ર ખ્યાલ નથી હોતો. આપણા ઘરનું વાતાવરણ જોતાં મને 'સર'ની વાત સાચી લાગે છે. તમને બંનેને ઝઘડવાની અનુકૂળતા ખાતર હું વહેલી સ્કૂલે જાઉં છું...' કહી વિસ્મિતા સ્કૂલે ચાલી ગઈ.

તે દિવસે સ્કૂલમાં એક સંતનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. એમણે વ્યાખ્યાનમાં 'સ્વર્ગ અને નરક' વિશે વિસ્તારથી વાત કરી. વ્યાખ્યાન બાદ પ્રશ્ન પૂછવાની વિદ્યાર્થીઓને છૂટ આપવામાં આવી.

મોટાભાગનાં વિદ્યાર્થી ભાઈ-બહેનો ચૂપ રહ્યાં, પણ વિસ્મિતાએ સંતને પૂછ્યું : 'આપશ્રીએ જે સ્વર્ગની વાત કરી એની કોઈ સાબિતી આપશો ? સ્વર્ગ કેવું છે એનું રિપોર્ટિંગ કરવા કોણ ગયું છે ?'

'આવી બધી વાતો નાની ઉંમરે ન સમજાય. તું લગ્ન કરીશ પછી તને સમજાશે કે સંસારમાં સ્વર્ગ જેવું વાતાવરણ ક્યાં છે અને નરક જેવું વાતાવરણ ક્યાં છે ?' સંતે સંક્ષેપમાં ઉત્તર આપવાનું ટાળ્યું.

'માફ કરજો, પણ દીકરીઓ માટે લગ્ન કરવું ફરજિયાત છે, એવા બંધિયાર ખ્યાલ સાથે જ એનો ઉછેર કરવામાં આવે છે. ગૌરીવ્રત પણ 'સારો' પતિ મેળવવાની આશિષ માટે કરાવવામાં આવે છે. દીકરીના મનને નાનપણથી જ દૂષિત કરવામાં આવે છે. આપના જેવા સંતો પણ પતિને પરમેશ્વર માનવાનો આદર્શ સ્ત્રી પર લાદતા હોય છે. મારે મન તો સ્વર્ગ અને નરક અહીં જ છે.' - વિસ્મિતાએ સણસણતો જવાબ આપ્યો.

સંતના વિદાય થયા બાદ સ્કૂલના આચાર્યે વિસ્મિતાને ઠપકો આપવા બોલાવી. આકરા શબ્દોમાં એમણે વિસ્મિતાનો ઊધડો લેતાં કહ્યું : 'નાને મોઢે મોટી-મોટી વાતો કરતાં તને શરમ નથી આવતી ? સંત તો આપણી સ્કૂલના મહેમાન કહેવાય. પ્રશ્નો પૂછી એમને ગેરશિસ્તનો અનુભાવ ન કરાવાય.'

'પણ મેં ગેરશિસ્ત આચરી જ નથી. આપે તો અમને ભણાવ્યું છે કે, 'પ્રશ્નકર્તા સુખી ભવેત્' જિજ્ઞાસા એ પાપ નથી. જિજ્ઞાસાને કચડી નાખવી એ પાપ છે. મોટા-મોટા વૈજ્ઞાનિકો અને પંડિતોએ પણ જિજ્ઞાસાનો આધાર લઈને જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, અવનવી શોધો પણ કરી છે. મને બિનપાયેદાર વાતો ગમતી નથી !' વિસ્મિતાએ નિર્ભયતાપૂર્વક ચોખવટ કરી.

આચાર્ય ઉશ્કેરાયા. એમણે વિસ્મિતાના વર્ગ શિક્ષકને બોલાવીને સૂચના આપી કે વિસ્મિતાના વાલીને પત્ર લખો કે એમની પુત્રીએ આચાર્ય અને સંત સામે ઉદ્ધતાઈ દાખવી છે. વિસ્મિતાને આચાર્યે ચાલ્યા જવાની સૂચના આપી.

એ ઘેર પહોંચી એ પહેલાં તો તેની ઉદ્ધતાઈની ફરિયાદ વર્ગશિક્ષકે પહોંચતી કરી દીધી હતી.

વિસ્મિતા વિશે સ્કૂલમાંથી આવેલી ફરિયાદ અંગે તેનાં મમ્મી-પપ્પા ઝઘઢી રહ્યાં હતાં. વિસ્મિતાએ પોતાના બચાવમાં ઘણી જ સ્પષ્ટતા કરી, પણ તેનાં મમ્મી-પપ્પાએ તેની વાત ધ્યાનમાં લીધી જ નહીં. બંને વચ્ચે ઝઘડાનું કારણ એ હતું કે વિસ્મિતાને કોણે બગાડી છે ? પપ્પા એ માટે મમ્મી પર દોષારોપણ કરતા હતા. અને મમ્મી પપ્પા પર ! વિસ્મિતા કશું જ બોલ્યા-ચાલ્યા વગર પોતાના શયનખંડમાં ચાલી ગઈ. મમ્મી-પપ્પાનો ઝઘડો મધરાત સુધી ચાલ્યો. રાંધ્યાં ધાન રખડી પડ્યાં. સહુ ભૂખ્યાં-તરસ્યાં સુઈ ગયાં.

બીજે દિવસે વિસ્મિત સ્કૂલે જવાને બદલે સ્કૂલના મહેમાન બનેલા સંતના આશ્રમે પહોંચી ગઈ એણે સંતને વંદન કરી કહ્યું : 'મને આપ સ્વર્ગ નહીં બતાવી શકો પણ નરક તો મેં જોઈ લીધું છે ! આપને પ્રશ્ન પૂછ્યો એ માટે સ્કૂલના આચાર્યે મને ઉદ્ધત ઠેરવી. મારી વિરુદ્ધ મારે ઘેર ફરિયાદનો પત્ર મોકલ્યો. જેને કારણે મારા ઘરમાં 'મીની મહાભારત' સર્જાયું. જે રીતે મારાં મમ્મી-પપ્પા એકબીજા પર આક્ષેપો કરતાં હતાં, ઉગ્રતા દાખવતાં હતાં એ જોઈને મને લાગ્યું કે, નરક અહીં છે.'

'શાબાશ ! તું જ્ઞાની છે. તારા જેવા અનુયાયી અને શિષ્યોની મારા આશ્રમમાં જરૂર છે. તું ઇચ્છે તો તને મારી શિષ્યા બનાવવા હું તૈયાર છું.' - સંતે કહ્યું.

'એટલે મારે પણ 'ભાષણબાજ' બની સ્વર્ગ-નરકની વાતોનો પ્રચાર કરવો. એમ જ ને ! મારી આપને વિનંતી છે કે સ્વર્ગ, મોક્ષ, મુક્તિ જેવી વાતો કરવાને બદલે વ્યક્તિનું સામાજિક જીવન કેવી રીતે સ્વર્ગ જેવું મનોહર બને, એ માટે સંકલ્પબદ્ધ બનવું જોઈએ. આપના ઉપદેશની મારા કરતાં મારાં મમ્મી-પપ્પાને વધારે જરૂર છે. એકવાર મારે ઘેર પધારો.' વિસ્મિતાએ સંતને આમંત્રણ આપ્યું. પોતાના ઘરમાં 'નરક'નું વાતાવરણ જોવા માટે.

સંતે કહ્યું : 'કાલે તો મારે હરિદ્વાર જવાનું છે. શ્રાવણ માસમાં હું ત્યાં જ રહીશ, ગંગાસ્નાન કરીશ અને ભક્તિનાં પ્રવચનો આપીશ. પહેલો ધર્મ, પછી સંસાર.'

'માફ કરજો, પણ સંસારને સુધારવો એ જ સૌથી મોટો ધર્મ છે. મારાં મમ્મી-પપ્પાને સુધારો તો શ્રાવણ મહિનાનું પુણ્ય આપને આપોઆપ મળી જશે.' વિસ્મિતા દલીલો કરવામાં પાછી પડે તેવી નહોતી.

'બેટા, સહુને પોતપોતાના ખ્યાલો મુજબ જીવવાનો અધિકાર છે. તારી સાથે હું મતભેદ ધરાવું છું પણ મને માઠું નથી લાગતું. મને તારામાં ગાર્ગી અને લોપામુદ્રાનાં દર્શન થાય છે. આવજે, - કહી સંત પોતાના ઓરડામાં ગયા.'

વિસ્મિતા ઘેર પહોંચી ત્યારે મમ્મી-પપ્પાનો ઝઘડો ચાલુ જ હતો. મમ્મીએ છૂટાછેડા માટેની અરજી તૈયાર કરવા ઍડવૉકેટને બોલાવ્યા હતા.

પણ પપ્પા અડગ હતા. તેઓ કોઈ પણ ભોગે છૂટાછેડા આપવા સમ્મત નહોતા. ઍડવૉકેટે પપ્પાને કહ્યું : 'શ્રીમાન, રોજરોજના ઝઘડા, કલેશ, કંકાસ અને અણબનાવ એ તો જીવતું-જાગતું નરક છે. પ્રેમ અને લાગણી વગરનું દામ્પત્ય એ જેલ કરતાં જરાય જુદું નથી. વેરવૃત્તિ વગર હસતા મોઢે છૂટા પડવું એ દામ્પત્યના અંતની શાનદાર રીત છે. મેં પણ મારી પત્નીને છૂટાછેડા આપ્યા છે, પણ અમારી વચ્ચે આજે પણ કશી કટુતા નથી !

'આપે ક્યા કારણસર આપની પત્નીને છૂટાછેડા આપ્યા ?' - પિતાને ઍડવૉકેટને પૂછ્યું...

'મારી પત્ની બેફામ ખર્ચ કરતી હતી. બાળકોને મારા વિરુદ્ધ ચઢાવી મને હલકો ચિતરતી હતી. ક્યારેક આક્રમક બની મારી પર હુમલો કરવાનો પ્રયત્ન કરતી હતી. મને કહેતી હતી કે તમારી સાથે રહેવું એ મને 'દોજખ' સમાન લાગે છે. મેં વિસંવાદિતાનો અંત લાવવા છૂટાછેડાની દરખાસ્ત રજૂ કરી. એણે સહર્ષ વધાવી લીધી. છૂટાછેડા બાદ એણે પુનર્લગ્ન કર્યાં. એનો નવો પતિ મને એકવાર મળ્યો હતો. એણે અશ્રુભીની આંખે મને કહ્યું :' તમારી ભૂતપૂર્વ પત્નીએ મારા જીવનને 'નરક' બનાવી દીધું છે. એની સાથે લગ્ન કરીને હું પસ્તાઉં છું... મને છૂટાછેડા આપાવવામાં મદદ કરશો ?'

પેલા માણસે પોતાની આપવીતી કહી સંભળાવી. અને એડવોકેટે તેને મદદ કરી છૂટાછેડા અપાવ્યા હતા.

કૃતિકાએ કહ્યું : 'દામ્પત્ય એ અમૃતના ઓડકાર માટે છે, વિષપાન માટે નહીં : તમે માત્ર તમારી પત્નીના વાંકની જ વાત કરી. તમારો દોષ પણ છૂટાછેડા માટે જવાબદાર હશે જ ને. મારે છૂટાછેડા જોઈએ છે મારી માનસિક શાન્તિ માટે. ફરી લગ્ન કરવાની ઉતાવળ હું નહીં જ કરું.'

અંતે વિતાને કૃતિકા સાથે છૂટાછેડા લીધા. ફેમિલી કોર્ટે વિસ્મિતાને પૂછ્યું : 'તારે કોની સાથે રહેવું છે ? મમ્મી જોડે કે પપ્પા જોડે ?' વિસ્મિતાએ કહ્યું : 'મારે બંનેમાંથી કોઈની સાથે નથી રહેવું. મારે માત્ર મારી સાથે રહેવું છે, મારે એવી દુનિયા જોઈએ છે જ્યાં મને મુક્ત રીતે શ્વાસ લેવાનો અધિકાર હોય, જ્યાં મારી ઉપર મારા સિવાય કોઈનું શાસન ન હોય. પરણીને પસ્તાવાનો અખતરો મારે નથી કરવો. હું લેડિઝ હોસ્ટેલમાં રહીશ, પાર્ટટાઈમ નોકરી કરી મારું ખર્ચ જાતે જ ઉઠાવીશ.' વિસ્મિતા પુખ્તવયની હતી એટલે કોર્ટના જજે તેને પોતાની રીતે જીવવાની સ્વતંત્રતા આપી.

લેડિઝ હોસ્ટેલનાં ગૃહમાતા પ્રેમાળ હતાં. એમને વિસ્મિતા પ્રત્યે સદ્‌ભાવ હતો.

દિવાળી પછી હોસ્ટેલનું બીજું સત્ર શરૂ થયું... એક દાનવીરે આપેલા દાનમાંથી વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. વિસ્મિતાને ખબર નહોતી કે કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પેલા સંત જ પધારવાના હશે.

હોસ્ટેલના એસેમ્બલી હોલમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાવાની હતી. વિષય હતો : 'આજનાં લગ્નો અભિશાપ છે કે વરદાન ? વિસ્મિતા વક્તૃત્વ સ્પર્ધામાં માત્ર લેવાની હતી.'

પણ રાત્રે એકએક એણે જોરજોરથી ચીસો પાડી બકવાટ શરૂ કર્યો. 'ના, ના, કોઈ યુવતી વગર વિચાર્યે સપ્તપદીના ફેરામાં ન અટવાય. મારે પણ નથી પરણવું, નથી પરણવું, કોઈ મને બચાવો.'

ગૃહમાતા દોડીને તેના ઓરડામાં ગયાં વિસ્મિતા બેબાકળી હતી. ગૃહમાતાએ ડૉક્ટરને બોલાવ્યા. ડૉક્ટરે કહ્યું : 'વિસ્મિતાના મનમાં દામ્પત્ય- જીવનની કલ્પનાનું ટેન્શન છે. એણે કોઈનું નરક સમાન દામ્પત્ય જોયું હશે, એનો પ્રભાવ તેના મન પર છે. હું દવા આપું છું. શાન્તિથી એ ઊંઘી જશે અને સવારે સ્વસ્થ થઈ જશે.'

ગૃહમાતા વિસ્મિતાની પાસે જ બેઠાં, થોડીવાર પછી વિસ્મિતા ઘસઘસાટ ઊંઘમાં સરી પડી.

સવારે એ સંપૂર્ણ સ્વસ્થ્ય હતી. વક્તૃત્વ સ્પર્ધામાં એણે ભાગ લીધો. આધુનિક દામ્પત્ય વિરુદ્ધ ખાસ્સો ઊભરો ઠાલવ્યો.

પુરસ્કાર વિતરણનો સમય થતાં મુખ્ય અતિથિ પેલા સંત આવી પહોંચ્યા. વિસ્મિતા તેમના વિચારો જાણવા ઉત્સુક હતી. સંતે કહ્યું : 'જિંદગીમાં કોઈ સંબંધ અભિશાપ પણ નથી હોતો અને વરદાન પણ નહીં : માણસનો પરસ્પરને સમજવાની ઉદારતા અને સહિષ્ણુતાનો અભાવ સંબંધને શાપ રૂપ બનાવે છે. એક માણસને મન સંબંધ એ વરદાન પણ હોઈ શકે અને બીજા માણસ માટે અભિશાપ પણ. મેં મારા કાર્યક્ષેત્રનું સ્વરૂપ બદલ્યું છે. દેવસેવાની સાથે-સાથે દેશસેવાને પણ મહત્વનું સ્થાન આપ્યું છે. અહંકારનો ટકરાવ છૂટાછેડાનું નિમિત્ત બને છે. એટલે પતિ-પત્નીના ઝઘડાને કારણે સંબંધ વિચ્છેદ ન થાય એ માટે મેં પ્રયત્નો શરૂ કર્યો છે.'

'તો પછી એક કામ આપ કરી આપો. મારાં મમ્મી-પપ્પા સાથે સંબંધ સેતુ રચી એમના ભગ્ન લગ્ન જીવનમાં ફરીથી આનંદ પાછો લાવી આપ્યો. દેવને રિઝવવાનું કામ સહેલું છે, અઘરું તો છે મનુષ્યને રિઝવવાનું.' વિસ્મિતા અંદરથી એકલતા અનુભવની હતી.

સંતે કહ્યું : 'તારી ઇચ્છા આજે અને અત્યારે જ પૂરી થશે. તારાં મમ્મી-પપ્પાને મેં ચાતુર્માસ દરમિયાન મારી સાથે જ રાખ્યાં હતાં. સતત વાર્તાલાપ કરી મેં એમનું મનોમાલિન્ય ધોઈ નાખ્યું છે. હવે એ બંનેનું મન નરક રહેવાને બદલે સ્વર્ગ બની ગયું છે.' સંતે પોતાના એક શિષ્યને કહ્યું : 'વિસ્મિતાનાં મમ્મી-પપ્પાને જોડેના રૂમમાંથી બોલાવી લાવો.'

અને કૃતિકા તથા વિતાનને સંતનો શિષ્ય બોલાવી લાવ્યો. દીકરી વિસ્મિતાને જોઈ એ બંને ચોધાર આસુએ રડ્યાં. કૃતિકાએ કહ્યું : 'અમારી જીદ અને અહંકારે જ ઘરને 'નરક' બનાવી દીધું હતું. સંતશ્રીના નિકટ રહેવાથી અમારું મન અને અંતઃકરણ શુદ્ધ થઈ ગયું છે. હવે આપણે બધાં આપણા ઘર રૂપી 'સ્વર્ગ'માં જ રહીશું. નરક કોને કહેવાય એ અમે સમજી ગયાં છીએ.'

સંતે 'તથાસ્તુ' કહી વિદાય લીધી. અને ગૃહમાતા વિસ્મિતા સાથે તેનાં મમ્મી-પપ્પાને સ્વગૃહે જતાં અમી દૃષ્ટિથી નિહાળી રહ્યાં.

---

*૧૬, હેવન પાર્ક, શેલ્બી હોસ્પિટલ પાછળ,*
*રામદેવનગર નજીક, સેટેલાઈટ રોડ,*
*અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૮૨૪૦૧૫૩૮૬*



“મારી કસ્તીનો કિનારો”
નટુ પારેખ
મો. 9824408392


"ઉઘાડ"
ઉષા રા. પાઠક
મો. 9427232036


“શાહી ડણક”
જય વી. પગી
મો. 9998461407



“લાઇનબંધ કૂચ”
વિનોદ નિમાવત
મો. 9428702952

# શું હું કંઈ ખોટું કહું છું ?

*- રમેશ ર. દવે*

**આ**નંદવિહાર ગાર્ડનના પહેલા દરવાજાની જમણી બાજુએ એ બાંકડા બરાબર સામસામા ગોઠવાયેલા છે. એ બેટા બાંકડા સવારના સાતતી સાડા આઠ સુધી, રિટાયર્ડ-સિનિયર સીટીઝનની એક સ્વનિયુક્ત પંચાયતથી ભરાઈ જાય છે. એમની આ મિટિંગનો એજન્ડા કશો નથી હોતો પણ વાતના વિષયોનો પાર નથી, એમાંય મોદી-સરકાર, સખત ગરમી ને આકરી ઠંડી અને શેરબજારની ઉથલપાથલથી માંડીને દરેક પંચાયતીની સોસાયટીમાં થતી ઈધર-ઉધરના ડેઈલી ન્યૂઝ સુધી વિચાર-વિહાર થતો રહે છે.

અલબત્ત,આજે બધા ઊઠું-ઊઠુંના મૂડમાં છે ત્યાં જ એક નવી વાત લહેરાઈ - આ પંચાત-બાંકડાની સામી બાજુએ, લગભગ વીસેક ફૂટ દૂર બીજા બે બાંકડા છે અને એ મોટેભાગે, દરરોજ બે ડોગી અને એમને વહાલુડાં માનનારાં એક મહિલા અને બીજા એક જેન્ટલમેનથી એંગેજ રહે છે. એમની સામે નજર સાંધીને વિનુભાઈ એ વાત વહેતી મૂકી -

'આ બેયને માળાં એમનાં ડોગી બહુ વહાલાં લાગતાં હશે, ખરું ને ?'

'ના, એવું નથી. એમાંનાં કાદમ્બરીબેન એમના ડોગને વધારે વહાલથી રમાડે છે - સાચવે છે.'

'પણ તોય પેલા ભાઈ જેવું તો નહીં જ ! આ બેન તો, એમનો ડોગ જ્યારે પાછલો પગ ઊંચો કરીને કોઈ લેમ્પપોસ્ટ કે પાર્ક કરેલી કારના ટાયરને ભીનું કરે કે પાછલા પગ પર ટેકવીને પેટ હળવું કરતો હોય તો બધું કરવા દે છે જ્યારે પેલા ભાઈ તો એની ડોગી ને ગમે ત્યાં નહીં, જરા ખાલી જગ્યાએ જ હળવી થવા દે છે અને વળતું જ છાપાના નાનકડા ટુકડાથી એને સાફ કરે, એટલું જ નહીં, પોતે થેલામાં રાખેલા કાગળમાં પેલી ગંદકી લઈ લે અને શાકની લારીવાળા આપે છે - એવી લીલા રંગની પ્લાસ્ટિકની કોથળીમાં છાપાનું એ પડીકું બરાબર મૂકે અને ડોગીને માથે હાથ ફેરવે છે.'

'પણ હેં જગુભાઈ, તમને કેમ ખબર પડી કે આ ભાઈ પાસે છે એ ડોગી છેને પેલાં બેન પાસે છે એ ડોગ છે...'

'એની તમને અમદાવાદીને ખબર નો પડે ! ઈ તો જેણે, અમારી જેમ ગલુડિયાં રમાડ્યાં હોય કે કૂતરો-કૂતરી હળવાં થાતાં હોય તિયારે, સુગાળવા થઈને મોઢાં ફેરવી નો લીધાં હોય - એને જ જાણ હોય. તમે આમ જરાક ઊડતી નજર નાખો કૂતરાના વાંઘલા પગ હેઠાળે ને તરત...'

'પણ તોય...'

'અરે તોય-તોય શું મારા ભાય ? જેના પેટની ડાબીને જમણી કોર્ય ચાર-ચાર આંચળ હોય એ કૂતરીને જેને એવું કાંય નો હોય ઈ કૂતરો !'

'હા... હો' જગુભાઈની વાતતો સાચી જ છે ને બીજી ય એક વાત ચે કૂતરો પેશાબ કરે ત્યારે એક પગ ઊંચો હોય ને કૂતરી...'

'પણ આ બધી હળવા થવાની વાત કોરાણે મૂકીને હું પૂછું - એનો જવાબ છે તમારી કને ?'

'એ તો તમે પૂછો પછી જ ખબર પડે ને !'

'તે લ્યો, આ પૂછ્યું : વાત મૂળ મુદ્દે આટલી જ છે....' એમની અધૂરી વાતે, મનહરભાઈએ કાંડા ઘડિયાળને ઢાંકતી ઝભ્ભાની બાંય જરા ઉપર ખેંચીને જોયું તો પોણા નવ વાગી ગયા હતા. એમની આ હરકત જોઈને સહુને થયું - ઘેર બ્રેકફાસ્ટ માટે રાહ જોવાતી હશે, હવે ઊઠવું જોઈએ - આ ચિંતાથી બાંકડા-પરિષદ આટોપાઈ, સૌ ઊભા તો થયા પણ એ સૌના વડીલ સમા જગુભાઈએ અધૂરી વાત આગળ વધારી- તમે સમજ્યા એ ડોગ ને ડોગીનું તો ઠીક મારા ભાય, ઈ બેય તો મારાં વાલાં એક બીજાની વાંહે દોડવામાં, એકબીજાને સૂંઘવામાં ને ગમી જાય ન્યાં ચાટવામાંથી નવરાં નથી પડતાં પણ આટલી બધી વાર, આ ભાયને બાય સામસામાં બેશીંન શું થયું વાતું કરતાં હશે ?'

'તમને આવી જિજ્ઞાસા થાય. જગુકાકા, એ સ્વાભાવિક છે પણ એને જાહેર ન કરાય હોં... ને તોય તમારાથી રહેવાતું ન હોય તો, પૂછવાની વાત તમારે જ પૂછવાની છે હોં ! જોકે એમાં તમારે કોઈની મદદની જરૂર હોય તો ચોક્કસ જણાવજો !' - અને મરક-મરક ચહેરે હળવાફૂલ થઈ સૌ પોતપોતાની સોસાયટી તરફ વળ્યા.

'તમે બેય જણાં મઝાની વાતું કરો છો પણ એમાં જરાક અમથો ભંગ પાડું ? બેતણ દિ'થી પૂસું-પૂસું થાય સે મનમાં પણ પુસાતું નથી. આમ તો તમે બેય મારી હારું સાવ અજાણ્યાં છો એટલે આવી સાવ અમથી વાત નો જ પ્રસાય પણ પાસું એમેય થાય સે કે આવ્યો જ સું તે... તમારી હાર્યે ઘડીક વાર વાત કરું ?'

કાદમ્બરી અને સંતોષે પહેલાં તો એકબીજા સામે જોયું પણ પછી મોં પર હળવું હાસ્ય ફરકાવીને કાદમ્બરીએ કહ્યું - 'વડીલ, તમારે માટે ભલે અમે અજાણ્યાં હશું પણ અમે તો તમને જાણીએ છીએ, તમે તો રોજ સવારે સામેના બાંકડે મળતાં-બેસતાં વડીલોની સાથે બેસો છો એટલે તમારે...'

'પણ બેન, વાત જરા એવી છે ને એટલે -' જગુભાઈએ પોતાની બોલીને જરા શહેરી બનાવીને કહ્યું પણ સંતોષે એમને અધૂરી વાતે અટકાવ્યા.

'અરે એવું તો હોતું હશે ? કહો, તમારે શું કહેવું પૂછવું છે ?'

સંતોષની વાતથી થોડી હળવાશ થઈ એટલે જગુભાઈ એ પૂછ્યું - 'બીજું તો કંઈ નહીં પણ આ તમારાં ડોગ-ડોગી

મઝાથી રમતાં હોય છે ત્યારે તમે અહીં બેઠાં-બેઠાં એવી તે શું વાતો કરતાં હશો ?'

'યસ સર ! તમને એ તો ખબર હશે જ કે અમે...'

'હા... હા, એની તો ખબર છે જ... તમે કંઈ એવાં અજાણ્યાં નથી, આ બેન તો 'રાજદીપ' બંગલામાં રહે છે ને ભાઈ તમે તો... હું ભૂલતો ન હોઉં તો, 'રેવાતીર' સોસાયટીમાં રહો છો ને ?'

'સંતોષ, તારે કરવી હતી - એ ખાતરી જો થઈ ગઈ હોય તો હવે આ વડીલે પૂછેલા સવાલનો...'

'ના... ના... ના, એવી કાંઈ ઉતાવળ નથી. આ તો હું ઘરે જાવા ઊભો થયો અને પગ આ બાજું વળી ગયા, બાકી ઘરે જવાનો વખત તો તમારેય થઈ જ ગયો હશે ને ?'

'ના, એવી કોઈ ઉતાવળ નથી, સિવાય કે તમારે મોડું થતું હોય તો... આજે નહીં તો તમે કહો ત્યારે, નિરાંતે બેસીને વાતો કરીશું, બરાબર ને કાદમ્બરી ?'

'યેસ... યેસ ! આ દાદાજી અને લગભગ એમના દીકરા જેવો તું - એમ બેય પુરુષો મળીને નક્કી કરો ને પાછું અમને પૂછો ત્યારે મારે... આઈમીન અમારે... દાદાજી, તમે શું કહો ? અમારે 'બાયું'એ તો તમારી આપા માથે જ ચડાવવાની હોય ને ! પણ દાદાજી, તમે ફોન-મોબાઈલ ફોન રાખો છો ?'

'મને તો નો ફાવે પણ અમારી નીતુડી નો માની, કે કેં દાદા તમે બહાર જાઓ અને કંઈ થાય તો ? - હું ભૂલી જાઉં તોય એ દોડીને આવે ને મારા ખીસામાં મોબાઈળ મૂકે ! મારો નંબર લખાવું ?'

'હા, એમ જ કરીએ. હું તમને અનુકૂળતાએ ફોન કરીશ. હવે નંબર બોલો, એટલે હું સેવ કરી લઉં.'

'મારો મોબાઈલ છે' સત્તાણું, ત્રણ સિત્તોત્તેર ને પિસ્તાલીશ પંચાવન નવ' અને મારું નામ છે જગુભાઈ જોશી. આમ તો અમે બ્રાહ્મણ પણ મૂળે બાપદાદાની ખેતી, તે બીજા ભાયું તો અહીં વેલેરા આવી ગયેલા ને આપણા રામે તો એયને વાડી-ખેતરમાં બે'ર કરી ! હા, પણ તમે મને ફોન કરશો ને મને ખબર નહીં પડે તો ? એમ કરો ને, આમાં તમારો ફોટો-નામ ને નંબર નાખઈ દેશો ? સંતોષે પોતાનાં નંબર-નામ ને ફોટો એમના મોબાઈલમાં મૂકી આપ્યાં ને પોતે રિંગ કરી ખાતરી પણ કરાવી દીધી. એની સામે હરખાતા ચહેરે જોઈને જગુભાઈએ કહ્યું -

'તો હું હવે જાઉં ? પણ તમે બેય મારી વાતનું કાંઈ ઓછું નો આણતાં હોં....'

'તમારે આવી કંઈ ચિંતા-ફિકર કરવાની હોય જ નહીં, આપણે વેળાસર મળીશું હોં... બસ, આવજો, આવજો દાદા !'

★★★

'દાદાજી, તમારો મૂળ સવાલ તો, અમે બંને શો સંબંધ ધરાવીએ છીએ, એ જ છે ને ?'

'હા પણ તમારી જેવાં માણસોને આવું સીધેસીધું થોડું પુછાય ?'

'ના, પુછાય તો નહીં પણ પૂછવાને બદલે કલ્પી તો શકાય ને ? અનુમાન તો થઈ જ શકે ને ?'

'એટલે શું ? તમે કીધું પણ મને સમજાયું નથી...'

'બીજું તો શું, તમે જ મનમાં-મનમાં કાંઈક વિચાર્યું તો હશે જ ને ? બસ, એના આધારે અમારી વચ્ચે શું સંબંધ હશે એ...'

'અમારે, આવા ઘરડા-ઘડપણે આવી પરીક્ષા આપવાની ને પાછું પાસે ય થવાનું ?'

'ના, સાવ એવું નહીં. હું તમને થોડીક મદદ પણ કરીશ. હું બે-ત્રણ જવાબ તૈયાર કરી દઉં અને એમાંથી તમારે સાચો જવાબ ઓળખી લેવાનો, આ કંઈ અઘરું કામ છે ?'

'હા... હા, એમ તો કદાચ થઈ શકે.'

'જો પહેલો જવાબ : શું અમારી વચ્ચે કશો લોહીનો સંબંધ હશે કે પછી અમે બેય, સાત પગલાં ને ચાર ફેરા હાર્યેહાર્યે ફર્યાં હશું એટલે કે અમે વર-વહુ હશું ?'

'આ તો સાવ સહેલું થઈ ગયું. આ તમે એક-બીજાને તુંકારે જ બોલાવો છો એટલે તમે વર-વહું જ હશો, ખોટું કહું છું ?'

મોં દબાવવા છતાં કાદમ્બરી ફક્ક્ કરતી હસી પડી. એને આમ હસતી જોઈને, સંતોષે ગુસ્સે થવાનું નાટક કરતા કહ્યું : 'એય કાદુ, આમ હસવાનું નહીં ! આપણા વિશે અનુમાન કરવાની આઝાદી આપણે જ આપી હોય ને દાદાજી તાર્કિક રીતે સાચો જવાબ સિલેક્ટ કરે પછી આવું કરવાનું ?'

'ના...ના...ના, એમ નો હોય તો બેન હસી તો પડે જ ને ? અને તોય એમણે મોઢા આડો હાથ તો દીધો જ 'તો ને ? પણ મારો આ જવાબતો નાપાસ થયો તો... તો...' જગુભાઈએ થોથવાતાં-થોથવાતાં પૂછ્યું.

'તો પછી અમે બેય, કાકા-દાદા અને ફોઈનાં પિતરાઈ કે પછી મામા-માસીનાં મામાઈ ભાઈ-બહેન હશું - એમ જ 'ના, સંતુ તારી વાત અધૂરી છે, આપણે પિતરાઈ કે મામાઈ ભાઈ-બહેન અથવા સાળી-બનેવી, દેર-ભોજાઈ કે પછી નણંદોઈ ને સાળાવેલી પણ હોઈ શકીએ ને ?'

'ભાઈશાબ, મને આમ તેમ- આમ તેમ કરીને મૂંઝવો મા. કહેવું હોય એ સીધેસીધું કહી દ્યો, મૈંતર હું તો મારે આ હાલ્યો !' જગુદાદાએ મૂળ પોત પ્રકાશ્યું.

'તમે કીધું એમ સાચે સાચ્ચું કહી દઉં તો દાદાજી, આ સંતોષ અને હું, નથી ભાઈ-બેન કે નથી લગ્નને કારણે ઊભા થતાં કોઈ સંબંધી, અમે તો માત્ર ને માત્ર મિત્રો તમારી જેમ કહેવું હોય તો નર્યાં ભાઈબંધ - ભેરુડાં જ છૈં ! અને એય પાછાં કેવાં ? આ અમારાં ડોગ-ડોગી છે ને એવાં જ.'

'હશો ભૈ તમે, બાલમંદિરમાં ભણતાં હશો તિયારનાં ભૈબંધ-દોસ્તદાર હશો પણ જિંદગાનીની વચાળે તો તમે લગન-બગને ય કર્યાં હશે ને ?'

'હા, જગુદાદા, મારાં લગન તો થયાં હતાં પણ સંતોષ તો આ બેંતાલીસમેં વરસેય સાવ કાચો-કુંવારો જ છે !'

'પણ મૂળ વાત ક્યો ને, તમારા ઘરવાળા...'

હા હતાને, મારા ઘરવાળા તો હોય જ ને ? પણ અમે પરણ્યાંને પાંચમે મહિને એ તો ઊડી ગયા અમેરિકા, આગળ ભણવું હતુંને એટલે... ને પાછું... પાછું... એમની સાથે ભણતી હતી એ, ત્યાંની એમિલી સાથે બેનપણાં થઈ ગયાં, મન મળી ગયું એટલે...'

'એવું તે ક્યાં કમાય ? નેમાની લૈ કે ઈમણે એમ કર્યું તો કાંય આપણે સાંખી લેવાય ? તે તમે શઉં કર્યું ?'

'કાંઈ કરતાં કાંઈ નહીં... અને કરી-કરીને આપણે શું કરીએ ? એમ કંઈ, એમને હાથકડી પહેરાવીને અહીં પાછા તોડા લવાય ? એમને ગમ્યું એમ એ ત્યાં રાજી ને મારી રીતે અહીં હું રાજી !'

'પણ છૂટાછેડા જેવું ય કંઈક થયું હશે ને ? તે તમે પછી, ફરીવાર લગન નો કર્યાં ?'

'દાદાજી, લગ્ન તે કાંઈ જુગારનો ખેલથોડો છે - કે એક બાજી હાર્યા તો હાલો બીજી માંડીએ ! જો કે એમણે મોકલ્યા હતા એ કાગળમાં વળતી તરત મેં સહી કરી દીધી હતી.'

'ખરી છો તું તો બેન ! આવું માણસ આજ ક્યાંય કયાં મળે છે ? પણ હેં સંતોષભાઈ તમે, આમણે હમણાં કીધું - એમ કાચા કુંવારા કેમ રહી ગયા ? કોઈ અપસરા રાહ નોતી જોતી તમારી ?'

'તમેય ખરા છો જગુદાદા, આપણે કાંઈ વિશ્વામિત્ર થોડા હતા કે કોઈ મેનકા સ્વર્ગમાંથી ઊતરી આવે ?'

'પણ તોય કંઈક તો...'

'હા, એક કન્યા જોઈ હતી. મારી બાને ય ગમી હતી. પણ એને અમારું ઘર ગરીબની ઝૂંપડી જેવું લાગ્યું એટલે એણે શરત મૂકી - લગ્ન પછઈ સાસરે એ નહીં આવે, મારે ઘરજમાઈ થઈને એને ઘેર રહેવા જવાનું...'

'એમ તે કાંઈ, કોઈ કમાતો-ધમાતો જુવાનિયો કોઈનો ઘરજમાઈ થતો હશે !'

'એટલે તો આપણા રામે ઈ અપ્સરાને હસતા મોઢે 'આવજો' કહી દીધું તે આજની ઘડી ને કાલનો દિ' ? !'

'પણ તમારાં બા-બાપુએ તમને...'

'કરી હતી, બહુ મનવર કરી હતી : તું અમારી ચિંતા ન કર ! જા, સુખી કર ને સુખી થા ! પણ મને મારી ચિંતા તો થાય ને ? જોકે મેંય મનને મનાવવા મથામણ તો કરી પણ મારું બેટું ઈ નો માન્યું તે નો જ માન્યું.'

'અરે, સંતુભાઈ, તમે અમારી જેમ ગામડાના લાગો છો...'

'એ તો જેવો સંગ એવો રંગ પણ પછી એ દિશાથી મોઢું ફેરવી લીધું ને મારા બાપુજી જે પેઢીમાં વાણોતર હતા એ શેઠિયાને પગે લાગીને નોકરી માગી તે મળી ગઈ. એમ કમાતાં-કમાતાં ભણવું હતું એટલું ભણ્યો ને આજે એ પેઢીનો ઈન્કમટેક્સ કન્સલટન્ટ છું.'

'અને કાદમ્બરીબેન તમે, તમે શઉં કર્યું ?'

'હું તો નોકરિયાત છું.'

'હા, નોકરિયાત તો ખરાં પણ કેવાં ? યુનિવર્સિટીના હિસ્ટ્રી ડિપાર્ટમેન્ટનાં હેડ ઓફ છે ને ભણાવે છે ય મઝાનું - જ્યારે જઈએ ત્યારે, છોકરા-છોકરીઓની મંડળી ઘેર બેઠી જ હોય !'

'તમારી વાતુ હાંભળીને તો થાય છે તમે બેય, 'આગળ ઉલાળ નહીં ને પાછળ ધરાળ નહીં' - એવી લે'ર કરો છો પણ તમને એમ નથી થાતું કે તમે બેય...'

'વાત અધૂરી કેમ મકી ? કહેવું તો એ જ છે ને કે તમે બેય પરણી કેમ નથી જાતાં ?'

'તમને બીજું તો શું કહેવાનું હોય ? આમ તો વાત સાવ સીધી સાદી છે ને તોય કાંઈ એવો વાંધો-વચકો હોય તો...'

'ના, એવું કંઈ નથી. નથી વચ્ચે નદી-નાળાં કે નથી ક્યાંય ડુંગરા-ડુંગરી, સાવ સીધો-સપાટ રસ્તો છે, અમારે દોડવું હોય તો !'

'તો અત્યારે ને અત્યારે જ દોડી પડો ને ! કે પછી તમે બેયે કોઈને કહેવાય નહીં - એવી બાધા - આખડી માની - રાખી છે ?'

'બાધા અને એય અમે રાખીએ ? બેમાંથી એકેય એવી આસ્થા - શ્રદ્ધા - માનતા - ધરાવતાં નથી. અને આમેય અમે કોઈનાં રોક્યાં રોકાઈએ - એવાં મુદ્દલ નથી ! વાંધો અમને જ છે આ વાતે...'

'પણ શું કામ ?'

'બસ, બીજું કંઈ નહીં પણ લગ્ન કરીએ એટલે અમારે એકબીજાની સાથે બંધાઈ જવું પડે. લગ્નમાં ગોર મહારાજ છેડાછેડીની ગાંઠ કંઈ અમથી બંધાવે છે ? એ સ્થિતિ અમને બેયને ગમતી નથી. અમારે તો દાદાજી, પૂરી આઝાદીથી, અમારી રીતે, મોજથી જીવવું છે. અત્યારે અમે પાક્કાં ભાઈબંધ છીએ તોય કોઈ પણ વાતે, સૌથી પહેલું એજ પૂછવાનું તને ફાવશે ને ? તે ગમશે ને !'

'તો તો તમે લગન કરશો જ નહીં - એવું ? જો કે આજકાલનાં જુવાનિયાં લગન કર્યા વિના ભેળાં રહે છે ને સૂવે છે - એવું જ કંઈક...'

'પણ અમે ભેળાં ક્યાં રહીએ છીએ ? ને ભેગાં રહેતાં ન હોય એ, કંઈ તમે કહ્યું એવું... પણ ના, એ વાત હું નહીં કહું - આ સામે બેઠી છે એ કાદમ્બરી મને માફ ન કરે...'

'દાદાજી, તમે ક્યારના લગન-લગન કર્યા કરો છો પણ આજકાલ પ્રેમલગ્ન કરેલાં જુવાનિયાં ય બે-ત્રણ વરસ ભેગાં રહે ને વળતાં છટાછેડા...'

હા...હા, હમણાં હમણાં અમારે ગામડામાં ય આવી વાત વધી ગઈ છે પણ તો શું લગનની વાત સાવ માંડી વાળવાની ? બેન, તને ય એમ નથી થાતું કે તારે કોઈ છોડી-છોકરો...

'સંતાનસુખ તો સૌ ઈચ્છે જ ને જગુદાદા,પણ અમારા કુટુંબની જ વાત કહું ? મારા ફુઆનાં ભાઈ-ભાઈને, એમનો એકનો એક દીકરો જાતેપોતે વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો ! પણ એ વાત જવા દો, સંતુ, મહાભારતના આદિપર્વમાં આવતી

પેલી વાત, આપણી ભારતીય સંસ્કૃતિમાં પણ લગ્નની પ્રથા, કહો કે વ્યવસ્થા ખાસ્સી માંડી શરૂ થઈ હતી ?...!'

'આ કાદમ્બરીએ કહ્યું એમ, આપણને સદી ગયાં છે એ લગ્ન અને દાંપત્ય કંઈ મારા કે તમારા પ્ર... પ્ર.... પ્ર... પિતામહ એવા આદિમાનવ સાથે નથી જનમ્યાં...'

'એટલે એમ કે ત્યારે વર-વહુ જેવું કંઈ નહોતું ?'

'ના, નહોતું. આજે આપણી આસપાસ રહેતાં-જીવતાં પશુ-પંખીની જેમ જ સ્ત્રી અને પુરુષ ભેગાં થતાં, હળતાં-મળતાં અને સ્ત્રી માતા બનતી પણ આમ ભેગાં થયેલાં એ બંધ કંઈ આજની જેમ, આખી જિંદગી વર-વહુ બની રહેતાં એવું નહોતું.'

'એમ તે કાંય હોતું હશે ઘર-સંસાર ને કુટુંબ-કબીલો કંઈ એમનામ થયાં હશે ?'

'બીજી બધી વાત રહેવા દે ને સંતોષ ! દાદાને તું ઋષિ ઉદ્દાલક અને એના પુત્ર શ્વેતકેતુની વાત કહે ને !'

'એ બેય બાપ-દીકરો કોણ હતા ?'

'તમે મહાભારત વાંચ્યું છે ?'

ના ભાઈ ના, અમે બ્રાહ્મણ ખરા પણ પલેવાળ ! અમારે બધાને ખેતીવાડી હોય. પાછા મારા બેય ભાઈ તો ગામ મૂકીને આણીકોર આવી ગયા હતા એટલે ખેતર-વાડી બધું મારા ભાગે ને નશીબે આવ્યું - હવે તમે જ કહો, આ પળોજણમાં માભારત લઈને ક્યાં બેસું ? પણ તમે કહેતા હતા એ પેલા કહો ને !'

'આપણા આ ધર્મકાવ્યના આદિપર્વમાં એટલે કે આરંભમાં જ, આ કાદમ્બરીએ હમણાં કહ્યું - એ ઋષિ ઉદ્દાલક અને પુત્ર શ્વેતકેતુની વાત થઈ છે. વધારે ચોકસાઈથી કહેવું હોય તો સાત જ શ્લોકમાં પૂરી થઈ જતી આ કથા ભારે કરકસરથી કહેવાઈ છે. એનો સાર તો એટલો જ છે - મહાભાતરકાળમાં અથવા તેની પૂર્વેના સમયમાં પણ લગ્ન સંબંધ અને દાંપત્યજીવન જેવી કશી સામાજિક વ્યવસ્થા અને તેની શિસ્ત-મર્યાદાનું કઠોર પાલન-જેવું કંઈ હતું નહીં. આજે આપણને માન્યામાં ય ન આવે એવી વાત તો એ હતી કે જે કોઈ વ્યક્તિને જ્યારે, જે ગમે એ સ્ત્રી સાથે સૂઈ જવું સાવ સાહજિક ગણાતું હતું. આ વાતના આધાર રૂપે ઋકિ ઉદ્દાલક અને તેમની પત્નીનું દૃષ્ટાંત અપાયું છે - ઋષિ ઉદ્દાલક પાસે બેસીને એમનો પુત્ર શ્વેતકેતુ વેદાધ્યન કરતો હોય. એવામાં કોઈ પંડિત આવ્યા અને ઋષિ ઉદ્દાલકની પત્નીના હાથ પકડીને, એ ઢળતી સાંજે પોતાની સાથે લઈ જતા હતા - એ દૃશ્યથી શ્વેતકેતુ ખાસ્સો અકળાયો પણ એના ગુસ્સાને વારતા-શમાવતા પિતા ઉદ્દાલકે તેને સમજાવ્યો : 'આ તો આપણા સમાજમાં સહજ છે, તું શું કામ અકળાય છે ? આ કંઈ માત્ર તારી માતા સાથે જ નથી થયું. કોઈ પણ પુરુષ એને ગમતી સ્ત્રીને, આ પંડિતની જેમ, પોતાની શય્યામાં એમ જ લઈ જાય છે !'

પણ શ્વેતકેતુ એ આ વાત, આ પરંપરા ન સ્વીકારી અને પૂરી વિદ્વતા સાથે સમાજના અગ્રણી થઈને સૌને એવો આદેશ આપ્યો કે - આજ પછી કોઈ પણ સ્ત્રી, પોતાના પતિ સિવાયના કોઈ પણ પુરુષ સાથે દેહસંબંધ બાંધી શકશે નહીં. છતાં પણ જો કોઈ સ્ત્રી આવું કુકર્મ કરશે તો તેને, પોતાના ભ્રૂણની હત્યાનું પાપ લાગશે !

અલબત્ત, મેં વાત જરા લાંબી કરી છે પણ આ આદેશ સૌએ સ્વીકાર્યો અને સમાજે લગ્ન-વ્યવસ્થાનો સહજ સ્વીકાર કર્યો અને ઋષિ વશિષ્ઠ અને તેમનાં પત્ની અરુંધતીના દાંપત્યને આદર્શ રૂપે સૌએ આવકાર્યું અને સ્વીકાર્યું.'

'શું એટલે જ, લગ્નનો બધો વેવાર-વિધિ સાંજે થાય છે અને તમે કીધું એમ સાત ઋષિના તારોડિયાની ભેળું અરુંધતીના તારાનું દર્શન નવાં-નવાં વરઘોડિયાને કરાવે છે ? પણ મૂળ વાત કહું તો, તમે કીધી એ વાત - તમને બેયને સાથે રહીને બંધાઈ જાવું ગમતું નથી. પણ તો... તો પછી... શું તમને બેયને, ક્યારેય, કોઈ દિ', રાતે-મધરાતે ક્યારેય... ઓલું...' ઓલું... કાંઈ થાતું નથી ?

'ના પાડું તો ખોટું બોલ્યાનું પાપ લાગે - એટલે હકીકત જે છે એ જ કહું તો, તમે હમણાં વગર કીધે જે કહ્યું - એ કરવાનું મન તો થાય જ, હુંય માણસ તો છું જ ને ! પણ કરું છું એ જ મથામણ જરાતરા વધારે કરીને મારા મનને વારી-વાળી લઉં છું...'

'આ તો એવું થયું ને કે જિંદગાનીની સૌથી વધારે મઝાની મઝા તમારે...'

'હા, એ મઝા મારે - અમારે, અમારી પેલી બહુ વહાલી લાગતી આઝાદી ઓલવાય-અળપાય નહીં એ માટે, તમે કહો છો એવી ભલભલા ઋષિ-મહાત્માઓને ય ડગાવી દેતી મઝા હું જતી કરું છું. અલબત્ત, એના રંજ-અફસોસ નથી - એવું ય ન કહેવાય... કબૂલ કરું તો ક્યારેક આવું થાય ત્યારે, ઊંઘમાં ને ઊંઘમાં નાઈટડ્રેસ ભીનો થઈ જાય છે પણ...'

'ના જગુદાદા, આ વાતે હું સંતોષ સાથે સંમત નથી. જોકે આજ દિન સુધી, એણે પાળી છે એ શિસ્ત મેં પણ પાળી જ છે પણ... પણ... એક સ્ત્રી છું છતાં કહું છું, કહો કે સાવ હળવા મને સ્વીકારું છું કે પેલી મઝા ક્યારેક સાવ બેકાબૂ બની જશે ત્યારે, રાતે ગમે તેટલા વાગ્યા હશે, તોય સંતોષને ફોન કરીને મારતી ગાડીએ એના ઘેર પહોંચી જઈશ. તમે જ કહો, જગુદાદા, હું કહું છું એ શું ખોટું છે ?'

---

*'વૈશાખ', ૨/૨, વીમાનગર, ઝાંસીની રાણી પાસે,*
*શિવરંજની, અમદાવાદ-૩૮૦૦૧૫.*
*ફોન : ૦૭૯-૨૬૭૪૦૧૨૪*

# છત - અછત

*- રાઘવજી માધડ*

ફઈબા સામે નજર મળી ન મળી તે પહેલાં જ અંજુ સાવધ થઈ ગઈ. અંજુએ પાંપણ પટકાવવા પૂરતો પણ સમય છોડ્યો હોત તો કદાચ ફઈબા પાસેથી તીરના માફક સનનન... કરતું વાગ્બાણ આવી જ ગયું હોતઃ 'અમારા જમાનામાં તો, આવું હતું ને તેવું હતું...'

પણ અંજુની સતર્કતા કરતાં ચાલાકી સફળ નીવડી. ફઈબા તેમના જમાનાના કથા-પુરાણની ભૂંગળી કાનમાં પરોવવી શરૂ કરી દે તે પહેલાં જ સામે બોલી ગઈ : 'સાવ આવું નહોતું, કાં ફઈબા તમારા જમાનામાં..!'

આઠ-નવ દાયકાની ખેપ ખાઇ ગયેલાં ફઈબા પળબેપળ માટે તો ઓઝપાઈ ગયાં. અંજુનું કહેવું ફળફળતા પાણી જેમ કાનમાંથી આખા પંડ્યમાં પ્રસરી ગયું. અચાનક જ પાર વગરની દાહક પીડા થવા લાગી... ને જીભના ટેરવે આવી પણ ગયું : 'આ ત્રણ્ય તહુની વવ, બોલવાનો વારો આવવા નો દેય... હાવ આવુંય નો'તું અમારા જમાનામાં...!'

વળી પાછું એવુંય થયું : 'લાગણીના લીધે આવું કે'તી હોય, એવુંય બને..!'

આ અવઢવની અડફેટે ચઢેલાં ફઈબા કંઈ બોલ્યાં હોત તો અંજુ નક્કી પાદપૂર્તિ કરી દેત : 'તમારા જમાનામાં... એવું હતું ખરું ને !'

પણ ખુદની એક મર્યાદા સમજીને ફઇબા, બહાર આવવા ધખારા કરતી પોતાના જમાનાની વાતો અને માથે ઉમેરાતી સલાહ, શિખામણને મનેકમને પણ રોકી રાખી. પાછાં પેટ ભરીને સમજતાં હતાં, ગરોળીની પૂંછડી જેવા આયખામાંથી પાંચ-પંદર દા'ડા ઓછા કરવા, કોઈના ઘેર મનેકમને રહેવાનું હોય તેમાં વળી ગમતું, અણગમતું બોલીને શું કરવા બગાડવું ? જે થાય, જેમ થાય તેમ... જોયા કરવાનું. તેમાં વળી આ ભત્રીજાના દીકરાનું ઘર, સગા દીકરાનું ઘર હોય તો પણ કોઈ સલાહ સાંખી ન લે... ભલે સોનાની લગડી જેવો સંબંધ હોય, પણ આંગળીથી નખ વેગળા એ વેગળા જ... આવી સમજ પણ ફઇબા પોતાની ગાંસડીમાં બાંધી સંગાથે જ રાખતાં હતાં. છતાં પણ સ્વભાવવશ...

સમયમાં દસ થવા આવ્યા હતા. અંજુએ દીકરીને રિક્ષામાં બેસાડી સ્કૂલે જવા રવાના કરી દીધી હતી. પતિને પણ દરવાજા સુધી વળાવી આવી હતી. સાસુમા ઘરનાં પરચૂરણ કામમાં પરોવાયેલાં હતાં. તેઓ શરીરે હજુ કડેધડે છે. તેથી તેમને નવરા રહેવું ફાવતું નથી. તન-મનથી તેઓ સતત પ્રવૃત્ત રહે છે.

અંજુને જોબ પર જવાનું છે. પણ ઉતાવળ જેવું નથી. તેના માટે અત્યારે અગત્યનું કોઈ કામ હોય તો તે ગામડેથી પધારેલાં ફઇબાને સારી પેઠે સંભાળવાનાં...ને તેમાં પણ નક્કી કર્યા મુજબની કરામત કરવાની હતી. જેથી કોઈના ઘેર જાય ત્યાં પોતીકુંપુરાણ ભસવાની ટેવ નહીં, સમૂળગી આદત જ ભૂલી જાય !

અંજુ કોઈ ગુજરાતી મુવીમાંથી તે કહેવત શીખી ગઈ હતી : ટાઢા પાણીએ ખસ કાઢવી... તે !

ટીવીમાં ધાર્મિક ચેનલ સેટ કરી, ફઇબાને સોફા પર બેસાડી દીધાં. ત્યાં આગળ ટિપોઈ રાખી ડિશ ભરીને લીલી તુવેર મૂકી દીધી... પછી અંજુ પોતે સોફા પર ફઇબા પડખે બેસી, ડિશમાંથી બે-ચાર તુવેર હાથમાં લઈ સૂચકપણે ફઈબા સામે જોયું... ને ફઈબા કંઈ વિચારે, કહે એ પહેલાં જ સહેતુક શરૂ કરી દીધું : 'હેં ફઇબા, તમારાં જમાનામાં તો આવું ઝીણા-મોટું કામ તો વહુઓ ડાબા હાથે કરી નાખતી હશે ને !?'

ફઈબાને સારું લાગ્યું. એક ભણેલી-ગણેલી...ને નોકરી કરતી વહુ, મારી જેવી ખડૂસને માથે પડેલી ડોસી પાસે બેસીને વાતો કરે... કોણે કહ્યું, આવી સુધરેલી બાઈઓ બગડી ગયેલી હોય છે !?

'હા, હૉ...' ફઈબા અંજુની ચેષ્ટા અવગણી ફૂલની પાંખડીઓ જેમ ઊઘડવાની ઉતાવળ કરવા લાગ્યાં : 'કોઈ ઘેર્ય બેહવા આવે ત્યારે વાતું કરતાંકરતાં આવું કામ, ડાબા નહીં, જમણા હાથે થઇ જાય !'

અંજુ જાણતી જ હતી, ફઈબાને એકવાર બોલવાનો મોકો મળી જાય એટલે શિખામણની ધાણી તડ... તડ... કરતી ફૂટવા લાગે : અમારા જમાનામાં આમ હતું, અમારા જમાનામાં તેમ હતું... એટલે ઝડપથી વાતનો હવાલો હાથવગો કરી અંજુએ પૂછ્યું : 'હેં ફઈબા, તમારા જમાનામાં વહુઓ વહેલી સવારે ચાર વાગ્યે ઊઠી જતી એ સાચું !?'

- ખબર નહીં, પણ જમાનો ખાધેલાં ફઈબાને અણછાજતો અણસાર કે અંજુના સ્વર પાછળની બદબૂ નાકને અડી ગઈ હોય એવું લાગ્યું. તેથી ફઈબાનાં ઢીલાં નેણ સહેજ વંકાયાં, કપાળ પરની કરચલિયો ખેંચાઇ, હોઠ તંગ થઇ ને ઊઘડવામાં જ હતા... પણ અંજુએ સતર્કતા દાખવી, ફઈબાનું કહેવું પ્રગટે તે પહેલાં જ કોઈ શિકારી માફક મોંમાંથી ઝુંટવી લઇ સામે ઝપાટાભેર ઝાપટી દીધું : 'એલાર્મ નહોતાં... તો પણ વહુઓ સમયસર ઊઠી જતી હતી.' સહેજ અટકી ને જાણી રાખેલું યાદ કર્યુ : 'પેલો પૂંછડિયો તારો ઊગે એ નિશાની... ખરુંને !'

અંજુનું કહેવું સાંભળી ફઈબાના હાથ થંભી ગયા. તુવેરનો દાણો નીચે પડી ગયો. પણ દાણો વીણવાની દરકાર કર્યા વગર તેઓ ઝીણી નજર કરી બાઘાની જેમ અંજુ સામે જોઈ રહ્યાં.

ફઈબા પાસે સારા-નરસા અનુભવોનો અખૂટ ખજાનો છે. તેમાંથી હાથ પડે એટલી વાતોનું પોટલું બાંધી સગાં-સંબંધીને ત્યાં જાય ત્યારે સાથે ને માથે ઊંચકતા જાય. પછી મોકો મળે ત્યાં એકાદ વાત-પ્રસંગના આધારે પોટલામાંથી શિખામણનાં ચીંથરાં ધીમેધીમે કાઢે... સામે સાંભળનાર વ્યક્તિને ગમે કે ન ગમે. પણ શિખામણનાં બે વેણ કહ્યાનું ચપટીક સુખ પોતાની કોરી ખાતાવહીમાં અંકે કરી લેવાનું ચૂકે નહીં !

'હેં ફઈબા, ત્યારે તો વાડી-ખેતર ને ઢોર-ઢાંખર પણ હતાં !' અંજુને આ બધું મોઢે થઈ ગયું હતું.

- ફઈબાને પળભર થયું : હવે લાગ મળ્યો છે, ભત્રીજાની પુત્રવધૂએ બોલવાની તક આપી છે એવું સમજી બોલવા ગયા... તે પૂર્વે ડોક નીંદોળી હા, જેવો સૂર પુરાવ્યો. પણ તે પળાર્ધમાં તો અંજુ વીજળીવેગે આગળ વધી ગઈ : 'તેમાં પાછાં દૂધ આપતાં ઢોર, તે દોહવાનાં... છાશ વલોવવાની ને પાછું રસોડામાં જઈ શિરામણ તૈયાર કરવાનું તો વહુ માથે જ હોયને ફઈબા!'

અંજુની વાત વચ્ચે, વાત કરવામાં અસફળ રહેલાં ફઈબાએ હા કહેવા ડોક હલાવવી કે પછી જીભ જ વાપરી લેવી એની અવઢવમાં રહ્યાં. ત્યાં પાછું અંજુએ છાતી પર હાથ રાખી, કોઈ ગંભીર ભૂલ થઈ ગઈ હોય એવા ભૂલામણા ભાવ સાથે મોં મચકોડીને બોલી ગઈ : 'અરરર...હું તો ભૂલી જ ગઈ..!!'

'હેં !?' ફઈબા બોલી જ ગયાં અથવા બોલી જવાયું. તેથી સારું પણ લાગ્યું. તેમનું મોં મલકાઈ ઊઠ્યું.

પણ અંજુને પોતાના બોલવાના અકબંધ તાકામાં સોય ભોંકાયા જેવું થયું. ગણતરીના આયોજનમાં ગોબો પડ્યો હોય એવું થયું. પણ સમજ આડે આવે તે ગણકાર્યા વગર જ બોલી ગઈ : 'ત્યારે તો ચૂલા હતા, બળતણ સળગાવીને ઘર આખાનું રાંધવાનું હતું...' પછી ફઈબાની ઊંડી ઊતરી ગયેલી આંખોને નજરના ચીપિયાથી બહાર ખેંચવાના પ્રયાસ સાથે બોલી ઊઠી : 'આજના જેમ ગામડામાં ગેસ આવ્યો નહોતો ને !?'

ટીવી ચાલુ જ હતું. ફઈબાના હાથમાં ફોલવા માટે તુવેર હતી. પણ જીવ તેમાં નહોતો. તેમને થવા લાગ્યું હતું કે, પોતાના જીવતરની મોંઘી જણસ જેવી વાતોને પોટલામાંથી કોઈ હળવે હળવે છીનવી રહ્યું છે. એકાદ ખૂણામાં બાકોરું પાડી, ખોતરી ખોતરી તેમાંથી ખોળી કે નજર સામે જ ખાતર પાડી રહ્યું છે. જે કયારેય સૂઝ્યું કે સ્વપ્નમાં પણ આવ્યું નહોતું. ફઈબા દેખીતા કારણ વગર ચકરાવે ચઢી ગયાં. જો આવું જ ચાલતું રહેશે તો... જીવરોખી મૂડી ગુમાવી પોતે ખાલી કરી ખંખેરી નાખેલા કોથળા જેવાં થઈ જશે !

- પછી તો ખાલી ને જર્જરિત કોથળાને રાખે કે સાચવે પણ કોણ !?

મૂઠ્ઠીમાં બંધ કરી શકાય એટલી નજીવી પળોમાં ફઈબા પોતે લૂંટાઈ ને ઝૂંટાઈ રહ્યાં હોય એવું થયું. કરચલીવાળા મોં પરની રેખાઓ બદલાઈ. આંગળીના વેઢા જેવા ચામડીના સળ થોડા તંગ થયા. ચીમળાઈ ગયેલી કેરી જેવું મોં સંકોચાયું. સાથેસાથે ભીતરથી એકલાં ને અણોસરાં થઈ ગયાં હોય એવું પણ અનુભવવા લાગ્યાં. નબળી પડેલી નજર ખેંચાઈ પણ પોતે શરીરથી સાવ ઢીલા થઈ ગયાં.

'ફઈબા...' અંજુએ ફઈબા સામે બરાબર નોંધ માંડી ને પોતાનું કરતબ છુપાવવા ભારપૂર્વક બોલી : 'હું કંઈ આમ ખોટું કે વધારે પડતું તો નથી બોલતીને !?'

ત્યાં સાસુમા રસોડા બાજુથી રૂમ વચ્ચે આવીને ઊભાં રહ્યાં. ને વારાફરતી બેઉ સામે જોવાં લાગ્યાં. થયું, આ વધુ પડતું ભણેલી વધૂએ વધારે કંઈ ભરડી તો નથી માર્યુંને ? આજની વહુઓને બે આંખોની શરમ નડે એવું નથી. જરા અમથું બોલો, કહો એટલે વળતો જવાબ, બંદૂકની ગોળી માફક સામે આવી જ જાય.. તેમણે ઝીણી નજરે ફઈબા સામે જોયું... કશુંક સમજમાં આવ્યું. પણ આંખ આડા કાન કરી સોફા પર બેસી ગયાં.

'અમારે મમ્મી, સૉરી બાને...' અંજુએ સાસુમાને વચ્ચે લાવીને કહ્યું : 'કેવું સારું... બેઉ જમાના જોયા છે. ચૂલે રોટલા ઘડ્યા છે ને ગેસના ચૂલા પર ફૂલકા રોટલી પણ ઉતારે છે.' શ્વાસ લેવા જેટલું અટકી : 'સઘળું સમજે તેથી કંઈ લપ જ નહીં. અમે જે કરીએ તે કરવા દે... એટલું જ નહીં અમને સાથ પણ આપે !'

બા ઉર્ફે સાસુમાના હોઠે આવી ગયું : 'શું કરું, કજિયાનું મોં કાળું... ન ગમે તોય કરવું પડે છે !?'

ફઈબાના આગમન સાથે જ અંજુએ ગાંઠ વાળી લીધી હતી, તેઓ જે કહેવા ધારે તે સામેથી કહી દેવું. કંઈ બાકી કે બચવા જ ન દેવું. કંઈ કહીને જાય તો પાછળથી કચકચ થાય ને ? રોગ પ્રવેશ કરે તો ઇલાજ કરવાનો થાય ને ? વળી સાસુમાની હાજરી હોય એટલે એક કાંકરે બે પક્ષી પડે !

અંજુની કિટ્ટી પાર્ટીમાં આવું સાસુ-પુરાણ ભારે ચર્ચાયું હતું. તેમાં વળી કોઈ સગલીએ ફઈબા વિશે, કાનભંભેરણી કરી હતી : 'ફઈબા તો ફરતાં રામ છે. ગમે ત્યારે આવી ચઢે. પણ આવે તો સંભાળજે. વાત વાતમાં સ્ટવ નહીં, આખું ઘર સળગાવીને જશે !'

અંજુને બરાબરનું અડી ગયું હતું. તેણે સતર્ક થઈ બરાબરની તૈયારી કરી લીધી હતી.

'હેં ફઈબા, એક વાત સાચી !?'

આ ત્રણ પેઢીના સંગમમાં ફઈબા સાથે સાસુમા પણ

અંજુ સામે આંખો ઝીણી કરીને જોઈ રહ્યાં હતાં.

- ફઈબા એકલાં છે. આગળ પાછળ કોઈ છે નહીં તેથી પાંચ-પંદર દહાડા ઓછા કરવા જે તે સગાં-સંબંધીને ત્યાં જાય, રોકાય... એમ અહીં આવ્યાં છે... પણ આ ચાંપલી વહુ, જીભ પર ખાંડનું પોતું ફેરવી ન પૂછવાનું પૂછી નાહકનાં તેમને દુઃખી કરશે. એક ક્ષણે તો સાસુમાને, અંજુને કોઈ પણ રીતે બોલતી અટકાવવાનું મન થઈ આવ્યું. પણ... બીજું કંઈ કહેવાના બદલે મન મારીને ખાલી રોકતાં, ટકોરતાં હોય એમ કહ્યું : 'તમારે ઑફિસે જવાનું મોડું નથી થતું !?'

'ના, અમારા સર રજા પર છે...' અંજુએ એકાદ ક્ષણ પૂરતું સાસુમા સામે જોઈ લીધું. મોં પરના ભાવ પારખવા છેતરામણી નજરને સાવરણી માફક ફેરવી લીધી. પછી તેમનું કહેવું અવગણીને ઝડપથી મૂળ ઈરાદા પર આવી ગઈ : 'ફઈબા, તમારા જમાનામાં વર-કન્યાને જોયા-જાણ્યા વગર જ મૅરેજ, સૉરી, લગ્ન થતાં એ સાચું !!?'

પછી જવાબની રાહ જોયા વગર જ, શરમને નેવે મૂકી અંજુએ કહી દીધું : 'તમારાં પણ..!'

વરસો પછી કોઈએ આવું લગ્ન વિશે કહ્યું, પૂછ્યું.... તેથી ફઈબાને સારું લાગ્યું. અસહ્ય અકળામણ વચ્ચે પણ શીતળ હવાની લહેરખી પસાર થઈ હોય એવું અનુભવાયું. પળના પા ભાગમાં ફઈબાની આંખોમાં જાણે પીઠિયાળાં પૂર ઊમટ્યાં, ગીત ગૂંજ્યાં, ઢોલ ધડૂક્યાં... ને સ્થળ, કાળ, ઉંમર સઘળું વિસરાઈ ગયું. નજર માંહે જોબનનો ભાતીગળ ચંદરવો ઊઘડી આવ્યો, જાત ને જગત બદલાઈ ગયું... પણ લાંબું ટક્યું નહીં. વીજળીના ઝબકારા પછી અડાભીડ અંધકાર છવાઈ જાય તેવું થયું, નાભિએથી નિસાસો નીકળી ગયો. જે સાસુમાને દઝાડી ગયો. તેમને જરાય સારું ન લાગ્યું. અંજુ સામે જોઈ મોં પણ બગાડ્યું.

'હા, થતાં ને લગ્ન સંબંધ ટકતા પણ હતા. આજના જેવું નહોતું, મૅરેજનું આલ્બમ તૈયાર થઈને ન આવે તે પહેલાં વાંધા-વચકા... ને છેલ્લે કોર્ટના ધક્કા શરૂ થાય.' સાસુમા આવું બોલવાનું રીતસર ગળી ગયાં.

'લાજ કાઢવાનું, આઈ મીન, ઘૂંઘટપ્રથા તો હજુ પણ જોવા મળે છે.' અંજુએ કહ્યું : 'પણ મર્યાદા પાળવા સ્ત્રી ગામમાં પ્રવેશ કરે ત્યારે પગમાંથી ચંપલ પણ હાથમાં લઈ લેતી હતી, એવું પણ મેં સાંભળ્યું છે !'

આ ક્ષણે અંજુ ને સાસુમાની નજર ટક્કર લઈ ગઈ. બોલ્યાં નહીં, પણ ઘૂરકિયું કરી લીધું, કારણ કે એકવાર અંજુનાં હિલવાળાં સેન્ડલ જોઈ, સાસુમા એટલું જ બોલ્યાં હતાં : 'પગ મચકોડાતાં વાર નહીં લાગે !'

ત્યારે એક પળના વિલંબ વગર જવાબ મળ્યો હતો : 'મમ્મી, આ સમય પ્રમાણે...'

વહુ સાથે દીકરાનો સૂર પણ બદલાઈ ગયો હતો. પછીથી સમય વર્તે સાવધાન... સાસુમાએ રોકવા, ટોકવાનું અને એવું કંઈ કહેવાનું માંડી વાળ્યું હતું. તેમાં સલાહને તો સમૂળગી સળગાવી દીધી હતી.

'દિવસભર સીમ-ખેતરમાં કામ કરવાનું ને સાંજે પાછું ઘરનું કામ...' અંજુ બોલી : 'રસોડાનું કામ પરવારે ત્યારે રાતના દસ-અગિયાર વાગી ગયા હોય. તેમાં પાછાં છોકરાં ઊંઘવા ન દે... ખરુંને !

- અને એ જમાનામાં તો કામવાળાં રાખવાની પ્રથા જ નહોતીને ફઈબા !?'

ફઈબા ડોક નીંદોળવાના બદલે એકધારી નજરે અંજુ સામે તાકી રહ્યાં. તેમાં મટકું મારવાનું પણ ભૂલી ગયાં. નક્કી આ બાઈ પોતાને કનડવા ને અંદરથી ઉલેચવા બેઠી છે. કહેવું પડે એવું... એ બધું જ આગોતરું બોલી જાય છે. મારી અંદર ને ચારેબાજુ ઊંડાં છીંડાં પાડી, ખોળી-ખોતરી બધું બહાર કાઢે, કઢાવે છે. લઈ દઈને જાણે લસણ ખાઈને લાગી પડી છે!

આ બાજુ, કોણ જાણે ક્યાંથી અંજુ શીખીને આવી છે... આવું સાસુમાને મનમાં થાય છે.

પણ ફઈબાએ જડબાતોડ જવાબ આપવો હોય એવું મનથી પાક્કું કરી લીધું : 'તું તારે બોલ,જે કે'વું હોય ઈ કઈ દે. પણ મારા પાંહે તો અનુભવનો લખલૂટ ખજાનો છે. આવી વાતુંનો વીરડો ભર્યો છે. તું જેટલું ઉલેસીહ એટલી નવી નવી સરવાણી ફૂટતી રે'સે !

આ સ્થિતિ વચ્ચે સાસુમા અકળાઈ રહ્યાં હતાં. તેમને થતું હતું, આ બાઈ લેવાદેવા વગરની લાગી પડી છે... ઘરડું મા'ણા છે. અનુભવી છે તે કહેવા જેવું કંઈ હોય તો કહે, તેમાં શું થયું ? સાંભળી લેવાનું...ને પછી આ કાનેથી બીજા કાને કાઢી નાખવાની કોણ ના પાડે છે !

'પણ સવારે કાગડા ઠોલે ત્યાં લગી પથારીમાં આળોટતાં રહો છો... તેમાં કંઈ ખોટું કહે છે ?' પછી છાતીમાં સૂપડાવા લાગ્યું : 'રાંધવાની આળસે, હોટલનું આચરકૂચર ઝાપટી આવો છો તે ક્યાં અજાણ્યું છે ?'

પણ અંજુ પોતે એકલી જ મોરચો માંડવા માગતી હતી. પણ ઉઘાડી ન પડે તેની તકેદારી રાખી વાતને સહેજ વળાંક આપતાં લાગણી દાખવીને પૂછ્યું : 'ફઈબા તમને તરસ લાગી હશે, કાં...' પછી ખેદ વ્યક્ત કરતી હોય એવું બોલી : 'હું તો વાતોમાં ભૂલી જ ગઈ !'

ફ્રીજમાંથી સીધી બોટલ લઈને આવી. પછી તેમાંથી પાણીનો અડધો ગ્લાસ ભરી ફઈબા સામે ધર્યો... પણ અતિ ઠંડું હોવાના લીધે ફઈબાએ ના પાડી. તો અંજુ સલાહના સ્વરમાં બોલી : 'પાણી તો પીતાં રહેવું જોઈએ, સ્વાસ્થ્ય માટે સારું ફઈબા !'

અંજુનું સલાહભર્યું કહેવું ફઈબાને છાતીમાં વાગ્યું. તેઓનું મોં પડી ગયેલું હતું તેમાં ઉમેરો થયો.

થોડી ક્ષણો એમ જ પસાર થઈ. અંજુને થયું હવે બહુ થઈ ગયું... તેણે હસીને ફઈબાને કહ્યું : 'આવ્યાં છો તે નિરાંતે

રહો, તમારે ક્યાં કોઈ રાહ જોનારું છે !'

ફઈબાની ડોક ટટ્ટાર થઇ ગઈ. મોં વકાસી અંજુ સામે જોયું, જોતાં રહ્યાં... આગ્રહ કરે છે કે પછી અવગણના ? એ કાંઈ ખુદથી સ્પષ્ટ થઇ શકે એવું નહોતું.

'હા, બાઈ મારે ક્યાં કોઈ રાહ જોનારું છે ?' ફઈબાને આંખમાં આંસુ નહીં, પણ લોહીના ટશિયા ફૂટ્યા જેવું થયું. આગળ કંઈ બોલ્યાં નહીં. પણ પછીનું બધું પડખે બેઠેલાં અંજુનાં સાસુમાને સમજાઈ ગયું. તેમને બમણું દુઃખ થયું. પણ મન મારી, છાતી પર પથ્થર રાખી અબોલપણે તુવેર ફોલવા લાગ્યાં.

ટીવી ચાલુ જ હતું.... સામે કામ પણ હતું. છતાંય ફઈબાને બેચેની થવા લાગી. ઊભા થઇને બહાર આંટો મારે, પગ સાથે મન પણ થોડું મોકળું થાય. ટેકો દઈ ઊભાં થયાં. પણ ફ્લેટમાં તો...

'ફઈબા ! તમારી સાથે વાતો સાંભળવામાં એટલી મઝા આવે છે કે...' પછી સહેજ ચીપીને અંજુ બોલી : 'સમયનો ખ્યાલ રહેતો નથી.' તે પ્રતિભાવની રાહ જોયા વગર ઝડપથી તેના બેડરૂમમાં ગઈ...ને જતાં જતાં કહેતી ગઈ : 'તેમાં સલાહ, શિખામણ પણ સોના જેવી હોય છે !'

- માળી ભારે ચાગઠી, જાતાંજાતાંય સંભળાવતી ગઈ..! આવું ફઈબાને થઈ આવ્યું. પણ ખુદનેય દેખાવા દીધું નહીં. કડવા ઘૂંટ માફક હળવેકથી ગળે ઉતારી ગયાં.

પછી ફઈબા ને સાસુમા ઉર્ફે ભત્રીજાવહુ, બંને એકલાં પડ્યાં. પણ અંજુએ ઊભી કરેલી સ્થિતિમાં શું બોલવું, શું વાત કરવી... તે એક બાજુ રહ્યું પણ બેઉ સામસામે નજર મેળવી શકે નહીં એવું થઇને ઊભું રહ્યું.

- વરસો પહેલાં જયારે ફઈબા આવતાં ત્યારે પાંચ-પંદર દિવસને ક્યારેક મહિનો પણ રોકાઇ જતાં. હા, શિખામણ સાથે કામમાં હાથ પણ આપતાં... થતું કે, આવું હોય. ચલાવી લેવાતું. પણ પોતે ત્યારે ઘરમાં સ્વતંત્ર હતી. અંજુનું આગમન થયું નહોતું. આ વાતે સાસુમાનું દિલ ભરાઈ આવ્યું. આંખો ભીની થવાં લાગી.

'કોચવાવાનું રે'વા દે બાય, મું તો બાળોતિયાં બળેલ ઠાઠડિયે ઠરું તો ઠરું....' પછી સામે ભીનાં સ્વરે ફઈબાએ કહ્યું : 'હોય હાલ્યા કરે, સંસાર છે ને હવે જીવી એટલું ક્યાં જીવવાનું છે !?'

થોડી વાર માટે વાતાવરણ ભારઝલ્લું થઈ ગયું.

ત્યાં કોઈ સતેજ કે રંગમંચ પર પ્રવેશ કરતી હોય એમ અંજુ બેઠકખંડમાં આવી. ડ્રેસ, મેકઅપ, મેચિંગ ને ખભે ઝૂલતું પર્સ... અંજુને સાવ અલગ, આધુનિક ઓળખ આપતાં હતાં.

અંજુએ ફઈબા અને સાસુમા સામે વારાફરતી જોઈ લીધું. પછી મોં પર સ્મિત પાથરીને બોલી : 'હેં બા..! તમારા જમાનામાં આવાં....'

ત્યાં સાસુમાના મોંએ આવી ગયું : 'ટૂંકાં, તંગડાં ને તોછડાં કપડાં સ્ત્રીઓ પહેરતી નહોતી !'

આ બાજુ ફઈબાને થયું, પહેરવેશ વિશેની શિખામણ પણ આ સ્ત્રીએ છીનવી લીધી... ખરું કહું તો કંઈ કહેવા જેવું રહેવા ન દીધું, : 'મર્ય રે મર્ય નખ્ખોદણી, મેં તારું શું બગાડ્યું હતું તે ઉલેચી ને સાવ તળિયાઝાટક કરી દીધી...' આવું જીભના ટેરવે આવીને અટક્યું હતું પણ બોલ્યાં નહીં.

'હું જાઉં છું, બાય... આવજો !' કહીને અંજુ મનોમન રાજી થતી નીકળી ગઇ. તેને હતું, ફઇબા નીકળી જશે એટલું જ નહીં, ફરી આ બાજુ આવવાનો વિચાર પણ નહીં કરે.

અંજુના જવાથી બેઠકખંડ નહીં, આખું ઘર ખાલી થઈ ગયું. છતાંય અંજુની હાજરી છે, વળી નવું કંઈક કહેશે - પૂછશે... એવું ફઇબાને થવા લાગ્યું. તેઓ હળવેકથી ઊભાં થયાં. પછી ભત્રીજાવહુ સામે જોઈ ને થોથરાતી જીભે કહ્યું : 'તો પછી હુંય નીકળું !'

'કાં !?' ભત્રીજાવહુ સઘળું સમજી ગયાં હતાં. કંઈ બોલવા, કહેવા જેવું હતું નહીં.

'એ...મારે કે'વા જેવું હતું ઈ હંધુંય આવડી આ હુશિયાર બાયે કહી દીધું...' લાંબા સમયથી બીમાર હોય એવો કંપ, ધ્રૂજારી અનુભવતાં ઊભા રહી, આંગળીના વેઢે ગણી શકાય એટલી પળો ભત્રીજા વહુ સામે જોતાં રહ્યાં. પછી ખેદ અને દુઃખ સાથે બોલ્યાં : 'વાલા મૂઈએ મારામાં અછત ઊભી કરી દીધી..!'

સાસુમા કોઈ પ્રતિક્રિયા વગર, દયામણું મોં કરી ફઇબા સામે જોતાં રહ્યાં. ફઇબાની સઘળી પીડા તેમનામાં આવીને બેસી ગઈ હતી. લાંબો નિસાસો નાખીને બોલ્યાં : 'ક્યાં જાશો ? જ્યાં જાવ ત્યાં, કાગડા બધે કાળા જ છે..!'

વાતને વખની જેમ ગળે ઉતારી ફઇબા, લાચાર નજરે તેની સામે જોતાં રહ્યાં...

'ફઇબા ! અછત તો વહુમાં ગણાય, તમારી પાસે તો છત છે..!'


ફઇબા અબોલ જ રહ્યાં... ને પછી પાછાં ધબ દઈને હતાં એમ બેસી ગયાં...

*'અભિષેક' પ્લોટ-૭૧૫/૧,*
*સેક્ટર-૭-બી, ગાંધીનગર.*
*મો. ૯૪૨૭૦૫૦૯૯૫*





"ઉજ્જવળ આશ"
નિકુંજ વૈશ્યક
મો. 9427607824


"ઝનકાર"
પ્રિયા આનંદ પરિયાણી
મો. 9898338681



"સ્થાપત્ય કલા"
કૃપા શાહ
મો. 9408452984


"મહાત્મા"
રમેશ હાલારી
મો. 9998035200

# મે'તા શેરીનો પીપળો

*- રમેશ ત્રિવેદી*

**શ્રી**ધર મે'તાએ ધીમેથી કબાટનું બારણું ખોલ્યું. એક પોટકું બહાર કાઢ્યું. બારણું બંધ કર્યું. ખખડાટ થયો. ઓરડાના નાનકડા જાળિયા આગળથી કબૂતર ઊડ્યું. પાંખોનો ફફડાટ થયો. ને ઊંડા અંધારિયા કૂવા જેવા ઓરડામાં પ્રવેશતું ઝાંખુઝાંખું અજવાળું થરથરી ઊઠ્યું. પછી ધીમાં અસ્થિર પગલાં. ઓરડાનું એકાન્ત ખૂણામાં ઊભો કરેલો ખાટલો, ખાટલાની આસપાસ કશુંક ફંફોસતી નજર, પોટલું, બારણું ઉંબરો, હળવી ઠેસ, બહારના ખંડનું ધૂંધળું ધૂંધળું અજવાળું, સૂનમૂન દીવાલો, નાની-મોટી તિરાડો ખીંટીં પર ટીંગાતું ધૂળછાયું મૌન, પીળી પડેલી છબીઓના કાચ પર અભરાઈ પર વાસણો પર નજર સ્થિર થઈ. ઊંચે જોયું છતનાં નળિયાંમાંથી પ્રવેશતાં તડકાનાં ચાંદરણાં, ઊડતા અસંખ્ય રજકણો, સહેજ ઝૂકી ગયેલો મોભ, કાળી પડેલી વળીઓને ચીપકાઈને બેઠેલાં ચામાચીડિયાં, ચામાચીડિયાંની પાંખોમાં ભરાઈને બેઠેલું બપોરનું શાંત સુસ્ત મૌન, એ પગ નીચે તરડાયેલું લીંપણ, ક્યાંક ક્યાંક ઊખડેલા પોપડા, બંધ બારીની તિરાડો, ઘસાઈ ગટેલી ઓકળીઓ પર મુકાતાં પગલાં, પગલાંની ઝાંખી ઝાંખી છાપ, અને સદાયને માટે પડી રહેતી હોય તેવી જૂની-પુરાણી આરામ-ખુરશી, પગ આપોઆપ ટેવવશ થંભી ગયો. સહેજ નીચા નમી કધોણ પડેલા ખુરશીના કાપડને ઊંચેનીચે કરી, ધૂળ ખંખેરીને ધીમેથી અંદર લંબાવ્યું. અને કંપતી આંગળીઓથી પોટકાને સ્પર્શ કર્યો. પોટકા પર વીંટાળેલું વળ પડેલું લીલું ગજિયું કાપડ, તૂટેલી દાંડીવાળાં ચશ્માં, હળવી ફૂંક, ઊડતી ધૂળ ને અચાનક જાણે અધખૂલી બારી, બારણાં, બારણાં સામસામે અથડાયાંને વાયરા સાથે ઉઘાડબંધ થઈને ખંડનાં અંધારા-અજવાળાનાં જાળાં થથરી ઊઠ્યાં. ચાંદરણાંની ઊડતી રજકણો સામે નજર એક ક્ષણ સ્થિર થઈ ગઈ. અને થોડા ખળભળાટ સાથે એમણે આંખો મીંચી, દીવાલ પરના જૂના-પુરાણા નકશીદાર ઘડિયાળના ટકટક ધ્વનિને ક્યાંય સુધી સાંભળતા બેસી રહ્યા.

શ્રીધર મે'તાએ આંખો ખોલી અને વાયરાથી ખૂલી ગયેલી બારી, બારી બહાર એ ફળિયા વચ્ચે ઊભેલા પીપળાનાં સુક્કાં, ખરતાં પાંદડાં પર ઘડીક નજર સ્થિર થઈ ને થોડી વારે પોટકા સામે ફરી નજર ઠરી ગઈ. ફરી પાછું લીલું ગજિયું કાપડ, નાડાછડીથી ઉકેલાતા આંટા,અને બારીમાંથી કૂદકો મારતી ખિસકોલી હાથ પર પૂંછડીનો સુંવાળો સ્પર્શ કરતી, નળનો આછો તીણો ઊઝરડો પાડતી, કૂદતી બાજુના ઝાળિયામાંથી થઈને રસોડામાં ઘૂસી ગઈ. ને પછી રસોડામાંથી નીકળીને ખૂણામાં પડેલી નિસરણીની તૂટેલાં પગથિયાં ચઢતી-ઊતરતી, છત નીચેના ભંડાકિયા ઘૂસી ગઈ, ખોવાઈ ગઈ. ઘંટીનું તૂટેલું થાળું, પાયા તૂટેલો બાજઠ, રસોડાનો તૂટેલો પાટલો, અને...

તેમણે ધીરેથી પીળચટ્ટા ધોતિયાના છેડાથી કપાળ પરનો પરસેવો લૂછ્યો. નજર કરચલીમઢ્યા હાથ પર મંડાઈ ગઈ. દૂર પાછી રસોડાના જાળિયા પાસે પહોંચી ગઈ. ત્યાંથી ધીમેથી ઊંચકાઈને વળગણીના કાળા ધૂપછાયા વાંસ પર સ્થિર થઈ ગઈ. રાંધતી વેળાએ પહેરવાની રેશમી સાડી, બે-ત્રણ અબોટિયાં, લીલા ગજિયાની ચાવી અને ઊના વાયરામાં ઝૂલી રહ્યાં હતાં !? જાળિયામાંથી હજુય જાણે ધીમુંધીમું ખાંસતો ધુમાડો, અને ઊકળતી દાળની મીઠી મીઠી સોડમ વઘારનો છમકારો ! સાણસી, ચીપિયાનો થરોટો, ભૂંગળી ફૂંકવાનો અવાજ, બંગડીઓનો ખણખણાટ. અને...

અને એક નિઃશ્વાસ નાખીને શ્રીધર મે'તાએ ચશ્માં ઉતારીને ધોતિયાના છેડાથી આંખોના ખૂણા લૂછી લીધા, ને પછી ધીમેથી ખોળામાંનું પોટકું ઊંચકીને ખુરશી પાસે પડેલા નાનકડા ટેબલ પર મૂક્યું, લાંબું બગાસું ખાધું, ફરી પાછો બારીનાં બારણાં અથડાવું, પાંખોનો શમી ગયેલો ફફડાટ, છલકતી જળકુંડી, ટપક ટપકતાં તૂટતાં જલબિંદુ જલકુંડીમાં પડેલા તડકીલા આકાશનો નાનકડો ટુકડો ! અને...

અને મે'તાએ હથેળીઓની રેખાઓ સામું જોયું. આંગળીઓનો આંકડો વાળી માથા પાછળ ઓશીકા જેવું કરીને ચૂપચાપ ચિત્રવત્ બેસી રહ્યા, ક્યાંય સુધી, ને પછી નજરને બારીમાંથી ધીમે ધીમે લંબાવી - મે'તા શેરી તરફ - શેરીનાં મકાનોની ભીંતે લપાઈને ઊભેલા ટૂંકા થતા જોતા પડછાયાની છાંયડીમાં ટૂંટિયુંવાળીને પડેલા કૂતરા જેવું હાંફતું બપોરનું સુસ્ત મૌન, ઊંડી સમાધિમાં લીન થયેલો પીપળો, પાંચ-સાત મકાનોનાં બારણાંઓનાં અવવરાં તાળાઓમાં ઘૂસી ગયેલી ઘેરી નિસ્તબધતા, કેટલાંક મકાનોનાં ખંડિયેરો

વચ્ચે ઊગી નીકળેલા આકડા, ઝડઝાંખરાં, થોડેક દૂર ઊભેલી થોરની ઊંચી ઊંચી વાડ, ત્યાંથી થોડેક દૂર ટેકરો, ટેકરા પર ઊભેલા સ્મશાનનું છાપરું, ને એ પછી દૂરદૂર સુક્કો વેરાન પટ, થોડી થોડી વાર ઊડી આવતી રાખોડી ધૂળ, પીપળાનાં ઊડતાં સુક્કાં પાંદડાં, પીપળાની ડાળીઓ પરથી ઊડતાં પંખીઓની પાંખોનો ફફડાટ, અને અમાસી રાતે અંધારામાં પવનથી હાલી ઊઠતી ડાળીઓ, વચ્ચે ઘૂણતું, ભેંકારતું થરથરતું અંધારું, ઘુવડ-ચીબરીના અવાજો, સ્મશાનના છાપરા નીચે ક્યારેક કજળી ઊઠથી રાખ જેવી નીરવ શાંતિ છવાઈ જતી શેરીમાં, તો ક્યારેક વળી મકાનોનાં ખંડિયારોમાંથી ઊઠતા ચિત્ર-વિચિત્ર અવાજો, શેરી આગળનો ગામમાં પ્રવેશતો ધૂળિયો રસ્તો, રસ્તાની અડોઅડ ડામરની અજગર જેવી વિકરાળ સડક, ને શહેર તરફ દોડતાં એકલ-દોકલ વાહનોનો ચિત્કારતો અવાજ...

શ્રીધર મે'તાએ ફરી લાંબું બગાસું ખાધું, એમને લાગ્યું કે, આંખો ધીમેધીમે ભારે બનતી જતી હતી. ને થોડી વારમાં જ સુક્કા પાંદડા જેવી પાંપણો ઢળી પડી, ડાબા ખભા પર માથું ઝૂકી ગયું, ને પછી તો મીંચાયેલી પાંપણો, ને વરસો પહેલાંની ચીતરાયેલી એક બીજી મે'તા શેરી જાણે કે- સજીવ !?

... વહેલી પરોઢનું ભરભાંખરું થાય એટલે લાંબો ઘૂમટો તાણી, સાડલાની આડશમાં કોડિયું સંતાડતી, હરતીફરતીઝળકતી રાગ જેવી નવોઢાઓ, ઊગતા સૂરજ જેવો ત્રાંબાનો કળશ લઈને પીપળે પાણી રેડતી, સૂર્યોપસના કરતી પ્રૌઢાઓ, ઘુમરાતી ઘંટીઓના થાળામાં નો લોટ જેવી, બોઘરણામાં છલકાતા દૂધની શેડ જેવી સવારો, સંધ્યા-પૂજાઓ, ગાયના છાણ-મૂત્રથી લીપાતાં, સુવાસતાં આંગણાં, પીપળના ઓટલે બેસી પ્રભાતિયાં લલકારતાં,



મોડી રાત સુધી એકતારાના તાલ-સૂરમાં ભજનોની રમઝટ બોલાવતા, ક્યારેક ખોંખાળા ખાતા, ક્યારેક અફીણિયા આંખોથી છોકરાંને છાનાં રાખતા, હસતા-હસાવતા દાદાઓ, દાદાઓની પાન-પેટીઓમાં પુરાયેલી મોંમાં ચગળાતી ગોળની કાંકરી જેવી પુરાણકથાઓ, વેદમંત્રોથી ગૂંજતી, હવનોની ધૂણીથી ગોટમોટથી, ઓરસિયા પર ઘસાતા ચંદનકાષ્ઠથી સુવાસતી શેરી. પૂજાની ઘંટડીઓનો નિનાદ, પાંદડાંનો મર્મર ધ્વનિ, અને ખાખરાનાં પાંદડાં ડીંટતી, લીમડાની સળીઓથી પડિયા-પતરાળા બનાવતી, નાની-મોટી આંગળીઓ ઓટલે બેસીની તાજી-મીઠી છાશની લહાણી કરતી, તંતુથી તંતુ-ગૂંથી વાતો કરતી ગમચો પહેરેલી દાદીઓની આંખોનો મલકાટ... અને...

- અને ભર્યાભાદર્યા કિલ્લા જેવું, કર્મઠ ખેડૂના ફળિયાના બે-ત્રણ આંટા જેવું ગામ. ગામનું નાક કે'વાતી મે'તા શેરી, કુતૂહલ બીજનો જેવી શેરીનાં એક માળિયાં નળિયાંવાળા મકાનો, મકાનોની મધ્યમાં ઊભેલું મેડીબંધ મકાન, મકાનમાં દાદરા પર ધીમાં ધીમાં મુકાતાં લજ્જાળુ પગલાં, ઝાંઝરીની ઘૂઘરીઓનો ઝીણો ઝીણો રણકાર... અને -

- અને લીલા ગજિયા કપડાની ચોળી !

શ્રીધર મે'તાએ અકડાઈ ગયેલા પગ લાંબા કર્યા.

ઊંઘરાટેલી આંખો ખોલી.

ઘડિયાળના ઝૂકી ગયેલા કાંટાઓ સામે જોયું અને ચાંદરણાંના ઊડતા રજકણો સામે જોતાંજોતાં ફરી આંખો મીંચી દીધી. તેમને થયું કે ગઈકાલે કબાટની સાફસૂફી કરતી વખતે જૂની પોથીઓનાં પોટકાં બહાર કાઢયાં હતાં, ખાનાંઓમાં ગેમેક્ષીન ભરાવ્યું હતું. છતાંય બધે ઊધઈ !? અને પોથીઓનાં પાનાંમાં ક્યાંક ક્યાંક કાણાં પડ્યાં હતાં. એકા-એક જ તેમના કંપતા હાથને એક પોટકાનો સ્પર્શ થઈ ગયેલો !

લીલા ગજિયા કાપડના આવરણ સામે ક્યાંક સુધી શૂન્યમનસ્ક બની ચૂપચાપ બેસી રહેલા ને પછી ?

- પછી તો અંધારિયા ઓરડામાં સાંજનું ઘેરું થતું અંધારું ઊતરી આવેલું એટલે જેમતેમ પોથીઓનાં પોટકાં ગોઠવીને ઢીંચણે હાથ દઈને ઊભા થયેલા, ઠાકુરજી ગોખલામાં દીવાબત્તી કર્યા હતાં, ફાનસ કર્યું હતું...ને વારેવારે ભભૂકતી વાટ સરખી કરી હતી ને પછી પડોશીને ત્યાંથી આવેલી થાળીમાંથી રોજ જેમ વાળું કર્યું હતું. ફાનસની વાટ સહેજ કરીને થોડું વધારે અજવાળું, ને પછી ઊભા થઈને બારી પાસે

ગયા હતા. આકાશમાં એક પછી એક ખીલેલાં ફૂલો જેવા તારાઓ સામે જોતા ઊભા હતા. ત્યારે રોજની જેમ લાલ-લીલી બત્તીઓને ઝબૂકતું વિમાન પસાર થયું હતું. વિમાન જોતાં જ થયેલું કે કદાચ આ વિમાન હવે ઊડતું ઊડતું... દૂર... દૂર... મુંબઈના ગીચ વિસ્તાર પરથી પસાર થશે. ને... ત્યારે નાનકડી ખાટલી જેવડી ઓરડીમાં રહેતો છોકરો નોકરીએથી છૂટીને ઘર જવા નીકળ્યો હશે. ને એનો ટાબરિયો હાથમાં સ્ટેલ-પેન લઈને આડા-અવળા લીટી ખેંચતો, દાદાનાં દાઢી-મૂછ બનાવતો હશે. એના છેલ્લા ફોનમાં હતું કે, ટીનકુડાને હવે બારાખડી આવડી ગઈ છે, કદાચ તેને 'દાદા' લખતાંય આવડશે, ને પછી...??

બારીના ખખડાટથી શ્રીધર મે'તાની આંખો ધીરેથી ખૂલી ઘડિયાળ સામે ક્ષીણ નજર લંબાવી. એ ફિક્કું હસ્ય ઘડિયાળ બંધ પડી ગયું હતું !! અને થોડી વાર પહેલાં હાલકડોલક લોલક પરનો સમય જાણે થંભી ગયો હતો ?! દૂ...ર... ઊભેલા પીપળાનો પડછાયો હવે ધીમે ધીમે સંકેલાતો જતો હતો અને ઘરની કેદમાં છૂટેલાં છોકરાં ઘોંઘાટ, કરતાં કરતાં દોટંદોટ કરી રહ્યાં હતાં, ને એમના પગ નીચે કચડાતાં સુક્કાંભઠ્ઠ પાંદડાં, ને થોડી થોડી વારે વાયરાથી ડાળીઓ વીંઝાતી ને પાંદડાં ખર... ખર... કરતાં ખરી રહ્યાં હતાં - એક પછી એક, સૂનીસટ શેરીમાં હવે બુઢ્ઢાઓની આંગળીના વેઢે ગણી શકાય તેટલી !

મે'તા ફિક્કુ હસ્યા,

તેમણે પોટકાને સ્પર્શ કર્યો, ને પછી તો જૂના, પીળા પડી ગયેલા કાગળોનો થોકડો. ઊધઈ ખાધેલા ખૂણાવાળા જન્માક્ષર, લગન પડ, નાડાછડી... કુમકુમના છાંટાથી ચહેરાયેલા અક્ષરો, શબ્દો, ને અક્ષતના કંકુવાળા અક્ષતના ખરતા દાણા. ચાલીસ વરસ પહેલાંની ગોરજવેળા, મંત્રોચ્ચાર મંગલાષ્ટક અને સંધ્યાકાશમાં ડૂબતા સૂરજની સાખે એકબીજાને મળતાં અવનિ-આકાશે,ને ધૂધળું ધૂંધળું અજવાળું, ને પછી પ્રસરી જતું અંધારું !!

અરે ! આ શું ??

અંધારાનું પૂર ઊમટ્યું ! ઘરમાં ઘૂસી આવ્યું ?!

ને એમાં ડૂબકાં ખાતા, ગૂંગળાતા, કંપતા હાથ લંબાવી ને ખંડમાંના અંધારામાં તરતા જન્માક્ષરોનાં પત્તાં ને, લગનપડાના બીના લોચા જેવા કાગળને પકડવા ફાંફાં મારી રહેલા હાથ ?! અને...

- અને આંખો ફટાક દઈને ખૂલી ગઈ.

મે'તા ઢીંચણ પર હાથ મૂકી આરામખુરશીમાંથી ઊભા થયા હાથમાંનું પોટકું સ્ટૂલ પર મૂક્યું. બારી પાસે ગયા. ચૂપચાપ ઊભા રહ્યા. પીપળાનો લંબાતો જતો પછડાયો બારીમાં પ્રવેશી તેમના પર જાણે પૂર્ણપણે છવાઈ ગયો !!


પડોશીના આંગણામાંના તુલસીક્યારે દીવો મુકાયો. કો'કના વાડામાં ગાય ભાંભરી ઊઠી. સમી સાંજના ઊતરતા અંધારામાં શેરીનો સૂનકાર ધીમે ધીમે ઘેરો બનતો જતો હતો. એમણે ખિસ્સામાં હાથ નાંખ્યો. તપખીરની દાબડી કાઢી ખોલી કંપતા હાથમાંથી ઢાંકણું નીચે પડ્યું. ઢીંચણે હાથ મૂકી, મહામુશ્કેલીએ નમ્યા, ઢાંકણું શોધવા જતાં કેલેન્ડરનાં ચૂંથાયેલા પત્તાં હાથમાં આવી ગયાં. પત્તાંને આંખો નજીક લાવીને તિથિ... વાર... તારીખ સામે એક પછી એક જોઈ લીધાં... અને...

- અને ફિક્કું હસ્યા : 'ખરું છે ! આજે સવારે કેલેન્ડરનું પત્તું ફાડવા જતાં એક સાથે બે પત્તાં ફાટી ગ્યાં ! એક ગઈકાલનું, ને એક ?... આજની તિથિ.. આજની ગોરજવેળાએ... હા, વરસો પે'લાં, આજના દિવસે !!

ધીરેધીરે અંધારું લપકતું રહ્યું. પોટકું, લીલી ગજિયું કાપડ. બારી... પીપળો.., પીપળાની સુક્કી ડાળીઓ વચ્ચે થોડીવાર પેલો કોનો ચહેરો ?! હેં ?!

મે'તા ક્યાંય સુધી અંધારામાં ડૂબતી જતી શેરી, શેરીમાં ઊંડાં મૂળિયાં નાંખીને ઊભેલા ખખડધજ પીપળા સામે, આકાશમાં પસાર થનારા ઝબૂકતા વિમાનની રાહ જોતા જોતા બારીના ઘેરા અંધારામાં ડૂબી ગયા !! રોજની જેમ...

*૩૩, રોયલ વ્યૂ, કડી-કરણનગર રોડ,*
*કડી-૩૮૨૭૧૫, જિ. મહેસાણા, (ઉ.ગુ.).*
*મો. ૯૮૨૭૯૦૯૯૦૨*






લવાજમ : કોઇપણ કોમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે

માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિધ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક

શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ

રાજ્યભરમાં રોજગારવાંચ્છુઓ માટેનું વિશ્વસનીય સાપ્તાહિક

રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન.

**વાર્ષિક લવાજમ માત્ર ₹ 30/-**

રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર

# બાપાની ડાયરી

*- ભી. ન. વણકર*

બાપા બીમાર પડ્યા પછી સંજય અને મયંક મહિનામાં એકાદ વખત અચૂક મળતા. બાપાની તબિયત વિશે ચિંતા વ્યક્ત કરતા. સંજય વ્યવસાયે ડૉક્ટર, તેથી બાપાના આરોગ્ય વિશે સવિશેષ સભાન રહેતો, જ્યારે મયંક બૅંક મૅનેજર, નોકરીમાં વ્યસ્ત રહેવા છતાંય બાપાની સેવામાં હાજર રહેતો.

આજે બંને ભાઈઓ હળવા મૂડમાં હતા. બાપાના જમાના પડખે સંજય અને ડાબા પડખે મયંક સોફામાં બેઠા હતા. સંજયને જોઈ બાપાએ કહ્યું, 'ભાઈ.. બઉ... દા'ડે તમે આવ્યા છો, હાં કે...!'

'બાપા, તમારા ખબર અંતર લેવા હું આવતો જ રહું છું. મયંકને ફોનથી તમારી તબિયત હું પૂછી લઉં છું. મયંક તમારી સેવામાં હાજર તો હોય જ છે. તમને તકલીફ થાય તો અડધીરાતેય દોડીને હું આવી નથી જતો ?' સંજયે બાપા સામે જોઈ હસતાં હસતાં કહ્યું.

'હા, ભાઈ હા...! મારા બેઉ દીકરા શ્રવણ જેવા છો...!' કહેતાં સંતોષનો ઊંડો શ્વાસ લેતાં બાપા હસી પડ્યા. બાપાને ઘડીભર પ્રસન્ન જોઈ, હળવાશથી બાપાના વાંસે હાથ ફેરવતાં, ફેરવતાં સંજયે કહ્યું, 'મયંક, બાપાની તબિયત હવે ધીરેધીરે કથળતી જાય છે, પણ...?'

'એટલે જ હવે બાપાની વિશેષ કાળજી રાખવી જરૂરી છે, મોટાભાઈ. સવાર-સાંજ હું બાપા પાસે હંમેશાં થોડોક સમય બેસી ખબરઅંતર પૂછી લઉં છું. પછી જ બીજું કામ કરું છું. ક્યારેક બાપાને તકલીફ જણાય તો રજા મૂકી દઉં છું. મા-બાપની સેવાનો આનંદ અનેરો હોય છે.' કહેતાં મયંકે બાપા સામે જોઈ હસી લીધું.

સંજય બાપાને વિસ્મૃતિમાંથી ઢંઢોળી રહ્યો હોય તેમ બાપાના ખભા ઉપર હાથ મૂકી બોલ્યો, 'બાપા ! કાંઈક તો બોલો ? આમ, સાવ મૌન !' બાપાએ જાણે સાંભળ્યું જ ના હોય તેમ સંજય સામે જોઈ રહ્યા હતા.

'બાપાને બોલાવશો તોય બોલવું હશે તો જ બોલશે. મોટાભાઈ, નહીં તો હસીને પડખું ફેરવી, બારીમાંથી બહાર જોયા કરશે. કમ્પાઉન્ડમાં તેમણે વાવેલો લીમડો, જાંબુડો અને આસોપાલવ સામે જોયા કરશે, પંખીઓના કલરવ સાંભળ્યા કરશે. પૂછીએ તો કહે, 'ભાઈ, વૃક્ષો અને પંખીઓ મને બઉ ગમે છે, હાં કે...' મયંકે કહ્યું.

'આમ તો બાપાને સારું જ છે. પણ ઉંમરના કારણે ક્યારે શું થાય એ કહેવાય નહીં !' સંજયે સંતોષ સાથે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું, 'ઓપરેશન પછી બાપાની વિસ્મૃતિ દિવસે દિવસે વધતી જાય છે, એટલે...!' સંજય બોલતાં અટકી ગયો.

'ક્યારેક બાપા એકલા બેઠા બેઠા હસતા હોય છે, તો ક્યારેક મનોમન રડતા પણ હોય છે. પૂછીએ તો ગુસ્સે પણ થાય..' થોડુંક અટકી મયંક કહેવા લાગ્યો, 'બાપા હંમેશાં કહ્યા કરે છે, હવે મને, કાંઈ યાદ રહેતું નથી. હાલ વાત કરી હોય એય ભૂલી જાઉં છું.' પરંતુ મોટાભાઈ, બાપા જો મોજમાં હોય તો વાતે ચઢી જાય, ક્યારેક સ્મૃતિ આવી જાય તો ત્રણ પેઢીનો ઇતિહાસ ઉલેચવા મંડી પડે...!'

'એ તો મેં એમને સાંભળ્યા છે, 'સંજયે કહ્યું, 'કેમ બાપા ! બોલતા નથી ?'

'અને ક્યારેક વિસ્મૃતિમાં સરી પડે તો... મયંકને સંજય અને સંજયને મયંક કહે : એટલે બાપાને હવે સમજવા અને સંભાળવા મુશ્કેલ છે.' મયંકે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું.

બાપાને સૂનમૂન બેસી રહેલા જોઈ, સંજયના ચહેરા ઉપર ભવિષ્યની ચિંતા પ્રગટ થઈ રહી હતી. 'હવે આ કોરોનાકાળ છે. રસીનો ત્રીજો બૂસ્ટર ડોઝ તો અપાવ્યો છે, તેમ છતાં બાપાની કાળજી રાખવી જરૂરી છે.' ઘડીક અટકી સંજયે કહ્યું, 'મયંક, પહેલાં તો બાપા રોજ સવાર-સાંજ નિયમિત ડાયરી લખતા હતા. સવારની ડાયરીમાં પોતાના ચિંતનાત્મક વિચારો લખતા હતા અને સાંજની ડાયરીમાં રોજનીશી લખતા હતા. પરંતુ બીમાર પડ્યા પછી બાપા ડાયરી લખે છે ખરા ?' સંજયે મયંક સામે જોઈ કહ્યું.

'ના રે ના, ઘણા સમયથી લખવાનું તો શું, પણ વાંચવાનુંય છોડી દીધું છે.' મયંકે કહ્યું.

'વિસ્મૃતિના કારણે બાપાથી કાંઈ આડું-અવળુંય લખાઈ ગયું હોય, મને તેની ચિંતા છે. સમય મળે જોઈ લેજેને મયંક !'

'મેં એવું ધ્યાન તો નથી રાખ્યું, પણ બાપા લખે છે, ત્યારે ખૂબ ધ્યાનપૂર્વક લખતા હોય છે, તેમ છતાં એમના વાચનખંડમાં પુસ્તકો ભેગી તેમની ડાયરીઓ પણ આડીઅવળી પડી છે. ચાલોને, આપણે જોઈ જ લઈએ. બાપા તો એકલા સોફામાં બેસી રહેશે, નહીં તો બારી ખોલી બહાર વૃક્ષો અને પંખીઓ એમને પ્રિય છે એટલે જોયા કરશે.'

'ચાલો, ચાલો...' કહેતા બંને ભાઈઓ બાપાના વાચનખંડમાં ગયા. પુસ્તકોના ઢગલામાં ડાયરીઓ પણ વેરણ-છેરણ પડી હતી. સઘળું વેર-વિખેર પડેલું જોઈ સંજયે કહ્યું, 'મયંક... બાપા સાજા હોત તો પુસ્તકો અને ડાયરીઓ તો શું, કાગળની એક નાની ચબરખી પણ ગમે ત્યાં પડી ના હોય, સમજ્યો ? આ બધું તો હવે તારે જ સમય લઈને ગોઠવી દેવું જોઈએ, બાપા નહીં હોય ત્યારે તેમનો આ વારસો આપણા માટે મહામૂલી વિરાસત હશે, સમજ્યો ?' સંજયે ગંભીર મુદ્રામાં કહ્યું.

મયંક હકારમાં માથું હલાવી સાંભળી રહ્યો હતો.

'તેમનાં લખેલાં પુસ્તકો, હસ્તપ્રતો અપ્રગટ લેખો. તેમજ અમૂલ્ય પુસ્તકો વિશે બાપાએ ડાયરીમાં આવશ્ય કાંઈક લખ્યું જ હશે, પરંતુ બીમારી બાદ વધારે વિસ્મૃત થયા છે, એટલે...' સંજયના ચહેરા ઉપર સહજ ગ્લાનિ પ્રસરી રહી હતી. 'અગાઉની બધી જ ડાયરીઓ સાચવીને મૂકી દેજે, પરંતુ તેમની છેલ્લી ડાયરી આપણે જોઈ લઈએ. વિસ્મૃતિના કારણે રખે કાંઈ ના લખવાનુંય લખાઈ ગયું હોય. પછી ? પાછળથી વણકલ્પ્યા પ્રશ્નો જાગે, સમજ્યો ? રોજનીશીમાં તેમના હસ્તાક્ષરે લખાયેલું લખાણ તેમની ગેરહાજરીમાં તેમનું વસિયતનામું બની જાય.' સંજયે વિશેષ સ્પષ્ટતા કરતાં કહ્યું :

બંને ભાઈઓ પુસ્તકો ઊથલપાથલ કરતાં બાપાની છેલ્લી ડાયરી શોધવા લાગ્યા હતા. પુસ્તકો નીચે દબાયેલી ડાયરી લેતાં મયંક બોલી ઊઠ્યો, 'અરે... આ રહી બાપાની છેલ્લી ડાયરી !'

સંજયે મયંક પાસેથી ડાયરી લઈ પાનાં ઊથલાવતાં કહ્યું. 'ડાયરી અધૂરી છે ? અહો..! આ અંતિમ લખાણ તો લાંબું-લચક છે, મયંક જોને ? રોજનીશીમાં વળી બાપાએ આ શું લખ્યું છે ?' સંજયે હસતાં હસતાં આશ્ચર્ય સાથે કહ્યું, 'બાપાએ વાર્તા તો લખી નથી ને ?'

'ખબર નથી, પણ...? મયંકે અટકીને કહ્યું કદાચ...?'

બંને ભાઈઓ એકબીજાનો હાથ પકડી હસી પડ્યા.

'વાંચવું પડશે' સંજયે કહ્યું,

બાપા મૂઢભાવે બેસી રહ્યા હતા.

બંને ભાઈઓ જિજ્ઞાસાપૂર્વક બાપાની ડાયરીનું આ અંતિમ લખાણ ઉત્સુકતાથી, એક સાથે વાંચવા લાગ્યા...

★★★

'આ સાધુ છે કોણ ?' મારાથી મને જ આ ગજબનો પ્રશ્ન પુછાઈ ગયો, પરંતુ...?

'હું કોણ છું ?' વણઉકલ્યા આ પ્રશ્નનો જવાબ શોધવામાં હું જ મારામાં ખોવાઈ ગયો છું, ત્યારે...!

'આ સાધુમાં હું છું કે પછી સાધુ મારામાં છે ?' સમજવું અટપટું છે, પરંતુ...

દરેક કોયડાનો ઉકેલ તો હોય જ છે.

★★★

એકાદ વરસથી નાગાબાવાની મકરોડ નીચે સાધુએ ધામા નાખ્યા છે. છતાંય સાધુનું સહસ્ય ઘૂંટાઈ રહ્યું છે. કોણ જાણે...? સાધુ છે એટલે ? સાધુએ શ્વેતવસ્ત્રો ધારણ કર્યાં છે. આખો દિવસ પદ્માસનમાં કે પછી સમાધિસ્થ રહે છે. આવતા-જતાં સૌ સામે જોઈ, સાધુભાવે હસે છે, પછી મૌન. માથું, દાઢી-મૂછ આંખોની પડોળ સઘળાં શ્વેત કેશથી ગૂંથાઈ ગયાં છે. હસે છે ત્યારે જાસૂદના ફૂલની ખીલતી કળી જેવા બે લાલ હોઠ વચાળે શ્વેત દંત સુંદર લાગે છે. વૃદ્ધત્વના આરે પહોંચેલા સાધુની માંજરી આંખોનું આકર્ષણ અનેરું લાગે છે, તેનું તેજ-સૌંદર્ય ચમકે છે. ભાલમાં કુદરતી રેખાઓ જોતાં, ચહેરા ઉપર સાધુતાનો નૈસર્ગિક પ્રભાવ આંજી નાખે છે. આ સાધુ યુવાનીમાં કેવા સુંદર લાગતો હશે ? તેની બુદ્ધિ-પ્રતિભા તેના હાસ્યમાં કેવી છલોછલ છલકાઈ રહી છે ? એને સાધુ થવાના કોડ કેમ જાગ્યા હશે ? સંસારનો મોહ-ભંગ કે માયા-ભંગ થવાનું શું કારણ હશે ? કે પછી, પરમાત્માને પામવાની અદમ્ય ઝંખના જાગી હશે ? દેહમાત્રને મળેલી મૂળભૂત વૃત્તિઓને કાબૂમાં લેવી, ષડરિપુઓનું હનન કરી સાધુ બનવું કેવું કપરું હોય છે ?

વાસથી દૂર પસાયતાનાં ખેતરોના શેઢે ટીંબા ઉપર સૈકા જૂનું મકરોડનું વૃક્ષ સમયની સાક્ષી બની ઊઠ્યું કે, મકરોડ નીચે કંથેરનું મસમોટું ઝાળું છે. ભેગી બે બોરડીઓ પણ ફાલી-ફૂલી છે. આ સઘળું જળાજૂથ, ગૂંથાઈ ગયેલું છે. મકરોડના ઝાડ ઉપર વિવિધ રંગની ધજાઓ પવનથી ફરફરતી રહે છે. આ જગા નાગાબાબાના થાનક તરીકે ઓળખાય છે. આ રસ્તે લોકોની અવર-જવર નહીંવત્ છે. આ અવાવરી અને બિહામણી જગા સાધુએ કેમ પસંદ કરી હશે ? કંથેરના ઝાળા નીચે સાધુએ ગુફા બનાવી છે. ગુફા બહાર ઊંચો ઓટલો, ઓટલા ઉપર કંતાનનો કોથળો પાથરી, દિવસભર સાધુ બેઠો રહે છે, રાત્રે ગુફામાં સાધુના કારણે લોકો ડરતા રહે છે. તેથી પસાયતાનાં ખેતરોનું રખોપું પણ થાય છે.

છનિયો એના પસાયતાના ખેતરે જતો-આવતો હતો. સાધુના આવ્યા પછી તે સહજભાવે સાધુ પાસે જઈ બેસવા લાગ્યો હતો. આમ પણ છનિયો સાધુ-બાવાને જોઈ હરખાઈ જતો હોય છે. છનિયો કહે, આ સાધુ ક્યારેક મોજમાં હોય તો સ્વગત હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજીમાં પણ બોલે છે. પરંતુ વ્યવહારમાં ખપપૂરતું ગુજરાતીમાં બોલે છે. ક્યારેક એને ડાયરીમાં લખતો પણ જોઉં છું. શું લખે છે એની મને શી ખબર ? સાધુ હંમેશાં મૌન રહે છે.'

છનિયો ધીરે ધીરે સાધુનો ચેલો બની ગયો હતો. સાધુ છનિયાને 'ભગત' કહીને બોલાવતો હતો. છનિયો ફિલોસોફી વિષયમાં પ્રથમ વર્ગમાં માસ્ટર ડિગ્રી ધરાવતો હતો. ઉપરાંત પત્રકારત્વમાં ડિપ્લોમા થયો હતો. ભણવામાં તે અવ્વલ નંબરે હતો. તેને પ્રોફેસર થવું હતું. બધી જ લાયકાત છતાંય તે પસંદગી પામતો નહોતો. છનિયાને અનેક સવાલો સાથે કૉલેજ-દ્વારેથી પાછા ફરવું પડ્યું છે. સમાજના ઢાંચા સામે રોષ પ્રગટ કરતાં છનિયો ઘણી વખત વિચારતો, 'જ્ઞાતિ-જાતિ અને નાણાંનો ભેદભાવપૂર્ણ પ્રભાવ જયાં સુધી સમાજમાં રહેશે, ત્યાં સુધી મારા જેવા લાખો છનિયાઓનું ભવિષ્ય અંધકારમય હશે. સમયની સાથે સમાજનું આમૂલ પરિવર્તન જરૂરી છે. મૂળસોતી વૈચારિક ક્રાન્તિ નહીં થાય ત્યાં સુધી છનિયા ! તારો ઉદ્ધાર નથી થવાનો...' છનિયો હતાશામાં જ કુંવારો રહ્યો છે. લોકો એને ગાંડો સમાજતા હતા પરંતુ સાધુ-બાવા મળે તો સોબત કરતો, સત્સંગ પણ કરતો, સમાજસેવામાં રત રહેતો. રાત-દિવસ તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો વાંચ્યા કરતો, તેથીય સૌ એને વ્યંગમાં 'ભગત' કહીને બોલાવતા હતા.

છનિયો આ અજાણ્યા સાધુ પાછળ ગાંડો બની ગયો હતો. ડોલ, લોટો, પાણીનું માટલું વગેરે છનિયાએ જ સાધુને લાવી આપ્યું હતું. સાધુને જમવાનું પણ છનિયો જ આપી

આવતો હતો. આમ, સાધુની સેવામાં તે મશગૂલ રહેતો હતો. એક સમયે સાધુ મોજમાં હતા, ત્યારે છનિયાએ કહેલું, બાપુ ગામથી હું દૂર છેવાડાના વાસમાં રહું છું, લોકો અમારાથી દૂર ભાગે છે, ત્યારે સાધુ મૌન તોડી બોલ્યા હતા : 'ઐસે લોગ અજ્ઞાની હૈ, ના-સમજ હૈ...' ઘડીભર મૌન રહી ફરી બોલ્યા, 'ભગત, મૈં સાધુ હૂં સાધુ કો જાત-પાત નહીં હોતી. જાત-પાત મેં માનનેવાલા સાધુ નહીં હોતા. સાધુની આંખોમાં આંસુ દદડી રહ્યાં હતાં.' સાધુ મનોમન વેદનાસભર સ્વરે બોલી રહ્યા હતા..., 'મનુષ્ય કે ઈનકાર મેં હી ઈશ્વર કા ઈનકાર હૈ.'

છનિયો સાધુની વાણી સાંભળી રાજી રાજી થઈ ગયો હતો. તે સવાર-સાંજ નિત્ય સાધુની નિશ્રામાં બેસી રહેતો. જગ-બત્રીસીએ થતી સાધુની નિંદા તે સહી શકતો નહોતો.

'આ સાધુ છે કોણ ?

- ખરેખર આ સાધુ છે કે પછી સાધુના સ્વાંગમાં...?

- સઘળું ત્યજવું છે, તો પછી પેલા છનિયા ઉપર નિર્ભર કેમ છે ? એટલે શું સમજવું ?

- સાધુ પાસે ક્યારેક શ્વેત વસ્ત્રો, ક્યારેક કાળાં વસ્ત્રો ધારણ કરેલી સ્ત્રી જોવા મળે છે. એ કોણ હશે ?

- સાધુ પાસે ક્યારેક હિંસક પશુઓ, ક્યારેક વિવિધ પક્ષીઓ બેઠાં હોય છે. સાંભળવા મળે છે એ સાચું ?

- સાધુની સાધનાનું રહસ્ય સમજાતું નથી, પરંતુ સાધુ ચમત્કારી છે.'

લોકજીભે સાધુ વિશેની આ ચર્ચાએ માઝા મૂકી હતી, પણ સાધુને કહેવું કેમ ? છનિયો મનોમન વિચારતો હતો. એક દિવસ સાધુને મોજમાં જોઈ છનિયાએ કહેવાનું સઘળું કહી દીધું. ત્યારે સાધુ કહેવા લાગ્યા 'ભગત, મૈં કોઈ ચમત્કારી યા પાખંડી નહીં હૂઁ, સિર્ફ મૈં સાધુ હૂં. મા કે સિવાય સંસાર મેં મુઝે કિસીસે કોઈ નાતા નહીં હૈ, મેરે લિએ મા હી ઈશ્વર હૈ, માં વિવિધ રૂપમેં મુઝે દર્શન દેતી હૈ... સંસાર સે મુઝે કોઈ લેનાદેના નહીં હૈ.'

કેટલાક કહે છે, નાગાબાવાનું થાનક પરચાધારી છે. એટલે સાધુ સ્વરૂપે તે પ્રગટ થયેલ છે, કોને ખબર ? પરંતુ છનિયો સ્વગત વિચારી રહ્યો હતો. 'છોડો આ અફવા ! અંધશ્રદ્ધા અને વહેમ... માણસની અજ્ઞાનતાનું નિદર્શન કરે છે. એમાં જ માણસનું નિકંદન - અધઃપતન થાય છે. સાધુ પણ સાધના દ્વારા જ સિદ્ધિ પામે છે. કલિયુગમાં આ શક્ય નથી એવુંય નથી. આ સાધુ તો એકલારામ છે. એને ક્યાં કોઈ મંદિર કે મઠ છે ? એને ક્યાં કોઈ પંથ કે સંપ્રદાય છે ? હોય તો પણ ક્યાં કોઈને ઉપદેશ આપે છે ? એ કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? એનું નામ શું ? ઠામ શું ? એવુંય ક્યાં કોઈને કહે છે ? હરહંમેશ હસતા રહેવું, કયારેક રડી લેવું. કોઈ બોલે-બોલાવે ત્યારે મૌન રહેવું. એટલે જ લોકો તર્કવિતર્ક કરી રહ્યા છે ને ? સાધુનું કોઈ ઠામ-ઠેકાણું હોય તો વળી સાધુ શાનો ? એકલો આવ્યો છે, કાલે એકલો ચાલ્યો પણ જાય ! એને ક્યાં કઈ ઘર, ગામ કે પરિવાર છે ? હશે તો પણ ક્યાં કોઈને કાંઈ કહે છે ? મૌન એનો મહામંત્ર છે. મૌનનું પણ એક આગવું રહસ્ય હોય છે. મૌનમાં મહાન શક્તિ સિદ્ધ કરી હશે જે, નહીં તો એકલો, અટૂલો, ઘુમક્કડ બની જીવી શકે ખરો ? સંસારના ષડ્‌રિપુઓ પણ એને સ્પર્શી શકતા નથી, સાધુની આ જ મોટી સિદ્ધિ છે ને ? એટલે જ એને ક્યાં કોઈનો ભય છે ?'

સાધુએ જ છનિયાને કહ્યું હતું, 'ભકત, નિર્મોહ ઔર નિર્મલતા સાધુ કા અમોઘ શસ્ત્ર હૈ, નિર્ભયતા ઔર સ્થિતપ્રજ્ઞતા સાધુ કા અમોઘ શસ્ત્ર હૈ, ફિર ભી સાધુ કો સાધના સે હી સિદ્ધિ મિલતી હૈ ઔર પ્રજ્ઞા સે બ્રહ્મ-દર્શન હોતા હૈ.' પરંતુ સાધુ કોનું નામ ? સાધના અને સિદ્ધિ કોઈને કહે ખરો ? તેમ છતાં છનિયાને આ સાધુમાં અતૂટ શ્રદ્ધા છે. છનિયાને મન સાધુ પારસમણિ છે.

સાધુ સવાર-સાંજ સૂર્યોદય અને સૂર્યાસ્ત મનભરીને માણે છે. આકાશમાં પંખીઓના મુક્ત વિહાર-ગાનને મગ્ન બની માણે છે. સુરખીભર્યો અજવાસ, હવાની શીતળ લહેરો, સૂરજનાં સુકોમળ કિરણો... પ્રકૃતિને પ્રસન્નતાપૂર્વક અનુભવે છે. સંધ્યા સમયના કંકુવરણા સૂરજ સામે જોઈ આનંદવિભોર બની સાધુ ખિલખિલાટ હસવા લાગે છે. આમ, સાધુમાં પ્રાણ અને પ્રકૃતિનો સહજ સુયોગ જોઈ છનિયો, ઈશનાં દર્શન પામ્યાનો આનંદ અનુભવતો હોય છે.

સાધુ મોજમાં હોય ત્યારે છનિયો સાધુની નિશ્રામાં શાંત ચિત્તે બેસી જતો હોય છે. એક દિવસે સાધુ જાણે સ્વયં છનિયાને સંબોધી રહ્યા હોય તેમ સ્વગત બોલી રહ્યા હતા. 'ભગત, હર આદમી કે ભીતર એક દૂસરા આદમી હોતા હૈ. કભી સંન્યાસી કે ભીતર સંસારી ઔર કભી સંસારી કે ભીતર સંન્યાસી હો સકતા હૈ. ઇસ લિએ કૌન સંન્યાસી ઔર કૌન સંસારી હૈ, વહ સાધારણ આદમી પહચાન સકતા નહીં હૈ. સચ્ચા સંન્યાસી બાહર ઔર ભીતર એક હી હોતા હૈ. ભગત અબ સમય નહીં હૈ, કલ મૈં હોઉં યા ન હોઉં, મૈં શૂન્ય સે સિવા કછુ નહીં હૂઁ,' કહેતાં સાધુ, ઊંચે અફાટ આકાશ સામે જોઈ ખડખડાટ હસતાં હસતાં ચોધાર આંસુએ રડવા લાગ્યો.

સાધુની આ અગમ વાણી અને વર્તન છનિયાને સમજાઈ રહ્યું નહોતું.

- અને, તે જે દિવસની રાત ધીરે ધીરે અંધકારથી ઘેરાઈ રહી હતી. આકાશ ઘનઘોર વાદળાંથી છવાઈ ગયું હતું. અષાઢી ચોમાસાની કડાકાભડાકા કરતી મેઘગર્જના અને તોફાની વીજ ચમકારા સાથે મુશળધાર વરસાદ વરસવા લાગ્યો હતો. પ્રકૃતિનું ભયાનક તાંડવ બિહામણું લાગી રહ્યું હતું. છનિયો પોતાના માટિયાળા છાપરા જેવા ઘરમાં નેવલે નીરતા ચૂવાનું પાણી વાસણોમાં ઝીલી રહ્યો હતો. ઘર ક્યારે કડડભૂસ કરતું જમીનદોસ્ત થશે તેની એને ચિંતા હતી, તેનાથી વિશેષ ચિંતા સાધુની પણ હતી. ભયાનક મેઘ-તાંડવ વચ્ચે સાધુ એકલા, અટૂલા, ગુફામાં શી આપત્તિ વેઠી રહ્યા હશે ? છનિયો રાતભર ઊંઘી શક્તો નહોતો. તેને થતું હતું, 'સાધુ ગઈકાલે મૌન તોડીને મને તેમનું ભવિષ્યકથન કહેતા હતા કે પછી તેમની ગેબી વાણીનું ગૂઢ રહસ્યા પ્રગટ કરી રહ્યા હતા ?'

વહેલી સવારનો ઉજાસ થતાં જ છનિયો ઘરની બહાર નીકળી પડ્યો હતો. વાસની ચારે બાજુ પાણી ભરાઈ ગયાં હતાં. ચોમેર દેડકાંનો ડ્રાં ડ્રાં... અવાજ ગૂંજી રહ્યો હતો. બેટ બની ગયેલા વાસમાં ઘેરો અજંપો-પ્રસરી રહ્યો હતો. છનિયાને ઉતાવળે પસાયતાના ખેતર તરફ ઊભડક જતો જોઈને વાસના લોકો નેય થતું હતું, 'આ છનિયાને થયું છે શું ? એના પોતાના જીવનની, ઘરની કે વાસનીય ચિંતા કરતો નથી, એટલી સાધુની ચિંતા લઈને ફરે છે. સાધુએ છનિયાને વશીકરણ તો નથી કર્યું ને ?'

ખેતરોમાં ચોમેર પાણી ભરાઈ ગયું હતું. છનિયાએ દૂરથી મકરોડના ઝાડ તરફ નજર કરી. બહાર ઓટલા ઉપર સાધુ દૃષ્ટિગોચર ના થતાં તે ચારે તરફ જોવા લાગ્યો. 'ભારે વરસાદથી સાધુ ક્યાંક...?' તેના હૈયે ઊંડી ફાળ પડી. છનિયો ઉદ્વેગ અનુભવી રહ્યો હતો. તે વિચારતો હતો 'કાળનો કોળિયો કરી ફાકી જનાર સાધુને વળી ફિકર શી હોય ? છતાંય ?' છનિયો ઉતાવળે સાધુની જગા ઉપર પહોંચી ગયો. જગા સૂમસામ જોઈ તેણે ચારે તરફ નજર કરી. શંકા-કુશંકા સાથે તે હાંફળો-ફાંફળો થઈ, હડી કાઢી ગુફામાં ગયો. ડાયરી ખુલ્લી પડી હતી. મૃગચર્મ અને કાષાયવસ્ત્ર પણ પડેલું જોયું. ગુફામાં, પાણીનો છાંટોય પડ્યો નહોતો... 'તો પછી સાધુ ગયા ક્યાં ?' છનિયો બેબાકળો બનીને બહાર આવ્યો. તેનું હૈયું હાથ રહ્યું નહીં, છનિયાથી ઓચિંતી હૈયાફાટ બૂમ પડાઈ ગઈ... 'બા...પુ...!' બૂમ ચોગમ પડઘાતાં મકરોડના ઝાડમાંથી ફડફડાટ પાંખો ફફડાવતું ઓચિતું શ્વેત પંખી ઊડ્યું. વાદળછાયા આકાશમાં ઊંચે અને ઊંચે ઊડી રહેલા પંખીને અદશ્ય થતું છનિયો વેદનાસભર હૈયે જોઈ રહ્યો હતો.

'ભગત ! અબ યહ ગુફા ઔર ડાયરી, મૃગચર્મ ઔર કાષાયવસ્ત્ર - અબ તેરી વિરાસત હૈ.' આ ગેબી અવાજ જાણે ગુફામાંથી સંભળાઈ રહ્યો હોય તેમ. છનિયાને થયું, 'સાધુનો આ સાક્ષાત્કાર છે કે પછી કોઈ ગૂઢ રહસ્યનાં દર્શન છે ?' છનિયાને જાણે ભીતરમાં કોઈ આદેશ આપી રહ્યું હોય તેમ, તે મનોમન ફરી ગુફામાં ગયો, ભાવ-વિભોર થઈ વજ્રાસનમાં બેસી ગયો. ડાયરીને તેણે નતમસ્તકે નમસ્કાર કર્યા, માથું ટેકવી છનિયો ક્યાંય સુધી રડતો રહ્યો...

સવારનો સૂરજ હજુ ઢંકાયેલો હતો.

★★★

બાપાની ડાયરીનું આ અંતિમ લખાણ વાંચી, સંજય અને મયંક વિસ્મયભાવે એકબીજા સામે ઘડીભર જોઈ રહ્યા. પછી મનોમન હસી પડ્યા. હસતાં હસતાં સંજયે કહ્યું, 'આપણે કોની ડાયરી વાંચી, મયંક ? બાપાની કે પછી... ? કાંઈ સમજાયું નહીં.'

'એ તો બાપા જ કહી શકે.' મયંકે બાપા સામે જોઈ કહ્યું.

બાપા વિસ્મૃતિની ગર્તામાં ડૂબેલા હતા.

'મયંક, તને યાદ છે ? બાપાએ એક દિવસે વાત-વાતમાં કહેલું, 'યુવાનીમાં હું એક સાધુના આશ્રમમાં યોગ-વિદ્યા શીખવા જતો હતો. સવારે હું કાષાયવસ્ત્ર પહેરી મૃગચર્મ ઉપર પદ્માસનમાં બેસી ધ્યાન-ધરતો. પરંતુ, માને તે ગમતું નહોતું. તેથી 'તારે સાધુ તો નથી થઈ જવું ને ?' કહેતાં તેમણે મૃગચર્મ અને કાષાયવસ્ત્ર કોઈ અજાણ્યા સાધુને આપી દીધેલાં.' સંજય ઘડીભર વિચારી રહ્યો હતો.

મયંકે મૌનભાવે હોઠમાં હસી લીધું. કહે, 'મોટાભાઈ ! બાપાને જ પૂછી લઈએ.'

સંજયે બાપાના ખભે હાથ મૂકી ડાયરી સામે ધરીને કહ્યું, 'બાપા ! આ તમારી ડાયરીનું અંતિમ લખાણ છે. આ તમારું સંસ્મરણ છે કે સ્વપ્નું ? કે પછી...?'

બાપાએ જાણે સાંભળ્યું જ ન હોય તેમ સંજય સામે મૌન બનીને જોઈ રહ્યા હતા.

'આ સાધુ અને છનિયો વળી છે કોણ, બાપા ?' હંમેશાં મૌન રહેતા મયંકે કહ્યું, 'બાપા ! અમને કાંઈ સમજાતું નથી. આ તમારા જીવનનું કોઈ અજ્ઞાત પ્રકરણ છે કે પછી તમારી અગોચર આંતર-યાત્રાનું મનોકલ્પન છે ? કાંઈક તો કહો બાપા ?' મયંક ઘડીભર બાપા સામે જોઈ રહ્યો.

'ભાઈ, હવે મને કાંઈક યાદ રહ્યું નથી, બધું જ ભુલાઈ ગયું છે.' બાપાએ કહ્યું.

સંજયે બાપાના ખભે મૂકેલો હાથ હળવાશથી ગળે વીંટાળી વ્હાલથી હસતાં હસતાં કહ્યું, 'બાપા' આ તમારું ડાયરીમાં છેલ્લું લખાણ છે - આ તમારું આત્મકથન છે, દંતકથા છે કે પછી વાર્તા છે ?'

સંજયે ડાયરીનું આ અંતિમ લખાણ ફરી બાપા સામે ધર્યું.

'ભાઈ... હું કાંઈ નથી જાણતો.' કહેતાં બાપાને જાણે અણગમો થયો હોય તેમ, ડાયરી સામે જોયા વિના જ તેમણે પડખું ફેરવ્યું, એક હાથે ધક્કો મારી બારી ખોલી બારીના અવાજથી ઘટાટોપ આસોપાલવમાંથી ફડફડાટ કરતું, પાંખો ફફડાવતું કોઈ અજાણ્યું શ્વેત પંખી ઓચિંતુ ઊડ્યું. બાપાનું ધ્યાન પંખી તરફ ગયું. આકાશમાં ઊંચે અને ઊંચે ઊડી રહેલા પંખી સામે બાપા ક્યાંય સુધી જોતા રહ્યા...!

*૫૧૬, ગાયત્રી સોસાયટી,*
*સેક્ટર-૨૭, ગાંધીનગર-૩૮૨૦૨૮.*
*મો. ૯૪૦૮૨૮૮૦૩૫*



# રહેમરાહે

- *નીતિન ત્રિવેદી*

**એ**મની નજર ઘડિયાળ કરતાંયે વધુ તો કેલેન્ડર પર રહ્યા કરતી હતી. એ દિવસો ગણી રહ્યા હતા. એટલે. હવે તો આટલા જ દિવસો રહ્યા. બસ, એટલા નીકળી જાય તો સારું. એમની ભીતર રાહત અને ઉચાટ એકબીજાના હાથ પકડીને એક સાથે ચાલી રહ્યાં હતાં.

પોતાનાં શ્વાસ આટલા દિવસ તો ચાલતા જ રહેવા જોઈએ. એમનુ ચિત્ત આમાં જ રમમાણ રહેતું હતું. અવારનવાર ખબર કાઢવા આવ્યા કરતા એમના મિત્ર રમણલાલ એમને કહ્યા કરતા, 'યાર, આ વળી તેં શી રમત માંડી ? સાજો થવાનો હઈશ તોય માંદો રહ્યા કરીશ. વારેવારે 'આટલા દી' રહ્યા... આટલા દી' રહ્યા... કર્યા કરે છે, પણ છે શું એ તો કહેતો નથી.'

જવાબમાં હમસુખલાલ ફિક્કું હસતા, 'નહીં સમજાય તને.' રમણલાલને રોષ ચડતો. 'ખરો છે, તું હસલા. ભાભી આટલાં સેવાભાવી છે. જુવાન સંતાનો પણ ભણવાનું પૂરું કરશે. તારે ચિંતા જેવું છે શું ?' તારી જગાએ હું હોઉં તો બસ, જલસા કરતો હોઉં, જલસા.'

'હા, પણ મારેય ક્યાં જલસા નથી ? આ તો એમ કે આ અમુક સમય નીકળી જાય તો નિરાંત થાય.'

'અલ્યા ડફોળ, સમય ક્યારેય સ્થિર થોડો રહે ? એ વહેતો રહેવાનો.' પછી રમણલાલ એમની આંખમાં આંખ નાખીને પૂછે, 'પણ ખરી વાત કંઈક બીજી લાગે છે, એ તું કહેતો નથી.'

'કહીશ. કહેવાનો સમય આવશે ત્યારે જરૂર કહીશ... બાસ, થોડો સમય જવા દે.' હસમુખલાલ આમ મુદ્દત નાખ્યા કરતા.

'કંટાળી ગયો તારા આ સમયથી. ખૂલીને તારે કશી વાત તો કરવી નથી. કાં તો તને મારા પર વિશ્વાસ નથી.'

'અરે અરે, એવું કંઈ નથી, રમલા. અને વાતમાંયે એવું કંઈ નથી. આ તો...' છતને તાકતા હસમુખલાલ ખોવાઈ જાય.

આવું થાય એટલે રમણલાલ એને આગળ પૂછવાનું માંડી વાળે. હસમુખલાલની શુશ્રૂષામાં વિદ્યાબેન કશું ઓછું આવવા દેતાં નહોતાં. આમ છતાં એમને પણ હસુખલાલના મનમાં શું ઘોળાઈ રહ્યું છે એનો તાગ મળતો નહોતો. ગ્રેજ્યુએટ થવા આવેલો દીકરો સજલ અને બારમીમાં ભણતી દીકરી ફિના પણ હસમુખલાલની પૂરી કાળજી લેતાં હતાં. મધ્યમવર્ગના માણસને જે સુખ હોવું જોઈએ એ બધું જ હતું. ખાધેપીધે ને પહેરવે ઓઢવે સુખી હોઈએ,પછી જોઈએ શું ?

આમ છતાં હસમુખલાલનો ઉચાટ કોઈને સમજાતો નહોતો. એમની નિવૃત્તિ નજીક આવી રહી હતી એ વખતે ગંભીર માંદગી આવી ગઈ. એમને કમળો થયો હતો ને કમળી થવામાં હતી. જીવનું પૂરેપૂરું જોખમ હતું. રહી રહીને આવી અને આટલી રજાઓ, એ પણ માંદગીની, લેવી પડી હતી.

ઑફિસમાં સ્ટાફને એમ કે નિવૃત્ત થતાં થતાં મળવાપાત્ર રજાઓ ભોગવવાના ભાગરૂપે હસમુખલાલ આ રજાઓ લઈ રહ્યા છે, પણ જ્યારે આખા સ્ટાફને હોસ્પિટલમાં એમની ખબર કાઢવા જવાનું બન્યું ત્યારે ખ્યાલ આવ્યો હતો કે હસમુખલાલની માંદગી બનાવટી નથી, સાચેસાચી છે.

હસમુખલાલને મરવું નહોતું. કોને મરવું હોય ? પણ એમને તો ૩૧મી મે સુધી મરવું નહોતું. જિજીવિષા તો કાયમ માટે જીવી જવાની હોય. પણ આમની તો એક ડેડલાઈન હોય એવી જિજીવિષા હતી. ડેડલાઇન એટલે ૩૧મી મે.

ઘણી અશક્તિ ભોગવ્યા બાદ ધીમે ધીમે શક્તિનો સંચાર થવા લાગ્યો હતો. ડૉક્ટરે આરામ માટે ખાસ કહ્યું હતું. હવે તો આ પલંગ પર આરામ કરતાં કરતાં એમણે નિવૃત્ત થવાનું હતું. હવે એ દિવસો ગણી રહ્યા હતા, નવા જીવન માટે અથવા ૩૧ મે વટાવી જવા માટે.

આખરે એ દિવસ પણ નજીક આવી રહ્યો હતો. ત્યાં સુધી કોઈ પણ માંદગીને આઘી રાખવાની હતી. ૩૧મી પછી ભલે ફરી માંદા પડી જવાય. અરે, મરી પણ ભલેને જવાય. આવું આવું વિચારતાં એમના હૃદયના ધબકારાં વધી જતા. ધબકારા વધવા એ તબિયત માટે સારું નહીં. એટલે સ્મિત કરતાં કરતાં એ ઊંડા શ્વાસ લેવા લાગતા.

આખરે ૩૧મી તારીખની સવાર થઈ ત્યારે ધબકારા ઉત્તેજનાવશ વધ્યા. રમણલાલને મિત્ર હસમુખલાલનું વલણ સમજાતું નહોતું. પણ કેટલાય વખતથી એમણે પૂછવાનું બંધ કરી દીધું હતું. કહેવું હશે તો કહેશે સામેથી, પણ પૂછવું તો નથી જ, બીજું શું ? અમસ્તુંય કંઈ કહેવાય નહીં આ હસલાનું, કોથળામાંથી બિલાડું પણ કાઢે.

૩૧મીની સાંજ પહેલાં રેલવે ઑફિસનો સ્ટાફ એમના ઉપરી અધિકારીઓ સાથે શુભેચ્છા પાઠવવા આવી પહોંચ્યો હતો. રમણલાલ પણ આવી ગયા હતા. વિદ્યાબેન, સજલ અને ફિના પણ મહેમાનોની સરભરામાં વ્યસ્ત થઈ ગયાં હતાં. નિવૃત્ત જીવનની શુભકામનાઓ પાઠવવાની ઔપચારિકતા ચાલી, નાસ્તાનો દોર ચાલ્યો. પછી આઇસ્કીમનો પણ દોર ચાલ્યો. પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ અર્પણ થયા બાદ ડિવિઝનલ મૅનેજરસાહેબના હસ્તે હસમુખલાલને આવતીકાલની તારીખનો પી.એફ. અને ગ્રેજ્યુઇટીનો ચૅક અપાયો.

ચેક હાથમાં લેતાંવેંત જ હસમુખલાલને નોકરી પૂરી

થઈ ગયાની અનુભૂતિ થઈ. એ ક્યાંય સુધી ચેકને હાથમાં પકડી તાકતા રહ્યા. એમના હોઠ પર એક વજનદાર સ્મિત ઊપસી આવ્યું.

આખરે સ્ટાફ રવાના થયો. થોડીવાર બેસી રમણલાલ પણ જવા નીકળ્યા. નોકરીના સ્થળને બદલે ઘરમાં નિવૃત્તિનો સમારોહ કરવો પડ્યો હોય એવું રેલવેના ઇતિહાસમાં કદાચ પહેલીવાર બન્યું હતું. પણ હસમુખલાલને હવે નિરાંત ફરી વળી હતી. એ એકદમ હળવા ફૂલ થઈ ગયા હતા. રહીસહી અશક્તિ પણ જાણે હસમુખલાલની જાતમાંથી હાંફળીફાંફળી થતી ભાગી ગઈ હતી. નવી સ્ફૂર્તિ આવી ગઈ હતી. વિદ્યાબેન અને સજલ-ફિના પણ આંખે ચડે એવા આ પરિવર્તનથી નવાઈમાં હતાં. જોકે, નિવૃત્તિ એ હસમુખલાલનું વળાંક બિન્દુ, ટર્નિંગ પોઇંટ,ગણાય એટલું સમજાતું હતું.

હસમુખલાલના મુખ પર હળવું હાસ્ય પ્રગટતું રહેતું હતું. આવી હળવાશમાં એ રાતના બાર સુધી તો એમ જ જાગતા પડ્યા રહ્યા. ઘડિયાળે બારના ટકોરા પાડ્યા ત્યારે ૩૧મી તારીખ વિધિવત્ પૂરી થઈ ગઈ જાણી ઘસઘસાટ ઊંઘમાં સરી પડ્યા.

બીજે દિવસે બપોર પછી રમણલાલ હસમુખલાલને મળવા આવ્યા. એમણે તો નક્કી કરેલું જ હતું કે, હસલાને હવે પૂછવાનું નથી કે અત્યાર સુધી એ ક્યા ઉચાટથી વલોવાતો હતો.

હસમુખલાલના રૂમમાં રમણલાલ આવ્યા ત્યારે હસમુખલાલ એમના પિતા અને દાદાની છબીઓ સામે ઊભા રહી એમાં જ ખોવાઈ ગયા હતા. રમણલાલે હસમુખલાલના દાદા ત્રિભોવનદાસ અને પિત્તા જગન્નાથજીની છબીઓ તો ઘણીવાર જોઈ હતી.

રમણલાલ હસમુખલાલની ખબર કાઢવા આ રૂમમાં અવારનવાર આવતા ત્યારે છેલ્લા બે-અઢી મહિનાથી હસમુખલાલને ઉચાટમાં જોયા હતા. અને આ ઉચાટમાં હસમુખલાલની નજર ફરતી ફરતી આ બંને છબીઓ પર આવી સ્થિર થઈ જતી હતી, એ એમણે નોંધ્યું હતું. પણ એમાં અસામાન્ય ગણાય એવી કશી વાત લાગતી નહોતી. પણ હજુય એમણે હસમુખલાલને એ છબીઓ નિહાળીને ખોવાઈ જતા જોયા.

હસમુખલાલને લાગ્યું કે કોઈ આવ્યું છે એટલે પેલી છબીઓ પરથી નજર ખસેડી. 'અરે, આવ રમણ આવ !'

રમણલાલ અને એ ખુરશી પર ગોઠવાયા. હસમુખલાલ રમણલાલના ચહેરા પર પ્રશ્ન વાંચી ગયા હતા. એમણે સ્મિત કર્યું. 'રમણ, હું એ વાતે ખુશ છું કે હું નોકરી દરમિયાન મર્યો નહીં. મારે એ રીતે મરવું નહોતું.' હસમુખલાલ ખુલ્લું હસ્યા, 'બોનસના રૂપિયા મળે કે ન મળે. પણ હવે જીવવાનું તો આજથી બોનસમાં.'

રમણલાલને આ વાતમાં એવું કશું ખાસ વરતાયું નહીં, છતાં એ હસ્યા. હસતાં હસતાં કહ્યું, 'અલ્યા હસલા, જો નોકરી દરમિયાન તને કંઈ થયું હોત તો એક ફાયદો તો થાત, હોં !' ફાયદો શબ્દ બોલતી વખતે રમણલાલે આંખ પણ મારી.

'શો ફાયદો થાત ?' હસમુખળાલ સરવા થયા.

'અરે, કંઈ નહીં. બસ, એમ જ કહ્યું.'

'હવે વાયડો થયા વગર કહે.'

'કહેવા માટે વાયડા થવામાં વાંધો નહીં.' રમણલાલે સ્મિત વેરતાં કહ્યું, 'હસલા, જો તને નોકરી દરમિયાન કંઈ થઈ ગયું હોત તો તારા દીકરાને રેલવેની નોકરી રહેમરાહે મળી જાત.'

હસમુખલાલ એ સાંભળી ગંભીર થઈ ગયા. એમના બદલાયેલા મુખભાવો જોઈ રમણલાલને રંજ થવા લાગ્યો કે મજાકમાંય આવી વાત ક્યાં કરી : 'એટલે જ... રમણ, એટલે જ.' હસમુખલાલ ધીમેથી અને ત્રૂટક ત્રૂટક બોલ્યા. રમણલાલને કશું ન સમજાતાં એમને તાકી રહ્યા.

'મારા સંતાનને રહેમરાહે નોકરી ન મળે એટલે જ નિવૃત્તિની તારીખ સુધી મારે જીવી લેવું હતું.'

સંતાનને નોકરી ન મળે એટલે ? રમણલાલને આશ્ચર્યનો આંચકો લાગ્યો. એમણે માથું ઝાટક્યું.

'ત્યાં જો, રમણ. મારા દાદા અને બાપાના ફોટા જો.'

રમણલાલે એ તરફ નજર માંડી.

'મારા દાદા રેલવેમાં એન્જિન ડ્રાઇવર હતા. એક મોટા એક્સિડેન્ટમાં એમનું મરણ થઈ ગયું હતું. એટલે એમના સંતાન તરીકે મારા બાપાને રેલવેમાં રહેમરાહે નોકરી મળી. મારા બાપા બુકિંગ ક્લાર્ક હતા. એમને ભારે હૃદયાઘાત થયો એમાં એ સ્વર્ગે સિધાવી ગયા. એમના સંતાન તરીકે મને રેલવેએ રહેમરાહે નોકરી આપી.'

હસમુખલાલ અટક્યા એટલે રમણલાલે એમની સામે જોયું.

'હવે હું પણ જો ચાલુ નોકરીએ મરું તો મારા સંતાનને પણ રહેમરાહે નોકરી મળે. બરાબરને ?'

રમણલાલે હકારમાં માથું હલાવ્યું.

'હવે તું જ મને કહે, રમણ. પેઢી દર પેઢી રહેમરાહે મળ્યા કરતી આવી નોકરીનો શાપિત વારસો મારે પણ મારા સંતાનને આપી જવાનો ? સંતાન તો એના ભાગ્યનું મેળવી લેશે, પણ સો વરસના થવાના આશીર્વાદ આપી મારે જ એમનું આયુષ્ય ટૂંકાવી નાંખવાનું ?' પછી વજન દઈને બોલ્યા, 'બસ, રહેમરાહે હવે કંઈ ન જોઈએ.'

રમણલાલે આવા વળાંકબિંદુની કલ્પના કરી નહોતી, એ તો આવી અણધારી વાતે અવાક્ થઈ ગયા હતા. પણ હસમુખલાલ પ્રસન્ન પ્રસન્ન હતા.

*પ્લોટ નં. ૧૧-સી, કામિનિયાનગર, કવિ ત્રાપજકર માર્ગ,*
*તળાજા જૂના- જકાતનાકા પાસે, સિદરસર રોડ,*
*ભાવનગર-૩૬૪૦૦૨. મો. ૯૪૨૮૫૮૯૯૨૩*

# મનમેળ

*- નટવર પટેલ*

**સૂ**રજે જેવો ધરતી પર દેખાડો દીધો કે ભીમપરા ગામની બે હજાર જીભોએ એકસામટો સવાલ કર્યો - એ ક્યારે ભાગી ગઈ ? ને આજ આમ અચાનક આવતાંવેંત જ આવો ધડમાથા વગરનો સવાલ સાંભળી સૂરજ તો હેબતાઈ ગયો કોણ...? કુણ તે ગોંમના સવજી સરપંચની છોડી. નામ..? નોંમ સુખી. શું એ ભાગી ગઈ...? ભાગી નથ જઈ તો શું મોહાળ જઈ ? પણ આમ સામાને કાચોને કાચો કરડી ખાવા જેવું શું કરો છો? ઈમ ના કરીએ તો શું કરીએ ? રાત માથે લૈ ભાગી ! લગી રે અણસારેય નો આવવા દીધો... કોની હારે ?... મારા મુંઢે ઈ નખ્ખોદિયાનું નોંમ ના બોલાવો...ના, ના, કહો તો ખરા ? આખ્ખું ગોંમ જાણે સે આ વાત... કઈ વાત ?... ઈકે સુખી પેલા મનોરિયા હારે ભાગી જઈ !... કોણ મનોર ? તમેય તેં મારા ભૈ, હાવ અજાણ્યા થૈને પૂસો સો ? ના ઓળખ્યો ? પેલા ખોડાકાકાનો મનોર. સુખીના વાહમાં જ રે'તો' તો ઈ મનોર.. અંબાનો ભઈ... હજી વધુ ઓળખાણ આપું ?... આપો.. તો હાંભળો, પેલી નસીબની ફૂટેલ બચાડી જીવીનો મોંટી (ધણી) - બસ હવે ?

પણ બસ શેં થાય ? આ તો ગજબ થઈ જ્યો. નેં ઈ પણ કેવો ! મેં એંશી એંશી દિવાળીઓ જોઈ સે પણ કદી આવી બીના આપણા સમાજમાં બની હોય એવું મારી હાંભરમાં નથી. શો કાળજગ આયો સે !...બેય પીઠી ચોળ્યા વગરનાં હોત તો હમજ્યા મારા ભૈ... આ તો ભૈને પૈણ્યે બે-બે વરહનાં વાણાં વઈ જ્યાં ને બાઈ રાંડીને ઘેર બેઠી'તી. ઈ. સોડીને બીજેય નક્કી કરેલું ને બે દા'ડા ચેડ્યાને તેડવા મે'માન આવવાના'તા... ને ત્યાં આ ભડકો થ્યો. ગોંમનું નાક જ કાપી નાંખ્યું સમાજમાં...! આખ્ખા પંથકમાં ગોંમનો ધજાગરો કર્યો. હવ પારકી પંચાતમાં કો'કને બે કડવાં વેણ કેવાં હશે તોય નંઈ કે'વાય.. જવાનિયો બીજાગોંમનો હોત તોય હમજ્યા મારા ભૈ પણ આ તો... ગોંમનો જ ને છોડીયે ગોંમની.. મનોરેય ભડનો દીકરો ખરો હોં.. વાઘની બોડમાં હાથ નાખ્યો !

પણ બળ્યું આ થ્યું શી રીતે ? ચ્યમ શી રીતે એટલે ?... ઓંમ નાસી જ્યાં ત્યાં લગણ કોઈને ગંધેય ના આવવા દીધી. ને અચાનક રફુચક્કર !... ઈમ વાત સે તાણ.. આ અમે તો કે'તા'તા કે સવજી સરપંચની સુખલી એટલી સીધી કે બાપડી ગરીબ ગાય જેવી... એમને હતું કે સવજીભૈનું સમાજમાં નોંમ કાઢશે... કાઢ્યુંને નામ સમાજમાં ! જે નંઈ જાણતું ઈય હવે જાણશે કે ભીમપરાના સરપંચની છોડી ગોંમના જવાનિયા હારે... કમજાત...ને ઈને ભગાડી જનાર મનોરિયો કેવો ? ઈનેય રઈરઈને આવી કમત સૂઝી ?... રહીરહીને કેમ વળી ?... ચ્યમ તે નથી ભાળતા ? બે વરહ મોર તો કોકની છોડી હારે ચાર ફેરા તો ફરેલો... તે શું થઈ ગયું ?... ચ્યમ ભૈ શું થૈ ગ્યું ? એટલે ઈ ફેરાફરી ઘરમાં બેઠી સે ઈનો જરાય વચાર નંઈ કરવાનો, ઈમ જને ?... ભાગી જનાર કંઈ એવું આગળ-પાછળનું થોડું જોવા રે'તો હશે ? એવું વચારનાર ભાગી જ ન જાય, હમજ્યો ? આ તો ભૈ ચાર આંખો લડી... ને ડોકાં હલાવ્યાં એટલે પત્યું. પસી આખી દુનિયા જખ મારે સે... !

હવે બણબણ મૂકોને મારી બાઈ ! ભાગી જ્યાં તો જ્યાં... ઈ વાતને ઓમાં ચોળીચોળીને ચીકણી શીદ કરો સો ?... ચ્યમ નોં કરીએ ? સવજી ને ઈનો છોકરો એટલું ઊછળીઊછળીને બોલતા'તા પેલા મનોરિયાના બાપા-કરસન ભૈને ?.. તે બોલે જ ને ? રતન જેવી દીકરીને ભગાડી જાય ઈની શી પૂજા કરે ?... કે'કે તારો મનોરિયો સાતમા પાતાળમાં ઊતરી જાહે તોય ગોતી કાઢીશ ને રાઈ-રાઈ જેવડા કકડા કરીશ તાણ મારા જીવને શાંતિ વળશે... હવ રાખો રાખો તમેય.. ઈ તો ક્રોધ ઊતર્યા પસી કાંય ના મળે... પણ ભૈ તમે સવજી સરપંચને નંઈ ઓળખતા. યાદ સે ને પેલો પ્રસંગ ? કે પસી ભૂલી જ્યા ?... ભૈ, યાદ સે પણ મલક પાર ઊતરી જાય ઈનું ઈ શું બગાડી લેશે ?

...પણ આ વાતના લગારેય અંકોડા નથ મળતા... ઈ કુણ ભસ્યું ? અલી વૌ તું ?... પણ માસી તમે ચ્યમ હસ્યાં ?... હસું નંઈ તો શું રડું મારી બઈ ? તું તો હજી ગયે વરહે જ આંણું વળીને ગોંમમાં આઈ સે એટલે આ વાતના અંકોડાની તને ચ્યાંથી ખબર પડે ? આ વાતમાં મૂળ તો ઈ બેયનોંના હતા ત્યાં લગણ ફેલાણાં સે... ના હોય, માસી ?... તને ઓમાં આટલું બધું અચરજ ચ્યમ થાય સે, બઈ ? ઈ બે જન્મ્યાં તાણથી આ ગોંમની ધૂળમાં ભેળાં રમ્યાં, કૂદ્યાં, ભણ્યાં, મોટાં થ્યાં ને જીવ મળી જ્યા... હં એટલે પસી ભાગી જ્યાં, ઈમ જ ને ?... વૌ, લૂલી જરા વશમાં રાખ નંઈતર કોક હાંભરી જશે તો ઉપાધિ થાહે... આ ગોંમ કુણ સે તને ખબર સે ?... તે માસી, મનોરભૈ પૈણ્યા હું કરવા ઓંમ પે'લેથી ભાગી જ્યા હોત તો ? ઈ બધી વાતના અંકોડા ઈમનોં મળે, બઈ ?... પણ અમને તો અણસાર આઈ જ્યો'તો કે હવે આ બે જીવ કાંક નવાજૂની કરનારા હૈ...!

તમે ગોંમના કોઈ નંઈ જાણતા હો એટલું હું જાણું સું. હા, હું... સુખીની ગોઠણ.. મેના, સુખી ઈના સુખદુઃખની બધી વાત મને કહ્યા વગર રે'તી નંઈ. ઈને પેટમાં દુખે ઈય મને કહી દે. ઈના મનમાં શા વચાર હાલે સે ઈનીય મને જાણ થઈ જાય. ઈ કે'તી : મેના, બાપાએ સગાઈ કરી નાંખી, હવે ?... સુખી ઈને ભૂલી જા... પણ શેં ભૂલાય ?... ચ્યમ, તારી પે'લાં ઈ જ પૈણી ના જ્યો ? ના, મેના, મારું મન નથ માનતું.. તો પસી ૧ઈને યાદ કરી કરી અડધી થૈ જઈશ, બીજું શું ?

ભાગી જ્યાં ઈ અઠવાડિયા પે'લાની વાત. સુખી હે : મેના, ઈ ભાગી જવા તૈયાર સે... સુખી, મારું માન તો સવજીકાકાએ નવો છોકરો ગોત્યો સે ન્યાં જતી રે'. આમાં તો કેટકેટલાં દુઃખી થવાનાં ? તારો ભૈ, તારો બાપ... મનોરની વહુનું પસી શું થશે ?...મેના, ઇ બિચારીનો મુંને વચાર આવે સે ને મન પાસું પડે સે... ખેતરને શેઢે સૂનમૂન બેઠેલી બેય બેનપણીઓને જોઈ સૂરજ પણ શ્યામ થઈ પશ્ચિમમાં ઢળી ગયો.

ગામમાં મેનાને ઊભી રાખી વાત જાણવા સૌ બહુ મથતા પણ મેના કામનું બહાનું કાઢી ઘર ભેગી થઈ જતી. ને પછી એકલી બેઠી બેઠી બહેનપણીના વિચારમાં ખોવાઈ જતી. સુખી કહેતી; તને ખબર સે મેના,એ પૈણ્યો પણ જીવ તો મારામાં હોં... બે વરહ પેલાં ઇ મેળામાં મળેલો તાણ હાથ ઝાલી કે' સુખી, હાલ ભાગી જઈએ... પણ આ તારી ગોઠણ પોચી પડી નઈતર...ને એ પસી ઈ પૈણી જ્યો. મનેય કે'તો સુખી, તું ય ચ્યોંક ઘર માંડી લે. પણ રોજ ઈનું મોઢું ના જોઉં તો મને ગમતું નંઈ. એટલે પસી પડોશના ગામના છોરા હાટું મેં હા પાડી. ચ્યમ ખબર સે, મેના ? સીમમાં જઈએ તો રોજ મળાય તો ખરું... ને લગન પસી ઈ રોજ ખીજડિયા સેતરે આવતો.. મળતો... પણ પસી મારી ચૂડી નંદવાઈ ને પાસી હું ફરી ગોંમમાં આઈ... પણ ગોંમમાં પે'લાંની જ્યમ એક મેકને મળી શકતાં ન'તાં. મોટા ભૈને વહેમ પડી જ્યો'તો. ને બાપાનેય વાત કરેલી એટલે મારી દશા સૂડી વચ્ચે સોપારી જેવી.. આ તો મેના ! તું હતી એટલે સંદેશાની આપ-લે થતી. પણ કાલ તો સીમમાં જતાં રસ્તે મળી જ્યો. બહુ વાત કરવાનો મોકો જ ચ્યોં હતો ? મને કે'કે સુખી, હાલ ભાગી જઈએ.. ને મનેય ભૂંડીને શું સૂઝ્યું તે મેં હા પાડી... ને... દીવા ટાણે મેં તને બોલાવી. તને બધી વાત કરી... મેના, બધા ઊંઘી જાય પસી મારા ઘરની પસીતે આવજે ! હું દોરડું લટકાવી ઊતરી જઈશ... અંધારી રાતમાં ભૂતેય નંઈ ભાળે... પસી તું મને ભૂતિયા વડ સુધી વળાવવા આવજે... તન બીક લાગે તો પાદરથી પાસી વળી જાજે.. આ તો હારે તું હોય ને કો'ક મળી જાય તો વે'મ ના પડે... મેં પૂછેલું... સુખી, ચ્યોં જઈશ ? શું ખૈશ, ચ્યોં રઈશ ?... મેના, ઈ ચંત્યા ના કર. જો આ પોટલી... મારાં ઘરેણાં સે... કાલ જ બાપા ઘડાઈને લાયા સે... રડ નંઈ... હવે જા... પાસી...

અલી મેના, તું તો ઈની ખાસ ગોઠણ હતી. તને તો બધી ખબર હોય... ના, સવજીકાકા હું કાંય નથી જાણતી... જો મનં આ વાતનો લગીરે અણસાર આયો હોત તો તમને ચેતવ્યા ના હોત...? અલી છોડી, હાચું' કે જે હોં... મારી ઈજ્જતનો સવાલ સે... ના, કાકા, મુંને કશીય ખબર નથી... હાચું કે' સે કે પસી... ના, સવજીબાપા, પૈણ્યા પહેલાં બેય વચ્ચે મનમેળ હતો પણ પસી ભૂલી જ્યાં'તાં. સુખી કે'તી'તી કે મેના, હવ તો આવતા ભવે વાત... જો ઈણે મન લગીર અણસાર આવવા દીધો હોત તો તમને ચેતવી ના દેત ? મનેય ગોંમની આબરૂ વ્હાલી સે, કાકા...

ચાલો, આ જે થ્યું એ હારું થ્યું. ગોંમમાંથી એક પાપ જ્યું... પાપ ?... હાસ્તો વળી ?...ચ્યમ ઓંમ કો' સો ? અટાણે ભાગી જ્યાં ઈ હારું કે નંઈ ? નંઈતર બબ્બે છોકરાં જણ્યા પસી ભાગ્યાં હોત તો ચેટચેટલાં દુખી થાત ? આ તો એક જીવીનો જ સવાલ'ર્યો... પણ ઈનુંય થૈ જાહે... આમેય મનોર જીવીને ચ્યોં મન આલતો'તો ? જીવીનેય જવાનિયો મળી રે'શે... સમાજમાં બધાંય જવાનિયાં થોડાં ઓંમ ભી જવાનાં સે ? ઈ નંઈ તો ઈનો ભૈ ઍ સમાજમાં છોડીઓની અછત સે એટલે એના હાટુ લોકો હોંમેથી પૂછતા આવશે... બાચરીએ આંય આઈ સું હખ ભાળ્યું ? જીવી બચારી સ્વભાવે શીરી બાકી મારા જેવી હોત તો ચ્યારની હેંડતી થૈ ગૈ હોત.. !

બે દી' પછીની વાત...

અલી હાંભળ્યું ?... જીવીને તેડવા ઈનો બાપ ને ભૈ આયા સે... તે તેડીને હાલતા થાય, પણ ઓંમ ઝઘડે સે શીદ ? ઝઘડે તો ખરાને.. દીકરીનું ઉપરાણું માવતર ના લે તો કુણ લેશે ?... અલી, આ જો ! સવજીકાકાને ઈમનો દીકરો હરજી... કરશનકાકાના ડેલે હેંડ્યા... નહીં હવ સળગ્યું હમજો.. એકાદાનું ભોડું ફૂટશે હોં...

...પણ આ તો બધું શાંત પડી જ્યું ! મોંન્યામાં નથી આવતું. આ લોકો ડેલામાં શું કરતા હશે ?... આ કાંતિકાકા બા'ર આયા, ઈમને પૂસીએ... એય કાંતિકાકા, પસે શું થ્યું ?... હેં ! હોય નંઈ ? જીવીને રામપરા ઓરાવાનું નક્કી થ્યું ? કુના ઘેર ? સુખી માટે જે છોકરો જોયો તો ઈ જ !? તે જીવીના બાપેય મોંની જ્યા ? ઈમ ? ને સવજીકાકાયે વિરોધ ના કર્યો ?... હેં ! ઉપરથી સવજીકાકાએ જ ઓંમ કરવાની સલાહ આલી ?... સવજીકાકા કોઠાડાયા તો ખરા... ઈ કે'કે' હવ જે થ્યું ઈ થ્યું... પણ ગોંમની થોડીઘણી આબરૂ બચી જતી હોય તો હું કંઉ ઈમ કરો... સમાજમાં કજિયો ના જાય... ને પસી ઓંમ નક્કી થ્યું... ઘીના ઠામમાં ઘી પડી'યું... બીજું શું ?

પણ આવા સંઘર્ષમય નાટક પર અચાનક પડદો પડી ગયો એ ગામના મોટાભાગના લોકોને ના ગમ્યું, હોં ! પણ તમને...?

*એચ-૫૦૩. નિશાન રેસિડેન્સી,*
*શુકન સિટી પાસે, આનંદ પાર્ટી પ્લોટ રોડ, ન્યૂ રાણીપ,*
*અમદાવાદ-૩૮૨૪૭૦. મો. ૯૬૬૨૭૮૦૪૩૭*



# અજાણી રેખા

*- દશરથ પરમાર*

વરંડા પાસે પહોંચતાં જ સુમિત્રાના પગ એકાએક થંભી ગયા.

અંદર-બહારના પરિવેશે એના સમગ્ર અસ્તિત્વને હચમચાવી મૂક્યું. બૅગ નીચે મૂકીને એણે ઝડપભેર એક નજર ચારે બાજુ ફેરવી લીધી. સ્ટ્રિટ લાઇટ હજી ચાલુ થઈ નહોતી. તેથી આંગણામાં આછું-આછું અંધારું હતું. અને સૂનકાર. હમણાં જ ઢળેલી મે મહિનાની સાંજ ચોમેર પોતાનું સામ્રાજ્ય સ્થાપવાની મથામણમાં હતી. વાતાવરણમાં સખત ઉકળાટ હતો. મહિનાની શરૂઆતમાં એક વાર વરસાદ પડી ગયો હતો. એ પછી આખોય દિવસ વાદળો આકાશમાં ઝળુંબી રહેતાં. પણ વરસાદ વરસતો નહીં.

સુમિત્રા ઝીણી નજરે જોઈ રહી. દસ દિવસમાં આમ તો કશુંય બદલાયું નથી. એ જ સોસાયટી, એ જ ઘર, એ જ આંગણું. વરંડો... વરંડાની ધારે ધારે ઊભેલાં ગુલમહોર... ગરમાળો... આસોપાલવ... બોરસલ્લી... બધુંય એમ ને એમ છે; અકબંધ અને અક્ષુણ્ણ. છતાંય કોણ જાણે કોઈ અજાણી જગ્યાએ આવી ચડી હોઉં એવું કેમ લાગે છે ? એ વિચારતી હતી. આ ઘરમાં પરણીને આવ્યાને એને અગિયાર વર્ષ થયાં. આવું નીરવ અને ભારઝલ્લું વાતાવરણ આ પૂર્વે ક્યારેય જોયું-અનુભવ્યું નથી. એવું તો નથી ને કે, દસ દિવસ સુધી અલગ સ્થળ અને વાતાવરણમાં રહીને આવી એનો આ પ્રભાવ હોય ?

એણે વિલંબ કર્યા વગર હળવેથી દરવાજો ખોલ્યો. કાટ ખાઈ ગયેલો જૂનો દરવાજો કિચૂડઉડ કરી ઊઠ્યો. શાંત વાતાવરણમાં એક અણગમતો લિસોટો પડી ગયો. પછી પાછી પૂર્વવત્ શાંતિ... દરવાજો બંધ કરી એ અંદર આવી. વૃક્ષોનાં ખરી પડેલાં સુક્કાં પાંદડાં પગ તળે કચડાવા લાગ્યાં. કોઈએ બે-ત્રણ દિવસથી આંગણું પણ વાળ્યું નથી. ધીમી ચાલે એ ઓસરી આગળ પહોંચી. ઓસરી ખાલીખમ્મ હતી. આછા અજવાળામાં હીંચકો સાવ સ્થિર અને નિર્જીવ બની ઝૂરતો હતો.

વળતી જ પળે એની ભીતર રોજ સાંજનું દૃશ્ય ઊપસી આવ્યું : એનો પતિ અને દિયર હજી કારખાનેથી આવ્યા ન હોય. ભાઈજી હીંચકે બેઠા હોય, એક પગ જમીન પર ટેકવેલો હોય. અને બીજો ઉપર ચડાવેલો. એમના પગની હળવી ઠેસ વાગે. અને આખીય ઓસરીમાં પથરાઈ જતો હીંચકાનો આછો-આછો કિચૂડાટ મોડી સાંજ સુધી ઓસરીના અંધારામાં ઘસરકા પાડ્યા કરે... બાજુની આરામ-ખુરશીમાં એનાં સાસુ બેઠાં હોય. અને બારણા પાસે, નીચે એક પાથરણા પર એ પોતે. અને એની દેરાણી સુમન. બંનેના હાથમાં કશુંક હોય. સુમન શાક સમારતી હોય તો એનું કામ દાળ-ચોખા વીણવાનું. કશુંય કામ ન હોય તો ભરત-ગૂંથણ કે એવું કશુંક ચાલ્યા કરે. આંગણામાં ઊતરી આવેલું અંધારું છેક ઓસરીમાં આવીને પથરાઈ જાય ત્યાં સુધી બધાંય પોતપોતાની ક્રિયાઓમાં મસ્ત-વ્યસ્ત. એટલામાં બંને ભાઈઓ મારતે ઘોડે આવી પહોંચે. થોડી વાર ભાઈજીની આસપાસ બેસે. આખાય દિવસની ગતિવિધિની ચર્ચાઓ કરે. અને પછી બધાંય સાથે ઘરમાં...

એને ઠેકાણે અત્યારે...

ઓસરીમાંથી ખસીને એ બેઠકરૂમ પાસે પહોંચી. બહારથી જ દેખાયું : અંદર લાઇટ નથી. ઝાંખું અજવાળું છે, માત્ર માણસ ઓળખી શકાય તેટલું. એણે આંખો ખેંચીને જોયું : આંખો પર હાથ મૂકી પલંગ પર સૂતેલા ભાઈજી... ખુરશીમાં માથું ઢાળી આંખો મીંચી બેસેલાં બા. અને આખાય રૂમમાં ઠાંસીઠાંસીને ભરાયેલું મૌન. અનિલ અને આનંદને આવવાનો સમય થઈ ગયો હતો. તોય આમ કેમ ? એ યાદ કરવા લાગી. રોજના ચિર-પરિચિત દૃશ્યમાં કશુંક ખૂટતું હતું. શું હતું એ ? અચાનક સાંભરી આવ્યું. હા, સુમન અહીં નથી. તો ક્યાં ગઈ હશે ? ક્યાંય બહાર ગઈ હશે કે પછી ?

એના આગમનની બા કે ભાઈજી પર કશી જ અસર ન થઈ તેથી એકદમ અંદર પ્રવેશવાને બદલે એ ક્ષણાર્ધ ઉંબરમાં જ રોકાઈ ગઈ. મોઢે-કપાળે વળી આવેલા પરસેવાના રેલા સાડીના છેડા વડે લૂછીને એણે હળવેથી લાઇટની સ્વીચ ઑન

કરી. આંખ પર અજવાળું પડતાંની સાથે જ ભાઈજી ભડકીને બેઠા થઈ ગયા. થોડી વાર આંખો પટપટાવતા એની સામે જોઈ રહ્યા. પછી વળી પાછા એ ની એ જ સ્થિતિમાં આવી ગયા. ખૂબ થાકી ગયા હોય એમ નંખાઈ ગયેલા અવાજે બોલ્યા :

- ઓહો.. આવી ગઈ, સુમિ..? કેમ આટલી વાર કરી ? ટ્રેન લેટ હતી કે શું ?

- હા, પપ્પા..! : માથું હકારમાં હલાવી એ એમને જોઈ રહી. બીજું કશુંય બોલવાની સ્થિતિમાં નહોતી. એ વિચારવા લાગી. જે ચહેરા પર ચોવીસેય કલાક આનંદની લહેરો ઉછાળા મારતી, ત્યાં અત્યારે વિસ્તરેલું ઉદાસીનું અફાટ-અનંત રણ...? એ દાઝવા લાગી. ત્યાંથી ખસીને બા પાસે ગઈ. ચરણસ્પર્શ કર્યા. એય કશું બોલ્યાં નહીં. ખાસ્સીવાર સુધી એકટક તાકી રહ્યાં. એમના આવા વર્તન પરથી એને મનમાં શંકા થઈ : નક્કી મારી અનુપસ્થિતિમાં કશુંક અજુગતું બની ગયું છે. શું હશે એ? એનો તાગ મેળવવાના આશયથી જ એણે ધીમા અવાજે પૂછી લીધું :

- અરે ! શું થયું છે, બા ? કેમ બધાં આમ બેઠાં છો, સાવ સૂનમૂન..?

એનો પ્રશ્ન પૂરો થાય તે પહેલાં તો બા ડૂસકાવા લાગ્યાં. એને ફાળ પડી. જાતજાતની શંકાઓ એના મનને વળી પાછી ઘેરવા લાગી. કોઈ નજીક કે દૂરનું સગું ગુજરી



ગયું હશે ? કે પછી સુમનને કંઈ થયું હશે ? બીજી પળે એ તમામ શક્યતાઓને નકારતી હોય એમ માથું ધુણાવતી એ સ્વગત બોલી પડી : ના, ના. એવું ન પણ હોય. તો પછી ? એ શંકાના સમાધાનાર્થે જ એણે તરત બીજો સવાલ કર્યો :

- સુમન દેખાતી નથી., ક્યાંય બહાર ગઈ છે કે પછી..?

બાએ રૂમાલનો ગોટો વાળી, નાક નસીકતાં સુમનના રૂમ તરફ ચહેરો ફેરવ્યો.

એ દોડતી સુમનના રૂમ તરફ ગઈ. એના રૂમમાં પણ ઘટ્ટ અંધારું છે. એણે લાઇટ કરી. સુમન સામે પલંગમાં સૂતી હતી. એ ઝડપભેર ત્યાં પહોંચી. પલંગની ધારે બેસી પડી. પડખું ફરીને સૂતેલી સુમન ચોંકીને આ તરફ ફરી. શરીર પરથી શાલ હટાવી, બેઠી થઈ. સુમિત્રા જોઈ રહી. એના ચહેરાના હાવભાવ પરથી જ પરિસ્થિતિ પામી ગઈ. અરે ! આ કેમ કરતાં થઈ ગયું ?

- સારું થયું તમે આવી ગયાં, દીદી ! એક તમે છો, મારા મનને સમજી શકો એવાં. બાકી, આમાં મારો કોઈ વાંક-ગુનો ખરો ? : એ હમણાં જ રડીને શાન્ત થઈ હોય એવું એના અવાજની ભીનાશ પરથી પરખાયું.

- હોય, સુમન ! એમાં આટલાં દુઃખી ન થઈએ, બેન..! બધું કંઈ આપણા હાથમાં નથી હોતું. ક્યારેક કુદરતના ક્રૂર આદેશોને આપણે મને-કમને માથે ચડાવવા પડતા હોય છે ! અને હજી તારી ઉંમરેય શી છે ? : એના બરડે હાથ ફેરવતાં એ વિચારતી હતી. દસ દિવસ પહેલાં અહીંથી ગઈ ત્યારે તો બધું બરાબર હતું. તો પછી આ બધું ક્યારે બની ગયું ? અને કેવી રીતે ?

એને બરાબર યાદ છે. પંદરેક દિવસ પહેલાં સુમને એને સામેથી જણાવેલું. એ વખતે ઘરમાં કોઈને કશી જ ખબર નહોતી. એના પતિ આનંદનેય નહીં. સુમન ખુદ હમણાં કોઇને જણાવવા માગતી નહોતી. એ કશીક અવઢવમાં હતી. મહિના પછી એને એક મલ્ટિનેશનલ કંપનીમાં મૅનેજર કક્ષાની પોસ્ટ માટે ઈન્ટરવ્યૂ આપવા જવાનું હતું. એને લીધે એ છુપાવતી હતી ? જો કે, સુમિત્રાએ તો જાણતાંવેંત વાત વહેતી કરેલી. સારા સમાચાર આપવામાં વળી વિલંબ

શાનો ? પછી તો જેવી ખબર પડી કે; ઘરનાં બધાંય ગેલમાં આવી ગયેલાં. વાતાવરણ એકદમ બદલાવા લાગ્યું હતું. રાત-દિવસ એક જ વાત...

આનંદ તો સુમિત્રાનેય થયો જ હતો ને ! પરંતુ, આનંદની એ ક્ષણોમાં એને રહી રહીને કશીક અજાણી અને અકથ્ય મૂંઝવણ ઉમેરાતી અનુભવાતી હતી. એના મનનો ગમે તે, પણ આ બધો સમય દરમ્યાન એણે એ પણ નોંધેલું કે, ઘરના અન્ય સભ્યોની જેમ સુમન એની સાથે જોઈએ તેવી સહજ રહી શકતી નથી. બધુંય જાણે અનિચ્છાએ બનતું હોય એમ એ કશીક વાતે ગૂંચવાયેલી લાગતી હતી. પરિણામે, એની પેલી મૂંઝવણ બેવડાતી જતી હતી. મનમાં કોઈક અજાણ્યો ભાવ જન્મ લેવા લાગ્યો હતો. મોડે સુધી ઊંઘ આવતી નહીં. રોજ રાત્રે સ્વપ્નમાં એકનું એક દૃશ્ય દેખાયા કરતું : નિર્જન રણ.. પગ ખૂંપી જાય તેવી રેત... રણની વચ્ચોવચ એકલી-અટૂલી ઊભેલી એ... ખરા બપોર... માથે તપતો સૂરજ... ધૂળની ડમરીઓ... પરસેવાના રેલા... અચાનક ક્યાંકથી એક નાનકડું બાળક હાથમાં છત્રી લઈ ધસી આવતું. એના પાલવનો કોરોકટ્ટ છેડો ખેંચવા લાગતું... એ પેલા બાળકને તેડવા જાય ત્યાં સહસા એક સ્ત્રી ક્યાંકથી ઝપાટાભેર દોડી આવતી... એની પાસેથી બાળકને ઝૂંટવીને ચાલતી થઈ જતી... એ પેલી સ્ત્રીની પાછળ ને પાછળ દોડવા લાગતી. પણ ક્ષણ વારમાં તો સ્ત્રી કોઈક અજાણી દિશામાં અદશ્ય થઈ જતી... અને એની આંખ ખૂલી જતી. એ ઝબકીને બેઠી થઈ જતી. પછીની રાત્રે સૂવું ભારે વસમું થઈ પડતું. એને રહી રહીને પેલી સ્ત્રીનો ચહેરો ઓળખવાની મથામણ કરતી. સ્વપ્નનો અર્થ સમજવાની કોશિશ કરતી. કશુંય સમજાતું નહીં. આખોય દિવસ બેચેન રહ્યા કરતી. ઘરમાં ગમતું નહીં. કામમાં મન લાગતું નહીં. સાંજની ઓસરીની બેઠકમાં પણ એ મને-કમને જોડાતી...

ઘરના બધા સભ્યો કરતાં બાનો આનંદ સૌથી વિશેષ ધ્યાન ખેંચે તેવો હતો. એમને આનંદ થાય તે સ્વાભાવિક છે. સુમિત્રાને થતું. પરંતુ, એ ચોવીસેય કલાક સુમનની આગળ-પાછળ ફર્યા કરતાં; જાતજાતની સલાહો આપતાં. એ એને ખટકતું હતું. ગમે તેમ તોય એ આ ઘરની મોટી વહુ...!

સુમનને અપાઈ રહેલા વધુ પડતા મહત્ત્વ પરથી સુમિત્રાને ઊંડે-ઊંડે થતું કે, મને હડસેલીને એ રાતોરાત કેન્દ્રમાં આવી ગઈ છે. દરેક બાબતમાં મને પૂછી-પૂછીને નિર્ણય લેતાં બા અચાનક સુમનને પૂછીને નિર્ણય લેવા લાગ્યાં હતાં. સુમનને શું ભાવશે ને શું નહીં ભાવે ? એની ચિંતાય એ સુમિત્રા આગળ વ્યક્ત કર્યા કરતાં. એમને મન એ બધું કદાચ સહજ હશે, પરંતુ સુમિત્રાનો જીવ ચચર્યા કરતો. જો કે, પોતાની એ અકળામણ કે અણગમો ક્યારેય ચહેરા પર ફરકવા દેતી નહીં. કોઈને કશુંય કળાવા દેતી નહીં.

આ બધો સમય દરમિયાન એણે એ પણ નોંધ્યું હતું કે, સુમન એની સાથે કશીક વાત કરવાની સતત શોધમાં રહેતી હતી. પરંતુ, દિવસે કે રાત્રે એવું એકાંત મળતું નહીં. બા ચોકીદારની જેમ ચોવીસે કલાક એની આગળ-પાછળ ઘૂમરીઓ લેતાં હતાં. એક ક્ષણ પણ એને એકલી મૂકતાં નહીં. છેવટે એણે પોતે જ સુમનથી એક સલામત અંતર રાખવાનું શરૂ કર્યું હતું. એનાથી થોડી હળવાશ અનુભવાતી હતી. પરંતુ એય ક્યાં સુધી ચાલે ? અંતે, એવા વાતાવરણમાંથી મુક્તિ ઝંખતી એ પિયરના બહાને દસેક દિવસથી અહીંથી ચાલી ગઈ હતી. અને...

- હુંય એ જ કહું છું, દીદી કે, એવી તે શી ઉતાવળ છે ? અમારાં લગ્નને હજી દોઢ જ વર્ષ થયું છે. આ તો અમારી



હરવા-ફરવાની ઉંમર છે. અને મારે મારી કેરિયરનું પણ વિચારવાનું કે નહીં ?

સુમનના અવાજે એ સહસા ચોંકી ઊઠી. એના સ્વરમાં અધીરાઈ આવી ગઈ : એટલે આ બધું તેં…?

- નહીં તો શું કરું ? ઘરમાં કોઈને જણાવવું નહોતું. તમને પૂછવા માગતી હતી, પરંતુ તમે ચાલ્યાં ગયાં. અને તમારા દિયર કોઇ નિર્ણય લઈ શકતા નહોતા. એ તો ભવિષ્યમાં જાણે ફરી થવાનું જ ન હોય એમ સાવ નામક્કર ગયેલા. છેવટે મારે જ નિર્ણય લેવો પડ્યો. ડૉક્ટરે પણ કહેલું કે, વધારે સમય થયો નથી તેથી જોખમ જેવું કશુંય નથી, એટલે…

સુમિત્રા નખશિખ ધ્રૂજી ઊઠી. એને આંખે અંધારાં આવવા જેવું થયું. બીજી જ પળે ઊભી થઈને એ દોડતી બહાર આવી ગઈ. અંધારામાં આમ-તેમ આંટા મારવા લાગી. આખાય શરીરમાં થાક ભરાઈ ગયો હતો. અસહાય સ્થિતિમાં એ ઓસરીમાં ગઈ. હીંચકા પર બેસી પડી. એક ઠેસ લગાવી. ઓસરીમાં ફરી વળેલો કિચૂડાટ લમણામાં પથરાની જેમ વાગવા લાગ્યો. ત્યાંથી ઊભી થઈ પાછળ ગઈ. જાળીના સળિયા પકડી ઊભી રહી ગઈ. જાળીની ડિઝાઇનમાં થઈને આવતા સ્ટ્રિટ લાઇટના પ્રકાશમાં આંખો ખેંચાવા લાગી. આંખો મીંચી દીધી. ફાઇબર-શેડના એક ખૂણે થોડાક સમય પહેલાં બંધાયેલા માળામાંથી આવતો ચકલીનો આછો અવાજ સાંભળી આંખ ખૂલી ગઈ.

અચાનક વર્ષો પહેલાંની; હાઇસ્કૂલમાં હતી ત્યારની વાત સાંભરી આવી.

વૅકેશનમાં ઘર સાફ કરતાં ભીંત પર લટકતી દાદાજીની છબી પાછળના ચકલીના માળામાંથી એક ઈંડું નીચે સરી પડેલું. એ જોઈ એને ચક્કર આવી ગયેલા. મમ્મીએ ઘણું સમજાવેલી પણ બે દિવસ સુધી ખાવાનું ભાવ્યું નહોતું. એ પછીય દિવસો સુધી આખાયે ઘરમાં પાંખો ફફડાવતી, આમતેમ ઊડ્યા કરતી રઘવાઈ ચકલીને જોઈને એની વેદના બેવડાતી જતી હતી. એની પાંખોનો ફફડાટ એની ભીતર ફેલાવા લાગતો…

સહસા ઉકળાટ થતો હોય એવું લાગ્યું. એણે જાળીના સળિયા પરથી હાથ હટાવી લીધો. હથેળીમાં કાપા ઊપસી આવ્યા હતા. અને પરસેવાની ચીકાશ. પરસેવે રેબઝેબ થયેલી એ ત્યાંથી ચાલવા લાગી, ત્યાં જ પગના તળિયે કશુંક ચોંટ્યું. એણે આંખો ખેંચીને જોયું. ચકલીનું એક ફૂટી ગયેલું ઈંડું… એનું સફેદ કોચલું… અને એમાંથી રેલાયેલું પીળું પ્રવાહી… એણે ત્યાંથી પગ એકદમ ઊંચકી લીધો. દોડતી ચોકડીમાં ગઈ. પગ ઘસી-ઘસીને ધોયો. સાવરણી વડે પેલું કોચલું સૂપડીમાં ભરી વરંડા બહાર ફેંકી દીધું.

ઉકળાટ વધતો જતો હતો. શરીરમાં ભરાયેલો મુસાફરીનો થાક ધીરે-ધીરે બેવડાવા લાગ્યો હતો. કશુંય વિચાર્યા વગર એ તત્કાલ બાથરૂમમાં ઘૂસી ગઈ. કેટલીયવાર સુધી શરીર પર ઠંડા પાણીની ધાર કરતી રહી. અગિયાર વર્ષથી સાવ ખાલી રહેલા પેટ અને સપાટ પેઢુ પર હાથ ફેરવતાં-ફેરવતાં એનાથી અનાયાસે પૂર્ણ કદના અરીસા સામે જોવાઈ ગયું. એની નજર પેટ પરથી ખસીને ચહેરા પર સ્થિર થઈ. પોતાનો ચહેરો એને અચાનક સાવ જુદો જ લાગવા માંડ્યો. એ ધારી-ધારીને જોતી રહી. અને આ શું ? ચહેરાના ભાવ ધીરે-ધીરે બદલાવા લાગ્યા. જૂના-પુરાણા તમામ ભાવ વળતી જ પળે ખરી પડ્યા. અને એક અજાણી રેખા ક્યાંકથી હડૂડૂ કરતી ધસી આવી. આવીને એના હોઠના એક ખૂણા પર બેસી ગઈ…

*૬-પુષ્પકુંજ સોસાયટી, ગુરુકુળ હાઇસ્કૂલ સામે,*
*કાંસા રોડ, વિસનગર-૩૮૪૩૧૫.*
*મો. ૯૪૨૭૪૫૯૩૦૫*



# ચાવી

*- અલતાફ પટેલ*

**રા**તના સાડા દસ થવા આવ્યા, પણ હજુ સુધી પાછળનાં મકાનોમાંથી મળવા આવતો નીલ આવ્યો નહીં, એમ તો એ દસ વાગ્યા સુધીમાં આવ્યો જ સમજો... કડકડતી ઠંડીના દિવસોમાં પણ એ નિયમિત આવીને ઘણી ઘણી વાતો કરતો. એમ તો મને આ મકાનમાં આવ્યાને ચારેક મહિના થવા આવ્યા એટલે તેના વિશે હજુ ઘણું મેં જાણ્યું નહોતું અને મારી ટેવ મુજબ જે કોઈ પોતાના વિશે અંગત વાતો કહેવા ન માંગે ત્યાં સુધી કશું જ નહીં પુછવા ટેવાયેલો. ખરેખર એવો મને પહેલાંથી રસ જ નહીં... કોઈ જે કાંઈ કહે, સાભળી લેવાનું...

હજુ નીલ વિશે વિચારતો જ હતો ને બહાર આવીને તે ઊભો રહ્યો. સાહેબ જાગો છો ને ? તેણે દર વખતની જેમ પ્રશ્ન કર્યો. વર્ષોથી મને એક ટેવ એવી પણ હતી કે ઘરના દરવાજાને અંદરથી રોજ રાત્રે તાળું વાસી દેવું. જેથી નિરાંતે સૂઈ શકાય. મેં ઝડપથી ડ્રોઅરમાંથી ચાવી કાઢવા પ્રયત્ન કર્યો, પણ ચાવી મળી નહીં. કંઈક આડીઅવળી મૂકાઈ ગઈ હશે એટલે ગોતવા માંડયો...

હું પત્રકાર તરીકે પ્રેસમાં કામ કરું છું અને થોડા સમય પહેલાં જ મુંબઈથી ફેમિલિ મૂકી અહીં આવી ગયો.

પગાર ખાસ નહોતો એટલે સસ્તામાં સસ્તાં ભાડે મકાન મળે તે માટે પ્રેસના પટાવાળાએ મને આ મકાન ગોતી આપવામાં મદદ કરી. મકાન સાવ જૂનું. આજુબાજુનાં મકાનોય સાવ ખખડધજ જેવાં, કમ્પાઉન્ડમાં ઘાસ ઊગી નીકળેલું. રૂમમાં માત્ર એક બલ્બ એ પણ વાયરો એના લટકે. દીવાલો કાળીમેંશ થવા આવેલી. પોપડા ઊખડી ગયેલા પણ પટાવાળા ભીમાએ કહેલું : સાહેબ ! તેની તમે સહેજે ચિંતા ના કરો તમને અપટુડેટ કરી આપીશ. માત્ર પાંચ હજારના ભાડામાં અમદાવાદમાં મકાન ક્યાં મળે ? હું મકાનમાલિક દયાનંદસાહેબને મળ્યો. એમની ઉંમર ખાસ્સી એંશી અને મેડમ સિત્તેરનાં તો હશે જ, એવો અંદાજ આવી ગયેલો. એમનો ઓરડો પણ ખૂબ દયાજનક, માથે તદ્દન જૂનો પંખો ફરે. બે તૂટેલા સોફા ને બે નાનકડા બેડ એક ખૂણે ગોઠવેલા.

- તારે જે ભાડું આપવું હોય તે આપજે ભાઈ... રિનોવેશન કરાવી લેજે. ભાડામાંથી કાપી લેજે. એટલું બોલતાં દયાનંદસાહેબ હાંફી ગયેલા.

મારાથી સહજ પૂછી પડાયું : આપનો દીકરો કે દીકરી નથી સાહેબ ?

સાહેબ થોડું હસ્યા પછી ગંભીર થઈ બોલ્યા : એક જ દીકરો છે ઓસ્ટ્રેલિયામાં રહે છે. દસ વર્ષથી અહીં આવ્યો નથી. સોસાયટીમાં એક આ મકાન ખરીદી આપ્યું ને કહેતો ગયો કે જે ભાડું આવે એનાથી ગુજરાન ચલાવજો. બીજી કોઈ મારી પાસેથી આશા રાખવાની નહીં...

કોઈ ફોન કે સમાચાર ? કોઈ જ નહીં બેટા... કંઈ નહીં એ સુખી છે... એટલે અમે ખુશ છીએ. અમારે જીવી જીવીને કેટલું જીવવાનું. મારા કાન નજીક આવીને કહે : એક ટાઈમ ખાઈને ગુજારો કરીએ છીએ બેટા... બીજો કોઈ રસ્તો જ નથી. પ્રાઈવેટ નોકરી હતી એટલે કશું જ બચ્યું નહીં. દીકરા પાછળ બધું જ ખરચી નાંખ્યું.

મેડમની આંખોમાંથી આંસુ સરતાં મેં જોયાં. મેં બંનેને ખૂબ હિંમત આપી.

ચિંતા ના કરશો... મારાથી બનતી બધી મદદ કરીશ. હું મુસલમાન છું, સાહેબ પણ અલ્લાહપાકથી ડરનારો છું. ખોટું કદી કરું નહીં, કોઈને દગો દઉં નહીં ! મારા પર વિશ્વાસ રાખજો...

તમારો દીકરો જ મને સમજી લેજો...

મેં મારી બધી વાતોથી બંનને પરિચય કરાવી દીધો. મારું હૃદય ભરાઈ આવ્યું હતું. ઘરે આવીને રડયો પણ હતો. મારી આવક પણ એટલી નહોતી છતાં મકકમ નિર્ધાર કરી લીધો આ વડીલોને જરૂર મદદ કરીશ. એમ તો મારી દીકરી એમબીએ અને દીકરો એમબીબીએસના છેલ્લા વર્ષમાં હતો એટલે લોન લઈને પણ એમની ફી ભરતાં મારે નાક દમ આવી ગયેલો... અલ્લાહ એક દિવસ મારી સામે જોશે અને સારા દિવસો આવશે એ શ્રદ્ધા રાખી રાતદિવસ ઓવર ટાઇમ કરીને પણ ઘરે પૈસા મોકલવાનું ચૂકતો નહીં.

ફરી દરવાજાની સાંકળ ખખડી એટલે મેં કહ્યું : નીલ, પ્લીઝ વેઇટ ચાવી મળી જશે. ડુપ્લિકેટ પણ છે પણ એ ય ઠેકાણે નથી.

આ નીલ વિશે થોડુંક તમને કહી દઉં. રાજસ્થાનથી આવેલો. માસીના ઘરે રહીને ભણ્યો પણ માસાનો મિજાજ જોઈ તે આ સોસાયટીમાં રહેવા આવ્યો. કહેતો હતો કે કોઈક જગ્યાએ પાર્ટ ટાઇમ જોબ પણ કરતો. મારી પાસે આવી ઘણીવાર રાતે વાતો કર્યે રાખતો. મને પણ આ ભેંકાર સોસાયટીમાં આ છોકરાની વસ્તી ગમતી. દેખાવે રૂપાળો, હાઇટ પણ સારી ફકત એક આંખ એની ઝીણી. એ વાતો



કરતો ને હસતો ત્યારે આંખ એવી ફડકતી રહેતી કે ઘડીક મને થડકો થઈ જતો... એ રૂપાળો છોકરો મને ક્યારેક બિહામણો પણ લાગતો.

એક મહિના પહેલાંની રાતની વાત કરું તો એ રાત્રે વરસાદ ખૂબ પડતો હતો. ચારો તરફ લીલુંછમ... વાતાવરણમાં શીતળતા સારી એવી ભીનાશ વ્યાપી ગયેલી. મારી આંખ લાગવાની તૈયારી જ હતી ને નીલ આવી પહોંચ્યો મેં તાળું ખોલ્યું તે અંદર આવી બેઠો. ને બેસતાંવેંત જ પ્રશ્ન કર્યો : હૈ સાહેબ કોઈ છોકરી આપણને પ્રેમ કરે છે કે કેમ તે કેવી રીતે જાણી શકાય ?

મારા ચહેરા પર સહેજ સ્મિત ફરકી ગયું. મેં હસતાં હસતાં જ પૂછ્યું : કેમ નીલકુમાર કોઈકની સાથે પ્રેમ થઈ ગયો છે કે શું ?

હા, સાહેબ આપને વિગતે જ કહું ! વાંધો નહીં ને ?

મેં કહ્યું : "વાંધો નહીં દિલ ખોલીને બોલ."

એ સહેજ ગંભીર બનીને કહે : સાહેબ, કૉલેજ જવા બાઇક લઈને એ દિવસે નીકળ્યો ત્યારે મારી ક્લાસની જ પ્રિયાને સ્ટેન્ડે ઉભેલી જોઈ. પ્રિયા આખા કલાસમાં ખૂબ સુંદર છોકરી. મને ખૂબ જ ગમી ગયેલી સાહેબ... મેં તેને બાઇક પર બેસવા ઓફર કરી, પણ તે તુરંત તૈયાર થઈ નહીં. મેં ખૂબ આગ્રહ કર્યો તો બેસી ગઈ...

મેં પણ ચોખ્ખા શબ્દોમાં જ પૂછવાની શરૂઆત કરી : તે તને ચીપકીને બેઠી હતી ?

ના સાહેબ દૂર બેઠી હતી.

એનો સ્હેજે સ્પર્શ મને થાય નહીં એ રીતે...

ખભે હાથ મૂકયો હતો ?

ના સાહેબ... કૉલેજ આવી એટલે ઊતરીને થેન્કસ કહી એ ચાલતી થઈ... વળતી વખતે એની બહેનપણીઓ સાથે સ્ટેન્ડે જતી રહી... મેં મારો મોબાઈલ નંબર આપ્યો છે કે જરૂર પડ્યે બોલાવી લ્યે...

એ પછી ઘણીવાર તેને સ્ટેન્ડ જોતો પણ તે સાફ નન્નો ભણી દેતી. હું ખૂબ નિરાશ છું સાહેબ ! શું કરું ?

મેં ફ્રીઝમાંથી પાણીની બોટલ કાઢી ગ્લાસમાં પાણી ભરી આપતાં કહ્યું : તું આવા નિરર્થક પ્રયત્નો છોડી દે. એને જરૂર પડશે તો તને ફોન કરી બોલાવશે. આ તારો પ્રેમ વન સાઈડેડ પ્રેમ કહેવાય. મનમાંથી તેને કાઢી નાખ, તેમાં જ તારી ભલાઈ છે... અભ્યાસમાં ધ્યાન રાખ. કેરીયર બનાવ સારી જોબ મળશે તો સુખી થઈશ. પ્રિયા કરતાં પણ સારી છોકરી મળશે. ગાંડા ! છોકરીઓની કયાં ખોટ છે ? ના સાહેબ ! પ્રિયા જેવી છોકરી મળવી તો દુર્લભ...

એ ઝડપથી બોલી ગયો...

હજુ અમારી વાતચીત ચાલતી જ હતી. હું એના ઉદવેગ મનને શાંત પાડી જ રહ્યો હતો ને તેના મોબાઈલની રિંગ વાગી ત્યારે રાતના સાડા દસ થવા આવ્યા હતા. એ ઊછળી પડયો. દબાતા અવાજે ધીમેથી બોલ્યો : 'સાહેબ ! પ્રિયા... એની આંખો સહેજ પહોળી થઈ ગઈ હતી. હું બાજુના રૂમમાં ચાલ્યો ગયો જેથી એ શાંતિથી વાત કરી લ્યે...

થોડી વારે એણે મને બૂમ મારી... સાહેબ આવો...

શું થયું નીલકુમાર તમારું તો કિસ્મત ખૂલી ગયું...

હા, સાહેબ ! એણે મને સામેથી સ્ટેન્ડથી પીક અપ કરવા કહ્યું છે. તેની તબિયત સારી નથી એટલે...

એ એકદમ ઊભો થઈ ગયો : ઘરે જઈને સાહેબ, સવારનાં કપડાંને ઈસ્ત્રી કરી લઉં, એ હરખભેર ચાલ્યો ગયો...

મેં મનોમન ભગવાનને પ્રાર્થના કરી : ભગવાન એની રક્ષા કરજે.

આ વાત મેં જે કરી તે ત્રણેક મહિના પહેલાં હતી... હમણાં ફરી તેણે જોરથી સાંકળ ખખડાવી અને મને કેમેય ચાવી મળતી નહોતી.

મેં કપાળે પ્રસ્વેદ લૂછતાં કહ્યું : નીલ ! આજે આપણા નસીબમાં ગોષ્ઠી નથી. પરમ દિવસે રવિવાર છે આપણે ધરાઈને વાતો કરીશું...

ના સાહેબ !


આજે તો ખૂબ જ અગત્યની વાત છે. જીવન મરણનો સવાલ છે... કાલ પર ટાળી શકાય તેમ નથી.

તમે ચાવીની ચિંતા છોડી દો, એટલું બોલીને તે ધડ દઈને દરવાજો ખોલ્યા વગર અંદર પ્રવેશી ગયો.

આ દશ્ય જોઈ હું તો ઘડીક આભો જ બની ગયો. હું એને એ મને તાકતો જ રહી ગયો. હું બેભાન થઈને પથારીમાં ઢળી પડયો. તે કયારે જતો રહ્યો મને તેની સહેજે ખબર નથી. સવાર પડતાંવેંત હું પહેલીવાર એની તદન લગોલગ સોસાયટીના પહેલા મકાનમાં પહોંચ્યો તો તદન કાટ ખાઈ ગયેલું તાળું લટકતું હતું...

વચ્ચે ચાર મકાનો ખાલી હતાં. છેલ્લા મકાનમાં એક વડીલને ઈઝી ચેર પર બેઠેલા જોઈ મેં પૂછ્યું : વડીલ, આ આગળના રૂમમાં નીલ નામનો છોકરો કયારે મળે ?

વડીલ મારી સામે તાકી રહ્યા. સામેની ચેર પર બેસવા ઈશારો કરી કહ્યું : એ કદી નહીં મળે ભાઈ ! તમને ખબર નથી ! એણે બે વર્ષ પહેલાં આત્માહત્યા કરી લીધી હતી.



કૉલેજમાં કોઈક છોકરી સાથે પ્રેમમાં નિષ્ફળતા મળી બિચારાને. એનો આત્મા ભટકતો રહે છે... કયારેક મારી પાસે પણ આવી જાય છે. કયારેક સતાવતો નથી.

'તમે કોણ અને ક્યાંથી આવો છો ?'

મેં ટૂંકમાં બધી વાત કરી ત્યાંથી વિદાય લીધી. રૂમ પર આવ્યો. બધો સામાન પેક કરી લીધો. અહીં રહેવાય જ નહીં, દિવસે પણ મને હવે ડર લાગવા માંડયો હતો. હું સીધો મકાન માલિક પાસે દોડી ગયો. એમના હાથમાં ચાવી આપી એટલે કારણ પૂછ્યું ત્યારે તેમણે સામેથી જ કહ્યું : 'બેટા અમે જાણતા હતા પણ શું કરીએ ભાડા વગર ચાલે એમ નહોતું...'

'બસ મને એ કહો મેં તમારું ટિફિન બંધાવ્યું છે તે સમયસર મળે છે કે નહીં ?' મેં મુદ્દાની વાત કરી. બેટા તારો આભાર જેટલો માનીએ તેટલો ઓછો છે. સમયસર મળી જાય છે. આવું તો સગો દીકરો પણ ન કરે...

ફિકર ના કરશો. બધું જ પેમેન્ટ હું ઓન લાઇન કરતો રહીશ. તમને સહેજે તકલીફ નહીં પડે. મારું અહોભાગ્ય કે આ સેવા કરવાની મને તક મળી. હું ગમે ત્યાં હોઈશ તમને મળવા ચોકકસ આવીશ. ઈસ્લામની મુખ્ય બાબત તો છે માજુઝ ખીદમતે ખલ્ક નેસ્ટ... લોકોની સેવા કરવી એ જ આધ્યાત્મિકતા એટલે કે તરીકત... અલ્લાહને આવા ખિદમતગાર લોકો જ ખૂબ પસંદ છે. અલ ખલ્કો અલલલાહ... કોઈથી નફરત ન કરો... રુહમાઓ બયનહુમ. રુહમાં નરમી પેદા કરો... એ અલ્લાહપાકનો આદેશ છે સાહેબ... હું એ મુજબ જ જિંદગી જીવું છું...

એ દરમિયાન હું મારા ત્રણેક મિત્રો રહીમ, યુસુફ, ગોપાલની મુલાકાત દયાનંદસાહેબ સાથે કરાવી. એ લોકો પણ એમનું ધ્યાન રાખતા રહેશે. મારા હૃદયને ખૂબ શાંતિ થઈ ગઈ...

જતાં જતાં બધી જ હૈયાધારણ, ધરપત આપતાં મેં ખિસ્સામાંથી થોડા પૈસા કાઢી ટેબલ પર મુકયા.

'અરે બેટા ! આની જરૂર નથી.'

'ના રાખો કામ લાગશે ! અને હા મેં તમારી લાઇટના બિલનો સર્વિસ નંબર પણ લઈ લીધો છે તમારી લાઇટ કયારેય નહીં કપાય...'

બંનેની આખો ભીની જોઈ હું પણ રડી પડયો...

બીજે દિવસે મુંબઈ એક્સપ્રેસમાં બેઠો. બારી પાસે જ જગ્યા મળી ગઈ..., ગ્રીન સિગ્નલ મળતાં ગાડી સ્ટાર્ટ થઈ ને પ્લેટફોર્મ પર એ જ નીલ અચાનક દેખાયો... મને હાથ લાંબો કરી સેન્ડ ઓફ કર્યા ત્યારે ફરી એક વાર હું શ્વાસ ચૂકી ગયો...

(ઈશ્કે મજાઝી વફા કમ, જ્યાદા જફા અકસર દેતા હૈ
હકીકી ઈશ્ક હમેશા અલતાફ હર મર્ઝમેં શિફા દેતા હૈ...)

ઈશ્કે મજાઝી-દુન્યવી-પાર્થિક પ્રેમ, ઈશ્કે હકીકી-દિવ્ય પ્રેમ-ઈશ્વરીય પ્રેમ, જફા મુશ્કેલીઓ... શિફા -નિવારણ.

*૬૫૮–૧, અમન સોસાયટી મસીહા-અરા,*
*મદીના મસ્જિદ પાસે, સેક્ટર-૨૯, ગાંધીનગર.*
*મો. ૯૪૨૬૩૫૬૭૫૯*



# મહેતા હાઉસ

*- નવટર ગોહેલ*

**એ**કાએક બહાર દોડાદોડી થઈ, સાથે જ ચિચિયારીઓ ઊઠી, બારી વાટે જોયું, નાનાં બાળકો એકઠાં થયાં હતાં. સામેના બંગલા તરફ છોકરાંઓ જઈ રહ્યાં હતાં. ખબર નહીં ત્યાં શું હશે ? મનમાં સવાલ થયો, આંખો ઊંચે ફંગોળાઈ, આકાશ ગોરંભાયેલું હતું. સાંજે ઝરમરિયો વરસાદ વરસ્યો હતો. કંપાઉન્ડનાં ફૂલછોડ પર ભીનાશનું અસ્તિત્વ બરકરાર હતું. ત્યાં શું હશે ? ઉત્સવ કેવો હશે ?

'ધવલનો જન્મદિવસ છે.' બેડરૂમના બારણેથી શ્રીમતીએ સમાચાર પહોંચાડ્યા.' હળવેથી એમણે ઉમેર્યું: 'આપણો કનક પણ ત્યાં છે. કેક કાપવાનો સમય હશે ને છોકરાંઓ ચૉકલેટ માટે...'

ચૉકલેટ... !

ભાસ્કરના હોઠ પર ચાર અક્ષર ઊપસી આવ્યા, મનમાં મીઠપ છવાઈ કે કડવાશ તેની સમજણ પડી નહીં. ચૉકલેટ તો પપ્પાની જ, રોજ સાંજે બાળકોનો દરિયો મહેતા હાઉસના પ્રાંગણે ઊભરાઈ જતો. બાળકોના નાના હાથ પપ્પા સમક્ષ લંબાઈ જતા : મને મને...

રહી ના જવાય તેની અધીરાઈ તેમના વલવલાટમાં અનુભવાતી. ગોકીરાનો ફીણફીણ થઈને ઊઠતો અવાજ ફળિયાને ધમરોળી નાખતો.

એ દૃશ્ય યાદ આવી ગયું. ચૉકલેટ વહેંચતા પપ્પાનો ચહેરો નજર સમક્ષ ઊપસી આવ્યો. કેવા હતા એ દિવસો, પણ... સમયે કરવટ બદલી. મમ્મીએ મહેતા નિવાસેથી અંતિમ વિદાય લીધી. પપ્પા એકદમ એકલા.

ભાસ્કરની આંખોમાં વેદનાનો એક આછેરો લિસોટો ઊપસ્યો અને ઓસરી ગયો : મેં ધરા સાથે લગ્ન કર્યાં અને જાણે કે પપ્પા જ બદલાઈ ગયા, તેમણે કડક શબ્દોમાં કહી દીધું : ધરા આ ઘરની પુત્રવધૂ બની શકે નહીં. એ પટેલ અને આપણે બ્રાહ્મણ. મેળ પડે નહીં. તું પાછો ફરી જા...

જેવો અહીં વિરોધ તેવો પટેલનિવાસમાં પણ વિરોધ : ભૂલી જા એ ભાસ્કરને. બ્રાહ્મણના ખોરડે ખભે ખડિયો અને ચપટી લોટ સિવાય કશું નહીં મળે. નાતમાં છોકરાઓની અછત નથી. એક કહેતાં હજાર હાજર.

ધરા મક્કમ હતી. બંને વચ્ચે પાંગરેલો પ્રેમ પણ પ્રગાઢ હતો. એક જ કૉલેજમાં, સાથોસાથ રહ્યાં. કેન્ટિનમાં તેમની મિજલસ જામે. સરખેસરખા મિત્રો વચ્ચે ચા-નાસ્તાની જિયાફત ઊડે.

સમયનાં વહેણ વહેતાં રહ્યાં અને જિંદગીનો એ સુવર્ણગાળો ભાસ્કર-ધરાને પ્રેમના એ છલોછલ સરોવર તટે લઈ આવ્યો. બંને વચ્ચે શરૂ થયેલો મિત્રતાનો વ્યવહાર પ્રેમમાં બલાઈ ગયો અને તે પછી તો કૉલકરાર સાથે સમયની સાથે બંને વિહંગો ઉડાન ભરતાં રહ્યાં.

અરે ! લગ્ન પણ થઈ ગયાં. મહેતા પરિવાર અને બ્રાહ્મણ પરિવારના વિરોધ વંટોળને વળોટીને બંને એક થઈ ગયાં. મિત્રોની સાથે નાનકડી પાર્ટી પણ યોજાઈ ગઈ. કોર્ટ દ્વારા લગ્ન સંપન્ન થઈ ગયાં. બંને પરિવારો શું બોલે ?

બીજું તો કંઈ ના થયું, ભાસ્કરને ઘરમાંથી રવાના કરી દીધો : દીકરા ! હવે તું આ ઘરમાં નહીં. કોઈનું ઘર ભાડે લઈને ઘર માંડો. હું અને તારી મમ્મી અમારી રીતે જીવી લઈશું. તું પગભર થઈ શકે એવો સક્ષમ નથી, સમય કદાચ તને તૈયાર કરે પણ...

પપ્પાનો આક્રોશ આસ્થાને ન હતો. મમ્મી તો પુત્ર તરફ જ હોય, સ્વાભાવિક છે, મમ્મીના ઘણા કાલાવાલા પણ પપ્પા માન્યા નહીં, ધરાર તેમનો સૂર હકારાત્મક બન્યો નહીં, ક્રોધ અને ભીતરથી ઉઠેલા આક્રોશી વિરોધમાં મમત્વ અંશભાર ઓસર્યું ન હતું :

'તમે લોકો સ્થિર ના થાવ ત્યાં સુધી આર્થિક મદદ જરૂર મળશે...' મદદ પર મૂકેલા ભારથી ભાસ્કરનું હૈયું ભારે બની ગયેલું, પપ્પાના શબ્દોમાં કડકાઈ જરૂર હતી, પણ... મદદ... ઓહ !

ધરાને પણ કહી દેવાયું હતું : દીકરી ! તું અમારી ઉપરવટ થઈ છે તો હવે આ ઓટલાની ઉપર ચડતી નહીં. તારી બહેનને પણ અમારે પરણાવવાની છે. તું લવ મૅરેજ કરે તેની અસરનો એ ભોગ બને તે ઠીક નહીં !''

ધરા અને ભાસ્કર એક જ સોસાયટીમાં એક ભલા માણસના મકાનમાં ભાડેથી રહ્યાં. બે રૂમ રસોડાનું મકાન. ઉપર મકાન માલિક રહે. સુવિધા સારી. પપ્પાએ પપ્પાપણું ગુમાવ્યું નહોતું; એમણે દીકરાના બૅન્ક એકાઉન્ટમાં બે લાખ નાખી આપ્યા હતા.

મમ્મીના લાગણીભીના કાલાવાલાએ કદાચ પપ્પાને વહું કઠોર અને જિદ્દી બનવા દીધા ન હતા એમણે કહ્યું હતું: હશે, ગમે તેવો તોયે દીકરો. એ જુદો થાય તેથી લોહીના સંસ્કાર બદલાઈ નથી જતા. તે દીકરો મટી જતો નથી અને આપણે મા-બાપ ! સમય એને પણ ઘણું બધું શીખવી દેશે.

ધરા તો પહેરેલાં લૂગડે જ આવી હતી. પણ ભાસ્કર તેના બૅન્ક બેલેન્સમાંથી અમુક રકમ કાઢી તેને લગ્નના પાનેતરથી મઢી દીધી હતી. મિત્રોએ સ્વજનની ભૂમિકા ભજવી. વિધિવત્ રીતે નવોઢાને ગૃહપ્રવેશ કરાવ્યો હતો...

બંને પોત-પોતાનાં માતા-પિતાને ભૂલી શકતાં ન હતાં, પપ્પા 'મહેતાનિવાસ'નો તાજ ગણાતા, એકદમ અડીખમ, ચુસ્ત, સ્વમાની અને શિસ્તબદ્ધ. હા, એમને બાળકો ખૂબ જ પ્રિય એટલે પ્રતિદિન સાંજના તેઓ ચૉકલેટ વહેંચતા પણ...

મમ્મીની વિદાય પછી શું થયું, તેની ખબર નહીં. તેમના મૃત્યુ વખતે ભાસ્કર અને ધરા દોડીને ગયાં હતાં. ભાસ્કર રડ્યો. ધરાની આંખો પણ ભીની બની. પરંતુ પપ્પા તો દૂરથી જ દીકરા-વહુને જોઈ રહેલા. શું કરવું ?

'પપ્પા ! બસ, હવે...'

ભાસ્કરનું ગળુ રુંધાઈ ગયું હતું. એ શબ્દો પણ અવાજમાં રૂપાંતરિત થઈ શક્યા નહીં, રુંધાયેલું ગળુ જાણ કે

ખામોશ બની ગયું.

પપ્પા કશું બોલ્યા નહીં, કદાચ તેમની પાસે કહેવા જેવું કશું જ બચ્યું ન હતું. અથવા તો તેઓ કશું કહેવા માગતા ન હતા. એ શાંત હતા, સગાસ્નેહીઓ વચ્ચે તેઓ બેઠા હતા. ભાસ્કરે ફરીથી હૃદય ઠાલવી દીધું : 'પપ્પા ! હું અને ધરા પાછાં આવી જઈએ. તમારી સેવા કરીશું. તમને એકલું નહીં જ લાગે. અમને પણ...'

પણ, પપ્પાએ તો મૌન સેવી લીધું હતું, મમ્મીની વિદાય અણધારી અને આકસ્મિક હતી અને તેનો આઘાત વધુ ઊંડાણ સુધી પહોંચ્યો હતો. સંવેદનાઓ સઘળી થીજી ગઈ હતી.

'પપ્પા ! હું તમારી દીકરી.' ધરાએ પણ સહેજ ઝુકીને, ભાસ્કર નજીક આવીને કહેલું : 'અમે તમને લેશમાત્ર ઓછું નહીં આવવા દઈએ, હા, અમારી જવાબદારી અમે ઉઠાવી લઈશું. ભાસ્કર પણ એક કંપનીમાં સારા પગારથી જોડાયો છે.'

બે ત્રણ સગાઓએ ધરા અને ભાસ્કર માટે મહેતા સાહેબને વિનવણી કરી, પરંતુ તેઓ જરાયે ટસના મસ થયા નહીં, એમના ચહેરા પરની રેખાઓ બદલાઈ નહીં.

જે દિવસ પપ્પા બોલ્યા જ નહીં, તેમના ચહેરા પરની પીડા સ્વાભાવિક હતી. જીવનસાથીને ગુમાવ્યાની એ પીડા હતી. પપ્પા જાણે પથ્થર બની ગયા હતા. એમને ઘણું કહેવું હતું, બોલવું હતું, પણ મમ્મીની વિદાયે તે માણસને જાણે કે પાષાણમાં બદલી નાખ્યા હતા.

મમ્મીની વિદાય પછી તેમનાં અસ્થિ વિસર્જન માટે ચાંદોદ જવાનું હતું, ધરા અને ભાસ્કર ને છોડીને પપ્પા એકલા જ સગાસ્નેહીઓ સાથે ઊપડી ગયા. રડી પડાયું ભાસ્કરથી, ધરાએ તેના ખભે હાથ મૂકીને સધિયારો આપી દેવો પડેલો, નહીંતર તે તૂટીને ધરાશાયી બની જાત...

અતીતમાં સરકી ગયેલા ભાસ્કરની નજીક આવીને ધરા ઊભી રહી ગઈ, તેણે ભાસ્કરના ખભે હાથ મૂક્યો ત્યારે અતીતનાં એ દશ્યો સરકી ગયાં. ધરા સામે જોઈને ભાસ્કરે સ્મિત રેલાવ્યું, તેણે પળ બે પળ ભીતરની લાગણીઓને અવાજ બનતાં રોકી, તેમની આંખો કંઈ કહી રહી હતી.

'ભાસ્કર ! આપણો કનક પાંચ વર્ષનો થયો. સમયની સાથે વર્ષો વહી ગયાં. પપ્પા પાસે આપણે જઈએ છીએ પણ, તેઓ કશું બોલતા નથી. કામવાળાં બાઈ બંને ટંકની રસોઈ બનાવી, કચરા-પોતાં અને વાસણ ઊટકી ચાલ્યાં જાય છે. બસ, એ પછી તો તેઓ સાવ એકલા. પણ...'

ધરા થોભી ગઈ, પણ અધૂરી વાત તો આંખો જ કહી રહી હતી. ભાસ્કર પપ્પાને ભૂલી શક્તો ન હતો. હા, ધરા પોતે મમ્મીના ઘરે જરૂર જઈ આવતી, દીકરી હતીને ! પપ્પાની લાડકી, એમનો વિરોધ અને હઠાગ્રહ ધીરે ધીરે ઓગળી રહ્યો હતો.

'આજે મમ્મીની પુણ્યતિથિ છે.' ધરાએ જ્યારે આમ કહ્યું ત્યારે ભાસ્કરની આંખો સ્વાભાવિક રીતે ભીની બની ગઈ હતી, પુનઃ શબ્દો હોઠ સુધી પહોંચી શક્યા નહીં.

ભાસ્કર હજુ પણ થીજેલા હિમશિખર જેમ મૂક-સ્થિર હતો. તેની અંદર ઊથલપાથલ હતી. તે કશું બોલ્યો નહીં ત્યારે ધરાએ જ બોલવું પડ્યું : 'સાંજે આપણે મહેતા-નિવાસે પહોંચી જઈશું. કનક પણ સાથે આવશે. મમ્મીની પુણ્યતિથિ વખતે પપ્પાની પડખે જરૂર રહીએ. એ બોલે કે ના બોલે...'

'મમ્મી ચૉકલેટ !' ત્યાં કનક દોડતો આવ્યો. તેના હાથમાં પેપરડિશ હતી. એમાં કેકનો મોટો ટુકડો ગોઠવેલો હતો અને પાંચ ચૉકલેટ પણ. તેના તરફ જોઈને ધરાએ સ્મિત ફરકાવ્યું. દીકરો તેની મમ્મીને બાથ ભરી ગયો. ભાસ્કરે તેનો હાથ હળવેથી દીકરાના માથા પર ગોઠવ્યો.

★★★

'મને ચૉકલેટ...'

'મને આપો...'

બાળકોના મીઠા ગોકીરા વચ્ચે મહેતાહાઉસ ધમધમતુ હતું. કોઈ કાળે આગવા રૂઆબ અને ખુમારી સાથે જીવી ગયેલા આ સરકારી અધિકારી આજે સાવ ગરીબડા લાગી રહ્યા હતા. મહેતાસાહેબ... મહેતા સાહેબના ઉદ્ગારોથી ઘેરાયેલા રહેલા એ મહાનુભાવ આજે 'મને ચૉકલેટ - મને ચૉકલેટ'ના મધમીઠા ગોકીરાથી ટેવાઈ ગયા હતા.

બસ, બાળકો એમને અનેરો આનંદ આપી રહ્યાં હતાં. સાંજ પડે કે બાળકોના પગ મહેતા હાઉસ તરફ વળી જતા. અરે, માતા-પિતાઓ પણ ટેવાઈ ગયેલાં : 'દીકરા, મહેતાદાદાની ચૉકલેટ માટે નથી જવાનું...?'

દરેક દિવસની સાંજ બાળકો માટે ખાસ બની રહેતી. ચૉકલેટ માટે રઘવાયાં બનતાં એ બાળકો વંટોળ બનીને મહેતાસાહેબને ચોપાસથી ઘેરી વળતાં, નાના-નાના નાજુક હાથ દાદાની સામે લંબાઈ જતા : મને આપો, મને ચૉકલેટ આપો દાદા... દાદા લાવો ચૉકલેટ...

તે દરમિયાન દૂર ઊભેલા કનક તરફ જોઈને મહેતા સાહેબે હાથ ઊંચો કર્યો અને બોલ્યા વગર ચૉકલેટ ઊંચી કરી : છોકરા, આવ, તારે ચૉકલેટ નથી લેવી...?

એ જાણતા હતા કનક કોણ છે ?

'દાદા, હું ચૉકલેટ લેવા આવ્યો નથી, પણ તમને ચૉકલેટ આપવા આવ્યો છું અને આ સુખડનો હાર દાદીની છબીને ચડાવવા માગું છું.'

'આવ દીકરા !' ભરાયેલા અવાજે મહેતાસાહેબે કહ્યું : 'હાથ લંબાવ, તારી ચૉકલેટ જરૂર હું લઈશ..' આમ કહી હાથ લંબાવ્યો.

'દાદા, ફક્ત મારો હાથ જ નહીં, મારાં મમ્મી-પપ્પાનો હાથ પણ પકડવો પડશે. અમે કાયમ માટે અહીં રહીશું. તમે મારી ચૉકલેટ સ્વીકારશો તે પછી જ હું તમારી ચૉકલેટ લઈશ.'

મમ્મીએ કહ્યું હતું તેમ કનક બોલી ગયો. મહેતાસાહેબે કનકની ચૉકલેટ લીધી, તે વખતે જ ભાસ્કર અને ધરા આવી ચડ્યાં.

રડી પડ્યા મહેતાસાહેબ, ભાસ્કર, ધરા અને કનકને તેમણે બાથમાં લઈ લીધાં. કનકે સુખડનો હાર ખુરશી પર ગોઠવેલા દાદીના ફોટાને ચડાવી દીધો. તે દિવસથી 'મહેતા હાઉસ'માં વહાલ અને વાત્સલ્યના ઓઘ ઊછળી રહ્યા.

---

*ડી-૬૬, માયા રોહીદાસ ટેનામેન્ટ,*
*કાશીવિશ્વનાથ સોસાયટી, વિભાગ-૧ની બાજુમાં,*
*ઈસનપુર, અમદાવાદ. મો. ૯૮૨૪૯૨૧૫૮૦*

# સ્પોર્ટ્સમેન

*- અવિનાશ પરીખ*

**એ**ક વર્ષ પછી ગૌરાંગભાઈ બૅંકમાંથી નિવૃત્ત થવાના હતા. બૅંકમાં તે ચીફ મૅનેજરના હોદ્દા ઉપર હતા. નિવૃત્તિ પછી શું ? આ પ્રશ્નનો ઉત્તર તેમણે યુવાન વયમાં જ શોધી લીધો હતો. હકીકતમાં તેમને નિવૃત્ત થવાની ઉતાવળ હતી.

છેલ્લાં દસ વર્ષમાં બૅંક જાણે માગણીખોર બની ગઈ હતી. ધંધો જ બૅંકની નિસબત બની ચૂક્યો હતો હતી જાણે. માનવસંબંધો, સ્ટાફના પ્રશ્નો... આ બધી વાતો કોરાણે મુકાઈ ગઈ હતી તેમ ગૌરાંગભાઈ અનુભવતા રહેતા હતા. ધંધો ઊભો ન કરી શકનાર બ્રાંચ મૅનેજર ઉપર મેનેજમેન્ટ ખફા રહેતું હતું. મૅનેજર પોતાની હતાશાનું વહેણ નીચેના અધિકારીઓ તરફ ધકેલવા મજબૂર થઈ જતા. ગૌરાંગભાઈ અનેકવાર મૅનેજરની ઉષ્ણ વરાળથી દાઝી ચૂક્યા હતા. તેથી જ નિવૃત્તિની માળા તે જપતા થઈ ગયા હતા.

તેમની સાથે બૅંકમાં જોડાયેલા મિત્રો પ્રમોશન લઈને ઘણા આગળ નીકળી ચૂક્યા હતા. જોકે, આ વાતનો ગૌરાંગભાઈને અફસોસ નહોતો. તે સ્પૉર્ટ્સમેન હતા. બૅંકની ક્રિકેટ ટીમના તે કૅપ્ટન રહી ચૂક્યા હતા. તેમની રાહબરી હેઠળ બૅંકે અનેક ટુર્નામેન્ટમાં વિજય હાંસલ કર્યા હતા. બૅંકના શો-કેસમાં શોભાયમાન અનેક ટ્રૉફી તેમને નામે હતી.

છેલ્લા ત્રણ દાયકાથી તે ભૂતપૂર્વ કેપ્ટન તરીકે ઓળખાતા હતા. છેલ્લા ત્રણ દાયકામાં ગૌરાંગભાઈ નામના ક્રિકેટરને બૅંક વીસરી ચૂકી હોય તેમ તેમની પાસે ગજા બહારનું કામ લઈ રહી હતી. બદલીના ભાગરૂપે તે કચ્છના સીમાડાઓની ધૂળ પણ ખાઈ ચૂક્યા હતા. સૌરાષ્ટ્રના છેવાડાના ગ્રામ્ય પ્રદેશની છાશ પણ તે પેટમાં પધરાવી ચૂક્યા હતા.

નિવૃત્તિનાં અંતિમ ત્રણ વર્ષ માટે તે પોતાના વતન અમદાવાદમાં બૅંકની પોલિસીના ભાગરૂપે મુકાયા હતા. જે શાખામાં તે હતા તે શાખા વિવિધ સમસ્યાઓથી સળગતી શાખા હતી. ગૌરાંગભાઈ દાઝેલા મન સાથે દરરોજ ઘરે જતા અને પત્નીના હળવા બોલ અને હળવાશભર્યા વલણથી તેમના મન ઉપરથી બૅંકનો ભાર ઊતરી જતો.

ગૌરીબહેન ગૌરાંગભાઈનાં પત્ની જ નહીં, આદર્શ મિત્ર પણ હતાં. તે શિક્ષિત હતાં, રૂપાળાં હતાં અને દરેક વાતને હળવાશથી લેવાની તેમની કુનેહ ગૌરાંગભાઈ માટે આશીર્વાદ સમાન હતી. ગૌરાંગભાઈ માટે બૅંકની સમસ્યાઓ તો માથાના દુ:ખાવા સમાન હતી જ, તેમની પુત્રવધૂ અનેરીનાં વાણી, વર્તન અને વ્યવહાર હૃદયમાં ખૂંપેલા કાંટા સમાન હતાં.

તેમનો પુત્ર આનંદ ત્રીસ વર્ષનો હતો. એક વિદેશી કંપનીનો તે વાઈસ સુપરિન્ટેન્ડેન્ટ હતો. છ આંકડામાં તે કમાતો. તેની અને અનેરીની જીવનશૈલી અતિઆધુનિક હતી. મિત્રોના ઘરે થતી પાર્ટીઓમાં શરાબનું સેવન પણ બંને કરતાં. સાત વર્ષની અનન્યા તેમની રૂપાળી, ચબરાક પુત્રી હતી.

અનન્યાના ઉછેરને લઈને ગૌરાંગભાઈ અને ગૌરીબહેન બંને નારાજ હતાં. બેઉ જણ માનતાં હતાં કે, તેમનો પુત્ર અને પુત્રવધૂ અનન્યા માટે પૂરતો સમય કાઢતાં નહોતાં. આનંદ ઑફિસના કામમાં અતિ વ્યસ્ત રહેતો. તે પુત્રી માટે ચાહવા છતાં સમય કાઢી ન શકે તે એકવાર સ્વીકારી શકાય, પણ, અનેરી તો ફૂલટાઈમ ગૃહિણી હતી. શા માટે તે પુત્રી કરતાં વધુ સમય પોતાનાં ટાપટિપ, મોબાઈલ, લેડિઝ કલબ, નાટક-સિનેમા પાછળ વ્યતીત કરતી હતી ? અનન્યા માટે ગૌરીબહેન આદર્શ દાદી હતાં, જે પણ અનેરી માટે અસહ્ય હતું.

અનન્યા બાબતે અનેરીને કહેવાનું ગૌરીબહેન ટાળતાં. ગૌરાંગભાઈ પુત્રવધૂને ટોક્યા વગર રહી શકતા નહીં. અનેરી બિન્ધાસ્ત બનીને સસરા સામું થઈ જતી. અંગ્રેજી ઉપર તેનો કાબૂ સારો હતો. તે અંગ્રેજીમાં જ સસરા સાથે ઉદ્ધત સંવાદો રચતી.

ગૌરાંગભાઈએ અનેકવાર પુત્રવધૂ સાથે અબોલા લીધા હતા. તેમની નજરમાં અનેરી 'ફુલ્લી નાપાસ' પુત્રવધૂ હતી. ગૌરીબહેન અને અનેરીના સંબંધો સારા હતા. ગૌરાંગભાઈ જાણતા હતા કે પત્ની પરાણે સમાધાનના સૂરો આલાપી ઘરને તૂટતું બચાવવા પ્રયત્નશીલ હતી. અને આમ પણ તે નહોતા ઈચ્છતા કે પુત્ર-પુત્રવધૂ અલગ રહેવા જતાં રહે. અનન્યા વગરની જિંદગી તેમને કે તેમની પત્નીને લેશમાત્ર સ્વીકાર્ય નહોતી.

જોતજોતામાં ગૌરાંગભાઈનો બૅંકનો અંતિમ અધ્યાય પૂર્ણ થઈ ગયો. તેમનો વિદાય સમારંભ હતો. મિટિંગ રૂમ ખીચોખીચ ભરાઈ ચૂક્યો હતો. ઝોનલ ઑફિસમાંથી બે અધિકારીઓ આવ્યા હતા. ઓફિસર્સ એસોસિયેશનના બે હોદ્દેદારો પણ હાજર હતા.

ભાષણોનો દોર આરંભાયો. બ્રાંચ મૅનજરના પોલા શબ્દો ઈંટો બનીને ગૌરાંગભાઈના મસ્તિષ્ક ઉપર અથડાઈ રહ્યા હતા. અન્યનાં ભાષણો ઔપચારિકતા હતાં. ગૌરાંગભાઈ આ નાટક જલદી આટોપાઈ જાય તેની રાહ જોઈ રહ્યા હતા.

અંતે, તેમનો નિવૃત્તિને આરે ઊભેલો પટાવાળો બોલવા ઊભો થયો. શાખાનો સહુથી શ્રેષ્ઠ જણ તે જ હતો તેમ ગૌરાંગભાઈ માનતા હતા. તે જ માણસ પાસે ગૌરાંગભાઈએ અનેકવાર પોતાની હતાશાઓ ઠાલવી હતી.

પટાવાળાએ કહ્યું. 'બ્રાંચનો સિનિયર માણસ હું છું. ઘણા લોકો આ બ્રાંચમાં આવ્યા અને ગયા. હું ત્યાંનો ત્યાં જ છું. હું આજે એટલું જ કહીશ કે ગૌરાંગસર જેવા ઑફિસરની કદર બૅંક ન કરી શકી. તેમના જવાનું દુઃખ બૅંકને છે કે નહીં તે મને ખબર નથી. તેમના જવાનું દુઃખ મને છે. એક સારા રમતવીર બૅંકમાં વેડફાઈ ગયા છે તેટલું કહીને હું બેસી જઈશ.'

પટાવાળાના શબ્દો ઉપર એક પણ તાળી ન પડી. મિટિંગ રૂમમાં સ્તબ્ધતા હતી. થોડી ક્ષણો બાદ ગૌરાંગભાઈએ ઉત્સાહપૂર્ણ તાળીઓ પાડીને તેને વધાવી લીધો. બાદમાં હોલમાં આછીપાતળી તાળીઓ પડી.

છેલ્લો વારો ગૌરાંગભાઈનો હતો. ગૌરાંગભાઈ પોતાને સ્થાને ઊભા થયા. ખંડમાં હાજર સહુની ઉપર દૃષ્ટિ




કરી. સહુ તેમને સાંભળવા આતુર હતા. ગૌરાંગભાઈએ ઊંડો શ્વાસ લીધો.

તે બોલ્યા, 'વિદાય સમારંભની પ્રથા બંધ કરી દેવામાં આવે તેવું મારું સૂચન છે. વિદાય થતી વ્યક્તિ ઉપર દંભ અને આડંબરનાં અમી છાંટણાં કરવા જેવું અપ્રિય કાર્ય કોઈ નથી. હું ક્રિકેટર છું. મારી રમત હંમેશાં સીધી બેટથી જ રમ્યો છું. મારા ઘણા ફેન્સ આ બ્રાંચમાં અને બ્રાંચ બહાર છે. હું તે તમામનો આભાર માનું છું. મારી હવે પછીની રમત હું મારી મરજીથી જ રમીશ. ભલે ટીમ હારે કે જીતે.'

ગૌરાંગભાઈના ટૂંકા ભાષણને તાળીઓથી વધાવી લેવામાં આવ્યું. કેટલીક તાળીઓમાં સચ્ચાઈની ગુંજ હતી તો અન્ય તાળીઓમાં નક્કર બોદાપણું. ગૌરાંગભાઈના કાને સત્ય સાંભળી લીધું હતું.

★★★

ગૌરાંગભાઈની નિવૃત્તિને સાત દિવસ થઈ ગયા હતા. આ સાત દિવસમાં તેમણે પોતાના સંગીત કક્ષને સજાવી લીધો હતો. અહીં જ તે જીવનમાધુર્યના રસ પત્ની સાથે સંગીતમય બનીને માણવાના હતા. સંગીત કક્ષના એક ખૂણામાં ઊભી કરવામાં આવેલી લાઇબ્રેરીનાં પુસ્તકોને તેનો વાચક સાંપડવાનો હતો.

ઉપરના માળે હોમ થિયેટર હતું. જૂની બ્લેક એન્ડ વ્હાઇટ ફિલ્મોની સાથે હોલિવુડની ફિલ્મો અને નાટકો ગૌરાંગભાઈની દિનચર્યાનો હિસ્સો બનવાનાં હતાં. ગૌરાંગભાઈએ હોમ થિયેટરમાં થોડા ફેરફારો કરી નાખ્યા હતા. તે ખંડમાંની દીવાલો ઉપર દીપી રહેલા રાજકપૂર, દેવ આનંદ, લતા મંગેશકર, મહંમદ રફી, મધુબાલા, શંકર જયકિશન અને અન્ય ચિત્રો હસુ હસુ થઈ રહ્યાં હતાં.

ઘરનું નવું વાતાવરણ અનેરીને માફક આવી રહ્યું નહોતું. વહેલી સવારે ઑફિસ જતા અને મોડી રાતે પરત ફરતા સસરા હવે ભૂતકાળ બની ગયા હતા. તેમના સંગીત કક્ષમાં મીઠાશ વેરતું સંગીત તેના કાનનું દુશ્મન બનવા માંડ્યું હતું. તેને નવું સંગીત પ્રિય હતું.

વળી, સાંજ પડતાં ગૌરાંગભાઈના મિત્રોનું આગમન થતું. મિત્રોની મહેફિલ કોલાહલમાં પલટાઈ જતી. અનેરી માટે આ અસહ્ય હતું. જોકે, ચા-નાસ્તાનો ભાર ગૌરીબહેને ઉપાડી લીધો હતો. સમજદારીપૂર્વક.

તે દિવસે બપોરની વેળા હતી.

ગૌરાંગભાઈ ડ્રૉઈંગરૂમમાં છાપું વાંચી રહ્યા હતા.

ગૌરીબહેન પોતાના બેડરૂમમાં આરામ ફરમાવી રહ્યાં હતાં. અચાનક અનેરીએ ડ્રૉઇંગરૂમમાં પ્રવેશ કર્યો. તે સસરા સન્મુખ ગોઠવાઈ. ગૌરાંગભાઈએ તેના આગમનની નોંધ લઈ લીધી હતી.

અનેરી બોલી, 'પપ્પા... આજે સાંજના તમારી ટોળી આવવાની છે ?'

ગૌરાંગભાઈએ છાપું બંધ કર્યું.

તે બોલ્યા, 'ટોળી શબ્દ સામે મને વાંધો છે.'

તારો ઘાંટો કાનને પ્રિય તો નથી જ.' ખૂબ સહજભાવ ગૌરાંગભાઈએ વાત ઉચ્ચારી.

'મારા કાનને પણ અપ્રિય છે. છતાં.. હું સહન કરું છું.'

'જૂનાં ગીતો ઘોંઘાટિયાં નથી હોતાં, અનેરી.' ગૌરાંગભાઈના સ્વરમાં દર્દ હતું, પીડા હતી.

'માય પર્સપેક્ટિવ ઇઝ ડિફરન્ટ.' અનેરી ઠંડકથી બોલી.

તે જતી રહી.

ગૌરાંગભાઈ અનુભવી રહ્યા હતા કે તેમની વહુ તેમના નૈસર્ગિક આનંદને અન્ય પરિપ્રેક્ષ્યમાં લઈને તેમની પ્રવૃત્તિ ઉપર રોક લગાવવા ઇચ્છુક હતી. આજે આ વાત તેણે સાબિત કરી દીધી હતી.

તે સાંજના અનેરીની બહેનપણીઓ ટોળામાં આવી. સહુ ડીનર લઈને મોડી સાંજે છૂટાં પડ્યાં. અનેરી તે દિવસે ખૂબ જ પ્રસન્ન હતી, તે ડ્રૉઇંગરૂમમાં ટી.વી. જોતાં જોતાં આનંદની રાહ જોઈ રહી હતી.

ગૌરાંગભાઈ ડ્રૉઇંગરૂમમાં આવ્યા સાથે ગૌરીબહેન પણ હતાં. બંને જણ અનેરી સાથે ટી.વી. જોવામાં વ્યસ્ત થઈ ગયાં. પંદર મિનિટ બાદ બ્રેકમાં અનેરીએ ટી.વી. મ્યૂટ કર્યું.

તે ગૌરાંગભાઈને સંબોધતાં બોલી, 'પપ્પા... તમે મારી વાહિયાત્ સિરિયલ જોઈને બોર તો નથી થતાને ? હા, મારી આ સિરિયલ બોરિંગ ન્યૂઝ કરતાં વધુ સારી છે.'

ગૌરાંગભાઈ મનોમન મુસ્કુરાયા.

તે સહજભાવે બોલી ઊઠ્યા. 'અનેરી, ટોણાની ભાષા કેમ બોલે છે ? તારી અને મારી વચ્ચે દલીલો દરરોજ થાય છે. પણ, મેં કદી ટોણાની ભાષા તારી સામે ઉચ્ચારી નથી. તારી આ ટેવ અયોગ્ય છે.'

તરત જ ગૌરીબહેન પતિનો પક્ષ લેતાં બોલ્યાં, 'અનેરી, પપ્પા સાચું કહે છે. મોટાં સામે આ રીતે ટોણાબાજી યોગ્ય નથી.'

અનેરીએ ઊંડો શ્વાસ લીધો. 'મમ્મી, તમે પતિનો જ પક્ષ લેશો. તે સ્વભાવિક પણ છે.'

'હું હંમેશાં તારો પક્ષ લઉં છું, અનેરી.' ગોરીબહેન સહેજ ઊકળ્યાં.

અનેરી ઊભી થઈ. 'બે વિરુદ્ધ એક. હું હારી બસ ?'

અને તે પગ પછડાતી જતી રહી.

'આ છોકરીને બોલવાનું ભાન નથી.' ગૌરીબહેન ગુસ્સામાં હતાં.

'પ્રથમવાર તું સાચું બોલી. બાંધછોડ કરનારી ગૌરીને બાંધછોડ જ નડી ગઈ આખરે, હવે સાસુ-વહુના યુદ્ધનો આરંભ આ બંગલામાં થવાનો.' અતિ હળવાશથી ગૌરાંગભાઈએ વાતનું ઉચ્ચારણ કર્યું.

ગૌરીબહેન એક નિશ્ચયાત્મક ભાવ સાથે ડ્રૉઇંગરૂમ છોડીને અંદર જતાં રહ્યાં. તે પછીના સાત દિવસ તે વહુ સાથે ખપપૂરતું જ બોલ્યા. અનેરીના હૃદયમાં શંકા-કુશંકાનાં વાદળો ઘેરાયાં હતાં. કદાચ આ વિશાળ બંગલો છોડવાની વેળા આવી ગઈ હતી.

એક રાતના તેણે પતિ આગળ મનની વાત કહી જ નાખી. થાકેલો આનંદ સૂવા માટે તત્પર હતો. તેણે પતિની વાતે સાંભળી - ન સાંભળી કરી નાખી. પણ, અનેરી અત્યંત બેચેન હતી.

તેણે આવેશમાં આવીને પતિને ઢંઢોળી નાખ્યો. આનંદ પલંગ ઉપર બેઠો થઈ ગયો, તેના મુખ ઉપર નારાજગીના ભાવ હતા. તે પત્નીને નાખુશ થઈને તાકી રહ્યો હતો.

'આનંદ... વખત થઈ ગયો છે. પપ્પા-મમ્મી ખફા છે. કદાચ આ છ બેડરૂમનો છસો વારનો બંગલો છોડવાનું



ફરમાન આવી પણ દે ! શું કરીશું ? આ મહેલ છોડવાની મારી ઇચ્છા નથી.' અનેરી અસ્વસ્થ થઈ ઊઠી હતી.

'જે પણ કંઈ થશે, તારા પાપે જ થશે.'

'કબૂલ કરું છું. પણ, મેં પપ્પા-મમ્મીને મારા વર્તનથી એટલા માટે દાબમાં રાખ્યાં હતાં કે તે બંને જણ આપણને અલગ થવાનું કહી ન શકે. કોઈ પણ મા-બાપ સંતાનથી અલગ થવાનું વિચારી ન શકે. મમ્મી તેથી જ મારા પક્ષમાં અત્યાર સુધી હતાં. પણ, આજકાલ મમ્મીનો મિજાજ બદલાયો છે. આ સારાં એંધાણ નથી. અને બીજી વાત. હું રાતોરાત નમ્ર બનવા માગતી નથી. તારે જ બાજી સંભાળવાની છે. હું તને જે કહું તે પપ્પા-મમ્મી આગળ કાલે ડાઇનિંગ ટેબલ ઉપર કહી દેવાનું. પછી જોઈએ, પરિસ્થિતિ કેવો વળાંક લે છે.' અનેરી ભાર હેઠળ હતી.

તેણે પતિને શું બોલવું તે સમજાવી દીધું. પોતાની રજૂઆત આત્મવિશ્વાસપૂર્ણ અને નમ્રતાથી ભરપૂર હોવી જોઈએ તે મુદ્દા ઉપર વિશેષ ભાર મૂક્યો. વાતને સુધારવાની હતી, બગાડવાની નહીં. દબાણ પ્રક્રિયામાંથી પણ મા-બાપને મુક્ત કરવાનાં નહોતાં... વગેરે અનેક બાબતો જે અનેરીના ધ્યાનમાં હતી, તે તમામ તેણે પતિ આગળ ઠાલવી નાખી ! હવે બાજી આનંદના હાથમાં હતી.

બીજે દિવસે ડીનર સમયે આખું કુટુંબ ડાઇનિંગ ટેબલ ઉપર એકત્ર થયું. અનેરીની નજર પતિ ઉપર હતી. આનંદે અંતે, હિંમતનું પોટલું બાંધી જ લીધું. તેણે પત્ની તરફ ઊડતી નજર નાખી.

બાદમાં કહ્યું, 'પપ્પા... એક-બે વાત કરવી છે.'

'કહે.' ગૌરાંગભાઈ હસ્યા.

'તમે સિનિયર સિટિજન બન્યા છો. આનંદથી પોતાની મનગમતી પ્રવૃત્તિઓ કરી રહ્યા છો. પણ...'

'પણ... શું.. બોલી નાખ.' ગૌરાંગભાઈ ખડખડાટ હસી પડ્યા.

'તમારા સંગીતથી, તમે જુઓ છો તે મુવીઝથી... તમારા મિત્રોના કોલાહલથી બંગલામાં જે અવાજનું પ્રદૂષણ ઊભું થયું છે તે અસહ્ય છે. અનેરી ઉપર આ પ્રદૂષણની માઠી અસર થઈ છે. તે નર્વસ બ્રેકડાઉન સુધી પહોંચી જશે તેમ મને લાગે છે. તમે આ બધા ઉપર કંટ્રોલ મૂકો તેમ સારું માનવું છે. આ ફરિયાદ નથી, અરજ છે.' આનંદ આટલું બોલીને અટકી ગયો.

'આનંદ...' ગૌરાંગભાઈ અત્યંત શાંત સ્વરમાં બોલ્યા, 'તારી પત્નીને આટલી બધી તકલીફ છે તે જાણીને દુઃખ થયું.'

આનંદ-અનેરી મનોમન ખુશ થઈ ગયાં.

ગૌરાંગભાઈ પત્ની તરફ નજર કરતાં બોલ્યા, 'તારાં વહુ-દીકરાની તકલીફોનો એક જ ઉપાય છે.'

સહુની નજર ગૌરાંગભાઈ ઉપર હતી.

'આનંદ અને અનેરીને તકલીફ છે, અવાજનું પ્રદૂષણ નડે છે... તો બંને જણ છ બેડરૂમવાળો આ બંગલો છોડીને અન્યત્ર છ બેડરૂમવાળા એપાર્ટમેન્ટમાં જતાં રહે. આ એપાર્ટમેન્ટ ત્રણ-ચાર કરોડમાં આજના દિવસે ઉપલબ્ધ છે. ઓછા બેડરૂમવાળા એપાર્ટમેન્ટમાં તમને નહીં આવે તે હું જાણું છું.'


ગૌરાંગભાઈ થોડી ક્ષણો માટે અટક્યા અને આગળ વધ્યા, 'બાકી હું મારું સંગીત, મારી મુવીઝ અને મારા મિત્રોને છોડવાનો નથી અને અવાજના પ્રદૂષણની તારી વાહિયાત્ વાત મને સ્વીકાર્ય નથી. હું તે વાતની પૂરતી કાળજી લઉં છું. હું સિનિયર સિટીજન છું અને મારા ઘરમાં મારી મરજીથી જીવીશ. વળી, હું સ્પોર્ટમેન છું. મારી રમત કેવી હોવી જોઈએ તે હું નક્કી કરીશ. અને બેટા આનંદ, પત્ની બેડરૂમમાં જે શીખવે તે માતા-પિતા આગળ ડાઇનિંગ ટેબલ ઉપર રજૂ કરનાર ભૂંડો લાગે છે.'

આનંદ શરમિંદગી અનુભવી રહ્યો હતો. અનેરી નતમસ્તક હતી. ગૌરીબહેન મંદમંદ મુસ્કુરાહટ વેરી રહ્યાં હતાં. અનેરી પોતાના સ્થાને ઊભી થઈ. તે ગૌરાંગભાઈ પાસે આવી.

તેણે કહ્યું, 'તમારે માટે રસોડામાંથી ગરમાગરમ ગોટા લાવું, પપ્પા ?'

અનેરીના બદલાયેલા સૂરમાં તેની હારનો રણકો હતો.

*૨, "વૃંદાવન" સ્ટેટ બેંક સોસાયટી,*
*ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ,*
*અમદાવાદ-૩૮૦૦૧૩. મો. ૯૮૨૫૯૧૨૩૧૭*



# અગ્નિસ્નાન

*- પ્રવીણ ગઢવી*

**ગાં**ધાર દેશની રાજસભામાં સન્નાટો છવાયો હતો. ગુપ્તચરોએ માહિતી આપી હતી કે ગઝનીનો સુલતાન મહમૂદ વર્ષાકાળ સમાપ્ત થતાં જ ગાંધાર પર આક્રમણ કરવાનો છે.

તે સમયે ગાંધારમાં હિંદુ શાહિય મહારાજ જયપાલદેવનું શાસન હતું. મહારાજ જયપાલદેવ, તેમનો રાજકુમાર આનંદપાલ, સહુ સામંતો, સેનાપતિ, સચિવો આ સાંભળી તેજહીન થઈ ગયા હોય એમ લાગતું હતું.

'મહમૂદ ગાઝી છે, ધર્માંધ છે, મૂર્તિભંજક છે.' સામંત પ્રભાકરદેવ બોલ્યા.

'અરે, તે તો લુટારો છે. મૂર્તિઓ તોડી ગાઝીઓને ખુશ કરે છે અને મંદિરોની સંપત્તિ લૂંટે છે !' સામંત હર્ષદેવે ઉમેર્યું.

'એ વાઈહિંદ (પેશાવર) જીતી સિંધુ ઓળંગી હિંદમાં જવા માગે છે અને મંદિરો લૂંટવા માગે છે.'

'એણે દર વર્ષે વર્ષાકાળ પછી ચઢાઈ કરવાનું પ્રણ લીધું છે.'

'બગદાદના ખલીફાએ એને અમીનુદૌલા અર્થાત્ ખલીફાનો જમણો હાથ, એવી પદવી પણ આપી છે.'

'ગઝનીની પશ્ચિમે આવેલી અમીરાતો એણે જીતી લીધી છે અને હવે પૂર્વ પ્રતિ આક્રમણ કરી કુભાઉપત્યકા ઓળંગી આપણા હિન્દુ શાહિય સામ્રાજ્ય પર ચઢી આવવા ધારે છે.' એક પછી એક સામંત બોલતા ગયા.

આખરે રાજકુમાર આનંદપાલ ઊભા થયા.

'વીર સામંતો, ગઝનીમાં તુર્ક અમીર અલ્પતિગીને ગાદી સ્થાપી અને આપણી હિન્દુશાહિય સીમામાં પગપેસારો કરવા માંડ્યો, ત્યારે જ રાજાધિરાજ મહારાજા ચેતી ગયા હતા અને ઢિલ્લીકા, અજમેર, કાલિંજર, કનોજના રાજવીઓને વાઈહિન્દ બોલાવી સંઘ રચ્યો હતો, તે આપ જાણો છો. આપણે અલ્પતિગીન પર સંયુક્ત આક્રમણ પણ કર્યું, પરંતુ દુર્ભાગ્યે ગાઝી સૈનિકોના ઝનૂન સામે આપણે વીરતા દાખવી ન શક્યા અને પીછેહઠ કરવી પડી. યુદ્ધદંડ ભરવો પડ્યો.'

મહારાજા જયપાલદેવે પણ ગળું ખંખેર્યું અને બોલ્યા, 'અલ્પતિગીન પછી એનો જામાતા સબુક્તેગીન અમીર થયો. ત્યારે પણ આપણે પુનઃ આક્રમણ કર્યું. લમગાન (જલાલાબાદ) પાસે લડાઈ થઈ. આપણે જીતની અણી પર હતા ત્યારે દુર્ભાગ્યે એકાએક વાવંટોળ ઊઠ્યો અને આપણું સૈન્ય ભયભીત થઈ વેરવિખેર થઈ ગયું. આપણે સબુક્તેગીન સાથે સમાધાન કરવું પડ્યું. દશ લાખ દિરહમની ખંડણી, પચાસ હાથી અને લમગાનનો સીમાપ્રદેશ આપવાં પડ્યાં. હવે તેનો અમીરજાદો મહમૂદ હિન્દુ શાહિય રાજ્ય પર આવી રહ્યો છે. આપણે સપ્તસિંધુ પ્રદેશમાં પ્રવેશવાના દ્વાર પર કુભાઉપત્યકા નાકે પ્રતિહાર રૂપે ઊભા છીએ. જો આપણે મહમૂદને રોકી નહીં શકીએ તો તે સિંધુ-શતુદ્રી ઓળંગી ગંગા-યમુના સુધી પહોંચી જશે અને ભારતવર્ષમાં લૂંટફાટ કરશે, મૂર્તિઓ તોડશે, મંદિરો લૂંટશે.'

મહારાજાધિરાજ જયપાલદેવે આટલું બોલી ઊંડો શ્વાસ લીધો.

'જો આ વેળા પણ આપણી હાર થશે તો હું તે જોઈ નહીં શકું. બે બે વાર હાર સહન કરવાથી મારું હૃદય શીર્ણ થઈ ગયું છે. હવે તો હું અગ્નિસ્નાન કરી મારા આ અપમાનિત જીવનનો અંત આણીશ. હું રહીશ તો સાર્વભૌમ રાજા તરીકે જ જીવીશ, ખંડિયો રાજા કોઈ કાળે નહીં બનું.'

આટલું કહી મહારાજા જયપાલદેવ ઊભા થઈ ચાલ્યા ગયા. રાજસભાના સૌ સભ્યોએ શિર ઝુકાવી નમસ્કાર કર્યા.

★

ગાંધાર દેશમાં સમ્રાટ કનિષ્કના વંશજ શાહિયોનું શાસન લાંબા સમયથી ચાલતું હતું. તે વંશનો છેલ્લો રાજા લગતૂર્માત નિર્બળ હોવાથી તેના બ્રાહ્મણ અમાત્ય કલ્લરે રાજસિંહાસન સંભાળ્યું અને બ્રાહ્મણ શાહિય-હિંદુશાહિય વંશની સ્થાપના કરી. પ્રારંભે સિંધુ કિનારે ઓહિંદમાં રાજધાની હતી, પરંતુ પછી ઈરાનીઓનાં આક્રમણ થવા લાગ્યાં અને તેમણે કપિશા ઝૂંટવી લીધું, તેથી કુભા

ઉપત્યકાના નાકે વાઈહિન્દ (પુરુષપુર)માં રાજધાની ખસેડી. ત્યારથી હિન્દુશાહિય રાજાઓ ભારતવર્ષના ગંગા-યમુનાના રસાળ પ્રદેશના દ્વારપાલ બન્યા હતા. જયપાલદેવે સિંહાસન સંભાળ્યું ત્યારથી તુર્કીનો ઉપદ્રવ ગાંધાર દેશમાં શરૂ થયો. તુર્કી ઉત્તરમાંથી ઈરાની રાજાઓના દાસ તરીકે આવ્યા હતા. રાજાઓને સુરા પીરસવાનું કામ કરતાં કરતાં સૈન્યમાં જોડાવા લાગ્યા અને કાળક્રમે અમીરો થઈ ગયા. અલ્પતિગીન આવો જ તુર્ક સેવક હતો અને ઈરાનના ખુરાસાન પ્રાંતનો હાકેમ બન્યો હતો. બગદાદની ખિલાફત નિર્બળ થતાં ગઝનીનો સ્વતંત્ર અમીર બની ગયો. તેની સરહદ ગાંધાર દેશના કપિશા (કાબુલ) અને લમગાન (જલાલાબાદ)ને સ્પર્શતી હતી અને તેને જીતી લેવા તે અવારનવાર સૈન્યનાં ધાડાં-ગાઝીઓનાં ધાડાં મોકલતો રહેતો હતો અને જયપાલદેવ તેમનો સામનો કરતા રહેતા હતા.

'એક વેળાના દાસ-ગુલામ હવે અમીર બની ગયા છે - ગાઝી બની ગયા છે, પિતાજી !' આનંદપાલ વાતચીતમાં અફસોસ વ્યક્ત કરતો.

'પુત્ર, રણમાં જે જીતે તે શૂર. આપણેય બ્રાહ્મણ હતા. આપણા પૂર્વજ કલ્લરે લેખિની મૂકી ખડગ ઉપાડ્યું અને આપણે ક્ષત્રિય થઈ ગયા.' જયપાલદેવે હસી પડતાં કહ્યું, પરશુરામથી માંડી પુષ્યમિત્ર શૃંગ જેવા અનેક બ્રાહ્મણોએ ક્ષાત્રધર્મ અપનાવ્યો છે, પુત્ર !'

★

સંધ્યાકાળે પિતાપુત્ર રાજપ્રાસાદની દીર્ઘિકાને તીરે બેઠા હતા. દીર્ઘિકામાં ઉગેલાં રક્ત, પાટલ, નીલશ્વેત કમળો વચ્ચે રાજહંસ ધીરે તરતા-સરકતા હતા. આકાશમાં ભાદ્રપદનાં વેર-વિખેર વાદળાંએ રક્તિમ રંગ ધર્યો હતો અને તેય પાટલહંસ જેવાં લાગતાં હતાં.



સુરાનો ઘૂંટ લેતાં આનંદપાલે પૂછ્યું, 'પિતાશ્રી, આ ગઝનીનો મહમૂદ દેવમૂર્તિઓ કેમ તોડે છે ?'

'પુત્ર, તેમનો ધર્મ મૂર્તિપૂજામાં માનતો નથી. તેઓ પરમેશ્વરને નિરાકાર કલ્પે છે. આપણા વેદધર્મમાં પણ નિરાકાર ઈશ્વરની જ કલ્પના છે. સમ્રાટ કનિષ્ક મહારાજે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો ત્યારથી ગાંધાર દેશમાં સ્તૂપની સાથે બુદ્ધની મૂર્તિપૂજાની પ્રથાનો પ્રારંભ થયો.'

'હા, પિતાશ્રી. બામિયાનમાં બુદ્ધની કેટલી વિરાટ મૂર્તિઓ પર્વતોની ધાર પર કોતરેલી છે નહીં ? હું સિંહનો આખેટ કરવા ગયેલો ત્યારે મેં જોયેલી.' જયપાલદેવે સુરાનો ઘૂંટ લીધો.

'હા, પુત્ર. પછી આપણા શૈવ અને વૈષ્ણવ ધર્મમાં તેનું અનુકરણ થયું. આપણા પૂર્વજ ભીમદેવ મહારાજે વિષ્ણુમંદિર બંધાવ્યું હતું.

'પણ મૂર્તિખંડન માટે આટલું અંધત્વ શા માટે ?'

'મૂર્તિખંડન-મંદિરખંડન તો મહમૂદ માટે નિમિત્ત છે. એને તો મંદિરના ધનમાં, સુવર્ણમાં રસ છે. મૂર્તિખંડન નિમિત્તે એ ગાઝીઓને ઉશ્કેરે છે અને મંદિરખંડન દ્વારા સુવર્ણ પ્રાપ્ત કરે છે.'

'આમ તો કનોજના સમ્રાટ હર્ષવર્ધનને પણ જ્યારે રાજકોષમાં ધનની આવશ્યકતા ઊભી થઈ ત્યારે સુવર્ણમૂર્તિઓ તોડી-ઓગાળી સુવર્ણમુદ્રાઓ પાડી હતી, નહીં ?' આનંદપાલ સુરા પૂર્ણ કરતાં બોલ્યો.

જયપાલદેવ હસી પડ્યા. 'પુત્ર, રાજધર્મ સર્વ ધર્મથી શ્રેષ્ઠ છે. રાજનીતિમાં સર્વનો આવશ્યકતા મુજબ સ્વીકાર છે. યુદ્ધ સામ-દામ-દંડ-ભેદ નીતિથી જીતવું જ પડે !'

'પણ પિતાશ્રી, આપ અગ્નિસ્નાનનો તો વિચાર જ ન કરો. યુદ્ધમાં જીત અને હાર મુદ્રાની બે બાજુ જેવી છે.'

'ના પણ, ખંડિયા રાજા તરીકે સ્વમાન વિના જીવવું મારે માટે અશક્ય છે. એના કરતાં મૃત્યુ સર્વોત્તમ છે.' જયપાલદેવ ભોજનાર્થે ઊભા થયા.

'ખંડણી ભરવી પડે તો ભરવી પડે. એમ માનવાનું કે

એટલી રાજકોષની આવક ઓછી છે.'

'સ્વમાન મારો આત્મા છે, આનંદપાલ !'

★

સૈન્ય સમિતિમાં મહાગુપ્તે માહિતી આપી.

'મહારાજ, મહમૂદ ગઝનવીએ પંદર હજાર અશ્વસવારો અને વીસ હજાર તીરંદાજે ગાઝીઓની સેના સુસજ્જ કરી છે. દશેરા પછી કૂચ કરશે.' 'સેનાપતિ, આપણી પાસે શી વ્યવસ્થા છે ?' મહારાજાએ પૂછ્યું.

'મહારાજ, બાર હજાર બાણાવળી અશ્વારોહીઓ અને ત્રીસ હજાર પદાતિ ત્વરિત તત્પર છે.'

'પિતાજી, ચૌહાણો, ચંદેલો અને પ્રતિહારોને પુનશ્ચ બોલાવીએ તો ઠીક રહેશે.' આનંદપાલ ચર્ચામાં જોડાયો.

'આપણે અલ્પતિગીન પર આક્રમણ કર્યું ત્યારે એક લાખ સૈનિકો લઈને ગયા હતા. પરંતુ અન્ય સૈનિકો પોતાના રાજા માટે પ્રાણ ન્યોછાવર કરવા તત્પર હોય છે તેવું આપણા માટે કરતા નથી અને પીછેહઠ કરવા તત્પર રહે છે.'

'આપની વાત સાચી છે, મહારાજ ! પારકા સૈન્યથી યુદ્ધ જીતી ન શકાય. 'સેનાપતિ વિગ્રહપાલ, યુદ્ધનો આ અંતિમ અવસર છે, મારા માટે. હું પરાજય સહન કરીશ નહીં અને અવશ્ય અગ્નિસ્નાન કરીશ એ સ્મરણે રાખજો.'

'કોઈ કાળે આપને અગ્નિસ્નાન નહીં કરવું પડે મહારાજ ! અંતિમ શ્વાસ સુધી હું અને મારું સૈન્ય લડીશું.' સેનાપતિએ મક્કમ થતાં કહ્યું.

★

મહમૂદ ગઝનીથી કપિશા આવવા વિશાળ સૈન્ય સાથે નીકળ્યો, એવી માહિતી ગુપ્તચરોએ આપી. મહારાજાધિરાજ જયપાલદેવે પણ સેનાપતિ અને સામંતોને સૈન્ય સુસજ્જ કરવા આદેશ આપ્યા. કુભા ઉપત્યકાના નાકે જ રણક્ષેત્ર પર ગોઠવાઈ જવાનું નક્કી કર્યું.

જયપાલદેવના ભાલે મહારાણી ચંદ્રાણીદેવીએ તિલક કર્યું. આનંદપાલના ભાલે રાજવધૂ માલતીએ તિલક કર્યું.

બંદીજનોએ દુંદભિ, તૂર્ય, ભૂંગળનો નાદ કર્યો. રાજ પુરોહિતે શંખધ્વનિ કર્યો. ઢોલીઓએ યુદ્ધનાદના ઢોલ વગાડ્યા. વાઈહિન્દ દુર્ગના દરવાજા કોટ્ટવાલે ખોલ્યા એવું હિન્દુશાહિય સૈન્ય 'મહારાજાધિરાજ જયપાલદેવનો જય હો ! જય હો !' એવા જયનાદ કરતું સિંધુનદીના પૂરની જેમ ઘૂઘવાટા કરતું બહાર નીકળ્યું.

આસો ઊતરતાં તો મહમૂદ કુભા ઉપત્યકા ઓળંગી રણક્ષેત્ર પર આવી ગયો. સામસામે સેનાઓ ગોઠવાઈ ગઈ. ગઝનીની સેનાના ઘોડેસવાર તીરંદાજો અગ્રીમ પંક્તિમાં હતા. તેની પાછળ હસ્તીસેના હતી. પછી ખુલ્લી શમશેરો અને ભાલાવાળા પદાતિ હતા. લીલા રંગના ચંદ્રતારક ચિહ્નિત પરચમો ફરકતા હતા. ભાલાનાં ફણાં સૂર્યતેજે ચમકતાં હતાં.

જયપાલદેવ, આનંદપાલ હસ્તિ પર બેઠા હતા. સેનાપતિ વિગ્રહપાલ અને સામંત વિક્રમસિંહ અશ્વારોહી હતા. બાણાવળી અશ્વારોહીઓની પ્રથમ હરોળ પછી હસ્તી અને ખડગ-ભાલાધારી પદાતિઓ ગોઠવાયા. સૂર્યચિહ્નયુક્ત રક્તરંગી રાજધ્વજો શીતલ વાયુમાં ફરકતા હતા.

મહમૂદે હાથી પર ચઢી એના સિપાઈઓ અને ગાઝીઓને તકરીર આપી. 'હમ બૂત-શિકન હૈં, અલ્લાહ એક હૈ, મહમૂદ રસૂલ હૈ. અલ્લાહ કી કોઈ બૂત હોતી નહીં. વો નિરાકાર હૈ. હમેં બૂતપરસ્ત કાફિરોં સે લડના હૈ. અગર આપ જીતતે હૈં તો જન્નત આપ કે પાંવ તલે હોગા અગર શહીદ હૉંગે તો અલ્લાહતાલા કી રહેમત મિલેગી.'

સિપાઈઓ અને ગાઝીઓએ શમશેર અને ભાલા ઊંચકી 'અલ્લાહો અકબર !' જયનાદ કર્યો. મૌલવીએ ફાતિહા પઢ્યો.

જયપાલદેવે પણ સૈન્યને સંબોધન કર્યું. 'મારી પ્રતિષ્ઠા આપના વીરત્વમાં છે. આપ જાણો છો, મેં ભીષ્મપ્રતિજ્ઞા લીધી છે, હારીશ તો અગ્નિસ્નાન કરીશ. હવે આપે જ નક્કી



કરવાનું છે કે યુદ્ધ જીતવું છે કે મને અગ્નિસ્નાન કરાવવું છે.'

હિન્દુશાહિય સૈન્યે પણ 'મહારાજાધિરાજ જયપાલદેવનો જય હો ! જય હો !' જયઘોષ કર્યો.

આખરે મહમૂદના લશ્કરનાં ઊંટો પરની નોબતો અને ઘોડા પરના ડંકા બાજી ઊઠ્યા. 'હલ્લા બોલ' એવો હુકમ છૂટતાં જ મહમૂદના ઘોડેસવાર તીરંદાજોએ તીરનો મારો ચલાવ્યો. તો સામે હિન્દુશાહિય અશ્વારોહીઓ પણ 'આક્રમણ'નો ઘોષ કરતાં બાણવર્ષા કરતાં આગળ વધ્યા.

જોતજોતામાં તો પ્રભાતનું સુવર્ણરંગી આકાશ બાણોથી છવાઈ ગયું. પડકારા થવા લાગ્યા. હસ્તિઓ ચીંઘાડવા લાગ્યા. અશ્વો હણહણાટી કરવા લાગ્યા. હસ્તીઓ હસ્તીઓ સાથે અથડાયા અને સૂંઢો કપાઈ. અશ્વો અશ્વો સામે અથડાયા અને ભોંય પર તરફડવા લાગ્યા, કપાવા લાગ્યા. ખડ્ગ અને શમશેરો રક્ત ટપકતી કાલિકાની જિહ્વા જેવી લાગવા લાગી. કોઈ બાણથી તો કોઈ શમશેરથી ઢળી પડતું હતું. કેટલાક શૂરવીરો હસ્તીદંત પર ચઢી જઈ શત્રુ પર ખડગના ઘા કરતા હતા.

મધ્યાહ્ન થતાં તો હિન્દુશાહિય સૈનિકોના મૃતદેહો પડવા લાગ્યા. પીછેહઠ થવા લાગી. સેનાપતિ વિગ્રહપાલનું મુખારવિંદ મૂરઝાઈ ગયું. 'મહારાજા, આપણે નહીં ટકી શકીએ. બચેલા સૈન્યને લઈ દુર્ગમાં જતા રહીએ. દુર્ગ પરથી યુદ્ધ સુગમ રહેશે.'

નાછૂટકે જયપાલદેવને દુર્ગમાં જતા રહેવું પડ્યું. હવે મહમૂદથી દૂર્ગ બચે તેવી આશા એમને રહી નહોતી, તેમનું હૃદય શીર્ણ થઈ ગયું હતું.

રાજપ્રાસાદમાં પ્રવેશતાં જ એમણે અન્નજલનો ત્યાગ કર્યો. મહારાણી ચંદ્રાણીની આંખમાં અશ્રુ ઊભરાયાં.

મહમૂદની સેના પાછળને પાછળ ધસી આવી અને દુર્ગને ચોદિશથી ઘેરી લીધો, પછી ગોફણ યંત્રથી પથ્થરના ગોળા વરસાવવા લાગી. દુર્ગની બહાર પથરાયેલા ખૂંખાર ગાઝીઓને જોતાં જ દુર્ગના સૈનિકોનું મનોબળ તૂટી ગયું હતું.

'પિતાશ્રી, હવે શરણાગતિ નહીં સ્વીકારીએ તો મહમૂદ નગરને છિન્નભિન્ન કરી દેશે, સળગાવી દેશે.' આનંદપાલને ગળે ડૂમો ભરાયો. 'તું મારી અગ્નિશય્યા ગોઠવ, પછી તારે જે નિર્ણય લેવો હોય તે લેજે.' જયપાલદેવ મક્કમ હતા.

'પિતાશ્રી, આપ ખોટી હઠે ભરાયા છો. ઘંટીયંત્ર ન્યાયની જેમ હારજીત તો થયા કરે. શિર રહેશે તો શિરસ્ત્રાણ તો મળી રહે, આપ સમજવાનો પ્રયત્ન કરો.' આનંદપાલે રડતાં રડતાં હાથ જોડ્યા.

'ના, હું તૃતીય પરાજય લઈને મારું મુખ મુકુરમાં પણ જોઈ ન શકું તો પ્રજાને શું મુખ બતાવું ?'

આખરે રાજપ્રાસાદના પટાંગણમાં ચંદનકાષ્ટની ચિતા રચાઈ. મહારાજા જયપાલદેવ નતમસ્તકે ધીરેધીરે ચિતા પર બેસી ગયા. સૌને નમસ્કાર કર્યા અને બોલ્યા : 'અગ્ને નય સુપથા...' આનંદપાલે ધ્રૂજતા હાથે અગ્નિદાહ આપ્યો.

'મહારાજ જયપાલદેવ અમર રહો !' સૌએ પોકાર કર્યો. ફુત્કાર કરતી અગ્નિજવાલાઓએ ક્ષણભરમાં જયપાલદેવને ઘેરી લીધા અને જોતજોતામાં ભસ્મ કરી દીધા.

આનંદપાલ હાથમાં શ્વેત ધ્વજ લઈ નતશિરે બહાર નીકળ્યો. મહમૂદના તંબૂમાં જઈ કુરનીશ બજાવી.

'આનંદપાલ, મારે તો હિન્દોસ્તાન જવાનો રસ્તો જોઈતો હતો. મારે ગાંધારમાં સલ્તનત નથી સ્થાપવી. ખંડિયા રાજા રહેવા સંમત છો ?' મહમૂદે પૂછ્યું.

આનંદપાલ શું બોલે ? બીજો કોઈ વિકલ્પ હતો જ નહીં.

*'આસવલોક', પ્લોટ નં. ૪૬૬/૨,*
*ગાયત્રી મંદિર પાછળ, સેક્ટર-૧, ગાંધીનગર*
*મો. ૯૯૭૯૮૯૩૯૯૦*



# બેપરવા

*- ડૉ. સ્વાતી નાયક*

**કા**ળા ડિબાંગ અંધારામાં ચળકતી ડામરની લાંબી સૂમસામ સડક પર એ દોડતી હતી, હાંફતી, થાકતી, પાછળ જોતી... કોણ જાણે ક્યારની દોડતી હતી. થાકી ગઈ હશે... આંખોમાં ડર... પરસેવાથી ભીનો ચહેરો... શક્તિ ખૂટી ગઈ હતી... પણ એની પાછળ થોડાક પડછાયા દોડતા હતા... એમના બૂટના અવાજો, સ્ટ્રિટલાઇટના અજવાળામાં ક્યારેક ઝબકી જતાં એમનાં બીભત્સ હાસ્ય... જીવ લઈને દોડતી હતી એ... એની ક્ષમતા કરતાં ક્યાંય વધારે ઝડપથી... છતાં પડછાયા વધુ ઝડપથી નજીક આવી રહ્યા હતા, અંતર ઘટ્યું, હાથ લંબાયા, એ ચારે બાજુથી ઘેરાઈ ગઈ... એણે ચીસો પાડી... 'પપ્પા...'

''બિંદિયા...'' મહેશભાઈ બૂમ પાડીને બેઠા થઈ ગયા... કામિનીબહેને તરત લાઈટ કરી. અને એમને પાણી ધર્યું... આંખોમાં પાણી છલકાતું રોકવા મહેશભાઈએ આખો ગ્લાસ પાણી પી લીધું. ગ્લાસ મુકતા કામિનીબહેને કહ્યું, ''ત્રણ ત્રણ દિવસ થયા. હવે તોપ... એકાદ કલાક તો નિરાંતે ઊંઘી લો, તમારી લાડલી બિંદીયા જ્યાં હશે ત્યાં ખુશ હશે... ખુશ રહેવા જ તો ગઈ છે. આપણને આંસુ આપી ને... સહેજ પણ વિચાર ન આવ્યો એને ? આપણે કંઈ એના દુશ્મન હતા ??... આખી જિંદગી જે માંગ્યું તે આપ્યું તમે, અરે માગવા પણ નથી દીધું, યાદ છે મને, નાનપણથી તમે એના મનની વાત વગર કહ્યે સમજી જતાં, સાવ ઘોડિયામાં હતી ને ત્યારે ય એ રડે તો તમે એના રૂદનની ભાષા સમજી જતા. એને પેટમાં દુઃખે છે કે ભૂખ લાગી છે એ તમે કહી દેતા. હું માં થઈને જે નહોતી જાણી શકતી એ બધી વાત તમે વગર બોલ્યે પામી જતા...''

''પણ ન પામી શક્યો ને ? કંઈક તો એવું હતું એના મનમાં જે હું નહોતો પામી શક્યો. આવડી મોટી વાત... એણે કોઈકને પસંદ કર્યો... જે મારા કરતાં વધુ નજીક હતો એની... હું... હું કેવી રીતે અને ક્યારે દૂર થઈ ગયો એનાથી ? કામિની આ તો હું જ બાપ તરીકે નિષ્ફળ ગયો.'' મહેશભાઈ રડી પડ્યા.

ત્રણ-ત્રણ દિવસથી ન તો મહેશભાઈ ઊંઘી શકતા હતા ન તો કામિનીબહેન. જ્યારથી બિંદિયા ઘર છોડી એક નાનકડી ચિઠ્ઠી લખીને જતી રહી હતી ત્યારથી મહેશભાઈ અચાનક વૃદ્ધ લાગવા માંડ્યા હતા. કામિનીબહેનને એમની તબિયતની ચિંતા એટલી બધી થતી હતી કે દીકરીની ચિંતા થવાને બદલે એના પર ગુસ્સો વધારે આવતો હતો. મહેશભાઈને સાંત્વન આપતા એમણે કહ્યું,

'એ તો મજામાં જ હશે, ગમતા જણ પાસે ગઈ છે, તમે માની લો કે આપણે બે દીકરા જ છે.'

''ત્રણ દિવસ થયા કામિની, હવે એને કોસવાનું બંધ કર... એ રસ્તો ભૂલી ગઈ છે, અજાણ્યા રસ્તે તારા નિસાસા એને ઠોકર લગાડશે. એ જ્યાં હોય ત્યાં ઠીક હોય એવું માંગ ભગવાન પાસે, ક્યાંક ખોટા માણસ સાથે જોડાઈ હશે તો આખી જિંદગી દુઃખી થશે... એક વાર એ મળી જાય...'' મહેશભાઈએ ફરી ચાદર માથે ઓઢતા કામિનીબહેનને ઠપકાર્યા. કામિનીબહેને લાઈટ બંધ કરી. અંધારામાં મહેશભાઈની આંખ સામે ફરી એ જ માસૂમ ચહેરો ઝબકવા લાગ્યો, ક્યારેક ઘૂંટણિયા કરી એમની પાસે આવી ખોળામાં ચડી જતી બિંદીયા, ક્યારેક ખભે ચડી જતી બિંદીયા, ક્યારેક સાઈકલ પરથી પડીને છોલાયેલા ઘૂંટણ સાથે રડતી રડતી આવતી બિંદીયા... પહેલી વાર અરીસા સામે ઊભી રહીને લિપસ્ટિક લગાડતી... અને એમની નજર પડતાં જ ભૂંસી નાંખી ચહેરો લાલ કરતી બિંદીયા એમને જરાક તાવ આવે ને તરત દવા અને પાણી લઈ સામે ઊભી રહી જતી બિંદીયા...

એમની આંખમાંથી ગરમ પાણીના બે ટીપા સરી ગયા, એ કામિનીની જેમ બોલીને મનની વરાળ બહાર કાઢી શકતા નહોતા... એટલે વરાળ આંસુ બનીને વહી જતી હતી. ક્યાં કચાશ રહી ગઈ એના ઉછેરમાં ? એ પ્રશ્ન ભાલાની અણીની જેમ સતત તેમનું નિશાન તાક્યા કરતો. બે ભાઈની એકની એક બહેન બિંદીયા, જીત અને જયના અમેરિકા ગયા પછી એ એકલી પડી હશે, કદાચ એવા સમયે એ છોકરો એનો દોસ્ત બનીને આવ્યો હોય ને એને પ્રેમમાં પાડીને...

પણ જે હોય તે. એણે કહેવું તો જોઈએ, શક્ય હોત તો જાતે જ એના લગ્ન... અરે શક્ય ન હોત તો ય

શક્ય બનાવીને ય ચોક્કસ કરાવી આપ્યા હોત. એ જન્મી ત્યારથી એના લગ્ન માટે રૂપિયા જુદા મુક્યા હતા. જીત, જય અમેરિકા ગયા ત્યારે લોન લેવી પડેલી પણ એ રકમને હાથ સુદ્ધાં નહોતો લગાડ્યો. એમના પ્રોવિડન્ટ ફંડ કરતા ય એ રકમ વધારે હતી. ઘણી વખત જરૂર પડી છતા એને સ્પર્શ કરવાનો વિચાર ક્યારેય તેમને આવ્યો ન હતો. બસ એક જ સપનું હતું : 'બિંદીયાને ધામધૂમથી પરણાવવી. અને એણે એમની લાગણીનો સ્હેજ પણ વિચાર નહોતો કર્યો. કોઈને કશું જ કહ્યા વગર એ અજાણ્યા છોકરા, કોઈ આનંદ સાથે ભાગી ગઈ, એક નાનકડી ચિઠ્ઠી મૂકી ને.' મમ્મી પપ્પા હું જાઉં છું... આનંદ સાથે લગ્ન કરવા. આનંદ ગમે છે મને. સારો છોકરો છે. અપાય તો આશીર્વાદ આપજો... નહીં તો માફી તો આપજો જ.'

આશીર્વાદ આપવા તો હતા પણ કઈ રીતે અપાય ? દગો કર્યો હતો, જે સૌથી વિશ્વાસપાત્ર હતી એ જ વ્યક્તિ એ દગો કર્યો હતો. જાણે એમનો શ્વાસ અટકી ગયો હોય, જાણે કોઈએ એમના હૃદયના ધબકાર પર પાબંદી મૂકી હોય... કામિની તો એણો રડવાનો કોટા ક્યારનોય પૂરો કરી ચૂકી હતી. પણ એમનાથી સરખું પોક મૂકીને રડાતું ય ન હતું. એક ડૂમો વધુને વધુ વજનદાર થઈ રહ્યો હતો.

અચાનક રીંગ વાગી, સફાળા બેઠા થઈને મહેશભાઈએ ફોન લીધો. "હા બેટા, બિંદી ?"

એ બોલ્યા ને સામેથી જયનો અવાજ સંભળાયો, "ના પપ્પા, હું જય, તમે કેમ છો ? મમ્મી કેમ છે હવે ? બિંદીને જવા દો એના રસ્તે. એને યાદ કરીને રડતા તો નથી ને ? જુઓ, હવે એને યાદ કરવાનો અર્થ નથી. તમે એને ભૂલી જાવ. એક કામ કરો. તમે અમેરિકા જ આવી જાવ એટલે એ આપોઆપ ભૂલાશે."

"બેટા અમેરિકા આવીશ તોયે મન તો આજ લઈને આવીશ ને ? અને એ મનને બિંદીથી ખાલી કરીને કઈ રીતે આવું ? અમે ઠીક છીએ, તમે ચિંતા ન કરો.'

'પપ્પા, અમે બંને તમારી પાસે નથી, આવા સમયે તમે એકલા... પ્લીઝ આવી જાવ ને... ત્યાં તમે બિંદીને નહીં ભૂલી શકો, ભૂલવાનો પ્રયત્ન કરશો તો પણ લોકો પૂછપૂછ કરીને યાદ કરાવશે."

વાત તો સાચી હતી. દિવસો વીત્યા એમ મહેશભાઈનેય લોકોને જવાબ આપવાનો થાક લાગતો હતો. જે અંગ ઘવાયું હતું એને જ લોકો વારંવાર ખુલ્લુ કરી જાણે, મીઠું ભભરાવતા હતા. 'ભાગી ગઈ ?' થી શરૂ થતી વાત 'આજકાલના છોકરા બહુ સ્વતંત્ર, જવાબદારીનું ભાન જ નહીં સ્વાર્થી અને બેપરવા. માબાપ જીવે મરે, એમને શી પરવા ? ' જેવા વાક્યો પર પૂરી થતી હતી...

બિંદીયા બેપરવા હતી ? એને જવાબદારીનું ભાન ન હોત તો કદાચ પરીક્ષા પૂરી થવા પહેલા જ ભાગી ગઈ હોત. પણ એ છેલ્લા વર્ષની પરીક્ષાઓના સર્ટિફિકેટ આવી ગયા પછી ગઈ હતી. નોકરી પણ કદાચ શોધી જ રાખી હશે એણે. એને હંમેશાં આવતીકાલની ચિંતા રહેતી અને એનું આયોજન પણ વ્યવસ્થિત હોય... પણ સામે પાત્ર કેવું હોય એ ય જોવું પડે ને ?

'હશે. રાત પડી છે તો સવાર પણ પડશે જ' એવું વિચારી એ રોજ આંખો બંધ કરતાં, પણ ઊંઘને બદલે આંખોમાં દશ્યો આવીને મેળો જમાવતા. બિંદીયા ભાગી ગઈ ત્યારે તો "આપણા માટે એ મરી ચૂકી" બોલતા કામિનીબહેન પણ હવે તો એનું નામ લેતા બંધ થયા હતા. કદાચ મહેશભાઈને વધુ સંતાપવા ન હોય એમણે...

જય, જીતના ફોન હવે રોજ નહોતા આવતા. બધા રાબેતા મુજબ જીવવા માંડ્યા હતા. બધું લગભગ થાળે પડવા પર જ હતું. બસ પેલા ડૂમાનો ભાર યથાવત હતો. ત્યાં એક દિવસ સવારે એક ગાડી આવીને આંગણે ઊભી રહી ગઈ. એમાંથી બિંદીયા ઉતરી સાથે એક સરસ મજાનો છોકરો હતો. દેખાવડો, વિવેકી પણ ખરો. આવતા વેત બંને મહેશભાઈ અને કામિનીબહેનને પગે લાગ્યા. ગુસ્સો, ચિંતા, દર્દ બધું થીજી ગયું હતું. જે કંઈ હતું તે આંખોથી ફરી વહી ગયું. જાણે ઝરણા ધોધને મળ્યા. માત્ર આશીર્વાદ હતા આપવા માટે... તે આપી બંનેએ બિંદીયાને વ્હાલથી આલિંગન આપી ઘરમાં આવકારી. હજુ બધાની આંખે ભીનાશ હતી.

"પપ્પા, સૉરી પપ્પા, સૉરી મમ્મી, આ આનંદ છે. ડૉ. આનંદ. અમે ગયા વર્ષે મળેલા. સૉરી પપ્પા એ આપણી ન્યાતનો નથી." કહી બિંદીયાએ માફી માંગી લીધી. આનંદે પણ કહ્યું : 'અમે ઉતાવળે કોઈ નિર્ણય નથી લીધો પપ્પા, છેલ્લા બે વર્ષથી મળતા હતા. બિંદીને હું ખુશ રાખી શકીશ એની ખાતરી થયા પછી જ લગ્ન કર્યા. અને હું મારું વચન પાળું છું. પૂછો બિંદીને..."

'બિંદી... આ વહાલું સંબોધન તો માત્ર નજીકના લોકો

માટે... જો કે... આનંદ પણ હવે તો નજીકનો... નજીકનો શું ખાસ નજીકનો... સૌથી વધુ પ્રિય... અને દીકરીનો પ્રિય એટલે હવે આપણો પણ...' મનોમન વિચારી મહેશભાઈએ વાક્યો ગોઠવ્યા 'ના ના આનંદકુમાર, મને બિંદીની પસંદ પર વિશ્વાસ છે, જો કે આ થોડા દિવસો બહુ ખરાબ વિત્યા પણ બાપ છું, ચિંતા તો રહેવાની...'

'પપ્પા, પહેલા તો મને માત્ર આનંદ કહેવાનું, અને મા, તમારે તો અનું જ કહેવાનું. અને કોઈ કહેતું હતું કે તમે ચા બહુ સારી મૂકો છો ? ચાલો મને શીખવો જોઉં, કિચન કઈ બાજુ છે ? 'આનંદ ઊભો થઈ ગયો.

'અરે પણ તમે બેસો, હું હમણાં જ લાવું છું.'

'ના, બિંદીને બેસવા દો, પપ્પા તમે બરાબર ખખડાવો એને. ભાગી જવાનો આઇડિયા બિલકુલ એનો જ હતો. હું નિર્દોષ છું. ચાલો મા.' આનંદ રસોડામાં ગયો. એકલા પડતાં જ મહેશભાઈએ બિંદીયાને કહ્યું,

'દીકરી ભાગી જાય એ મા-બાપ માટે સૌથી મોટો આઘાત હોય છે. અને તું તો મારો પ્રાણ... તું મને સમજાવી શકી હોત... છોકરો સારો છે તો હું જાતે...'

''તમે સમજી પણ ગયા હોત અને જાતે મને પરણાવી હોત. મને ખબર છે. આનંદ પૈસાદાર મા-બાપનો એકમાત્ર દીકરો છે. એ સમજદાર પણ છે...''

'તો પછી તેં આવું શું કામ કર્યું ?' મહેશભાઈને સમજાયું નહીં.

''પપ્પા આનંદ પૈસાદાર છે, એના મા-બાપને ય હોંશ હતી. ખૂબ ધામધૂમથી લગ્ન કરવા હતા એમણે. પણ એમના મોભાને અનુરૂપ લગ્ન કરવામાં તમે તમારી આખી મૂડી વાપરી નાખી હોત. તમારું પ્રોવિડન્ટ ફંડ, બચત, બધું જ... અને તમે ફરી કરકસર કરવા માંડી હોત. લોન લીધી હોત. પપ્પા હવે તમે આરામ કરો. તમે આખી જિંદગી અમારા સુખ માટે જીવ્યા.

'પણ મેં બચાવ્યા છે રૂપિયા... તારા લગ્ન માટે જ વાપરવા હતા. ભાઈઓ માટે ય વાપર્યા જ છે, મારે કહું આપવું હતું તને. છલકાવી દેવી હતી તારા સપનાંની નગરી...'

'મારે એ જ નહોતું થવા દેવું. સોરી એ માટે મારે તમને દુઃખ આપવું પડ્યું, હું તમને સમજાવી થાકી હોત પણ તમે મારી વાત ક્યારેય ન માની હોત. એટલે જ મારે છાનાં લગ્ન કરવા પડ્યા. પણ તમારી બાકીની જિંદગીના સુખ માટે એ જરૂરી હતું. અને હા, આનંદને મેં કહ્યું છે હું કમાઈશ અને મારા મા-બાપને મદદ પણ કરીશ... મારો અડધો પગાર મારે તમને આપવો છે. મારી ઈચ્છા પૂરી કરશો ને ?'

'અને મારી ઈચ્છાનું શું ? આનંદ ચા આપતા બોલ્યો.'

'હા બોલો આનંદ... શું છે તમારી ઈચ્છા ? જરૂર પૂરી થશે. ચેઈન અને લુઝ તો લઈ રાખ્યું છે. બસ વીંટી બાકી છે.'

'ના ભાઈ મારે સોનું નથી જોઈતું.'

'તો ? શું ઈચ્છા છે તમારી ?'

'હનીમૂન પર જવાની.'

હવે બિંદીયા અકળાઈ. ''આનંદ, શું બોલો છો ?''

'હા તે મારી એક ઈચ્છા તો હોય ને ?'

'ભલે આનંદ, હું ટિકિટ કરાવી આપું.' મહેશભાઈ બોલ્યા.


'પૈસા નથી જોઈતા. આપણે બધા સાથે સિમલા જઈએ છીએ. તમે બંને, અમે બંને અને મારા મમ્મી પપ્પા આ જુઓ ટિકિટ...' આનંદ ટિકિટ બતાવતા બોલ્યો. 'પંદર દિવસ બાકી છે, શોપિંગ કરી લો.'

હવે બિંદીયાની આંખો છલકાઈ. 'આ તમે ક્યારે અને કેવી રીતે...?'

'મને ખબર છે કે તારું પ્લાનિંગ પરફેક્ટ છે. બસ પોતાના સુખ માટે તું બેપરવાઈ કરે છે એટલે આ તને મારા તરફથી. સરપ્રાઈઝ.'

'આજકાલના છોકરાં. બેપરવા... કોણ બોલતું હતું ? હવે એમની વાત છે ''કહેતા મહેશભાઈ ટટાર ચાલે બહાર નીકળ્યા.

*૪૫, રુકમણી સોસાયટી, ટીઘરા જકાતનાકા,*
*ગણદેવી રોડ, જમાલપુર, નવસારી-૩૯૬૪૪૫.*
*મો. ૯૮૭૯૪૬૦૬૧૨*



QR Code for website link

Directorate of Information
Gujarat

Social Media

gujaratinformation.net

gujaratinformation.official

@infogujarat

gujarat.information

Gujarat Information

ગુજરાત

the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

# 'મિસફિટ'

*- રેખાબા સરવૈયા*

**'આ** ફોર્મ અધૂરું છે',

'ના... ના... એક પણ ડોક્યુમેન્ટ વગર નહીં ચાલે',

'કાલે આવો',

'આજે સાહેબ નથી',

'આ સહીનાં નમૂનાંમાં ફેર છે',

નહીં ચાલે.

કાઉન્ટર પર બેસેલી વ્યક્તિ જે ફરજ બદલ સરકારનો તગડો પગાર લેતી હતી એ કંઈક વિચિત્ર રીતે ગ્રાહકો સાથે વર્તી રહી હતી. પોતાના ટોકન સાથે લાઈનમાં ઉભેલા ગ્રાહક પોતાનો વારો આવે ત્યારે જાણકારી માટે કંઈ પૂછે ત્યારે ગ્રાહકની સામે પણ જોયા વગર ઉડાઉ કહેવાય એવા જવાબો આપતા માણસને જોઈને સોમેશ્વર સ્તબ્ધ થઈ ગયા.

ભારત આવ્યા પછી સામેશ્વર પહેલી જ વાર પોસ્ટ ઑફિસ અને બૅંકના કામથી ઘરની બહાર નીકળ્યા હતા. એની ધારણા હતી કે બપોર તપે એ પહેલાં એ ઘેર પહોંચી જશે. પણ એવું ન થયું.

બૅંકમાં પહોચ્યા ત્યારે ખાસ્સી ભીડ હતી. ધીરજથી ઊભા રહીને તેઓ આસપાસના માહોલને જોતા હતા. આવાં આવાં વાકયોથી ઘાયલ સોમેશ્વર જયારે પોતાનો વારો આવ્યો ત્યારે અવાચક જ થઈ ગયા જાણે એમની જીભને લકવો થઈ ગયો.

ઉંમર અને અસહ્ય ગરમીની અસરથી ત્રસ્ત સોમેશ્વર ખરેખર જ ભૂલી ગયા કે પોતે શું કામ બૅંકમાં આવ્યા હતા ? થાપણ મૂકવા કે ઉપાડવા કે પછી ? એ બાઘાની જેમ મૂંગા ઊભા રહ્યા.

કાઉન્ટર પરથી વાક્બાણો ચાલું જ હતાં...

'કેવા કેવા હાલ્યા આવે છે માળા બેટા ! આ તો જાણે કોર્પોરેશનનો બગીચો... એલા ભાઈ, મોંઢામાંથી કાંક કયો તો ખબર પડશે ને મને કે તમે મારી બૅંકમાં શું કામે આવ્યા છો ? તમે મારા કાકા - બાપા તો છો નહીં કે ખાલી મારી ખબર પૂછવા ધક્કો ખાવ ! અટાણે કામ ટાણે બીજાનો ટાઈમ ખોટી કરો મા વડીલ, કામ હોય તો બોલો... બાકી ખસી જાવ પાછળ ઘણાં રાહ જુએ છે !

માંડ - માંડ પોતાની જાત પર કાબૂ રાખીને સોમેશ્વર ત્યાંથી નીકળ્યા. ટ્રાફિક સિગ્નલની ઐસી તૈસી કરતો'કને રિક્ષાચાલક રિક્ષા ખખડાવતો, સોમેશ્વરે કહેલા સરનામે હંકારી ગયો. ફલેટ પાસે ઊતરીને સોમેશ્વર રિક્ષાનું ભાડું આપતાં હતાં ત્યાં બાજુનાં ઉકરડામાં શીંગડાં ઉલાળતી બે ગાયોમાંથી એક સોમેશ્વરથી ઘસાઈને દોડી ગઈ.

ઉપરના માળની બાલ્કનીમાંથી અધ્ધરશ્વાસે પતિની રાહ જોઈને ઉભેલાં સાધનાબહેનનાં ગળામાંથી હળવી ચીસ નીકળી ગઈ.

ભરભરાટ કરતી રિક્ષાએ હવામાં છોડેલા કેરોસીનના ધુમાડાથી ઠો-ઠો કરતા'કને સોમેશ્વર લિફ્ટમાં પેસી ગયા.

લિફ્ટમાંના બધાં જ લોકો પોત-પોતાની ફોનની દુનિયામાં ગૂમ હતા. લિફ્ટમાં પ્રવેશેલાઓ પૈકી એક લબરમૂછિયો માથું ધુણાવતો કાનમાં પ્લગ ખોસીને કંઈક સંગીત સાંભળી રહ્યો હતો. એની આંખો બંધ હતી. એક ગૃહિણી શાકભાજીનાં થેલા અને પોતાની સાડીની પાટલીઓ વચ્ચે ગૂંચવાયેલી હતી. પોતાના કપાળે બાઝેલા પરસેવાને સાડીના પાલવથી લૂછી રહી હતી. ગયા ઉનાળાની ગરમીના તમામ રેકર્ડ આ સાલ તૂટશે એવી આગાહી કરી રહેલી એક યુવતી મોબાઈલ પર હસી હસીને પોતાના કોઈ પ્રિયજન સાથે વાતો કરી રહી હતી. આ ત્રણમાંથી કોઈને પણ સામેશ્વર નામના પ્રાણીનાં અસ્તિત્વની નોંધ લેવાનો સમય નહોતો! કારણ વગર સોમેશ્વરને મનમાં ઓછું આવી ગયું અને મનોમન ખબર નહીં પણ કેમ એને અમેરિકા યાદ આવી ગયું. !!

દીકરા - વહુના અતિશય આગ્રહ પછી જયારે સોમેશ્વર પત્ની સાથે પ્રથમવાર વિદેશ ગયેલા ત્યારે મનમાં કેટલો બધો કચવાટ હતો !

જૂનું શહેર, શેરી, ઘર, મિત્રો, આદતો અને વ્યવહાર આ બધી બાબતોમાંથી મનને ખેંચી લઈને સાવ જ અજાણી ધરતી પર નવા જ માહોલમાં 'સેટ' થવાનું હવે આ ઉંમરે કેમ મેળ પડે ? - એ જ પ્રશ્નથી પીડિત થઈને અમેરિકાની ધરતી પર પગ મૂક્યો ત્યારે મનમાં અંદર ખાને એક પૂર્વગ્રહ તો હતો જ કે... ''અપના દેશ, અપના વતન ઔર અપના ઘર ફિર અપના હી હોતા હૈ !''

જો કે... માણસ નામનું પ્રાણી ગમે તેવો કકળાટ કરી લ્યે, પણ મૂળતઃ કુદરતે એની પ્રકૃતિ જ એવી નિર્મિત કરી છે કે એ ગમે તેવા વાતાવરણમાં કે માહોલમાં રહેવાને ટેવાઇ જાય છે... આસપાસનાં માણસો, ઘટનાઓ, ઋતુઓ આ બધુ જ આમ જુઓ તો માણસને અનુકૂલન સાધવામાં મોટે ભાગે મદદ કરતુ હોય છે... હા... કેટલાક માણસો

પરિસ્થિતિ બદલાય ત્યારે ઉદ્ભવતા પરિવર્તન પ્રત્યે પોતાની તીવ્ર પ્રતિક્રિયા વિરોધ કરીને આપે છે, તો કેટલાક વળી હકારાત્મક વિચારધારાને વરેલા 'માનુષ' સ્વીકાર્યભાવ સાથે પોતાને જરૂરિયાત મુજબ ઢાળી લેતાં શીખી જતા હોય છે.

અને એવું જ કંઈક સોમેશ્વર અને સાધનાબહેન સાથે બન્યું હતું.

ફલાઇટમાં લાંબી મુસાફરી કરીને અકળાઈ ગયેલાં બંને જણ જયારે વિદેશી ધરતી પર ઊતર્યા ત્યારે જે ઉષ્માથી દીકરા - વહુએ એમનું સ્વાગત કર્યું ! અહા... દંપતીનો થાક ઊતરી ગયો જાણે ! સાથો - સાથ અકળામણ હવામાં ઓગળી ગઈ જયારે પૌત્ર -પૌત્રીએ આત્મીયતાથી દાદા-દાદીને અમેરિકા વિશે વાતો કરીને બધી સમજણ આપવાની શરૂ કરી !

જાહેર માર્ગોથી લઈને ઘર સુધી ઉડીને આંખે વળગે એવી ચોખ્ખાઈ, ટ્રાફિક પ્રત્યેની સામાન્ય નાગરિકોની સ્વયંશિસ્ત, અને આવું તો બીજું કેટલુંય હતું કે જે આ બંને વૃદ્ધોને ધીમે-ધીમે અમેરિકાથી ટેવાઈ જવામાં મદદરૂપ સાબિત થયું હતું.

બાકી તો બદલાયેલું ઋતચક્ર, સમય, ખાનપાન, આબોહવા, રહન-સહન, સામાજિક ઢાંચો... આ બધું જ ભારતથી તો કેટલું બધું અલગ પડી જતું હતું... એ બધાની સાથે પોતાનાં કદમ મિલાવવા કે પછી એ ઢાંચામાં પોતાની જાતને ઢાળીને અનુકૂલન સાધવાનું કામ ધારીએ એટલું સહેલું તો નહોતું જ ! ઉપરથી એ બંનેની ઉંમર પણ જલદીથી અનુકૂલન સાધવાની નહોતી રહી હવે.

જીવનની સંધ્યા તરફ એકમેકના સહારે જીવતરના આછા અજવાસવાળા માર્ગ પર ડગુમગુ ચાલનારા આ દંપતીનાં મનમાં તો એમ જ હતું કે અમેરિકાની ધરતી પર તેઓ બિલકુલ 'મિસફિટ' સાબિત થશે.



ઋતુઓની આવન-જાવન ચાલતી રહી. વતનની યાદને મનની છીપમાં કોઈ બહુમૂલ્ય મોતીની જેમ સાચવીને રાખી મૂકી હતી... જે કયારેક કયારેક સાવ એકલાં અટૂલાં પડી ગયા હોય એવી લાગણીની તીવ્રતા વધી જતી ત્યારે પતિ-પત્ની એક બીજાને મૌન રહીને તાકી રહેતાં... તે વખતે એકબીજાની આંખોમાં છલકાઈને પછી ગાલ ઉપર દદડી પડતાં પેલાં અમૂલ્ય મોતીને ખરતાં જોઈને નજર ફેરવી લેતાં.

દીકરો અને વહુ બંને જણ કામ પર જતાં રહે. એમનાં બંને બાળકો આખો દિવસ સ્કૂલમાં હોય. ઘરમાં ડોસો - ડોસી બેય એકલાં...! દીકરા-વહુએ કે પછી બાળકોએ અઠવાડિયાને અંતે સરસ કાર્યક્રમો ગોઠવેલા હોય, જેમાં નાનકડી પાર્ટી કે કોઈ ટૂંકા અંતરની ટ્રિપ પિકનિક... કાં પછી કોઈ મિત્રને ઘરે ડીનર કે પછી કોઈને પોતાને ઘરે જમવા બોલાવ્યાં હોય...

વિકએન્ડના આ નાના-નાના કાર્યક્રમોથી વિદેશની ધરતી પર રહેતા ભારતીયો નવી ઊર્જા (એનર્જી) અને નવો ઉમંગ મેળવીને ફરી પાછા નવા અઠવાડિયા માટે તરોતાજા થઈને તૈયાર થઈ જતાં... એ સોમેશ્વર અને સાધનાબહેન બેઉ જણે નોંધેલું સત્ય હતું.

શરૂ - શરૂમાં થોડી તકલીફ પડતી પણ પછી સૌના સહિયારા પ્રયાસોથી આ દંપતી પણ એવા કાર્યક્રમોમાં સામેલ થઈને સક્રિયતા દાખવવા લાગ્યું.

શરીરની ઘડિયાળની સાથોસાય મનની ઘડિયાળ પણ હવે વિદેશી વાતાવરણ સાથે તાલ બેસાડતી થઈ હતી.

કયારેક-કયારેક પોતાની વયજૂથના સિનિયર સિટિઝન ગ્રૂપ સાથેનાં મેળાવડામાં વતનની યાદ બહુ તીવ્રતાથી મનનો કબજો લઈ બેસતી ત્યારે પછી મનને પૂર્વવત્ સ્થિતિમાં લાવતાં બે-ચાર દિવસ લાગી જતા.

પણ બેયને એકમેકની હૂંફને સધિયારો પૂરતાં હતાં એટલે ઉદાસી બહુ લાંબી ન ટકતી. સોમેશ્વરની જેમ જ કાઠિયાવાડના નાના શહેરમાંથી આવેલા એક દંપતી સાથે બંને જણને ઓળખાણ થતાં અવાર-નવાર તે લોકો મળતાં, એકબીજાનાં ઘરે જમવા જતાં-આવતાં, નજીકનાં સ્થળે સાથે ફરવા પણ જતાં. સોમેશ્વરનાં દીકરાએ નોંધ્યું હતું કે આ પરિચય કે ઓળખાણ પછી બાપુજીમાં બદલાવ આવ્યો છે. કયારેક સારી રીતે તો કયારેક નિરર્થક રીતે એ વાત સામે આવતી ત્યારે તે પોતાની પત્ની સાથે પણ એ વાત 'શેર' કરતો. પત્ની જો કે, બહુ સમજદાર હતી. એ પતિને કહેતી કે... "આ ઉંમરે આવાં પરિવર્તનો બહુ સહજ ગણાય છતાંય મને એક વિચાર એવો આવે છે કે આપણે મમ્મી-પપ્પાને શાંતિથી બેસાડીને-ચર્ચા કરીને એમનું મન જાણીએ. કયાંક એવું ન હોય કે એ લોકો ફકત આપણું મન રાખવા,

પોતાનું મન મારીને અહીં રહેતાં હોય !? જો એવું હોય તો પછી આપણી ફરજ બની રહે કે એમને ફરીથી વતનના ઘેર મોકલીએ. ઘરડા માણસને વતન કે જૂનું ઘર, જૂના સંબંધો સાવ છોડાવડાવીએ તો આપણે એમને રિબાવી રહ્યાં હોઈએ એમ લાગે એના કરતાં...''

- ને એક વિકએન્ડમાં લંચ ડીનર અને બ્રેકફાસ્ટ એમ ત્રણ-ત્રણ સેશનમાં સોમેશ્વર અને સાધનાબહેન સાથે લાંબી-લાંબી વાતો ને ચર્ચાઓનાં અંતે એવું ઠરાવવામાં આવ્યું કે... આ વૃદ્ધ દંપતીએ કોઈ વાતે મૂંઝાયા વગર એકદમ મુકતપણે વતનના ગામ જવું અને પોતાની મરજી મુજબનું બાકીનું જીવન પોતાના માહોલમાં ગાળવું.

- થોડીક મીઠી આનાકાની સાથે સોમેશ્વર અને સાધનાબહેન વતન જવા સહમત થયાં, હવે વતન ઝૂરાપાનો અંત આવશે એ કલ્પનાએ દંપતીના ખોળિયામાં જાણે કે જોમ અને જુસ્સાના નવા પ્રાણ ફૂંકયા હોય એમ ઉત્સાહભેર વતન જવાની તૈયારીમાં ગૂંથાઈ ગયાં.

નાના છોકરાઓ વહુને લઈને દીકરો ૧૦-૧૨ મહિના પછી વતન આવશે એવું ઠરાવ્યું ત્યારે પૌત્ર-પૌત્રીની નારાજગી કંઈક ઓછી થઈ શકી.

બળબળતા રણમાં ચાલતાં વટેમાર્ગુને અચાનક જ વૃક્ષ અને પાણીથી છવાયેલો નાનકડો કોઈ ટાપુ મળી જાય એવી કંઈક લાગણી સાથે સોમેશ્વર અને સાધનાબહેન પોતાની ફ્લાઇટમાં બેઠાં...

પ્લેન રન-વે પરથી ટેક-ઑફ થાય અને સ્પીડ પકડે એ પહેલાં તો ડોસો-ડોસીના મનમાં વતનના વિચારોએ સ્પીડ પકડી લીધી.

★★★

લિફ્ટ સૌથી ઉપરના માળે જઈને અટકી એટલે સોમેશ્વરે પોતાની વિચારયાત્રા અટકાવી. લિફ્ટથી પોતાના ફલેટ સુધી ડગલાં ભરીને એમણે ઉતાવળે જ ડોરબેલનું બટન દબાવવા હાથ ઊંચો કર્યો ત્યારે એમણે જોયું તો પત્ની દરવાજો ખોલીને રાહમાં ઊભાં હતાં.

સામેશ્વરે નોંધ્યું કે સાધનાબહેનનાં ચહેરા પર રઘવાટ અને ચિંતા બેઉ લેપાયેલાં હતાં.

ડ્રૉઈંગરૂમમાં સોફા ઉપર પોટલું ફેકતા હોય એમ પોતાને ફેંકી દઈને સોમેશ્વર ઢગલો થઈને ફસકી પડયા. સાધનાબહેને પાણીનો પ્યાલો પતિ સામે ધર્યો અને એ મૌન જ ઊભાં રહ્યાં, સોમેશ્વરે ઘટક ઘટક કરીને પ્યાલામાંથી પાણી પોતાનાં મોઢામાં રેડયું. ખાલી પ્યાલો પત્નીને લંબાવતાં બોલ્યા... 'જલદી થાળી પીરસ સાધના... બહુ જ ભૂખ લાગી છે... ચક્કર જેવું પણ થાય છે...

- હવે સાધનાબહેન સામેનાં સોફામાં ધબ્બ દઈને બેસી પડતાં બોલ્યાં :

'એ તો મનેય ખબર છે... તમારી વાત પણ સાચી... પણ હું તમને કહેતી તી કે હું રસોઈ નથી બનાવી શકી, કારણ કે મને આજે વહેલી સવારથી ઝાડા થઈ ગયા છે. મને એમ કે પેટ ખરાબ છે તો એક-બે વખત જઈશ એટલે સારું થઈ જશે પણ એવું ન થયું. અત્યાર સુધીમાં એટલી બધી વાર ઝાડે ગઈ છું... શરીરમાં નબળાઈ વરતાય છે. ઘડીક તો એમ થયું કે... બાજુવાળાના ઘરે જઈને કહું કે મને ગ્લાસ એક લીંબુ શરબત કરીને આપો ને બહેન ! પણ પછી વિચાર માંડી વાળ્યો. આપણા ઘરનો ફયૂઝ ઊડી ગયો છે એટલે ફ્રીઝ બંધ છે ગરમીને લીધે ગભરામણ થતી'તી... તે જરાક ખુલ્લી હવામાં શ્વાસ લેવા બાલ્કનીમાં આવી ને ઊભી રહી... ત્યાં નીચે તમને રિક્ષામાંથી ઊતરતા જોયા... ને પેલી ગાય તમને શીંગડે ચડાવતાં ઉલાળી મૂકતાં જરાક રહી ગઈ. એ જોઈને શ્વાસ અધ્ધર થઈ ગયો... તમે હેમખેમ ઉપર આવ્યા ઈ' ભગવાનનો પાડ...! લ્યો' આટલી વાત ને આટલી ચીત... હવે તમે ઘડીક પોરો ખાઈ લ્યો ત્યાં હું કંઈક રસોઈ બનાવી દઉં... મગ-ભાત ચાલશે ને તમને...! રોટલી બનાવી શકુ એટલી શક્તિ તો નથી. હું મગનું પાણી પી લઈશ, - બોલતાં બોલતાં જ સાધનાબહેન ધીમા ડગલે રસોડામાં ગયાં.

બહારથી થાક અને કંટાળો લઈને આવેલા સોમેશ્વર પત્નીની વાત સાંભળીને જાણે વધુ થાક અનુભવતા-નિરાશામાં સરી પડયા.

અહીં આવ્યા પછી પાણી અને ખોરાકને લીધે પેટમાં થોડીક ગડબડ તો રહેતી જ. પાણીના તારની માત્રા એટલી હતી કે માંડ મહિનો થયો હશે... ત્યાં તો વૉટર પ્યોરિફાઈંગવાળો આર.ઓ. પ્લાન્ટ ખોટવાઈને બંધ પડયો હતો. અશુદ્ધ



પાણીથી પેટ ખરાબ થાય એ આ ઉંમરે સ્વાભાવિક વાત લેખાય. ફળો અને શાકભાજી પણ દવાવાળાં આવતાં હતાં.

કારણ વગર જ સોમેશ્વર અમેરિકાનાં શુદ્ધ-પાણી અને ચોખ્ખાં શાકભાજી તથા ફળોની ગુણવત્તાને યાદ કરી રહ્યા. વિદેશમાં પ્લમ્બર કે ઇલેટ્રીશન જેવી સેવાઓ ઓનલાઇન ઉપલબ્ધ હતી. ઘરમાં નાનું-મોટું કંઈ પણ થાય ત્યારે એક ફોન કરવા માત્રથી ગણતરીની મિનિટોમાં કારીગર આવીને કામ કરી જતો... હવે અહીંયાં ફયૂઝ બાંધવા માટે ઇલેટ્રીશન ક્યાં ગોતવો એની એક વધારાની ચિંતા સોમેશ્વરને ઘેરી વળી.

કકડીને ભૂખ તો લાગી જ હતી... ઉપરથી પત્નીની વાતો...

સોમેશ્વરે આરામખુરશીમાં શરીર લંબાવ્યું અને આંખો મીંચી દીધી. બંધ પોપચાં પછવાડે અમેરિકાનું દશ્ય સજીવન થઈ ચાલ્યું. અહીંથી પરદેશની ધરતી પર લોકસાહિત્યના કાર્યક્રમો આપવા આવનારા કલાકારોની પ્રસ્તુતિમાં આવતું દેશનું વર્ણન, પ્રજાની એકતા, મુકતપણે હરવું - ફરવું - મોજમાં રહેવાનો મિજાજ, તહેવારોની ઉજવણીનો એ ઉત્સાહમય માહોલ અરસ-પરસને હૂંફ આપતા સ્વજનોની કુટુંબભાવના... અહો..!

સોમેશ્વરની આંખો આવી-આવી વાતોથી ઘણીયવાર છલછલી ગઈ છે એ એમને યાદ આવ્યું. પરંતુ એ વાતો તો ફકત કોઈ વાનગીના વઘાર જેવી જ બની રહી. દૂરથી સુગંધ તો લઈ શકાય પણ સ્વાદની ખબર ન પડે. વતનઝુરાપામાં તરફડીને ભારત આવ્યા પછી ડગલેને પગલે થતા અનુભવો જાણે કે... વૃધ્ધ દંપતીની આંખ ઉઘાડતા જતા હતા.

અરે... માણસ-માણસના અનુભવની તો વાત દૂર રહી, ભારતમાં આવીને વસવા માટેનું મૂળભૂત કારણ એ હતું કે... અમેરિકામાં આખોય વખત ઘરમાં પુરાઈને રહેવું પડતું હતું તો બંને જણને થયું કે મુકત રીતે ભારતમાં મનગમતી જગ્યાઓમાં હરીએ-ફરીએ... પરંતુ અહીં તો એકલા ક્યાંય નીકળવામાં ભય રહેતો હતો કે ક્યારે ? કોણ ? કેવી રીતે ? અડફેટે લેતું જાય... એનું કંઈ નકકી નહીં...

શેરીના ખૂણે આવેલી ડેરીમાંથી કે પ્રોવિઝનમાંથી દૂધ-દહીં કે કરિયાણું લેવા જવામાંય બંને જણ ડરતાં હતાં...! કેમ કે રખડતાં ઢોરો અને આવારા કૂતરાઓથી બચીને ચાલવું પડતું. થોડે દૂર જવા માટે ડ્રાઇવ કરીને કાર વાપરવાની શરૂ તો કરી પણ બેયના જીવ તાળવે ચોંટેલા રહે ! કેમ કે પોતે તો સાચવીને - ખૂબ જ સાવચેતીથી જ કાર ચલાવે પણ બંને બાજુએથી ધમધમાટ કરીને ફૂલસ્પીડમાં નીકળતાં વાહનોની બેકાળજીભર્યા ડ્રાઇવિંગથી કારમાં બેઠે-બેઠે બંને જણ આખાં ધ્રૂજી ઊઠતાં... ઉપરથી ટ્રાફિકનાં નિયમોને ઘોળીને પી જનારા નાગરિકો ફૂટપાથ વગરના રસ્તા પર, ઝીબ્રા ક્રોસિંગને નજરઅંદાજ કરીને પોતાની મરજી મુજબ ચાલ્યા જતા હતા.

મંદિરમાં કે જૂના કોઈ મિત્રને ત્યાં જવાનું હવે મન નહોંતું એમ તો નહીં, પણ બંને જગ્યાએ એકસરખી વાતો થતી. કુટુંબની અને સાસુ વહુની વાતો, સમાજ રાજકારણ, ખટપટ, એવા - એવા વિષયો પર થતી ચર્ચાઓમાંથી એક જાતની નકારાત્મક ઊર્જાથી બેઉ ઘેરાઈ જતાં. નિંદા - ટીકા - કુથલી - ઈમાં સરખામણી - દ્વેષ... ઉફ !!!

અમેરિકાથી નિયમિત રીતે દીકરા-વહુના ટેલિફોન આવતા.

અત્યારે પણ ટેલિફોન રણકયો... સોમેશ્વરની વિચારમાળા વેરાઈ ગઈ. એણે ફોન રિસીવ કર્યો. સામે છેડેથી દીકરા-વહુએ વિગતે ખબર પુછયા મમ્મી-પપ્પાને કોઈ તકલીફ તો નથી ને, એમ જાણીને કાળજી લેતા સવાલ-જવાબ થયા. સામા છેડેથી વાતનું સમાપન થવાની તૈયારી હતી એવામાં ઉતાવળે સોમેશ્વર બોલી ગયા : “બેટા મારે ને તારી મમ્મીને ફરીથી અમેરિકા આવવું હોય તો ? ઘણું બધું વિચાર્યું તો એમ લાગ્યું કે હવે અમે બંને આપણા દેશ માટે ‘મિસફિટ’ છીએ.

સામે છેડે સ્તબ્ધતા...

પતિની નિર્ણયાત્મક વાત અને નિશ્ચયાત્મક સ્વરથી કિચનમાં મગના પાણીનો વઘાર કરી રહેલા સાધનાબહેનનાં હાથ હવામાં તોળાઈ રહ્યા.

હોઠ આછું મરકયા.

ક્ષણાર્ધમાં જ એક છમ્મકારો અને પછી લીમડાનાં પાનનો વઘાર આખાય ઘરને પોતાની સોડમની આગોશમાં લઈ રહ્યો.

*‘નીતિ’, સાંઈબાબાનાં મંદિર પાસે,*
*ઝાંઝરડા રોડ, જૂનાગઢ.*
*મો. ૯૯૨૫૦૧૭૫૮૪*

# જેલ

*- દર્શના ભગલાણી*

જગાભાઈ... ભાઈઈ... જાનકીએ પગની ઝડપ વધારી પણ આગળ ચાલ્યો જતો માટી જાણે સાદ સાંભળતો જ ન હોય તેમ એની ધૂનમાં હતો. જાનકીને પોતે જ્યાં હતી એ સ્થળે કોઈ તેને આમ દોડતાં જુએ તો જોનારને અજુગતું લાગે એ ચોક્કસ હતું, પરંતુ આજે હવે તેની ધીરજ ખૂટી જવા આવી હોય તેમ લાગતું હતું, જો કે, ઘણી આંખો કુતૂહલવશ જાનકીને આમ દોડી જતાં જોઈ રહી હતી. જગાને મળવા માટે છેલ્લા ત્રણ દિવસથી સતત મથામણ કરતી જાનકીએ મુલાયમ ઘાસની વચ્ચે આવેલી એકવડી પગદંડી પર છેવટે શ્વાસભેર લગભગ દોડી નાખ્યું.

જગાભાઈ.. વાવડી... જગાભાઈ, હું, જાનુ... જાનકી... સવિતાબહેનની જાનકી... વાવડી ગામે પેલાં સવિતાબહેન દવાખાનામાં નોકરી કરતાં... જાનકીએ આગળ જતા જણની લગોલગ પહોંચીને તેના ખંભાને પાછળથી ઠપકારી એકીશ્વાસે કહી નાખ્યું ખંભે હાથ પડતાં પેલાએ અટકીને પાછું વળીને જોયું. તેની ઊંડી ઊતરી ગયેલ માંજરી આંખોમાં તદ્દન નિર્જનતા પથરાયેલ હતી. જાનકીએ સામે ઊભેલ જણનું બાવડું પકડી હચમચાવ્યું. જાનકીની આંખમાં વ્યાકુળતા અને ચહેરા ઉપર આઘાતના ભાવ પથરાઈ ગયા, કેમ કે પોતે ઓળખ આપવા છતાં સામે ઉભેલ જણ જાણે તેને ઓળખતો ન હોય તેમ જાનકીના હાથમાંથી ઝાટકો મારીને પોતાનું બાવડું છોડાવ્યું એ નિસ્તેજ, બેસી ગયેલા ગાલવાળા, ઉદાસીન ચહેરા પર ક્ષણિક કંઈક ચિરપરિચિતતાનો ભાવ આવ્યો - ન આવ્યો ને વિલસી ગયો.

કંચનભાભી, કાંતાબહેન, છોકરાવ બધા મજામાં એવું પૂછવાનું હોઠે આવી ગયેલું તે જાનકીએ થેંક સાથે પાછું ગળામાં ધકેલી દીધું. જાનકીના મનમાં સતત અજંપો છવાયેલ હતો, કેમ કે તેનું અત્યારે જેલમાં હોવું સમજી શકાય પણ જગાભાઈ અને તે અહીં જેલમાં.. કેમ ? જાનકીને વાવડી છોડ્યાને પણ ઝાઝાં વરસ થઈ ગયેલ. સવિતાબહેન, જાનકીનાં મા જ સ્તો, નિવૃત્ત થયાં અને બરાબર એ સમયમાં જ જાનકીને સરકારી નોકરી મળી ગઈ. પછી વાવડીમાં રહેવાનું કોઈ પ્રયોજન ન હતું. વળી વાવડી ક્યાં બાપદાદાનું ગામ હતું. એ તો નોકરી અર્થે સવિતાબહેન વાવડીમાં આવેલાં તે પૂરા પંદર વરસ કાઢી નાખ્યાં તે નિવૃત પણ વાવડીમાંથી થયાં !

વાવડીમાં ભરબજારમાં આવેલા ચોકનાં એક ખૂણા પર સવિતાબેનનું ક્વાર્ટર આવેલું હતું. તો ચોકની બિલકુલ ત્રાંસમાં સામેના ખૂણા પર શેરીમાં પહેલું નહીં અને બીજું કાંતાબહેનનું એટલે કે જગાભાઈનું ઘર ક્વાર્ટર બે પગથિયાં ઊંચું એટલે આગળ ઓસરીમાં સરકારી ક્વાર્ટરમાં રાબેતા મુજબ હોઈ એ રીતે ત્રાંસી જડેલ લાકડાની જાળી અને એવો જ જાળીવાળો દરવાજો. ઉંબરે ઊભા રહીએ એટલે આખા ચોકનું સમગ્ર દૃશ્ય જોઈ શકાય. ચોકના ચાર ખૂણા પૈકીના બે સામસામા ખૂણા પર કરિયાણા - કટલેરી સહિતની દુકાનો આવેલી હતી. વાવડી એમ તો છ - સાત હજારની વસ્તીનું તાલુકાનું મોટું ગામ. મોટાભાગે પટેલની વસ્તીવાળા આ ગામમાં ઘરેઘરે સમાન ઢબ - છબ, શિરસ્તો જોવા મળે સારો વરસાદ પડે એટલે બધા ખેડૂતને એક સાથે વાવણી થઈ જાય અને એ દિવસે લગભગ તમામને ત્યાં ઘેર ઘેર લાપસીનાં આંધણ મુકાય ! સાતમ-આઠમમાં દરેક ઘરમાં બધી બાયું ભેગી થઈને થેપલાં, તીખી અને ગળી પૂરીનાં ડબરા ભરી લ્યે તે સાતમ - આઠમ પછી પણ ચાર દી' લગી ઘરના તમામ સભ્યને ચાલે.

આ દિવસોમાં ગામમાં ઓછામાં ઓછું બે ત્રણ ઠેકાણે તો જનતા તાવડો માંડયો હોય, કે જ્યાંથી સસ્તા દરે ગરીબ - તવંગર બધા તીખા-મોળા ગાંઠિયા લેવા પડાપડી કરતા હોય !

છઠ્ઠના રાંધીને નવરાં પડે ત્યારથી બે ચારદિવસ તો ગામમાં ઘરે ઘરે બાયું ભાયું બધાંય ગંજીપો લઈ રમવા વળગી જાય, સાતમને દી 'તો ચોકમાં ગામની બાયું ઘેરો વળીને રાસની રમઝટ બોલાવે. સુરત બાજુ કે અન્યત્ર ધંધાર્થે ગયેલ તમામ પરિવાર વારતહેવારમાં તો ગામડે પહોંચી જ જાય અને એટલે તહેવારના દિવસોમાં તો વાવડી ગામમાં ઝાઝા જુવાનિયાઓ દેખાય કે વહુવારુઓ જોવા મળે. દિવાળી ટાણે તો વળી ઓર માહોલ હોય, કેમ કે ચોકમાં આવેલી દુકાનોમાં એકબાજુ રાત્રે ચોપડાપૂજન ચાલતું હોય તો બીજી બાજુ બધી બાયું ઘેરો વળીને સવિતાબહેનના ઓટલે ટોળટપ્પાં મારતી હોય તો ત્રીજી બાજુ ટાબરિયાં બધાં ફટાકડા ફોડવા વળગ્યાં હોય ! ફૂલઝડીઓના ઝગમગાટ અને ફટાકડાના ધમાકાઓ વચ્ચે ગોરબાપાના ઊંચા સાદે ચાલતા મંત્રોચ્ચારોના અવાજો આજે પણ જાનકીના કાનમાં ક્વચિત્ ગુંજી ઊઠે.

સવિતાબહેનના ઘરમાં પુરુષવર્ગ નહીં અને ઉપરથી બે દીકરિયુંવાળું ઘર એટલે આજુબાજુની વહુઓ દીકરીઓ અહીં મોકળા મને બેસવા આવે. જાનકીને બરાબર યાદ હતું જે વર્ષે માની બદલી આ ગામમાં થઈ એ જ વર્ષે કંચનભાભી, જગાભાઈને પરણીને ગામમાં આવ્યાં. કાંતાબહેનને ત્રણ દીકરા. તેમાં આ જગો, જગાભાઈ બધાથી મોટા એ પછી ભલો એટલે કે ભરત અને મનોજ સૌથી નાનો. જગાભાઈ પંદર સોળ વરસના માંડ હશે ને કાંતાબહેનનાં ઘરવાળા ખેતરમાં આવેલા કૂવામાં મોટર ઊતારવા ઊતર્યા તે પેટે બાંધેલી દોરડું તૂટ્યું અને ઉંધે કાંધ પડયા તે ખોપરી ત્યાં

જ ફાટી ગઈ. કાંતાબહેને એકલ પંડ્યે ચાર-ચાર છોકરાવને સંભાળ્યા, સાચવ્યા અને મોટા કર્યા.

જો કે, થોડા વરસમાં તો મોટા દીકરા, જગાએ ઘરની તમામ જવાબદારી ઉપાડી લીધેલ એટલે કાંતાબહેનને હાશ થઈ ગયેલ.

જગાભાઈ હતાય દેખાવડા... ગોરા... ઊંચા... માંજરી આંખ... સપ્રમાણ બાંધો. સ્ત્રી-પુરુષના ભેદભાવ વગર દરેકને એક વખત તો જગાભાઈ તરફ જોવાનું મન થાય અને ખેંચાણ પણ થાય એવા સરસ ! ભણતર ઝાઝું નહીં, પણ જે ઉંમરે બાપની સૌથી વધુ જરૂર હોય એ ઉંમરે બાપની છત્રછાયા ગુમાવી બેસનાર જગાભાઈ માથે ઘરની જવાબદારી વહેલી આવી જતાં સ્વભાવમાં આપોઆપ ઠરેલપણું અને ગંભીરતા આવી ગયેલ. સ્વભાવે સાવ શાંત અને અબોલ એવા જગાભાઈના મોઢામાં જાણે જીભ જ ન મળે જગાભાઈની કોઈ દિવસ ક્યાંય ઊઠબેસ નહીં અને ન કોઈ સાથે ભાઈબંધી. કાંતાબહેનને જગાભાઈ માટે એવી જ દેખાવડી અને મજાની ડાહીડમરી વહુ મળી ગયેલા જાણે જુગતે જોડી !!! સાધારણ ઉંચાઈવાળો જણ તો કંચનભાભી પાસે નીચો લાગે એવી ઊંચી, પડછંદ, રૂપાળી અને ભરાવદાર સદાય હસતી-હસાવતી, રમૂજી અને નિર્દોષ એવી કંચનભાભી માટે કામ તો પગના ઠેબે જાય. જગાભાઈએ બહારનું કામકાજ અને વ્યવહાર પોતાના ખંભે ઉપાડી લીધેલ. એ પછી કાંતાબેનને માથે જે થોડીઘણી ઘરની જવાબદારી હતી એ કંચનભાભીના આવ્યા પછી કંચનભાભીએ હળવી કરી નાંખી.

કંચનભાભી, જગાભાઈની હારોહાર ખેતી - કરાવે ઉપરથી સારા-નરસા વ્યવહારમાં પોતે ખડે પગે હોય. કંચનભાભીના ડહાપણભર્યા સુઝાવને લીધે જગાથી નાના બંને છોકરાવને સુરત હીરા ઘસવા મોકલી દીધેલ. જગાભાઈ અને કંચનભાભીની મહેનત અને આવડતને પરિણામે ખેતરની ઊપજમાં પણ ધીમે ધીમે વધારો થવા લાગ્યો. આથી થોડી હિંમત કરીને, તાણીતૂંસીને ભેગું કરી બંને દિયરને સુરતમાં ત્રણ માળનું મકાન લઈ આપીને વરાવી-પરણાવી સેટ કરી



દીધા એમાં વળી કંચનભાભીને પહેલા ખોળે દીકરો અવતર્યો એટલે બધાનું મન હર્યુંભર્યું થઈ ગયું અને એકબીજામાં પરોવાઈ ગયું.

સવિતાબહેનનું દીકરીઓવાળું ઘર એટલે આસપાસની વહુવારુઓ બેનું - દીકરીઓની સતત આવન જાવન રહે. કંચનભાભી પણ એમાં ખરાં... આમ પણ સામસામે ખૂણે ઘર એટલે દી આખો તો બાયું એકબીજાને જુએ ત્યારે પડકારા કરીને વાતો કરી લેતી હોય અને રહી જતું હોય એમ રાત્રે પાછાં સવિતાબહેનનો ફળિયામાં ટોળે વળે તે અલગ. સવિતાબેનની બંને દીકરીઓને કચનભાભી ખૂબ વહાલી પોતાને ભાઈ નહીં એટલે ભાભીના ઑરતા આ રીતે પાસપડોશની વહુઓને ભાભી કહીને પૂરાં કરે. સામે કંચનભાભી પણ એવી હેતાળવી અને મોટું આપે એવી એટલે સવિતાબહેનની બંને દીકરીઓને કંચનભાભી ઉપર ખૂબ ભાવ એમાં પણ નાની દીકરી જાનકી તો ભારે વાતોડિયણ તે ભાભી-ભાભી કરતાં કાંતાબહેનનાં રસોડા સુધી પહોંચી જાય અને જગાભાઈ ક્યારેક મળી જાય તો કંચનભાભી સાથે મજાક મસ્તી કરતાં કરતાં જગાભાઈ સાથે પણ બે - પાંચ વાક્યોની આપલે કરી લ્યે, સાવ ઓછું બોલવાની ટેવ હોવા છતાં જગાભાઈ, જાનકીને હોંકારો ભણે, અરે, ઊલટાનું જગો ક્યારેક સામેથી જાનકી સાથે મોકળા મને બે વાત પણ કરી લ્યે.

સવિતાબહેન વાવડીથી રિટાયર્ડ થયાં એટલે વાવડી ગામ છોડ્યું તે છોડ્યું. આમ અચાનક જગાભાઈ, અહીં જેલમાં મળી જશે અને જાનકીને પોતાને પણ જેલમાં આ રીતે આવવાનું થશે એવું તો ક્યારેય વિચાર્યું સુદ્ધાં નહોતું. વધુમાં જગાભાઈ જાણે જાનકીને ઓળખતા જ ન હોય એમ અજાણ્યાની માફક વર્તી રહ્યા હતા. ઉપરથી કેટલી નિર્લેપતાથી જગાભાઈએ તેનું બાવડું જાનકીના હાથમાંથી ઝાટકો મારીને છોડાવ્યું તે જોઈ જાનકી બાપડી ઓઝપાઈ ગઈ...

- અરે આવું તે કંઈ હોતું હશે ? આ તો જોખમી કહેવાય રાજેન્દ્રસિંહ ચિંતાતુર અવાજે ઉવાચ.

માનવામાં જ આવે તેમ નથી આ તો !!! બટકબોલી મીતાથી બોલી જવાયું.

- આમ બધા કેદીઓને છૂટથી થોડા હરવા ફરવા દેવાય ? ભાગી જાય તો ? રીજજુ, રીઝવાન આંખ પહોળી કરીને આશ્ચર્ય ઠાલવી રહ્યો હતો.જાનકી નેહા, જિગીષા, ઉપેન્દ્ર અને બીજા બધા મિત્રો આવાચક બની ગયા.

- મિત્રો, આપ બધાની ગઈકાલથી જે લોકો આગતા-સ્વાગતા કરી રહ્યા છે કે સારી રીતે ચા - પાણી અને જમવાની વ્યવસ્થા જોઈ રહ્યાં છે એ તમામ જેલના કેદીઓ છે. સુપરિન્ટેન્ડેન્ટ, મિ. શેખ સાવ સહજતાથી કહી રહ્યા હતા.

મિ. શેખ જેલભવનમાં તાલીમ પ્રભાગ સંભાળી રહ્યા હતાં અને તેમની સીધી દેખરેખ નીચે જેલ મેન્યુઅલ માનવ અધિકાર આર.ટી.આઇ. યોગસાધના સહિતના વિવિધ

વિષય પરત્વેના તાલીમ વર્ગ અહીં નિયમિતપણે ચાલતા રહેતા. જાનકી મહેતા, નેહા ઠક્કર, ઉપેન્દ્ર માંકડ સહિતના મિત્રો તેમની સર્વિસના ભાગરૂપે જેલ મેન્યુઅલની તાલીમ માટે અહીં જેલ ભવનમાં આવેલ.

સોમવારે સવારથી શરૂ થનાર ચાર દિવસીય તાલીમવર્ગમાં જોડાવા માટે દૂર દૂરના તાલુકામાં ફરજ બજાવતા અધિકારીઓ રવિવારે સાંજ સુધીમાં જેલ પહોંચી ગયેલ. તાલીમ માટે રજિસ્ટ્રેશન કરતા સમયે રહેવા જમવા સહિતની એકોમોડેશનની વ્યવસ્થા જેલ ભવન ખાતે ઉપલબ્ધ હોવાનું સૂચિત કરવામાં આવેલ જેથી તે બાબતે કોઈ ચિંતા ન હતી.

બીજા દિવસે સવારે સાડા દશે તાલીમ વર્ગ શરૂ થયો અને પ્રારંભિક પરિચયવિધિ બાદ જ્યારે મિ. શેખે જણાવ્યું કે કેમ્પસમાં દેખાતા અને અહીંતહીં આરામથી હરતાફરતા લોકોમાં મોટાભાગના કેદીઓ છે તો નોકરીમાં નવાસવા દાખલ થયેલા તમામ યુવા અધિકારીઓ આશ્ચર્ય પામી ગયેલા અને જાનકી મહેતા પણ તેમાં એક હતી. આમ તો વહીવટી સેવામાં દાખલ થાય તે પૂર્વે સરકાર દ્વારા તેઓનો પોલીસ દફ્તરનો રેકોર્ડ તપાસવામાં આવતો હોય છે. અને ત્યાર બાદ નિમણૂક આપવામાં આવતી હોય છે. સ્વાભાવિક પણે આ અધિકારીઓનો ગુનાઈત ઈતિહાસ શૂન્ય હતો. તેઓને જેલ કેદીઓ અને જેલજીવનનો પરિચય હોવાનો તો પ્રશ્ન જ નહોતો.

જેલ સુપરિન્ટેન્ડેન્ટની રૂએ તેઓના નિયંત્રણ તળે તાલુકા કક્ષાની સબજેલનો સમાવેશ થતો હોઈ જેલ માંહેના વ્યવસ્થાપન અને ધારાધોરણોનો અભ્યાસ કરવો આવશ્યક હતો. જેના ભાગ રૂપે તેઓ તાલીમ લેવા માટે અહીં જેલભવન ખાતે આવેલ. તાલીમ દરમિયાન તેઓને સેન્ટ્રલ જેલની અંદર મુલાકાત માટે લઈ જવામાં આવનાર હતા. અહીં યરવડા, તિહાર, સાબરમતી કે આર્થર જેલ હોઈ આપણને કોઈ ફરક પડે નહીં. જેલ તો જેલ જ છે, સરવાળે !!!

રવિવારે બપોરે પહોંચી ગયેલા જાનકી અને તેના મિત્રોને રૂમ ફાળવી દેવામાં આવેલી. બધા મિત્રો રૂમમાં ફ્રેશ થઈને કેમ્પસમાં આવેલો કૅન્ટિનમાં ચા-નાસ્તા સાથે ટોળટપ્પાં મારી રહ્યા હતા. અને ક્ષેત્રીય તાલીમમાં થતા જાતભાતના અનુભવ એકબીજા સાથે મોજથી શૅર કરી રહ્યા હતા. અચાનક કેમ્પસ માંહે આવેલા બગીચામાં આડેધડ ઊગી નીકળેલા ઘાસને દાતરડાથી વાઢી રહેલ ઓળા તરફ જાનકીનું ધ્યાન ગયેલ. દૂરથી પણ તેને ઘાસ વાઢી રહેલ આકૃતિમાં પરિચિતતા દેખાઈ. જે એકાગ્રતાથી અને કુશલતાથી તે માણસ દાતરડાથી ઘાસ વાઢી રહ્યો હતો એ જાનકી જોઈ રહી. તેને ધારી ધારીને પેલાની તરફ જોયે રાખ્યું. ઊંહું, જગાભાઈ તો અહીં ક્યાંથી હોઈ ? બને જ નહીં ને પોતાની કંઈ જોવામાં ભૂલ થતી હશે. જાનકીએ નજર ફેરવીને વિચારોને ખંખેરી નાખવાના કોશિશ કરી, પણ નજર વળીવળીને પેલાની તરફ ટીકીટીકીને જોઈ રહી હતી.

પંદર વર્ષ એકધારા વાવડી ગામના ચોકમાં સામસામેના ખૂણે રહેતી બે વ્યક્તિઓ પૈકી એક એ આ જાનકી તે જગાભાઈને ઓળખવામાં થાપ થાય એવું તો બને જ નહીં. જગાભાઈને ગામમાં કોઈ સાથે તકરાર કે બોલચાલ થાય એવું બન્યું નહીં હોય. પ્હાણો ફાટે તો જગાભાઈના મોઢામાં ઊંહકારો નીકળે. દી' ઊગે એટલે ખેતરે જવા નીકળી જાય તે છેક દી'આથમે પાછા વળે. વાવડી ગામમાં નાના મોટા સૌએ માનવું પડે કે જગા જેવો દીકરો ન થાય. આવું સાદું સરળ સીધી લીટીનું જીવન જીવનારો માણસ અહીં જેલમાં !!!

એ સમયે ઊગીને ઊભી થતી જાનકી માટે જગાભાઈ આકર્ષણનું કેન્દ્ર તેમાં જગાભાઈનો દેખાવ અને સ્વભાવ તો ખરો. એ સાથે જે રીતે કંચનભાભી તમારા ભાઈ, તમારા ભાઈ કરતાં જગાનાં વખાણ કરતાં થાકતાં નહીં એ કારણ પણ ખરું ! જાનકી માટે આદર્શ પુત્ર, ભાઈ, પતિની વ્યાખ્યામાં જગાભાઈ સંપૂર્ણપણે બંધ બેસતા.

એ ઉંમરે અણદીઠા ભાવી પતિ અંગેની જાનકીની કલ્પનાઓ અને આકારો છેવટે જગાભાઈ પાસે આવીને વેરવિખેર થઈ જતા એ જગાભાઈ અહીં ક્યાંથી ???

જાનકીએ પોતાનું ધ્યાન મિત્રમંડળની બેતૂકી વાતો પર કેન્દ્રિત કરવા નિરર્થક પ્રયત્ન કર્યો. બીજા દિવસે સોમવારે જ્યારે મિ. શેખ દ્વારા કહેવામાં આવ્યું કે કેમ્પસમાં જે હરતા ફરતા દેખાય છે, તે જેલના કેદીઓ છે એટલે જાનકીને તરત જ ગઈકાલે જોયેલ આકૃતિ યાદ આવી ગઈ. હા, એ છે તો જગાભાઈ જ જાણે !!! જાનકીએ અનયાસ મનોમન બબડી લીધું.

જેલભવન ખાતેની તાલીમ દરમિયાન જેલની પ્રત્યક્ષ મુલાકાતે તાલીમાર્થીઓને લઈ જવામાં આવતા હોય છે. પ્રથમ દિવસે બપોર બાદ જેલમાંથી સ્ટાફ/કેદીઓને લાવવા લઈ જવા માટેની જે બસ હતી તે બસમાં બધાએ સાવ ટૂંકી કહેવાય એવી મુસાફરી કરી અને જેલ મુલાકાતે પહોંચ્યા. જેલનું પરિસર રળિયામણું અને હરિયાળું હતું. એક વિશાળ ગામ જેટલા વિસ્તારમાં ફેલાયેલ જેલની અંદરનો ભાગ અનેક



વિભાગોમાં વહેંચાયેલ હતો. સો વર્ષ ઉપરાંતની જૂની પુરાણી આ જેલના બાંધકામને રિનોવેટ કરાયાનું જણાતું હતું. મિ. શેખ અને જેલભવનથી સાથે આવેલ અન્ય સ્ટાફ ઉત્સાહથી રસપૂર્વક જેલનો ઇતિહાસ - ભૂગોળ વર્ણવી રહ્યાં હતાં.

માનવ અધિકારની જાળવણી માટે જાગૃત સ્વૈચ્છિક સંસ્થાઓ અને નવી પેઢીના ઉચ્ચ શિક્ષણ સાથે માનવીય, નિદાનાત્મક, ઉપચારાત્મક અને સુધારાવાદી દૃષ્ટિકોણ ધરાવતા અધિકારીઓને લીધે જેલ એ કહેવા પુરતી જેલ ગણાય. બાકી અંદરનું વાતાવરણ ચહલપહલ વાળું અને બહોળા કુટુંબ જેવું જ લાગે.

દરેક જેલને એક જેલની આત્મકથા વિષય પર પોતાની આત્મકથા લખવાની થાય તો જેલને તેના પુરાતન કાળમાં કાળા પાણીની સજા કોને કહેવાય ત્યાંથી લઈને સ્વાતંત્ર્ય સંગ્રામના લડવૈયાઓ માંહેની મહાન વિભૂતિઓ સહિત ભયંકર ગુન્હાહિત કે દેશદ્રોહી પ્રવૃત્તિમાં સંડોવાયેલ ભ્રષ્ટ રાજકારણીઓ, ચંબલના ડાકુઓ, દાણચોરો, કુખ્યાત ગેંગસ્ટરો સહિત અનેક દાઉદ લતીફ, ચાર્લ્સ શોભરાજ, હર્ષદ મહેતાઓ જેવા કેદીઓનાં જેલવાસ માટે કંઈ કેટકેટલું કહેવાનું હશે !!!

ખેર, જેલમાં કેદીઓના વર્તન વ્યવહારથી લઈને તેઓની માનસિકતામાં હકારાત્મક પરિવર્તનના આશયથી અને જેલમાંથી બહાર નીકળ્યા બાદ કેદીઓ સમાજમાં પુનઃસ્થાપિત થઇ શકે, પુનઃસ્વીકાર્ય બને તે માટે જેલમાં રહીને કેદીઓને ઉચ્ચ અભ્યાસની સગવડતા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ માટે આઇ.જી.એન.ઓ.યુ.ના કોરસ્પોન્ડસ અભ્યાસક્રમોમાં કેદીઓ ઇચ્છે તો જોડાઈ શકે છે. આ ઉપરાંત જેલમાં જ ગૃહ ઉદ્યોગ કે લઘુ ઉદ્યોગ સંબંધિત વ્યવસાયિક તાલીમ આપવામાં આવતી હોય છે. વધુમાં કેદી કલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે ઇન્ડોર આઉટ ડોર ગેમ્સ રમાડવી, સંસ્કૃતિક કાર્યક્રમો આયોજિત કરવા, ધ્યાન, યોગાભ્યાસ, આર્ટ ઓફ લીવિંગ કે અન્ય મિશનરી પ્રવૃતિઓ પણ કરાવવામાં આવે છે.

ચાર બાય ચારની ખોલીમાં રહેતા કેદીઓને દિવસના



ભાગમાં તેઓની બેરેકની બહાર કાઢવામાં આવતા હોય છે. પાકા કામના કેદીઓ, કાચા કામના કેદીઓ, સ્ત્રી અને પુરુષ કેદીઓ, માનસિક રીતે અસ્થિર હોય તેવા કેદીઓ, માથાભારે અને ઝનૂની કેદીઓને અલગ અલગ બેરેકમાં રાખવામાં આવે છે.

જેલમાં કેદીઓને તેમની આવડત મુજબનું કામ આપવામાં આવે છે, જેમ કે સુથારી, લુહારી, દરજીકામ, બાગકામ વગેરે અને આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિઓમાં જોડવામાં આવે છે. શિક્ષિત કેદીઓને કમ્પ્યૂટર વર્ક કે વહીવટી કામગીરી સોપવામાં આવે છે તો કાયદાના અભ્યાસુ કેદીઓને લીગલ એઇડની કામગીરીમાં જોડવામાં આવે છે. કેદીઓનો રેકોર્ડ જોઈને સારી ચાલ ચલગત અને વર્તણૂક ધરાવતા કેદીઓને ઓપન જેલમાં રાખવામાં આવે છે. આજીવન કારાવાસ પામેલ કેદીઓને તેમનો વવર્ષોનો રેકોર્ડ જોઈ જેલની વિવિધ પ્રવૃત્તિઓમાં મુક્તપણે જોડવામાં આવતા હોય છે.

મિ. શેખ બધાને જેલમાં ફેરવતા ફેરવતા ખૂબ ઝીણવટપૂર્વક જેલની રુટિન પ્રવૃત્તિઓ, કેદીઓ વિશેની અવનવી વાતો જણાવી રહ્યા હતા.

જાનકી સાથેના બીજા અધિકારી મિત્રો પણ પ્રશ્નોત્તરી કરીને વધુને વધુ જાણવા સમજવા કોશિશ કરી રહ્યા હતા, પરંતુ જાનકીને મિ. શેખ કે મિત્રોના વાર્તાલાપમાં જાણે રસ જ નહોતો. તેની આંખો ચોમેરે બહાવરી બનીને કોઈકને શોધવા ફરી રહી હતી અને તેના મન મસ્તિષ્કમાં એક જ વાત ઘૂમી રહી હતી.

“મેડમ તબિયત નથી સારી ? આપને કંઈ તકલીફ હોય તો અમે ફરી લઈએ ત્યાં સુધી આપ ઑફિસમાં બેસો ! નો પ્રોબ્લેમ“ મિ. શેખ કહી રહ્યા હતા, પણ જાનકીનું ધ્યાન જ ક્યાં હતું મિ. શેખ ઉપર.

“જાનકી તબિયત સારી ન હોય તો તું રહેવા દે, અમે ફરી આવીએ” મીતાએ મિ. શેખની વાતને દોહરાવી. “હેંહાઆઆ... ના... કોઈ જ તકલીફ નથી. ઊલટાનું મને તો આ બધું જોઇને મજા આવે છે.” જાનકીએ ઉતાવળે મોઢે જે ચડયું તે ઝડપથી બોલી નાંખ્યું. તેને તો જેલનું પરિસર છોડવું જ નહોતું અને અહીં સુધી આવી ગયા પછી તેને એમ જ પાછા ફરવાનું કોઇ કાળે પોસાય તેમ નહોતું તેની આંખો જગાભાઈને જોવા માંગતી હતી તો તેનું હૃદય જગાભાઈ અહીં કેમ એ જાણવા બાવરું બન્યું હતું. લગભગ જેલમાં બે કલાક જેટલો સમય ગાળ્યા બાદ બધાને જેલ અધિક્ષક સાહેબની ચેમ્બરમાં મુલાકાત અર્થે લઇ જવામાં આવ્યાં. વડીલ એવા એ સિનિયર અધિકારીશ્રી જાડેજાએ તેમની વિશાળ કાચની દીવાલ વાળી ચેમ્બરમાં ચા-પાણી-નાસ્તો મંગાવ્યો. બધા મિત્રો ખૂબ આદરભાવથી જાડેજા સાહેબ પાસેથી જેલ અંગેની અલકમલકની વાતો સાંભળી રહ્યા હતા.

“જગા, જરાક જો તો. ચા-નાસ્તો આવતાં આટલું

મોડું કેમ ? જાડેજા સાહેબે ચેમ્બરમાંથી જ હાંક મારી અને તેની આ હાંક સામે બેઠેલ અધિકારીઓના માથા ઉપર થઈને પસાર થઈ. એ સાથે જ ઝડપથી જાનકીએ પોતાની ડોક પાછળ તરફ ફેરવી.ચેમ્બરની દીવાલ ભલે કાચની હતી પણ તેમાં ફરતે વચ્ચો વચ્ચે કાચને કાપવામાં આવેલી જેથી કાચના ઉપર નીચે બે અલગ ભાગ પડી જતા હતા. કાચ વચ્ચેના એ ખુલ્લા અવકાશમાંથી જાનકી અપલક જોઈ રહી. ગઈકાલ બપોરથી તેના મનમાં જે વહેમ પેસી ગયેલો તે સાચો પડતો જણાયો... હા, એ જ જગાભાઈ જ તો વળી... ઑફિસ આગળ ઊગી નીકળેલ ઘાસને દાતરડાથી વાઢી રહ્યા હતા.

રવિવારે જેલભવનમાં દૂરથી જોયેલ ઓળો... ફરી સોમવારે બપોરે જેલમાં જોવા મળ્યો ત્યારે જાનકીને ખાતરી થઈ ગઈ કે તેણે જેલ ભવનના પ્રાંગણમાં જેને જોયા હતા એ જગાભાઈ જ હતા. પેલા જાડેજાસાહેબની હાજરીમાં પોતે કેવી જગાભાઈનું નામ સાંભળી બેબાકળી થઈને પાછું ફરી જોવા લાગેલ તે દશ્ય અત્યારે પણ જાનકીની આંખ સામે તાદશ્ય થઈ ઊઠયું. હા, એ જ જગાભાઈ જ તો વળી. ઑફિસ આગળ ઊગી નીકળેલ ઘાસને દાતરડાથી વાઢી રહ્યા હતા... જાનકી આંખો ફાડી ફાડીને જગાભાઈને જોઈ રહી હતી. જાણે પોતાની આંખો પર તેને વિશ્વાસ જ નહોતો બેસતો !!! જાનકીએ મહાપ્રયત્ને હસતું મોઢું રાખીને એ દિવસે જાડેજાસાહેબની બાકીની વાતો સાંભળી. જેને વળી વળીને જોઈ રહી હતી એ જગાભાઈએ જ્યારે ચાનો કપ જાનકી સામે લંબાવ્યો ત્યારે જગાભાઈની સામે ઊંચું ઉપાડીને જોવાની હિંમત ઓસરી ગઈ હોય તેમ જાનકીએ માથું ધુણાવી ના પાડી દીધેલ. એ ઘડીથી તેના અંતરમનમાં ઉત્પાત થઈ પડેલ તે હજુ શમતો ન હતો.

મંગળવારનાં ચાલુ તાલીમ દરમિયાન ક્લાસમાંથી બારીની બહાર જાનકીની નજર જતાં જગાભાઈ ઊંધું ઘાલીને ઘાસ વાઢતા દેખાયા. રહી રહીને જાનકીને આશ્ચર્ય એ વાતનું થતું હતું કે પોતે જો જગાભાઈને ઓળખી ગઈ હોય તો જગાભાઈ તેને કેમ ન ઓળખી શક્યા અથવા તો ઓળખી ગયા હોવા છતાં ન ઓળખવાનો ઢોંગ કેમ કરી રહ્યા હતા. જે જોઈ તે પણ જાનકીએ મનોમન ગાંઠ વાળી કે એક વાર તો જગાભાઈ સાથે વાત કર્યે જ છૂટકો, તેઓ શા માટે અહીં જેલમાં છે તે જગાભાઈ ઈચ્છે અને કહે તો ભલે બાકી જાનકીને તો પ ેલા વાવડીવાળા સીધાસાદા, ભલાભોળા જગાભાઈને મળવું હતું. જાનકીને જગાભાઈ જેલમાં કેમ છે તેનાથી ક્યાં કોઈ નિસ્બત હતી. બુધવારે ક્લાસમાંથી હંમેશની જેમ જગાભાઈ ઘાસ વાઢતા દેખાયા, પણ જેવો ક્લાસ છૂટ્યો અને જાનકી હતી. જગાભાઈ પાસે જવા દોડી ગઈ ત્યાં તો એ પેલી બસમાં ચડી રહ્યાં હતા જે સાંજે કેદીઓને જેલમાં મુકવા જઈ રહી. જગાભાઈ... જગાભાઈ... હું જાનકી - જાનુ... બસની સાથે જ દોડતાં જાનકીએ બારી પાસે બેઠેલા જગાભાઈ ધ્યાન ખેંચવા કોશિશ કરી પણ જગાએ બારી બહાર નજર જ ન કરી અને છેવટે બસે તેની ગતિ પકડી. ભૂતકાળની એ ઓળખાણ જાનકીને એ હદે સંતાપી રહી હતી કે એક અધિકારીને ન છાજે એ રીતે વર્તવા બદલ જાનકીને પોતાની જાત ઉપર ચીડ ચડી રહી હતી.

સવારે ઉઠતાંવેંત જાનકીએ મન બનાવી લીધું હતું કે આજે તો ક્લાસ ભલે અધૂરો છોડવો પડે પણ જગાભાઈને મળીને રહેવું. આજે ગુરુવાર તો થઈ ગયેલો અને આવતીકાલે શુક્રવારે તેઓની તાલીમનો છેલ્લો દિવસ હતો. એટલે લાગ જોઈને ટી બ્રેકમાં તે મિત્રોના ઘેરામાંથી છટકીને, દોડીને જગાભાઈ પાસે ઉતાવળે પહોંચી ગઈ અને આગળ જઈ રહેલા જગાને રોકી બાવડું પકડી લીધેલ. કેમ્પસમાં ઘણાંની નજર જાનકીની પાછળ પાછળ દોડી રહી હતી અને જે રીતે જગાએ આંચકો મારીને જાનકીના હાથમાંથી તેનું બાવડું છોડાવ્યું અને ત્યાંથી ચાલવા માંડયું, એ જાનકી સિવાય ઘણાંએ જોયું પણ ખરું. જાનકી હતાશાભરી નજરે જગાને દૂર જતાં ક્યાંય સુધી જોઈ રહી... પોતે સામે ચાલીને ઓળખ આપવા છતાં... શરીરમાં થાક ભરાયો હોય તેમ જાનકી ધીમા પગલે પાછું ફરીને કેમ્પસમાં મૂકવામાં આવેલા બેંચ પર બેસી ગઈ.

"જાનકી, જગાને તમે ઓળખો છો હે ના ??? હું પહેલા દિવસથી આપને જોઈ રહ્યો છું કે આપને તે કેદી માટે કંઈ ખાસ લગાવ હોય તેવું જણાય છે." મિ. શેખ, જાનકીની બાજુમાં બેંચ પર બેસતા કહી રહ્યા હતા. આટલા દિવસની તાલીમના અંતે મિ. શેખને જાનકી સહિત બધા મિત્રોનાં નામ યાદ રહી ગયેલા.

હમ્મ... "જાનકીએ માથું ધુણાવ્યું."

"જાનકી ! મારી લગાવવાળી વાત માટે ગેરસમજ ન કરશો, કેમ કે જગાને મેં ક્યારેય પેરોલ મેળવી ઘરે જતાં જોયો નથી કે ઘર કુટુંબમાંથી કોઈ જગાને ક્યારેય મળવા આવ્યું હોય એવું મને યાદ નથી !" મિ. શેખના અવાજમાં જગા માટે ભારોભાર સહાનુભૂતિ ટપકી રહી હતી." જગાભાઈનો બહોળો પરિવાર છે... મા... ભાઈઓ... પત્ની, આઈ મીન કંચનભાભી... દીકરો... જાનકીએ મિ. શેખ સાથે અછડતી નજર મેળવતા ધીમેથી કહ્યું.



"જગો અહીં તેની પત્નીના ખૂનના ગુનામાં... મિ. શેખે જાનકીનું વાક્ય અધવચ્ચે જ કાપી નાખ્યું.

"કંચનભાભી... મા... કંચનભાભીનું ખૂન અને જગાભાઈએ... જાનકીને પોતાનો અવાજ જાણે ઊંડી ગુફામાંથી આવતો હોય તેમ લાગ્યું. આંખે અંધારપટ છવાઈ ગયો... જાણે ત્યાં જ ઢળી પડશે કે શું... બેંચની ધાર મજબૂતીથી પકડી લીધી.

"ખેતરે દાતરડાથી ગળું વાઢી નાખ્યું," મિ. શેખ કહી રહ્યા હતા અને જાનકી જોઈ રહી. અહીંતહીં બધે જગાભાઈ ઘાસ વાઢી રહ્યા હતા. ઝનૂનપૂર્વક ! દાતરડાથી જ સ્તો !

"જગાભાઈ કોઈનેય મારે એવા નથી. ઓળખુંને... કંચનભાભી ને જગાભાઈને બનતુંય એવું ! જાનકીનાં અવાજમાં ડૂમો ભરાઈ ગયો."

"તેણે મારી નાંખી એ... એ મરી જનાર, તેની પત્ની... તેણે જાતે કબૂલ કર્યું... કોર્ટમાં મી. શેખ કહી રહ્યા હતા."

"જગાભાઈ મારા માટે મોટાભાઇ જેવા... ભાભીને હથેળીમાં રાખતા... તે આવું કરે જ નહીં ને... જાનકીની આંખ છલકાઈ ઊઠી."

"અનુભવના આધારે એટલું કહી શકું કે સાધારણ રીતે ખૂન જેવો ગુનો આચરનાર વ્યક્તિએ કાં તો રોષમાં કે આવેશમાં આવી જઈને આવું કૃત્ય કર્યું હોય, અન્યથા પૂર્વઆયોજિત હોઈ શકે. જગાને ખપપૂરતી બોલવાની ટેવ એ પણ ઊંચા અવાજે નેવર અને તેના સ્વભાવની સાલસતા અને નિર્દોષતા જોતાં તે ગણતરીપૂર્વક ખૂન કરે તે માનવામાં આવે તેમ નથી... મિ. શેખ જે રીતે જગાભાઈનો પક્ષ મૂકી રહ્યા હતાં એ જોતાં જાનકીના વ્યથિત મનને કંઈક આશ્વાસન મળ્યું.

ભાઈઓ, મા, દીકરો... કોઇ કરતાં કોઈ મળવા નથી આવતું ? જાનકીથી સહસા પુછાઇ ગયું.

"ના, ક્યારેય નહીં". મિ. શેખે ક્ષણવાર અટકી ઉમેર્યું" : કદાચ પરિવાર જગાને માફ નથી કરી શકે એમ અને અહીં તો જગો પણ પોતાની જાતને માફ કરવા તૈયાર નથી... તે ખરેખર તો ક્યા ગુનાની સજા તેની જાતને આપી રહ્યો છે.

એ તો જગો જાણે અથવા જગન્નાથ... મિ. શેખે ઊભા થતાં જાનકીના માથે હાથ મૂક્યો.

મળવું છે મારે, એકવાર વાત કરવી છે. "જાનકીએ મિ. શેખ સામે જોયું. જાનકીના અવાજમાં વિનવણી હતી.

"નોટ પોસિબલ... તે નહીં માને... મેં અનેકવાર પ્રયત્ન કરી જોયા." મી. શેખે પૂર્વવત્ સ્વસ્થતા ધારણ કરી લીધી...

તમામ મિત્રો પોતાની હોમ પીચ પર પાછા ફરવા આતુર હોય તેમ કેમ્પસમાં ઊભી રહેલા બસમાં કલબલાટ કરતા ચડી રહ્યા હતા. જાનકી સાવ છેલ્લે ઊભા ઊભા મિત્રોને મસ્તી કરતાં બસમાં ચડતા જોઈ રહી હતી. ન ઇચ્છવા છતાં તેની નજર દૂર ઘાસ વાઢી રહેલા જગા ઉપર જઈને અટકી.

"મારું મન કહેતું હતું કે જગાભાઈ કોઈ કાળે... ખૂન... શા માટે ? શા માટે તમે કોઈને કંઈ કહ્યું નહીં ? જાનકીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં ને અવાજ તરડાઈ ગયો.

"બહેન, તું ઇચ્છે કે તારી કંચનભાભી પર કોઈ લાંછન લાગે ? કંચનના ભાગની સજા કંચને ભોગવી લીધી એ તો છૂટી ગઈ... તેનો અંત એ જ હતો... ઘરનાં જ ઘાતકી... હું પણ તેના માટે ક્યાંક દોષિત તો ખરોને... મારા ભાગની સજા મારે ભોગવવી રહી.

"જગાભાઈ ત્રુટક છૂટક કહી રહ્યા હતા.'

કોણ હતું એ ? ભલો ? ભરતભાઈ ? જાનકી વણકહી વાતમાંથી તાંતણો સાંધી રહી હતી.

"મારા માટે બહાર કે અંદર સજા એક જ છે, જેલ" જાનકીનો સવાલ સાંભળ્યો જ ન હોય તેમ જગાએ પોતાની વાત પૂરી કરી. તેના અવાજમાં ધ્રૂજારી હતી તો આંખોમાં ભીનાશ...

"આમ જેલમાં... જે ગુનો કર્યો નથી તેની... નથી જોવા... જાનકીના ગળે ડૂમો ભરાયો.

"અરે જાનુ ! તારે તો હવે જેલ અને મારા જેવા કેદીઓ સાથે રોજ પનારો પડવાનો..!!!" મન પરનો ભાર ઊતરી ગયો હોય તેમ હળવા થઇ જગાએ જાનકીનાં માથે હેતથી હાથ ફેરવ્યો. એ જ ઘડીએ જાનકીની નજર દૂર ઊભેલા મિ. શેખ પર પડી. જગાભાઈને તેની સાથે વાત કરવા તૈયાર કરવા બદલ તેના મોઢે તો એ જ ઘડીએ જાનકીએ થેંક્સ કહી દીધેલ અત્યારે ફરી બંનેની નજર મળી ત્યારે બંનેની આંખોમાં એકબીજા માટેનો આભાર નીતરી રહ્યો હતો...

બસમાં ચડતાં પૂર્વે જાનકીએ છેલ્લી વખત જગાભાઈ સામે જોયું... સમંદરપેટો એ જણ કુમાશથી દાતરડા વડે ઘાસ વાઢી રહ્યો હતો. બસ ઊપડી ગઈ... પાછળ છોડીને... એ તાલીમ... જેલભવન... અને...

*'શ્રી', C/o. જયેશભાઈ એમ. મહેતા,*
*કડવા પટેલ સમાજ સામે, મુ. માળિયા હાટીના-૩૬૨૨૪૫.*
*મો. ૯૮૨૫૩૩૬૮૦૮*



# મહામાયા

*- પિનાકિન દવે*

રૂપાપુરી નામે એક ગામ છે, ગુજરાતમાં તે આજે પણ મોટું ગામ છે. સદીઓ પૂર્વે પણ મોટું ગામ હતું. તે સમયે...

રૂપાપુરીનો બધો મહિમા ત્યાંના માતાના મંદિરના સ્થાનકને કારણે હતો. આખા પ્રદેશમાં તે જાણીતું. લોકો દૂરદૂરથી અહીં આવતા, દર્શન કરી ધન્ય થતા. લોકોમાં માતાના પરચાની વાતો ખૂબ ચાલે. મંદિર કોઈ બહુ મોટું કે ભભકદાર નથી પણ લોકોની આસ્થા ઘણી છે.

મંદિરના પાછળના ભાગમાં મોટું તળાવ છે. શ્રદ્ધાળુઓ તેમાં સ્નાન કરી માતાનાં પૂજન-અર્ચન કરી જીવન સફળ કરતા. મંદિરની ફરતે ચારેતરફ વરખડાનાં વૃક્ષોની ઝાડી આવેલી છે. કોઈ તે વૃક્ષોને કાપતું નથી. તેનું પાંદડું પણ કોઈ ના તોડે. લોકો માને છે કે તેમ કરવાથી માતાજીનો અપરાધ થાય, માતાજી કોપાયમાન થાય. માતાજીને વિહાર કરવા માટેનું આ વન છે. બધા તેને લીલાવન તરીકે ઓળખે છે.

જોકે, પૂજારી ગિરિજાપ્રસાદ આ વરખડાનાં લાકડાં જ કાપે છે ને બાળે છે, પણ એ જુદી વાત કહેવાય માતા એને કાંઈ ન કરે. એના કુટુંબ પર માતાની કૃપા છે. ગિરિજાપ્રસાદને સાતેક વર્ષનો એક છોકરો છે. અંબિકાપ્રસાદ તે પણ માતાજીની કૃપાથી જ અવતરેલો.

ગિરિજાપ્રસાદ વહેલી સવારે તળાવમાં સ્નાન કરી આવી પૂજામાં લાગી જતા. સવારની આરતીમાં ઝાઝું લોક આવતું નહીં. પૂજા-આરતી કરી ગિરિજાપ્રસાદ આખું મંદિર ને સામેનો ચોક વાળી સાફ કરતા પછી માતાનું પ્રસાદી દૂધ અંબિકાપ્રસાદ સાથે પી તેને ભણાવવા બેસતા.

બધો વખત તેમનું ધ્યાન તો મંદિરની બહાર જ રહેતું. કોઈ યાત્રાળુનું ગાડું છૂટે, બળદનો ડોક પરની ઘૂઘરમાળ રણકે એટલે ગિરિજાપ્રસાદ પ્રસન્ન થઈ ઊઠે. ગૃહિણી સાથે આંખ મળતાં જ વાત થઈ જાય. તે સફાળા ઊઠી મંદિરના ગર્ભગૃહમાં ગોઠવાઈ જાય ને મંત્રો જપવા માંડે. યાત્રાળું અંદર આવે કે તરત બોલે : 'પધારો યજમાન !'

યાત્રાળુ પણ હાથ જોડીને કહે : 'પાય લાગું મહારાજ.'

'ધર્મે જય.' તે ઉત્તર આપે અને ઉમેરે : 'અહીં માતાજીની સામે મારે, તમારું, સહુએ આ એક દેવીનાં ચરણોમાં જ નમવાનું, સકળ સિદ્ધિ દાયી, જગજજની, સર્વે બાધા પ્રશમનં ત્રૌલોક્યસ્યઅખિલેશ્વરી... કંપા ગામથી આવવાનું થયું ?'

તેમનું કુટુંબ બપોર સુધી યાત્રાળુની વાટ જુએ ને ત્યારબાદ જ રસોઈ માંડે. બપોર થતાં સુધી જો કોઈ યજમાન ન આવે તો ગિરિજાપ્રસાદ ગૃહિણીને કહે : 'માતાજીને આજે આપણા ઘરનો ખીચડીનો પ્રસાદ આરોગવો છે. ઝટ તૈયાર કરો એટલે હું થાળ કરું.'

આટલું બોલતાં તો તેમની દૃષ્ટિ મંદિર પરના સુવર્ણકળશ પર ને તેની પાસેના ધ્વજદંડ પર લહેરાતી ધજા પર જ મંડાયેલી રહે.

વાતવાતમાં તે બોલતા : 'જેવી માતાની ઈચ્છા. આ તો મહામાયા છે, કોણ તેનો પાર પામી શક્યું છે ?'

પરંતુ હમણાંથી યાત્રાળુ ઝાઝા આવતા નથી. લોકોમાં મ્લેચ્છોનો ભય વ્યાપેલો છે. ગિરિજાપ્રસાદ જ લોકોને સમજાવતા. પહેલાં જેમ રાક્ષસો યજ્ઞોનો વિધ્વંસ કરતા, તેમ આ મ્લેચ્છો આપણાં મંદિરાના નાશ કરે છે. આપણા આરાધ્ય દેવ-દેવીની મૂર્તિ ઓ તોડે છે. ઘોર કળિયુગ આવી ગયો છે.'

અંબિકાપ્રસાદને સવાર-સાંજ એક એક શ્લોક મોઢે કરવા પડશે. અને ગિરિજાપ્રસાદ બપોરે જમતાં પહેલાં અને રાત્રે સૂતાં પહેલાં તે બોલાવી જતા. અત્યારે પણ અંબિકાપ્રસાદ મંદિરની પાછળ આવેલા તેમના ઘરના આંગણામાં બેસી-જનોઈ સાથે રમતાં રમતાં શ્લોક ગોખી રહ્યો હતો.

ગિરિજાપ્રસાદ સાંજની પૂજાની તૈયારીમાં પડ્યા

હતા. સ્નાન કરી, પીતાંબર પહેરી તેણે કપાળમાં કંકુ તિલક કર્યું, પછી તેણે દરવાજા બંધ કરી માતાનાં વસ્ત્રો બદલ્યાં. નવાં આભૂષણો ધારણ કરાવ્યાં. હાથમાં સોનાનાં કંકણ પહેરાવ્યાં. ગળામાં સોનાના બે હાર પહેરાવ્યા. પાસે અખંડ દીવો ઝળહળતો હતો તેના પ્રકાશમાં તેણે દૂર ખસી માતાની શોભા જોવા પ્રયત્ન કર્યો. તેને શણગારથી સંતોષ ન થતાં તેણે માતાના કંઠમાં એક વધારે મોતીનો હાર પહેરાવ્યો. કટિ પર મેખલા બાંધી કપાળમાં સોનાનો ટીકો લગાવ્યો. માતાના હાથને કંકુમથી બરાબર રંગ્યા.

ફરીથી થોડે દૂર ખસી તેણે અવલોકન કર્યું. તેને લાગ્યું જાણે માતા તેની સાથે પ્રસન્ન સ્મિત રેલાવી રહ્યાં છે. આ દરમિયાન તે મોઢેથી સપ્તશતીના શ્લોકોનો પાઠ તો કરતો જ હતો. તેણે મોટેથી ઘંટાનાદ કર્યો ને ગાવા માંડ્યું : 'ઘંટાસ્વનેન ન પાહિ...'

અખંડ દીવા સિવાયની બે દીપમાળાઓમાં દિવેટો પ્રગટાવી ઘી પૂર્યું. માતાજીના કેશમાં ફૂલની વેણી મૂકી ફૂલમાળાઓ ધરી અને ચરણોમાં ફૂલ ગોઠવ્યાં.

મંદિરના ગર્ભગૃહમાં ધીરેધીરે ગામલોકો એકત્ર થવા લાગ્યા. કોઈક ભાવિક યુવાને ખૂણામાં પડેલા નગારા પર ડંકાને ચોટ દીધી. બીજા યુવાનોએ મંદિરમાં લટકતા બીજા ઘંટ વગાડવા શરૂ કર્યા.



ગિરિજાપ્રસાદે મંદિરની અંદરથી શંખ ફૂંક્યો ને હળવેથી બંધ દ્વાર ખોલ્યાં. ચારેતરફ લોકોમાં 'જય હો, જય હો, જગદમ્બાનો જય હો'નો નાદ ગુંજ્યો.

તે સમયે છડી પોકારનાર આવી પહોંચ્યો હતો. તેણે પોતાના કર્કશ અવાજે મોટેથી પોકાર પાડ્યો 'સોનેકી છડી, રૂપે કી મઢી, ત્રણે લોકના ધિયાણી, સચરાચર જગતના રચનાર, અસુરોને સંહારનાર, દીનદુઃખિયાના પાલનહાર, મહાદેવી જગદમ્બિકા માતા સિદ્ધિદાત્રીને ઘણી ખમ્મા...'

મંદિરના ગુંબજમાં તેના પડઘા ગાજી રહ્યા. 'ઘણી ખમ્મા' ગિરિજાપ્રસાદે પૂજાના મંત્રો ભણતો આરતી પ્રકટાવી. લોકોએ જણાવ્યું હતું : જાણે માતાજીનું તેજ આખા મંદિરમાં પ્રસરી રહ્યું છે.

આરતી પૂરી થતાં અવજો બંધ થયા. એક ક્ષણવાર સૂનકાર વ્યાપી ગયો. પ્રસાદ વહેંચાયો તે લઈ લોકો વિખરાવા લાગ્યા. કેટલીક સ્ત્રીઓ નારિયેળ તથા નૈવેદ્ય લઈ આવી હતી. તેમનાં નારિયેળ વધેરી આપી, નૈવેદ્ય પોતાની કથરોટમાં ઠાલવી ગિરિજાપ્રસાદે સહુને પ્રસાદી આપી. દક્ષિણા રૂપે જે દ્રવ્ય મળતું હતું તે પોતાના વસ્ત્રમાં બાંધી લઈ તેણે માતાજીને દંડવત્ પ્રણામ કર્યા. તે હવે ઘર તરફ જવાની તૈયારી કરતો હતો. ત્યારે તેની નજર બહાર ઓટલા પર એકલા બેસી રહેલા મુખી પર પડી, તે ઝડપભેર ત્યાં ગયો ને બોલ્યો : 'ઓહો મુખી, તમે આવ્યા છો તે તો મારા ધ્યાનમાં જ નહોતું.' 'તમે આરતી-પૂજામાં લીન હતા' મુખી બોલ્યા.

'પ્રસાદ લીધો કે નહીં ?'

'પ્રસાદ તો લીધો છે.'

ગિરિજાપ્રસાદે ધારીને જોયું તો મુખીના મોઢા પર ઉચાટ દેખાતો હતો. માથા પરનું ફાળિયું ઢીંચણ પર મૂકી તે થાંભલાને અઢેલી બેઠા હતા. આંખો વધારે ઉઘાડમીંચ થતી હતી. વારેવારે મૂછોના આંકડા પર જતો હાથ જાણે લાચારની જેમ લટકતો હતો.

ગિરિજાપ્રસાદથી પુછાઈ ગયું. 'મુખી, કાંઈ ચિંતામાં છો ?'

મુખી ગિરિજાપ્રસાદને સામે બે પળ અપલક તાકી

રહ્યા. પછી પરાણે બોલતા હોય તેમ કહેવા માંડ્યાં. 'ચિંતામાં નથી એમ કહું તો ખોટું છે. મારે માતાના દરબારમાં ખોટું શા સારુ બોલવું ? ચિંતા છે અને તે પણ કોઈ નાનીસૂની નહીં, આભલું ઊંધું વળે તેવી ચિંતા, મને અંદરથી કોરી ખાય છે અને કોઈ મારગ પણ જડતો નથી.'

કપાળમાં લખેલો પરસેવો લૂછતાં તે અટક્યા.

'બધી ચિંતા માને સોંપી દો. જગદમ્બાએ ધાર્યું હશે તે થશે.'

'પણ આ તો મા માટેની જ ચિંતા છે.'

આંખો ઝીણી કરતાં ગિરિજાપ્રસાદ કહ્યું : 'મને સમજાયું નહીં.'

'એવા વાવડ આવ્યા છે કે મ્લેચ્છો આપણી માતાનું આ દેવળ ભાગવા ચઢી આવવાના છે.'

ગિરિજાપ્રસાદને લાગ્યું જાણે મંદિરના થાંભલા તેના પર તૂટી પડે છે. બધું ચકરાવે ચડ્યું છે, તે મુખીની સામે બેસી પડ્યો ને કપાળે હાથ દઈ બોલ્યો. 'તો તો ગજબ થાય મુખી, બીજે બધે આવું થતું આપણે સાંભળતા આવ્યા છીએ. હવે શું થશે ?'

'મોત, બીજું શું ? ગામને માથે મોત ભમતું મને દેખાય છે. માતાજીનું દેવળ ભાંગે તે પહેલાં મારે-મારે તો મરવું જ પડેને !'

'એ તો ખરું છે. આપણા જીવતરનો અર્થ શો ?.. પણ મને લાગે છે કે બીજા કોનું શરણું લઈએ ?'

મુખીની ચિંતા સાચી પડી. તે રાત્રે જ સિપાઈઓની એક ટુકડી મંદિર તોડવા આવી પહોંચી. બધા મ્લેચ્છ સિપાઈઓ ઘોડા પર આવ્યા હતા. તેમની પાસે તલવાર-ભાલા - બંદૂર જેવાં હથિયાર હતાં. તેઓ લડાઈની તાલીમ પામેલા ને કસાયેલા હતા.

તેમની સામે ગ્રામજનો તાલીમ વિનાના ને હથિયાર વિનાના કેટલો સમય ટક્કર લઈ શકે ? કેટલાંક તીર-કામઠાં લઈને તો કેટલાક તલવાર ને ધારિયાં લઈને મંદિરના રક્ષણ માટે આવી ગયા. ગિરિજાપ્રસાદ તેમને પોરસ ચઢાવતા હતા.

આ મહામાયા જ બધાંનો સંહાર કરશે આપણે તો નિમિત્ત જ થવાનું છે. કોઈએ ડરવું નહીં.

તેમણે મોઢેથી પોકાર કર્યો : 'જય જગદમ્બા'ને લોકોમાં શૂરાતન ઉભરાયું. સિપાઈઓ અને ગ્રામજનો વચ્ચે ધીંગાણું ખેલાયું.

ગિરિજાપ્રસાદ મંદિરમાં જઈ માતાની મૂર્તિ સામે ઊભા રહી બે હાથ જોડી સ્તુતિગાન કરવા લાગ્યા, પરંતુ તે પહેલાં તેમણે અંબિકાપ્રસાદને પાછળના દરવાજાથી નાસી જવા કહ્યું અંબિકાપ્રસાદ ન માન્યા. તેઓ મંદિરના ગર્ભગૃહમાં જ રહ્યો.

મંદિર બહારથી બંદૂકોના અવાજો આવતા હતા. તે સાથે મરનાર કે ઘાયલ થનારની ચીસો પણ સંભળાતી હતી. થોડીવારમાં મંદિરના તોતીંગ દરવાજા તૂટવાનો અવાજ આવ્યો. મશાલો સાથે કેટલાક ઘોડેસવાર મંદિરના પરિસરમાં ધસી આવ્યા. તેમના હાથમાંની ખુલ્લી તલવારો મશાલના અજવાળામાં ચમકતી હતી. અને તેના પરથી લોહી જાણે કુંકુમ હોય તેમ ઝમતું હતું. ચારેક સિપાઈઓ મંદિરની અંદર પ્રવેશ્યા. આ જોતાં જ નાનકડો-અંબિકાપ્રસાદ એક થાંભલાની પાછળ સંતાઈ ગયો. તેનું શરીર ધ્રૂજી રહ્યું હતું. તે જોતો હતો ને એક સિપાઈ આગળ વધ્યો. તેણે માતાની મૂર્તિની સામે હાથ જોડી ઊભેલા ને મુખેથી શ્લોકો ભણતા ગિરિજાપ્રસાદને તલવારના એક ઝાટકે બલિના પશુની જેમ વધેરી નાખ્યો. અંબિકાપ્રસાદે પરાણે ચીસને ગળામાં રુંધી રાખી. તે સિપાઈએ તલવારના બીજા પ્રહારથી માતાની મૂર્તિના કટકા કરી નાખ્યા.



વધારે સિપાઈઓ મશાલો સાથે ત્યાં આવી પહોંચ્યા. તેમણે મંજૂષામાંથી માતાનાં સોના-ચાંદીનાં આભૂષણો લૂંટી લીધાં. માતાની મૂર્તિ પરથી પણ આભૂષણો ઉતારી લીધાં. પટારામાં પડેલાં કીમતી વસ્ત્રો પણ લઈ લીધાં. ત્યાર બાદ તેમણે મશાલથી તેમાં આગ ચાંપી દીધી.

અંબિકાપ્રસાદ આ જોઈ ગભરાઈ ગયો હતો. તેણે પોતાના નિવાસ તરફ જવા દોડવા ચાહ્યું, પણ ત્યાંનું દૃશ્ય વધારે કંપાવનારું હતું. ત્યાં તેની માતાને સિપાઈઓ બળજબરીથી ઉઠાવી જઈ રહ્યા હતા. તેને થતું હતું 'આના કરતાં તો મારી નાખે તો સારું' પોતાની જનેતાનો વલોપાત તેનાથી જોયો જતો નહોતો.

તે મંદિર બહાર જતાં તો બેહોશ થઈ ઢળી પડ્યો.

સવાર થયું ત્યારે સિપાઈઓ ચાલ્યા ગયા હતા. મંદિરમાં ચારેતરફ તોડફોડ કરાઈ હતી. બધી મૂર્તિઓ ખંડિત કરાઈ હતી. મંદિરનાં ઘંટ અને નગારાં પણ તોડી નાખવામાં આવ્યાં હતાં.

ગામના લોકો ડરતા ડરતા ત્યાં આવ્યા ત્યારે તેમણે ચારેતરફ મૃતદેહો જોયા. કેટલાક ઘાયલ કણસતા પડ્યા હતા. તેમની વચ્ચે મુખીનો મૃતદેહ પણ પડ્યો હતો. ઘાયલોને ઓળખી ઓળખી તેમને ઘેર પહોંચાડવામાં આવ્યા ત્યારે કોઈકની નજર બેભાન પડેલા અંબિકાપ્રસાદ પર પડી. તે બૂમ પાડી ઊઠ્યો : 'અલ્યા જુઓ, નાના મહારાજ જીવતા હોય તેમ લાગે છે.'

તે લોકોએ પાણી છાંટી અંબિકાપ્રસાદને ભાનમાં આણ્યો. લોકોએ જ કહ્યું : 'નાના મહારાજને ગાડામાં બેસાડી ગામમાં લઈ જાઓ, ડઘાઈ ગયા છે.'

'આવું ડરામણું દૃશ્ય જોઈને કોઈ પણ ગભરાઈ જાય.'

'અને પાછા મોટા મહારાજ તેમની આંખો સાથે દેવગતિ પામ્યા હોય.'

'અલ્યા શોધોને, ગોરાણીમા ક્યાંય જડે તો !'

આ સાંભળી બીજો બોલ્યો : 'બૈરાં માણસને તો આ સિપાઈઓ હું તમારો મહારાજ તમને ના કહું છું. મંદિર અને મૂર્તિઓની વાત ન કરશો. મારી તો તેનાથી આજીવિકા ચાલવાની છે, છતાં હું ના કહું છું. કારણ કે મને તમારા બધાંના જીવતરની કિંમત છે, છતાં હું ના કહું છું... મૂર્તિઓનું રક્ષણ પણ આપણે જ કરવું પડે છે ને તેના માટે પ્રાણોની આહુતિ આપવી પડે છે. તમારે આ અંબિકાપ્રસાદને પણ હોમી દેવો છે ? મારો આ દેહ તમારા અન્નથી પોષાયો છે. તમે ઇચ્છો છો કે મારે પણ દેવીના ખપમાં હોમાવું ? હું તો તૈયાર છું, પણ તમને હોમવા નથી ઇચ્છતો કૃપા કરો. હવે થંભો.'

આટલું બોલતાં તો તે બે હાથે મોઢું ઢાંકી રહી પડ્યો. બધા તેને સાંત્વના આપી ત્યાંથી ગામમાં લઈ ગયા.

પણ પછી તેમણે શેઠની જય બોલાવી, જગદમ્બાની જય બોલાવીને નવી મૂર્તિઓ માટે હા કહી દીધી. મંદિર ફરી ઊભું કરી દીધું.

*૫, ન્યૂ ઉમિયાવિજય સોસાયટી,*
*રન્નાપાર્ક પાસે, ઘાટલોડિયા, અમદાવાદ.*
*ફોન : ૦૭૯-૨૭૪૭૧૯૬૯ (નિ)*




"થનગનાટ"
વિનોદ રાઠોડ
મો. 9427607137


“બસ આપણે બે...”
ભાટી એન
મો. 9825636040


"વૈદેહીનો વૈભવ"
સોનલ સરવૈયા
મો. 9275065288


"પાળીયા"
રક્ષા ભટ્ટ
મો. 9979865686

# કમિટમેન્ટ

*- પ્રફુલ્લ કાનાબાર*

"કૃતાર્થ, એજ્યુકેશન સિસ્ટમને દોષ આપવાનું બંધ કર. કૉલેજમાં કાયમ જલસા કર્યા અને આજે હવે એવું કહે છે કે કૉલેજ કેમ્પસમાં એક પણ કંપની આવી જ નહીં... એ તારું નિરાશાવાદી વર્તન દર્શાવે છે."

"પપ્પા, મેં તમને એડમિશન લેતી વખતે જ કહ્યું હતું કે મને એન્જિનિયરિંગમાં બિલકુલ રસ નથી. એન્જિનિયર થવા માટે હું જન્મ્યો જ નથી."

"તો શું વડાપ્રધાન થવા માટે જન્મ્યો છે ?" - અજીતરાયનો ગુસ્સો સાતમા આસમાને હતો.

એક નો એક દીકરો હોવાથી કૃતાર્થ બાળપણથી જ મમ્મીપપ્પાનો લાડકો હતો. જે મનમાં હોય તે બેધડક કહી દેતાં અચકાતો નહીં. કૃતાર્થને બાળપણથી જ સંગીતનો શોખ હતો. ગિટાર ખૂબ સારી વગાડી લેતો હતો. અજીતરાયને ભવિષ્યમાં તેમનો દીકરો કોઈ ફાઈવસ્ટાર હોટેલના ડાન્સ બારમાં ગિટાર વગાડે એ મંજૂર નહોતું. કદાચ તેથી જ દેશની સૌથી મોંઘી કૉલેજમાં પેમેન્ટ સીટમાં કૃતાર્થનું એડમિશન કરાવ્યું હતું. કૃતાર્થને માત્ર એજ્યુકેશન સિસ્ટમ સામે જ વાંધો હતો એવું નહોતું, એને દુનિયામાં એકધારું જીવન જીવતા તમામ માણસોની રીત સામે જ વાંધો હતો. કૃતાર્થને દુનિયામાં જીવતા કરોડો લોકો જેવી રુટિન લાઈફ નહોતી જીવવી. એ ઘણી વાર વિચારતો કે આ તો સાલી જિંદગી છે ? પહેલાં નોકરી મેળવવી, પછી લગ્ન કરવાં, બાળકો પેદા કરવાં ત્યાર બાદ બાળકોનાં લગ્ન અને છેલ્લે નિવૃત્તિ બાદ બગીચાના બાંકડા પર બેસી જવું.

"પપ્પા, મારે તમારી જેમ નોકરીમાં આનંદ શોધવો નથી. બૅંકની નોકરીમાં તમે જીવનનાં કેટલા વર્ષ આપી દીધાં ? તમે ક્યારેય એવું વિચાર્યું કે આ મારું મનગમતું કામ છે ખરું ?"

"દીકરા, જે કામ મળે તેને મનગમતું કાર્ય માનીને જ કરવાનું હોય."

"પપ્પા, દુનિયાના મોટા ભાગના માણસો પરિસ્થિતિનો સ્વીકાર કરીને જિંદગીને કોઈ ભારની જેમ ખેંચી કાઢે છે. કોઈક અણગમતું કામ કરે છે, તો કોઈક અણગમતી વ્યક્તિ સાથે લગ્ન કરી બેસે છે અને લગ્ન પણ સુખી થવા માટે નહીં, રાધર સુખી દેખાવા માટે કરે છે."

દીકરાનું છેલ્લું વાક્ય અજીતરાયના દિલમાં તીરની જેમ ભોંકાઈ ગયું. "સુલેખા, તું જ સમજાવ તારા લાડકા દીકરાને..." એટલું બોલીને અજીતરાય નોકરીએ જવા માટે નીકળી ગયા હતા. આખે રસ્તે અજીતરાય વિચારી રહ્યા... બૅંકમાંથી લૉન લઈને કૃતાર્થની મોંઘી ફી અને હોસ્ટેલનો ખર્ચ ઉઠાવ્યો... ભલે એમાં મેં કોઈ ઉપકાર નથી કર્યો. મારી ફરજ હતી. પણ હવે દીકરાએ કમાવા માટે તો કંઈક વિચારવું પડે ને ?

બૅંકમાં પહોંચ્યા બાદ પણ અજીતરાય અપસેટ જ હતા. કૃતાર્થની વાત વિચારવા જેવી તો હતી જ... ત્રીસ વર્ષની નોકરીમાં એકધારી આંકડાની માયાજાળ, કોઈ નવીનતા નહીં. પણ શું થાય ? જીવનનિર્વાહ માટે આ નોકરી કર્યા સિવાય છૂટકો પણ ક્યાં હતો ? અચાનક તેના કાનમાં કૃતાર્થના અવાજના પડઘા પડ્યા... કોઈક અણગમતી વ્યક્તિ સાથે લગ્ન કરી બેસે છે સુખી થવા માટે નહીં પણ સુખી દેખાવા માટે... કેટલું સચોટ વાક્ય ? નવી પેઢીના યુવાન દીકરાનું એ વાક્ય ખુદની જિંદગીમાં બરોબર બંધબેસતું હતું અજીતરાયને સુલેખા સાથે તો ક્યાં લગ્ન કરવાં જ હતાં ? કૉલેજ લાઇફમાં આરતી સાથે ગળાડૂબ પ્રેમમાં હતા. આરતી સાથેનો તેમનો પ્રેમ લગ્નમાં જ તબદીલ થશે એવું બંને પ્રેમીઓનું પરસ્પરનું કમિટમેન્ટ હતું. અચાનક આરતીને અમેરિકામાં ડોલરમાં કમાતો ધનવાન રાજેશ મળી ગયો હતો. આરતી મિડલ ક્લાસના અજીતરાયને છોડીને ધનવાન રાજેશને પરણીને અમેરિકા ઊડી ગઈ હતી. અજીતરાય માટે એ આઘાત જીરવવો અઘરો થઈ પડયો હતો. જીવનમાં ઘણી વાર અણધારી નિષ્ફળતા મળે અને ખાસ કરીને પ્રેમમાં મળે ત્યારે માણસને ડિપ્રેશન આવી જતું હોય છે. અજીતરાય પણ ડિપ્રેશનમાં સરી પડ્યા હતા. મનોચિકિત્સકની સારવાર પણ લેવી પડી હતી. કૉલેજ પૂરી કર્યા બાદ અજીતરાયને બૅંકમાં નોકરી મળી ગઈ હતી. જ્ઞાતિમાંથી માગાં આવવા લાગ્યાં હતાં. અજીતરાયને કોઈ છોકરીમાં રસ નહોતો. લગ્ન કરવામાં પણ રસ નહોતો. સુલેખાનું માગું આવ્યું ત્યારે અજીતરાય સુલેખાને જોવા જવા પણ તૈયાર નહોતા, વિધવા માએ તેમને સમજાવ્યા હતા. "દીકરા, એક છોકરી દગો આપી ગઈ, તેનો મતલબ એવો નથી કે બધી છોકરીઓ બેવફા હોય છે. મને ખુશ જોવા ઈચ્છતો હોય તો સુલેખા સાથે લગ્ન કરી લે. હું તેને અને તેના કુટુંબને ઓળખું છું." વિધવા માની તમામ ઈચ્છાઓ પૂરી કરનાર આજ્ઞાંકિત અજીતરાય આખરે નાછૂટકે લગ્નના પાટલે બેસી ગયા હતા. સુલેખા પ્રત્યે તેમને પહેલેથી જ પ્રેમ જાગ્યો જ નહોતો. એરેન્જ મેરેજમાં હમેશાં લગ્ન પછી જ પ્રેમ કરવાનો હોય છે. અજીતરાયના હૃદયમાં વહેતું પ્રેમનું ઝરણું આરતીના ગયા બાદ બિલકુલ સુકાઈ ગયું હતું. સુલેખાને દિલથી પ્રેમ કરવાનું તેમને માટે ક્યારેય શક્ય

બન્યું જ નહોતું. સુહાગરાતે પણ અજીતરાયે સુલેખા સાથે રોમાન્સનો રોમાંચ અનુભવ્યો નહોતો. એકધારી જીવાતી જિંદગીની ઘટમાળમાં અજીતરાયના સુલેખા સાથેના શારીરિક સબંધો કાયમ યંત્રવત્ જ રહ્યા હતા. કૃતાર્થના જન્મ બાદ પણ પતિપત્ની વચ્ચે કાયમની સ્પેસ રહી ગઈ હતી.

સુલેખાનો સ્વભાવ શાંત હતો. તેને બાળપણથી જ ગીતસંગીતનો અતિશય શોખ હતો. તેની પાસે જૂનાં ક્લાસિકલ ગીતોનું ઘણું મોટું કલેક્શન હતું. અજીતરાય બૅંકમાં જાય એટલે સુલેખા આખો દિવસ ટેપ રેકોર્ડરમાં મોટા અવાજે ગીતો સાંભળતી અને ઘરનું કામ કરતી જતી. સુલેખાનો મ્યુઝીકનો શોખ જ દીકરા કૃતાર્થમાં ઊતર્યો હતો. અજીતરાયને સંગીતમાં બિલકુલ સમજ પડતી નહોતી. લેખન, વાચન, ક્રિકેટ કે અન્ય કોઈ પણ શોખ અજીતરાયના જીવનમાં ક્યારેય પ્રવેશ્યો જ નહોતો. બૅંકની પાસબુક સિવાય તેમણે ક્યારેય કોઈ બુક વાંચી નહોતી. સુલેખા સાથે પણ તેઓ જરૂર પૂરતી જ વાત કરતા. આખો દિવસ તેમનું મન આંકડાઓની માયાજાળમાં જ ખોવાયેલું રહેતું. સ્ટાફના અન્ય મિત્રોના દીકરાની જેમ કૃતાર્થ પણ સારા પગારની નોકરી કરે એ જ અજીતરાયની એક માત્ર ઇચ્છા હતી. નોકરીની સાથે સાઈડમાં પણ મ્યુઝિકનો શોખ પોષી શકાય એવું અજીતરાયનું માનવું હતું. અજીતરાય એમની રીતે સાચા હતા કદાચ તેથી જ કૃતાર્થના પેશનને સમજવાનું તેમને માટે દુષ્કર હતું. સવારે ગુસ્સામાં યુવાન દીકરાને વધારે પડતું કહેવાઈ ગયું હતું. તેનો અત્યારે તેમને પસ્તાવો થઈ રહ્યો હતો... અજીતરાય સાંજે ઘરે આવ્યા ત્યારે ઘરમાં જાણે કે યુદ્ધ પછીની શાંતિ પ્રવર્તતી હતી. રાત્રે જમી લીધા બાદ અજીત સાથે જ વાતની શરૂઆત કરી હતી. ‘‘કૃતાર્થ, આજે ચોક્સી કહેતો હતો કે તેના દીકરાની ઑફિસમાં મિકેનિકલ એન્જિનિયરની જરૂર છે, તું આજે જ રિઝ્યુમ મોકલી આપજે.’’ ‘‘પપ્પા, મેં સવારે જ કહ્યું હતું ને કે મારે નોકરી કરવી જ નથી.’’ ‘‘તો શું કરવું છે ?’’ ‘‘પપ્પા, હું મારા જેવા જ સંગીતના રસિયા ત્રણેક મિત્રોને લઈને એક બૅન્ડ બનાવવા માગું છું. નામ આપીશ ઈન્ડિયા બૅન્ડ. અમે પહેલાં અહીં શહેરમાં જ પ્રોગ્રામ કરીશું. ત્યાર બાદ નામ થશે એટલે સમગ્ર દેશમાં ફરી વળીશું.’’ કૃતાર્થે તેનું સ્વપ્ન રજૂ કર્યું હતું. અજીતરાયે સુલેખા સામે જોયું હતું. ‘‘દુનિયાનો કોઈ બાપ એના દીકરાની કિસ્મત લખી શકતો નથી. દરેક દીકરો એની કિસ્મત, ઉપરથી લખાવીને જ આવ્યો હોય છે.’’ સુલેખા બોલી ઊઠી હતી. અજીતરાય તરત સમજી ગયા કે સંગીતની શોખીન સુલેખા દીકરાના પક્ષે છે. વધારે ચર્ચા કરવી નિરર્થક હતી.

સમયનું ચક્ર ફરતું ગયું. કૃતાર્થના સંગીતના શોખીન મિત્રો કૃતાર્થના ઈન્ડિયા બૅન્ડમાં જોડાતા ગયા હતા. કૃતાર્થનો એક મિત્ર જોસેફ ચર્ચમાં વાયોલિન વગાડવા જતો એ પણ તેના ઈન્ડિયા બૅન્ડમાં જોડાઈ ગયો હતો. મૌલિક જેવો ઉત્તમ ડ્રમર પણ ઈન્ડિયા બૅન્ડમાં જોડાઈ ગયો હતો. કૃતાર્થ અને તેની ટીમની મહેનત રંગ લાવી હતી. પાંચ જ વર્ષમાં તેમનું ‘ઈન્ડિયા બૅન્ડ’ વિદેશમાં પણ પ્રોગ્રામ કરતું થઇ ગયું હતું. અજીતરાયે પણ દીકરાના પેશનને અને પ્રગતિને સ્વીકારી લીધી હતી. આમ પણ કૃતાર્થ પોતાની શરતોએ જીવન જીવવા માગતો હતો, કદાચ એ જ તેનું તેની જાત સાથેનું કમિટમેન્ટ હતું ! અજીતરાયને ઘણી વાર વિચાર આવતો કે હવે દીકરો એના વિચારોમાં બદલાવ લાવીને લગ્ન માટે વિચારે તો સારું.

એક વાર કૃતાર્થનું બૅન્ડ શિકાગો પ્રોગ્રામ કરવા ગયું હતું. ત્યાંથી પરત આવ્યો ત્યારે તેની સાથે સુંદર યુવાન છોકરી પણ હતી. ‘‘પપ્પા, મીટ માય ગર્લફ્રેન્ડ... કૃતિ’’ પ્રથમ નજરે જ ગમી જાય તેવી કૃતિ તરફ નજર કરીને થોડી વાર બાદ અજીતરાયે સુલેખા સામે જોયું, બંનેને દીકરાની પસંદ પર માન ઊપજ્યું. ‘‘પપ્પા, એ ગુજરાતી જ છે. શિકાગોમાં રહે છે. આઈ વૉન્ટ ટુ મેરી હર.’’ રુટિન જિંદગીને ધિક્કારતો દીકરો લગ્ન કરવા માટે અચાનક તૈયાર થયો એ વાત જ સુલેખા માટે આનંદની હતી. અજીતરાય પોતાના પ્રથમ પ્રેમને પામી શક્યા નહોતા તેથી દીકરાને તેનો પ્રથમ પ્રેમ મળે તેમાં એ પણ તરત રાજી થઈ ગયા હતા. કૃતિએ અજીતરાય અને સુલેખાના ચરણસ્પર્શ કર્યા.

‘‘મમ્મી, કૃતિ એની મમ્મી સાથે હોટેલમાં ઊતરી છે.’’ કૃતાર્થ બોલ્યો.

‘‘અત્યારે જ ચાલો તેમને મળવા... આપણે તો દીકરાવાળા છીએ.’’ અજીતરાય ઉત્સાહથી બોલી ઊઠ્યા. બધાં હોટેલ પર પહોંચ્યાં.

હોટેલના કોરિડોરમાં જ દૂરથી આવતી એક આખા શરીરે કોઢવાળી સ્ત્રીને જોઇને કૃતિ દોડીને ‘‘મમ્મી... મમ્મી’’ બોલતી વળગી પડી. કૃતિની મમ્મીને જોઇને અજીતરાયે ધરતીકંપનો આંચકો અનુભવ્યો. હા, આ એ આરતી જ હતી. અજીતરાયે બંને હાથ જોડીને આરતીનું અભિવાદન કર્યું. સામે આરતી પણ બંને હાથ જોડીને દિઙ્મૂઢ બનીને ઊભી હતી.

‘‘મારા જન્મ બાદ મમ્મીને કોઢ નીકળતાં પપ્પા તેમને સ્વીકારી શક્યા નહીં... પરિણામે બંનેના ડિવોર્સ.’’ કૃતિએ ભીની આંખે વાક્ય અધૂરું મૂકી દીધું. ગંભીર થઈ ગયેલા વાતાવરણને હળવું કરવા અજીતરાય બોલ્યા ‘‘કૃતિ, મારો કલાકાર દીકરો થોડોક ધૂની જરૂર છે, પણ તારો સાથ કોઈ પણ સંજોગોમાં છોડશે નહીં. ઇટ્સ માય કમિટમેન્ટ.’’

‘‘યસ્સ... યુ આર રાઈટ પપ્પા... ઇટ્સ માય કમિટમેન્ટ ટૂ’’

કૃતાર્થ જીવનમાં પહેલી જ વાર પપ્પાને ભીની આંખે ભેટી પડ્યો.

*ઈ/૪૦૨, ઇન્દ્રપ્રસ્થ ગ્રીન્સ, શિખર ટાવર સામે,*
*શ્યામલ રો-હાઉસની બાજુમાં, રેડિયો મીર્ચી રોડ પાસે,*
*સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૯૨૫૬૬૫૬૦૫*

# સોનુ તને મારા પર ભરોસો નંઈ કે..!

*- સંજય થોરાત 'સ્વજન'*

**'યે** હસી વાદિયાં, યે ખૂલા આસમાન' જેવો અદ્‌ભુત નજારો ધરાવતા શિમલા શહેરની એ સ્માર્ટ ગર્લ. હજુ તો ૨૧મો જન્મદિવસ ડિસેમ્બરમાં ઊજવીને એના ફોટોગ્રાફ સોશિયલ મીડિયામાં રોજ ત્રણચાર શેર કરતી હતી, એવી સોનિયા કુદરતી સૌંદર્યથી ભરપૂર વિસ્તારમાં ઉછેરેલી. પાંચ મોટા મોટા રૂમનો બંગલો જે ટુરિસ્ટ પ્લેસ તરીકે કમાણીનું સાધન પણ ખરો એમાં એનો ઉછેર. હરિયાળો બગીચો ધરાવતું આંગણું અને ત્યાં મસ્તીથી ચણ ચણતાં પક્ષીઓ, ઘરની બાલ્કની પરથી ધોધનું દશ્ય, બધું જ ફિલ્મી લાગે, અરે સોનિયા પણ 'જબ વી મેટ'ની હીરોઇન કરીના કપૂર જ જોઈ લૉ ! પણ, આ સોનિયાને કોણ જાણે કેમ પણ માયાનગરી મુંબઈનો મોહ લાગ્યો હતો. એને ત્યાં જઈને પોતાની કરિયર બનાવવી હતી. એને એકદમ મોડર્ન ગર્લ બનવાનો ક્રેઝ હતો. એને સોશિયલ મીડિયામાં લાખો ફોલોઅર્સ હોય એવી ઇચ્છા હતી ! અને એક દિવસ એ પરિવારની પરમિશન સાથે મુંબઈની સફરે નીકળી પડી...

'સોનુ તુલા માઝ્યા વર ભરોસા નંઈ કાય...' મુંબઈના રેલવે-સ્ટેશન પર ઊતરી ત્યારે આ ગીત વાગતું હતું. મુંબઈમાં પડેલા ભારે વરસાદને કારણે એક રેડિયો જોકી દ્વારા આ ગીત તૈયાર કરવામાં આવ્યું હતું જે ખૂબ વાઇરલ થયેલું જે એને ખબર હતી. શિમલા એના બંગલે રોકાયેલા એક ગેસ્ટની ઓળખાણ થકી એના માટે એક ભાડાનો ફ્લેટ બુક કરી રાખ્યો હતો. એ સામાન લઈ એના નાનકડા ફ્લેટમાં ગોઠવાઈ ગઈ. શિમલાના એના ઘરના એક રૂમ જેટલો તો મુંબઈનો આખો ફ્લેટ હતો. થોડા સમયમાં એ અહીંની આબોહવાથી ટેવાઈ ગઈ. મુંબઈ આવીને સોશિયલ મીડિયા પર સતત આંટાફેરા મારવા, વારંવાર મોબાઇલમાં ડોકાચિયાં કરવાં, ખાલીખાલી ભળતી-સળતી પોસ્ટ કરતાં રહેવું એ સોનિયાનો સ્વભાવ જ બની ગયો હતો. કામ મેળવવા એ શિમલાથી છેક મુંબઈ પહોંચેલી છોકરી પોતાના પરિવારથી દૂર થયેલી અને એટલે વન બીએચકેના ફ્લેટમાં એણે સોશિયલ મીડિયાને જ એનું સાથીદાર બનાવી દીધેલું... ભરપૂર ફોલોઅર્સ, સતત બદલાતા ટ્રેન્ડની માહિતી રાખનારી સોનિયા એટલે 'યો' કહેવાયને એવી યુવતી ! પહેલી જ નજરમાં પ્રેમમાં પડાય એવી, પણ સ્વભાવની અલ્લડ અને બોલ્ડ !

મુંબઈની ગલી, ગિરદી અને ગીચતાને તથા ભેજવાળા વાતાવરણ સાથેના વરસાદને એણે અપનાવી લીધો. ફેબ્રુઆરી મહિનાનું ગયું અઠવાડિયું ચૉકલેટ્સ, રોઝ ડે વગેરેથી જરા ભરચક જ ગયું હતું. એ શુક્રવારે રાત્રે ટીવી લગાવીને બેઠી પણ હાથમાં રહેલો મોબાઇલ કંઈ છૂટવાનું નામ નહોતો લેતો. એનું ડીપી જોઈને એનો ચાહકવર્ગ વધતો જ જતો હતો. રાતનો દોઢ વાગ્યો હતો અને મોબાઇલની લાઇટ બ્લિંક થઈ, હજુ તો ડીનર લેવા પૂરતો મોબાઇલ બાજુમાં મૂક્યો અને ત્યાં આ લાઇટ ? એના ઈન્સ્ટાગ્રામ પર કોઈકની રિક્વેસ્ટ આવી હતી પણ સોનિયાએ બહુ ધ્યાન આપ્યું નહીં ત્યાં તો મેસેન્જર પર એ જ ફોલોઅરનો મેસેજ હતો. સોનિયાએ એ ટાળ્યું ત્યાં તો ફેસબુક વૉલ પર એ જ હાજર...

"વૉટ ધ હેલ, કયા કુલ ચીઝ હૈ યે, ડર કા શાહરૂખ બન રહા હૈ..." એ બબડતી હતી ત્યાં તો વૉટ્સએપ પર એક મૅસેજ આવ્યો. ડીપીમાં ગુલાબનું ફુલ હતું, અને મૅસેજ હતો,

"હાય ! સોનુ, શરાફત, નજાકત, રૂહ કા રાસ્તા હો તુમ,

અંજાન થે હમ જો ચૌરાહે પે ઢૂંઢતે રહ ગયે.

વક્ત યું નિકલ ગયા જૈસે સરકતી રેત,

જિસે મન્નત સુના ન પાયે, વો ટુટા હુઆ તારા હો તુમ !"

આ શાયરાના મેસેજ વાંચી સોનિયા ડિસ્ટર્બ થઈ ગઈ. એક તો 'સોનુ' એ એના સ્કૂલી ફ્રેન્ડ કહેતા. એ પૈકી તો હવે મોટાભાગના કોન્ટેક્ટમાં નથી. "નો ચાન્સ..." કહીને એણે રિપ્લાય કરી દીધો. પણ મગજમાં મૅસેજ ફરતો જ રહ્યો. સોમવારે ખુશખુશાલ ઑફિસે પહોંચી પણ એનાં આનંદના દૂધમાં વિલન જેવું દહીંનું મેળવણ નાંખવા નિમેષ આવી પહોંચ્યો. એના પ્રેઝન્ટેશનની ઢગલો ભૂલો બતાવી એને ખખડાવી નાંખી, "પ્લીઝ, કિપ યોર ફોન ધેઅર એન્ડ કોન્સન્ટ્રેટ ઓન યોર વર્ક" અને ધડામ દઈને એની કેબિનનું બારણું પછાડી જતો રહ્યો.

સોનિયાનું મગજ ફરી ગયું હતું. ઘરે આવીને એણે મનોમન કેટલીયે નિમેષને સંભળાવી દીધી. એનું આવું અપમાન જોઈને ઑફિસમાં પણ ચર્ચા હતી કે, "કયાંક આ એને મારી ના દે !" સોનિયા ફ્રેશ થઈને મોબાઇલ હાથમાં પકડતાં જ ફરી એ બધું ભૂલી ગઈ, મેસેજ પર મેસેજ જોઈને સોનિયા પાછી ખુશ થઈ ગઈ, પણ પેલા ગુલાબવાળા શાયરનો બીજો કોઈ મેસેજ છે ? કારણ કે એનો શાયરાના અંદાજ કયાંક સ્પર્શી ગયો હતો.

સોનિયા એક તરફ નિમેષના વર્તનથી વ્યથિત તો બીજી તરફ પેલા શાયરના મૅસેજથી ખુશ એમ બેવડી

પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી હતી. પણ આ બધામાં સોશિયલ મીડિયા પ્રત્યેનો એનો પ્રેમ જરા પણ ઓછો થયો નહોતો... ફરી રાત્રે બે વાગ્યે, "હાય સોનુ..."નો મૅસેજ આવ્યો, પણ આ વખતે કોઈ શાહરૂખનો ડાયલોગ, "કિસી ચીજ કો અગર શિદ્દત સે ચાહો તો, પૂરી કાયનાત ઉસે તુમ્હે મિલાનેં કી સાજિશ મેં લગ જાતી હૈ..." મોકલ્યો હતો.

સોનિયા આ વૉટ્સએપ વિદ્યાપીઠ પરના આવા મૅસેજથી થોડી રોમાંચિત થઈ ઊઠી. કોણ મૅસેજ કરે છે ? એ વિચારોમાં ગોથાં ખાતી હતી. એટલામાં એના ફોનની રિંગ વાગી, એ જ અનનોન નંબર હતો, "હાય સોનુ !" અને એ બોલી, "જી હા, આપ કૌન ?" સોનિયા વારે ઘડીએ પૂછતી રહી, પણ પછી એણે એક પણ શબ્દ ન બોલતા ફોન મૂકી દીધો. સોનિયાને અવાજ થોડો પરિચિત લાગ્યો પણ એ અવાજ પકડી શકી નહીં.

આજે ઑફિસ ઓડિટરની સાથે રાત્રે પાર્ટી હતી. બધાં એકબીજા સાથે ઉપર ઉપરથી હળીમળીને વાત કરતાં હતાં. નિમેષ અને સોનિયા પણ સાથે જ ડ્રિંક્સ લઈ રહ્યાં હતાં. ઓરકેસ્ટ્રાથી લઈ કોમેડિયન સુધીનું મનોરંજન હતું. મુંબઈની મેટ્રો નાઈટની મજા સોનિયાએ મન ભરીને માણી હતી. રાત જામવા લાગી અને સોનિયા બધાંને બાય કહીને નીકળી અને એની પાછળ નિમેષ પણ... નિમેષ એની કારમાં બેસતો હતો ત્યાં સોનિયા આવી. "કોઈ પ્રોબ્લેમ ન હો તો આપકો મેં છોડ દું !" એણે ઑફર કરી. "નો થેંક્સ, મુજે આદત હૈ" કહીને મોબાઈલ ખોલી એ 'ઉબર' બુક કરવા લાગી. નિમેષ બોલ્યો, "ઑફિસ જેવું જિદ્દીપણું અને તોછડાપણું પર્સનલ લાઈફમાં એવું જ છે." એની બડબડ સાંભળતાં સોનિયા બોલી, "ઓ હેલ્લો... અપને કામ સે કામ રખો ઔર નિકલો." એટલામાં ત્યાં આવેલી ઑટોમાં બેસીને સોનિયા નીકળી પડી. નિમેષને એનું વર્તન ગમ્યું નહીં. રાતના બે વાગવા આવ્યા હતા. એણે સોનિયાની રિક્ષાનો પીછો કર્યો. એ એના ઘરે પહોંચી ત્યાં એને ખબર પડી કે નિમેષ એની પાછળ એના ઘર સુધી પહોંચી ગયો છે.

"તેરી હિંમત કૈસે હુઈ યહાં તક આને કી, ધીસ ઈઝ નોટ યોર ઑફિસ યુ બા..." એણે વાતને ગળી જતાં કહ્યું, "તું દાદરા ચઢ એટલે હું જાઉં." સોનિયાને ગુસ્સો આવ્યો હતો, પોતાના રસ્તામાં ફરી ન આવવાની તાકીદ કરી એ પગ પછાડતી સીડી ચઢવા લાગી. એટલામાં એનો ફોન વાગ્યો. પેલા આશિકનો જ હતો એવું નંબર પરથી ખબર પડી. "હેલ્લો... સોનુ..." સોનિયા ચમકી. "દેખો આપ જો કોઈ ભી હો.... મેરે રાસ્તે આને કી જુર્રત મત કરના, યે હમ આખરી બાર બતા રહે હૈ..."

"હમ તો આપ કે ઘર તક આ ગયે હૈ..." આટલું પેલો બોલ્યો અને સોનિયા ગભરાઈ ગઈ. કારણ હવે એને નિમેષની મદદની જરૂર હતી. શું કરવું અને શું ન કરવું ? એટલામાં ફરી રિંગ વાગી... પણ, હવે ફોનની રિંગ સાથે નિમેષ પણ એની સામે આવીને ઊભો હતો. "સોનિયા, આપ ઉપર નહીં ગઈ ?" એણે સોનિયાને ફ્લેટ સુધી મૂકવા જવાનો નિર્ણય કર્યો. સોનિયાએ બારણું ખોલ્યું. નિમેષને અંદર આવવા વિનંતી કરી, પણ આટલી મોડી રાત્રે ઘરમાં ન અવાય કહીને એણે બહારથી જ બાય બાય કર્યું, સોનિયાને પોતાની ભૂલ ધ્યાને આવતાં સૉરી અને થેંક્યું કહેતા આભાર માન્યો. એણે બારણું બંધ કર્યું અને ફરી ફોન વાગ્યો.

સોનિયાએ ફોન કટ કર્યો અને નિમેષને મળવા ફટાફટ દાદરા ઊતરવા લાગી, ડરના કારણે એ પરસેવે રેબઝેબ હતી. "નિમેષ, પ્લીઝ વેઈટ ફોર મી, સમવન હેરેસિંગ મી." "ઓ બીકણ સોનિયા, છાનીમાની ઉપર જા, તને કોણ હેરાન કરે ?" એણે એને સમજાવી પાછી ઉપર મોકલી દીધી. એ જેમ તેમ ફ્લેટ સુધી પહોંચી અને ફરી ફોન વાગ્યો, અને તરત કટ થયો... અને "શરાફત, નજાકત, રૂહ કા રાસ્તા હો તુમ, અંજાન થે હમ જો ચૌરાહે પે ઢૂંઢતે રહ ગયે..." શૅર બોલતો નિમેષ સામે આવીને ઊભો રહ્યો... સોનિયાને તો સાપ સૂંઘી ગયો હોય એવી અવસ્થા થઈ. એને વિશ્વાસ જ નહોતો કે આ નિમેષ જ એને ફોન કરતો હતો.

"સોરી સોનુ, તને મેં હેરાન કરી. સોનુ, સાંભળ આપણે એક જ સ્કૂલમાં હતાં, હું તારો સિનિયર. મને એમ કે સોનુ કહીશ તો તું ઓળખી જઈશ. જો સોનુ ! મારો પ્રેમ કરવાનો પ્રકાર જરા 'ડર'ના શાહરૂખ જેવો છે. પણ મારો પ્રેમ સાચો છે, હું તને શિમલા હતો ત્યારથી જ ચાહું છું. મારે તને અલગ રીતે પ્રપોઝ કરવું હતું ! જો આમ પણ ૧૪ ફેબ્રુઆરીની પરોઢ થવા જ આવી છે, 'વિલ યુ બી માય વૅલેન્ટાઈન ?'" અને બંને ભેટી પડ્યાં. શિમલાનો પ્રેમ મુંબઈમાં ખીલી ઊઠ્યો. ત્યારે મુંબઈના એ વિસ્તારમાંથી પસાર થઈ રહેલી રિક્ષામાં મોટેથી ગીત વાગતું હતું "સોનુ તને મારા પર ભરોસો નંઈ કે..."

---

*પ્લોટ નંબર : ૬૩૫/૨,*
*સેક્ટર-૮/બી, ગાંધીનગર-૩૮૨૦૦૮.*
*મો. ૯૪૨૬૮૮૦૪૦૦*



# આગલી સ્ત્રીનું તર્પણ

*- ગિરીશ ભટ્ટ*

**જા**ળી પર બોર્ડ લટકે : ત્રિકાળજ્ઞાની નંદ મહારાજ. વાંચનાર પર પ્રભાવ પડે જ.

પગથિયાં ચડોને દશ બાય છની પરસાળ આવે. એ સમયે પાંચ છ જાતકો ખુરશીઓ પર બેઠા હોય. વચ્ચે ટિપોય ને ટિપોય પર બે ત્રણ ધાર્મિક પતાકડાં, ગમે તે દિવસનું અખબારને જાતકોએ ભરવાની ચબરખીઓ.

જાતકોએ પહેલું કામ એ જ કરવાનું. નામ, સરનામાં, ફોન નંબર લખી નાખવાના. થોડી થોડી વારે ભદ્રા આવીને અંદર લઈ જાય. એ પછી નંદ મહારાજ બોલાવે ત્યારે જાતકે અંદર પ્રવેશવાનું.

ઓગણત્રીસ વર્ષની વૈષ્ણવી તેનાં કાકી સાથે પરસાળમાં બેઠી અવલોકન કરતી હતી : સામે જે ઘર હતું એમાં વસતાં લોકોએ તો કાયમ આ દશ્યો જ જોવાનાં ને ? ઉદાસ ચહેરાઓ...!

એ લોકોના સંવાદો પણ કેવા હોય ?

'મહાજ્ઞાની છે નંદ મા'રાજ...!'

'કાશીમાં ભણેલા...'

'સુનંદાનું બધું સાચું પડેલું...'

'છન્નાલાલનું પણ. એટલે જ લોકો દૂરદૂરથી આવે છે.'

વૈષ્ણવી તો ગમ્મત ખાતર આવેલી. કાકીએ કડક સૂચના આપેલી. સખણી રે'જે. આ કાંઈ હસવામાં કાઢી નાખવા જેવું નથી. કેવી મોટી નામના છે મા'રાજની ? તરત કહી દેશે નિવારણ. જાણવું તો પડે ને કે એ બધાંય આંટો મારીને કેમ ચાલતાં થાય છે ? ભણેલી છું. નમણીય છું. હા, વાન એટલો ઊજળો નથી પણ... પેરવેઓઢવે સારી લાગ'શ. રૂપ થોડું બેસી રે'વાનું છે કાયમ ? સાંભળ, તે રસ્તો બતાવશે. ને ટપ કરતા લઈ જાશે તને ચાહીને. ને તે હસી પડી હતી ! કાકી આવીશ...

કાકા-કાકીએ જ તેને મોટી કરી હતી. અકસ્માતમાં મા-બાપ ગયાં ત્યારે તે પાંચ વર્ષની હતી. એકલી બચી હતી. વૈષ્ણવીએ નક્કી કર્યું કે તે આ લોકોને દુઃખી નહીં કરે. આખરે કાકા-કાકી સિવાય કોણ હતું તેનું ?

પરસાળમાં વાતો ચાલતી હતી. શું કરે એ લોકો ?

એક સ્ત્રી બોલી : મા'રાજ... પણ એકલા જ છે. ગયે વરસે... સ્ત્રીનું મૃત્યુ થયું. ભલી હતી.

ને તેને થયું : નંદજીએ એ સ્ત્રીનું કુંડળી નહીં જોઈ હોય ?

ત્યાં બીજી બોલી : યોગ હોય એટલે ભેગાં થવાય છે.

ને વૈષ્ણવીનું નામ બોલાયું હતું.

મોટો ઓરડો; એક ભીંત સરસું નંદજીનું આસન ને સામે... જાતકો માટેની બેઠકો. પાસે ટેબલ જેમાં ૫૧ સામગ્રીઓ - પુસ્તકો, ભૃગુસંહિતા, ફોટાઓ, કાગળો ને લેખન. અભેરાઈ પર નંદજીને મળેલી ટ્રોફીઓ... મળેલાં પ્રમાણપત્રો.

આ સહુની વચ્ચે હસતા હસતા નંદજી. વૈષ્ણવીની દષ્ટિ નંદજી પર ચોંટી હતી. બીજી ભીંતો પર જોયું; ના, ક્યાંક મૃત પત્નીનો ફોટો ન હોતો.

પ્રશ્ન પુછાયો : શું નામ જાતકનું ?

ને તે જ બોલી હતી : વૈષ્ણવી...

તરત પ્રતિભાવ આપ્યો. સરસ નામ છે. ભવિષ્ય પણ શુભ ગણવું. બ, વ, ઉ વૃષભ. કાકી ગદ્ગદ થઈ ગયાં હતાં : એટલે જ આપ પાસે આવી છું. હું તેની કાકી. મા-બાપ... તો...

ને તેમણે વૈષ્ણવીની કરુણકથા કહી હતી. ને છેલ્લે યાચના : આપ જોઈ આપો ને કેમ આનું થાતું નથી ? હવે તો ત્રીસની થાશે.

કાકીની આંખો ભીની થઈ હતી.

એ પછીનો સમય મૌનનો હતો.

કાકીએ બધું કહી નાખ્યું હતું, ને નંદજી વ્યક્ત થવા માટેના શબ્દો શોધી રહ્યા હતા.

ત્રીજું જ બન્યું. નંદજીએ ભદ્રાને બોલાવી હતી. ઓળખાણ કરાવી; આ ભદ્રા. એમના ગયા પછી ઘર સંભાળે છે. ગયાં વર્ષથી. ભલા હતા.

ને પછી ભદ્રાને આદેશ આપ્યો : કેટલી ગરમી છે ? એમ કર. અમારા માટે શરબત બનાવ.

કાકીને થોડી થોડી સમજ પડી હતી, પરંતુ વૈષ્ણવીને ગમ્મત થતી હતી : કદાચ શરબતની કિંમત ફીમાં ઉમેરશે. હજી ક્યાં આપી હતી ? ને માગી પણ ક્યાં હતી ? હજી કાકીના બટવામાં હતી.

ભદ્રા ગઈ ને પછી નંદજી ચિંતનમાં ડૂબી ગયા હતા. કાકીએ યાદ કર્યું : નંદજી આ કુંડળી કન્યાની.

ગાંડુભાઈ શુકલે તૈયાર કરી હતી. અમારે કેવો ઘરોબો ? સામેથી ઘરે આવીને બનાવી હતી. ને તમે પણ એવા જ જ્ઞાની. બસ.. જોઈ આપો રાશિફળ, શું કરવું, શું નડતર... ?

ને નંદજી બોલ્યા : કાકીશ્રી, જો તમે અનુમતિ આપો તો... હું જ વૈષ્ણવીનું પાણિગ્રહણ કરું.

'શું... ?' વૈષ્ણવી ખળભળી હતી.

ને કાકી અહોભાવપૂર્વક બોલ્યાં હતાં : શું આપ ?

બીજો આદેશ અપાયો હતો ભદ્રાને : ભદ્રા, આપણું ઘર દેખાડ મહેમાનોને.

કાકીએ આર્દ્ર બનીને ભત્રીજીને સમજાવી હતી; કેવું સારું ? આગલીનો વસ્તાર જ નથી. તારે એ ભારણ તો નથી. ને લક્ષ્મીની કેટલી કૃપા હતી ? એ તો એક વરસથી ગૃહલક્ષ્મી નથી એટલે એ પુરુષ કેવો લાગે, એ ઘર કેવું હોય. તું તારી રીતે સજાવટ કરજે ને. સાંભળ... આવું શોધવા જાવ તો પણ ના મળે. સામેથી આવ્યું.. દીકરી, દયા કરજે. ના ન પાડતી.

ક્યાં તેનું મન માનતું હતું ? માંડ સંમતિ થઈ હતી : ભલે કાકી, હા પાડી દો. હું એ ડોસાને પરણીશ.

એકાદ માસ પછી એ લોકો સાદાઈથી પરણી ગયાં હતાં.

વૈષ્ણવી બહારની પરસાળથી મેડી પરના શયનખંડ સુધી પહોંચી હતી.

કાકા-કાકીએ સુખી થવાના આશીર્વાદ આપ્યા હતા. ભદ્રાએ પોંખી હતી.

બીજા દિવસે જાતકો પરસાળમાં આવવા લાગ્યા હતા. ઝીણી ચણભણ થતી હતી : હા, મહારાજ પરણ્યા, જૂની સ્ત્રી કહી ગઈ હતી : એક વર્ષ પછી પરણજો, બિચારી ભલી હતી. પતિને સન્તાનસુખ તો ના આપી શકી પણ બીજી વાર પરણવાનું તો કહેતી ગઈ.

બીજીએ સનાતન સત્ય ઉચ્ચાર્યું હતું : પુરુષ કાંઈ પરણ્યા વિના રહે ખરો ? આ નંદજીએ વળી એક વર્ષ રાહ જોઈ.

નંદજી પૂર્વવત્ પ્રવૃત્ત થઈ ગયા હતા; જ્યોતિષ બહારની પ્રવૃત્તિઓને મેડી પરનો શયનખંડ.



ખાસ સજાવટ કરી હતી. જૂની તો દાદરો જ ક્યાં આરોહતી હતી ? તેને નીચેનો ખંડ પ્રિય હતો.

(૨)

વૈષ્ણવી પરણી એનું મુખ્ય કારણ ઋણમુક્તિ હતું. કાકા-કાકીને ઋણમુક્ત કર્યાં હતાં.

કેટલો સંતોષ હતો કાકીના ચહેરા પર ? કાકા ભલા હતા, સરળ હતા તો પણ કાકીની વાતમાં સંમત હતા : ભાઈ-ભાભીનું તર્પણ થઈ ગયું.

બીજી વાત, તે જ્યોતિષશાસ્ત્રીને સમજવા માગતી હતી : શું હતું ખરેખર ? શું આ લોકો ચહેરાના ભાવ જોઈને ભવિષ્ય ભાખતા હતા ? બસ માનસશાસ્ત્રી !

તેણે ભદ્રાને સૂચના આપી હતી : કેમ જૂની સ્ત્રીનો એકેય ફોટો નથી ? શું નામ હતું ?

કલાવતી... ? મારે એ સ્ત્રી વિશે જાણવું છે. તારે મને મદદ કરવી પડશે. કરીશ ને ?

ભદ્રાને થયું હતું કે, આ સ્ત્રી, કલાવતી તો નથી. ત્રીજે દિવસે બંનેએ મળીને કલાવતીનો બ્લેક એન્ડ વ્હાઇટ ફોટો શોધ્યો હતો.

કલાવતી વિશેની વાતો પણ પ્રગટ થતી હતી : બેન... બહુ સરળ હતાં. રૂપરૂપના અંબાર ! છેલ્લે સુધી વસવસો રહ્યો, કે નંદ મહારાજને સન્તાનસુખ ના આપી શક્યાં. નંદજી કેટલું સમજાવે પણ વલોપાતમાં જ ગયાં.

ને વૈષ્ણવી વિચારતી હતી. મને આ માટે જ પરણ્યા હશે ? તેણે આગ્રહ કર્યો હતો : નંદજી... હમણાં એ પળોજણ નહીં જ. પણ કલાવતી કેમ માતૃત્વ નહીં પામી હોય ? તે તો પતિવ્રતા હતી. અર્થાત્ પ્રતિકાર કરી શકે તેવી નહોતી. અરે, દુઃખ અનુભવતી હતી પતિને સન્તાન ના આપી શકવા બદલ. કૉલેજના પ્રથમ વર્ષમાં તર્કશાસ્ત્ર ભણી હતી, બીજા ને ત્રીજા વર્ષે માનસશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો.

પ્રશ્નો પૂછી પૂછી નંદજીને ચકિત કરી દેતી હતી. શું કહે નંદજી ? તેમણે જ આ કન્યાને પસંદ કરી હતી.

દરમિયાન વૈષ્ણવીએ કલાવતીનો ફોટો એન્લાર્જ કરાવીને ભીંત પર લગાડવો હતો. નામ, મૃત્યુતારીખ, જન્મતારીખ ફ્રેમ પર લખાવ્યાં હતાં.

નંદજીને કહ્યું હતું : આગલી સ્ત્રીનું તર્પણ છે આ. મૃત્યુદિવસે ભજન કરાવીશું.

નંદજીને આમ કરવામાં કશી મુશ્કેલી ક્યાં હતી ? નવી ગમી હતી. નવું શરીર હતું. પહેલી તો માંદી હતી. કેવી ઉદાસ થઈ જતી હતી ? આખરે પુરુષ હતા. હા, આને અમુક રીતે સાચવવી પડે. નવો શયનખંડ વપરાશમાં આવ્યો હતો. પહેલાં નામ ગમ્યું હતું ને પછી તે ગમવા લાગી હતી. તેમણે કેવી હિંમત કરી હતી એ દિવસે ? પ્રસ્તાવ મૂકી દીધો. કાકીનો

ચહેરો વાંચી લીધો હતો. ગમે તેમ તોય પુરુષ. વૈષ્ણવી મળી હતી.

નંદજી ખુશ હતા.

વૈષ્ણવીએ નંદજી પાસે સ્પષ્ટતા કરી જ લીધી હતી : જુઓ, હમણાં એનું નહીં વિચારીએ.

ને તેમણે જવાબ વાળ્યો હતો : ભલે તેમ. મારે ઉતાવળ નથી પણ તારે મને સન્તાન તો આપવું જ પડશે. પહેલી તો ગઈ પણ તારે... તો... ?

ને તે બોલી હતી : ભલે...

થયું હતું તેને; એ જ સાર્થકતા... સ્ત્રી હોવાની.

પ્રથમ છ માસ વીત્યા હતા. તે સુખી હતી.

કાકીએ ફોનમાં પૃચ્છા કરી હતી : તને છે કશું ? તરત જણાવજે અમને.

તે હસી હતી : આમ ને આમ કરીને એ લોકોએ પહેલીને ઉદાસ કરી હશે, દુઃખી કરી હશે.

(૩)

પણ એક દિવસ મોટી ઘટના બની હતી. શયનખંડની છાજલી પરથી જાતીય જ્ઞાન વિષયક સાહિત્ય મળ્યું હતું.

અને એની બેવડમાં નંદજીનો ફર્ટિલિટી રિપોર્ટ હતો.

નીચેના ખંડમાં નંદજી જ્યોતિષ જોતા હતા. પરસાળ ભરચક હતી. ભદ્રા કામસર બહાર ગઈ હતી ને તે શયનખંડમાં નવી ગોઠવણી કરતી હતી. ને આ સામગ્રી મળી હતી.

'આવું...? શું નંદજી વાંચતા હશે ? આ ઉંબરે ? ખરા છે નંદજી ? પુરુષ તો ખરા ને ? ને આ શું ? ડૉક્ટરનું નામ, સરનામું, ફોન નંબર, ક્લિનિક... તારીખ... પેશંટ નંદજી ? ધૂળ ખંખેરીને એક શ્વાસે વાંચી ગઈ. સમજ તો પડી... શું નંદજી... ના કાઉન્ટ ઓછા હતા ? તારીખ જૂની હતી, કલાવતીના સમયની. અરે, નીચે બીજોય હતો. હા... એવો જ રિપોર્ટ બીજો ડૉક્ટર ! ને તારીખ હમણાંની. તેઓએ લગ્ન કર્યા એ સમયની.'

ચોંકી વૈષ્ણવી. સમજ પડી. ઓહ ! આવું...? આ તો છેતરપિંડી....! જૂની સાથે, તેની સાથે !

એ સાંજે ઓળખીતા ડૉક્ટરને મળી હતી. હા. એ જ હતું. જાણવા છતાં બે સ્ત્રીઓને છેતરી હતી. વકીલને મળી. તેની પરિચિત જ હતી વાણી મહેતા. તેનું લોહી ગરમ થઈ ગયું હતું.

નંદજીમાં ખામી હતી, તે પિતા બની શકે તેમ હતા જ નહીં ને તો પણ વારાફરતી બે સ્ત્રીઓને પરણ્યા હતા.

વાણી કહેતી હતી : આ તો અપરાધ ગણાય.

સજાને પાત્ર છે એ પુરુષ. શું તું પણ પરણી હતી તેને ?

વૈષ્ણવીને દોષિત ન હોવા છતાં જાતને અપરાધી ગણીને મૃત્યુ પામેલ કલાવતી યાદ આવી હતી.

ભદ્રાએ તેનું વર્ણન કર્યું હતું. સમસમી ગઈ હતી વૈષ્ણવી. કહ્યું હતું પતિને; આ શું છે, નંદજી ? તમારા રિપોર્ટ - જૂનો ને નવો. આ કોપી છે. અસલ વકીલ પાસે છે. તમે જૂનીને છેતરી, મને પણ છેતરી. જૂની કેટલી પરેશાન હતી. આ લાહ્યમાં ગઈ, બિચારી. તમે તેને પણ સત્ય ન કહી શક્યા ? નાહક વલોપાતમાં ગઈ. એ ગઈ તો જ હું આવી ને ?

કહો, નંદજી કેમ આમ કર્યું ?

એ પુરુષ થરથરી ગયો હતો.

ભદ્રાએ તેના માલિકને આવી દીન દશામાં ક્યારેય જોયા નહોતા.

ને વૈષ્ણવી ગુસ્સાથી કંપતી હતી.

આજીજી થઈ : તેની ભૂલ થઈ હતી. ના જાતી કોર્ટમાં. તું કહે તેમ કરવા તૈયાર છું. હું ક્યાંયનો નહીં રહું. કોણ આવશે જ્યોતિષ જોવડાવવા ?

વૈષ્ણવી તેમને લઈ ગઈ હતી, ઓરફન ચિલ્ડ્રન સંસ્થામાં ! કહ્યું તમે જ પસંદ કરી લો એક બાળકને. આ કલાવતીનું. હું તેને કહીશ : જો આ તારી મા. ને તમે...!

મારે તો કોઈ ઇચ્છા જ નથી. બસ, તેને ઉછેરીશ, મોટો કરીશ.

નંદજી, મેડી પરનો શયનખંડ હવે તમારો. મારી આશા રાખશો જ નહીં. હા, તમારો ગૃહસ્થાશ્રમ ચાલશે, પણ મિત્રો બનીને જીવવાનું. તમારી આબરૂને આંચ નહીં આવે. જાતકોની કુંડળીઓ જોયા કરજો.

નંદજીની આંખો ભીની હતી.

કાકીએ કહ્યું : શું માંડ્યું છે વૈષ્ણવી ?

ને તેણે કહ્યું : આગલીનું તર્પણ કરું છું.

ભદ્રાએ જોયું કે વૈષ્ણવી એની રીતે ગૃહસ્થી નિભાવી રહી હતી ને માલિક જ્યોતિષીકર્મ.

---

*પ્રશાંતિ નિલયમ્, માધવનગર,*
*સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧.*
*મો. ૬૩૫૩૯૯૧૩૯*



# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

**મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું**

- ❒ ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ❒ ગુજરાત વસ્યું લોકહૈયે...

**કારણ ?**

- ❒ સામયિકની લોકાભિમુખ નીતિ,
- ❒ સરકારનું નહિ, સાડા છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

**જેમાં,**

- ❒ નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- ❒ અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

**પરિણામ ?**

- ❒ લોકોનો અદમ્ય ઉત્સાહ,
- ❒ વાચકોનો અસરકારક પ્રતિભાવ,
- ❒ વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

**અને ફેલાવામાં અગ્રહરોળ ?**

- ❒ ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતાં સામયિકોમાં અગ્રેસર ફેલાવો...!
- ❒ સમસ્યા અને સંવેદનાની વાતો...
- ❒ જન કલ્યાણની યોજનાની વાતો...
- ❒ લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- ❒ કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો.

**ગુજરાત પાક્ષિકની PDF**
**www.gujaratinformation.gujarat.gov.in**
**લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.**




**ગુજરાત પાક્ષિક કાર્યાલય**

માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫
ઈ-મેઈલ : gujaratmagazine@gmail.com
વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in


**• લવાજમ •**
**કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે**

છેલ્લામાં છેલ્લી વાત લઈને આવે છે આપના સુધી...

ઘટનાઓની વણઝાર વચ્ચે નિયમિત પહોંચે છે આપના સુધી...

સત્ય અને નિષ્ઠાના માર્ગે કર્તવ્ય નિભાવે છે આપના સુધી...

વાર્ષિક લવાજમ ફક્ત
**₹ ૫૦.૦૦**

**ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે લોકકલ્યાણની વાત, લોકોને ઉપયોગી જાણકારીની વાત, સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના વણથંભ્યા વિકાસની વાત**

# ઓપરેશન જીરી

*- રાજ ભાસ્કર*

**ર**વિવારનો દિવસ હતો. મહોલ્લાના ચાર-પાંચ નાના નાના છોકરાઓ ભેગા થઈને શેરીમાં ક્રિકેટ રમી રહ્યાં હતા. ધીરીયાએ બોલિંગ કરી અને કાલિયાએ સિક્સ ફટકારી દીધી. સનનન... સનનનન... કરતો બોલ સામેના મકાનના ખુલ્લા બારણામાં ઘુસી ગયો અને શાક સમારી રહેલી મીનાના લમણાને ચીરી નાંખ્યુ. બાજુમાં બેઠેલા એના પતિ બલવંતનું મગજ ફાટી ગયુ. બંને જણા બોલ લઈને બહાર ગયા. બંને એ સીધો જ કાલિયાને મારવા માંડ્યો. એક છોકરો તરત જ કાલિયાની બેન સુધાને બોલાવી લાવ્યો. સુધાએ મીનાના વાળ ઝાલીને પછાડી, 'સાલી, મારા ભાઈ પર હાથ ઉપાડે છે. હવે હું તને નહીં છોડુ.'

સાંજે કાલિયાનો બાપ મનસુખ અને એની મમ્મી ગૌરી આવી પછી પણ મોટુ ધિંગાણું થયું. કાલિયાની માએ તો બોલવામાં કોઈ આરો-ઓવારો જ ના છોડ્યો. 'સાલી, હલકટ, મારા દીકરા પર હાથ ઉપાડે છે ! વાંઝણી તને છોકરાઓ થયા હોય તો ખબર પડે ને ! છોકરા માટે બારણે બારણે મોં મારતી ફરે

છે !' ઘગઘગતા ડામ જેવા ગૌરીના શબ્દો સાંભળી મીના ઘરમાં જઈને પોક મૂકીને રડી પડી.પીડા અનુભવતો બલવંત બારીમાંથી ગૌરીને અને કાલિયાને જોતો રહ્યો. વેદના, ગુસ્સા અને આંસુથી ભરપુર એની નજર સામે કાલિયો તરવર્યા કર્યો.

★★★

બપોરના બાર વાગ્યા હતા. એક માણસ વિદ્યા મંદિર શાળાથી થોડે દૂર આવેલા ઝાડ પાછળ ઊભો હતો. ક્રિશ અને સુધા આ જ શાળામાં ભણતા હતા. બંનેનો રોજનો એક જ ક્રમ જે વહેલું બહાર નીકળે એ ગેઈટ પાસેના ઝાડ પાસે ઊભું રહે. આજે ક્રિશ પહેલો બહાર નીકળ્યો અને બહેન સુધાની રાહ જોવા માંડ્યો. ત્યાંજ પેલો માણસ ઝપાટાભેર એની પાસે આવ્યો, 'અરે, કાલિયા અહીં કેમ ઊભો છે ?'

'દીદીની વેઈટ કરું છું !'

'અરે, ગાંડા તારી દીદી તો ત્યાં આગળ ઊભી છે. એ આજે એક પિરિયડ વહેલી છૂટી ગઈ હતી. એણે જ મને કહ્યું કે તને લઈ આવું. ચાલ તારી દીદી બિચારી ક્યારની તારી રાહ જુએ છે.'

ક્રિશનું દસ વર્ષનું દિમાગ વધારે વિચારી ના શક્યું. એ પેલા માણસ સાથે ચાલી નીકળ્યો. માણસ ઉતાવળા પગલે એને રોડની પેલે પાર લઈ ગયો. એણે રોડ પાર કર્યો અને આ તરફ એની દીદી બહાર નીકળી. એ ઝાડ પાસે ઊભી રહી ક્રિશની વેઈટ કરવા લાગી. બધા આવી ગયા પણ એનો ભઈલો બહાર ના આવ્યો. એ દોડીને સ્કૂલમાં ગઈ. ટીચરે કહ્યું, 'ક્રિશ તો સૌથી પહેલા બહાર નીકળી ગયો છે.'

સુધાના હૈયામાં ફાળ પડી. એ ત્યાંને ત્યાંજ રડી પડી, 'હે... ભગવાન મારો ભઈલો ક્યાં ગયો...?'

ચારે તરફ હાહાકાર મચી ગયો. ગૌરી અને અનો પતિ મનસુખ તાબડતોબ સ્કૂલે દોડી આવ્યા. આવતા વેંત ગૌરીએ સુધાને ફટકારવા માંડી, 'તારા ભરોસે મૂક્યો હતો છોકરાને.. ક્યાં મૂક્યો તે એને ? કોણ ઉઠાવી ગયું ?'

પોલીસ કેસ થયો. ઈન્સપેક્ટર પંડ્યાએ તપાસ ચાલુ કરી. સ્કૂલની આસપાસના દુકાનદારો, રિક્ષાવાળાઓ બધાને પૂછપરછ કરી જોઈ પણ કંઈ સુરાગ મળ્યો નહીં. મહોલ્લામાં એક ચર્ચાએ જોર પકડ્યું હતું કે માનો ના માનો બલવંત અને મીનાએ જ ક્રિશનું અપહરણ કરાવ્યું છે. ઈ. પંડ્યાના ધ્યાનમાં પણ આ વાત આવી. એમણે મનસુખને પૂછ્યું, 'મનસુખ મેં સાંભળ્યું છે કે ક્રિશ ગુમ થયો એના એકાદ મહિના પહેલા તારે પેલા બલવંત અને મીના સાથે ઝઘડો થયેલો.'

'હા, સાહેબ ! ક્રિશથી ભુલથી મીનાને ક્રિકેટનો બોલ વાગી ગયો એમાં તો એણે મારા દીકરા પર હાથ ઉપાડેલો. સાહેબ, એ વાંઝીયાએ જ મારા દીકરાને ગુમ કરી દીધો લાગે છે. તમે એની તપાસ કરો. એટલે જ એ બંને ઝઘડા પછી તરત જ આ મહોલ્લો છોડીને ચાલ્યા ગયા છે. ક્યાં ગયા છે એ ય કોઈને કીધું નથી.' ગૌરી ગુસ્સામાં બોલી.

સુધાએ ગુસ્સો ઠાલવ્યો, 'હા, સાહેબ ! એ બલવંત અને એની પત્ની જ મારા ભઈલાને ક્યાંક ઉપાડી ગયા હશે.'

પોલીસને બલવંતના મોબાઈલ નંબર પરથી એનું લોકેશન મળી ગયું હતું. એ ધંધુકા પાસે આવેલા એક ગામમાં હતો. પોલીસ અરધી રાત્રે બલવંત અને મીનાને ઉઠાવી લાવી. પણ થોડા જ દિવસમાં બંનેને છોડી પણ મુક્યા. મનસુખ અને ગૌરી એમ સમજતા હતા કે પોલીસે પૈસા ખાઈને પેલા બંનેને છોડી મુક્યા છે. એ પોલીસ સ્ટેશને જઈને હંગામો ય મચાવ્યો. પણ ઈ. પંડ્યાએ મોં ના ખોલ્યું.

બે મહિના જેવો સમય વીતી ગયો હતો. મનસુખનો પરિવાર ક્રિશની યાદમાં આંસુ સારી રહ્યો હતો. એક દિવસ રાતના અગિયાર વાગ્યે ઈ. પંડ્યા અને કોન્સટેબલ પરમાર ઘરમાં દાખલ થયા. એમની સાથે અંશ પણ હતો. અંશને જોતા જ ગૌરી દોડીને એને વળગી ગઈ. ક્યાંય સુધી હરખના આંસુનો દરિયો ઉછળ્યા કર્યો. સુધા પણ ખૂણામાં બેસીને ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડી. ગૌરી અને મખસુખે ઈ. પંડ્યાની માફી માંગી, 'સાહેબ, અમને માફ કરી દો. અમે તમારા વિશે ખોટું વિચારતા હતા.'

ઈ. પંડ્યા બોલ્યા, 'તમને બધાને એમ હતું અમે પૈસા ખાઈને બલવંત અને મીનાને છોડી દીધા છે. પણ ખરેખર તો એ ગુનેગાર જ નહોતા. તમે એને વાંઝિયાના મેણા માર્યા એટલે જ એ લોકો અહીંથી ચાલ્યા ગયા હતા. જો એમણે

જ ગુનો કર્યો હોત તો એ મોબાઈલ બંદ કરીને ક્યાંક અંડર ગ્રાઉન્ડ જ થઈ જાત.'

'તો પછી અસલી ગુનેગાર છે કોણ ? ક્રિશ કેવી રીતે મળ્યો ?' ગૌરીએ ક્રિશને માથે હાથ ફેરવતા આતુરતાથી પૂછ્યું.

ઈન્સ્પેક્ટરે કોન્સ્ટેબલને ઈશારો કર્યો. એ બહાર ગઈ ગાડીમાં બેસાડી રાખેલા ત્રણ મવાલીઓને લઈ આવ્યો. મનસુખ એમાંના એકને ઓળખતો હતો. એણે કહ્યું, 'આ તો રાકેશ છે... અમારા મહોલ્લામાં જ રહે છે...'

'હા, એણે જ તમારા દીકરાનું અપહરણ કર્યું હતું !'

મનસુખે એને મારવા એના તરફ ધસી ગયો. પણ ઈન્સ્પેક્ટરે એને શાંત પાડ્યો અને બોલ્યા,'મનસુખ રાકેશે અપહરણ કર્યું હતું પણ એનું કારણ સાંભળીશ તો છાતી બેસી જશે !'

ગૌરીની ધડકનો તેજ થઈ ગઈ. 'શું કારણ છે સાહેબ?'

'કારણ કે એ તારી દીકરી સુધાને પ્રેમ કરે છે. સુધાના કહેવાથી જ એણે આ અપહરણ કર્યું હતું !'

ઘરમાં સન્નાટો છવાઈ ગયો. મનસુખ અને ગૌરીની આંખો ફાટી ગઈ. સુધા ખૂણામાં બેઠી બેઠી રડી રહી હતી. પહેલા બધાને લાગતું હતું કે એ ભાઈ આવ્યાની ખુશીમાં રડી રહી છે પણ હવે સમજાઈ રહ્યું હતું કે એ તો પકડાઈ જવાના આઘાતથી રડી રહી હતી.

'સાલી... કુલ્ટા...' ગૌરીએ એનો ચોટલો જાલીને એને પછાડી, 'આ બે ટકાના પ્રેમી માટે તે સગા ભાઈનું અપહરણ કરાવ્યું.' કોન્સ્ટેબલે એને માંડ માંડ શાંત પાડી. મનસુખનું મન હજુ માનવા તૈયાર નહોતું કે દસમા ધોરણમાં ભણતી એની અંગુઠા જેવડી છોકરી આવડી મોટી રમત રમી શકે. એને દીકરી બહું વહાલી હતી એટલે એણે ઈન્સ્પેક્ટરને પુછ્યું, 'સાહેબ, માફ કરજો. પણ તમે કઈ રીતે કહી શકો કે સુધાએ જ આ અપહરણ કરાવ્યુ હતું. તમને કેવી રીતે ખબર પડી ?'

ઈ. પંડ્યા હસ્યા, 'મનસુખ મને મહોલ્લામાંથી સુધા અને રાકેશના પ્રેમ વિશે થોડી થોડી માહિતી મળી હતી. હું તો બલવંતને જ શોધી રહ્યો હતો. છતાં મેં એક ખબરીને રાકેશ પાછળ લગાવી દીધો હતો. એ રોજ સ્કૂટર લઈને એનો પીછો કરતો. રાકેશ રોજ એના એક મિત્રને મળતો. એનું નામ પ્રવીણ. થોડા દિવસોની તપાસ બાદ મને ખબરીએ ન્યુઝ આપ્યા કે રોજ રાકેશ હોટેલમાંથી ખાવાનું લઈને એક ફલેટ પર આપવા જતો હતો એટલે મને એના પર શક પડ્યો. એના આધારે મેં સુધાની પણ તપાસ કરાવી. પણ એ તો રેગ્યુલર સ્કૂલે જતી હતી. પછી મેં સ્કૂલમાં તપાસ કરી. ખરબર પડી કે એ ત્રણ વખતે રિસેસમાં ચાલી ગઈ હતી અને સ્કૂલ છૂટવાના સમયે સ્કૂલના ઝાંપે આવી જતી. આવુ એણે એટલાં માટે કર્યું કે કોઈ એના પર નજર રાખતું હોય તો પણ વાંધો ના આવે. એ દિવસે મેં સ્કૂલમાં કહી દીધું કે જે દિવસે સુધા અડધી રજા લે ત્યારે તરત જ મને ફોન કરી દેજો. અને આજે સુધા જાળમાં ફસાઈ ગઈ. એ સ્કૂલમાંથી રજા લઈને નીકળી અને રાકેશ સાથે ચોરી છુપી સીધી જ પેલા ફલેટ પર પહોંચી. અમારો માણસ પાછળ જ હતો. એ અંદર ગઈ અને થોડીવારે પાછી આવી ગઈ. પછી સ્કૂલ છુટવાના સમયે સ્કૂલના પાછળના વરંડામાંથી કુદીને વિદ્યાર્થીઓ સાથે જ ઝાંપાંમાંથી બહાર નીકળી.'

મા-બાપ સ્તબ્ધ હતા. ગૌરીને તો હવે એને મારવાનું પણ મન નહોતું. મનસુખ રડી પડતા બોલ્યો, 'બોલ, બેટા શું કામ તે આવું કર્યું ? તારા પ્રેમીએ તને ભરમાવી હતી કે શું ?'

સુધાના આંસુ હવે સુકાઈ ગયા હતા. એ કડવાશથી બોલી, 'ના, આવા પ્રેમલા - પ્રેમલીના ખેલ માટે હું મારા સગા ભાઈ સાથે આવું ના કરું. મેં તો તમારા લીધે આવું કર્યું છે. કારણ કે તમારા માટે તો બસ દીકરો લાડકવાયો હતો, હું તમારા માટે જાણે ઘરકામ કરવાનું અને હડધૂત કરવાનું મશીન જ હતી. ભાઈને તમે જે જોઈએ એ લાવી દેતા હતા અને મારે વરસે એક જોડી સારા કપડાં માટે ય તરસવું પડતું. સારું ખાવાનું પણ ફક્ત ભાઈ માટે જ લાવતા. ભાઈને હજુ એકેય વાર માર નહોતો પડ્યો અને મને અઠવાડિયે ત્રણ વાર માર પડતો હતો. મમ્મી માટે તો હું પથરો જ હતી. મને વારંવાર કહેતી કે, તને જણી એ કરતાં પથરો જણ્યો હોત તો સારુ થાય. મને બહું લાગી આવતું. હું છોકરી છું એટલે મારી સાથે આવું થતું હતું, અને ભાઈ છોકરો છે એટલે એને સચવાતો. એટલે મેં તમને સબક શીખવાડવા જ આવું કર્યું. દીકરો હોય એટલે દીકરીની વેલ્યુ જ નહીં આ કેવું ? પપ્પા-મમ્મી મને માફ કરજો. પણ પરિવાર એકલા દીકરાથી નહીં દીકરીથી પણ ચાલે છે. અને હા, મેં ભાઈને ઉની આંચ પણ આવવા દીધી નથી. એને ખૂબ સાચવીને રાખ્યો છે. મને એનાથી કંઈ વાંધો નહોતો, તમારી માનસિકતાથી હતો.'

મનસુખ અને ગૌરીને લાગ્યું જાણે કોઈ એમના ગાલ પર તમાચા જડી રહ્યું છે. એ કંઈ બોલ્યા નહીં. એમણે સુધાને પોતાની બાથમાં સમાવી લીધી. ઈ. પંડ્યાએ કહ્યું, 'મનસુખ, ગૌરી ! દીકરો - દીકરી એક સમાન હોય છે. ઘણીવાર આ ભેદભાવ જીવન રગદોળી શકે છે. તમારા નસીબ સારા કે છોકરી ડાહી છે, નહીંતર દીકરીને તમે પહેલેથી ગુમાવી દીધી હતી અને છેલ્લે દીકરો પણ ગુમાવી બેસત. એક વાત યાદ રાખજો. દીકરી, નારી, મહિલા એ શક્તિ છે. પરિવાર પુત્રીથી જ સંપૂર્ણ બને છે. દીકરાના મોહમાં એને અન્યાય ના કરાય. નારી પરિવારની શક્તિ છે એને સાચવો.'

મનસુખ અને ગૌરી બોલ્યા, 'સાહેબ, ભુલ થઈ ગઈ. સુધાએ અમારી આંખો ઉઘાડી દીધી છે.' ઈ. પંડ્યાએ કેસ ત્યાં જ ક્લોઝ કરી દીધો. કારણ કે સુધા ગુનેગાર નહોતી. સુધાએ જે કર્યું એ ગુનો નહોતો પણ સમાજને રાહ ચિંધવા માટે, પરિવારમાં દીકરી એટલે કે નારીનું મહત્વ સમજાવવા માટે આદરેલું એક ઓપરેશન હતું - 'ઓપરેશન જરી'. અને આવા ઓપરેશનની સજા ના હોય, એના તો ઓવારણાં હોય.

*એ-૨, મયુર પાર્ક, સિલ્વરજ્યોત સોસાયટી,*
*નરોડા રોડ, પોસ્ટ-કુબેરનગર*
*અમદાવાદ-૩૮૨૩૪૦. મો. ૯૮૨૫૬૧૧૬૯૪*

# વંશવેલી

*- પરીક્ષિત જોશી*

**સા**સરે.

'બિઝનેસ તો થતો રહેશે. લગ્ન એના માટે થોડાં કર્યાં છે ? લગ્નસંબંધના મૂળ હેતુ વિશે વિચારો જરા, ...વહુ બેટા.'

'તમે બેય આમ જ વેપારવણજમાં લાગ્યાં રહેશો તો ઘરમાં કિલકારીઓ ક્યારે ગુંજશે ? એ વિશે ક્યારેય વિચાર્યું છે કે નહીં ?'

'અમે તો હવે ખરતું પાન, સમયસર તમારા લગ્ન થઈ ગયાં છે, ઘર-બહાર ધંધો-રોજગાર બધુંય બરાબર છે તો પછી હજુ શું વિચાર કર્યા કરો છો ? શુભ સમાચાર આપો એટલે અમે ગંગા નાહ્યાં !'

સવારની ચા હોય કે બપોરનું ખાણું કે રાતનું ભોજન, સાતેય દિવસ ને ચોવીસે કલાક આવાં વેણ હવે તો વેલીને માટે કંઈ નવાં નહતાં. પણ કાકીબાની વહુનું સીમંત થયું અને પછી સાસુમાની વાતમાં આવેલો વેગ વેલી અનુભવી રહી હતી.

'સાસુમા પોતાના કુટુંબનો વેલો વધે એ માટે વિચારતાં હોય એ સ્વાભાવિક છે, પણ આમ લક્કડખોદ ચાંચ મારી-મારીને જેમ ઝાડ કોચી નાખે છે એમ સતત હેમરિંગ કર્યા કરે એ કેટલું વાજબી ?' ક્યારેક વેલીના મનમાં આવો વિચાર આવતો, ને પછી વિચારની ઘટમાળ શરૂ થતી.

'ઘેરઘેર માટીના ચૂલા જેવી વાત છે, પણ આમ રોજેરોજ ? જરા વધુ પડતું નથી, એકની એક વાત રટ્યા કરવી. હા, એ સાચું કે મારા અને વંશના લગ્નને બે વર્ષ થઈ ચૂક્યાં છે એટલે સાસુમાની અપેક્ષા સ્વાભાવિક છે, પરંતુ આમ...'

ટકોર કહો તો ટકોર અને મહેણાંટોણાં કહો તો મહેણાંટોણાં, પણ બીજી કોઈ વહુ હોય તો વાત ક્યારનીય બીજો કોઈક વળાંક લઈ ચૂકી હોત, પણ વેલી જરા જુદી માટીની હતી અને એ જન્મી, રમી અને મોટી થઈ એ માટી પણ જુદી હતી, જરા...

પિયરમાં.

વેલીને પહેલેથી કુદરત સાથે રહેવું વધુ ફાવે. ગામમાં ઘરનું ઘર હતું, છતાં સીમમાં આવેલા ખેતરે જ આખો દિવસ ગાળવો હોય એને. ક્યારેક રાતે પાણી વાળવાનું હોય ત્યારેય એ જીદે ચઢી જ હોય. લાડકોડમાં ઉછરેલા એકના એક સંતાનની ઇચ્છા ક્યો બાપ પૂરી ન કરે ? નાનકડી હતી ત્યારે બાપુ ક્યારેક સાથે લઈ જતા. ખેતરમાં પાડેલા ચાસની રંગોળી જોઈને વેલીને ખૂબ મજા પડતી. ક્યારેક કાળિયા અને ધોળિયાની સંગાથે ખેતર ખેડવાની ઇચ્છા થઈ આવતી, પણ એ મનની મનમાં જ રહી જતી.

ક્યારેક બાપુના ખભે બેસીને ખેતરે જતી વેલી એમની આંગળી પકડીને સીમમાં ચાલતી થઈ ગઈ હતી. વર્ષો તો ખેતરમાં વાળેલા પાણીની માફક વહી રહ્યાં હતા. આંગળી ઝાલીને ચાલતી વેલી ક્યારે માથે ભાત લઈને આવતી થઈ ગઈ એની કોઈનેય સરત ન રહી.

બાપુ એટલું તો જાણી જ ગયેલા કે આ ખેતર અને સીમના બહાને વન અને વનરાજી સાથે વેલીનો કાયમી સંબંધ રચાઈ ગયો છે. મનમાં પોરસાતા પણ ક્યારેક જરાક ચિંતા પણ થતી કે પારકે ઘેર એને વળાવવાની થશે અને ત્યાં મારી વેલીને વાડ મળે એવું વાતાવરણ હશે કે...

કાળજાના કટકા જેવી દીકરીની ચિંતા પણ એ પૂરા શબ્દોમાં વિચારી શક્તા ન હતા. એક અજ્ઞાત ડર એમના મનમાં સતાવતો રહેતો. ઇન્દ્ર અને વનદેવની વંદના કરતો આ ખેડુ મનોમન વ્યથિત થતો. પોતાના મનમાં જાળવીને બેઠેલા બાપુની બધી ચિંતાઓથી વેલી બિલકુલ અજાણ નહતી.

સમયનું ચક્ર એની ગતિએ ફરી રહ્યું હતું. ગામડા ગામની શાળામાં અભ્યાસ પૂરો કરીને વેલીને હવે આગળ અભ્યાસ માટે શહેર જવું પડે એમ હતું. દીકરીના યોગક્ષેમનું નિરંતર ચિંતન કરતા બાપુ હવે ખરેખર ચિંતામાં સરી પડ્યા હતા.

'કેમનું કરશું હવે, વેલી બેટા ? અભ્યાસ વિશે કંઈ વિચાર્યું છે કે..'

'શું બાપુ તમેય ? હજુ તો પરિણામ આવ્યું, ન આવ્યું ને મને શહેર મોકલી દેવાની ઉતાવળ આવી છે કે શું ? હજુ તો વાર છે, એટલી જલદી હું કાંઈ તમને એકલા મૂકી ચાલી જવાની નથી, હોં.'

'અરે બેટા, ક્યો બાપ હશે જે પોતાની દીકરીને પોતાનાથી અલગ કરવા ઇચ્છતો હશે. બાપનું ચાલે તો કાળજાના કટકાને પોતાની સાથે રાખે આખી જિંદગી, પણ ક્યારેક કઠણ કાળજે નિર્ણય લેવા પડતા હોય છે.'

'બાપુ, તમે તો જાણે હું લગ્ન કરીને વિદાય લેવાની હોઉં એવું બોલવા લાગ્યા.' કહેતીક વેલી જાણે બાપુની ચૂટકી લઈ રહી હતી એમ બોલી.

બાપુ ક્ષણ-બે ક્ષણ દીકરી સામે જોઈ રહ્યા. હસી મજાકમાં કરિયર વિશેની વાતચીત માંડેલી પણ દીકરીએ વાતવાતમાં બાપુની દુ:ખતી નસ દબાવી દીધી હતી. બાપુ અચાનક ગળગળા થઈ ગયા. ગળે ડૂમો બાઝી ગયો. સ્વસ્થતાથી બોલી શકાશે નહીં એમ ધારી એમણે ચૂપ રહેવું મુનાસિબ માન્યું.

પણ વેલીની નજરમાંથી આ કોઈ બાબત લગીરેય

છટકી નહતી. એ તરત જ બાપુની પાસે આવી. એમની પીઠ પર હાથ પસવારતી બોલી,

'બાપુ, ચિંતા ન કરો. તમને એવું લાગતું હોય તો મારે હવે આગળ વધુ અભ્યાસ કરવો નથી. હું અહીં તમારી સાથે જ રહીશ અને સાથે જ ખેતીકામ કરશું.'

શું બોલવું, એની અસમંજસમાં બાપુ પણ ભીની થયેલી અનિમેષ નજરે દીકરીને જોઈ રહ્યા.

સાસરે.

'બે-બે વર્ષ થઈ ગયા બેટા, કુટુંબ વિશે કંઈ વિચાર્યું છે કે નહીં ? કંઈક તો જવાબ આપ, વંશ.'

સામાન્ય રીતે વેલીને પુછાતો પ્રશ્ન આજે ઘરમાં વેલીની ગેરહાજરીને કારણે વંશના ભાગે આવ્યો હતો. હજુ તો મમ્મી બોલ્યાં જ હતાં કે ક્યારેય આવી બાબતોમાં માથું ન મારતા પપ્પા પણ બોલ્યા,

'વંશ બેટા, આવો, બેસો અહીં મારી પાસે.'

વંશને પણ આશ્ચર્ય થયું. મમ્મી તો કાયમ આ મુદ્દે કડક પૂછપરછ કરતી જ રહેતી, પણ આજે તો પપ્પા પણ...

વંશ પપ્પા પાસે જઈ બેઠો. પપ્પાએ સહજતાથી પૂછ્યું, 'બેટા, મમ્મી આટલા સમયથી પૂછ્યા કરે છે તો તમે બેય જણાંએ કંઈ વિચાર્યું છે કે...'

વંશ પણ જરા મૂંઝાયો. પપ્પાએ એની મુશ્કેલી પારખી તરત જ કહ્યું, 'ન વિચાર્યું હોય તો હવે સમય આવી ગયો છે. જરાક સાથે મળીને વિચારી લ્યો. અમેય ઘરમાં કિલકારીઓ ગુંજે એવી આશા રાખીએ છીએ.'

પપ્પાની સ્પષ્ટ વાત સાંભળીને તરત જ મમ્મીએ મોરચો સંભાળ્યો.

'હું તો ક્યારનીય કહું છું. બે વર્ષ થઈ ગયાં છે. કાકીબાને ત્યાં પણ હવે તો ખોળો ભરાઈ ચૂક્યો છે. તમારા પછી એમનાં લગ્ન થયેલાં અને સારા સમાચાર તમારા પહેલાં આવી ચૂક્યાં છે... હવે તો...'

પપ્પાએ એક હાથ ઊંચો કરીને મમ્મીને બોલતાં અટકાવ્યા. વંશને આ વધુ નવીનવાઈની ઘટના લાગી. ધીમા



સાદે પપ્પા બોલ્યા, 'જો ભાઈ, કરિયર તો ઠીકઠાક ચાલે છે. આપણી પાસે બધું જ છે. તમે બેય ઘરેબેઠાં શાંતિથી મનગમતું કંઈ કરવા ધારશો તોય આપણે કમાવવાની કોઈ ચિંતા નથી. બસ, હવે આ એક બાબતને ધ્યાનમાં લેજો.'

પપ્પા આમ પણ ક્યારેય ઝાઝું બોલતા નહીં. પણ બોલે ત્યારે એમનો શબ્દ લગભગ નિર્ણય જ ગણાતો. પપ્પાની વાતને વંશ બરાબર સમજી રહ્યો હતો. પપ્પાની વાત પૂરી થઈ એટલે એ ઊભા થયા અને વૉક પર ગયા.

તરત જ મમ્મી મેદાનમાં આવ્યાં. બોલ્યાં, 'જો વંશ બેટા, વહુને સમજાવજે. કરિયર તો આખી જિંદગી છે, ઉંમર વીત્યા પછી આ બધી બાબતોમાં વધુ તકલીફ સહન કરવી પડે. હું કહીશ તો એને ગમશે નહીં. તું તારી રીતે સમજાવજે.'

'સારું મમ્મી. પણ તું કહે તો એને કેમ ન ગમે ? એ હું ન સમજ્યો. તારી બધી વાત તો માને છે.'

'સાચું બેટા, વેલીવહુ વિશે મારે કોઈ ફરિયાદ નથી. એ મારું બધું જ કહ્યું માને છે ! પણ આ એક બાબતે ક્યારેય કોઈ જવાબ આપ્યો નથી. ખબર નથી એના મનમાં શું ચાલી રહ્યું છે... કંઈ ચિંતાજનક તો નથી ને, બેટા ?'

'એવું કશુંય નથી મમ્મી. તું નાહક ચિંતા કરે છે.' બોલતાં તો બોલી ગયો, પરંતુ મમ્મીની વાતથી વંશના મનમાં પણ એક નાનકડી શંકા તો સળવળી જ ઊઠી, પણ એ વાતને લાંબી કરવા ઈચ્છતો નહતો એટલે ચૂપ રહ્યો.

'ચિંતા તો થાય ને બેટા. અને, જો પ્લાનિંગ કરો એ પહેલાં બેય જણાં બધા ટેસ્ટ કરાવી લેજો. એટલે પછી કોઈ જોખમ ન રહે. કાકીબાને બતાવી આવો એકવાર. ઘરનાં જ ડૉક્ટર છે પછી શરમ શેની ?'

મમ્મી પણ મન વાંચી શકે છે કે શું ? ક્ષણાર્ધ માટે તો વંશને એ વિચાર પણ આવી ગયો, એણે મમ્મી સામે જોયું પણ એ તો સ્વાભાવિક રીતે જ સલાહસૂચન આપી રહ્યાં હતાં. વંશે પણ વાત આટોપી લેવા માટે કહ્યું, 'સારું. હું વેલી સાથે વાત કરું છું આજે.'

હોસ્ટેલમાં.

ગૂજરાત વિદ્યાપીઠ પરિસરની અંદર પ્રવેશતાં જ વંશને લાગ્યું કે 'આશ્રમરોડ છોડીને આ પરિસરમાં હજુ તો અંદર આવ્યો જ છું કે જાણે અચાનક શહેરમાંથી ગામમાં આવી ગયો છું.'

વંશને અહીં લેડિઝ હોસ્ટેલ શોધવાની હતી. પહેલીવાર એની મુલાકાત થવાની હતી એની વર્ષો જૂની મિત્ર સાથે, ઘણા સમય પછી. બાળપણની સાથી એવી વેલી બી.આર.એસની પદવી મેળવી ચૂકી હતી, હવે એને કંઈક નવા વિષયમાં અભ્યાસ કરવાની ધૂન ચઢેલી.

વેલીના કારણે જ એ ગામડે જતો અને આજેય પાછો આ ગામડાગામ જેવા પરિવેશમાં એ પ્રવેશ્યો છે એ વાત યાદ આવતાં વંશ મનોમન જરાક મલક્યો. એની વિચારયાત્રા આગળ ચાલી... ગામડેથી વેલીના બાપુ તો વારંવાર એની ખબર કાઢવા આવી શકે એમ ન હતા એટલે એનું ધ્યાન

રાખવાનું કામ વંશના શિરે આવ્યું.

બેય કુટુંબે પણ રાહતના શ્વાસ લીધા અને બેય બાળકો મળે, એકબીજાને સમજે એમાં સૌ રાજી પણ હતાં. એક તો એ બેય બાળગોઠિયાં હતાં. ઘણાં વર્ષો સાથે રમ્યાં, ભણ્યાં. પણ પછી વિદ્યાશાખાઓ બદલાઈ એટલે વચ્ચે થોડો સમય સંપર્ક તૂટ્યો. વંશનો દાક્તરીનો અભ્યાસ પૂર્ણ થઈ ચૂક્યો હતો અને અત્યારે ઈન્ટર્નશિપ પૂરી થવામાં હતી. વેલીએ પણ એગ્રીકલ્ચરમાં ડિગ્રી મેળવી લીધી હતી. હવે જરા કારકિર્દીમાં નવી તકો મળે એ માટે આગળ કંઈક નવો અભ્યાસ કરવા વિદ્યાપીઠમાં આવી હતી. આજે જૂના સંબંધના નવા તાર જોડાવાના હતા, એ વાતથી વંશ પણ ખાસ્સો ઉત્સાહિત હતો.

સાસરે.

'જુઓ વેલી બેટા, લગ્નને ઘણો સમય થયો છે હવે કંઈક વિચારો એવું કહેતાં કહેતાં તો મારી જીભનો લોચો વળી ગયો પણ તમે બેય છો કે કંઈ ધ્યાને લેતા જ નથી...' સાસુમાએ ફરીથી કુટુંબ વિશે વિચારવિસ્તારની વાતો માંડી.

'મારા વંશને કોઈ ખોટી આદત છે નહીં. જમ્યા પછી વરિયાળી-ધાણાદાળ ખાવાની પણ એને ટેવ નથી. કંઈ કેટલીય વાર એને અનેક લોકો સાથે બહાર મિટિંગ્સમાં જવાનું થાય છે, પણ એ ક્યાંય કશુંય ખાતો-પીતોય નથી.'

વેલીને લાગ્યું કે આજે સાસુમાએ જરા જુદી રીતે બૉલિંગ શરૂ કરી છે...

'અરે, સવારે કે સાંજે એ ચા-કૉફી જેવાં ઉત્તેજક પીણાં પણ પીતો નથી અને જુઓ એટલો બધો સંયમી છે કે હજુ એ પિતાય બન્યો નથી.'

ભાષાની ચમત્કૃતિ તરીકે વપરાયેલા છેલ્લા વાક્યે વેલીને સચેત કરી દીધી. એણે પોતાનું માથું ઊંચક્યું અને નજર સીધી સાસુમાની નજરમાં મેળવી. જોકે, સાસુમાનું ધ્યાન દરવાજા તરફ હતું એટલે એક ટકરાવ થતાં-થતાં બચી ગયો.

સાસુમા દરવાજા તરફ ધ્યાનથી જોઈ રહ્યાં હતાં, ત્યાં દરવાજામાં એમનાં ડૉક્ટર દેરાણીએ પગલાં પાડ્યાં. સમયસર ગાયનેક ડૉક્ટરની ઉપસ્થિતિને લીધે સાસુમાને 'ભાવતું હતું ને વૈદ્યે કીધું' જેવો ઘાટ થયો. એમને પોતાની વાત જરા વધુ વિસ્તારથી કહેવાની ચાનક ચઢી.

પણ વેલી ચેતી ગઈ હતી, એને થયું કે સાસુમાની વાતો આજે અટકે એમ લાગતું નહતું, અને એમાં હવે કાકીબા આવ્યાં એટલે પત્યું. સમયસૂચકતા વાપરીને, વેલી પોતાને કોઈક કામ યાદ આવ્યું હોય એમ ત્યાંથી ઝડપથી ખસી ગઈ.

ડૉ. દેરાણીને આવકાર આપીને, સાસુમાએ પોતાની વાતનું આગળ સંધાન કરતાં પહેલાં દેરાણીને ટૂંકમાં મૂળ વાત જણાવી દીધી. સાસુમાની વાતમાં હમ્મ હમ્મ કરતાં કાકીસાસુના હોંકારા સાંભળીને વેલીને લાગ્યું કે દેરાણી-જેઠાણી વચ્ચે એક મુદ્દે તો હવે સંમતિ સર્જાઈ રહી છે...

'સાચું કહું, મારા દીકરામાં લગીરેય ખોટ નથી, બેન. એનું મન જ્યાં લાગી ગયું એ છોકરી, અમે તો દીકરી માનીને સ્વીકારેલી પણ એને દેવીના આર્શીવાદ જ નથી મળ્યા તો શું કરીએ હવે... તું જ સમજાવ જરા વહુને...'

'દીદી, જુવાનિયાં અત્યારે નહીં સમજે, એમને સંતાન થશે અને એની ચિંતા થશે ત્યારે સમજાશે. ત્યાં સુધી પથ્થર પર પાણી...'

'એ જ સ્તો. હવે તું જ કહે બહેન, આપણેય કેટલું સમજાવીએ ? વધુ પડતું ભણેલાંગણેલાં હોય ને એટલે આ દુઃખ. કરિયરની પાછળ આખું જીવન ડહોળી નાંખે..'

'દીદી, મેં તો એવું નક્કી કર્યું છે કે મારા નાનકાને ઘરે પારણું બંધાય એટલે દાક્તરી છોડી એના સંતાનના ઉછેર પર ધ્યાન આપવાનું નક્કી કરી રાખ્યું છે. વંશનાં લગ્ન તો નાનકા કરતાં પહેલાં થયેલાં તે હવે સારા સમાચાર ક્યારે આપો છો ? ક્યાંક એવું તો નથી ને કે વહુને કંઈક શંકા જેવું છે. તો મોકલી આપો. હું બેયનાં બધાં ચેકઅપ કરી લઈશ. એટલે દૂધનું દૂધ ને પાણીનું પાણી...'

'અરે, બહેન, તેં તો મારા મોઢાની વાત છીનવી લીધી. હું એ જ સ્તો આજે કહી રહી હતી વેલી વહુને... અને તારું આવવું થયું... ચલો, એટલું તો સારું થયું... મનેય તારા જેવા જ કોડ છે પણ...'

'પણ... ને... બણ, છોડો દીદી. તમતમારે બેયને મોકલી આપજો મારે દવાખાને. એકવાર તપાસ થઈ જાય એટલે પછી આગળનો વિચાર થઈ શકે...'

બીજા ઓરડામાંથી આ બધી વાતો સાંભળી ગયેલી વેલી હિંમત કરીને એમની સામે પણ આવી ન શકી.

કેન્ટિનમાં.

વિદ્યાપીઠમાં વેલીના અભ્યાસ સાથોસાથ એને વંશરૂપે વાડ પણ મળી ગઈ. ક્યારેક એ મનોમન વિચારતી કે, 'અમદાવાદ જેવા મહાનગરમાં જો વંશનો સાથસહકાર ન હોત તો મારું શું થાત...'

આ બાજુ વંશની પણ એ જ હાલત હતી. કસ્તૂરબા કેન્ટિનમાં ક્યારેક ચા-પાણી તો ક્યારેક જમવા માટે વંશની આવનજાવન વધી ગઈ હતી. એની નોંધ વેલીના સખીવૃંદે પણ લીધી. વંશ જ્યારે કેન્ટિનમાં જમવાનો હોય ત્યારે વેલી



પણ સાથે જોડાઈ જતી. વિદ્યાપીઠમાં ચટાકેદાર ભોજન તો બનતું નહતું એટલે જ્યારે વંશ કેન્ટિનમાં જમવા આવતો ત્યારે વેલી રસોડામાં માસીને મદદને બહાને વંશને ટેસ્ટને અનુકૂળ એવા મરીમસાલા કરી આવતી. વંશને પણ આ નવી જરાક જુદા ટેસ્ટની રસોઈ ફાવી ગઈ હતી.

વંશની ઈન્ટર્નશિપ પૂરી થઈ, ન થઈ ત્યાં સુધીમાં તો વંશ અને વેલી વચ્ચે એક વિશિષ્ટ સંબંધ આકાર લઈ ચૂક્યો હતો. હવે વેલીને હોસ્ટેલમાં રહેવાની કે વંશને કેન્ટિનમાં જમવા આવવાની કોઈ જરૂર નહતી. અમદાવાદ જેવા મોટા શહેરમાં વંશનું ઘર હવે વેલીનું પણ ઘર હતું.

સાસરે.

'અરે વંશ, પેલા ટેસ્ટનો રિપોર્ટ આવ્યો કે નહીં?' હજુ પિતા આ સવાલ પૂરો કરે કે એ પહેલાં જ વંશ એમની પાસે એક કવર લઈને પહોંચ્યો.

પપ્પાએ કવર ખોલ્યું અને વાંચ્યું, 'પોટેન્સી ટેસ્ટ'.

રિપોર્ટ વાંચીને એમણે વંશને પરત કર્યો અને એક પણ શબ્દ બોલ્યા વિના એ પોતાના રૂમ તરફ ચાલ્યા ગયા. મમ્મીને પણ ખબર પડી કે તરત જ એમણે પણ પૂછપરછ શરૂ કરી. જો કે, વંશે પણ પપ્પાની માફક જ મૌન ધારણ કરી લીધું હતું.

એનો મમ્મીએ પોતાને અનુકૂળ એવો અર્થ તારવ્યો અને તાડૂકી ઊઠ્યાં, 'મને ખબર જ હતી, વહુમાં જ ખોટ છે. એટલે જ બે-બે વર્ષ સુધી મને એકેય વાર કોઈ જવાબ આપ્યો નથી. તને તો ખબર હતી ને વંશ, તો કેમ કશું કહ્યું નહીં અત્યાર સુધી ? અને હજુય મોઢામાં મગ ભરી બેઠો છે... કહે, હું સાચી જ હતી ને..?'

મમ્મીની સામે બોલવાનો વંશનો સ્વભાવ ન હતો, પરંતુ આજે એ બોલ્યો, 'ના મમ્મી ના. તમે ખોટાં ઠર્યાં છો, તમે તદ્દન ખોટાં પડ્યાં છો.'

'શું વાત કરે છે બેટા ? એટલે... એટલે તું કહેવા શું માગે છે..? ચિંતા ન કર, આપણે વંશવેલો આગળ વધારવા માટે તારાં બીજાં લગ્ન કરાવશું, ધામધૂમથી. તું ચિંતા ન કર, બેટા... હું બેઠી છું હજુ...' મમ્મીને તો દોડવું હતું ને ઢાળ મળ્યો.

'અરે, મમ્મી, તમે પણ ખરાં છો, વાત આખી જાણ્યા-કર્યા વગર જ... બસ, મારાં બીજાં લગ્ન સુધી પહોંચી ગયાં ? તમને ખબર છે, રિપોર્ટમાં શું આવ્યું છે એ ? કાકીબાએ કીધું તમને કે નહીં..?'

'ના બેટા, મારે હજુ એમની સાથે વાત નથી થઈ. પણ તું કહી દે. એવી શી વાત છે તે વાતમાં આટલું બધું મોયણ નાખ્યા કરે છે. મને ચિંતા થાય છે, ઝટ કહી દે ભાઈ..'

'તો સાંભળો મમ્મી. રિપોર્ટમાં લખ્યું છે કે વેલીમાં કોઈ ખોટ નથી. વેલીને કડવાં વેણ કહીને ન દુભવશો મમ્મી. એ નિર્દોષ છે. એનાં પણ સપનાં ચૂરચૂર થઈ ગયાં છે... તમારાં સપનાંની જેમ જ.'

'ઓહ... બેટા, આ હું શું સાંભળી રહી છું...'

'મમ્મી, તમે જે સાંભળ્યું એ સત્ય છે. બાકી વિગતો કાકીબા જણાવશે, પૂછી લેજો.' કહીને વંશ પોતાના ઓરડા તરફ આગળ વધ્યો.

હોસ્પિટલમાં.

'ના વંશ. ના. આ મારો નિર્ણય નથી. કુદરતનો નિર્ણય છે. 'વંશાવલી' જ આગળ વધવી જોઈએ એવું થોડું છે, આપણે 'વંશવેલી'ના માધ્યમથી કંઈકેટલાય વંશ પાંગરીશું અને વેલી વિકસાવશું...'

'પણ વેલી, આવો અત્યાચાર પોતાના શરીર પર શા કાજે ?'

'વંશ, તેં મને ફરજ નથી પાડી, પણ તને આજીવન કંઈ ઓછું ન આવવું જોઈએ એ જોવાની મારી ફરજ છે. કુદરતે આપણી જોડે જે ન્યાય કર્યો એ ખરો...'

'પણ તું આ અન્યાય કરી રહી છો, તારી પોતાની જાત સાથે. શું જરૂર છે આવાં આકરાં પગલાં લેવાની. તું તો ધર્મમાં આસ્થા રાખે છે, જો ધર્મમાં પણ કહ્યું છે કે કોઈ અંગ કઢાવી નાંખીએ તો પછી બીજા જન્મે એ અંગ વિના જ જન્મ મળે... પ્લીઝ, રહેવા દે વેલી... ફરી એક વાર વિચાર કરી જો... પ્લીઝ...'

'વંશની વાડ હોત તો ચોક્કસ વેલીની 'વંશવેલી' આગળ વધી હોત, પણ... હવે એ વાત રહેવા દે... જે મારા પ્રિય પાત્રનું બચ્ચું મને ન અપાવી શકે એવી બચ્ચાંદાની હોય તોય શું અને ન હોય તોય શું ? મૂક એ વાતનો છેડો હવે.'

નર્સરીમાં.

વેલીએ પોતાના ઉછેર, અભ્યાસ અને અનુભવને આધારે વંશની હોસ્પિટલની પાછળની વિશાળ ખુલ્લી જગ્યામાં 'વંશવેલી' નર્સરી શરૂ કરી હતી. 'વંશવેલી' નર્સરીનો દરેક છોડ વેલી પંડના બાળકની જેમ દેખભાળ રાખીને ઉછેરતી. પુરુષત્વને પણ ચાર ચાસણી ચઢી જાય એવા સ્ત્રીત્વનો પરચો પામેલો વંશ પોતાની કેબિનના કાચમાંથી, પૃથ્વીના ગર્ભમાંથી પાંગરેલા છોડ અને વિકસેલી વેલીને જોઈ, સર્જનના આ ઉત્સવને મૌન રહી મન ભરીને માણી રહ્યો હતો.

---

*બં.નં. ૬, તપસ્વી જલારામ સોસાયટી, રામતીર્થ સોસાયટી પાસે,*
*જ્ઞાનદા બસસ્ટેન્ડ પાસે, જીવરાજપાર્ક માર્ગ, વેજલપુર,*
*અમદાવાદ-૩૮૦૦૫૧. મો. ૯૦૯૯૦૧૬૨૬૧*

# ...અને રસ્તો

- *પ્રેમજી પટેલ*

'**પં**દરમી ઑગસ્ટ આવે છે તે સાડા દસે હાજર થવાનું કહ્યું છે.' સાડી પહેરતાં પહેરતાં ઉત્તર આપ્યો. સોમવારથી પંદરમી સુધી, તૈયાર થઈ મહોલ્લાની બહાર રોડ પરના ઓટલા પાસે આવી. બોસ પોતે સાડાદસે તો ઑફિસમાં પગ મૂકી દે છે, તો સ્ટાફે આવી જ જવું પડે. આવતાં અડધો કલાક મોડુંય થાય. પંદરમી પંદરમી કરીને બધું ધમધમવા માંડ્યું છે ત્યાં... ગોળ પર માંખો બેઠી હોય એમ બાજુના ગલ્લા પર ત્રણ-ચાર યુવાનો માવાયણમાં મસ્ત લાગ્યા. બસ - તો સાડા દસે અહીં આવે એટલે કશા કામની નહીં. વહેલું શટલિયું કે કોઈ સાધન મળી જાય તો... વિચાર આવ્યો ત્યાં મહેન્દ્ર સુથાર દેખાયો. હાથ કર્યો, બાઈક રોકાઈ ગયું. 'દહેગામ ?'

'હા'

'લઈ જાવ...'

'પકડજો હોં - નીચા નમી તેણે માવો ખાધો હશે તે... પછી ખિસ્સા પર હાથ મૂકી માવો છે કે નહીં એવું કશું તપાસી, બાઈક સ્ટાર્ટ કર્યું, એ દહેગામની કોઈ સ્કૂલમાં નોકરી કરતો હતો. શ્વેત જોડે ઘરે કહેવડાવી દીધું કે બાઈક મળી ગયું છે, નીકળી ગઈ છું. તેથી ચિંતા મટે.. સમયસર પહોંચી ગઈ. પટાવાળો સાફસફાઈ કરતો હતો, બહાર સેવનના ઝાડ નીચે ઊભી...'

કાલે રિસેસમાં લારીએ ચા પીતાં પીતાં નિપુણાએ પૂછેલું : શાના વિચારમાં ખોવાઈ ગઈ છે ? કશા નહીં પણ એ માને ! તારી બોડી લેન્ગ્વેજ કહે છે કે ખોવાઈ છે - દુપટ્ટો સરખો કરતાં કરતાં કંઈ બોલું તે પહેલાં તેણે ફરી સવાલ કર્યો - ચા પીતાં પીતાં સામેના પોલ્ટ્રિફાર્મ નીચે શાન્તિથી સૂઈ રહેલું ગલૂડિયું જોતી હતી. ના કહેવું હોય તો ભલે પણ કંઈક તો છે જો નિપુણા - પાસે પડેલી લીમડાની સળીથી ઓટલી સાફ કરતાં ચલાવેલી. આ બાબત એવી છે તે ઘરનાં ના સમજે તો કશું ના થાય... જો કે, મેં બે વાર કડક થઈ સાસુમાના સાંભળતાં એમના કાને નાખ્યું છે. રોજ બસમાં આવ-જા કરી નોકરીનો સમય સાચવવાનું અઘરું સ્કૂટી લાઈ દેને, - મારી જેમ ! હાથમાંથી સળીના બે કકડા કરતાં પડઘો પડ્યો. એની તો મોંકાણ છે, બે વરસ થયાં, પૈસાનો વેત નથી, ઉનાળામાં... જતીન માવડિયા છે તે ડોશી ડોકું ના ધુણાવે ત્યાં સુધી બહાનાં શોધ્યા કરે - આ તો સુમિ, લોનફોન કરીનેય, પૈસાનો પ્રશ્ન એ બીજી વાત થઈ, મનથી નક્કી થાય કે લેવું જ છે તો બધું ગોઠવાય. હમણાં વચ્ચે દવાખાને જવાનું થાય છે તો કેમ પૈસા કાઢીએ છીએ ! ગોઠવણ હોય કે ના હોય - દવા લેવી જ પડે. અને આય દસ પંદર કિલોમીટર જેટલું છે - જો ચલાય એટલું હોત તો... ચાલતી આવત... ટૂંકમાં, એ બેને અવગણીને કશું થાય એમ નથી. પરમ દિવસે બસના કારણે લેઈટ થઈ ગઈ તે બોસે ધમકાવી કાઢી એટલે વાહન તો જરૂરી - હું, સુમિ, અમારા કાકા કંડક્ટર છે, એ વાત કરતા'તા તે અમારા પ્રશ્નોનો નિકાલ ન આવે તો... સમાધાન થાય તો ઠીક બાકી અઠવાડિયું એસ.ટી. બંધ રે'શે... હડતાળ પડે, કહેવાય નહીં.

નિપુણાની વાતે મૂંઝવણ વધી. નિપુણા રસ્તો શોધવાને બદલે તું તો મુશ્કેલી વધવાની વાત કરે છે... જે છે એ કહ્યું... પગથિયાં ચડતાં ચડતાં એણે ચપટી વગાડી... હસી પડી.

સેવકનો અવાજ આવ્યો - 'મેડમ, આવી જાવ... સફાઈ પૂરી.' કામની ધમાલમાં સાડા છ થઈ ગયા...

બીજો દિવસે તો મહેન્દ્રએ છોકરાને દોડાવ્યો. મારે મોડું થાય છે, ઝટ આવી જાવ - તરત મેં પર્સ સંભાળ્યું. ઓચિંતાં લાઈટ પડતાં અંજાઈ જવાય તેમ જતીનનો ચહેરો ઓઝપાઈ ગયો, પરવા કર્યા વગર દોડી...

વળતા દિવસે તો મહેન્દ્ર એ રસ્તામાં ઊભા રહી રાહ

જોવાનું ટાળી આંગણામાં લાવી બાઈક ઊભું કરી દીધું. તરત એમણે બૂમ મારી 'ચા તૈયાર છે, માવો પછી ખા...' ચાનો ઘૂંટો ભરી, મસાલો મોઢામાં ઠાલવી બાઈકને સ્વીચ આપી. વાડામાંથી સાસુમા આંગણામાં આવ્યાં ત્યારે બાઈક ગતિમાન થઈ ગયું... બંનેના ઝાંખા ચહેરા કળી શકાયા. મંદિરથી વળી ગયાં તે આવજે દહેગામ વહેલું...

'સુમિ, હોન્ડાના શો રૂમે જઈ આવ્યો....' જતીન આવ્યો.

'હેં ? પણ ચમકી કેમ ?'

'કિંમત જાણવા, સ્કૂટી સ્પેરમાં છે કે' માહિતી લીધી.

'તમારી માને ખબર છે ?' દબાતા સ્વરે મેં રોકડું પરખાવ્યું.

'કહી દીધું... નોકરી કરવી હોય તો ખરચ કરવો પડે.'

'નહીં માને તો... ?' ભય રજૂ કર્યો.

'બસમાં જજે...' હળવાશથી બોલ્યા હું ગુસ્સે થાઉં તે પહેલાં તેમણે બોલી કાઢ્યું... 'અગિયારસે, ચાર દાડા ખૂટે... એટલામાં પેમેન્ટનું સેટ કરી દઉં, જો ખૂટે તો ફોઈએ લઈ જવા કહ્યું છે...'

'ફોઈને શું કામ વીતાડવાનું ! લોન કરશું.' મેં રસ્તો કહ્યો.

'શનિ-રવિ જવા દે... થઈ જશે.'

સોમવારે મહેન્દ્ર પાંચ મિનિટ વહેલો આવી ગયો. ચા આપતાં એ કહે 'જો મહેન્દ્ર, અગિયારસે અમારેય સ્કૂટી છોડાવવાની ગણતરી ખરી.'

'બહુ સરસ, સુમિભાભીને આવડે છે કે શીખવાની બાકી છે ?'

'સાઈકલ આવડે છે એટલે શીખતાં તો વાર ના થાય...' વાતો પૂરી કરી બાઈક-સવારી ઉપાડી... સાસુમાએ જોયું તો હંમેશની માફક તેમનો ચહેરો પાણી વગરના છોડ જેવો થઈ ગયો.


શુક્રવારે રજા મૂકી. સ્કૂટી લેવા ગયાં. લોનના કાગળો કર્યા. પછીની બે રજાઓમાં પાકું શીખી લીધું. મંગળવારે તો પેંડા લઈને.. પાર્કિંગમાં સ્કૂટીને લોક કર્યું. આખા સ્ટાફને પેંડા વહેંચ્યા. નિપુણાની ખુરશી ખાલી જોતાં વિચારમાં પડી. હજી એ આવી નહોતી. કંઈ વિચારું એ પહેલાં તેનો રણકાદાર સ્વર સંભળાયો - 'મારા ભાગના ?'

'તારું તો અલગ પડીકું રાખ્યું છે - ડેકીમાં..., ચાલ ખવડાવું....'

ડેકી ખોલતાં ખોલતાં બોલાઈ ગયું - 'નિપુણા, તું નિપુણ હોં... ! નહીં તો હજી... તને તો મારા હાથે જ પેંડો...'

અમે બંને એકી સાથે હસી પડ્યાં !

*મુ.પો. ખેરોલ, ઠે. મહાદેવવાસ,*
*તા. તલોદ, જિ. સાબરકાંઠા-૩૮૩૨૧૫.*
*મો. ૯૪૨૬૩૬૫૮૦૨*



# રોલ મોડેલ

*- અન્નપૂર્ણા મેકવાન*

**આ**જે ફરીથી મેઘાને તેની મમ્મી સાથે વાંકું પડ્યું હતું અને તે ગુસ્સામાં દરવાજાને પછાડતી કૉલેજ જવા નીકળી ગઈ હતી. તેની મમ્મી પાછળ મેઘા... મેઘા...ની બૂમો પાડતી રહી ! પણ તેણે કશો જવાબ આપ્યો નહીં કે પાછું પણ જોયું નહીં. તેને સખત ગુસ્સો આવ્યો હતો તેની મમ્મી પર, કારણ હોટલમાં રાખેલી ૩૧મી ડિસેમ્બરની પાર્ટીમાં જવાનું, મિત્રો સાથે એન્જોય કરવાનું હવે શક્ય બનવાનું ન હતું. મમ્મીએ ના જે પાડી હતી. આમ, તો મેઘાને ખબર હતી જ કે મમ્મીને જો તે સીધેસીધું પુછશે તો તે ના પાડશે જ !! એટલે તેણે રાત્રે બહેનપણીના ઘરે પરીક્ષાની તૈયારી માટે વાચંવા જવાનું બહાનું કાઢ્યું હતુ જેથી તે પાર્ટીમાં જઈ શકે અને કૉલેજનાં ફ્રેન્ડ્સને ખબર પણ ના પડે કે તેનાં મમ્મી-પપ્પા કેટલાં જુનવાણી વિચારનાં છે ! અને તે કારણથી તેણે શરમાવું પણ ના પડે. પરંતુ તેવું શક્ય બન્યું ન હતું.

હવે..., ફ્રેન્ડ્સને કેવી રીતે ના પાડવી ? તેના માટેનું યોગ્ય બહાનું પણ પાછું શોધવું પડશે ને ?! નહીં તો તેમની ‘કોમેન્ટ‘ના શિકાર બનવુ પડશે. માયરા, જૈમિન, આલિયા, આદિત્યની ફ્રેન્ડશિપ ગુમાવવી પડશે. પણ, મમ્મી-પપ્પાને ક્યાં આ બધી ખબર છે ? બસ..., ના જ પાડતાં આવડે છે. આવાં ‘પેરેન્ટ્સ’ તો કોઈનાંય નહીં હોય !! તે વિચારી રહી. તે જેમ જેમ વિચારતી ગઈ તેમ તેમ તેનો ગુસ્સો પણ વધતો ગયો, તો સાથે સાથે ઉંમર પ્રમાણેની સમજણને લીધે હતાશા ઘેરી વળી અને તેની આંખો ભરાઈ આવી.

અનેક યુવાન-યુવતીઓની જેમ જ મેઘાને પણ બ્રાન્ડેડ ડિઝાઈનર કપડાં પહેરવાની, કિંમતી શૂઝ - સેન્ડલ- પહેરવાની, ફાઈવસ્ટાર હોટલમાં જમવા જવાની, પાર્ટીમાં જવાનું,વૈભવી કારમા ફરવાની, વિમાનપ્રવાસ કરવાની, તો વળી વૅકેશનમાં ફોરેનની ટુર કરવાની અભિલાષા હતી. આવાં દિવાસ્વપ્નોમાં રાચવું તેને ગમતું હતું. ટૂંકમાં, ફિલ્મોમાં બતાવાય છે તેવી જિંદગીની કલ્પના તે કર્યા કરતી. અન્ય યુવાન-યુવતીઓની જેમ જ તે પણ ફિલ્મસ્ટારો પાછળ પાગલ હતી. તેમના જેવું જીવન તે જીવવા માગતી હતી. તેમની નકલી ચમક-દમકને તે સાચી માની રહી હતી.

મેઘાને પાંખો આવી હતી. તેને આકાશમાં ઊંચે ઊડવું હતું. કોઈની રોકટોક વગર વિહરવું હતું. પણ સામે તેનાં મમ્મી-પપ્પા હતાં કે જે તેની પાંખોને કંટ્રોલ કરતાં હતાં. એટલે વિલનના રૂપમાં તેનાં મમ્મી-પપ્પા તેને દેખાઈ રહ્યાં હતાં. પરિણામે બધો આક્રોશ મમ્મી-પપ્પા સામે નારાજગી સ્વરૂપે આવા નાના સરખા બનાવ વખતે પણ બહાર આવી જતો.

તે રહેતી હતી તે શહેરથી દૂર આવેલી ત્રીસ ઘરોની રો-હાઉસિંગ સોસાયટી હતી. નાનાં બેઠાં ઘાટનાં ઘર હતાં જે તેના આકારને કારણે બહારથી બંગલા જેવાં દેખાતાં. તેઓ રહેવા આવ્યાં ત્યારે તો શહેર ઘણું દૂર લાગતું, પણ હવે ધીમે ધીમે આજુબાજુ ખાસ્સી સોસાયટીઓ બનવાને કારણે શહેર જાણે કે નજદીક આવી ગયું હતું. વળી, વાહનવ્યવહારની સગવડો પણ હવે સરળતાથી મળતી થઈ હતી. મેઘાને બસ પકડવાની હતી. બસસ્ટેન્ડ બહુ દૂર ન હતું. સોસાયટી પૂરી થાય એટલે થોડું ચાલવાનું રહેતું અને બસ સ્ટેન્ડ આવી જતું.

સોસાયટીનું સૌથી છેલ્લું ઘર તેને પ્રિય એવા આકાંક્ષા આંટીનું હતું. કોર્નરનું હોવાથી તેમને બીજાં કરતાં થોડી જગ્યા વધારે મળી હતી. ત્યાં તેમણે સરસ મજાનો બગીચો બનાવ્યો હતો. બસસ્ટેન્ડે જવા માટે તેમના ઘર આગળથી પસાર થવાનું આવતું. જો કે, મેઘાના ઘરની સિચ્યુએશન એવી હતી કે તેના ઘરમાંથી આકાંક્ષા આંટીનુ ઘર સ્પષ્ટ દેખાતું. તેમના ઘરમાં થતી પ્રવૃત્તિ પણ તે જોઈ શકતી. ‘બેટા, કોઈના ઘરમાં ડોકિયાં કરવાં એ સારી વાત ના કહેવાય.’ મેઘાને તેની મમ્મી ટોક્યા કરતી, પણ મેઘા મમ્મીની વાતને હસી કાઢતી. કારણ આખી સોસાયટીમાંથી ફક્ત આકાંક્ષા આંટી અને તેમના પતિ અનહીંત અંકલ તથા તેમની પોતાની હમઉમ્ર દીકરી રેયાન તેને ખૂબ ગમતાં. એટલે તેમની દરેક પ્રવૃત્તિ તે ધ્યાનથી જોયા કરતી. તેમાય ખાસ કરીને આંટીની બોલવાની, હસવાની સ્ટાઇલ, વાળને ઝટકો આપીને પાછળ લઈ જવાની સ્ટાઇલ તથા તેમની ડ્રેસિંગ- સેન્સ તે બધા ઉપર તો તે ફિદા હતી અને જાણ્યે-અજાણ્યે તેમનાં પોતાનો રોલમોડેલ માની લીધાં હતાં. તેમના જેવી જિંદગીની અપેક્ષા રાખતી હતી. તેમના જેવી સ્માર્ટ બનવા માગતી હતી ! તેણે જોયું તોઆંટી કફતાન પહેરીને હાથમાં મોટો મગ લઈને કોફી પીતાં ઊભાં હતાં અને તેમનાં ‘ગાર્ડન’ને માળી પાસે ‘ટ્રિટ’ કરાવતાં હતાં. આકાંક્ષા આંટીની નજર મેઘા ઉપર પડી. તેનો ઉદાસ ચહેરો જોઈને

તેમણે મેઘાને બોલાવી... અને... મેઘાથી રડી જ પડાયું !

આકાંક્ષા આંટી મેઘાને ઘરમાં લઇ ગયાં. સોફા ઉપર બેસાડી. પાણી આપ્યું અને કારણ પૂછ્યું. કારણ જાણતાં તેમને પણ આશાબહેન (મેઘાની મમ્મી) ઉપર ગુસ્સો આવ્યો.

'તારી મમ્મીમાં તો અક્કલ છે કે નહીં ? કૉલેજ જતી છોકરીને ના પડાતી હશે !? યુવાની તો મજા કરવા માટે હોય છે... તું તારે ચિંતા ના કરતી ! તારું પાર્ટીમાં જવાનું પાક્કું !' ક્ષણિક વિરામ લઈને.

'પણ પાર્ટીમાં પહેરવાનો ડ્રેસ છે કે નહીં ? અરે ! હા, હું કોને પૂછું છું. નેચરલી તારી પાસે તો નહીં જ હૉય !! તારી મમ્મી એવા ડ્રેસ લેવા દે ખરી !! બટ ડોન્ટ વરી. રેયાનનો ડ્રેસ આવી રહેશે તને. પણ સંભાળજે ડાર્લિંગ ! પાર્ટીના પિક્સ તારી મમ્મી જુએ નહીં, નહીં તો તેમને તો ઍટેક જ આવી જશે ! આકાંક્ષા આંટી મોટેથી હસતાં હસતાં બોલ્યાં. અને મેઘા ખુશ થઈને કૉલેજ જવા નીકળી.

ક્યાં આ મોર્ડન દેખાવ તથા વિચારો ધરાવતાં, તરવરાટથી ભરેલાં અંકલ-આંટી ! અને ક્યાં દાદા-દાદી ટાઈપનાં અને તેવા 'ઓલ્ડ' વિચારોવાળાં મારાં મમ્મી-પપ્પા ! અંકલ-આંટી થોડા સમયથી અહીં રહેવા આવ્યાં છે તો પણ કેવાં બધાંને પોતાનાં બનાવી દીધાં છે ! આખો વખત બધાં તેમની આજુબાજુ જ મંડાયેલાં રહેતાં હોય છે. તેમની વાતો પણ કેવી સરસ હોય છે. અમારા જેવા યંગસ્ટરને મજા આવે, મસ્ત મજાનાં સ્વપ્નમાં રાત ક્યાં પૂરી થઇ જાય તેની ખબર પણ ના પડે તેવી !!... જ્યારે માંરા મમ્મી-પપ્પા પાસે શિખામણની, આદર્શની, બીજાનાં દુઃખની, પીડાની, મુશ્કેલીઓની જ વાતો હોય ! સાંભળ્યા પછી ડિસ્ટર્બ રહેવાય ! હાઉ બોરિંગ ધેય આર !!!

અરે ! તેમનાં નામ પણ કેવાં તેમના જેવાં રાખ્યાં છે આશા અને અનિલભાઈ ! આવાં તે નામ હોતા હશે ?!



આકાંક્ષા અને અનહીંત તથા દીકરીનું નામ રેયાન ! કેવાં સરસ નામ છે !? નામથીય સામેવાળા અંજાઈ જાય. જ્યારે મારું તેમના જેવું દેશી નામ મેઘા ! મહેક કે મૌલિની કે પછી મલાયા એવું ઇંગ્લિશ નામ રાખ્યું હોય તો, વટ પડી જાય ને ! નસીબ પણ ખૂલી જાય ને ! ભાઈનું નામ પણ ઇથન કે આરવ એવુ કશું સરસ રાખ્યું હોય તો ?! મેહુલ !! આ તો કાંઈ નામ કહેવાય !! પણ આવડતું હશે આમને આવું બધું !...

અરે..! નામની વાત જવા દો. રહે છે પણ કેવાં ! મમ્મી તો પાક્કી કામવાળી જ લાગે ! તેના કરતાં તો તેજુબહેન અમારાં કામવાળાં સરસ લાગે. મમ્મી તો પાછી બધું જ કામ હાથે કરે. આ તો બધાં મમ્મીની મજાક ઉડાવવા લાગ્યાં અને મે કેટલોય આગ્રહ કર્યો. ત્યારે વળી થોડું કામ (વાસણ અને કચરા-પોતાં) કરાવવા લાગી અને તેમાંય પાછી મમ્મી 'આર્ગ્યુમેન્ટ્સ' પણ કેવી કરે છે. !

'મેઘા દીકરા, થોડુ કામ કરીએ ને તો શરીર સારું રહે, નહીં તો હાડકાં નબળાં થઈ જાય, વળી, જાતજાતના રોગ થાય તે અલગથી !' અને પછી મને પણ જંપીને બેસવા દેતી નથી. કોઈને કોઈ કામ ચીંધ્યા જ કરે.

માય ફુટ... મને પણ તેના જેવી બનાવવા માગે છે. થોડુ 'સ્ટેટસ' જેવું તો હોય કે નહીં !? સામે આ આકાંક્ષા આંટી અને અનહીંત અંકલને તો જુઓ !! એય... ને કેવા મસ્તીથી રહે છે.! ઘરમાં દરેક કામના નોકર. રસોઇ પણ 'કૂક' બનાવે. કામ કશું કરવાનું નહીં. પરસેવો પાડવો જ હોય તો જીમ ક્યાં નથી !? જીમમાં જવાનું અને પરસેવો પાડવાનો ! આંટી તો પાછાં રેગ્યુલર બોડી મસાજ અને બ્યુટી ટ્રિટમેન્ટ પણ લે ! બંનેએ તેમનાં શરીર પણ કેવાં સરસ સાચવ્યાં છે ! રેયાનનાં તો તે મમ્મી-પપ્પા ઓછાં, અને મોટાં ભાઈ-બહેન જેવાં જ વધારે લાગે છે. રેયાન પણ કેટલી લકી છે ! આટલા સરસ ઘરમાં તેનો જન્મ થયો છે તથા આકાંક્ષા આંટી અને અનહીંત અંકલ જેવાં મોમ-ડેડ મળ્યાં છે !!

રેયાનનું નેચર પણ આંટી જેવું સરસ હતું. એટલે તો તેણે રેયાન સાથે દોસ્તી કરી હતી. રેયાનના ઘરે જવું, આંટી સાથે વાતો કરવી તેને પ્રિય હતી. અને તેમાંય ધમાલવાળાં ગીતો ઉપર ડાન્સ કરવો તથા લેટ-નાઇટ પાર્ટીની વાતો રેયાન પાસેથી સાંભળવાની તેને મજા આવતી. તેનું ચાલે તો તે પોતાના ઘરે જાય જ નહીં. રેયાન કારમાં કૉલેજ જતી. તે ઘણી વખત મેઘાને કારમાં લિફ્ટ આપતી અને પછી પિકચર જોવા કે મોંઘી હોટલમાં લંચ કરાવવા લઈ જતી. અને બિલ તે જ પે કરતી. તેના કારણે તો શહેરથી દૂર નવો બનેલો રિસોર્ટ

તે જોવા પામી હતી. તેની પાસે તો કેટલીય બૅંકનાં એ.ટી.એમ. કાર્ડ હશે. તે તો દરરોજ મને કૉલેજ સાથે આવવાનું કહે છે, પણ મારા મમ્મી-પપ્પા જવા ક્યાં દે છે. વધારે પડતાં ચોખલિયાં ના જોયાં હોય તો !!? કૉલેજ પહોંચી ત્યાં સુધી વિચારોનું ચક્ર તેના મનમાં ચાલતું રહ્યું. તેનાં મમ્મી-પપ્પા અને સામે આકાંક્ષા આંટી-અનહીંત અંકલ વચ્ચે અનેક સરખામણી તે કરતી રહી. અને આ ઘરમાં થયેલ પોતાના જન્મનો વસવસો કરતી રહી.

તો સામે મેઘાનાં મમ્મી-પપ્પા હતાં. કે જેમના માટે બાહ્ય દંભ કરતાં સીધુંસાદું જીવન તેમને પસંદ હતું. સંપત્તિનો દેખાડો તેમને પસંદ ન હતો. પ્રામાણિકતા, સત્ય તેમનો જીવનમંત્ર હતો. તેઓ થોડામાં ખુશ રહેવામાં માનતાં અને ઇચ્છતાં કે તેમનાં સંતાનો પણ આ આદર્શોને જીવનમાં અપનાવે, પણ તેના માટે તે બંનેને ફરજ પાડતાં નહીં. અનિલભાઈ સરકારના રોડ અને બિલ્ડિંગ વિભાગમાં ચીફ એંજિનિયર હતાં. ધારે તો ઉપરની કમાણીથી આધુનિક ફર્નિચર સાથેનો વિશાળ બંગલો પોશ એરિયામાં ખરીદી શકે તેમ હતા. અને તેમા દરેક સુવિધા પણ કરી શકે તેમ હતા. પણ તે સાદાઈમાં માનતા. પોતાના પગારમાંથી સારી રીતે જીવન ગુજારી શકાય છે, પછી શા માટે આવાં ખોટાં કામમાં પડવું અને આવતો ભવ બગાડવો.! અને એટલે તો શહેરથી દૂર સસ્તામાં ઘર મળતા અહીંયાં રહેવા આવ્યા હતા. અને કરકસરથી રહેતા હતા. તેમને પત્ની પણ સરખા વિચારોવાળી મળી હતી. તેઓ પોતાની ચાદર જેટલા જ પગ લાંબા કરવામાં માનતાં અને તેમના સંતાનોને પણ આ વાત સમજાવતાં.

જો કે, મેઘા અલગ રીતે વિચારતી. તેને આ બધાથી નફરત હતી. તે આવી સીધી-સાદી જિંદગીને ધિક્કારતી. તેની સમજમાં આ બધું 'સ્ટુપીડ' હતું, અને તેનાં મમ્મી-પપ્પા દુનિયાનાં સૌથી મોટાં 'સ્ટુપીડ...' હતાં. કે જે પોતાના 'સ્ટેટસ'નો લાભ નથી ઉઠાવી રહ્યાં. તેમને મળતી 'ઓપોચ્યુર્નિટીને અવોઇડ' કરી રહ્યાં છે અને 'ભિખારી' ઓ જેવી જિંદગી જીવે છે અને તેમનાં સંતાનોને પણ તેવી જિંદગી જીવવાનાં 'લેક્ચર' આપે છે.

આમ, તે તેનાં મમ્મી-પપ્પાને ધિક્કારતી. તેમની કોઈ પણ વાતનો વિરોધ કર્યા વગર કે દલીલ કર્યા વગર રહેતી નહીં. અને તેમાં આકાંક્ષા આંટી ઘી હોમવાનું કાર્ય કરતાં. મેઘાનું એટલી હદે બ્રેઇન વોશ થયું હતું કે તે પોતાના ફ્રેન્ડસ આગળ પોતાનાં મમ્મી-પપ્પાથી શરમ અનુભવતી. એટલે તેણે તેમની આગળ તેમનુ એક અલગ ચિત્ર રજૂ કર્યું હતું જે તેની પ્રિય આંટી-અંકલથી પ્રેરિત હતું. અને એટલે તે ફ્રેન્ડસને ઘરે લાવવાનું પણ ટાળતી કે મમ્મી-પપ્પાને ફ્રેન્ડસની ઓળખાણ કરાવાનું પણ ટાળતી. આમ, તેનાં રોલ મોડેલ તેનાં મમ્મી-પપ્પા નહીં, પણ આકાંક્ષા આંટી અને અનહીંત અંકલ હતાં અને તે તેમના જેવી ચમક-દમકવાળી જિંદગી જીવવા ચાહતી.

સોસાયટીમાં સૌથી જૂના તથા કર્તા-હર્તા અનિલભાઈ હતા. સૌથી પહેલાં તેમણે આ મકાન ખરીદેલું અને રહેવા આવી ગયેલા. ત્યાર પછી બીજાં મકાનોમાં રહેવાનું ચાલુ થયેલું. શરૂઆતમાં તેમને અનેક મુશ્કેલીઓ વેઠવી પડેલી એટલે તેઓ સોસાયટીના સભ્યોને તેમના નવા મકાનમાં સેટલ થવામાં મદદ કરતા. કાંઈ પણ કામ હોય તો પતિ-પત્ની મદદ કરવા તૈયાર જ રહેતાં આજની તારીખ સુધી તે ચાલુ જ હતું. તો સામે સોસાયટીના સભ્યો પણ તેમનું માન જાળવતા. સોસાયટીમાં કોઇ પણ પ્રસંગ હોય અનિલભાઈને આગળ કરાતા, તેમના હાથે શુભ શુરૂઆત કરાવાતી, મોડું થાય તો તેમની રાહ જોવાતી. મેઘા તથા તેનો ભાઈ આ બધું જોતાં અને આનંદ અનુભવતાં.

પરંતુ છેલ્લા થોડા સમયથી આમાં ફેરફાર થયો હતો. અને અનિલભાઈની ઉપેક્ષા કરાતી હોય તેવું મેઘાને લાગતું હતું. ખાસ કરીને આકાંક્ષા આન્ટી અને અનહીંત અંકલનો પરિવાર સોસાયટીમાં રહેવા આવ્યા પછી. તે બંને જણની રહેવાની સ્ટાઇલ તથા વાકચાતુર્યને કારણે સોસાયટીના રહેવાસીઓ તેમનાથી પ્રભાવિત તો હતા જ. તદુપરાંત તેમના ફાર્મ હાઉસમાં અપાતી પાર્ટીઓ તથા તેમના સ્પા અને સલૂનમાં અપાતા ડિસ્કાઉંટથી સોસાયટીવાળા તેમના ગુણગાન ગાતા રહેતા. અને દરેક બાબતે તેમને આગળ કરતા.



હવે મેઘાના પપ્પાની રાહ જોવાની બંધ થઈ હતી. અરે ! આ ૧૫મી ઑગષ્ટે તો ધ્વજ-વંદન પણ તેમના હાથે કરાવવાનું ટાળ્યું હતું. તો પીઠ પાછળ તેમની વાતો કરીને સોસાયટીના સભ્યો મજા લેતા. મેઘાને આ બધી ખબર પડતી અને તે તેમને જણાવતી પણ ખરી, પણ અનિલભાઈ કે આશાબહેનને આ બધી બાબતોથી જાણે કે કશો ફેર પડતો નહીં. તેઓ તો પહેલાંની જેમ જ બધાંને મદદ કરવા પહોંચી જતાં અને તેનો ભાર સામેવાળા અનુભવે નહીં તેની કાળજી રાખતાં. મેઘાને તેનાં આ સીધાંસાદાં પરોપકારી મમ્મી-પપ્પા ઉપર ખૂબ ગુસ્સો આવતો અને પછી આવી નાનીનાની બાબતોમાં તે ઉકળાટ નીકળ્યા કરતો. અને તે વધારે ને વધારે આકાંક્ષા આંટીની બાબતોથી પ્રભાવિત થવા લાગી હતી. અને તેમની નજીક જવા લાગી હતી પરિણામે તેના મમ્મી સાથેના ઝઘડા પણ વધી ગયા હતા. તથા તેનું વર્તન દિવસે અને દિવસે પોતાનાં મમ્મી-પપ્પા પ્રત્યે ઉદ્ધતાઈભર્યુ થઈ રહ્યું હતું. અને જાણ્યે-અજાણ્યે તેમની વચ્ચેની ખાઈ પહોળી થતી ચાલી હતી.

અને પછી તો ઘણી વખત મેઘા કૉલેજમાં બંક મારીને રેયાન સાથે રિસોર્ટમાં કે પછી તેના ફાર્મ હાઉસ ઉપર જવા લાગી હતી. તેના જેવાં યુવાન-યુવતીઓ ભેગાં થઈને આખો દિવસ તોફાન મસ્તી કરતાં રહેતાં. રેયાનના લેટેસ્ટ પેટર્નના ડ્રેસ પહેરીને પોતાની જાતને આસમાનમાં વિહરતી અનુભવતી. હવે તે સ્માર્ટ બની ગઇ હતી. મમ્મી-પાપાથી કેટલું છુપાવવું, કેમના તેમને ઈમોશનલ કરવા તે બધું તેને આવડી ગયું હતું. જો કે, હવે તે ખુશ હતી અતિ ખુશ અને કેમ ના હોય ? આઝાદ પંખીની જેમ આકાશમાં ઊડવા મળ્યું હતું તેને !!

રવિવારની રજા હોવાથી મેઘા અને તેનો ભાઈ તથા તેનાં મમ્મી-પપ્પા સવારના જ ઘરેથી નીકળી ગયાં હતાં. કામ પતાવતાં મોડી સાંજ પડી ગઈ હતી. એટલે તેઓ મેઘાને ગમતી રેસ્ટોરન્ટમાં જમવાનું પતાવીને ઘરે પાછાં આવ્યાં. જો કે, મેઘા મૂડમાં ન હતી. કારણ તેને જે બ્રાન્ડેડ ડ્રેસ મોલમાંથી ખરીદવો હતો. તે મોંઘો હોવાથી ‘ઓળખીતાની દુકાનમાંથી તેવો જ ડ્રેસ ઓછા ભાવે લાવી આપીશ’ તેમ કહીને મેઘાને લેવા દીધો ન હતો. પણ, મેઘાને તો ફ્રેન્ડસ આગળ રોલો પાડવો હતો માટે મોલમાંથી જ ડ્રેસ ખરીદવો હતો. એટલે તેણે મમ્મી-પપ્પા સાથે ખાસ્સી બબાલ કરી હતી અને તેમનું અપમાન પણ કર્યું હતું. એટલે બધાંનો મૂડ થોડો બગડી ગયેલો હતો.

ઘરે પાછા આવતાં ખાસ્સુ મોડું થયું હતું. સોસાયટીમાં તો બધાં સૂતાં હશે એમ વિચારતાં અનિલભાઈએ કારને ધીમેથી સોસાયટીના અંદરના રસ્તે વાળી, અને આ શું ? ચારેય અચંબામાં પડી ગયાં. આખી સોસાયટી ટોળે વળી હતી અને ઉત્સુકતાથી વીસ નબંરના ઘર સામે જોઇને ગુસપુસ કરી રહ્યા હતા. તો ઘણા મોબાઇલમાં વીડિયો ઉતારી રહ્યા હતા. વીસ નબરના ઘર આગળ પોલીસજીપ ઊભી હતી. અને અંદરથી આકાંક્ષા આંટીનો તથા રેયાનાનો રડવાનો અવાજ આવી રહ્યો હતો. અનિલભાઈ તથા આશાબહેનને જોતાં બધાં તેમની અજુબાજુ વીંટળાયાં હતાં. અને, ‘પોલીસ કેમ આવી હશે ?’, ‘આમણે શું કર્યું હશે ?’, ‘લાગે છે તો બંને એક્દમ સીધાં સાદાં. પોલીસવાળા ખોટી રીતે તો તેમને હેરાન નથી કરતા ને’, ‘આપણે આવી રીતે હાથ ઉપર હાથ રાખીને બેસી ના રહેવાય “અનિલભાઈ તમે કશું કરો” પ્રશ્નો તથા જવાબોની હારમાળા સર્જાઈ હતી.

થોડી વારમાં દરવાજો ખૂલ્યો હતો. અને અનહીંત અંકલ, આકાંક્ષા આંટીને પોલીસ પોતાની જીપમાં બેસાડતી હતી. જતાં-જતાં પોલીસ ઈન્સ્પેકટરે જે વાત કરી હતી. તે સાચે જ ચોંકાવનારી હતી. સ્પા તથા સલૂનની આડમાં તેઓ સેક્સ રેકેટ ચલાવતા હતા. તથા ફાર્મ હાઉસમાં પાર્ટીની આડમાં યુવાન-યુવતીઓનો વીડિયો ઉતારી પછી તેને મોર્ફ કરી બ્લેકમેલિંગ દ્વારા નાણાં પડાવતા હતા. પોલીસ ઈન્સ્પેક્ટર સોસાયટીવાળાઓને કહી રહ્યા હતા. મેઘાના કાને શબ્દો અથડાતા હતા. તે ધ્રૂજી રહી હતી. પોલીસ જીપને પોતાના પ્રિય અંકલ-આંટીને લઈને સોસાયટીની બહાર જતાં જોઈ રહી.

*‘સ્વર્ગમ્’, ૪૭૩-૨, સેક્ટર-૨-બી,*
*ગાંધીનગર-૩૮૨૦૦૨.*
*મો. ૯૯૧૩૨૪૪૧૫૦*



# ગુરુદક્ષિણા

- *આશિષ અજિતરાય આચાર્ય*

**'લો** સાહેબ... રોકડા રૂપિયા ૫૦ હજાર છે. તમે કહેશો તો વધુ આપી દઈશ, પણ કોઈ એક્શન ના લેતા, મહેરબાની કરજો, સાહેબ...'

'ઠીક છે... તમે જઈ શકો છો પણ હવે ફરિયાદ આવશે તો તમારી ખેર નથી...'

શહેરના સંયુક્ત પોલીસ કમિશનર પાઠકની ચેમ્બરમાંથી સૂટ-બૂટમાં સજ્જ યુવાને ચહેરા પર રાહત અને ચિંતાના મિશ્રભાવ સાથે વિદાય લીધી. પાઠકના ટેબલ પર પડેલું ૫૦ હજાર રૂપિયાનું બંડલ જોઈ, તેમને મળવા આવેલા મિત્ર ત્રિવેદીને આશ્ચર્ય થયું ! નોટોના બંડલ સામે જોઈ, ત્રિવેદીએ પૂછ્યું, 'પાઠક... આ શું...!? તું પણ...!?' પછીના શબ્દો ત્રિવેદી ગળી ગયો. નોટોનું બંડલ ખાનામાં મૂકતાં પાઠક મલક્યા, 'ત્રિવેદી ! તું મને ઓળખે છે ને...? પોલીસની લાંબી કારકિર્દી અને સંયુક્ત પોલીસ કમિશનરની પોસ્ટ સુધી પહોંચ્યો છું પણ ક્યારેય ખોટું કામ નથી કર્યું...' 'એ હું જાણું છે... એટલે જ આજે આ બધું જોઈને આશ્ચર્ય થયું.' ત્રિવેદીને હજી સમજાતું નહોતું કે મામલો શો છે...! પરંતુ પૂછવાનું યોગ્ય ન લાગતાં ચૂપ રહ્યો, પણ મિત્રના ચહેરા પર અસમંજસ અને મૂંઝવણના ભાવ પાઠક સમજી ગયા. 'ચાલ... મારે એક કામ પતાવવાનું છે, તું પણ સાથે ચાલ. રસ્તામાં તારી મૂંઝવણ દૂર કરી દઈશ.' પાઠકે ટેબલના ખાનામાંથી પેલું નોટોનું બંડલ કાઢી બ્રિફકેસમાં મૂક્યું અને ખુરશી પરથી ઊભા થઈ ચેમ્બરની બહાર નીકળ્યા. ત્રિવેદી પણ પાછળ દોરવાયો.

પાઠકસાહેબ અને ત્રિવેદી સરકારી કારમાં ગોઠવાયા એટલે ડ્રાઈવરે કાર સ્ટાર્ટ કરી. જે સ્થળે જવાનું હતું તેની ડ્રાઈવરને સૂચના આપી પાઠકે વાત શરૂ કરી, 'ત્રિવેદી, તને યાદ છે... પ્રાઈમરી સ્કૂલમાં આપણા એક ટીચર હતા, ભટ્ટસાહેબ...' ભટ્ટસાહેબ જાણે નજર સામે તરવરી ઊઠ્યા હોય તેમ ત્રિવેદીએ હકારમાં માથું ધુણાવ્યું, 'ચેમ્બરમાં આવીને રૂપિયા આપી ગયો એ આ ભટ્ટસાહેબનો દીકરો પાર્થિવ હતો. વિધિની વક્રતા કહો કે રૂપિયાનું અભિમાન ! ડૉક્ટર દીકરો કરોડોમાં આળોટે છે અને બાપ વૃદ્ધાશ્રમમાં દિવસો ટૂંકા કરે છે...' 'હું કાંઈ સમજ્યો નહીં...!?' ત્રિવેદીએ કહ્યું. ઊંડો નિઃશ્વાસ નાખી પાઠકે વાત શરૂ કરી, 'આ શહેરમાં મારું પોસ્ટિંગ થયું તેના બે-ત્રણ મહિના પછી એક દુર્ઘટના બની હતી. મારા વિસ્તારમાં આવેલા વૃદ્ધાશ્રમના મકાનનો એક જર્જરિત ભાગ તૂટી પડ્યો હતો. મને મૅસેજ મળતાં જ પોલીસ કાફલો ઘટના સ્થળે મોકલવા મેં આદેશ કર્યો. પછી હું પણ તપાસ માટે ત્યાં ગયો હતો. ફાયરબ્રિગેડ, પોલીસ, ડૉક્ટરો અને સ્થાનિક રહીશો કામે લાગી ગયા હતા. હું પહોંચ્યો ત્યારે બે-ચાર વૃદ્ધોને પ્રાથમિક સારવાર અપાઈ રહી હતી. મને જોઈને વૃદ્ધાશ્રમના સંચાલક અને ત્યાં રહેતા વૃદ્ધો રજૂઆત માટે મારી પાસે આવ્યા. મકાનનો ભાગ કઈ રીતે તૂટી પડ્યો, તે વાત સાંભળતાં સાંભળતાં હું સ્થળનું નિરીક્ષણ કરતો હતો. ત્યાં વૃદ્ધાશ્રમના એક ખૂણામાં બેઠેલા એક વૃદ્ધ પર મારી નજર સ્થિર થઈ. ચહેરો પરિચિત હોય તેવું લાગતું હતું, પરંતુ યાદ આવતું નહોતું. સંચાલક પાસેથી એ વૃદ્ધનું નામ જાણીને મને આઘાત લાગ્યો. પછી તેમની પાસે જવાની મારી હિંમત ન ચાલી.'

પાઠકની સ્પેશિયલ કૉફીશૉપ આવતાં તેમણે ડ્રાઈવરને કાર ઊભી રાખવા ઈશારો કર્યો. પાઠક અને ત્રિવેદી કૉફી શૉપમાં જઈ તેમના માનીતા ટૅબલ પર બેઠા. વેઈટર પૂછ્યા વિના જ એક્સપ્રેસો કૉફીના બે કપ લઈ આવ્યો. પ્રશ્નસૂચક નજરે પાઠક સામે જોઈને ત્રિવેદીએ પૂછ્યું, 'એ આપણા ભટ્ટસાહેબ હતા...!?' નિરાશાના ભાવ સાથે પાઠકે હકારમાં માથું હલાવ્યું. 'ભટ્ટસાહેબ ત્યાં કેવી રીતે પહોંચ્યા...?!' ગુરુની અવદશાથી ત્રિવેદી પણ વ્યથિત થઈ ગયો. 'થોડા દિવસ પછી હું ફરીથી ત્યાં ગયો. સંચાલકને મળ્યો. તેમની પાસેથી તમામ વિગતો મેળવી,' પાઠકના અવાજમાં પીડા

ડોકાતી હતી. પાઠક બોલી રહ્યા હતા અને ત્રિવેદી અપલક નજરે તેમની સામે જોઈ રહ્યા હતા. 'ભટ્ટસાહેબની આર્થિક સ્થિતિ પહેલેથી જ સામાન્ય હતી. આમ છતાં શિક્ષક હતા એટલે એકના એક દીકરા પાર્થિવને ઉચ્ચ શિક્ષણ આપવા માટે જાત ઘસી નાખી. પગારની સામાન્ય આવક અને ટ્યૂશનની આછીપાતળી કમાણીના સહારે ભટ્ટસાહેબે દીકરા પાર્થિવને ભણાવ્યો. એ માટે ભટ્ટસાહેબે તમામ બચત વાપરી નાખી. દીકરો વધુ ભણે અને એનું જીવન સુધરે એ જ એમની ઈચ્છા હતી. પાર્થિવ પણ હોંશિયાર નીકળ્યો. મહેનત કરીને સારા ટકા લાવ્યો અને ડૉક્ટર બની ગયો ! પ્રાઈવેટ ક્લિનિક અને પ્રાઈવેટ પ્રૅક્ટિસમાં લાખો-કરોડો કમાતો થયો. દીકરાની સિદ્ધિ અને પ્રતિષ્ઠા જોઈ, ભટ્ટસાહેબની આંખ ઠરતી હતી. હોંશેહોંશે દીકરાનાં લગ્ન પણ કરાવ્યાં. આખી જિંદગી ટ્યૂશનનો ભાર સહન કરીને દીકરાને ડૉક્ટર બનાવનારો બાપ હવે દીકરાને બોજ લાગવા લાગ્યો.' આટલું બોલતાં બોલતાં પોલીસ અધિકારી પાઠકનાં લમણાંની નસો ફૂલી ગઈ. અત્યારે કોઈ આરોપી સામે હોત તો પોપટની જેમ ગુના કબૂલી લે, તેવો ગુસ્સો તેમના ચહેરા પર ઊતરી આવ્યો હતો.

ત્રિવેદીએ ખભા પર હાથ મૂક્યો ત્યારે પાઠક જાણે ભાનમાં આવ્યા હાય તેમ થોડા ચમક્યા. સ્વસ્થ થઈ એક જ ઘૂંટડે કૉફી પી ગયા. બિલ ચૂકવી બંને બહાર નીકળ્યા અને કારમાં ગોઠવાયા. કાર મેઈન રોડ પરથી પસાર થઈ રહી હતી. અધૂરી વાત શરૂ કરતાં પાઠકે કહ્યું, 'પાર્થિવ એક દિવસ ભટ્ટસાહેબને કહ્યા વિના જ વૃદ્ધાશ્રમમાં લઈ ગયો. વૃદ્ધાશ્રમના દરવાજે કાર ઊભી રહી ત્યારે ભટ્ટસાહેબને ખબર પડી કે...' પાઠક આગળ ન બોલી શક્યા. 'બાપને વૃદ્ધાશ્રમમાં અંદર સુધી મૂકી જવાની પણ પાર્થિવે તસ્દી લીધી નહોતી. દરવાજા પાસે જ તેમને ઉતારીને જતો રહ્યો.' 'તું ભટ્ટસાહેબને મળ્યો...!? તારી ઓળખાણ આપી...!?'

ત્રિવેદીએ પૂછ્યું. 'હા, ભટ્ટસાહેબને મળ્યો, પરંતુ ઓળખાણ ન આપી શક્યો...' ઢીલા ચહેરે આખી વાત કર્યા પછી પાઠકના ચહેરા પર પોલીસ અધિકારીને છાજે તેવી કરડાકી ઊતરી આવી અને અધૂરું વાક્ય પૂરું કરતા હોય તેમ બોલ્યા, 'ભટ્ટસાહેબને ઓળખાણ ન આપી શક્યો પણ પાર્થિવને ચોક્કસ ઓળખાણ આપી. પાર્થિવનું સરનામું લઈ એક દિવસે તેના ઘરે કોન્સ્ટેબલ મોકલ્યો. બારણે પોલીસ જોઈને પતિ-પત્નીના હોશ ઊડી ગયા. સંયુક્ત પોલીસ કમિશનર પાઠકસાહેબનું તેડું આવ્યું હોવાનો સંદેશો મળતાં જ ડૉ. પાર્થિવ કોમામાં આવી ગયો ! સંદેશો મળ્યાના અડધા કલાકમાં જ તે મળવા આવી ગયો.'

'તેં સ્વભાવ મુજબ એને ધોયો હશે... નહીં...?!' ત્રિવેદીને પણ પાર્થિવ પર હાથ સાફ કરી લેવાનું મન થઈ ગયું. પાઠકે કહ્યું, 'ના... મેં એને પોલીસ ઑફિસરના મિજાજનો પરચો કરાવ્યો, એમાં જ એ ઢીલો થઈ ગયો. એને રિમાન્ડ પર લેવાની જરૂર જ ન પડી ! એણે બાપને વૃદ્ધાશ્રમમાં મોકલી દીધા હોવાની વાત કરતાં એનો ચહેરો ફિક્કો પડી ગયો. ભૂલ સમજાઈ ગઈ હોય, તેમ પાર્થિવે પિતાને ઘરે પાછા લઈ જવાની બાંયધરી આપી. પાછો, કોઈ સેવા હોય તો વિના સંકોચે કહેવાની લાલચ આપતો ગયો. એટલે મેં ૫૦ હજાર રૂપિયા મંગાવ્યા હતા.'

કાર વૃદ્ધાશ્રમના દરવાજા પાસે ઊભી રહી. બંને મિત્રો વૃદ્ધાશ્રમમાં પહોંચ્યા ત્યારે ભટ્ટસાહેબ ઘરે જવાની તૈયારી કરી રહ્યા હતા. પાઠક બ્રિફકેસ લઈને સીધા સંચાલક પાસે ગયા. બ્રિફકેસમાંથી ૫૦ હજાર રૂપિયા કાઢી ભટ્ટસાહેબના નામની રસીદ લઈ પાઠક ગુરુને મળવા પહોંચ્યા. ભટ્ટસાહેબ પાસે જઈ પાઠકે ચરણસ્પર્શ કર્યા અને તેમના હાથમાં રસીદ મૂકી ચૂપચાપ જતા રહ્યા. ભટ્ટસાહેબ સજળ નેત્રે પાઠકને જોઈ રહ્યા હતા અને ત્રિવેદીને પણ દૃશ્ય ધૂંધળું દેખાઈ રહ્યું હતું.

*બી-બી/૬, રુદ્રાક્ષ એપાર્ટમેન્ટ,*
*મૅનેજમેન્ટ એન્કલેવ પાસે, વસ્ત્રાપુર,*
*અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૯૭૮૬૧૨૫૪૫*



# પોપટ

*- ડૉ. અનિલ ચૌહાણ*

**શ્યા**મલી ધાબા પર કપડાં સૂકવવા ગઈ. ધાબા પર લાંબી વળગણી હતી. કપડા ભરેલી ડોલ નીચે મુકતા જોયુ તો વળગણી પર એક પોપટને બેઠેલો. શ્યામલીએ પોપટ જોયો. ને ખરેખર પોપટ પણ હતો સરસ મજાનો, આછા-ઘાટા પોપટી રંગથી રંગાયેલો, આગળથી થોડી વાંકી, લાલચટક ચાંચ, ગળામાં કાળાશ પડતો ભૂખરો કાંઠલો, સોનેરી રંગના બે વર્તળની મધ્યે ચમકતી કાળી કીકીઓ, બે આંખ વચ્ચે જાણે, સર્જનહારે કરેલા નકશીકામ જેવી કાળીભમ્મર રેખા. શ્યામલીએ મુગ્ધતાથી ભર્યું ભર્યું સ્મિત કર્યું. કપડાં સૂકવવા વળગણી નજીક ગઈ. એને થયું કે નજીક જતા જ પોપટ ઊડી જશે. પણ પોપટ ઉડયો નહીં. પોતાની કાળા કાંઠવાળી ડોકને ડાબી-જમણી તરફ ફેરવી ફેરવીને, કાળા કુંડાળાવાળી આંખોથી પોપટ, બસ શ્યામલી ને જ જોયા કરતો હતો.

શ્યામલી એ હસતાં હસતાં ધાબા પરથી બૂમ મારી...

“મમ્મી... મમ્મી... જોને આ પોપટ...”

“તું ફટાફટ કપડાં સુકવી અને નીચે આવતી રહે” મમ્મીએ મીઠો છણકો કર્યો.

બીજે દિવસે ચોપડી લઈને શ્યામલી ધાબા પર ગઈ. આમ પણ કૉલેજની પરીક્ષાઓ નજીક આવી રહી હતી. ધાબા પર ગઈ તો આશ્ચર્ય સાથે જોયું કે, પેલો પોપટ, ત્યાં જ બેઠો હતો. શ્યામલી તો ખુશ... ખુશ...

દોડતી દોડતી શ્યામલી રસોડામાં જઈ લાલ મરચું લઈ આવી, હથેળીમાં લાલ મરચાં નો ટુકડો મુક્યો ને ત્યાં તો પોપટ ફટાક કરતો, મરચું લઈ ઊડી ગયો.

પછી તો રોજ રોજ શ્યામલી ધાબે જતી, રોજે રોજ એને પોપટ મળતો. એક દિવસ શ્યામલીના ખભા પર બેસીને પોપટ ઘરમાં આવ્યો, શ્યામલી તો નાચવા લાગી. થોડીવારમાં પાછો પોપટ બારીએથી ઊડી ગયો.

ધીરે ધીરે, આ પોપટને પણ અહીં ફાવવા લાગ્યું, શ્યામલી બજારમાં જઇને સરસ મજાનું ગોલ્ડન રંગનું પીંજરું લઈ આવી, પછી તો પોપટ ને પણ, હિંચવાની જે મજા પડી, જે મજા પડી એની મજા ને જોઈ શ્યામલી ને પણ મજા મજા.

★★★

“શું બહેન તમારા ઘરમાં તો નવા મહેમાન આવ્યા છે ને કાંઈ?” શ્યામલીની મમ્મીને પાડોશણે હસતાં હસતાં પૂછી નાખ્યું.

“મહેમાન...?!” અરે હા, પોપટ પાળ્યો છે શ્યામલી એ. તાત્કાલિક હઠ કરી સવા બારસો રૂપિયાનું પીંજરું લાવી દીધું. બોલો શું કરવું આ છોકરીનું ? હવે કાંઈ નાની છે ? આ તો ઠીક છે કે, આપણે બધી જીદ પૂરી કરીએ પણ સાસરામાં તો...!! ને પાછો મૂઓ પોપટય છે મજાનો. આખો દિવસ શ્યામલી જે શીખવાડે તે બોલ્યા કરે ને શ્યામલી ખવડાવે એ ખાય અને પીવડાવે એ પીવે. પીંજરુય જાણે અને ફાવી ગયું ના હોય એમ પીંજરાનું બારણું ખુલ્લું હોય તોય ભાઈસાહેબ પીંજરામાં જ ભરાયેલા રહે. દિવસ આખો શ્યામલી મોબાઈલમાં અને ફોટા પાડયા કરે ને ગ્રુપમાં અપલોડ કર્યા કરે અને પોપટના વિડીયો બનાવીને બનાવીને એ ટીક-ટોકમાં મોકલે રોજે-રોજ. પરીક્ષાની તો અહીં ચિંતા જ કોને છે. ?!!

★★★

રોજ શ્યામલી શીખવાડે ને પોપટ બોલતો જાય.

“શ્યામલી... શ્યામલી... શ્યામલી...”

“શ્યામલી... શ્યામલી... શ્યામલી...” પોપટ પડઘો પાડતો.

“શ્યામલી ડાહી છોકરી છે.”

“શ્યામલી ડાહી છોકરી છે.”

“શ્યામલી હિરોઇન જેવી લાગે છે.”

“શ્યામલી હિરોઇન જેવી લાગે છે.” પોપટ બોલતો જતોને શ્યામલી ખડખડાટ હસતી જતી. બહુ મજા પડતી શ્યામલીને. રાત્રે ઊંઘવા જતા પહેલા શ્યામલી એ પોપટના પીંજરાની ખાલી ટબુડીમાં પાણી ભર્યું ને પોપટના માથા પર પોતાની ટચલી આંગળી ધીરેથી ફેરવી અને ધીમેથી બોલી...

“આઇ લવ યુ” થોડીવાર પોપટે પણ પોતાનું ડોકું આમતેમ ઘુમાવ્યું, ને એટલું જ ધીરેથી એ પણ બોલ્યો...

“આઇ લવ યુ”

શ્યામલી ફરી બોલી. પોપટે ફરીથી પડઘો પાડયો. શ્યામલી તો આનંદથી નાચવા લાગી.

પછી તો બસ, શ્યામલીને આ રોજે રોજ નું વ્યસન થઈ ગયું. રોજ રાત્રે બધા સૂઈ જાય પછી ને પોતે સુતાં પહેલા હળવેકથી પોપટને કહેતી “આઇ લવ યુ”ને પોપટ પણ માત્ર શ્યામલીને સાંભળાવવા બોલતો હોય તેમ સાવ જ ધીમેથી પડઘો પાડતો.

શ્યામલીની જિંદગીમાં મજા-મજા થઈ ગઈ.

પોપટનો અવાજ સાાંભળી ઊઠવાની મજા, (બરોબર પથારીની બાજુમાં પીંજરુ એટલા માટે જ તો લટકાવ્યું હતું !!!)

પોપટનું પીંજરું સાફ કરવાની મજા,

પોપટને નવડાવવાની મજા,

બજારમાં જઇને પોપટને ભાવતા, ખાસમખાસ લાલ મરચાં લાવવાની મજા,

એ મરચાં પાછા સરસ મજાનાં ધોઈ, પોપટની ચાંચમાં સમાય એટલા નાના-નાના ટુકડા કરવાની અને પાંજરામાં સાચવી સાચવીને ગોઠવવાની મજા,

હાથ પિંજરામાં નાખતા જ પોપટનું સહેજ સ્પર્શ થતાં જ એના ધબકારા પોતાના ધબકારામાં એકાકાર બની ગયા છે અને બંનેનો થઈ એક જ ધબકાર અનુભવાય છે, એવી અનુભૂનતિના આસ્વાદની મજા.

આખો દિવસ પોપટ સાથે વાતો કરવાની અને ફોટા પાડવાની મજા, રોજ છેલ્લે સાવ ખાનગીમાં એના માથા પર ટચલી આંગળી ફેરવી ધીમેથી કોઈ સાંભળી ન જાય તેમ “આઇ લવ યુ” બોલવાની અને સાંભળવાની મજા...

બસ મજા જ મજા...

★★★

જોતજોતામાં તો શ્યામલી પરણી ગઇ, સાસરે ગઈ, કરિયાવરમાં બાકી બધી ચીજોથી મોખરે હતો, સોનેરી પીંજરામાંનો પ્રિય પોપટ. કેટલાક મહિના તો શ્યામલી પર સુખની વાદળી વરસતી રહીને શ્યામલી જિંદગીની સંતૃપ્તતા માણતી હોય તેમ ભીંજાતી રહી. પોપટને તો શ્યામલીની સાસરીમાં પણ ફાવી ગયું, પોપટને તો બધા રમાડે... મોટીબા રમાડે, નાનકો રમાડે ને, આડોશ પાડોશના છોકરાંય રમાડે.

''બોલો, પોપટ, મોટીબા... મોટીબા...''

''મોટીબા. મોટીબા'' પોપટ તરત જ પડઘો પાડતો.

''નાનકા, અહીં આવ'' મોટીબાએ જો કે નાનકાને કહ્યું, પણ તોય તેનો પોપટે તો પડઘો પાડયો જ.

''નાનકા અહીં આવ.''

બધાને મજા પડી ગઈ. મોટીબા બિંજરાની નજીક ગયા અને પોપટને બહાર કાઢી હાથ પર બેસાડી દીધો ને માથા પર ને પીઠ પર હાથ પ્રસરાવતા બોલ્યા.

''મીઠુને વહાલી... વહાલી...''

પોપટે સામે પડઘો પાડયો, ''મીઠું ને વહાલી... વહાલી...''

''મોટીબાને વહાલી.. વહાલી...'' મોટીબા બોલ્યા,

તરત જ પોપટે પડઘો પાડયો, ''મોટીબા ને વહાલી... વહાલી...''

શ્યામલી જોતી જ રહી ગઈ, કશુંક ખૂંચ્યું, ચુભ્યું. કોઈએ કશૂક પોતાનું પ્રિય, પોતાનું અંગત ખૂંચવી લીધું હોય, કશુંક પોતાની માલિકીનું લૂંટી લીધું હોય એમ તેને લાગવા માંડ્યું. શ્યામલી તો સાવ મૂડ-લેસ થઈ ગઈ, મમ્મીને ફોન જોડયો પણ શ્યામલીને બિચારીને બરોબર વાત જ કરતાં ના ફાવી. આ બાજુ મમ્મી પણ બે મહેમાનનો સાથે વાતોમાં ભરાયેલી એટલે ઉતાવળમાં એટલું જ સમજી કે પોપટ હવે બધા જોડે રમવા માંડયો છે પણ એમાં વાંધો શું એ જ સમજી ના શકી.

''હવે પોપટ છે, તો બધા જોડે રમશે જ ને, જે રમાડે છે એની જોડે રમશે, જે બોલાવે એમ બોલશે કારણ કે એ પોપટ છે.'' એમ ગોળગોળ બોલી.

કંટાળીને શ્યામલીએ ફોન મૂકી દીધો.

★★★

જોતજોતામાં તો સુખની નાનકડી વાદળી વરસીને સાવ ખાલી થઈ ગઈ, ને પછી બચ્યો કાળઝાળ આકરો તાપ. કેટલું ઝડપથી બધુ બદલાઈ ચૂક્યું હતું.

''શ્યામલી, તારી માને વાત તો કર !''

''પણ શું ?''

''કેમ આવી અજાણી થાય છે, કાલે તો કહ્યું હતું ને તને, તારો ધણી ગુમાસ્તો રહે ને લોકોની મજૂરી કરે એવી તારી ઈચ્છા છે ? ખાલી વીસ લાખનો તો સવાલ છે ને...! પછી આખી દૂકાન આપણી.'' મોટી બાની આંખો મોટી થઈ જતી હતી.

''પણ... પણ... મારા વિધવા મમ્મી માંડ માંડ ગબડાવે છે ગાડું, એ ક્યાંથી લાવી શકવાના ?''

''તારી મા એ ક્યાંથી પૈસા લાવવા એ પ્રશ્ન મારો નથી સમજી.''

''પણ !!''

''તારે લાવવા જ પડશે, સમજી !!'' મોટીબાનો અવાજ મોટો થયો.

''પણ... કઈ રીતે ?'' શ્યામલી રડમસ બની.

''એ હું કાંઈ ના જાણું'' મોટીબા મોટેથી ઘાંટો પાડી સત્તાવારી આદેશ આપીને ચાલતા થયા. થોડોક જ સમય થયો ત્યાં શ્યામલીના કાને ફરી આજ અવાજ, આટલી જ ઉગ્રતા સાથે અફળાયો...''

★★★

''એ હું કાંઈ ના જાણું'' શ્યામલીએ સજળ નેત્રે અવાજ તરફ નેત્રે દૃષ્ટિ કરી, એ એક સમયના એના પ્રિય પોપટ તરફથી આવેલો પડઘો હતો.

બે-ચાર દિવસમાં તો પરિસ્થિતિ સુધરવાના બદલે છેક જ બગડવા લાગી. આજે શ્યામલી ખૂબ જ રડી. જિંદગીમાં પહેલી વાર કોઈએ એના પર હાથ ઉપાડયો હતો. શું કરું તે સમજાતું નહોતું, કાંઈક કરીને ઉકેલ આવે તો... નહીં તો માના ઘેર, પણ એમ તો કઈ પરણેલી છોકરી ને કાયમ માટે, માના ઘેર પાછા ફરવું ગમે ?

ઘર-સાંસાર છોડીને...

''કર્યો ફોન તારી માને ?'' પાછી ઘરમાં એની એજ માથાકુટ તેના પતિ સાથે પણ ઉગ્ર સ્વરૂપે શરૂ થઈ ગઈ.

''પણ એ લાવશે કઈ રીતે ?''

''એની અમારે શું નિસ્બત, ને બે કાન ખોલીને સાંભળી લેજે..., જો બે દિવસમાં વીસ લાખની વ્યવસ્થા ના થઈ તો મારી-મારીને તોડી નાખીશ તારા હાથ-પગ સમજી ?!''

''તોડી નાખીશ તારા હાથ-પગ સમજી ?!'' પીંજરામાં રહ્યા રહ્યા પોપટ બરાડતો હતો.

શ્યામલી પછીના દિવસે હૈયું કઠણ કરીને પિયર ભાગી છૂટી, પહોંચતાવેંત માના ખોળામાં માથું નાખીને રડતાં રડતાં... પડતું મુક્યું, માં હતપ્રભ થઈ ગઈ, તોય હૈયું કઠણ રાખી બોલી,

''શું જોઈએ બેટા...?''

''છૂટાછેડા જોઈએ બસ'' શ્યામલીએ ત્રણ જ શબ્દોમાં જવાબ આપ્યો.

પછી તો રૂપાળી શ્યામલીના બીજા અનેક માંગા આવ્યા, પણ શ્યામલીની દરેક વાતમાં એક જ જવાબ ''ના એટલે ના, મારે પડઘો પાડે એવા પોપટ જોડે નથી પરણવું.''

આમ તો, આજે પણ શ્યામલી પિયરમાં ખાય છે, પીવે છે ને મજા કરે છે.

જોકે શ્યામલીમાં એક ફરક જરૂર પડયો છે. શ્યામલી ધાબા પર કદી જતી નથી.

શ્યામલીને ડર છે કે ધાબે કદાચ...

★★★

જો કે મા વારાંવાર સમજાવે છે કે બધા એક જેવા નથી હોતા પણ... પણ... શ્યામલી, કશું સમજવા તૈયાર જ નથી.

---

*૫૧૮, આદર્શનગર, સેક્ટર-૨૪,*
*ગાંધીનગર-૩૮૨૦૨૪. મો. ૯૯૨૫૦૩૧૦૯૨*

# કાળી

- મનિષા રાઠોડ

**એ**ની આંખોમાં આંસુની નદી છલકાઈ રહી હતી... વિચારોનો ધસમસતો પ્રવાહ એને ઉડાડીને ક્યાંય ઢસડી રહ્યો હતો... સુસવાટા મારતો પવન તેના ચહેરા પરની લટોને વેરવિખેર કરી રહ્યો હતો... રાત્રીનો ચંદ્રમા આકાશમાં આંટા મારી રહ્યો હતો... પ્લૅટફૉર્મ પર ગણ્યાગાંઠયા લોકોની અવરજવર હતી... એની તાજું ખીલેલું યૌવન ભૂખ્યા વરુઓને આમંત્રણ આપી રહ્યું હતું. એની પાસે રહેલી નાનકડી ગાસડીથી તે પોતાના વક્ષઃસ્થળને ઢાંકી રહી હતી.

તે કોણ હતી ? એ જાણવા હું ઉત્સક હતી. તેની દેહભાષા કઈક બોલી રહી હતી. હું તેને ઉકેલવાનો પ્રયત્ન કરતી હતી. તેની આંખોમાં ઉગેલા સવાલ કંઈક પૂછી રહ્યા હતા. ગુલાબી રંગનો કોટન દુપટ્ટો અને સાવ જર્જરિત કપડાંનો ડ્રેસ તેનાં અંગોને ઢાંકી રહ્યો હતો. શિયાળાની સાંજ હતી. ધીરે ધીરે ઠંડી જાડી બની રહી હતી. પ્લૅટફૉર્મ નંબર ત્રણના બાંકડા પર બેસીને હું મારી ટ્રેનની રાહ જોઈ રહી હતી અને આ યુવતી પાટાની પેલે પાર આવેલાં પગથિયાંના છેડે બેઠી હતી. મારી આંખો ફરીફરીને તેની તરફ વળતી હતી. પણ તેણે એક પણ વાર મારી સાથે નજર ન મિલાવી. તેની આંખોમાં ઊભરાતાં આંસુઓ તેના ગાલને ભીંજવી રહ્યાં હતાં. તે કાં તો ઘરેથી ભાગીને આવી હોય અથવા ક્યાંક ભૂલી પડી ગઈ હોય એવા તર્ક વિતર્ક મારું મન કરી રહ્યું હતું. હું મારા મન પર સંયમ ન રાખી શકી. મારી અંદર સંવેદનાનો કીડો સળવળી રહ્યો હતો. તેને મદદ કરવાનાં આશયથી હું ઊભી થઈ. તે જ્યાં બેઠી હતી એ દિશામાં મેં કદમ માંડ્યાં.

તેની ખૂબ પાસે આવીને મેં તેના માથા પર હાથ મૂક્યો. અણધાર્યા સ્પર્શથી તે હેબતાઈ ગઈ. તેને પાસેથી જોઈ ત્યારે તેના સાચા રૂપનો મને ખરો અહેસાસ થયો. તેની અણિયાળી આંખો અને ગૌર વર્ણ બલ્બના આછા અજવાળામાં ચમકી રહ્યાં હતાં. તેની આંખોમાં ઊગું ઊગું થઈ રહેલો સવાલ હું સાંભળી ગઈ અને મે સંવાદ શરૂ કર્યો.

“અહીંયાં એકલી કેમ બેઠી છે ?” તેણે મારી સામે ધારીને જોયું. પણ તે જવાબ આપ્યા વિના જ નીચું જોઈને મને અવગણવા લાગી.

“તારી સાથે કોઈ આવ્યું છે ?” તે મારી આંખોમાં જોઈ રહી. તેનું મૌન મને સહેજ અકળાવી રહ્યું હતું. હું તેને કાઈ પણ પૂછું ત્યારે તે નીચે જોઈને જમીન ખોતરતી રહેતી. એટલીવારમાં મારી ટ્રેન આવવાની જાહેરાત થઈ. હું દોડીને સામેના પ્લૅટફૉર્મ પર પાછી આવી. મારું મગજ મને આવી અજાણી વ્યક્તિઓ સાથે માથાકૂટ ન કરવા મનાવી રહ્યું અને હૃદય તેની પાસે બેસવા સમજાવી રહ્યું હતું.

હું અવઢવમાં ખોવાયેલી હતી ત્યારે જ મારી ટ્રેન આવીને ઊભી રહી. હું મારી ટ્રૉલી બેગ ઘસડીને કોચમાં બેસવા ઉપડી, પણ કોણ જાણે કેમ મારાં કદમો ત્યાં જ ખોડાઈ ગયાં. મારું હૃદય મારા મગજ પર હાવી થઈ ગયું. અને હું ત્યાં જ રોકાઈ ગઈ. માંડ માંડ મળેલું રિઝર્વેશન મેં જતું કર્યું. ટ્રેન ઊપડી અને હું બાંકડા પર પાછી આવી. મારી નજર પેલી યુવતીને શોધવા લાગી. મેં જોયું તો તે હજુ પણ એ જ પગથિયાં પર બેઠી હતી...

“તારા કારણે હું ટ્રેનમાં ન બેસી શકી. તને કંઈ ભાન પડે છે ?” હું ગુસ્સાથી તેની તરફ જોઈને બરાડા પાડવા લાગી...

તેણે મોટી મોટી આંખો ફાડીને મારી તરફ જોયું. અને ફરીથી જમીન ખોતરવા લાગી. જાણે તે મનમાં બોલી રહી હોય કે મેં તમને થોડું કહ્યું’તું ??

હું તેનો હાથ પકડીને પાસેના બાંકડા પર લઈ ગઈ. તેના હાથમાં બિસ્કિટનું પૅકેટ આપ્યું અને તેની પાસે બેઠી... ભૂખ્યો વરુ તેના શિકાર પર તૂટી પડે એમ તે આ બિસ્કિટ પર તૂટી પડી. અને બે જ મિનિટમાં બધા જ બિસ્કિટ ચટ કરી ગઈ. મને તેની હરકત જોઈને લાગ્યું તે ખૂબ ભૂખી છે. મેં મારી પાસે હતું એ ટિફિન ખોલીને તેની સામે ધર્યું. તે મોટા મોટા કોળિયા ભરીને જમવા લાગી. તેને જોઈને મને સંતોષ થયો. તે જમીને દુપટ્ટાથી મોઢું લૂછવા લાગી... મેં તેની સામે પાણીની બોટલ ધરી. તે અડધી બોટલ ક્ષણવારમાં ગટગટાવી ગઈ.

“તું ક્યાથી આવી છે ? તારું નામ શું છે ? તારાં માતા પિતા ક્યાં છે ?” મેં ફરીથી પ્રશ્નોનો મારો ચલાવ્યો... પણ

તે ફરીથી ગૂંગી બનીને બેસી રહી... રાત ઘેરી થઈ રહી હતી. વાતાવરણમાં ઠંડીનું પ્રમાણ પણ ઘટ્ટ થઈ રહ્યું હતું. તેની પાસે ઠંડીથી બચવા કોઈ વસ્ત્ર નહોતું. મેં મારી શાલ તેને ઓઢાડી. તે તુરંત તેમાં બિલાડીના બચ્ચાની જેમ લપાઈ ગઈ. તેની મુગ્ધતા મને સ્પર્શી રહી હતી. આ દીકરીને આમ એકલી મૂકીને ચાલ્યા જવાનો મારો જીવ નહોતો ચાલતો, પણ હું મક્કમ મન કરીને ઊભી થઈ. તેના હાથમાં સો રૂપિયાની નોટ મૂકીને ચાલતી થઈ.

હું ટ્રેન ગુમાવી ચૂકી હતી એટલે સંસ્થામાં પાછા જવા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો. હું પગથિયાં ચઢીને બીજી તરફ નીચે ઊતરી. રેલવે-સ્ટેશનની બહાર આવીને ટૅક્સી શોધવા લાગી. એક ટેક્સી મારી પાસે આવીને ઊભી રહી. હું તેમાં બેસીને બારીનો કાચ ઉપર કરી રહી હતી ત્યાં જ મારી નજર બહાર સરકી. મેં જોયું કે તે મારી સામે જ ઊભી હતી. એની નજર કહી રહી હતી કે મને એકલી મૂકીને ન જાઓ. મને પણ લઈ ચાલો તમારી સાથે. તેનો રડમસ ચહેરો જોઈ મારી અંદર લાગણીનું ઘોડાપૂર ઊમટ્યું...

મેં દરવાજો ખોલ્યો અને તેને મારી પાસે બેસાડી. તે રાજી થઈને મારી સાથે બેસી ગઈ. રસ્તામાં હું તેને અનેક પ્રશ્નો પૂછી રહી હતી, પણ તેણે એક પણ જવાબ ન આપ્યો.

કદાચ તે મૂંગી હશે એમ ધારીને મેં તેને વધુ કઈ પૂછવાનું બંધ કર્યું. મારા એક ઓળખીતા નિઃસંતાન દંપતી અનેક નોધારાં બાળકોને આશરો આપતાં હતાં. મારા મનમાં એક વિચાર ઝબૂકયો અને મેં ટેક્સી તેમના ઘર તરફ લેવાની સૂચના આપી.



"ઓહ બહેન, આવો આવો." તેમણે મને મીઠો આવકાર આપ્યો અને મારી બાજુમાં ઊભેલી દીકરીને જોઈને કંઈ પૂછે તે પહેલાં જ મે આખો વૃત્તાંત સંભળાવી દીધો.

"આ દીકરીને થોડા સમય સુધી તમારી સાથે રાખો. પછી એની કઈ ભાળ મળશે એટલે અથવા તો બીજી કોઈ વ્યવસ્થા થશે ત્યારે અહીંયાંથી તેને લઈ જઈશ..."

દીકરીને સોંપીને હું મારી સંસ્થા પર પાછી આવી... પણ મારું વિચલિત મન મને જંપીને બેસવા દેતું નહોતું... મારા મનમાં અનેક અટકળો આકાર લઈ રહી હતી... પથારીમાં પડખાં ફરતાં ફરતાં મારી આંખ ક્યારે મીંચાઇ ગઈ મને ખબર પણ ન પડી... વહેલી સવારે પથારીમાં જાગીને મેં સૌથી પહેલાં પેલા દંપતીને ત્યાં ફોન કર્યો.

"દીકરી શું કરે છે ?"

"બહેન ! એ સૂતી છે. તમે જરાય ચિંતા ન કરો... અમે છીએ ને..." દીકરી એક સેફ જગ્યા પર હતી માટે હું નિશ્ચિંત થઈને મારા બીજા કામકાજમાં પરોવાઈ.

દસ દિવસ પછી હું ફ્રી થઈને ફરી પાછી તેને મળવા નીકળી. આ વખતે તેને સાથે લઈ આવવાના ઇરાદા સાથે આવી હતી. હું દરવાજો ખોલીને વિશાળ બગીચામાં પ્રવેશી. મારા કાને બાળકોની ચિચિયારીઓ સંભળાઈ. એ બાળકોની વચ્ચે પેલી દીકરી પણ રમી રહી હતી. તેની ઉંમર આશરે સોળ કે સત્તર વર્ષની હોવી જોઇયે. તેનો ખિલખિલાતો ચહેરો જોઈ હું ખૂબ રાજી થઈ.

"બહેન, આ દીકરી તો બહુ જ ડાહી છે. આખા ઘરનું કામ કરી લે છે. અમે ના પાડીએ તો પણ અમારી વાત માનતી જ નથી અને જીદ કરીને ઘરનું આંગણું, પરસાળ અને અગાશી સાફ કરી આવે છે. અમારાં બીજાં બાળકો સાથે એવી તો ભળી ગઈ છે. અને સાચું માનશો બહેન, એ ભણવામાં પણ બહુ જ હોંશિયાર છે."

"એ બોલે છે ખરી?"

"અરે બહેન, એટલું બોલે છે કે વાત જ ન પૂછો !!"

"એ દિવસે તો હું પૂછી પૂછીને થાકી ગઈ તોય તે એક પણ શબ્દ ન બોલી અને તમે કહો છો."

"બહેન, ઊભાં રહો. અમે એને અહીંયાં જ બોલાવીએ."

તે મારી સામે આવીને ઊભી રહી. મને જોઈને તેની

આંખોમાં ચમક આવી. તેના તદ્દન બદલાયેલા સ્વરૂપને હું એકીટશે જોઈ રહી. હું કઈ પૂછું એ પહેલાં જ તે મને વળગી પડી.

"તારું નામ શું છે બેટા?"

"કાળી."

"કાળી ? આ કેવું નામ ? તું તો કેવી મજાની ગોરી ગોરી છે."

"બહેન મારો કાકો મને કાળી કહીને જ બોલાવતો હતો. માબાપ તો હું નાની હતી ત્યારે જ મરી ગ્યાં'તાં !"

"ઓહ, તો તું એ દિવસે ત્યાં એકલી બેસીને કેમ રડતી હતી ?"

"બહેન. અમે તમને એ બધું જ કહીશું." દંપતીએ મને વચ્ચે અટકાવી.

કાળી ફરીથી કૂદતી કૂદતી બહાર રમવા ગઈ.

"બહેન, આ દીકરીના સગામાં એકમાત્ર કાકા સિવાય બીજું કોઈ નથી. તમારા ગયા પછી બે દિવસે તે થોડી આઘાતમાંથી બહાર આવી અને અમે તેની સાથે વાત કરી શક્યાં."

"તે ક્યાંથી આવી છે ? તેના શહેર વિષે કઈ માહિતી મળી."

"હા, બહેન. છોટાઉદેપુર પાસેના એક નાનકડા પરા જેવા વિસ્તારમાંથી ભાગી આવી છે."

"મને આવો જ કઈક અણસાર આવ્યો હતો. ચોક્કસ તે ઘરેથી ભાગીને આવી હતી, પણ ભાગવાનું કોઈ કારણ ?"

"ભૂખમરો, શોષણ, જાતીય અત્યાચાર અને ઉપરથી તેની યુવાની અને રૂપ. તેના શરીર પર ઠેકઠેકાણે મારનાં નિશાન હતાં."

"કાળી હવે મારી સાથે રહેશે." થોડા રોષ સાથે મેં આખરી નિર્ણય લીધો. ફરીથી તેને એ જ નરકમાં પાછી નહીં મોકલું. કાળીને લઈને હું મારી સંસ્થા પર આવી. મારા જ ઓરડામાં તેના રહેવાની વ્યવસ્થા કરી. તેની બધી જ ઔપચારિક વિધિ પતાવીને ભણાવી.

★★★

"સુધાબહેન, સ્ટેજ પર તમારું નામ બોલાયું. જાઓ જલદી !" મારી બાજુની સીટ પર બેઠેલા એક સજ્જન બોલ્યા.

ધીમા ડગલાં ભરતી હું સ્ટેજ ઉપર પહોચી. તાળીઓના ગડગડાટથી આખું ઓડિટોરિયમ ગુંજી ઊઠ્યું. કાળીના ગળામાં ગોલ્ડ મેડલ જોઈ મારી આંખો હર્ષથી ભીની થઈ. કાળી પણ મને વળગીને રોઈ પડી. તેણે પ્રેમથી તેના ગળાનો મેડલ ઉતારી મારા ગળામાં પહેરાવ્યો.

★★★

બારીમાંથી આવતો આછો પ્રકાશ અને હૂંફાળો પવન મારી સફેદ લટો સાથે રમત રમી રહ્યો હતો. ક્ષિતિજમાં સૂરજ ડૂબી રહ્યો હતો અને ઘેરું અંધારું ઊગવાની અણી પર હતું. હું મારી સંસ્થાના ઓરડામાં બેસીને જૂના આલ્બમનાં પાનાં ઊથલાવી રહી હતી. આજે અચાનક મને કાળી સાંભરી આવી.

શું તે પણ મને યાદ કરતી હશે ? મેં ચશ્માં કાઢીને ટેબલ પર મૂક્યાં. મારી પાંપણોમાં બાઝેલી ખારાશ હું રૂમાલથી લૂછી રહી હતી. ત્યાંજ ડોરબેલ રણક્યો. મેં દરવાજો ઉઘાડ્યો અને સામે ઉભેલા પોસ્ટમેને મને એક કવર આપ્યું. એક સંસ્થાના ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જવાનું આમંત્રણ હતું. કવર બાજુમાં મૂકી હું ફરીથી કાળીની યાદોમાં ખોવાઈ. વિદેશ ગઈ ત્યારથી ન કોઈ પત્ર, ન કોઈ ફોન, બસ મને ભૂલી જ ગઈ...

હશે ! એ સુખી છે. એ જ મારા માટે પૂરતું છે. મેં મારા મનને આશ્વાસન આપી ચૂપ કર્યું. લેટર પેડ પર એક સફેદ કાગળ લઈને મેં આવનારા પ્રસંગમાં બોલવા માટે પેન ઉપાડી. પણ અક્ષરો કાગળ પર ઊતરવાનું નામ જ નહોતા લેતા. એ તો એમ જ ઊડ્યા કરતા હતા હવામાં મારા વિચારોની જેમ. મેં ખૂબ પ્રયત્ન કર્યો પણ એક વાક્ય પણ પૂરું ન લખી શકી. હારીથાકીને મેં પેન પાછી મૂકી. જે મનમાં



આવશે તે બોલીશ. મારે કાઈ નથી લખવું. એમ વિચારી હું પથારીમાં આડી પડી.

★★★

સંસ્થાના ઉદ્‌ઘાટન પ્રસંગે બહાર જવા માટે હું ટ્રેનની રાહ જોઈ રહી હતી. પ્લૅટફૉર્મ પર ભારે ભીડ હતી. એક બાંકડા પર મેં મારું સ્થાન જમાવ્યું. હું નિર્ધારિત સમયથી ઘણી વહેલી આવી પહોંચી હતી.

આસપાસનું નિરીક્ષણ કરતી મારી નજર પ્લૅટફૉર્મની સામે રહેલાં પગથિયાં પર પડી. વર્ષો પહેલાં ત્યાં બેઠેલી કાળીનો ચહેરો યાદ આવ્યો... એના જેવી કેટલીયે દીકરીઓ ઘર છોડીને ભાગી જતી હશે... એમનું શું થતું હશે ??

એક ધસમસતી ટ્રેન પ્લૅટફૉર્મ પર આવીને ઊભી રહી. મારી નજર પેલાં પગથિયાંથી દૂર થઈને ટ્રેનમાંથી ઊતરતા લોકો પર પડી... નીચે ઊતરતા લોકોને કુલી ઘેરી વળ્યા. પહેલેથી થતાં કોલાહલમાં ટ્રેન આવતાં ઉમેરો થયો. બધા યાત્રીઓ પોતપોતાના સામાન સાથે બહાર તરફ જઈ રહ્યા હતા. એક યુવાન સ્ત્રીની મારા પર નજર પડી. તે બહાર જવાના બદલે પ્લૅટફૉર્મ પર પાછી વળી. ઘેરા લાલ રંગના ટોપ અને ટાઇટ જીન્સમાં શોભતી એ રૂપાળી યુવતી મારી તરફ આવતી દેખાઈ. તેની આંખો આઇ લાઇનરથી શાર્પ દેખાતી હતી. તેના સુંવાળા રેશમી છુટ્ટા વાળ હવામાં લહેરાઈ રહ્યા હતા. તેની આંખોમાં આત્મવિશ્વાસનું અંજન હતું. હાઇ હિલના સેન્ડલ પર રૂઆબથી ચાલતી આ યુવતી મારી ખૂબ પાસે આવી વાંકી વળીને મારા ચરણસ્પર્શ કરવા લાગી. મેં તેને ત્યાં જ અટકાવી.

"બહેન, તારી ઓળખાણ ન પડી. તું કોણ ?"

"મને ના ઓળખી ?"

"ના બહેન. જરાય નહીં."

"મા, પેલાં પગથિયાં યાદ છે ?" તેણે આંગળી ચીંધીને પાટાની પેલે પારનાં પગથિયાં બતાવ્યાં...

"કાળી ?"

"હા મા. હું એ જ કાળી."

તેને જોઈને હું મારાં આંસુઓ રોકી ન શકી. હું વહાલથી તેને વળગી પડી. તે પણ આંસુઓથી મારો પાલવ ભીંજવી રહી હતી. અમે બંને ભાવથી છલકાયાં હતાં.

"હું તો સમજી કે તું મને ભૂલી ગઈ."

"ભૂલી કેવી રીતે જાઉં, મા. તમે જ તો મને જીવન આપ્યું છે. અમેરિકા જઈને તમને એક ઘડી પણ નથી ભૂલી. નક્કી કર્યું હતું કે કંઈક બનીને આવીશ."

"તારી સફળતા પર મને ગર્વ છે દીકરી."

અમારા બંનેના ગળામાં શબ્દો અટકી ગયા. ના એ કઈ બોલી શકી ન હું. એ જ વખતે મારી ટ્રેન પ્લૅટફૉર્મ પર આવીને ઊભી રહી.

હું ફરીથી અવઢવમાં હતી. જાઉં કે ન જાઉં. મારી દીકરી મને વર્ષો પછી મળી એના ઉન્માદમાં હું ઘેલી થઈ ગઈ હતી.

"મા, વર્ષો પહેલાં તમે ટ્રેન જતી ન કરી હોત કદાચ હું કોઈ ખોટી ટ્રેનમાં... મારી જિંદગી પણ આ રેલના પાટા જેવી..."

મારી ટ્રેન નીકળી ગઈ અને હું દીકરી સાથે ફરીથી ટેક્સીમાં બેસીને મારી સંસ્થા પર આવી...

"મા, હવે તમે નિરાંતે બેસો. આ તમામ વિકલાંગ બાળકોની સેવા કરવા જ હું ડૉક્ટર બની છું."

હું તેની સામે અપલક જોતી રહી. ક્યારેક ટ્રેન છોડી દેવી એ પણ પુણ્યકર્મ છે.

*બી/૨, શિલ્પ ગણેશ ટેનામેન્ટ, અક્ષર ફાર્મ સામે,*
*ગોપી વી.વી.નગર રોડ, આણંદ-૩૮૮૦૦૧.*
*મો. ૯૯૦૪૨૩૭૮૪૭*



# ઘો

- રાજેશ વણકર

**સી**મ ખુલ્લી થઈ ગયેલી. ડાંગર વઢાઈને ખળેથી ઘેર પહોંચી ગયેલી. આ સીમમાં આઠેક જણનો પરિવાર ક્યાંકથી ફરતો ફરતો આવી પડેલો. ગામમાં રખડયા, કશું તૈયાર શાક નહોતું મળ્યું. રસ્તે આવતાં દોડતી ઘો જોઈને મોહનો સસલાની જેમ દોડયો. દરમાં ભરાતી ઘોનું પૂછડું પકડી દબોચી લીધેલી. ચારેય પગના વાંકા નખ એકબીજામાં ભરાવીને પૂછડું પકડી હલાવતો હલાવતો એને આવતો જોઈ છોકરાં રાજીનાં રેડ. એની પત્નીએ તરત માટીની લોઢી ત્રણ પથરા ગોઠવી ચડાવી. લાકડાંની આગ નીચે લબકી, ઉપર ઘો મૂકી, તડબડ તડબડ ઘો. છોકરાં તાળીઓ પાડે, પેલી ડોશીના મોઢેથી લાળ લબકે. કોક છોરુ લોઢી પાસે પહોંચી જતાં મોહને પાછું ખેંચીને ગાલ પર એક ચડાવી. બાજુમાં છાતી સુધી ઘૂમટો તાણી કોક રોટલા ચડાવે, બેચાર છોરા ત્યાં ટોળે વળે. લોઢીની આસપાસ તણખા તારલિયા જેવા થાય ડોશીના લાળ ભેળા શબ્દો પડે 'દીઠાનું ઝેર છે ને ભાઈ દીઠાનું ઝેર છે.'

આ ફરતો પરિવાર એક ગામથી બીજે ગામ સીમમાં પડાવ નાખે. થોડાંક પથરા એકાદ ટાટિયું. એમાં માગી આણેલી ગોદડીમાં વળે ટૂટિયું. તપેલાં, થોડા લૂગડાં, પાણી ભરવા માટીના ઘડા અને ખાસ બે ત્રણ સારંગી. આખો દિવસ જે ગામમાં પડાવ હોય ત્યાં ઘેર ઘેર ફરવાનું. ભજનો, લોકગીત, હૂડા, દોહા ગાવાનાં. દાણા, જૂના લૂગડાં, ચાદર, વાસણ જે મળે એ લેવાનું ક્યારેક વધેલું ખાવાય મળી જાય, પણ એ તો પાછળ ફરતાં પેલાં ટાબરિયાં કાં તો રસ્તામાં ચાલતાં ચાલતાં જ ઉજાણી કરી નાખે. ઘેર આવે તો માત્ર થોડુંક દાણાપાણી.

આ પડાવને લોકો વાદીનો પડાવ કહેતા. કાલે જ હજુ આવેલા. આજે ગામમાં મોડા મોડા નીકળ્યા પણ થોડુંઘણું રસ્તાજોગ મળેલું. સાંજનું કંઈ ઠેકાણું નહોતું પડયું અને એટલે જ મોહને મહામહેનતે દોડતી ઘો ઝડપી પાડેલી. ગામમાં એમનો દીદાર જોઈને જ કેટલાકે તો બારણાં આડાં કરી દીધેલાં 'માઈ બાપ માગણ સીએ' પણ કોણ માને ? કહે કે 'કશુંક કરી મેલશે' 'છોકરાં સંતાડી દો' કોઈ દયાભાવે થોડું આપે. કોઈ કહેતું 'બાદલસિંઘના બંગલે જાવ', 'ઘણું મળી રેશે' પણ... પણ ત્યાં પહોંચે કોણ ? ગામનો માણસ પણ બીતોબીતો ત્યાંથી નીકળતો. બહાર બે ડાઘિયા કૂતરા બાંધેલા... ફાડી ખાય... બાદલસિંઘના બંગલાના કોટને કોઈ આમ પણ ઓળંગી શકયું નહોતું. અંદરની હકીકત બધી કથાઓ રૂપે વહેતી રહેતી. ઊંચા કોટ પર ભાલોડી જેવા કાચ અને તોતિંગ એવો દરવાજો...

પેલી ઘો હવે માટીની લોઢીમાં ઊંધી પાડવામાં આવી. થોડુંક તેલ, મરચું, મીઠું ભભરાવ્યું. ઘો તબડે... તબડે... આગ લાગે, એમ ઊંચી નીચી થાય, છોકરાં બધાં તાળીઓ પાડે, પેલું ધાવણું છોકરું પણ ધાવણ મૂકી ત્યાં તાકવા માંડ્યું, ડોશીના મોઢેથી લપકતી લાળ ઢેફાં ભીનાં કરે...

એક તરફ ચાંદની રાતે માઝા મેલી, તારલાઓનો ટમકાર વધવા માંડયો, વગડાના મોરલા કોઈ રાની પશુ ભાળી જવાથી હશે કે કેમ વારે વારે વગડો ઊભરાવતા હોય એમ ગહેકી રહ્યા. વાદીઓ સાથે આવેલા નવા કાળિયા કૂતરાનો અવાજ સાંભળીને ગામનાં કૂતરાં પણ રઘવાયાં થયાં. એ પણ આજે જંપે એમ નહોતાં. સીમમા વાદીઓનો કાળિયો પણ એકલા મોઢે પ્રતિસાદ આપતો રહ્યો. ડોશી એને પંપાળે પણ રોકાય ?

આ બધી હલચલ અને અવાજોની વચ્ચે પેલા મોટા બંગલે સુસજ્જ એવા ઓરડામાં એક નિશ્વાસ ઠલવાયો. એ મનોરમાનો નિશ્વાસ જાણે આખા જૂના રજવાડી મહેલને ઠેલતો બહાર પહોંચ્યો હોય એમ આંગણે લીમડા નીચે સૂતેલો ડોસાએ ગળફો હાથમાં પકડીને ફેંકયો ગમાણમાં. ઘોડી થોડી હણહણી. પણ ઓરડામાં દીવાન પર પોઢેલું પેલું ગોટુ મુલાયમ બદન તંગ થયું. દૂર દૂર ચાંદની રાતમાં ચૂલાના અજવાળે ચમકતી ઊઘાડા મોહનાની પીઠ પર નજર ઠરી... રખડી... આથડીને લોઢા જેવો થયેલો દેહ... એની ઊંચાઈ... માથાના ઊડતા ઝુલ્ફો... અરે, એને તો ઢીચણ નીચેની પેલી ઊપસી આવેલી નસોમાં દોડતું લોહી પણ અહીંથી દેખાયું...

આ તરફ રોટલા અને ઘો શેકતાં લાકડાં ખૂટયાં. મોડું થયેલું એટલે લાકડાં ઓછાં જ આવેલાં રાતે બીજું જાય પણ કોણ ? 'અલ્યા મોહનાં આ ઘો ચડે એવું લાગતું નથી. જાડું લાકડું સૂકું ખેંચી લાય પેલા કોટ પાહેથી' મોહનો ઊઠયો. આસપાસ તો એવું કોઈ લાકડું નહોતું. દોડયો... દબાતા પગે છેક બંગલાના કોટ પાસે આવવું પડયું. નડતો કોઈ લીમડો કાપીને ફેંકી દીધેલો. આખો ઉપાડવા જાય છે ત્યાં સુસ... સસ... સુઉઉઉ આવો કશો ભ્રમ થયો. લાકડું ફેંકીને ભાગવા જાય છે... પણ પાછું વળીને કોણ છે જોઈ લઉં જરા

એમ વિચારે છે ત્યાં કોઈ દેવી સમું બોલાવે, હાથના ઈશારે પાસે... થોડીક બીક... પણ હાળી શું કરી લેવાની ? લાય જવા તો દે... ગયો તો પેલી બોલી...

- આ જોવોને કશુંક સાપ જેવું અહીં ભરાયું છે.

- કયાં બાપ ?

- આ અંદર

- પણ અહીંથી કેમ દેખાય...

- અરે, લો આ નિસરણી અંદર આવી જોવો... કોઈ બીજું છે નહીં, ને મને ફાડી ખાશે. એકલું બૈરું માણસ છું ! મદદ કરો...

- લો આવું, ચપટીમાં ભગાડી દઉ હાળાને, લાવો નિસરણી...

- મોહનો ઉત્સાહમાં આવી ગયો. ગમતું કામેય મળ્યું. વળી ઘરમાં કશુંક રાંધેલું શાક કે ઘઉંની ભાખરી મળી જાય તો તો ભયોભયો કરતો નિસરણીનાં બે બે પગથિયાં કાપતો હડુબ દઈને અંદર કૂદયો

- કઈ છે કઈ છે બતાવો.

- આ અહીંથી અમળાતો અમળાતો પગથિયા ચડયો.

- પછી ગયો કયાં ? બતાવો પૂંછડીથી પકડીને ફેકી દઉં...

- આ બસ આ તરફ જ આવ્યો...

- કયાં ?

- આ મારા દીવાન બાજુ... એટલે જ બીક લાગી, સારું થયું તમે આઈ ગ્યા, તાલમાં જ હાશ... શ... થઈ.

મનોરમા પલંગમાં બેઠી.

મોહનો નીચે દોરી જેવું કશુંક પકડવા મથ્યો. સાપ સમજીને, પણ... કંઈ હાથમાં ન આવ્યું. ચોમેર ફર્યો. એક તરફ આખો સુગંધનો દરિયો એના નાકમાંથી આખા બદનમાં પ્રસરી રહ્યો હતો. એ બહાને એણે વિશાળ દીવાન પર હાથ ફેરવી લીધો. રેશમ રેશમ જેવું લાગ્યું. મઝા પડી. ઘડીક ભૂલી ગયો કે લાકડું લેવા આવ્યો તો. વિચારમાં પડયો કે 'સાલું આ લોક કેવું રહે હે ?' 'પોતાનું ઘર' 'પોતાનું રેવાનું' 'કોઈ હડો હડો' પણ ના કરે 'શું જિંદગી સે' 'આવા વિચારો કરતો પેલી હાથમાં આવેલી દોરડી મસળતો ઊભો થવા થવા ગયો ત્યાં આ જોવોને એમ કહી જરા પગ ઊંચા કરી મોહનાને દીવાનનો છેડો બતાવ્યો. હવે મોહનો થરથરી ગયો. આ બૈરું હાળું શું કરવા માગતું હશે ? આ જોવો એમ કરતી મનોરમા પલંગ પરથી હાથ સેરવતી. મોહનાની પોતડીમાં ઝાડના થડ જેવા સાથળ પર હાથ લઈ ગઈ. આ જોવો આ... મોહનો હબક ખાઈ ગયો... પછી પોતે કોણ છે શું છે ? બંધુ ભૂલવા માંડ્યો... જાણે કોઈ અવળવેલ ઓળંગી ગયો હોય... દિશાફેર થઈ ગયો હોય... એને આખું એનું અસ્તિત્વ યાદ ન રહ્યું... પછી પોચા અને સુંવાળા પલંગમાં એના પર જાણે સાગરના ઘૂઘવાટા થયા... છાલકો વાગી... લોઢીમાં તળાતી ઘોનો સરરરરર... છમ્મ અવાજ... જાણે આ ઓરડામાં પ્રસરી ગયો... અને પછી એ કયારે ત્યાંથી બહાર નીકળ્યો. દોડીને કોટ ચડ્યો. કૂદ્યો... હાથમાં વાગેલા કાચ અને... લોહીની ધાર કશું ભાનસાન એને નહોતું.

આ તરફ ઘો અડધીપડધી બફાઈ ગયેલી મોહનો મોડો મોડોય એક મોટું લાકડું લાવ્યો. ચૂલામાં ઘાલ્યું... ચૂલો ધીખ્યો... ભેગી એની બૈરી પેલી બીજી વહુ અને ડોશીય ધમધમ્યાં. કેટલીકવાર કરી ?... એક લાકડું અહી લાવીને ઘાલવામાં આટલો બધો... મને કયું હોત તો હું લેઈ આવતી. મારા રડ્યા, બસ રખડવા પેધી જ્યો... પીવા જતો રયલો કે શું ? માતાઓ ધૂણવા માંડી...

ભેણઠોકની બંધ થા નકર હમણા આ ચૂલામાં મોઢું ઘાલી દે... મોહનો પણ ગરમ થયો. ઘો હવે ઠંડી પડી. છોકરાં કટકો કટકો ચૂસવા માંડ્યાં. રોટલાના ટુકડા જેમ જેને ફાવ્યા તેમ લીધા, ચડાવ્યા, ખાધા. મરચું મીઠું ભભરાવ્યું... પણ ગાળો ચાલુ. મરો હારો મરો બધાંય... કાલથી લાવજો ખાવાનું જાવ... તમતમારે આ ઊં તો હું તો... તે હુંઈ જા મારા રડયા તારી તે...

અને... આ બંગલે મનોરમા ફરી પડખાં ઘસવા માંડી. હવે કાળિયો કૂતરો ને ગામનાં કૂતરાંય શાંત હતાં. મોરલા ટાઢા પડી ગયેલા... તબડતી ઘો પેટમાં પહોંચી ગયેલી પણ આ લોકોના અવાજો વધી રહ્યા હતા. ગાળો અને ધમાલ પડયાપડયા પણ ચાલુ જ હતું... મનોરમાના કાનને આ બધું કરડવા લાગ્યું. એના ઓરડામાં વળી જુદો જ ઘૂંઘવાટ ઊભો થયો અને બીજો કશો જ વિચાર ન આવતાં તેણે સીધો પોલીસ સ્ટેશનમાં ફોન કર્યો... હેલો... આ લોકો... ફોન મૂકીને ફ્રીઝમાંથી ઠંડા પાણીની અડધી બોટલ ગટગટાવીને પથારીમાં મસ્તીથી પડી.

*રામપુરા જોડકા, તા. ગોધરા,*
*જિ. પંચમહાલ.*
*મો. ૯૯૦૯૪૫૭૦૬૪*



# 'ટ્રાયસિકલ'

*- ડૉ. અશ્વિન વસાવડા*

**સાં**જે હું ઑફિસેથી આવ્યો ત્યાં નિર્ઝરીએ કામવાળાં બહેનની મદદ લઈ માળિયામાંથી વેચવાનો ભંગારનો સામાન નીચે ઉતારેલો જોયો.

મેં કહ્યું : 'આ શું ?! આજ તો આખા માળિયાને જ નીચે ઉતાર્યું ?!'

નિર્ઝરીએ કહ્યું : 'ત્યારે શું ? તમારે વિશ્વાસે તો મહિનાઓ નીકળી જાય અને ભંગાર પડ્યો જ રહે. હવે કોઈ બહાનું નહીં ચાલે. કાલે રવિવાર છે. ભંગારવાળાને બોલાવી વેચી નાખવાનું કામ તમારું.'

'અરે... યાર... રવિવાર એટલે રજાનો દિવસ. દુનિયા આખી મોડી ઊઠે; આરામ કરે, હોટલમાં જમવા જાય અને તું... ? ભંગારવાળાને બોલાવવો. તેની સાથે લમણાઝીંક કરવી;! થશે અનુકૂળતાએ...' મેં નિર્ઝરીની વાતની ઉડામણ કરી.

'લ્યો, બોલ્યા; આરામ કરવાનો. તમારી અનુકૂળતા આવતાં ઘરમાં ઉકરડો પડ્યો રહે એમ ?'

'સારું, સારું, બોલાવી લાવીશ બસ,' મેં હસતાં હસતાં કહ્યું.

ત્યાં મારું ધ્યાન 'ટ્રાયસિકલ' ઉપર પડ્યું.

છાપું હાથમાં લઈ ગેલરીમાં આરામખુરશીમાં બેઠો. છાપું હાથમાં રહી ગયું અને હું ભૂતકાળમાં ખોવાઈ ગયો.

હું પાંચ વર્ષનો હતો. માનું હાર્ટનું 'ઓપરેશન' કરાવવા પપ્પા તેને મદ્રાસ લઈ જવાના હતા. મેં સાથે જવાની જીદ કરી. માએ મને સમજાવ્યો : 'બેટા ત્યાં તો ડૉક્ટર 'ઇંજેક્શન' આપે, કડવી કડવી દવા પીવરાવે ત્યાં તારે ન અવાય. હું તારે માટે બેટ-બોલ, નવાં નવાં કપડાં, રમકડાં બધું લાવીશ.'

પપ્પાએ પ્રલોભન આપ્યું, હું કાકાને કહીશ કે તને નવી નવી 'ટ્રાયસિકલ' લઈ આપશે.

- અને 'ટ્રાયસિકલ'ના પ્રલોભનમાં હું માની ગયેલો'... પણ મમ્મી તું વહેલી વહેલી આવી જજે મને તારા વિના ન ગમે...'

સ્ટેશને માએ મને ખોળામા બેસાડી માથામાં હાથ ફેરવ્યા કર્યો. તેને રડતી જોઈ મેં પૂછેલું : 'મા તને પણ મારા વિના નહીં ગમે એટલે રડે છે ને ?!'

માએ ડોકું હલાવી 'હા' કહેલું.

સ્ટેશનેથી ઘેર આવતાં રસ્તામાંથી જ કાકાએ મને 'ટ્રાયસિકલ' લઈ આપેલી.

મેં શેરીના મિત્રોને બોલાવી નવી 'ટ્રાયસિકલ' બતાવી. ખુશીખુશી હું 'ટ્રાયસિકલ' ફેરવવામાં મા અને પપ્પાને યાદ પણ નહોતો કરતો.

ચાર-પાંચ દિવસ પછી ઘરમાં ઘણાં ભેગાં થયેલાં. બધાં રડતાં હતાં. કાકાએ 'ટ્રાયસિકલ' શેરીમાં મૂકી આપતાં કહેલું: 'જા, બેટા, તારા ભાઈબંધોને બોલાવી સાયકલ ફેરવ.'

તે પછી પપ્પા એકલા જ આવેલા. મને કહેલું 'મા, સાજી થશે ને પછી ઘેર આવશે.' ઘરમાં વારે વારે બધાં રડતાં હતાં પણ મને ત્યારે કંઈ સમજાયું નહતું કે બધાં કેમ રડે છે ?! હું ભલો અને મારી 'ટ્રાયસિકલ ભલી.'

તે પછી પપ્પાએ કહેલું : 'તારી મા છે ને એને જ... ભગવાને બોલાવી લીધી છે ! હવે તે નહીં આવે.'

આ સાંભળી હું ખૂબ રડેલો.

પછીના થોડા દિવસો પછી પપ્પાએ કહેલું : 'જે... જે... ભગવાને તને આ નવી મા આપી છે.'

પપ્પા અને નવીમાએ ફરવા જવાનું નક્કી કર્યું :

પપ્પાએ મને સાથે લઈ જવાનું કહેલું, પણ નવીમાએ ના પાડેલી. પપ્પાએ મને ફોસલાવેલો 'મારા દીકા માટે હું બેટ-બોલ, નવાં કપડાં, આટલી બધી ચૉકલેટ લાવીશ.'

તે દિવસોમાં હું કાકાને ઘેર રહેલો.

પપ્પા આવ્યા ત્યારે મારે માટે થોડી ચૉકલેટ જ લાવેલા.

નવીમાને હું નો'તો ગમતો. રોજ રોજ પપ્પાને મારી કંઈને કંઈ ફરિયાદ કર્યા કરતી.

તે દિવસે હું આંગણામાં 'ટ્રાયસિકલ' ફેરવતો હતો. બારણા પાસે પહોંચ્યો ત્યાં નવી મા 'ટ્રાયસિકલ' સાથે ભટકાણી તેના હાથમાંની દૂધની તપેલી પડી ગઈ. તેણે ગુસ્સે થઈ મને તમાચો મારેલો. પપ્પા રૂમમાંથી દોડી આવેલા. નવીમાએ ફરિયાદ કરેલી 'આ તમારો લાડલો આખો દિવસ સાઇકલ ફેરવ્યા કરે છે... આ દૂધ ઢોળાઈ ગયું. મારું કામ વધ્યું.' પપ્પા પણ મારી ઉપર ગુસ્સે થયેલા.

હું એકલો એકલો પલંગમાં પડ્યો હતો. ખાલીપો ભૂલવા માટેની સાથી મારી ટ્રાયસિકલ હતી. પપ્પાએ પણ મને એકલો પાડી દીધેલો... 'ટ્રાયસિકલ' મારી દોસ્ત હતી. મને એમાંથી હૂંફ મળતી. હું 'ટ્રાયસિકલ' સાથે વાતો કરતો. 'નવીમા તો મારી સાથે બોલતી પણ નથી, પપ્પા પણ વારે વારે ખિજાયા કરે છે. મને એકલો મૂકી ફરવા જાય છે, બજારે જાય છે, ફિલ્મ જોવા જાય છે.'

પછી નવી માની મારી તરફ અને 'ટ્રાયસિકલ' તરફની નફરતના કારણે પપ્પાએ 'ટ્રાયસિકલ' માળિયામાં મૂકી દીધેલી.

આજે નિર્ઝરીએ માળિયામાંથી સામાન સાથે 'ટ્રાયસિકલ' પણ ઉતારેલી એ જોઈ મને માના ખાલીપાના દિવસોની યાદ આવી ગઈ.

'આજે તો છાપું બહુ વાંચ્યું ?! આ ચા ક્યારની મૂકી છે ઠંડી પડી ગયા.'

હું વિચારતંદ્રામાંથી જાગ્યો. ઠંડી પડી ગયેલી ચાનો ઘૂંટડો લેતાં મેં કહ્યું : 'નિર્ઝર ! આ 'ટ્રાયસિકલ' વેંચવાની નથી.

'કેમ... ?... એને શું કરીશ ?' નિર્ઝરીએ પૂછ્યું.

'- ના એને રાખવી છે.' મેં કહ્યું.

'કેમ ?!... કેમ ?!.. એમાં હીરા જડેલા છે ?!' હસતાં હસતાં નિર્ઝરીએ પૂછ્યું.

'હીરાથી વધુ મૂલ્યનું એની સાથે મારું 'ઇમોશનલ એટેચમેન્ટ' છે. હું રડી પડ્યો.'

'અરે... પણ શું થયું કહો તો ખરા ?' નિર્ઝરીએ કહ્યું.

'નિરઝુ ! માણસને ક્યારેક નિર્જીવ વસ્તુ તરફ પણ સ્વજન જેટલો સ્નેહ સંબંધ બંધાઈ જાય છે. બચપણમાં મા ગુમાવ્યા પછી આ 'ટ્રાયસિકલ' મારી સાથી હતી. મને તેમાંથી હૂંફ મળેલી. માટે પ્લીઝ એને વેચવાની નથી.

*બી-૫૦૨, અર્જુન ગ્રેસ, નારણપુરા બીએસએનએલ ઑફિસ સામેનો રોડ, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩.*
*મો. ૯૮૨૪૦૦૦૭૩૯*





## “યાદોનો ઝરુખો”

ગાયત્રી ત્રિવેદી
મો. 9426282138




"ઐશ્વરીય આહલાદ"
હેમાલી શાહ
મો. 9662836342

# વિનોદિકા
# સંપુટ

- રતિલાલ બોરીસાગર
- શાહબુદ્દીન રાઠોડ
- હરિકૃષ્ણ પાઠક
- પ્રવીણ દરજી
- હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'
- ડૉ. નલિની ગણાત્રા
- પરાગ ત્રિવેદી
- અધિર અમદાવાદી
- જીતેન્દ્ર ઠક્કર
- કિશોર અંધારિયા
- નગીન દવે
- મધુકર દિ. ધ્રુવ
- ભર્ગદેવ ભટ્ટ 'હાસ્યાયન'
- કલ્પના દેસાઈ
- પ્રદ્યુમ્ન આચાર્ય
- રમેશ પટેલ 'ક્ષ'
- સુષમા શેઠ
- દિલીપ શાહ 'રસીલા'
- મેઘા પરિમલ શાહ



"ઈન્તજાર"
અંજલિ જે. મહેતા
મો. 7874385211

# ચમત્કારો આજે પણ બને છે !

*- રતિલાલ બોરીસાગર*

રિક્ષા સ્વસ્તિક ચાર રસ્તા પાસે પહોંચી અને એકાએક મને ખ્યાલ આવ્યો કે પાકીટ તો ટેલિફોન ઓફિસના કાઉન્ટર પર ભૂલી આવ્યો છું ! કશુંક ક્યાંક ભૂલી જવું એ મારા માટે નવી વાત નથી. મારો દીકરો એક વરસનો હતો ત્યારે એકવાર એને પાનવાળાને ત્યાં ભૂલીને ઘેર આવતો રહેલો. પાકીટ ભુલાઈ ગયાનું મને આટલું જલદી યાદ આવી ગયું એ નવી વાત હતી ! સામાન્ય રીતે કોઈ ચીજ ક્યાંક ભૂલી આવ્યો હોઉં તો એ ચીજની જરૂર પડે ત્યારે જ એ ચીજ ક્યાંક ભુલાઈ ગયાનો ખ્યાલ આવે પણ પછી એ જ ચીજ ક્યાં ભૂલી આવ્યો તે કેમેય યાદ નઆવે પણ આજે વિસ્મરણની ઘટના ક્યાં ઘટી એનું સ્મરણ તરત થયું. મેં રિક્ષાવાળા બંધુને કહ્યું, 'ભાઈ, મારું પાકીટ ટેલિફોન ઓફિસમાં રહી ગયું લાગે છે.'

'હે ?' રિક્ષાચાલકનો સાદ ફાટી ગયો. પાકીટ વગર આ માણસ પૈસા કેવી રીતે આપશે એવી એને ચિંતા થાય એ સ્વાભાવિક હતું. મારી પાસે બેંકમાં ગમે તેટલા પૈસા હોય, એ એને માટે કશા કામના નહોતા. જોકે બેંકમાં પણ ઝાઝા પૈસા નથી. એ વાંચીને મારી બેંકના મેનેજર સાહેબ નારાજ ન થાય એવી વિનંતી. બેંકમાં ઝાઝા પૈસા નથી એટલે બેંક પાસે ઝાઝા પૈસા નથી એવું મારું કહેવાનું નથી, મારા ખાતામાં ઝાઝા પૈસા નથી એટલું જ કહેવા માગું છું.

'ભાઈ, ટેલિફોનનું બિલ ભર્યા પછી વધેલા સાડા ત્રણસો રૂપિયા મેં પાકીટમાં મૂકવાને બદલે ખિસ્સામાં મૂક્યા છે. એટલે તમે રિક્ષાભાડાની ચિંતા ન કરશો. અલબત, મનુષ્યના દુઃખમાં ભાગ લેવો એ મનુષ્યનું કર્તવ્ય છે એ દૃષ્ટિએ તમારી ચિંતા ઘટિતપણ ગણાય.' મારા કથનનો ઉત્તરાર્ધ એમને સમજાયો હોય એવું લાગ્યું નહીં. પણ રિક્ષા ભાડાના પૈસા મારી પાસે છે એટલું તો એમને સમજાયું જ અને એમને માટે એ પૂરતું હતું. એમણે રિક્ષા પાછી વાળી.

રિક્ષા ચાલકે ટેલિફોન-ઓફિસની બરાબર સામે રિક્ષા ઊભી રાખી. પરંતુ ટ્રાફિકની વૈતરણી તરીને સામે પાર જવાનું મારા માટે જરાય સહેલું નહોતું. ઉતાવળે રસ્તો ક્રોસ કરવા જતાં શહીદ થઈ જવાની ચાન્સીસ ઘણા હતા. વળી રસ્તો ક્રોસ કરવામાં વાર થાય ને એટલી વારમાં પાકીટ ઊપડી જાય એ શક્યતા પણ નકારી શકાય એમ નહોતી. મેં એક ટુચકો વાંચેલો : એકવાર એક જણ પોતાની સાઈકલ એક મંદિરના દરવાજા પાસે ભૂલી ગયો. ત્રણ દિવસ પછી તેને યાદ આવ્યું. એ એકદમ મંદિરે ગયો અને જોયું તો સાઈકલ બિલકુલ સલામત હતી. એણે મનોમન પ્રભુનો આભાર માન્યો. પરંતુ, આ તેને પૂરતું ન લાગ્યું. તેને લાગ્યું કે મારે ભગવાનને રૂબરૂમાં થેંક્સ કહેવા જોઈએ. એ અંદર ગયો. ભગવાને 'થેંક્યુ' કહ્યું. પણ એ બહાર આવ્યો ને જોયું તો સાઈકલ કોઈ ઉપાડી ગયું હતું. મારા કિસ્સામાં આવું ન બને એ માટે મેં રિક્ષાચાલક બંધુને રિક્ષા થોડું વધારે ફેરવીને પણ ઓફિસ પાસે લઈ જવાની વિનંતી કરી.

રિક્ષા ટેલિફોન ઓફિસના દરવાજા પાસે ઊભી રહી. છલાંગ મારી ઊતરવા જતો હતો ત્યાં ગયા વર્ષે થયેલા અકસ્માતની, અકસ્માત પછી કરવામાં આવેલા ઓપરેશનની, ઓપરેશન પછી ચરણકમણમાં ફિટ કરવામાં આવેલા સ્ક્રૂની યાદ આવી. પરિણામે છલાંગ મારવા માટે પગ અનફિટ હતા એનું સદભાગ્યે સ્મરણ થયું. એટલે ધીમેથી ઊતર્યો અને અનફિટપગથી થાય એટલી ઝડપથી ઉપર ગયો. દાદર ચડતાં શ્વાસ ચડી ગયો હતો અને કાઉન્ટર પર પાકીટ ન જોતાં શ્વાસ વધારે અદ્ધર ચડી ગયો. કાઉન્ટર પર બેઠેલાં બહેનને મેં એકી શ્વાસે પૂછી નાંખ્યું : 'મારું પાકીટ તમારી

પાસે છે ?' બહેના ચહેરા પર એકાએક અણ ઘટતો ફેરફાર થયેલો જોઈ મેં એકદમ સુધાર્યું : 'આઇ મીન મારું પાકીટ અહીં કાઉન્ટર પર ભૂલી ગયો હતો. આપને કોઈએ આપ્યું છે ?'

'ના.' બહેને એકાક્ષરી પ્રત્યુતર આપ્યો. બહેન મારા જેવાં ભુલકણાં હોઈ શકે એવો વિચાર મને આવ્યો. પણ સ્મૃતિ ઢંઢોળી જોવાની વિનંતી કરવાની મારી હિંમત ન ચાલી. પંડિતો ગયેલા નો શોક કરતા નથી એવું પંડિત ન હોવા છતાં મેં વિચાર્યું. ચડ્યો હતો એનાથી અરધી ગતિથી દાદરો ઊતરી હું રિક્ષા પાસે આવ્યો.

'સાહેબ, પાકીટ મળ્યું ?' રિક્ષા ભાડાના પૈસા તો મારી પાસે છે એવી ચોખવટ મેં કરી હતી એટલે એમણે સહાનુભૂતિથી જ પૂછ્યું હશે એમ મને લાગ્યું.

'ના. કોઈ ઉપાડી ગયું લાગે છે.' મેં રડમસ અવાજે કહ્યું.

'સાહેબ.' મારા આવા જવાબની રાહ જ જોતા હોય એમ એમની વાકધારા શરૂ થઈ. 'સાહેબ, આ તમારી જ્યાં-ત્યાં જે-તે ભૂલી જવાની ટેવ સારી ન કહેવાય.' આ વાક્ય સાંભળી હું ચમક્યો. હું રિક્ષામાં છું કે ઘરમાં એવી ઘડીભર મને શંકા પણ થઈ. ઘરમાં આબાલવૃદ્ધ બધાં પાસેથી આ વાક્ય મેં અનેકવાર સાંભળ્યું છે.



'હવેથી ધ્યાન રાખીશ.' મેં નમ્રતાથી કહ્યું. 'છતાં ઊતરતી વખતે આ થેલી રિક્ષામાં ભૂલી જાઉં તો યાદ રાખી આપી દેજો.'

'અરે, સાહેબ એકવાર તો એક કાકા મારી રિક્ષામાં શાલ ભૂલી ગયેલા. એમને મણિનગર ઉતારી લાલ દરવાજા પહોંચ્યો ત્યારે મારું ધ્યાન ગયું તે પાછો વાળીને પહોંચાડી આવેલો, બોલો !' મારે કશું બોલવાનું તો નહોતું પણ થેલી અંગે અલબત્ત નચિંત થયો. જો કે પાકીટની પીડા અવિચળ હતી.

ઉસ્માનપુરા મેં રિક્ષા ઊભી રખાવી. રિક્ષાચાલકે, કદાચ મારી પાછળ દોડવું ન પડે એટલે થેલી યાદ કરાવી. રિક્ષામાંથી ઊતરી, જેમની આગળ દર મહિને અનિવાર્યપણે માથું નમાવવાનું થાય છે એવા મારા વાળંદ મિત્ર પાસે વાળ કપાવ્યા. મને લાગ્યું કે આજે 'કપાત-યોગ' લાગે છે. ટેલિફોન ઓફિસમાં ખિસ્સું કપાવ્યું અને અહીં વાળ કપાવ્યા.

ઉસ્માનપુરાથી રિક્ષામાં બેસી ઘેર જઈ રહ્યો હતો. સ્ટેડિયમ ચાર રસ્તા પહોંચ્યો હોઈશ ત્યાં ખિસ્સામાંથી મોબાઈલ ચીસ પાડી ઊઠ્યો. એક કાન આઉટ ઓફ ઓર્ડર છે અને એક કાન પોતાની ફરજ પૂર્ણ પણે બજાવવા શક્તિમાન નથી એટલે મારા મોબાઈલની રિંગ પ્રચંડ અવાજે ગાંજી ઊઠે છે. મેં મોબાઈલ સાંભળતા કાને મૂક્યો. 'તમે રતિલાલ બોરીસાગર છો ?' સામેથી પ્રશ્ન પૂછાયો. એટલું સારું હતું કે અમદાવાદમાં બોમ્બ-બ્લાસ્ટ થયા પહેલાં આ ઘટના બની, નહિતર અજાણ્યા અવાજમાં આ પ્રશ્ન પુછાતાં જ મારા હાથમાંથી મોબાઈલ પડી ગયો હોત.

'હા, આ શરીર રતિલાલ બોરીસાગર તરીકે ઓળખાય છે.' એવો આધ્યાત્મિક પ્રત્યુત્તર આપવાનું સૂજ્યું પણ મને લાગ્યું કે અકાળે અને અસ્થાને આધ્યાત્મિકતા પ્રગટ કરવા જતાં આ શરીર 'રતિલાલ બોરીસાગર તરીકે ઓળખાતું

કદાચ બંધ પણ થઈ જાય ! એટલે આધ્યાત્મિક પ્રયોગ કરવાનું માંડી વાળી મેં એકાક્ષરી પ્રત્યુત્તર આપ્યો 'હા.''

'તમારું પાકીટ તમે ક્યાંક ભૂલી ગયા છો ?'

'હા.'

'ક્યાં ?'

'નવરંગપુરા ટેલિફોન ઓફિસમાં.' રિક્ષા બાજુ પર લેવરાવી મેં કહ્યું.

'એ પાકીટ મારી પાસે છે.'

'પણ તમે ક્યાં છો ?'

'તમારી ઉંમર કેટલી ?' મને મારું પાકીટ પાછું આપવામાં મારી ઉંમર જાણવાની શી જરૂરપડી તે મને સમજાયું નહીં એટલે શો જવાબ દેવો તેનો મને જલદી ખ્યાલ ન આવ્યો.

'તમને કાકા કહું કે ભાઈ કહું તેનો ખ્યાલ આવે એટલા માટે પૂછું છું.'

'તમે મને દાદા પણ કહી શકો.'

'દાદા, તમારું પાકીટ મારી પાસે છે.'

'પણ તમે ક્યાં છો ?'

'દાદા, તમે અત્યારે ક્યાં છો ?'

'સ્ટેડિયમ ચાર રસ્તા પર - રિક્ષામાં.'

'તમે સી. જી. રોડ પર સીધા આવો. બોડી લાઈન ચાર રસ્તા પર સામેની બાજુએ મારી એલ.આઈ.સી.ની ઓફિસ છે.' મને મારા બોડી વિશે પણ મને પૂરું જ્ઞાન નથી. આ બોડી લાઈનનું નામ તો હું પહેલી વાર સાંભળી રહ્યો હતો. ભાગ્યશાળીને ભૂત રળે છે એમ કહેવાય છે. પણ કેટલીકવાર ભૂતને ભાગ્યશાળી રળી આપે એવું પણ બનતું હોય છે. મારા કિસ્સામાં આવું ઘણી વાર બન્યું છે. આજે પણ એવું જ બન્યું. રિક્ષાચાલક બંધુએ મને અવ્વલ મંજિલે પહોંચાડવાની જવાબદારી લીધી. રસ્તામાં મેં મારા વડે ટેલિફોન ઓફિસના કાઉન્ટર પર ત્યજાયેલા પાકીટની કહાણીથી એમને અવગત કર્યાં. પોતે ધારે છે એના કરતાં આ માણસ વધુ બાધો છે એવી એના પર છાપ પડી હોય એમ મને લાગ્યું. બોડી લાઈન ચાર રસ્તા પાસે પહોંચ્યા એટલે મારા સારથિએ એનો નિર્દેશ કર્યો. મેં ઘુમાવીને રિક્ષા ઓફિસ પાસે લેવા વિનંતી કરી. રિક્ષા સહેજ આગળ વધી ને મારા મોબાઈલે સાદ પાડ્યો. મેં મોબાઈલ કાને માંડી હલો કહ્યું કે તરત જ એક વેધક સવાલ પુછાયો- તમે સફેદ ઝભ્ભો-લેંઘો પહેર્યો છે ? અગાઉ સાંભળેલો જ અવાજ હતો તો પણ હું સુધબુધ ખોઈ બેઠો.

બારીમાંથી દૂરબીનવાળી રાઈફલ વડે દૂર મોટરમાં બેઠેલા મિનિસ્ટર પર નિશાન તકાતું હોય એવાં દશ્યો હું ફિલ્મોમાં જોયા છે. આજે એવા કોઈ દશ્યનું શૂટિંગ મારા પર થઈ રહ્યું હોય એવા ખ્યાલે હું એટલો બધો ગભરાઈ ગયો કે ઘડીભર હું કંઈ બોલી શક્યો નહીં.

દાદા, હું બોલું છું. તમે આગળ નીકળી ગયા હતા એટલે... બસ હવે વળ્યા એટલે બરાબર સીધેસીધા આવી જાવ. ઈશ્વરની જેમ અદૃશ્ય રહીને એ વૈષ્ણવજન મને જોઈ શકતા હતા પણ મારી પાસે દિવ્યચક્ષુ નહોતાં એટલે હું એમને જોઈ શકતો નહોતો. આપેલા વચન પ્રમાણે રિક્ષાચાલક મને એલ.આઈ.સી.ની ઓફિસ પાસે લઈ ગયો.

'હું હમણાં પાકીટ લઈને આવું છું. તમે મારી રાહ જોશો ને ?' મેં રિક્ષાચાલક બંધુને આર્જવભરી વિનંતી કરી.



પોતે રાહ નહીં જુએ તો આ બાધાને ઘર નહીં જડે એમ માની દયાથી પ્રેરાઈને એમણે ઊભા રહેવાની હા પાડી.

સાવ એલ.આઈ.સી.ની ઓફિસની પાસે પહોંચ્યા પછી પણ બે-ત્રણ જણની મદદ લીધા પછી મને ઓફિસ જડી અને ઓફિસમાં બે-ત્રણ જણની મદદથી પેલા વૈષ્ણવજનને- નામ તો ભૂલી ગયો છું - શોધી કાઢ્યા. એ પાકીટ આપવા તત્પર થઈને બેઠા હતા. એમણે મને પાકીટ આપ્યું. મેં મારા બંને હાથમાં એમનો હાથ લઈ ઉષ્માપૂર્વક દબાવ્યો અને 'થેંક્યું, થેંક્યુ, વેરી મચ.' કહ્યું એમણે 'વેલ કમ' કહ્યું.

'ફરી પાકીટ કે બીજું કંઈક હું ક્યાંક ભૂલી તો જઈશ જ, મારે એ તમારા જેવાના હાથમાં આવશે તો 'થેંક્યું' કહેવાની અને 'વેલ કમ' સાંભળવાની તક મળશે,' મેં કહ્યું. એ હસ્યા. આટલે થી વાત પૂરી થતી હતી. પણ ડિટેક્ટિવ ચોપડીઓ ખૂબ વાંચેલી એટલે અનુમાનશાસ્ત્રના નિષ્ણાતની અદાથી મેં કહ્યું, પાકીટમાં મારાં કાર્ડ છે એમાંથી મારો નંબર મળ્યો ?'

'ના, એમાં તો તમારો જૂનો નંબર છે. એના પર બહુ પ્રયત્ન કર્યો પણ પત્તો ન પડ્યોઃ પરંતુ, પછી પાકીટમાંથી કોઈ નાનકભાઈનો નંબર નીકળ્યો. ત્યાં ફોન કર્યો તો એ બીમાર હતા. પરંતુ ત્યાંથી એક બીજા નંબર મળ્યો એ નંબર પર ફોન કર્યો તો તમારા ઘરનો નંબર મળ્યો અને તમારે ઘરેથી તમારો મોબાઈલ નંબર મળ્યો.' મારો નંબર મેળવવા આ સજ્જન માણસે કરેલા પ્રચંડ પુરુષાર્થની પ્રલંબ કથા સાંભળી હું એકદમ પ્રભાવિત થઈ ગયો.મેં ફરી ખૂબ ખૂબ આભાર માન્યો.

નીચે આવી હું રિક્ષામાં બેઠો અને કહ્યું 'પાકીટ મળી ગયું. હવે ઘેર - દર્પણ પાંચ રસ્તા લઈ લો.' રિક્ષાચાલક બંધુએ પાકીટ મળી ગયા અંગે કશો પ્રતિભાવ ન આપ્યો. એટલે મને નવાઈ તો લાગી પણ હું કશું બોલ્યો નહીં. ઘર આવ્યું એટલે રિક્ષામાંથી ઊતરી મેં ભાડાનું પૂછ્યું. એમણે કહેલું ભાડું મને ઘણું ઓછું લાગ્યું. 'ઉસ્માનપુરાથી નવરંગપુરા અને ત્યાંથી અહીં આવ્યા તોય આટલું જ ભાડું ?'

'સાહેબ હું તો તમારી સાથે નવરંગપુરાથી જ આવ્યો.' એમની વાત સાંભળી મને એકદમ ધ્રાસકો પડ્યો. મને ઉસ્માનપુરાથી નવરંગપુરા લઈ આવનાર, એલ.આઈ. સી.ની ઓફિસ સુધીમને પહોંચાડનાર મારા માટે વેઈટ થનાર રિક્ષાચાલક બંધુને હું ત્યાં જ ત્યજીને આવતો રહ્યો હતો. રિક્ષા ઝાડ પાસે ઊભી રાખી હતી એ મેં બરાબર યાદ રાખ્યું હતું. તોય આ દુર્ઘટના કેમ સર્જાઈ એ અમસ્થીય મર્યાદિત એવી મારી સમજમાં આવ્યું નહીં.

'આપણે જયાંથી આવ્યા ત્યાં જ રિક્ષા પાછી લઈ લો. ઉસ્માનપુરાથી જેની રિક્ષામાં હું નવરંગપુરા આવ્યો હતો એ ભાઈ મારી રાહ જોતા હશે.' કોઈ વિચિત્ર પ્રાણીને જિંદગીમાં પહેલી વાર જોતા હોય એમ રિક્ષાવાળાભાઈ ઘડીભર મારી સામે જોઈ રહ્યા અને પછી રિક્ષા સ્ટાર્ટ કરી.

જે જગ્યાએથી હું રિક્ષામાં બેઠો હતો ત્યાં જ રિક્ષા ઊભી રહી. આજુબાજુમાં એક પણ રિક્ષા ઊભી નહોતી. હા, ઝાડ એક જ નહોતું - ત્રણ-ચાર હતાં !

---

*એફ/૬૭, રતિલાલ પાર્ક,*
*એસ. આર. રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪.*
*મો. ૯૯૨૫૧૧૧૩૦૧*



# ચોરાનો પોકાર

*- શાહબુદ્દીન રાઠોડ*

કંકુ અને કાનજી અમારી શેરીમાં રહે છે. બંને ભલા ભોળા શ્રમજીવી છે. જીવનના શ્રમયજ્ઞમાં પરસેવાની આહુતિ આપીને રોજનું રોજ રળી લે છે. એમી પાસે સંપત્તિમાં એક લારી છે. એમાં એ કરિયાણાની દુકાનેથી જે ગ્રાગકોએ ખરીદી કરી હોય તેને ત્યાં સિધુ સામાન આ પતિ-પત્ની પહોંચાડી દે છે.

રોજના સોએક રૂપિયા જેટલું મહેનતાણું મળી રહે પછી એ કામ નથી કરતાં ઘરે આવીને નાહી ધોઈને ખોડિયાર મંદિર સુધી જાય છે, માતાજીના દર્શન કરી ઘરે પાછા આવી જાય છે.

એમને કાલની ચિંતા નથી, જિસસ ક્રાઈસ્ટનું એક પ્રસિદ્ધ કથન છે. "O God, Give at our daily lead." આમાં માત્ર રોજની રોટીની માંગણી છે.

મકરંદ દવે પણ આજ કહે છે,
ઉપરવાળી બૅંક બેઠી છે.
આપણી માલા માલ.
આજનું ખાણું આજ આપે
અને કાલની વાતું કાલ,

બેય સાવ સરળ છે પણ ક્યારેક બાજી પડે છે એકવાર બંને બજતો'તા અને બરાબર હું ત્યાંથી નિકળ્યો, તેમના ઘરમાં દાખલ થયો એટલે બંને બાજતા બંધ થઈ ગયા. મેં કાનજીને પૂછ્યું "એલા બાજવાનું શેમાંથી થયું ?" કાનજી મુંજાઈ ગયો પછી મેં કંકુને પૂછ્યું પણ એનેય જવાબ જડ્યો નહીં. છેવટે કાનજી બોલ્યો. "સાહેબ કલાકેકથી બાજીએ છીએ હવે અત્યારે એ થોડું યાદ રહે." "શેમાંથી બાજવાનું થયું."

મેં કહ્યું "તમને કજિયાના કારણની પણ ખબર નથી તો પછી શું જોઈને બાજો છો ?"

બંને એ મને કહ્યું કે, "સાહેબ, તમારી વાત સાચી છે"

અમારો હાસ્ય કલાકર હરસુર કહેતો કે, "ગામડાના માણસોમાં કજિયો થાય ને તો તેનું તરત જ સમાધાન થઈ જાય કારણ કે સમજ્યા વગર બાજ્યા હોય, જ્યારે શહેરના માણસો બાજે ને એનું સમાધાન ન થઈ શકે કારણ કે સમજીને બાજ્યા હોય."

આમ તો ગામડામાં અને શહેરમાં આટલો જ ફેર છે. "ગામડાના માણસો એમ માને કે, ભેગા થઈને જીવીએ જ્યારે શહેરના માણસો એમ માને કે ભેગું કરીને જીવીએ."

આ ભેગું કરવામાં જીવતર પૂરું થઈ જાય છે. અને જીવવાનું રહી જાય છે. ગામડામાં કોઈ ઘરમાં લાપશી બનાવી હોય તો બાજુના ઘરમાં વાટકો ભરીને આપવા જાય અને કહે, "આજ અમે લાપશી બનાવી છે."

સૌરાષ્ટ્રમાં અમે એવા ગામડા જોયા છે જેમાં કોઈ પણ અજાણ્યો અતિથિ આવે તો એ ચોરે જઈને બેસે અને એવા દરબારોના ઘરો પણ જોયા છે જ્યાં બપોરનું ભાણું પાડતા પહેલાં તપાસ કરવામાં આવે કે, "ચોરે જોવો જોઈએ કોઈ મહેમાન તો નથીને ?" જો મહેમાન હોય તો તેને પણ સૌની સાથે જમવા બેસાડવામાં આવતા.

ઝવેરચંદ મેઘાણીએ 'ચોરાનો પોકાર' લેખમાં ચોરાની વ્યથા વર્ણવી છે અને આ જ લેખ વાંચી ફુલછાબના સ્થાપક અમૃતલાલ શેઠે તેમને ફુલછાબમાં જોડાવાનું આમંત્રણ આપ્યું, મેઘાણીએ સ્વીકાર્યું અને ફુલછાબમાં જોડાયા.

હું વાત તો કંકુ અને કાનજીના કજિયાની કરતો હતો. એકવાર હું એમના ઘર પાસેથી નિકળ્યો. ત્યાં મને થયું કે ઘરમાં વળી કજિયો શરૂ થયો લાગે છે.

હું ઘરમાં દાખલ થયો. કંકુ રોતીજતી'તી અને બોલતી જતી'તી મને જોઈને એ વધુ રોવા મંડી અને કહેવા માંડી. "સાહેબ તરણેતરના મેળામાં ઈ બીજી કોઈ બાઈ હારે ચકડોળમાં બેઠા'તા, મને પણ નવાઈ લાગી મેં કહ્યું "કાનજી આ સાચી વાત છે ?"

કાનજી કહે, "સાહેબ મારી વાતતો સાંભળો." ત્યાં કંકુ એ પોકરાણ પાડ્યું અને કહ્યું. "સાહેબ એણે ઢોલીને એક આનો ઢોલ વગાડવાનો આપ્યો અને ચકડોળવાળાને ચકડોળ ચગાવવાનું કીધું. બેય ખુશી થાતા'તા."

મેં કાનજીને કહ્યું, "કાનજી મેં તને આવો નહોતો ધાર્યો." કાનજી કાંઈ ખુલાસો કરે ત્યાં કંકુ રોતા રોતા બોલી અને "સાહેબ એણે એને હાથ પકડીને ચકડોળમાંથી હેઠે ઉતારી. એમણે ભજીયા લીધા અને ખાખરા વાંહે બેસીને ખાતા એમણે આગ્રહ કરીને ઈ વાલામુઈને ખવરાવ્યા અને ફરી કંકુ રોવા મંડી."

વળી મારો કાનજીને ઠપકોપાછો કાનજીનો ખુલાસાનો પ્રયાસ આમ ચાલ્યા કર્યું. છેલ્લે કંકુએ કહ્યું. "સાહેબ ભજીયા ખાધા પછી બેયે ચા પીધી." મારે વાંધો ઈ છે કે ઈ ચકડોળમાં

બેઠા જ શું કામ ? ભજીયા એને ખવરાવ્યા જ શું કામ ? માથે ચા શું કામ પીવરાવી. મેં કાનજીને કહ્યુ઼: "કાનજી તેં ભારે કરી." પણ પછી તો કાનજીએ બોલવાનું જ બંધ કરી દીધું ત્યાં વિલાપ કરતા કંકુએ સમાપન કર્યું."સાહેબ એ મારા સપનામાં જો આવા જલસા કરતાં હોય તો એનાં સપનામાં શું નહીં કરતાં હોય ?" ત્યારે મને ખબર પડી કે આ કોઈ સાચા પ્રસંગો નથી માત્ર કંકુને સપનું આવ્યું એની વાત છે.

કાનજીને સમજ્યા વગર ઠપકો આપ્યાનો મને પસ્તાવો થયો પણ કાનજીને મને સાચી હકીકત જાણવા મળી તેનો આનંદ થયો.

કંકુને પણ કાનજીને કારણવગરનો વધુ પડતાં ઘઘલાવ્યાનો ખ્યાલ આવી ગયો હોય તોય ભલે પણ એ રોતી અને બોલતી બંધ થઈ ગઈ.

મેં ઠાવકું મોં રાખી ગંભીર થઈ કાનજીને કીધું, "જો કાનજી સપનામાં પણ તારે આવા જલસા શું કામ કરવા જોઈને ? જો હવે ક્યારેય કંકુના સપનાંમાં આવતો નહીં, કાનજી કહે." નહીં આવું ત્યાં કંકુ બોલી કે, "આવવું હોય તો ભલે આવે પણ કોઈ પારકા બાઈ માણહ હારે તો નહીં જ." અને અમે ત્રણે ખડખડાટ હસી પડ્યા. ત્યાં અચાનક બાજુના ઘરમાંથી મોહનલાલ માસ્તરે પોક મૂક્યાનો અવાજ આવ્યો.

અમે ત્રણે તેમના ઘરે પહોંચ્યા, આજુબાજુમાંથી બીજા પાડોશીઓ પણ આવી પહોંચ્યા.

મેં મોહનલાલ માસ્તરને પૂછ્યું. માસ્તર પરિવારમાં કોઈ અમંગળ બનાવ બન્યો છે ? કોઈ તાર સમાચાર ?

મોહનલાલ કહે એવું કાંઈ નથી. એટલે મેં પ્રથમ સૌ પાડોશીઓને જણાવ્યું કે ચિંતાજનક કાંઈ નથી એટલે સૌ પોતાના ઘરે ગયા. હું અને માસ્તર બે જ રહ્યા. મેં આગ્રહ કર્યો એટલે માસ્તરે વાત કીધી.

"રાતે જાણે મને સપનું આવ્યું અને સપનામાં હું મુંબઈ પહોંચી ગયો અને મંડ્યો ફરવા ગેટ વે ઓફ ઈન્ડિયા, તાજમહાલ હોટલ, હેંગીગ ગાર્ડન, મરીન ડ્રાઈવ એમ હું ફરતો હતો ત્યાં ફિલ્મની અભિનેત્રીઓ મને હાજીઅલી પાસે વરલીમાં જોઈ ગઈ. લીલા ચીટનીસ, મુમતાઝ શાંતિ, દુર્ગા ખોટે, ગીતાબાલી, મીનાકુમારી, સુરૈયા, મધુબાલા અને તેમણે મને આગ્રહ કર્યો કે "માસ્તર મુંબઈ આવ્યા છો તો રોકાઈ જાવ." મધુબાલા કહે, "મોગલે આઝમનો શિષમહેલનો સેટ જોવા આવો." અને મીનાકુમારી કહે, "પાકિઝા ના શૂટીંગમાં આવો." દુર્ગા ખોટે કહે, "મારે ત્યાં આઠેક દિવસ રોકાવ." ગીતાબાલી કહે, "મારે ત્યાં." બધી અભિનેત્રીઓએ ખૂબ આગ્રહ કર્યો પણ હું એક નો બે ન થયો અને મેં એમને કીધા કર્યું કે "મારે હકરજા નથી." બધાના આગ્રહને અવગણી હું તો મુંબઈ સેન્ટ્રલે આવતો રહ્યો અને સૌરાષ્ટ્ર મેઈલમાં બારી પાસે બેસી ગયો. ૮:૨૦નો સમય થયો અને સૌરાષ્ટ્ર મેલે વ્હીસલ મારી અને હું જાગી ગયો. પણ મને તરત યાદ આવ્યું કે મુંબઈ બધી અભિનેન્ત્રીઓ એ કેટલો આગ્રહ કર્યો પણ હું ન રોકાયો. સપનામાં પંદર દિવસ મુંબઈ રોકાઈ ગયો હોત તો ક્યાં પગાર કપાવાનો હતો પરંતુ "પરાધીન સપને સુખ નાહીં." એટલે જાગ્યા પછી હું રોઈ પડ્યો મેં કહ્યું. "માસ્તર એમાં રોવાતું હશે ?" આ વખતે સપનું આવે ત્યારે મહિનો દિ રોકાજો."

સત્ય તો એક જ છે માત્ર સંતો તેને જુદી જુદી રીતે વર્ણવે છે. કંકુ અને કાનજીના કજિયા અનેક છે અને તેના કારણો જુદા જુદા છે.

એકવાર કંકુએ કજિયો કર્યો અને કાનજી સાથે પહેલા બાઝી પછી પસ્તાવો થયો હો કે ગમે તે કારણ હોય કાનજીના ખંભે માથું મૂકીને રોઈ. કાનજીની આંખ માય આંસુડા આવી ગયા. કાનજીએ કંકુના વાંહે હાથ ફેરવ્યો અને કંકુ રોતી બંધ થઈ ગઈ.

તરત કાનજી બોલ્યો. "મારા બાપા કાયમ કહેતા કે ઢોર ગમે તેવું મારકણું હોય પણ માથે હાથ ફેરવો એટલે સોજું થઈ જાય પછી તોફાન ન કરે."

આટલું સાંભળતા કંકુ વિફરી. કંકુએ કાનજીને કીધું. "શું હું ઢોર છું ?" અને પાછો કજિયો શરૂ થઈ ગયો.

વળીયેં કાનજીને ઠપકો આપ્યો કે "તારે તારા બાપા ને સંભારવાનું શું જરૂર હતી ?"

કાનજી કહે "સાહેબ આમ જ મારા બાપા મારી માં હારે બાજી પડતા. એકવાર મારી માએ મારા બાપાને સતાપર વેવાઈને ત્યાં જવાનું હોવાથી ગોદડું ખેંચીને ઉઠાડાયા."

મારા બાપા ઊંઘમાં ખુશી થયા અને બોલ્યા "રેવા દે રેવા દે..." મારી માને હૈયે હરખની હેલી ચડી એણે મારા બાપાને પૂછ્યું. "સાચુ કહેજો સપનામાં હું તમને આવી હતી ને ?" મારા બાપા કહે, "ના, મને સપનામાં ભુરી ભેંશ ગોદડું ચાવતી'તી એટલે હું ભુરીને કહેતો હતો." રેવા દે રેવાદે, મારી આંખ ઉઘડી ત્યાં જોયું તો તું ગોદડુ ખેંચતી હતી. ઈ વખતે મારી મા અને મારા બાપા વચ્ચે ત્યારે કજિયો થયો હતો. મને આ યાદ હતું છતાં સાહેબ મોંમાંથી વેણ નિકળી ગયું.

મધુસુદનભાઈ અને દક્ષાબહેન મારા ખાસ સંબંધી બંને કૉલેજમાં પ્રાધ્યાપકો પણ ઘણીવાર તેમના વચ્ચે કજિયો થતો. એકવાર બંને એકાબીજા સામે ફરિયાદ લઈ મારી પાસે

આવ્યા, બંનેએ પોતપોતાની રજૂઆત કરી પણ મેં ધ્યાન જ ન આપ્યું અને બીજી વાત કરી તેઓ કંટાળીને ચાલતા થયા ત્યારે મેં તેમને કહ્યું. ''મારી એક વાત સ્વીકારશો ?'' બંનેએ કહ્યું. ''બોલો સાહેબ.'' બંને પાણી મૂકો કે જીવતરમાં કદિયે ઊંચા સાદે બોલવું નહીં.

બંને એ કહ્યું, ''અરે આટલી જ વાત છે ?'' બંનેએ પ્રતિજ્ઞા લઈ વિદાય લીધી.

છ મહિના પછી પાછા બંને મારે ત્યાં આવ્યા અને મને કહે, ''તમે તો અમારી પથારી ફેરવી નાખી.''

મેં કહ્યું. ''વાળી શું થયું ?''

મધુસુદનભાઈ કહે, ''હવે ધીરે ધીરે બાજવું કેમ '' રક્ષાબહેન કહે, ''કજિયાની ઠામુકી મજા વઈ ગઈ.'' પછી તો અમે કલાકે બેઠા અને બંને ખુશ થઈને ગયા.

સપનામાં તમે અમેરિકા પહોંચી જાવ ત્યાં ન્યૂયોર્કથી લોસ એન્જલસ અને શિકાગોથી હ્યુસ્ટન સુધી ફરો, ખૂબ આનંદ માણો, મિત્રો સ્નેહીઓને મળો ત્યાં તમને ખબર પડે કે પાસપોર્ટ, પૈસા અને રિટર્ન ટિકિટો સહિતનું મોટું કાળું પોકેટ તો ખોવાઈ ગયું છે.

તમારી શું દશા થાય, તમે કલ્પાંત કરો, માથા પછાડો અને મુંઝાઈ જાવ કે હવે પરદેશથી સ્વદેશ પાછો કેમ ફરીશ ? અચાનક તમે જાગી જાવ અને તમારી ખુશીનો પાર ન રહે, જીવતરનું પરમ સત્ય તમને સમજાઈ જાય કે પાછા ફરવા માટે જરૂર છે માત્ર જાગી જવાની.

તમામ સંતોના ઉપદેશનો સાર તો સરવાળે આટલો જ હોય છે.

'જાગો' સતત જાગૃતિ એ તમામ જ્ઞાનનો સાર છે.

उठ जाग मुसाफिर भोर भई,<br>
अब रैन कहाँ जो सोवत है<br>
जो सोवत है वो खोवत है<br>
जो जागत है वो पावत है

બસરાની સરાઈમાં પહેરેગીર રાતે ત્રણ વાગ્યે બોલતો બોલતો નિકળે છે.

मुसाफिर रात में उठो<br>
जिसे बहुत दुर जाना है।

---

*થાનગઢ, જિ. સુરેન્દ્રનગર.*
*મો. ૯૮૮૭૬૨૦૨૨૫*



# ઘરેલુ કવિતા

*- હરિકૃષ્ણ પાઠક*

**સં**પાદકશ્રી,

એક મિત્રે 'ગુજરાત'ના દિવાળી અંક માટે ત્રણ રચનાઓ મોકલી છે. તેમનું નામ-સરનામું હું ન આપી શકું કારણ કે મને તેમની ઘર-ગૃહસ્થીની ચિંતા છે. હવે એ કાવ્યો આપના આનંદ માટે પાઠવું છું. ત્રણે કાવ્યો અછાંદસ કહેતાં ગદ્યમાં છે, સંવાદરૂપે છે, સંવાદ કાવ્યો છે. વાંચો -

★

(૧)

'તમે જમી લીધું ?'

- હા, મજા આવી. આજે ટિફિન મંગાવેલું ?

ના, મેં જ રસોઈ કરેલી.

- વાહ, આનંદ આનંદ ! રોજ આવું મળે તો ભયો ભયો.

★

(૨)

'આજે આ કૂતરાંની ચાટ અને ગૌગ્રાસની કુંડીમાં આટલું બધું ખાવાનું કેમ કાઢ્યું છે ?'

- એ આજ સવારનું નથી, ગઈકાલ સાંજનું છે.

- એ તો એવું છે ને કે કાલે સાંજે મેં મારી બધી બહેનપણીઓને આપણે ત્યાં બોલાવેલી તેથી તે રીતે તે પ્રમાણે રાંધેલું.

- તો પછી...?

- પછી એવું થયું કે એમાંની એકનું ઠેકાણું પડી ગયું, જોવા આવ્યા હતા તે લોકો 'હા' કહીને ગયા, તે કાલે સાંજે બધીઓ ત્યાં દોડી ગયેલી. મને જાણ ન હતી, નહિંતર હુંય ત્યાં ગઈ હોત તે ઘરે કશુંય ન રાંધતી...

- ભલે જે થયું તે, મને ક્યારેક ભૂખ્યા રહેવામાં વાંધો નથી ?

★

(૩)

'આ બાજુના ઘરમાં કાલે ગરબા હતા ? ભજન હતાં ?'

- હા, પણ તમને તો ઓછું સંભળાય છે, તો ખબર કેમની પડી ?

- બધાં ગાતાં'તાં એક ઢાળમાં, એક જ સૂરમાં પણ એમાં તમારો અવાજ બધાંથી જુદો પડીને સંભળાતો'તો, નથી ?

★

આશા રાખું છું કે આ કાવ્યો આપને તો ગમશે, પરંતુ જો પ્રગટ કરશો તો ઘણાં બધાંને ગમશે ને પોતીકાં લાગશે...

અને હા, ફરીથી કહું છું કે આ કાવ્યોના કવિ, પેલા મિત્રનું તો નહીં આપું.

લિ. સ્વનામધન્ય કવિનો મિત્ર....

*પ્લોટ નં. ૬૨/૨, સેક્ટર-૨-એ,*
*ગાંધીનગર-૩૮૨૦૦૭.*
*મો. ૯૪૨૮૯૦૬૭૭૪*



# અહો ચરિત્રમ્ !

*- પ્રવીણ દરજી*

જેમના નામસ્મરણ માત્રથી ગંગાના જલમાં સ્નાન કર્યા બરાબરનું પુણ્ય પ્રાપ્ત થાય છે, તેવા અમારા સન્મિત્ર બુધાલાલની આજની, છેલ્લામાં છેલ્લી ચરિત્રરેખાઓ, અમે આપ સૌ સમક્ષ ભાવપૂર્વક રજૂ કરી રહ્યા છીએ તેને સહર્ષ વધાવી લેશો. મિત્રો, આમ કરવામાં અમારો કોઈ અંગત સ્વાર્થ નથી. તો વળી અમે તે વડે કશું રળવાના પણ નથી. આવા ધન્યનામ મિત્ર બુધાલાલને પ્રસ્તુત કરવામાં અમે વ્યાપક જનહિતને લક્ષમાં રાખ્યું છે. સમાજને વધુ શાણો કરવા, વધુ ડાહ્યો કરવા, વધુ ઊંચે લઈ જવા બુધાલાલ જેવા મિત્રોનાં ચરિત્રો જ આજના સમયમાં કારગત નીવડે તેમ છે, કારણ કે બુધાલાલ અનન્ય છે - અનન્ય છે તેમની ભાષામાં, અનન્ય છે તેમના વક્તૃત્વમાં, અનન્ય છે તેમના વસ્ત્ર પરિધાનમાં, અનન્ય છે તેમની તડજોડ શક્તિમાં, અનન્ય છે તેમની શૂન્યમાંથી સર્જન કરવાની શક્તિમાં... તે હીરો છે, હીરો !

પણ સમય બધી વખતે સરખી ચાલે ક્યાં ચાલે છે ? તે ફંટાય છે, ફંટાવે છે, હાંફે છે ને હંફાવે પણ છે. બુધાલાલની દશા એવા એ છળકપટવાળા સમયે થોડી વિપરીત કરી મૂકી છે. આ પ્રતિભાસંપન્ન, સિંહાસનસ્થ વ્યક્તિ આજે પોતાનાં ચરણોથી ચાલીને બજાર વચ્ચેથી પસાર થઈ રહી છે. ત્યારે અમને તેનું થોડું દુઃખ છે. આજે પેલો વિભૂષિત રથ નથી, દાસ-દાસીઓ નથી, હા જી-હા ભણીને તેમનો પડતો બોલ ઝીલી લેનાર કોઈ નથી. એમને આવા સમયે બુધાલાલની જેમ ભૂતકાળનું સ્મરણ કરીને તરફડે છે. મૂંગું આક્રંદ કરે છે, પણ તેમનો મિજાજ હજી છેક બદલાયો નથી. હજી પણ જ્યાં જ્યાં, જ્યારે જ્યારે તક મળે ત્યારે તેને તેને ચીત કરી નાખવાનું બળ તેઓ ધરાવે છે. પંક મધ્યે પણ આખરે તે છે તો પંકજ જ ! આથી તો ભર બજારે તે ચાલી રહ્યા છે ત્યારે તેમને સલામો કરનારા, પ્રણામ કરનારા કે દંડવત્ પ્રણામ કરનારાઓની સંખ્યામાં કદાચ થોડો ઘટાડો નોંધાયો હશે પણ કતારો છેક લુપ્ત થઈ નથી. હાથી પર જો બેસાડી દેવામાં આવે તો જરૂર તેઓ કોઈ મહારાજા સમ જ શોભી ઊઠે. અમે તેના મિત્ર તરીકે તેઓનો મહિમા થોડો ઓછો થયો હશે તો પણ ગર્વ અનુભવીએ છીએ. તેનું કારણ તેમનો આવો ઠસ્સો છે. ભાંગ્યું ભાંગ્યું તોય તે ભરૂચ છે.

આવા સન્મિત્ર આજે અમારા આંગણાને પવિત્ર કરવા પધારી રહ્યા છે ત્યારે અમારો હરખ માતો નથી. અમને પણ ઈચ્છા થઈ આવી છે કે મિત્ર સાથે કૃષ્ણ-સુદામા જેવી ગોઠડી કરીએ, પૂર્વ વૈભવને આજના કપરા દિવસોનું સ્મરણ કરી 'તને સાંભરે રે, મને કેમ વીસરે રે !' જેવું કંઈક આનંદ સ્તોત્ર રચીએ. અમે નક્કી કર્યું છે કે તેમને વિપરીત સંજોગોમાં મૂકી આપનાર તેમનાં પત્ની કે તેમના શરીરની તકલીફો વિશે કોઈ વાત છેડવી નથી. એ બંને ગમે ત્યારે અવળચંડાઈ કરનાર છે. બાપડા, બુધાલાલનો શો દોષ તેમાં ! બુધાલાલની પ્રકૃતિ અમે જાણીએ છીએ. તે ભાતભાતના રંગોથી દીપ્ત છે, પણ મેઘધનુષ નથી, તેમનાં કાર્યોમાં કોઈ કોઈ વાંકદેખુઓ કજ્જલતા-શ્યામપણું જુએ છે પણ એવો કયો પુરુષ, અરે, પ્રભુ ખુદ પણ જે નાના સરખા ડાઘથી ખરડાયો નહીં હોય ? અમે તો એવા વિપક્ષીઓને તેથી ક્યારેય ધ્યાનમાં લીધા નથી. અમે બુધાલાલના માત્ર નજીકના મિત્ર જ નથી. ગીતામાં કૃષ્ણ કહે છે તેવા સમર્પિત ભક્ત છીએ. ભક્તને મન પ્રભુના દોષ કેવી રીતે હોઈ શકે ? મિત્ર-પ્રભુ વચ્ચેની રેખાઓને ભૂંસી નાખવી જોઈએ. અમે તો ચક્ષુ અને પ્રજ્ઞાચક્ષુ બંને વચ્ચે પણ કશો ભેદ ક્યારેય નિહાળ્યો નથી. બુધાલાલ એવી ભક્તિ ભક્તો પાસેથી આજ સુધી પામતા રહ્યા છે એ જ શું એમના આજના ચરિત્રની નોખી રેખા નથી ? બુધાલાલ વિશે અમે આવું-તેવું મનઘડંત અને કેટલુંક ફેસબુક પર જોયેલું - સાંભળેલું, તેમના ભક્તોએ મૂકેલા વીડિયો, તેમના ચરિત્ર વિશે લખેલાં-પ્રસારિત કરેલાં ગીતો-એ સર્વ પરથી એક નવું તાજું ચરિત્ર કલ્પી રહ્યા હતા. તેવી વિરલ ક્ષણે તેમનું આગમન અમારે ત્યાં થયું. અમે ત્યારે

આડોશીપાડોશીને સત્યનારાયણની કથા નિમિત્તે નોતરીને અમારે ત્યાં હાજર રાખેલા. તેમણે અમારા આંગણામાં પગ મૂક્યો એ સાથે જ અમે ખાસ ગોઠવી રાખેલું તે પ્રમાણે બે-ત્રણ માણસોએ તેમને હારતોરા કર્યા, પાંચ-સાત જણે ગુલદસ્તા આપ્યા. એક રૂપાળાં બાનુએ આવીને તેમની આરતી ઉતારી, બાકીનાં સૌએ ‘બુધાલાલની જય હો’, ‘બુધાલાલ જગતનું ભવિષ્ય છે’, ‘બુધાલાલ છે તો આપણે છીએ,’ ‘બુધાલાલ ઘણું જીવો’ના નારા લગાવ્યા. અમને થયું ખેલ સફળ થઈ રહ્યો છે ને મિત્ર બુધાલાલના ચહેરાની રેખાઓ ધીમે ધીમે પુષ્પદલની જેમ ખૂલવા લાગી. તેમણે પણ આવા વણકલ્પ્યા સ્વાગતથી પ્રસન્નતા પ્રકટ કરી, લળી લળીને સૌને દરેકની પાસે જઈ પ્રણામ કર્યા, મલકતા ચહેરાઓ સામે જઈ તેમના ખબર અંતર પૂછ્યા... બુધાલાલે રેશમી પાથરણાવાળી ખુરશીમાં આસન લીધું, જલપાન, ચાપાન અને પાન લીધાં. વિપરીત દશામાં પણ ચહેરા પર પ્રસન્નતાભાવ આંકીને તેમણે સદય ચહેરે, ફૂલઝરણી જેવી ભાષામાં કહ્યું : ‘તમારા સૌના પ્રેમનો ગદ્‌ગદ્ ભાવે સ્વીકાર કરું છું. મને પૂર્વવત્ ચાહી રહ્યા છો એ જ તમારું મારા માટેનું મોટું પ્રમાણપત્ર છે. આજે હું મિત્રના ઘેર આવ્યો છું, પણ લાગે છે આ આખોય મહોલ્લો મારું ઘર છે, આપ સૌ મારા મિત્રો છો. પરિવારથી સંજોગોએ મને થોડો દૂર કર્યો છે,



શરીર પૂરતું હવે સાથ નથી આપતું, પણ તમારા સૌનું પ્રેમ-સૂત્ર એટલું મજબૂત છે કે મને જીવવા માટે તે મોટું બળ આપી રહે છે. આવો પ્રેમ જ મને કાર્યરત રાખે છે, નવું નવું કરવા પ્રેરે છે. હું, તમે સૌ જાણો છો તેમ સંન્યાસી જીવન લગભગ જીવી રહ્યો છું. પણ સમાજજીવનથી દૂર નથી તેની યાદ દેવરાવવા તમારી વચ્ચે આવ્યો છું. સાહિત્યના મારા શોખને મેં હજી જેવો ને તેવો જીવંત રાખ્યો છે. તમે સૌ ફેસબુક પર મારી રચનાઓ તો જોતા હશો. બીજે-ત્રીજે પણ કશુંક મારું વાંચતા જતા હશો. પણ મને હવે લાગ્યું છે કે સમય બદલાયો છે, માણસનું મન બદલાયું છે, સમાજ પરિવર્તનના માર્ગે છે. માણસ બજાર તરફ એકાગ્ર થયો છે, અરે, ખુદ બજાર થઈ રહ્યો છે ત્યારે સાહિત્યના વિભાગમાં પણ પરિવર્તન લાવવું જોઈએ. સાહિત્યને બજારનો ભાગ નહીં બનાવીએ તો તેના અસ્તિત્વ વિશે મોટો ખતરો છે. આ ખતરાને ટાળવા વિપરીત સંજોગો વચ્ચે પણ હું કટિબદ્ધ બન્યો છું. મેં એ દિશામાં સાહિત્યને પણ મેનેજ કરી શકાય છે કે તેનું પણ મેનેજમેન્ટ હોઈ શકે. તેનો હાલના સંજોગોમાં ઊંડો અભ્યાસ કર્યો છે. સાહિત્યને પણ જેમ તમે આજે સત્યનારાયણની કથા અહીં આયોજિત કરી તેને જીવંત રાખવાના પ્રયત્નો કર્યા છે. તેમ જીવંત રાખી શકાય. આપદ્‌ધર્મ તરીકે આજે તમારા આ બુધાલાલે એ બીડું ઝડપી લીધું છે.’

તમને સૌને, સાહિત્યવીરો-વીરાંગનાઓને કહેવા આવ્યો છું કે તમે લખો, જે આવડે તે, જેવું આવડે તેવું, પણ લખો. લોકોને હવે અંદરનું વાંચવામાં રસ નથી. બહારના રંગબેરંગી મુખપૃષ્ઠમાં રસ છે, તે વિશેની સવેળા શરૂ થતી જાહેરાતમાં રસ છે, તમે એવું પુસ્તક પ્રકટ કરો ત્યારે પ્રકાશકને પાંખમાં લો, જરૂર પડતાં આ બુધાલાલ પાસેથી સાહિત્ય પ્રસાર-પ્રચારનું મૅનેજમેન્ટ જાણી લો. બસ, પત્યું. તમે જ્યાં હશો ત્યાં ફૂલ-ચોખાથી પૂજાશો. રાતોરાત સેલિબ્રિટી બની જશો. તમે સમૂહમાધ્યમોમાં ઝળકી રહેશો. જેમ કે, તમે લખેલા પુસ્તક વિશે કોઈકનો ટૂંકો અભિપ્રાય પૈસા આપવા પડે તો આપીને મેળવી લો, તમારા પુસ્તકનું કોઈ મોટા હોલમાં ઉદઘાટન - અનાવરણ - લોકાર્પણ રાખો. જુઓ, તેમાં કોઈ પંતુજીઓની કે મહિમાવંત સાહિત્યકારોની ઉપસ્થિતિની જરૂર

નથી. તમે જોરશોરથી એ પુસ્તકના લોકાર્પણની આગોતરી જાહેરાતો મીડિયા પર કરવા માંડો-એક જ રંગનાં વસ્ત્રોથી લેખકશ્રી કે લેખિકાશ્રીની સાથે આસન લેનાર સૌ કોઈ અપ-ટુ-ડેટ થઈને આવો. બની શકે તો કોઈ રાજકારણી કે કોઈ ફિલ્મ અભિનેતા - અભિનેત્રીને પણ વિશેષ રૂપે એવા જ રંગનાં વસ્ત્રોમાં આમંત્રિત કરો. તેમની પાસે તમે કોઈ ગદ્યખંડ કે એકાદ કવિતાનું પેલા પુસ્તકમાંથી પાઠ-પઠન કરાવો. આખો ખંડ રોશનીથી ઝળહળી ઊઠવો જોઈએ. જુદી જુદી - જુદા જુદા રંગની લાઇટ - ઈફેક્ટથી ક્ષણભર સૌને આંજી દો. લેખકશ્રીને થોડું સાહિત્ય-સિવાયનું રસસભર પંચરંગી બોલવા દો. અગાઉથી નક્કી કર્યા પ્રમાણે થોડાક વાચકો ત્યાં જ પુસ્તક ખરીદે તેવું કરો. ત્યાં લેખક-લેખિકા હસ્તાક્ષર કરી, વાચક સાથે પ્રેમસેતુ બાંધે તેવો પ્રયત્ન કરો અને હા, કાર્યક્રમને અંતે સ્વાદિષ્ટ ભોજન તો ખરું જ - જુઓ પછી તમારું પુસ્તક - આઈ મીન - બે પૂંઠાં જ કેવાં ચપોચપ ઊપડે છે. શરત એટલી છે કે લખો એવું જે સવારે લોકો વાંચે, સાંજે બધું ભૂલી જાય ! પિત્ઝા-સમોસા-ચટકા પાઉંભાજી જેવું અટપટું હોવું જોઈએ. તીખું-તમતમતું છોલે ભટુરેશું. નવા અવતારે આ પણ જુદી કથા જ છે. સત્યનારાયણના બદલે નારાયણ લઈ આવો, લીલાવતીને બદલે વીણાવતીને મદદે બોલાવો. વહાણ ડૂબી જવાને બદલે વહાણને તરતું બતાવો અને કરામતથી એકના બદલે અનેક વહાણો આપોઆપ દરિયામાં તરી રહ્યાં હોય તેવું કંઈક દર્શાવો. અને હા, સત્યનારાયણના બદલે નારાયણની કથાનો પ્રસાદ પણ આધુનિક રાખો. તેમાં ચાટ-દિલ્હી ચાટ હોય ભાવનગરના ગાંઠિયા હોય, વડોદરાની ભાખરવડી હોય, નડિયાદનું મિક્સ પણ હોઈ શકે. ભોજનની સાથે સાથે આવી એક વધારાની વ્યવસ્થાનું પણ આયોજન હોવું જોઈએ. અને હા, મીડિયાના માણસોને ખાસ સાચવી લેવાના, તેમની ઉપસ્થિતિ મંગલકારી હોય છે. પણ તેને ભેટ-સોગાદ આપી વધુ અર્થમંગલકારી પણ બનાવી શકાય. બીજે દિવસે છાપાં - ટીવી, ફેસબુક બધું અભિનવ રૂપે પેલા ગ્રંથને (ગ્રંથિકાને) લેખક-લેખિકાને રજૂ કરશે. પ્રકાશક હાશકારો અનુભવશે ગોડાઉન ખાલી થઈ જશે અને પુસ્તક લઈ જનારાના કબાટમાં તે શોભી રહેશે. હવે સાહિત્ય માત્ર સાહિત્ય નથી માગતું - મૅનેજમેન્ટ માગે છે, બજારનો કારસો ઇચ્છે છે. વાચક-ભાવક કે કારયિત્રી-ભાવયિત્રીને બદલે હવે બજારિત્રીનો નવો વર્ગ ઊભો થઈ રહ્યો છે. તમે રૂખ જુઓ, રૂપ જુઓ, રંગ જુઓ, ઢંગ જુઓ અને પછી જામો. બે પૂંઠાં વચ્ચે નહીં, પૂંઠાંમાં સાહિત્ય ખોળો... બોલો, સત્યનારાયણ કી જય.

અમે, અમારા આડોશીપાડોશી સૌ બુધાલાલની નદીગતિ જેવી ભાષાને - ભાષણને સાંભળીને ખુશ - ખુશાલ થઈ ગયા. અમને થયું કે આજે એક નવા પ્રદેશની એલીસ ઇન વંડરલેન્ડ જેવી મુસાફરી બુધાલાલે કરાવી. અમે ઇચ્છતા હતા કે મૈત્રીની થોડીક વાતો કરીએ, થોડાંક ભાવનાના પૂર વહેવડાવીએ, પણ બદલાયેલા બુધાલાલે અમને કહ્યું કે હવે આ ભાવના-બાવના, મૈત્રી-ફૈત્રી બધું અપ્રસ્તુત બનતું જાય છે. બસ, તમે બજાર બની જાવ. બજાર બની જીવો. તમે ખાતાં-પીતાં-હરતાં-ફરતાં યાદ રાખો કે તમે બજાર છો. એ બજારને શણગારો, વિભૂષિત કરો. બાકીનું બધું ગૌણ લેખો, બુધાલાલે સાહિત્ય અને જીવન વિશે નિર્ભ્રાન્તિનું કે નવી ભ્રાંતિનું એક સ્તોત્ર રચ્યું છે તે પણ સ્વહસ્તાક્ષરમાં અમને આપતા ગયા ! ચરિત્ર હો તો આવું નગદ, રણકાવાળું, ખણખણતું...

*'વાગીશા', ફુવારા પાસે, લુણાવાડા,*
*જિ. મહીસાગર-૩૮૯૨૩૦.*
*મો. ૯૮૨૫૩૫૬૫૫૧*



# ગુજરાત

ગુજરાતીઓનું નિયતકાલીન સામયિક

**મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું**

- ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ગુજરાત વસ્યું લોકહૈયે...

**કારણ ?**

- સામયિકની લોકાભિમુખ નીતિ,
- સરકારનું નહિ, સાડા છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

**જેમાં,**

- નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

**પરિણામ ?**

- લોકોનો અદમ્ય ઉત્સાહ,
- વાચકોનો અસરકારક પ્રતિભાવ,
- વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

**અને ફેલાવામાં અગ્રહરોળ ?**

- ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતાં સામયિકોમાં અગ્રેસર ફેલાવો...!
- સમસ્યા અને સંવેદનાની વાતો...
- જન કલ્યાણની યોજનાની વાતો...
- લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો.

**ગુજરાત પાક્ષિકની PDF**
**www.gujaratinformation.gujarat.gov.in**
**લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.**



**ગુજરાત પાક્ષિક કાર્યાલય**
માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫
ઈ-મેઈલ : gujaratmagazine@gmail.com
વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in

**• લવાજમ •**
કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે

છેલ્લામાં છેલ્લી વાત લઈને આવે છે આપના સુધી...

ઘટનાઓની વણઝાર વચ્ચે નિયમિત પહોંચે છે આપના સુધી...

સત્ય અને નિષ્ઠાના માર્ગે કર્તવ્ય નિભાવે છે આપના સુધી...

વાર્ષિક લવાજમ ફક્ત
**₹ ૫૦.૦૦**

**ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે લોકકલ્યાણની વાત, લોકોને ઉપયોગી જાણકારીની વાત, સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના વણથંભ્યા વિકાસની વાત**

# પતિ સેવાની ઉત્કટતા !

- *હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'*

જગતના મોટાભાગના માણસોને સેવા નહીં કરવાના અને સેવાથી દૂર ભાગવાના મૅસિવ ઍટેક તો આવતા જ હોય છે, પણ આશ્ચર્યની વાત એ છે કે કેટલાક લોકોને સેવા કરવાના જબરજસ્ત ઍટેક આવતા હોય છે.

સેવા બે પ્રકારની હોય છે. (૧) પ્રભુસેવા અને (૨) જનસેવા. પ્રભુસેવા કરનાર ભયને કારણે સેવા કરે છે કે પ્રેમને કારણે, એ તો સેવા કરનારનેય પૂરું સમજાતું નથી. જનસેવા કરનાર તો સેન્ટ પરસેન્ટ પ્રેમને કારણે - અને એ પણ નિર્ભયપણે - બિન્દાસપણે સેવા કરે છે.

કન્યાવિદાય વેળાએ કેટલીક જમાઈવત્સલા સાસુઓ પોતાની દીકરીને સનાતન સલાહ આપતી હોય છે કે - 'બેટા, તારા પતિને ભલે તું પરમેશ્વર ન માને, પણ પરમેશ્વરની સેવા કરતી હોય એવા અને એટલા ભક્તિભાવથી એની સેવા કરજે, પૂરા શ્વસુરગૃહની પ્રસન્નતાનું એપિસેન્ટર જ પતિસેવા છે.'

આવી જ એક પતિસેવિકાની વાત એટલા માટે રજૂ કરવી છે કે, વર્ષ ૨૦૨૦થી શરૂ થયેલા અને હજુય વર્ષ ૨૦૨૨માં ક્યાંક ક્યાંક છમકલું કરી જતા કોરોનાના કારમા વાઈરસમાં પણ જે વ્યક્તિ બીમાર તો ઠીક, નાની અમથી છીંક પણ જેને નથી આવી એવા ખડતલ અને ખમતીધર પતિની સેવાતુર પત્નીની સેવાતૃષા કેટલી તીવ્ર છે તે રજૂ કરી સૌ અખંડ સૌભાગ્યાકાંક્ષિણી બહેનોને આ દિવાળીની બક્ષિસ રૂપે !

''મારે તો એમની ઘણી સેવા કરવી છે,'' બાબુ બૉસની પત્ની પોતાના પતિ અંગેની ફરિયાદ એક સખીને કરી રહી'તી, ''પણ આટલાં વરસોમાં એક વાર પણ એ માંદા નથી પડ્યા, લાગે છે કે મારી મનની મનમાં જ રહી જશે...''

''એમાં આટલા ઢીલાં નહીં થઈ જવાનું, યાર,'' સખીએ આશ્વાસન આપ્યું : ''ભગવાન તો સૌનો છેને... આજ નહીં તો કાલ, એ જરૂર તારી મુરાદ પૂરી કરશે.''

''અમારી બાજુમાં રહેતા સૅમઅંકલ, (આમ તો એમનું નામ સોમાકાકા છે, પણ આપણા આ બાબુ બૉસની વાઈફ નામ પૂરતી જ બબીતા છે. બોલવામાં તો એકદમ હાઇ-ફાઇ !) મહિનામાં બે-ચાર વાર તો મોનાઆન્ટીને (એટલે કે મણિકાકીને) સેવા કરવાની તક આપે જ ! મને તો મોનાઆન્ટીની ઈર્ષા આવે છે. દસે આંગળીએ પૂજ્યા હશે ત્યારે જ એમને સૅમઅંકલ જેવા હસબન્ડ મળ્યા હશે ને...''

''જો બબીતા, ઈર્ષા નહીં કરવાની,'' સખીએ આશ્વાસનનો ડોઝ આપ્યો, ''આપણે તો પ્રાર્થના કરવાની, કે હે પ્રભુ, મને ખરેખર તારે પુણ્ય કમાતી કરવી હોય અને મારામાં રહેલી સેવા ભાવનાને તારે ખરેખર ઉજાગર અને સાર્થક કરવી હોય તો વધારે નહીં, પણ... બે-ચાર એવી બીમારી મારા હસબન્ડના શરીરમાં મૂકી દે... કે જેથી કરીને હું ધરાઈને એમની સારવાર અને સેવાચાકરી કરી શકું...''

''એવી પ્રાર્થના તો છેલ્લાં કેટલાંય વર્ષોથી કરું છું, પણ આજકાલ તો ભગવાન પણ રાજકારણી જેવો થઈ ગયો છે. કંઈ સાંભળતો જ નથી ને... તું નહીં માને,'' બબીતાએ કહ્યું, ''મેં તો કેટકેટલી માનતાઓ માની છે કે જો એ બીમાર પડે તો મારા પડોશી અંકલ પાસે ૨૧ પૂરણપોળિયા સોમવારનું વ્રત કરાવીશ, આમેય એ અંકલને પૂરણપોળી બહુ જ ભાવે છે. બીજી પણ માનતા માની'તી કે ભલે વધારે નહીં, પણ એકાદ-બે અઠવાડિયાં ઘરની નજીક હોય એવી કોઈ પ્રાઈવેટ હોસ્પિટલમાં એમને ઍડમિટ કરવાનો અવસર મળી જાય, તો એમને ખુલ્લા પગે ચાલતા લઈ જઈને દાખલ કરાવીશ

અને વટ કે સાથ હું પણ અન્ય લેડિઝોની જેમ થોડાં ફ્રુટ્સ કે જ્યૂસ જેવું લઈને જતી-આવતી થઈ જઉં તો સોસાયટીના પૂરા મહિલા મંડળને એ વાતની જાણકારી મળી જાય છે કે 'બબીતાબહેનને પૈસાનું સહેજેય અભિમાન છે ? ડબલ ગ્રેજ્યુએટ છે તો પણ કેટલાં પતિવ્રતા છે ! હસબન્ડની સેવા જાતે જ કરે છે ને ! આટઆટલો પૈસો હોવા છતાં એમણે પ્રાઈવેટ નર્સ રાખવાનું જોખમ ઉઠાવ્યું નથી, બબીતાબહેન કેટલાં સેવાભાવી કહેવાય.' પણ જુઓને, ભગવાન હહળતો જ નથી... સાચું કહું, હવે તો એના પરથી પણ મારી શ્રદ્ધા ઊઠવા માંડી છે..."

"તારા હસબન્ડ પરથી ?"

"માઈ ગોડ ! હોતું હશે ? ભગવાન પરથી." બબીતાએ કહ્યું, "એમના પર તો મેં શ્રદ્ધા મૂકી હોય તો ઊઠવાનો સવાલ છે ને ? એક વાર... વરસો પહેલાં... લગ્ન થયાં એ અરસામાં એમના પર મેં શ્રદ્ધા મૂકેલી, કે આજે માંદા પડશે... કાલે માંદા પડશે... પણ માંદા પડે એ બીજા; વરસો વહી ગયાં... બસ, ત્યારથી શ્રદ્ધા તો શું, વિશ્વાસેય હવે નથી રહ્યો કે આ જન્મમાં એ માંદા પડે... માંદગીની વાત જવા દો, નાની અમથી નસકોરીય નથી ફૂટી કે નથી ક્યારેય માથું દુખ્યું... માણસ છે કે કોણ છે એ જ ખબર નથી પડતી."



'નસકોરી તો સમજ્યા,' સખીએ આશ્વાસનનું ડબલ ઔષધ પીવડાવ્યું, "પણ તું કહે છે એમ એમનું માથુંય ક્યારેય દુખ્યું નથી, તો... એ માટે આપણે વિચારવું પડે..."

"એટલે ?!" બબીતાએ ઉત્સાહિત થઈને કહ્યું, "તને ખરેખર આશા જેવું કંઈ લાગે છે !"

"તું હરખપદુડી ના બન... પણ વિષય એવો ગંભીર છે કે આપણે થોડું સંશોધન કરાવવું પડે..."

"સંશોધન ? શેનું સંશોધન ?"

"તારા હસબન્ડના માથાનું... મતલબ કે, દિમાગનું..."

"હું કંઈ સમજી નહીં..."

"એટલે તો હું તને સમજાવું છું, જો સાંભળ : તારા કહેવા પ્રમાણે એમને આ જનમમાં માથુંય દુખ્યું નથી... જોકે લગ્ન પછી તો દુખવું જોઈએ; તો પણ નથી દુખ્યું, તો સવાલ એ થાય છે કે હસબન્ડની સેવા કરવા માટેની તારી જે ભાવના છે એમાં હજી કચાશ છે, અથવા તો દિમાગની અંદર કંઈક ગરબડ છે... કાં તો દિમાગ સાવ ખાલી છે."

"કોનું દિમાગ ? મારું ?"

"અરે યાર... તારા હસબન્ડનું..."

"તો ઠીક, પણ એવું તને કેવી રીતે લાગ્યું ?"

"વચ્ચે ડબ ડબ નહીં કર" સખીએ સખીધર્મ અપનાવ્યો. "માથે કેવું છે ?"

"એટલે ?"

"સાવ સફાચટ છે, કે પછી વાળ છે ?"

"છે તો સાવ સફાચટ..."

"તો એમ બોલને... સાવ કેરમ બોર્ડ હોય, પછી કુકરી ક્યાંથી ટકે ? ભલભલું સ્ટ્રાઈકર હોય તોય ના ટકે... જેવું બહાર એવું અંદર... OK, એમને ટાલ ક્યારથી પડી, તારાં લગ્ન પછી ?"

"વૉટ નૉન્સેન્સ..."

"ચિડાવાનું નહીં... જે હોય તે સાચેસાચું કહી દેવાનું અને સાંભળ : એવું કહેવાય છે કે ડૉક્ટર, વકીલ અને સલાહકારની આગળ ક્યારેય કશુંય છુપાવવું નહીં ! બોલ... લગ્ન પછી પડી ને ?"

"હા."

"તો એનો અર્થ એ થયો કે લગ્ન પહેલાં એ માણસનું દિમાગ આજના જેવું ઉજ્જડ નહોતું. તું ચિંતા નહીં કર, તારે તો તારા હસબન્ડની સેવા જ કરવી છે ને ?"

"હાસ્તો, એમાં પૂછવાનું હોય ?!"

"તો હું કહું એ ઉપાય અજમાવી જો... આમ ચપટીમાં તારી મનોકામના પૂરી થશે !"

"બોલ, બોલ જલદી બોલ", બબીતાએ અતિ ઉત્સાહિત થઈને સખીનો હાથ પોતાના હાથમાં પ્રેમથી પકડી લેતાં કહ્યું, "કઈ મનોકામના ?!"

"તારા હસબન્ડની સેવા કરવાની..."

"ઓહ ! હું તો સમજી કે... OK, કયો ઉપાય મારે અજમાવવાનો ?"

"રોજ સવાર પડે કે તરત જ નાની નાની વાતમાં ઝઘડવાનું શરૂ કરી દે, પછી જો એનું રિઝલ્ટ !"

"શું ધૂળ જોઉં રિઝલ્ટ ? આ પ્રયોગ તો લગ્ન પછીના ત્રીજા જ મહિને મેં શરૂ કરી દીધેલો, કોઈ ફરક નથી પડ્યો. હા, એટલો ફરક જરૂર પડ્યો કે, વગર વાંકે પણ હસબન્ડને ધમકાવવાની ફાવટ આવી ગઈ, અને રોજ રોજના મારા વનવે જેવા ઝઘડાથી પડોશી ઘર બદલીને બીજે રહેવા જતા રહ્યા. આ સિવાય બીજો કોઈ જ ફરક નથી પડ્યો. મને તો પાક્કો ડાઉટ છે કે ભગવાન દરેક માણસને એકની ઉપર એક ફ્રીની જેમ બબ્બે મગજ આપે છે પણ આમને તો ઠામકું આપવાનું જ ભૂલી ગયો લાગે છે. ભલે નાનું તો નાનું... પણ એકાદુંય આપ્યું હોત, તો મારાં અરમાનો પર પાણી તો ન ફરી વળ્યું હોત..."

"તારે એમની ચાકરી જ કરવી છે ને ?" કોઈ ગહન વિષયનું રિસર્ચ વર્ક કરતી હોય એ રીતે પેલી સખીએ કહ્યું, "તો એક કામ કર."

"અરે, તું કહે એટલાં કામ કરવા હું તૈયાર છું."

"તારા હસબન્ડને મહિનામાં ૪ દિવસ ભૂખ્યો રાખ... અપ્પા એટલે અપ્પા... એમાં કોઈ જ બાંધછોડ નહીં. નક્કોરડા જ અપ્પા કરાવ..."

"એ તો ચાલુ જ છે, અને તું ૪ દિવસની ક્યાં વાત કરે છે ? મહિનામાં ૧૪ દિવસ હું નક્કોરડા અપ્પા એમની પાસે કરાવું છું."

"બાપ રે...!" સખીને આશ્ચર્ય થયું, "૧૪ દિવસ ?! મહિનામાં ૧૪ દિવસ તું અપ્પા કરાવે છે ? અને એય તે નક્કોરડા ?"

"હા. ૧૪ દિવસ ! જો, સાંભળ : અઠવાડિયાના ત્રણ દિવસ સોમ, ગુરુ અને શનિ - મહિનામાં ૧૨ થયાને... અને બે અગિયારસો... થઈ ગયાને મહિનામાં ૧૪ દિવસ ! તોય ફરક નથી પડ્યો, બોલ."

"એક છેલ્લો પ્રયોગ બતાવું, જો તને ખોટું ના લાગે તો..."

"હવે તો ભગવાન પર પણ ખોટું લગાડવાનું મેં



છોડી દીધું છે. તારા પર શું ખોટું લગાડવાનું ? બોલ, શું કહેતી'તી ?''

''બે-ચાર મહિના તારાં મમ્મી-પપ્પાને અહીં રહેવા બોલાવી લે... અને જો પછી એની અસર ! ચોથો મહિનો પૂરો થતાં તો તારો હસબન્ડ એકસો ને દસ ટકા બીમાર થઈ ગયો હશે...''

''ગયા મહિને એ પ્રયોગ પણ કરી જોયો,'' બબીતાએ માથે હાથ મૂકીને કહ્યું, ''મારા હસબન્ડને તો કંઈ ના થયું. મમ્મી-પપ્પા બંનેને હૉસ્પિટલાઇઝ કરવાં પડ્યાં.''

''શી વાત કરે છે ??''

''તો... ખોટું થોડું બોલતી હોઈશ ?'' પતિની અખંડ સેવાભિલાષી બબીતાએ એક અધકચરું ડૂસકું મૂક્યું, ''પપ્પાની સલાહ માની હોત તો આજે આટલી દુઃખી ના હોત...''

''કેમ ? પપ્પાએ તને એવી શી સલાહ આપેલી ?''

''એમણે બિચારાએ કહેલું કે આવા જબરા દેખાતા માણસ સાથે લગ્ન કરવાને બદલે કોઈ નરમ સ્વભાવના કવિ સાથે લગ્ન કરવાથી ડબલ પુણ્ય મળે. આ બાબતે મારી મમ્મી ખરેખર નસીબદાર કહેવાય. એને ખરેખર ડબલ પુણ્ય મળ્યું છે. મારા પપ્પા બિચારા મરતાને મર પણ કહે નહીં એવા સાધુ સ્વભાવના છે. એમાં જોકે મારી મમ્મીનો પૂરેપૂરો સાથ અને સહકાર હતો. કહેવાય છે ને કે દરેક પુરુષની સફળતા પાછળ સ્ત્રીનો હાથ હોય છે. સાચું કહું, અમારાં કેટલાંક સગાં-સંબંધીઓ તો મારા પપ્પાને 'સવાયો સૉક્રેટિસ' કહીને જ ઓળખાવે છે. સૉક્રેટિસ પણ ચિંતક અને સાહિત્યકાર જ હતો ને, સહનશીલ સાહિત્યકાર. હું તો એવું ડબલ પુણ્ય મેળવવામાંથીય રહી ગઈ, બોલ.''

''ડબલ પુણ્ય ?''

''હા, પેલી પંક્તિ તેં સાંભળી છે ને કે... 'જિસકા કોઈ નહીં, ઉસકા તો ખુદા હૈ યારો...' મને ખુદા એટલે કે ભગવાન બન્યાનું પુણ્ય મળત અને બીજું એ કે નરમ સ્વભાવના માણસની સેવા કરવાની સોનેરી તક મળત. શાસ્ત્રોમાં કહ્યું છે ને કે ગાય જેવા જીવની અને એમાંય અબોલ જીવની સેવા કરીએ તો એક હજાર ગૌસેવા કર્યાનું પુણ્ય મળે... પણ મમ્મી નડી... મમ્મીએ જીદ કરેલી કે કાળા ચોર સાથે પરણાવું પણ મારી દીકરીને કવિ સાથે તો નહીં જ પરણાવું...''

''ઓહ, તો ક્યારની બોલતી કેમ નથી કે તારો હસબન્ડ કાળો ચોર છે...!''

''ઓહ નો યાર... 'કાળો ચોર' શબ્દ તો કહેવત પૂરતો છે, બાકી તો એ મોટા રાજકારણી છે...''

સખીએ હાથ ખંખેરીને કહ્યું, ''તો તો આ જનમમાં તારી મનોકામના ક્યારેય પૂરી નહીં થાય...''

''કેમ ?''

''કેમ શું, આપણે ત્યાં કોઈ રાજકારણી બીમાર પડ્યા હોય એવું તેં જાણ્યું ? અને ધારો કે ભગવાનની કોઈ ભૂલથી એનામાં માણસનાં જિન્સ રહી ગયાં હોય અને પરિણામે બીમાર પડે, તો પણ સારવાર કે સેવા કરવાની તક એ 'પોતાની' વાઈફને થોડી આપે ?!''

*બી/૧૦, દેવસીટી બંગલોઝ,*
*આર. સી. ટૅક્નિકલ રોડ, ઘાટલોડિયા,*
*અમદાવાદ-૩૮૦૦૬૧. મો. ૯૭૨૪૫૦૧૯૮૭*





# “મને તો લાજ આવે”

આનંદ પ્રા. પટેલ
મો. 9427332700



"માવલડી"

જિજ્ઞેશ ઠાકર
મો. 9925125285



"રંગોળી"
હેમરાજભાઈ દેસાઈ
મો. 9662836342



"ઝરુખો"
ડો. દર્શન શાહ
મો. 9537421111

# અને મને છમ્મજ્ઞાન થયું કે...

- ડૉ. નલિની ગણાત્રા

**હું** આવા અધખુલ્લા બારણા જેવાં મથાળાં એટલા માટે મારું કે માણસ ડોકિયું કરીને વાંચવા લલચાય. ડોકિયું કરીને વાંચે કે ડોળા કાઢીને... અમારે તો અમારું લખેલું વંચાય એટલે વૈકુંઠ વૈકુંઠ !!

પહેલાં શીર્ષકસ્થ "છમ્મજ્ઞાન" શબ્દની છણાવટ કરી દઉં. જેમ ઊકળતા તેલમાં ભજિયું મૂકીએ કે તરત જ છમ્મ બોલે એમ કોઈ ઘટનાથી આપણને છમ્મ... કરતુંકને તણખા જેવું જ્ઞાન પ્રાપ્ત થાય એ છમ્મજ્ઞાન ! ટૂંકમાં, છમ્મજ્ઞાન એટલે આપણો જ જૂનો "તેજીને ટકોરો". વિશ્વમાં કોઈ જ્ઞાન નવું છે જ નહીં, બધું વેદવ્યાસનું વર્જન જ થયેલું છે, મારા વ્હાલા !

હું જન્મે, કર્મે, જ્ઞાને, સ્વભાવે કે ઈવન દેખાવે પણ બ્રાહ્મણ નથી એટલે મને બ્રહ્મજ્ઞાન તો શું જોઈને પ્રાપ્ત થાય ? હું એમાં ફોર્મ જ ન ભરું ! પણ છમ્મજ્ઞાન પર તો કોઈનો ઈજારો નથી, એક ઘરઘરાઉ ઘટનાથી મનેય છમ્મજ્ઞાન થયું અને એ જ આ લેખનું ઉદ્ભિજ કારણ છે.

ઘટના કાંઈક આવી બની :

આપણે રોટલીમાં ઘી ચોપડીએ એમ સાસરી પક્ષનાં સગાં પાછળ 'જી' ચોપડવાનો, સૉરી, 'જી' લગાડવાનો રિવાજ છે. જેમ કે ફુઆજી, કાકાજી, કાકીજી, મામાજી, વગેરે. જી, (આ વગેરેમાં ફોર-જી કે ફાઈવ-જી માન્ય નથી.) એટલે તેઓનો હું સગાજી તરીકે જ ઉલ્લેખ કરું છું. અમારા આવા એક સગાજીને પગે લાગવા અમે દર દિવાળીએ રૂ-બ-રૂ જ જઈએ. રૂઢિપ્રયોગોમાં દૂરથી પગે લાગવાની જોગવાઈ છે. વહેવારમાં તો આજેય નજીક જઈને જ પગે લાગવું પડે છે. ઓનલાઈન પત્ર મંગાવવાનું હજુ ચાલુ નથી થયું. અમે આ સગાજીને ત્યાં દિવાળીએ ન જઈએ તો તેઓ હોળી સ્વરૂપ ધારણ કરી બેસે છે અને અમે "પ્યાર કો પ્યાર હી રહને દો, કોઈ નામ ન દો. ઓ..." એ ગીતામાં માનતા હોવાથી દિવાળીને દિવાળી જ રહેવા દેવા અમે નિયમિત વાર્ષિક લવાજમ ભરી જ આવીએ. આવું ઓગણીસ વરસ વીરતાપૂર્વક ચલાવ્યું. પણ ગઈ દિવાળીએ હું જરા મોળી પડી ગઈ. શરીરથી નહીં, પણ મનથી મોળી પડી ગઈ.

હું સ્ત્રી છું એટલે ભલે ધીમે ધીમે પણ ઉંમર ક્રમશઃ વધે તો ખરી જ ને ?! અને મૂઈ ઉંમર વધે એમ ઇગ્નોરન્સ પાવર ઘટે જ. એ પાવર ઘટ્યાનો પુરાવો પણ મને મળી ગયો. થયું એવું કે ગઈ દિવાળીએ જ્યારે અમે સદરહુ સગાજીને ત્યાં ગયાં તો કંઈ નહીં ને એમણે મૂકેલો નાસ્તાનો ડબ્બો હું સહન ન કરી શકી. એ સફેદ કમળ જેવા ગુલાબી રંગનો ફોર બી. એચ.કે. નો એટલે કે વચ્ચે મોટો બાઉલ અને એની ફરતે ચાર નાના બાઉલવાળો નાસ્તાનો ડબ્બો તેઓ અનંત વરસોથી વાપરતા આવેલા. એમના એ દિવાળી સ્પેશ્યલ ડબ્બામાં નાસ્તા અલબત્ત ટેસ્ટી અને તાજા હોય. તાજા મતલબ એ જ દિવાળીએ બનાવેલા હોય !! મને એવું ગંભીર જ્ઞાન પણ ખરું કે નાસ્તા સાથે નિસ્બત રખાય, ડબ્બા સાથે નહીં. કિંતુ હું પણ એક સાચુકલી માણસ છું. તો મન ક્યારેક સાચી ફાલતુ ફિલીંગ આવી જ શકે ને ? અને આવી ! ઓગણીસ વરસથી જે ડબ્બો હું આસાનીથી ચલાવી લેતી હતી. 'બીસ સાલ બાદ' એ સનાતની ડબ્બા માટે મને હોરર સંવેદના થઈ આવી. એકની એક ક્યાં સુધી સહન થાય માણસથી ? કંટાળીએ તોય જીવનમાં બધું નથી બદલી શકાતું. પણ બદલી શકાય એ તો બદલો ! કિંતુ આડી વાત કોઈને સીધી તો કહેવાય નહીં. એમાંય આ તો 'જી' બ્રાન્ડ ! છતાં મારી અકળામણ ખાળવા જલેબીના ગૂંચળાની જેમ વાત કરી. મેં કીધું કે, "આ બૉક્સ બ્રાન્ડેડ લાગે છે. બહું ટક્યું. ક્યાંથી લાવેલા ?"તો કહે, "ના રે ના. કંઈ બ્રાન્ડેડ નથી. આ તો હું લાલદરવાજાથી લાવેલી. પણ એવું છે ને નલિનીબેન કે હવે તો બેસતા વરસે કો'ક રડ્યાખડ્યા મહેમાન જ આવે છે. પછી નવું નવું લાવીને શું કરવાનું ?" આમ એમણે તો સેકન્ડના સત્તરમા ભાગમાં મને રડ્યાખડ્યામાં સમાવી લીધી !! એટલે મારી સ્થિતિ તો કાપો તો લોહી નહીં, પણ પેટ્રોલ પંપ નીકળે એવી ઝાળ ઝાળ થઈ ગઈ.

સ્થિતિ તો સમજ્યા હવે, બદલાતી રહે... પણ દિવાળીના દા'ડે ઘટેલી ઘટનાથી મને જે છમ્મજ્ઞાન પ્રાપ્ત થયું તે એ જ કે, હું પણ વરસોથી પેલા ડબ્બાની જેમ એક જ પેટર્નના હાસ્યલેખો લખતી આવી છું. તો શું મારા વાચકો વિલાઈ નહીં ગયા હોય ? એક-રસ-ધારા આક્રમણથી એમનેય ઘણીવાર એવી અકળામણ થઈ આવી હશે કે ધરતી મારગ ન આપે તોય સમાઈ જઈએ ! એટલે જલેબીના ગૂંચળાનો ભોગ બનું એ પહેલાં જ મેં તત્કાલ કર્મપરિવર્તન કરવાનું નક્કી કરી લીધું.

જો કે, કર્મપરિવર્તન માટે અમ શબ્દાધિકારીઓ પાસે ગદ્ય અને પદ્ય બે જ વિકલ્પ છે. અમે એ બે કૂંડાળામાં પગ મૂકી શકીએ. જો કે વિકલ્પ ઓછા એટલી વિમાસણ ઓછી, તો આજે હું જનહિતમાં હાસ્ય લેખને બદલે શેરો-શાયરી કરીશ. મિત્રો, છમ્મજ્ઞાને મને મજબૂર કરી. બાકી શાયર કે ફાયર... કોઈનાંય પેંગડાંમાં પગ નાખવાની મારી ફિતરત હરગિઝ નથી. ગદ્યમાંથી પદ્ય પ્રકારમાં જવું મારા માટે પણ પરકાયા પ્રવેશ જેટલું જ ચેલેન્જિંગ છે. જો કે પરિવર્તન ચેલેન્જિંગ જ હોય. અત્રે પ્રસ્તુત પદ્ય-ડિશ અલબત્ત ઘરે બનાવેલી એટલે કે સ્વરચિત છે. તો તો જોખમ... એવું કોણ બોલ્યું !" અરે વર્ષોથી મને વાંચો છો છતાં જોખમથી ડરો છો ? તો ખેડો જોખમ અને માણો મહેફિલ...

★

સજાકે રખીથી જિંદગી દુલ્હનકી તરહ
ઔર ઘૂંઘટ ઉઠાયા તો વિલનને !!

★

તોય બુદ્ધિ કેટલી વાપરવી પડી 'નલિની'
નહીં તો લેખ 'ગાંડા' વિશે જ લખવાનો હતો.

★

લોન લીધી પ્રેમની પ્રેમિકા પાસેથી
હપ્તા ઉઘરાવ્યા પત્નીએ !

★

મેં ક્યાં કોઈનું નામ દીધું ?
છતાં કાં તમે જ મન પર લીધું ?

★

પ્રેમમાં જ પીડા કેમ હેં...?
ગળપણમાં જ કીડા કેમ હેં...?

★

કૂતરા કદી મારી સામે ભસતા નથી
એટલે કૂતરા મને કૂતરા લાગતા નથી.

★

સ્નેહ અને સત્કર્મ કરજો આ જાતથી,
ઓળખાય છે ગધેડો હોંચી અને લાતથી.

★

શુભેચ્છકોમાં જરૂર કોઈક કબજિયાતી આવી ગયો હશે,
નહીં તો મારો દીકરો દસમામાં ફેલ થાય નહીં.

★

મોડા આવવાની તારી ટેવ ગઈ નહીં
સપનામાં પણ તું છેક પરોઢિયે આવી.

★

ખુશામત એ ઊજળાને ઉલ્લુ બનાવવાની રમત છે,
આવડે તો કળા છે, ન આવડે તો લ્યાનત છે.

★

ઝટકાઓની જ અનામત છે જિંદગી,
ધરતીકંપ સમજે છે શું એના મનમાં ?

★

પ્રાણથીયે અધિક ચાહનારા અનેક હતા,
સ્મશાનયાત્રા એકલાની જ નીકળી છતાં ?

★

નીકળ્યું કંઈક ફોતરી જેવું અમસ્તું
કાનમાં ખંજવાળ તો કેવી મીઠી ઊપડી'તી ??

★

બધા કંઈ જનમથી કાળા નથી હોતા,
જલી જલીને કેટલાકે એ રંગ બનાવ્યો છે !

★

પાંદડું લીલું ને રંગ રાતો,
એનોય મૂળચંદને વાંધો.

★

જોગાનુજોગ ક્યારેક એવોય થાય છે,
બાલ અને ટાલ સાથે જ પડી જાય છે.

★

ડબલરોલ સ્ત્રીઓને પસંદ જ નથી.
તેથી પત્ની ક્યારેય પ્રેમિકા બનતી નથી.

★

એક અરીસો એવો ચાહું,
જેમાં હું સુંદર જ લાગું.

★

સમય મળે તો બસ હવે પ્રેમ કરી લેવો છે,
વહેમ ભેગો વધુ એક વહેમ ભરી લેવો છે.

★

ઉજાગરો કરીને લખ્યો એણે
ઊંઘ પર મહાનિબંધ !

★

હુંય કદી ઘાસ ખાતી નથી,
તોય સિંહમાં ગણતરી થાતી નથી.

★

થઈ ગયા અમે સૂકા ભઠ્ઠ,
'લીલા' - 'બા'ના જવાથી !

★

ભરી સભામાં સંપૂર્ણ સત્ય બોલવાનું હતું,
પત્નીની હાજરીમાં પત્ની વિશે બોલવાનું હતું.

★

કોઈ ચહેરા પર ગમ છે
ને કોઈ ભારેખમ છે
એક કૂવામાં પાણી નથી
ને બીજા ખાલીખમ્મ છે.

★

મરી ગયેલાને અમર કહે,
જીવતાને જીવતો મૂઓ.
સંસારની આ અવળી ગંગા,
અકળાયા વિના જુઓ.

★

જીવન 'કોન્સ્ટન્ટ' ક્યાં રહેવાનું ?
'ઇન્સ્ટન્ટ' તેથી જ જીવી લેવાનું !

★

હતું એમાં ત્રીજા ભાગે 'રૂ',
છતાં ભારે પડ્યું 'લફરું'.

★

મિત્રો, મારું પોત પદ્ય-પરાક્રમનું નથી તેથી પદ્ય-પિપાસુ ઉર્ફે પદ્ય-જાણભેદુઓએ મારા શેરો-શાયરીમાં વ્યાકરણદોષને અવગણી ફક્ત 'ફન'ને માણી રાજી રહેવું.

માતૃભાષાનો જય !!

છમ્મવડું : મારા છમ્મવડાં આંખોથી જ ખાવાં પડે છે છતાં આજ સુધી કોઈની આંખમાં ખૂંચ્યાં નથી !

*એ/૭૦૪, સંપાર્ય ટાવર,*
*વસ્ત્રાપુર, અમદાવાદ.*
*મો. ૯૪૨૮૩૫૧૧૨૦*

# આમ તો રજા ઉપર છો, પણ...

- *પરાગ ત્રિવેદી*

'હેલ્લો...?'

'હેલ્લો... ? મિસ્ટર સિન્સિયરિયા ? હાઉ આર યુ ?'

ઘર માટે થોડી જરૂરી વસ્તુઓ અને પત્નીનાં કપડાં ખરીદવા રજા મૂકી છે. બહાર જતાં પહેલાં બપોરે વહેલા જમવા બેઠેલા, ત્યારે તેમના મોબાઈલમાં ઑફિસના લેન્ડલાઈન નંબરમાંથી ફોન આવ્યો.

મિ. સિન્સિયરિયાએ જવાબ આપ્યો, 'અં... ફ... ફાઈન.'

સામેની વ્યક્તિએ આગળ ચલાવ્યું - 'ઈટ્સ ગુડ ટુ નો ધેટ યુ આર ફાઈન !'

'બટ ઈટ્સ નોટ એટ ઓલ ગુડ ટુ નો ધેટ યુ આર ઓન ધ અધર સાઈડ ઓફ ધ લાઈન' - આવું મનમાં બોલી મિ. સિન્સિયરિયા ફોનમાં બોલ્યા - 'ગુડ આફ્ટરનૂન સર.'

'અરે યાર.. શું ચાલે છે ભઈલા ! ભાવતાં ભોજન કરી લીધાં ?'

'હા તમારો ફોન આવ્યો ત્યારે જમવાનું પૂરું થવામાં જ હતું.'

'વાહ, સાહેબ વાહ ! હીહીહી.. શું જલસા છે તમારે તો, હેં ! બહુ સરસ, બહુ સરસ... હીહીહી... રજામાં જલસા, હેં ! હીહીહી...'

'સાહેબ' શબ્દો સાંભળી રહ્યા હતા. તેમની સાથે દોઢેક વર્ષથી કામ કરતા હતા, પણ ક્યારેય આ શબ્દો સાંભળ્યા નહોતા. તેમને ઘડીભર શંકા થઈ આવી કે સામે છેડેથી તેમના બોસના અવાજમાં બીજું કોઈ બોલતું નથીને... એ બોલ્યા, 'સર, રજા ઉપર તો હું આજે એક જ દિવસ છું ને... કાલે તો ઑફિસ આવવાનો...'

'અરે, એટલે જ... એટલે જ તમને ડિસ્ટર્બ નહોતા કરવા ! કરતો હોઈશ તમને એક દિવસની રજામાં હેરાન ? ન જ કરું. પણ... પણ તમે... તમે જાણો છો ને આપણી હેડ ઑફિસના નવા સાહેબને... કેવા માથાના ફરેલ છે... એકાદ સ્ટેટમેન્ટ પણ જો ટાઈમસર ન પહોંચાડીએ તો કેવી વલે કરે છે બધાની વચ્ચે મિટિંગમાં... તમારાથી ક્યાં અજાણ્યું છે... તમને તો ખબર જ છે એ માથાફરેલની...'

મિ. સિન્સિયરિયાને પોતાનું માથું ફરવા માંડ્યું હોય એવું લાગ્યું. બોસે આગળ ચલાવ્યું - 'એક સ્ટેટમેન્ટ આજે જ સબ્મિટ કરવું પડે એમ છે. આજે છેલ્લી તારીખ છે તેને સબ્મિટ કરવાની. બાર દિવસથી આવ્યું છે ને હજુ સુધી આપણે મોકલ્યું નથી.'

મિ. સિન્સિયરિયા - 'પણ સર, આવું કોઈ સ્ટેટમેન્ટ મારી જાણમાં તો નથી, કે નથી મારી પાસે પેન્ડિંગ પડ્યું.'

બોસ - 'અરે... મારી પાસે એટલી બધી ફાઈલો છે કે એની વચ્ચે પડ્યું રહ્યું હતું. અને એટલું બધું કામ રહે છે (અહીં કોને કામ રહે છે એનો ફોડ તેઓ પાડતા નથી) કે તમને આપવાનું જ ભુલાઈ ગયું... એકલો માણસ કેટલે પહોંચે ? (અહીં એકલો માણસ એટલે કોણ, એ પણ તેઓ કહેતા નથી.) આવાં નાનાં-મોટાં કામ યાદ જ નથી આવતાં. (અહીં નાનાં-મોટાં એટલે નાનાં અને મોટાં તમામ) તમને તો ખબર જ છે, આવાં કોઈ સ્ટેટમેન્ટ તમારી સિવાય આપણી ઑફિસમાં કોઈને બનાવતાં આવડતું નથી. છતાંય મેં ઠક્કરભાઈને પૂછી જોયું... કહે 'મેં ક્યારેય બનાવ્યું નથી તો ક્યાંથી આવડે ?' પેલા હોહાભાઈને તો પૂછવાનો કંઈ અર્થ નથી, એ તમને ખબર જ છે... તો... તો... જરા... ગૂંચવાડિયાભાઈને ફોન પર જ સ્ટેટમેન્ટ બનાવરાવી દો ને...' સ્ટેટમેન્ટમાં માંગેલ વિગતો/આંકડા વિશે બંનેની થોડી વાર વાત થયા પછી -'

'હં... આ... ?હા, ઓ.કે. સર.' મિ. સિન્સિયરિયા બોલ્યા.

'આપું છું ગૂંચવાડિયાભાઈને...' બોસે વહેલણને વાળતાં કહ્યું.

'હેલ્લો...'

'હેલ્લો....'

'હા, ગૂંચવાડિયાભાઈ, તમે ગયા મહિનાની છેલ્લી તારીખના રિપોર્ટ નંબર ૩, ૭, ૧૬ અને ૧૮ની પ્રિન્ટ કાઢો અને પછી મને ફોન કરો - એ ચાર રિપોર્ટના ફિગરના આધારે આ સ્ટેટમેન્ટ બનાવવાનું થશે. લખી લો - રિપોર્ટ નંબર ત્રણ, સાત, સોળ,અઢાર.'

'ઠીક છે.'

એકાદ કલાક સુધી મિ. સિન્સિયરિયાના ફોનની રાહ જોઈ. છતાં ફોન ન આવ્યો. તેમને રજા ઉપર હોવા છતાં નજર સામે સ્ટેટમેન્ટ/રિપોર્ટ દેખાવા માંડ્યાં. એટલામાં બોસનો ફોન ફરી આવ્યો. 'રિપોર્ટ નં. ૧૬ ક્યાંથી પ્રિન્ટ થશે એ જરા કહોને... ગૂંચવાડિયાભાઈને આપું છું.'

'હેલ્લો.'

'હં... અં...'

'જુઓ, કમ્પ્યૂટરમાં આપણી ઑફિસની સાઇટમાં જ્યાંથી તમે રિપોર્ટ નં. ૩, ૭, ૧૮ પ્રિન્ટ કર્યા એ પછી બે સ્ટેપ આગળ જવાનું છે.. હેં ! હજી એકેય રિપોર્ટ પ્રિન્ટ નથી કર્યો ?... તો કેમ રિપોર્ટ ૧૬...?'

'એ તો હોહાભાઈએ કહ્યું કે આ રિપોર્ટ નાનો છે એટલે પહેલાં છાપી લેજો, તરત છપાઈ જશે.'

'તો હોહાભાઈને જ પૂછી લેવાયને. કે રિપોર્ટ ક્યાંથી છાપવો ?'

'એમને એ નથી ખબર એમને તો એટલી જ ખબર છે કે આ રિપોર્ટ નાનો છે !'

ગૂંચવાડિયાભાઈને ચારેય રિપોર્ટ ક્યાંથી પ્રિન્ટ કરવાના તે સમજાવી ફોન મૂક્યો.

ફરી અડધો કલાક ફોનની રાહ જોઈ, પણ કોનો ફોન આવ્યો નહીં. આથી મિ. સિન્સિયરિયાએ સામેથી બોસને ફોન લગાવ્યો - 'હેલ્લો, મિ. ગૂંચવાડિયાએ રિપોર્ટ છાપી નાખ્યા ? એમનો ફોન ન આવ્યો હજી સુધી...'

'શી વાત કરો છો...! હજી સુધી સ્ટેટમેન્ટ ચાલુ નથી કરાવ્યું તમે ? અરે,યાર આમને આમ રિસેસ પડવા આવી. સાંજે તો એને સબ્મિટ કરવાનું છે... (ચાલુ ફોને) મિ. ગૂંચવાડિયા... કમ હિયર... એ પેલા રિપોર્ટ તમે હજી નથી છાપી રહ્યા ?'

'છપાય છે, જુઓ ચાલુ જ છે છાપવાનું...'

'કેટલાં પાનાં થયાં ?'

'સો જેટલા થયા, હજુ ચાલુ છે...'

'(મિ. સિન્સિરીયાએ આ સાંભળ્યું અને ઘાંટો પાડ્યો)'



'અરે ! સો પાનાં ? પણ એવો તો કોઈ રિપોર્ટ નથી. પેલા ચારેય રિપોર્ટનાં થઈને ચાલીસ પાનાં માંડ થાય છે...'

(બોસને કંઈક શંકા જતાં) 'મિ. ગૂંચવાડિયા, તમે કયા કયા નંબરના રિપોર્ટ છાપો છો ?'

'૩, ૮, ૧૬, ૧૮...'

(તમને અવાજ બીજા છેડે સાંભળતાં)

મિ. સિન્સિયરિયા 'અરે ! આઠ નહીં, સાત ! ત્રણ, સાત, સોળ, અઢાર... આઠ નંબરના રિપોર્ટની જરૂર જ નથી ને એનું મેં કહ્યું પણ નથી... આઠ નંબરનો રિપોર્ટ તો સહુથી મોટો રિપોર્ટ છે - પોણા બસો પાનાંનો... એ ક્યારેય પ્રિન્ટ કરવાનો હોતો જનથી...!'

બોસ, 'મિ. ગૂંચવાડિયા, બતાવો તો મને એ લખેલો નંબર...'

મિ. ગૂંચવાડિયા બોસના ટેબલ સામે તાકી રહ્યા.

'અરે, મારા ટેબલ પર નહીં જુઓ, નંબર બતાવો.'

'સાહેબ, એ મેં ક્યાંક લખ્યા હતા પણ રિપોર્ટ છાપતી વખતે એ મળ્યા નહીં એટલે રિપોર્ટ નંબર યાદ કરીને છાપ્યા... એમાં એક ભૂલ...'

'અરે, પણ યાદ ન આવે કે નંબર મળે નહીં તો ફોન કરી ફરી પૂછી લેવાય ને !'

'આમ તો યાદ જ હતા પણ સાતને બદલે આઠ...'

'બોલ્યા સાતને બદલે આઠ, અરે, આમ પોણા બસો પાનાંનો રિપોર્ટ છાપી-છાપીને તમે મારા ગળે પડાવશો ગાંઠ... બંધ કરો એ પ્રિન્ટ ! અને લાવો બાકીના ત્રણ રિપોર્ટ... હું સ્ટેટમેન્ટ બનાવવાનું ચાલુ કરું. ત્યાં સુધીમાં તમે રિપોર્ટ નંબર સાત છાપીને આવો.'

'---------'

'અરે, કેમ ઊભા છો ?'

'સાહેબ, આ પહેલો જ રિપોર્ટ છાપું છું. બીજા ત્રણ બાકી છે !'

'તો આ જ પહેલાં કેમ છાપ્યો ? રિપોર્ટ ત્રણ પહેલાં ન છાપ્યો ?'

'પહેલા આ નંબર યાદ આવ્યો એટલે પહેલાં આ છાપ્યો. સાહેબ ?'

'યાદ આવ્યો ? યાદ ? આ નંબર સાતને બદલે નંબર આઠવાળો રિપોર્ટ છાપો છો એ તમને યાદ આવ્યો...?' ગુસ્સામાં બોસનો અવાજ તરડાઈ ગયો.

'---------'

'હે ભગવાન... (ચાલુ રાખેલ ફોનમાં) અરે, મિ. સિન્સિયરિયા... તમે સાંભળો છો ને બધું ? કોણ જાણે મિ.

ગૂંચવાડિયા રિપોર્ટ્સ ક્યારે પ્રિન્ટ કરી રહેશે ને ક્યારે... લો ! આ પડી રિસેસ/ઓ ગોડ ! પેલા સાહેબ મારી ખબર લઈ નાખશે... મારે બધાની વચ્ચે નીચું જોવું પડશે (કંઈક સ્ફૂરણા થતાં) અને... આ વખતે તો મિટિંગમાં સ્ટેટમેન્ટ બનાવતા હોય એમણે પણ સાથે આવવાનું છે એટલે તમારે પણ આવવું પડશે. પાછું આ લોકોનું કંઈ નક્કી નહીં ને...' સ્ટેટમેન્ટ શા કામનું ? - વગેરે કહીને સ્ટેટમેન્ટ બનાવતા હોય એનો પણ વારો પાડી દે - વાંક ન હોય તોય...! (આવી મૌલિક સ્ફૂરણા થવી એ બોસની અનોખી આવડત હોય છે.)

મિ. સિન્સિયરિયા - 'સર... હું એકાદ કલાક માટે ઑફિસ આવું. સ્ટેટમેન્ટ બનાવીને નીકળી જઈશ...'

'એવું કરવું છે ? તો તમારી ઇચ્છા ! આવી જાવ.' બોસે રાહતનો ઊંડો શ્વાસ લીધો.

મિ. સિન્સિયરિયા ઘરના સભ્યોને નારાજ કરી ઑફિસ જવા નીકળ્યા. ઑફિસ પહોંચ્યા ત્યારે રિસેસ પૂરી થયાને પંદર મિનિટ થઈ ગઈ હતી, છતાં હજુ અડધોઅડધ ખુરશીઓ ખાલી હતી. અને કેન્ટિનની એટલી ખુરશીઓ ભરેલી હતી ! તેઓ સીધા જ બોસની ચેમ્બરમાં ગયા, પણ તેમના ઑફિસ આવવાના ખુશખબરથી બિલકુલ બેફિકર થઈ ગયેલા બોસ પણ કેન્ટિનની એક ખુરશી શોભાવતા હતા. 'બોસ આવે ત્યાં સુધીમાં રિપોર્ટ્સ છાપી લઉં' - એમ વિચારી તેમણે ચારેય રિપોર્ટ્સ છાપ્યા. એટલામાં બોસ આવી ચેમ્બરમાં ગયા. તેઓ પણ તરત અંદર ગયા. મિ. ડઠ્ઠરિયાનું ધ્યાન જતા તેઓ પણ પાછળ-પાછળ બોસની ચેમ્બરમાં ગયા.

મિ. સિન્સિયરિયા. 'સર, લાવો સ્ટેટમેન્ટ આપો એટલે હું બનાવવા બેસું.'

બોસ, 'રિપોર્ટ્સ છાપવાના છે ને ?'

'ના હું હમણાં જ છાપી રહ્યો.'

એટલામાં તો મિ. ડઠ્ઠરિયાએ ચાલીસેક પાનાંનો થોડકો બોસના ટેબલ ઉપર પછાડ્યો. બોસે લઈને જોયું તો રિપોર્ટ નંબર ત્રણ, સાત, સોળ, અઢાર ! બોસ એમની સામે જોઈ રહ્યા.

બોસ ! 'આ...?'

મિ. ડઠ્ઠરિયા : 'આ ચારે રિપોર્ટ !'

'પણ.. ક્યારે છાપ્યા ?'

'સવારે તમે મને સ્ટેટમેન્ટનું પૂછ્યું. ત્યાર પછી પંદર મિનિટમાં !'

બોસઃ 'પણ તમે તો સ્ટેટમેન્ટ જોઈ કહેલું કે તમને એ નથી આવડતું..'

મિ. ડઠ્ઠરિયા : 'સ્ટેટમેન્ટ નથી આવડતું, પણ એમાં ભરવાની થતી વિગત ક્યા-ક્યા રિપોર્ટ ઉપરથી બને એ ખબર છે !'

'તો મને આપ્યા કેમ નહીં ?'

'મને એમ કે તમારે નહીં જોઈતા હોય !'

બોસ મિ. ડઠ્ઠરિયા સામે જોઈ રહ્યા. બીજી જ ક્ષણે મિ. ડઠ્ઠરિયા ચેમ્બરની બહાર જતા રહ્યા. બોસ અને મિ. સિન્સિયરિયા એકબીજાનું મોં તાકી રહ્યા. બોસે મિ. સિન્સિયરિયાને લાંબુલચ સ્ટેટમેન્ટનું ફોર્મેટ આપ્યું. થોડીવાર વાંચી મિ. સિન્સિયરિયા બોલ્યા 'સર, આના પર નીચે ઝીણા અક્ષરે 'પેઈજ-૧' લખેલ છે. આનું કોઈ બીજું પેઈજ તો નથીને ?'

'હેં !' બોસને ફાળ પડી.

અગાઉ જે ફાઈલોના ઢગલામાંથી તેમને બનાવવાનું થતું કોરું સ્ટેટમેન્ટ પ્રાપ્ત થયું હતું. તે ઢગલામાં તેમણે 'રિ-સર્ચ' થોડીવારમાં, જેમ સમુદ્રમંથન કરતાં એક પછી એક રત્નો નીકળ્યાં હતાં, એમ 'ફાઈલઢગમંથન' કરતાં તેમાંથી પેઈજ-૨, પેઈજ-૩ એક પછી એક મળી આવ્યાં ! બંનેએ જોયું તો બંને પેઇજમાં ઘણી વિગતો - આંકડા ભરવાના હતા, જેના માટે બીજા ઘણા રિપોર્ટ્સ પ્રિન્ટ કરવા પડે એમ હતા, એ વિગતો ભરવામાં ઘણો સમય લાગે એમ હતો. બૉસનું મોં એરંડિયું પીધા જેવું થઈ ગયું. મિ. સિન્સિયરિયાના મોં પર તો જે થોડાક ભાવ હતા,તે પણ અદશ્ય થઈ ગયા, તેઓ મૂઢની જેમ માત્ર જોઈ રહ્યા.

અન્ય કોઈ ઉપાય ન હોઈ, મિ. સિન્સિયરિયા પોતાના ટેબલે ગયા, બાકીના જરૂરી રિપોર્ટ્સ પ્રિન્ટ કર્યા. જેમાં ખાસ્સો સમય ગયો.પછી તેમણે સ્ટેટમેન્ટમાં માગેલ વિગતો - આંકડા ભરવા ચાલું કર્યા. પેઇજ-૧ પૂરું કરી તેઓ પેઇજ-૨માં અડધે પહોંચ્યા ત્યારે ઑફિસનો ટાઇમ પૂરો થવામાં અડધો કલાકની વાર હતી !



એટલામાં બોસ ઊભા થઈ તેમની પાસે આવ્યા - 'યાર, મારે ઘરે જવું પડશે ! મિસિસને ઘૂંટણમાં બહુ દુઃખે છે. ઑર્થોપેડિક ડૉક્ટર પાસે લઈ જવાં પડશે. તમે આ સ્ટેટમેન્ટ પતાવીને ડો. પટ્ટણીની હોસ્પિટલે આવો - હું ત્યાં જ સાઇન કરી આપીશ. પછી જરા ઑફિસ આવી, સ્કેન કરી ઇ-મેઇલ કરી દેજો. યાર... ભૂલતા નહીં !' કહી બોસ ચાલ્યા ગયા. બોસની પીઠ પાછળ તાકતાં તેઓ બબડ્યા, 'તમારાં મિસિસને લઈ તમારે ડૉ. પાસે જવું છે, પણ આજે મારાં મિસિસ મને ઑર્થોપેડિક ડૉ. પાસે પહોંચાડશે એવું લાગે છે.'

મિ. સિન્સિયરિયાએ ત્રીજું પેઇજ ચાલું કર્યું ત્યારે ઑફિસનો ટાઇમ પૂરો થવામાં પાંચ મિનિટ બાકી હતી, પણ બોસ નીકળી ગયા હોવાથી મોટા ભાગનો સ્ટાફ પણ દસ મિનિટ વહેલો જ નીકળી ગયો. બાકી રહેલ મિ. હોહા સહિતના બે-એક વ્યક્તિ પણ ઑફિસનો ટાઇમ પૂરો થતાં જ નીકળી ગયા. મિ. સિન્સિયરિયા - જે આજે રજા ઉપર હતા, એ, બધાંને જતા જોઈ રહ્યા. ઘડિયાળ સામે જોઈ રહ્યા, પેઇજ-૩ સામે જોઈ રહ્યા અને હાથમાં ચાવીનો ઝૂડો લઈ ઊભેલા, ઑફિસનું તાળું બંધ કરવાની ઉતાવળવાળા પ્યૂનને જોઈ રહ્યા. તેઓ બબડ્યા. આ તો જાણે મારા સિવાય બધા રજા ઉપર હોય એવું લાગે છે !'

પ્યૂનને થોડીવાર બેસાડ્યો. સ્ટેટમેન્ટ પૂરું કરી તેઓ ઊભા થયા ત્યારે ઑફિસનો ટાઇમ પૂરા થવા ઉપર એક કલાક અને પાંચ મિનિટ થઈ હતી ! તેમને હજી બોસની સહી કરાવવા જવાનું હતું. પછી ફરી ઑફિસ આવી, સ્ટેટમેન્ટ સ્કેન કરી. ઇ-મેઇલ કરવાનો હતો. તેમણે પ્યૂનને વાત કરી. પ્યૂને ચાવીનો જૂડો ઝુલાવતાં કહ્યું, 'મારે હજી શાકમાર્કેટ જવું છે - મરચાં લેવા, ઘરે મહેમાન આવવાના છે, એટલે ભજિયાં બનાવવાનાં છે. આટલું તો રોકાયો, હવે જવું પડશે.' પ્યૂને બારણા વગેરે બંધ કરી તાળું માર્યું. 'મિ. સિન્સિયરિયા બબડ્યા. પ્યૂને કિચૂડાટ કરતું શટર પછાડી તેને તાળું માર્યું.'

ચાવીનો ઝૂડો લઈ તેમણે ઑર્થોપેડિક ડૉ. પટ્ટણીની હોસ્પિટલ બાજુ બાઇક હંકાર્યું. જઈને જોયું તો બૉસ ક્યાંય દેખાયા નહીં. ફોન કર્યો. નો રિપ્લાય. પાંચેક મિનિટમાં બૉસનો ફોન આવ્યો - 'અરે, યાર, હોસ્પિટલમાં વારો તરત આવી ગયો, બતાવી દીધું. દવા લઈ ઘરે આવી ગયાં છીએ...! રસ્તામાં હતાં એટલે ફોનની રિંગ ન સંભળાઈ હવે... ઘરે આવી જાઓને ભઈલા ! ચા-પાણી પીએ !'

મિ. સિન્સિયરિયાના હાથમાંથી ફોન પડુંપડું થઈ ગયો. તેમના ગળામાંથી ધીમો અવાજ નીકળ્યો - 'જી. સર...' મનોમન બોલ્યા, 'ડો. પટ્ટણીને ત્યાં મારો કેસ કઢાવતો જ જાઉં. ઘરે પહોંચ્યા પછી મારે કદાચ ઑર્થોપેડિક ડૉક્ટરની સારવાર...'

પણ કેસ કઢાવવાને બદલે બાઈક કાઢી બોસના ઘર બાજુ હંકાર્યું. બોસની સહી કરાવી, અતિવિનયપૂર્વક ચાની ના પાડી, ફરી ઑફિસ જઈ. ચાવીના ઝૂડાથી તાળું ખોલી, મહામહેનતે શટર ઊંચું કરી ફરી બે-ત્રણ તાળાંની જુદી જુદી ચાવીઓ શોધી, ખોલી, સ્કેન કરી, ઇ-મેઈલ કરી, પુનઃ બારણાનાં તાળાં એક પછી એક બંધ કરી, શટર બંધ કરવા પ્રયત્ન કર્યો, પણ શટર હલ્યું નહીં. એક હાથે ખેંચ્યું. ન હલ્યું ! બે હાથે ખેંચવા માટે હાથમાંની બધી વસ્તુ બાજુ પર મૂકી દીધી. બે હાથે શટર ખેંચ્યું - પણ શટર ટસનું મસ ન થયું. દાંત કચકચાવીને, હતું એટલું જોર ભેગું કરીને ખેંચ્યું, તો શટર ન ખેંચાયું, પણ ડાબા હાથનો સ્નાયુ ખેંચાઈ ગયો ! 'ઓ માડી રે...' બોલતાં તેઓ વાંકા વળી ગયા.

છેવટે આખા દિવસનો ગુસ્સો શટર પર ઊતારતાં તેઓ કૂદકો મારી, શટર પકડીને ટીંગાઈ જ ગયા ! એમ ટીંગાઈને જ શટરને નીચે ખેંચવાનો પ્રયત્ન કરવા લાગ્યા. રસ્તા પર જતા માણસો આ જોઈને ઊભા રહી ગયા, જોવા લાગ્યા. આજુબાજુની દુકાનોવાળા ભેગા થઈ ગયા. સૌએ ભેગા મળી શટર બંધ કર્યું. તાળું લગાવ્યું.

મિ. સિન્સિયરિયાને માથું તો દુઃખવા આવ્યું જ હતું, હવે ડાબો હાથ તેમાં ઉમેરાયો હતો. ઘરે ગયા પછી વેલણ કઈ જગ્યાએ પડશે એની જાણ ન હોવાથી ત્રીજું ક્યું અંગ દુઃખશે એનું અનુમાન તેઓ ન કરી શક્યા.

ઘરે પહોંચતાં જ તેમણે જોયું તો મેઇનડોર પર કંઈક કાગળ ચોડેલો હતો. તેઓ વિચારી રહ્યા - 'નગપાલિકાની નોટિસ હશે કે ઇલેક્ટ્રિક કંપનીની ? બંનેનાં બિલ ભરવામાં આ વખતે મોડું થઈ ગયું છે...' નજીક જઈને તેમણે જોયું. ત્યારે ખ્યાલ આવ્યો કે પત્નીએ તેમની બેગમાંથી કાઢીને તેમનો રજા-રિપોર્ટ ત્યાં લગાવ્યો હતો ! રિપોર્ટમાં બોસે સહી કરી હતી અને લખ્યું હતું - 'રજા મંજૂર !'

---

*સી-૧૦૪, સત્યમ સ્કાઈલાઇન, એ.ઈ.સી. ચાર રસ્તા પાસે,*
*ટોરેન્ટ પાવર ઑફિસની સામે, નારણપુરા,*
*અમદાવાદ-૩૮૦૦૧૩. મો. ૯૮૯૮૩૫૭૩૫૭*

# લગ્નનું ચોમાસુ સત્ર

- *અધિર અમદાવાદી*

**પ**હેલાંના વખતમાં લગ્ન ઉનાળાની રજાઓમાં જ થતાં. ઉનાળામાં લગભગ બધાંને રજાઓ મળતી. એટલે જ લગ્નોમાં સ્કૂલ કે પરીક્ષા નડતી નહોતી. શિયાળાની જેમ સગાં-જાનૈયાને ઓઢવા માટે રજાઈઓની વ્યવસ્થા કરવાની અને ગોદડાં ગંધાવાની ફરિયાદોના નિવારણની પણ જરૂર નહોતી પડતી. કુટુંબમાં લગ્ન હોય તો ઓછામાં ઓછા પંદર દહાડા પહેલાં ગામડે પહોંચી જવું પડતું. નિમંત્રણ પણ સહકુટુંબ મિત્રમંડળ સહિત આવવાનું અપાતું અને એનું શબ્દશઃ પાલન પણ થતું. મોટા ભાગના, ખાસ કરીને પુરુષ વર્ગ, ત્યાં વહેલાં પહોંચીને કશી ધાડ નહોતો મારતો. થોડાંઘણાં લગ્ન શિયાળામાં પણ થતાં. આમ, લગ્નનાં મુખ્ય બે જ સત્ર રહેતાં. ઉનાળુ અને શિયાળુ, એમાં ઉનાળુ સત્ર મુખ્ય ગણાતું. ચોમાસુ સત્રમાં લગ્નો થાય તો ખાસ કરીને એનઆરઆઈ લગ્નો જ થતાં. છોકરો આવ્યો, છોકરીઓ જોઈ, પસંદ કરી, પરણી ગયો પ્રકારનાં !

આ બધાં સત્રોની સામાન્ય બાબત એ રહેતી એમાં જાનૈયા વિરોધ પક્ષની જેમ જાતજાતની માગણીઓ કરીને કન્યાપક્ષની કામગીરી ખોરવવાના પ્રયત્નમાં રહેતા. એક વાર વરરાજાને તાપ લાગતો હોઈ એમના માટે ગંજીફરાકની માગણી પૂરી કરવા માટે રાત્રે દોઢ વાગે દુકાન ખોલાવવી પડી હતી. આવી ચેષ્ટાઓને લઈને સરવાળે લગ્નના બધાં જ સત્રો સંસદનાં સત્રોની જેમ તોફાની રહેતાં.

હવે બદલાતું જાય છે. હવે શિક્ષકો અને પ્રોફેસરોને પણ પેપર ચેકિંગ, પરિણામ અને એડમિશનની ઝંઝટ રહેતી હોઈ ઉનાળામાં એવી બધી રજાઓ નથી મળતી તો બીજાઓને તો ક્યાં મળે ? બીજું, ગરમી તો કોઈનાથી સહન જ નથી થતી; એટલે ઊંચું ભાડું આપીને એસી બેન્કવેટ હૉલ રાખવો ફરજિયાત થઈ જાય છે. એમાં સૌથી વધુ તો ઉનાળામાં લગ્ન ન કરવાનું કારણ ગરમીમાં ખાવાની મજા નથી આવતી એ મનાય છે. ઉનાળુ લગ્નોનું મહાત્મ્ય એકંદરે ઘટ્યું છે, પરંતુ ગ્રીષ્મ કાવ્યોમાં આવી બધી વાતની નોંધ નથી લેવાતી એટલે અમારે લખવું પડે છે.

ચોમાસુ લગ્નો જરૂર થાય છે, પણ ટેકિનકલી દેવપ ોઢી એકાદશી સુધી જ, પરંતુ હવે ચોમાસામાં લગ્ન રાખનાર કોઈ એવું વિચારતા નથી કે ક્રીમ સલાડમાં પાંખોવાળા મંકોડા પડશે તો ? એટલે, 'જેવા પડશે એવા દેવાશે' ના ધોરણે ચોમાસામાં પણ લગ્નો થાય છે. તાજેતરમાં જ એક લગ્ન માટે ઉતાવળા થયેલા વરરાજાનો વરઘોડો તાડપત્રીની છત્રછાયા નીચે નીકળ્યો હતો જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયો હતો. બાકી કૂકડા જેવો પલળેલો વરરાજો હવે જોકમાં નહીં, આ સિઝનનાં લગ્નોમાં પ્રત્યક્ષ જોવા મળે છે. કોરોનાએ જે આપણને શિખવાડ્યું એ આ, 'ન્યૂ નૉર્મલ' છે.

★★★

અમારા સુકુમારભાઈના સુકેતુ માટે છોકરી શોધવાનું ચાલતું હતું એની અમને જાણ હતી. સુકેતુ અમેરિકામાં એન્જિનિયરિંગ ભણ્યો હતો અને હવે તો નોકરી પણ મળી ગઈ હતી. જોતજોતામાં એણે સેકન્ડ-હેન્ડ બીએમડબલ્યુ પણ લઈ લીધી હતી. ઇન્ડિયામાં તો જૂની કાર લીધી હોય તો નંબર પ્લેટ જોઈને કોઈ કહી દે કે 'છે જૂની, પણ નવા જેવી જ લાગે છે'. ત્યાંની સીરિઝ અને કારના મોડલથી અહીં પ્રજા બહુ માહિતગાર હોય નહીં. એનો લાભ સુકેતુએ લીધો. કારના ક્રેઝ ઉપરાંત નોકરીમાં 'ઓન-સાઇટ એસાઇન્મેન્ટ'ના બહાને ફરવાની તક મળી એટલે સરવાળે અમેરિકાની ફરવાલાયક જગ્યાઓ પર એ વરસમાં ફોટા પડાવી આવ્યો. સુકુમારભાઈના ફેસબુક અને ઇન્સ્ટા પ્રોફાઇલ પર અપલોડ કરેલા ફોટા સમાજના લોકોની નજરે ચઢ્યા હશે, એમાં સુકેતુનાં માગાં આવવા લાગ્યાં હતાં. ભારતમાં હોય એ તો પહેલા સોશિયલ મીડિયાથી પરિચયમાં આવે અને પછી રૂબરૂ મુલાકાત થાય, અને હવે તો છોકરા-છોકરી કુટુંબ સાથે મળવા કરતાં પહેલાં કૉફીશૉપ પર મળે છે.

'મેં બીઇ અહીં સિટીપિયુમાંથી કરેલું'

'ખબર છે, વાંચ્યું ફેસબુક પર'.

'તેં? તારા ફેસબુકમાં લખેલું નથી.'

'શું એ બધું લખવાનું, મફાભાઈ ભગાભાઈ કૉલેજ લખો તોયે શું ને ન લખો તોયે શું ?'

'એ પણ છે, ધે આર ઑલ સેમ'. અને આમ વાત આગળ વધે.

પણ સુકેતુ અમેરિકામાં હતો એટલે અહીં ઇન્ડિયાથી

ઇન્ડિયાની અને અમેરિકાસ્થિત છોકરીઓની પ્રોફાઇલ શૉર્ટ-લિસ્ટ થયેલી હતી. જોકે, અમેરિકાવાળી છોકરીઓ જોડે એને કંઈ જામ્યું નહીં. ભારતની ચાર છોકરીઓ શૉર્ટ-લિસ્ટ કરેલ હતી અને દરેક જોડે સુકેતુ ત્રણ-ચાર વાર ઓનલાઇન વીડિયો કોન્ફરન્સિંગ કરી ચૂક્યો હતો. જોકે, ફાઇનલ કરવાનું રૂબરૂમાં મળ્યા પછી રાખવું એવું સુકુમારભાઈએ ઠરાવ્યું હતું. એમાં એક છોકરીનાં મા-બાપને જરા ઉતાવળ પણ હતી, કારણ કે એની બીજે સારે ઠેકાણે વાત ચાલતી હતી, પણ સુકેતુ એના કરતાં સારો મૂરતિયો હતો એટલે જો સુકેતુની હા આવી જાય તો બીજે ના પાડી શકાય. પણ સુકેતુની હા રૂબરૂ મુલાકાત પછી પડે તો પેલાને ત્યાં સુધી ટીંગાડી રાખવો પડે એમ હતું. આ પણ એક કળા છે, જે લગ્નલાયક સંતાનોનાં મા-બાપે શીખવી પડે છે.

એટલે જ સુકેતુ પહેલી ફ્લાઇટે ત્રણ અઠવાડિયાની રજાનો ગમે તેમ કરીને મેળ પાડીને આવ્યો. અને પહેલા ત્રણ જ દિવસમાં એણે ત્રણ છોકરીઓ જોઈ નાખી હતી. અને ત્રીજી સાથે વધુ એક મુલાકાત કરી એના પર કળશ ઢોળી દીધો, ઓકે કરી દીધી. છોકરીને પણ સુકેતુ અને છોકરીવાળાઓને પરિવાર પસંદ હતો. એટલે શુભ કામમાં વાર શું કામ કરવી ? વળી સુકેતુ આ વખતે પાછો જાય તો ડિસેમ્બર સુધી રજાઓ ના મળે. એટલે ત્રીજા અઠવાડિયે, ભર ચોમાસામાં લગ્ન ગોઠવાયું. ઓનલાઇન કંકોતરીનું સુકેતુએ કરી નાખ્યું. શેરવાની અને સૂટનું થઈ ગયું, શેરવાની બગલમાં થોડી ફિટ પડતી હતી, પરંતુ એ ખોલાવવાનો ટાઇમ નહોતો. તો બંને તરફના મહિલાવર્ગે પણ આશ્ચર્યજનક રીતે



ત્રણ-ચાર શો-રૂમમાં ફરી મુખ્ય શોપિંગ આટોપી દીધું. અને જોતજોતામાં લગ્નનો દિવસ આવી ગયો.

★★★

આ લગ્ન અને વરઘોડાનો સંબંધ આગ અને ધુમાડા જેવો છે. લગ્ન હોય એટલે વરઘોડો હોય અને વરઘોડો હોય ત્યાં લગ્ન હોય તે વાત અંગે જાણકારો પણ કોઈ વાંધો ઉઠાવી શકે તેમ નથી, પણ જેમ દોડવામાં ૧૦૦ મીટરની રેસથી લઈને મેરેથોન સુધી હોય, એવું વરઘોડામાં પણ હવે હોય છે. અમારા ગામમાં એક જમાનામાં, ગઈકાલ સુધી - જે બે બીડી ઉધારમાં લેતો હોય એવો વરરાજો પણ પરણે ત્યારે ગલોફામાં પાન ચઢાવી રુઆબથી બેઠો હોય અને એનો વરઘોડો પાછો આખા બજાર અને ગામમાં ફરે. પણ હવે સમય સંજોગો, ખાસ કરીને હૉલની આજુબાજુનો ટ્રાફિક, અને નાચનારાઓની સંખ્યા અને કૅપેસિટી જોઈને વરઘોડાની લંબાઈ નક્કી થાય છે. એમાં પાછું કોઈ કોર્પોરેટ મૅનેજર પ્રકારની વ્યક્તિના હાથમાં જો વહીવટ હોય તો બધું ઘડિયાળના કાંટે પૂરું થાય. સુકુમારભાઈ વ્યવહારુ હતા. એટલે છોકરાને થોડાક નાચવા દેવાના, પણ સ્કેડ્યૂલ ડખે ચઢે એટલું પણ નાચવા દેવા નહીં, એવું મનોમન નક્કી કરી ડીજે ઇન્ચાર્જને ક્યાંથી વરઘોડો શરૂ કરવો એ સૂચના આપી દીધી હતી.

સુકેતુનાં લગ્ન ચાલુ દિવસે હતાં. અમદાવાદમાં લગ્ન અને બેસણાં ચાલુ ઑફિસે પતાવવાનો રિવાજ છે. ખાસ કરીને પુરુષ વર્ગને આ વધારે ફાવે, કારણ કે કપડાં પણ બદલવાં ન પડે. એમાં સુકેતુના લગ્નના દિવસે સવારથી ધીમી ધારે વરસાદ ચાલુ હતો. એટલે ઘણા લોકો 'સીધા મંડપે પ્રવેશ વખતે આવીશું' એવું નક્કી કરીને બેઠા હતા. નક્કી કરેલ ચાર રસ્તે સૌથી પહેલાં વરરાજાની કાર પહોંચી ગઈ. ડીજેવાળો પણ ટેમ્પો લઈને ગોઠવાયેલો હતો. હૉલથી માત્ર દોઢસો મીટર દૂર જ આ જગ્યા હતી. ટુ-વ્હીલર પર આવનારા બાજુમાં એક ચાની કીટલી સામે પાર્ક કરી તાડપત્રી નીચે સરી ગયા હતા અને ચાવાળો ચાનું ના પૂછે એટલે પાછા ચાવાળા સાથે નજર મિલાવવાનું ટાળી રહ્યા હતા. એકાદ એવો પણ હતો કે જેણે શરમે ચા મંગાવી. સુકુમારભાઈના ખાસ મિત્ર સુરેશભાઈ અને એમનાં પત્ની પણ ત્યાં એક મોટ્ટી કાળી છત્રી લઈને ઊભાં હતાં.

ડીજેવાળાનું કોઓર્ડીનેટ કરનાર પહોંચ્યા એટલે સુકુમારભાઈની સૂચનાથી ડીજેએ વગાડવાનું ચાલુ કર્યું. ટેમ્પો અને સ્પીકર્સ વરસાદથી બરોબર કવર કરેલ હતાં. જોકે,

વરરાજાની કાર અને ડીજેના ટેમ્પો વચ્ચે એક લારીવાળો ઘૂસ્યો હતો જેને ડીજેવાળો ઘોઘરા અવાજમાં હટાવી રહ્યો હતો.

અને ગુજરાતી લગ્નમાં ડીજે પર પંજાબી ગીત શરૂ થયું ત્યારે વરઘોડામાં ગણીને છ જણા ડાન્સ કરવામાં હતા. સામાન્ય રીતે વરઘોડામાં સ્ત્રીઓ મહાલવામાં આગળ હોય, અને પુરુષો ચાલવામાં પાછળ. અહીં એમાંનું કોઈ ના મળે. વરસાદ ચાલુ હતો એટલે કારમાં બેઠેલા નીચે ઊતરતા નહોતા. જે છ જણ હતા, એમાં એક તો સુકેતુનો જૂનો દોસ્ત અને અણવર સુરીલ હતો. સુરીલ સિવિલ એન્જિનિયર હતો. બીજી હતી સુકેતુના ફોઈની દીકરી પૂજા, એ સુપર ઉત્સાહી હતી અને એણે થોડુંઘણું પલળવાનું આવશે એ ગણતરી કરીને કપડાં સિલેક્ટ કરેલાં હતાં. એક એના કાકાનો સીએ થયેલો દીકરો હતો જે નિયમ પ્રમાણેનું બધું કરવાનું એમ માનતો હતો એટલે વરઘોડા માટે પંદર મિનિટનો સમય એણે ફાળવેલો, અને વારંવાર મોબાઇલમાં સમય જોઈ રહ્યો હતો. બીજો એક કૉલેજનો ભાઈબંધ હતો જે એની વાગ્દત્તા નતાશા સાથે આવેલો, બંને એકબીજામાં ખોવાયેલા હતાં. છઠ્ઠાં હતાં સુકેતુનાં સીમાભાભી, કે જે કાયમ નવરાત્રિમાં પ્રાઇઝ જીતતાં. ક્રિકેટમાં જે ખેલાડી પહેલા ક્રમ પર રમવા આવી ને છેલ્લે સુધી રમે અને નોટઆઉટ રહે તો તેને કેરી ધ બેટ થ્રૂ કહે છે. આ સીમાભાભી ગરબામાં કેરી ધ બેટ થ્રૂ પ્રકારનાં ખેલાડી હતાં. એમને જોડીદાર મળે તો એ વધારે ખીલી ઊઠતાં, કુદરતી રીતે બેલેન્સ જાળવવા સીમાનો પતિ અસીમ ગરબાનો ઔરંગઝેબ હતો. સ્કૂલમાં પીટીના ક્લાસમાં કદમ-તાલ કરાવે ત્યારે પણ અસીમ ડ્રમની સાથે પગ મિલાવી નહોતો શકતો એટલો એ ડફોળ હતો. ગુજરાતી થઈને જેને ગરબા ના આવડતા હોય એને ડફોળ નહીં તો બીજું શું કહેવાય ?

આ ઉપરાંત એક વીડિયોવાળો, બે કેમેરાવાળા, અને એમની સાથે ત્રણ આસિસ્ટન્ટ છત્રી પકડવા માટે ઊભા હતા. એકંદરે ગરબા શરૂ થયા. ડીજેવાળાએ કોર્સ પૂરો કરવા કાલા કૌઆથી માંડીને ફરજિયાત વગાડવાં પડતાં બધાં ગીતો અને ગરબા ટૂંકમાં વારાફરતી વગાડ્યાં. બૂટડૂબ પાણી તો બધે જ હતું એટલે પગ ઠેરવવા મળે તેવી જગ્યા શોધી સૌએ નાચવાનું શરૂ કર્યું. એમાં સિવિલ એન્જિનિયર સૂરીલે છાકો પાડી દીધો. સાઇટના મજૂરો માટે ગમબૂટ ખરીદીને લાવેલો એ એની મારુતિમાં પડેલા, એમાંથી એક જોડી પહેરીને એ આવી ગયો. અને ‘છૈ છપ છૈ છપાક છૈ’ કરવા લાગ્યો. ફોટોગ્રાફરે નહીં નહીં તોયે ત્રણસો-ચારસો લગ્ન કવર કર્યાં હશે, પણ શેરવાની પર ગમબૂટ પહેરીને નાચતો જાનૈયો એમણે પહેલીવાર જોયો હતો. એટલે વીડિયોગ્રાફર અને ફોટોગ્રાફર બેઉ ચોત્રીસ સેફ્ટીપિનના ભરોસે બિન્દાસ નાચતાં સીમાભાભીને છોડીને સુરીલના સ્ટેપ પર ફોકસ કરવા લાગ્યા. છેલ્લે હીંચ ચાલુ થઈ ત્યારે કૂંડાળું પાડીને તાલ સાથે ડાબો હાથ આકાશ તરફ અને પછી જમણો હાથ જમીન તરફ કરતાં છ એ જણા પાણીમાં નાચી રહ્યા હતાં જેના કવરેજ માટે વીડિયોગ્રાફરે કૅમેરા તેમના હાથ પર ફોકસ કર્યો ત્યારે નાચનારા હાથને કાંડાથી બલ્બ બદલતા હોય એમ ઘુમાવી વરસાદી ગટરમાં જતાં પાણીને વધુ ઘૂમરીઓ ચઢાવી રહ્યા હતા ! વરરાજા સુકેતુએ તો બહાર નીકળવાની ચોખ્ખી ના પાડી દીધી હતી, ‘ઇટ ઈઝ સો ડરઠી આઉટસાઇડ’ ! વિઝાની વિટંબણામાં ત્રણ વર્ષે ભારત આવેલા સુકેતુને અમેરિકન ભાષા ચઢવા માંડી હતી.

આવામાં વરસાદના કારણે ફટાકડાના રૂપિયા પણ બચ્યા હતા. સુકેતુના ફુઆ મનોમન બધો હિસાબ માંડી રહ્યા હતા. એકબાજુ સાળા સુકુમારના રૂપિયા બચતા હતાં એની એમને ઈર્ષ્યા આવતી હતી, તો બીજી તરફ બધું ધિંગડ-ધિંગડ પતી રહ્યું હતું તે અંગે ભવિષ્યમાં ‘આમ તે કંઈ લગ્ન થતાં હશે ?’ કહી પત્ની આગળ ઊભરો ઠાલવી શકાશે એની એમને ધરપત હતી.

પેલી તરફ વરસાદના જોખમથી સુપરિચિત કન્યા પક્ષે તો જબરજસ્ત અગમચેતી વાપરીને મેકઅપવાળી છોકરીઓને હૉલ પર જ બોલાવી હતી જેથી મેકઅપ કર્યા પછી વરસાદમાં ક્યાંક ધોવાઈ ના જાય ! આજકાલ મેકઅપનું મહત્ત્વ લગ્ન કરતાં વધી ગયું છે એટલે જ લગ્નવિધિ કરતાં મેકઅપમાં હવે વધારે સમય જાય છે.



વરઘોડો ડીજેના તાલે ખાસ નાચ્યા વગર હૉલ પર પહોંચી ગયો. માંડવે તો ગાડીમાંથી ઊતર્યા વગર કોઈનો છૂટકો જ નહોતો એટલે બધાં ઊતર્યાં. જાનમાં આવેલા પુરુષોએ માથા ઉપર સુકેતુના મિત્રએ લાવેલા રેડિમેઇડ સાફા પહેર્યા હતા. વરસાદનું પાણી સાફાના કાપડના ગુલાબી રંગને આત્મસાત્ કરીને જાનૈયાઓના ખભા ઉપર ટપકતું હતું. આ દુર્ઘટના તરફ કોઈનું ધ્યાન જાય એ પહેલાં તો જોતજોતામાં સાફાધારીઓ ધાર્મિક પદયાત્રાના ગુલાલથી રંગાયેલા ભક્તો જેવા થઈ ગયા. દરવાજે મંડપ ઉપર તાડપત્રી નાખેલી હતી. ત્યાં પોંખવાની વિધિ ચાલી. માંડવા પર પાણી એકબાજુ ભેગું થયું હશે કે ગમે તેમ, માંડવાનો પ્રવેશદ્વાર તરફનો ભાગ ઘોડિયા જેવો ભાસતો હતો. પાણી ગમે ત્યારે મંડપ ફાડીને નીચે આવશે એવું જણાતાં સુકેતુના પપ્પાના ખાસ મિત્ર એવા સુરેશકાકાએ એમની દેશી છત્રીથી પાણી બીજે વાળવાનો પ્રયત્ન આદર્યો. છત્રીના વરસાદથી રક્ષણ સિવાયના આ પ્રકારના બીજા ઉપયોગો પ્રચલિત છે. ત્રીજા જ પ્રયત્ને સુરેશકાકાને સફળતા પણ મળી - પ્લાસ્ટિકમાં કાણું પાડવામાં. પછી તો પાણીએ પોતાનો રસ્તો શોધી લીધો અને સુકેતુ, સુકેતુનું નાક ખેંચવા પ્રયત્ન કરતી સાસુ, અને આ આખી ઘટનાનો નિર્દોષ આનંદ લઈ રહેલા જાનૈયા પર પાણીનો ધધૂડો પડ્યો. સુકેતુ અંગ્રેજીમાં કશુંક બોલ્યો. હવાયેલા ટોળાના સમગ્રતયા ભીના થવાથી માહોલમાં એકાએક ગરમી આવી ગઈ અને મોકો જોઈને હવે શું કરવું જોઈએ એ અંગે જાતજાતના લોકો ભાતભાતનાં સૂચનો આપવા લાગ્યા.

પછી તો દોડધામ મચી ગઈ. કન્યાપક્ષનો દરેક આદર્શ યુવાન બીજાં બધાં કામ પડતાં મૂકી ટુવાલ અથવા ટુવાલ તરીકે કામ આવે એવાં કપડાં શોધવા લાગ્યો. વરસાદને લીધે ગાદલાં પાથર્યાં જ નહોતાં એટલે ચાદર મળવાનો સવાલ જ નહોતો. એક જણે તો હાથ પર પાણી છાંટી સફેદ ટેબલ ક્લૉથથી લુછાય છે કે નહીં તે પણ ચકાસી જોયું, પરંતુ કાપડ ટેરિકોટન હતું એટલે બરોબર લુછાયું નહીં. બીજો રસોડામાંથી થાળીઓ લૂછવાનાં ગાભાં ઉઠાવીને નાઠો જેને જાગૃત મહારાજે અડધા રસ્તે પકડી પાડ્યો અને ગાભાં પાછા મુકાવ્યાં. ત્રીજો એક ઉત્સાહી યુવાન જાનૈયાને સ્ટાર્ટર સાથે આપવા માટે તૈયાર માત્ર આંગળીઓ લૂછવા ચાલે તેવાં દસ બાય દસ સેન્ટિમીટરની સાઇઝનાં અમદાવાદી ટિશ્યૂ પેપરની થપ્પી ઉપાડી લાવ્યો. આ બધી ગડમથલ બાદ એક જણ આજુબાજુની કોઈ દુકાનમાંથી અડધો ડઝન મદ્રાસી ટુવાલ ખરીદીને દિગ્વિજય મેળવ્યો હોય એમ હોલમાં પ્રવેશ્યો. જોકે, ટુવાલ નવા હતા એટલે એનાથી જોઈએ તેવું લૂછાયું નહીં, પણ તોયે કામ ચાલી ગયું. વરરાજા સુકેતુ માટે કોક ઉત્સાહી છોકરો હેરડ્રાયર શોધી લાવ્યો, પણ આ ડ્રાયર સુકેતુ કોરો થયો, અને બગડીને બંધ થયું, ત્યાં સુધી એક હાથમાંથી બીજા હાથમાં ફરતું રહ્યું. વૉટર ગેટના કારક સુકેતુના સુરેશકાકા છત્રી સાથે ભેદી રીતે ગુમ થઈ ગયા હતા જેમને છેક જમવાના સમયે કોકે ખૂણામાં ઊંધા ઊભા રહીને જમતાં જોયા હતા.

આ સિવાય પાછળ રસોડામાં પણ આવી જ કોઈ ઘટના બની હતી, પરંતુ જેની જાણ બહુ ઓછા લોકોને થઈ હતી. થયું એવું કે અડધું રસોડું પણ ટેમ્પરરી મંડપ નીચે કરેલું હતું. તેમાં કિચન શેડનું પ્લાસ્ટિક ફસકાયું અને જેમ વરરાજા પર ધધૂડો પડ્યો, બિલકુલ એમ જ દાળના તપેલામાં ધધૂડો પડ્યો. સદ્‌ભાગ્યે આજુબાજુ કોઈ નહોતું એટલે કોઈ દાઝ્યું નહીં, પણ મહારાજે છેલ્લે જમનાર સુધી દાળ ઉકાળી તોયે દાળ અમદાવાદી ચા કરતાં પણ પાતળી જ રહી. એકંદરે આ દાળ દામોદરકાંડની માહિતી સુકેતુના ફુઆ સિવાય બહુ ઓછા લોકોને પડી એટલે આવી નાની-મોટી ઘટનાઓ સાથે લગ્ન સંપન્ન થયાં. અને વરવધૂએ અમેરિકા જઈને ખાધું-પીધુંને નોકરી કીધી.

*બી-૭૦૪, લા-ગ્રાસિઆ રેસિડેન્સિયલ,*
*વિવેકાનંદ સર્કલ પાસે, મેમનગર,*
*અમદાવાદ-૩૮૦૦૫૨. મો. ૯૯૦૯૯૫૬૬૬૧*



# નવરી બજાર : હરખપદુડા હિતિયાનું હનિમૂન

- જીતેન્દ્ર ઠક્કર

હરખપદુડો હિતોય એટલે નવરી બજારની સૌથી જૂની આઈટમ. પાંત્રીસમા વરસે એનાં પૂછણાં આવવાની શરૂઆત થઈ. ગામમાં હિતિયાના બાપાની આબરૂ બહુ ઊંચી... પઈની પેદાશ નઈ, ને ઘડીની નવરાશ નઈ. ગામના ચોતરા ઉપર હિતિયાના બાપા, બારેમાસ બેઠેલા મળે. ગામની પંચાત કરવી અને બાપદાદાની મૂડીનું વ્યાજ આવે એમાંથી ઘર ચલાવવાનું. આ વારસો હિતિયાએ જાળવી રાખેલો. ગામના ઓળખીતા હોય, એ હિતિયાને કન્યા આપવાનું સપનેય ના વિચારે. આમ હિતિયાને લાગ્યું કે, આ ગામમાં આપણો ઉદ્ધાર નહીં થાય. છેવટે એણે ગામમાંથી ઉચાળા ભર્યા અને અમદાવાદમાં આવીને ઠલવાયો. ઘાટલોડિયા બાજુ ક્યાંક ભાડે રહેવાનું ચાલુ કર્યું. એમાં વળી બે-ચાર લૂખી લાટો જોડે ઓળખાણ થઈ, ભાઈ ચાની કીટલી ઉપર રોજ બેસે અને નવરીબજારના કાયમી સદસ્ય બની ગયા.

હિતિયો, નાટક કંપનીમાં જોડાયો. બેકસ્ટેજનું નાનું મોટું કામ કરે અને કલાકારોના ચા-પાણીની વ્યવસ્થા કરે. બે એક ચાનું બિલ વધારે મૂકી દે, એટલે સાંજ પડે ચાલીસ-પચાસની કટકી કરી નાખે. આમ કરતાં કરતાં લોકો હિતિયાને ઓળખવા માંડ્યા. બોલવામાં બોલ બચ્ચન. એટલે જલદી પોપ્યુલર થઈ ગ્યો. હિરોઇનો તો, હિતિયાભાઈ હિતિયાભાઈ કહેતાં કહેતાં અડધી થઈ જાય. પણ હિતિયાને ક્યારેય કોઈ વ્હાલથી હિતુ કહેનારું મળ્યું નહીં.

એકવાર હિતિયો ચાની કીટલીએ બેઠો હતો, ત્યાં ભરતિયો ભટકાયો, 'અલ્યા હિતિયા, લગ્ન ક્યારે કરવાં છે ?' હિતિયાએ જવાબ આપ્યો, 'કન્યા મળે તો આજે સાંજે કરવાં છે... જાતે ખીચડી રાંધીને કંટાળી ગયો છું.' ભરતિયાએ ઉભરો લાવા માટે ગેસ ફુલ કર્યો, 'અલ્યા, કન્યાની ક્યાં ખોટ છે ? પેલી ભારતી તો તમારી બહુ વાતો કરતી હોય છે ? દાણા નાખો એને... મેળ પડી જશે...' હિતિયો હરખાયો, 'ભારતી ભંડકિયાવાળા ? અરે હા ! એ મને રોજ કહેતી હોય છે, ક્યારેક તો આવો ઘરે... હવે સમજાયું, એના આમંત્રણની પાછળ ગૂઢ રહસ્ય ભરેલું હોય છે.'

ભારતી ભંડકિયાવાળા એટલે નાટક કંપનીની હેરડ્રેસર. બહેનને કોઈ લેતું નહતું અને ભાઈને કોઈ દેતું નહતુંવાળો ઘાટ હતો. ભારતી થોડી વજનમાં ભારે અને જીભ સહેજ અચકાય. હિતિયાને વજનનો તો વાંધો હતો જ નહીં. અને જીભ અચકાય એમાં સંસાર ક્યાં અટકવાનો છે ! હિતિયાએ મન મનાવ્યું. તરત જ મોબાઈલ કાઢીને ભારતીને ફોન જોડ્યો. ''હે... ભારતી !'' સામે જવાબ મળ્યો ''ના એની બા બોલું છું... ભારતીને આજે સોળ સોમવારનું વ્રત છે એટલે મહાદેવજીની પૂજા કરે છે.''

હિતિયાએ હરખથી કહ્યું, ''મમ્મી... ભારતીને કહો આજે આ છેલ્લો સોમવાર... વ્રત ઊજવી નાખે...''

બાએ જવાબ આપ્યો, ''એટલે... એ ભોળિયા તમે છો !''

હિતિયાએ શરમાતાં ''હા'' પાડી.

ભારતીની બાએ ચાલુ ફોને જ બૂમ પાડી, ''ભારતી, હવે ઘંટડી વગાડવાની બંધ કર ! તને કોઈ ભોળિયો ભટકાયો છે, જીવનભર એની જ ઘંટડી વગાડજે...'' ભારતીએ દોડીને આવીને, એની બાના હાથમાંથી ફોન ઝૂંટવી લીધો... ''કોણ ! મનિયો મેકઅપ મેન !'' હિતિયાએ હરખથી કહ્યું, ''હું હિતુ...'' ભારતીએ જવાબ આપ્યો, ''એટલે મનિયો કેન્સલ અને હિતુ બનશે મારો હ... હ... હકદાર ?'' હિતિયાએ કન્ફર્મ કર્યું, ''હા, ભારતી ! મને જાણવા મળ્યું કે તારી ગાડી અચકાતી અચકાતી હિતેશના હાઈવે ઉપર ઊભી થઈ ગઈ છે... તારા કાયમી પાર્કિંગ કરવાની ઇચ્છા છે... સાચું છે ?''

ભારતીએ શરમાયા વગર શરૂ કર્યું, ''નાનાં નાનાં સ્ટેશનોએ પાંચ પાંચ મિનિટ ગાડી ઊભી રાખવી, એનાં કરતાં ગૅરેજમાં જ કાયમી ઊભી રાખવી શું ખોટી ?'' હિતિયો સમજી ગયો, એણે ગોળધાણા ઓનલાઈન મોકલી આપ્યા. ભારતી ભંડકિયા અને હિતિયો હરખપદુડો હવે જીવનસાથી બનવાનાં હતાં. બંનેના ઘરનાંને જાણે જેકપોટ લાગ્યો હોય તેવી લાગણી થતી હતી. ભારતીને ચાર બહેનો હતી. ચારેય બહેનોએ ભાગીને લગ્ન કરેલાં. ઘરમાં આ પહેલું લગ્ન હતું, જે કાયદેસર થવાનું હતું. સામે પક્ષે હિતિયાને પણ કંઈ વખાણવાલાયક હતું નહીં. ગામમાં લગ્ન કરે તો, ઉઘરાણીવાળા સિવાય કોઈ જાનમાં આવે તેમ ન હતું. એટલે અમદાવાદ ખાતે ભુદરપુરા પાસે આવેલ મ્યુનિસિપલ ગાર્ડનમાં રિસેપ્શન રાખવામાં આવ્યું. નાટક મંડળીના પંદરેક મિત્રો આવ્યા... ભારતીના પક્ષે પાંત્રીસેક જણ ભડકીલાં કપડાંમાં લગ્નમાં જોડાયાં. પ્રસંગ માંડમાંડ પાર પડ્યો. એક ભેંસ ભડકી હતી અને ચારેક જણને અડફેટે લીધા હતા, એ સિવાય બધું ટનાટન હતું. જમણવારમાં દાળ-ભાત, શાક-પૂરી અને શ્રીખંડ મુખ્યત્વે હતો. બધાંએ ભોજનનાં ખૂબ વખાણ કર્યાં. શ્રીખંડ ખાસ રોકડેથી લાવવામાં આવ્યો હતો એટલે બધાંને ભાવ્યો. લગ્નનું એ જ આકર્ષણ હતું. ચાલો, આમ હિતિયો બે પાંદડે થયો ખરો !

હવે વાત આવી હનિમૂનની... હિતિયાનાં દાદીમાએ જૂનાગઢ જવાની વાત કરી. બાપાએ બહુચરાજી અને તારંગા જવાની ભલામણ કરી. બાજુવાળાં બચીબેને તો યુક્રેન જવા સૂચવ્યું. ત્યાં અત્યારે ખૂબ એકાંત મળશે તેમ પણ કહ્યું, છેવટે સાણંદ પાસે આવેલા એક રિસોર્ટમાં હનિમૂન માટે જવાનું પાક્કું થયું. સાવ સસ્તામાં પહોંચી જવાય, અને ઓળખીતા મિત્રને કારણે દૈનિક ૫૦૦ રૂપિયામાં રૂમ મળી ગયો. આમ, હિતિયા અને ભારતીનું હનિમૂન ગોઠવાયું. બાએ હિતિયાને જાતજાતની ભલામણ કરી, "જેવું તેવું ખાતો નઈ, રાત્રે દૂધ પીવાનું રાખજે, ગેસ થાય તેવું કંઈ જમવાનું નઈ ! વગેરે વગેરે..."

બાપાએ પણ હિતિયાને બહુ હરખઘેલા થવાની ના પાડી... ચ્યવનપ્રાશની એક બોટલ આપીને કહ્યું, "રોજ એનું સેવન કરજે."

હિતિયાએ સવારે બૅગ ભરી. ભારતીને બૂમ પાડીને બોલાવી. હરખમાંને હરખમાં ભારતી ઠેબે ચડી. ગોઠમડું ખાઈ ગઈ... નાકે સહેજ છોલાયું... બાકી આમ બચી ગઈ...

ભરતિયાએ ખાસ રિક્ષા ભાડે કરેલી... ઘાટલોડિયાથી સાણંદ રિસોર્ટ સુધી. રિક્ષાને થોડી શણગારેલી પણ ખરી. રિક્ષા પાછળ "જસ્ટ મેરિડ"નું પાટિયું પણ મારેલું. બંને રિક્ષામાં ગોઠવાયાં. બૅગ ખોળામાં રાખી. ઘરનાં એ "બોલો અંબે માત કી જય"ના નારા બોલાવ્યા. રિક્ષા સ્ટાર્ટ થઈ ખરી... બધાંના આશ્ચર્ય વચ્ચે રિક્ષા બે કલાકે રિક્ષા રિસોર્ટ પાસે ઊભી રહી. દરવાજે ચોકીદારે રોકી. હિતિયાએ વટથી કહ્યું, "બુકિંગ છે." ચોકીદારે ખખડાવ્યા, "તંબૂરો બુકિંગ છે ! આ પ્રાઈવેટ બંગલો છે. રિસોર્ટનો ગેટ આગળ છે." રિક્ષા આગળ જવા દીધી. રિસોર્ટમાં કોઈ હતું નહીં. છેક અંદર રૂમો જેવું હતું. ત્યાં એક માજીએ હાથ કર્યો. હિતિયાએ રિક્ષા ત્યાં વાળી. છેવટે માજીએ કહ્યું, "ચાર નંબરના રૂમમાં જાવ," હિતિયો ભારતી અને બૅગને લઈને ચાર નંબરના રૂમ તરફ ઉત્સાહભેર ગયો. બાકીના બધા રૂમ પર તાળાં મારેલાં હતાં અને રૂમ ખૂબ આવાવરું જેવા લાગતા હતા. ચાર નંબરનો રૂમ ખોલ્યો. અંદરથી કબૂતર બહાર નીકળ્યું. રૂમ પ્રમાણમાં સારો હતો. આજે જ સાફ કર્યો હોય તેવું લાગતું હતું. ચાદર ઉપર એકાદ બે દાગ હતા, બાકી ચાદર પણ પ્રમાણમાં સારી હતી. ભારતી ખૂબ ઉત્સાહમાં હતી. આજે એના મનના માણીગર સાથે... હિતિયો પણ ખૂબ ગેલમાં હતો, પહેલીવાર એ કોઈ છોકરીને "બેન" કહીને નહીં બોલાવે એનો આનંદ હતો. હિતિયાએ બૅગમાંથી ખાખરા કાઢ્યા... બેલ મારીને ચા મંગાવી... બંનેએ ચા-ખાખરા ખાઈને નવા જીવનની શરૂઆત કરી. લંચ માટે ઓર્ડર કર્યો, "સારામાં સારી થાળી લાવો..." એક માત્ર વેઇટરે કહ્યું, "અહીં કેન્ટિન ત્રણ મહિનાથી બંધ છે. માત્ર ચા-કોફી હું બનાવું છું. જમવાનું તમે કહો તો સામે જય બજરંગ રેસ્ટોરંટ છે ત્યાંથી લેતો આવું." હિતિયાએ બે પરોઠા, પનીરનું શાક, દાલફ્રાય અને જીરારાઇસનો વટથી ઓર્ડર આપ્યો અને પાંચસોની નોટ પકડાવી. ભારતી પણ દિવાળીમાં હોય એનાથી પણ વધારે ખુશ હતી. પહેલી વાર પનીરનું શાક ખાવાનો ઉત્સાહ એનેરો હતો.

લંચ આવી ગયું. ખૂબ તીખું હતું. ભારોભાર ગરમ મસાલા નાખેલા હતા. તેમ છતાંય બંને જણાંએ દબાવી દબાવીને લંચ કર્યું. ઘેરથી લાવેલી સેવ અને ગાંઠિયા પણ જોડે ખાધા. અડધો કલાક આરામ કર્યો... હિતિયાએ ધડાકા ચાલુ કર્યા. ભારતીએ પણ નાની નાની લૂમો ફોડવા માંડી. બંનેને લાગ્યું કે પનીર અને દાલફ્રાયે પોતાની તાસીર બતાવવાનું શરૂ કર્યું છે. હિતિયાએ લેટ્રિન તરફ દોટ મૂકી, હજી એ નીકળે એ પહેલાં તો ભારતીએ ખખડાવવાનું શરૂ કર્યું. હિતિયો બહાર નીકળ્યો, ભારતી ભરાઈ... આવી દોડપકડ ખૂબ ચાલી. હિતિયો કલાકમાં તો ઢીલો ઘેંસ થઈ ગયો. ભારતી તો વસૂકી ગયેલી ગાય જેવી થઈ ગઈ. પથારીમાં પડી પડી "અરે રે... મારાથી તો બો... બો... બોલાતું પણ નથી..." હિતિયો એના નસીબને ગાળો બોલતો હતો... "સામે બત્રીસ પકવાન હોવા છતાં નકોરડો ઉપવાસ કરવાના દિવસો આવી ગયા... હે ભગવાન.. મારી સાથે જ આવું કેમ ?" બંને જણાં રાત્રે ગોડાઉનમાં અલગ અલગ પડેલી કોથળીઓની જેમ સૂઈ ગયાં... અવારનવાર લેટ્રિન તરફ ભાગવું પણ પડતું હતું... સવારે હજી આંખો ખૂલે તે પહેલાં ભરતિયાનો ફોન આવ્યો, "શું હિતુ રાજા... જલસામાં ને ? હનિમૂન કેવું રહ્યું ?" હિતિયો શું જવાબ આપે ! ભાદરવામાં ઉપવાસ કરવાનો આવે, તે કહે કોને ! હે... હે... હે... કરીને હિતિયાએ ફોન કટ કર્યો. હવે નાછૂટકે ઘેર પરત જવાનું નક્કી કર્યું હતું. કારણ કે નર્મદાબંધની ઊંચાઈ કરતાં પાણી વધારે વહેતું હતું. ઘરે જવા માટે રિક્ષા બોલાવી. બંને જણાં રિક્ષામાં ગોઠવાયાં, રિક્ષાવાળાને કડક સૂચના આપી, "રિક્ષા ધીમે ચલાવજે અને બંપ આવે ત્યાં કૂદાવતો નહીં." વરઘોડિયાં ઘેર પહોંચ્યાં. ભારતીવહુ કરતાં બા વધારે શરમાતાં હતાં. આજુબાજુની છોકરીઓ હિતિયાને ઈશારા કરતી હતી. હિતિયો ચૂપ હતો. હિતિયાનું હનિમૂન કેવું રહ્યું ! એ કોઈએ પૂછ્યું... જવાબમાં હિતિયાએ બેગમાંથી બગડેલાં બાળોતિયા બતાવ્યાં. બા બધું સમજી ગઈ. તે બોલી, "એટલે જ મેં કહ્યું હતું જેવું તેવું ખાતાં નહીં... ધોયેલા મૂળા જેવાં પાછાં આવ્યાને !"

*૩, સંજય પાર્ક, સુંદરવનની પાછળ,*
*સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.*
*મો. ૯૮૨૫૩૬૫૪૪*

# તમે પત્નીને ઘરકામમાં મદદ કરો છો ?

*- કિશોર અંધારિયા*

**અ**ત્યારે 'આત્મનિર્ભર' શબ્દ બહુ જાણીતો બન્યો છે. સૌ કોઈ સ્વનિર્ભર બની રહ્યા છે, પરંતુ પત્નીઓની બાબતમાં આ અર્ધ નહીં, પણ પૂર્ણ અસત્ય સાબિત થાય તે પૂર્ણ સત્ય છે ! કારણ પત્નીઓ આમ કામકાજ બાબતે પતિ - નિર્ભર હોય છે.

પ્રામાણિક ઉત્તરની અપેક્ષાએ પતિ-વર્ગને એ પૂછવાનું પ્રયોજન છે કે 'તમે પત્નીને (અલબત્ત તમારી પોતાની પત્નીને સમજવું) ઘરકામમાં મદદ કરો છો ?' તેના જવાબ વિશે જવાબદારીપૂર્વક વિમર્શ કરતાં એ નિષ્કર્ષ નીકળે છે કે સાચા જવાબ માટે સવાલ પણ સચોટ હોવો જોઈએ. વાસ્તવમાં હવે એમ પૂછવું જોઈએ કે ''પત્ની તમને કામમાં મદદ કરે છે કે નહીં ?'' કારણ કે હવે ઘણી બધી ઘરકામની જવાબદારી પુરુષોએ સ્ત્રી સમોવડા બની ઉપાડી લીધી છે. પત્નીનો પડ્યો બોલ ઝીલવા પતિ એક્સપર્ટ બૉલરની જેમ તૈયાર રહે છે, કેટલાક પુરુષોની ગણતરી સારા સેલ્સમેનમાં એટલે થાય છે કે તે મૅરીડ હોવાથી તેને ઓર્ડર લેવાની આદત પડી ગઈ છે.

આ સંદર્ભે એવી ગેરસમજ થવાની શક્યતા છે કે પત્નીઓને હવે કામ નહીં રહેવાથી માત્ર સૂતાં રહેવા જેવી નિરુપદ્રવી પ્રવૃત્તિ જ રહેતી હશે, પરંતુ એ માન્યતાનું ખંડન કરતાં કહેવું રહ્યું કે કૂકર ગેસ પર મૂકી સીટીની ગણતરી કરવી પરની આંશિક સફાઈ કરવી લાવેલાં શાકભાજી ફ્રીઝમાં યોગ્ય રીતે ગોઠવવાં, સમારેલાં શાકભાજી ફરી સમારાઈ ન જાય તેનું ધ્યાન રાખવું, દૂધને ગરમ કરવું, રસોડાનાં વાસણ સરખાં ગોઠવવાં. વૉશિંગ મશીનમાં કપડાં ધોવા નાખવાં, જેવાં અને અહીં નિર્દેશ ન કર્યા હોય એવાં કામો ભલે એને ન કરવાનાં રહ્યાં હોય, પરંતુ એ બધાં જ કાર્યો પતિ દ્વારા યોગ્ય રીતે અને યોગ્ય ક્રમમાં જ થાય એ જોવાનું માનસિક રીતે થકવી નાખનારું મહાકાર્ય પત્નીઓને શિરે જ રહ્યું. પતિ તો ચિઠ્ઠીના અને પત્નીના ચાકર તેણે કામ કરવાનાં હોય બુદ્ધિ થોડી વાપરવાની હોય ? છતાં અમુક પત્નીઓ મૂળભૂત રીતે અસંતોષી હોય છે. એક પત્નીએ કહ્યું : 'હું સવારે ઊઠીને દરરોજ પ્રાર્થના કરું છું કે બધી સ્ત્રીઓને તમારા જેવી પતિ મળે.

'એમ ?' પતિએ જિજ્ઞાસા વ્યક્ત કરી.

'ત્યારે...' પત્નીએ કહ્યું, 'હું એકલી શું કામ દુઃખી થાઉં આવી ?!

આવી પત્ની પછી રસોડામાંથી રાંધતી વખતે એક હાથ કેડ પર મૂકી બીજા હાથમાં વેલણ રાખી સવાલ કરે કે 'તમને એક આપું કે બે ?

ત્યારે પતિએ કહેવું પડે, 'તું રોટલી કે ભાખરી એની ચોખવટ કર, આમાં ખોટી ગેરસમજ થાય છે !'

ઘરબહારના કામ વિશે વિચારીએ તો એ સમયે પત્ની હંમેશાં પતિની સાથે ને સાથે રહી પ્રોત્સાહક ટેકો આપતી જ રહી છે. ઉદાહરણ સ્વરૂપે શોપિંગ મૉલમાં જવાનું થાય તો શું શું ખરીદવાનું છે એ નક્કી કરવાનું કડાકૂટવાળું કામ પત્ની વગર કહે સાંભળી લે છે. પતિ ના પાડે તો બિલ ચૂકવવા જેવું અને વજન ઉપાડવા જેવું સરળ કામ જ આવતું હોય છે.

બજારમાં પતિને સાથે જવાનું થાય તો પત્ની પહેલાં લાડમાં એને પૂછતી હોય છે, શું લાગે છે પાંચ કિલો વટાણા લઈ લઉં ?

'હા, હા લઈ લે તું તારે.'

અને પછી પત્નીનો સૂર બદલાઈ જાય છે, એમાં પોરસાઈ ન જાવ. હું સલાહ નથી માગતી, પૂછું છું, આટલા વટાણા તમે એક સાથે ફોલી તો શકશો ને ?

આમાં પતિ બિચારો શો જવાબ આપે ? લગ્ન પછી પુરુષે પોતાની 'ડિકશનેરી'માંથી 'ના' શબ્દ તો કાઢી જ નાખ્યો હોય છે, ખાસ કરીને પત્ની સાથેની વાતચીતમાં. જો કે, આમ જુઓ તો લગ્ન પછી પુરુષે બોલવાનું પણ કેટલું જ આવે છે !

ગૃહસ્થ જીવનના પાયામાં પણ ગૃહકાર્ય રહેલું છે તેની વાત કરીએ. એક માણસે પોતાના મિત્ર પાસે કબૂલાત કરી કે 'ધોબી પાસે કપડાં ધોવરાવીને, હોટેલનું ખાઈને અને મેલાં થયેલાં મોજાં પહેરીને હું કંટાળેલો... એટલે પછી પરણી ગયો !'

'આ બાડી નવીન કહેવાયા ! પેલા મિત્રએ જવાબ વાળ્યો'... કેમ કે, આ જ કારણોસર મેં તો છૂટાછેડા લીધા હતા બોલો !'

હવે આ લેખના શીર્ષકની સાર્થકતા ચકાસવા માટે એક સોસાઈટીમાં બનતી ઘટનાઓ તરફ જરા આંખ - કાન માંડીએ.

'આજે ભરેલ રીંગણનું શાક બનાવવાની છે તે ઈન્દુ, મારી બિન્દા !?' બાબુ જોગી ઉર્ફે બાબુ ડોંગીએ નાકનાં ફોયણાં ફુલાવી સૂંઘવાની અદા કરતાં કહ્યું.

'હા, મારા ગંધજ્ઞ સ્વામી !' ઈન્દુબેને સામી મજાક કરતાં કહ્યું, 'આજે ઘરઘંટી બગડી ગઈ છે તો તમે ઘઉં દળાવવા લોટનો ડબો ઘંટીએ મૂકતા જશો ?'

'શું કહ્યું ?'

'એ જ, કે જે તમે સાંભળ્યું.'

'એટલે તું મને પણ ડબ્બો સમજે છે તે હું ડબ્બો મુકવા જાઉં ?' બાબુ જોગી ચિડાયા.

નીચા કદના બાબુ જોગી તરફ માથાથી પગ સુધી દૃષ્ટિ નાખતાં ઈન્દુબેને જવાબમાં કહ્યું, 'એમાં કંઈ તમે નાના કે નીચા નહીં થઈ જાવ... જરા આપણી સોસાઈટીના અન્ય ઘરે કે ચાલો, તમારા મિત્ર પ્રોફેસર માંકડના ઘરે જોઈ આવો... પ્રોફેસર જયજયવંતીબેનને કેટલી મદદ કરે છે !'

'ચાલો, જાઉં.'

'ક્યાં એમના ઘરે ?'

'નક્કામી મજાક ન કર ઈન્દુ, બહાર જાઉં છું, પરંતુ

સાંજે આમ પણ તેમના ઘરે જવાનો છું. તેમણે એક વસ્તુ મારી પાસે બજારમાંથી મંગાવી હતી એ દેવા જવાની છે.

સાંજે બાબુ જોગી પ્રો. માંકડના ઘરમાં પ્રવેશ્યા એટલે ડ્રોઇંગરૂમમાં જાજરમાન જયજયવંતીબહેને તેમને આવકાર્યા.

'ક્યાં ગયા અમારા પ્રોફેસર મિત્ર ?' તેમણે પૂછ્યું.

'આવે આવે હમણાં. બેસો તમે'

'પણ એ ગયા ક્યાં ?'

'એ ક્યાંય ખોવાઈ નથી ગયા... અમારું ટેનામેન્ટ એટલું મોટું નથી ! એ કિચનમાં છે.'

એ કિચનમાં અને તમે અહીં બહાર ?... એવું તેમણે પૂછ્યું નહીં, પણ પત્નીની વાત યાદ આવતાં શંકાશીલ ચોક્કસ બન્યા. ઊભા થઈ આમતેમ આંટા મારવા લાગ્યા, પરંતુ રસોડા તરફ જવાની હિંમત ન થઈ. બાર જયજયવંતીબહેનનો જાણે ચોકી પહેરો હતો !'

'આજે તો ચા પીશોને બાબુભાઈ ? સાથે એક સ્પેશિયલ નાસ્તો મળશે...' જયજયવંતીબહેને કહ્યું.

'હા, હા પ્રોફેસર સાથ આપવાના હોય તો શું કામ નહીં ?' હવે તેની શંકા દઢ થઇ ગઈ કે માંકડ નક્કી રસોડામાં કંઈક બનાવી રહ્યા લાગે છે અને જયજયવંતીબેન અહીં આમ આરામ ફરમાવી રહ્યાં છે !

ઇન્દુની વાત સાચી હશે ? એ વિચારવા લાગ્યા. એટલીવારમાં પ્રો. માંકડ કિચનમાંથી ભીનાં, બગડેલાં કપડાંએ બહાર આવ્યા અને બોલ્યા, 'આ રસોડાની સીન્કનો નળ બગડ્યો હતો. કોઈ પ્લમ્બર ન આવતાં જાતે રિપેર કર્યો...'

બાબુ જોગીના ચહેરા પર ખેંચાયેલી ઉચાટની લકીર અદૃશ્ય થઈ ગઈ અને જાણે હાશકારાનો અનુભવ થયો !

'અચ્છા, એમ હતું' એ બોલી ઊઠ્યા. જયજયવંતી-બહેન કે પ્રો. માંકડને બાબુ જોગીનું આ 'એમ હતું ?' સાંભળી કૌતુક થયું પણ કંઈ સમજાયું નહીં.

જયજયવતીબહેન અંદર જઈ ચા બનાવી અને સાથે ભાખરવડીના નાસ્તાની ડિશ લઈ બહાર આવ્યાં. 'લ્યો આ સ્પેશિયલ આઇટમ.'

બાબુ જોગીએ ચાની ચૂસકી લગાવી ત્યાં જ દેખાવે હાઇટવાળા અમોલ પાલેકર જેવા લાગતા સોસાઈટીના સુધાકરભાઈએ પ્રવેશ કર્યો અને એમને જોતાં જ બોલી ઊઠ્યા, 'અરે બાબુભાઈ, તમેય ટેસ્ટ કરવા અહીં આવી પહોંચ્યા કે શું ?'

બાબુ જોગીએ મોઢે માંડેલ કપ ત્યાં જ સ્થિર થઈ ગયો તેને કઈ સમજાયું નહીં.

'આવો સુધાકરભાઈ,' જયજયવંતીબહેને તેમને આવકાર્યા, 'હેમાબહેન ન આવ્યાં ?'

એક્ચ્યુઅલિ હેમાએ તો મને મોકલ્યો... કહે, મોબાઇલ કરવાને બદલે રૂબરૂ જઈ આવો.'

બાબુ જોગી અકળાઈ ઊઠ્યા, 'આ બધી શી વાત છે ? કંઈક ફોડ તો પાડો ! પાછા મને પણ શું કહો છો... કંઈક ટેસ્ટ વિશે ?'

સુધાકરભાઈ બિલકુલ એની પાસે બેસી જઈ ડિશમાંથી એક ભાખરવડીનો ટુકડો લેતાં બોલ્યા, 'આની વાત છે. બાબુભાઈ... કેમ લાગી તમને ?'

'હજુ તો મેં ચાખી નથી. પરંતુ પ્રોફેસરના ઘરે તો બધું ટેસ્ટી જ હોય છે ને'

'પણ ટેસ્ટમાં બેસ્ટ, ખાઓ તો જાણો... એવી આ ભાખરવડી ચાખો તો આફરીન પોકારી ઊઠશો અને...'

એટલીવારમાં એક પીસ મોઢામાં મૂકતાં બાબુ જોગીને પણ સ્વાદ ગમ્યો અને બોલી ઊઠ્યા, 'વાહ ! ક્યા સ્વાદ હૈ ! નાઇસ ભાભી, બહુ જ સરસ બનાવી છે.'

'થેન્ક યુ ! પણ આમાં મારો હાથ નથી.' જયજયવંતીબહેને કહ્યું, 'આ તમારા પ્રોફેસર મિત્રની પસંદ છે.'

'અચ્છા ?' પ્રો. માંકડ તરફ જોઈ એ બોલ્યા,' ક્યાંથી લઈ આવ્યા આ આઇટમ ? મનેય કહેજો તો હું પણ લઈ આવીશ...'

પ્રો. માંકડ અને સુધાકરભાઈ હસવા લાગ્યા. જયજયવંતીબહેન સ્મિત સાથે બોલ્યાં,' આ ભાખરવડી ક્યાંથી લાવ્યા નથી. આ તો તમારા મિત્રએ બનાવી છે.'

'શું કયો છો ? પરંતુ મારા કોઈ એવા મિત્ર નથી કે જેને ફરસાણની દુકાન કે એવું કંઈ હોય.'

સુધાકરભાઈએ અલબત પોતાના કપાળ પર હાથ મૂકી કહ્યું, 'તમને કેમ સમજાવવું ? આ આપણા મિત્ર પ્રોફેસર માકડે બનાવી છે.'

'શુંઊઉ?' બાબુ જોગીના હાથમાંથી ચાનો કપ પડતાં પડતાં રહી ગયો.

જયજયવંતીબહેન બોલ્યાં, 'હું કેટલીયવાર બનાવું છું પણ આવી ટેસ્ટી નથી બનતી... પ્રોફેસરના હાથમાં કમાલની આવડત છે.'

'એટલે તો હું કહું છું.' સુધાકરભાઈએ વચ્ચે નિવેદન આપ્યું, 'હેમાએ મને ખાસ થેંક્યું કહેવા મોકલ્યો અને કહેવડાવ્યું છે કે એકવાર એ પણ પ્રોફેસર પાસે ભાખરવડી બનાવવાનું શીખવા આવશે.'

'ચોક્કસ.' પ્રો. માંકડ બોલ્યા.

સુધાકરભાઈએ આગળ ચલાવ્યું. 'આપણને શું કે ચા, કૉફી કે પછી ખીચડી, ભાત, બટેટા બાફી તેનું શાક જેવું સામાન્ય કંઈક બનાવતાં આવડે પણ પ્રોફેસર તો પ્રોફેસર છે બાકી !'

એક પછી એક આશ્ચર્યોના મારા વચ્ચે બાબુ જોગીની ચા અને મગજ બંને ઠરી ગયાં.

ઘરે જઈને માત્ર તેમણે એટલું કહ્યું કે, 'લોટનો ડબો ક્યાં છે ? હું મૂકતો જઈશ અને લેતો પણ આવીશ !'

ત્યારે તેમનાં પત્ની ઇન્દુબહેન અમાપ અચરજથી તેમની સામે જોઈ રહ્યાં !

આમ પતિઓ જરા મોટું દિલ રાખે ! સ્ત્રી સમોવડા તો બનવું રહ્યું.

*એ/૨૦૧, સિદ્ધેશ્વર પેરેડાઇઝ, હરણી-સમા લિંક રોડ,*
*બ્રાઇટ સ્કૂલ પાસે, હરણી, વડોદરા-૩૯૦૦૨૨.*
*મો. ૯૪૨૦૧૮૨૭૪૭*

# ઉઘાડી રાખજો બારી

- નગીન દવે

**ના**નપણમાં વેકેશનમાં ટ્રેનની મુસાફરી કરવાનો આનંદ જ અનેરો હતો. સ્ટેશને પહોંચીએ ત્યારે ટિકિટબારી હજી ખૂલી ન હોય. લાઇનમાં ઊભા રહી જવાનું. લાંબા ઇંતેજારના અંતે બારી ખૂલે અને ધક્કામુક્કી શરૂ. કંઈકનાં ખિસ્સાં હળવાં થાય. કોઈ પડી જાય. ત્યાં પાવો વાગે. ગાડી આવે એ પહેલાં પાંચ મિનિટે ટિકિટબારી બંધ થઈ જાય. ઘણા મુસાફરો રઝળી પડે.

એક વાર પત્નીએ રૂસણું લીધું. મેં પત્નીને મનાવવા પ્રયત્નો કરવા માંડ્યા. ફિલ્મ ''આસ કા પંછી''નું આ ગીત પણ હું ગણગણવા માંડ્યો : ''તુમ રૂઠી રહો, મૈં મનાતા રહું ઈન અદાઓં પે ઔર પ્યાર આતા હૈં'' પરંતુ ત્યાં ફિલ્મમાં વૈજયંતીમાલા જે પ્યારભર્યો જવાબ આપે છે એવું કાંઈ બન્યું નહીં. છેલ્લાં મનામણાં તરીકે મેં આ શનિ-રવિની રજાઓમાં આબુ ફરવા જવાનો પ્રસ્તાવ મૂક્યો અને રૂસણું શમી ગયું.

વહેલી સવારે અહીંથી જ ઊપડતી ટ્રેન પકવા સ્ટેશને પહોંચી ગયા. શિયાળાના પ્રારંભે શીતળ પવનની લહેરખીઓની મજા માણતાં ટિકિટ ખરીદી પ્લેટફોર્મ પર ઊભેલી ગાડીમાં બેસી ગયાં. પત્નીને બારી પાસે જગ્યા મળી જતાં ખુશખુશાલ થઈ ગઈ. હું બાજુમાં બેઠો. બારી એટલે વાતાયન. બારી પાસે બેસવું એટલે તનમન પુલકિત. પ્રાકૃતિક સૌંદર્યનો નઝારો નિહાળવાનો અમૂલ્ય અવસર. બારી ઉપર કેટકેટલાં સુંદર કાવ્યો રચાયાં છે, તેનું સ્મરણ થવા માંડ્યું.

સૌંદર્યના કવિ પ્રહ્લાદ પારેખે સને ૧૯૪૦માં ''બારી બહાર'' કાવ્ય સંગ્રહ આપેલો જેની સવિસ્તાર પ્રસ્તાવના કવિ ઉમાશંકર જોશીએ લખેલી. આ કાવ્યસંગ્રહની બીજી રચના ''બારી બહાર''ની આ પંક્તિઓ હું પ્રસન્નચિત્તથી ગણગણવા માંડ્યો :

વર્ષોની બંધ બારીને આજ જ્યારે ઉઘાડતો,
''આવ-આવ'' દિશાઓથી સૂર એ કર્ણ આવતો
આવે વાયુ પ્રથમ ભીતરે સિંધુના મોજ ચૂમી
ઘૂમીઘૂમી વનવન મહીં પુષ્પની ગંધને લૈ
માળે માળે જઈ જઈ લઈ પંખીનાં ગાનસૂર.
લાવે હૈયે નિકટ મુજબ જે આંખથી હોય દૂર

ભાવનગર રાજ્યના દીવાન સર પ્રભાશંકર પટ્ટણીએ પણ એક કવિતામાં કહેલું : દુઃખી કે દર્દી કે કોઈ ભૂલેલા માર્ગવાળાને વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી.

એક સમયે જૂના ગુજરાતી ચલચિત્ર 'મંગળફેરા'નું આ ગીત ખૂબ લોકપ્રિય થયેલું :

સનમ મારી કસમ તારી
ઉઘાડી રાખજે બારી.

હિન્દી ઉર્દૂના ઘણા શાયરોએ પણ 'બારી' પર શે'રો લખ્યા છે તે પણ યાદ આવી ગયા.

ડૉ. સલમાન અખ્તર કહે છે :

મૈં યે સમજા થા કિ બાહર ભી અંધેરા હોગા

નાહીદ અખ્તર બલૂચ કહે છે આ શે'રમાં :

આપની આંખો કો બેચકર ''નાહીદ''

નાસિર કાજમીનો આ પ્રખ્યાત શે'ર :

સો ગયે લોગ ઉસ હવેલી કે

એક ખિડકી મગર ખૂલી હૈ અભી.

આદિલ મન્સૂરીનો આ શેર યાદ આવી ગયોઃ

દરવાજા બંદ દેખકે મેરે મકાન કા

ઝોંકા હવા કા ખિડકી કે પર્દે હિલા ગયા.

આમ, મારું મન બારીનાં કાવ્ય શે'ર, શાયરીઓમય બની ગયું હતું ત્યાં સીટી વાગી.

ગાડી ઊપડવાની તૈયારી હતી. પેસેન્જરો ઝડપથી ડબ્બામાં પ્રવેશી રહ્યા હતા. ફેરિયાઓ બારી પાસે આવી ઊંચા અવાજથી ગ્રાહકોને આકર્ષી રહ્યા હતા.

એક મહિલા તેનાં બે બાળકો સાથે ડબ્બામાં દાખલ થઈ. બાળકો માનો પાલવ પકડી કજિયા કરી રહ્યાં હતાં. ગિરદી વીંધતી તે છેક અમારા સુધી પહોંચી ગઈ.

''મમ્મા... મમ્મા.... મારે બારી પાસે બેસવું છે.. મને બારી પાસે બેસાડ અને તું મારી પાસે બેસજે.''

''જો બેટા, ત્યાં આંટી બેઠાં છે ને તને થોડી જગ્યા આપશે.'' કહીને એ મારી પત્ની સામે હસી અને તે કાંઈ વિચારે એ પહેલાં તો બાળકનું બાવડું પકડી તેના ખોળામાં બેસાડી દીધું.

''સૉરી હો આંટી... બાળક કાંઈ થોડું સમજે છે ? ત્રીજા સ્ટેશને અમે ઊતરી જઈશું..., એને બારી પાસે બેસાડજો... થેંક્યુ આંટી...''



પત્નીનો મૂડ ખરાબ થઈ ગયો. તેણે ગુસ્સાભરી નજરે મારી સામે જોયું. હું નીચી મૂંડી કરી ગયો. ગાડી ઊપડી. અમારું બંનેનું મોં બારી તરફ હતું, પણ મનોચક્ષુ ડબ્બાની અંદર હતાં. વહેલી સવારે ઉતાવળમાં નીકળ્યાં હતાં. એટલે નાસ્તો થયો નહોતો પત્નીએ વેફરનાં પેકેટ કાઢ્યાં અને ખોલ્યાં ત્યાં બારી પકડીને બેઠેલા બાળકે તેની મમ્મીને કહેવા માંડ્યું... ''મમ્મા... વેફર... મમ્મા વેફર...'' બીજું બાળક પણ હઠ કરવા માંડ્યું. તેણે આંખ કાઢીને કહ્યું. ''ચૂપ... આપણો નાસ્તાનો થેલો ભૂલમાં ઘરે રહી ગયો છે.. હમણાં આપણું સ્ટેશન આવી જશે...'' બાળકો ચાલાક હતાં. તેમણે મારી પત્નીનાં પેકેટમાંથી વેફર ખાવા માંડી. પાસે પડેલી અમારી પાણીની બોટલ ખોલી મોઢે માંડી, પાણી પીવા માંડ્યું. બીજા બાળકે ઝોંટાઝોંટી કરી તો આખી બોટલ મારી પત્ની પર ઢોળાઈ ગઈ અને છાંટા ઊડ્યા.

''સૉરી આંટી... આ બાળકો ઓછાં સમજે છે !'' બાળકોની રંજાડથી પત્ની ગુસ્સે થઈ હતી એમાં પાછું આંટી કહેતાં તેના ગુસ્સાનો પારો સાતમા આસમાને ચડી ગયો. હું સમસમીને બેસી રહ્યો. ગાડી ઝડપભેર આગળ વધી રહી હતી.

બીજું સ્ટેશન આવ્યું. ગાડી થંભી. ઊતરવાવાળાં તો એક-બે જ હતાં અને ચડવાવાળાં વધારે હતાં. ધક્કામુક્કી કરતા ત્રણ સરદારજીઓ ભારે લગેજ સાથે ડબ્બામાં દાખલ થયા. ઊભા રહેવાની માંડમાંડ જગ્યા હતી. એકાએક અમારી સામે ધસી આવી એક નજર કરી. બીજી જ ક્ષણે તેમણે અમારી સામેની સીટમાં બેઠેલા એક નવયુગલ પર દૃષ્ટિ કરી અને એક સરદારજીએ કહ્યું, ''ભાઈજાન, ખડે હો જાએ ! યે ખિડકીવાલી સીટ પર હમારા રિઝર્વેશન હૈ.''

"હમ તો શુરુસે હી બૈઠે હૈ લોકલ ગાડી મેં ! યે રિઝર્વેશન કહાં સે આ ગયા ?"

એ ભાઈ ગુસ્સાથી લાલચોળ થઈ ગયા હતા. એ કાંઈ સમજે એ પહેલાં તો તેમનું બાવડું પકડી ઊભા કરી ત્યાં બેસી ગયા ઉપરના પાટિયે એક ભાઈ ઘસઘસાટ ઊંઘતા હતા તેને ઉઠાડી એક સરદારજી ત્યાં ચડી ગયા અને લંબાવ્યું. તે દરમિયાન ત્રીજાએ સામસામી સીટો વચ્ચેની જગ્યાએ ચાદર પાથરી લંબાવી દીધું.

સામે એક ખૂણામાં એક ખાદીધારી બુઝુર્ગ બગલમાં થેલો ભરાવી ઊભા હતા. ખખૂડીમખૂડી કાયા. આંખે જાડાં ચશ્મા ગુલાબી ઠંડીથી તેમનું શરીર જરા ધ્રૂજતું હતું. સરદારજીઓનું વર્તન જોતાં તેમને ગુસ્સો ચડ્યો. આક્રોશ સાથે તેમણે કહ્યું, "બિરાદરો... બહેનો ! બારીઓ બંધ રાખો... શરીર સાચવો... આ ગુલાબી ઠંડી અને હવાથી શરદી એન્ફ્લ્યુએન્જા, તાવ, ચિકનગુનિયા, ડેંગ્યૂ થવાનો પૂરેપૂરો ભય છે. ન્યૂમોનિયા પણ થાય ! દવાખાનામાં રહેવું પડે અને મૃત્યુનો ભય પણ ખરો અને સરદારજીઓ, કાન ખોલીને સાંભળી લો... દાદાગીરી કરી કોઈને તેમની સીટ પરથી ઊઠાડવા એ કાયદાભંગ છે, બળજબરીથી ત્રાસ આપવો એ ગુનો બને છે. ચાલુ ટ્રેને સુલેહભંગ કરી તમે પેસેન્જરોને પરેશાન કરી શકો નહીં."

મુસાફરોમાં હો હલ્લો થવા માંડ્યો. કોઈ કહે બારીઓ બંધ કરો તો વળી કોઈ કહે કે ખુલ્લી રાખો. સરદારજી લાલચોળ થઈ એ બુઝુર્ગ તરફ આગળ વધ્યા. સમયસૂચકતા વાપરી એ બુઝુર્ગે સાંકળ ખેંચી લીધી. બરાબર ન ખેંચાતાં તેઓ બંને હાથે સાંકળ ખેંચવા ટીંગાઈ ગયા અને ટ્રેન થોભી. ગાર્ડ અને બે સુરક્ષાકર્મીઓ ધસી આવ્યા અને એ બુઝુર્ગની વાત સાંભળી અને બીજા મુસાફરોની રજૂઆત સાંભળી તે સરદારજીઓને સાથે લઈને જતા રહ્યા. ડબ્બામાં પૂર્વવત્ શાંતિ સ્થપાઈ.

સ્માર્ટ ફોન આવતાં સંદેશા વ્યવહારમાં ઘણી સુગમતા થઈ ગઈ છે. દુનિયા જાણે મુઠ્ઠીમાં આવી ગઈ છે છતાં પણ પોસ્ટ ઑફિસોમાં તો ગિરદી જોવા મળે છે. બારી પાસે લાંબી લાંબી કતારો હોય. નગરપાલિકાઓના કરવેરા, ટેલિફોનનાં બિલો, વિદ્યુત કંપનીનો બિલો પણ ત્યાં સ્વીકારવામાં આવતાં હોવાથી લોકો લાંબી લાઈનમાં ઊભા હોય. હમણાં વારો આવશે, હમણાં વારો આવશે, એમ લોકો ઈંતેજારમાં હોય. સ્વયંવરમાં પધારેલા દરેક રાજાને એવી ઈચ્છા હોય કે રાજકુમારી મારા ગળામાં વરમાળા આરોપે, પણ સુંદરી નજર કર્યા વગર ચાલી જાય અને રાજાઓની જે દશા થાય એવી ગ્રાહકોની થતી હોય છે. લોકો બડબડાટ કરતાં આઘાપાછા થઈ જાય.

હૉસ્પિટલો - દવાખાનાંની બારીઓ પર તો માખીઓ બમણતી હોય એવી ભીડ હોય છે. કેસ કઢાવવાની બારી, દવાઓ લેવાની બારી... બધી બારીઓએ ગિરદી જ ગિરદી. જનસેવા કેન્દ્રની બારી વિદ્યુત કચેરીની બારી, રેલવે રિઝર્વેશનની બારી, એસ.ટી. પાસ કઢાવવાની બારી, આ બધી બારીઓ જ્યારે નિયત સમયે બંધ થાય ત્યારે અનેક



વાણી સાંભળવા મળે. એ સનાતન સત્ય છે કે, જે ખૂલે એ બારી એક સમયે બંધ તો થવાની જ.

બારણે ટકોરા પડે એના કરતાં બારીએ ટકોરા પડે ત્યારે જુદી જ અનુભૂતિ થાય. કોઈ પ્રીતિપાત્રે ટકોરા પડ્યા હોય તો દિલોદિમાગ તરબતર થઈ જાય. કોઈ શત્રુએ કે કોઈ અદેખાઓએ ટકોરા માર્યા હોય તો ખિન્નતા વ્યાપી જાય. આમ તો બારીમાં સળિયા હોવાથી અંદર ઘસી શકાતું નથી, પરંતુ ચોરીચપાટી કરનારાઓને એ કળા હસ્તગત હોય છે. તેઓ સળિયા ખસેડી ઘૂસવામાં સફળ થઈ તેમનો હેતુ પાર પાડે છે. ઘણાને ચોરીછૂપીથી બારીમાં ડોકિયાં કરવાની આદત હોય છે. તેવા લોકો ક્યારેક મુશ્કેલીમાં પણ મૂકી દે છે, એવા લોકોથી સાવધાન !

અમદાવાદની અમુક પોળો એટલી સાંકડી છે કે, એક દસબાર ફૂટની લાકડી દ્વારા સામસામી બારીઓના પાડોશીઓ સાથે વાટકી વહેવાર ચાલે છે. સંદેશાની આપ-લે પણ થતી હોય છે અને પારસ્પરિક વાતો પણ થતી હોય છે. પ્રણયના ફાગ પણ ખેલાતા હોય છે અને પ્રણય પરિણયમાં પરિણમતા હોય છે.

એ જમાનામાં શહેનશાહો-મહારાજાઓને એક કરતાં ઘણી વધારે બેગમો - રાણીઓ હતી અને તેમના માટે અલગ જનાનખાનું - રાણીવાસ રહેતા. તેમાં રહેતી બેગમો રાણીઓ ઓઝલ - પડદામાં રહેતી એટલે જગતને જોવા માટે તેમના માટે માત્ર બારી જ હતી. રાજઘરાનાના જે લોકો સરાજાહેર ખુલ્લામાં જે નહોતા જોઈ શકતા તે આ પર્દાનશીન ઓરતો જોઈ શકતી અને મેલી રાજરમતોમાં ભલભલાને મહાત કરી દેતી. જો તેમના આવાસોમાં બારીઓ ન હોત તો એક કેદી જેવી દોજખભરી જિંદગી ગુજારવી પડી હોત.

દેશી રાજ્યો રજવાડાઓના સમયમાં રાજ્યો પર વારંવાર દુશ્મનોના હલ્લાઓ થતા તેથી સલામતી માટે ગામ ફરતા કોટ કિલ્લાઓ બાંધવામાં આવતા. ઘણીવાર તો યુદ્ધો વરસોનાં વરસ ચાલતાં અને હારી જવાનો ભય લાગે ત્યારે દરવાજાઓ ઉપરાંતની રાખેલી ગુપ્ત બારીમાંથી નાસી જતા, તેને નાઠાબારી કહેતા. ઈતિહાસનાં ચોપડે આવા ઘણા કિસ્સાઓ નોંધાયેલા છે.

બારી એ બિલ્ડિંગનું આભૂષણ છે. આ બારીઓએ અનેક રંગો જોયા છે. બારીનાં લેખાંજોખાં કરવા બેસીએ તો પાર ના આવે. કવિ રમેશ પારેખનો એક શેર જોઈએ :

છે સ્તબ્ધ સાંજ, તું બારી સમીપ ઊભો છે
સજળ છે આંખને વસવાનો આમ ડોળ ન કર.

કવિ હેલ્પર ક્રિસ્ટીનો આ શેર ઘણું કહી જાય છેઃ

એ બંધ બારી ખોલતાં વર્ષો વહી ગયાં
સૂરજને ઘરમાં લાવતાં વર્ષો વહી ગયાં.

*૨૪૨, પુષ્કરધામ સોસાયટી,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.*
*મો. ૬૩૫૨૧૫૫૮૪૯*



# કોર્ટની રમૂજ

- મધુકર દિ. ધ્રુવ

ન્યાયાધીશ : ફરિયાદી અને આરોપી વચ્ચે બોલાચાલી થઈ તે સમયે તે સ્થળે તમે હાજર હતા ?

સાક્ષી : જી સાહેબ, પણ મેં તો તે લોકોને ઉગ્ર દલીલો કરતા સાંભળેલા.

★★★

ન્યાયાધીશ : પણ હાલમાં હમણાં ખેતરનો કબજો કોનો છે ?

અરજદાર : સાહેબ, બળદોનો.

★★★

ન્યાયાધીશ : તમારા કેસમાં કોઈ દમ નથી

વકીલ : જી સાહેબ, હું જાણું છું.

ન્યાયાધીશ : તો પછી તમે આ કેસ કેમ દાખલ કર્યો ?

વકીલ : નામદાર સાહેબ, મારા અસીલને મારો નહીં, પણ આપ સાહેબનો અભિપ્રાય જોઈતો હતો.

★★★

વકીલ : તમને વાહન અકસ્માતને કારણે હાથે ઈજા થઈ તો હવે તમારો હાથ કેટલે સુધી ઊંચે લઈ જઈ શકો છો ?

અરજદાર : સાહેબ, ફક્ત આ ખભા સુધી.

ન્યાયાધીશ : તમને અકસ્માત નહોતો થયો ત્યારે તમે કયાં સુધી ઊંચે લઈ જઈ શકતા હતા. ?

અરજદાર : મહેરબાન સાહેબ, આ રીતે હાથ પૂરેપૂરો ઊંચો જઈ શકતો હતો.

★★★

ન્યાયાધીશ : પછી શું થયું તમારા વકીલ તરીકે કોઈ હાજર થાય છે ?

પક્ષકાર : ના, સાહેબ.

ન્યાયાધીશ : તમને વકીલ પોસાતા ન હોય તો કેસની કાર્યવાહી જલદી ચાલશે.

★★★

ન્યાયાધીશ : કોર્ટ તરફથી તમને હાજર થવાનો સમય જણાવેલો છતાં મોડા કેમ આવ્યા ?

સાક્ષી : સાહેબ અહીં આવતાં રસ્તામાં મુશ્કેલી ઊભી થયેલી.

ન્યાયાધીશ : શી મુશ્કેલી હતી ? તમારી જગ્યાએથી કોર્ટનું સ્થળ બહુ દૂર નથી.

સાક્ષી : નામદાર સાહેબ, રસ્તામાં મારી પાછળ ગુંડાઓ પડ્યા હતા.

ન્યાયાધીશ : પણ તેમાં આટલી બધી વાર ? આટલો બધો ટાઇમ ગયો ?

સાક્ષી : મહેરબાન સાહેબ ! મારી પાછળ પડેલા ગુંડાઓ ધીમા ચાલતા હતા.

★★★

ન્યાયાધીશ : તમને ખબર છે ? કોર્ટમાં ખોટું બોલીએ તો શું થાય ?

બાળક સાક્ષી : જી, સાહેબ ખબર છે.

ન્યાયાધીશ : તું શું જાણે છે ? તને શું ખબર છે ?

બાળક સાક્ષી : તે સાચું માની લેવામાં આવે.

★★★

ન્યાયાધીશ : તમે તમારા પિતાશ્રીને કહ્યા વગર ઘરેથી કેમ જતા રહ્યા ?

પક્ષકાર : સાહેબ ! તેમ કરું તો મને જવા ન મળે.

★★★

ન્યાયાધીશ : ડૉક્ટરસાહેબે તમારા ઓપરેશન અંગે તૈયારી કરી તમને ચિંતા ન કરવા કહેલું. આમ છતાં તમે ઓપરેશન ટેબલ છોડી કેમ જતા રહ્યા ?

પક્ષકાર : સાહેબ, ડૉક્ટરસાહેબના એટન્ડન્ટે ડૉકટર સાહેબને એવું જ કહ્યું કે ચિંતા ન કરશો.

★★★

ન્યાયાધીશ : તમે કહો છો કે તમારા પતિ તમને માનસિક ત્રાસ આપે છે. તે કઈ રીતે ?

અરજદાર : સાહેબ, મારા પતિ મને ગમે તેમ અને મનફાવે તેમ બોલે છે અને હું સામે બોલવા માંડું ત્યારે તેમના કાનનું મશીન કાઢી નાંખે છે.

★★★

ન્યાયાધીશ : તમને જેલમાં સગાંવહાલાં મળવા આવે તો નિયમ મુજબ છૂટ આપવામાં આવી છે તો હવે શું છે ?

આરોપી : સાહેબ, અમે વાતચીત કરીએ ત્યારે બહારના કોઈ માણસ જેલના અધિકારી કે સ્ટાફના માણસ હાજર ન હોવા જોઈએ. તે માટે આદેશ આપવા વિનંતી છે.

ન્યાયાધીશ : કેમ તેમાં તમને શો વાંધો છે ?

આરોપી : મહેરબાન સાહેબ, ધંધાની ખાનગી વાત તો બહારનાને ન કહેવાય ને ?

★★★

ન્યાયાધીશ : તો કેવા વાતાવરણમાં ઘરમાં શાંતિ રહે ?

પક્ષકાર : જ્યારે ઘરમાં પતિ અને પત્ની બંને પોતપોતાના મોબાઈલ ઉપર વ્યસ્ત હોય.

★★★

ન્યાયાધીશ : હજી તમારા તરફથી કેટલા સાક્ષી આવશે ?

પક્ષકાર : સાહેબ, અત્યારે તો કંઈ કહી શકું નહીં. મારા વકીલસાહેબે જાણે છે ! બાકી તો ભગવાન જાણે.

ન્યાયાધીશ : ભગવાનમાં અને વકીલમાં શું ફેર છે ?

પક્ષકાર : નામદાર સાહેબ, ભગવાન એવું નથી વિચારતા કે પોતે વકીલ છે.

★★★

ન્યાયાધીશ : તેમના નિવેદન અંગે તમારે શું કહેવાનું છે ?

પક્ષકાર : સાહેબ મહેરબાન ! હું તેમના નિવેદન સાથે સંમત છું, પરંતુ તેને વખોડી કાઢું છું.

*એ-૩૭, રો-હાઉસ, સોમેશ્વર વિભાગ-૨,*
*જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ રોડ,*
*અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૮૨૫૩૨૫૪૯૨*



# ભાણા ભાણીનાં લગ્ન

(હળવે હૈયે)

*- ભર્ગદેવ ભટ્ટ 'હાસ્યાયન'*

**અ**ચાનક મફતલાલને મારા ઘેર આવેલા જોઈ નવાઈ ઊપજી. તેઓ ઘરની બહાર જ બહુ ઓછું નીકળે ત્યાં આવવાની તો વાત જ કેમ સંભવે ? આમ તો મારે ત્યાં મગનલાલ જ ટપકી પડતા હોય છે. આજે તેમના બદલે મફતલાલ.

મેં મફતલાલને કીધું, 'આજે કાંઈ પશ્ચિમમાં સૂરજ ઊગ્યો કે શું ? કે પછી ભાભીએ ઊંચકાવ્યા તો નથી ને ?'

મફતલાલઃ ભઈ સૂરજેય બરાબર પૂર્વમાં જ ઊગ્યો છે, અને તમારી ભાભીએ પણ ઊંચકાવ્યો નથી, પણ એક બીજી વાત સાંભળી છે તે અંગે જાણવા આવ્યો છું.

'શી વાત સાંભળી છે ?'

મફતલાલઃ જુઓ, તમને યાદ હોય તો આશરે ત્રણેક વર્ષ પહેલાં આપણી પોળમાં પેલા રમુભાઈ એટલે કે રમેશભાઈ ભટ્ટાર્ક રહેતા હતા.

હા... હા યાદ આવ્યું. બહુ થોડો સમય રહેલા આપણી પોળમાં લગભગ ૧ વર્ષ તો માંડ રહેલા. પછી અમદાવાદ જતા રહેલા. પણ તેનું અત્યારે શું છે ? કાંઈ સાજા-માંદાના કે માઠા સમાચાર તો નથી ને ?

મફતલાલ : ના રે ના ! 'શું ?' માઠા સમાચાર નથી, પણ કંઈ ન સમજાય એવી તો વાત છે જ !

'શું ?'

મફતલાલ : તમે સહેજ ઓરા આવો તો કહું.

હું સ્હેજ ઓરો ખસ્યો અને હિયરિંગ મશીનનો સાઉન્ડ હાઈ લેવલ ગોઠવ્યો. અન્યથા જો તેઓ મોટેથી બોલે તો મારા સિવાય અન્યને સંભળાય. વળી એ પણ મને ખબર હતી કે આ મહાશય કાંઈ વાતમાં માલ નહીં હોય તોય બહુ ભેદભરમવાળી છાની વાત કરવાના હોય એમ ધીમેથી જ બોલશે.

મફતલાલઃ (ધીમેથી) રમેશભાઈએ પોતાના ભાણા તથા ભાણીનાં લગ્ન કરાવ્યાં !

'હોય નહીં ! મને તો બિલકુલ ખબર નથી.'

મફતલાલ : હા... હા સાવ સાચી વાત છે ! આ તો શાસ્ત્રોનીય ઉપર વટ ગ્યા કહેવાય કે નહીં ? શાસ્ત્રોમાંય ભાઈબહેનનાં લગ્ન ન થાય એમ સ્પષ્ટ જણાવ્યું છે (જાણે પંડિતોની ભાષામાં મને જણાવ્યું !)

'વાત તો તમારી સો ટકા સાચી.'

મફતલાલ : તો પછી એમ વાત છે, હળાહળ કળિયુગ તો છે જ, પણ એય હવે છેલ્લે પાટલે બેઠો હોય એમ લાગે છે...!

મને સમજ નહોતી પડતી કે આમને મારે શું કહેવું ? છતાં કહ્યું

'કદાચ એમને અથવા છોકરાંવનાં મા-બાપને કશી મજબૂરી ઊભી થઈ હોય !'

મફતલાલ : અરે મજબૂરી શેની ? છોકરાંવને ખંખારીને ના પાડી દેવાની હોય. તોય નો માને તો તગેડી મૂકવાનાં !

મેં કહ્યું : 'ઘણી વખત આપણે સાંભળ્યું હોય એમાં ગેરસમજ પણ થવા સંભવ છે.'

મફતલાલ : શેની ગેરસમજ ? આ આવડો મોટો પ્રસંગ સૌની હાજરીમાં તો કર્યો જ હોય ! પછી શેની ગેરસમજ !

મને લાગ્યું હવે મફતલાલ ઝાલ્યા નહીં રહે. એટલે ઝટ પતાવવા મેં કહ્યું 'જુઓ મફતલાલ, તમે કોક પાસેથી સાંભળ્યું, કોકે વળી બીજા કોક પાસેથી સાંભળ્યું હોય અને એણેય ત્રીજા કોક પાસેથી સાંભળ્યું હોય અને એણેય ચોથા કોક...'

મફતલાલે મને અધવચ્ચે જ અટકાવ્યો 'બસ એમને એમ' કોકની લંગાર નથી સાંભળવી. તમે એની ફેવર તો નથી કરતાને ?

શેની ફેવર ? જુઓ મને જ્યાં સુધી વાતની ખાતરી ન થાય ત્યાં સુધી હું આવી વાત માનતો નથી ને કોઈને કરતોય નથી.

'તો પછી બેઠા બેઠા ભજન કરો' મફતલાલ ઊભા થતાં બોલ્યા.

મનમાં તો ખૂબ ગમ્યું છતાંય તેમને કીધું, 'જુઓ હું થોડા દિવસ પછી અમદાવાદ જવાનો છું. ત્યારે સમય મળશે તો રમેશભાઈને મળીશ અને પૂછીને સત્ય હકીકત જાણીશ.'

મફતલાલને કંઈક સંતોષ થયો હોય એમ લાગ્યું. પછી નરમાશથી બોલ્યા, 'એમનું એડ્રેસ છે તમારી પાસે ?'

ના... ના.

તો પછી એમ કરો હું તમને એમનું એમનું એડ્રેસ એકાદ બે દી' માં આપી જઈશ. પછી જજો એટલે બીજીવારનો ધક્કો મટે.

બે દિવસ પછી સવારના પહોરમાં મને એડ્રેસ આપી ગયા. (કહેવાની જરૂર ખરી કે 'ચા મૂકતાં નહીં' કહીને પાછા ચા તો પીતા જ ગયા.)

ત્રણેક દી' પછી હું અમદાવાદ ગયો. વી.એસ.ના સ્ટેન્ડ પાસે ઊતરી ત્યાંથી દવાવાળાની દુકાનેથી દવા ખરીદી પછી જવારાની ત્રણેક ઝૂડી ખરીદી. પછી ટાઉનહૉલના સ્ટૅન્ડથી બસમાં બેસી સીધો હિંમતલાલ પાર્ક ઊતર્યો ત્યાં સરસ્વતીનગરમાં રમેશભાઈનું ઘર ગોતી કાઢ્યું.

રમુભાઈ તો મને જોઈ ભેટી પડ્યા, 'અરે ભટ્ટજી, તમે ક્યાંથી ?'

બસ એમ જ, તમે યાર ત્યાંથી શિફ્ટ થયા પછી દેખાયા જ નહીં ! ભૂલી તો નથી ગયા ને ?

રમુભાઈઃ ના... ના એમ કાંઈ ભુલાય ?

થોડી ઔપચારિક વાતો પછી બોલ્યા, 'હવે તમે શું લેશો ? નહીં તો એમ કરો ! મારી સાથે જમી ને પછી જજો !'

મેં જમવાની ના પાડી એટલે ચા નાસ્તાનું કીધું. તે પણ આવી ગયો અને પૂરતો ન્યાય આપ્યો.

અંતે મેં કીધું, 'તમે ભાણાભાણીનાં લગ્ન પતાવ્યાં એ ખબર જાણ્યા. પણ આ ભાણા-ભાણી એટલે ભાઈ-બહેનનાં લગ્ન કેવી રીતે થાય ? કોઈએ વિરોધ ના નોંધાવ્યો ?'

રમુભાઈ હસી પડ્યા, 'બસને...! તમેય લોકોની વાતમાં આવી ગયા. ઉપરાંત ઓડનું ચોડ અને રજનું ગજ કરી નાખ્યું.'

મેં કીધું કે, 'હું લોકોની વાતમાં નથી આવ્યો, પણ સાચું શું છે તે જાણવા માટે આવ્યો છું. જેથી હવે કોઈ આ વાત કાઢે તો સાચું કહી શકાય.'

રમુભાઈ : જુઓ ભટ્ટજી, મારે કઝીન બહેન છે એટલે કે ફોઈની દીકરી તેનો દીકરો મારો ભાણો થાય કે નહીં ? અને મારાં મોટાં સાળી જે નડિયાદ રહે છે તેની દીકરી-માસાના સગપણે-મારી ભાણી થાય કે નહીં ?

મારે હા પાડવા સિવાય છૂટકો નહોતો.

તેઓએ આગળ ચલાવ્યું, 'આ ભાણાભાણી વચ્ચે લોહીનો સંબંધ છે ? અને બેયનાં ગોત્રો જુદાં થાય કે નહીં ? બંનેએ એકબીજાને જોયાં અને હા પાડી પછી જ લગ્ન કર્યાં પણ એકવાર મારાથી જરા ઉતાવળમાં એક મિત્રને, ઘણા વખતે મળ્યો ત્યારે કહેવાઈ ગયું કે, 'હું દેખાતો નહોતો તેનું કારણ ભાણાભાણીનાં લગ્નની દોડધામ ખૂબ પહોંચેલી.' બસ, એમાંથી આ ઓડનું ચોડ થયું લાગે છે.

હવે મને હાશ થઈ અને રમુભાઈ પ્રત્યે માન પણ વધ્યું કે રમુભાઈ સાચા છે અને સાચા અર્થમાં મામાની અને માસાની જવાબદારી નિભાવી.

(સત્યઘટનાના આધારે)

*'વરેણ્યમ્', પ્લોટ નં.૪૩૮/એ-૨,*
*ગીતાંજલિ પાર્ક, સેક્ટર-૮(બી),*
*ગાંધીનગર-૩૮૨૦૦૭. મો. ૯૪૨૯૯૮૯૧૬૨૯*



# અફસોસ નથી કરવો

*- કલ્પના દેસાઈ*

દર દિવાળીએ એટલે કે બેસતા વર્ષે અને નવા વર્ષે (અંગ્રેજી બેસતા વર્ષે), નક્કી કરું કે આ વર્ષે હવે કોઈ જાતનો અફસોસ કરવો નથી. આટલાં વરસો જાતજાતનાં કારણો શોધી શોધીને બહુ અફસોસ કર્યો, બહુ જીવ બાળ્યો ને નકામી દુઃખી થઈ. શો ફાયદો થયો ? જીવનમાં કોઈ મોટો ફેર પડ્યો ? મારી રહેણીકરણી કે મારા સ્વભાવમાં કોઈ બદલાવ આવ્યો ? નહીં ને ? તો પછી અફસોસમાં ખોટો જ સમય બરબાદ કર્યો ને ? આપણો જીવ બળે ત્યારે લોહી બળે એમ કહેવાય છે. મને તો મારા શરીરમાંથી એક ટીપું લોહી ઓછું થયેલું લાગતું નથી. ઊલટાનો દર વર્ષે એમાં ધીમો વધારો ચાલુ જ છે. લોહી ભરાવાથી વજનમાં પણ વધારો... જવા દો, વજનની તો વાત જ કરવા જેવી નથી. હવે વજન ઊતરે કે ન ઊતરે શો મોટો ફેર પડી જવાનો ? બધાં મને ઓળખે જ છે. એટલે મેં તો બહુ વખતથી 'વજન કેમ નથી ઊતરતું ?' એવો ક્ષુલ્લક અફસોસ કરવાનું છોડી જ દીધું છે.

જોકે, કરેલા નિશ્ચયો એમ સાથ આપતા હોય તો જોઈતું જ શું હતું ? અવારનવાર નાના કે મોટા પ્રસંગો તો આપણી સાથે બનતા જ રહે કે આપણા અફસોસનો પાર ન રહે. ત્યારે ખાસ્સો અફસોસ થઈ ગયા પછી જ યાદ આવે કે મારે આ વાતનો આટલો અફસોસ કરવા જેવો નહોતો. અફસોસ કર્યાથીય શો ફેર પડ્યો ? મારી સાથે બનતી ઘણીબધી નાનીમોટી દુર્ઘટનામાંથી તારવેલી આ એક જ નાનકડી દુર્ઘટના જોઈ લો.

એક વાર મારાથી એક ડાયરી કશેક મુકાઈ ગઈ. 'કશેક' એટલા માટે કે મને યાદ નહોતું, કે ડાયરી ક્યાં મુકાઈ ગઈ ?

'મારાથી આ ડાયરી ખબર નહીં' ક્યાં મુકાઈ ગઈ !' અજાણતાં જ મારાથી જ્યારે મોટેથી બબડી પડાયું ત્યારે અફસોસ કરવાની નોબત આવી જાય. સાંભળવાવાળાને તો એવી વાત તરત જ કાને પણ પડી જાય.

'કઈ ડાયરી ? પેલી ઘરની જ ને ? થઈ રહ્યું ! તારી કોઈ વાતનાં ઠેકાણાં જ નહીં. ગમે ત્યારે, ગમે તે વસ્તુ હાથમાં આવે ને ગમે ત્યારે, ગમે ત્યાં એ વસ્તુ મુકાઈ પણ જાય ! વખત પર કોઈ વસ્તુ કામ ન આવે તેનો અર્થ શો ? હવે એ ડાયરીમાં બધો હિસાબ હતો તેનું શું કરવાનું ? કેટલી વાર કહ્યું, કે તારી ડાયરી ને ઘરની ડાયરી જુદી રાખ ! પણ નહીં, હું તો જાણે ભાજીમૂળો ! (મને આ તો આજે જ ખબર પડી !) હવે વહેલી તકે એ ડાયરી શોધ ને મને હિસાબનાં પાનાં જુદાં કાઢીને આપી દે એટલે પછી ડાયરી ગમે ત્યાં મુકાઈ જાય તોય વાંધો નહીં.' (મોબાઇલના જમાનામાંય ડાયરીમાં હિસાબ લખવાનો આગ્રહ ? તો પછી આવી જ માથાકૂટ થાય ને ?)

એક સાદી સીધી વાતને પણ કેટલું અત્તર છાંટીને બોલે ! આહાહા ! જાણે મોંમાંથી મોગરા ઝર્યા ! આ બધું આ ડાયરીને પ્રતાપે. ડાયરી ન હોત તો મને ડાયરી લખવાની ટેવ ન પાડી હોત ને ડાયરી લખવાની ટેવ ન પાડી હોત તો એમાં હિસાબ લખાયો ન હોત. એમાં હિસાબ લખાયો ન હોત તો ડાયરી ભલે ને ગમે ત્યાં મુકાઈ જાત, તોય આવી વાતો સાંભળવી ન પડી હોત ને આવી વાતો સાંભળીને ડાયરી ખોવાવાનો અફસોસ કરતાં કરતાં એને તાત્કાલિક શોધવા ન લાગવું પડ્યું હોત ! ઓહોહો ! એક ડાયરીને લીધે કેટલી બધી જફા ! હવે નવા વર્ષે મળતી બધી ડાયરીઓનો તાત્કાલિક નિકાલ ન કરું તો...! (મારુ નામ નહીં ! અથવા 'જોઈ લેજો'.)

ખેર, 'આટલી અમથી વાતનો મારે આટલો બધો અફસોસ કરવા જેવો નહોતો' એ બ્રહ્મજ્ઞાન મને ખાસ્સો અફસોસ કર્યા પછી જ થાય એટલે ત્યાંથી જ હું મારા મનને

પાછું વાળું ને મોબાઇલમાં એકાદ સરસ ગીત મૂકીને મસ્તીથી ડાયરી શોધું તો નવાઈ કે બે જ મિનિટમાં ડાયરી મળી જાય બોલો ! એટલે જ હવે મેં કોઈ પણ વાતનો અફસોસ ન કરવાના કરેલા નિશ્ચયને ફરીથી મજબૂત કર્યો છે. અફસોસ કરવાનો મોટામાં મોટો ગેરફાયદો તે મગજ એમાં ને એમાં જ રોકાયેલું રહે, એટલે કોઈ નવા કે જૂના કામની સૂઝ જ ન પડે. હજી તો મનને થોડું વાળવાની કોશિશ કરીએ ત્યાં તો અફસોસ ટપકી પડે ! 'અરેરે ! મેં આમ કેમ કર્યું ?, અરેરે ! મારે આમ નહોતું કરવું જોઈતું !', 'હે ભગવાન ! આ તો મેં બહુ મોટી ગરબડ કરી નાખી !', 'અરેરે ! આજે દાળમાં ડબલ મીઠું નાખી દીધું !', 'ઓહહો ! મને હતું જ કે આજે મારો દિવસ નથી સારો તે હું કામમાં ગોટાળા જ કરવાની છું.' બસ, પછી તો વિચારોની ગાડી જે નીકળી પડે અફસોસના રસ્તે, તે એ રસ્તે તો પાછું એકાદ સ્ટોપ પણ ન આવે.

એટલું તો પછી નિરાંતે જ વિચારાય ને કે આ બધી વાતોના બહુ સહેલા જ રસ્તા પણ હતા જ. નકામો અફસોસ કર્યો. લ્યો, અફસોસનોય પાછો અફસોસ કરવાનો !

એટલા માટે કરવાનો કે બીજી વાર આવી નકામી વાતોમાં દિમાગને જોર અપાય જ નહીં. એને બદલે બીજા કામમાં લાગી જવાય તો બે કામ થયેલાં પણ દેખાય ને કામ ઓછાંય થતાં જાય. નહીં તો અમસ્તો જ કામનો ઢગલો થવા માંડે તો પાછો એનો અફસોસ કરવાનો! મને તો લાગે છે કે આ અફસોસની લાગણી આપણો બહુ સમય ખાઈ જાય છે. આપણને ઘણી વાર તો સમજ પણ નથી પડતી કે આપણે કઈ વાતે અફસોસ કરવો જોઈએ ને કઈ વાતે નહીં ! સાવ નજીવી વાતમાંય અફસોસ કરવા માંડીએ.

આવી વાતેવાતે અફસોસ કરવાની ટેવ પડે પછી આપણે અફસોસને અવગણતાંય થઈ જઈએ ! તેય પાછી આપણને ખબર નથી પડતી. છે ને બહુ મોટી ગૂંચવણ ? આજકાલ હું મોબાઇલમાં બહુ સમય બગાડું છું. (આવું બધાં જ પોતાના માટે કહે છે, એટલે મને ઓછો અફસોસ થાય છે.) આ જાણવા છતાં ને રોજ કેટલીય વાર અફસોસ કર્યા છતાંય હું મોબાઇલમાં એટલો જ સમય હજીય બગાડું છું ! એટલે અફસોસનેય ઓળંગી જવાનો અર્થ જ એ છે કે ફક્ત કરવા ખાતર અફસોસ કરવો નહીં. જો કરેલા અફસોસ પર ઊંડો વિચાર કરીને કંઈક નક્કર કામ કરવાનાં હોઈએ કે પરિણામ લાવવાનાં હોઈએ તો એ અફસોસ આનંદમાં ફેરવાય, બાકી તો ખાવાપીવાની આદતની જેમ અફસોસ કરવાનીય આદત પડી જાય.

આજની જ વાત કરું તો, સવારે જ મારાથી એક કપ દૂધ ઢોળાયું કે અફસોસ થતાં તરત જ બોલાઈ ગયું,' અરેરે ! દૂધ ઢોળાઈ ગયું.' આખો દિવસ એક કપ દૂધમાંથી હું શું શું બનાવી શકત તેના વિચારોમાં જ રહી. 'દૂધ ઢોળાયું ન હોત તો મેં એ દૂધમાંથી ચાર કપ ચા બનાવી કાઢી હોત. ચા ન મૂકત ને ગરમ કરીને એમાં મેળવણ નાંખત તો કાલે સરસ દહીં ખાવા મળત, પણ જ્યાં દૂધ જ ઢોળાયું તો હવે શું થાય ?' એ તો સારું, કે જરાક અફસોસ ચાલુ જ કર્યો કે મને યાદ આવ્યું કે ઢોળાયેલા દૂધ પર અફસોસ કરવો નહીં. પછી તો, આપણે શેમાં અફસોસ કરવો ને શેમાં ન કરવો એવા અફસોસની ચાલતી ગાડીમાં હું બેસી જ ગઈ ને મને જે બ્રહ્મજ્ઞાન મળ્યું તે સૌને વહેંચ્યું.

---

*મુ. ગુલમહોર, પો. ઉચ્છલ,*
*જિ. તાપી-૩૯૪૩૭૫.*
*મો. ૯૯૦૯૪૨૮૧૯૯*






"પોંખણું"
રમેશભાઇ ગોહિલ
મો. 9427559875



"મહીયારણ"
રેખા જયદેવસિંહ વેગડ
મો. 9427250505


"પમરાટ"
પીયૂષ પારાશર્ય
મો.9825187007



"મંથન"
આરસી જી. માંગુકિયા
મો. 8758776059

# ન કરવાનાં કામો

*- પ્રદ્યુમ્ન આચાર્ય*

**આ**પણે મોટે ભાગે ન કરવાનાં કામો જ કરીએ છીએ. કેટલાંક ન કરવા જેવાં કામ કરીએ છીએ. ન કરવાના કામ અને ન કરવા જેવાં કામ વચ્ચે સૂક્ષ્મ ભેદ છે. અમુક કામ કરવા જેવું છે કે નથી, તેને તેના પરિણામ પરથી નક્કી કરી શકાય છે. સૂતા કૂતરાને જગાડી આપણી પાછળ દોડતાં શીખવવું એ ન કરવા જેવું કામ થયું, પણ સૂતા સિંહને જગાડવાનું કામ ન કરવા જેવું કામ થયું. આવાં બંને પ્રકારનાં કામ આપણે કરીએ છીએ. જેની યાદી બહુ લાંબી છે, કરવા જેવાં કામો આપણે કરતા નથી, હજારો વર્ષ પહેલાં દુર્યોધન કહી ગયો છે કે, તે ધર્મ જાણે છે પણ આચરી શકતો નથી, અધર્મ જાણે છે પણ તેમાંથી નિવૃત્ત થઈ શક્તો નથી. આ બાબતમાં યુધિષ્ઠિર નહીં, દુર્યોધન આપણો પૂર્વ (અ) સૂરિ છે. જેનાં પરિણામો હજુ આપણે ભોગવી રહ્યાં છીએ. આજે પણ દ્રૌપદીનાં વસ્ત્રાહરણ થાય છે. આજે પણ શકુનિમામાની બોલબાલા છે. ધૃતરાષ્ટ અને ગાંધારીએ કૌરવોને જન્મ આપીને ન કરવા જેવું કામ કર્યું હતું. કેટલાંક ન કરવાનાં કામનાં પરિણામોની અસર પેઢી દર પેઢી સુધી ચાલે છે, પરિણામો ત્યાર પછીની પેઢી ભોગવે છે, જ્યારે કેટલાંક કામનાં પરિણામની સદ્યપ્રાપ્તિ છે. ભગો રાતે નેમીચંદ શેઠના ઘરે વાતું કરવા ગયો. છેલ્લે માથે મૂંડો કરીને ટકા પર માટલું ખરીદતાં પહેલાં. માટલા પર આપણે ટકોરા મારીએ છીએ, તેમ જમણાં હાથની પહેલી આંગળી વાંકી કરી ટકોરો માર્યો. શેઠ ગુસ્સે થઈ ગયા, પણ કાંઈ બોલ્યા ન નહીં. તેણે ભગાને એક રૂપિયો વધારે આપ્યો. તેમણે જાણી લીધું કે, તેના ઘર પછી વખતસંગ બાપુને ઘરે વાતું કરવા જવાનો છે. ભગો ત્યાંથી વખતસંગ બાપુના ઘરે ગયો. ત્યાં પણ બાપૂના માથે મૂંડો કરી માથે જેવો ટકોરો માર્યો કે, બાપુ કાળઝાળ થઈ ગયા અને ઘડ દઈને લાફો ઝીંકી દીધો, અને તલવાર લઈને મારવા દોડયા. ભગાને ન કરવાના કામની શીઘ્ર ફલપ્રાપ્તિ થઇ, યુદ્ધમાં યુધિષ્ઠિર માત્ર અર્ધસત્ય બોલ્યા કે તરત તેમનો પૃથ્વીથી અધ્ધર ચાલતો હતો, તે રથ પૃથ્વી પર આવી ગયો. કેટલાંક તેનું અર્થઘટન એવું કરે છે કે, યુદ્ધ પહેલાં યુધિષ્ઠિર હવામાં ઊડતા હતા તે, યુદ્ધમાં વાસ્તવિકતાની જમીન પર આવી ગયા, ત્યારથી કહેણી ચાલી આવે છે, Every thing is fair in love and war. માણસ પ્રેમમાં પડે ત્યારે, હવામાં ઊડતો હોય છે, પણ છૂટાછેડાની નોટિસ મળે ત્યારે ધરતી પર આવી જાય છે.

ન કરવાનાં કામ માત્ર માણસો જ કરે છે, તેવું નથી. દેવો અને ઋષિમુનિઓ પણ આમાંથી બાકાત નથી. આની યાદી પણ લાંબી છે. ભૃગુ ઋષિ ન કરવાનું કામ કરી બેઠાં, જેનું પરિણામ હજી બ્રાહ્મણો ભોગવે છે.

ન કરવાનાં કામમાં 'ખાઈને સૂઈ જવું અને મારીને ભાગી જવું' તેવા કામમાં સમાવેશ થાય છે, પરંતુ તેનો નિર્ણય ઉતાવળે ન થઈ શકે. ખાઈને સૂઈ રહેવામાં આપણાથી બીજા લોકોને શાંતિ થતી હોય તો, તેનાથી ન કરવા જેવું બીજુ એકેય કામ નથી. તે જ રીતે મારીને ભાગી જવામાં મારીને ભાગી જનારની સલામતી જળવાતી હોય અને સમાજમાં શાંતિ જળવાતી હોય તો તે આવકાર્ય છે.

કેટલાંક લોકો ન કરવાના કામમાં લગ્નનો પણ સમાવેશ કરે છે. જો કે, તેવા લોકોએ લગ્ન કરેલાં હોય છે, પછી જિંદગી આખી પરિણામ ભોગવે છે. જો કે, દ્રાક્ષ ખાવામાં નિષ્ફળ ગયેલા લોકો પણ આ પ્રકારે બોલતા હોય છે, પરંતુ દ્રાક્ષ ખાવા મળે તો તુરંત આવા લોકો પોતાનો અભિપ્રાય બદલવા તૈયાર હોય છે.

રમતુભા પાંચ ટ્રાયલે સાત ધોરણ પાસ થયા. તેમનો

સિદ્ધાંત એવો હતો કે, ભણતર પાકું થયા સિવાય આગળ જવાની ઉતાવળ કરવી નહીં. તેથી અમારા ગામના અર્ધા ભાગના લોકો પોતે રમતુભા સાથે અભ્યાસ કર્યાનો ગર્વ કરે છે. તેણે પાંચવાર શાળાંતની પરીક્ષા આપી. આ વખતે છઠ્ઠીવાર માત્ર મને કંપની આપવા મારી સાથે તૈયાર થઈ ગયા. ભાવનગરમાં અમે એક બોર્ડિંગમાં ઊતર્યા. મોટે ભાગે ચોપડી ઉઘાડી મોં પર રાખીને વાંચતા, માખીઓ હેરાન ન કરે અને વાની અવર - જવર ચાલુ રહે એટલા માટે, પછી જાગીને કહે, 'આસાર્યભાઈ આ વખતે હિન્દીની એવી તૈયારી કરી છે કે, પેપર તપાસનારો જાણતો જાય છે કોક જણ માથાનો મળ્યો હતો.

'પણ બાપુ આજે તો ઇતિહાસનું પેપર છે.'

'કાય વાંધો નહીં. ઇતિહાસના ભુક્કા બોલાવી દઈશું.' ઇતિહાસ મોટે ભાગે ભુક્કા બોલાવી દેનારનો જ હોય છે.

પેપર દઈ અમે બહાર નીકળ્યા. બાપુએ પૂછ્યું 'હું ભાઈ આ વાવ, કૂવા, તળાવ ખોદાવવાં, ઝાડવાં રોપાવવાં, રસ્તા બનાવવાનાં કામા કોણે કર્યાં હતાં ?'

મેં કહ્યું : 'શેરશાહસુરીએ,' 'પણ તમે શું લખ્યું ?'

'મારો બેટો ઔરંગઝેબ જશ લઈ ગયો.'

હું હસી હસીને બેવડ વળી ગયો. પછી કાંઈક સ્વસ્થ થતાં પૂછ્યું.



'પણ એવા વિચાર તમને આવ્યો કેમ ?'

'મને થયું તેણે હંધાય ન કરવા જેવાં જ કામો કર્યાં હતાં કદાચ તેમાં એકાદું કોઈ સારું કામેય કર્યું હોય.'

આ સાંભળી ઔરંગઝેબને પણ પસ્તાવો થયો હશે. કાશ ! એકાદ કામ પણ રમતુભાનો જવાબ સાચો પડે તેવું કર્યું હોત.

કેટલીકવાર ન કરવા જેવા કામમાં જોડાવાની ઇચ્છા ન હોય, સંસ્કાર તેવા ન હોય તો પણ તમારે જોડાવું પડે છે, અગર પરિણામ ભોગવવા તૈયાર રહેવું પડે છે. માતાને પેટ કુપુત્ર પાકે ત્યારે માતાથી નિશ્વાસ મુકાઈ જાય છે 'આ કરતાં પથ્થરને જન્મ આપ્યો હોત તો લોકોને કપડાં ધોવા તો કામ લાગત.'

કેટલીક વાર અતૃપ્ત રહેલી ઇચ્છા આવાં કામ કરવા તરફ પ્રેરતી હોય છે. અમારા ગામમાં પ્રાથમિક શાળામાં એક જટુભાઈ નામના શિક્ષક છે, તે શિક્ષક જેવા લાગે જ નહીં. મોટી મૂછો રાખે, વિના કારણ ઘોઘરા અવાજે વિદ્યાર્થીને ધમકાવે, સોટી ટેબલ પર પછાડે, છોકરાંને તેના બાપના નામે જ બોલાવે, હંમેશાં લાલ કલરના બૂટ પહેરીને જ શાળાએ આવે. શાળાના આચાર્યને પૂછતાં. તેણે કહ્યું : જટુભાઈને પ્રથમ તો, ફોજદાર થવું હતું. પણ તે થઈ શક્યા નહીં, પરંતુ શિક્ષક થવું પડયું, તેનું વેર વિદ્યાર્થી પર વાળે છે.

યુદ્ધ કોઈ પણ દૃષ્ટિએ ન કરવા જેવું જઘન્ય કામ છે. શાસ્ત્રો કહે છે, માણસોએ ધર્મ : જાળવવો જોઈએ. ધર્મ અનુસાર જીવન જીવવું જોઈએ. 'યતો ધર્મ, તતો જય.' પણ દુનિયાનો ઇતિહાસ તપાસી જાઓ. વિશ્વમાં જેટલાં પણ યુદ્ધો થયાં, તે ધર્મના નામે જ થયાં છે. તેનો કોઈ બચાવ થઈ શકતો નથી. આ કડવી-વરવી વાસ્તવિકતા છે. યુદ્ધમાંથી માત્ર હતાશા, નિરાશા અને નિષ્ફળતા જ મળે છે.

મને લાગે છે કે, દુનિયા કદાચ ન કરવાનાં કામો કરવાથી જ ચાલે છે. કરવા જેવાં કામ કરો તેમાં ક્યાં રસ

રહ્યા ? ક્યાં રોમાંચ રહ્યો ? દુનિયા તેવાં કામોની કોઈ નોંધ લેતી નથી. દુનિયામાં ન કરવાનાં કામો થાય છે, તેનાથી કરવાના કામોનું અભિજ્ઞાન થાય છે, તે ભૂલવું ન જોઈએ. દુનિયામાં દુર્જનોને કારણે સજ્જનની કદર થાય છે.

કેટલીક વાર ન કરવાનાં કામો આપણી જાણ બહાર થઈ જાય છે. મારે એક પુસ્તકના વિમોચન કાર્યક્રમમાં જવાનું થયું. જો કે, મારા મિત્ર 'ગળાબંધણી મુક્તિ' કાર્યક્રમ કહે છે. સૌ શ્રોતાઓ ગોઠવાઈ ગયા. પછી જેના હસ્તે પુસ્તક વિમોચન થવાનું હતું તે સાહિત્યકાર પધાર્યા. આંખોમાં નમ્રતા અને વિદ્વતાનો ભાર હતો. તેમણે લેખકના પુસ્તકની પ્રશંસા કરવાનું શરૂ કર્યું એવું જોવામાં આવ્યું છે કે, કેટલીક વાર વક્તાઓ જેની પ્રશંસા કરે છે. તેમાં પ્રમાણભાન ભૂલી જઈને, એવાં અતિશયોક્તિપૂર્ણ વિધાનો કરે છે, જેનો તેમને પોતાને પણ ખ્યાલ રહેતો નથી, આવું મોટે ભાગે કોઈ સર્જકની કોઈ કૃતિની પ્રશંસા કરતાં કહેતા હોય છે. જો તેમણે બીજું કાંઈ જ ન લખ્યું હોત અને આ માત્ર એક જ કૃતિ 'ખડખડાટ રુદન અને પોકે પોકે આંસુ' જ લખી હોત તો પણ, તેમણે સાહિત્યની બહુ મોટી સેવા કરી ગણાત.' આનો બીજો અર્થ એ કે, તે સર્જકે માત્ર માત્ર એક જ કૃતિ લખવાની જરૂર હતી કેમ કે, માત્ર એક જ કૃતિથી તે સાહિત્યની મોટી સેવા કરી ચૂક્યા છે. બીજાં પુસ્તકો લખવાની મજૂરી કરવાની જરૂર ન હતી. સાહિત્ય સેવા કરવા માટે અતિરિક્ત મહેનત કરવાની જરૂર ન હતી. કેટલાક લેખકોએ સાઠ-સિત્તેર પુસ્તક લખેલાં છે. તે બિનજરૂરી હતું. જરા વિચારો, તેનાથી વાચકોને કેટલી મોટી રાહત મળી શકી હોત. રવીન્દ્રનાથ ટાગોરને પ્રથમ જ પુસ્તક પર નોબેલ પારિતોષિક મળ્યું હતું.

માણસની પ્રકૃતિ જ વિચિત્ર છે. તેને જે કામ ન કરવાનું કહેવામાં આવે તે પહેલાં કરે છે, અને જે કામ કરવાનું કહેવામાં આવે તે ક્યારેય કરતો નથી. તેથી જ 'સત્યં વદ, ધર્મં ચર' જેવાં સૂત્રો અસ્તિત્વમાં આવ્યાં. જો કે, દરેક સૂત્રની આ જ દશા થાય છે. માણસ એકલો હોય, સ્વતંત્ર હોય અને આનંદમાં હોય છે, પરંતુ આવી સ્થિતિ તેને મંજૂર નથી. તેથી લગ્ન કરવાનો ઉપાડો લે છે. મહાભારતની એક કથા જેવી જ આપણી સ્થિતિ છે. એક ઋષિ રાજાને અમુક કામ ન કરવા કહે છે, છેલ્લે ઋષિ કહે છે 'મેં તને જે કામ નહીં કરવા કહ્યું છે, તે તું કરવાનો જ.' આપણે કહીએ વત્સ, તું લગ્ન ન કરીશ. તું લગ્ન કરવા માટે છોકરી જોવા જઈશ નહીં, છોકરી જોવા જા, તો તેને પસંદ કરીશ નહીં. અગર તું પસંદ કરે તો તેની સાથે લગ્ન કરીશ નહીં. અગર તુ લગ્ન કરે તો, તેને મારઝૂડ કરીશ નહીં. અગર મારઝૂડ કરે તો છૂટાછેડા લઈશ નહીં. અગર તું છૂટાછેડા લે તો, ફરીવાર ઘોડે ચડીશ નહીં, પણ હે વત્સ, તું આ સઘળું કરવાનો જ છે. આ આપણા સૌની કથા છે. નહીં કરવાનાં કામ પ્રથમ કરીએ છીએ.

અમારા એક બોસ હતા. તેની પાસે જે દરખાસ્ત કરીએ તો તેનાથી ઊંધો જ હુકમ આપે. સૌ અકળાઈ ગયેલા પણ મેં તેમાંથી વ્યવહારુ રસ્તો કાઢેલો. એક વખત દિલ્હીથી પત્ર આવ્યો કૃષિ વિભાગે મિટિંગ રાખેલી. જેને અમારી સાથે બહુ નિસ્બત ન હતી. તે વખત દિલ્હીમાં ભારે ભયનું વાતાવરણ હતું. સાંજે છ વાગ્યા પછી કોઈ વાહન ન મળે. મિટિંગનો વિષય મારા ટેબલ સંબંધી હતો. માર્યા ઠાર. તેથી



મારે દિલ્હી જવું પડે તેમ હતું. મિટિંગમાં હાજર ન રહેવાના ઉપાયો શોધવા લાગ્યો. બોસની પ્રકૃતિથી વાકેફ હતો. મેં નોંધ મૂકી. મિટિંગના વિષયને ભલે આપણી સાથે ઓછો સંબંધ છે, પરંતુ તેમાં હાજર રહેવાથી સારું 'માર્ગદર્શન' મળી રહેશે. તેમાં થતી ચર્ચા વિચારણા ઉપયોગી થશે તેવું લાગે છે. તેથી મિટિંગમાં હાજર રહેવા અંગે આદેશ થવા વિનંતી છે. અમારા બોસ તેજોદ્વેષી હતા. તેમની માન્યતા એવી હતી કે, તેનાથી બીજા કોઈ હોશિયાર કે બુદ્ધિશાળી હોઈ શકે નહીં. તેથી મારા નોટિંગમાં 'માર્ગદર્શન' શબ્દ લખ્યો હતો. થોડી વાર પછી ફાઈલ પરત આવી તેમાં લખ્યું હતું, 'મિટિંગના વિષય સાથે આપણે બહુ ઓછી નિસ્બત છે. મિટિંગમાં થતી ચર્ચાવિચારણા, તે અંગે મળેલ પ્રોસિડિંગમાંથી વાંચી લેવી. આપણે ત્યાંથી કોઈએ મિટિંગમાં હાજર રહેવાની જરૂર નથી.' આપણા પાસા પોબાર પડયા. તે દિવસે સૌને ચા - પાણી કરાવ્યાં. પોલ એપલબી કહે છે 'વહીવટ એટલે માણસની પ્રકૃતિ અને સ્વભાવનો અભ્યાસ.

માણસ જ્યારે ઈશ્વર પાસે જશે ત્યારે ઈશ્વર પહેલાં પૂછશે કે કોઈનું સુખ - દુઃખ પૂછ્યું'તું કે, કોઈનું આસું લૂછ્યું'તું ત્યારે 'ગેં ગેં ફેં ફેં કરતાં કહેશે. હેં હેં હેં 'શું શું શું.' કારણ આખી જિંદગી ન કરવા જેવાં જ કામ કર્યાં હોય છે.

*સેક્ટર-૧-સી, પ્લોટ નં. ૨૮૫,*
*ગાંધીનગર-૩૮૨૦૦૭.*
*મો. ૯૪૨૭૦૨૬૮૪૨*



# એક પર્યાવરણપ્રેમીનો પત્ર

*- રમેશ પટેલ 'ક્ષ'*

**પ્રિય** પ્રકૃતિ,

તારા પ્રાણની લીલીછમ્મ પ્રેમભરી યાદ

પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય - એ કહેવતની તો તને જાણ છે ને ? હું, પ્રાણ અને તું પ્રકૃતિ ! કેવો ભવ્ય સમન્વય ! આ વિશ્વને ત્યજીને આપણે બંને પણ સાથે જ જઈશું ને ? એ અર્થમાં જોઈએ તો આપણે સારસ બેલડી જ કહેવાઈએ ને !

પ્રકૃતિ, આપણે મહાવિદ્યાલયમાં ભણતાં ત્યારે તેં ગુજરાતી મુખ્ય વિષય તરીકે રાખેલો, ખરું ને ? તને સમજાતી ન હોવા છતાં આ પ્રકૃતિ સૌંદર્યની કવિતાઓ તને ખૂબ ગમતી ! તારા ગુજરાતીના અધ્યાપકોને તેં કવિ ઉમાશંકરની કાવ્યપંક્તિ સમજવા પૂછેલું – "સર, સૌદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે – એમ કવિ કહે છે, તો શું સૌંદર્ય કોઈ દેશી કે વિદેશી પીણું છે ? એને કઈ રીતે પી શકાય ?" આખો વર્ગ તારા સવાલથી ખડખડાટ હસી પડેલો. તારા અધ્યાપક પણ હસવું રોકી શકેલા નહીં ! તને એમ થયું કે – વાહ ! મારી ''સેન્સ ઓફ હ્યૂમર'' કેટલી ઊંચી છે !"

પરંતુ એ પછી તું મારા પરિચયમાં આવી અને મેં તને સમજાવ્યું કે સૌંદર્ય પીવાનું અર્થાત્ માણવાનું ! કાવ્યપંક્તિના કવિ આબુ પર્વત પર પૂનમની ચાંદની રાતે 'નખી લેક'નું સૌંદર્ય માણતા હતા, ત્યારે એ પંક્તિ એમને સ્ફૂરેલી ! પછી તો તને ખ્યાલ આવી ગયો કે પીવાની વાત આવે ત્યારે એ પ્રવાહી જ હોય એવું અનિવાર્ય નથી !

તેં મને ખાનગીમાં કહેલું કે અન્ય વિષયો અઘરા જણાતાં તેં ગુજરાતી રાખેલું. ભાષાપ્રેમના કારણે તેં આ વિષય નહોતો રાખ્યો. તું પછી તો પૂરી સ્નાતક પણ ન થઈ ને ગુજરાતી સાહિત્યે એક મહાન વિદુષી અધ્યાપિકા અને કદાચ લેખિકા ગુમાવી !

પ્રકૃતિ, તું મને અવાર નવાર પૂછે છે કે હું કામધંધો શું કરું છું ? પગલી, હું તો આખો દિવસ પ્રકૃતિમાં ખોવાયેલો રહું છું ! પ્રભાતે પૂર્વમાં પ્રગટતા અરુણ, ઉષાની લાલિમા નિરખીને વિશ્વને અજવાળવા નીકળી પડે છે, ત્યારે હું પણ મારા મનના અશ્વોની લગામને છૂટો દોર આપી દઉં છું ને તારી સમીપ પહોંચી જાઉં છું ! સંધ્યા ટાણે આથમતા સૂરજના ગુલાબી રંગોમાં હું તારી આકૃતિ રચું છું. નિશાના ગાઢ અંધકારમાં બંધ આંખે પણ તારા સમગ્ર અસ્તિત્વનું હું અવલોકન કરું છું. મારી આ દિનચર્યાને હું મારા ભાવવિશ્વનો મહાન ચમત્કાર ગણું છું. લોકો કહે છે કે પ્રેમ અંધ હોય છે, પરંતુ પ્રકૃતિ ! હું તો બંધ આંખે પણ તને જોઈ શકું છું !

મારી એકલતાની ક્ષણોમાં, તારા ભૂતકાલીન સ્પર્શાનું સ્પંદન મધુમાલતીની જેમ મહેકે છે. નિશાના એકચક્રી શાસનમાં તારું સ્મરણ મારા ભાવવિશ્વને રાતરાણીની જેમ સુગંધિત કરે છે. મારી આંખ સામે (અને આખમાં પણ) તરવરે છે લહેરાતો મહાસાગર, મારી અગમ્ય સ્વપ્નિલ સૃષ્ટિમાં હું સૂના માર્ગ પર ચાલતો હોઉં છું ને બીજી જ ક્ષણે ત્યાં રચાય છે લીલેરું ઉપવન !

પ્રકૃતિ, કવિ હરીન્દ્ર દવેની કાવ્યપંક્તિ – 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં'ની જેમ એવું નથી કે લીલું પાન જોઉં તો જ તું મને યાદ આવે ! હું તો ખાખરાનું કે બાવળનું પાન જોઉં તો પણ તું યાદ આવે ! તારા સાંનિધ્યને કારણે તો મને બાવળિયો પણ ગુલમોર લાગે છે ! મને ધોળે દિવસે નભોમંડળમાં તારા બતાવવાની તારા પ્રેમમાં તાકાત છે. અહીં પૃથ્વી પર તારું દિલ ન લાગે, તો તને આકાશના સિતારાઓ પાસે લઈ જવાની દરખાસ્ત તેં મૂકી છે, તે માટે હું હંમેશાં પ્રયત્નશીલ છું !

તું જાણે છે તેમ, મારા ઘરના આંગણે આસોપાલવ, લીમડો વગેરેની સાથે પીપળો પણ છે. પીપળાને 'અશ્વત્થ' પણ કહે છે. કવિ ઉશનસ્‌ના કાવ્યસંગ્રહને એની સાથે કોઈ નિસ્બત નથી. મને કયારેક થાય કે પીપળો પૂજવાને બહાને તું રોજ સવારે મારે આંગણે આવે, તો તને જોઈને હું પારિજાતનાં પુષ્પોની જેમ ખીલી ઊઠું ! (મારા આંગણે પારિજાતનું વૃક્ષ પણ છે એ તારી જાણ સારું !)

પ્રકૃતિ, તને તો ખ્યાલ છે કે હું પર્યાવરણપ્રેમી છું.

મારા ઘરના વાતાનુકૂલિત ખંડમાં બેસીને મેં ઘણાં ખંડકાવ્યો રચ્યાં છે ! એટલું જ નહીં, કલકલ વહેતાં ઝરણાં વિશે, નિર્ઝરી વિશે, ઘૂઘવતા સમંદર વિશે, ઊંચા ઊંચા પહાડો વિશે ઘણી કવિતાઓ રચી છે ! આ કવિતાઓ વાંચીને મારા ચાહકો એમ માને છે કે હું 'સદાબહાર' છું ! (અર્થાત્ સદા બહાર જ રહું છું, ઘરમાં રહેતો નથી !) મારા વિશાળ ચાહકવર્ગની આ મનભાવન 'ગેરસમજ' તું દૂર કરવાનો પ્રયાસ નહીં કરે તેવી અપેક્ષા છે !

અને હા, તું લખે છે કે મારા વિરહમાં તારું ડાબું અને જમણું હૃદય દુભાય છે. પરંતુ પગલી, હૃદય દુભાય ત્યારે એ આખેઆખું જ દુભાય ! મારું પણ એવું જ છે ને ! કોઈ પ્રકૃતિને છેડે કે છંછેડે ત્યારે મારું પણ હૃદય વિષાદથી ચિરાય છે તેમ છતાં, એ ઘટના પર એક કવિતા લખી દેવા સિવાય બીજું કંઈ જ થઈ શકતું નથી !

પ્રકૃતિ, તું સ્વયં પ્રકૃતિ છે તે કારણે તું મને ગમે છે. કડવા લીમડાના પાન જેવી તારી કડવી વાતો પણ મને ગમે છે ! સફરજન જેવા તારા ગુલાબી ગાલ નિરખીને મને હિંસક વિચારો આવે છે, પરંતુ દેવાધિદેવ ધન્વન્તરિનું સ્મરણ કરીને મનને શાંત કરું છું ! તું કહે છે કે હું પણ ટામેટાં જેવો લાલઘૂમ થયો છું - તે થાઉં જ ને ! રોજ પાકાં ટામેટાં અને ફળફળાદિ ખાઉં છું ! તારા પરિચય પછી મેં 'ફાસ્ટ ફૂડ'ને તિલાંજલિ આપી દીધી છે. રેસ્ટોરન્ટમાંથી 'ઓનલાઈન' ખાવા-પીવાનું મંગાવવાનું તો તારા સોગંદ ખાઈને બંધ કરી દીધું છે ! મારા આંગણે પીપળાના વૃક્ષ નીચે બેસીને ભરપૂર માત્રામાં પ્રાણવાયુ ગ્રહણ કરું છું. એ ધન્ય ટાણે, તારું 'પાણિગ્રહણ' કરવાના ઊંડા વિચારોમાં ગરકાવ થઈ જાઉં છું ! તને જાણીને નવાઈ લાગશે કે આ પીપળો તો મારા માટે 'બોધિવૃક્ષ' બનતો જાય છે !

તું જાણે છે કે આપણે ત્યાં ભૂખથી મરે છે એના કરતાં વધુ લોકો અવિરત ખાવાથી મરે છે. તારા કહેવાથી મેં 'કમ ખાઓ, ગમ ખાઓ'નું સૂત્ર અપનાવ્યું છે ! સવારે સૂર્યનમસ્કાર કરું છું. ન આવડે તો પણ યોગ - પ્રાણાયામ કરું છું ને બીજાઓને શીખવાડું પણ છું ! તેં કહ્યું છે તેમ નૈસર્ગિક જીવન જીવું છું. આ કારણે અલમસ્ત રહું છું. મારા ફેમિલી ડૉક્ટરે મને તેમના ચિકિત્સાલયમાં અંદરના દર્દી તરીકે જોવા ચાતક નયને રાહ જુએ છે, પરંતુ પ્રકૃતિ ! તું જ કહે, જેના પ્રાણ પ્રકૃતિ સાથે જોડાયા હોય તે કદી બીમાર પડે ?

ક્યારેક તું ચંદ્રમુખીમાંથી અચાનક જ્વાળામુખી થઈને મને ખખડાવે છે ત્યારે ખૂબસૂરત લાગે છે ! 'કોઈ હસીના જબ રૂઠ જાતી હૈ તો ઓર ભી હસીન હો જાતી હૈ'- એ વિચાર સાથે હું સંમત છું ! તારું રિસાઈ જવું મને અનેરી લિજ્જત આપે છે. તેને મનાવવાના બહાને તારું સાંનિધ્ય મને સાંપડે છે !

અને હા, તારી સખીઓને તું મારો પરિચય આપે ત્યારે મારું નામ પ્રાણને બદલે પ્રાણકુમાર કહે તે યોગ્ય ગણાશે. મારાં ફોઈએ મારું નામ પ્રાણ પાડેલું. એમને ખબર નહોતી કે પ્રાણ હિન્દી ફિલ્મોના ખ્યાતનામ વિલનનું નામ છે ! જો કે, એ પ્રાણ પણ એના અંગત જીવનમાં સજ્જન અને સંવેદનશીલ હતા !

વૃક્ષારોપણના એક કાર્યક્રમમાં મારે અતિથિવિશેષ તરીકે જવાનું છે એટલે મારે અહીં અટકવું પડશે. ખાસ તો એનું ફોટો - ફંકશન છે અને દૈનિકપત્રમાં પણ ફોટા મૂકવાના છે. એટલે જાઉં છું ! કાલના દૈનિકપત્રમાં મને જોઈ લેવાનું ભૂલીશ નહીં !

બાય ધ વે, મેં તને જણાવ્યું તેમ પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય છે. આમ છતાં હું મારી જીવનસંગિની થઈશ એ પછી તારા અખંડ સૌભાગ્ય માટે હું સતત પ્રભુને વિનવીશ એની ખાતરી આપું છું !

- તારો, માત્ર તારો જ પ્રાણ !

---

*૨૪, વ્યાપાર ભવન, ન્યાયમંદિર પાસે,*
*હિંમતનગર-૩૮૩૦૦૧, જિ. સાબરકાંઠા.*
*મો. ૯૮૨૫૩૪૦૨૩૯*



# જબ યોગ મેટ

*- સુષમા શેઠ*

**"હેં ?** કાલે વિશ્વયોગ દિન છેં ? તોં આપણેય યોગા કરવું જ જોવે. આટલાં બધાં રે તોં આપણે કેંમ રહી જોંઈ ?" લાર્જ સાઇઝના વસ્ત્રોમાં ફિટ થતાં પ્રતાપભાઈએ ટેવ પ્રમાણે તીણા નાકમાંથી બોલી, શબ્દો પર મીંડીઓ ચડાવી પોતાનો પ્રતાપ બતાવ્યો.

"તે જાઓને મેં ક્યાં ના પાડી ? તમે આખો દી'નવરાધૂપ છો. મારે તો કેટલાંય કામ માથે હોય, ધર્મપત્ની જયાએ ખોંખારો ખાઈ હોંકારો ભણ્યો.

પછી ખાસ યોગ કરવા ખાસ ક્યાં વસ્ત્રો પહેરવાં તે નક્કી કરવા તેમણે કબાટ ખોલ્યું. ખાસ સફેદ ટીશર્ટ કાઢ્યું. તે પીળું પડી ગયેલું જોઈ લાલ થયા વગર એક તરફ ફંગોળ્યું. પછી વારો આવ્યો ભૂરા ટી શર્ટનો એમાંનું બટન તૂટેલું જોઈ પીળા પડ્યા વગર તેને બીજી તરફ ફેંક્યું. ગમતું લાલ ટીશર્ટ કાઢ્યું તેમાં કાળા ડાઘ ! મોટું ધોળી પૂણી જેવું થઈ ગયું પણ જાડી જયાને કંઈ ન કહેવાય. એનેય નીચે ભોંય પર પટક્યું. એક કથ્થાઇ ચટાપટાવાળું ટીશર્ટ મિડિયમ સાઇઝનું હોવાથી ડૂચોવાળી કબાટના ખૂણામાં નિર્મમપણે ઢબૂરી દેવાયું. હવે બાકી હતું તે સગ્ગા સાળાએ સમજી વિચારીને ભેટ આપેલું એક્સ.એલ. સાઇઝનું પીળું ટીશર્ટ હાથમાં લઈ મેચિંગ પાયજામો શોધવાનો ઉપક્રમ તેમણે કરવા માંડ્યો તેમાં કાળો પાયજામો બરોબર મેચ થયો.

"આપણી પાંહેં યોંગાંમેટ છેં ? સવાલ સામે જયાનો જવાબ તૈયાર જ હતો, "લે ! વરસને વચલે દા'ડે તમે યોગામેટ માંગો તે મને એમ કે હવે એનું કોઈ કામ નથી એટલે ઈ મેં કેરીના કકડા તડકે સૂકવવા લઈ લીધી. એમાં એવું થયું કે એની પર હળદરના ડાઘ પડ્યા ઈ કેમે કરીને જાતા નથી અને ખાટી વાસ પણ જાતી નથી."

"એંમ ? કાંય વાંધો નૈં. આજે નવીં લઈ આવું." સીધા સરળ પ્રતાપભાઈને આમ વાતેવાતે વાંધો ઊઠાવવાનું પરાણે ભૂલી જવું પડેલું, નહીંતર સુખી લગ્નજીવન જીવતી યાને પરાણે વાંકું પડી જાય. ચારેબાજુ વસ્ત્રો પથરાયેલાં જોઈ જયાએ કરી મૂકેલી રાડારાડનો આજે ઘરબેઠે યોગ થયો.

બીજા દિવસે વહેલી સવારે નવીનક્કોર યોગામેટ બગલમાં દબાવી, પીળા ટીશર્ટ અને કાળા પાયજામામાં સજ્જ પ્રતાપભાઈ મેચિંગ ટેક્સી કરી નિર્ધારિત સ્થળે જાહેરમાં યોગાસનો કરવા માટે એટલે કે વિશ્વયોગ દિવસમાં પોતાનો અમૂલ્ય ફાળો નોંધાવવા પહોંચી ગયા. તેમને જોઈ ટેક્સી ડ્રાઈવરે ટીખળ કરી. "ટેક્સી કે સાથ એક સેલ્ફી લે લો."

"તુંમ જલદીં ચલોનેં ભાંઈ." પ્રતાપભાઈનું નાક કપાયા વગર બોલ્યું.

આહાહા... વહેલી સવારે ખુલ્લા વિશાળ મેદાનમાં કેટલા બધા લોકો પોતપોતાનું સ્થાન ગ્રહણ કરી ગોઠવાઈ ગયા હતા. પ્રતાપભાઈ સેલ્ફી લીધા વગર ઉતાવળે ભાડું ચૂકવી ઊતરી ગયા તેમાં યોગામેટ ટેક્સીમાં જ રહી ગઈ અને ડ્રાઈવરે પાછળ જોયા વગર ટેક્સી હંકારી મૂકી.

બધાંને શ્વેત વસ્ત્રોમાં જોઈ પ્રતાપભાઈ ભોંઠા પડી ગયા પણ હવે બીજું કંઈ થાય તેમ નહોતું. તેઓ છેક છેલ્લી હરોળમાં મેટ વગર ગૂંચવાયેલાં ઊભા રહી ગયા.

"બીજી છેં ?" તેમણે આધેડ વયના કાકાને યોગામેટ માટે પૂછ્યું. કાકાને એમ કે વયમાં વીસ વર્ષ નાની તેમની દેખાવડી પત્ની અંગે પુછાયું. ગરમમિજાજી કાકા વીફર્યા, "તારે શું ? મારી પેલ્લી હોય કે બીજી. તું તારા કામમાં ધ્યાન રાખ ડોબા, અહીં કાળાં પીળાં કપડાં પહેરી યોગા કરવા આયો છે કે બધાંની બૈરીઓ જોવા ?

એ તો પ્રતાપભાઈ સમયસર દૂર ખસી ગયા નહીંતર નરણા કોઠે ડાબા હાથની એકાદ અડબોથ ખાવાનો વારો આવત. તેમણે પ્રશ્ન બદલ્યો.

"એક્સ્ટ્રાં છેં ?" આગળ ઉભેલી પાતળી સન્નારીને પૂછ્યું તેમાં એય વીફરી.


"કંઈ ભાનબાન છે કે ? હું તમને એક્સ્ટ્રા દેખાઉં છું ?" ગભરાયા વગર પાતળીએ પ્રતાપભાઈને ગાલે એક લાફો ઝીંકી જ દીધો. આજુબાજુના ટોળે વળ્યા. કોઈએ પ્રતાપભાઈનો કૉલર પકડ્યો તો કોઈએ ડોળા તગતગાવ્યા. પ્રતાપભાઈ ગાલ પંપાળતા પાછળ હટી ગયા. 'સાલું એક્સ્ટ્રાનું પૂઈછું તેમાં હું ગુનોં કઈરોં ?' તેમણે માથાની ટાલ ખંજવાળી, વધુ એક પ્રયત્ન કરવા ખાતર હવે તેમણે ફક્ત ઈશારાથી મેટ બતાવી "મળશે ?" એટલું જ પૂછ્યું. ફરી એક હટ્ટોકટ્ટો મૂછડ બગડ્યો. પ્રતાપભાઈનો કૉલર ઝાલી એ

તાડૂક્યો. "વ્હોટ મે યુ મીન ? શી ઈઝ માય વાઈફ. મળવું છે એમ ? હાઉ ડેર યુ આસ્ક કે એ મળશે ?" તેણે મણમણની ચોપડાવી.

તેવામાં ઓમકારનો ધ્વનિ ગુંજતો થયો. યોગાભ્યાસ શરૂ થતાં તેઓ મેટ વગર આંખ મીંચી ધ્યાનમુદ્રામાં હેઠે બેસી પડ્યા. તેમણે જ્યાં તશરીફ જમાવી ત્યાં હરતીફરતી લાલ કીડીઓના તેઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા. તેમાં એક મોટી કીડીએ પણ મીંચેલી આંખે એમને ચોક્કસ સ્થાને એવો ચટકો ભર્યો કે બિચારા પ્રતાપભાઈ એક ફૂટ અધ્ધર ઊછળ્યા અને "ઊહહ" બોલી એ સ્થાન બે હાથે પપાળવા માંડ્યા.

"ટું આંય ખોટ્ટું આસન કરેછ ડીકરા," બાજુમાં બેઠેલા પારસી ગૃહસ્થે ટકોર કરી. પ્રતાપભાઈની દયનીય હાલત જોઈ પાછળ બેઠેલી કમનીય કાયા ધરાવતી રેખા ખડખડાટ હસી પડી. એ મનમોહક હાસ્યે પ્રતાપભાઈને ધ્યાનભંગ થવા વિવશ કર્યા. તેમણે ડોક ફેરવી પાછળ જોયું. હવે તેમનું ધ્યાન પેલી સુંદરી પર કેન્દ્રિત થયું. સ્લીવલેસ ચુસ્ત ટીશર્ટ અને ટાઈટ્સ પહેરેલા તેના લાંબા પાતળા પગ પલાંઠી વાળીને બેઠા હતા. ટટ્ટાર બેસીને અનુલોમવિલોમની ક્રિયા કરતી રેખાના આકર્ષક ફિગરને પ્રતાપભાઈ તીરછી નજરે તાકી રહ્યા. તેમાં તેમની પગની પલાંઠી એવી તો ટાઈટ વળી ગઈ કે પછી આજુબાજુવાળાઓની સહાયતા વડે છૂટી કરવી પડી. પ્રતાપભાઈના મુખમાંથી શબ્દો વગરની એકલી મીંડીઓ બહાર રેલાઈ.

શ્વસનક્રિયા બાદ સમૂહમાં વિવિધ યોગાસન કરવાનું શરૂ થયું. પવનમુક્તાસન કરતાં પ્રતાપભાઈના પવને મુક્ત થઈ પોતાનો પ્રતાપ બતાવ્યો એથી પેલી મોટી લાલ કીડી એવી ખેંચાઈ આવી કે તેણે ફરી એ જ જગ્યાએ ચટકો ભર્યો.



"ડીકરા ટું ખોટ્ટા આસન કરેછ અને વારેઘડીએ આમ પાછળ ફરીને સું જોયા કરેછ. આગલ જોની," ફરી બાવાજી બબડ્યા.

અંગમરોડ કરી જાતજાતની મુદ્રાઓ અને આસનો કરતી વખતે પ્રતાપભાઈ પેલી ફટકડી રેખાને જોવાનું ન ચૂકતા તેમાં મોટી ચૂક એવી થઈ ગઈ કે વાંકા વળીને ધનુરાસન કરવા જતાં તેઓ પાછા સીધા થઈ જ ન શક્યા. કમરે એવી લચક આવી કે શૃંગારરસનું પાન કરવા જતા પ્રતાપભાઈના શાંતરસમાં કરુણરસ પ્રવેશી ગયો. કમર ધનુષ્યની કમાન જેવી વાંકી વળી ગઈ.

"ઊંહહહ... આ તોં ભાંરેં થંઈ." ઉછળી રહેલા હાસ્યરસને દબાવતા બધા પોતપોતાના રસ્તે રવાના થયા ત્યારે ઊંહકારા રેલાવતા પ્રતાપભાઈ ચાર જણાને ટેકે માંડ માંડ ઊભા થઈ શક્યા. જોકે, મરડાયેલી કમર વાંકી જ રહી ગઈ.

"આં કેંમ કરતાં થ્યું એંવું જાડી જ્યાં પૂંછશેં તો હું જવાબ દંઈશ ? ઈના કરતાં બાંરોંબાર ડૉક્ટર પાહેં વયોં જાંઊં. ઈં મનેં હીધોં કરીં દેંશે. પછેં વાંધો નૈં." અકસ્માતે વાંકા વળી ગયેલા પ્રતાપભાઈએ સીધુંસટ વિચારી લીધું અને ટેક્સી પકડી.

"હીધેંહીધું નાકનીં ડાંડીએ હાલ્યોં જાં. હાંમેં ડૉક્ટર કિકવાલાનું બોરડ દેખાંય ન્યાં ઊભી રાખજેં, ક્યાંય વળતોં નૈં." ટેક્સી ડ્રાઈવરને તેમણે જરૂરી સૂચના આપી દીધી.

વાંકાઓને સીધા કરનાર જાણીતા હાડવૈદ મઢીવાલા જે હવે આધુનિક જરૂરિયાત મુજબ ડૉક્ટર બની બેઠેલા તે ડૉક્ટર કિકવાલા તરીકે પ્રખ્યાત હતા. આખી બાટલી પીધા બાદ તેમને કિક લાગે પછી તેઓ દર્દીના વાંસામાં પગેથી કચકચાવીને લાત મારી તેને સાજો કરી દેતા. તેમણે મૂળે તેમની પત્ની પાસેથી ટ્રેનિંગ લીધેલી.

"સુંઉં તકલીફ છે ?" ડૉક્ટર કિકવાલા પ્રતાપભાઈને તપાસ્યા વગર બધું સમજી ગયા, "કેમ કરતાં થયું ?"

જવાબમાં પ્રતાપભાઈને મોટે ઊંહકારા વત્તા આંખે પાણી આવ્યાં. "યોંગાંસન કરતોંતોં." તેઓ કરાંજ્યા.

"હમમમઉં, ઊંધા ફરી જાઓ જોઉં." કહી કિકવાલાએ પ્રતાપભાઈના બરડામાં જોરથી લાત ફટકારી. બનવાકાળ તે બટકા પ્રતાપભાઈ પિસ્તાળીસ ડિગ્રી વાંકા હતા એ કરતાં હવે વધુ એટલે કે નેવું ડિગ્રી વાંકા વળી ગયા.

"આંહહહ..." તેમના મુખમાંથી ચીસ નીકળી.

ડૉક્ટર પણ વિચારમાં પડ્યા. બધા દર્દી સીધા થઈ જાય છે અને તે વધુ વાંકા વળી ગયા.

"દાક્તર, હવે ?"

"હવે ફી આપો જોઉં. ફક્ત પાંચસો સુઉં ?"

"પણ મનેં હીધોં તો કરોં, હવે પર લાત માંરસોં ?"

"અરે ના. હું સાંજે આવવાનું ઇન્સિસ્ટ કરું તેનું ખાસ કારણ છે, સુઉં ? સવારના ટાઇમે આવું થાય છે. હવે એક કામ કરો. મને કહો જોઉં તમે કયું આસન કરતા હતા ?"

"ધ... ધ... ધનુરાસન."

"શ્વાસ અંદર ખેંચ્યો કે બહાર ?"

"પેટ અંદર લીધું તેમાં ગેસ બહાંર વયોં ગ્યોં."

"કોને જોઈને ?"

"રેખાને."

"હમમમ. સીધી રેખાને જોવા ઊંધા ફર્યા હતા ?"

"હું હાવ હીધોં હતોં પણ વાંકાં વળીને આસન કઇરું તેમાં નીંચી વળેલીં રેખા દેખાણીં."

"હમમમ. તો હવે મને જોઈને અર્ધસૂર્ય નમસ્કાર કરો. સુઉં ? એમાં કમરેથી પાછળની તરફ વળવાનું જુવો હું કરાવું, ધીરેધીરે બધ્ધું ઠેકાણે આવી જસે સુઉં ?"

"પાંછીં પગેથી લાંત માંરશોં ?"

"ખાવી છે ? તો કચકચાવીને મારું પણ બીજા પાંચસો થશે. સુઉં ? મારે બાટલીના પૈસા કાઢવાના."

"નાં, નાં. એમાં વળી હું વધાંરેં વાંકો વળી જાઉં તો ? કાંયંમની સાષ્ટાંગ નંમસ્કાંર મુદ્રા થંઇ જાંયં. હાંજે આવીંશ." કહી ડૉક્ટર કિકવાલાની ફી ચૂકવી વાંકા પ્રતાપભાઈ ત્યાંથી રવાના થયા અને ઘરે પહોંચવા ફરી ટેક્સી પકડી.

'આ સવારી ટેક્સીની સીટ પર બેસશે કે ઊભી રહેશે ?' તેની અટકળ કરતા ટેક્સી ડ્રાઇવરે ટેક્સી થોભાવી, ભાડું ઠરાવ્યું.

"હીધેંહીધાં જાં કેં રાંઇટમેં લેફ્ટ લેં લો. આગળસે પછવાડે વળનેંકા નૈં." હવે આવા વાંકા વાંકા જ ઘરે જવું પડશે એના ઉચાટમાં પ્રતાપભાઈએ ટેક્સી ડ્રાઇવરને આડીઅવળી સૂચનાઓ આપી.

ફાઈનલ ગંતવ્યસ્થાન સમજ્યા વગર ટેક્સીએ પ્રસ્થાન કર્યું. રસ્તામાં ખાડો આવતાં એ ઊછળી અને વાંકા પ્રતાપ ભાઈનેય એક ફૂટ ઊછાળ્યા. તેવામાં આમતેમ ડાફરિયાં મારતા પ્રતાપભાઈને રસ્તામાં ગધેડો દેખાયો, 'આઇડિયા.' મનોમન બબડી તેઓ ઊવાચ્યા, "એંએંએં ખડાં રખ્ખોં."

"કીધર"

"ઓં ગધેડે કેં પાંસ."

ટેક્સી ડ્રાઇવરે પ્રતાપભાઈનું પગથી માથા સુધી અવલોકન કર્યું. આ પેસેન્જર ચક્રમ નથી તેવી ખાતરી કર્યા બાદ તેણે ટેક્સી થોભાવી.

"આપ સા'બ પુરાને જમાને કે સિંગર હો ?" પેલા ડ્રાઇવરને એમ કે નાકમાંથી હીંધેહીંધું બોલતા આ ખાસ પેસેન્જરને ગધેડાના હોંચી હોંચી સાથે જુગલબંદી જમાવી આવાંઝ દૈં કહાં હૈં... એવું નાકમાંથી ગીત ગાઈ રિયાઝ કરવાનું હશે. ટેક્સી થોભાવી તેણે રેડિયો ઑન કર્યો. 'યે કહાં આ ગયે હમ...' વાગ્યું.

વક્ર-કેડ મહાકાય પ્રતાપભાઈ હેઠે ઊતર્યા અને ગધેડા પાસે જઈ પીઠ ફેરવી ઊંધા ઊભા રહ્યા. સવારના પહોરમાં આવા મેચિંગ કપડામાં ટેક્સીમાંથી ઉતરેલા વાંકા વળી ગયેલા વિચિત્ર પ્રાણીને જોઈ ગધેડો જોરજોરથી ભૂંક્યો. પછી આદતવશ તેણે પ્રતાપભાઈને જોરદાર લાત ફટકારી. પ્રતાપભાઈ પડ્યા. પડીને પાછા ઊભા થયા અને અચાનક સીધા થઈ ગયા. ખસી ગયેલો કમરનો મણકો ડાહ્યો થઈ યથાસ્થાને ગોઠવાઈ ગયો. તેમણે સીધા ઊભા રહીને આમતેમ કમર હલાવી. વાહ ચમત્કાર થયો.

"જોંયું કેંવીં મફતમાં લાંત ખાધીં." પ્રતાપભાઈ ખુશખુશાલ સ્વગૃહે રવાના થયા. જઈને હસતાં હસતાં પત્ની જયાને કીધું, "આંજેં ઓલીં ફિલમ જોંવીં છેં, જબ વી મેટ."

"પણ નવી લીધી'તી એ યોગામેટ ક્યાં ?"

"પૂંછતી જ નાં." પ્રતાપભાઈને હેડકી આવવા માંડી, "ઇં જેનેં મઈલીં ઇં મુજ દાતાંરનેં યાંદ કરતોં લાગેં છેં."

એમણે રેખાને યાદ કરવાનું માંડી વાળ્યું.

---

*પ્રકૃતિ ટાવર્સ, ૮૦૧, ૮મા માળે,*
*આઇનોક્સ મલ્ટિપ્લેક્સ સામે, રેસકોર્સ સર્કલ,*
*વડોદરા-૩૯૦૦૦૭. મો. ૯૮૨૪૫૨૨૨૪૩*






**માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિધ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક**

**લવાજમ : કોઇપણ કોમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે**

**રાજ્યભરમાં રોજગારવાંચ્છુઓ માટેનું વિશ્વસનીય સાપ્તાહિક**

**શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ**

**રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન.**

**વાર્ષિક લવાજમ માત્ર ₹ 30/-**

**રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર**

# ભોમિયા વિના...

*- દિલીપ શાહ 'રસીલા'*

**હા,** હજી મને બરોબર યાદ છે... એ જૂનની ૨૬મી જ હતી. કટોકટીની ઐતિહાસિક ઘટનાની ! સાલ બદલાઈ ગઈ હતી એ ૧૯૭૫ની નહીં, પણ ચાલુ વરસ ૨૦૨૨ની હતી. એ દિવસે અમારે કટોકટી ઊઠી ગઈ હતી. કોવિદ-૧૯ના બાઉન્સરના લાં... બા... બે વરસના યુગ પછી બહાર 'પ્રવાસ'માં જવાના યોગ અઠવાડિક ભવિષ્યના વર્તારા મુજબ ખરા ઊતર્યા. અમારા પુસ્તકાલયના 'રીડર્સ પેરેડાઇઝ' ગ્રૂપના સભ્યોએ સાહિત્યિક પ્રવાસ 'સર્જકના વતન'ની મુલાકાત હેઠળ અરવલ્લી જિલ્લાના ઈડર પાસે બામણા ગામમાં કવિશ્રી ઉમાશંકર જોશીના જન્મ સ્થળની મુલાકાત લેવાનો કાર્યક્રમ યોજ્યો હતો. પ્રવાસ ખર્ચ નાસ્તાપાણી, ભોજન... વગેરેના સ્પોન્સરર્સ (મારા સિવાય) બહુમતીમાં હતા એટલે તરત જ 'હા' પાડી ! જોડાનારા સભ્યોમાં દર વખતની જેમ આ વખતે પણ હું 'પ્રથમ' રહ્યો 'લાલો લાભ વગર ના લોટે' ઉક્તિ વિશે જાણનારની આસ્થા અડીખમ રહે એ જ મારો મૂળ હેતુ. બીતાં બીતાં ઘરવાળાં મેડમને પણ જોડાવા સમજાવ્યાં. દલીલો વગર અદાલતે પણ શરૂ થઈ ગઈ... અમારા શયનખંડમાં.

જુઓ... તમારા આવા પ્રવાસમાં મને પૂછ્યા વગર નામ જ કેમ લખાવ્યું ? એક તો હું ગુજરાતીમાં કાચી. આ વિષયને લીધે જ S.S.C. અને B.A. બંનેમાં મારો ફર્સ્ટ ક્લાસ આવતાં રહી ગયો... એમાંય મને આ તમારા બામણાના જોશીજી જ નડ્યા ! પદ્યસમીક્ષામાં એમનું કાવ્ય પુછાયું હતું. સરળ ભાષામાં એનું રસદર્શન લખવાનું હતું... પૂરા પાંચ માર્ક હતા ! 'સરસ... તો પછી એ કેવી રીતે નડ્યા ? કયું કાવ્ય હતું ? તેં શું લખ્યું ? તારું લખાણ તો વખાણને લાયક હોય છે' !

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા, જંગલની કુંજકુંજ જોવી હતી, જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા, રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી...

મેં મારી રીતે લખી નાખ્યું : આ કવિશ્રીને ઘેર રોજની જેમ પાછી બબાલ શરૂ થઈ ગઈ છે. એમણે નક્કી કર્યું કે મારે આને (પત્નીને) ભોમિયા તરીકે સાથે લઈ જવી જ નથી. બંદાએ રવીન્દ્રનાથ ટાગોરના આદેશ મુજબ... 'એકલો જાને રે...' સિંગલ નીકળી જ પડવું છે. કવિ સંસારજીવનથી એટલા બંધા કંટાળી ગયા છે કે બસ હવે ઘર છોડીને જંગલમાં મંગલ કરવું છે. (કદાચ ઋષિમુનિઓની જેમ તપ, સાધના પણ થઈ શકે !) કાયમ માટે રહેવાની જગ્યા સીતાજીની પંચવટીની જેમ નક્કી કરવા આજુબાજુની કુંજ, કંદરાની ક્વૉલિટી પણ તપાસવી હતી. પાણીનો પ્રોબ્લેમ ન હતો, ઝરણાનું લોકેશન પણ દેખાયું...! વળી પરોક્ષ રીતે કવિએ એમના જીવનમાં સંતાકૂકડી રમી ગયેલી શેરીની કુંજબાળા... કંદરાગૌરી અને ઝરણાને પણ યાદ કરી. પંક્તિઓમાં હૃદયના ધબકારાના પડઘા પાડી દીધા લાગે છે... કવિ પાછા સ્વભાવે ઋજુ છે. જાણ્યે-અજાણ્યે પેલી ઋરણાડી અડફેટે ચઢી જાય તો કવિ આંસુ લૂછવા માટે પણ રેડી છે !

અલી... તે આવું બધું લખ્યું રસદર્શનમાં ? આવું વાંચીને પરીક્ષક, સમીક્ષક અરે ! ખુદ સર્જકનેય મૂંઝવણ થાય કે મારી કલ્પના, વ્યથાનો આવો અર્થવિસ્તાર થશે..! તું ભૂલેચૂકે કોઈ દિવસ મારી કવિતાનું આવું રસદર્શન ના કરીશ. સમ ખા આ જોડણીકોશ પર હાથ મૂકીને...

આ તો ઊંઝાવાળોનો છે... સાર્થનો જોડણીકોશ નથી ? મેં હજી પસ્તીવાળાને માળિયેથી તમારો 'હજીરો' વેચ્યો નથી. જાવ સીડી ચઢીને ઉતારો. પાછા ગઈ વખતની જેમ ભોંય પડતા નહીં. આયોડેક્સની આખ્ખી બોટલ તમારે ઢીમણે ઘસીઘસીને હું તો થાકી. હવે તો પાછી મોંઘી છે, ડબલ ભાવ થઈ ગયો છે. અને... આ શું તમારી કવિતા છે કે, જોડકણું ? કેવું લખો છો તમે ?

કેડી હતી, લાંબી થઈ રોડ થઈ ગયો,<br>
બી હતું જમીને ગયું, છોડ થઈ ગયો.<br>
અરે ! રસ્તે રઝળતો પથ્થર હતો

મંદિરમાં ગયો ને ગોડ થઈ ગયો !

...અને ભગવાનની મૂર્તિનું આવું અપમાન ? અરે ! એ પથ્થરના શિલાન્યાસ વખતે રૂપિયા ૧૧,૦૦૦ની પાવતી તો મેં ફડાવી હતી. ખબરદાર હવે પછી આવું લખ્યું તો જોડકણા માસ્ટર !

અલી... વાત જોશીજીનાં કાવ્યની ચાલે છે ને સાઈડ ઈફેક્ટમાં મને કચડી નાખ્યો ?

જોડકણામાસ્ટર હજી તો અડધેય નથી આવ્યા. આ તમારા કવિનું હજુ પરાક્રમ તો વાંચો... સમજો... પચાવો મારી જેમ ભલે તમારા જેવાને ખાટા ઓડકાર આવે... લો, આગળ વાંચો ડોળા ફાડી...

સૂના સરવરિયાની સોનેરી પાળે, હંસોની હાર મારે ગણવી હતી.

ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે, અંતરની વેદના વણવી હતી.

લો... જુઓ તમારા કવિ શિક્ષક જ હોવા જોઈએ. જેમ બે વરસ પહેલાં 'તીડ અભિયાન' હતું એવું આ હંસ અભિયાન લાગે છે. હવે એમને હંસો ગણી ગણીને સંખ્યા કોષ્ટકમાં ભરવાની લાગે છે. હંસ કેટલા... લાઈનમાં તરે છે કે જુદા જુદા... મને તો આમાં એમની સખી હંસાની જ ઝાંખી થતી લાગે છે ! ઘરે તો એમનો ટાંટિયો ટકતો નથી અને હેંડવા માંડ્યા છે... ક. વગડે. હવે માળા ફેરવવાના વખતે ભટકે



કોયલના માળા અને એના ચાળા જોવા પાછળ ? અલી, જો તો ખરી અંતરની વેદના જાણવા અધીરા છે. ના મારી બુન ! જરાય નહીં અહીં પણ ર. વ. દેસાઈજીની 'કોકિલા'નું રૂપક મૂકી એમની વ્હાલી કોકિલાને જ યાદ કરી છે. વાહ કવિ વાહ ! એક કાંકરે જુઓ તો ખરા ! પક્ષીઓનાં ઝૂંડે ઝૂંડે હડફેટે લઈ લીધાં...!

આલી, તું આવું આવું રસદર્શન કરાવે પછી પરીક્ષકને મનોમન મૂંઝવણ થાય કે આને સાચું ગણવું કે પ્રશ્નપત્રની 'આદર્શ કી'ને અનુસરવું ! આમા તું ખરેખર કલમવીરને અન્યાય કરી રહી છે. પછી ગુજરાતીમાં માર્ક ઓછા જ આવે ને ? જોશીસાહેબને સમજવા અઘરા છે.

'તમે જરા છાના રહો હજી તમે આગળ તો જુઓ એમનાં ખાંખાંખોળાં...'

એકલા આકાશ તલે ઊભીને એકલો
પડઘા ઉરબોલના ઝીલવા ગયો;
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં
એકલો અટૂલો ઝાંખો પડ્યો.

ભોમિયા વિના નીકળ્યા છો તો હવે ભોગવો ! ઉપર આકાશ નીચે ધરતી ! નથી આજુબાજુ પડઘા ઝીલે એવા પહાડો... ડુંગરો. તોય પાછા પડઘા (હૃદય કમજોર હતું તોય) ઉપર પડઘા પાડ્યા. પડઘાએ યુ ટર્ન લીધો. ડાઈરેક્ટ સીધા ઊંચે આકાશે ! બિચારાં નિર્દોષ પક્ષીઓ પણ નાહકનાં ગભરાઈ ગયાં હશે ! માથેરાન, મહાબળેશ્વર ખાતે તો 'I Love You' પ્રેમીપંખીડાંઓ બોલીને બાપદાદાના વારસાને અકબંધ રાખે છે. પણ અહીં તો કવિ સીધા ગગનગામી પડઘા પાડવા ગયા... પ્રયોગ ટાંય ટાંય ફીસ.. ખબર જ ના પડી મૂળ અવાજનું શું થયું !

કવિ ફરી એકલાઅટૂલા પડી ગયા...

અલી, તું તો જબરું વિવેચન કરે છે ! સારું છે કે હજી તું વધુ જાહેરમાં આવાં સૂક્ષ્મ, સ્ફોટક નિરીક્ષણો સોશિયલ મીડિયામાં કરતી નથી, નહીં તો રોજ મારે પેલા રાજકીય પક્ષના પ્રવક્તા તરીકે રોજેરોજ ખુલાસા કરવા પડે. ખરેખર તારી આંખોમાં નજર (Sight) નહીં પણ 'દૃષ્ટિ' (Vision) લાગે છે... સંજયદૃષ્ટિ મહાભારતકાળની !

અરે ! હજી તો આખરી પડાવ તો બાકી છે ! તમે જુઓ તો ખરા ! કવિએ ખરેખર ઘરવાળીની લેફ્ટ... રાઇટ લઈ લીધી છે.

આખો અવતાર મારે ભમવા ડુંગરિયા
જંગલની કુંજકુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

જોશીજીને સમજવા મારી જેમ તમારે માઈક્રોસ્કોપિક નિરીક્ષણ સતત કરવું જોઈએ. તો જ સ્ટેથોસ્કોપ વગર પણ કાવ્યના ધબકારા સાંભળી શકો. જરા સમજો મારા જોડકણામાસ્ટર !

કવિને તો આખી જિંદગીનું ઈન્વેસ્ટમેન્ટ બસ આ ઈડરિયા ડુંગરાની આસપાસ કરવું છે. જબરો આશાવાદ છે. રીચ ડિવિડંડનો એમણે જંગલની દરેક કુંજ ફરી ફરી જોવી છે અર્થાત્ જંગલ ખાતામાં થતી ગેરરીતિઓ પેલા 'પુષ્પા'ની જેમ ખુલ્લી પાડવી છે. જવામર્દો આ કહેવાય ! પાછા ખુમારીથી કહે છે ભૂલેચૂકે ઘેરથી એ ભોમિયો બની મને શોધવા આવે તો એ પણ ભૂલી પડી જાય !

હવે તું જોશીસાહેબનો ગુસ્સો મારા પર ના ઉતાર ! આપણે એમના વતન બામણા જઈ ગામના જૂના વડીલ, મિત્રો, જાણકારને મળી પૂછીને ખાતરી કરી લઈશું બસ... હવે તો તું આવવા તૈયાર છે ને ? ના... ના... ના... આ તો વાત દસમાની થઈ. બારમા ધોરણમાં ફરી મને નડ્યા લાગે છે ! પરીક્ષકે દાઝ રાખી મને માર્ક ઓછા આપ્યા હોય એમ લાગે છે. વિચારવિસ્તાર એમનો જ પુછાયો હતો. મેં મારી રીતે વિચારનો વિસ્તાર કર્યો... ત્યારે પેપર જ્યારે રિ-ચેક કરાવ્યું તો માર્ક ઝીરો ને ઉપરથી નોંધ લખી હતી આ પેપર ભૂલથી 'મંદબુદ્ધિવાળા' વિદ્યાર્થીનું આ બંડલમાં આવી ગયું છે... ! બોલો, તમને હું મંદબુદ્ધિની લાગું છું ? આવું હોય તો તમે મને પરણો ખરા ? ક્યારેય તમે એવું અનુભવ્યું ? (જો હું હકારાત્મક બનું તો... એની સાઇડ ઇફેક્ટ્સ તો તમે જાણો છો !)

કન્યાપરીક્ષા વખતે મા-બાપ 'ગુણ' મેળવે છે... અવગુણ નહીં. અહીં ઊંધું થયું તારા લખાણમાં પરીક્ષકે અવગુણ જોયા, ને ગુણ તને ના મળ્યા એમ જ ને ? તે શું લખ્યું હતું ? તારો ખુલાસો વાજબી જ હશે... શ્યોર ૧૦૦% !

ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે
ખંડેરની ભસ્મકણી ન લાધશે.

મેં તો તડ-ફડ શ્રીલંકામાં થયેલા લોકઆંદોલનનો જ દાખલો તેજાબી ભાષામાં લખી નાંખ્યો. રોજેરોજની લાં...બી... લાં...બી... લાઇનો, વધતા જતા ભાવો... મોંઘવારી... ફુગાવો.. પછી ગૂમડું ફાટે જ ને ? એક બાજુ આપણે ધર્મ માટે ઝનૂની થઈ જઈએ છીએ તો પછી આ લંકા (શ્રીલંકા) રાવણની હતી એટલે આપણે બસ જોઈ જ રહેવાનું ? 'લવ ધાય નેબર' બાઈબલના આ સંદેશને પચાવવાનો નહીં ? પંચશીલના આદર્શોને ભૂલી જવાના ? પડોશીધર્મ નહીં બજાવવાનો...? શેઈમ શેઈમ... ! મેં તો તડ અને ફડ લખી જ નાંખ્યું ! તું હવે જરાય ચિંતા ના કર. આ પ્રવાસમાં તું જોડાઈ જા. મજા પડશે. એમનાં ગીતો ગાવાનાં... એમનું ઘર જોવાનું, એમની નિશાળ જોવાની.. પછી તને જરૂર લાગશે આપણા આ જ્ઞાનપીઠ ઇનામ વિજેતા કવિ કેટલા મોટા ગજાના કવિ હતા, તેથી તો આટલા બધા લોકો એમના વતનને જોવા આવે છે. શબ્દોની આ તાકાત છે. વિચારોનો આ પડઘો છે. આ છે સાહિત્યનું મેઘધનુષ તને જાણવાની અને માણવાની બહુ મજા પડશે.

અરે ! જોડકણાં માસ્ટર... ચાલો, હું હું તૈયાર થઈ



જાઉં છું. સાથે સાથે મને એક જબરદસ્ત આઇડિયા પણ આવે છે... ધ્યાનથી સાંભળો એમાં આપણને... ખૂબ ફાયદો ફાયદો જ છે... ! (યાદ આવ્યું લાલો લાભ વગર ના લોટે !)

બોલ, જલદી બોલ, તેં હા પાડી એટલે આ હવે આ પ્રવાસ નહીં, જાત્રા બની જશે. જણાવ તારા મનના મેદાનમાં થયેલી વિચારોની ખેતીનો મબલક પાક ! કોણે કીધું'તું મંદબુદ્ધિની છે... ખબરદાર !

જુઓ... કવિરાજ ! તમે કાંઈ જોડકણાં માસ્ટર નથી, કવિરાજ છો કવિરાજ ! મારી બેનપણીઓ બધી કીટી પાર્ટીવાળી મારી અદેખાઈ કહે છે અને પાછી કહે છે પણ ખરી... 'અલી, તારા ઘરવાળા મુજી... અને પંતુજી ભલે રહ્યા પણ છે તો રમૂજીને' ! ઘરમાં આવો એક 'નમૂનો' હોય પછી સાસુ... નણંદ જોડે ના રોજના ટંટા-ફિસાદની તો ઐસી... તૈસી...

'અલી.. હું 'નમૂનો' છું ? અને રોજેરોજ તું આ સાસુ... નણંદ સાથે ક્યાં લડે છે ? બા તો અહીં રહેતાં નથી.... બેન પઈણીને સાસરે છે...'

'અરે... કવિરાજ... સાસુ... નણંદ મારાં નહીં... કીટી પાર્ટીવાળીઓની. રોજેરોજ આ અંગેની ગહન તાલીમનું એક પ્રવચન મારું કીટીપાર્ટી શરૂ થતાં હોય જ... પછી ખેલ શરૂ થાય... જુઓ, જેમ આજે આપણે કવિના વતન બામણા જઈએ છીએ. કાલે ઊઠીને મેઘાણીના ચોટીલા, પન્નાલાલના માંડલી, મડિયાજીના ધોરાજી, ધૂમકેતુના વીરપુર, કલાપીના લાઠી... અરે ! પૈસાની સગવડ થઈ જાય તો. કાલે ઉઠીને શેક્સપિયરના ઇંગ્લેન્ડ કે ગોથેના જર્મનીમાં જઈને પણ એમના વતનમાં આંટો મારી આવીએ. હવે મુદ્દાની વાત ૫૦ વરસ પછી કોકને મન થાય કે આ 'જોડકણા માસ્ટર'ના વતનના ઘરની મુલાકાત લઈએ તો આપણા આ અમદાવાદના ઘરનો વટ પડી જાય ને ? 'અલી... તું ઘરની દશા તો જો ? દીવાલે પ્લાસ્ટર બાકી છે... ચૂના વગરની દીવાલો વૈધવ્ય ભોગવતી લાગે. છતમાંથી પાણીનાં ડોકિયાં... સંતાકૂકડી વગર ચોમાસે...'

માસ્ટરજી... કવિનું ઘર... હાસ્યલેખકનું મૂળ ઘર આવું જ હોય. બધાં અહીં હોંશેહોંશે જોવી આવશે. ક્યા રૂમમાં શું ગોઠવવું... કોના કોના ફોટા મૂકવા તમે મારા પર છોડી દો. પેલા જૂના તમારા શીગડાંવાળા, ચટાપટાવાળા લેંઘા... ફાનસ.. ઘંટી.. હજીય માળિયે જ છે. બાલમંદિરની સ્લેટ નિશાળવાળી પેલી એલ્યુમિનિયમની સફેદ પેડી નીચે ભોંયરામાં છે... જોયું ? સંઘર્યા સાપ પણ કામ લાગશે... બાકીનું હું બામણા તમારી સાથે આવીને ચેક કરી લઈશ એટલે મને પ્લસ... માઇનસ જુઓને કીટીપાર્ટીના પત્તાંની ટેવને લીધે પાછું પ્લસ... માઇનસ બોલાઈ ગયું... ડેન્ટ વરી... જવાનું મારા વતી પાકુ. ના પાડશો નહીં અને એક બીજી સાચી વાત... પાસે આવો... કાનમાં કહું 'માસ્ટરજી... કોઈને તમે કહેતા નહીં. પેલા આપણા મૂર્ધન્ય કવિશ્રી જોશી મને નડ્યા જ નથી. મેં તો નકલ કરી હતી. પેલી બાજુમાં બેઠેલી 'મંદા'ડીમાંથી બેઠો ઉતારો કર્યો હતો. પરીક્ષકે મંદાડીમાંથી મંદ કરી નાખ્યું ?


'મમ્મી... મમ્મી' કરતી નાની પુત્રી જાનકી દોડતી દોડતી અમારા શયનખંડમાં આવી અને બોલી..

'મમ્મી... આ કવિતા મને જરાય સમજાતી નથી. તું મને બરોબર મારી રીતે સમજાવ ને...'

કવિતા હતી... 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા.'

**મરીમસાલાઃ** ઝાકળના નિસાસા ઝીલે એ કવિ, પરપોટાને ICUમાં દાખલ કરે એ તત્ત્વચિંતક અને પતંગિયાની જાસૂસી કરી... ફૂલના એના આસપાસના ચક્કરની ગણતરી રોજ કરે એ હાસ્યલેખક (D.R. Diary)

*એમ-૫, ૨/૧૨, NEO હોસ્પિટલ પાસે,*
*શાસ્ત્રીનગર, અમદાવાદ-૩૮૦૦૬૩.*
*મો. ૯૯૭૯૯૪૬૧૪૨*



# લગ્ન ઉત્સવનો રંગોત્સવ

*- મેઘા પરિમલ શાહ*

**ભા**રતીય લગ્ન અનંતકાળથી વિશેષ મહત્ત્વ ધરાવે છે. આપણે ત્યાં લગ્નના પેકેજમાં એક પર એક નહીં પણ આખું પરિવાર પેકેજમાં મળે એવી લગ્ન સંસ્થાની સ્કીમ છે !! એમાંય ગુજરાતી લગ્નનું તો પૂછવું જ શું?

"હસો હસો" તો ત્યારથી જ ચાલુ થાય જ્યારથી મેટ્રીમોનીયલ સાઈટ પર પરાણે ગલી-ગલી કરીને પડાવ્યા હોય એવા છોકરા-છોકરીઓના ફોટા મુકવામાં આવે. ને બાપ જન્મારામાં પોતાના ઘરથી ૪૦-૫૦ કિલોમીટરના ક્ષેત્રફળથી બહાર ના ગયા હોય એવા નમૂના મેટ્રીમોનીયલ પ્રોફાઈલમાં હોબીસ લખે લવ ટ્રાવેલિંગ. છોકરા-છોકરીઓ ત્રિશી વટાવે ને તોય મેળ ના પડે ત્યારે મા-બાપ દિવસ રાત કોળા જેવું મોઢું લઈને પોતાની નારાજગી પ્રગટ કરે. એ ત્રાસથી બિચારા પરાણે લગ્ન પસંદગી મેળામાં ને ત્યાં બેઠેલા હજાર લોકોની નજરોમાં ફિટ કરેલા સીસીટીવી કેમેરામાંથી બિચારા સ્કેન પણ થાય...ને તોય જો મેળ ના પડે તો સગા વહાલા નામની પ્રજાતિની સલાહરૂપી વાજા વાગવા માંડે "હવે મેળ પાડો... થોડું ઉપર નીચે ચલાવી લેવાનું..."

બહુ ન કરાય... વગેરે... વગેરે...ને એમાંય અમુક બીજી વાતો દાઝેલા સગા તો કોરોનાના બુસ્ટર ડોઝ ની જેમ રસીકરણ કરતા જાય કે આમ ને આમ તો વાંઢા રહી જશો !!! આવા જનમઘરડાને માટે એવો વિચાર આવે કે ભલે લગ્ન ન થાય તમારા જેવો નુકસાની વાળો તાકો તો નભટકાય !!

કેટલીયે જહેમત પછી મા-બાપ આખરે છોકરા-છોકરીઓનું સેટિંગ પાડી જ દે. ત્યારે ધરતી પરના સૌથી દુર્ગમ ગણાતા ઉત્સવ એટલે કે લગ્ન ઉત્સવની તૈયારીનો શુભારંભ થાય!

વરસાદી માહોલ જામે ને જે ગગડાટ થાય એમ પહેલા ચમકારા થાય લગ્નમાં કોને નોતરવા ને કોને નહીં. જેણે પાછલા પ્રસંગમાં વ્યવહાર સરખો ના કર્યો હોય કે વાયડાઈ કરી હોય એવા પછી નફ્ફટને નગુણા એવા બધા સગા વહાલાના કારણે કાચો ચિઠ્ઠો તૈયાર કરવામાં આવે... ચર્ચાની

પરીક્ષામાંથી ઉત્તીર્ણ થયેલા વિજેતા સંબંધીઓનું લીસ્ટ બને. લગ્નના મેનુ અને ખરીદી આનંદ પણ ડિબેટની એરણ પર ચકાસાય ને એના પણ ભાવતાલિયા સોદા વડે.

ને અંતે આવે મહા સંગ્રામ દિવસ ! આ દિવસે વરસાદીયા મેંઢકની જેમ ઉભરેલી વસ્તી જોઈને પરણવા વાળા યુગલને ખબર પડે કે આપણે આટલા સગા અને વાલા છે ! આ દિવસ એટલે વિશિષ્ટ હોય છે કે આ દિવસ જે બે વ્યક્તિ પરણવાના હોય એના સિવાયના બધા જ નો ઉત્સાહ ને હરખ માતો નથી હોતો.

લગ્ન સ્થળની તો શું વાત જ કરવી ! હા હા... બેટરી ઓપરેટેડ રમકડા જેવા ઉછળતા ફરતા છોકરાઓ ચારે બાજુ ધૂમ મચાવતા હોય... આવા ચાર આના, આઠ આના ની સાઈઝના બાળકોના મા-બાપ ત્રાંસી નજરે રાજી થતા હોય કે જાણે કેવું પરાક્રમી બાળક જન્મ્યું છે એમણે ને આવા વાંદરાને સારા કહેવડાવે એવા બાળકોને યજમાન જોવે તોય બિચારા મનમાં ગુસ્સાના ગોટા વળતા હોય, થૂંક ગળીને "કરવાદો છોકરા છે" એવું મહાપરાણે બોલતા હોય છે.

ભારે કપડાને ઘરેણા પહેરેલી ટાપટીપ કરેલી સ્ત્રીઓ અકારણ આમથી તેમ દોડાદોડ કરતી હોય છે. એમને જોઈને વિચાર આવે કે થોડી એલઈડી લાઈટ ઓછી નખાવી હોત તો ય ચાલત !! ચારે બાજુ તરણેતરના મેળા જેવા માહોલ

જામે... લગ્ન શરૂ થયાની પાંચ ૧૦ મિનિટમાં જ શાહમૃગની જેમ ડોકો ફૂડ કાઉન્ટર તરફ મંડાવા લાગે છે. સ્ત્રીઓની ચાતક નજરે પાણીપુરીને ચાટ કાઉન્ટરને મન ભરીને નિહાળ્યા કરે છે લગ્નના મંત્રોચ્ચાર ચાલુ થાય ને થોડી ક્ષણોમાં ચાર-છ ઘરના માણસો સિવાય કાફલો ગાયબ !! ને ચોરી ખાલી ખમ !! હા દૂર - દૂર થોડા સગા પણ, વ્હાલા નઈ એવા રિસાયેલા સગા કોઈએ કિડની માંગી હોય એવા મોઢા કરીને "હમ નારાજ હૈ" ના બોર્ડ લઈને બેઠા હોય છે ખરા !!

જમણવારમાં પણ હકડેઠઠ મેદનીમાં "તમે લઈ ગયા અમે રહી ગયા"નો માહોલ જામ્યો હોય છે. જમણવારની લાઈનમાં સૌથી દુઃખી એ વર્ગ છે કેજે ઊભો હોય ક્યારનો

પુરીની રાહ જોઈને ને આગળ ઉભેલો નંગ કાઉન્ટટર પરની બધી ફૂલેલી પુરીઓ હાઈજેક કરી પોતાની થાળીમાં પધરાવી દે ને બિચારો પાછળવાળો ખરેખર રડમસ થઈને ત્યાં જ ખોડંગાયેલો રહે. આ જમણવારમાં અમૂક પરાણે બની બેસેલા ફૂડ સમીક્ષક પણ મેનુકાર્ડ લઈને ફરતા હોય... એ પણ એવા કે જેણે બાપ જન્મારામાં ખીચડી-શાક સિવાય કઈ ભાળ્યું ના હોય ને ઈટાલિયન, કે મેક્સીકન કે ચાઈનીઝ ભોજનની આલોચના ભરપેટ કરી મજા લેતા હોય. બીજી બાજુ મોજડી ચોરવાના ઓછા પૈસા મળવાથી મોઢા ચઢેલી સાળીઓ કૂકડા જેવા પોઝ આપીને ફોટા પડાવતી હોય તે એની આજુ બાજુ લગ્નોત્સુક ભમરાઓ ગણગણતા હોય !! ડાયાબિટિસ થયેલો વર્ગ આ બધામાં સૌથી ચૂપચાપ બેસીને મિઠાઈને એવી રીતે જોતો હોય છે કે બિચારી મિઠાઈની પણ નજર ઉતારવાનું મન થાય કે મિઠાઈનો જન્મારો બગડે નહીં !! ઓવરઈટીંગથી આફરો ચઢેલો વર્ગ ઝૂ (Zoo) માના ઝરખની જેમ આમથી તેમ ફરતો જોવા મળવો પણ એક લ્હાવો છે !!

એકાદ ફુઆ કે માસા જેને ચાંદલો સ્વીકારવાની જવાબદારી આપી હોય એ લીલાને સૂકા કચરાની પેટીની જેમ બધાથી દૂર ખૂણામાં ધરતીના બોજો પોતે લઈ લીધો હોય એવા મોઢા કરીને સૂનમૂન બેઠા હોય છે.

આ બધી અફરાતફરી વચ્ચે લગ્નના આરંભમાં બાહુબલીને દેવકન્યા જેવા લાગતા વરને કન્યાની હાલત લગ્ન પતે ત્યાં સુધીમાં બધાને પગે લાગી-લાગીને નવી બટકાઈ ગયેલી સાવરણીની જેવી થઈ જાય છે.

માંડ બિચારા વર-વધુ એકલા પડીને ઘડી - બે ઘડી એકબીજાની સંગત માણતા હોયને ત્યાં કેટલાક લસણીયાઓ મોઢામાં મુખવાસનો ડુચો મારીને ફરી મળવા આવીને થૂંકના સબમર્સીબલ પંપ વરઘોડીયાના મોઢા પર બીંદાસ ચલાવે છે. ને વરવહુ આવા અમી છાટણા પણ પરાણે હસતા મોઢે સહન કરે છે.

આમ પ્રેમ, હાસ્ય, વિવાદ, પંચાત, દંભ, કૌતુક વગેરે અનેક સંમિશ્રિત લાગણીઓ વાળો આ પ્રસંગનો ભાગ બનવાનું સૌભાગ્ય એક ભારતીયને જ પ્રાપ્ત છે. સાથે જ લગ્નોત્સવ રંગોત્સવ બનીને આપણા સ્મૃતિપટલ પર કાયમી ધોરણે જીવંત રહે છે.

*C/o. પરિમલ જે. શાહ,*
*પ્લોટ નં. ૧૬૯૪/૧, સેક્ટર-૫/સી,*
*શિવશક્તિ મંદિર પાસે, વાવોલ રોડ, ગાંધીનગર*





"ગોષ્ઠિ"

સુમેન્દ્ર સરવૈયા
મો. 9913091616



"માવતરની માયા"
પશાભાઈ મકવાણા
મો. 7600253375

# નાટિકા સંપુટ

પ્રકાશ લાલા

વિનોદ સી. દવે

ડૉ. શૈલેષ ટેવાણી

દુર્ગેશ ઓઝા

તારિણીબહેન દેસાઈ

નિરંજન રાજ્યગુરુ

યામિની વ્યાસ


“મૃગબાળ સ્નેહ”
ભાર્ગવી આર. ભટ્ટ
મો. 9429639336

# અહલ્યાબાઈનો પત્ર

- *પ્રકાશ લાલા*

**પાત્રો :** પ્રવક્તા, વ્યક્તિ-૧, વ્યક્તિ-૨, મહારાણી અહલ્યાબાઈ, પરિચારિકા, સેનાપતિ, પેશવા રાઘોબા, દીવાન ગંગાધર ચંદ્રચૂડ.

(પડદો ઊપડે ત્યારે સ્ટેજ પર સેન્ટર સ્પોટ લાઇટમાં પ્રવક્તા દૃશ્યમાન થાય છે...)

પ્રવક્તા : નમસ્કાર...સૌને આપું છું મીઠો આવકાર.

વ્યક્તિ-૧ : (પ્રવક્તા બોલતો હોય ત્યારે જ ડાબી વિંગમાંથી પ્રવેશ કરીને) જી... જી... નમસ્કાર... શું કરો છો તમે?

પ્રવક્તા : પ્રવર્તમાન પ્રજાકીય સરકારે આપણાં પ્રાચીન મંદિરોના પુનઃનિર્માણનું જે ભગીરથ કદમ ઊઠાવ્યું છે....

વ્યક્તિ-૨ : (જમણી વિંગમાંથી આવીને પ્રવક્તાની પાસે ઊભી છે તે) હા, સાચે જ એ કાર્ય સરાહનીય છે...

પ્રવક્તા : એ માટે આપણી પ્રજાકીય સરકારને શત શત વંદન સાથે મારી વાત આગળ વધારું છું.

વ્યક્તિ-૧ : અવશ્ય...

પ્રવક્તા : (હવે બૅકડ્રૉપના સ્ક્રીન ઉપર દૃશ્યમાન થયેલાં ચિત્રો-ફોટા બતાવીને) આપ સ્ક્રીન ઉપર નિહાળી રહ્યા છો તે આપણાં પુરાણ પ્રસિદ્ધ તીર્થો એટલે કાશી અને મથુરા. આ બંને પવિત્ર સ્થાનકોનાં ભવ્ય મંદિરો એટલે હવે આપ જોઈ રહ્યા છો તે કાશી વિશ્વનાથ મંદિર, દ્વાદશ જ્યોર્તિલિંગો પૈકીનું એક વારાણસીનું પ્રસિદ્ધ વિશ્વેશ્વર મંદિર છે અને બીજું અયોધ્યાનું શ્રી રામમંદિર છે. (વ્યક્તિ-૧ અને વ્યક્તિ-૨ સ્ક્રીન ઉપર દૃશ્યમાન મંદિરોને વંદન કરે છે.) સરકારે આ બંને મંદિરોનું પુનઃ નિર્માણ કરી, તેની પ્રાચીન ભવ્યતા પાછી લાવી છે.

વ્યક્તિ-૧ : આ બહુ સારું કામ કર્યું છે...

પ્રવક્તા : હા...કેમકે આ પ્રજાકીય સરકાર સમજી ગઈ છે કે આપણાં પ્રાચીન મંદિરોને તોડવાનું-લૂંટવાનું કે તેનો નાશ કરવાનું હીન કૃત્ય, વિદેશી-વિધર્મી આક્રમણકારો-શાસકોએ હિંદુસ્તાનની પ્રજાને એમના ધર્મ-સંસ્કૃતિ-સંસ્કારથી વિમુખ કરી દઈ, નિર્માલ્ય - ચેતનાહીન- ચારિત્ર્યહીન બનાવી દેવા જ કરેલું.

વ્યક્તિ-૨ : હં...હવે સમજાયું કે મોગલો અને બીજા આક્રમણકારો કેમ આપણાં તીર્થો-મંદિરોને હાનિ પહોંચાડતા હતા ?

વ્યક્તિ-૧ : સાવ સાચી વાત... બ્રિટિશ સત્તાધીશોએ પણ ભાષા-સંસ્કૃતિ-શિક્ષણ પદ્ધતિ- રીતરસમોથી તે સમયના હિંદવાસીઓને વિમુખ કરી બધી રીતે એમના ગુલામ બનાવી દેવાના પ્રયાસો કર્યા જ હતા ને!

પ્રવક્તા : હા...ને તેથી જ તો દેશને આઝાદી મળી તે પછી, ભારતીયોમાં નવચેતના-નવશક્તિનો સંચાર કરવા જ આપણા વિચક્ષણ દેશનેતા, લોખંડી પુરુષ સરદાર પટેલ સાહેબે સૌ પહેલું કામ, મહંમદ ગઝનીએ લૂંટી લીધેલા ભવ્ય સોમનાથ મંદિરના પુનઃનિર્માણનું કર્યું હતું ને...

વ્યક્તિ-૨ : હા, હોં....અને સરદાર પટેલના પગલે જ વર્તમાન સરકાર આવી જ કામગીરી કરી રહી છે... એમની દૂરંદર્શિતાને પ્રણામ છે...



પ્રવક્તા : તમને ખબર છે...ભારતના ઇતિહાસનાં પૃષ્ઠો પર જેમનું નામ સુવર્ણ અક્ષરે લખાયું છે તે એક આપણાં નારીરત્ન પણ આવાં જ દૂરંદેશી હતા ?

વ્યક્તિ-૧ : કોની વાત કરો છો?

વ્યક્તિ-૨ : ક્યાં નારી રત્ન ?


પ્રવક્તા : ઈંદોરનાં મહારાણી અહલ્યાબાઈ હોલકરની સ્તો ! રાજમાતા હોલ્કર પણ આ વાત સુપેરે સમજતાં હતાં એટલે જ તેમને એ સમયે મુસ્લિમોએ નુકસાન પહોંચાડેલાં સંખ્યાબંધ હિંદુ મંદિરો પોતાના શાસનકાળ દરમિયાન ફરી બંધાવ્યાં હતાં કે એનો પુનરુદ્ધાર કરાવ્યો હતો...

વ્યક્તિ-૧ : ખરેખર ?

પ્રવક્તા : હા...મહારાણી અહલ્યાબાઈએ એ કાળે કાશીમાં કાશી વિશ્વનાથ મંદિર, મથુરા, અયોધ્યા, સોમનાથમાં શિવમંદિર, વારાણસીમાં ગંગાઘાટ, દ્વારકા-ઉજ્જૈન-નાસિક, જગન્નાથપુરી, હરિદ્વાર, કાંચી, બદ્રીનાથ, રામેશ્વર એમ અનેક તીર્થસ્થાનોમાં નવાં મંદિરો બંધાવ્યાં કે જૂનાં દેવાલયોનું સમારકામ પુનઃ નિર્માણકાર્ય કરાવ્યું હતું.

વ્યક્તિ-૨ : હા...હા...મેં ક્યાંક વાંચ્યું છે કે કોઈ પરદેશી ઇતિહાસકારે મહારાણીજીને 'ગ્રેટ પાયોનિયર એન્ડ બિલ્ડર ઓફ હિંદુ ટેમ્પલ્સ' કહીને બિરદાવ્યાં છે.

પ્રવક્તા : રાજમાતા અહલ્યાબાઈ અસાધારણ શક્તિઓ, કૌશલ્ય, સુશાસન, પ્રજાવત્સલતા, આદર્શ અને



ત્યાગ, ધૈર્ય, સાહસ, સેવા અને દેશભક્તિની મૂર્તિ હતાં...

આવો, મહારાણી અહલ્યાબાઈના દેશપ્રેમ અને કુશળ રાજનીતિનો ઉજાગર કરતો આ પ્રસંગ આપણે જાણીએ-માણીએ.

વ્યક્તિ-૧,

વ્યક્તિ-૨ : વાહ,...જરૂર મઝા પડશે...

(ફેડ આઉટ...)

**દશ્ય-૨**

(રાજમાતા અહલ્યાબાઈનો આરામકક્ષ...રાજમાતા બેઠાં છે ત્યાં પરિચારિકા પ્રવેશે...)

પરિ : રાણીબાનો જય હો...(તેની તરફ પ્રશ્નસૂચક નજરે જુએ) રાણીબા, સેનાપતિજી આપને મળવા આવ્યા છે...

અહલ્યા : સેનાપતિજી ? આ સમયે? લઈ આવો એમને.... (પરિચારિકા જાય...સેનાપતિજી આવે..)

સેનાપતિ : રાજમાતાનો જય હો...

અહલ્યા : આવો, સેનાપતિજી !

સેનાપતિ : મહારાણીજી, કવેળાએ આપને મળવા આવી તકલીફ આપવા માટે ક્ષમા ચાહું છું.

અહલ્યા : નહીં સેનાપતિજી, હું જાણું છું કે કોઈ ખાસ મકસદ અને તાકીદના કામ વિના તમે એમ ના જ કરો. કહો, શું ખબર છે ?

સેનાપતિ : મહારાણીજી, ખબર ચિંતાજનક છે...

અહલ્યા : (ચોંકે...સ્વસ્થતા ધારણ કરે.) હં...જણાવો ખબર.

સેનાપતિ : રાણીમા,, પડોશી રાજા પેશ્વા રાઘોબાનો ઈરાદો નેક નથી.

અહલ્યા : ઈશ્વર સૌનું કલ્યાણ કરે...પેશવા રાઘોબાજી તરફથી શા ચિંતાજનક ખબર છે, સેનાપતિજી ?

સેનાપતિ : રાણીમા, પેશવા ઈન્દોરના દીવાન ગંગાધર યશવંત ચંદ્રચૂડ સાથે મળીને ઈન્દોર ઉપર હુમલો કરવા આવી રહ્યા છે...

અહલ્યા : હં...(વિચારે) ખબર પાકી છે ?

સેનાપતિ : જી, રાણીમા..

અહલ્યા : હં...

સેનાપતિ : મોટા મહારાજા મલ્હાર રાવ હોલ્કરજીના એક વખતના સાથી, મહારાજાની સાથે મોગલો સામે

જંગે ચઢનારા રાઘોબાજી હવે એ જ ઈન્દોરની ગાદી કબજે કરવા ચાહે છે. એમની નિયત કેમ બદલાઈ તે સમજાતું નથી મને...

અહલ્યા : (માર્મિક હસીને) પણ મને સમજાય છે. હું વિધવા સ્ત્રી. એમાંય મોટા મહારાજશ્રીના ગયા પછી સાવ એકલી થઈ ગઈ છું. એટલે એક અબળા ઈન્દોરની રાજગાદી શું ચલાવશે ને શું બચાવી શક્શે એવું હવે પેશવા રાઘોબાજી માની બેઠા છે...

સેનાપતિ : મહારાણીબા, તમે તો બહુ બહાદુર, કર્તવ્યપરાયણ, પ્રજાવત્સલ અને કુનેહબાજ છો. પરિવારમાં મહારાજ ખંડેરાવજી, આપના શ્વસુર- મોટા મહારાજા મલ્હારરાવજી, પુત્રી-પુત્ર એક પછી એક ના રહેવા છતાંય આપ હિંમત જરાય હાર્યાં નથી. આ કારમા આઘાતો છતાં, શ્વેતવસ્ત્ર પરિધાન કરીને સુશાસન ચલાવી રહ્યાં છો, પ્રજાકીય વિકાસનાં ઉમદા કાર્યો રાજ્યમાં આપના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યાં છે. એના અમે સૌ પ્રજાજનો સાક્ષી અને એનાં મીઠાં ફળ સૌ ચાખી રહ્યાં છીએ... પરંતુ... આ આક્રમણ સામે...

અહલ્યા : કેમ ટકી શકીશ, ખરું ને ? સમજું છું, સેનાપતિજી કા પેશવા અને એની સેના સામે આપણું ટકવું બહુ અઘરું છે...(મૌન..વિચારમાં)

સેનાપતિ : (થોડીવાર મૌન રહે...) તો રાણીમા, શો આદેશ છે આપનો ?

અહલ્યા : હું પેશવા રાઘોબાજીને એક પત્ર પાઠવવા માંગું છું. હું એ લખી દઉં...તમે આપણા કોઈ જૂના અને વિશ્વાસુ સૈનિકને, પત્ર લઈને, પેશવા એમની સેના સાથે જ્યાં હોય ત્યાં એમને પહોંચાડવાની વ્યવસ્થા કરો.

સેનાપતિ : (થોડા આશ્ચર્ય સાથે) જી, જેવી આજ્ઞા મહારાણીબા...(અહલ્યાબાઈ પત્ર લખવા બેસે...સેનાપતિજી પ્રસ્થાન કરી જાય...ફેડ આઉટ...અને કટ ટુ પેશવા રાઘોબાજીનો તંબુ....એ સૈન્ય સાથે ઈન્દોર તરફની કૂચમાં વચ્ચે પડાવ નાખીને રહ્યા છીએ ત્યાં)

રાઘોબા : મહારાણી અહલ્યાબાઈએ તાકીદનો પત્ર મોકલ્યો છે...એમને મારી ઈન્દોર ઉપરની ચઢાઈના સમાચાર મળી ગયા છે. કદાચ એટલે જ એમ ન કરવા વિનંતી કરતો કે સમાધાન માટે આ પત્ર મોકલ્યો છે...(પત્ર ખોલે...વાંચે...મહારાણી અહલ્યાબાઈના અવાજમાં પઠન...)

"વડીલ, પેશવા રાઘોબાજીને સાદર પ્રણામ... આપ ઈન્દોર જીતવા સૈન્ય લઈને આવી રહ્યા છો તે ખબર મળ્યા...એક મુદ્દા પ્રતિ આપનું ધ્યાન દોરું કે જો આ યુદ્ધમાં આપ જીતી જશો તો એક વિધવા-અબળા સામે વિજયી થવાથી આપનાં યશ-કીર્તિમાં કોઈ વધારો નહીં થાય અને જો હારી ગયા તો તમે આપના માટે નામોશીની એ કાયમી કાળી ટીલી બની રહેશે. મને મૃત્યુનો જરાય ભય નથી. નથી મને રાજગાદીનો લોભ, છતાંય હું મારા છેલ્લા શ્વાસ સુધી યુદ્ધ કરતી રહીશ..."

રાઘોબા : (પત્ર વાંચી, ચોંકી જાય...થોડા ઓઝપાય... આગળ વાંચે) એક બીજી બાબતમાં પણ આપને મારે થોડા સતર્ક કરવા છે. રાઘોબાજી, આપ બ્રિટિશ સલ્તનત સાથે સંબંધો વધારી રહ્યા છો, પણ ચેતજો... અંગ્રેજોની કપટનીતિ અને લુચ્ચાઈ સામે નહીં ફાવી શકો... આપ જાણો જ છો કે વાઘ કે એવા પ્રાણી સામે યુદ્ધ કરી એનો શિકાર કરી શકાય, પરંતુ રીંછને મારવું અઘરું છે, કેમકે જો એના સકંજામાં આવી ગયા તો તમે જ શિકાર થઈ જવાના...બ્રિટિશરોની નીતિ એવી જ છે. તમારું કામ હશે ત્યાં સુધી સંબંધ રાખશે, પણ ગરજ પૂરી થઈ કા સમય આવ્યો તો તમને પતાવી દેવામાં અચકાશે નહીં... રાઘોબાજી, આપ ઉંમર, અનુભવમાં મારાથી વડીલ છો... પણ આ બાબત આપને સાવધાન કરવાનું મને અનિવાર્ય જણાયું છે...

(પત્ર પૂરો...રાઘોબાજી ઊંડા વિચારમાં ગરકાવ... દીવાન ચંદ્રચૂડ પૂછે છે...)

ચંદ્રચૂડ : પેશવા...રાઘોબાજી....શું થયું ? પત્રમાં મહારાણી અહલ્યાબાઈએ એવું તો શું લખ્યું છે કે આપ મૌન થઈ ગયા ?

રાઘોબા : (વિચારમાંથી બહાર આવીને) બહુ મોટી વાત

લખી છે, રાજમાતાએ....(કંઈક વિચારે- મનમાં નિર્ણય લે...) ગંગાધરજી, આપણે આક્રમણ નથી કરવું...આક્રમણ નથી કરવું...સૈન્યને પીછેહઠ કરવા આદેશ આપી દો...

ચંદ્રચૂડ : પણ કેમ ? એકાએક આવો નિર્ણય શા માટે? નાનકડા રાજ્યની વિધવા - અબળા નારીથી ડરી ગયા તમે?

રાઘોબા : ડરી નથી ગયો, પણ મહારાણી અહલ્યાબાઈની દેશભક્તિ, અડગ હિંમત સામે ઝૂકી જવાય છે મારાથી...અને એમને અબળા કે નાના રાજ્યનાં મહારાણી ગણવાની ય ભૂલ ના કરશો...તમે ...મહારાણી અહલ્યાબાઈ તો ખૂબ વિચક્ષણ કુનેહબાજ, દૂરંદેશી શાસક છે.

ચંદ્રચૂડ : એમના સુશાસન, પ્રજાવત્સલતા અને વિકાસકાર્યો માટે કોઈ બે મત નથી.

રાઘોબા : તેથી જ તો મહારાજા મલ્હારરાવ હોલ્કરની પારખુ નજરે અહમદનગર, મહારાષ્ટ્રના નાનકડા ગામ છોંદીના સામાન્ય ખેડૂત, પરમ શિવભક્ત મનકોજી રાવ શિંદેની આ દીકરીનું હીર પારખી લઈ, પોતાની પુત્રવધૂ બનાવી હશેને...મહારાજા અમથા સામાન્ય ઘરની કન્યાને રાજકુળને રાજમહેલમાં ન જ લાવેને... તેથી જ આપણે પણ મહારાણીને અબળા માની લેવાની ભૂલ ના કરવી જોઈએ... એ ડહાપણ, સદ્‌ગુણોનાં ધની છે, એટલું જ નહીં કુશળ વ્યવસ્થાપક, નીડર રાણી અને એ ભણ્યાં ભલે નથી, પરંતુ ચારિત્ર્યનું તેજ અહલ્યાબાઈના ચહેરા પર ઝળહળે છે. કુશાગ્ર રાજનીતિ પણ છે. એમનામાં ભારોભાર દેશપ્રેમ છલકે છે...રાજમાતાએ આ માર્મિક પત્ર પાઠવીને મને ઘણું બધું કહી દીધું - સમજાવી દીધું છે. માટે જ અહલ્યાબાઈના દૃઢ સંકલ્પ અને પ્રચંડ દેશભક્તિને વંદન છે...દીવાન ગંગાધરજી, આપણે હવે પાછા વળી જઈએ... સૈન્યને આદેશ મોકલી દો..

(પેશવા જાણે મહારાણી અહલ્યાબાઈને મનોમન પ્રણામ કરી રહ્યા હોય એમ અહોભાવથી પત્ર જોઈ રહે છે...ફેડ આઉટ)

દૃશ્ય-૩

પ્રવક્તા : 'એકાત્મતા સ્તોત્રના' ના ૧૦મા-૧૧મા શ્લોકોમાં
"અરુંધત્યનુ સુયાચી સાવિત્રી જાનકી સતી દ્રૌપદી
કણ્ણગી ગાર્ગી
મીરા દુર્ગાવતી તથા
લક્ષ્મીરહલ્યા અન્નમા
રુદ્રમ્મા સુવિક્રમા
નિવેદિતા શારદા ચી
પ્રણ્યમા માતૃદેવતા ॥"
એવું ગાઈને જેમને અરૂંધતી, અનસૂયા, સાવિત્રી, જાનકી, લક્ષ્મીબાઈ, નિવેદિતા જેવી વીર-જ્ઞાની, ગૌરવવંતી નારીઓ સાથે સ્મરવામાં આવે છે એ, મધ્યભારતના ઈન્દોરની ગાદી પર સુશાસન કરનાર મહારાણી અહલ્યાબાઈને આપણાં પણ શત શત વંદન છે..

વ્યક્તિ-૧,

વ્યક્તિ-૨ : રાજગાદી- રાજવૈભવના જરાય મોહ વિના, કેવળ પ્રજાની સુખાકારી અને દેશાભિમાન માટે જ કાર્ય કરનારાં આપણા 'નારી રત્નને અમારાં પણ પ્રણામ છે...

(ફેડ આઉટ... પડદો પડે)

*વ્રજ' પ્લોટ ૧૫૨૮/૨ સેક્ટર-૨-સી,*
*ગાંધીનગર-૩૮૨૦૦૨*
*મો. ૯૪૨૬૦૮૪૬૩૨*



# નાટક : જિંદગી એક સફર...!

*- વિનોદ સી. દવે*

પાત્રો અને પરિચય

(૧) તારા (મહત્ત્વાકાંક્ષી કૉલેજીયન યુવતી)

(૨) આકાશ - (પ્રેમી)

(૩) પૃથ્વી - (તારાનો પતિ)

(૪) સુરેશ - (તારાનાં મામા)

(૫) સુધા- (તારાનાં મામી)

(૬) સુબોધકાન્ત - (ડૉક્ટર)

(૭) સુમતિબેન (ડૉક્ટરનાં પત્ની)

(૮) ચાંદની - (તારાની પુત્રી-નાનું બાળક)

(ગીત-સંગીત-લાઇટ-સ્ટેજ ડેકોરેશન-લોકેશન-તેમજ એકસ્ટ્રા કલાકાર સ્થળ-સમય સંજોગ અને જરૂરિયાત પ્રમાણે) પાત્રોનો મેકઅપ- (વેશભૂષા) અને લોકેશનનાં દશ્યો-પોસ્ટર વગેરે જરૂરિયાત મુજબ)

**પ્રવેશ પહેલો**

(સ્થળ : કોમર્સ કૉલેજમાં આવેલા બગીચાની લોન - સમય સવારનો ...)

આકાશ : (કાંડા ઘડિયાળમાં જોતાં...જોતાં... કાગડોળે રાહ જોતાં...) મોબાઇલ ચેક કરતાં... હજુ ક્લાસમાં લેકચર ચાલુ છે! તારા હજુ કેમ નથી આવી...! (ફરીથી ઘડિયાળમાં જોતાં...! અરે... અગિયાર... થવા આવ્યા... હવે... તો પ્રોફેસર... લેકચર બંધ કરે તો સારું...!) (આજુબાજુ નજર નાખતાં...) બધા વિદ્યાર્થી ક્લાસમાંથી હસીમજાક કરતા બહાર નીકળતા દેખાયા... આકાશ ખુશ થયો... અને ઊંચો હાથ કરી હલાવતાં... હાય... તારા... તારા...

તારા : દોડતાં... ઝડપથી આકાશ પાસે આવી બેઠક લેતા... કેમ? આજે તમારે ક્લાસમાં લેકચર ન હતું?

આકાશ : ના, આજે આંકડાશાસ્ત્રના પ્રોફેસર રજા ઉપર છે.

તારા : ઓ...હ. એટલે આજે સમય મળી ગયો...! હસતાં હસતાં...

આકાશ : તારા...આજે આપણા પરિચયને એક મહિનો થયો...! જાણે વર્ષોથી ઓળખતાં હોઇએ તેવું લાગે છે.

તારા : હા...આકાશ...આજે મને લાગે છે કે હવે તમારે એમ.કોમ. પૂરું થવામાં વધુ સમય નહિ હોય?

આકાશ : ના, હવે પરીક્ષા લેવાય તો કાંઈક ખબર પડે? પરંતુ પરીક્ષા પાસ કરવા માટે ઘણી મહેનત કરવી પડશે! જિંદગીમાં કાંઈક બનવું છે?

તારા : તમે, અમદાવાદમાં ક્યાં રહો છો?

આકાશ : હું, પોળમાં એક રૂમ રાખીને એકલો જ રહું છું.

તારા : કેમ એકલા? પાર્ટનર નથી કે શું? પેઇંગગેસ્ટમાં નહીં...?

આકાશ : ના- હું સૌરાષ્ટ્રના ગામમાંથી આવું છું. મારે વધુ કોઈ ઓળખાણ નથી. પહેલો, પરિચય તમારી સાથે ઓટો રિક્ષામાં પ્રવેશ વખતે આ કોલેજમાં થયો, આ શહેરમાં મને કોઈ ઓળખતું નથી!

તારા : મારું પણ એવું જ છે, હું મૂળ સુરતની છું, પરંતુ...

આકાશ : શું...પરંતુ ! કાંઈક આગળ તો બોલ!

તારા : હું અમદાવાદમાં મારાં મામા-મામી સાથે રહું છું.



આકાશ : તારાં મમ્મી-પપ્પા શું કરે છે?

તારા : મારાં મમ્મી-પપ્પા હું નાની હતી ને ત્યારે જ ગુજરી ગયેલાં!

આકાશ : ઓહ....તો આ દુનિયામાં એકલી છે તારા ભાઈ-બહેન ખરા?

તારા : નાં- કોઈ નથી?

આકાશ : ચાલ, સામે કેન્ટિનમાં જઈએ- કાંઈક નાસ્તો ચા-પાણી-લઈએ...

તારા : ઠીક છે- ચાલો---(મનોમન ખુશ થતાં...) એક વાત પૂછું?...
તમે એમ.કોમ.નો અભ્યાસ પૂરો કરીને શું કરવા વિચારશો?

આકાશ : હું પહેલાં એમ.કોમ. પાસ કરવા વિચારું છું. પછી આગળનું જોઈશ.

તારા : ખૂબ સરસ...મારું પણ માનવું એવું છે કે જે કામ હાથમાં લીધું હોય તે પૂરું કરવું - પછી જ બીજું વિચારવું જોઈએ!

આકાશ : (ચા- નો ઓર્ડર કેન્ટિનના ટેબલ પર બેસીને આપતાં...)

તારા : નાસ્તો - શું લેશો વેફર્સ મંગાવું છું... મજા આવશે! (ઓર્ડર આપતાં...)

આકાશ : ઠીક છે, (ચા-પીતા, પીતા) તારા મામા શું કરે છે.

તારા : કરિયાણાની દુકાન છે.

આકાશ : ઠીક છે, મકાન ઘરનું હશે!

તારા : હા- પરંતુ- તમે મને બધુયં પૂછી લીધું પરંતુ તમારા પરિવાર વિશે તો જણાવો!



આકાશ : અત્યારે નહિ ! પછી નિરાંતે તને બધી વાત જણાવીશ.
(ચા- ના પૈસા ચૂકવી બહાર બંને છૂટાં પડતાં...)
કાલે મળીશું- ઓકે-

તારા : ઓકે. બાય... બાય... હાથથી ઈશારો કરતાં.
(તારા ઘરમાં પ્રવેશતાં ખૂબ આનંદથી ગીત ગણગણતી..ઘરમાં પ્રવેશતાં...)

સુરેશ : શું વાત છે બેટા! આજે બહુ ખુશ લાગે છે!

તારા : હા. મામા...આજે કૉલેજમાં બહુ મજા આવી. અને અહીં કૉલેજમાં અલગ અલગ વિદ્યાર્થી અને નવા નવા પ્રોફેસર તથા મિત્રો સાથે વિચારવિમર્શ કરવાનો મોકો મળ્યો છે. કાંઈક નવું શીખવા મળે છે.

સુધા : (પાણીનો ગ્લાસ સુરેશને આપતાં... લ્યો દુકાને જાવ છો. પાણી -પીતા જાઓ, ચા, હમણાં અહીં જ બનાવી લાવું છું.)

તારા : સોફામાં બેસતાં... મોબાઈલ મૂકતાં.

સુરેશ : લે, બેટા પાણી પી...! થાકી ગઈ હશે! આ ગરમીમાં?

તારા : ના. મામા તમે લ્યો, હું રસોડામાં જઈ પાણી પી લઈશ! મારી જાતે જ.

સુધા : તારા-બેટા,..તું પાણી પીવા જા- તો તારા મામા માટે ચા મૂકી દેજે,

સુરેશ : (મનમાં બબડતાં...)હજુ છોકરી...કોલેજથી ચાલી આવે છે ને...કામ બતાવી દીધું...એને જરાક વિરામ તો લેવા દે..

સુધા : શું..તમે મને કહ્યું કાંઈ ? હું કયા કામમાં રોકાઈ છું.

સુરેશ : ના-ના. તું તારું કામ કર...! જરાક છાપામાં અને મોબાઈલમાં નજર નાખતાં.

તારા : લ્યો, મામા, ચા પીઓ. નાસ્તો કરવો છે?

સુરેશ : ના, બેટા, તેં, ચા-પીધી?

તારા : હા, હું હમણાં જ મારી ચાનો કપ લઈ આવું છું.(રસોડામાં જતાં...)

સુધા : સાંભળો, હું સાંજે આજે મારાં મમ્મીને ઘરે જવાની છું. સાંજની રસોઈ તારા કરી નાખશે.

સુરેશ : તારે-ત્યાં શું કામ છે? અને આ છોકરી

પોતાનું ભણવાનું કરે કે રસોઈ બનાવે? તેં આ મહિનામાં ત્રીજી વાર તારાં મા-બાપને ઘરે જવાનો પ્રોગ્રામ કર્યો છે? કાલે જજે.

સુધા : કેમ, હું મારાં ઘરે મા-બાપને મળવા ન જઈ શકું? અને આ છોકરીને તમારા અને મારા સિવાય દુનિયામાં કોણ છે?

તારા : લો, મામી- ચા-પીવો-તમે શું કહો છો, હું ઘરે જ છું. તમે શાંતિથી તમારાં મમ્મી-પપ્પાને ઘરે જઈ આવો- હું રસોઈ બનાવીને રાખીશ. ચિંતા ન કરશો...

સુરેશ : (સુધાની સામું તાકતાં...) જોયું- કેવી સંસ્કારી છોકરી છે? મારી ભાણી છે...(માથે હાથ મૂકતાં...)

સુધા : (છણકો કરતાં) હા... હોં. ભાણી તમારી છે મને ખબર છે...! (અને તારાને સૂચના આપતાં) મામાને સાંજે ખીચડી-કઢી શાક-ભાખરી-બનાવી દેજે ! હું એકાદ-બે દિવસમાં પરત આવી જઈશ!

તારા : ઓકે, મામી- ચિંતા ન કરો- હું સંભાળી લઈશ.

સુધા : અને હા. જો ત્રણ-ચાર દિવસથી કામવાળી બાઈ નથી આવી ! તો તું પેલી ડોલમાં રાખેલા-કપડાં-ચાદર-ઓછાડ-સોફાનું કવર જે કાંઈ હોય તે ધોઈ નાખજે!

સુરેશ : (ફરી સુધાને તાડૂકતાં...) આ છોકરી મામાને ઘરે ભણવા આવી છે. કામકાજ કરવા નહીં ! નોકરાણી નથી !

સુધા : જુવાન છોકરી કામ કરે ઘરમાં તો દુબળી નહીં પડી જાય! સાસરે તેને ત્યાં કામ જ કરવાનું છે! તમે જાઓને દુકાને મોડું થાય છે.

સુરેશ : સુધા-તારે તારા મમ્મી-પપ્પાની ખબર કાઢી જલદી આવી જવાનું ! જરૂર હોય તો રોકાજે, તારા એકલી પડી જશે !

તારા : મામી ! તમે ચિંતા ન કરો. ઘરનું જે કાંઈ કામ બાકી હોય તે મને બતાવી જશો. હું બધું કામ કૉલેજથી પરત આવી પછી કરી નાખીશ. ઠીક છે.

સુધા : (તારાને સૂચના આપતાં...!) કૉલેજમાં કામ વગર રોકાતી નહિ ! આજકાલ જમાનો બહુ ખરાબ છે. કોલેજના બહાને આખો દહાડો હરવા ફરવામાં બહાર કાઢી નાખે છે? પૈસા ખર્ચે ઈ જુદા...

તારા : હા. મામી..તમે કહ્યું તેમ કરીશ. (મામા-સામું જોતાં) (સુરેશ-સુધા સામે જોઈને)


(સુરેશ) : અરે...ગાંડી આ છોકરાંઓને ભણવાની ઉંમર છે. હરવાફરવા અને કાંઈક જાણવાની ઈચ્છા હોય કે નહીં? તારે એ ન ભૂલવું જોઈએ કે આ છોકરી આપણા ઘરે ભણવા માટે કાંઈક શીખવા માટે સુરતથી આવી છે. તું ભણી નથી એટલે તને શું ખબર હોય?

સુધા : તમારી વાત સાચી છે, પરંતુ તમે જ મને કહો- અત્યારે આપણે આ છોકરીનાં માવતરની જગ્યાએ છીએ કે નહીં?

સુરેશ : એટલે જ કહું છું. તેને થોડીક આઝાદી આપવી જોઈએ, નાની નથી.

તારા : મામા ! મામી સાચું કહે છે અને તમે પણ સાચા છો! હું સમજું છું કે મારાં મા-બાપ હયાત હોત તો મારી મા પણ આ વાત જ કરતી હોત!

સુધા : બેટા, આજકાલ સમય ખરાબ છે. અમારા જમાનામાં છોકરીને ભણવા જવું હોય તો મા-બાપ બે-ચાર ચોપડી ભણાવી, વાંચતાં-લખતાં આવડે એટલે સ્કૂલમાંથી નામ કઢાવી નાખતાં! કારણ કે ઘરમાં છ-સાત સભ્યો હોય-માં-બાપને મદદરૂપ કોણ થાય? મા-બાપ સાથે બધાં સહકુટુંબ ભેગા એક જ છત નીચે રહેતાં હોય.



તારા : સાચી વાત છે મામી તમારી.

સુધા : તારે જરૂર પડે તો તારી સહેલીને બોલાવી લેજે.

તારા : મને છે ને, મામી ટાઇમ જ નહીં મળે! ઘરકામ પૂરું કરી હું મારું હોમવર્ક કરીશ!

સુરેશ : હવે, હું દુકાને જાઉં છું. કાંઈ કામ હોય તો ફોન કરજે. તારો સામાન તૈયાર રાખજે! તારાં મમ્મીને ઘરે લઈ જવાનો.

સુધા : ભલે, સાંજે તમે આવો પછી વાત, હું સવારે નિકળીશ. મને બસ સ્ટેન્ડ મૂકી જશો. ઠીક છે.

તારા : (ચા-નાં- કપ-રકાબી, પાણીનો ગ્લાસ વગેરે રસોડામાં મૂકવા જતાં...)

સુધા : તારા ! આજે સાંજે હું બજારમાં ખરીદી માટે જવાની છું. તો સાંજે રસોઈ તું બનાવી નાંખજે. તારા મામાને પરોઠા-શાક ભાવે છે, બનાવી દેજે, હું વહેલી મોડી આવું તો રસોઈ તૈયાર રાખજે! ઓકે-

તારા : હા. મામી...ઠીક છે. હું થોડુંક હોમવર્ક પૂરું કરી પછી કામે લાગી જાઉં છું. (મોબાઇલની રીંગ વાગે છે, જોવું તો આકાશનો ફોન છે... ચહેરા ઉપર ખુશી સાથે ફોન ઉપર વાત કરતાં...!) આકાશ...

આકાશ : શું કરે છે?

તારા : ઘરે હમણાં જ આવી છું. કેમ ફોન કર્યો?

આકાશ : જમી લીધું ?

તારા : ના- હવે-હજુ તો ચા-પાણી પીધાં મામા કામકાજ માટે દુકાનેથી ઘરે આવ્યા હતા.

આકાશ : મારે પણ જમવાનું બાકી છે. આજે હાથે રસોઈ બનાવવાનો કંટાળો આવે છે.

તારા : શું? તમે લોજમાં કે પેઇંગ ગેસ્ટમાં નથી જમતા?

આકાશ : ના, કોઈક વખત બહાર જમી લઉં છું. દરરોજ નહીં! કોઈવાર હાથે બનાવી લઉં છું.

તારા : ઠીક છે, જમી લો. કાલે ફરીથી કૉલેજમાં મળીશું? (હસતાં હસતાં ફોન કટ કરે છે.)

સુધા : બેટાં ! કોનો ફોન હતો? તારી સહેલી છે?

તારા : હા, મામી. હોમવર્ક માટે પૂછપરછ કરવાની હતી! મારા ક્લાસ મિત્ર છે.

સુધા : ઠીક છે, હવે હું મારા રૂમમાં જાઉં છું. કાલની તૈયારી કરવાની છે...!

**(પ્રવેશ બીજો)**

(સ્થળ : કૉલેજના બગીચામાં બાંકડા ઉપર રાહ જોતી તારા...) (મોબાઇલમાં ચેક કરતાં...)

તારા : (મોબાઇલથી ફોન કરતાં...) આકાશ-કેટલી વાર છે... હું અહીં તારી રાહ જોઈ રહી છું.

આકાશ : બસ....પાંચ મિનિટમાં હું કૉલેજ પહોચું છું. રસ્તામાં છું.

તારા : આજે મારાં મામી બહાર જવાનાં છે. ઘરમાં કામના ઢગલાનો પાર નથી...(..આકાશને પ્રવેશ કરતો જોતાં...)

આકાશ : હાય,... તારા... ગુડ મોર્નિંગ... હેપ્પી મન્ડે...

તારા : કેમ મોડું થયું? હું અહીં ક્યારની રાહ જોઈ રહી છું?

આકાશ : સાચું કહું તો મને રસ્તામાં ટ્રાફિક નડી ગયો..! ચાલ, પેલી કેન્ટિનમાં ચા-નાસ્તો કરીએ....! વરસાદની સિઝન આવે છે.

તારા : ઠીક છે, પરંતુ આજે હું વધુ સમય રોકાઈશ નહીં. કારણ કે મારાં મામી બે-ત્રણ દિવસ બહારગામ જવાનાં છે.

આકાશ : ઓ...હો...તો તું ઘરની મહારાણી?

તારા : ના. મહારાણી નહીં, ઘરની નોકરાણી.

આકાશ : કેમ? મહારાણી નહીં ?

તારા : કારણ કે, નોકરાણી પણ રજા ઉપર ગઈ છે? મામી બહારગામ જવાના છે, અને ઘરની બધી જવાબદારી મારી ઉપર છે...!

આકાશ : તો, એમાં. ચિંતા જેવું શું છે?

તારા : તને, એકલાને કંટાળો આવતો હોય તો, મારે હોમવર્ક અને કચરા-પોતાં-વાસણ, મામાને માટે રસોઈ વગેરે...હું કાંઈ નવરી નથી...! મારે પણ ભણીને લક્ષ્ય પૂરું કરવું છે...!

આકાશ : તારે બી.કોમ. કરીને શું કરવું છે?..સી.એ. બનવું છે?

તારા : હા...હું કોઈ કંપનીની મેનેજિંગ ડાયરેક્ટર કે સેક્રેટરી બનવા માગું છું!

આકાશ : (કેન્ટિનમાં ચા-નાસ્તો મંગાવતાં...!)

તારા : (બંને ટેબલ ઉપર ગોઠવાતાં) જો. આકાશ. મારી જિંદગી મારે જ બનાવવાની છે. અને

મને કોઈ સારી તક મળે તો મારે જિંદગીમાં કાંઈક આગળ વધવું છે? દુનિયા ક્યાં પહોંચી ગઈ છે. મારે તો દરિયાપાર જવું છે.

આકાશ : (તાલી વગાડતા....) વાહ... વાહ... તારા... ખૂબ ઊંચા વિચારો છે. તારા ! દરેક સ્ત્રી આવું વિચારે ને તો આ દેશ અમેરિકાને પણ પાછળ રાખી દે, (ચા-નાસ્તો કરતાં...)

તારા : કેમ, તને ન ગમ્યું? આજે આપણા દેશમાં સ્ત્રીને હજુ જોઈએ તેવી આઝાદી નથી મળી નહીંતર દરેક સ્ત્રી-ઇન્દિરા ગાંધી કે સુષ્મા સ્વરાજની જેમ ટોપ પર હોત! પછી ભલેને ક્ષેત્ર ગમે તે હોય? તેના વગર અધૂરું છે. આજે છોકરીઓ પોલીસ, મિલિટરી અને દરેક ક્ષેત્રે પાયલોટથી આગળ વધી પુરુષ સમોવડી બની ગઈ છે! કદમથી કદમ મિલાવી આગળ વધી રહી છે. દેશની રાષ્ટ્રપતિ બની શકે છે.

આકાશ : હું પણ એ મતનો છું. મને તારા વિચારો ગમે છે. સ્વતંત્રતા માણસનો જન્મસિદ્ધ અધિકાર છે!

હસતાં હસતાં...

તારા : (ઘડિયાળમાં સમય જોતાં...)
ચાલો- હું જાઉં છું. મારા ક્લાસમાં લેકચરનો સમય થઈ ગયો છે.
ઓકે...કાલે...મળીશું...!
(તારા કૉલેજના ક્લાસરૂમ તરફ જતાં...)

આકાશ : (તારાના વિચારોમાં ખોવાતાં...? કેવી જીંદગી છે...! હું સૌરાષ્ટ્રનો ને તારા સુરતની. નહીં ઓળખાણ અને આજે એકબીજા વગર ચાલતું નથી. વાતો કર્યા વગર કુદરતની કાંઈક ઇચ્છા હશે! મારી તો ઈચ્છા છે કે મમ્મી-પાપા રાજી થાય તો આ છોકરીને જ હું મારી 'જીવનસાથી' બનાવીશ! પરંતુ, હજુ મેં તારાના વિચારો ક્યાં જાણ્યા છે? શું- તે મને સ્વીકારશે? કદાચ-તે મને 'જીવનસાથી' તરીકે સ્વીકારે પરંતુ તેનાં મા-બાપ નથી! તેનાં મામા-મામી સહમત થશે? (મોબાઈલમાં રિંગ વાગતાં...) ઓહ... મારે પણ ક્લાસ ચાલું થઈ ગયો છે. ફટાફટ કૉલેજમાં જતા... (ચા-નાસ્તાના પૈસા કાઉન્ટ ઉપર ચૂકવીને ઝડપથી જતાં... જતાં.., એકાદી વખત તેની સાથે ફિલ્મ જોવાનો પ્રોગ્રામ બનાવું તો કદાચ-તેના વિચારોને વધુ જાણી શકાય...! તે આવશે કે નહીં? કાલે વાત...! ઓફર કરી જોઈશ.

તારા : (ઘરમાં કામકાજ કરતાં... આકાશના વિચારોમાં...મામી એમ કહેતાં હતાં... કે લગ્ન પછી ઘરકામ કરવાનું છે... અને કૉલેજમાં અભ્યાસ પછી વધુ અભ્યાસ કરવા મને ન મોકલે તો?) (ના..ના..મામા..એવા.. નથી..)(મોબાઈલમાં સમય જોતા...) ઓહો.. સાડા આઠ થઈ ગયા...હજુ...હોમવર્ક બાકી છે...! ઘરનું કામ પણ અધૂરું છે, શું કરું?

સુરેશ : બેટા, તારા- તારી મામીને બસ સ્ટેન્ડે મૂકી આવ્યો છું. મને, ચા-નાસ્તો આપી-દે તો હું દુકાને જલદી પહોંચું!

તારા : હા..મા..મા..હમણાં જ આવી (ફટાફટ એક કપ-ચા, પ્લેટમાં નાસ્તો લઈ મામાની સામે ટીપોઇ ઉપર મૂકતાં...!)

સુરેશ : બેટા ! તે નાસ્તો કર્યો.

તારા : ના, મામા, હું હમણાં જ તૈયાર થઈ કૉલેજમાં જાઉં છું. અત્યારે સમય નથી. ચા-પીધી છે. તમે ચા નાસ્તો કરી લો ! તમારે મોડું થતું હશે!

સુરેશ : ઠીક છે બેટા હું જાઉં છું. તું સાચવીને જજે, સાંજે વધુ વાત કરીશું!

તારા : ઓકે,...મામા..જયશ્રીકૃષ્ણ...
(આકાશના વિચારોમાં - શું તે મારી સાથે લગ્ન કરવા રાજી થશે! હજુ હું તેના વિશે કશુ જાણતી જ નથી! મારાં મામી-મામા મારા વિશે શું વિચારતાં હશે? ભવિષ્યનાં સપનાં જોતાં... ઘડિયાળ તરફ ધ્યાન ખેંચાયું! ઓહ...સમય એક મિનિટ પણ રાહ નથી જોતો, હજુ કૉલેજ જવાનું બાકી છે. હોમવર્ક બાકી છે ઘરનું કામ બાકી છે! ક્યારે પૂરું થાશે! ફટાફટ તૈયાર થઈ કૉલેજે જતાં...!

આકાશ : (મોબાઈલથી ફોન કરતાં...) તારા આજે તું આવી છો? કેન્ટિનમાં રાહ જોઉં છું.

તારા : હજુ ક્લાસમાં લેકચર ચાલુ છે...(મેસેજ કરતાં...)

આકાશ : ઓકે...ઓકે...આઈ એમ વેઇટિંગ ફોર યુ...!)

તારા : શું ઉતાવળ છે આટલી બધી ફોન કરવાની?

આકાશ : એકલો - ક્યારનો રાહ જાઉં છું. બોર થઈ ગયો છું. મારે આજે લેકચર નથી- અડધો કલાક લાઈબ્રેરીમાં છાપાં વાંચ્યાં- અડધો કલાક - મોબાઇલમાં ગેમ રમી અને હવે ચા નાસ્તાનો સમય થયો એટલે તને ફોન કર્યો છે. કાંઈ ગુનો કર્યો? (તને મેં પ્રેમ કર્યો છે.)

તારા : ના.. ચાલુ ક્લાસમાં ઘણી વખત મારે શરમમાં મુકાવું પડે છે! બધાંનું ધ્યાન ખેંચાઈ જાય છે!

આકાશ : ઓહ... સૉરી... આઈ... એમ... સૉરી.

તારા : કામ હતું કાંઈ?

આકાશ : ના, ચાલો- ચા નાસ્તો કરીએ કેન્ટિનમાં (બંને જતાં)

આકાશ : તારા ! એક વાત પૂછું- તને?

તારા : બોલ ને, શું પૂછવું છે?

આકાશ : તું, ખરેખર મને પ્રેમ કરે છે?

તારા : તું તારા દિલને પૂછને ?

આકાશ : સાચું કહું- હવે કૉલેજ પૂરી થાય તો પછી આપણે...!

તારા : પહેલાં-અભ્યાસ-નોકરીનું કાંઈ ગોઠવો! મને પણ તારી સાથે લગ્ન કરવાની ઇચ્છા છે! (શરમાતાં... શરમાતાં..!)

આકાશ : એક કામ કરીએ , આજે આપણે બપોરે ફિલ્મ જોવા જઈશું! તું આવીશ?

તારા : મારાં મામી ઘરે નથી, પરંતુ મામા બપોરે આવશે! જમવા માટે તો?

આકાશ : કાલે-સવારે મોર્નિંગમાં જઈએ તો? સવારે ૧૦-૩૦નો શો છે!

તારા : ક્લાસ નહીં હોય તો જરૂરથી જઈશું- ઓકે!

આકાશ : (તારાનો હાથ-હાથમાં લઈને) ખૂબ ખુશ થયો.

તારા : કાલે-જઈશુ-હું આજે તપાસ કરી લઈશ કે ક્લાસમાં લેકચર છે કે નહીં? કારણ કે બપોરે મારે ઘેર પહોચવું પડે જ!

આકાશ : ઠીક છે, આવતીકાલના ફિલ્મના ઈન્તેજારમાં મને તું મેસેજ કરજે- હું ટિકિટ બુક કરાવી શકું- ઓકે. (ખૂબ રાજી થતાં...) બે કલાકના ફિલ્મ શોના આ કાર્યક્રમમાં તેના વિચારો વધુ જાણી શકાશે! (મનોમન ખુશ થતાં...)

તારા : ઠીક છે. હવે હું ક્લાસમાં જાઉં છું.

આકાશ : મારે પણ ક્લાસનો સમય થઈ ગયો છે. કાલે મળીશું! ઓકે..ઓકે...

તારા : (ક્લાસમાં જતાં વિચારમાં...) આજે હું તપાસ કરી લઉં અને કાલે ફિલ્મ શો જવાનો પ્રોગ્રામ બનાવી આકાશની ઇચ્છા અને તેના પરિવારની વિગતો જાણી, લઉં, અને મને ખબર પડે કે તે મને પ્રેમ કરે છે કે નહીં? મારો આત્મા એમ કહે છે કે તે સાચો છે! ગડમથલમાં ક્લાસમાં પ્રવેશ કરે છે- ટાઇમટેબલમાં લેકચરનો કાર્યક્રમ જોતાં ખબર પડે છે કે કાલે કોલેજના ક્લાસમાં નહીં આવે તો ચાલશે... બે લેકચર કેન્સલ થયાં છે! આકાશને મૅસેજ કરે છે...!

**(પ્રવેશ ત્રીજો)**

આકાશ : (ખૂબ જ ખુશ થતાં... તો આજે જ ટિકિટ બુક કરાવી લઉં છું.) ફિલ્મનું નામ છે (URI) (The surgical Stricke)

તારા : આકાશના ઈન્તજારમાં કૉલેજના દરવાજે - રાહ જોતાં

આકાશ : અરે...તું આવી ગઈ છો! ફોન તો કરવો હતો. તારા ! ચાલ... આપણે ફિલ્મના થિયેટરમાં જઈએ ટિકિટ હું ખરીદી લાવ્યો છું.

તારા : આકાશ સાથે પ્રથમવાર સાથે બાઇક ઉપર જતાં... પ્રથમવાર અજાણ્યા પુરુષનો સ્પર્શનો અનુભવ! મનમાં સંકોચાતાં આનંદિત થતાં..! (શરમાતાં..!)

આકાશ : ચાલ ! હું બાઇક પાર્ક કરી આવું છું. તું ત્યાં મારી રાહ જો.

તારા : આકાશ. આ URI જમ્મું કાશ્મીરના આંતકવાદ ઉપર છે?

આકાશ : હા, દેશમાં શું ચાલી રહ્યું છે તેની આપણને ખબર નથી. પરંતુ- ઘણી વખત આવી ફિલ્મો જોવાથી અંદાજો આવી શકે છે! હાલ દેશમાં શું બની રહ્યું છે!

તારા : બંને ફિલ્મ જોવા નિકટ બેસતાં એક બીજાના હાથેથી સ્પર્શ કરતાં આનંદ-લાગણી-સંકોચનો અનુભવ-થતાં..! માથામાં હાથ પસરાવતાં...!

આકાશ : તારા સાથે ગુફતેગુ કરતાં...એકદમ નજીકનો સહવાસ...હાથમાં હાથ મિલાવતાં.

તારા : હવે-આકાશ એક વાત પૂછું..તું મને છોડીને ક્યાંય નહીં જાયને?

આકાશ : તને ભરોસો નથી?

તારા : મામી-મામાને હું આપણા 'પ્રેમ'ની વાત જણાવી શકું!

આકાશ : ના ! હજુ તારે ક્યાં લગ્ન કરવાં છે! આપણે બંને જ્યારે નક્કી કરીશું ત્યારે લગ્ન માટે તેમને જણાવીશું- તું બહુ ભોળી છે! (બંને બહાર નીકળતા) વરસાદ ચાલુ થઈ ગયો છે.

તારા : બહાર વરસાદ ચાલુ છે. તું એક કામ કર, મને ઘર પાસે છોડી દે ! મારા મામા-ઘરે રાહ જોતા હશે!

આકાશ : ઠીક છે, ચાલ 'ચા' કેન્ટિન છે ને સામે ત્યાં પી-લઈએ - જેથી વરસાદ થોડોક ઓછો થાય પછી તને હું મૂકી જઈશ! (થિયેટરની બહાર કેન્ટિનમાં ચા-પીતાં...પીતા...)

તારા : ઘડિયાળમાં જોતાં...જોતાં...આકાશ મારે ઘરે પહોંચવું છે! તારે કોઈ રાહ જોતું નથી? પરંતુ મારે...!

આકાશ : હા...હા...ચાલ- તને તારા મહોલ્લાના ચોક સુધી. હું મૂકી જાઉ છું. સાચવીને જજે પછી મને જાણ કરજે- ઓકે.

તારા : વરસાદનો ગડગડાટ. મામાના ઘરે-પહોચતાં... વીજળીનો ચમકારો-વરસાદનો અવાજ.

(બીજા દિવસની સવાર) (કૉલેજ ગ્રાઉન્ડ)

આકાશ : (તારાની રાહ જોતાં...મોબાઈલમાં નજર નાખતા...!) હજુ તારા આવી નથી..વરસાદ જેવું છે. કદાચ નહીં આવે...! મોબાઈલમાંથી સામે નજર કરતાં... તારા આવતી... દેખાઈ આકાશ ખુશ થયો...! હાશ..!

તારા : હાય...ગુડ મોર્નિંગ..!

આકાશ : હાય...તબિયત...ઓકે-ઠીક છે વરસાદમાં કાલે કોઈ તકલીફ નથી થઈને? તારાનો હાથ પકડીને

તારા : ના,ના. મામા... રાહ જોતા જ હતા...! જરાક ગભરામણ થઈ ગઈ હતી.

આકાશ : ઓકે, તારા તને એવું નથી લાગતું કે આપણે બંને હવે ઘણાં નજીક આવી ગયાં છીએ.

તારા : હા, આપણે બંને એકબીજા માટે સર્જાયાં હોય તેવું લાગે છે! સતત હું તારા વિચારોમાં જ ખોવાયેલી રહું છું.

આકાશ : મને પણ તારા વિશે બધાં સપનાંઓ અને યાદ-વિચારો આવે છે. તારો ફોન ન આવે કે તું કૉલેજ ન આવે તો હવે મને ગમતું નથી! આ ઉંમર જ એવી છે! તે તારાં મામા-મામીને મારી વાત કરી છે?

તારા : (હાથ છોડાવતા...ના.) તેં મને તારા વિશે ક્યાં હજુ સુધી કાંઈ કહ્યું છે. હું તો બસ તારામાં જ વ્યસ્ત છું ! સમય વિતતો જાય છે અને... અને...!

આકાશ : શું તારા વાત કરને?

તારા : તને યાદ છે? ગયા અઠવાડિયે હું, વરસાદને કારણે ઘરે નહોતી ગયેલી અને તારી રૂમ ઉપર રાત રોકાયેલી? અને આપણે એકબીજામાં ખોવાઈ ગયાં હતાં..!

આકાશ : હા. વરસાદ ખૂબ હતો અને તું મારી સાથે હોટલમાં જમીને મારી રૂમ ઉપર આવેલી અને આપણે એકરાત ત્યાં વિતાવી હતી? તો શું?

તારા : હું, તારા બાળકની મા બનવાની છું.

આકાશ : હોય નહીં! તું સાચું કહે છે? કે મને ઉલ્લુ બનાવે છે.

તારા : હા. તારા સોગંધ ! મેં હજુ સુધી કોઈને કાંઈ કહ્યું નથી! બે ત્રણ દિવસથી મને ગભરામણ થાય છે. મજા નથી આવતી.

આકાશ : ડૉક્ટર પાસે જવું છે?

તારા : ના. આ વાત માત્ર તું અને હું બે જણ જ જાણીએ છીએ. હજુ સુધી કોઈને કહ્યું નથી.

આકાશ : હું જાણું છું કે તેં જે કહ્યું તે સાચું જ હશે! પરંતુ-

તારા : શું -પરંતુ?

આકાશ : હું મારાં મમ્મી-પપ્પાને વાત કરી લઉં પછી

આપણે લગ્ન કરી લઈએ તો?

તારા : તારાં મમ્મી-પપ્પા સહમત થશે?

આકાશ : હા, હું તેમનો એકનો એક પુત્ર છું.

તારા : (આકાશ ઉપર ભરોસો કરતા..! વળગી પડી)

આકાશ : આપણે આ બાબતે નિરાંતે કાલે વાતો કરીએ તો- મારે પરીક્ષાની તૈયારીમાં ધ્યાન આપવું જોઈએ! અને તું પણ તેમાં ધ્યાન લગાવ તો ખોટા વિચારોથી દૂર રહીશ! હજુ નોકરીનો પ્રબંધ કરવાનો છે.

તારા : ઠીક છે. કાલે મળીશું! અત્યારે ઘરે કામ છે એટલે હું જાઉં છું. બાય-બાય...ઓકે-

તારા : (ગભરાઈ ગઈ હતી...! કદાચ હવે આકાશ લગ્ન કરવાની ના પાડશે તો?) આંખમાં આંસુ સાથે ના તે એવો નથી! મારી જ ભૂલ છે, મામીને ખબર પડશે તો? મામાની હાલત શી થશે?

સુધા : બેટા, તારા હજુ સુધી પથારીમાં કેમ સૂતી છે? તબિયત બરોબર નથી? વરસાદમાં પલળી છે. તાવ તો નથી ને? કૉલેજ નથી જવું.

તારા : ના, મામી. મારે આજે કૉલેજે નથી જવાનું- ઊલટી થાય તેવું લાગે છે! દવા હું જાતે જ જઈને લઈ આવીશ!

સુધા : તારા બેટા, શું થાય છે. જરા બતાવતો? હું આવું છું.

તારા : ના, મામી. કાંઈ નથી, દવા લીધી છે સારું થઈ જશે. હું હજુ હોમવર્ક બાકી હોઈ- પૂરું કરીને કાલે કૉલેજ જઈશ! અને આકાશને ફોન કરતાં... (મોબાઈલ-સ્વીચ ઓફ...! ગુસ્સો... ફરી- મોબાઇલ કરતાં... નો-રીપ્લાય...!) ફરીથી ઉલટી-ઊબકા જેવું થતાં...

સુધા : (દોડીને...રૂમમાં જતાં...) શું થયું છે તને બેટા...લાવ હું ડૉક્ટરને ફોન કરું છું. ઘરે બોલાવું છું.

તારા : ના... ના... માથું ચડ્યું છે? શરીર તૂટે છે. વરસાદમાં પલળી હતી-ઉજાગરો કર્યો હતો...

સુધા : સાચું કહેજે- બેટા તે કાંઈક અવળું પગલું ભર્યું છે? મને શંકા થાય છે? સતત ત્રણ દિવસથી તારી તબિયત દિવસેને દિવસે ખરાબ થતી જાય છે! મારાથી કાંઈ છુપાવીશ નહીં? હું તારી મા છું.

તારા : (ના... હા... ના... કરતાં... ગળામાં બાઝેલા ડૂસકા ખાળતા...હૃદયમાં સંઘરેલી વ્યથા ઠાલવતાં) હા...મામી...મેં...એક છોકરાને પ્રેમ કર્યો છે અને તેના સંતાનની માતા બનવાની છું!

સુધા : (જોરથી ચિલ્લાતાં...માથાના વાળ પકડીને એક ઝાપટ-ગાલ ઉપર તારાને ફટકારી) નાલાયક- આ તેં શું કર્યું? તારા, ભવિષ્યનો વિચાર કર્યો છે? કોણ પરણશે તને? તારા મામા ઉપર શું વીતશે? શરમ ન આવી તને આવું પગલું ભરતાં? આઝાદી આપી દીધી છે એનો મતલબ એ નથી કે તમે મન ફાવે તેમ કરો/ સમાજમાં અમારુ પણ માન-સન્માન આબરું જેવું છે? બધાને શું જવાબ આપીશું! (માથે બે હાથ મૂકી રડમસ અવાજે) હે ભગવાન ! આના કરતા આ છોકરી પેદા ન થઈ હોત તો સારું! મારું લોહી પી ગઈ છે, આ તારો મામો ક્યાંથી તને અહીં લઈ આવ્યો. સુરતમાં પડી રહી હોત તો સારું થાત!

તારા : રડતાં... રડતાં... મામી મને માફ કરો. હું તમારો બોજ નહીં બનું... હું તમારું આ ઘર મૂકી ચાલી જઈશ. મને સમય આપો...!

સુધા : ચાલ...તું. આ સંતાનના બાપને ઓળખે છે ને તેને મળી આવીએ. મારી સાથે ચાલ ! આપણે તેને વાત કરીએ...તું તૈયાર થઈ જા...રીક્ષામાં તેના ઘરે જઈ આવીએ..કોણ છે એ.

તારા : ઠીક છે. (હાથપગ ધોઈ-માથું ઓળી તૈયાર થતાં બંને રીક્ષામાં આકાશને ઘર રૂમ ઉપર જતાં... બાજુમાં પૂછપરછ કરતાં...) આ ભાઈ તો બેચાર દિવસથી ઘરે જ નથી આવ્યા! કોઈ તેમના મિત્રની રૂમ છે તેમાં રહે છે. નામ સરનામું-પૂછતાં જવાબ યોગ્ય ન મળ્યો. તારાએ ફરી-આકાશને ફોન કર્યો. નો રિપ્લાય-ફોન બંધ બંને ઘરે પરત ફર્યાં?

સુધા : તારા ! સાંભળી લે, હવે આ ઘર મૂકીને તારે

બહાર પગ મૂકવાનો નથી. પોલીસમાં તપાસ કરાવવી પડશે અને તને કોણ પરણશે તારી જિંદગી શું? મને તેના વિચારો કોરી ખાય છે. આ આખો જન્મારો કેમ નીકળશે!

તારા : (મૂંગા મોઢે ચૂપચાપ બધું સાંભળી રહી છે, રડતાં... રડતાં...આંખો ચોળતા... ચોળતા... તેની જિંદગીના સપના ચકનાચૂર થઈ ગયાં હોય તેવું લાગી રહ્યું છે. આકાશનો ક્યાયં અત્તોપત્તો નથી- ક્યાં ગયો હશે! જે માણસ મારા વગર એક દિવસ ન રહી શકે તે ક્યાં ગયો હશે! ચિંતામાં ને ચિંતામાં ઊંઘ આવી ગઈ. પથારીમાં સૂઈ ગઈ.

સુધા : જો. આ દવા રાખી છે. ઊઠીને ચા-પાણી નાસ્તો કરી- ઘરનું કામ થાય એટલું કરજે અને કદાચ હું પૂછું છું કે મારા ભાઈનો છોકરો છે જો તે તારી સાથે લગ્ન કરવાં રાજી હોય તો વાત કરું! તારી ઇચ્છા હોય તો?

તારા : (સ્વસ્થતા ધારણ કરતાં...) હા... મામી... અનિચ્છા હોવા છતાય! મનમાં વિચારોનું ઘોડાપૂર ઊમટ્યું કે હવે આ શહેરમાં રહેવું જ નથી. - પરંતુ- જવું ક્યાં? મા-બાપ છે નહીં- એક આશરો આકાશનો મળ્યો હતો તે પણ ક્યાંક લુપ્ત થઈ ગયો છે! અને આ ઉછરી રહેલા સંતાનને લઈ જવું ક્યાં? કોણ રાખશે? જમાનો ખરાબ છે, વાત સાચી કરી! મનમાં હિંમત એકઠી કરી હું હિંમત નહીં હારું હું-આકાશને પણ શોધીશ અને આ મારા સંતાનને પણ જન્મ આપીશ. ફરી(આકાશને ફોન કરતાં ફોન-કટ થઈ જાય છે. નો રિપ્લાય) કાશ- મેં તેના વિશે બધુંય જાણી લીધું હોત તો સારું થાત...!

મારે મારાં મામીના ભાઈના છોકરા સાથે જિંદગી નથી વિતાવવી. ઘણા સમય પહેલાં જોયો હતો. જે દુકાનમાં કામ કરે છે અને દસમું પાસ છે. મામીએ આ બધું મામાને કહ્યું હશે? મામા મારા વિશે વિચારશે? મા-બાપ જેટલો મામાએ લાગણી - પ્રેમ આપ્યો અને એને જ તું મૂર્ખ બનાવે છે. તારે સઘળી વિગતો જણાવી મામાની માફી માંગવી જોઈએ. મામા પણ ગુસ્સે થશે? મને કાઢી મૂકશે તો? હું ક્યાં જઈશ? અનેક સવાલો મનમાં ઉછળકૂદ કરવા લાગ્યા...!

(ઘરમાં મામાનો પ્રવેશ)

સુરેશ : અરે...તારા...ક્યાં ગઈ બેટા ! તને ખુશખબરી આપવી છે-

તારા : મામાને પગે લાગતાં.રડતાં-રડતાં

મામા : બેટા તું પરીક્ષામાં પહેલા વર્ગમાં સારા માર્કર્સથી પાસ થઈ ગઈ છે. છાપામાં એવા સમાચાર મેં વાંચ્યા છે! તને ખબર છે? મોઢું મીઠું કરાવો.

સુધા : તમને ખબર છે. તે શું કરીને આવી છે તમારી ભાણી?

તારા : (મામીને બાવડું પકડી-ને રૂમમાં લઈ જાય છે. મામાને કાંઈ ન કહેતાં નાક ઉપર હાથ રાખીને મામા હાર્ટ પેશન્ટ છે. તકલીફ થશે તો તમે અને હું બંને મુશ્કેલીમાં મુકાઈ જઈશું!) મારુ ંજે થવું હોય તે થાય પરંતુ તમે એકલાં થઈ જશો!

સુધા : આ છોકરી કૉલેજ પૂરી કરીને મારા ભાઈના છોકરા સાથે લગ્ન કરવા ઇચ્છે છે!

સુરેશ : વાહ...વાહ...ખૂબ. સરસ. ચા-મૂકો-સૌ સાથે મળીને પીવા બેસીએ!

તારા : (હાશ...! માથેથી ઘાત ગઈ મામી-સમજી તો ગયાં!) તારા પાણી લેવા ગઈ-

સુધા : હવે તમે કહો ત્યારે મારા ભાઈને ફોન કરું!

સુરેશ : હમણાં- છોકરીએ પરીક્ષા પાસ કરી છે. વિચારવા દે, લગ્ન તો કરવાનાં છે જ, એનો નિર્ણય એને જ લેવા દે,

સુધા : એમાં જ તો અટકી ગઈ છે? મારું કહ્યું આ ઘરમાં કોણ માને છે? સૌને આઝાદી જોઈએ છે!

તારા : (સૌને- ચા-પાણી આપતાં...)મોબાઈલમાં પરીક્ષાનુ ંપરિણામ તપાસતાં, તે બી.કોમ. ફર્સ્ટક્લાસ) પાસ થઈ હતી! એક બાજુ ખુશી હતી- તો એક બાજુ ગમ હતો! ને આકાશનો કોઈ અત્તોપત્તો ન હતો! કોને કહેવું! પરિણામ હાથમાં આવી જાય તો આ ઘર છોડીને જતું જ રહેવું છે એવું મનમાં નક્કી કર્યું. પ્રેમની પહેલી

નિશાની રાખવી કે નહીં? તેની ગડમથલમાં રાત પસાર થઈ- દિવસો જતાં હવે વાર નથી લાગતી- મન મક્કમ કર્યું અને રાત્રે એક ચિઠ્ઠી લખી- "હું મારી સંમતિથી આ મારા મામાનું ઘર છોડું છું. મને ૨૫ વર્ષથી ઉપરની ઉંમર હોઈ મારે મારી મામીના ભાઈના દીકરા જોડે લગ્ન કરવાં નથી. અને મારી કોઈએ તપાસ કે પોલીસ ફરિયાદ કરવી નહીં."

લિ. તારા

સવારે કૉલેજ ગઈ. જોયું તો સૌ પ્રથમ નોટિસ બોર્ડ પર તેનું નામ હતું! મનમાં આનંદનું મોજું ફરી વળ્યું- સાથી મિત્રોએ અભિનંદન પાઠવ્યાં. અને તેના મિત્ર આકાશ વિશે પૂછપરછ કરી. તેનું નામ પણ એમ.કોમ.ની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓના લિસ્ટમાં ટોપ નંબર હતું! તારાએ ફોન કર્યો. કાશ મળી જાય! - ફોન - નો રિપ્લાય. કૉલેજમાં ઓફિસમાં પૂછપરછ કરી. તો જાણવા મળ્યું કે તે ઘણા સમયથી કૉલેજ નથી આવતો? તે પરિણામ લેવા આવે તો મને જાણ કરશો- ફોન નંબર-સરનામું લખાવ્યું!

સુધા : બેટા, કોલેજ જઈ આવી. તને ઠીક છે ને- સાચવજે.

તારા : મામી- હવે હું બરોબર છું. દવાથી ફરક છે. સારું છે તબિયતની કાળજી રાખીશ. બે ત્રણ દિવસ ઘરે રહી- છાપામાં જાહેરાત વાંચી. મુંબઈ-ઘરમાં રહેનાર અને ઘરનું કામકાજ કરનાર ભણેલી ગણેલી તેમજ સસ્કારી બાઈની ડૉ. પરિવાર માટે જરૂર છે. તા.ક. સંપર્ક કરો- ડૉ. સુબોધકાન્ત.

તારા : ખૂબ વિચારણા કરી રાત્રે પોતાનો થેલો ભર્યો અને મોબાઇલથી ડૉક્ટરને ફોન ઉપર સંપર્ક કર્યો. વાતચીત ઉપરથી તેને કામ મળશે તેવું લાગ્યું- રાત્રે મામાને પગે લાગી- પલંગના તકિયા નીચે પેલી ચિઠ્ઠી મૂકી દરવાજો ખોલી વહેલી સવારે અમદાવાદ મૂકી મુંબઈની ટ્રેનમાં નીકળી ગઈ!

**(પ્રવેશ ચોથો)**

(સ્થળ-મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન)

ટ્રેનોના અવાજ- લોકોની અવરજવરનો અવાજ- કોલાહલ-સમય વહેલી સવારનો...)

તારા : મોબાઇલમાં જોતાં...(મુંબઈ સેન્ટ્રલ) ઓહ...મુંબઈ આવી ગયું! ઘણા વર્ષે મુંબઈ આવી. કોઈ સગાસંબંધી- વગર પ્રથમવાર અજાણી-ધરતી પર પગ મૂક્યો. ક્યાં જાઉ? શેમાં જાઉં/ જુવાન છોકરી તરફ બધાંની નજરો દોડતી હતી! સરનામું- જોઈ લોકેશન- મોબાઇલમાં સર્ચ કર્યું! નજીકમાં જ હશે તેવું લાગ્યું. બહાર નીકળી ટેક્સી કરી- ઘરના સરનામે પહોંચી- બંગલાના દરવાજે ઊતરી - પગે ચાલી ડોરબેલ વગાડી- ચોકીદારે ગેટ ખોલ્યો- ડૉ. સાહેબને મળવું છે? ઊભા રહો- હું જાણ કરી દઉં છું.

સુબોધકાન્ત : દરવાજો ખોલતાં...અંદર આવવા દો.

તારા : જયશ્રીકૃષ્ણ. મેં તમારી સાથે ફોન ઉપર ગઈ કાલે વાત કરી હતી સાહેબ...

સુબોધકાન્ત : હા...હા..યાદ આવ્યું. તારા દેસાઈ- સોફા ઉપર બેસવાનું કહેતા...

સુબોધકાન્ત : મોટા અવાજે...સુમતિ ઓ સુમતિ...! અહીં આવ તો..! મેં તને કાલે વાત કરી હતીને સુરતની કોઈ તારા નામની છોકરીનો ફોન હતો...આ તે છે.

સુમતિબેન : પાણી-આપતાં...બેટા શું કરે છે? તારાં-મમ્મી પાપા ? તારી તો ઉંમર હજુ નાની છે! ભણે છે.

તારા : માસી કહી શકું તમને?

સુમતિબેન : હા, હા, કેમ નહીં? તારા જેવી સુંદર છોકરી મળતી હોય તો બીજે ક્યાં જવું? મૂળ તો અમે પણ સુરત બાજુનાં છીએ. એટલે વિશેષ લગાવ તે તરફનો રહે!

સુબોધકાન્ત : (સુમતિને કહેતા...) સાંજે તેને સામે રૂમ છે ખાલી, તે રહેવા આપી દે- અને કામ કાજ સમજાવી દે, હું હવે દવાખાને જાંઉ છું.

સુમતિબેન : બેટા ! જા-થોડો આરામ કરીને આવ. પછી કામકાજની વાતો કરીશું- (રૂમની ચાવી આપતાં...)

તારા : વિશાળ બંગલો- બગીચો અને ચોકીદાર રૂમની બાજુમાં રૂમ ખાલી હતી. તેમાં એક પલંગ રસોઈનો થોડોઘણો સામાન, બે ખુરશી- વિગેરે હતું! થોડી આશા બંધાણી- પરિસ્થિતિ માણસને બધું શિખવાડે છે. પોતે ગર્ભવતી છે તેની કોઈને જાણ નથી, પરંતુ સમય બતાવશે શું થાય છે. થોડીક--સાફ સફાઈ કરી થોડો વિશ્રામ કર્યો. તુરંત જ બંગલામાં ગઈ.

સુમતિબેન : બેટા ! તારી પાસે મારે ઘરકામ ઉપરાંત તને રસોડું - બેડરૂમ વગેરે બતાવી દઉં. મારાથી હવે ઘરકામ થતું નથી- સવારે તારે નાસ્તો, બપોરે ભોજન અને સાંજે ભોજન- બનાવવાનું રહેશે- ઘરમાં અમે બે જણાં જ છીએ! કદાચ કોઈ મહેમાન આવે તો ઠીક છે.

તારા : તમારે દીકરા-દીકરી-સંતાન...

સુમતિબેન - નથી- એક છોકરો હતો ! યુવાન ! તે કાર અકસ્માતમાં ગુજરી ગયો.

તારા : ઓહ....નિઃસાસો નાખતાં...! હું નાની હતી માસી ત્યારે મારાં મમ્મી પણ એક અકસ્માતમાં ગુજરી ગયેલાં- હું ત્યારે મામાને ઘરે હતી એટલે બચી ગઈ!

સુમતિબેન : જિંદગી છે. ઈશ્વરે બધું નક્કી કર્યું હોય છે. આપણે તેના મહોરાં છીએ.

તારા : સાચી વાત છે માસી

સુમતિબેન : બેટા તેં, લગ્ન નથી કર્યાં ?

તારા : હિચકિચાટ અનુભવતા...કર્યાં છે પણ ...! હા...ના...કરતાં... કહ્યું તે જતાં રહ્યાં છે. (સંતાનનો વિચાર આવતા...કહેવું પડ્યું!)

સુમતિબેન : ઠીક છે બેટા, તું તારું કામ કર ! હું પૂજા કરવા જાઉં છું.

સુબોધકાન્ત : (સાંજે જમવા બેઠાં)

તારા : રસોઈ બનાવી લાવી ખીચડી-શાક-ભાખરી-મરચાં-દૂધ-જમવાનું પીરસતાં સુમતિબેન બોલ્યા, બેટા- તને રસોઈ બનાવતા બહુ સારી આવડે છે !

સુબોધકાન્ત : અરે, વાહ કેટલાય દિવસે સુરતી-જમણનો સ્વાદ મળ્યો, ખરેખર બેટા રસોઈ સારી બનાવી છે.

તારા : મારાં મામા-મામી, પાસેથી શીખી છું.

સુબોધકાન્ત : બેટા, કેટલું ભણી છે.?

તારા : કૉલેજ સુધી અભ્યાસ કર્યો છે.

સુબોધકાન્ત : તો પછી- તું આગળ કેમ ન ભણી? તારાં લગ્ન થઈ ગયાં છે? તારો પતિ શું કરે છે?

તારા : (પ્રશ્નોનો મારો થતાં થોડી ગભરાઈ ગઈ...!)

સુમતિબેન : અરે, તેનો પતિ રીસાઈ ગયો છે. મેં બધું જ પૂછી લીધું છે. પછી તમને કહીશ પહેલાં શાંતિથી ભોજન કરી લો.

સુબોધકાન્ત : હસતાં..હસતાં.. સારું સારું બેટા...કોઈ ચિંતા ન કરતી. પોતાના બેડરૂમમાં જતા...ખૂબ આનંદમાં હતા...

સુમતિબેન : જા- બેટા, રાત પડી ગઈ છે તારી રૂમમાં આરામ કર.

તારા : હા, માસી! ધીરે ધીરે સમય જતાં ઘરમાં મને-કમને-ઘરકામ રસોઈ માં 'સેટ' થવા લાગી ગઈ હતી. આ તરફ તેનું પેટ તે મા બનવાની છે તેની ચાડી ખાઈ રહ્યું હતું!

સુમતિબેન : બેટા, તારા લગ્ન થયાં કેટલાં વર્ષ થયાં છે ? તારા ચહેરા ઉપરથી લાગે છે કે તું પહેલીવાર મા બનવાની છો.

તારા : (શરમાતાં...) હા, માસી. મારું આ મુંબઈ શહેરમાં કોઈ નથી. તમારા સિવાય.

સુમતિબેન : બેટા, ચિંતા ન કર, ઈશ્વર સૌનું ભલું કરશે. અમે બેઠા છીએ ને?

તારા : ઘણા સમય પછી હૃદયમાં શાંતિ થઈ હાશ! કોઈક તો મળ્યું? ધ્યાન મારું રાખવાવાળું! અને ઘરના સભ્યોની જેમ હળીમળી ગઈ! પરંતુ- હજુ પણ મગજમાં કાંઈક કરવાનો મનસૂબો સળવળતો હતો! ઉંમર હજુ નાની હતી.

સુબોધકાન્ત : બેટા, તારા ! એક વાત કહું- તારા આ ઘરમાં આવવાથી તારાં માસી બહું આનંદિત થઈ ગયાં છે. પુત્રના અવસાન પછી ચહેરા ઉપર ગમગીની છવાઈ ગઈ હતી. શરીર ઘસાઈ ગયું હતું. પરંતુ- થોડીક રોનક દેખાય છે...!

ફોન ઉપર તારો ઈન્ટરવ્યૂ લીધો ને તેમાં જ તું પાસ થઈ ગઈ હતી...! મુંબઈમાં પણ મને

ઘણા કામવાળા-રસોઈવાળા માણસો મળતા હતા. પરંતુ- આપણા ગુજરાતના લોકો અને ખાસ કરીને સુરત-વડોદરા-અમદાવાદ-ના લોકોને હું 'તક' આપવા માંગતો હતો? કારણ કે હું સુરતનો વતની છું.

તારા : હા- મને માસીએ વાત કરી હતી. મારું વતન પણ સુરત છે, પરંતુ હું ભણી મારા મામાને ઘરે અમદાવાદમાં ત્યાં જ રહેતી હતી.

સુબોધકાન્ત : તારા તું- ખરેખર ભાગ્યશાળી છે. તારા આવવાથી સુમતિ ખુશખુશાલ છે. આ ઘર તારું જ છે એમ સમજીને રહેજે, મૂંઝાઈશ નહીં- ભગવાને અમને બધું આપ્યું છે. પરંતુ....આંખમાં ઝળઝળિયા સાથે, લૂછતા.. અકસ્માતમાં એક પુત્ર હતો જે છીનવી લીધો છે!

તારા : (આશ્વાસન આપતાં) મને માસીએ વાત કરી હતી. (સમય જતાં વાર નથી લાગતી) સમય ધીરે ધીરે બધુંય ભુલાવી દે છે. (થોડા મહિના પછી)

સુમતિબેન : અરે, સાંભળો છો. આ છોકરીનો સમય પૂરો થવા આવ્યો છે. તેનું કોઈ નથી- દવાખાને ડૉક્ટરને ફોન કરી- દાખલ કરાવી દેવા મારો વિચાર છે!

સુબોધકાન્ત : હા- તારી વાત સાચી છે. તે જે દવાખાને દવા લે છે ને એ ડોક્ટરને મેં ભલામણ કરી છે. કાલે સવારે આપણે તેને દાખલ કરી દઈએ. તેનાં સગામાં તેના મામા-મામી અમદાવાદ રહે છે. પરંતુ ફોન લાગતો નથી, પરંતુ પછી, જરૂર હશે તો જાણ કરી બોલાવી લઈશું!

સુમતિબેન : ઠીક છે. તમે જેમ કહો તેમ-ડ્રાઈવરને કહો- ગાડીમાં આ છોકરીને લઈ દવાખાને જાય! હું પણ સાથે જઈશ- મારે દીકરી હોત તો તે આવડી જ હોત!

સુબોધકાન્ત : તું. સાચવજે, મેં ફોન કરી દીધો છે અને રૂમ નં. ૧૪૦ બુક કરાવ્યો છે. બેટા, તારા, તું બરોબર છે ને?

તારા : હા, માસી. ચિંતા ન કરો. મારા કારણે તમારે હેરાનગતિ વધી ગઈ. તમારા જેવા માણસો મને મુંબઈમાં ક્યા ભવે મળત! રડમસ અવાજે (વહેલી સવારે- તારા એ દીકરીને જન્મ આપ્યો.)

સુમતિબેન : ફોનથી ડૉક્ટર સાહેબને ઘરે જાણ કરતાં- દીકરી- લક્ષ્મીજી આવ્યાં છે તારાને -

સુબોધકાન્ત : ખૂબ સરસ- અભિનંદન. તબિયત સારી છે ને મા - દીકરીની - બે દિવસ રાખશે મેટરનિટીરૂમમાં પછી રજા આપી દેશે.

તારા : (સ્વસ્થ થતાં પુત્રીને ચુંબન કરી વહાલ કરતાં.)

સુમતિબેન : અસ્સલ- તારા જેવું મોઢું છે! હસતી-રમતી ઢીંગલી છે. સરસ. તું બરોબર છેને !

તારા : હા, માસી હું હવે સ્વસ્થ છું. બેટા, એક વાત કહું- આ છોકરીને હું- આજની રાશી પ્રમાણે 'ચાંદની' નામ આપું તો? તને ગમશે? તેની 'મીન' રાશી આવી છે! સરસ છે!

તારા : (હરખાતાં) સરસ. માસી હતાં છોકરીનાં નસીબ કે તમે નામ આપ્યું 'ચાંદની' - (ખરેખર- તમે જ તેના ફઈબા- કહો કે માસીબા....! હસતાં...હસતાં...)

સુમતિબેન : (સુબોધકાન્તને વાત કરતાં) સરસ- ખરેખર- સારું નામ છે. તારા- બરોબર છેને? મેં કાલે જ ડૉક્ટરથી વાત કરી છે. બે-ત્રણ દિવસમાં જ ઘરે રજા આપી દેશે...)

તારા : સાચું કહું માસી.મારું નામ તારા છે. તેના પપ્પાનું નામ આકાશ છે. અને મારી, પણ એવી ઇચ્છા હતી કે તેનું નામ 'ચાંદની' હોય...! તમે મારા મનની વાત કરી!

સુમતિબેન : ઠીક છે બેટા, હવે હું ઘરે જાઉં છું, તારું ધ્યાન રાખજે. જરૂર પડે ફોન કરજે, અહીં બેન(નર્સ) ને સાહેબે ભલામણ કરી છે.

તારા : ઠીક છે. સાહેબ ઘરે, રાહ જોતા હશે. તમે જાઓ. હું સંપૂર્ણ સ્વસ્થ થતી જાઉં છું. (પલંગ ઉપર સૂતાં સૂતાં આકાશને મોબાઈલથી સંપર્ક કરવા પ્રયત્ન કરે છે. ) નો રિપ્લાય- સ્વીચ ઑફ (ક્યાં- શું થઈ ગયું હશે આકાશને? મારા વગર એક મિનિટ ન રહે...! હે ભગવાન- તેને - સલામત રાખજે...) તને મારે ચાંદનીના સમાચાર દેવા હતા...

(ડો. સુબોધકાન્તના બંગલામાં પરત પોતે રૂમમાં આવતા...)

સુમતિબેન : દીકરી 'ચાંદની'ને તેડી- તારાને મદદ કરતાં...!

તારા : માસી - રહેવા દો, હું હવે બરોબર છું. ધીરે ધીરે કામ સંભાળી લઈશ. મારા વગર તમને બંનેને ખૂબ તકલીફ વેઠવી પડી! અને જાતે કામ કરવું પડ્યું!

સુબોધકાન્ત : સાંજે-બગીચામાં તારાની છોકરીને રમાડતાં... ખુશ થઈ ગયા ! કેવી હસતી ઢીંગલી છે!

સુમતિબેન : સાચું કહું...આપણે નસીબદાર છીએ કે, આવી સરસ કામવાળી બાઈ-મળી અને તે આપણા પરિવારમાં ભળી ગઈ છે એક સદસ્યની જેમ!

સુબોધકાન્ત : હું પણ એવું ઇચ્છતો હતો કે પુત્રના અકસ્માત બાદ- તું સાવ ભાંગી પડી છો. મને પણ ગમતું ન હતું! આવડા મોટા બંગલામાં કોઈ બાળકનો અવાજ- કેવું સરસ લાગે છે! સાવ સૂનકાર-બંગલો હતો- હવે સમય ઝડપથી પસાર થશે?

સુમતિબેન : હા, સાચી વાત છે. છોકરી પણ હોંશિયાર અને કામકાજે સારી છે! માબાપ વગરની છે! પતિ ક્યાં છે તેની ખબર નથી- કદાચ 'છૂટાછેડા' આપી દીધા હોય તો? ક્યાંક ચાલ્યો ગયો છે! જેવાં જેનાં નસીબ! હું તો ઇચ્છું છું કે તેનો પતિ તેને મળી જાય!

સુબોધકાન્ત : ધારો કે તેનો પતિ તેને મળી જાય ને આ તારા અને 'ચાંદની' જતાં રહેશે તો શું તને ગમશે.)

સુમતિબેન : 'ના' મારે તેના પતિને પણ અહી ંજ રાખી દેવો છે ! જો મળી જાય તો!

સુબોધકાન્ત : ઠીક છે ! ચાલ રાત થવા આવી છે હું અંદર જાઉં છું.

સુમતિબેન : તમે જાઓ. હું તારાની દીકરી - 'ચાંદની'ને દૂધ પાઈ રમાડીને આવું છું. જેથી ઘરનુ ંકામ તારા પૂરું કરી નાખે. (આઠેક માસની છોકરી થઈ જતાં...)

તારા : (રાતનો સમય-વિચારોના વંટોળમાં), હવે આ છોકરીને 'ચાંદની'ને હું અહીં જ છોડીને ચાલી જાંઉ તો? મનમાં વિચાર ના. ના.ના હવે તેને આશરો મળી ગયો છે. સાહેબને સંતાન નથી. અને બંને જણાં 'ચાંદની'ને રાખી લેશે! ખૂબ સારા માણસો છે. અહીં મારી શું જિંદગી છે? મારે હજુ-ઘણું આગળ વધવાનું છું- 'ચાંદની'ના કારણે જ હું મુશ્કેલીમાં આવી ગઈ! નહીંતર આજે હું ક્યાં હોત? મારી જિંદગી તો ઘરકામ-રસોઈ બનાવવામાં અને ઘરનાં કચરા-પોતાં-ઝાડુ કાઢવામાં જ જતી રહેશે? આવતી કાલનો શો ભરોસો 'ચાંદની'ના જન્મ પછી તારાનું રૂપ ખીલ્યું હતું- ઉચ્ચ ખાનદાનની હોય તેવું લાગતું હતું!

સુમતિબેન : તારા, ઓ તારા! 'ચાંદની' ક્યાં છે.

તારા : એ- ઘોડિયામાં સૂતી છે. માસી, એક વાત કહું, મારા મામા બીમાર છે. 'ચાંદની' તમારી હેવાઈ થઈ ગઈ છે. તો કહો તો એક દિવસ અમદાવાદ જઈ આવું.

સુમતિબેન : વિચારતાં...હા...વાત તો સાચી છે, પરંતુ 'ચાંદની' તારા વગર રહે છે?

તારા : માસી. મારા કરતા તમારી પાસે વધુ રહે છે. જો તમે મંજૂરી આપો તો ઘરે જાઉં!

સુમતિબેન : સાંજે, સાહેબ આવે તો તને રજા લઈ દઉં- ઠીક છે.

(સુબોધકાન્તને તમને એક વાત કહું પેલી 'ચાંદની'ની મા તારાના મામા બિમાર છે. અમદાવાદ એકાદ દિવસ છોકરીને અહીં જ રાખી જવાનું કહે છે? તમારું શું કહેવું છે?

સુબોધકાન્ત : તેની છોકરી તારી પાસે રહેશે? તું ચોવીસ કલાક સંભાળી શકીશ. હું તો દવાખાને હોઈશ.

સુમતિબેન : હા- એમાં શું ? 'ચાંદની' ડાહી છે. અને મારી હેવાઈ છે, રહેશે. એકાદ દિવસ!

સુબોધકાન્ત : ઠીક છે. તેનો ફોન નંબર લઈ રાખજે. પૈસાની જરૂર હોય તો આપજે, (તારાને બોલાવીને કહેતાં)

સુમતિબેન : તારા. ઓ તારા. કાલે તુ ંસવારે અમદાવાદ જઈ શકે છે. સાહેબે રજા મંજૂર કરી છે. 'ચાંદની' ને હું સંભાળી લઈશ. ઠીક છે...!

તારા : (આખી રાત વિચારોની ગડમથલમાં કાઢી- છેવટે મન મક્કમ કરી નિર્ણય કર્યો કે હું જઈશ...! જરૂરથી જઈશ...! આખી રાત 'ચાંદની'ને પડખે સોડમાં સુવડાવી રાખી-

ખૂબ જ હેત-પ્રેમ-વહાલ-વરસાવ્યાં અને પોતાની બેગ તૈયાર કરી સવારે -સુમતિબેનને 'ચાંદની'હાથમાં સોંપી આવી...! આંખમાં ઝળઝળિયા અને સુમતિબેનને પગે લાગી નીકળી ગઈ...!)

**(પ્રવેશ પાંચમો)**

તારા : (રેલવેમાં સુરત આવી....) મુંબઈમાં તેની મુલાકાત ડીમાર્ટ મોલમાં એક એનઆરઆઇ યુવક સાથે ખરીદી વખતે થઈ હતી જે સુરતનો અને ડાયમંડ ઉદ્યોગપતિ હતો...!)
(સુરત રેલવે સ્ટેશને- તારા, ફોન કરતાં... હલ્લો ..હલ્લો...મિ. પૃથ્વી)

પૃથ્વી : તમે. મિસ..તારા..મુંબઈવાળાં

તારા : હા... હા... સુરતમાં છું.

પૃથ્વી : તમે, તારા દેસાઈ- રેલવે સ્ટેશને ઉભા રહો. ગાડી મોકલું છું. નંબર વોટ્સએપ કર્યા છે. ઓકે.

તારા : મોબાઈલ સર્ચ કરતાં...ગાડીમાં ઊંચો હાથ. મિસ...દેસાઈ યશ, યશ! કારમાં બેસતાં.

પૃથ્વી : એક સુરતની આલીશાન હોટલમાં મોટો રૂમ-હોલમાં બેસો- પાણીનો ગ્લાસ આપતાં... (ઓળખાણ કરાવતાં...) આ મારા મધર છે. સુરતમાં રહે છે. પોતાનો ફ્લેટ છે. હું એનઆરઆઈ છું. લગ્ન સંબંધ ધંધાના કામ માટે એકાદ માસ આવ્યો છું અને મારો અમેરિકામાં ડાયમંડનો બિઝનેસ છે. પરિવારમાં માત્ર અમે મા-દીકરો બે જણાં છીએ. મારો અહીંનો ડાયમંડ બિઝનેસ છે જે મારો પાર્ટનર ચલાવે છે. તમારે તેને ઑફિસમાં ફાઈનાન્સ-બેન્ક-લેવડદેવડનું કામમાં મદદ કરવાની રહેશે. તમે સુરતનાં છો એટલે તમને ઓફર જોબ માટે કરું છું. મારાં મધર જે ફ્લેટમાં રહે છે તેની સામેનો ફ્લેટ તમને રહેવા માટે મળી જશે! ફોન ઉપર આપણે વાતચીત થઈ તે મુજબ પગાર-બોનસ વગેરે મળશે! ઓકે.

તારા : ઠીક છે જોબ સ્વીકારું છું.

પૃથ્વી : કાલથી કામ ઉપર આવી જજે! આ કાર્ડ છે.

તારા : પૃથ્વીના મધરને પગે લાગી. આશીર્વાદ માગ્યા- જયશ્રીકૃષ્ણ (પૃથ્વીનાં મધર ને તારા- પહેલી નજરે પસંદ પડી ગઈ!)

પૃથ્વી : (તારાને અને તેની માને ફ્લેટ ઉપર મૂકી આવ્યો) આપણે સવારે જઈશું.

તારા : સવારે તૈયાર થઈ ગઈ- 'ચાંદની'ની યાદ આવી ગઈ! પરંતુ મન મક્કમ રાખ્યું.

પૃથ્વી : (સુરતમાં ડાયમંડ બજારમાં એક મોટી બિલ્ડિંગમાં તારાને સાથે લઈ પાર્ટનરથી મુલાકાત કરાવી. ઑફિસમાં)

તારા : બી.કોમ. પાસ હોવાથી એકાઉન્ટના કામકાજમાં કોમ્પ્યુટરનું જ્ઞાન હોવાથી ફટાફટ-તૈયાર થઈ ગઈ! ક્યાં શું કરવાથી કેટલો ફાયદો કે નુકસાન જાય છે તે વિસ્તૃત-માહિતી ભેગી કરીને પૃથ્વીને બતાવી! પૃથ્વી ખુશ થયો!

પૃથ્વી : ધીરે ધીરે તારાનાં સહવાસમાં 'પ્રેમ'માં લપસતો ગયો.

તારા : ફ્લેટમાં પૃથ્વીના મધરનું ધ્યાન રાખવા લાગી- ઘરકામ- રસોઈમાં કુશળ હોઈ- પોતાનું સ્થાન જમાવી લીધું.

પૃથ્વી : તારાના કારણે પૃથ્વીએ તેને મેનેજર બનાવી- ધીરે ધીરે તારા એ બિઝનેસ સંભાળી લીધો. બિમારીમાં અચાનક પાર્ટનર ગુજરી જવાથી પૃથ્વીને તારાનો સહયોગ મળી ગયો.

તારા : જિંદગીની બધી સુખ-સાયબી પૈસા, મકાન, કાર વગેરે મળવાથી તારાની લાઈફ સ્ટાઈલ બદલાઈ ગઈ!

પૃથ્વી : સતત તારાના સંગાથે રહેવાથી એકબીજાના 'પ્રેમ'માં પડ્યાં.

તારા : એક વાત કહું. તમારાં મમ્મી છે ત્યાં સુધી હું સુરતમાં રહીશ! તમે અમેરિકામાં બિઝનેસને સંભાળો. ભલે-

પૃથ્વી : મારાં મમ્મી તને જ મારી પત્ની, આ ઘરની વહું બનાવવા માગે છે. તું રાજી છો?

તારા : હવે, જિંદગીમાં બધું મળી ગયું છે. મોકો છે 'હા' કહી દીધી- અને પૃથ્વી સાથે 'લગ્નગ્રંથિ'થી બંને જોડાઈ ગયાં.

પૃથ્વી : અમેરિકા ગયો. આ તરફ તારાએ સુરતમાં ડાયમંડ બિઝનેસ પોતાના નામે જમાવી દીધો!

મમ્મીનું ધ્યાન રાખવા અવારનવાર પૃથ્વી તારાને ધ્યાન દોરતો, પરંતુ સમય મુજબ તારા સહયોગ કરતી- ઘરે નોકર-ચાકરો હતા.

તારા : અમેરિકા ફોન કરતાં, મમ્મી બિમાર છે. તુરંત આવો.

પૃથ્વી : જિંદગીને માણવાની પૈસા કમાવાની દોડધામમાં ફરી મમ્મી પાસે આવ્યો. ઉંમરલાયક મમ્મી - તારા અને પૃથ્વીના 'સંતાન'ની રાહ જોતાં હતાં! અંતે હાર્ટ-એટેક આવતાં સ્વર્ગે સિધાવી ગયાં.

તારા : ડાયમંડ બિઝનેસ ક્વીન તરીકે (હિરાની રાણી) જાણીતી થઈ ગઈ હતી! બધી રસમો પૂરી કરી- બંને સુરતમાં ફલેટ રાખી-બિઝનેસ નવાં પાર્ટનરને સોંપી એનઆરઆઇ પાસપોર્ટ મળવાથી વિઝા મેળવી અમેરિકા સેટલ થઈ ગયા!

પૃથ્વી : ધંધામાં નુકસાન થવાથી મારકૂટ કરવા લાગ્યો. બંને વચ્ચે ઝઘડા વધી ગયા! સંતાન સુખ તારાને ન આપી શક્યો? દારૂની લતે ચડી ગયો.

તારા : પૃથ્વીને લઈને દવાખાને ડૉક્ટર પાસે ગઈ- રીપોર્ટ કઢાવ્યો. રિપોર્ટમાં જાણવા મળ્યું કે તે બંને માતાપિતા નહીં બની શકે?
અમુક કારણોસર આનુવંશિક - બંને સંતાનને જન્મ આપવા લાયક નથી! આભ તૂટી પડ્યું તારા ઉપર. આ પૈસા બંગલા, ગાડી. બધું છે પરંતુ સંતાન સુખ નથી? શું કામનું- બધું....!

પૃથ્વી : હવે તારા (દારૂનો ગ્લાસ હાથમાં રાખીને...) તું મને સંતાન કદાપિ નહીં આપી શકે? મારી માં 'સંતાન'ની અપેક્ષામાં જ સ્વર્ગે સિધાવી ગઈ, તારા ! તું ખરેખર અન-લક્કી છો.

તારા : મારું માનો તો તમે મને કાઢી મૂકો-બીજાં લગ્ન કરી લો- હું તમને છૂટાછેડા આપવા તૈયાર છું. બસ!

પૃથ્વી : ના,ના. મે તને મુંબઈમાં પહેલી નજરે જોઇતી ત્યારથી તારા પ્રેમમાં પડ્યો હતો! હવે જે થવું હોય તે ભલે થાય તું-તારા રસ્તે- હું મારા રસ્તે....! (પથારીમાં ગણગણતા)

તારા : અમેરિકામાં નથી રહેવુ, ચાલ, પાછી ભારતમાં સુરત-વતનમાં જતી રહું- (પણ, પૃથ્વી તૈયાર થાશે)

પૃથ્વી : હું એનઆરઆઇ છું. નહીં આવી શકું- તું જા ! સુરત એકલી રહેજે.

પૃથ્વી : (બિમાર પડતા દવાખાને દાખલ કરતાં...)

તારા : ડૉક્ટરે કહ્યું છે દારૂ પીવાનું ઓછું કરો- કિડની નબળી થઈ ગઈ છે.

પૃથ્વી : તું-જા સુરત.

તારા : ના. હું તમને મૂકીને ક્યાંય નહીં જાઉં. નોંધારી થઈ જાઉં છું. મને મારી જિંદગી કેમ નીકળશે તેનો વિચાર આવે છે. (ડૉક્ટરને પૂછતાં...) પૃથ્વીની તબિયત સારી થઈ જશેને? દવા, ઇન્જકેશન-વગેરેથી સુધારો થશે! આમને આમ જિંદગીનાં વીસ વર્ષ નીકળી ગયા! નિઃસંતાન દંપતિ તરીકે!
(દવાખાનામાં વિચારોના વળમાં)

પૃથ્વી : તારા. તું મારી પત્ની છો. મને વચન આપ. મારા મૃત્યુ પછી બીજાં લગ્ન કરી લેજે! જીવનસાથી શોધી લેજે,

તારા : આવું - ન બોલો, મારે હવે કોઈ મોહ નથી રહ્યો. જિંદગીમાં બધું જોઈ લીધું છે.

પૃથ્વી : તારા, હું તને ખુશ નથી રાખી શક્યો. માફ કરજે, આવેગમાં એટેકનો દુખાવો છાતીનો દુઃખાવો થયો. છાતી ઉપર બે હાથે દબાવતાં- પલંગ ઉપરથી નીચે ઢળી પડે છે. તારાનો રોવાનો અવાજ..! પૃથ્વી..પૃથ્વી...(કરોડો રૂપિયાની સંપતિ પરંતુ હવે તારા એકલી તેની માલિક હતી!..બધી વિધિ પૂરી કરી- ભારત- પાછી ફરી... તેને ચાંદની યાદ આવી. મારી દીકરી-ચાંદની...

તારા : (મુંબઈ એરપોર્ટ ઊતરી) સમય સાંજનો ટેક્સી કરી મુંબઈ જ્યાં ડોક્ટર રહેતાં તે સુબોધકાન્તના બંગલે ગઈ, કારણ કે આજે 'ચાંદની'ની યાદ આવી ગઈ હતી. તેને મળવાની તાલાવેલી જાગી હતી! ઘરે પહોંચી - તો ફળિયામાં મંડપ બાંધેલો હતો- કોઈકનાં લગ્ન થયાં હોય તેવું લાગતું હતું- સમય ઘણો બદલાઈ ગયો હતો! જોત જોતામાં ૨૦ વર્ષથી વધુ સમય નીકળી ગયો હતો.

દરવાજો- ખોલ્યો.

સુમતિબેન : કોણ છે? નજીક આવતાં...

તારા : પગે લાગી- 'જયશ્રી કૃષ્ણ' સુંદર ઉચ્ચ ખાનદાનની સાડી-પરિધાનમાં સોનાના દાગીના પહેરેલી સુંદર સ્ત્રી ઊભી હતી-

સુમતિબેન : તમે કોણ?

તારા : મને ન ઓળખી? હું તમારી...કામવાળી... બાઈ ! તારા...દેસાઈ...!

સુમતિબેન : અવાજ ઉપરથી ઓળખી ગયાં, ક્યાં તું તારી છોકરી- 'ચાંદની'ને મૂકી ને ચાલી ગઈ હતી! જો સંતાન જાળવવાની ત્રેવડ ન હોય તો સંતાન પેદા ન કરાય! એક ઝાપટ-ગાલ ઉપર મારતાં...

તારા : રડતાં... રડતાં... મને ક્ષમા કરો... માસી. મારી ભૂલ થઈ ગઈ છે..હું માફી માગું છું.

સુમતિબેન : નાલાયક ! તેં અમારા બંને જણાનો વિશ્વાસઘાત કર્યો છે. શું. આવી રમત રમાય.

સુબોધકાન્ત : (અવાજ સાંભળતા બહાર નીકળ્યા)

સુમતિબેન : જુઓ... આ ચાંદનીની માં પેલી તારા- જેને આપણે આશરો આપી દીકરી બનાવી હતી!

સુબોધકાન્ત : શાંતિ, શાંતિ, જે થવાનુ ંહતું તે થઈ ગયું. બેટા, તુ સુખી છે ને બસ. મારે એટલું જાણવું છે. અને હા. ઘરમાં આવ બેસ, પાણી પી- આજે જ અમે તારી 'ચાંદની'ને સાસરે વળાવી છે. આ મંડપ એનો છે અને અમે તેને દીકરી તરીકે રાખી મારું નામ આપ્યું છે. તે ડૉ. ચાંદની બની છે. અને અમને જ માબાપ માને છે. અને તેને અમે અમેરિકામાં પરણાવી છે. તેનો પતિ પ્રખ્યાત ડૉક્ટર છે.

સુમતિબેન : તારા ! આજે મને તારે 'વચન' આપવાનું છે. તું તારી દીકરીને જિંદગીમાં ક્યારેય નહીં મળે! નહીંતર અમારી મા-બાપ બન્યાની અને તું એની મા છો તે વાત છુપાવી રાખ્યાની તેમજ તે દીકરી ત્યજી છે તે જાણી નફરતની લાગણી અનુભવશે.

સુબોધકાન્ત : તારા ! તારો પતિ શું કરે છે. (તારા એ સઘળી વાત કરી) મારો પતિ એક ડાયમંડ ઉદ્યોગપતિ છે અને બીજું સંતાન ન થતા હું ચાંદનીને મળવા આવી છું. મારા પતિનું બીમારીમાં અવસાન થયું છે અને હું હાલ અમેરિકામાં રહીને ડાયમંડ બિઝનેસ સંભાળું છું અને એકલી જ છું!

સુમતિબેન : બેટા, અમે ચાંદનીને સારા ડૉક્ટર સાથે પરણાવી છે. અને તેને ભણી-ગણી ઉછેરી. એમ.ડી. ડૉક્ટર બનાવી છે. (ફોટો દેખાડે છે.) અસ્સલ નાની તારા લાગે છે.

તારા : આ મારું વિઝિટિંગ કાર્ડ છે. તમે, જ્યારે બંને જણાં ચાંદનીના ઘરે અમેરિકા આવો તો ચોક્કસ મારા ઘરે રોકાવા આવજો. ચાંદનીને પણ સાથે લેતાં આવશો એવી મારી ઈચ્છા છે!

સુબોધકાન્ત : હા, બેટા! હવે જ્યારે અમેરિકા આવીશું ત્યારે જરૂર તારી મુલાકાત કરીશું. 'ચાંદની' આજે જ ફ્લાઈટમાં અમેરિકા જવાની છે.


તારા : તમારું ઋણ હું ચૂકવી નહી શકું, પરંતુ મને તક આપજો.

સુબોધકાન્ત : અવશ્ય, જ્યારે તે તરફ આવીશું ત્યારે જરૂર મળીશું અને ચાંદનીને તેના પતિ સાથે લાવીશું.

તારા : બંનેના આશીર્વાદ લઈ ટેક્સીમાં જાય છે, (વૃદ્ધ દંપતી ફરીથી દીકરીને ટેક્સી સુધી મૂકવા જતાં... અને તારાને યાદ અપાવતાં કે મને આપેલું વચન ભૂલાય નહીં- આકાશમાં પૂનમની રાત હોય,- ચંદ્ર ચમકતો હતો. શીતળ ચાંદની, ચાંદનીની યાદ દેવડાવતી હતી અને ટેક્સીમાં ડ્રાઈવર ગીત વગાડી રહ્યો- જિંદગી એક સફર હે સુહાના, ...યહાં કલ ક્યાં હો કિસને જાના...!

પડદો પડે છે.

*'ગાયત્રી કૃપા' પ્લોટ નં. ૧૩૨/૪, વોર્ડ નં. ૪/એ,*
*આદીપુર(કચ્છ) - ૩૭૦૨૦૫*
*મો. ૯૯૨૪૭૭૨૩૪૮*



# કાળું આકાશ (એકાંકી)

*- ડૉ. શૈલેષ ટેવાણી*

(સ્વાતિ, લગભગ અઠ્ઠાવન, સાઠ વર્ષની ઉંમર હશે. વ્હીલચેરમાં ફળિયાના આગળના ભાગે ફૂલછોડનાં કૂંડાંઓની હારને પાણી પીવડાવે છે. તેના એક હાથમાં પાઇપ છે અને એક હાથ વ્હીલચેરના વ્હીલ પર છે. ધીમે ધીમે કશુંક ગણગણતી જાય છે.

સ્વાતિ : (ગીત ગણગણ્યા પછી) એ...શકુ!...એ....શકુ! તુલસી, મોગરાને ગુલાબમાં તો પાણી પીવડાવ્યું. સરસ પાન આવ્યાં છે. મોગરાંને ગુલાબમાં કળીઓ પણ બેઠી છે. જરા નળ વધુ ખોલ તો આ ફેશનિયા છોડનેય પાણી પહોંચે.

શકુ : અરે બહેનબા! તમને રોજ કહું છું, રોજ માનતાં નથી. તમે શું કામ તકલીફ લ્યો છો? ફરી મણકાનો દુઃખાવો ઊપડશે. મેલો હું પાણી પીવડાવું.

સ્વાતિ : ના...રે હું પીવડાવી દઈશ. દુઃખાવા તો હવે રોજના થયા બેટા! આ ફૂલછોડમાં સુબોધ(સ્વાતિના પતિ) નો આત્મા છે. એમ હું સુબોધની પણ સેવા કરી લઉં છું.

શકુ : બા ! તમારા ઘરે પાણી પીવડાવવા આવું એવું થોડું છે? બધાં કામ કરું છું તો આ એક વધારે? ને સાહેબની સેવા તો હુંય કરી શકું ને? બચારા મને દીકરીથીય વિશેષ માનતા.

સ્વાતિ : હા...શ. થઈ ગયું. હવે એક દિવસ પછી પીવડાવશું. તું તારે હવે કપડા ધોઈ લે. પછી રસોઈ મૂકજે અને સુકેત ને લજ્જા આવે ત્યાં સુધી રોકાજે.

શકુ : હા, બા એમ જ કરું.
(શકુ અંદર જાય છે. સ્વાતિ વ્હીલચેર ઢસડતાં મંચની વચ્ચે આવે છે. બેકગ્રાઉન્ડમાં આઠમા દાયકાની હિંદી ફિલ્મનું કોઈ મેલડીસોંગ વાગે છે. પછીથી જગજીતસિંહની ગઝલ સંભળાય છે.) લજ્જા ઝડપથી બહારના દરવાજેથી પ્રવેશે છે.)

લજ્જા : હાય મોમ! કેમ છો? બધું બરાબર છે?

સ્વાતિ : હા બેટા! આવી ગઈ? જા, ફ્રેશ થઈ જા. પછી આવજે. બહુ બધી વાત કરવી છે.

લજ્જા : (સ્વાતિના ગળે વીંટળાઈ) યસ મોમ. તમારી વહુ દીકરી તમને સાંભળવા તૈયાર. હમણાં જ આવું છું.
(થોડીવાર કશુંક વાંચે છે સ્વાતિ. વળી, મોબાઇલની રિંગ વાગતાં નજીકની ટિપોઈ પરથી મોબાઇલ ઊંચકી વાત કરે છે.)

સ્વાતિ : (ફોન પર) ના, હું નહિ આવી શકું. વ્હીલચેરમાં અને પછી ગાડીમાં આ બધું હવે કંટાળાજનક છે. તમને શુભેચ્છાઓ....

સામેની વ્યક્તિ : (ફોન પર) શું સ્વાતિબહેન! થોડીવાર આવોને ! લાવવા-મૂકવાની સગવડ કરી આપશું. દેશનું કામ છે.

સ્વાતિ : અપંગ માણસ દેશનું કામ ઘરે બેસીને પણ કરી શકે. લખીને, વેબિનારથી, સ્ટાર્ટઅપને સલાહ આપીને, શુભેચ્છાનો વીડિયો મોકલાવીને. આમ નાની નાની વાતમાં શો શું કરવો? તમને ખબર છે હું તો સ્વાતંત્ર્ય સેનાનીની દીકરી છું ભાઈ, દુરાગ્રહ ન કરો.

સામેની વ્યક્તિ : સારું બહેન ! તમે રસ્તો બતાવ્યો. (લજ્જા વાવાઝોડાની જેમ પ્રવેશે છે. અસંખ્ય પ્રશ્નો પૂછે છે. બાજુની સેટી પર બેસે છે ને હાથ વ્હીલચેર પર ટેકવી સાસુમાને વહાલ કરતી જાય છે.)

લજ્જા : શું થયું મોમ? કોનો ફોન હતો? આમંત્રણ હતું? ક્યાંય જવાનું હતું? તમે ના પાડી? અરે, હું મૂકી જાત ને?

સ્વાતિ : અરે, પૂછપૂછ આટલી? જરા શ્વાસ લે. સંકેતનો ફોન હતો. એક કાર્યક્રમ માટે. હવે ક્યાંય જવાનું મન જ નથી. શરીર પણ કામ કરતું નથી. હા, તને જરૂરી કામ માટે બોલાવી હતી. તારા પપ્પાની



મિલકતના બધા દસ્તાવેજ તૈયાર છે. સહી કરી આપી છે. તમે સુખેથી રહો. જરૂર જણાય ત્યાં પૈસાનો, મિલકતનો સદુપયોગ કરો. બહુ બેચેની જણાય છે બેટા! થાય છે, ખૂબ દૂર...દૂર ચાલી જાઉં. હવે 'ઉડકે' પવન કે સંગ ચલૂંગી જેવાં ગીત તો નહિ ગવાય. પરંતુ, કોઈ શાંત સ્થળે ઈશ્વરનું સાંન્નિધ્ય ને થોડું લેખન કાર્ય.

લજ્જા : બા, આવી વાતો શું કરવાની? તમે છો તો બધું છે. આ મિલકત, પૈસા એનું શું છે? સુકેત પણ કમાય છે ને? મારી પણ નોકરી ચાલે છે ને? તમને એકલું અનુભવાય છે? આમ ઉદાસ કેમ થઈ જાઓ છો? કેમ ગમતું નથી? થોડા દિવસ રજા લઈ લઉં? ક્યાંય બહાર જવું છે?

**(દૃશ્ય)**

સ્વાતિ : (આકાશ તરફ જોઈ ઉદાસ) ના...ભઈ ના...કંઈ કરવું નથી. તું ચિંતા ના કર. આ તો અમસ્તું જ... (આગળના ખંડમાં અંધારું છે. સ્વાતિ વ્હીલચેર પર સ્વેટર ગૂંથતાં થાકીને સ્હેજ આંખો બંધ કરી બેઠી છે. લજ્જા અંદરના ખંડમાં વાસણ ખખડાવતાં, કામ કરતાં કોઈ ગુજરાતી ગઝલ ગણગણે છે. બહારની દિશામાંથી કોઈ માથા પર કાળો બૂરખો પહેરી દબાતા પગલે મંચની ડાબી તરફના ખંડમાં જાય છે. થોડીવારમાં હાથમાં એક ફાઈલ લઈને ધીમેથી બહાર આવે છે. પછી ઝડપથી જતાં, પગમાં વાગી જતાં ફ્લાવર વાઝનું સ્ટેન્ડ પડે છે. એ મોટા અવાજથી સ્વાતિ ઝબકી જાય છે. બૂમાબૂમ કરે છે. ઓળો બહાર સરકી જાય છે.)

સ્વાતિ : કોણ ? એ કોણ છે? કોણ છે ત્યાં? લજ્જા! લજ્જા! ક્યાં છો? જો આ ફ્લાવરવાઝ કેમ પડ્યું? એ...ઈ.ઊભા રહો. કોણ?

લજ્જા : (અંદરથી આવી) શું થયું? શું થયું મા! કેમ બૂમો પાડો છો? અરે, આમ કેમ ડરો છો? હા, અવાજ તો આવ્યો.
ફ્લાવરપોટ પડયો? કંઈ નહિં. બિલાડી હશે. શાંત થાવા મોમ. કોઈ નથી. કોઈ જ નથી. હું છું ને ?- લો, પાણી લાવું.



સ્વાતિ : ના, લજ્જુ! કોઈ વહેમ નથી. કોઈ ખોટો ડર નથી. કોઈ હતું. નક્કી હતું. અંદરથી નીકળીને બહાર ઝડપથી ગયું. મારી આંખો સહેજ મીંચાઈ એટલીવારમાં...હા, કાળો બૂરખો પહેર્યો હતો.

લજ્જા : કંઈ નહિ મોમ ! તમે ખૂબ વિચારો છો. ઝોકું આવ્યું હશે. ઊંઘ ઊડી જતાં વહેમ...

સ્વાતિ : ના, વહેમ મને નથી. લજ્જા! મેં તને કહ્યું હતું, જીવ મૂંઝાય છે.

લજ્જા - હા, મા ! એટલે જ આવા વિચાર આવે.

સ્વાતિ : હે...ઈશ્વર! ઠીક છે, જા...દરવાજો સરખો બંધ કરી દે. આ ફ્લાવરવાઝ સરખું મૂકી દે. સુકેત આવ્યો? શકુ ક્યાં છે?

લજ્જા : હા, બધું સરખું મૂકું. ચાલો, અંદરના રૂમમાં. તમે જમીને આરામ કરો સુકેત આવે છે. શકુ બહાર ગઈ છે. (ફરી ગાવા લાગે છે અને દૃશ્ય બદલે છે.)

લજ્જા : એક છોકરી છે પાગલ જુઈની કળી,
હજુ હમણાં એ અહીંથી સુહાગી ગઈ.
રસ્તા રસ્તા છે ફૂલોને મ્હેંકે ગલી,
રામસીતાની જુઓ, વરણાગી ગઈ.

**(દૃશ્ય)**

(સુકેત અને લજ્જા સ્હેજ ઉપર પરંતુ, પ્રેક્ષકને સ્પષ્ટ દેખાય તેવી બાલ્કનીમાં ઊભાં છે. પાછળના દરવાજે પરદા લટકેલા છે. થોડી ધીમેથી, થોડી ચણભણ જેવી ચર્ચા થાય છે. આછો પ્રકાશ.)

સુકેત : પણ માને ડર કેમ લાગ્યો? તું હતી ને ઘરમાં? તારું ધ્યાન કેમ ના રહ્યું ? ફ્લાવરપોટ સિવાય તો બધુ વસ્તુઓ એમ જ પડી છે. તો કોણ આવીને ગયું ?

લજ્જા : કોઈ નહિ સુકેત. કહ્યું તો ખરું કે અવાજ આવતાં હું તરત જ દોડી. મા બૂમાબૂમ કરતાં હતાં. અંદર બહાર બધે જ જોયું કોઈ નહોતું. હમણાંથી મા ખૂબ વિચારે છે. ક્યારેક હતાશ થઈ જાય છે.

સુકેત : મિલકતની, પૈસાની વાતથી ડિસ્ટર્બ છે ? આપણે તો કંઈ માંગતાં નથી. સાથે રહીએ છીએ. કંઈ જરૂર પણ નથી. પણ...આ શકુ? શકુ કેમ ના આવી? સવારે આવી હતી? સાંજે ન આવવાનું કહી ગઈ હતી?

લજ્જા : કંઈ ખબર નહિ. બાને શું થાય છે. અને...શકુ? કંઈ કહીને નથી ગઈ. આટલા વિશ્વાસુ માણસો વિશે બહુ વિચારવું નહિં. નાની હતી ત્યારથી અહીં કામ કરે છે. હશે, કંઈ કામમાં નહિં આવી હોય.

સુકેત : એક તો આ ઑફિસની મગજમારી. ખૂબ કામ રહે છે. ને..આ...મા. ખબર નહિ તેનું શું થશે ? આટઆટલું સાચવીએ તોય ચિંતા રહે છે ?

લજ્જા : ચિંતા ના કરો. (નજીક જઈ ખભે હાથ મૂકી) મા ને થોડું સારું થાય પછી બહાર ફરવા લઈ જશું. અને...હા, સંકેતનાં કોઈ ફંકશન માટે ફોન આવ્યો હતો.

સુકેત : આ સંકેતથી થોડું સાચવવા જેવું ખરું. ઉપરથી મોટો સમાજસેવક. અંદરથી રામ જાણે. તેને ઘરની કોઈ વાત બહુ કરવી નહિ.

લજ્જા : આપણે તો નથી કરતાં. પરંતુ, મા ને કેમ કહેવાય? (બહારથી ડેલી ખટખટાવવાનો અવાજ આવ્યા કરે છે. બે-ચાર માણસો બૂમાબૂમ કરે છે. સુકેતભાઈ ! લજ્જો આન્ટી! સુકેત, લજ્જા વગેરે.

લજ્જા : (દરવાજો ખોલે છે.) કોણ ? ઓહ, આન્ટી ! શું થયું ? રઘુકાકા કેમ દોડતા આવ્યા ?

આન્ટી-રઘુ : સાંજે કોઈ કાળા કપડાંમાં અહીંથી ગયું. પછી હમણાં બે જણ કાળાં કપડામાં ડેલી પાસે ઊભા હતા. મોઢે માથે કપડાં બાંધેલાં. મોં દેખાયું નહિં, તમે જોયા ? (બંને વારાફરતી એકીશ્વાસે બોલે.)

લજ્જા : (સુકેતને) સુકેત ! જો તો આ આંટી શું કહે છે ?

સુકેત : (બહાર ધસી આવી) શું થયું ? કોની વાત કરો છો?

આન્ટી-રઘુ : ભાઈ ! તમે એ બે અજાણ્યાંને જોયા ? હમણાં અહીં હતા. તમે ઓળખો છો ? તમને ખબર છે?

સુકેત : ના, પણ માની વાત સાચી. ઘરમાં કોઈ આવ્યું હતું. લજ્જાને ખબર નથી. જતું રહ્યું. નક્કી કંઈ થયું છે ? થેન્ક્ યૂ ! તમે જાવ. હું પોલીસને ફોન કરું છું.

સ્વાતિ : (વ્હીલચેર સ્ટેજ આગળ કરી) લજ્જુ, સુકેત ! શું થયું? કોણ છે? બેટા ! મને કંઈ કહેશો ?

(સુકેત - લજ્જા ડેલી બંધી કરી અંદર આવે છે. મા ને કંઈ ન કહેવા ઈશારાથી વાત કરી, બીજા રૂમમાં જાય છે.)

લજ્જા : મા કંઈ નથી. એ તો બાજુવાળા દૂધવાળાનું ને શકુનું પૂછતા હતા.

સ્વાતિ : ઓ...હો ! ઠી...ક.

લજ્જા : (સુકેતને) સુકેત પોલીસને જાણ કરતાં પહેલાં ઘરમાં તપાસ કરીએ. કંઈ ગયું છે? અંદરના રૂમમાં બધું બરાબર છે ?

સુકેત : હા, એ વાત સાચી. તું ઉપર તપાસ કર. હું નીચેના રૂમમાં જોઉં છું.

**(દશ્ય)**

સુકેત અંદરના રૂમમાંથી ઝડપથી બીજા રૂમમાં જાય છે. 'લજ્જા લજ્જા' કહી લજ્જાને બોલાવે છે. તેના અવાજમાં વ્યગ્રતા છે. ઉતાવળ છે.)

લજ્જા : શું થયું ?

સુકેત : મા સાચી છે. ઘરના દસ્તાવેજ, બૅન્કની બધી બુક. થાપણના સર્ટિફિકેટ, લૉકરની ચાવી બધું જ ગૂમ થયું છે.

લજ્જા : ઓહ, સુકેત ! હવે પોલીસને જાણ કરવી જ જોઈએ.

સુકેત : હા, હમણાં જ (પોલીસને ફોન જોડે છે.)

સ્વાતિ : અરે, ક્યાં ગયાં બંને? મને સુબોધની- તારા પપ્પાની ગીતાની ચોપડી નથી મળતી. ગીતાપાઠ કરવાનું મન છે. કોઈ શોધી આપો ને?

લજ્જા : હા, મા ! આવી....

સુકેત : (ફોન પર) હલ્લો, રામવાડી પોલીસ સ્ટેશન ?

(દશ્ય પૂરું)

**(દશ્ય - ૨)**

(શકુ અને સંકેત, સ્વાતિના ઘરની બહાર નાના ગાર્ડનમાં છુપાઈને ઊભાં છે. બંને ધીમે રહીને વાત કરે છે તે પ્રેક્ષકોને સંભળાય છે. ઘરની અંદર સન્નાટો છે. ધીમે ધીમે સ્વાતિનો અવાજ સંભળાય છે. તે 'ગોવિંદ દામોદર માધવેતિ' સ્તોત્ર ગણગણે છે.)

શકુ : બહુ ચિંતા થાય છે. સ્વાતિ, મા અને સુબોધ અંકલે મને દીકરીથી વિશેષ ગણી છે.

સંકેત : ચિંતા ના કર. મારા પણ અંકલ હતા. મારું દેવું પૂરું થાય પછી સંકેતને પૈસા પાછા આપીશ. બધું થઈને બે કરોડ છે. તને દસ લાખ મળશે. જે પાછા નહિ માંગું.



શકુ : તમારો આભાર. મારી દીકરીના લગ્ન થઈ જશે. છોકરાનું ભણવાનું થઈ જશે, પણ સાચું કહું ? પકડાસું નહિંને? પોલીસ આવશે તો?

સંકેત : કંઈ નહિ થાય. ચિંતા ના કર. હવે જા. જોજે કોઈ જોઈ ન જાય.

(બંને જાય છે.)

(સ્વાતિ-લજ્જા અને સુકેત સ્તોત્ર ગાતાં ગાતાં પૂરું થયે વાતો કરે છે.)

(બધા) ગોવિંદ દામોદર માધવેતિ...
ગોવિંદ દામોદર માધવેતિ...
ગોવિંદ દામોદર માધવેતિ..

સ્વાતિ : જો, સુબોધે...તારા પપ્પાએ બાલમંદિર માટે પચ્ચીસ લાખ આપવાનું લખ્યું હતું. તેં વાંચ્યું છે ને?

સુકેત : હા, મા ! ખબર છે..

સ્વાતિ : અને ગામમાં પંચાયતના મકાન માટે દસ લાખ.

લજ્જા : હા, મોમ એ પણ ખબર છે !

સ્વાતિ : વિધવાઓના આશ્રમમાં પાંચ લાખ આપવાના છે ને ?

લજ્જા-સુકેત : હા, પણ આ બધું અત્યારે કેમ પૂછો છો?

(લજ્જા ચિંતિત છે. સુકેતનો ચહેરો ફિક્કો છે.)

સ્વાતિ : અને પાંચ લાખ કન્યા કેળવણીમાં...પણ તમારાં મોઢાં કેમ પડી ગયાં છે ? કેમ ચિંતામાં છો ? તમારા માટે એક કરોડ ઉપર તો વધશે...

લજ્જા-સુકેત : મા કોઈ ચિંતા નથી. પણ...

સ્વાતિ : પણ...શું ? શું થયું ?

લજ્જા : મા એ ફાઈલો જરા શોધવી પડશે...ખબર નહિ...

સ્વાતિ : ખબર નહિ ? સુકેત ? આ લજ્જા શું કહે છે ?

સુકેત : મા સાચું કહું ? હિંમતથી સાંભળજો. તમારી વાત સાચી હતી. પેલો કાળો ઓળો, ફ્લાવરવાઝનો અવાજ...

સ્વાતિ : શું કોઈ લઈ ગયું ? ચોરી થઈ ?

લજ્જા : મળી જશે...ચિંતા ન કરો.

સુકેત : પોલીસને ફોન કર્યો છે.

સ્વાતિ : શું ? પોલીસને ? આ ઘરમાં પોલીસ આવશે ? સુબોધના ઘરમાં ? તારા પપ્પાના ઘરમાં ? શકુ ક્યાં છે ? ફોન આવ્યો ? હજુ નથી આવી ?

લજ્જા : મા ! કંઈ ક્યાંય જવાનું નથી. બધું પાછું મળશે.

સ્વાતિ : હે રામ ! આ શું થયું ? આ ઘરમાં ? હો, ગોવિંદ, હે કૃષ્ણ. (થોડીવાર સ્થિર રહી, સ્તબ્ધ આંખે બધું જુએ અને માથું ઢાળી વ્હીલચેરમાં અસ્તવ્યસ્ત, નિર્જીવ પડી રહે.)

લજ્જા : હું પાણી લાવું. સુકેત, માના હાથ-દબાવ. માથુ દબાવ. પગનાં તળિયા ઘસી આપ. માની દવા... ત્યાં...

સુકેત : આખું શરીર ઠંડુ પડી ગયું છે. મા ! બોલો ! શું થયું? આંખ ખોલો. આમ જુઓ...લજ્જા ! તું મા ને સંભાળ. હું ડૉક્ટરને ફોન કરું...

લજ્જા : (દોડતી પાણી લઈ આવે. સ્વાતિના પગનાં તળિયા ઘસે. ગાલ પર ટપલી મારે. સુકેત મોબાઇલ હાથમાં લઈ બહાર આવે.)

સુકેત : હલ્લો ડૉક્ટર ! ડૉક્ટર જૈન...?...

**(દૃશ્ય - ૩)**

(ડૉક્ટર જૈન, સુકેત અને લજ્જા સ્વાતિની વ્હીલચેર પાસે ઊભા છે. સૂનમૂન છે. સુકેત અને સ્વાતિ વ્હીલચેરની એકબાજુ રુદન કરતાં...ડૉક્ટર.. ડૉક્ટર..મમ્મી-મમ્મી બોલે છે. ઈન્સ્પેક્ટર શકુ અને સંકેતને લઈ પ્રવેશે છે. સંકેતના હાથમાં ફાઈલો અને નાનું પર્સ છે.

ઈન્સ્પેક્ટર : તમે સુકેત સુબોધકાન્ત ?

સુકેત : (રડમસ) હા, સાહેબ !

ઈન્સ્પેક્ટર : અમે મુદ્દામાલ સાથે આ બંનેને પકડ્યાં છે.

લજ્જા : શ...કુ...સંકે...ત ? (લગભગ ચીસ પાડી)

સુકેત : થેન્ક્યુ પણ ...હવે..હવે..શું ઈન્સ્પેક્ટર ?

(શકુ દોડતી સ્વાતિની વ્હીલચેર પાસે આવી પગમાં પડી રડે છે...)


શકુ : મા...રી મા ! મારા સ્વાતિ મા ! મને માફ કરો...

(અંદરથી ધીમે ધીમે સ્વાતિના અવાજમાં સ્તોત્ર સંભળાય છે. બધાં સ્તબ્ધ છે. સ્તોત્ર ચાલે છે અને પડદો.)


ગોવિંદ દામોદર માધવેતિ...
ગોવિંદ દામોદર મા..ધ...વે...તિ...

---

*'પ્રેમ મંગલ', બી-૧૮૬ શાસ્ત્રનગર (અજમેરા)*
*નવા મવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૫*
*મો. ૯૮૨૫૬૩૧૩૦૪*




"શ્રીજી મુખારવિંદ"
અરવિંદભાઈ ખાણધર
મો. 9913239406


"બાળપણ"
કિશોર પીઠડિયા
મો. 9825112671



"રાની બેટી"
ભૂમિકા ભાવસાર
મો. 9824089677


"ભેરુઓની સંગ તહેવારની મોજ"
જગદીશ મેવા
મો. 9426766377

# હસતું - રમતું ઘર

- દુર્ગેશ ઓઝા

પાત્રવરણી : વીણા - હરિની પત્ની, ઉંમરઃ ૪૫ વર્ષ. હરિ - વીણાનો પતિ. ઉંમર ૪૭ વર્ષ, માનસી - હરિ-વીણાની દીકરી, ઉંમર ૧૭ વર્ષ. રવિ - માનસીનો મોટો ભાઈ, ઉંમર ૨૧ વર્ષ.

**સ્થળઃ ઘરનો દીવાનખંડ.**

(કેલેન્ડરમાં તારીખ ૧૨ માર્ચ, ૨૦૨૨. સમયઃ સવારના દસ વાગ્યા છે. ઘડિયાળમાં દસના ટકોરા વાગે છે. રવિ અંદરના ખંડમાં ભણવાની ચોપડી વાંચતો હોય છે. નોટબુકમાં કશુંક નોંધતો જાય)

હરિ : બેટા રવિ, બે કલાકથી તું સતત ભણ્યા જ કરે છે. હવે બસ કર. થોડો તાજોમાજો થા. વાંસળી વગાડ. બહાર રમવા જા. બૂટમોજાં કાઢી પોરબંદરના દરિયાનાં મોજાં ખાઈ આવ!

વીણા : વાહ! તાલિયા... (તાળી પાડે છે) (રવિ પોતાના ખંડમાંથી બહાર આવે)

હરિ : ટાલિયા? ખોટું. મારા માથે તો કાળાભમ્મર વાળ છે! અચ્છા! તાળી પાડી તું મને શાબાશી..

વીણા : ના. (બે હાથ જોડે) ધન્ય છે તમને. દુનિયામાં તમે કદાચ એવા પહેલા પિતાશ્રી હશો કે જે પરીક્ષાના આગલા દિવસે સંતાનને ભણવાને બદલે રમવાની 'સોનેરી' સલાહ આપો છો! શાબાશ! (હસે, પછી ઉગ્ર સ્વરે) શું ધૂળ શાબાશ! આ બધું શું માંડ્યું છે? પરીક્ષાના આગલા દિવસે તો..

હરિ : (મોટેથી બોલે છે) વંચાય જ નહીં. (થોડી વાર ઘરમાં મૌન પથરાય. રવિ સોફામાં બેસે)

વીણા : (થોડી વાર પતિ સામે જોઈ જ રહે, પછી) શું કીધું તમે? વંચાય જ નહી!? તો કરાય શું?

હરિ : મનગમતું કરવાનું. ગાવું ગમે તો ગાઈ લેવાય. નાચવાનો શોખ હોય તો નાચી લેવાય. પિક્ચર જોવા જવાય. રવિ બેટા, આજ તો તારો વાર, રવિવાર. જા ટોકીઝમાં પિક્ચર જોઈ આવ.

વીણા : તમે એના પિતા છો કે શત્રુ ?

હરિ : હું એનો પરમ મિત્ર છું. સાચી મિત્રતાનું ફૂલ ક્યારેક દેખાય નહીં, પણ સુગંધ તો આપે જ.

વીણા : અચ્છા! તમને તો રાષ્ટ્રીય સર્વોત્તમ મિત્રનો એવોર્ડ...(વિચારીને) ના ના, એ તો નાનો પડે. તમને તો આંતરરાષ્ટ્રીય ઉત્તમ મિત્રનો એવોર્ડ મળવો જોઈએ. આ માટે હું તમારા નામની માનનીય વડાપ્રધાનશ્રીને ભલામણ કરીશ. હું એમ પૂછું છું કે તમારું ખસી તો નથી ગયું ને?

હરિ : ખસી તો ગયું છે, માત્ર ભણભણ જ કરનારાનું, સંતાનોને આખો દી લેસનમાં ગળાડૂબ રાખી એનું બચપણ છીનવી લેનારા, રમત કે અન્ય કળાપ્રવૃત્તિથી એને વંચિત રાખતા વાલીઓનું ને શિક્ષણને પૈસાનો હાટડો બનાવનારાનું.. વીણા, તારી વીણાનો સૂર બરાબર નથી વાગતો.

વીણા : તમારું મગજનું હાર્મોનિયમ સૂરીલું, બાકી બધાં બેસૂરાં..એમ જ તમારું કહેવું છે ને? શિક્ષણમાં બધેય સડો નથી. આ રવિની કૉલેજના દવે સર કેવું વટથી ને ચીવટથી ભણાવે છે!

રવિ : (માથું હલાવે) સાચું. અમારા દવે સર તો દવે સર છે. પ્રેમથી એ એવું તો સરસ ભણાવે કે અમને મોજ આવી જાય. બધું સહેલાઈથી સમજાઈ જાય. ટ્યુશનની જરૂર જ ન પડે.

માનસી : અમારા શેખસાહેબ પણ એવા જ છે હો! જયારે એ ક્લાસમાં સરદાર વલ્લભભાઈ પટેલનો પાઠ ભણાવતા હતા ત્યારે પોતે સરદાર બન્યા હતા, ને વિદ્યાર્થીઓને ગાંધીજી, ગોરો અંગ્રેજ, વગેરેના રોલ આપી નાટક કરાવ્યું હતું. હું એમાં સરોજિની નાયડુ બની હતી. એ નાટક કરાવે. હસતાં રમતાં બધું શીખડાવે એટલે મજાય આવે ને સરખું યાદ પણ રહી જાય.



હરિ : બહુ સરસ. દવે અને શેખસાહેબનો જય હો! એમનો ધન્યવાદ, પણ શિક્ષણના નામે પૈસાનાં હાટડાં મંડાય, આખો દી' શાળા-કૉલેજના ભણતરમાં જ જાય એ ખોટું. મને એવું કરનારા સામે ચીડ છે. સ્વામી વિવેકાનંદ નાનપણમાં પરીક્ષાના આગલા દિવસે અગાસી ઉપર વાંસળી વગાડતા.

વીણા : તમે જોવા ગ્યા'તા?


હરિ : જોવાની ક્યાં માંડે છે? વાંસળી મેં જ એમને આપી'તી. બીજા બધા બહુ વાંચવાંચ કરતા'તા, પણ પહેલો નંબર આવ્યો કોનો? કોનો? સ્વામીજીનો જ. એમનું મૂળ નામ નરેન્દ્ર હતું.

વીણા : (ભાર દઈને બોલે) આપણો દીકરો કાંઈ વિવેકાનંદ નથી.

હરિ : એમ તો તુંય મિસ વર્લ્ડ નથી ને હુંય મિસ્ટર વર્લ્ડ નથી. તોય આપણે બેય પરણ્યાં કે નહીં? ને કેવો સુખી સંસાર ચાલે છે આપણો! તમે આખો દી' બસ ખાધા જ કરો, ખાધા જ કરો, પચાવવા માટે જગ્યા કે ટાઈમ જ ન આપો તો અપચો થાય, તમે માંદા પડો. વીણા, તું આખો દા'ડો રસોઈ જ કર કર કરે છે કે પછી ભોજન ને બીજાં કામ માટેય થોડો સમય કાઢે છે? તું ચોવીસે કલાક જાગતી જ હોય તો? થોડી કલાકો ઊંઘે છે શા માટે?

વીણા : આ તમે શું બકો છો? દિવસ રાત એક ને એક જ કામ થોડું કરાય? એમાં તો થાકી ને કંટાળી જવાય. થોડો ચેન્જ જોઈએ, બાકી આમાં તો બાવાના બેય બગડે. કામેય ન ઊકલે ને મજાય ન આવે. મગજ બહેર મારી જાય.

હરિ : (માથું હલાવે, હાથની આંગળી ઊંચી કરી હલાવે) હા..હવે તારું મગજ ચાલ્યું. મારું એ જ કહેવું છે કે ભણો, પણ ભણ ભણ ન કરો, ભણ્યા પછી ગમતું બીજું કામ કરો તો ભણેલું ભુલાશે નહી. જે તમે ભણ્યા એ પચાવવાની પ્રક્રિયા આવી ગમતી બીજી પ્રવૃત્તિ વખતે ઓટોમેટિક થતી હોય છે. ભણેલું ઊલટું વધુ સારી રીતે યાદ રહેશે. વીણા, આ વાત તને યાદ રહેશે? આખો દી' માત્ર અભ્યાસક્રમનાં ચોપડાંનું લખાણ જ મગજમાં ભર્યા કરો તો એવું લાગશે કે મને હજી ઘણું યાદ નથી. અરે! જે યાદ હશે એય ભુલાઈ જશે. ને પછી પરીક્ષામાં.. ઘડિયાળના પટ્ટા ઢીલા, વિદ્યાર્થીઓ થઈ જાય ઢીલા, જાણે ઠોક્યા ખીલા..



વીણા : રે'વા દ્યો તમારી લીલા. તમે છોકરાંવને બગાડો છો.

હરિ : હું બગાડું નહી, જગાડું. ઊઠો, જાગો, ને ભણ્યા પછી રમવામાં મંડ્યા રહો.

વીણા : (નવાઈભેર ડાબી હથેળી ગોળ ફેરવે) માથે પરીક્ષા છે ને તમે કહો છો કે રમવા જા..!

હરિ : (નવાઈ પામતાં) મારું નામ હરિ. તેં તો ભારે કરી! માથે ક્યાં પરીક્ષા છે? (માથે હાથ રાખી) માથે તો કાળા વાળ છે. (ઉપર જુએ) માથે તો પંખો છે, છત છે.

વીણા : તમારામાં મીઠાની અછત તો નથી ને? મારું કહેવાનું એમ છે કે દીકરાને કૉલેજની પરીક્ષા છે તો તમે એને આડા પાટે કેમ ચડાવો છો? ખોટાં સિગ્નલ કેમ આપો છો?

હરિ : હું સાચાં સિગ્નલ આપું છું. જીવનની ટ્રેન સાચી સલાહ ને સ્નેહના સિગ્નલથી જ સડસડાટ, સમયસર ને સરખી ચાલે. રવિ, તું તારે પિક્ચર જોઈ આવ. થોડું નાચ. જો આમ.. 'ઢીંકા ચિકા ઢીંકા ચિકા.' (બેય સાથળ બેય હાથેથી લયબદ્ધ થપથપાવી તાલ આપી હરિ નાચે છે, માનસી ને રવિ પણ હરિની નજીક આવી એક હારમાં નાચે છે. વીણા આ જોઈ છણકો કરે. નાચ અટકે)

રવિ : (શ્વાસભેર) પપ્પા, તમે સાચા છો. (ખુરશીમાં બેસે) ઘણાં માબાપ દસમા-બારમા ધોરણમાં ભણતાં પોતાનાં સંતાનોને મનગમતી પ્રવૃત્તિ નથી કરવા દેતાં. પેલી શ્રુતિ ખરી ને? એ નૃત્યમાં પારંગત. એનો એને બહુ શોખ. પણ એ દસમામાં આવતા જ નાચવાનું બંધ. મેં કારણ પૂછ્યું તો એ કહે, (છોકરીનો અવાજ કાઢે) ના હો! હમણાં નાચવાનું નહીં. મારું ટ્યુશન પડે, મારા ક્લાસ પડે.

માનસી: પણ એમ કરવા જતાં એ આખેઆખી પડી જાય એનું શું? ભણવાની સાથે બીજું મનગમતું કરો તો

તમે ખુશ રહેશો. ભણતર એનાથી બગડતું નથી. ઊલટું વધુ સુધરે છે.

હરિ : માનસી દીકરી, તેં સાવ સાચું કીધું હો! કળા ને રમત ગમત એનાં મિત્ર છે, શત્રુ નહીં!

માનસી: તો પછી મેટિની શોમાં 'આ ઘડીનું સુખ' મુવી ચાલે છે. તે હું ને રવિ જોતાં આવીએ.

વીણા : લ્યો હવે આ બટકબોલી બહેન પણ ભાઈને ચડાવે છે! ભેગાં થઈ ગ્યાં થ્રી ઈડિયટ્સ.

માનસી: 'થ્રી ઈડિયટ્સ' તો ક્યારનુંય ઊતરી ગ્યું.

વીણા : પણ મારું માથું ચડી ગ્યું, (હરિ હસે) હસો મા. સારા નથી લાગતા. છોકરાને પરીક્ષા ટાણે નાચવાની, આરામ કરવાની શિખામણો અપાય? કો'કને ખબર પડશે ને તો મશ્કરી કરશે મશ્કરી.

હરિ : તમે કોઈ નવતર કે સારો વિચાર કરો કે એવું કામ શરૂ કરો ત્યારે પહેલાં ઉપહાસ, પછી વિરોધ થાય, પણ અંતમાં તો એનો સ્વીકાર થાય છે. સ્વામી વિવેકાનંદે આમ કહ્યું છે.

વીણા : તમારામાં વિવેકાનંદ પ્રવેશી ગયા છે.

હરિ : તારી ભૂલ થાય છે. એ નહીં, હું એમનામાં ઘૂસ્યો છું. હું ને સ્વામીજી ભેગા ભણતા.

વીણા : (વ્યંગમાં) એમ..! કંઈ સાલમાં એ જરા કહેશો? વિવેકાનંદે જીવનલીલા સંકેલી, પછી તમે ટપક્યા, એટલે કે જન્મ્યા તો પછી તમે ભેગા ક્યારે ભણ્યા ને વાંસળી એમને ક્યારે આપી?

હરિ : ગયા ભવમાં.

વીણા : સારું થયું તમે આટલેથી જ અટક્યા. મને તો એમ કે તમે હમણાં એમ જાહેર કરશો કે 'હું જ વિવેકાનંદ હતો.'

હરિ : એમ કાંઈ ખોટું થોડું બોલાય? સત્યં વદ.

વીણા : વદ કે સુદ? (આ બધું સાંભળી રવિ-માનસી ખડખડાટ હસે છે)

રવિ : તમારી બંનેની વાત સાંભળી મારો પિક્ચર જોવાનો ખર્ચો બચી ગ્યો. ભરપૂર મનોરંજન.

માનસી: ને એય પાછું સાવ મફતમાં. (ભાઈ બહેન પરસ્પર તાળી દઈ હસે છે)

વીણા : અચ્છા! તો તમે ભાઈ બહેન બેય ભેગાં મળી અમારી ફીરકી ઉતારો છે એમ?

હરિ : આપણી બેયની નહીં, ખાલી તારી એકલીની.

વીણા : બસ બસ હવે. જા રવિ, વાંચવા બેસી જા. જો મેં બહુ વાંચ્યું'તું ને એટલે એ બધું મને હજીયે યાદ છે. મારો ફેવરિટ સબ્જેક્ટ જી.કે. જનરલ નૉલેજ. જી.કે.ને તો હું આખેઆખો ગળી જાઉં.

હરિ : એમ કે? તો આજે ભલે થઈ જાય પ્રશ્નોતરી. ઝીંકાઝીંક કર્યા વિના તારું જી.કે.બતાવજે હો! (માનસી-રવિને પાસે બોલાવી એની સાથે ચર્ચા કર્યા પછી) હા બોલ, વિશ્વનો સૌથી ઠંડો ખંડ કયો?

વીણા : લ્યો, પૂછીપૂછીને આવો સહેલોસટ પ્રશ્ન પૂછ્યો! સૌથી ઠંડો ખંડ એન્ટાર્ક્ટિકા. ચારેબાજુ બરફ. ત્યાં રહેવા જાવ તો એ.સી., ફ્રીઝ, વોટરકૂલરનો ખર્ચો બચે.

હરિ : ખોટો જવાબ.

માનસી: ઠંડો જવાબ..

રવિ : ઠરી ગયેલો જવાબ. માર્યો તેં ગોટો. લોચો છે મોટો. જવાબ છે ખોટો.

વીણા : ખોટો જવાબ?! અશક્ય! એન્ટાર્ક્ટિકા જ દુનિયાનો સૌથી ઠંડો ખંડ છે. ત્યાં એકીસાથે ૧૦-૧૦ સ્વેટર પહેરો તોય લાગે ઠંડી. બિચારી થઈ જાય બંડી. (હરિ જોરજોરથી નકારમાં ડાબે-જમણે માથું ધુણાવ્યા કરે)

વીણા : હવે આમ માતાજી આવ્યાં હોય એમ 'હુહુહૂહુ' માથું શું ધુણાવો છો? જવાબ દ્યો!?

હરિ : દુનિયામાં સૌથી ઠંડામાં ઠંડો ખંડ છે 'શ્રીખંડ.' ભેગી પૂરી હોય તો ખાવાની પૂરેપૂરી મજા પડે. ચાલો હવે બીજો સવાલ.. સૌથી ખરાબ ખંડ કયો?

વીણા : આફ્રિકા! ત્યાં સાંજે નીકળાતું નથી. નીકળો તો આપણને લૂંટી લે લૂંટી.

હરિ : ખોટું. સાવ ખોટું. આફ્રિકાના હબસી તો મહેનતુ. ને એમની છોકરીઓ કાળી, પણ કામણગારી હો! લૂંટ ગયે, હા લૂંટ ગયે.. હમ તેરી મુહોબ્બતમેં લૂંટ ગયે.. ત્યાં આમ દિલ લૂંટી લે, વસ્તુ નહીં.

વીણા : તો પછી તમારે તમારા માટે ત્યાંથી જ છોકરી ગોતવી'તી ને?



હરિ : ઉતાવળ થઈ ગઈ. મિસને ટેક કરવામાં મિસ્ટેક થઈ ગઈ. ના હો! નથી થઈ. તારા જેવી સારી છોકરી મૂકી હું ત્યાં શું કામ જાઉં? મારાં નસીબ નથી એટલાં મોળાં. કાઢ મા તું મારી સામે ડોળા. હું સાચું કહું છું. તને ખોટો મસ્કો નથી મારતો. તું સારી છો. હા, પણ તારો જવાબ ખોટો છે.

વીણા : તો પછી હવે તમે જ રહસ્યસ્ફોટ કરો. દુનિયાનો સૌથી ખરાબ ખંડ....

રવિ : 'પાખંડ.' હા હા હા!

વીણા : (માથું ધુણાવતા) આવું પાખંડ ન ચાલે હો! (હરિ સામે જોઈને) ચાલો, હવે મારા એક પ્રશ્નનો તમે સાચો જવાબ આપો તો તમને સાચા કહું. બોલો પૂછું?

હરિ : અરે પૂછ પૂછ! હમણાં આમ ચપટીમાં.. (વીણા 'જરા થોભો' એવું હાથના પંજાથી સૂચવે)

વીણા : વિશ્વનો સૌથી ભારે ખંડ કયો? (કશીક ભારે વસ્તુ પડી હોય એવો અવાજ આવે. હરિ રવિ ને માનસી સામે જુએ. આંખ-હાથથી ઈશારા કરે. બધાં માથું ખંજવાળે. થોડી વાર બધાં ચુપ. મૌન)

હરિ : (રવિ-માનસી સામે જોઈ) આ તારી મમ્મીએ તો મને સરાણે ચડાવ્યો. (વિચારે છે) સૌથી ભારે ખંડ.. હા.(ચપટી વગાડે) એશિયા ખંડ. ત્યાં વસ્તી કેટલી બધી ઝાઝી! ધરતી ધ્રૂજે. પછી ધરતીકંપો જ થાય ને? ચારેકોર માણસોનાં ટોળેટોળાં, ધક્કામુક્કી, ગિરદાગિરદી, લાંબી લાંબી કતારો. સૌથી ભારે ખંડ એશિયા. કેમ બાકી સાચું ને?

વીણા : જવાબ છે તમારો સા...સા... સાવ ખોટો. બોલો, સાચો જવાબ કહી દઉં?

માનસી: કહી દે મમ્મી, કોલંબસની જેમ તેંય કોઈ નવો ખંડ શોધ્યો હશે.

વીણા : તો સાંભળો. દુનિયામાં સૌથી ભારે ખંડ છે 'લોખંડ.' એનું વજન ઝાઝું હોય ને?

હરિ : ઓત્તારી..! તેં તો કરી ભારી. ફાવી ન મારી એકેય કારી. મગજની કઢી થઈ ગઈ ખારી. શેરને માથે સવા શેર. (દૃશ્ય બદલાય છે. સમયઃ રાતના દસ. ઘડિયાળમાં દસ વાગ્યાના ટકોરા)

(હરિ- વીણા એ બે જ વ્યક્તિ ખંડમાં બેઠાં છે.)

**સ્થળઃ ઘરનો દીવાનખંડ**

હરિ : વીણા, કેવી સરસ મજાની રાત છે! ચાલ, અત્યારે પણ જી.કે.નો એક પ્રશ્ન થઈ જાય. સૌથી ઠંડો ખંડ શ્રીખંડ. તો સૌથી વહાલો ખંડ ક્યો ખબર છે? (ધીમેથી) 'શયનખંડ. ચાલ, હવે એ તરફ.

વીણા : અરે, જરા લાજો હવે. તમેય શું..?' (હસે છે) (હરિ પત્નીને શયનખંડ તરફ દોરી જાય છે.)

(દૃશ્ય બદલાય છે. કૅલેન્ડરનાં પાનાં એક પછી એક ફરે છે. એક માસ પછી. તારીખઃ બાર એપ્રિલ, ૨૦૨૨. સમયઃ સવારના ૧૧. ઘરની બહાર ગયેલો રવિ ઘરનું બારણું ખખડાવે છે.)

સ્થળઃ ઘરનો દીવાનખંડ

રવિ : (માનસી બારણું ખોલે, રવિ હાથમાં રહેલી માર્કશીટ ફરકાવી રાજી થઈને માનસીને વળગી પડે, પછી સામે બેઠેલા પપ્પા સામે જોઈને) પપ્પા, પપ્પા, રિઝલ્ટ આવી ગયું. હું આખી કૉલેજમાં પાંચમો આવ્યો. ફર્સ્ટ ક્લાસ ગ્રેજ્યુએટ વિથ ડિસ્ટિંક્શન. ને વધુ એક સરસ ખુશખબર. એક પ્રતિષ્ઠિત કંપનીએ મને સારા પગારે નોકરીની ઓફર પણ કરી છે. (વીણા ખુશ થતી થતી રસોડામાંથી બહાર દોડી આવે છે. રવિ મમ્મી-પપ્પાને પગે લાગે છે. પપ્પા એને આશીર્વાદ આપે)

હરિ : અરે! હું તો તારો પરમ મિત્ર, આ ગલે લગ જા. (રવિને ભેટી પડતાં) વાહ દીકરા! રંગ છે તને. (મોટેથી) જોયું ને? હું નો'તો કહેતો? ભણવા ઉપરાંત તું રમવા ગયો, ફિલ્મ જોવા ગયો, તેં ફરવાની મજા લીધી, એના ફાયદા જોયા ને? બોલો સ્વામી વિવેકાનંદની જય. (હોઠ પર વાંસળી મૂકવાની મુદ્રા કરે) હજી તે વાંસળી વગાડી હોત ને...તો પહેલો નંબર આવત. જવા દે એ વાત. નંબરની રેસમાં અંધ બની આગળ ન દોડાય, નહીંતર જીવનની રેસમાં પાછળ રહી જવાય. મહત્ત્વ ક્રમનું નથી, શ્રમનું છે. જો કે વધુ પડતો શ્રમ પણ ખોટો હો!

રવિ : પપ્પા, પ્રોફેસર દવે પણ આવું જ કંઈક કહેતા હતા કે 'પ્રયત્નને મૂલવો, પરિણામને નહીં.' ને હા, પપ્પા, મારે તમને એક ખાનગી વાત કહેવાની છે.

હરિ : તો એ ખાનગી ન કે'વાય ચકુડા.

રવિ : અત્યાર સુધી ખાનગી હતી, પણ હવે જાહેર. હવે તો મારી નોકરી પણ પાકી થઈ ગઈ છે એટલે.. જુઓ પપ્પા, મ...મ..મને.. (બધી વાત કરે છે. સંગીત વાગે. સંગીત બંધ થતા જ)

હરિ : (ગુસ્સામાં ઊભા થઈ બૂમ પાડે) વીણા..? (ગભરાટ થાય એવું સંગીત વાગે) આમ આવ, સાંભળ આ રવિનું પરાક્રમ. આપણો આ છોકરો કૉલેજમાં ભણવા જતો હતો કે પ્રેમ કરવા? મને કહે છે કે એક છોકરી સાથે મારી આંખ મળી ગઈ

છે ને હવે હાથ મેળવવા છે. એટલે કે લગ્ન કરવાં છે. (રવિ સામે જોઈ) આવું કહેતાં તને શરમ ન આવી? તારી જીભ જ કેમ ઊપડી?

વીણા : બધો વાંક તમારો જ છે. તમે રવિ પાસે વાંસળી વગડાવો પછી ગોપી ઘેલી જ થાય ને?

રવિ : ને હા પપ્પા, એ છોકરીનું નામ પણ ગોપી જ છે.

હરિ : ચૂપ! ગોપી નામ સાંભળી એવું લાગે છે કે મારી ટોપી પડી ગઈ. ગાંઠનું ગોપીચંદન થયું.

રવિ : પપ્પા, ગોપીના પપ્પાજીનું નામ છે ચંદન. આપો મને અભિનંદન.

હરિ : વાહ રે બેટા! હું પપ્પા, ને એ પપ્પાજી..! ચૂપ! ને આ કાંઈ તારી ઉંમર છે? આટલી નાની ઉંમરમાં આ તેં કેવી માયા લગાડી? હટાવ આ માયાને..

રવિ : (રોવા જેવો થઈને ફાટેલા અવાજે) મમ્મી, ગોપીની માનું નામ માયા છે.

હરિ : શટ અપ..! (થોડું મૌન, પછી) ને ખાલી મા..?! ગોપીની માને માતાજી કેમ ન કીધું?

વીણા : માને કોઈ વિશેષણની જરૂર નથી. માની ઉપર મીંડુંય ન હોય, કેમ કે મા એ મા.

હરિ : વીણા, તારી વાતમાં દમ છે, પણ આ રવિએ નાકમાં દમ..(રવિનો બોલતો અટકાવતાં) ચુપ! (નાક ઉપર ઊભી આંગળી મૂકે છે. પછી નાક પર આંગળી આડી ફેરવી નાક કાપ્યું એવી મુદ્રા કરે છે. થોડી વાર સન્નાટો. સૌ સ્તબ્ધ. પછી) હવે આમ મારી સામે બાઘાની જેમ ઊભો છે શું? નીકળી જા અત્યારે ને અત્યારે ઘરની બહાર.. ને ઝટ ગોપીને લઈ આવ. હા હા હા! (હસે છે) હોય જો સંસ્કારી ગોપી, તો જા એ તને સોંપી. (સૌ હળવાંફૂલ. ગભરાટ દૂર થાય છે)

રવિ : પપ્પા, તમે પણ શું આમ..!? મને સાવ ગભરાવી માર્યો. (હળવાશ અનુભવે છે)


હરિ : વડીલો સંસ્કાર આપે, થોડો જરૂરી કડપ રાખે એ ઓ.કે. ફાઇન, પણ વડીલશાહીનું મ્હોરું પહેરી જડ બની ખોટો દાબ ન રખાય. માનસી, તારુંય રવિની જેમ કાંઈ ગોઠવાયું હોય તો બેધડક કહી દેજે હો! મારે તો દીકરો-દીકરી બેય સરખાં. હા, બધાનું દિલ સાફ ને સ્વભાવ સારો જોઈએ.

માનસી: પપ્પા, સાચું. માબાપ અને સંતાનોમાં પરસ્પર પ્રેમ અને સમજણનો રંગ જાગે તો ઘણાં દુઃખો દૂર ભાગે. ને મમ્મી, તેં કહ્યું ને કે મા એ મા. તો મને કહેવા દે કે પિતા એટલે વાત્સલ્યનો પ્રશાંત મહાસાગર. દેખાય કે નહીં, પણ એની અંદર તો સ્નેહનાં મોજાં સદા ઊછળતાં જ હોય છે. પપ્પા, તમે મારા પપ્પા છો એનું મને ગૌરવ છે. (આંખમાં પાણી, પિતાજી એની આંખ લૂછે) (માનસી આંખમાં ચમક સાથે ટોન બદલાવી, હસીને) તમે ગુસ્સે થવાનું નાટક સરસ કર્યું હો!

વીણા : માનસી, તારા પપ્પા છે જ એવા. જો પંદર દી’ પછી તારી બારમા ધોરણની પરીક્ષા છે. ખબરદાર જો ખાલી ભણભણ જ કર્યું છે તો! (ભીની આંખે) તને ચિત્રો દોરવાનો શોખ છે ને? એય ત્યારે ચાલુ રાખજે, શું સમજી? હું તો સમજી ગઈ. સૂરજ રાતે પોરો ખાય છે એટલે જ નવી સવારે ફરી મસ્ત ઊગતો હશે. વિરામ એક એવો પડાવ છે જ્યાં થાક ઊતરે ને તાજગી ચડે. તું વાંચજે ને ચિત્રોય દોરજે. (બધાં તાળી પાડે છે. હરિ વીણાની આંખો લૂછે છે. બેય પરસ્પર મલકે છે)

હરિ : આહાહા! વીણા વાગી. મધુર વાગી! આખું ચિત્ર જ બદલાઈ ગયું! બનો સાચા મિત્ર, તો ખરું થાય સુંદર ચિત્ર. (વીણા સામે જુએ) તું તો ગુણસુંદરી છો, પ્રિયે. (ક્ષણાર્ધ મૌન. રવિ સામે જુએ) હવે તો રવિના માનમાં વાંસળીની સાથે શરણાઈ પણ વાગશે. એના માનમાં ચાલો નાચો બધાં. (ગરબાના તાલ સાથે સંગીત વાગે. રવિ-માનસી-હરિ નાચે છે, વીણા થોડીવાર ઊભી રહે, ખોટો ગુસ્સો કરે, પછી એય રાજી થઈને નાચવા લાગે છે. પડદો પડે છે.)

*૧, જલારામનગર, નરસંગ ટેકરી,*
*હીરો શો રૂમ પાછળ, ડૉ.ગઢવી સાહેબના મકાન પાસે,*
*પોરબંદર. ૩૬૦૫૭૫. મો. ૯૮૯૮૧૬૪૯૮૮*



Directorate of Information
Gujarat

Social Media

gujaratinformation.gujarat.gov.in

gujaratinformation.official

@infogujarat

gujarat.information

Gujarat Information

ગુજરાત

the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

# પંડિત ઓમકારનાથ ઠાકુર : જીવન ઝરમર

*- તારિણીબહેન દેસાઈ*

ભારતનાં ઉત્તમ કોટીના સંગીતકારોની શ્રેણીમાં પંડિત ઓમકારનાથ ઠાકુરનું સ્થાન અદ્વિતીય છે. એટલા માટે કે તેઓ એવા સંગીતકાર હતા જેઓએ સંગીતકલા અને શાસ્ત્ર બંનેમાં નૈપુણ્ય મેળવી ભારતીય સંગીતનો ધ્વજ પશ્ચિમની દુનિયામાં ફરકાવી ભારતીય સંગીતનું ગૌરવ કર્યું છે.

તેમની સંગીતયાત્રામાં-નેપાળ, અફઘાનિસ્તાન, ઈટલી, ફ્રાન્સ, બેલ્જિયમ, હોલેન્ડ, જર્મની, હંગેરી નોર્વે, સ્વીડન, સ્વીત્ઝર્લેન્ડ, ઈંગ્લેન્ડ વગેરેનો સમાવેશ થયો હતો. આ બધા દેશામાં તેમણે સંગીતનાં જલસા કર્યા, ભાષણો આપ્યા અને વિદેશીઓને ભારતીય સંગીતનો ખ્યાલ આપ્યો. ભારત સરકારે મોકલેલાં પ્રતિનિધિ મંડળોમાં પણ તેઓ જોડાયા હતા. પહેલી વિશ્વશાંતિ પરિષદમાં તેમણે ગાયેલા 'વંદેમાતરમ્' દ્વારા લાખોની જનમેદનીનાં હૈયાં હર્ષથી પુલકિત બન્યાં હતાં અને પંડિતજીને મળેલું એ અભિવાદન અભૂતપૂર્વ હતું.

તેમણે તૈયાર કરેલા શિષ્યોમાં- શ્રી શિવકુમાર શુક્લ, શ્રી બળવંત ભટ્ટ, શ્રી યશવંત પુરોહિત, શ્રીમતી પિરોજાબાઈ, ડૉ. પ્રેમલતા શર્મા, ડૉ. રાજન, શ્રી કનક ત્રિવેદી, શ્રી પ્રદીપ દીક્ષિત તથા શ્રી અતુલ દેસાઈ છે - જેમણે તેમનો સંગીતવારસો જાળવી રાખ્યો છે.

તેમણે 'રાગ અને રસ' 'સંગીતાંજલિ' તથા પ્રણવ ભારતી વગેરે પુસ્તકો લખ્યાં છે. પંડિતજીને કલકત્તા યુનિવર્સિટીએ ડૉક્ટરની પદવી અર્પણ કરી હતી અને ભારત સરકારે પદ્મશ્રીનો ખિતાબ આપ્યો હતો. એમનો કસાયેલો અવાજ, મધુર સુરીલો કંઠ, રાગોને સૂક્ષ્મમાં સૂક્ષ્મ રીતે - સ્વરૂપ રજૂ કરવાની આવડત અને રાગોનાં ચિત્રો ખડાં કરવાની સંગીત શક્તિથી તેમજ અસાધારણ વક્તૃત્વશક્તિ વડે તેમણે ભારતના સંગીતકારોની હરોળમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

વળી રામભક્તના રૂપમાં પ્રતિવર્ષ તેઓ રામચરિત માનસનું નવાહન પારાયણ નવ દિવસ સુધી કરતા ત્યારે તેમને સાંભળવા માનવમેદની ઊભરાતી એ જ પ્રમાણે પ્રતિવર્ષ ગુરુ પૂર્ણિમાને દિને તેઓ ગુરુદેવની પૂજા કરતા.

એમના મેઘગંભીર બુલંદ અવાજ અને તે સાથે ભાવપૂર્ણ ગાનથી પરદેશની પ્રજા ખૂબ જ પ્રભાવિત થઈ. એ સમયના ઈટાલીના કર્ણધાર બેનિટો મુસોલિનીએ તથા અફઘાનિસ્તાનનાં રાજવી અમાનુલ્લાખાને એમનું સન્માન કર્યું. જર્મનીમાં પણ મહાન સંગીતકારો સાથે કલાકારો સુધી ચર્ચા કરી. લંડનમાં બી.બી.સી.ના કંડક્ટર-સર હેન્રી વુડ સાથે પણ ચર્ચા કરી. ત્યાંથી વેલ્સની સંગીત પરિષદમાં ભાગ લીધો. પણ જ્યારે એમનો જીવનદીપ ઓલવાઈ ગયો ત્યારે એમના કંઠે ગવાયેલું ગીત ગૂંજી ઊઠ્યું.

'જોગી...મત જા... મત જા..મત જા...જોગી.'

**પાત્ર સૂચિ**

| | |
|---|---|
| ઓમકાર | : બાળક તરીકે (ઓમકારનાથ) |
| ગોપાલ | : ઓમકારનો મિત્ર |
| કિસન | : ઓમકારનો મિત્ર |
| હરિહર | : ઓમકારનો મિત્ર |
| સાવિત્રી | : ઓમકારની સખી |
| ઝવેરબાઈ | : ઓમકારની માતા |
| મગન | : મિલમાં સાથે કામ કરનાર |
| મિલમાલિક | : ઓમકારની નોકરીનો માલિક |
| નીલેશ | : સંગીત શિખતો સહાધ્યાયી |
| મહાત્મા ગાંધી | : ગાંધીજી |

કવિને ઓમકારનો જવાબ.

(ઓમકારનાથ ઠાકુરનું ઘર)

ગોપાલ : અરે...કિસન! તું ક્યાંથી અહીં આવ્યો છે?

કિસન : અરે...ભઈ! ગોપાલ ! હું તો હમણાં જ



અહીં આવ્યો. પણ...હજુ પેલાં...શંકર.... સાવિત્રી... ગોકુલ... હરિહર... કેમ દેખાતા નથી?

ગોપાલ : આવશે એ તો બધાં ધીરે ...ધીરે...પણ.. આપણા ઓમકારને તો ખબર જ નથી કે આપણે અહીં આવવાના છીએ, ખરું ને ?

હરિહર : આવું કે...

ગોપાલ : હા... હા... આવ... હરિહર ! અમે તારી જ રાહ જોતા હતા. પણ..સાવિત્રી...કેમ દેખાતી નથી ?

સાવિત્રી : (બહારથી આવીને) લો...મને યાદ કરી એટલામાં તો હું આવી જ ગઈ.

ઝવેરબાઈ : (આશ્ચર્ય- સાથે અંદરથી) ઓહો હો...આજે તો બાળકોનો મેળો ભરાયો છે ને કાંઈ? આ...ગોપાલ..આ...કિસન અને હરિહર પણ આવ્યા છે ને? આને આ નાનકી સાવિત્રી પણ...

ગોપાલ : પણ ..ઝવેરમા ! ઓમકાર કેમ દેખાતો નથી? શું ..એ ઘરમાં સૂતો છે કે?

ઝવેરબાઈ : અરે...દીકરાઓ, ઓમકાર એમ કાંઈ સૂઈ રહે તેવો થોડો છે ? એનો અવાજ તો ગણગણાયા વગર રહે જ નહીં ને...પછી...

ગોપાલ : તો પછી ક્યાં ગયો હશે એ...

ઝવેરબાઈ : શું ખબર બેટા ! ક્યાં ગયો છે કે ક્યારે ગયો છે કે પછી એ બહાર ગયો છે કે નહીં તેની ખબર નથી. જા.. દીકરી..અંદર ઘરમાં જઈને જોઈ આવ તો...

કિસન : મા- એ તો ગયો હશે...અહીં તહીં..ગોટી રમવા..

ગોપાલ : કે પછી ગયો હશે..ક્યાંક રખડવા-

ઝવેરબાઈ : ના...ના..હો. મારો એમકાર...એમ ગમે ત્યાં જાય જ નહીં. કદાચ એ ઘરમાં જ હશે...

સાવિત્રી : (ઘરમાં બધે જોઈ આવી) ના- ના...ઝવેરમા! હું ઘરમાં તો બધે જ તપાસ કરી આવી. એ ઘરમાં ક્યાયં નથી. તો પછી ક્યાં ગયો હશે એ...

ગોપાલ : ઝવેરમા! અમને તો ઘણા બધા દિવસોથી ઓમકાર મળ્યો જ નથી. એટલે અમને થયું કે ચાલો...આજે આપણે બધાં બેગાં થઈને એને ઘેર જ જઈએ.

કિસન : અરે...પણ ગોપાલ ! આપણે ક્યાં સુધી એની રાહ જોયા કરીશું? હાલ...ભાઈ ! આપણે પાછા જવા માંડીએ....

સાવિત્રી : (સામે જોઈ) અરે... અરે... તમે બધાં જવાની શું વાત કરો છો ? જુઓ...જુઓ.. આપણો ઓમકાર તો આ...આવ્યો.

ગોપાલ : (આશ્ચર્ય પામી) ઓહોહો...ઓમકાર! તું ક્યાં જઈ આવ્યો?

કિસન : અમે તો ક્યારનાં તારા આવવાની રાહ જોતાં હતાં ?

ઝવેરબાઈ : (એની સામે જોઈ) અરે...પણ...બેટા ઓમકાર! તું પાણીથી આમ લથબથ થઈને ક્યાંથી આવ્યો ?

ગોપાલ : અને ! પાછો થાકેલો પણ લાગે છે.

સાવિત્રી : અરે...ઓમકાર ! ઘડીક બેસ...થોડો થાક ખા...પછી અમને કહે કે ક્યાં ગયો હતો તે....

ઝવેરબાઈ : જો ..દીકરા ! પહેલાં તારાં ભીનાં કપડાં બદલી લે...નહીં તો તું માંદો પડી જશે.

ગોપાલ : અલ્યા...દોસ્ત ! તું આટલો બધો થાકેલો કેમ લાગે છે ?શું તું નદીમાં પડી ગયો હતો કે ?

ઓમકાર : હા...ગોપાલ..તારી વાત સાવી સાચી છે.

ઝવેરબાઈ : (ગભરાઈને કહે....બેટા ! શું નદીમાં...તું કેમ કરી પડી ગયો ?

સાવિત્રી : (ગભરાઈને) હેં...શું નદીમાં ? તને બહુ વાગ્યું હશે, નહીં?

ગોપાલ : પછી...કોણે બચાવ્યો તને ?

ઝવેરબાઈ : અરે...અરે...છોકરાંઓ ! તમે બધાં એને સવાલ ઉપર સવાલ પૂછે રાખો છો ? એને જરા થાક તો ઊતરવા દો...

ઓમકાર : જુઓ... ગોપાલ... કિસન... હરિહર... સાવિત્રી... અને મા... બધાં બરાબર સાંભળો મારી વાત... હું છે ને તે ગુમાન દેવાનામના સાધુનું સંગીત સાંભળવા ગયો હતો.

ગોપાલ : પણ... તેમાં વળી કપડાં પાણીથી લથબથ શેનાં થાય ?

સાવિત્રી : થાય જ વળી ગોપાલ ! એમ કેમ બોલે છે? ઓમકાર તો સાધુજીના સંગીતમાં નાહ્યો હશે... નાહ્યો...

ઓમકાર : સાંભળો બરાબર... ગુમાનદેવ સાધુ તો નર્મદા નદીની પેલે પાર રહે છે.

ઝવેરબાઈ : હા...પણ બેટા ! નર્મદા નદીની પેલે પાર તું ગયો હતો કેવી રીતે..તે તો સમજાવ બરાબર...

ઓમકાર : માડી...નર્મદા નદી તરીને જ તો વળી...

ઝવેરબાઈ : (ગભરાઈને) હેં...બેટા...તરીને... એ તો બહુ જ અઘરું છે.

સાવિત્રી : તે...ઓમકાર ! તને તરતાં આવડે છે કે ?

ઝવેરબાઈ : બેટા... એ તો બહુ મોટી નદી છે. તો પછી તારે નાવમાં જવું જોઈએને ?

ઓમકાર : હા... મા... એ તારું સાચું પણ.... નાવમાં બેસવા માટે મારે પૈસા આપવા પડે ને ?

ઝવેરબાઈ : હા...એ તો ખરું જ છે બેટા ! અને આપણી પાસે તો ખાવાના પૈસા પણ નથી.

ગોપાલ : તો પછી તારે નહોતું જવું...

ઓમકાર : એ તો કેમ બને... ગોપાલ ? આટલા મોટા સંગીતકારના સંગીતને સાંભળવાની મને બહુ તલપ લાગી હતી. મેં ખૂબ ઇચ્છા કરી ગુમાનદેવનાં દર્શન કરવાની અને એમનું સંગીત સાંભળવાની પણ....

ગોપાલ : અરે... ગાંડા ! આટલી બધી મહેનત કરીને તું એ સાધુનું સંગીત સાંભળી આવ્યો ?

ઓમકાર : અરે... પણ ગોપાલ ! અત્યારે તો મને સંગીતનો એટલો બધો કેફ ચઢ્યો છે કે ન પૂછો વાત... શું પેલા સંગીતકારનો બુલંદ અવાજ... ગળાની ફીરત... રાગના તાન - પલટા અને પછી તો... દ્રુલયથી મારું મન તો ડોલી ઊઠ્યું. અને અત્યારે તો મને પણ ગાવાનું ખૂબ જ મન થઈ ગયું છે.

ગોપાલ : ઓહ... એમ વાત છે... ઓમકાર ! તો... તો... ચાલ સંભળાવ... અમને પણ સંગીત સાંભળવાની તલપ લાગી છે.

(તાનપૂરો વાગવાનો શરૂ થાય છે.)

ઓમકાર : (ગાય છે) કોયલિયા બોલે અંબુવા કે ડાર પર...

સાવિત્રી : (યાદ આવતાં) ઓમકાર...મેં પણ આ ચીજ સાંભળેલી હોય તેમ છે..જો...બીજી ટૂંક આવી જ છે ને...

(સાવિત્રી ગાય છે.)

ઓમકાર : હા...હા...સાવિત્રી ! તું પણ સાથે ગાવા લાગ...

(બંને સાથે ગાય છે.)

ગોપાલ : વાહ...ઓમકાર...વાહ ! ઓહો હોહો...તું આટલું બધુ સરસ ગાય છે ? ગુમાનદેવ શું... તું જ મોટો સંગીતકાર છે. અમને તો જરા પણ મહેનત કર્યા વગર અને નદી પણ તર્યા વગર જ તારા જેવા મોટા સંગીતકારનાં દર્શન થયાં.

ઝવેરબાઈ : (ભાવથી) બેટા...ઓમકાર ! બેટા...તું બહુ થાકી ગયો હશે...જા...હવે થોડું ખાઈ લે...જો ...મેં. તારે માટે બહુ સરસ થેપલાં બનાવ્યાં છે. ખાઈને પછી થોડો વખત સૂઈ પણ લે...જા...જા...

ગોપાલ : હા...હા...ઝવેરમા ! તમે કહો છો તે તો સાવ સાચું છે. ઓમકાર...જા..જોઈએ ! તું તારું કામ કર. અમે બધાં હવે જવા માંડીશું. આમ ગરીબી ગળથૂથીમાં પીધી હોય તેમ આઠ વર્ષની નાની ઉંમરે યોગ સાધનામાં પ્રવૃત્ત રહેતો, પોતાનાં પિતાની સેવા કરતો, અને કુટુંબના નિર્વાહ માટે મિલમાં નોકરી પણ કરતા. મિલમાં કામ કરતાં કરતાં એક દિવસે ઓમકાર ગણગણે છે -

ઓમકાર : (ગણગણે છે) પગ ઘૂંઘરું બાંધ મીરા નાચી રે...પગ ઘૂંઘરું બાંધ મીરા નાચી રે...

મગન : એ...ઈ. અલ્યા સોરા ! તું આ લેબલ લગાવતાં લગાવતાં કે કપડાંની ગડી કરતાં કરતાં હું બબડ્યા કરસ...

ઓમકાર : એ...ઈ...ભાઈ ! મારું નામ તો ઓમકાર છે! મને સોરા કહીને ના બોલાવ. મને મારા નામથી જ બોલાવ.

મગન : અલ્યા,..કોઈનું નોંમ...મગન હોય કે પસી સગન...હોય..કે પસી...ગમન હોય...પણ 'ઓમકાર' નૉમ તો કોઈ દી' હાંભર્યું નથ....

ઓમકાર : તું ક્યાંથી સાંભળે ભાઈ ! એ તો શંકર ભગવાનનાં ભક્તો જ 'ઓમ' શબ્દનો અર્થ સમજે...

મગન : પણ...સોરા ! આવું ચેવું નોમ પાડ્યું સે...

ઓમકાર : (ગૂંચવાઈને) હં શું જાણું...મારા જનમ પહેલાં જ મારા બાપુજીએ મારું નામ 'ઓમકાર' પાડી દીધું હતું.

મગન : જે હોય ઈ...પણ તું 'ઓમ' ગણગણ્યા કરસ તંઈ પણ તારું કૉમ ધીમું પડતું નથ...

ઓમકાર : અરે..અરે...મગન ! સંગીતના લયથી તો ઊલટું કામ જલદી થાય.

મગન : તો પસી તું જે ગીત ગણગણ્યા કરસ ઈ જરા. મોટેથી ગાને અટલે મારું કૉમ પણ જલદી થાય..

ઓમકાર : જો...મગન...હું જે ગાઉં છું તે તો મીરાબાઈનું ભજન છે. લે...સાંભળ...ધ્યાન દઈને...

(તાનપૂરો વાગે છે.)

ઓમકાર : (ગાય છે) પગ ઘૂંઘરું બાંધ મીરા નાચી રે... પગ ઘૂંઘરું બાંધ મીરા નાચી રે...

મગન : વાહ...સોરા...વાહ...ઝો...તારું ગાયન હાંભળીને...આપણા મિલમાલિક સાહેબ પણ તારી હારે વાત કરવા આયા લાગસ....

મિલમાલિક : વાહ...ઓમકાર...વાહ...

ઓમકાર : નમસ્તે સાહેબ ! આપને મારું ગાયન ગમ્યું ?

મિલમાલિક : એકલું ગમ્યું જ નહીં પણ...હું તો આનંદવિભોર થઈ ગયો છું. હું તારા બાપુજીને કહીશ - મને આ છોકરો આપી દો...

મગન : શેઠ...એને લઈને તમે શું કરશો ?

મિલમાલિક : હું તો એને દત્તક લેવા માંગું છું.



ઓમકાર : (ગુંચવાઈને) પણ...સાહેબ...બાપુજી કહે છે - તું તો સરસ્વતી દેવીનો પુત્ર થવા જ સર્જાયો છે.

મગન : (ધીમેથી) અરે...ગાંડા ! તને દત્તક લેશે... તંઈ ખૂબ બધા પૈહા મળહે...પૈહા...તારી આ ગરીબી ટળી જહે...કંઈ પણ...વચાર કર્યા વિના...સોરા...ગમે ઈમ બક બક ન કર....

ઓમકાર : (ગુંચવાતાં) પણ...મગન ! બાપુજી કહે છે - 'તું તો સરસ્વતી દેવીનો પુત્ર થવા જ સર્જાયો છે. લક્ષ્મી તો એની મેળે જ તારી પાસે આવશે.'

મિલમાલિક : તો પછી ઓમકાર ! તારા બાપુજીને જેમ ઠીક લાગે તેમ કરજે હોં...

(ચિડાઈને જતા રહે છે.)

અને થોડા વખત પછી પિતાજીનું અવસાન થયું. ભરૂચના એક મહાદાની પારસી સજ્જન - શાપુરજી, મચરેજી ડુંગાડીએ ઓમકારનું ગાયન સાંભળ્યું અને એનામાં રહેલી શક્તિને પિછાણી અને મુંબઈમાં ચાલતા ગાંધર્વ મહાવિદ્યાલયમાં પંડિત વિષ્ણુદિગંબર પાસે સંગીત શીખવા મૂક્યો ત્યારે ઓમકાર બોલવા માંડ્યો -

ઓમકાર : નીલેશ ! હું જરા કચરોપૂંજો વાળી લઉં. જલદી જલદી વળાઈ જશે. પછી ગુરુદેવ પાસે સંગીત શીખવા બેસી જઈશ.

નીલેશ : ઓમકાર...તું છેક ભરૂચથી અહીં મુંબઈ સુધી સંગીત શીખવા આવ્યો છે કે કચરો પૂંજો વાળવા.

ઓમકાર : જો...ભાઈ નીલેશ ! ગુરુદેવની સેવા કરીએ તો જ સાધના ફળે ! એ તો ખબર છે ને ? હું વાસણ પણ જલદી જલદી માંજી લઈશ.

નીલેશ : અરે...અરે...ઓમકાર ! એ તો બધું પછી થશે..પણ...

ઓમકાર : બધું કામ કેવી રીતે પછી થાય ? સમયસર તો બધું કામ કરવું જ પડે, એ પણ સાધનાનો એક અંશ છે ને? જો...ને વાતવાતમાં પાણી પણ ભરાઈ ગયું.

નીલેશ : એ તો મને ખબર જ છે કે ગુરુદેવની તારા

ઉપર બહુ જ પ્રીતિ છે. તું બધું કામ કરતાં કરતાં સૂરદાસજીનું ભજન ગાય છે ને - તે જરા સંભળાવીશ ?

ઓમકાર : કયું ભજન...નીલેશ.

નીલેશ : પેલું...પેલું ભજન...મૈયામોરી મેં નહીં માખન ખાયો...

ઓમકાર : પણ... એ તો મને આખું આવડતું નથી. ફક્ત એક જ પંક્તિ આવડે છે.

નીલેશ : કાંઈ નહીં... એક લીટી તો એક લીટી... સંભળાવ તો ખરો...
(તાનપૂરો વાગે છે ભજન શરૂ થાય છે.)
મૈયા મોરી મેં નહીં માખન ખાયો...

નીલેશ : (ભજન સાંભળ્યા પછી) વાહ...ઓમકાર વાહ...તારા બુલંદ કંઠથી તો મને ઈશ્વરનો સાક્ષાત્કાર થયો...વાહ...ભાઈ વાહ....
- અને ગુરુકૃપા તપસ્યા અને દૃઢ સંકલ્પ ને સાત વર્ષની તાલીમ- ગુરુ વિષ્ણુ દિંગબર પાસે લીધા પછી ફક્ત ૧૯ વર્ષની ઉંમરે લાહોરમાં ગાંધર્વ મહાવિદ્યાલયની શાખામાં મુખ્ય આચાર્ય બન્યા અને નાનકડો ઓમકાર પંડિત ઓમકારનાથ બન્યો. એક દિવસ એક મોટા કવિ સાથે વાતચીત કરતાં સાંભળ્યા -

ઓમકારનાથ : કવિ મહાશય ! આપ કહો છો કે શબ્દમાં વધુ તાકાત છે અને હું કહું છું કે શબ્દ કરતાં સ્વરમાં વધુ તાકાત છે ! જુઓ - હું બે શબ્દો જ બોલું છું. 'નહીં' 'હૈ!' ફક્ત ત્રણ જ અક્ષરોથી બનેલો છે. તેને હું જુદા જુદા સ્વરમાં બોલીશ અને એ નાદ જુદો જુદો અર્થ બતાવશે. 'નહીં હૈ' નો અર્થ થાય છે 'નથી કૈં' બીજા નહીં હૈં નો અર્થ થાય છે ના...છે. અને ત્રીજા નહીં હૈ નો અર્થ થાય છે 'નથી.'
ત્રણ જ અક્ષરો જુદા જુદા સ્વરમાં બોલાતાં ભાવ જ કેવો બદલાઈ ગયો...
અને કવિ મહાશયને સંગીતકાર પાસે હાર માનવી જ પડી. હા...એ તો ખરું જ છે - સ્વરમાં વધારે શક્તિ છે - શબ્દ કરતાં -
એક વખત કલકત્તાના કોંગ્રેસ અધિવેશનમાં પંડિત ઓમકારનાથને આમંત્રણ મળ્યું અને એમણે 'વંદેમાતરમ્' ગાયું-
વંદેમાતરમ્
લોકો તો એમનું વંદેમાતરમ સાંભળી ખુશ ખુશ થઈ ગયા.
આ જોઈ ગાંધીજી બોલી ઊઠ્યા -

ગાંધીજી : મારાં બધાં ભાષણો - જે લોકો ઉપર અસર કરી શક્યાં નથી, તે પંડિત ઓમકાર ઠાકુરનાં એક ગીતે કરી.


સંગીત સમ્રાટ માર્લન્ડ તેમજ પદ્મશ્રીનો ઈલકાબ મેળવનાર ઓમકારનાથ ઠાકુરને ૧૯૬૫માં પક્ષાઘાતનો હુમલો થયો. ત્રણ સપ્તક સુધી જેમને બુલંદ અવાજ સહેલાઈથી ફરતો હતો એ સંગીત સમ્રાટે પોતાની વાચા પણ ગુમાવી અને તા. ૨૯ ડિસેમ્બર ૧૯૬૭ની રાત્રે એમનો જીવનદીપ ઓલવાઈ ગયો.

કાર્યક્રમની પૂર્ણાહુતિ વખતે દરેક સંગીતકારની જેમ તેઓ પણ રાગ ભૈરવી ગાતા. પણ...ઠુમરી નહિ...ભજન જ ગાતા. તેઓ હંમેશાં કહેતા- બ્રાહ્મણ કદી ઠુમરી ના ગાય. એ તો ભજન જ ગાય. ભૈરવી રાગમાં પોતે જ બાંધેલું પ્રિય ભજન -

**'જોગી મત જા...મત જા...મતજા...જોગી...'**

આપણને પણ એમને માટે કહેવાનું મન થાય છે એમના જ શબ્દો અને એમના જ અવાજમાં -

**જોગી ...મત ..જા...મ..ત...જા...જોગી...**





ગુજરાત

રોજગાર સમાચાર

www.facebook.com/gujaratinformation.official

Phone No. : 079-232-53440

www.gujaratinformation.gujarat.gov.in

STATE BANK OF INDIA

RECRUITMENT OF JUNIOR ASSOCIATES (CUSTOMER SUPPORT & SALES)

માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે
પ્રસિધ્ધ થતું રોજગારલક્ષી
માહિતી આપતું સાપ્તાહિક

લવાજમ : કોઇપણ કોમ્પ્યુટરાઇઝ પોસ્ટ
ઓફિસમાં અથવા જિલ્લા માહિતી
કચેરીઓ ખાતે ભરી શકાશે

રાજ્યભરમાં રોજગારવાંચ્છુઓ
માટેનું વિશ્વસનીય સાપ્તાહિક

શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ
ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી
વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી
પહોંચાડતું અસરકારક માધ્યમ

રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન.

**વાર્ષિક લવાજમ**
**માત્ર ₹ 30/-**

રોજગાર-સ્વરોજગાર
વિષયક વિપુલ
માહિતીનો ભંડાર

# મૈયા મેરો મનવો ભયો હે વેરાગી.. (સંતકવિ મોરારસાહેબ)

- *નિરંજન રાજ્યગુરુ*

**પાત્રોઃ**
(૧) ચરણદાસજી - મોરારસાહેબના શિષ્ય. (૨) જામનગરના રાજવી જામ રણમલસિંહજી. (૩) માનસિંહ વાઘેલા / મોરારસાહેબ. (૪) જીવાભગત ખત્રી (ટંકારા) મોરારસાહેબના શિષ્ય. (૫) લખમાજી બા - મોરારસાહેબનાં માતુશ્રી. (૬) તેજસિંહ જાડેજા - મોરારસાહેબના મામા. (૯) નાગાજણ ભગત - લતીપર ગામનો ભજનિક ભગત-સત્સંગી. (૮) વિરમ ભગત ભરવાડ- ખંભાલીડાનો ગોવાળ, (૯) રવિસાહેબ - રવિ--ભાણ સંપ્રદાયના તેજસ્વી સંતકવિ.

( સ્થળ : સંતકવિ મોરારસાહેબની જગ્યા - ખંભાલીડા, સમય વિ.સં.૧૯૦૩ ચૈત્ર સદ ૧ ઈ.સ.૧૮૪૭. જગ્યામાં સંત-સાધુડાંનો મેળો જામ્યો છે, ભજન-કીર્તન મંડળીઓ ગાનમાં મશગૂલ છે.. ત્યાં જામનગરના રાજવી જામ રણમલનું આગમન.)

ચરણદાસજી : પધારો,પધારો મહારાજ ! આજ તો ચન્દ્રવંશી જાડેજાકુળનો સૂરજ, નવાનગરનો જામ આ સાધુડાને આંગણે ?

જામ રણમલ : હા, બાવાજી ! સાંભળ્યું છે કે કાલ મોરારસાહેબ સમાધિ લેવાના છે !

ચરણદાસજી : ભલું સાંભળ્યું બાપ ! અમારા સદગુરુ રવિસાહેબથી હવે એમને છેટું પડે છે. ઘણા વખતથી તૈયારી કરે છે, જોવો ને આજ તો સંતમેળોય ભેળો થઈ ગ્યો છે..!

જામ રણમલ : બાવાજી ! મારે એમને મળવું છે, એની પાસે ‘લઈ જાવ..

oooo

મોરારસાહેબ : આવો આવો... રા’બાવા !... નવાનગરના જામ ! સાતસો પાદરના ધણી ! તમેય આટલે છેટેથી દાખડો કર્યો ?

જામ રણમલ : બાપુ ! મોરારબાપુ ! આવો ગજબ ? તમને શું દુઃખ પડ્યાં તે આવો વિચાર કર્યો ? આખું જગત તમને દેવની જેમ પૂજે છે, અભ્યાગતનો આશરો છો બાપ ! ને આતમહત્યાનું પાતક ?

મોરારસાહેબ : જામ ! આ આતમહત્યા નથી. હવે તો રામનાં તેડાં છે... મારો આતમો ઝંખે છે મારા ગુરુજીને ચરણે જાવા. હવે બહુ છેટું પડતું જાય છે..

જામ રણમલ : પણ બાપ! યાદ છે તમને ? આપના મોઢેથી જ બોલ નીકળેલા !

મોરારસાહેબ : બોલ!... કેવા બોલ !

જામ રણમલ : નવાનગરમાં આપની પધરામણી થઈ તે દી’ કીધું’તું કે... નવાનગરને આંગણે સંતમેળો ને સવરામંડપ થાશે ઈ ટાણે સાધુડાં ભેળા તમેય આવશો !

મોરારસાહેબ : બાપ ! બહુ રાહ જોઈ પણ રાજકાજમાંથી તમે પરવારો તો સંતમેળો કરોને ?...

જામ રણમલ : બાપુ ! મારે દુવારકાની જાતરાનો મનોરથ છે. ગોમતીસ્નાન કરીને દુવારકાધીશ રણછોડરાયના દેવળે ઝવેરાતભર્યું સિહાંસન અને સોનાનાં કમાડ ચડાવવાં છે, બધી તૈયારી થઈ ગઈ છે, દુવારકામાં આશાપુરાનું મંદિર તૈયાર થઈ ગ્યું છે. ચૈતર મહિનો આજ બેઠો છે, કાલ બીજ છે, બે-પાંચ દિ’માં જ સંઘ કાઢવો છે. વળતી જાત્રાએ નવાનગરમાં ચૈતર વદી સાતમે મહારુદ્ર યજ્ઞ કરીને શિવરામંડપને સંતમેળો કરવાનો છે.. એમાં તો આપની હાજરી મારે જોશે જ.



મોરારસાહેબ : પણ... જામ !... કંકોતરિયું લખાઈ ગઈ, સંત-સાધુડાં, ગત-ગંગા ભેળી થઈ ગ્યાં, આ જોવો ને માનવમે'રામણ હલક્યો છે... મારા આશીર્વાદ છે.. જાવ, દુવારકાને દેવળે ઈ કાળિયા ઠાકરને મારી નમણ્યું પોગાડી દેજો... માગેલ મોતને કાંઈ પાછાં વળાય ?

જામ રણમલ : ના... બાપુ, એમ નૈં જાવા દઉં... કાં તો કઈ ઘો કે તમે વેણ નો'તાં કાઢયાં... ને... આ તો તમે આયખું વે'લું પૂરું કરવા સામેથી માગી લીધેલું મરતક... ને તમે તો સતી તોરલનું ભજન ગાવ છો કે "વચન ચૂક્યા ચોરાશીમાં જાય, જાડેજા ! વચન સંભારી વેલા જાગજો...'

મોરારસાહેબ : જામ !... વાતું થાય... આ જગતને નો પોગાય... કે'શે કે મોરારને મોતની બીક લાગી ને પારોઠનાં પગલાં ભર્યાં.. મોટે ઉપાડે જીવતાં સમાત લેવા તૈયારી કરી'તી.. કંકોતરિયું લખીને તાયફો કર્યો ?

જામ રણમલ : બાપુ ! જગતના બોલવા સામું જોવાય ?? તમે જ ગાયું છે ને !..
"અગનાની બોલે રે, તેના સીયા ઓરતા રે.. જાણે નૈં કોઈ વાતું તણા રે વિચાર.
સાધુ ને થૂલાં રે, તેનાં સીયાં પારખાં રે,
એક છે કાંઈ કંચન ને દૂજા કાચ,
કંચન ને કાચ રે ભેળા કે દી' નહીં ભળે રે,
અંતે જાતાં ઠેરાશે એક સાચ...
અગનાની બોલે રે, તેનાં સીયાં ઓરતા રે..."

મોરારસાહેબ : જાડેજા ! જો જો હો... વળી રાજકાજમાં આવી વાતું તો ભુલાઈ પણ જાય.

જામ રણમલ : ના...ના... બાપુ !... આ વેળા રોકાઈ જાવ... નકર મારા માથાની દુવાઈ છે...

મોરારસાહેબ : અરે ! અરે! જામ !... તમે તો લાખુંના પાલણહાર ઠીક, લ્યો. તમને એક વરસ દીધું.... આવતા વરસના ચૈતર મહિનાની બીજની અવધિ જાવ. તમારો મનોરથ કાળિયો ઠાકર પૂરો કરાવશે... એલા ચરણદાસ ! કાલ સવારે સમાધિના મૂરતે સમાધિના ખાડામાં શ્રીફળ ભંડારી દેજો... હવે એક વરસ પછી વિદાય લેશું....

OOO

ચરણદાસ : ગુરુજી ! આ ટંકારેથી જીવોભગત ખત્રી આવ્યા છે.. એના મનનો મનોરથ છે કે ખંભાલીડા જગ્યાનો ઇતિહાસ લખાય. એને આપના પૂર્વ જીવન વિશેની વાતો જાણવી છે.

મોરારસાહબ : મારું પૂર્વ જીવન ?

ચરણદાસ : હા, બાપ... આપણી રવિ-ભાણ પરંપરા અને "સતગુરુ ભાણસાહેબ'નો ઈતિહાસ તો રવિસાહેબે "ભાણ પરચરિ'માં આપેલો. એમાં "રવિ ચરિત્ર'ના બાકી રહેલા ચાર વિશ્રામ આપના આદેશથી સુંદરદાસજીએ પૂરા કરેલા, પણ એ પછીનો આજ લગીનો ઇતિહાસ બાકી છે. એમાં આપનું પૂર્વજીવન તો આવવું જ જોઈએને !

મોરારસાહેબ : સાધુનાં કુળ ને મૂળ નો પુછાય.

જીવાભગત ખત્રી : સાહેબ ! સતગુરુ દાતા ! કાલ્ય ઊઠીને કોક અમને મેણાં મારશે કે ગરુના ગુણ તો બહ ગાયા પણ એનો સાચો ઇતિહાસ નો જાળવી શક્યા !

મોરારસાહેબ : જીવાભગત ! " કથણી મિસરી ખાંડ હે, રહેણી તાતી તેગ.' જો, આ ચરણદાસે ગંગસાહેબ પાસેથી મારું જીવન આખું સાંભળ્યું છે. એને પૂછી લેજે. ને અટક પડે તે દી' મને પૂછી જાજે.

ચરણદાસ : તો સાંભળો ! જીવાભગત ! આશરે નેવું વરસ પહેલાં. બનાસકાંઠાનું થરાદ ગામ.. એમાં ખાનજી વાઘેલાનું રાજ. એના ઘરમાં બે રાણી.. મોટાં રાણી લખમાજી બા.. ધ્રોલના ભાયાત સણોસરા ગામના જાડેજાનાં કુંવરી. એને ન્યાં એક કુંવરનો જનમ થ્યો.. નામ એનું માનસિંહ. બીજાં રાણીને ન્યાં ત્રણ દીકરા જન્મ્યા- હરભમજી, કરણસિંહ અને આનંદસિંહ. બીજાં રાણીએ થરાદની રાજગાદીએ પોતાના કુંવરને બેસાડવા, પાંચ વરસના માનસિંહની હત્યાનાં કાવતરાં ઘડયાં. નવાં રાણીથી દબાયેલા ખાનજી

વાઘેલા લખમાજી બાને ગંધ આવી ગયેલી ને રાતોરાત દીકરા માનસિંહ અને નાનકડી દીકરીને લઈને ભાગ્યાં..

ooo

લખમાજી બા : વીરા તેજસિંહ ! થરાદથી માનસિંહને મારવા ગમે ઈ ઘડીએ દશ્મનો આવશે.. તમારા સણોસરાના ભાયાતું એની સામે ઝીંક નૈં ઝીલી શકે.. મને કોક આશરો દ્યો એવે ઠેકાણે પહોંચાડી દ્યો..

તેજસિંહ જાડેજાઃ બેનબા ! દહીંસરડા પોગી જાવ તો ન્યાં દેદા રાજપૂતો અડાબીડ અટંકી ને આશરાધરમ પાળનારા છે. ન્યાં ભાણેજ માનસિંહ સલામત રેશે.. ને થરાદવાળા કોઈને તમારા વાવડ નૈ મળે..

ooo

લખમાજી બા : બેટા માનસિંહ ! કરમની કઠણાઈ તો જો ! થરાદની રાજગાદીનો વારસદાર આજ દસ દસ વરસથી ગાયુંનો ગોવાળ થઈને ગામની ગાયું ચારે છે, ને રાત્યે હાથમાં કાંસીજોડા લઈને કીર્તન ગાય છે. બાપ ! તે પંદર વરસનો થ્યો.... હવે કાંઈક બળિયો થઈને લાવલશ્કર ભેળું કર્યું. કાંડાબળિયો થઈને તારા હક્કની રાજગાદી મેળવવા દાખડો તો કર્ય..

માનસિંહ : મા! વિધિના લેખ લલાટે લખિયા હોય ઈ મિથ્યા નો થાય... માડી ! તેં જોઈ લીધોને આ સંસાર ! આમાં કોઈ કોઈનું નથી.. ને મા! તમે ય ઈ કળણમાંથી માંડ છૂટયાં છો, હજી રાજગાદીનો મોહ નથી છૂટતો ??

લખમાજી બા : દીકરા ! કઈ માને એનો દીકરો રાજપાટનો ધણી થાય ઈ જોવાની હોંશ નો હોય? ને તું તો સાચો રાજધણી છો ! તારા હાથમાં કાંસીજોડા નૈ, તાતી તેગ શોભે..

માનસિંહ : મા... બાણું લાખ માળવાનો ધણી ભરથરી, ગોડ બંગાળનો રાજા ગોપીચંદ, મેવાડની રાણી મીરાં... મને કાયમ સપનામાં આવે છે.. માડી ! મારા આતમની ઓળખાણ કરાવે એવા માલમી સદ્‌ગુરુનો ભેટો થઈ જાય ને ! તો.

લખમાજી બા : ના ના. દીકરા ! એવું બોલ્ય મા... આ તારી નાની બેન તેર વરસની થઈ, મારી માથેય હવે પળિયાં આવ્યાં.. (સ્વગત : અરે પરભુડા ! મારા દીકરાને આવે ચાળે કોણે ચડાવ્યો હશે ??)

માનસિંહ : મા. તમને યાદ છે ? લતીપરના ભગત નાગાજણ ને એના ભંડારી રાણીબાઈ રવિ-ભાણની વાણી ગાતાં'તાં. એને ન્યાં અષાઢી બીજના ભજન છે. હું જઈ આવું??

લખમાજી બા : દીકરા ! હું ના પાડું તો ય તું ક્યાં રોકાવાનો? ભજન-સત્સંગની વાત આવ્યે ઘેલો થઈને તું પોગ્યે જ રે' વાનો.. પણ.. જોજે હોં ! સીધો ગિરનારની ગફામાં બેસી જાતો નૈ.

ooo

નાગાજણ : માનસિંહજી દરબાર ! તમે આવ્યા ને અમારો બીજનો જામૈયો તો સુધરી ગ્યો.. આ ખંભાલીડાનો ભરવાડ ભગત વિરમ કે'દુનો મારી વાંહે લાગ્યો'તો કે- ''એકવાર માનસિંહ દરબારને અમારે ન્યાં સત્સંગમાં લઈ આવો..'' એના ગામના જાડેજા દરબારું ય ભાર્યે સતસંગી છે. હાલો ને એક આંટો મારી આવીએ...

માનસિંહ : ભગત ! જાઈએ ખરા પણ એક રાત સારું જ હોં. એને કે'જો મને બહુ તાણ્ય નો કરે. મારી મા ચિંતામાં ને ચિંતામાં અરધી થઈ જાશે...

માનસિંહ : મા ! લતીપરથી હું ભગત હાર્યે ખંભાલીડા ગ્યો'તો... ન્યાં ના જાડેજા દરબારુ સતસંગી છે..ને એના ગામેતી વિરમ ભરવાડ હાર્યે મારે જૂની ઓળખાણ્ય... ન્યાંના દરબારુ તો ક્યે " ભાણેજ ! આયાં વયા આવો.. એક સાંતીની જમીન ને બે ખોરડાં દેશું.. ખેડય કરીને ખાજો.. ને અમને ભજન સંભળાવતા રે'જો..

લખમાજી બા : ના ના. દીકરા ! આટઆટલાં વરસ આ દહીંસરડાના દેદા રાજપૂતોએ આપણને સાચવ્યા... હવે એને મેલીને.

માનસિંહ : પણ મા ! આયાં તો કાયમ મારે એની ગાયું

જ ચારવાની ને ?.. ન્યાં થોડીક ખેતી કરશું તો બેન સારું ઠેકાણું પણ ઠીક મળે. ન્યાંની ધરતી મને ખેંચતી હોય એવં લાગ્યું. માડી ! જો તમને ન્યાં નહીં ફાવે તો પાછા આયાં આવી જાશું...

૦૦૦

નાગાજણ : દરબાર! સારું કર્યું તમે ખંભાલીડા આવી ગ્યા. સાંભળો ! અમારા સતગુરુ રવિસાહેબ કાલ લતીપર.

માનસિંહ : શું કીધું ? રવિસાહેબ લતીપર ?

નાગાજણ : હા, આવવાના છે. હું તમને તેડવા આવ્યો છું. તમે કાયમ એની વાણી ગાવ છો ને? એનો ભેટો કરાવી દઉ.

લખમાજી બા : ભગત ! એને ક્યાંય નથી લઈ જાવો. માંડ માંડ ખેતીકામે ચડયો છે.. તમારે ન્યાં તો કાયમ એવા ભગત- ભારાડી, સાચા-ખોટા સાધુડાં આવ્યા જ કરતા હોય. મારા એકના એક આંખ્યના રતનને ક્યાંય લઈ જાતા એં.

માનસિંહ : મા ! તમે નથી જાણતાં. રવિસાહેબને... સમરથ સિદ્ધ પુરુષ છે. થઈ-થાવીના જાણકાર.

લખમાજી બા : બેટા! તું સાવ ભોળિયો રાજા છો. થોડોક થિર થઈ જા... ભજન-ભગતિની વાંહે આવા ગાંડા નો થઈ જવાય. તં તો રાજબીજ



છો... દીકરા ! તારી આંખ્યુંમાં આંસુડાં ? મારાથી નૈં જોવાય.. ભગત ! લઈ જાવ, પણ... બે દી'માં પાછો પોગાડી દેજો... નકર મારા અન્નજળ હરામ હશ્યે!

રવિસાહેબ : નાગાજણ ભગત! આ માનસિંહ દરબાર.! આવો, આવો, દરબાર ! કાંઈક પૂરવની પ્રીત્યું લઈને આવ્યા છો !

માનસિંહ : બાપુ ! રવિસાબ બાપુ ! મારં મનડું ક્યાં ય માનતું નથી..

રવિસાહેબ : દરબાર ! મનને નાથવાનું નો હોય... વાળી દેવાનું હોય... કેડો બદલાવી નાંખો તો ઈ કેડે ધોડવા મંડે...

માનસિંહ : પણ... સાચો કેડો જડવો જોયેં ને !! મન તો હરાયં ઢોર.

રવિસાહેબ : ઈ હરાયા ઢોરને જો લીલો ચાહટિયો મળી જાય તો ?? પછી ચર્યા કરે ને ભાગમભાગ નો કરે.

માનસિંહ : બાપુ !... મને ઈ કેડો દેખાડો.

રવિસાહેબ : જો દરબાર ! દિવસે આખો દહાડો ખેતી કામમાં મનને જોતરી રાખો, હાર્યે સુરતામાં નામનું રટણ કર્યા કરવું... ને કાં ભજન ગાયા કરવાં... રાત્યે કરવી સાસ-ઉસાસના વચનની સાધના... બસ, હરદામાં હરિને પધરાવી દ્યો... અજવાળાં થાતાં વાર નૈ લાગે...

માનસિંહ : બાપુ ! મારે... મારે... ભેખ લેવો છે...

રવિસાહેબ : ભેખ !... ભેખને થોડીક વાર છે... હા,.. એમ કરો... એક વરસ પછી શેરખી આવજો... ન્યાં લગી મેં કેડી ચીંધાડી એની ઉપર ડગલાં માંડો.

૦૦૦

લખમાજી બા : બેટા માનસિંહ ! હવે તારા સગપણનાં માગાં આવે છે.. બસ, એક જ આશા લઈને બેઠી છું... તારું ઘર બંધાઈ જાય... ને આ બેનકીના હાથ પીળા થઈ જાય.

માનસિંહ : મા... મા... બેનકીના હાથ તો પીળા થાશે

જ પણ પણ...

"ભૈયા ! મેરો મનવો ભયો હે વેરાગી.
મારી લે' તો ભજનમાં લાગી..
- મૈયા ! મેરો મનવો ભયો હે વેરાગી...૦
સંસાર વે'વાર હું સરવે વિસરિયો,
હું તો બેઠી સંસારિયો ત્યાગી,
કામ ને કાજ મને કડવાં રે લાગે,
મારા મનડાંની મમતા ભાગી..
મૈયા ! મેરો મનવો ભયો હે વેરાગી...૦
મંતર સજીવન શ્રવણે સુણિયો,
માંહી મુરલી મધુરી ધૂન વાગી,
માનદાસ ક્યે મું ને રવિ ગુરુ ભેટયા,
ભગતિ ગુરુ ચરણે મેં માગી...
મૈયા ! મેરો મનવો ભયો હે વેરાગી...૦

માડી ! મં ને રજા દઈ દે... મારે શેરખી જાવું છે. મારા આતમના ઓધાર સદ્‌ગુરુ રવિસાયબના શરણે...

લખમાજી બા : (રુદન કરતાં..) રજા !... કેમ રજા દઉ દીકરા ?... તું ભેખ લઈ લે તો પછી અમારું કોણ ?

માનસિંહ : મા !... આપણી માથે તો બેઠો છે હજાર હાથવાળો... કીડીને કણ ને હાથીને મણનો દેનારો... ઈ તમને દુઃખી નૈ થાવા દ્યે.. ને હું જીવતો હઈશ ન્યાં લગી તમને ઊની આંચ નેં આવવા દઉં...

૦૦૦૦૦૦

ચરણદાસ : જીવા ભગત ! ને આમ માનસિંહ દરબાર ઊપડયા શેરખી. આત્મસાધનાની ભઠ્ઠીમાં તપીતપીને લાલચોળ થઈ ગયેલા લોઢા જેવા "હું 'ને "મારું 'એવા બે કટકા ઉપર સતગુરુએ ઘણનો ઘા માર્યો.. ભેખના ખલકો ને ટોપી પહેરાવ્યાં.. ને નામ દીધું મોરારદાસ... પછી આદેશ દીધો કે - " જાવ પાછા ખંભાલીડે.. ધરમની ધજા બાંધીને માની સેવા કરજો, ને અભ્યાગતને આશરો દેજો......"
"તયેં મોરારે ગુરુના ચરણ પકડી લીધા... ને બોલ્યા -

૦૦૦

મોરારદાસ : ગુરુજી ! આમ તરછોડો મા. માંડ મુંને ઠરવાનું ઠેકાણું મળ્યું છે... હું તમારા ચરણને છોડીને ક્યાંય જાવાનો નથી..

રવિસાહેબ : મોરાર ! ગુરુ શરણભાવની વાતું કરો છો ને ! આટલી મમત ? ખંભાલીડાની ધરતીને માથે તમારે સતનાં વાવેતર કરવાનાં છે.. આ મારો આદેશ છે...

મોરારદાસ : તો એક વચન ઘો... ગુરુ મહારાજ ! ઈ ધરતીમાં આખર વેળા સમાવાનું.... ને મારી આખર વેળા તમારા ચરણમાં ધરણી ઢંક થાવાની રજા.......

રવિસાહેબ : મોરાર ! તેં તો મને બાંધી લીધો બાપ !.. જા, આખરવેળા તારે ન્યાં આવીશ... ખંભાલીડા તો એક દી' તીરથધામ થાશે..

૦૦૦

ચરણદાસ : જીવા ભગત ! ને આમ માનસિંહ દરબારમાંથી મોરારદાસ થયેલા આપણા "ગુરુ મોરારસાહેબ આવ્યા પાછા ખંભાલીડા. એને કંઠેથી વાણીની સરવાણી વે'તી થઈ.

"સદ્‌ગુરુ શબદે રે, સતવ્રત સાધીએ રે,આરાધીએ અંતર આતમરામ,
નામને નિશાને રે, નિજ મન રાખીએ રે,ધીરજ ધારણા એ નિજ ધામ.
ભજનને ભરોંસે રે, નર નિરભે હૂવા રે,
એને કાંઈ કરમ ન લાગે કાળ,
અમ્મર હુવા રે, આપુંને ઓળખી રે,
નૂરિજન નજરોનજર નિહાળ.'

જીવારામ : ચરણદાસજી ! સતગરુ રવિસાહેબે તો નૂરત-સુરતની નિર્ગુણ-નિરાકારની સાધના દેખાડેલી.. એમાંથી આ ગોપીવિરહ ક્યાંથી આવ્યો?

ચરણદાસ : જીવારામ ! રવિસાહેબેય પ્રેમલક્ષણા ભક્તિ ઓછી નથી ગાઈ..પછીનું તો તમે જાણો છો. આતમજ્ઞાન પામીને મોરારસાહેબની સુરતામાં હરિ સંધાણા. પૂરવ જનમની પ્રીતું

પાંગરી, ને પ્રેમલક્ષણા ભક્તિનાં પરજ ઢાળનાં વિરહ પદો એના કંઠમાંથી વહેતાં રહ્યાં.

*“લાવો લાવો કાગળિયો ને દોત,*
*લખિયેં હરિને રે,*
*એવો શિયો રે અમારલો દોષ !*
*પાછો ફેરો ન આવ્યાં ફરીને રે..’*

ooo

*“મારું ચિત્તડું ચોરાયલ કે,*
*મારું મનડું હેરાયલ રે,*
*કોડીલા વર કાન સે રે..*
*હરિ વિના વાધેલ હે જી વાધેલ વ્રેહ - વેરાગ રે,*
*ઓધાજી ! વાતં કે’ને અમે કહીએ ?*
*પ્રીતું છે પૂરવની, હે જી નવિયું નથી મારા નાથજી રે, મેં વારી જાઉં*
*છોડી નવ છૂટે, હો મર મર જાય શરીર રે*
*ઓધાજી ! વાતું કે’ને અમે કહીએ ?’*

ooo

*“કે’જો રે સંદેશો ઓધા શ્યામને..*
*અમને તમારો છે આધાર રે,*
*નીરખ્યા વિના રે મારા નાથજી !*
*સૂનો લાગે છે સંસાર જી*
*જળ વિછોયાં જેમ માછલો,*
*જળમાં રિયે સુખ થાય જી,*
*દન દન દુઃખડાં અતિ ઘણાં રે,*
*આ અગનિ કેમ રે ઓલાય જી*
*- કે’જો રે ! સંદેશો ઓધા શ્યામને..’*

જીવારામ : ચરણદાસજી ! પછી તો રવિસાહેબે આ ધરતીમાં જીવતાં સમાધિ લીધી, લખમાજી બા પણ આયાં જ પોઢી ગ્યાં. ગુરુજીએ બહેનબાને સાસરે વળાવ્યાં, ને તમે સાંભળ્યું એમ મરતકને એક વરસ પાછાં ઠેલ્યાં.

**મોરારસાહેબ : તવારિખ**

(મોરારસાહેબ - જીવનધારા...(૧) ઈ.સ.૧૭૫૮,વિ. સં.૧૮૧૪ મોરાર સાહેબનો (થરાદના માનસિંહજી વાઘેલા) જન્મ. રવિસાહેબ પાસે દીક્ષા : ૨૧ વર્ષની વયે ઈ.સ.૧૭૭૯ વિ.સં.૧ ૮૩૫. “ચિંતામણિ’ રચના ૮૧ વર્ષે ઈ.સ.૧૮૧૯/ વિ.સં.૧ ૮૭૫

(૨) ઈ.સ.૧૭૮૬,વિ.સં.૧૮૪૨ મોરારસાહેબ દ્વારા ખંભાલિડા ગામે જગ્યાની સ્થાપના શિલાલેખ વિ.સં.૧૮૪૩ નો છે.

(૩) ઈ.સ.૧૮૦૪, વિ.સં.૧ ૮૬૦ રવિ સાહેબ-સમાધિ ૭૭ વર્ષની વયે. વાંકાનેરથી પાલખીમાં આવ્યા. સમાધિ-ખંભાલીડા ગામે. કારતક સુદ ૧૧ વિ.સં. ૧૮૮૦

(૪) ઈ.સ.૧૮૪૭,વિ.સં.૧૯૦૩ જામનગર મુકામે જામ રણમલ દ્વારા મંડપ.’યદુવંશ પ્રકાશ’ જામનગરનો ઇતિહાસ પૃ.૩૦૮.

(૫) ઈ.સ.૧૮૪૮,વિ.સં.૧૯૦૪ મોરારસાહેબ દ્વારા જીવતાં સમાધિ . ચૈત્ર સુદ ૨


“મોરાર પરચરી’ જીવાભગત ખત્રીની હસ્તપ્રત મુજબ. ( રચના : ઈ.સ.૧૮૭૪,વિ.સં.૧૯૩૦ ફાગણ સુદ ૧૩ સોમવારે)

સાંપ્રદાયિક અન્ય પુસ્તકોમાં ઈ.સ.૧૮૪૯-વિ. સં.૧૯૦૫ સમાધિ સમય નોંધાયો છે.

(શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર, બ્રહ્મર્ષિ, ગોપાલભૂષણ, સારસ્વત સાહિત્યરત્ન )

Web site : www.ramasagar.org
Email : satnirvanfoundation@gmail.com

*આનંદ આશ્રમ, સંત સાહિત્ય સંશોધન કેન્દ્ર,*
*ગૌસેવા - ગોસંવર્ધન ગોશાળા, મુ.પો. ઘોઘાવદર,*
*તા.ગોંડલ, જિ.રાજકોટ ૩૮૦ ૩૧૧*
*મો. ૦૯૮૨૪૩ ૭૧૯૦૪*



# એકાંકી નાટક : સાંજ

*- યામિની વ્યાસ*

**પાત્રો**

વૃદ્ધ-૧ : (દાદા) પ્રફુલ્લભાઈ
વૃદ્ધ-૨ : (દાદી) કલાબેન
વૃદ્ધ-૩ : હરિભાઈ (હરિદાદા)
યુવતી : અનેરી
યુવક : (મિત્ર) સાહિલ
યુવતી : (સહેલી) આરોહી
યુવક : ૧
મમ્મી
પપ્પા

**(દૃશ્ય-૧)**

સ્થળ : 'નિરાંત' વૃદ્ધાશ્રમ

દૃશ્ય રચના : મંચ પર વૃદ્ધાશ્રમનો ઓરડો, ને દર્શક વિંગમાં બહારનો રસ્તો

સમય સવારનો, વૃદ્ધાશ્રમમાં રહેતા પ્રફુલ્લભાઈ પ્રાણાયમ કરતા હોય, એમની સાથે વૃદ્ધાશ્રમમાં જ રહેતાં પત્નિ કલાબેન માળા કરતાં હોય, બીજા એક વૃદ્ધ હરિદાદા સુતા હોય.

(ધીમું સંગીત...)

પ્રફુલ્લ(દાદા) : (પ્રાણાયામ પૂરાં કરતાં) હાશ, સરસ સવાર શરૂ

કલાબેન(દાદી) : હર હર મહાદેવ ૐ નમઃ શિવાય ! આજે સોમવાર, મારા શંભુભોળાની માળા થઈ ગઈ. સહુનું કલ્યાણ કરજે ભોળાનાથ,(નિરાશાથી) તારાં દર્શને આવવાની હવે નથી શક્તિ રહી કે નથી સંજોગો, ઘરેબેઠાં જ તારી ભક્તિ કરું છું. સ્વીકારજો

દાદા : ઘર! હા ઘર તો ખરું જ ને! આ જ આપણું ઘર

દાદી : મરીએ ત્યાં સુધીનું આ જ આપણું આશ્રયસ્થાન, હવે બહોત ગઈ ને થોડી રહી.

દાદા : હોય કાંઈ ! થોડી ગઈ ને બહોત રહી, એમ કહેવાય.

દાદી : બસ હવે ! બુઢ્ઢા તો છો!

દાદા : બુઢ્ઢા હોગા તેરા બાપ,અભી તો મૈં જવાન હું.

દાદી : ચાલો હવે ! નથી સારા લાગતા !

દાદા : તો દીકરો ન રહ્યો તો શું થઈ ગયું? હું છું ને, ચારો ધામ શું જેટલા ધામ હોય એની યાત્રા કરાવીશ.બસ

દાદી : (આંખ ભીની, કંઈક બોલવા જાય ત્યાં..)

દાદા : નાઉ નો રોનાધોના, નહીં તો સ્વર્ગવાસી દીકરો દુઃખી થશે..
અરે, આ હરિઓ હજી સૂતો છે, આજે તો એનો જન્મદિવસ છે(ઉઠાડે) એય હરિયા ! હેપી બર્થ ડે, ઊઠને ભાઈ.

હરિદાદા : ઊંઘવા દેને, મોડે સુધી જાગતો જ હતો, માંડ આંખ લાગી છે.

દાદા : હા હું તો ભૂલી જ ગયો રાતે બાર વાગે તારા વહાલા દીકરાનો ફોન આવવાનો હતોને? એટલે..એય ને આ વર્ષે કેક લઈને પણ આવવાનો છેને?

હરિદાદા : (બેઠા થાય)ના પ્રફુલ્લભાઈ ના. બહુ મન મનાવ્યું, બહુ ગપ્પાં માર્યાં,બહુ ડંફાંસો મારી. મારો કોઈ દીકરો આવવાનો નથી કે નથી એનો ફોન ...તમને બધાંને હંમેશાં જુઠ્ઠું કહેતો રહ્યો, તેઓ તો મારુ મોઢું પણ જોવા માંગતા નથી. મારી પત્નીના અવસાન પછી તો મને કાઢી જ મૂક્યો છે.આજે નહીં તો કાલે, આ વાત તમને ખબર તો પડવાની જ હતી. તમે તો વર્ષોથી અહીં છો ! મારે માંડ ત્રણ ચાર મહિના..

દાદી : તો તમે કોઈ કોઈ વાર ફોનમાં વાત કોની સાથે કરતા હતા?



હરિદાદા : એ તો કૉલેજના છોકરાઓ આવે છેને આપણને મળવા, એમાંથી એક છોકરોને કહ્યું હતું, કે ભાઈ કયારેક ફોન કરજે, ગમશે. એ કાલે ૧૨ વાગે કરવાનો હતો પણ બિચારો ભૂલી ગયો હશે. આપણા જ આપણા ના રહે તો.. ને આ બધા તો આપણું કેટલું ધ્યાન રાખે છે.. બર્થડે તો ઠીક મારા ભાઈ (આંખમાં પાણી)

(કેક લઈને અનેરી, સાહિલ અને આરોહીની એન્ટ્રી.. લાઉડ મ્યુઝિક)

સાહિલ : હરિદાદા કમોન, હેપી બર્થડે તો યુ. (બધાં ખુશીથી ઝૂમી ઊઠે. )

આરોહી : સાહિલ ! કેન્ડલ નથી?

સાહિલ : ના ! આ હરિદાદાની ખુશી માટે છે. એ બુઝાવીને નહીં, પરંતુ પ્રગટાવીને સેલિબ્રેટ કરીએ. કલાબા ! દીવો આપોને. (કલાબા દીવો આપે, આરોહી પ્રગટાવે. સહુ તાળી પાડે. હેપી બર્થડે મ્યુઝિક)

સાહિલ : નાઉ લેટ્સ ડાન્સ..(મોબાઇલમાં મ્યુઝિક મૂકે. હ દાદા, પ્ર દાદા ને દાદીને પણ એમાં સ્નેહથી પકડીને શામિલ કરે. (પ્રફુલ્લ દાદા ઓ મેરી જોહરે ઝબી, તુઝે માલૂમ નહીં.. ગીત પર કલાબાને ખેંચી ડાન્સ કરે. બધાં ખુશમિજાજ, ફક્ત અનેરીનો બહુ મૂડ ન હોય.)

આરોહી : ગિફ્ટ ફોર યુ હરિદાદા (પુસ્તકની ગિફ્ટ આપે !)

હરિદાદા : (આભારવશ) thank you દીકરાઓ, હું શું આપી શકું? તમે દાદા કહો છો પણ મારી પાસે તમને આપવા કાંઈ નથી. મારી પાસે તો...

સાહિલ : છેને, ખૂબ છે.

આરોહી : આપની પાસે એક્સપિરિયન્સ, આઈ મિન અનુભવોનું ભાથું છે,કોઠાસૂઝ છે, દાદા ઘણી વાર થોથાસૂઝ ના કામ લાગે ત્યાં કોઠાસૂઝ કામ લાગતી હોય છે. આ પુસ્તક વાંચી અમને સમજાવવાનું છે. તમારી કોઠાસૂઝ મુજબ શબ્દોમાં.

સાહિલ : ને ફિકર નહીં કરો દાદા, આ પુસ્તક લાઈબ્રેરીનું છે. ૧૮ દિવસમાં પરત કરવાનું છે, પછી અમે બીજાને આપીશું.

પ્રફુલ્લદાદા : આ ખૂબ સરસ વાત પણ, અમને બધાંને આપશો, તો તમને કોઈ પુસ્તકની જરૂર હશે તો તમે ક્યારે વાંચશો?

આરોહી : ઓ દાદા ! અમે બધાંએ અમારા પૉકેટ મનીમાંથી લાઈબ્રેરીની ડ્યુઅલ મેમ્બરશિપ લીધી છે, એક અમે વાંચીએ ને એક આપ બધાં માટે.

પ્રફુલ્લદાદા : ગ્રેટ, ખૂબ આગળ વધો દીકરાઓ.

દાદી : લ્યો આ પ્રસાદ લેતાં જાઓ. (બધાંને પ્રસાદ આપે, અનેરીને બતાવી) આ દીકરી, કેમ બોલતી નથી? પહેલી વાર આવી, કેમ?

આરોહી : (અનેરી સામે જોઈને) હા, દાદી ! બીજીવાર આવશે ત્યારે એટલું બોલશે કે મોઢું બંધ કરાવવું પડશે. (અનેરી પરાણે સ્મિત આપે)

સાહિલ : ઓકે બાય દાદા દાદી કૉલેજનો ટાઇમ થઈ ગયો. ફરી મળીશું. (બધાં આવજો કરીને નીકળે)

હરિદાદા : પોતાનો પુત્ર કુપુત્ર નીકળે ત્યારે ભગવાન પણ આવા દેવદૂતોને મોકલી પોતાની ભૂલ સુધારી લેતો હોય છે.

પ્રફુલ્લદાદા : સાચી વાત કરી, કેવાં મીઠડાં છે આ યુવાન-યુવતીઓ ! આટલી ઉંમરે પોતાનામાં મસ્ત રહેવાને બદલે આપણા માટે સમય ફાળવે છે.

દાદી : બહુ નાનાં છે તોય કેવાં વ્હાલાં! આપણો છોકરો હોત તો એને ત્યાં પણ કદાચ આવડાં છોકરાં હોત!

પ્રફુલ્લદાદા : કેમ હરિ. (ગળે વળગાડતાં) આજે ઊજવાયોને તારો બર્થડે!! કેમ!

હરિદાદા : ચાલ ગિફ્ટમાં તું ને કલાબેન એક ગીત સંભળાવી દો.

પ્રફુલ્લદાદા : અરે, તું ના કહે તો પણ..ચાલ કલા (જૂનું હિન્દી સોન્ગ) (અંધકાર)

**(દૃશ્ય-૨)**

(વૃદ્ધાશ્રમની બહાર રસ્તે,આ ત્રણેય પરત ફરતાં..)

સાહિલ : કેમ અનેરી ! તને મજા નહિ આવી?

આરોહી : ના જ પાડતી હતી , હું એને ખેંચીને લાવી.

અનેરી : યાર ! મેં ના પાડી હતીને, તમને! યાર આઇ લવ સોશિયલ વર્ક બટ, આઇ હેઇટ ઓલ્ડીઝ!

સાહિલ : કેમ ભાઈ કેમ?

આરોહી : મેં તને પૂછ્યું ત્યારે તું ખુશી ખુશી ગ્રૂપમાં જોડાઈ હતી, આપણો મોટો જ લોકોના ચહેરા પર ખુશી લાવવાની છે. ને જો આ પ્રફુલ્લદાદાને કલાદાદીનો એકનો એક દીકરો વરસો પહેલાં એક્સિડન્ટમાં મૃત્યુ પામ્યો હતો, હવે ઘરડાં થયાં હવે કોઈ એમને જોનાર નથી ને આ

હરિદાદાના છોકરાની એઓ રોજ રાહ જુએ, પણ કદી આવ્યા નથી.

અનેરી : આઈ નો બટ..આઈ રિયલી ડોન્ટ નો વાય.. વાય આઈ હેઈટ ધીઝ ઓલ્ડ પીપલ.યાર સાચું કહું? રિંકલવાળા ફેઈસ, રીંકલવાળા હાથ, ખોંખારો ખાયા કરે, મે બી ગમે ત્યાં થૂંકે એમની ટિપિકલ હેબિટ્સ હોય, આપણા જનરેશનને સમજે નહિ. વળી બોલ બોલ કર્યા જ કરે. હમારે જમાને મેં... બ્લા બ્લા બ્લા..ને પેલા બીજા દાદા,.. દાદીવાળા.. કેવું ચાલતા'તા લાકડી લઈને... ઠુચુક, ઠુચુક (એક્શન કરી બતાવે)

સાહિલ : નો અનેરી ધે આર વેરી ક્યુટ. તારે દાદા-દાદી હોત તો ખ્યાલ આવત.

અનેરી : આઇ ડોન્ટ નો, હું શું કરત પણ હું જન્મી પણ નહોતી ને પપ્પાએ એમનાં મમ્મી-પપ્પા ગુમાવેલાં. નો નેવર, હું બીજી વાર નહિ જ આવું, આ તો આપણા ક્લાસની નજીક છે તે આરોહીએ કહ્યું એટલે ચાલો તમારી સાથે જોઇન થાઉં એમ કરીને આવી.

આરોહી : તો બોલો મેડમ ! તમારે કોની સમાજસેવા કરવી છે ?

સાહિલ : યસ જરા હમ ભી તો સુને !

અનેરી : અરે સ્વીટ કિડ્સ હોય,કે ક્યુટ ડોગ્સ હોય ઈવન બ્લાઈન્ડ્સ ..એટ લિસ્ટ બ્લૅક સનગ્લાસ પહેર્યા હોય એટલે... સારા લાગે.

સાહિલ : (હાથ જોડી) અનેરી મેમ સોરી, હમારે ખયાલાત બિલકુલ મિલતે ઝૂલતે નહીં હૈં.

આરોહી : ચાલો છોડો, ક્લાસનો ટાઇમ થઈ ગયો.

અનેરી : (સાહિલને) લંચ બ્રેકમેં અગર પિત્ઝા કે ખયાલત મિલે તો આ જાના, મેરી ઓર સે પાર્ટી...

આરોહી : હરિદાદા કી??

અનેરી : (ચિડાઈને)જો ભી સમજો.

(ત્રણેય જાય)

(અંધાર)

**(દૃશ્ય-૩)**

(સમય લગભગ રાત્રે સાડા અગિયાર, વૃદ્ધાશ્રમના બહારના રસ્તા પર અનેરી મોબાઈલ પર વાત કરતી પસાર થાય.)

અનેરી : ડોન્ટ વરી આરોહી, હું ઘરે પહોંચી જઈશ, યાર આપણે છૂટાં પડ્યાં એ પછી સાહિલની બાઈક બગડી ગઈ, એ પણ શું કરે? બિચારો બાઈક ઘસડીને ચાલતો તો, મેં જ એને કહ્યું- ઘરે જા, નજીક તો છે. હા હા સ્યોર ! પહોંચીને ફોન કરું છું. બાકી મુવી મસ્ત, હેં ને..! બાય.

(અચાનક સામેથી કોઈ મવાલી આવે. અનેરીને પકડી છેડછાડ કરે, અનેરી ચીસાચીસ કરે, તરત લાકડી ઠોકતા પ્રફુલ્લ દાદા આવે. એ પણ બૂમાબૂમ કરે, પેલો મવાલી ભાગી જાય. કલાબા અને હરિદાદા પણ આવે, અનેરીને અંદર લઈ જાય.)

કલાબા : અરે ! આ તો આજે આવેલી તે (વહાલથી છાતીએ વળગાડે, હાથ ફેરવે, શાંત પાડે.)

પ્રફુલ્લદાદા : દીકરી ! શું નામ બેટાં?

અનેરી : અનેરી,થેંક યુ દાદા, તમે ના હોત તો?

પ્રફુલ્લદાદા : અરે અમે હોઈએ તો અમારી દીકરીને કોઈ હાથ તો લગાડે પણ દીકરા આટલા મોડા એકલા નહીં જવાનું. ચાલ, પપ્પા-મમ્મીને ફોન કરી દે, તને લઈ જાય.

અનેરી : મમ્મી પપ્પા તો અમેરિકા ગયાં છે, મારે લાસ્ટ ઈયર સ્ટડી ચાલું એટલે હમણાં અહીં જ છું.

કલાબા : અહીં ફાવશે તો કંઈ વ્યવસ્થા કરીએ?

અનેરી : ના દાદી મોર્નિંગ ક્લાસ હોયને! ખૂબ નજીક ઘર જ છે.

પ્રફુલ્લદાદા : તો આપણા વૉચમેનને એની વાઈફ અહીં જ રહે છે. તને મૂકી જાય.

અનેરી : ઓકે (હાથ જોડે) Thanks a lot.

(ક્ષણિક અંધકાર)

**(દૃશ્ય-૪)**

સ્થળ : નિરાંત વૃદ્ધાશ્રમ

(દાદા દાદી બેઠાં હોય, અનેરી ત્યાં પહોંચે)

દાદા : આવ બેટા.

દાદી : આજે તારાં મિત્રોના આવ્યા?

અનેરી : ખબર નહીં, હું તો આવી ગઈ. તેઓ કદાચ મોડા આવશે, હું તમારા માટે કંસાર લઈને આવી ! લ્યો દાદા ભાવે?

દાદા : કેમ નહીં, દીકરી ! મને તો બહુ ભાવે તને કેવી રીતે ખબર?

દાદી : મને તો તમારા જેવાને કંસાર જેવી વાનગી ખબર છે એ જાણીને જ બહુ આંનદ.

(બન્ને ખાય, દરમિયાન સાહિલ, આરોહી આવે, અનેરીને જોઈ તેમને નવાઈ લાગે)

આરોહી : કયા બાત, સરપ્રાઈઝ, તું અહીં?

અનેરી : કેમ ના અવાય? લે કંસાર ખા.

સાહિલ : તને કઈ રીતે આવડે એ પણ કંસાર?

દાદી : કંસાર સારી શરૂઆત માટે બને. આપણી પણ દોસ્તીની શરૂઆત જ ને? આપણો પણ દોસ્તીનો સંસાર

અનેરી : હા દાદી એટલે જ, ગૂગલ પર સર્ચ મારી બનાવ્યો. ઓલ્ડીઝનું ફેવરિટ હોય... (જીભ બહાર કાઢી) ઓલ્ડીઝ બોલવા બદલ સૉરી સૉરી, લ્યો તમે પણ માય ફ્રેન્ડસ (આરોહી સાહિલને આપે)

સાહિલ : (મોઢામાં મુકતાં જ omg આ શું છે ખારું ખારું?

આરોહી : દાદા દાદી તમે કેવી રીતે ખાઈ શકો છો, ખાંડ ને બદલે મીઠું નાખ્યું છે બેને?

દાદા : બેટા, સ્વાદ નહીં અમે છોકરાઓના વ્હાલનાં ભૂખ્યાં છીએ.

અનેરી : (ચાખીને) સોરી સોરી, દાદા દાદી પાસેથી ડિશ લઈ લે. મને તમે શીખવશો દાદી?

દાદી : કેમ નહીં?

સાહિલ : પછી શીખજે, હમણાં ચાલ કૉલેજ.

અનેરી : તું ને આરોહી જાઓ, હું આવું છું, મારો પહેલો પિરિયડ ફ્રી છે.

બન્ને : (ખુશ થતાં) ઓકે... પછી આવી જજે.

અનેરી : ચાલો દાદી પહેલો પિરિયડ... ટ્રેનિંગ શરૂ, કેટલા દિવસનો કોર્સ?

દાદી : હા, પણ ભણવાનું બગાડીને નહીં !

અનેરી : ડન.

(મન્ચ પર ચારેક મોંટાજિસમાં દાદી વિવિધ રેસિપી સમજાવે, લખાવે, સીવણ, ભરતગૂંથણ, અથાણાં વગેરે શીખવે, અનેરી દાદાને મોબાઈલમાં ગૂગલ અને વિવિધ એપ્સ શીખવે. માઈમિંગથી બતાવી શકાય. વચ્ચે વચ્ચે જુદો જુદો સમય - દિવસ બતાવતું મ્યુઝિક)



અનેરી : જુઓ, પછી લોટ બાંધી કેટલી મિનિટ રહેવા દેવાનો?

કેટલા ઝીણા સમારવાના?..

★

દાદી : પછી આથો લાવવાનો.

જીરાનો વઘાર કરવાનો.

ચાર આંગળ પાણી નાખવાનું?

અનેરી : એટલે?..

★

અનેરી : બા ! આ ટાંકાનું શું નામ? કચ્છી ટાંકો કેમ આટલો એટ્રેક્ટિવ લાગે?

દાદી : જો બેટા, આ સામ સામે દોરા લેવાના, ને આ જો પતંગના વધેલા દોરાથી મેં આસનિયું બનાવેલું તે રોજ માળા કરવા બેસું ત્યારે પાથરું....

★

અનેરી : દાદા ! આને બ્લૂ ટુથથી જોડી દેવાનું !

દાદા : પછી આમ સેવ થાય?

દાદી : (હસતાં)ના ગાંઠિયા થાય...

★

(દાદી અનેરીના માથામાં વહાલથી તેલ નાખી દેતા હોય ને)

અનેરી : (હાથ પકડી)દાદી ! તમારા રિંકલવાળા હાથ બહુ ગમે...

(અંધકાર)

**(દશ્ય-૫)**

સ્થળ : નિરાંત વૃદ્ધાશ્રમ

(અનેરી આવે)

દાદા દાદી : આવ બેટા ! કૉલેજથી આવી?

અનેરી : ના, બીજું કામ હતું. કૉલેજમાં એવું બોરિંગ લેક્ચર હતું. જવા દો. એક ઈમ્પોર્ટન્ટ વાત કરવાની છે. તમને ઈનવાઈટ કરવા આવી છું.

દાદા : તારો કૉલેજ ગેધરિંગનો ડાન્સ જોવા પાછી લઈ જવાની છે?

અનેરી : ઓ દાદુ, તમને નહીં ગમેલો?

દાદી : અરે, શુ તમે પણ, એને ચીડવો છો? એ તો અમથા છે, અહીં બધાંને કહી વળેલા, આજે

મારી દીકરીનો ડાન્સ જોયો. અપ્સરા જેવી મારી અનેરી.

અનેરી : ઓકે ! તો સારું દાદુ, પણ કાલે મારી બર્થડે છે માટે તમારે ને દાદીએ આવવાનું છે.

દાદી : બેટા તને ના કંઈ પડાશે? પણ ..

દાદા : અને પરમિશન તો તું લઈને જ આવી હશે અમારી મૅનેજમેન્ટમાંથી? પણ અમને ઘરડાંને રહેવા દે, અમારા આશિષ તારી સાથે જ છે. તારા મિત્રો સાથે પાર્ટી કર.

અનેરી : નહીં, દાદા દાદી, તમારો સામાન જે હોય એ લઈ લેજો, તમને વાંધો ન હોય તો હું તમને દત્તક લેવા માંગું છું. બધાં પેપર્સ તૈયાર છે, પરમિશન મળી ગઈ છે, તમારી હા ખાલી બાકી છે, તમારે દીકરી નથી ને મારે દાદા-દાદી નથી, તો બસ, હવે એક અક્ષર નહીં સાંભળું. માની જવાનું છે.

દાદા : બેટા ચાલ, પાર્ટીમાં ચોક્કસ આવીશું. પણ દત્તક....કાયમ તો...કેમ અવાય?

અનેરી : (બન્નેને વહાલ કરી ) હું કંઈ ના જાણું, જાઉં છું, જાઉં છું, જાઉં છું. (ક્ષણિક અંધકાર)

**(દશ્ય - અંતિમ)**

મંચના ખૂણામાં એક ઘરનો રૂમ બતાવી શકાય. (પાર્ટીની તૈયારી, સાહિલ, આરોહી, અનેરી ટેબલ પર ૨ કેક ગોઠવે છે, એક હેપી બર્થડે અનેરી ને બીજો વેલકમ દાદા દાદી, દાદા દાદી આવે,અનેરી પગે લાગે)

દાદી : બહુ નજીક છે, બેટા ! તારું ઘર !

અનેરી : તમે પણ તો નજીક છો, મારી કૉલેજ નજીક પડે એટલે અહીં one bhk લીધું છે. હવે તમે આવી ગયા એટલે મોટા ઘરે રહેવા જઈશું.

સાહિલ : પહેલાં કયો કેક કાપીશું?

અનેરી : ઑફકોર્સ, વેલકમ દાદા-દાદીવાળો !
(દાદા દાદી.. ના ના કરતાં થોડા ખંચકાટ સાથે કાપવા જાય ત્યાં જ બેલ પડે, અનેરી બારણું ખોલવા જાય, એના મમ્મી,-પપ્પા દીકરીને સરપ્રાઈઝ આપવા ફોરેનથી આવે, વળગી પડે)

અનેરી : (બહારથી જ કહે) હું તમને સરપ્રાઇઝ આપું (અંદર જાય)

અનેરી : દાદા-દાદી, આ મારાં મમ્મી પપ્પા(પોતાના જ દીકરા-વહુને જોઈ અને મમ્મી પપ્પા એમનાં મા બાપને જોઈને અવાચક થઈ જાય)

દાદા : (અનેરીને) બેટા માફ કરજે, ચાલ કલા.

અનેરી : પણ કહો તો ખરા

પપ્પા : મા, બાપુજી (પગે લાગવા જાય)

દાદા : ના, નહીં.

મમ્મી : માફ કરી દો. મા બાપુજી, હું જ ગુનેગાર છું, એકલા રહેવાના મોહમાં ને ફોરેન સેટ થવાનાં અભરખામાં અનેરીના જન્મ પહેલાં જ તમને દૂર મોકલી દેવાની મેં જીદ કરેલી, નહિ તો હું આત્મહત્યા કરીશ એવી ધમકી આપેલી.

પપ્પા : એ ભૂલ અમને આખી જિંદગી સતાવતી રહી.

અનેરી : ઓહ ગોડ! (મંચ પર દાદા-દાદી એક ખૂણે ને મમ્મી પપ્પા એક ખૂણે, વચ્ચે અનેરી... એને કાંઈ સમજાતું નથી કે શું કરવું)

મમ્મી : (રડતાં)માફીને લાયક નથી છતાં... વીનવું છું, રહી જાઓ,

પપ્પા : હા બાપુજી, મા, સાથે રહીએ, અમે પણ અનેરીને ફોરેન લઇ જવાને બદલે, અહીં જ રહેવા વિચારીએ છીએ. અમારી પણ સાંજ ઢળવાની.


અનેરી : ઓહ ગોડ.. એકબીજાને મન જીવતાં જ નથી એઓ તો ...અહીં જ છે!

દાદા : (માનો જીવ જરા ખેંચાય એ જોતાં) ચાલ કલા

અનેરી : પણ આ સાંજને રોકો કોઈ... (આખરે દાદા-દાદી પાસે દોડી જાય)(ગીત વાગે : તપી ગયેલાં સૂરજને ટોકો કોઈ, વહી જતી સાંજને રોકો કોઈ)

(પડદો)

*ઈ-૬-બી, પાલ્મ એવન્યુ,*
*નંદનવન-૨ની બાજુમાં, વ્હાઈટ હાઉસ સામે,*
*વીઆઈપી રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭*
*મો. ૯૯૨૫૧૯૫૨૩૯*



# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

**મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું**

- ❒ ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ❒ ગુજરાત વસ્યું લોકહૈયે...

**કારણ ?**

- ❒ સામયિકની લોકાભિમુખ નીતિ,
- ❒ સરકારનું નહિ, સાડા છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

**જેમાં,**

- ❒ નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- ❒ અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

**પરિણામ ?**

- ❒ લોકોનો અદમ્ય ઉત્સાહ,
- ❒ વાચકોનો અસરકારક પ્રતિભાવ,
- ❒ વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

**અને ફેલાવામાં અગ્રહરોળ ?**

- ❒ ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં સામયિકોમાં અગ્રેસર ફેલાવો...!
- ❒ સમસ્યા અને સંવેદનાની વાતો...
- ❒ જન કલ્યાણની યોજનાની વાતો...
- ❒ લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- ❒ કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો.

**ગુજરાત પાક્ષિકની PDF**
www.gujaratinformation.gujarat.gov.in
**લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય**
માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫
ઈ-મેઈલ : gujaratmagazine@gmail.com
વેબસાઈટ : www.gujaratinformation.gujarat.gov.in



**● લવાજમ ●**
કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે


છેલ્લામાં છેલ્લી વાત લઈને આવે છે આપના સુધી...

ઘટનાઓની વણઝાર વચ્ચે નિયમિત પહોંચે છે આપના સુધી...

સત્ય અને નિષ્ઠાના માર્ગે કર્તવ્ય નિભાવે છે આપના સુધી...

વાર્ષિક લવાજમ ફક્ત
**₹ ૫૦.૦૦**

**ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે લોકકલ્યાણની વાત, લોકોને ઉપયોગી જાણકારીની વાત, સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના વણથંભ્યા વિકાસની વાત**


"વાલમની વાટ"
જેસલબા એમ. જાડેજા
મો. 8866103536


"મા-ચાચરના ચોકવાળી"
હેમંતકુમાર પંડ્યા
મો. 9879208516

# કાવ્ય સંપુટ

- રઘુવીર ચૌધરી
- ચંદ્રકાન્ત શેઠ
- માધવ રામાનુજ
- યોસેફ મેકવાન
- વિનોદ જોશી
- મનોહર ત્રિવેદી
- રાજેશ વ્યાસ 'મિસ્કીન'
- હરીશ મીનાશ્રુ
- મણિલાલ હ. પટેલ
- ધીરેન્દ્ર મહેતા
- નીતિન વડગામા
- યોગેશ જોષી
- કિસન સોસા
- રમણીક સોમેશ્વર
- મુસાફિર પાલનપુરી
- હર્ષદ ચંદારાણા
- શિવજી રૂખડા
- બકુલેશ દેસાઈ
- સંજુ વાળા
- દલપત પઢિયાર
- હર્ષ બ્રહ્મભટ્ટ
- કૃષ્ણ દવે
- ભાગ્યેશ જહા
- અંકિત ત્રિવેદી
- હર્ષદ ત્રિવેદી
- દિલીપ જોશી
- ગોવિંદ દરજી 'દેવાંશુ'
- રઈશ મનીઆર
- ઉર્વીશ વસાવડા
- કિશોર જિકાદરા
- અનંત પટેલ
- અનિલ ચાવડા
- ભાવેશ ભટ્ટ
- ચંદ્રેશ મકવાણા 'નારાજ'
- હરદ્વાર ગોસ્વામી
- અશોક ચાવડા 'બેદિલ'
- મનીષ પરમાર
- સ્નેહી પરમાર
- પ્રશાંત કેદાર જાદવ
- રમેશ ઠક્કર
- એસ. એસ. રાહી
- મનીષ પાઠક 'શ્વેત'
- સતીન દેસાઈ
- ભાનુપ્રસાદ પુરાણી
- પ્રદીપ સુમિરન
- ભસ્માંગ માંકડ 'સમ્રાટ'
- નટવર આહલપરા
- ડો. ઈશ્વર સુથાર, 'શિલ્પી'
- પ્રફુલ્લ રાવલ
- રમેશ પટેલ
- ડૉ. મનહર ઠાકર
- દિનેશ દેસાઈ
- પ્રીતમ લખલાણી
- વિવેક મનહર ટેલર
- ચંદ્રશેખર પંડ્યા
- કનૈયાલાલ ભટ્ટ
- રમેશ આચાર્ય
- ડૉ. ધૈવત શુક્લ 'આનંદ'
- પારસ એસ. હેમાણી
- ડૉ. મનોજ જોશી 'મન'
- ડૉ. પ્રદીપ આઝાદ
- હર્ષિદા દીપક ત્રિવેદી
- દીપક ત્રિવેદી
- પ્રજ્ઞા પટેલ
- ભાવિન ગોપાણી
- તેજસ દવે
- દર્શક આચાર્ય
- રમણ વાઘેલા
- ડો. મુકેશ જોષી
- જયંતિ ધોકાઈ
- પ્રશાંત સોમાણી
- શૈલેષ પંડ્યા 'ભીનાશ'
- રેણુકા દવે
- ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ'
- સંસ્કૃતિરાણી દેસાઈ
- વિનોદ ગાંધી
- વિનુ બામણિયા
- વિપુલ માંગરોલિયા
- પ્રતાપસિંહ ડાભી 'હાકલ'
- કિરણસિંહ ચૌહાણ
- જિગર ઠક્કર
- મધુસૂદન પટેલ 'મધુ'
- ઉમેશ જોષી
- જિતેન્દ્ર પ્રજાપતિ
- સ્નેહલ નિમાવત
- મહેશ દેસાઈ
- હાર્દિક વ્યાસ
- ભરત વિંઝુડા
- યોગેશ પંડ્યા
- દિનેશ પોપટ
- કુમાર જૈમિનિ શાસ્ત્રી
- સાહિલ
- હરીશ ધોબી
- રક્ષા શુક્લ
- ડૉ. પ્રણવ ઠાકર, 'પાગલ'
- કૌશિક મહેતા
- લલિત ત્રિવેદી
- ડાહ્યાભાઈ બી. પટેલ (નીરવ)



"જીવન સંગીત"

જય પંચોલી
મો. 9624227140

# ઘર...

- રઘુવીર ચૌધરી

ઘર એમનું હતું ત્યારે
બારીઓ ખુલ્લી રહેતી.
ગેલેરીની જાળી પર બેઠેલાં
કબૂતરો ઊડીને બહાર જતાં
કે પાંખો બીડી ચુપચાપ ચાલીને
ઘરમાં ફરતાં.
સોફામાં બેઠેલાંને જોતાં જોતાં
રસોડા સુધી પહોંચતાં ઉતાવળ વિના.
કબાટ પર માળો કરતાં,
બચ્ચાં સચવાતાં.

નીરાબેન કોઈ કામે જાય તો
મીકીને મૂકી જતાં,
રમાડતાં એ, બે-ત્રણ કામ સાથે કરતાં
આંગણિયે આવી ઊભેલાને
આવકારો મીઠો આપતાં
અખેપાતર તૈયાર રાખતાં.
બપોરે આરામટાણે ફોન આવે તો
ત્રીજી ઘંટડીએ ઉપાડતાં
અલકમલકની વાતો કરતાં
રૉંગ નંબરનેય રાજી રાખતાં
આખી સોસાયટીનાં નામ જાણતાં.
'મારી શેરીએથી કાનકુંવર' ગાતાં.
વ્રતકથાઓ વાંચતાં
ઘરનાં સહુની રાહ જોતાં
ભાવતું રાંધતાં
ભાખરીને લીધે વખણાતાં.
પાણી પીવા આવેલાં બાળકો
રમતિયાળ હાથે ભાખરી ખાતાં.

સવાર-સાંજ દીવો કરતાં
બધાં દેવદેવીમાં માનતાં
પારકા માટેય પ્રાર્થના કરતાં.

વહેલી સવારે ગેલેરીમાં બેસી
આખું છાપું વાંચતાં.
ઘરનાંને સારા સમાચાર કહેતાં.
બાળકોને ફોટા બતાવતાં.
ઊભાં થતાં પાલવ સરખો કરતા,
નહાતાં-ધોતાં મંગળસૂત્ર પહેરી રાખતાં
'યા દેવી'નો શ્લોક ગાતાં
ધૂપ કરતાં...
- ઘરને યાદ છે બધું...

એ-૯, પૂર્ણેશ્વર, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૪૨૮૫૧૦૪૩૮







# હું-તું ધન્ય જ એકબીજાથી...

- ચંદ્રકાન્ત શેઠ

તું અલગ નથી મારાથી,
આંખ લગોલગ આંસુ એવી સદાય મારી પાસે !
હું અલગ નથી તારાથી.
તારા ટહુકે મારી કુંજે વસંત રમતી થાય,
દેવઆરતી થતાં ભીતરે તારું મુખ મલકાય !
કશુંક મીઠી રણઝણ જેવું લાગે શ્વાસે શ્વાસે !
હું - તું મધુમય એકબીજાથી.
તારી નજરે રોમ-રોમ શો તાજપનો સંચાર,
તારા ચંદનથી મારામાં સુવાસનો નહીં પાર !
તને પોંખવા ઉઘાડ નીકળે અંદરના અવકાશે !
હું - તું રૂડાં એકબીજાથી.
તારા મૌને ગુંજ પ્રણવ-શી મારે ઘટ ઘૂંટાય,
તને દર્શતાં મારામાં શી એક વાંસળી વાય !
એના રાસરસે આ મનખો રહે સભર ઉલ્લાસે !
હું - તું ધન્ય જ એકબીજાથી.

૯-બી, પૂર્ણેશ્વર ફ્લેટ્સ, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૪૨૮૧૦૧૭૯૭

# એ તો કહો -

- *માધવ રામાનુજ*

જીવવાનું કે જીરવવાનું, કહો -
યાદ કરવાનું કે બસ ભૂલી જવાનું -
પામવાનું કે અજાણ્યા રહી જવાનું
આ બધામાં સારું શું એ તો કહો ?


છોડવાનું હોય પણ છૂટે નહીં -
તોડવાનું હોય પણ તૂટે નહીં -
સાવ ખાલી થઈ જવાનું હોય પણ
વહેંચતા જઈએ છતાં ખૂટે નહીં...

ગમતું જે કંઈ હોય એ ના થઈ શકે -
કોઈનું દુઃખ કોઈએ ના લઈ શકે -
આપણી ઈચ્છા પ્રમાણે જિંદગી
કેમ ના જીવાય રે, એ તો કહો ?

હો છલોછલ તોય લાગે કે અધૂરું -
ઈચ્છવાનું કેમ આ, ના થાય પૂરું ? -
જીવવાનું છે કે આ છે ઝંખવાનું ?
શું સમજવાનું અરે, એ તો કહો !

*જે/૧૧, વિક્રમ એપાર્ટમેન્ટ,*
*શ્રેયસ ક્રોસિંગ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫.*
*મો. ૯૮૭૯૭૬૭૦૦૯*





# અસ્તિત્વનો અર્થ...

- *યોસેફ મેકવાન*

આમ તો સમજાય છે બસ આટલું -
આપણે પાછા જવા માટે જ તો આવ્યા હતા !
લાવ્યા હતા ખુશનુમા એવી સવાર
જ્યાં પંખીના ટહુકારની ભીની ક્ષણો.
ઝુમ્મર બની ઝૂમી રહી આકાશમાં -
એને ભરીને શ્વાસમાં જીવ્યા કર્યું !

હા, હતી સામે જ ધરતી છમ્મલીલી
લીલાશ ભરી હળવાશ એ
આંખો મહીં આંજી
મનને માંજી જીવ્યા કર્યું !

- ને પણે ઓ વૃક્ષ... કેવાં ઝૂલતાં
સૂર્યની લસલસતી પડછાંય ઝીલી ઝૂલતાં
ભીતરી મુજ ભોમમાં ખીલી વાયુ ઢોળતા...
હરખાઈ એને પી લઈ
બસ, આમ જીવ્યા તો કર્યું !

મંદિરોમાં જે થતી - આરતી નાગરવેલશી
અસ્તિત્વને વીંટળાઈ કરતી વહાલ
કાલ આજ કે આજકાલ
તે ક્ષણે કે આ ક્ષણે... જીવ્યા કર્યું !

જ્યાં વિહર્યા ને વિચર્યા
એ બધું પાછળ મૂકી આગળ થયા.
નિજથી અળગા ના થયા,
ખરતા દિવસો કહી રહ્યા - ના આપણું અહીં કશું !
આવ્યા હતા પાછા જવા માટે જ
જાણે છે એ વાત ધૂળ...
આપણું મૂળ !

*૩૦૨, એન્જલ ડિવાઇન,*
*સંત કબીર સ્કૂલ સામે, નવરંગપુરા,*
*અમદાવાદ-૩૮૦૦૦૯. મો. ૯૮૨૪૧૭૬૬૭૫*

# આ ગોવર્ધન તો શું છે ?

- *વિનોદ જોશી*

આ ગોવર્ધન તો શું છે ?
મેં તો ટચલી તે આંગળિયે ઊંચક્યો શ્યામ...
શ્યામ - એમને હશે રાધિકા બહુ બહુ તો શું કરશે ?
ખાલી મટુકી માંડ ઉપાડે, યમુનાને શું ભરશે ?
બેઉ નયનથી ખુલ્લા મેલ્યા પ્રેમબંધ હરિનામ,
પાંપણને હલ્લેસે વીંધ્યા સાતે દરિયા આમ,
કે મેં તો ટચલી તે આંગળિયે ઊંચક્યો શ્યામ...
મોરપિચ્છ શું ? અરે, અમે ચીર ઈન્દ્રધનુનાં ઓઢ્યાં,
અમે જ ઝાલી દોર, શ્યામ તો પારણિયાંમાં પોઢ્યા.
ફલ્લક તાણી દોર મનોમન લીધું એમનું નામ,
ભલે હૃદયની વાત કરે આ આખ્ખું ગોકુળ ગામ,
કે મેં તો ટચલી તે આંગળિયે ઊંચક્યો શ્યામ...

*'પ્રયાગ', ૩૨, શ્વેતકલમ સોસાયટી,*
*વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૧.*
*મો. ૯૮૨૫૯૮૯૭૩૭*





# હોય...

- *મનોહર ત્રિવેદી*

કો' રંકજનના છાપરા પર ઘાસફૂસ હોય
અંદર, પરંતુ શક્ય છે એ સાફસૂફ હોય.

તારા હૃદયમાં હોઉં: તો હું એ રીતે જ હોઉં.
પુષ્પોમાં જેમ ઓસના ના ડાઘડૂઘ હોય.

ના રંગ કે ના રૂપઃ આ પથ્થરમાં હોય શું ?
શિલ્પીની દૃષ્ટિમાં જ ઝીણા ઘાટઘૂટ હોય.

ને કામના શી રાખવી ભીડેલ દ્વારની ?
જ્યાં માત્ર જુઓ છો તમે કે : 'લાભશુભ' હોય.

સંક્ષુબ્ધ દૃશ્ય નીરખીને આંખ થાય બંધ,
સાહેબ, એવી કાનને ના આપસૂઝ હોય.

છોડ્યું છે કોણે ભીંતમાં તિરાડ જોઈ ઘર ?
હા, આપણી વચ્ચેય કદીક ફાટફૂટ હોય.

*૨૦, શિવહરિ રો-હાઉસ, કનકપુર હાઉસિંગ રોડ,*
*સચિન, જિ. સુરત-૩૯૪૨૩૦.*
*મો. ૯૩૨૭૭૩૯૦૬૮*

# પ્રસાદ...

*- રાજેશ વ્યાસ 'મિસ્કીન'*

ખૂબ જોયું ખૂબ, જાણ્યું જાણવાથી મુક્ત કર,
થઈ જતો કૈં પણ ગમે ત્યારે થવાથી મુક્ત કર.

ક્યાં જવું ને શું જવું ? સઘળે જવાથી મુક્ત કર,
જાઉં છું બંધાઈ એ બધ્ધી હવાથી મુક્ત કર.

હોઉં છું તારી કને ત્યાં લગ કશું નડતું નથી,
છે દુઃખદ પાછા જવું પાછા જવાથી મુક્ત કર.

ઉંબરો લાગે કદી, લાગે પગથિયું એ કદી,
મન અને એના શિખરને આંબવાથી મુક્ત કર.

ક્યાં ગજું છે કે, મને ભવરણથી છોડાવી શકું,
આ તરસથી મુક્ત કર આ ઝાંઝવાથી મુક્ત કર.

તું જ છે ઝાકળ સમી તાજી પુરાતન કાળથી,
આ બધા પળપળ થતા જૂના-નવાથી મુક્ત કર.

થાય મન તો ગાઈ લઉં 'મિસ્કીન' મોટી વાત છે,
વ્યર્થ વાતોથી અને આ બોલવાથી મુક્ત કર.

*બંગલા નં. ૧, સરસ્વતી સોસાયટી,*
*પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.*
*મો. ૯૪૨૬૫૯૪૩૯૩*





# ગઝલ

*- હરીશ મીનાશ્રુ*

ના ઈંગિત અણસાર- કરું શું ?
મૃગજળ મુશળધાર - કરું શું ?
અવળમુખે જળથળમાં ઝળક્યા
એકાદશ અવતાર, - કરું શું ?
ઈકડમ્ તિકડમ એક ચવન્ની
શું શાં પૈસા ચાર,- કરું શું ?
વજન વિનાની ભાષાને તું
જા, કાયમ વેંઢાર - કરું શું ?
વાણીની પણ વરાળ થૈ ગૈ
તતડે કૈંક વિચાર,- કરું શું ?
ભીંત વગરના ઘરના માથે
છત-છપ્પરના ભાર, -કરું શું ?
ચણીબોર રાતુંચટ, થૂ... થૂ...
ચાખ્યું તો અંગાર, - કરું શું ?
ચપટી રાત ભજવણાં ભારે
અઘરા કૈં કિરદાર, - કરું શું ?
સપનું સમજી સાહ્યો જેને
એ નીકળ્યો સંસાર - કરું શું ?
હકડેઠઠ્ઠ હઠીલી દુનિયા
ભીતરથી ભેંકાર - કરું શું ?
કીડી જેવડો પણ ચટકે તો
શબદ બડો ખૂંખાર, કરું શું ?

*૯/એ, 'સુમિરન', સૌરમ્ય બંગલા,*
*વિનુકાકા માર્ગ, બાકરોલ-૩૮૮૩૧૫.*
*જિ. આણંદ. મો. ૯૮૨૪૫૧૧૯૬૧*

## પથને પગલે...

- *મણિલાલ હ. પટેલ*

(ગીત)

પથને પગલે પગલે ચાલી
અમે આટલે આવ્યા
અનુભવોએ અમને તાવ્યા !

ડાંગરના ખેતરમાં રમતાં
સારસ અમને ગમતાં...
તડકો-છાંયો સીમ ચીતરતા
સાંજે સૂરજ નમતાં...
હૈયે હેત વહાવ્યાં !

ઋતુએ અમને ફૂલો આપ્યાં
માટીએ ફળ દીધાં...
સુખનાં સમણાં દુઃખની પીડા
કદી ન સાથે લીધાં !
અમે બચાવી આંસુ લાવ્યા
અનુભવોની સાથે ચાલી
અમે આટલે આવ્યા...!!

*'સહજ' બંગલો, શાંતાબા બગીચા પાસે,
શાસ્ત્રી માર્ગ, નાના બજાર, વલ્લભવિદ્યાનગર,
જિ. આણંદ-૩૮૮૧૨૦. મો. ૯૪૨૬૮૬૧૭૫૭*







## પવન ને પાણી...

- *ધીરેન્દ્ર મહેતા*

પવન પેઠો પાણીમાં, પાણીના પેટે થયો અમળાટ...
પાણીનું પેટ તો ઊંડું પાતાળ,
પવનને એની ક્યાં ભાળ ?
વલોણે વલોણે ઊઠયા રે નાદ,
તળેથી આવે ઉછાળી ફાંદ.
મોજમાં જેને કહો છો મોજાં, એ એનો મરડાટ...
પાણી - પવનનું પાતળું પોત,
ગૂંચ પડી ક્યાં એમાં, ગોત;
ઉપર નીચે ઠેલંઠેલ,
વીંટ વમળમાં વીંટી ઉકેલ.
પવન-પાણી જ્યાં એક જ પોત, શાનો આ રઘવાટ !

*જીવનછાયા, હોસ્પિટલ રોડ,
પંડિત દીનદયાલ ઉપાધ્યાય માર્ગ,
ભુજ (કચ્છ)-૩૭૦૦૦૧. મો. ૮૯૮૦૦૧૧૦૨૫*

# શોધી આપો...

- નીતિન વડગામા

આપ જ મંઝિલ, આપ જ મારગ શોધી આપો.
આપ અમારું ખોવાયું જગ શોધી આપો.

કૈંક ઉધામા કરતાં તોયે ના પકડાતી,
રક્ત ધબકતી એકાદી રગ શોધી આપો.

ઝળહળ થાતાં અજવાળાં તો આંજી નાખે,
અંદર થાતી ઝીણી ઝગમગ શોધી આપો.

વિસ્તરતું રણ દેખીદેખી અંતે થાક્યા,
ભીનાં દૃશ્યો ઝીલે એ દૃગ શોધી આપો.

અંધારાનું જંગલ ઊગે ચારે બાજુ,
ઘીનો દીવો પ્રગટાવી શગ શોધી આપો.

શબની મરજાદા મૂકીને આખડતાં સૌ,
ચાદરમાંથી ફૂલોનો ઢગ શોધી આપો.

'તાંદુલ', ૨, સ્વાતિ સોસાયટી,
આત્મીય કૉલેજ પાછળ, કાલાવડ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૮૦૦૦૦૦૦૨૦૭





# નભ-છત્રી નીચે...

- યોગેશ જોષી

ધોધમાર વરસાદમાં
ચાલીએ છીએ આપણે પાસપાસે,
પોતપોતાની છત્રી નીચે.

તારી છત્રી ફગાવી દઈ,
તું આવી ગઈ,
મારી છત્રી નીચે.

ત્યાં તો
ગાંડાતૂર વરસાદી પવને
ફંગોળી દીધી
મારી છત્રી...

મૂશળધાર વરસાદમાં
હવે આપણે
નભ-છત્રી નીચે !
ને છતાં
કેમ હજીયે
કોરાંકટ્ટ ?!

બી-૩૦૩, અર્જુન ગ્રીન્સ, મેનારવ હોલ પાસે,
ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧.
મો. ૯૦૫૪૯૬૮૦૫૭

## ઊભો કવિ કતાર...

*- કિસન સોસા*

(‘કોરાનો’ની એક વિભીષિકા)

નિજ શવના ખાલીપે ખચિત ઊડ્યો કવિ કતાર,
મૃત માટીના બોજે શ્રમિત ઊભો કવિ કતાર !

લાવ્યો છે ખેંચી ખોળિયે આખી ય ખલ્કને,
ખામોશ ઈશ્વરો સહિત ઊભો કવિ કતાર !

આકાશથી ઠગાયેલો પૃથ્વીનો એ પીડિત,
એ બેઉ દુનિયાનો દમિત ઊભો કવિ કતાર !


એ બંધ બારી બારણે આખું ય શહેર અંધ,
ગુમનામ અજગરે ગ્રસિત ઊભો કવિ કતાર !

પાણીની પાલખીએ જે નીકળી ગયા, ગયા...
ક્યાં કાયનાતે થૈ દ્રવિત, ઊભો કવિ કતાર !

શબ્દોનો કાફલાનો વિરમતો ગયો ગુબાર,
જીવી રહ્યા સૌ જીવરહિત, ઊભો કવિ કતાર !

*૧૨/૨૧૯૫, પ્રણામી મંદિર પાસે,*
*સૈયદપરા, સુરત-૩૯૫૦૦૩.*
*મો. ૮૮૬૬૩૭૨૯૩૦*





## ગયું, ગયું તે ગયું...

*- રમણીક સોમેશ્વર*

ગયું, ગયું તે ગયું
છતાં અંદર અંદર તો રહ્યું
ભોંય દટાયું બીજ કદી લહેરાતું ખેતર થયું

ઊડી ગયું પંખી, રણઝણતી રહી ગઈ આ ડાળ
હરણ ગયું વનને વીંધીને, તરે હવામાં ફાળ
સરસર કરતું વહી ગયું જળ, અવર કશું ના કહ્યું
ગયું, ગયું તે ગયું

ખાલી ખાલી આભ, ગાભમાં નક્ષત્રો લઈ ફરે
સ્થિર ઊભેલા પહાડો નીચે કેટકેટલું સરે
થયું,જરા કંઈ થયું, વિલસતું ઘણું ઘણું વણથયું
ગયું, ગયું તે ગયું
છતાં અંદર અંદર તો રહ્યું

*C/o. ડૉ. દર્શના ધોળકિયા, ન્યુ મિન્ટ રોડ,*
*પેરિસ બેકરી પાસે, ભુજ-કચ્છ-૩૭૦૦૦૧.*
*મો. ૯૪૨૯૩૪૨૧૦૦*

# કૈંક તો થાતું જ હોય છે...

- મુસાફિર પાલનપુરી

આંખોમાં એક સ્વપ્ન વણાતું જ હોય છે,
બસ ! એટલે જ આમ લખાતું જ હોય છે !

ધસમસતા પૂર જેમ છે લજ્જાળુ લોચનો-
અસ્તિત્વ આપોઆપ તણાતું જ હોય છે.

પીતા રહી ને પ્યાસ પણ વધતી રહે ધરાર,
નજરોથી એમ પણ કોઈ પાતું જ હોય છે !

કાંટા જ વીંધે કાળજું એવું કશું નથી,
ફૂલોથી પણ કદીક ઘવાતું જ હોય છે.


તાસીર સૌની હોય છે મિત્રો ! જુદી જુદી -
માન્યુ બધાંનું લોહી તો રાતું જ હોય છે !

છળ છે ? કપટ છે ? જૂઠ છે ? જે પણ છે ઓ હૃદય !
ચહેરા ઉપરથી સાફ જણાતું જ હોય છે.

દિલને દુભાવી કોઈના નિર્ભય ભલે ફરો -
ઊંડેને ઊંડે કૈંક તો થાતું જ હોય છે !
આ તો ગઝલ કલા છે મુસાફિર રમત નથી-
પાણી ધુરંધરોનું મપાતું જ હોય છે !

"સુકૂન", જૂના ડાયરા, સલીમપુરા પાસે,
પાલનપુર, જિ. બનાસકાંઠા-૩૮૫૦૦૧.
મો. ૮૮૬૬૨૩૬૪૨૧





# રહી જશે...

- હર્ષદ ચંદારાણા

તારાં, પ્રજાળતાં કંઈ સ્મરણો રહી જશે,
સૂરજ ડૂબી જશે અને તડકો રહી જશે.

કોઈ કહેલ વાતનો ખટકો રહી જશે,
માળા તૂટી જશે અને મણકો રહી જશે.

ગીતો વડે આ વૃક્ષને લીલું કરે છે તે -
પંખી ઊડી જશે પણ ટહુકો રહી જશે.

તોરણનાં ફૂલ-પાનથી શોભે છે દ્વાર પર,
ખૂલે નહીં તે ભીંત છે, ભીંતો રહી જશે.

આ દ્વાર પર હું હાથમાં ગજરો લઈ ઊભો,
ફૂલો ખરી શકે... પણ આંખો રહી જશે.

"અનન્ય", ૧, આવકાર સોસાયટી,
ચિત્તલ રોડ, એરોડ્રામ પાસે,
અમરેલી-૩૬૫૬૦૧. મો. ૯૮૨૫૦૭૫૧૭૫

## જાગી ગયા...

*- શિવજી રૂખડા*

જે પલાંઠીભર અહીં બેઠા હતા, પામી ગયા,
ને વગર વણજે પછી એ મનભરી કામી ગયા.

છે પ્રમાદી જિન્દગીનાં કારણો અળખામણાં,
એ જ કારણ સામટાં જાળાં બધે જામી ગયાં.

આપણાં ગજવાં ભર્યાં છે આપણી જંજાળનાં,
આપણે વ્હાલી કરી ને લોક પણ આપી ગયા.

ઘૂંટ તો પીધા હતા જેણે ક્ષમાના પ્રેમથી,
ફળ મધુરાં એમનાં હર વાતમાં ચાખી ગયા.

લોક દોડે છે ભલા ! સમજ્યા વગરના એટલે,
જાતને હડસેલવામાં શ્વાસ પણ હાંફી ગયા.

કૈંક વેળાની ભરી'તી ઊંઘ આંખોમાં સતત,
પણ પરોઢે કાનમાં આવ્યું ભજન જાગી ગયા.

*આંખની હૉસ્પિટલ પાસે, અમરપરા,*
*બગસરા (મેઘાણી)-૩૬૫૪૪૦.*
*જિ. અમરેલી. મો. ૯૪૨૬૧૨૬૬૭૮*





## જ્યારે-ત્યારે...

*- બકુલેશ દેસાઈ*

જ્યારે-ત્યારે હસવું શું ?
ખોટ્ટેખોટ્ટું રડવું શું ?
અજવાળાથી ડરવું શું ?
અંધારામાં મળવું શું ?
પળ બે પળનો દેખાડો...
ચાર દિવસ ઝળહળવું શું ?
પોતીકાં તે પોતીકાં !
પોતીકાંને છળવું શું ?
ડગમગ ડગમગ જાતે ચાલ...
કોઈને માથે પડવું શું ?
મોં મચકોડે જોતાંવેંત,
તેની ઉપર મરવું શું ?
શાલ-દુશાલાની ભરમાર...
અંતે એનું કરવું શું ?!

*૩૦૧, 'મહર્ષિ' ફ્લેટ્સ, ભરૂચા સોસાયટી,*
*એસ.એમ.સી. ઝોન ઑફિસ સામે, નવયુગ કૉલેજ પાછળ,*
*સુરત-૩૯૫૦૦૯. મો. ૯૮૨૫૧૫૨૯૨૩*

# મન વાવ્યું છે...

*- સંજુ વાળા*

વૈશાખી સાંજે ઝાપટું
મહેંકી ઊઠી માટી તે તું
હા, એ જ અઢળક પામવું
જે હો પળેપળ આપણું
મારી બધી સંવેદના
ગણગણતી-ગાતી સાંભળું
જો તું નથી તો કંઇ નથી
તું હોય તો શું શોધવું ?
સઘળી પ્રતીતિઓ હવે
થઈ ગઈ નર્યું સંભારણું
તારા વિશેની કલ્પના
આભે ચડે થઈ વાદળું
અફસોસ ! કૈં ભાળ્યું નહીં
ચારે તરફ ધુમ્મસ નર્યું
વાણીય જેને શોધે છે
એના વિશે હું શું કથું ?
એથી વધુ શું હોય જીવ ?
ધકધક થતું એક ગૂંચળું ?

*એ-૭૭, આલાપ એવન્યૂ, પુષ્કરધામની બાજુમાં,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.*
*મા. ૯૮૨૫૫૫૨૭૮૧*



# અમારે 'કાન' જ ક્યાં છે ?

*- દલપત પઢિયાર*

અમે કવિ છીએ,
કવિતા શબ્દસર્જનની સાધના છે.
એવું કહેવું અને સાંભળવું અમને સારું લાગે છે !
તેમ છતાં ય અવઢવ એ છે કે,
સાધન-સાધના, આસન-યોગ,
એ અલગ ઈલાકો આમાં કોણે ઘુસાડ્યો હશે ?
'આંખ આડા કાન !'
આગળ
છે કંઈ કહેવાનું, કવિ ?!
એમ પણ કહેવાયું છે કે
કવિતા કાનની કલા છે !
બોલતા નથી પણ
અમારામાંના ઘણા ગોથે ચડેલા છે કે
મોર-કળા, ચન્દ્રકળા, ચોસઠકળાનું તો સમજ્યા !
પણ
આ 'કાન'ની કળા તે વળી કઈ બલા છે, ભલા !
જય હજો,
'કાન-ફટા'. જોગીઓનો !
કાન ફાડીને એમણે
કયા કાનનો છેદ કર્યો છે
અને કયા કુંડળનો ભેદ સજ્યો છે
તે જુગતજોગનું અમે કંઈ જાણતા નથી !
- ભોગ તમારા !
પણ હા,
હવે તો કહો કવિ :
તમે 'શબ્દ-ફટા' ક્યારે થવાના છો ?
સાંભળો સાંભળો
શું કહે છે કબીર :
"શબ્દ આકાશ હૈ, શબ્દ પાતાલ હૈ
શબ્દ હી સકલ સૃષ્ટિ જાઈ...
શબ્દ હી આપ કિરતાર ભાઈ..."
શબ્દના સર્જક, હે કવિ :
આ કાન માંડીને સાંભળવું પડે એમ છે ને !
- સંભળાય છે ?!
- સમજાય છે ?!
- કંઈ ભળાય છે ?!
કોણ જાણે, કબીર : કાન આપે છે,
કાન માપે છે કે કાન કાપે છે ?!
અખો
કાન સાથે બ્રહ્મજ્ઞાનને આમળી નાખતું
'કથા સુણી સુણી ફૂટ્યા કાન...' કહી
કેવું 'આવડું આવડું', ઉઘાડું,
જોખીજોખીને આલે છે !
આખું ને આખું સંભળાવે છે !
- સંભળાય છે ?
હેં... હેં... હેં...
અમારે 'કાન જ ક્યાં છે ?!'

*એચ.આઈ.જી.૯૨૩, સેક્ટર-૨૭,*
*શિવશક્તિ સોસાયટી, ગાંધીનગર.*

## ભલભલાનાં પતન !

- હર્ષ બ્રહ્મભટ્ટ

ન પૂછો કર્યું કંઈ રીતે એ સહન,
વધેલું ઘટેલું મળ્યું જે જીવન.

જરામાં કલમ હાંફી જાતી હવે,
વિચારોમાં આવી ગયું છે વજન.

નજર છીછરી તોય કાયમ રહીં.
હતી આમ તો એની આંખો ગહન.

તમે શ્વાસ એના તપાસ્યા હતા ?
કર્યો તો ધુમાડાને જ્યારે દફન

કદી માગવું હોય છે બીજું પણ,
તમે દરવખત આપી દો છો વચન.

થશે એમનું શું, નથી જે ભલા !
થતાં હોય છે ભલભલાનાં પતન !

'પ્રસાદ', ૭૪/૯, જગાભાઈ પાર્ક,
રામબાગ ચાર રસ્તા પાસે,
મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.






## માતૃભાષા...

- કૃષ્ણ દવે

જે ભાષામાં વ્હાલ કરીને મા હાલરડું ગાતી
ધન્ય માતૃભાષા એ મારી ધન્ય ધન્ય ગુજરાતી
પા પા પગલી ભરતાં ભરતાં જે હૈયે ઘૂંટાતી
ધન્ય માતૃભાષા એ મારી ધન્ય ધન્ય ગુજરાતી

જે ભાષાને મીરાંબાઈએ મોરમુગટ પહેરાવ્યો
માણ વગાડી પ્રેમાનંદે સૂર શબદ લહેરાવ્યો
જે ભાષાને પ્રભાતિયાંથી નરસૈયાએ કાંતી
ધન્ય માતૃભાષા એ મારી ધન્ય ધન્ય ગુજરાતી

જે ભાષામાં સપનાં જોતા ગાંધી ને સરદાર
જે ભાષામાં ઊતરી આવી સોરઠની રસધાર
જે ભાષામાં અખ્ખાના છપ્પાએ કાઢી છાતી
ધન્ય માતૃભાષા એ મારી ધન્ય ધન્ય ગુજરાતી

જે ભાષાને અંધકારમાં દીસે અરુણ પ્રભાત
એ ભાષાને આંગણ ઊગે વિશ્વશાંતિની વાત
જે ભાષાની મ્હેક જગતમાં જાય વાયરે વાતી
ધન્ય માતૃભાષા એ મારી ધન્ય ધન્ય ગુજરાતી

એ-૨૦, આદર્શનગર, નારાયણ કૃપા બંગલો સામે,
પાવન કૉમ્પ્લેક્સ પાછળ, બોપલ-ઘુમા રોડ, ઘુમા,
અમદાવાદ-૩૮૦૦૫૮. મો. ૯૪૨૬૫૬૩૩૮૮

# મારી next કવિતા...

*- ભાગ્યેશ જહા*

Next કવિતા લખવી છે,
એનો શબ્દ માસ્ક પહેરીને આવ્યો છે,
એક પગ વિનાના, આંધળા એકકોષીય જંતુનું સૈન્ય ચઢી
આવ્યું હોય તેવા વિશ્વ માટે એક કવિતા લખવી છે.
એક પક્ષી વગરના ઝાડની ડાળ પરથી લટકતા
બૉમ્બ-ફળ નીચે બેસીને
એના પડવાની
રાહ જોતા એક લઘુત્વાકર્ષણથી પીડાતા
માણસના કાનમાં કહેવા માટે કવિતા કહેવી છે...
એક ટાપુ પર લોહીલુહાણ શબ્દો વચ્ચે
ગુંગળામણ અનુભવતા ઓક્સિજનને
ઉઠાવી જવા સાહસિક બનેલા
એક શબ્દ સફાઈકર્મીને
અભિનંદવા બે શબ્દો કહેવા છે...

ઇટાલીના એક અજાણ્યા વૃદ્ધની લાશ આગળ
બેભાન પડેલા એનાં છેલ્લાં
વાક્યોને મારી અનિદ્રાની આગથી
ઉકેલવાં છે,
હું મિલાનના મિલન વગરના
મૌનનું છિદ્ર છું,
કો'ક વાંચે તો વંચાઈ જવું છે એવા
શબ્દનું એક કડવું પીણું ઉમેરવું છે,
પ્રવાહિતા માટે...
અમેરિકાની કોઈ એક સૂની શેરીમાં
જઈને મારે જોરજોરથી તરણેતરના
મેળાનું આમંત્રણ દેવું છે.
એક ખાલી પડેલા મહામોલના
ગુફા જેવા હૉલમાં જઈને
સોશિયલ ડિસ્ટન્સિંગ ખાલી જગ્યાના
અવકાશના બેગચ્ચા મારે કવિતાના
હાડ બાંધવા જોઈએ છે...
આ માટે મારી ઝોળીમાં,
મેં હૉસ્પિટલમાં નહીં સંભળાયેલી ચીસ,
વૃદ્ધ મા-બાપની આંખો નીચે છુપાયેલાં
શ્યામવર્ણા વર્ષોની ઝાંખપ,
એક નવજાત બાળકની આંખોમાં સંતાવવા મથતા
સૂર્યની પીઠ પર લટકતા કૅલેન્ડરની ગંધ,
અને
મારા ઘરમાયેલા★ મૌનની પાતળી ચામડી પર
ઊપસી આવેલી બોખી બારાખડી
ભેગી કરી રાખી છે...
<u>મારી Next કવિતાની પ્રતીક્ષા કરો...</u>

★ ઘરમાં રહેવાથી ઘટ્ટ થયેલું મૌન એટલે ઘરમાયેલું...

*પ્લોટ નં. ૯૨૧/૧, સેક્ટર-૪-ડી,*
*ગાંધીનગર. મો. ૯૯૭૮૪૦૭૬૦૧*



# પંખીઓમાં નિરાશા...

*- અંકિત ત્રિવેદી*

કદી પંખીઓમાં નિરાશા નથી,
અમારી બીજી કોઈ શાખા નથી.

હજુ વ્હેમ-શંકા તને જાય છે,
હશે કાંઈ બીજું એ શ્રદ્ધા નથી.

ગમે ત્યાંથી વાંચી શકો છો તમે,
ખૂણેખાંચરે ક્યાંય ફરકા નથી.

અમે સાત દરિયાની વચ્ચે ઊભાં,
નથી કોઈ મોજાં, કિનારા નથી.

હશે પ્રેમ તો એકસરખો બધે,
ભલે ને, બધા એકસરખા નથી.

*"અમૃતમ્", ૭૦૫, સાંઈ સંનિધિ, જી. બી. શાહ કૉલેજ સામે,*
*વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.*
*મો. ૯૯૧૩૧૯૬૯૬૯*

# સળગે છે !

*- હર્ષદ ત્રિવેદી*

પ્રેમના નામે સવાલ સળગે છે,
રોજ રાતે આ મશાલ સળગે છે !

આંખ કોરી ને કંઠ ભીનો છે,
દિલ બળેલું, પણ કમાલ સળગે છે !

નામ જેનું યાદ છે મને એ તો,
રોમરોમે આજકાલ સળગે છે !

જિંદગી છે એ તરફની અણજાણી,
આ તરફ મનની મજાલ સળગે છે !

કોઈ કરવાને હવે તિલક આવે,
એ ક્ષણે સાચે જ ભાલ સળગે છે !

એમ કંઈ ભડકે ન આગ અંદરની
આંસુ થીજે ને ? તો જ ગાલ સળગે છે !

જો બચ્યાં તો આનબાન રહેવાની,
આ ક્ષણે તો બાલબાલ સળગે છે !

*એ/૧૧, નેમીશ્વરપાર્ક, તપોવન સર્કલ પાસે,*
*એસ. પી. રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪.*
*જિ. ગાંધીનગર. મો. ૯૭૨૩૫૫૫૯૯૪*





# એકતારાની ગુંજે...

*- દિલીપ જોશી*

થશે નિત્ય આનંદ આનંદ યારો,
જે ઇચ્છો તે તમને મળી જાય આજે...
તમે જ્યાં ઉઘાડ્યાં છે દ્વારો અલખનાં,
અજબ એક બ્રહ્માંડ દેખાય આજે !...

ઈલમ કોઈ એવો હું આપું છું તમને,
દિવસરાત મ્હેંકે પળેપળ તમારાં.
અજાયબ અનાહત ઊઠે ગેબમાંથી,
'ને ઝોળીમાં ચમકી ઊઠે ચાંદ-તારા.
અગમ ને નિગમના ખરા ખેલ વચ્ચે,
અરથ કૈ સમાધિના સમજાય આજે !...

ન આંટી રહે, ના રહે કોઈ સંશય,
સરળ માર્ગ જીવન વિશે એક આપું
પરમદ્વાર ખૂલતાંની સાથે અલૌકિક,
અલખ એકતારાની ગુંજે હું વ્યાપું.
નહીં ભેદ અંધાર અજવાસ જેવા,
ને ભીની ભીની મ્હેંક લહેરાય આજે !...

નિરાકાર મધ્યેય આકાર મળશે,
ચમત્કાર એવા હજારો મળે છે.
ગહન દૃષ્ટિ તાકી રહે આસમાનો,
અને જન્મજનમોનાં પુણ્યો ફળે છે.
પવન પણ રજા લઈ વહે છે નિરંતર,
ને સ્વપ્નોય સાકાર થઈ જાય આજે !...

*૨, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટી, 'દિનકર',*
*ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી પાછળ, યુનિવર્સિટી રોડ,*
*રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૯૪૨૮૨૦૦૨૦૨*

# ભાઈચારો અનેરો...

- ગોવિંદ દરજી 'દેવાંશુ'

(મંદાક્રાન્તા)

યુદ્ધો યુદ્ધો જગતભર અંધાર ગાઢો છવાયે,
જામે જંગો અણુરજ થકી હાથ કાંઈ ન લાધે.

લીલાં લીલાં ભડભડ બળે જો તરુ આંખ સામે,
તૂટે તૂટે અનુપમ ઘણી ભવ્ય મહેલાતો ન્યારી.

રે ! સિદ્ધિઓ-વિભવ સઘળા વર્ષો જૂના દટાતા !
કંપે સૃષ્ટિ રમણીય અરે ! ભોંયભેગી જ થાતી !

હૈયેહૈયાં સજળ નયને રાખ જાણે નિહાળે
સંસ્કૃતિનો શતમુખ થતો નાશ સૌને રડાવે.


કૈં નિર્દોષો અગણિત અરે મૃત્યુમુખે પ્રવેશે !
એવું દીસે દશદશ દિશે હો સ્મશાનોની ભૂમિ !

વ્હેંચી પી લો વિષ જગતનાં સૌ મળી એક સંગે,
ચાહો ચાહો અરસ-પરસે શાંતિની એ જ ચાવી.

પેટાવોને ઝળહળ અહો ! દીપ સૌનાં દિલોમાં,
હોજો સૌના હૃદય હૃદયે ભાઈચારો અનેરો.

સી-૫, તુલસીકુંજ સોસાયટી, વૈભવ હોલ પાછળ,
ઘોડાસર, અમદાવાદ-૩૮૦૦૫૦.
મો. ૯૪૨૮૧૧૮૦૦૭



# ગઝલ

- રઈશ મનીઆર

એ જ જહેમત ઉમ્રભર જારી હતી
ડૂબતી નૈયાને શણગારી હતી

જાત છો ને સાવ અલગારી હતી
દિલમાં ભરચક એક અલમારી હતી

જે છબી મનમાં અમે ધારી હતી,
એ તો બસ એની અદાકારી હતી

ખાલીપો અંદરનો છૂપો રાખવા
જામની ઉપર મીનાકારી હતી

કૈંક વેળા ખુદને છાનો રાખવા
મેં જ મારી પીઠ પસવારી હતી.

વેદના તો ભીંસ થઈ વળગી ગઈ,
રહી ખુશી અળગી, કે સન્નારી હતી !

યશના ભાગીદાર પણ હું ને પ્રભુ
થઈ ફજેતી એય સહિયારી હતી

કોઈ તૈયારી જ કરવાની ન'તી
અંત માટે એવી તૈયારી હતી

૬-બી, રત્નસાગર એપાર્ટમેન્ટ,
ચાંદની ચોક પાસે, પીપલોદ, સુરત-૩૯૫૦૦૭.
મો. ૯૮૨૫૧૩૭૦૭૭

# દોરવી પડશે લીટી...

- ઉર્વીશ વસાવડા

સહેજ સીધી સહેજ આડી, દોરવી પડશે લીટી.
પાતળી અથવા તો જાડી દોરવી પડશે લીટી.

જુગ જૂનો આ કોયડો છે, તો જ હલ સંભવ થશે
આંગળી થોડી ઉપાડી, દોરવી પડશે લીટી.

હાંસિયામાં કંઈ લખો ના, સાવ કોરો રાખજો
એ નિયમ તોડી ને ફાડી, દોરવી પડશે લીટી.


સાવ ખૂણામાં પડ્યા છો, નોંધ લેવાશે નહીં
દોસ્ત દુનિયાને બતાડી, દોરવી પડશે લીટી.

એક શૈલીમાં જ અહીં ચીતર્યા કરે છે હર કોઈ
સહેજ નોખી ભાત પાડી, દોરવી પડશે લીટી.

છદ્મવેશે રાવણો ઊભા છે શેરીમાં બધે
આપણા ઘરની અગાડી દોરવી પડશે લીટી.

ઊંઘમાં ને ઊંઘમાં સપનાંઓ દોર્યાં છે સદા
જાત ઢંઢોળી જગાડી, દોરવી પડશે લીટી

૧૦૮, રાયજીનગર, પાંચમી શેરી,
મોતીબાગ પાસે, જુનાગઢ-૩૬૨૦૦૧.
મો. ૯૮૨૪૨૯૫૨૫૯





# છબરડો...

- કિશોર જિકાદરા

મળ્યો છે દૈવયોગે કેટલો મજબૂત બરડો,
ભલેને હોય મારા ભાગ્યમાં કાયમ ઢસરડો.

થયા છે વાળ કેવળ ભૂખરા સંતાપને લૈ,
તમે માનો, નથી હું એટલો પણ સાવ ઘરડો.

જુઓ તો પીઠ પર ટશિયા ફૂટ્યા છે રક્તના ?
હથેળી લાગતી'તી એમની જાણે અતરડો.

નથી કીધું અમે કે મોં તમે ગંભીર રાખો,
તમે હસતા મુખે બસ ખાલ મારી ના ઉતરડો.

ખરમચો કેટલો રાખું હજી આથી વધારે ?
નથી પડવા દીધો મેં દિલ ઉપર એકે ઉઝરડો.

અમે આપી હતી કેવળ ઇજાજત ભેટવાની,
ખરાં છો, પ્રેમમાં લેવાય થોડો આમ ભરડો ?

નથી બહુ દૂર જાવું, દાખલો મારો જ લૈ લો,
વિધાતા ક્યાંક તો કરતા હશે આવો છબરડો.

૧૪૨, સર્વોદયનગર, સેક્ટર-૩૦,
ગાંધીનગર-૩૮૨૦૨૧.
મો. ૯૮૭૯૪૭૫૧૩૦


# જ્યોતિ જડી છે...

*- અનંત પટેલ*

અમારા જીવનમાં તું એવી વસી છે,
હવે ના કશી કાંઈ ખામી રહી છે;
ઘણીવાર માગી વફા પણ મળે છે,
અમારાં દુઃખે આંખ તારી રડી છે;
નથી કાંઈ ચિંતા હવે તો કપટની,
સહેલી બધી તારી અમને મળી છે
અમે જિંદગી હારવાના હતા ત્યાં
દુવાઓ જ તારી અમોને ફળી છે,
જમાનો ભણાવે તને ત્યાગવાનું.
ન એને ખુશીની ઘડીઓ ગમી છે.
ચલણ સાચનું જે ચલાવે જ રાખે.
ન આફત કદી પણ એને નડી છે
નથી ભાગવું ક્યાંય બીજે હવે તો,
હૃદયમાં પરિવારની બસ પડી છે.
તરસતાં હતાં નેણ શમણાં જ જોવા
હવે રોજ તારી ભલી હાજરી છે.
સદા કાળ મારા ઘરમાં દિવાળી
અમીથી ભરી એક જ્યોતિ જડી છે.

*૨૨૧/૧/એ, આનંદવાટિકા સોસાયટી,*
*સેક્ટર-૨૨, ગાંધીનગર-૩૮૨૦૨૨.*
*મો. ૯૮૯૮૪૦૯૦૫૩*





# ગઝલ

*- અનિલ ચાવડા*

જનમવાની ક્ષણે હોતો નથી કે ખરખરે હોતો નથી,
સમજપૂર્વક અહીં હાજર હું એક્કે અવસરે હોતો નથી.

સતત બાંધીને રાખે છે મને અદશ્ય એવો એક લગાવ,
હું ત્યારે પણ ઘરે હોઉં છું, હું જ્યારે ઘરે હોતો નથી.

જુઓ જો જ્ઞાનની રીતે મળે ગાગરમાં સાગર સેંકડો,
જુઓ વિજ્ઞાનની રીતે, સમંદર ગાગરે હોતો નથી.

ઊભો છે મારી પાસે હાથ કેડે રાખીને મારો અહમ્,
એ કાયમ હોય છે સાથે જ, મારાથી પરે હોતો નથી.

રહે છે વસવસો હમણાંથી મારા ગામના પાદરને એ જ,
હવે કન્યા વળાવ્યાનો એ અવસર પાદરે હોતો નથી.

*સી-૩૦૩, અર્જુન વિલા, કૃષ્ણા બંગ્લોઝ પાછળ,*
*આનંદ પાર્ટી પ્લોટ નજીક, જી.એસ.ટી. ક્રોસિંગ, ન્યૂ રાણીપ,*
*અમદાવાદ-૩૮૨૪૮૦. મો. ૯૯૨૫૬૦૪૬૧૩*

# હોય તકદીરમાં...

*- ભાવેશ ભટ્ટ*

હોય તકદીરમાં બાપડા થઈ જવું
તો નજરમાં રહી લાપતા થઈ જવું.

એક આ ગુણ ઉપર બસ ટકી છે નદી
કેટલું ક્યારે ક્યાં સાંકડા થઈ જવું.

કોઈ વીંટી કરે કાનભંભેરણી
આંગળીનું પછી પારકા થઈ જવું.


ક્યાંક એવી દિશા, ભૂમિ, ને સ્થળ હશે,
જે તરફ તાકવું, જાતરા થઈ જવું.


થાય ઘોંઘાટ માથા પછાડ્યાનો પણ
ક્યાંક બબડાટનું પ્રાર્થના થઈ જવું.

આપણી ટેવ, દુર્ભાગ્ય છે ઊંઘનું
હર પળે હર જગા સાબદા થઈ જવું.

થાય છે એય નક્કી કરીને હવે
બોલતાં બોલતાં ગળગળા થઈ જવું.

*એચ-૫૦૩, સ્વામિનારાયણ કેસલ-૧,
અર્જુન આશ્રમની પાછળ, ગ્રીન સિટી રોડ, નિર્ણયનગર,
અમદાવાદ-૩૮૨૪૮૧. મો. ૯૮૨૫૧૫૦૨૪૪*





# ડૂબી ગયો સૂરજ...

*- ચંદ્રેશ મકવાણા 'નારાજ'*

ડૂબી ગયો સૂરજ પણ ઉંડા વિચારમાં
રોઇ રહ્યું કે કોણ આ વહેલી સવારમાં ?

જોવું છે આંખ નાખી દીકરીની આંખમાં
આપી શકો તો આપો આંખો ઉધારમાં

ગીરવે મુકેલ પીંછાં, પાંખો બચાવવા
નીકળ્યો છે વેચવા એ ટહુકો બજારમાં

બે ટંક રોટલીને બે જોડ જૂનાં કપડાં
ને રોકડા બસ્સો પણ મળશે પગારમાં

બે ચાર ટીપાં તેલની સાથે જ આંખથી
ટપક્યાં છે બે'ક ચમચી આંસુ વઘારમાં

માલિક મૂકીને ધક્કો કાઢી મૂકે ઘરે
જીવવા જો અમે જઈયે સહેજે ખુમારમાં

ચુકવી રહ્યો છે દૂધના પૈસા તું રોકડા
રહી ગઈ શું ખોટ દીકરા આ માના પ્યારમાં ?


*એ/૫, ગુર્જરરત્ન એપાર્ટમેન્ટ,
રૂપલ એપાર્ટમેન્ટની સામે, રાધાસ્વામી રોડ,
રાણીપ, અમદાવાદ. મો. ૭૮૭૪૮૮૫૦૧૫*

## ફેસબુકનો શાયર...

*- હરદ્વાર ગોસ્વામી*

ફેસબુકનો શાયર છું હું ફેસબુકનો શાયર.
ગાડી મારી દોડ્યે રાખે, નહીં એન્જિન, નહીં ટાયર.
મીટર-મેટર ખબર પડે નહીં, તોય કવિનું લેબલ,
લાખલાખ ત્યાં લાઇક મળે છે, પૂછ ન મારું લેવલ.
મોંઘી મોંઘી પેન વાપરું, એથી મોંઘુ ટેબલ,
રોજ કેટલી કમેન્ટ લખતી, દિવ્યા, દક્ષા, દેવલ.
ગૂગલના ગોડાઉનેથી શબ્દો કરતો હું હાયર.
ફેસબુકનો શાયર છું હું ફેસબુકનો શાયર.
કોઈ રૂપાળી દાદ મળે તો તુરંત લખતો ગીત,
ચીટ-ચેટનાં ચક્કરને હું નામ આપતો પ્રીત,.
થોડું અહીંથી, થોડું તહીંથી, સર્જનની આ રીત,
પોલી ઇંટોના સથવારે, ચીનની ચણતો ભીંત.
કોરા કાગળ જેવું જીવન, અંદર કશી ના ફાયર.
ફેસબુકનો શાયર છું હું ફેસબુકનો શાયર.

*૪૨૧, ડ્રીમ સ્ક્વેર, નિર્ણયનગર અન્ડર બ્રીજ,*
*અખબારનગર, અમદાવાદ-૩૮૦૦૧૩.*
*મો. ૯૮૭૯૨૪૮૪૮૪*



## અશ્કો હતો અશોક...

*- અશોક ચાવડા 'બેદિલ'*

હા, છાંયડો હતો કદી તડકો હતો અશોક;
શૈશવ સખીની સ્લેટમાં કક્કો હતો અશોક.

છૂટીછવાઈ થૈ ગઈ આજે બધીય યાદ,
એકાદ ખાસ યાદનો મણકો હતો અશોક.

હમણાં જ આવશે અરે, હમણાં જ આવશે,
ભારે થયેલ શ્વાસનો થડકો હતો અશોક.

તારા સિવાય કોઈ ના ટોકી શક્યું મને,
વાંધો હતો અશોક ને વચકો હતો અશોક.

એના વિશેની કોઈને સાચી ખબર છે ક્યાં ?
'બેદિલ'ને ફક્ત જાણ છે અશ્કો હતો અશોક.

*'પીતાંબર નિવાસ', ૧૦, સૂર્યનગર સોસાયટી,*
*પોસ્ટ ઑફિસ સામે, ગાંધી આશ્રમ,*
*અમદાવાદ-૩૮૦૦૨૭. મો. ૯૪૨૬૬૮૦૬૩૩*

## આંસુથી...

*- મનીષ પરમાર*

એક આખી ડાયરીને મેં ભરેલી આંસુથી,
પ્રેમની એ આકૃતિ મેં કોતરેલી આંસુથી.

કેટલાંયે ડૂસકાં, કોલાહલો પલમાં શમ્યાં;
ઓરડી આખી અમે ખાલી કરેલી આંસુથી.

કોણ આ લીલાશ મારી લૂંટી જાતું હોય છે ?
જિંદગી મારી જ જાણે કે ખરેલી આંસુથી.

આંસુ પર આ આંસુ તો આવ્યા કરે છે રોજનાં,
વેલ તારી યાદની હા, પાંગરેલી આંસુથી.

એકધારો સળગી ઊઠ્યો હોય છે અંધાર આ,
ક્યાં હજીયે રાત સળગેલી, ઠરેલી, આંસુથી ?

*મુ. વાવડી (ગઢ),*
*પો. ધરોઈ કોલોની-૩૮૪૩૬૦,*
*જિ. મહેસાણા. મો. ૯૭૧૨૫૬૪૨૯૪*





## જાનેમન...

*- સ્નેહી પરમાર*

તમે ના હોવ ને જીવવું પડે પળવાર, જાનેમન
દુવા કરજો, મરણ આવે અમારે દ્વાર, જાનેમન
તમારો પગ અડે કાં એ તમારા પગને અડકી લે
બીજો શું હોય ઘરની ગારનો શણગાર, જાનેમન
પડી છે બહાર ફળિયામાં તમારી મોજડી સામે
હવે નીકળું તો નીકળું શી રીતે ઘર બહાર, જાનેમન
ખભા જે ઝીલતા'તા ભાર નભના એક હિસ્સાનો
હવે લાગે શરીરને એ ખભ્ભાનો ભાર, જાનેમન
ઊભો રહું ત્યાં તમારી યાદ આવીને ભીંસી દે છે
બચું છું જ્યાં સુધી ચાલે છે મારી કાર જાનેમન
અગાસી પર તૂટી પડતી તમારા કેશની ખુશબૂ
બીજાં હથિયાર મારે તો શું મારે ઠાર જાનેમન
હું પંખી જેમ એને ઝાલીને વહી જાઉં છું આગળ
જે જીવતા હોય એને મારે જીવતા તાર જાનેમન
ન આવે, એ તમારી યાદની તોલે તો ન આવે
મેં જોયાં છે ઘણાં પ્રાણી થતાં ખૂંખાર જાનેમન
જીવું છું ત્યાં લગી જો કોઈ કાળે તમને મરવા દઉં
જગતમાં માથું ઊંચકી કેમ ચાલે પ્યાર, જાનેમન ?
તમે કહેતા હતા ત્યારે હતો સ્નેહી હતો સ્નેહી
હજી પણ છે, પરંતુ છે હવે પરમાર, જાનેમન

*'હરિનામ', ગોકુલધામ સોસાયટી,*
*મેઘાણી હાઈસ્કૂલ પાછળ, બગસરા-૩૬૫૪૪૦,*
*જિ. અમરેલી. મો. ૯૪૨૭૨૮૩૩૮૧*

# સાજણ ! મર્યું ય લેખે લાગે...

*- પ્રશાંત કેદાર જાદવ*

ઊનીઊની લૂ બાળે ને સોસ પડે ને
જીવ માતર રે ભરમાંડ આખું
ચક્કર ચક્કર ચક્કર ચક્કર ફરતું લાગે
એવે ટાણે રણ ખોદીને વીરડો ગાળ્યે,
આપણો જો ભોગ દેતાં જળ ફૂટે
તો મર્યું ય લેખે લાગે.
છાતી સુક્કી ધાવણ સુક્કાં રૂધિર સુક્કાં નીર સુક્કાં
તો અન્નનો દાણો કોઠા સુધી ક્યાંથી આવી જાશે !
કોરી આંખો, કોરા હોઠ, કોરી જીભ, કોરી આશ
એ મા-છોરુની વિફળ વાચા કેમ કરી વંચાશે ?
ભાઠા જેવી ઠાલી ભૂમિ, આપણી માટીનું જો
ખાતર થાતાં ધાન ઊગે, તો મર્યું ય લેખે લાગે.
અંગ ઉઘાડાં 'લાજ ઉઘાડી' ઓશિયાળાં નેણ ઉઘાડાં
મન ઢંકાશે તન થકી, પણ તન શું ઓઢે પ્હેરે ?
જગની નજરો લુખ્ખી નજરો, ભીની કો એકાદ નજર
એ મા-બેન કે દીકરીને ટોળાં આખાં ઘેરે
તો એ દુનિયાને જવાબ દેવા આપણાં બે ખાંપણ
જો એ બે જણને ઢાંકે તો મર્યું ય લેખે લાગે

*બી-૪૦૨, મણીભદ્ર એપાર્ટમેન્ટ,*
*સોમેશ્વર પાર્ક-૩ પાસે, ગુલાબ ટાવર, થલતેજ,*
*અમદાવાદ-૩૮૦૦૫૪. મો. ૯૮૨૫૪૦૯૦૨૭*





# ગઝલ

*- રમેશ ઠક્કર*

દરઅસલ એવું બને છે આજકાલ.
થાક ખાલીપો બને છે આજકાલ.
બાંકડો, બારી અને પલંગ પણ,
સાવ પોતીકાં બને છે આજકાલ.
શૂળ છેદે સાવ નિર્દોષ નાડને-
કૈંક ટપકાં જળ બને છે આજકાલ.
સાત ડગલામાં સમેટાતું ગગન-
સૌ દિશાઓ છળ બને છે આજકાલ.
નાસિકામાં અવનવા જાગે તરંગ,
ગંધ એકલ તરફડે છે આજકાલ !
ડર, ઉદાસી, શૂન્યતા, પીડા અને...
કેટલાં સ્વજન મળે છે આજકાલ !
રાતભર કણસ્યા કરે શમણાં પછી
એક પડખું ઓગળે છે આજકાલ !
આભ ધરતી સીમ વગડો ભેદવા,
ના કશો મોકો મળે છે આજકાલ !
માણસો ભેગા મળીને મૌન છે;
એક મચ્છર બણબણે છે આજકાલ.
આપણું જીવન ટપકું સોયનું -
એટલું શીખવા મળે છે આજકાલ !
દરઅસલ એવું બને છે આજકાલ,
થાક ખાલીપો બને છે આજકાલ !

*૧૦, પારિજાત હોમ્સ, શાન્તમ્ પાર્ટી પ્લોટની સામે,*
*ખ રોડ, સરગાસણ ચાર રસ્તા,*
*ગાંધીનગર-૩૮૨૪૨૧.*

# તારી ગયું છે...

*- એસ. એસ. રાહી*

ગઝલ દર્દની કો' મઠારી ગયું છે,
સમય નામે દીપકને ઠારી ગયું છે.

વિસામો તો આપો તમે અટકળોને,
હજુ ભાગ્ય મારું ક્યાં હારી ગયું છે.

જુદાઈની ક્ષણ યાદ રહેશે હંમેશાં,
પ્રતીક્ષાની પળ કો' સમારી ગયું છે.

હજુ કેમ ચુપચાપ ઝાકળ છે, માલણ !
શું પુષ્પોને કોઈ નિખારી ગયું છે !

ભવરનોય આભાર માને છે 'રાહી',
મને એ ડૂબાડીને તારી ગયું છે.

*મૌલાઈ કાઝીખાન સોસાયટી, પ્લોટ નં. ૩૮,*
*દૂધની ડેરી સામે, મોરબી રોડ, હળવદ,*
*જિ. મોરબી-૩૬૩૩૩૦. મો. ૯૩૩૧૩૭૯૫૨*





# રાખું છું...

*- મનીષ પાઠક 'શ્વેત'*

ડાબા હૃદયમાં ચોરખાનું રાખું છું,
ને ગીત એમાં છાનુંમાનું રાખું છું.

ભૂખ્યું કે તરસ્યું કોઈ જણ દેખાય તો,
એ દિવસે, મંદિર જવાનું રાખું છું.

હું કંઈ ના બોલું તોય પડઘો તો પડે,
દીવાલ પાછળ છિદ્ર નાનું રાખું છું.

હું ટોચ પર પ્હોચું, પછી ઊતરી જઉં,
અભિમાન તોયે ક્યાં કશાનું રાખું છું !

કાલે સવારે શું થશે, કોને ખબર ?
માટે, હું રાત્રે જાગવાનું રાખું છું.

*૧૩, નરોત્તમ પાર્ક, અગ્રવાલ ટાવરની પાછળ,*
*ભૂયંગદેવ ચાર રસ્તા, સોલા રોડ, ઘાટલોડિયા,*
*અમદાવાદ-૩૮૦૦૬૧. મો. ૯૮૨૫૦૪૬૬૮૪*

## ગઝલ

*- સતીન દેસાઈ*

શ્વાસ-શ્વાસે નાચતો ને બાજતો બમબમ થઈ.
કોણ સૌ પામ્યા પછી ભાગ્યો છે ખાલીખમ થઈ ?
હો સહજ રૂપી તો એનું સૌ અનાયાસે ઘટે,
વાદળોનાં ઘર વિશે જો ઘાસની જાજમ થઈ.
પગ પડ્યા તો સ્હેજ ચાલી, ચાલી દોડી ક્યાં શકી ?
તોય ઇચ્છાની રમીલા હર કદમ રમ-રમ થઈ.
એકલો જાને ! હવા સમ લક્ષ્યની છોડી મમત,
કેટલી વણઝાર લઈ ચાલે ભલા મોસમ થઈ !
સૂર્ય ફૂંકે ઓલવાતી હોય તુલસી સ્હેજ ક્યાં ?
પથ્થરોમાં ફૂટતી જે બારમાસી દમ થઈ.
હર સ્વરે ખોડાઈ જાઉં છું અલૌકિક મૌન થઈ,
સાત લોકે પહોંચવું'તું ક્યાં મને સપ્તમ થઈ ?
એથી બમણી થઈ જ ઘટના આપણા પ્રાગટ્યની,
આપણાં હોવાની ઘટના જેટલી મોઘમ થઈ.
એની ઇચ્છાના ભંવરથી બ્હાર આવી ના શક્યો,
ચોંટવું'તું ફૂલ પર ભમરાને પણ શબનમ થઈ.
એ મજાના અવસરોની જાણ શાને હું કરું ?
કોની ચાબુકો વિશે મારી ત્વચા સમસમ થઈ.
હું ન બંધાયો, ન બાજ્યો કોઈના દરબારમાં,
તૂટવું મારે હતું 'પરવેઝ' ક્યાં, છમછમ થઈ ?

*એ/૩ અભિલાષા ફ્લેટ, પારિજાત સોસાયટી પાસે,*
*પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.*
*મો. ૯૪૨૮૯૦૭૭૭૫*





## આ તે કેવું ચોમાસું ?

*- ભાનુપ્રસાદ પુરાણી*

ઓણસાલ ચોમાસું લંબાયું ખાસ્સું !
વાદળે ગાજ્યાં ને વીજ પણ ઝબૂકી
વરસ્યા વિનાનું ચોમાસું !
આ તે કેવું ચોમાસું ?...

વીજળીએ વાદળને કાનમાં જઈ કીધું,
હે વ્હાલો થઈ વરસી જા તું !
ખેડૂત બિચારો જઈ શેઢાને પૂછે !
તું વરસે નહીં તો થશે શું ?
આ તે કેવું ચોમાસું ?...

ચાતકના હૈયેથી ઊઠ્યો ચિત્કાર,
જરા મારી તો વેદનાને જાણો !
કોરીકટ્ટ આંખે હું ભાળું આકાશ
કોઈ ચાંચમાં તો બે ફોરાં નાંખો !
શું ચકલી જેમ ધૂળમાં ન્હાવું ?
આ તે કેવું ચોમાસું ?...

કોઠીનાં ધાન સાવ બૂધે જઈ બેઠાં
ને નદિયુંનાં નીર ગયાં ઊંડે
ઝાડવાંય મણમણના નાખે નિસાસા
આ જોવાના દન આયા ભૂંડા
ધરતી છોડીને ક્યાં જાશું ?
આ તે કેવું ચોમાસું ?...

*પ્લોટ નં. ૧૦૩/૨, સેક્ટર-૨/એ,*
*ગાંધીનગર-૩૮૨૦૦૭.*
*મો. ૯૯૦૪૨૫૬૧૧૪*

# મને ભૂલી જજે...

*- પ્રદીપ સુમિરન*

અહીં તરકટ, તહીં તરકટ, તને એ કોણ સમજાવે ?
જગત આ છે નર્યું નાટક, તને એ કોણ સમજાવે ?

સળગતી ચે' સમું આ આયખું મહેમાન પળભરનું !
દગો દે શ્વાસ જ અચાનક, તને એ કોણ સમજાવે ?

દઝાડે છે દુઃખો, એ તો માનવા જેવી જ છે ઘટના,
સુખો પણ હોય છે દાહક ! તને એ કોણ સમજાવે ?

'મને ભૂલી જજે' બોલી, નથી સંબંધ તોડાતા;
હજી તું સાવ છે બાલિશ, તને એ કોણ સમજાવે ?

બધી વ્યક્તિ, બધી દુનિયા મહીં છે રાજકારણ જો,
મિત્ર, 'સુમિરન' તું છે બાળક, તને એ કોણ સમજાવે ?

*'મા', મંગલમૂર્તિ ટેનામેન્ટ, બ્લોક નં. ૫,*
*૩, સૂર્યોદય સોસાયટી, સેન્ટ મેરી સ્કૂલ સામે,*
*કાલાવડ રોડ, રાજકોટ. મો. ૯૪૨૮૩૪૫૯૦૮*





# શરૂઆત...

*- ભસ્માંગ માંકડ 'સમ્રાટ'*

મન થાય ઘણું, કરવી છે કોઈ વાત
પણ ના સમજાય કરું હું કયાંથી શરૂઆત,

કર્યા છે અત્યાર સુધી ઘણા પ્રયત્નો છતાં
શબ્દોની આ વિરહતા બનાવે છે મન વિરકત

વાતનો આગ્રહ મારો થયો છે મક્કમ છતાં
ડરું છું કયાંક, ના મળે અસહજ શિકસ્ત

બની શકે એમને પણ ઈચ્છા હોય છતાં
એ આશા જ મારી ઠગારી નીવડે ત્વરિત

દિલ ઉપર પહાડ રાખી બેઠો છું છતાં
ઝંખું છું હેરત પમાડે એવી કોઈ કરામત

પ્રેમનો આલેખ પળમાં ના થઈ શકે છતાં
ઉતાવળે કસબ પામવા કરી છે ખૂબ કસરત

કળી ના શકાય, એ શું વિચારશે છતાં
એક વાત કહેવાનો મારો પ્રયત્ન છે યથાવત્

મન થાય ઘણું, કરવી છે કોઈ વાત
પણ ના સમજાય કરું હું કયાંથી શરૂઆત

*માંગલ્ય, પ્લોટ નં. ૨૫૫/૨, શ્યામલ-૧,*
*જૈન દેરાસર પાછળ, સેક્ટર-૨૨,*
*ગાંધીનગર-૩૮૨૦૨૨. મો. ૯૮૨૫૭૨૧૯૨૮*

## સમયની ચાલ...

*- નટવર આહલપરા*

સમયની ચાલ સમજીને, પણે તારે જવાનું છે,
અહીં થોડુંક વરસીને, પણે તારે જવાનું છે.

કરે છે કેમ તું સામાન ભેગો તારી વસતિમાં,
બધાં સગપણ વિસારીને, પણે તારે જવાનું છે.

કરી લે આંખ તું ભીની પરાઈ કોઈ પીડાથી
અહીં થોડુંક છલકીને, પણે તારે જવાનું છે.


બધા અરીસા સરખા છે, બધો અજવાસ ઊજળો છે,
ભરમ તારો મિટાવીને, પણે તારે જવાનું છે.

રહે છે તું સદા બંધક બની ઘરની દીવાલોમાં,
બધાં બંધન ફગાવીને, પણે તારે જવાનું છે.

અજાણ્યા પંથમાં 'નટવર' હવે તારો જ સાથી છે,
જગતની ચાલ સમજીને, પણે તારે જવાનું છે.

*'શ્રી પવનતનય', ૧૦૧, એસ્ટર ફ્લેટ્સ, શ્યામલ સ્કાય લાઈફ એપા. સામે, આર્યલેન્ડની નજીક, સ્પીડવેલ પાર્ટી પ્લોટની પાછળ, અંબિકા ટાઉનશિપ, મવડી એરિયા, નાના મવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૯૯૭૪૦૦૯૦૪૨*





## પથ્થર કહી દો એટલે...

*- ડૉ. ઈશ્વર સુથાર, 'શિલ્પી'*

પથ્થર કહી દો એટલે પથ્થર નથી બનતાં !
શબ્દો વહે મીઠા છતાં શક્કર નથી બનતાં !

સંધ્યા ઢળી સ્પર્શી ગઈ કોમળ કરી જગને
રેશમ સમાં એનાં કિરણ અસ્તર નથી બનતાં !

મારી જ અવગણના થઈ ખુશી સહુ શાયદ,
આઘાત લાગ્યાં બાણ હસ્તાક્ષર નથી બનતાં !

સૌ, ઓડકારો આવતા સંતોષના, ક્હેતા રહે
દંભી થયા માણસ કદી નક્કર નથી બનતાં !

આ ઘાસ સૌરભ પાથરે પૃથ્વી ઉપર રાતે
અંધારના એ રૂપનાં અંબર નથી બનતાં !

બપ્પોર પણ સમણાં લઈ ને ઊંઘતી કેવી !
'શિલ્પી' કહે ત્યાં સૂર્ય-કરનાં સર નથી બનતાં !


*૩૯, નંદ બંગ્લોઝ, જનતાનગર રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧. મો. ૯૮૨૫૫૫૭૯૪૮*

# વિક્ષુબ્ધ નયને...

*- પ્રફુલ્લ રાવલ*

દીર્ઘ અંતરાલ પછી
મારામાંથી હું બેઠો થયો છું,
ને સ્મૃતિમજૂસ ખોલીને
લખું છું મારી વાત - ઘાત, આઘાત ને પ્રત્યાઘાતની
વીસરી જાઉં હું મને તે પૂર્વે દોરું છું મારું ચિત્ર
આ આછી ભૂરી આંખોએ કેટકેટલું જોયું છે છેક શૈશવથી,
શ્વેત-શ્યામ ને રંગબેરંગી
વાંચું છું મારી કવિતા એકલો એકલો
સાંભળતું નથી કોઈ મને
ફાડું છું સાચવી રાખેલા પત્રો-મેં લખેલા, એણે લખેલા
પટારામાં પૂરી દઉં છું ન-કામનું બધુંયે
ઊઘાડું છું વર્ષોથી બંધ પડેલો છેલ્લો ઓરડો -
- જેણે સાંભળ્યો'તો મારો પહેલો રડવાનો અવાજ
થઈ જાઉં છું તરબતર સ્મરણ સુગંધથી
ખોદું છું પાણિયારા નીચે
મળી આવ્યો છે એક ચરુ - સાવ ખાલીખમ
લાગે છે હું મને ભૂલી રહ્યો છું.
અરીસા સામે ઊભો રહીને જોઉં છું મને જ
ને પૂછું છું : 'હું કોણ છું ?'
અરીસામાંનો ચહેરો એકીટસે અનુત્તર તાકી રહ્યો છે મને -
બાઘાની જેમ
હું પણ એને વિક્ષુબ્ધ નયને.

*બી-૧૨, માધવ એપાર્ટમેન્ટ,*
*મ્યુનિસિપલ ગાર્ડન સામે, વાસણા,*
*અમદાવાદ-૩૮૦૦૦૭. મો. ૯૮૭૯૦૧૩૧૭૦*





# હર ક્ષણ આવે તારી યાદ...

*- રમેશ પટેલ*

રેતીમાં ચાલ્યાનો થાક,
મૃગજળમાં જીવ્યાનો થાક,
ભીતર સળગે,સૂરજ આગ -
પીડા લઈ દાઝયાનો થાક.
સૂરજ જેવા શબ્દો કાજ,
શાયરને જાગ્યાનો થાક.
ગમતાં પુસ્તક, મ્હેંકી ક્ષણ,
એકાંતે વાંચ્યાનો થાક.
સાચું બોલી જીવ્યો છું,
જીવનભર લડ્યાનો થાક !
માણસ જેવો માણસ પણ,
'માનવતા' ભૂલ્યાનો થાક !
જીવન રસ્તો કપરો છે,
બસ ઠોકર વાગ્યાનો થાક !
પથ્થર જેવો પથ્થરને,
'ઈશ્વર'ને પામ્યાનો થાક.
શ્રવણ જેવા પુત્રો કો'ક,
ઘરડાંઘર વધ્યાનો થાક.
જોડે શું આવ્યું અંતે,
ખાલી તન ઊડ્યાનો થાક.
ધીમે ચાલીને કચ્છપ-
સ્પર્ધામાં જીત્યાનો થાક.
હરક્ષણ આવે તારી યાદ...
હરક્ષણ ના ભૂલ્યાનો થાક !

*૩૦, 'પ્રાંજલ', આનંદવાટિકા સોસાયટી,*
*સરદાર પુલ પાસે, અડાજણ રોડ,*
*સુરત-૩૯૫૦૦૯. મો. ૯૮૨૫૧૦૦૨૫૫*

# ભરશિયાળે માવઠું...

- ડૉ. મનહર ઠાકર

ભરશિયાળે અમથે અમથું આવ્યું માવઠું કેવું,
વરસ્યું અનરાધારે એ તો ભરચોમાસા જેવું.

જેમ અષાઢી મેઘ ધરા પર વણથંભ્યો કંઈ વરસે,
એમ અહીં તો ભીંજાતાં સૌ ચાતક નજરે તરસે.

આભ ચહે છે અવનિ કાજે આજ કશું તો દેવું,
જાણ હતી ક્યાં આ ધરતીને શું દેવું શું લેવું.

સાજ સજીને ઘોર ઘટાનાં વાયુનાં દળ વમળે,
તૃહક તૃહક જળ આભ ચંદરવે લટકે ટપકે સઘળે.

સીમ પાદરે ગામ ગોંદરે ખળખળ હાલ્યાં પાણી,
અટકળ આગાહી જોશીની નો'તી સાંભળી વાણી.

તોય અહીં તો મોસમ છલકી પૂર આવ્યું છે એવું,
ને સાગર પર નીર નદિયુંનાં વરણાગી થાય તેવું.

છેક છવાયું ભીતર ભીનું હૈયું આખું ઝળકે,
ટાઢ છતાં પણ પાણી પાણી અનગળ આભે ખળકે.

મોભ ભણીથી છપ્પર આખું નળિયાં ધારે નેવું,
ધાર પડે છે આખા ઘરમાં કેમ સૂકામાં રે'વું.

ભરશિયાળે અમથે અમથું આવ્યું માવઠું કેવું,
વરસ્યું અનરાધારે એ તો ભર સોમાસા જેવું.

૪૦, શ્રીનાથજીનગર-૩,
ભરતનગર પાછળ,ભાવનગર-૩૬૪૦૦૨.
મો. ૯૪૨૬૮૫૧૨૯૦





# તારું બધું મારું, મારું બધું તારું...

- દિનેશ દેસાઈ

તારું બધું મારું, મારું બધું તારું,
હૈયું હરખથી ગાતું ગીત સહિયારું.
મરજી સદા તારી, ચાલે સદા હકુમત;
તું જે કહે માનું, તું જે કહે ધારું.
જીતું ભલે દુનિયા સામે બધી બાજી,
પાળું વચન, તારી સામે સદા હારું.
કદમ્બ, દડો, યમુના ને રાસ, વનરાવન,
તારી ઉપર ગોકુળ આખું'ય ઓવારું.
છે કેફ તારી આંખો, મેઘ ભાદરવો;
તું ભીંજવી દેતી, એ રોજ સંભારું.
તું ષોડશી વેલી, હું ધાર ચોમાસું,
છલછલ છલકતી તારી જાત શણગારું.
ધસમસ નદી - તું જાણે વ્હેણ ગંગાનું,
હું, જેમ દરિયાનું પાણી સદા ખારું.
મીઠું હસે, તીખો ગુસ્સો કરે તો'યે,
તારા સવાલોમાં હું એમ કહું, 'સારું !'
હસતો ચહેરો રાખીને ફરીએ, પણ-
ભીતર ધખે તો એને કેમનું ઠારું ?
હળવે રહી તું બેસે બાજુમાં, એ સુખ;
મારું બધું દુઃખ નાસી જાય પરબારું.
સૂરજ સદાનો હું, તું ચાંદની શીતલ;
તું હોય તો ઝટ ચાલી જાય અંધારું.


બી/૧૦૪, શાયપ્રમ, શાયપ્રમ ક્રોસ,
સફલ પરિસર રોડ, મેરીગોલ્ડ સર્કલ પાસે, સાઉથ બોપલ,
અમદાવાદ-૩૮૦૦૫૮. મો. ૮૩૨૦૪૧૯૦૭૭

# દરિયાની માછલી...

- *પ્રીતમ લખલાણી*

મનડાની વાત કોને કરવી રે આટલી ?
કેમ અહીં એકલી તું બેઠી છે બાઈ ?
મને એમ કહે દરિયાની માછલી !...
નાનકડા ખોબામાં સુક્કાતો કેમ કરી
આવો અગાધ મોટો દરિયો ?
દરિયો હોતો તો આનંદ ઉરે ઊમટે
પણ આ તો છે વ્હાલમ સાંવરિયો !
મોજાંની વણજારે હોડી ખોવાતી રે
જીવતરની આગલી ને પાછલી !...
કેમ અહીં એકલી તું બેઠી છે બાઈ ?
મને એમ કહે દરિયાની માછલી !...
હાથની લકીરો ઉલેચવામાં થઈ જાતા
આંસુના દરિયાઓ ખાલી !
કોણ લઈ જાશે રે સામે રે પાર મને
શમણામાં દઈ દઈને તાલી !
દરિયો જોઈને તને કૈકૈ થઇ જાય બાઈ !
તું તો છો ગભરુ ને ચાગલી !
કેમ અહીં એકલી તું બેઠી છે બાઈ ?
મને એમ કહે દરિયાની માછલી !
મનડાની વાત કોને કરવી રે આટલી ?

*૧૩, વિનોદ પાર્ક સોસાયટી,*
*જશોદા ચોકડી, વટવા-જીઆઈડીસી રોડ,*
*અમદાવાદ-૩૮૨૪૪૫.*





# ધૂમકેતુ...

- *વિવેક મનહર ટેલર*

**(મંદાક્રાંતા)**

સંધ્યા ટાણે હું વનવગડે એકલો નીકળ્યો'તો,
નિરુદ્દેશે વિજન પથ પે સ્વૈરવિહાર કાજે,
લંબાવ્યું કો' પડતર બીડે, ઊતરી રાત માથે,
સર્જાતું ત્યાં ફલક પર જે ચિત્ર, એને હું જોતો.

તારાઓની ટમટમ મહીં દૃષ્ટ આકાશ ગંગા,
નક્ષત્રોને અનુપમ ગ્રહો, ચંદ્ર પાછો અનન્ય;
સૌની કાંતિ, કદ, સ્થળ-જુઓ ! આગવાં ને અલભ્ય,
થોડી થોડી વધઘટ છતાં સ્થિર સૌ એકધારા.

મારી ચારે તરફ વસતી વસ્તી પોતેય આવી-
કોઈ આઘું, નિકટતમ કો', ખાસ-સામાન્ય કોઈ,
સંબંધોમાં અગણિત વળી ધૂપછાંવેય જોઈ,
સૃષ્ટિ ભાતીગળ નિત, છતાં એક જેવી જણાતી.

હૈયે કોઈ ટૂંક સમયમાં સ્થાન એ તોય લેતું,
જે વર્ષોમાં જયમ નભ મહીં એકદા ધૂમકેતુ.

*આયુષ્ય મેડી-કેર હૉસ્પિટલ અને કાર્ડિયાક સેન્ટર,*
*૪૬-૪૭, સ્વીટી સોસાયટી, ભટાર રોડ,*
*સુરત-૩૯૫૦૦૭. મો. ૦૯૮૨૪૧૨૫૩૫૫*

# વટ્ટનો કટ્ટકો...

- *ચંદ્રશેખર પંડ્યા*

કામણ પાથરવામાં અવ્વલ ગણાય, એની અણિયાળી મૂછ તણો લટ્ટકો
નજરુંની સાથ મળે નજરું તો મારતો ઈ, વીજળીના તાર સમો ઝટ્ટકો
મારો અરજણિયો વટ્ટનો કટ્ટકો

હોળીને દા'ડે હું તો બા'નું બનાવી, તને ભેટવાને ચાલી 'તી રંગમાં
આવી ધુળેટી તો સાનભાન ભૂલીને, નવરાવી દીધી તેં રંગમાં
ઢીલી પડી છ મારા કમ્મખાની કસ, હવે ભાવિ ભરથાર જરા અટ્ટકો
મારો અરજણિયો વટ્ટનો કટ્ટકો

લીલા ને લહેર મળે મુંએ સાસરિયે, હું તો વીસરી જઉં લાડકડું માયકું
દિવસ ને રાત તું જો વરસાવે હેત, પછી વારીવારી જાઉં મારું આયખું
કાંબી ને કડલાંને ચૂલા મહીં નાખ, મને સ્હેજે નથી એનો ચટ્ટકો
મારો અરજણિયો વટ્ટનો કટ્ટકો

જન્મોના સાથ તણો કરશું કરાર, આજ આવી જા અલબેલા ઠાઠમાં
બંધનનું થઈ જાતું મીઠું બંધાણ, રહે બાંધ્યું એ સ્નેહ તણી ગાંઠમાં
છઠ્ઠીના લેખની સાખે થઈ જોડી, પછી વાલમજી કેમ કરી છટ્ટકો !
મારો અરજણિયો વટ્ટનો કટ્ટકો.



*૦૦૧, વાસ્તવ એવન્યૂ, મંગલમ્ ફ્લેટ સામે,*
*સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩.*
*મો. ૯૮૨૫૦૩૦૬૯૮*

# તો જીવી જાશો...

- *કનૈયાલાલ ભટ્ટ*



સપ્તરંગી સાત ઈચ્છાધારી ઈચ્છાઓને મારી નાખશો તો જીવી જાશો,
દાખલાઓ અવગણીને મનની પાટી સાવ કોરી રાખશો તો જીવી જાશો.

સૌ ભલેને પોતપોતાની વ્યથા ત્યાગી અને હસતા ને મલકાતા રહેતા,
તાપણાં ત્યાગીને નભમાં છેક અંધારાની સાથે જાગશો તો જીવી જાશો.

આમ પડછાયો ભલે હો આપણી સાથે છતાંયે આપણો બનશે નહીં એ,
ધૂર્ત, દંભી જાત વટલાયેલ પડછાયો જ આંખો ત્યાગશો તો જીવી જાશો.

બોલ બરછટ, રોજ નફરત, વેદના, ફરિયાદ, પીડા, છોડ તું ઈન્કાર સઘળા
યુગ નવો છે અવનવા લોકો, સમય સાથે રહીને દોડશો તો જીવી જાશો.

છંદ મારા, શાસ્ત્ર મારું, હું જ ભાષાનો છું અધિપતિ, દંભ તારો વ્યર્થ છે એ
છેવટે નરસિંહ, મીરાં કે દયાનાં બોર એઠાં ચાખશો તો જીવી જાશો.

*પ્લોટ નં. ૧૧૮૫/૫, હાઈટેક હોસ્પિટલ પાછળ,*
*સેક્ટર-૩-ડી, ગાંધીનગર-૩૮૨૦૦૬.*
*મો. ૯૪૨૬૦૬૦૬૦૧*

# રખડેલ પંખીઓ...


*- રમેશ આચાર્ય*

મારા ઘેર પક્ષીઓનો ચબૂતરો
અને પાણીનાં કૂંડાં.
પક્ષીઓ આવે, ચણે અને
કૂંડાનું પાણી પીએ
મોજમાં આવે અને નાનકડા ગીતની કરે લહાણી
મને એ ન સમજાય.
પક્ષીઓ તેની ન કરે દરકાર.

પક્ષીઓએ જાણવા કોશિશ કરી
ચબૂતરાની ચણ અને પાણીનાં કૂંડા વિષે
તેમને સમજાઈ ગયું અને ફાવી ગયું.
તેમણે તેની નિયમિતતામાં લેવા માંડી છૂટ
મારવા લાગ્યાં ગુલ્લી.
થયું કોઈ શિક્ષણ-સંસ્થાના
વર્ગખંડના ભલા શિક્ષક જેવું.

હું વિચારું મારે લેવાં જોઈતાં
પગલાં વિષે.
એક અડચણ છે અભેદ અને અનિવાર્ય
સવારે હું ચબૂતરામાં ચણ નાખું
ત્યારે સહુ પ્રથમ આવતી
મારી સામે જોઈ જાણે
મારી અનુમતિ લેતી
ચકલી, કાબર અને કોયલનું
શું થાય... શું થાય... શું થાય...

*'કવિતા', ૧૦, અંકુર સોસાયટી,*
*નવા જંક્શન માર્ગ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧.*
*મો. ૭૬૦૦૩૬૫૨૧૦*







# ગઝલ

*- ડૉ. ધૈવત શુક્લ 'આનંદ'*

માણસ કંઈ પણ પાવે ? તમને શું લાગે છે ?
વર્ષો ખાલી ચાવે, તમને શું લાગે છે ?

શબ્દો, ફૂલો, ગીતો, એને સૌ બોલાવે
પણ આ ભૈ કંઈ આવે ? તમને શું લાગે છે ?

દફતરથી દફતર સુધીની દોડાદોડી
એને આવું ફાવે, તમને શું લાગે છે ?

મન બાંધીને એવું ઊંડે દાટી દેશે,
રસ એને કંઈ ભાવે ? તમને શું લાગે છે ?

શું આનંદે ? પૂછે પાછો, શું આનંદે
આવું ? સાવે ? તમને શું લાગે છે ?

*એફ/૩૦૩, શિવાલય પરિસર,*
*અક્ષત હેવની બાજુમાં, કુડાસણ-૩૮૨૪૨૧,*
*ગાંધીનગર. મો. ૯૭૧૨૯૯૭૪૦૩*

# ભરાશે નહીં નિનાદોથી...

*- પારસ એસ. હેમાણી*

ઠસોઠસ છે હિસાબોથી,
ભરાશે નહીં નિનાદોથી.
થશે શું યે નગર તારું ?
છે ભરચક તું નવાબોથી.
વિચારોના વિમાનોથી,
તમે આવ્યા કિતાબોથી.
બચી ક્યાં છે જગા કોઈ,
ભરેલાં ઘર દીવાલોથી.
રમતની ક્યાં કમી છે અહીં,
રમે કાં તું વિવાદોથી ?
દુઃખો બીજું કૈં નથી 'પારસ'
નવાજે એ સવાલોથી !

*હેમાણી હૉસ્પિટલ, ભક્તિનગર સોસાયટી,*
*કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ પાસે,*
*રાજકોટ-૩૬૦૦૦૨. મો. ૯૯૦૪૯૦૦૦૫૯*





# ગઝલ

*- ડૉ. મનોજ જોશી 'મન'*

ભગવાના નામે આવતી ભૂખરી ગઝલ સૂણી,
ધખવાનું સાવ ટાળીને જંપી ગઈ ધૂણી !

અમથી જરાતરા જ અડી ત્યાં ચીરો પડ્યો !
બહારેથી નહીં તો સાવ હતી લાગણી કૂણી !

નિર્ગુણ જો એનો ગુણ છે, તો એ સગુણ થયો !
નિર્ગુણનાં ગુણને જાણવા, ઊતરી સમજ ઊણી !

આપ્યું તેં બેહિસાબ ફરી આ જનમમાં પણ !
જન્મોજનમથી તારો, ગઝલ ! હું હતો ઋણી !

તલવાર કે કટારથી ભેદાયા નહીં પછી,
મેં કોચલાંઓ ભેદવા લીધી રૂની પૂણી !

*૧૦૧, શાંતિ કુંજ એપાર્ટમેન્ટ,*
*૭, પટેલ કોલોની, મેઈન રોડ, દિપભવન પાછળ,*
*જામનગર-૩૬૧૦૦૯. ફોન: ૦૨૮૮-૨૭૫૬૨૬૧*

## ટહુક્યો ઘણું...

*- ડૉ. પ્રદીપ આઝાદ*

મૌન સાથે ખૂબ એ ડોલ્યો ઘણું
તોય મૂંગો મોર તો ટહુક્યો ઘણું
રાહ જૂને ઘર તણે દોડ્યો ઘણું
સાદ તારો મૌનમાં સુણ્યો ઘણું
વાતમાં એ વાતને વળગ્યો ઘણું
એકલો ખૂબ તો એ દોડ્યો ઘણું
લોક વાતો છો કરે જાગ્યો ઘણું
ચોતરફના રણ મહીં ભાગ્યો ઘણું
જિંદગીભર મૌન થઇ જીવ્યો ઘણું
નામની બસ પળ બની ટહુક્યો ઘણું

*પ્લોટ નં. ૧૨૪૮/૧, સેક્ટર-૭/ડી,*
*ગાંધીનગર-૩૮૨૦૦૭.*
*મો. ૯૮૨૪૦૦૩૧૪૦*





## હરિ મળે તો હરખું...

*- હર્ષિદા દીપક ત્રિવેદી*

હરિ મળે તો હરખું...
આભ, ધરા કે વાયુ, જળમાં કણકણમાં હું નિરખું
હરિ મળે તો હરખું..
સીધાં પગલે ચાલી'તી ને આરે આવી બેઠી;
હેમકટોરી હીરલે જડતી અચરજ હારે પેઠી !
હું અંદર અંદર મરકું
ભવાટવીમાં દેખું તોયે સઘળે ખુદમાં પરખું !
હરિ મળે તો હરખું...
સમય સામટો સાચવતી હું ઝેરકટોરા ઝીલું
તારા બોલે બંધાણી હું ખુદમાં ખીલુંખીલું !
હું માલીપાથી બરકું
અચરજ શીદ કાયા-માયાનું લાગે સરખે સરખું
આભ, ધરા કે વાયુ, જળમાં કણકણમાં હું નિરખું
હરિ મળે તો હરખું...

*૧, નંદનવન પાર્ક, ૯-સદ્‌ગુરુ બંગલો,*
*ગોલ્ડન માર્કેટ પાછળ, સાધુ વાસવાણી રોડ,*
*રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૯૭૨૭૭૭૪૭૪૩*

# દીકરીને તૈયાર કરતી વેળાએ ગાવાનું ગીત...

*- દીપક ત્રિવેદી*

હાલ, મારા ફૂલ તને પહેરાવું ઝાંઝરી ને લઈ જાઉં એવા રે દેશ !
એમાં પણ સપનાંઓ હીંચકતાં દેખાડું, ફોરમના પહેરાવું વેશ !
હાલ, મારા ફૂલ તને પહેરાવું ઝાંઝરી...
ઝાકળનાં દરવાજે દરવાજે પહેરાવું, હાલ તને ટહુકાનાં કડલાં
પર્વતથી આવે તે પડઘાઓ સંકેલી, તારી આગળ કરું ઢગલા
હાલ, મારા ફૂલ તને જંગલની કેડીઓમાં છાયાનાં પહેરાવું ખેસ
હાલ, મારા ફૂલ તને પહેરાવું ઝાંઝરી ને લઈ જાઉં એવા રે દેશ !
ઝાડવાનાં પાંદડાંઓ આવકારે મર્મરથી એવા તે સ્મિતની પટરાણી
આસપાસ વહેતાં આ મૂંગાં ઝરણાંઓને ઓચિંતી ફૂટી છે વાણી
હાલ, મારા ફૂલ તને ઓઢણી ઓઢાડું જેમાં લહેરાશે રૂપકડાં કેશ !
હાલ, મારા ફૂલ તને પહેરાવું ઝાંઝરી ને લઈ જાઉં એવા રે દેશ !

*૧, નંદનવન પાર્ક, ૯, સદ્‌ગુરુ બંગલો,*
*ગોલ્ડન માર્કેટ પાછળ, સાધુ વાસવાણી રોડ,*
*રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૯૭૨૭૭૭૪૭૪૨*





# પોતીકો વરસાદ...

*- પ્રજ્ઞા પટેલ*

રાહ જોઈ જોઈ કેટલીયે સાંજ
ઉદાસ થઈ જાય, પણ એ ન જ આવે...
અને, પછી આવે ત્યારે સાવ અચાનક ને
જાણે કદીયે ક્યાંય ગયો જ ન હોય એમ સામટો આવે...
એ છે જ એવો, એની સાથેનો લગાવ પણ.
કોઈ રીતે એને વ્યક્ત કરી શકતી નથી, અમારા સંબંધને પણ.
એ આવે ત્યારે કે એના આગમનના એંધાણે
થાય, ઘર છોડીને નીકળી જ પડું
જાણી-અજાણી કેડીએ,
કોઈ કોતર-ધારે કે ડુંગરોના દેશમાં, વનની વાટે ને ખેતર-ખોળે,
પ્રિયજનના ઘેર... ને બસ એને જોયા, સાંભળ્યા કરું.
જળમાં જળ સમાય, જળ જળને ભેટે
એ ઘટના પણ નરી રોમાંચકારી જ ને !
ગોમતી, સરસ્વતી ને રેવા ને દરિયો -
બધાય હૈયાની ખાટે હિલ્લોળા લેવા લાગે.
ઘરની ઓસરીમાં નળિયાવાળો શેડ છે
તે, ક્યાંક ક્યાંકની પોલી જગ્યામાંથીયે એ ડોકિયું કરી જ લે.
પેંધી પડેલી બે કાબર ઘડીક બહાર નીકળે,
ભીંજાય ને વળી પાંખ ખંખેરતી નળિયા નીચે લપાય,
કોરાં મન-હૃદયે હું ભીની થયેલી કાબરને જોઈ રહું, બસ.
છબછબિયાં કરવાનું ને કાગળની હોડી તરાવવાનું વિસારે પડ્યું છે.
ઘર બહાર નીકળું તો બધેય એનો જ પ્રભાવ,
ત્વચાનાં વસ્ત્રો બદલી, સ્વચ્છ-તાજામાજા થયેલા છોડ, વૃક્ષો
ઘેર થોડા છોડ કૂંડામાં વાવેલા,
કેટલાક માવજતને અભાવે ને કેટલાક વધુ જળાભિષેકથી
સાવ મુંઝાઈ ગયા છે.
હું એમના સજીવન થવાની રાહ જોઉં, જોયા કરું
પણ...
એનો તે સ્વભાવ જ ભીંજવવાનો
ભીંજવે, તરબોળ કરે ને સૂકા ચટકા પણ ભરે...
ચોમાસાં આવે છે ને જાય છે
ભીતરનો એક છોડ પણ
એના પોતીકા વરસાદની રાહ જોઈ રહ્યો છે,
તું આવીશ ને ?

*'આત્મન્', પ્લોટ નં. ૧૬૮૭/૧, સેક્ટર-૨-ડી,*
*ગાંધીનગર-૩૮૨૦૦૭. મો. ૯૮૨૫૪૩૮૩૯૪*

# ઇચ્છા...

*- ભાવિન ગોપાણી*

મરણ બાજુ વળી આ કારણે બીમારની ઇચ્છા,
અહીં પૂરી કરે છે માણસો મરનારની ઇચ્છા.
અનુભવ છેતરાયાનો થયો છે મોક્ષ પામીને
નિરાકારી થવાની ક્યાં હતી આકારની ઇચ્છા?
ગરીબી, ભૂખ, શોષણનો સમન્વય થઈ ગયો પહેલાં,
પછી જન્મી હતી ત્યાં લોહીના વેપારની ઇચ્છા
મદદ પ્હોંચાડવાના ઢોલ એણે એ હદે પીટ્યાં
નર્યા ઘોંઘાટથી ભાંગી પડી આભારની ઇચ્છા
જરૂરી એટલે પણ છે સમયસર આંખ મીંચી લો
ઘણું જોયા પછી થઈ જાય છે અંધારની ઇચ્છા
પછી મળવાનું રહેવા દો, સમય કાઢી મળો હમણાં,
અહીં લાંબો સમય ટકતી નથી તકરારની ઇચ્છા
તમે પૂરો કરો રસ્તો, અમે વચ્ચે મરી જઈએ
તમે વગદારની છો હઠ, અમે લાચારની ઇચ્છા

*૨૦-મહાવીર કૃપા, ગંગાધર સોસાયટી,*
*સરદાર પટેલ સ્કૂલની સામે, મણિનગર,*
*અમદાવાદ-૩૮૦૦૦૮. ૯૮૨૫૬૯૮૬૨૮*





# ફગાવી...

*- તેજસ દવે*

આભને થોડું આંખમાં આંજી ,
આપણું વાદળ આપ બનાવી ,
રોજ ઉદાસી આમ ફગાવી ,
વગડે ન્હાશું ગામ ગજાવી .
ગામ તો એની મોજમાં રહે,
સીમ રખોપું ગામનું કરે ,
છાંયડે બેઠી ગાયની ઉપર ,
વડથી ઝીણો તડકો ખરે .
એમ ધુબાકા મારશું જાણે ,
આજ નદીને હોય હરાવી,
રોજ ઉદાસી આમ ફગાવી,
વગડે ન્હાશું ગામ ગજાવી .
પગ થઈને કેડી પોતે ,
એમની હારોહાર જોડાશે ,
કોઈ ગાડાનાં પૈડાં જ્યારે,
ખખડ ખખડ ગાતા જાશે.
દોડશું ભીને તન અમે સૌ,
ધૂળથી અંગેઅંગ સજાવી,
રોજ ઉદાસી આમ ફગાવી,
વગડે ન્હાશું ગામ ગજાવી.
ઝાડની ડાળે સાંજ ઉલેચી,
લઈને આવે સૂરજ જ્યારે,
ઘરના ડેલે 'બા' ઊભી રહી,
બૂમ પાડે હું પહોંચું ત્યારે .
આમ અમે સહુ છુટ્ટા પડી,
ફળિયે ફરી ન્હાશું આવી,
રોજ ઉદાસી આમ ફગાવી,
વગડે ન્હાશું ગામ ગજાવી.

*એ/૩૦૧, કબીર એન્ક્લેવ, સાંઈ હોમિયોપેથિ હોસ્પિટલ પાસે,*
*ઘુમા રોડ, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮*
*મો. ૮૨૦૦૭૬૪૫૭૬*

# પાણીના પરચા...

*- દર્શક આચાર્ય*

પાણીના પરચા પરપોટાને પૂછો.
ડૂબીને તરતાં પરપોટાને પૂછો.

કેદ પવનને કરવો હોય સરળતાથી,
મંત્રો ક્યાં જપવા પરપોટાને પૂછો.

પાણી વ્હેતાં હોય ભલે ગીતો ગાતાં,
પાણીની પીડા પરપોટાને પૂછો.

ઈશ્વરની જેમ પ્રગટવા પાણીમાંથી,
ભીતરના રસ્તા પરપોટાને પૂછો.

હોવા ના હોવાની અટકળના પ્રશ્નો,
દરિયાને અથવા પરપોટાને પૂછો.

કેમ કરી પળમાં તરવા શ્વાસ સમંદર,
રાખીને શ્રદ્ધા પરપોટાને પૂછો.

*'કવિતા', ૧૦, અંકુર સોસાયટી,*
*નવા જંકશન રોડ, સુરેન્દ્રનગર*
*મો. ૭૬૦૦૩૬૫૨૧૦*





# બસ, અમથે અમથું મળ્યા...

*- રમણ વાઘેલા*

બસ, અમથે અમથું મળ્યા !
કશું દીધું ના, કશું દીધું ના, કશું લીધું ના - મળ્યા !
બસ, અમથે અમથું મળ્યા !

અશે મળ્યા'તા, કશે મળ્યા'તા - કેમ કશી ના રીતિ ?
વહી ગયેલી વાત વિગત થઈ, કેમ કશી ના પ્રીતિ ?
અધવચ્ચે આવીને જાણે રસ્તા વચ્ચે જડ્યા !
બસ, અમથે અમથું મળ્યા !

કોણ કુશળ ને કોણ ક્ષેમ, સહુ સુખ દુઃખ ક્યાં જઈ બેઠા ?
માત-પિતા ને કુટુંબ-કબીલા, રહ્યા દિલથી કંઈ છેટા !
પાંપણ ફરકે, હોઠ હસે ના, મળવા ખાતર મળ્યા!
બસ, અમથે અમથું મળ્યા !

આજકાલના દિવસો વચ્ચે રહ્યું કશું ના અંતર,
કેમ કરી અહીં સાદ પાડશું, બધાંય મૂંગાંમંતર !
આસપાસ ને દૂરસુદૂરથી ના હોંકારો ભણ્યા !
બસ, અમથે અમથું મળ્યા !

*પ્લોટ નં. ૬૫૨/૨, સિદ્ધાર્થ પાર્ક,*
*સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૭.*
*મો. ૬૩૫૮૭૪૦૬૧૬*

## પછીયે વાત ચાલુ રહી...

- *ડૉ. મુકેશ જોષી*

પરસ્પર આવજો કીધા પછીયે વાત ચાલુ રહી;
પ્રહર એ આઠમો વીત્યા પછીયે વાત ચાલુ રહી.

તમે જેની પ્રતીક્ષામાં વિતાવી રાત નાખી'તી;
સવારે એ સૂરજ દિસ્યા પછીયે વાત ચાલુ રહી.

બધા તો ક્યારના ઊભા થઈને ચાલવા માંડ્યા;
તમે એ પાગરણ વીંટ્યા પછીયે વાત ચાલુ રહી.

તમે પણ જાણતા'તા મૌનની સરહદ શરૂ થઈ છે;
અને એ મૌનને શીખ્યા પછીયે વાત ચાલુ રહી.

હવે આના પછી કહેવું કશું બાકી નથી રહેતું;
પરસ્પર કોલ એ દીધા પછીયે વાત ચાલુ રહી.

નથી હોતી મને પરવા જમાનાની કશીયે પણ;
હવાએ આંગળી ચીંધ્યા પછીયે વાત ચાલુ રહી.

હવે તો બસ થયું મારે ઘણુંયે થાય છે મોડું;
સમયનું આટલું ચીખ્યા પછીયે વાત ચાલુ રહી.

યુગો જૂની હતી મારી તરસ તો શૂન્ય શી બેફામ;
ગઝલમાં એ તરસ છીપ્યા પછીયે વાત ચાલુ રહી.

*'શિવસદન', પ્લોટ નં. ૭૬૨/૨,*
*જાગૃતિપાર્ક સોસાયટી, સેક્ટર-૩૦,*
*ગાંધીનગર-૩૮૨૦૩૦. મો. ૯૯૨૫૦૦૨૪૩૫*





## તું...

- *જયંતિ ધોકાઈ*

તું મને શોધ્યા કરે
પણ ક્યાં મળું છું તને !
શોધવાના સમ ખરેખર
ક્યાં મળું છું હું તને !
રામ-સીતાની કથા
ને કંસ માર્યો વ્યથા
કંઠસ્ય ગીતા વેદમંત્રો
માત્ર હોઠે રાખતો.
સાત દિ' એકીટસે
સપ્તાહો સાંભળતો રહું
ને છતાં 'હું' શી ખબર
ત્યાંથી શું શું પામતો !
કાળમીંઢ પથ્થર પલાળી
દિલ અછાનું રાખીને
રાખ તારું તારી પાસે
એવા ભાવે ભાગતો.
તોય લ્યો ને કહી દઉં
આ સાર સીધી વાતનો
જીવ બેઠો ત્યાં લગણ
'હું'ને જ અંદર થામતો.

*જવાહર ચોક, ઓખા*
*(જિ.દ્વારકા)-૩૬૧૩૫૦.*
*મો. ૭૪૩૪૯૪૩૨૯૩*

## મજધાર આવતાં...

- *પ્રશાંત સોમાણી*

એ હારવાનો છે, જરા અણસાર આવતાં,
બદલાઈ જાય છે ઘણાં, પડકાર આવતાં.

'આજે સમય નથી', કહી આગળ વધી જતાં,
બચપણમાં ના કહો તો, ધરાહાર આવતાં.

મારું જ મોત આજ મને છેતરી ગયું,
તોફાન શાંત થઈ ગયું, મજધાર આવતાં.


પારેવડું ઊડી જશે કાલે સવારમાં,
ફફડી રહ્યો છે બાપ તો ભણકાર આવતાં.

સરવાળા બાદબાકી મને માંડ આવડ્યાં,
ત્યાં પડવા લાગી ભૂલ ગુણાકાર આવતાં.

ખંડેર લાગતું'તું આ ઘર આટલાં વરસ,
માહોલ મોજીલો બન્યો પરિવાર આવતાં.

લોકો કહે છે, કેટલો પાગલ થયો પ્રશાંત !
એ આવવાના છે, એ સમાચાર આવતાં.

*આઈ-૧૩૩, અભિનંદન પેલેસ, શિલ્પાપાર્ક સોસાયટી,
રંગ અવધૂત સોસાયટી પાસે, માતાવાડી, લંબે હનુમાન રોડ,
સુરત-૩૯૫૦૦૬. મો. ૭૪૦૫૧૩૭૦૦૧*





## શ્વાસને ઢોળીય નાખશું...

- *શૈલેષ પંડ્યા 'ભીનાશ'*

કિસ્સો હતો કેવો સરસ ખોલીય નાખશું,
ચાલો શરમના શ્વાસને ઢોળીય નાખશું.

તૂટી ગયા ભીના સમયના બંધ સામટા,
એકાદ યાદોનું ઝરણ દોરીય નાખશું.

છે હાથ છુટ્ટા સાવ છુટ્ટા ને સતત રમત,
છુટ્ટા કરીશું ના હવે છોડીય નાખશું.

આ ઝાપટામાં સાવ સીધી યાદ આવતી,
સાદર સમજ સાથે શરમ તોડીય નાખશું.

આ કોણ દોડ્યું આવતું પાછળ અચાનક,
છે દૃશ્ય આંખોનું છતાં તોલીય નાખશું.

ઓ હો સવાલો બસ સવાલો આસપાસમાં,
'ભીનાશ' નકારો ભલે બોલીય નાખશું.

*૪, આદિત્યનગર, ઘનશ્યામનગરની બાજુમાં,
ઓ.એન.જી.સી. રોડ, માર્કેટયાર્ડ, કલોલ,
જિ. ગાંધીનગર-૩૮૨૭૨૧. મો. ૯૩૨૮૨૪૬૨૦૭*

## મોબાઇલ...!

*- રેણુકા દવે*

ભીડ નીચું જોઈને ચાલી રહી છે ક્યાં જશે ? કોને ખબર !
જઈ રહી છે કઈ તરફ ને ક્યાં સુધી એ ચાલશે ? કોને ખબર !

એ લગોલગ લોકની પાછળ રહી ચાલ્યા કરે ચાલ્યા કરે
આ સમયની રેત શું આવી રીતે સરકાવશે ? કોને ખબર !

પારધી તો જાળ નાખી દૂરથી જોયા કરે છે ખેલ આ,
જાણતલ કોઈ કબૂતર કોઈ રસ્તો કાઢશે ? કોને ખબર !

એક ચિનગારી મૂકો વચ્ચે જઈ, ઢંઢોળવા આ કેફને
ધુંધવાશે કે કણેકણ આગ લઈ અજવાળશે ? કોને ખબર !

પાંપણો ઢાળી, પછી સામે ઊભેલો સૂર્ય પણ ડૂબી ગયો.
રાતને લઈ ટેરવે, સૌ આંખ ક્યાં લગ આંજશે ? કોને ખબર !

*જે-૨૦૧, કનકકલા-૨, સીમા હોલ સામે,*
*મા આનંદમયી રોડ, સેટેલાઇટ,*
*અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૮૭૯૨૪૫૯૫૪*





## કરીએ હવે કેમ પ્રેમ ?

*- ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ'*

કાગળ લખી - લખીને કરીએ હવે કેમ પ્રેમ ?
થયા ખાલી શાહીનાં ખડિયાં,
સનમ ! બારણે તાકી-તાકીને વિરહી નયનોએ
છલકાયાં અશ્રુ કેરા પડિયા !
નિર્મળ ચિત્તે ઊમટતા વિચારોનાં વાદળો
કામનાના ચક્રવ્યૂહે ફસાય
કાપ્યો, કાપ્યોના નારે ગગને, મિલન કેરી
પ્રીત પતંગ દોરી કપાય !
કાગળ લખી-લખીને કરીએ હવે કેમ પ્રેમ ?

નિંદ્રાએ ભૂખી-તરસી તડપતી ઝંખનાને
પાંપણે સપનાંનો લાગે ભાર,
ઊધઈની જેમ ઠોલી ખાતી મહેચ્છાએ
ચાહતની ધારણા પામે હાર !
કાગળ લખી-લખીને કરીએ હવે કેમ પ્રેમ ?

વિખૂટા હૈયે અળવીતરા યાદના ટહુકાએ
વાંઝણી પ્રતીક્ષા બહુ ખટકે,
રોમે-રોમેમાં વ્યાપ વડવાનલ સમ વેદના
લીલી લાગણીએ જઈ ચટકે !
કાગળ લખી-લખીને કરીએ હવે કેમ પ્રેમ ?


*'અંતરિક્ષ', પ્લોટ નં. ૩૯૩/૨,*
*સેક્ટર-૩/સી, ગાંધીનગર-૩૮૨૦૦૬.*
*મો. ૯૮૯૮૪૫૩૧૭૨*


# કરી દીધું છે, ઘણું બધું કામ...

- *સંસ્કૃતિરાણી દેસાઈ*

કરી દીધું છે મેં
ઘણું બધું કામ
ઘણું બધું હજી કરવાનું છે.
પહોંચ્યો છું ઘણે દૂર સુધી
ક્યાં પહોંચ્યો છું ?
જડાઈ ગયો છું હું તો પૃથ્વી પર
ખીલાની માફક
ના, છેક ખીલાની માફક નહીં...
વૃક્ષની માફક
મૂળ નાખ્યાં છે મેં, પૃથ્વીમાં
લઉં છું આહાર તેમાંથી
આપું છું ફૂલો... છાયા...
પણ આ તો પૃથ્વી જ માથું છે ટાંકણીનું
અવકાશમાં જડાયેલું,
પતંગિયાંઓને સંગ્રહાલયમાં ટાંકણીથી ભરવ્યાં હોય તેમ.
અવકાશના મખમલ પર છે ખોડેલાં,
બધા જ ગૃહો ને તારા.
થોડુંઘણું હલનચલન કરે છે જો કે
એવું સમજે છે એ
પણ મુક્ત છે વધારે
'ફિશ ટૅંક'ની માછલીઓ
ગૃહો કરતાં.
મારે ઘણું બધું કામ કરવાનું છે
એમ ? કશું કરવાનું છે ?
ઊભો છું હું ક્યારનો
સૈકાઓથી...
હું છું ખરો ?

*૨/સી, નાનિક નિવાસ,*
*વોર્ડન રોડ, મુંબઈ-૪૦૦૦૨૬.*





## ગઝલ

- *વિનોદ ગાંધી*

તર્જની તેમ જ ટચલી વચ્ચે ભેદ કરો ના,
લઘુ, ગુરુ ને વચલી વચ્ચે ભેદ કરો ના.

એક જ જળમાં સંપીને રહેનારા વચ્ચે,
મગરમચ્છ કે મછલી વચ્ચે ભેદ કરો ના.

ડાળે બેસે, ઊડે આભમાં, બધાં જ પંખી,
ગીધ,કબૂતર ચકલી વચ્ચે ભેદ કરો ના.

સૂરજ આપે, દીપક આપે અજવાળાંઓ,
મૂળથી જે છે અસલી વચ્ચે ભેદ કરો ના.

સુવાળપ છે, પવિત્રતા છે એ માટે થઈ
કદંબ હો કે કદલી વચ્ચે ભેદ કરો ના.


વહાલ થકી માતાએ દીકરીને બોલાવી,
ગંગા કહો કે ગગલી વચ્ચે ભેદ કરો ના.

*૮૩, સુવિધાનગર, ભુરાવાવ,*
*ગોધરા-૩૮૯૦૦૧.*
*મો. ૯૭૨૬૧૬૬૦૩૧*

## રણ...

*- વિનુ બામણિયા*

બાપાએ ઢોર પાળેલાં
બાપાને બકરીઓ નહોતી ગમતી
ભેંસો નહોતી ગમતી
એવું નહોતું
પણ ગાયો પ્રત્યે લાગણી
એટલે બાપાએ ગાયો પાળેલી
ગાયો દૂધ આપે
દૂધમાં અમે જીવતાં
દૂધનું દહીં બનતું
દહીંનું માખણ બનતું
માખણનું ઘી બનતું
વલોણું એમ ઘમ્મરઘમ ફરતું
અમે રાજી થતાં
ખાતાંપીતાં કૂદાકૂદ કરતાં
રમતાંભમતાં લે'ર કરતાં.
ગાયો કોઢમાં ભાંભરતી
ગાયો ગોચરમાં ફરતી
ગોમેરીમાં જતી
ગોવાળ
દેખભાળ રાખતો બાપા ખુશ થતા.
રેલ્લોરેલ્લી મહેમાન બનતાં જીવતાં અને મરી જતાં
વેલ એમ વધઘટ થતી
રેલ્લો પલોટી ખેતી થતી
રેલ્લી ગાય બની સુખી કરતી.
ઘર એમ સુખના દિવસો ગણતું
સમય વહી જતો.
બાપા વૃદ્ધ થયા
ગાયો હતી એવી ને એવી
કોણ ચારે કોણ પાળે ?
સમય સમયની વાત
ત્રીસચાળીસમાંથી બેચાર રહી.
સેવાના દિવસો ટૂંકા થયા
મેવાના દિવસો ટૂંકા થયા



ગાયો ગઈ પરગામ
ભાગમાં દીધી
વેલો ટૂંકો થયો.
સુખ ટૂંકું થયું.
બાપા ગયા
ગાયો ગઈ
ગોવાળ ગયો
ગોચર ગયું
સમય ગયો
જીવન ગયું.
બાપા હતા
બધું હતું
હવે છે
ગાય ગોચર અને કોઢ
સ્મરણ રમણ.

*એ-૪, ગુજરાત હાઉસિંગ બોર્ડ,*
*આર.ટી.ઓ. રોડ, ગોધરા,*
*પંચમહાલ-૩૮૯૦૦૧. મો.૯૭૨૭૪૫૦૭૫૪*



## સાબિત કરવાનું...

*- વિપુલ માંગરોલિયા*

નાના અમથા જીવનમાં બહું ઝાઝું સાબિત કરવાનું;
ધારેલું તો સમજ્યા પણ અણધાર્યું સાબિત કરવાનું.
સાવ અનોખી ન્યાય પ્રણાલી છે જો ને આ દુનિયાની,
ખોટા સામે સાચાને પણ સાચું સાબિત કરવાનું.
તે પૂછ્યું'તું શું છે મારા માટે ચાહત ? તો સાંભળ,
મારે મારા ખુદના દિલને તારું સાબિત કરવાનું.
સીતાનાં દૃષ્ટાંત ઉપરથી એમ થયું કે દુનિયામાં,
જે કંઈ સાબિત છે એને પણ પાછું સાબિત કરવાનું.
ચાંદ હજારો રાખો નભમાં રાતે છોને પૂનમનાં,
હોય ઘણાંનું કામ જ ત્યાં અંધારું સાબિત કરવાનું

*૫૭, હેપી બંગ્લોઝ, ત્રિકમનગર-૧,*
*એલ. એચ. રોડ, સુરત-૩૯૫૦૦૬.*
*મો. ૯૮૨૫૧૩૨૬૧૦*

## લેખણના લયકારાનું ગીત...

*- પ્રતાપસિંહ ડાભી 'હાકલ'*

કે ઋતરંગ આવી રે ! આંબે મરવાઓ બેસાડો
કે થઈ ગઈ વાંઝણી રે ! લેખણ લયકારા ઉગાડો
કે જાણે વાળી લાવ્યા આણું
આવ્યું ઉજમાળું બહુ ટાણું
પામ્યાં પદપાંચમનું થાણું
ગાઈએ નવતરિયું રસગાણું
કે ઊડતા સૂડા રે ! ઈમને ટૌ'કા દઈ તેડાવો
કે પોરો ખાવા દઈ લયની ઝાંઝરિયું પે'રાવો
સુડલા! મરવા થાતાં મોટા
પડશે ના તમને કંઈ તોટા
ચાંચું મારો દઈ સિસોટા
ખેરવો ઈમને હોય જે ખોટા
સૂડલે કીધાં રે ! એવાં કામણગારાં કામાં
ફળ જે વીણીએ રે ! ઈ તો મબલખ મીઠાં ધામાં
મીઠપ વહેંચાતી વંચાતી
આંબલે કોયલડી હરખાતી
લેખણ રુમઝુમ રુમઝુમ ગાતી
લયની લેલુંબળ વળ ખાતી
કે લેખણ પીતી રે ! ઋતની રણઝણિયુંના રેલા
સૂડલા આવજો રે ! વાડીએ શબદુની બહુ વે'લા

*૨૬, બાલાજી વિલા પાર્ટ-૧, ટી.પી. નં. ૪૪,*
*ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪.*
*મો. ૭૫૭૪૯૫૦૦૮૧*





## ઈજ્જત કમાયો છું...

*- કિરણસિંહ ચૌહાણ*

મજાથી જીવી લઉં છું, માપસર દોલત કમાયો છું,
ઉપરથી કૈંક અદ્ભુત દોસ્તની ચાહત કમાયો છું.

નદી ઉછેરવાની વ્હાલમય નિસબત કમાયો છું,
હું દરિયા દાનમાં આપીને એક પર્વત કમાયો છું.

હું ધરતી પર રહીને જાણે કે જન્નત કમાયો છું,
સફરમાં કોઈની સોહામણી સોબત કમાયો છું.

ખરું, ક્યારેક હું અણધારી કોઈ આફત કમાયો છું,
અમુક જહેમતની સાથે સો ગણી રહેમત કમાયો છું.

બધા બદનામ થઈને જાય છે તારા નગરમાંથી,
અને હું તો અહીં પણ કેટલી ઈજ્જત કમાયો છું !

હવે તો ભાગ્યમાં આખર સુધી મસ્તી જ મસ્તી છે,
હું તારી સાથે રહીને એટલી ધરપત કમાયો છું.

*૧૦૦, શાંતિકુંજ સોસાયટી,*
*પાલનપુર જકાતનાકા, સુરત-૯.*
*મો. ૮૧૪૧૦૩૩૩૧૦*

# હંકાય નૈ...

- જિગર ઠક્કર

છે હવાનું જોર બાકી ધૂળ કૈ પંકાય નૈ,
ધૂળની ડમરી ઊડે તો સૂર્ય કૈ ઢંકાય નૈ.
લાગણી ને પ્રેમ પર પણ માપ રાખીને ફરો,
સાવ અમથું નામ એનું દિલ ઉપર ટંકાય નૈ.
છે પુરાવા કે તમે ભટકી ગયાં'તા રાહ પર,
તોય અમને છે ભરોસો સહેજ પણ શંકાય નૈ.
લોક રાવણ નામથી બોલાવતા અમને સદા,
છે ખબર સૌને અમારે કાચની લંકાય નૈ
હોય દિલમાં દર્દ જેવું તો પછી તું લખ ગઝલ,
એમનમ આ શબ્દને બસ રાતદિન હંકાય નૈ.

૩, સેવન હેવન એપાર્ટમેન્ટ, સાઈબાબા મંદિર સામે,
નારાયણ નગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. ૭૫૭૪૦૦૧૦૦૮





# એવું શું છે અહીં ?

- ઉમેશ જોષી

સૂવું પણ ના ગમે, એવું શું છે અહીં ?
સગપણો સાંભરે, એવું શું છે અહીં ?

મંદ પર્ણરવ ઘેરાય મન આભમાં,
ગીત ગાલે વહે, એવું શું છે અહીં ?

અસ્તિત્વનો સમય ખાય કોરી છતાં,
યાદ તારી ગમે, એવું શું છે અહીં ?

દર્દ કોનું લઈ આ પગેરું મળે,
આંખ વરસી પડે, એવું શું છે અહીં ?

આ બધું ખળભળે ભીતરે, એમ તો -
'હું' નથી ત્યાં મળે, એવું શું છે અહીં ?

૫, બ્રહ્મેશ્વરનગર, બ્રાહ્મણ સોસાયટી,
અમરેલી-૩૬૫૬૦૧.
મો. ૯૮૭૯૫૬૬૫૯૦

# બેઠો છું, બેસવા દે...

- મધુસૂદન પટેલ 'મધુ'



ચાલુ જ છે ઉજાણી, બેઠો છું, બેસવા દે,
પાણીના સ્વાદ માણી, બેઠો છું, બેસવા દે.
હું ધ્યાન, યોગ, આસનનાં પોટલાં ઉતારી,
મનઘોડલી પલાણી બેઠો છું, બેસવા દે.
ઈચ્છું તો હું કૂવામાં ઊતરી શકું છું, કિન્તુ,
સાંધીને ડોલ કાણી, બેઠો છું, બેસવા દે.
આખો દિવસ તો વીત્યો બસ બોર વેચવામાં,
સાંભળવા રાતવાણી બેઠો છું, બેસવા દે.
ઊંઘીશ, થઈશ ઊભો, જેવી જરૂર 'મધિયા',
તૃપ્તિની સોડ તાણી બેઠો છું, બેસવા દે.



સી-૧૨૦૪, કવિશા સેલિબ્રેશન, આરોહી ક્લબની સામે,
આમંત્રણ બંગ્લોઝની પાસે, સાઉથ બોપલ,
અમદાવાદ-૩૮૦૦૫૮. મો. ૯૨૨૭૫૧૦૮૭૨

## ભૂલકાં પડ્યાં...

*- જિતેન્દ્ર પ્રજાપતિ*

એક બે આખાં, બીજાં અડધાં પડ્યાં,
ગાલ ઉપર આંસુનાં પગલાં પડ્યાં.


બાપ સરહદ પર શહીદ થઈ જ્યાં પડ્યો,
ઘરમાં રમતાં એનાં બે ભૂલકાં પડ્યાં.

એની વ્હારે દોડીને આવી હવા,
પ્હાડ પરથી જ્યારે પણ ઝરણાં પડ્યાં.

ક્યાં રહ્યો અવશેષ કોઈ ઘડિયાળમાં ?
ક્યાં જઈને ક્ષણનાં આ ચકલાં પડ્યાં ?

આવી'તી ચિઠ્ઠી કોઈ પરદેશથી,
વાંચતાં, એક વૃદ્ધનાં ચશ્માં પડ્યાં.

*મુ. પો. બગદાણા, વાયા-ઠળિયા,*
*જિ. ભાવનગર-૩૬૪૧૪૫.*
*મો. ૯૬૨૪૬૫૭૩૫૪*





## શિયાળો...


*- મહેશ દેસાઈ*

ગગનની ક્ષિતિજમાં ઝમે છે શિયાળો,
પછી સાંજ ઢળતી કરે છે શિયાળો !
ગમે ના ગમે તે કરે છે શિયાળો,
બધાંને થથરતા કરે છે શિયાળો !
પવન ઠૂંઠવાતો ફરે છે નગરમાં,
ઘરેઘરને ઠારી ઠરે છે શિયાળો !
વહેલી સવારે ન બોલી શકાયું,
અધરને ફફડતા કરે છે શિયાળો !
હૃદય ઠૂંઠવાતું કરે પ્રશ્ન એવો,
અશ્રુ પાંપણે કે ઝરે છે શિયાળો !
બર્ફીલાપણું છે બધે બંધ ઘરમાં,
અહીં રાતવાસો કરે છે શિયાળો !

*એ-૫, મીરા રો-હાઉસ, સુરભિ ડેરીની બાજુમાં,*
*હની પાર્ક ચાર રસ્તા પાસે, અડાજણ,*
*સુરત-૩૯૫૦૦૯. મો. ૮૨૩૮૫૭૪૪૫૦*

## સાથ સૌનો, તોય મન પીડાય છે...

*- સ્નેહલ નિમાવત*




સાથ સૌનો, તોય મન પીડાય છે,
સ્ત્રી જ ઘરમાં કેમ બસ મૂંઝાય છે.

માન, મોભો, લાગણી ક્યાં છે જ ક્યાં ?
વસ્ત્રની માફક બધું બદલાય છે.

ઘર, બહારે ચોતરફ છે ભય ઊભો,
એમ થોડી કામિની ગભરાય છે ?

હાંસિયાની બા'ર ઊભી છે હજી,
આજ પણ ક્યાં કોઈને દેખાય છે ?

ધ્રૂજવા લાગે ધરાના પગ પછી,
એક સ્ત્રી જો આગમાં પલટાય છે.



*૧૬, આકાર સોસાયટી, સમાન કોમ્પ્લેક્સ,*
*જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ,*
*અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૪૨૯૬૦૫૯૨૪*

## સાદગી મળી છે...

*- હાર્દિક વ્યાસ*

જાહોજલાલી ક્યાં છે ? આ સાદગી મળી છે,
રાતો ઉજાળવાની દીવાનગી મળી છે.

એ વાત છે અલગ કે પામે નહીં તું ચિંતન
સંજોગ ને સમયની દશ્યાવલિ મળી છે.

જો હોય પોત તારું તો પામશે અકિંચન,
વૈશ્વિક ચેતનાની સુરાવલી મળી છે !

જાગી ગયેલા શ્વાસે ઉચ્છ્વાસને કહ્યું કે;
આવાગમનની કેવી આ તાજગી મળી છે !

માળા, મુગટ, સુદર્શન અદશ્ય થઈ ગયાં છે;
બે હોઠ વચ્ચે એવી તો વાંસળી મળી છે !


તારા ઉપર નભે છે સર્જન અને વિસર્જનઃ
માટીપગા શહેરમાં દીવાસળી મળી છે !

સાગર તરાય એવો હુન્નર હું ક્યાંથી લાવું ?
પ્રત્યેક આંખમાંથી એક માછલી મળી છે !

શબ્દોથી દૂર જાવું સંભવ નથી કદી પણ;
માટે જ સાધનાની આ પાલખી મળી છે...!

*બ્લોક નં. ૦૪, ધરતી પાર્ક-૧, પાઠક સ્કૂલ સામે,*
*હનુમાનપરા મેઈન રોડ, અમરેલી-૩૬૫૬૦૧.*
*મો. ૯૮૨૫૪૧૫૬૯૫*



## અટકાવજો તમે...

*- ભરત વિંઝુડા*

કાબૂ બહાર જાય તો અટકાવજો તમે,
એ અશ્વ પર લગામ હવે રાખજો તમે.

અજવાસ ના ગમે તો દીવો ઠારજો તમે,
ને અંધકારનેય જરા ચાહજો તમે.

જેની તરસ બુઝાઈ જાતી હોય પ્રેમથી,
જળ પણ જરાક એમને પીવડાવજો તમે.

ઊગી નીકળશે ઘાસ ઘણું આપોઆપ ત્યાં,
ફળ ફૂલ થાય એવું કશું વાવજો તમે.

કહેવાની કંઈ જરૂર નથી, શું મળ્યું અહીં,
જે કંઈ મળી રહ્યું તે બધું માણજો તમે.

કાંઠે ભૂલી પડીને હજી તરફડ્યા કરે,
એ માછલીને પાણી તરફ વાળજો તમે.

*'રામકૃપા', ખાદી કાર્યાલય પાસે,*
*સાવરકુંડલા, જિ. અમરેલી-૩૬૪૫૧૫.*
*મો. ૯૪૨૬૪૫૬૯૩૪*

## પાછલી પછીતથી...


*- યોગેશ પંડ્યા*

પાછલી પછીતમાંથી અંધારું ગરકે,
ને શરમાતી ઢોલિયો ઢાળું,
દીવડો તો ફફડીને રાણો થઈ જાય,
પછી અંધારું ખુદમાં હું ખાળું !

કારતક અંધારા સંગ કામણ કરે
એ તો લપકીને બેઠો ખપાટે,
અવળાં થઈ જાય મારાં રુંવાડાં ટાઢથી
ને, સાજણ આવે છે : હજી, વાટે !
હૂંફાળું હોય કોઈ સંગમાં તો ઠીક છેઃ
આ તો હું ખુદને પંપાળું...!

એકલતા વીંટી વીંટી ને હું તો થાકતી
તોય નહીં ખખડયું કમાડ,
ઓરતાને બાળીને ઉજાળ્યું આયખું
વીતી 'ગ્યા કેટલા વદાડ ?!'
વાટય જોઈ થાકી... પણ આવ્યો નહીં સાયબો,
કેમ પછી ખુદને સંભાળું ?
દીવડો તો ફફડીને રાણો થઈ જાય
પછી અંધારું ખુદમાં હું ખાળું...

*૧૪૧, શિવનગર, તળાજા રોડ*
*ભાવનગર-૩૬૪૦૦૨*
*મો. ૯૩૭૭૧૧૪૮૯૨*






## જન્મદિવસ ને ઝરણું...

*- દિનેશ પોપટ*

પર્વત પરથી નીકળેલા ઝરણાએ
કોઈ મુકામ પર પાછું વાળીને ક્યાં જોયું,
કે એને કોણે કોણે દીઠું ?
ઝંઝાવાતી પ્રવાસની આ રાત-દિવસની
ભાગદોડમાં મારી ભીતર સાવ અચાનક
કોઈ પરિચિત આવી પેઠું
અને મને હળવેથી પૂછે,
આજ તને બાસઠમું બેઠું ?
કદ નાનું પણ છલાંગ મોટી, ઝરણું કદી ન ડરતું
વિઘ્નો સામે શીશ ઝૂકે ના, એકલપંડે લડતું
સંગી સાથી સહજ મળે તો ગળે લગાડી ફરતું
પણ થોભે ના એક ઘડી પણ સદા રહે ખળખળતું
પ્રસન્નતાની કરવી લ્હાણી એ જ જીવનનો હેતુ
વ્હાલાં દવલાં કોઈ નહીં ના કોઈ સમીપ કે છેટું
આજ તને બાસઠમું બેઠું ?
ઝરણાંને ના જનમ-મરણ, ના ગાંઠ હોય ના વરસ
જાત-પાતને ધરમ-કરમમાં છીપાવતું એ તરસ
દેશ નહીં ઉપદેશ નહીં બસ નિજાનંદમાં રહેતું
આભાર કહે કોઈ તે પહેલાં આગળ-આગળ વહેતું
કોઈ પૂછે કારણ એનું તો હળવેથી એ કહેતું
અહંકારનો ભાર કહો ને શા માટે હું વેઠું ?
આજ તને બાસઠમું બેઠું ?

*બી-૩૦૩, નીલામ્બુજ, કમલ એપાર્ટમેન્ટ શંકરલેન,*
*કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭.*
*મો. ૯૯૬૭૦૫૯૫૮૭*

# છો ભૈ...

*- કુમાર જૈમિનિ શાસ્ત્રી*

અમે તો નામ છીએ પણ તમે તો નામના છો ભૈ !
અમે બસ શક્યતા છીએ, તમે સંભાવના છો ભૈ !

તમારા નામના અક્ષર રટી-ઘૂંટી અમે થાક્યા,
તમે ઘૂંટાવ નૈં તો, તમે શું કામના છો ભૈ !

તમારાં શાન-શોહરત પણ ઉછીના શ્વાસ જેવાં છે,
બધું ચાલ્યું જશે, ત્યારે તમે બે દામના છો ભૈ !


તમે મ્હોરાં બદલશો, તે છતાં ઓળખ નહીં બદલે,
અમે પણ રામના છીએ, તમે પણ રામના છો ભૈ !

તમારાં દાખલા-તર્કો, દલીલો ખોખલાં લાગે
તમે સંસારમાં ભૂલી પડેલી છો ભૈ !

તમે જ્યાંથી નીકળ્યા હો, એ રસ્તા યાદ પણ રાખો,
અમે જે ગામના છીએ, તમે એ ગામના છો ભૈ !

૧૪, સમ્રાટનગર, બામરોલી રોડ,
ગોધરા-૩૮૯૦૦૧. જિ. પંચમહાલ.
મો. ૯૪૨૮૫૫૦૫૪૩





# હું ય છું...

*- સાહિલ*

આ પાર હું છું એમ પેલે પાર હું ય છું,
પાંચેય તત્ત્વની કથાનો સાર હું ય છું.

સંજોગવશ ધર્યા છે સદા સ્વાંગ અવનવા
નહિતર જનમ ધર્યાથી નિરાકાર હું ય છું.

વારસ સીધી લીટીનો ભલે હોઉં પ્હાડનો,
શૂન્યાવકાશમાં થતો સંચાર હું ય છું.

છું ઈશ્વરી કૃપાથી અડીખમ હું અન્યથા,
આકાશ જેમ સાવ નિરાધાર હું ય છું.

હાલત તમારા એકલાની માનો ના પ્રભુ,
મારા નિવાસમાંથી તડીપાર હું ય છું.

લોકો છો માને શૂન્યના પર્યાય સમ મને,
પણ ગણના જો કરો તો પારાવાર હું ય છું.

'સાહિલ' નથી મેં ચાખી સુરા સ્વપ્નમાં સુદ્ધાં,
પણ હો નશાની વાત તો ચિક્કાર હું ય છું.

નીસા, ૩/૧૫, દયાનંદ નગર,
રાજકોટ-૩૬૦૦૦૨.
મો. ૯૪૨૮૭૯૦૦૬૯

# અમે છેલ્લા...

*- હરીશ ધોબી*

સફરના ઘોર સન્નાટે અમે છેલ્લા,
કે ના કોઈ જ ગભરાટે અમે છેલ્લા.

નથી ફાવ્યું કદીયે સ્પર્ધા કરવાનું,
છીએ સાહિત્યની વાટે અમે છેલ્લા.

હુનર વેચાણનો ના આવડ્યો અમને,
ઊભા, લો આ ઊભી હાટે અમે છેલ્લા.

હવે આવીને ના કોઈ ખબર લેતું,
કણસતા હાંફતી ખાટે અમે છેલ્લા.

તમારી ધૂમ છે પ્હેલી હરોળોમાં,
કતારોના આ તરખાટે અમે છેલ્લા.

નથી કૈં માન કે સન્માનની પૃચ્છા,
ફક્ત કહૈ દો કે શા માટે અમે છેલ્લા.

અમે આગળ જશું તો શું થશે પાછળ,
રહ્યા બસ એ જ ખચકાટે અમે છેલ્લા.

ચઢીને પારકા સ્કંધે તમે આગળ,
હરીશ નિજના જ પમરાટે અમે છેલ્લા.

*ગાયત્રીનગર સોસાયટી, કેનરા બેંકની બાજુમાં,*
*ડેરોલ સ્ટેશન રોડ, મુ.પો.તા. કાલોલ,*
*જિ. પંચમહાલ-૩૮૯૩૩૦. મો. ૯૯૨૪૪૭૨૩૮૫*

# દીવડો...

*- ડૉ. પ્રણવ ઠાકર, 'પાગલ'*

એકલો એકલો ટળવળે દીવડો,
સ્હેજ પણ ફૂંકથી સળવળે દીવડો.

હો ભલે પારકી પીડ પણ સ્પર્શથી,
અશ્રુ થઈ આંખમાં ઝળહળે દીવડો.

પ્યાસથી હાંફતું તડફડે જો હરણ,
તો ઝરણ થઈ રણે ખળખળે દીવડો.

આપવા છાંયડો અન્યને હેતથી,
આકરા તાપમાં બળબળે દીવડો.

સ્વાર્થની વ્યર્થતા જાણતા જખ્મથી,
એકદમ અંતરે ખળભળે દીવડો.

રોજ તું આંગણે ખોદજે ખંતથી,
સાત પેટાળને તળ મળે દીવડો.

શબ્દ સમજી અને અર્થને સાધતા,
મૌનની મધ્યમાં ઝળહળે દીવડો.

*'ૐ સાંઈ', ૨૪, વિશ્વપ્રેમ પાર્ક સોસાયટી,*
*સી. યુ. શાહ સ્કૂલ પાસે, વઢવાણ,*
*જિ. સુરેન્દ્રનગર-૩૬૩૦૩૫. મો. ૯૮૭૯૬૮૪૯૦૬*




# એક છોકરીએ...

*- રક્ષા શુક્લ*




ચોમાસા ચાર ચાર ભેગા કરીને એક છોકરીએ મુઠ્ઠીભર સપનાં વાવ્યા.
છોકરીની આંખોને સોળમું સદી ગ્યું 'ને ટેરવેથી તરસ્યુંના ટોળા આવ્યા.

વાવડ તો ક્યાંય નથી વાવાઝોડાના તો ય છાતીએ કપોત કંઈ હાંફે,
અળવંડા ખાતી એ છોકરીને જોઇને છોકરો યે બોલવામાં બાફે.
છૂઈમૂઈ એ છોકરી સંતાડે આંખ પછી દર્પણને બહાનાઓ બાવન ફાવ્યા.
ચોમાસા ચાર ચાર ભેગા કરીને એક છોકરીએ મુઠ્ઠીભર સપનાં વાવ્યા.

ભીંતને અઢેલીને ઊભેલી છોકરીએ ધરતી પર નામ એક ચીતર્યું,
ટપ્ દઈ ટીપું, 'ને ટીપામાં રેલાતું રૂપ આંખ મીંચીને નીતર્યું.
અણિયાળી આંખ્યુંને ઉતારા માનીને છોકરાએ ઉંબર પર સાથિયા મૂકાવ્યા
ચોમાસા ચાર ચાર ભેગા કરીને એક છોકરીએ મુઠ્ઠીભર સપનાં વાવ્યા.

મોભારે કાગડો બોલે 'ને છોકરી તો સોળે શણગાર સજી દોડે,
માળિયેથી ઉતારી કાચની અડાળી 'ને ઝટ્ટ દઈ ફળિયામાં ફોડે.
અમથું તો એને ના ખાવું ગમતું 'ને આજ રોટલો સુકો 'ને ડુંગળીયે ભાવ્યા.
ચોમાસા ચાર ચાર ભેગા કરીને એક છોકરીએ મુઠ્ઠીભર સપનાં વાવ્યા.


*૧૫, નંદન, શાસ્ત્રીનગર, તળાજા - ૩૬૪૧૪૦,*
*જિ. ભાવનગર. મો: ૯૯૭૯૨૪૪૮૮૪*

# સમય...

*- કૌશિક મહેતા*



સમય વાંસળી છે
એના છિદ્રમાં ફૂંક
મારો તો વાગે છે
ને
એનાં છિદ્ર પૂરો
તો શૂદ્ર બની જાય છે
સમય પુસ્તક છે
પાને પાને બદલાતો
રહે છે ને બદલતો
રહે છે
ને
એને વાંચો નહીં તો
પાઠ ભણાવે છે
સમય કલાકાર છે
પરકાયા પ્રવેશ કરે
છે, પાત્ર ભજવી
જાય છે
ને
પાત્ર ના બનો તો
નાપાસ કરી જાય છે
સમય જાદુઈ ચિરાગ
છે, ધાર્યું ના હોય એવું
આપી જાય છે
ને
અણધાર્યું ધારો તો
વાટ સંકોરી જાય છે
સમય રેતઘડી છે



પળ પળ ઘટતો જાય
છે, પણ ઘટાઘટ કરી
જાય છે
ને
પળ ચૂકી જાવ તો
આવજો કરી જાય છે
સમય સંત છે
સારો હોય કે ખરાબ
એ વિચલિત થતો નથી
ને
વિચલિત થાવ તો
ક્ષત વિક્ષત કરી જાય છે
સમય ભગવાન નથી
ધારે એમ કરી શકતો
નથી, સમયપત્રક મુજબ
ચાલે છે
ને
સમય પ્રમાણે ના
ચાલો તો
સાથ છોડી જાય છે
સમય જન્મ છે,
સમય મૃત્યુ છે
વચમાં જીવી જાય છે
ને
ના જીવો તો
જીવતેજીવત મારી જાય છે

*૧૦૨, શિલ્પા એપાર્ટમેન્ટ, ૧, બાલમુકુન્દ પ્લોટ,*
*નિર્મળા સ્કૂલ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.*
*મો. ૯૪૨૭૨૧૪૨૦૩*

# ...ભલું થયું ભાંગ્યો કાગળ

*- લલિત ત્રિવેદી*

સુખે ભજશું શ્રીઅંજળ, ભલું થયું ભાંગ્યો કાગળ,
ઘર ! તારી ખોલીશું કળ, ભલું થયું ભાંગ્યો કાગળ !

કલ્પવૃક્ષની તજશું છાયા, સગડીમાં જ પકવશું કાયા,
તજશું રે ઓઢી કામળ, ભલું થયું ભાંગ્યો કાગળ !

કૂંચીગરને તેડાં કરશું, થાળીનાં રે વાજાં કરશું,
નહીં ગોતીએ ગળનું તળ, ભલું થયું ભાંગ્યો કાગળ !


હમને કભી ન છોડા ઘર, ક્યા હંસા ક્યા મનસરવર,
ઓળઘોળમાં છે ઉજ્જવળ, ભલું થયું ભાંગ્યો કાગળ!

એથી રસમય શું હો પેખ, એકબીજામાં દેખાદેખ,
દેખપેખ હી ક્ષેમકુશળ, ભલું થયું ભાંગ્યો કાગળ !

હમ ક્યા જાને અંતરધાન, હમ મોસંબીમાં ગુલતાન,
અમરાફળ નહીં, અપના ફળ, ભલું થયું ભાંગ્યો કાગળ !

લલિત ! તારાં ખાનાં ખૂલે, મેઘદૂતનાં પાનાં ખૂલે,
કંકણરવનાં ખૂલે પિંગળ, ભલું થયું ભાંગ્યો કાગળ !

*શિવકૃપા, ૧, વૈશાલીનગર, અંડરબ્રિજ પાસે,*
*રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭.*
*ફોન : ૦૨૮૧ - ૨૪૫૩૧૯૯*






# ગુંજન...

*- ડાહ્યાભાઈ બી. પટેલ (નીરવ)*

નસીબનો વાંક કાઢે છે
ડૂબે છે રામના પથ્થર,
નસીબનો વાંક કાઢે છે,
કદીક તરી જાય પથ્થર તો,
બધો જશ ખુદનો ખાટે છે.
નકદ નાણાંની રેલમછેલ
હંમેશાં એ હશે હાજર,
ઘણું ઘરભેગું કરી લઈને,
ટૂકડા કોઈને આપે છે.
સદાયે માનતા પોતે,
નસીબના કેટલા બળિયા,
બીજાનાં ભાગ્ય નબળાં માનીને
કેવા સતાવે છે ?
હંમેશાં વ્હેમમાં રહેતા કે,
એ સુખ ભાગ્યથી પામ્યા,
ઘણાંનાં સુખ નંદવાવી,
ઘણાને ભીખ મંગાવે છે.
હશે હિસાબ ના પાસે,
લૂંટી લિધા છે ક્યાં કોને,
'નીરવ' કુદરત રુઠે ત્યારે,
દયા ના કોઈ બતાવે છે.

*પ્લોટ નં. ૬૩૩, વાસ્તુ નિર્માણ સોસાયટી,*
*સેક્ટર નં. ૨૨, ગાંધીનગર-૩૮૨૦૨૨.*
*મો. ૯૯૦૯૯૨૧૧૦૫*


"લલાટ તિલકમ્"
દુર્ગેશ ઉપાધ્યાય
મો. 9824310679



પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.